जैन साईट
JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

# JAINSITE E-BOOKS LITERATURE

## JAIN HISTORY • JAIN GRANTH • JAIN SUTRA
## JAIN VIDHI • JAIN STORY • JAIN ASTROLOGY

**And Many More Books in Gujarati, Hindi & English**

**જૈનસાઇટ ઈ-બુક્સ લિટરેચર ના સંપુર્ણ લાભાર્થી**

## શ્રી શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન સંઘ, અંધેરી (પૂર્વ)

**પાર્શ્વદર્શન બિલ્ડીંગ, ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણ રોડ,**
**(જુના નાગરદાસ રોડ), અંધેરી (પૂર્વ), મુંબઈ - ૪૦૦ ૦૬૯.**





www.jainsite.com

Blessings : **P. P. PANYAS SHREE NIPUNCHANDRA VIJAYJI M. S.**

Inspired by : **MUNI BHAGYACHANDRA VIJAYJI M. S.**

Created by : nikhil sambhav™ NEVER STOP

**E-mail: info@jainsite.com • Tel.: 09867711171**

।। ૐ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ ।।

## જૈન ઈ-બુક્સ ના સંપુર્ણ લાભાર્થી

# શ્રી શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન સંઘ, અંધેરી (પૂર્વ)



।। ૐ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ ।।

ટ્રસ્ટની નોંધણી નં. F-4210 (BOM)
સોસાયટીની નોંધણી નં. Bombay 381/1976 G.B.B.S.D.

# શ્રી શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન સંઘ, અંધેરી (પૂર્વ)

પાર્શ્વદર્શન બિલ્ડીંગ, ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણ રોડ, (જુના નાગરદાસ રોડ),
અંધેરી (પૂર્વ), મુંબઈ – ૪૦૦ ૦૬૯.

## પ્રસ્તાવના

અનેક પરમોપકારક આચાર્ય દેવ જ્ઞાની, તપસ્વી મુનિરાજ, સેવાભાવી સાધ્વીજી ભગવંતોના અદ્વિતિય–અદ્‌ભૂત–અવર્ણનીય આશિર્વાદથી તથા મહાપવિત્ર મંત્રોચ્ચાર અને વિધિ વિધાન દ્વારા સ્થાપિત આકર્ષક અલૌકિક અનેરૂ અને મનમોહક ૨૩મા ભગવાન શ્રી શંખેશ્વર પાર્શ્વનાથજી મનોરમ્ય, નેત્ર દિપક લાવણ્યમય પ્રતિમાજીને મૂળનાયક તરીકે બિરાજમાન કરેલ દેવવિમાન તુલ્ય તીર્થસમ જિનાલય એટલે મારું–તમારું અને આપણા સહુનુ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથજીનું શિખરબંધી જિનાલય તથા ધીર–વીર–ગંભીર–સરળ–ભક્તિ–ધાર્મિક પાપભીરૂ દાનવીર અને ઉત્તમોત્તમ શ્રાવક–શ્રાવિકાઓથી બનેલો ૨૫મા તીર્થંકર તરીકે ઓળખાતો શ્રી શ્વે. મૂ. જૈન સંઘ, અંધેરી (પૂર્વ) એટલે અમારો શ્રી અને સરસ્વતીથી સભર બનેલો વિનયી–વિવેકી અને ગુરૂભગવંતોનો કૃપાપાત્ર બનેલ ચારે તરફ એ દશે દિશાઓમાં જૈનમ્ જયતિ શાસનમ્ ની યશોગાથા નો વિજયઘોષ ૧૪ રાજલોકમાં ગુંજતો કરનાર એટલે અમારો શ્રી શ્વે. મૂ. જૈન સંઘ અંધેરી (પૂર્વ) અનેક નાના મોટા ધાર્મિક અનુષ્ઠાનો કરનાર શ્રી સંઘોને મદદરૂપ બનનાર, અનેક પાંજરાપોળોને સહાયભૂત થનારો અનેક સાધુ–સાધ્વીજી ભગવંતોના વૈયાવચ્ચમાં સદાય અગ્રેસર, ગૃહ જિનાલયમાંથી શરૂ થયેલ આજે ઉત્તુંગ ગગનચુંબી આકર્ષક શિખરબદ્ધ જિનાલય જેમાં દેવ–દેવીઓની દેવકુલિકાઓ શોભી રહી છે. શ્રી સંઘમાં કાયમી આયંબિલ ખાતુ–બે બે પાઠશાળાઓ, જ્ઞાનભંડાર એટલે શ્રી સંઘ શક્તિનું નમૂનેદાર નજરાણું કહેવાય.

યુગદિવાકર પ. પૂ. ઉપકારી ગચ્છના નાયક આ. ભ. શ્રી વિજય ધર્મસૂરીશ્વરજી મ. સા. ની શુભ પ્રેરણા માર્ગદર્શક તથા તેમની શુભ નિશ્રામાં નિર્મિત અને સ્થાપિત શ્રી જિનાલય તથા પ. પૂ. શતાવધાની આ. ભ. શ્રી જયાનંદસૂરીજીની પ્રેરણાથી તા. ૪–૪–૧૯૭૬ માં શ્રી સંઘની સ્થાપનાના સુંદર વિચારોનું બીજ આજે ઘેઘુરો ઘટાદાર વૃક્ષ સમાન બન્યો છે. ચમત્કારી અને અલૌકિક મૂળનાયક શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ભગવાનના દર્શન કરીને જૈન–જૈનતરોની ઇચ્છાઓ ફળીભૂત થઈ છે.

નિસહાય–અબોલ બનેલા ઢોરોની અને પાંજરાપોળોને અમારા શ્રી સંઘે ઉદાર હાથે મદદ કરી છે તથા હાલમાં કેળવણી ક્ષેત્રે, મેડીકલ ક્ષેત્રે, સાધર્મિક ક્ષેત્રે, અનુકંપા ક્ષેત્રે પણ શ્રી સંઘની જ એક શાખા શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ફાઉન્ડેશન દ્વારા આર્થિક સહાય ચાલુ છે.

**શ્રી શ્વે. મૂ. જૈન સંઘ વતી**

પ્રમુખ

# જૈન પરંપરાનો ઇતિહાસ



લેખકો :

મુનિશ્રી. દર્શનવિજયજી, મુનિશ્રી. જ્ઞાનવિજયજી
મુનિશ્રી. ન્યાયવિજયજી (ત્રિપુટી)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

શ્રી ચારિત્રસ્મારક ગ્રંથમાલા ગ્રં૦ ૫૧

# જૈન પરંપરાનો ઇતિહાસ

## [ભાગ ૧ લો]

: લેખક :

મુનિશ્રી દર્શન / જ્ઞાન / ન્યાય વિજય

(ત્રિપુટી મહારાજ)

जैन साईट
JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

: પ્રકાશક :

મંત્રીઓ : ભીખાભાઈ ભુધરભાઈ શાહ, મુંબઈ.

ચંદુલાલ લખુભાઈ પરીખ, અમદાવાદ.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પ્રાપ્તિસ્થાન :
ચંદુલાલ લખુભાઈ પરીખ
મંત્રી : શ્રી. ચારિત્ર
સ્મારક ગ્રંથમાળા
નાગજી ભૂધરની પોળ,
માંડવીની પોળ : અમદાવાદ.

કિંમત : ૧૦ રૂપિયા

વિ૦ સં૦ ૨૦૦૯ ઈ૦ સ૦ ૧૯૫૨
વીર સં૦ ૨૪૭૯ ક૦ ચા૦ સં૦ ૩૫


જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

મુદ્રક :
ગોવિંદલાલ જગશીભાઈ શાહ,
શારદા મુદ્રણાલય,
પાનકોરનાકા : અમદાવાદ.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

जैन साईट
JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com



મુનિ શ્રીજ્ઞાનવિજયજી    મુનિ શ્રીદર્શનવિજયજી    સ્વ. મુનિ શ્રીન્યાયવિજયજી

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# હવે પછી

**અ**મે પૂર્વભારત અને ઉત્તરભારતમાં વિહાર કર્યો ત્યારે અનેક વિદ્વાનોનો સંપર્ક સાધ્યો હતો. પટનાના શ્રીયુત કાશીપ્રસાદ જાયસ્વાલ, મહાન વિજ્ઞાની જગદીશચંદ્ર બોઝ, કૃષ્ણનગરના ડિસ્ટ્રીક્ટ એંજિનિયર લેખક અને કવિ ભૂપદેવેંદ્ર સોબાકર ચેટરજી, B.A, B.E, C.E, J.E, A.M, પટનાના પરમેશ્વરજી દયાળ એડવોકેટ (ચુરામણુ પુરવાલા), મથુરા મ્યુઝિયમના ક્યૂરેકટર બાબુ વાસુદેવશરણુ અગ્રવાલ M. A. અને દિલ્હીના દયારામ સહાની સાથે જૈનધર્મ, દાર્શનિક તત્ત્વો, સ્યાદ્વાદ, દ્રવ્યાનુયોગ (જૈન વિજ્ઞાન) તથા જૈન ઇતિહાસ સંબંધે ઘણી ઘણી વાતો થઈ હતી. પરિણામે તેઓ સાદરભાવે એવી ઇચ્છા વ્યક્ત કરતા કે, ઉક્ત વિષયોનું જૈન સાહિત્ય જલદી પ્રકાશિત થાય તો તે દ્વારા ભારતવર્ષને પોતાની પ્રાચીન આર્ય સંસ્કૃતિની પ્રાપ્તિ થાય. માનવ માત્ર જો જૈનધર્મના સિદ્ધાંતોને અપનાવે તો દુનિયામાં ચાલતા વેર-ઝેરના કલહો અવશ્ય ઓછા થાય. એ સિદ્ધાંતના આદર્શો આજના જગતને ઘણી શાંતિ આપી શકશે એમ હવે ખુલ્લું જણાઈ આવે છે.

અમે પણુ એ પ્રેમાળ માગણીથી ઉત્સાહિત થઈને સૌ કોઈ ઇતિહાસપ્રેમીને ઉપયોગી એવા **પટ્ટાવલી સમુચ્ચયના** બે ભાગ પ્રકાશિત કરાવ્યા. એ પ્રકાશનોને ભારત અને ભારત બહારના ઇતિહાસજ્ઞોએ અંતરના ઉમળકાથી વધાવી લીધા. આ જ કારણે આ વિષયમાં આગળ વધવા અમે વધુ ઉત્સાહિત થયા અને ઇતિહાસની સામગ્રી એકત્રિત કરવા લાગ્યા.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઇતિહાસના અભ્યાસીઓ માને છે કે જૈન સાહિત્યમાં સ્વતંત્ર ગ્રંથરૂપે તેમજ છૂટાછવાયા પ્રાસંગિક ઉલ્લેખરૂપે ઘણો ઇતિહાસ લખાયો છે, જેમાં ભારતના પ્રાચીન ઇતિહાસના અણઉકેલ કોયડાનો સરળ ઉકેલ મળે છે; તેમજ ઇતિહાસની તૂટતી સાંકળના સંયોજક અંકોડાઓ પણ મળે છે. આ દરેક ઘટનાઓને વ્યવસ્થિત રૂપ આપી પ્રકાશમાં લાવવી જોઈએ. સંસ્કૃત અને પ્રાકૃતના પૂરા અભ્યાસીઓ જ આ કામ કરી શકે તેમ છે.

અમે ત્રણેએ ઉક્ત વાતને લક્ષમાં રાખીને "જૈન પરંપરાનો ઇતિહાસ" રચવો શરૂ કર્યો, જેમાં છેલ્લા ૨૫૦૦ વર્ષમાં થયેલ જૈન આચાર્યો, મુનિઓ, આર્યાઓ, રાજાઓ, મંત્રીઓ, શેઠિયા, વિદ્વાનો, શહેરો, તીર્થો, ગ્રંથો, પરંપરાઓ અને મહાસભાઓ વગેરેનો સપ્રમાણ ઇતિહાસ રજુ કરવાનો ઇરાદો રાખ્યો છે. તેનો પહેલો ભાગ-પ્રકાશિત થાય છે, બીજા ભાગો વેળાસર પ્રકાશિત થશે.

જો કે આ કામ જલદી થાય એમ અમારી ઇચ્છા હતી—છે જ, કિન્તુ અમારા ત્રણમાંના એક મુનિ ન્યાયવિજયજી સં. ૨૦૦૭ના મા. શુ. ૫ના રોજ અમદાવાદમાં સ્વર્ગવાસી થયા છે. તેથી કદાચ વધુ વિલંબ થાય એવી પણ સંભાવના છે.

આ પહેલા ભાગમાં ઇતિહાસના અભ્યાસીઓને બહુ ઉપયોગી થાય એવી પ્રાચીન ઘટનાઓ આપી દીધી છે.

આના ત્રણ ભાગ પ્રકાશિત થયા પછી ચોથા ભાગમાં આની પ્રસ્તાવના અને અકારાદિ નામાવલી (                    ) આપવી, એમ અમારી ઇચ્છા હતી, પરંતુ વિખ્યાત વાર્તાલેખક શ્રીયુત ભાઈ "જયભિખ્ખુ"એ પ્રેરણા કરી કે, "આ ગ્રંથ ઇતિહાસપ્રેમીઓ માટે ઘણો ઉપયોગી છે પણ જો તેની અકારાદિ નામાવલી નહીં આપો તો સાવ નકામો બની જશે માટે આમાં અકારાદિને પણ દાખલ કરો જ કરો."

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આથી આની સાથે જ પરિશિષ્ટમાં ગચ્છોની યાદી અને અકારાદિ નામો દાખલ કરવામાં આવ્યાં છે.

આ ગ્રંથનું પ્રુફ-રીડીંગ-સંશોધન પં. અંબાલાલ પ્રેમચંદ શાહે કરી આપ્યું છે, તે ધન્યવાદને પાત્ર છે.

આ ગ્રંથનું પ્રકાશન કદાચ વિલંબે થાત. કિન્તુ શેઠ વાડીલાલ ચુનીલાલ શેરદલાલનાં પત્ની શ્રીમતી સરસ્વતીબેન (શશિબેન) તથા શેઠ જીવાભાઈ ચુનીલાલ વગેરેએ આર્થિક મદદ આપી જલદી પ્રકાશિત કરવા આગ્રહ કર્યો, તેથી આનું પ્રકાશન સમયસર થયું એ વિશેષ આનંદની વાત છે.

બસ! આ ગ્રંથ ભારતીય સંસ્કૃતિનું અજોડ અંગ બનો, એ ઈચ્છાપૂર્વક અમે વિરમીએ છીએ.

जैन साईट
JAINSITE.com
जैनम् जयति शासनम्

સં. ૨૦૦૯ કા૦ શુ૦ ૧૫
તા. ૧-૧૧-૧૯૫૨
: જૈન ઉપાશ્રય :
સુરેન્દ્રનગર (સૌરાષ્ટ્ર)

લિ૦
મુનિ દર્શનવિજય
મુનિ જ્ઞાનવિજય
(મુનિ ન્યાયવિજય)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# જૈન પરંપરાનો ઇતિહાસ

## વિષય—અનુક્રમણિકા


| પ્ર. | ઘટના | પાનું | પ્ર. | ઘટના | પાનું |
|---|---|---|---|---|---|
| ૧. | શ્રી સુધર્માસ્વામી | ૧ | | ૧૨ જિનાગમ | ૪૧ |
| | મંગલાચરણ | ૧ | | જૈન તીર્થો | ૪૫ |
| | ૨૪ તીર્થંકરો | ૧ | | કલ્યાણક ભૂમિ | ૪૬ |
| | ભ૦ મહાવીરસ્વામી | ૨ | | અષ્ટાપદ | ૪૬ |
| | શિષ્યપરિવાર | ૨ | | તક્ષશિલા | ૪૭ |
| | ૧૧ ગણધરો | ૨ | | રથાવર્તગિરિ | ૪૭, ૩૩૭ |
| | રાજ ઋષિઓ | ૭ | | શત્રુંજય | ૪૮ |
| | રાજ ઋષિણીઓ | ૭ | | ગિરનાર | ૪૮ |
| | જૈન રાજાઓ | ૮ | | પ્રભાસપાટણ | ૪૮ |
| | ૯ તીર્થંકરો | ૮ | | હસ્તિનાપુર | ૪૯ |
| | પાર્શ્વસંતાનીઓ | ૯ | | ચંપા | ૪૯, ૧૧૧ |
| | આજીવક | ૯ | | સમ્મેતશિખર | ૪૯ |
| | બીજા મુનિઓ | ૧૦ | | મથુરા | ૪૯ |
| | ચતુર્વિધ સંઘ | ૧૦ | | ભરૂચ | ૫૧ |
| | વિહારભૂમિ | ૧૦ | | અજારા | ૫૨ |
| | ૨૫ આર્યક્ષેત્રો | ૧૦ | | અહિચ્છત્રા | ૫૩ |
| | ધર્મપ્રચારભૂમિ | ૧૧ | | શંખેશ્વર | ૫૫ |
| | અન્ય ધર્માચાર્યો | ૧૨ | | ચારૂપ | ૫૬ |
| | ગોશાળો | ૧૩ | | કુંભોઈ | ૫૬ |
| | નિ૦ ૧, જમાલિ | ૧૫ | | બદરી | ૫૬ |
| | નિ૦ ૨, તિષ્યગુપ્ત | ૧૬ | | કુમારગિરિ | ૫૭ |
| | ઉપકેશ પટ્ટાવલી | ૧૬ | | જગન્નાથપુરી | ૫૭, ૨૧૮ |
| | (ગણપતિ) | ૩૨, ૪૫૨ | | ક્ષત્રિયકુંડ | ૫૮ |
| | દ્વિવંદનિકગચ્છ | ૩૬ | | ઋજુવાલુકા | ૫૮ |
| | તપારત્ન શાખા | ૩૭ | | રાજગૃહી | ૫૮ |
| | શ્રીસુધર્માસ્વામી | ૩૮ | | ગજપદ | ૫૯ |
| | નિર્ગ્રન્થગચ્છ | ૪૧ | | જીવિતસ્વામી | (૭૬) ૬૦ |


જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

| પ્ર. | ઘટના | પાનું |
|---|---|---|
| | નાદિયા આદિ | ૬૧ |
| | પ્રયાગ | ૬૨ |
| | પાવાપુરી | ૬૨ |
| ૨. | **આ૦ જંબૂસ્વામી** | **૬૩** |
| | ૧૦ વસ્તુ વિચ્છેદ | ૭૨ |
| | રાજર્ષિ અવન્તિવર્ધન | ૭૩ |
| | ભદ્રેશ્વર તીર્થ | ૭૪ |
| | સં૦ ૮૪નો લેખ | ૭૫ |
| | વિદિશા | ૬૦, ૭૬ |
| | સાંચી સ્તૂપ | ૭૪, ૭૬ |
| | ભદ્દલપુર લેખ | ૭૭ |
| | પાટલીપુત્ર | ૭૮ |
| | રાજા શ્રેણિક | ૮૧ |
| | રાજા કોણિક | ૮૨ |
| | મંત્રી અભય | ૮૪ |
| | રાજા ઉદાયી | ૮૫ |
| | નંદવંશ | ૮૭ |
| ૩. | **આ૦ પ્રભવસ્વામી** | **૮૯** |
| | શ્રીમાલનગર | ૯૪ |
| | ઓસિયા તીર્થ | ૯૭ |
| | કોરટા તીર્થ | ૯૭, ૩૪૮ |
| | મંત્રીવંશ | ૯૮ |
| | મંત્રી કલ્પક | ૧૦૦ |
| ૪. | **આ૦ શય્યંભવ** | **૧૦૬** |
| | (ચંપાપુરી) | ૪૯, ૧૧૧ |
| | દશવૈકાલિક | ૧૧૩ |
| ૫. | **આ૦ યશોભદ્ર** | **૧૧૭** |
| ૬. | **આ૦ સંભૂતિવિજય** | **૧૧૯** |
| | આ૦ ભદ્રબાહુ | ૧૧૯ |
| | (૧) આગમવાચના | ૧૩૧ |
| | ૪ શ્રમણો | ૧૩૪ |
| | ગણ શાખાઓ | ૧૩૬ |
| | વિહારપ્રદેશ | ૧૩૬ |
| | દિગમ્બર માન્યતા | ૧૩૬ |
| ૭. | **આ૦ સ્થૂલિભદ્ર** | **૧૩૮** |
| | મંત્રી શકડાલ | ૧૩૮ |
| | (પં૦ વરરુચિ) | ૧૩૯ |
| | (કોશા-વેશ્યા) | ૧૪૨ |
| | ૭ આર્યાઓ | ૧૫૨ |
| | મંત્રી શ્રીયક | ૧૫૨ |
| | ૪ ચૂલિકા આગમ | ૧૫૨ |
| | જૈન રાજાઓ | ૧૫૫ |
| | મૌર્ય ચંદ્રગુપ્ત | ૧૫૫ |
| | રાજા બિંદુસાર | ૧૬૨ |
| | રાજા અશોક | ૧૬૩ |
| | યુવરાજ કુણાલ | ૧૬૪ |
| | રાજા બલભદ્ર | ૧૬૫ |
| | મંત્રી ચાણાક્ય | ૧૬૬ |
| | નિ૦ ૩ આષાઢ શિષ્યો | ૧૬૮ |
| ૮. | **આ૦ મહાગિરિ** | **૧૭૦** |
| | **આ૦ સુહસ્તિ** | **૧૭૦** |
| | (સંપ્રતિ ચર્ચા) | ૧૭૪ |
| | આ૦ મહાગિરિ શિષ્યો | ૧૭૫ |
| | આ૦ સુહસ્તિ શિષ્યો | ૧૭૬ |
| | ગણો-શાખાઓ | ૧૭૬ |
| | કૌટિકગણ | ૧૭૭ |
| | (બંભલિજ્જ લેખ) | ૧૭૭ |
| | (૧) ગણધર વંશ | ૧૭૯ |
| | (૨) વાચક વંશ પટ્ટાવલી | ૧૮૦ |
| | (વિક્રમ) | ૧૮૨ |
| | (૩) યુગપ્રધાન પટ્ટાવલી | ૧૮૧ |
| | નિ૦૪, અશ્વમિત્ર | ૧૯૭ |


www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

| પ્ર. | ઘટના | પાનું |
|---|---|---|
| | (શૂન્યવાદ) | ૧૯૭ |
| | નિ. ૫. ગંગદેવ | ૧૯૮ |
| | સમ્રાટ–સંપ્રતિ | ૧૯૯ |
| | અવંતી તીર્થ | ૨૦૨ |
| | જૈન ગુફાઓ | ૨૦૪ |
| | પહાડપુર | ૨૦૪ |
| | માળવાની ગુફાઓ | ૨૦૫ |
| | દીંપુરી તીર્થ | ૨૦૭ |
| | જૈન તીર્થો | ૨૧૦ |
| ૯. | **આ૦ સુસ્થિત** | ૨૧૧ |
| | **આ૦ સુપ્રતિબદ્ધ** | |
| | (૨) આગમવાચના | ૨૧૨ |
| | ગણ શાખાઓ | ૨૧૩ |
| | આ૦ ગુણસુંદર | ૨૧૩ |
| | શ્યામાચાર્ય (૧) | ૨૧૩ |
| | (ભુવનેશ્વર) | ૫૭, ૨૧૮ |
| ૧૦. | **આ૦ ઈંદ્રદિન્ન** | ૨૨૦ |
| | આ૦ પ્રિયગ્રંથ | ૨૨૦ |
| | ધર્મપ્રચાર | ૨૨૧ |
| | આ૦ નાગ | ૨૨૧ |
| | કુશાન વંશ | ૨૨૧ |
| ૧૧. | **આ૦ દિન્નસૂરિ** | ૨૨૩ |
| | આ૦ શાંતિ શ્રેણિક | ૨૨૩ |
| | ગણ શાખાઓ | ૨૨૩ |
| | અગ્નિદાહ પ્રથા | ૨૨૪ |
| | આ૦ ષાંડિલ્ય | ૨૨૪ |
| | આ૦ કાલક (૨) | ૨૨૪ |
| | (સંવત્સરી ચોથ) | ૨૨૭ |
| | ષાંડિલ્ય ગચ્છ | ૨૨૮ |
| | સમય–ચર્ચા | ૨૨૮ |
| | (પંજાબના જૈનો) | ૨૩૦ |
| | આ૦ ખપુટ | ૨૩૧ |
| | તારંગા તીર્થ | ૨૩૨ |
| | ધર્મપ્રચાર | ૨૩૨, ૨૩૪ |
| | આ૦ રુદ્રદેવ | ૨૩૫ |
| | આ૦ શ્રમણસિંહ | ૨૩૬ |
| | આ૦ પાદલિપ્ત | ૨૩૬ |
| | (સ્તંભન પાર્શ્વ૦) | ૨૪૨ |
| | રાજાઓ | ૨૪૪ |
| | સમય નિર્ણય | ૨૪૪ |
| | આ૦ રેવતી મિત્ર | ૨૪૫ |
| | આ૦ ધર્મ | ૨૪૫ |
| | **આ૦ સિદ્ધસેન** | ૨૪૫ |
| | સત્તાસમય | ૨૫૮ |
| | સમ્રાટ વિક્રમ | ૨૬૨ |
| | (એક નામવાળા) | ૨૬૩ |
| | સંવત્ વિચાર | ૨૬૫ |
| | સમ્રાટ શાલિવાહન | ૨૭૦ |
| ૧૨. | **આ૦ સિંહગિરિ** | ૨૭૨ |
| | ગણ–શાખાઓ | ૨૭૨ |
| | આ૦ મંગુ | ૨૭૨ |
| | આ૦ તોષલીપુત્ર | ૨૭૨ |
| | આ૦ ભદ્રગુપ્ત | ૨૭૩ |
| | આ૦ શ્રીગુપ્ત | ૨૭૩ |
| | આ૦ સમિત | ૨૭૩ |
| | ધર્મપ્રચાર | ૨૭૫ |
| | નિ૦ ૬, રોહગુપ્ત | ૨૭૫ |
| | ત્રૈરાશિક પટ્ટાવલી | ૨૭૭ |
| | ઈસાઈ મત | ૨૭૭ |
| ૧૩. | **આ૦ વજ્રસ્વામી** | ૨૮૪ |
| | લઘુ ભદ્રબાહુ | ૨૯૦ |
| | ગણ–શાખાઓ | ૨૯૧ |


JAINSITE.com જૈન સાઈટ જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

| પ્ર. | ઘટના | પાનું |
|---|---|---|
| | બીજા ભદ્રબાહુ | ૨૯૨ |
| | આ૦ દેવર્ધિગણી૦ પટ્ટાવલી | ૨૯૨ |
| | જૈન રાજાઓ | ૨૯૮ |
| | જૈન તીર્થો | ૨૯૯ |
| | (રથવીરપુર) | ૨૯૯ |
| ૧૪. | આ૦ વજ્રસેન | ૩૦૧ |
| | ગિરનાર | ૩૦૧ |
| | (૩) આગમવાચના | ૩૦૩ |
| | ચાર કુળો | ૩૦૪ |
| | (આ૦ સંગમસિંહ) | ૩૦૬ |
| | આ૦ નંદિલ | ૩૦૭ |
| | આ૦ નાગહસ્તિ | ૩૦૭ |
| | આ૦ રક્ષિત | ૩૦૭ |
| | નિ૦ ૭ ગોષ્ઠામાહિલ | ૩૧૨ |
| | નિ૦ ૮ શિવભૂતિ | ૩૧૪ |
| | દિગમ્બર | ૩૧૫ |
| | દિગમ્બર પટ્ટાવલીઓ | ૩૨૯ |
| | જૈન તીર્થો | ૩૩૪ |
| | જુનાગઢ | ૩૩૪ |
| | તાલધ્વજ | ૩૩૫ |
| | ઢંકગિરિ | ૩૩૫ |
| | બરડો | ૩૩૬ |
| | મહુડી | ૩૩૬ |
| | થરાદ | ૩૩૬ |
| | સોપારક | ૩૩૭ |
| | રથાવર્તગિરિ | ૪૭, ૩૩૭ |
| | ઓસમ પહાડ | ૩૩૯ |
| | વસઈ | ૩૪૦ |
| | દ્વારિકા | ૩૪૦ |
| ૧૫. | આ૦ ચંદ્રસૂરિ | ૩૪૧ |
| | ચંદ્રગચ્છ | ૩૪૧ |
| ૧૬. | આ૦ સમન્તભદ્ર | ૩૪૪ |
| ૧૭. | આ૦ વૃદ્ધદેવ | ૩૪૭ |
| | આ૦ જજ્જિગસૂરિ | ૩૪૮ |
| | રાજા નાહડ | ૩૪૮ |
| | કોરટા તીર્થ | ૯૭, ૩૪૮ |
| | સ્વર્ણગિરિ | ૩૪૯ |
| | સાચોર તીર્થ | ૩૪૯ |
| ૧૮. | આ૦ પ્રદ્યોતન | ૩૫૨ |
| | મહાક્ષત્રપો | ૩૫૨ |
| | ધૂમલીનગર | ૩૫૭ |
| ૧૯ | આ૦ માનદેવ (૧) | ૩૫૯ |
| | ધર્મપ્રચાર | ૩૬૧ |
| ૨૦. | આ૦ માનતુંગસૂરિ | ૩૬૨ |
| | આ૦ સિંહસૂરિ | ૩૬૨ |
| | આ૦ ઉમાસ્વાતિ | ૩૬૨ |
| ૨૧. | આ૦ વીરસૂરિ | ૩૬૯ |
| ૨૨. | આ૦ જયદેવસૂરિ | ૩૬૯ |
| ૨૩. | આ૦ દેવાનન્દસૂરિ | ૩૭૦ |
| | આ૦ મલ્લવાદી | ૩૭૦ |
| | રાજા શિલાદિત્ય | ૩૮૧ |
| | વલભી વંશ | ૩૮૩ |
| | (વલભીનાં ગામો) | ૩૮૫ |
| | ગુહિલ વંશ | ૩૮૬ |
| | શીસોદિઆ વંશ | ૩૮૬ |
| | (બાપા રાવલ) | ૩૮૮ |
| | (૪) આગમવાચના | ૩૯૦ |
| | વલ્લભીભંગ (૧) | ૩૯૩ |
| | રાજવંશો | ૩૯૪ |
| | ચૈત્યસ્થિતિ | ૪૦૦ |
| | ઉદયગિરિગુફા | ૪૦૨ |
| ૨૪. | આ૦ વિક્રમસૂરિ | ૪૦૩ |


www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

| પ્ર. ઘટના | પાનું |
|---|---|
| આ૦ શિવશર્મ | ૪૦૩ |
| આ૦ ચંદર્ષિ મહત્તર | ૪૦૪ |
| વા૦ સંઘદાસ મહત્તર | ૪૦૪ |
| ધર્મસેન મહત્તર | ૪૦૪ |
| (ગ્રંથકાર જોડી) | ૪૦૪ |
| આ૦ ધર્મદાસ મ૦ | ૪૦૫ |
| જિનદાસ ગણીમહત્તર | ૪૦૮ |
| આ૦ વિમલ | ૪૦૮ |
| (પઉમચરિય) | ૪૦૯ |
| કવિ ચંડ | ૪૧૦ |
| ધમ્મિલ હિંડી | ૪૧૧ |
| **૨૫ આ૦ નરસિંહસૂરિ:** | **૪૧૨** |
| ધર્મપ્રચાર | ૪૧૨ |
| **૨૬. આ૦ સમુદ્રસૂરિ** | **૪૧૩** |
| ધર્મપ્રચાર | ૪૧૩ |
| (૫) આગમવાચના | ૪૧૪ |
| ૮૪ આગમો | ૪૧૫ |
| (પ્રમાણ) | ૪૩૦ |
| (આર્યો) | ૪૩૦ |
| (સાક્ષી) | ૪૩૧ |
| ગ્રંથસાહિત્ય | ૪૩૧ |
| આગમભાષા | ૪૩૨ |
| (તાર-ભાષા) | ૪૩૬ |
| વિવરણ ગ્રંથો | ૪૩૬ |
| આગમ-પ્રશંસા | ૪૩૮ |
| કલ્પસૂત્ર૦ | ૪૩૮ |
| રાજા તોરમાણ | ૪૩૯ |
| (પવ્વઈયા) | ૪૪૧ |
| (વીતભયનગર) | ૪૪૧ |
| રાજા ધ્રુવસેન | ૪૪૨ |
| નાગહ્રદ | ૪૪૩ |

| પ્ર. ઘટના | પાનું |
|---|---|
| વલભી તીર્થ | ૪૪૪ |
| આણંદપુર | ૪૪૪ |
| **૨૭. આ૦ માનદેવ (૨)** | **૪૪૫** |
| મૈત્રી કથા | ૪૪૫ |
| હારિલ વંશ પટ્ટાવલી | ૪૪૭ |
| ધર્મપ્રચાર | ૪૪૯ |
| (પેટા ગચ્છો) | ૪૫૨ |
| (ગણેશ મૂર્તિ) | ૩૨, ૪૫૨ |
| **૨૮. આ૦ વિબુધપ્રભ** | **૪૫૩** |
| આ૦ જિનભદ્ર | ૪૫૩ |
| રાજા શંકર | ૪૫૩ |
| જૈન રાજાઓ | ૪૫૪ |
| (કોકણ) | ૪૫૪ |
| કુલ્પાક તીર્થ | ૪૫૫ |
| **૨૯. આ૦ જયાનંદ** | **૪૫૭** |
| આ૦ અકલંક | ૪૫૭ |
| કોટચાર્ય | ૪૫૭, ૫૬૧ |
| આ૦ સિંહસૂર | ૪૫૮ |
| આ૦ અગસ્ત્યસિંહ | ૪૫૮ |
| આ૦ માનતુંગ | ૪૫૮ |
| ભક્તામર | ૪૬૨ |
| (માનતુંગ સૂરિવરો) | ૪૬૩ |
| આ દેવભદ્ર | ૪૬૩ |
| (દે૦ સૂરિવરો) | ૪૬૩ |
| રાજા હર્ષ | ૪૬૪ |
| દિલ્હી | ૪૬૪ |
| ઉજ્જૈન | ૪૬૪ |
| ભિન્નમાલ | ૯૪, ૪૬૪ |
| **૩૦. આ૦ રવિપ્રભ** | **૪૬૫** |
| આ૦ સ્વાતિ | ૪૬૫ |


જૈન સાઈટ JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

| પ્ર. | ઘટના | પાનું |
|---|---|---|
| | આ૦ સિદ્ધસેન | ૪૬૫ |
| | પટ્ટાવલી | ૪૬૬ |
| | આ૦ યક્ષદત્ત | ૪૬૬ |
| | આ૦ જિનદાસ | ૪૬૭ |
| | જિનપ્રતિમા | ૪૬૮ |
| ૩૧. | આ૦ યશોદેવ | ૪૬૮ |
| | આ૦ શીલગુણ | ૪૬૮ |
| | (શ્રીપૂજ્યમર્યાદા) | ૪૭૦ |
| | આ૦ દેવચંદ્ર | ૪૭૧ |
| | આ૦ બુદ્ધામણી | ૪૭૨ |
| | ભટેવરાગચ્છ | ૪૭૨ |
| | આ૦ વડેશ્વર | ૪૭૨ |
| | થારાપદ્રગચ્છ | ૪૭૨ |
| | રાજા રઘુસેન | ૪૭૨ |
| | આ૦ વીરભદ્ર | ૪૭૩ |
| | આ૦ હરિભદ્ર | ૪૭૩ |
| | ગ્રંથો | ૪૮૫ |
| | ધર્મપ્રચાર | ૪૮૭ |
| | સમયવિચાર | ૪૯૭ |
| | રાજા વનરાજ | ૪૯૩ |
| | રાજા ભર્તૃભટ | ૪૯૬ |
| | ગુહિલવિહાર | ૪૯૬ |
| | રાજા શિલાદિત્ય | ૪૯૭ |
| | મંત્રી ચાંપો | ૪૯૭ |
| | મંત્રી જાંબ | ૪૯૭ |
| | મંત્રી નીનો | ૪૯૮ |
| | મંત્રી આશક | ૪૯૮ |
| | શ્રા દેવી | ૪૯૯ |
| | મહાનિશીથસૂત્ર | ૪૯૯ |
| ૩૨. | આ૦ પ્રદ્યુમ્ન | ૫૦૨ |
| | હીજરત | ૫૦૨ |
| | જૈન સંસ્કૃતિ | ૫૦૩ |
| | શંકરાચાર્ય | ૫૦૪ |
| | વલભીભંગ (૨) | ૩૯૩, ૫૦૫ |
| | આ૦ સંભૂતિ | ૫૦૬ |
| | આ૦ શાંતિ | ૫૦૬ |
| | રાજગચ્છ પટ્ટાવલી | ૫૦૬ |
| | (ધર્મપ્રચાર) | ૫૦૮ |
| | (કાંગડા તીર્થ) | ૫૦૮ |
| | (આ૦ વર્ધમાન) | ૫૦૯ |
| | (આ૦ ધર્મઘોષ) | ૫૧૪ |
| | (ધર્મપ્રચાર) | ૫૧૬ |
| | આ૦ ઉદ્દ્યોતન | ૫૧૮ |
| | કૃષ્ણર્ષિગચ્છ | ૫૧૮ |
| | ધનેશ્વરગચ્છ | ૫૨૧ |
| | મોઢગચ્છ | ૫૨૨ |
| | આ૦ બપ્પભટ્ટિ | ૫૨૪ |
| | (દુલવા) | ૫૨૪ |
| | (પાડલ) | ૫૨૫ |
| | આ૦ ગોવિંદ–નન્ન | ૫૩૪ |
| | રાજા શિવમૃગેશ | ૫૩૪ |
| | પડિહાર રાજાવલી | ૫૩૪ |
| | (લક્ષણાવતી) | ૫૩૭ |
| | જૈન રાજાઓ | ૫૪૧ |
| | રાજા આમ | ૫૪૧ |
| | ખુમાણ (૩) | ૫૪૧ |
| | જૈન ગોત્રો | ૫૪૧ |
| | ગ્રંથભંડારો | ૫૪૨ |
| | કરહેડા તીર્થ | ૫૪૩ |
| ૩૩. | આ૦ માનદેવ | ૫૪૪ |
| ૩૪ | આ૦ વિમલચંદ્ર | ૫૪૫ |
| | આ૦ જીવદેવ | ૫૪૬ |


www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

| પ્ર. | ઘટના | પાનું |
|---|---|---|
| | ભાવાચાર્ય પટ્ટાવલી | ૫૫૬ |
| | (આ૦ વીરસૂરિ) | ૫૫૭ |
| | આ૦ વિજયસિંહ | ૫૫૮ |
| | આ૦ મહેશ્વર | ૫૫૯ |
| | આ૦ વિજયસેન | ૫૬૦ |
| | આ૦ કમલદેવ | ૫૬૦ |
| | આ૦ જયસિંહ | ૫૬૧ |
| | જ્યે૦ શ્રીવત્સ | ૫૬૧ |
| | જ્યે૦ બલદેવ | ૫૬૧ |
| | આ૦ કોટયાચાર્ય | ૫૬૧ |
| | આ૦ શીલાંક | ૫૬૧ |
| | આ૦ સિદ્ધર્ષિ | ૫૬૨ |
| | આ૦ પ્રદ્યુમ્ન | ૫૬૬ |
| | આ૦ અભયદેવ | ૫૬૬ |
| | આ૦ નન્ન | ૫૬૬ |
| | આ૦ મલ્લવાદી (૨) | ૫૬૭ |
| | આ૦ પાર્શ્વ | ૫૬૭ |
| | હર્ષપુરીયગચ્છ | ૫૬૭ |
| | સાંડેરગચ્છ પટ્ટાવલી | ૫૬૮ |
| | જૈન ગોત્રો | ૫૬૯ |
| | આ૦ યશોભદ્ર | ૫૬૯ |
| | આ૦ બલિભદ્ર | ૫૭૩ |
| | હત્થુંડીગચ્છ પટ્ટાવલી | ૫૭૭ |
| | [ખમઋષિ | ૫૭૮ |
| | કૃષ્ણઋષિ | ૫૭૯ |
| | આ૦ વીર | ૫૭૯ |
| | પટ્ટાવલી | ૫૮૭ |
| | રાજા અલ્લટ | ૫૮૯ |
| | (તલવાડા) | ૫૯૦ |
| | રાજા કર્દમ | ૫૯૧ |
| | (તહનગઢ) | ૫૯૧ |
| | સપાદ૦ રાજા | ૫૯૧ |
| | ભોજ, કક્કુક | ૫૯૨ |
| | હત્થુંડી–રાજાવલી | ૫૯૨ |
| | (રાતા મહાવીર) | ૫૯૩ |
| | (સેવાડી) | ૫૯૩ |
| | જૈન રાજવંશ | ૫૯૬ |
| | જૈન ગોત્રો | ૬૦૦ |
| | ભાવસાર | ૬૦૧ |
| | ભોજક | ૬૦૨ |
| | જૈન સ્તંભો | ૬૦૩ |
| | નાડુલાઇ તીર્થ | ૬૦૪ |
| | જૈન તીર્થોના વારસાહક | ૬૦૬ |
| | પરિશિષ્ટ પહેલું : | ૬૧૧ |
| | A. અશ્વાવબોધાવતાર | ૬૧૧ |
| | B. ઉદયગિરિ | ૬૧૨ |
| | C. લાટાચાર્ય | ૬૧૩ |
| | D. આ૦ વજ્રભૂતિ | ૬૧૪ |
| | પરિશિષ્ટ બીજું : | ૬૧૬ |
| | જૈન ચોરાશી ગચ્છો | ૬૧૬ |
| | પરિશિષ્ટ ત્રીજું : | ૬૨૧ |
| | જૈન ઐતિહાસિક ગ્રંથો | ૬૨૧ |
| | પરિશિષ્ટ ચોથું : | |
| | ( અકારાદિ અનુક્રમ ) | ૬૨૫ |
| | વર્ગ ૧, તીર્થંકરોનાં નામ | ૬૨૫ |
| | વર્ગ ૨, ગણધર, આચાર્ય, ઉપાધ્યાય પંન્યાસ, સાધુ-સાધ્વીઓના નામો | ૬૨૭ |
| | વર્ગ ૩, બીજા ધર્માચાર્યો–નિહ્નવ, દિગંબર, સ્થાનકવાસી, શૈવ, | |

વેદાંતી, ચીનીમાત્રી વગેરેઃ ૬૪૧
વર્ગ ૪, ગૃહસ્થો—દેવો–રાજા, મંત્રી, શેઠ, કવિ, પંડિત, દેવ, દેવીઓ અને યૂરોપિયનો વગેરે ૬૪૪
વર્ગ ૫, ઓળખાણ–વંશ, ગચ્છ, કુલ, ગણ, જ્ઞાતિ, ગોત્ર, મત, બિરૂદ, ઉપનામો, વિશેષ બાબતો વગેરે ૬૬૦
વર્ગ ૬, સ્થાનો—દેશ, નગર, ગ્રામ, પહાડ, નદી, વન, તીર્થ, ટીલો વગેરે ૬૭૬
વર્ગ ૭, ગ્રંથો–જૈન આગમો, જૈનગ્રંથો, જૈનેતર ગ્રંથો, સામયિકો, લેખો, લિપિ વગેરે ૬૯૩

---

# સુધારો—વધારો

| પાનું | લીટી | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૨ | ૨૫ | ૫૫૧ | ૪૯૧ |
| ૧૦ | ૩ | ૦ | મંત્રી અભયકુમાર |
| ૩૨ | ૨૭ | આ. મહેશ્વર | પં૦ માનદેવ |
| ૫૪ | ૨૦ | પરિચમી | પશ્ચિમી |
| ૬૧ | ૧૩ | સુસ્થિતસૂરિ | સુહસ્તિસૂરિ |
| ૭૭ | ૧ | ભાપદ | ભાદ્રપદ |
| ૭૭ | ૨૮ | ૨૫૦ | ૨૫૮ |
| ૧૦૪ | ૬ | કલાકે | કલ્પકે |
| ૧૦૮ | ૨૮ | ૧૪૪૪ | ૪૪૦૦ |
| ૧૨૩ | ૩ | અપ્રાપ્ય | પ્રાપ્ય |
| ૧૨૩ | ૮ | નથી, એટલે | છે, પણ |
| ૧૭૮ | ૨૦ | ચિત્રદેવીઓ | મિત્રદેવીઓ |
| ૧૮૫ | ૭ | ૦ | વી૦ સં૦ ૬૦૬ |
| ૧૮૫ | ૯ | નંદિલસૂરિ | નાગેંદ્રસૂરિ |
| ૨૩૧ | ૧૨ | જિનસૂરિ | જિનચંદ્રસૂરિ |
| ૨૬૦ | ૨૭ | ૬૦૮૧ | ૬૦૮૦ |
| ૨૮૦ | ૨૭ | બતાવી | બનાવી |
| ૩૦૨ | ૧૪ | વજ્રસ્વામી | વજ્રસેન |
| ૩૦૬ | ૧૪ | ધર્મઘોષ | ધર્મઘોષ |
| ૩૧૧ | ૫ | આર્યરક્ષિત | ગોષ્ઠામાહિલ |
| ૩૪૬ | ૨૫ | ૬૫૧ | ૮૯૧ |
| ૩૮૯ | ૧૬ | ૧૩૩૯ | ૧૩૦૯ |
| ૪૦૯ | ૨૫ | हरिषेण | रविषेण |
| ૪૧૬ | ૩ | સાતિકા બની છે | ૦ |
| ૪૫૯ | ૨૮ | હર્ષ ? | બાણ ? |
| ૪૭૦ | ૨૧ | મુનિસુંદર | મુનિચંદ્ર |
| ૫૧૧ | ૧૪ | નથા | તથા |
| ૫૧૬ | ૧ | આ૦ | આ |
| ૫૧૬ | ૧૪ | ૦ | ધર્મપ્રચાર |
| ૫૧૯ | ૨૭ | માનચંદ્ર | મદનચંદ્ર |
| ૬૧૭ | ૨૧ | ચંડાવર | મંડોવર |

JAINSITE.com
जैन साईट
જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# જૈન પરંપરાનો ઇતિહાસ
## ભાગ પહેલો

जैन साईट
JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

णमोत्थु णं समणस्स भगवओ महावीरस्स।
णमो लोए सव्वसाहूणं ॥

# જૈન પરંપરાનો ઇતિહાસ

## પ્રકરણ પહેલું

## ગણધર શ્રીસુધર્માસ્વામી

वंदामि अरिहंते, सिद्धे आयरिये अ उवज्झाए।
समणे संघं धम्मं, नाणं च दंसणं चरित्तं ॥१॥

* * *

અરિહંત સિદ્ધ ભદંત ગણધર સૂરિ વાચક મુનિવરા,
ગણવંશ વાચકવંશ તપગણ ભાસતા ગુણ સાગરા.
શાખા કુલો ગચ્છો ઘણા રત્નત્રયી વૃદ્ધિકરા,
જયવંત હો જયવંત હો શ્રીજૈનપટ્ટપરંપરા. ૧

* * *

આ અવસર્પિણી કાળમાં ૧ શ્રીઋષભદેવ. ૨ શ્રીઅજિતનાથ, ૩ શ્રીસંભવનાથ, ૪ શ્રીઅભિનંદનસ્વામી, ૫ શ્રીસુમતિનાથ, ૬ શ્રીપદ્મપ્રભુ, ૭ શ્રીસુપાર્શ્વનાથ, ૮ શ્રીચંદ્રપ્રભુ, ૯ શ્રીસુવિધિનાથ, ૧૦ શ્રીશીતલનાથ, ૧૧ શ્રીશ્રેયાંસનાથ, ૧૨ શ્રીવાસુપૂજ્યસ્વામી, ૧૩ શ્રીવિમલનાથ, ૧૪ શ્રીઅનંતનાથ, ૧૫ શ્રીધર્મનાથ, ૧૬ શ્રીશાંતિનાથ, ૧૭ શ્રીકુંથુનાથ, ૧૮ શ્રીઅરનાથ, ૧૯ શ્રીમલ્લિનાથ, ૨૦ શ્રીમુનિસુવ્રતસ્વામી, ૨૧ શ્રીનમિનાથ, ૨૨ શ્રીનેમનાથ, ૨૩ શ્રીપાર્શ્વનાથ, અને ૨૪ શ્રીમહાવીરસ્વામી. એ ૨૪ તીર્થંકરો થયા છે. તેમાંથી આજે અંતિમ બે તીર્થંકર ભગવાનોની શિષ્ય-પરંપરા વિદ્યમાન છે અને આજે ભગવાન શ્રીમહાવીરસ્વામીનું શાસન ચાલે છે-જયવંત વર્તે છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વિશ્વના અંતિમ ઉપકારક ભગવાન મહાવીરસ્વામી છે. તેઓનો જન્મ વિ. સં. પુર્વે ૫૪૩માં ચૈત્ર શુદ ૧૩ની મધ્ય રાત્રે કુંડગ્રામના ક્ષત્રિયકુંડ વાસમાં રાજા સિદ્ધાર્થની રાણી ત્રિશલાદેવીની કુક્ષિથી થયો હતો. તેમના ભાઈનું નામ નંદિવર્ધન, બહેનનું નામ સુદર્શના, પત્નીનું નામ યશોદા, પુત્રીનું નામ પ્રિયદર્શના અને જમાઈનું નામ જમાલિકુમાર હતું. તેમનાં પોતાનાં વર્ધમાનકુમાર, મહાવીરસ્વામી, નિગંઠ નાયપુત્ત અને શ્રમણ ભગવાન મહાવીર એમ અનેક નામો હતાં. તેઓએ માતા-પિતા અને પત્નીના મૃત્યુ પછી પોતાના વડિલ બંધુ નંદિવર્ધનની રજા લઈ ૩૦ વર્ષની ભરયુવાનીમાં કારતક વદ ૧૦ મીના ચોથા પહોરે મુનિપણું સ્વીકાર્યું. તેઓએ લગભગ ૧૨ાા વર્ષ પર્યંત ભૂમિતલ પર વિહાર કર્યો, કડક વ્રત પાલન કર્યું, અનેક પરિષહો-ઉપસર્ગો સહન કર્યા. શરીરે જીવલેણ કષ્ટો ઝીલ્યાં અને ઘોર તપસ્યા કરી. ત્યાર પછી તેઓને ઋજુવાલુકા નદીને કાંઠે શાલ-વૃક્ષની નીચે ધ્યાન કરતાં કરતાં વૈશાખ સુદ ૧૦ના ચોથા પહોરે કેવલજ્ઞાન થયું અને તેઓએ બીજે જ દિવસે વૈશાખ સુદ ૧૧ ની સવારના પહેલે પહોરે મધ્યમ અપાપાના મહસેન વનમાં ધર્મોપદેશ આપી અનેક મનુષ્યોને ધર્મમાર્ગમાં સ્થાપ્યા. ૧૧ ગણધર બનાવ્યા. અને સાધુ, સાધ્વી, શ્રાવક તથા શ્રાવિકા એ ચતુર્વિધ સંઘની સ્થાપના કરી.

## શિષ્ય પરિવાર

તેઓને મુખ્ય શિષ્ય ૧૧ હતા, જેઓ ગણધર તરીકે પ્રસિદ્ધ થયા. તેમનો ટૂંકો પરિચય નીચે મુજબ છે.

૧. **ગણધર શ્રીઈન્દ્રભૂતિ ગૌતમ**—મગધદેશના ગોબર ગામમાં ગૌતમગોત્રીય બ્રાહ્મણ વસુભૂતિની પત્ની પૃથ્વીદેવીએ વિ. સં. પૂર્વે ૫૫૧ માં એક તેજસ્વી બાળકને જન્મ આપ્યો. તેમનું જન્મ નક્ષત્ર જયેષ્ઠા અને જન્મ રાશિ વૃશ્ચિક હતાં. માતા-પિતાએ આ બાળકનું નામ ઈન્દ્રભૂતિ રાખ્યું. ઈન્દ્રભૂતિ ૧૪ વિદ્યાના પારગામી અને બ્રાહ્મણ ધર્મશાસ્ત્રોના પરિપૂર્ણ જાણકાર થયા એટલે તે મગધમાં મહાપંડિત તરીકે વિખ્યાત થયા. તેઓ ૫૦૦ બ્રાહ્મણ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વિદ્યાર્થીઓને ભણાવતા હતા અને યજ્ઞ હોમ વગેરે તત્કાલીન બ્રાહ્મણ્ય વિધિ-વિધાન કરાવતા હતા. તેઓ એકવાર પોતાના વિદ્યાર્થી પરિવાર સાથે મધ્યમ-અપાપામાં સોમિલ બ્રાહ્મણને ત્યાં યજ્ઞ કરાવવા માટે આવ્યા. આ સમયે તેમની ઉંમર ૫૦ વર્ષની હતી.

બરાબર એ જ અવસરે ભગવાન મહાવીરસ્વામી કેવલી તીર્થંકર થયા અને ચતુર્વિધ સંઘની સ્થાપના કરવા માટે મધ્યમ-અપાપામાં પધાર્યા. તેઓએ પ્રથમ જ વૈશાખ સુદ ૧૧ ના પહેલા પહોરે પંડિત ઈન્દ્રભૂતિ ગૌતમના "જીવ છે કે નહિ?" એ સંશયનું નિવારણ કરી તેમને ૫૦૦ શિષ્યોના પરિવાર સાથે પોતાના શિષ્ય બનાવ્યા. ઉપન્નેઇ વા, વિગમેઇ વા, ધુવેઇ વા એ ત્રિપદી આપી પોતાના 'ગણધર' તરીકે સ્થાપ્યા. તેમને તે જ સમયે મનઃપર્યવ-જ્ઞાન ઉત્પન્ન થયું, જે ગણધર "ગૌતમસ્વામી" એ નામથી વધારે પ્રસિદ્ધ છે. તેઓ મહાતપસ્વી હતા, મહાજ્ઞાની છતાં તદ્દન સરળ સ્વભાવના હતા. તેઓએ ભગવાન મહાવીરસ્વામીના ઉપદેશ પ્રમાણે ૧૨ અંગ શાસ્ત્રોની રચના કરી, અનેક મનુષ્યોને દીક્ષા આપી, શ્રીકેશી ગણધર વગેરે અનેક સાથે વાર્તાલાપ કરી તેની ઉપર પોતાની સત્ય માર્ગણાનો પ્રભાવ પાડ્યો. એ રીતે ૩૦ વર્ષ સુધી શુદ્ધ મુનિજીવનનું પાલન કર્યું. ભગવાન શ્રીમહાવીરસ્વામી મોક્ષે ગયા તે જ સમયે કારતક સુદ ૧ ના સૂર્યોદય સમયે તેઓ કેવલી બન્યા અને ૧૨ વર્ષ સુધી કેવળપર્યાય પાળી વીર સં. ૧૨ માં વૈભારગિરિ પર અનશન કરી મોક્ષે પધાર્યા.

૨. ગણધર અગ્નિભૂતિ —મગધ દેશના ગોબર ગામના રહીશ ગૌતમગોત્રીય બ્રાહ્મણ વસુભૂતિ અને બ્રાહ્મણી પૃથ્વીદેવીના દ્વિતીય પુત્ર પંડિત અગ્નિભૂતિએ ૪૭ વર્ષની ઉંમરે સોમિલ બ્રાહ્મણના યજ્ઞ પ્રસંગે વૈશાખ સુદ ૧૧ને દિવસે જ પોતાના વડિલ બંધુ ઈન્દ્રભૂતિની દીક્ષા સાંભળી ભગવાન મહાવીરસ્વામી પાસે આવી, "કર્મ છે કે નહિ" એવી પોતાની શંકાનું સમાધાન મેળવ્યું અને પોતાના ૫૦૦ વિદ્યાર્થીઓ સાથે દીક્ષા સ્વીકારી તેમણે ત્રિપદી સમજી ગણધરપદ પ્રાપ્ત કર્યું. તેઓને ૫૯ વર્ષની

ઉંમરે કેવળજ્ઞાન થયું અને ભગવાન શ્રીમહાવીરસ્વામીની વિદ્યમાનતામાં જ ૭૪ વર્ષની વયે વૈભારગિરિ પર અનશનથી મોક્ષ પ્રાપ્તિ થઈ. તેમનું જન્મ નક્ષત્ર કૃતિકા અને જન્મ રાશિ વૃષભ હતું.

૩. ગણધર વાયુભૂતિ —ઇન્દ્રભુતિ ગોતમના ત્રીજા ભાઈ વાયુભૂતિ હતા. તેમનું જન્મ નક્ષત્ર સ્વાતિ અને જન્મ રાશિ તુલા હતી. તેમને પણ ૪૨ વર્ષની વયે પોતાના બંને વડિલ બંધુઓની દીક્ષા સાંભળીને નમ્રભાવે ભગવાન મહાવીરસ્વામી પાસે આવી વૈશાખ સુદ ૧૧ના સવારે "આત્મા આ શરીરથી ભિન્ન છે કે અભિન્ન છે" એવી પોતાની શંકાનું સમાધાન મેળવી પોતાના ૫૦૦ વિદ્યાર્થીઓ સાથે દીક્ષા સ્વીકારી, ત્રિપદી મેળવી ગણધરપદ પ્રાપ્ત કર્યું. તેઓ ૫૩ મા વર્ષે કેવલી બન્યા અને ૭૦ મા વર્ષે ભગવાન મહાવીરસ્વામીની વિદ્યમાનતામાં જ વૈભારગિરિ ઉપર અનશન સ્વીકારી નિર્વાણ પામ્યા.

૪. ગણધર વ્યક્તસ્વામી—આ ગણધર કોલ્લાક નિવાસી ભારદ્વાજગોત્રીય બ્રાહ્મણ ધનમિત્ર અને વારુણીદેવીના પુત્ર હતા. તેઓનું જન્મ નક્ષત્ર શ્રવણ અને જન્મ રાશિ મકર હતાં. તેમને ૫૧ મા વર્ષે મધ્યમ અપાપામાં વૈશાખ સુદ ૧૧ ની સવારે "પંચ ભૂત છે કે નહિ" એવા પોતાના સંશયનું સમાધાન મેળવી ૫૦૦ શિષ્યો સાથે ભગવાન મહાવીરસ્વામી પાસે દીક્ષા અંગીકાર કરી અને ત્રિપદી ધારી ગણધરપદ પ્રાપ્ત કર્યું. તેઓને ભગવાન મહાવીરસ્વામીની વિદ્યમાનતામાં જ ૬૩ મા વર્ષે કેવળજ્ઞાન ઉત્પન્ન થયું અને ૮૦ મા વર્ષે વૈભારગિરિ પર નિર્વાણ પ્રાપ્ત કર્યું.

૫. ગણધર શ્રીસુધર્માસ્વામી —આ ગણધર કોલ્લાક નિવાસી અગ્નિવેશ્યાયનગોત્રવાળા બ્રાહ્મણ ધનમિત્ર અને ભદ્દિલાદેવીના પુત્ર હતા. તેમનું જન્મ નક્ષત્ર ઉત્તરા ફાલ્ગુની અને રાશિ કન્યા હતી. એ સમર્થ વિદ્વાન હતા અને ૫૦૦ શિષ્યો સાથે અપાપામાં સોમિલ ભટ્ટને ત્યાં યજ્ઞ કરાવવા આવ્યા હતા. ત્યાં જ વૈશાખ સુદ ૧૧ ની સવારે મહસેન વનમાં ભગવાન મહાવીરસ્વામી પાસે જઈ "જે પ્રાણી જેવો હોય તે બીજા ભવમાં પણ તેવો

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

રહે કે પલટાય” એવી પોતાની શંકાનું સુંદરતમ સમાધાન મેળવી પોતાના શિષ્ય પરિવાર સાથે ભગવાનના શિષ્ય બન્યા. ભગવાને પણ તેમને ત્રિપદી આપી ગણધરપદે સ્થાપ્યા અને દીર્ઘાયુ હોવાના કારણે ગણની અનુજ્ઞા પણ તેઓને જ આપી એટલે પોતાની પછી ગણના નાયક તરીકે તેમની વરણી કરી હતી. તેમની ૫૦ વર્ષે દીક્ષા, વીર સં. ૧૩ માં એટલે ૯૩ વર્ષે કેવળજ્ઞાન અને વીર સં. ૨૦ માં એટલે ૧૦૦ વર્ષે વૈભારગિરિ પર અનશન-પૂર્વક નિર્વાણ થયું હતું.

૬. ગણધર મંડિત —મૌર્ય ગામના વિપ્ર વાશિષ્ઠગોત્ર-વાળા ધનદેવ અને વિજયાદેવીના પુત્ર મંડિતકુમાર. તેમનું જન્મ નક્ષત્ર મઘા અને જન્મ રાશિ સિંહ હતાં. તેઓ ૫૪ મા વર્ષે વૈશાખ સુદ ૧૧ ના દિવસે ભગવાન મહાવીર પાસે “બંધ તથા મોક્ષનો” સંદેહ દૂર કરી ૩૫૦ વિદ્યાર્થીઓ સાથે દીક્ષિત થયા. ત્રિપદીશ્રવણપૂર્વક ગણધર બન્યા. ૬૮ મા વર્ષે કેવળી થયા અને ૮૩ મા વર્ષે ભગવાન શ્રીમહાવીરસ્વામીની વિદ્યમાનતામાં જ વૈભાર-ગિરિ પર અનશન કરી નિર્વાણ પામ્યા.

૭. ગણધર મૌર્યપુત્ર —તેઓ મૌર્ય ગામવાસી બ્રાહ્મણ મૌર્ય અને વિજયાદેવીના કુમાર હતા. તેમનું જન્મ નક્ષત્ર મૃગ-શીર્ષ અને જન્મ રાશિ વૃષભ હતી. તેમને ૬૫ વર્ષની ઉંમરે વૈશાખ સુદ ૧૧ ના દિને ૩૫૦ શિષ્યો સાથે ભગવાન મહાવીર-સ્વામી પાસે “દેવની વિદ્યમાનતા” બાબતનું સમાધાન મેળવવા-પૂર્વક દીક્ષા, ત્રિપદીપ્રાપ્તિ અને ગણધરપદપ્રાપ્તિ થયેલ છે. તેઓ ૮૦ મા વર્ષે કેવળી અને ૯૫ મા વર્ષે ભગવાનની હયાતીમાં જ વૈભારગિરિ ઉપર અનશન કરી મોક્ષે પધાર્યા છે.

૮. ગણધર અકંપિત —આ ગણધર મિથિલાના ગૌતમ-ગોત્રીય દેવ બ્રાહ્મણ અને જયંતીના પુત્ર હતા. તેમનું જન્મ નક્ષત્ર ઉત્તરાષાઢા અને રાશિ મકર હતાં. તેમણે ૪૯ મા વર્ષે વૈશાખ સુદ ૧૧ ના દિવસે મહસેન વનમાં ભગવાન મહાવીર પાસે “નાર-

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ફીઓના અસ્તિત્વ" વિષે સમાધાન મેળવી ૩૦૦ શિષ્યો સાથે દીક્ષા લીધી. ત્રિપદી સાંભળી ગણધરપદ મેળવ્યું. ૫૮ મા વર્ષે કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું અને ૭૮ મા વર્ષે ભગવાનની વિદ્યમાનતામાં જ વૈભારગિરિ ઉપર અનશન લઈ મોક્ષગમન કર્યું.

૯. ગણધર અચલભ્રાતા—તેઓ અયોધ્યાના હરિતગોત્રીય વસુ બ્રાહ્મણ અને નંદાદેવીના પુત્ર હતા. તેમનું જન્મ નક્ષત્ર મૃગશિર અને જન્મ રાશિ મિથુન હતાં. તેમણે મહસેન વનમાં ભગવાન મહાવીરસ્વામી પાસે જઈ પોતાની "પુણ્ય પાપની હયાતી" બાબત શંકાનું સમાધાન મેળવી ૪૭ મા વર્ષે વૈશાખ સુદ ૧૧ના દિવસે ૩૦૦ વિદ્યાર્થીઓ સાથે ભગવાનની પાસે દીક્ષા સ્વીકારી, અને ત્રિપદી સાંભળી ગણધરપદ મેળવ્યું. ૫૯ મા વર્ષે કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું અને ૭૨ મા વર્ષે ભગવાનની વિદ્યમાનતામાં જ વૈભારગિરિ ઉપર અનશન સ્વીકારી નિર્વાણ મેળવ્યું.

૧૦. ગણધર મેતાર્ય—તેઓ વત્સ દેશના તુંગિક ગામના કૌડિન્યગોત્રીય દત્ત બ્રાહ્મણ અને વરુણાદેવી બ્રાહ્મણીના પુત્ર થાય. તેમનું જન્મ નક્ષત્ર અશ્વિની અને જન્મ રાશિ મેષ હતાં. તેમણે મહસેન વનમાં ભગવાન મહાવીરસ્વામી પાસે જઈ પોતાની "પરલોકની હયાતી" બાબત શંકાનું સમાધાન પામી ૩૭ વર્ષની ઉંમરે વૈશાખ સુદ ૧૧ ના દિવસે ૩૦૦ વિદ્યાર્થીઓ સાથે ભગવાન પાસે દીક્ષા લીધી. ત્રિપદી સાંભળી ગણધરપદ લીધું. ૪૭ મા વર્ષે કેવળજ્ઞાન લીધું અને ૬૨ મા વર્ષે ભગવાનની હયાતીમાં જ વૈભારગિરિ ઉપર અનશન સ્વીકારી મોક્ષ પ્રાપ્ત કર્યું.

૧૧. બાલદીક્ષિત ગણધર પ્રભાસસ્વામી—તેઓ રાજગૃહી નગરીમાં કૌડિન્યગોત્રીય બ્રાહ્મણ શ્રીબલની પત્ની બ્રાહ્મણી અતિભદ્રાની કુક્ષિથી પુષ્ય નક્ષત્રમાં ને કર્ક રાશિમાં જન્મ્યા હતા તે બાલવયમાં જ વિદ્વાન બન્યા અને ૩૦૦ વિદ્યાર્થીઓને અધ્યાપન કરાવતા હતા. મધ્યમ અપાપામાં સોમિલ બ્રાહ્મણને ત્યાં તેઓ પણ અધ્વર્યુ તરીકે આવ્યા હતા અને ભગવાન મહાવીરસ્વામી

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કેવળી બની ત્યાં પધાર્યા ત્યારે ૧૦ વિદ્વાનોએ તો પોતાના પરિવાર સાથે ભગવાનની શિષ્યવૃત્તિ સ્વીકારી હતી. પંડિત પ્રભાસ પણ વૈશાખ સુદ ૧૧ ને દિવસે મહસેન વનમાં ભગવાનની પાસે આવ્યા અને "મોક્ષ છે કે નહિ" એવી પોતાની શંકાનું નિરાકરણ કરી પોતાના શિષ્યો સાથે ભગવાનના શિષ્ય બન્યા અને ત્રિપદી સાંભળી ૧૧ મા ગણધર બન્યા. તેઓ ૨૫ મા વર્ષે કેવળજ્ઞાની થયા અને ૪૦ મા વર્ષનું આયુષ્ય પૂર્ણ કરી ભગવાનની હયાતીમાં જ વૈભારગિરિ પર અનશન કરી મોક્ષગામી બન્યા.

આ ૧૧ ગણધરો બ્રાહ્મણ જાતિના, વજ્રઋષભનારાચ સંઘયણવાળા, સમચતુરસ્ર સંસ્થાનવાળા, સ્વર્ણ સમાન કાંતિવાળા અને આહારક શરીરથી અધિક રૂપસંપદાવાળા હતા. તે દરેકે વૈશાખ સુદ ૧૧ ના પહેલા તથા બીજા પહોરે ભગવાન મહાવીરસ્વામી પાસે દીક્ષા સ્વીકારી અને ગણધરપદ મેળવ્યું. તેઓ ગૃહસ્થપણે ૧૪ વિદ્યાના પારગામી હતા. મુનિપણે દ્વાદશાંગી ગણિપિટકના ધારક-નિર્માતા અને અંતે કેવળજ્ઞાની બન્યા હતા. આ દરેક ગણધરો રાજગૃહીની વૈભાર પહાડી પર માસક્ષમણ તપથી મહિનાનું અનશન કરી નિર્વાણ પામ્યા હતા.

ભગવાન મહાવીરસ્વામીએ વૈશાખ સુદ ૧૧ ના બીજા પહોરે ૧૧ ગણધરો બનાવ્યા. ત્યાં જ સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકા એ ચતુર્વિધ સંઘની સ્થાપના કરી અને ત્યારથી ૩૦ વર્ષ સુધી વિહાર કરી જગત ઉપર મહાન ઉપકાર કર્યો.

તે દરમ્યાન સિન્ધુસોવીરનો રાજા ઉદાયી, બનારસનો રાજા અલખ, કંપિલપુરનો રાજા સંગતિ, દશાર્ણપતિ દશાર્ણભદ્ર, સુગ્રીવ નગરનો રાજા બલભદ્ર, કુરુરાજા ઋષિશિવ, મહારાજા વીરાંગ, મહારાજા વીરજસ વગેરે રાજાઓ, વિશાલાની રાજકન્યાઓ, અંગદેશની રાજકન્યા ચંદનબાળા, મહારાજા શ્રેણિકની ૨૩ રાણીઓ, ચુમબાહુની રાણી, મહારાજા શતાનીકની પટ્ટરાણી, રાજકુમારી જયન્તી રાજગૃહીના રાજકુમારો મેઘકુમાર વગેરે, સુદર્શનનો રાજકુમાર, પોલાસપુરનો રાજકુમાર, અઈમત્તો, આર્દ્ર દેશનો રાજ-

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કુમાર આર્દ્રક અને સુબાહુ વગેરે ૧૦ રાજકુમારોએ જૈન દીક્ષા સ્વીકારી ભગવાનના શ્રમણસંઘમાં દાખલ થયા હતા.

મગધરાજ શ્રેણિક, મગધપતિ કોણિક, મગધેશ ઉદાયી, વિશાલા-પતિ મહારાજા ચેટક, ગણરાજા શંખ, અવન્તીરાજ ચંડપ્રદ્યોત, અંગ-પતિ દધિવાહન, સુદર્શન નગરરાજ સુગબાહુ, પોલાસપુરનો રાજા વિજયસેન, કુંડગ્રામપતિ ગણરાજા નંદિવર્ધન, વત્સરાજ શતાનીક, આમલકપ્પાનો શાસક સેત, કેકયપતિ મહારાજા પ્રદેશી, પાવાપુરી શાસક ગણરાજા હસ્તિપાલ, કુરુરાજા અદિતશત્રુ, ઋષભપુરપતિ ધનબાહુ, વીરપુરનો રાજા કૃષ્ણમિત્ર, વિજયપુરપતિ વાસવદત્ત, બલ, સૌગન્ધિકાપતિ અક્ષતિહત, કનકપુરપતિ પ્રિયચંદ્ર, મહાપુરનરેશ, સુઘોષનગરપતિ અર્જુન, ચમ્પેશ દત્ત અને કોશલરાજ મિત્રનન્દિ વગેરે વગેરે સપરિવાર ભગવાન મહાવીરના અનન્ય ઉપાસકો હતા.

ભગવાનના શાસનમાં ૯ વ્યક્તિઓ એવી હતી કે જે આગામી ચોવીશીમાં ભરતક્ષેત્રમાં તીર્થંકર થનાર છે; જેનાં નામ નીચે મુજબ છે:

૧. મહારાજા શ્રેણિક મરીને નરકમાં ગયેલા છે. આવતી ચોવીશીમાં પહેલા પદ્મનાભ નામે તીર્થંકર થશે.

૨. ભગવાનના કાકા સુપાર્શ્વ મરીને ઈશાન દેવલોકમાં ગયેલા છે. આવતી ચોવીશીમાં બીજા સુરદેવ નામે તીર્થંકર થશે.

૩. મહારાજા કોણિકના પુત્ર મગધરાજ ઉદાયી વિનયરત્નના હાથે મરી સનત્કુમાર દેવલોકમાં ગયેલા છે. તેઓ ત્રીજા સુપાર્શ્વ નામે તીર્થંકર થશે.

૪. પોટ્ટિલ અણગાર હસ્તિનાપુરમાં ૩૨ રમણીઓને છોડી શુદ્ધ સંયમ પાળી, મરીને સર્વાર્થસિદ્ધ વિમાનમાં ઉત્પન્ન થયેલ છે. તે ચોથા સ્વયંપ્રભ નામે તીર્થંકર થશે. ('અનુત્તરોપપાતિક')

૫. દૃઢાયુ શ્રાવક મરી દેવ બનેલા છે. પાંચમા સર્વાનુભૂતિ નામે તીર્થંકર થશે.

૬. શંખ શ્રાવક આવતી ચોવીશીમાં સાતમા ઉદયપ્રભ નામે તીર્થંકર થશે.

જૈનસાઈટ JAINSITE તીર્થં કરાધિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૭. શતક શ્રાવક દશમા શતકીર્તિ નામે તીર્થંકર થશે. (ભગવતી).

૮. ૯૯ સમ્યક્ત્વધારિણી ૩૨ પુત્રોની માતા અને અંબડ પરિવ્રાજક દ્વારા ભગવાનનો ધર્મલાભ મેળવનાર શ્રાવિકા સુલસા આવતી ચોવીશીમાં નિર્મમ નામે તીર્થંકર થશે.

૯. સિંહ અણગારને બીજોરાપાક વહોરાવનાર રેવતી શ્રાવિકા મરીને અચ્યુત દેવલોકમાં ગયેલ છે. આવતી ચોવીશીમાં સત્તરમા સમાધિ નામે તીર્થંકર થશે.× દિગમ્બરીય ગ્રંથમાં પણ રેવતીએ ભગવાનને ઔષધ આપી તીર્થંકર નામ કર્મ ઉપાર્જ્યું હતું એવું વર્ણન છે. ('ઠાણાંગસૂત્ર' સ્થાન ૯)

અત્યાર પહેલાં ભગવાન પાર્શ્વનાથના સંતાનીય ચાર મહાવ્રતવાળા શ્રમણો વિદ્યમાન હતા, જેમાં આચાર્ય શ્રીકેશી ગણધર મુખ્ય હતા. ગણધર ઇન્દ્રભૂતિ ગૌતમસ્વામી તેમને શ્રાવસ્તીમાં મળ્યા હતા અને તેમને એવી શંકા થઈ હતી કે, ભગવાન પાર્શ્વનાથ તથા ભગવાન મહાવીરસ્વામી; એ બંને તીર્થંકરો છે અને તીર્થંકરોના માર્ગમાં ફેર ન હોવો જોઈએ. શ્રીગૌતમસ્વામીએ તેનું સમાધાન કરતાં જણાવ્યું હતું કે બંનેના શ્રમણ સંઘોમાં જે દેખાતો ફેર છે તે વાસ્તવિક નથી; ઈત્યાદિ ખુલાસાના પરિણામે શ્રીકેશીસ્વામી ભગવાન શ્રીમહાવીરસ્વામીની પાસે તેમની આજ્ઞામાં આવી ગયા હતા. આ રીતે શ્રમણસંઘનું મોટું સંગઠન થયું. આ કેશી ગણધરની શિષ્યપરંપરા ચાલી જેનું નામ 'ઉપકેશગચ્છ' પડયું. ઉપકેશગચ્છની પટ્ટાવલી પાછળ આપેલી છે.

વળી ગોશાળો કે જે શરૂઆતમાં ભગવાન મહાવીરસ્વામીનો શિષ્ય હતો, તેણે 'આજીવકમત' ચલાવ્યો. તેના મૃત્યુ પછી તેના કેટલાક શિષ્યો પણ ભગવાન મહાવીરસ્વામીની આજ્ઞામાં આવી ગયા હતા.

×रेवतीश्राविकया श्रीवीरस्य औषधदानं दत्तं तेनौषधिदानफलेन तीर्थंकरनामकर्मोपार्जितम्- अत एव औषधिदानमपि दातव्यम्॥ ('सम्यकत्वकौमुदी.' पृ. ६५)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આ સિવાય શેઠ સુદર્શન, ધન્યકુમાર અબજાધિપતિ શાલિભદ્ર, કસુંદક, વિપ્ર ઋષભદત્ત, સાર્થવાહ સુજાત, ચંપાનો મંત્રી ધર્મઘોષ, વાસ્કડનો મંત્રી વાસ્રક, અવન્તીનો રાજકુમાર ગોપાલ વગેરે પરિવ્રાજકો, બ્રાહ્મણો, ક્ષત્રિયો અને શેઠ-શાહુકારો વગેરે પણ ભગવાનની પાસે આવી દીક્ષિત બન્યા હતા.

એકંદરે ભગવાનના શાસનમાં ૧૪૦૦૦ સાધુ, ૩૬૦૦૦ સાધ્વીઓ, ૧૫૯૦૦૦ વ્રતધારી શ્રાવકો અને ૩૧૮૦૦૦ વ્રતધારિણી શ્રાવિકાઓ હતી.

તીર્થંકર ભગવાન મુખ્યત્વે સાડી પચીસ દેશમાં વિચર્યા છે અને ધર્મપ્રચાર કર્યો છે. તે દેશો આ પ્રમાણે છે:

| નંબર | આર્યદેશ | રાજધાની |
|---|---|---|
| ૧ | મગધ | રાજગૃહી ( રાજગિર ) |
| ૨ | અંગ | ચમ્પા ( ચમ્પાનાલા ) |
| ૩ | બંગ ( બંગાળ ) | તામ્રલિપ્તિ ( તામલુક ) |
| ૪ | કલિંગ (ઉડીષ્યા અને દ્રવિડની વચ્ચે ) | કાંચનપુર |
| ૫ | કાશી | વારાણસી ( બનારસ ) |
| ૬ | કોશલ ( અવધ ) | સાકેત ( અયોધ્યા ) |
| ૭ | કુરુ | ગજપુર ( હસ્તિનાપુર ) |
| ૮ | કુશાર્ત | શૌરિય ( શૌરીપુર ) |
| ૯ | પાંચાલ ( પ્રેમ ) | કાંપિલ્ય ( કંપિલા ) |
| ૧૦ | જંગલ | અહિછત્રા |
| ૧૧ | સૌરાષ્ટ્ર ( કાઠિયાવાડ-સૌરાષ્ટ્ર ) | દ્વારવતી ( દ્વારિકા ) |
| ૧૨ | વિદેહ | મિથિલા ( જનકપુર ) |
| ૧૩ | વત્સ ( પ્રયાગની પશ્ચિમે ) | કૌશાંબી ( કોસમ ) |
| ૧૪ | શાંડિલ્ય | નન્દિપુર |
| ૧૫ | મલય ( પૂર્વઘાટ ) | ભદ્દિલપુર (હટવરીયા પાસે) |
| ૧૬ | મત્સ્ય (અલવર જયપુરનો પ્રદેશ) | વૈરાટ |
| ૧૭ | અચ્છ ( અચ્છ ) | વરુણા |
| ૧૮ | દશાર્ણ ( છત્તીસગઢ-ખાનદેશ ) | મૃત્તિકાવતી |
| ૧૯ | ચેદી ( ચંદેરી ) | શુક્તિમતી |

JAINSITE.com
જૈન સાઈટ
જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

| | | |
|---|---|---|
| ૨૦ | સિંધુ–સૌવીર ( પંજાબ ) | વીતભય ( ભેરા ) |
| ૨૧ | શૂરસેન | મથુરા |
| ૨૨ | ભંગી | પાવા ( વિશાલાની પશ્ચિમે ) |
| ૨૩ | વર્ત ( વર્તક ) | માસપુરી |
| ૨૪ | કુણાલ | શ્રાવસ્તી ( સેટમહેટ ) |
| ૨૫ | લાટ | કોટિવર્ષ ( બાનગઢ ) |
| ૨૬ | કેકય ( અર્ધ દેશ ) | શ્વેતાંબિકા ( બકોહિલા ) |

ભગવાન મહાવીરસ્વામીએ ઉક્ત આર્યદેશોમાં વિહાર કરી ધર્મોપદેશ આપ્યો, તેમાં પણ નીચેનો પ્રદેશ જૈનધર્મની પ્રધાન ભૂમિ લેખાતી હતી.

પૂર્વમાં અંગ અને મગધ, દક્ષિણે કોશાંબી, પશ્ચિમે કુરુક્ષેત્રનો થૂણા વિભાગ અને ઉત્તરે કુણાલનો સીમાડો. આની વચ્ચેનો પ્રદેશ એટલે ભારતવર્ષનો મધ્યમ ખંડ તત્કાલીન ધર્મપ્રધાન ભૂમિ હતી, જેમાં તે સમયે સામાન્ય રીતે ૧ કાશી, ૨ કોશલ, ૩ અંગ, ૪ મગધ, ૫ વજ્જી, ૬ મલ્લ, ૭ ચેદી, ૮ વત્સ, ૯ કુરુ, ૧૦ પાંચાલ, ૧૧ મત્સ્ય, ૧૨ શૂરસેન, ૧૩ અશ્મક, ૧૪ અવન્તી, ૧૫ ગંધાર અને ૧૬ કંબોજ; એ ૧૬ મહારાજ્યો હતાં. તેમાં લિચ્છવી, વિદેહી અને મલ્લ એ ગણતંત્ર રાજ્યો હતાં. લિચ્છવીના જુદા જુદા ૯ સંઘોનું એક સંઘરાજ્ય હતું, જેની રાજધાની વિશાલા હતી અને તેનો મુખ્ય ગણનાયક મહારાજા ચેટક હતો. આ મહારાજા ચેટક ભગવાન શ્રીપાર્શ્વનાથના સંતાનીય શ્રમણોનો પરમ ઉપાસક હતો અને ભગવાન શ્રીમહાવીરસ્વામીનો મામો થતો હતો. એકંદરે મહારાજા ચેટક અને લિચ્છવીઓ પરમ જૈન હતા. વિદેહીઓના સંઘોનું પણ ઘણું કરીને કરાલ રાજાના મરણ પછી સંઘરાજ્ય બન્યું હતું. તેની રાજધાની મિથિલા હતી. આ લિચ્છવી અને વિદેહીઓના સંઘોના જોડાણરૂપે એક “વૃજ્જી” સંઘ સ્થાપિત થયો હતો. તેની રાજધાની પણ વિશાલા હતી અને તેનો ગણનાયક પણ મહારાજા ‘ચેટક’ જ હતો. એટલું જ નહીં પણ તે સમયે વિદેહની રાજધાની મિથિલાને બદલે વિશાલા

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

બની હતી. ભગવાને વિશાલામાં ૧૨ ચોમાસા કર્યાં હતાં. મિથિલામાં ૭ ચોમાસાં કર્યાં. ભગવાન મહાવીરસ્વામી વિશાલાના ભાણેજ હતા અને વિશાલામાં અવારનવાર વિચરતા હતા તેથી જ તેઓ વિદેહદિન્ન અને વૈશાલિક પણ કહેવાય છે.

મલ્લના જુદા જુદા ૯ સંઘોનું પણ ગણરાજ્ય હતું, જેનું સ્થાન સંભવતઃ મલય પાસેનો પ્રદેશ (માનભૌમ અને હજારીબાગ જિલ્લો) હતો. આ સંઘોના ગણનાયકો ભગવાન મહાવીરસ્વામીના ઉપાસકો હતા. તે સમયે મધ્ય ભારતમાં એકંદરે ૭૭૦૭ ગણરાજ્યો હતા. વૃજી અને મલ્લ સિવાયના બીજા ચૌદ એક-તંત્ર રાજ્યો હતાં. તે પૈકીના કાશીરાજ વગેરે ઘણા રાજાઓ ભગવાન મહાવીરસ્વામીના અનુયાયીઓ હતા. તેની નોંધ નામવાર ઉપર આપી દીધી છે.

આ રીતે ભગવાન શ્રીમહાવીરસ્વામીએ ૩૦ વર્ષ સુધી જગત ઉપર ઉપકાર કર્યો અને વિ. સં. પૂર્વે ૪૭૦માં ભગવાન પાવાપુરીમાં હસ્તિપાલ રાજાની લેખનશાળામાં આવી ચોમાસું રહ્યા અને ત્યાં જ ઉપદેશ આપતાં આપતાં દીવાળીની રાતે છેલ્લા પહોરે સર્વાર્થસિદ્ધ મુહૂર્તમાં નિર્વાણ પામ્યા. આ સમયે કોઈ ખાસ રાષ્ટ્રકાર્ય માટે આવેલા ૯ લિચ્છવી અને ૯ મલ્લકી એ ૧૮ ગણનાયકો ત્યાં હાજર હતા. તેઓએ ભગવાનનું નિર્વાણ થતાં ભાવ ઉદ્યોત જવાથી દ્રવ્ય ઉદ્યોત કર્યો—દીવા પ્રગટાવ્યા અને ત્યારથી ભારતવર્ષમાં 'દિવાળીપર્વ'ની સ્થાપના થઈ. બીજે દિવસે કાર્તિક સુદ ૧ના સૂર્યોદય સમયે ગણધર ગૌતમસ્વામીને કેવળજ્ઞાન થયું અને ગણધર શ્રીસુધર્માસ્વામી ભગવાનની પાટે આવ્યા. તેઓ સંઘના નાયક બન્યા.

### તત્કાલીન અન્ય ધર્માચાર્યો :

તે સમયે ભારતવર્ષના મધ્યખંડમાં ૧ ગૌતમબુદ્ધ, ૨ પૂરણકાશ્યપ, ૩ ગોશાલ, ૪ સંજયી વૈરટ્ટીપુત્ર, ૫ અજિત કેશકમ્બલ અને ૬ કકુદ કાત્યાયન એમ બીજા ૭ મોટા ધર્મસંસ્થાપકો થયા

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હતા જે પૈકી શાક્યસિંહ ગૌતમબુદ્ધે બૌદ્ધ ધર્મને જન્મ આપ્યો. તેમણે પોતાના ત્રિપિટકોમાં સ્થાને સ્થાને ભગવાન શ્રીમહાવીરનો નિર્ગ્રન્થ જ્ઞાતપુત્ર એવા નામથી ઉલ્લેખ કર્યો છે.

પૂરણ કાશ્યપ વગેરે સ્વતંત્ર ધર્મસંસ્થાપકો હતા, કિન્તુ તેમનો વિશેષ ઇતિહાસ કંઈ મળતો નથી. મંખલીપુત્ર ગોશાલ તે આજીવકધર્મનો સ્થાપક હતો. 'ભગવતીસૂત્ર' અને બૌદ્ધ ત્રિપિટકોમાં તેનો ઇતિહાસ મળે છે; જેનો સાર આ પ્રમાણે છે×

રાજગૃહીમાં મંખલી નામે મંખપુત્ર હતો. તેની પત્ની સુભદ્રાએ બહુલ ભટ્ટની ગોશાળામાં એક બાળકને જન્મ આપ્યો. સમય જતાં ગોશાળામાં જન્મ્યો હોવાથી તે "ગોશાળો" એવા નામથી પ્રસિદ્ધ થયો. ભગવાન મહાવીરસ્વામી દીક્ષાના બીજા વર્ષે રાજગૃહીમાં ચોમાસું આવ્યા ત્યારે તે ભગવાનનો સેવક બન્યો. ચોમાસા પછી સ્વયં નગ્ન થઈ, લોચ કરી, ભગવાનનો શિષ્ય બન્યો અને લગભગ આઠ વર્ષ સુધી ભગવાનની સાથે રહી તેજોલેશ્યાની વિદ્યા મેળવી ભગવાનથી જુદો પડયો. તેણે તેજોલેશ્યા સાધી, ભગવાન પાર્શ્વનાથની પરંપરાના પતિત થયેલા સાધુઓ પાસે અષ્ટાંગ નિમિત્ત ભણી ૧ શાન, ૨ કલંદ, ૩ કાર્ણુકાર, ૪ અચ્છિદ્ર, ૫ અગ્નિવેશ્યાયન અને ૬ ગોમાયુપુત્ર અર્જુન; એ ૬ દિશાચર શિષ્યો મેળવી પોતાને સર્વજ્ઞ જાહેર કરી "આજીવક" નામનો નવો મત ચલાવ્યો. આ મતમાં શીતોદક ગ્રહણ, બીજકાય ભક્ષણ, આધા-

---

×तद्यथा—पूरणः काश्यपो मस्करी गोशालिपुत्रः,
संजयी वैरट्टीपुत्रोऽजितः केशकम्बलः, ककुदः कात्यायनो,
निर्ग्रन्थो ज्ञातपुत्रः ॥

(बौद्ध–दिव्यादान १२।१४३-१४४)

मस्करी संजयी वैरैरजितः ककुदस्तथा ।
पूरणज्ञातिपुत्राद्या मूर्खाः क्षपणकाः परे ॥

(अवदान–कल्पलता पल्लव १३।४११)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ર્મિક આહાર, સ્ત્રીસેવન, હસ્તાવલેપન, દિગંબરતા, ઉદ્યમનો અપલાપ અને નિયતિવાદ વગેરે વિશેષતાઓ હતી. ભગવાન તીર્થંકર થયા પછી ચોદમે વર્ષે શ્રીસંઘ પરિવાર સાથે શ્રાવસ્તિમાં પધાર્યા એટલે ગોશાળો પણ તેમની સામે વાદ કરવા આવ્યો. તેણે આવતાં જ પહેલાં "તમારો શિષ્ય ગોશાળો તે હું નથી" એવો ઈન્કાર કર્યો. ભગવાને તેને સત્યવાદી બનવા માટે સમજાવ્યો પરંતુ તે એકનો બે થયો નહીં. તેણે આવેશમાં આવી ભગવાનનું અપમાન કર્યું. સર્વાનુભૂતિ મુનિ અને સુનક્ષત્ર મુનિએ તેને તેમ કરતો રોક્યો એટલે ગોશાળે તેજોલેશ્યા વડે તે બંનેને બાળી મારી નાખ્યા અને છેવટે ભગવાન મહાવીરસ્વામી ઉપર પણ તેજોલેશ્યા છોડી. પરંતુ તે ઊલટી પડી. એટલે ગોશાળો તે તેજોલેશ્યાથી બળી બળી થતો કુંભારને ઘેર જઈ શીતોપચાર કરવા લાગ્યો અને અંતે તેજોલેશ્યાનું વારણ ન થવાથી સાતમે દિવસે મૃત્યુ પામ્યો. તેને મૃત્યુ પહેલાં શુભ ભાવના આવી અને પોતાની દરેક ભૂલ માટે પશ્ચાત્તાપ થતાં પોતાના શિષ્યોને એકઠા કરી દરેકને વાસ્તવિક વસ્તુથી વાકેફ કર્યા. તેણે સાફ શબ્દોમાં જણાવ્યું કે "મેં તો ભૂલ કરી છે પરંતુ તમે ભૂલ કરશો નહિ. તમે ભગવાનના શરણે જજો" વગેરે વગેરે. તેમના આ વચનથી આજીવકમતના ઘણા શ્રમણો ભગવાન મહાવીરસ્વામીના શાસનમાં આવી ભળ્યા. તેઓએ પૂર્ણતયા જૈનધર્મ જ અપનાવ્યો હતો. માત્ર દિગંબર રહેવા તરફ એમનું વલણ મજબૂત હતું. સંભવતઃ ચરમકેવલી શ્રીજંબૂસ્વામી પછી આ પરંપરામાં ૩ આ૦ વિષ્ણુકુમાર, ૪ આ૦ નંદિમિત્ર, ૫ આ૦ અપરાજિત, ૬ આ૦ ગોવર્ધન વગેરે આચાર્યો થયેલા છે.

આ તરફ ભગવાનને તેજોલેશ્યા તો લાગી નહીં કિન્તુ તેની હવા લાગી એટલે પિત્તજ્વરની અસર થવા લાગી. ૭ મહિના તો એમ જ ચાલ્યું. અંતે ભગવાને સિંહ અણગાર પાસે રેવતી શ્રાવિકાને ત્યાંથી નિર્દોષ બિજોરાપાક મંગાવી અનાસક્તપણે વાપર્યો અને રોગને શાંત કર્યો.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## પહેલો નિહ્નવ જમાલિ :

ભગવાનને કેવળજ્ઞાન પ્રાપ્ત થયા પછી ચૌદમે વર્ષે જમાલિ પહેલો નિહ્નવ થયો. તેણે 'બહુરતમત' સ્થાપ્યો.

કુંડપુરના ક્ષત્રિય, ભગવાન મહાવીરસ્વામીના ભાણેજ અને જમાઈ જમાલિકુમારે ૫૦૦ રાજપુત્રો સાથે ભગવાનની પાસે દીક્ષા લીધી ત્યાર પછી તેની પત્ની અને ભગવાનની પુત્રી પ્રિયદર્શનાએ પણ ૧૦૦૦ રાજપુત્રીઓ સાથે દીક્ષા સ્વીકારી. જમાલિ મુનિએ ૧૧ અંગ ભણ્યા પછી ભગવાનની સમ્મતિ ન હોવા છતાં પોતાના શિષ્યો સાથે શ્રાવસ્તિ તરફ સ્વતંત્ર વિહાર કર્યો. ત્યાં તેમને માટે સંથારો પાથરતા શિષ્યોએ સંથારો કંઈક અધૂરો હતો છતાંય "સંથારો પાથર્યો" એવો શબ્દપ્રયોગ કર્યો. આ સમયે જમાલિએ નૈગમનયવાળા **કડેમાણે** કડે એ સિદ્ધાંતને અસત્ય માની તેનો વિરોધ કર્યો. આ સિદ્ધાંતના ઉપદેશક ભગવાનને પણ અસત્યવાદી તરીકે જાહેર કર્યા અને પોતાનો અત્રંભૂતનયવાળો **કડેમાણે અકડે** એવો નવો પક્ષ સ્થાપ્યો. સ્થવિરોએ, ઘડાના પૂર્વ સ્વરૂપો તૈયાર થતાં તે તે અંશે ઘડો થયો એમ મનાય છે, એકવીસ વર્ષના પહેલે દિવસે જ મનુષ્ય ૨૧ વર્ષનો મનાય છે, યાત્રા કરવા જનાર મનુષ્ય ઘર બહાર કે ગામ બહાર ગયો એટલે તે યાત્રા કરવા ગયો એમ કહેવાય છે, અને એ જ રીતે ઘણો સંથારો પથરાઈ ગયો તેથી સંથારો થયો એમ મનાય છે, અસત્માંથી વસ્તુ ઉત્પન્ન થતી નથી, સત્માંથી જ વસ્તુ ઉત્પન્ન થાય છે, આ હિસાબે સંથારાની શરૂઆત પછી સંથારો થયો એમ જ કહી શકાય કિન્તુ સંથારાની શરૂઆત પછી સંથારો થયો એમ કહેવું ગેરવ્યાજબી નથી, આ સ્થિતિમાં સંથારો થયો એમ મનાય છે; ઈત્યાદિ અનેક દૃષ્ટાંતો આપી તેને સમજાવ્યો પરંતુ જમાલિ એકનો બે ન થયો. એટલે શિષ્યો તેને છોડી ભગવાનની પાસે ચાલ્યા ગયા. સુદર્શના સાધ્વીએ પણ પ્રથમ તો તેનો પક્ષ સ્વીકાર્યો કિન્તુ ઢંક નામના કુંભાર શ્રાવકની યુક્તિથી પોતાની ભૂલ સમજી તેના પક્ષનો ત્યાગ કર્યો. ભૂલચૂકનો 'મિચ્છામિ દુક્કડં' આપ્યો અને

www.jainsite.com　For Private & Personal Use Only　info@jainsite.com

ભગવાનની આજ્ઞામાં પ્રવેશ કર્યો. જમાલિ ચંપાનગરમાં આવ્યો ત્યારે ગૌતમસ્વામીએ તેને પ્રશ્નોત્તર કરી નિરુત્તર કર્યો. ભગવાને પણ તેને સમજાવ્યો પરંતુ તેણે પોતાની હઠ છોડી નહીં.

ભગવાનના શાસનમાં ૯ નિહ્નવો થયા, તેમાં આ પહેલો નિહ્નવ હતો.

**બીજો નિહ્નવ તિષ્યગુપ્ત :**

ભગવાનને કેવળજ્ઞાન પ્રાપ્ત થયા પછી ૧૬ મે વર્ષે તિષ્યગુપ્ત નામે બીજો નિહ્નવ થયો. તેણે 'અંત્યપ્રદેશ મત' સ્થાપ્યો. તે પૂર્વધારી વસુદેવ આચાર્યનો શિષ્ય હતો. તેણે "જીવમાં એક પણ પ્રદેશ ઓછો હોય ત્યાં સુધી તે જીવ નથી કિન્તુ સંપૂર્ણ અસંખ્યાત પ્રદેશવાળો જીવ તે જ જીવ તરીકે ઓળખાવવા યોગ્ય છે." આ સિદ્ધાંતને સામે રાખી, જીવના એક છેલ્લા પ્રદેશમાં જ જીવ છે એવો નિર્ણય કર્યો. ગુરુએ તેને અનેક દૃષ્ટાંતોથી સમજાવ્યો પણ તે માન્યો નહીં એટલે તેને ગચ્છ બહાર કર્યો. ત્યાંથી તે આમલકપ્પામાં ગયો. ત્યાં મિતશ્રી શ્રાવકે અનાજના એક કણથી સુધાની શાંતિ થશે! પાણીના એક ટીપાથી પિપાસા શાંત થશે! અને કપડાના એક તાંતણાથી શીતની શાંતિ થશે-તૃપ્તિ થશે! એમ બોલતાં તેટલી જ વસ્તુઓ વહોરાવી. આ યુક્તિથી તિષ્યગુપ્તે પોતાની ભૂલ સમજી ભગવાનની વાણીમાં શ્રદ્ધા રાખી ગુરૂ પાસે આવી પોતાની ભૂલનું પ્રાયશ્ચિત કરી ગુરુની આજ્ઞામાં જ પોતાના જીવનને પવિત્ર કર્યું.

ભગવાનના શાસનમાં ૯ નિહ્નવો થયા, તેમાં આ બીજો નિહ્નવ હતો.

શ્રીકેશી ગણધર ભગવાન શ્રીમહાવીરસ્વામીની આજ્ઞામાં આવી ગયા. તેમણે ઉપકેશગચ્છની સ્થાપના કરી હતી; એ આગળ કહેવાઈ ગયું છે. તેમની શિષ્યપરંપરા નીચે પ્રમાણે છે.

**ઉપકેશગચ્છ પટ્ટાવલી:**

૧. શ્રીશુભદત્ત ગણધર-ત્રેવીશમા તીર્થંકર શ્રીપાર્શ્વનાથ ભગવાનના ૧૦ ગણધરોમાંના મુખ્ય ગણધર, જેઓ પોતાની પાટે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આ૦ હરિદત્તને સ્થાપીને મોક્ષે પધાર્યા.

૨. આ૦ હરિદત્તસૂરિ—જે ૫૦૦ ચોરના નાયક હતા. તેમણે શ્રીશુભદત્ત ગણધરના શિષ્ય મુનિ વરદત્તના ઉપદેશથી પ્રતિબોધ પામી ૫૦૦ ચોરો સાથે જૈન દીક્ષા લીધી અને જ્ઞાન–ચારિત્રનો પૂર્ણ વિકાસ સાધ્યો. ગણધર ભગવાન મોક્ષે જતાં તેઓની પાટે તે સ્થાપિત થયા. તેમણે વેદવિહિત હિંસાવાદી આચાર્ય લોહિત્ય સંઘને રાજસભામાં શાસ્ત્રાર્થ કરી પોતાના શિષ્ય બનાવ્યા અને આચાર્યપદ આપી દક્ષિણમાં ધર્મપ્રચાર માટે મોકલ્યા. આ લોહિત્યાચાર્યે પણ પોતાની અમોઘ દેશનાથી અને ચારિત્રના પ્રભાવે દક્ષિણમાં લંકા સુધી જૈનધર્મનો પ્રચાર કર્યો. બૌદ્ધ ભિક્ષુ ધેનુસેન વિરચિત 'મહાવંશકાવ્ય'માં ઉલ્લેખ છે કે ઈ. સ. પૂર્વે લગભગ ૪૩૭માં સિંહલદ્વીપના રાજા પનુગાનયે અનુરાધપુરમાં પોતાની રાજગાદી સ્થાપી અને ત્યાં નિર્ગ્રંથ મુનિઓ માટે ગિરિ નામનું સ્થાન બનાવ્યું. કહેવાની જરૂર નથી કે તે સમયે સિંહલદ્વીપમાં આ૦ લોહિત્યના સંતાનીય જૈન નિર્ગ્રંથો વિચરતા હતા. અને ત્યાંનો રાજા પણ જૈનધર્મી હતો.

૩. આ૦ સમુદ્રસૂરિ—આ આચાર્ય પણ ભૂતળ ઉપર ઘણો ઉપકાર કરી અંતે સમ્મેતશિખરગિરિ પર અનશન સ્વીકારી મોક્ષે ગયા.

આ સમયે વૈશાલીના ગણનાયક મહારાજા ચેટક તથા રાજા સિદ્ધાર્થ ઈત્યાદિ અનેક મહારાજા જૈન હતા. શુદ્ધોદન રાજાના પુત્ર શાક્યસિંહ પ્રથમે આ જ નિર્ગ્રંથ સમૂહના પિહિતાશ્રવ મુનિ પાસે જૈન દીક્ષા લીધી હતી અને પછી તપસ્યાથી કંટાળી પોતાનો નવો બૌદ્ધમત ચલાવ્યો હતો.

૪. આ૦ શ્રીકેશીગણધર—ઉજ્જૈનના રાજા જયસેન અને રાણી અનંગસુંદરીના પુત્ર કેશીકુમાર શ્રીવિદેશી મુનિનું વ્યાખ્યાન સાંભળી જૈનધર્મ પામ્યા અને તેમણે તેમના જ મુખેથી પોતાનો પૂર્વ વૃત્તાંત સાંભળી જાતિસ્મરણ જ્ઞાન પામી પોતાનાં માતા–

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પિતા અને બીજા ૫૦૦ મનુષ્યો સાથે જૈન દીક્ષાનો સ્વીકાર કરી જિનવાણીના પરિશીલનથી યોગ્યતા મેળવી ગણનાયકપદ પ્રાપ્ત કર્યું. આ આચાર્ય તાત્ત્વિક વ્યાખ્યાતા, વાસ્તવિક પક્ષના અને સત્યગવેષક હતા. મતિ, શ્રુત અને અવધિ એમ ત્રણ જ્ઞાનવાળા હતા. શ્વેતાંબિકાનો રાજા પ્રદેશી મોટો નાસ્તિક હતો. તે ચિત્ર મંત્રીની પ્રેરણાથી આ આચાર્ય પાસે આવ્યો અને અનેક પ્રશ્નો કર્યા પછી આ આચાર્યના ઉત્તરથી નિઃશંક બની પરમ જૈન રાજા બન્યો. ગણધર શ્રીકેશીસ્વામી શ્રાવસ્તી નગરીના તંદુકવનમાં હતા ત્યારે ભગવાન મહાવીરસ્વામીના પ્રથમ ગણધર ઈન્દ્રભૂતિ ગૌતમસ્વામી ત્યાં આવ્યા અને ભગવાન પાર્શ્વનાથ તથા ભગવાન મહાવીરસ્વામીના શાસનમાં વિભિન્ન દેખાતા (૧) મહાવ્રત, (૨) વસ્ત્રવેષ, (૩) એકનો જય, (૪) સ્નેહપાશમુક્તિ, (૫) તૃષ્ણાલતાછેદ (૬) કષાયાગ્નિશમન, (૭) મનોવેગદમન, (૮) સન્માર્ગ, (૯) દ્વીપ, (૧૦) દેહનો સાચો નાવિક (૧૧) સર્વજ્ઞ પ્રકાશ (૧૨) નિર્વાણસુખ વગેરે વિષયો પર જાહેર વાર્તાલાપ કર્યો. પરિણામે બંને તીર્થંકરોનો માર્ગ એક જ છે એમ નિર્ણય થતાં ગણધર શ્રીકેશીસ્વામી પાંચ મહાવ્રત સ્વીકારી ભગવાન મહાવીરસ્વામીના શાસનમાં દાખલ થયા અને તેઓનો શ્રમણસંઘ 'પાર્શ્વાપત્ય' તરીકે જાહેર થયો.

આ શ્રમણ સંઘનાં નિર્ગ્રન્થ, ચાતુર્યામી, પાર્શ્વનાથ સંતાનીય, દ્વિવંદનીક, કંવલાગચ્છ વગેરે ઘણાં નામાંતરો છે, તથા માથુરગચ્છ, કોરંટગચ્છ, કુકુદશાખા, ભિન્નમાલશાખા, ચંદ્રાવતીશાખા, મેડતાશાખા, ખટ્ટકૂપશાખા (નંગી પોશાળ), બિકાનેરીશાખા, ખજવાનાશાખા, તપાકોરંટકશાખા, તપારત્નશાખા વગેરે અનેક પેટા ભેદો છે.

ગણધર કેશીસ્વામી તે ભગવાન મહાવીરસ્વામીના સમકાલીન સમર્થ આચાર્ય હતા.

૫. આ૦ સ્વયંપ્રભસૂરિ–તેઓ મહાન તપોમૂર્તિ અને પ્રકાંડ વ્યાખ્યાતા હતા.

૬. આ૦ રત્નપ્રભસૂરિ–એક દિવસે આ૦ સ્વયંપ્રભસૂરિ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ભિન્નમાળમાં વિચરતા હતા ત્યારે વિદ્યાધરોનો રાજા મણિરત્ન ઉર્ફે રત્નચૂડ ત્યાં આવ્યો અને તેણે સૂરિમહારાજનો ઉપદેશ સાંભળી પોતાના પુત્રને રાજ્ય સોંપી ૫૦૦ વિદ્યાધરો સાથે જૈન દીક્ષા લઈ વીર સં. ૫૨ માં સૂરિપદ પ્રાપ્ત કર્યું. જેમનું નામ શ્રીરત્નપ્રભસૂરિ રાખવામાં આવ્યું. આચાર્ય મહારાજ વિહાર કરતા કરતા ઉપકેશ-નગર પધાર્યા. શ્રીપુંજરાજાનો પુત્ર સુરસુંદર અભિમાનથી અને ચંદ્ર મંત્રીનો પુત્ર ઉહડ નાના ભાઈના ટોણાથી ભિન્નમાલ તરફ નીકળ્યા. બંનેને નવું નગર વસાવવું હતું. એટલે તેઓએ ૧૨ યોજન પ્રમાણ ઉપકેશનગર વસાવ્યું; જેમાં ભિન્નમાલના ૧૮૦૦ વ્યાપારી, ૯૦૦ બ્રાહ્મણ તથા બીજાઓ આવી વસ્યા હતા. સુરસુંદરે ઉહડના પુત્ર સાથે પોતાની પુત્રી પરણાવી હતી.

આ૦ રત્નપ્રભસૂરિને આ ઉપકેશનગરમાં કોઈ જૈન ન હોવાથી ઘણું કષ્ટ પડયું. ઉપવાસ ઉપર ઉપવાસો કરવા પડયા. છતાંય તેઓએ ૩૫ સાધુઓ સાથે ત્યાં ચોમાસું રહેવાનો નિરધાર કરી બીજા શિષ્યોને કોરંટા વગેરે તરફ વિહાર કરાવ્યો.

એક દિવસ મંત્રીપુત્રને સાપ કરડયો. તમામ ઉપાયો નિષ્ફળ ગયા. અંતે તેને સ્મશાનમાં પણ લઈ ગયા, પરંતુ આચાર્ય મહારાજના ચરણોદક છાંટવાથી તેનું ઝેર ઊતરી ગયું અને તેને નવો જન્મ મળ્યો. આ ઘટનાથી રાજા, મંત્રી વગેરેએ જૈનધર્મ સ્વીકાર્યો અને તેઓ ઓસિયાના હોવાથી 'ઓસવાલ' જૈનો તરીકે પ્રસિદ્ધિ પામ્યા. રાજ્યાધિષ્ઠાયિકા તથા પાદદેવી ચામુંડા માંસાહારી હતી, તેને પણ સૂરિમહારાજે ઉપદેશ આપી સમકિતી બનાવી અને સચ્ચિયકા નામ આપી ઓસવાલોની કુળદેવી તરીકે સ્થાપિત કરી. દેવીએ માંસાહાર છોડયો, તે એટલા સુધી કે લાલ ફૂલને પણ તે પોતાના ભોગમાં પસંદ કરતી નહોતી.

એક શેઠે વિષ્ણુમંદિર બંધાવવાનું શરૂ કર્યું પણ દિવસે ચણે અને રાતે તૂટી પડે. તેણે આચાર્ય મહારાજના કહેવાથી ભગવાન મહાવીરસ્વામીનું મંદિર બંધાવવું શરૂ કર્યું, જે નિર્વિઘ્ને સંપૂર્ણ થયું. કુદરતનો ખેલ એવો બન્યો કે, તેની ગાય લૂણ-

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ડુંગરીની પહાડી પર હંમેશાં દૂધ ઝરી આવતી હતી, એ વાતની ગુરુમહારાજને ખબર પડી ત્યારે તેમના કથન પ્રમાણે તે જમીન-માંથી ભગવાન મહાવીરસ્વામીની પ્રતિમા મળી આવી અને તેની પ્રતિષ્ઠા માટે વીર સં. ૭૦ મહા સુદ ૫ ગુરુવારના બ્રાહ્મ મુહૂર્તે પ્રતિષ્ઠા લગ્ન નિરધાર્યું. શ્રી કોરંટાના સંઘે પણ તે જ લગ્નમાં કોરંટામાં ભગવાન મહાવીરસ્વામીની પ્રતિષ્ઠા કરાવવાનો નિરધાર કર્યો. આથી આચાર્ય મહારાજે બંને સ્થાને એક જ લગ્નમાં ભગ-વાન મહાવીરસ્વામીની પ્રતિષ્ઠા કરી અને આ ચામત્કારિક ઘટનાથી જૈનધર્મની મોટી પ્રભાવના કરી. ત્યાર પછી આચાર્ય મહારાજે કોરંટામાં જઈ મુનિ કનકપ્રભજીને આચાર્ય પદવી આપી, તેનાથી 'કોરંટાગચ્છ' ચાલ્યો અને વીર સં. ૭૭ મહા સુદ ૫ ને દિવસે ઓસિયામાં ત્યાંના રાજાએ બનાવેલા મંદિરમાં ભગવાન પાર્શ્વ-નાથની પ્રતિષ્ઠા કરી. તેની દેવકુલિકામાં સચ્ચિકાદેવીની પણ પ્રતિષ્ઠા કરી. પરદેશી હુમલાઓ વખતે ભગવાન પાર્શ્વનાથની પ્રતિમા બીજે લઈ જવામાં આવી હતી એટલે તેને સ્થાને પાછળથી સચ્ચિકાને બેસાડવામાં આવી છે.

जैनम् जयति शासनम्

વળી એક દિવસે એક ધનાઢ્ય બ્રાહ્મણના પુત્રને સાપ કરડ્યો. તેને પણ આચાર્ય મહારાજના ચરણોદકથી આરામ થયો. આથી બ્રાહ્મણો કે જેઓ જૈનધર્મ પ્રત્યે સૂગ ચડાવતા હતા તેઓ પણ નમ્ર બની જઈ જૈનધર્મના પ્રેમી બન્યા. એકંદરે આચાર્ય મહારાજે આ પ્રમાણે ૧૮૦૦૦૦ જૈનો બનાવ્યા અને તેઓ વીર નિ. સં. ૮૪ માં સ્વર્ગવાસ પામ્યા.

૭. આ૦ શ્રીયક્ષદેવસૂરિ—તેમના એક શિષ્ય કોરટા જતાં રસ્તામાં મણિભદ્રના મંદિરમાં રહ્યા હતા. ત્યાં મણિભદ્ર ઉપર પાતરાનું પાણી છાંટવાથી ગાંડા થઈ ગયા હતા. આચાર્ય મહારાજે સાધુને ઠીક કર્યા અને યક્ષને પણ પ્રતિબોધ કરી પોતાનું "યક્ષદેવ" નામ સાર્થક કર્યું. સંભવતઃ તેમના ઉપદેશથી બંગાળમાં જૈનો થયા હતા જે આજે 'સરાક' તરીકે પ્રસિદ્ધ છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૮. આ૦ કક્કસૂરિ.

૯. આ૦ દેવગુપ્તસૂરિ.

૧૦. આ૦ સિદ્ધસૂરિ.

૧૧. આ૦ રત્નપ્રભસૂરિ (બીજા)—આ આચાર્યે વીર સં. ૨૨૦ માં ઘણા ઓસવાલોને જૈનો બનાવ્યા; એવો વહીઓમાં ઉલ્લેખ મળે છે.

૧૨. આ૦ યક્ષદેવસૂરિ (બીજા).

૧૩. આ૦ કક્કસૂરિ—ઓસિયાના શેઠ લૂણદ્રહીની જમીનમાંથી જે દેવાધિષ્ઠિત પ્રતિમા લઈ આવ્યા હતા તે પ્રતિમાને બતાવેલ મુદત પહેલાં જમીનમાંથી કાઢતાં છાતી ઉપર બે લીંબુ જેવી ગાંઠો રહી ગઈ હતી. વીર સં. ૩૭૩ માં ઓસિયાના યુવકોએ તે બંને ગાંઠોને ખોદાવવા માટે સલાટો પાસે ટાંકણું મરાવતાં તેમાંથી એકદમ લોહીની ધાર વહેવા લાગી. આ. કક્કસૂરિએ સંઘની વિનતિ થતાં મંડોવરથી અહીં પધારી મૂળ પ્રતિષ્ઠાનો ભંગ થયો જાણી આશાતના દૂર કરવાનો વિધિ કરાવ્યો, તે આ પ્રમાણે :

અઠ્ઠાઈ મહોત્સવ ચાલુ કર્યો. આચાર્ય મહારાજે તથા શ્રીસંઘે અઠ્ઠમ કર્યો. ત્રીજે દિવસે પ્રભુની જમણી બાજુએ ૧ તાતેડ, ૨ બાફણા, ૩ કર્ણાવટ, ૪ વલહીલ, ૫ શ્રીપાળ, ૬ કુલહટ, ૭ મોરિય, ૮ વીરહટ, ૯ શ્રેષ્ઠી અને ડાબી બાજુએ ૧૦ સંચેતી, ૧૧ આઈચણા, ૧૨ ભૂરા, ૧૩ ભાદ્ર, ૧૪ ચિંચટ, ૧૫ કુંભટ, ૧૬ કનોજિયા, ૧૭ ડિંડુભ અને ૧૮ લઘુ શ્રેષ્ઠી; એ અઢાર ગોત્રના વડેરાઓએ ઊભા રહી બલિ-બાકુલા કરીને પાણી, દહીં, દૂધ, ઘી, શેરડીનો રસ અને સર્વૌષધિજળના કળશો વડે પ્રભુનો મોટો સ્નાત્રાભિષેક કર્યો.

જ્ઞાનીઓ તો જાણી ચૂકયા હતા કે મૂળ પ્રતિષ્ઠાનો ભંગ થયો છે. આથી આ નગરમાં હવે કલેશ-કંકાસ વધશે, ધન-ધાન્ય ઘટશે અને નગરનો પણ નાશ થશે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૧૪. આ૦ દેવગુપ્તસૂરિ (બીજા)—તેમણે કનોજના રાજા ચિત્રાંગદને પ્રતિબોધ્યો અને રાજાએ બનાવેલ જિનાલયમાં સોનાની પ્રતિમાની પ્રતિષ્ઠા કરાવી.

૧૫. આ૦ સિદ્ધસૂરિ (બીજા).

૧૬. આ૦ રત્નપ્રભસૂરિ (ત્રીજા).

૧૭. આ૦ યક્ષદેવસૂરિ (ત્રીજા)—જેઓ વીર સં. ૫૮૫માં આચાર્યપદે આવ્યા. આ આચાર્ય મહુવામાં બિરાજતા હતા ત્યારે મ્લેચ્છોએ મહુવા લૂંટી જાવડશાહ વગેરેને કેદ પકડયા હતા. સાથોસાથ ૫૦૦ સાધુઓ અને આ આચાર્યને પણ કેદ કર્યા હતા. પરંતુ એક મ્લેચ્છ બની ગયેલ શ્રાવકે આચાર્ય મહારાજને છોડાવી પોતાના માણસો સાથે ખટ્ટકૂપ (ખાંટૂ) પહોંચાડી દીધા. શ્રાવકોએ શ્રમણો વિના શાસનનો ઉચ્છેદ થશે એમ જાણી ૧૧ છોકરાઓ વહોરાવ્યા. આચાર્ય મહારાજે તે ૧૧ને દીક્ષા આપી અને મ્લેચ્છોના હલ્લા પહેલાં આચાર્યશ્રીએ પોતાના બે શિષ્યોને બહાર રવાના કરી દીધા હતા, તેઓ પણ ગુરુને આવી મળ્યા. એટલે આચાર્ય મહારાજ ત્યાંથી વિહાર કરી આહડ પધાર્યા ત્યાં પણ શ્રાવકોએ પોતાના પુત્રો વહોરાવ્યા. આ ઘટના વિક્રમ સં. ૧૦૦ પછી બની હતી. ત્યાર પછી ગુરુમહારાજે ખંભાતમાં ભગવાન પાર્શ્વનાથની પ્રતિષ્ઠા કરાવી.

વળી આ આચાર્ય મહારાજે આ. શ્રીવજ્રસેનસૂરિનું સ્વર્ગ-ગમન થતાં વિદ્યમાન દરેક મુનિઓને એકઠા કર્યા અને નાગેન્દ્ર, ચંદ્ર, નિવૃત્તિ તથા વિદ્યાધરના નામથી ચાર ગચ્છો સ્થાપિત કરાવ્યા. આચાર્યશ્રીએ જૈન સંઘનું ઐક્ય રચવા માટે પોતાના સમુદાયને પણ ચંદ્રગચ્છ સાથે જોડી દીધો. ચંદ્રગચ્છનો દિગ્બંધ આ પ્રમાણે છે: “કોટિગણ, વજ્રીશાખા ચંદ્રકુળ અને સંપ્રતિ.... ઇત્યાદિ.” આ મુનિસંમેલનમાં ૪ આચાર્ય, ૭ ઉપાધ્યાય, ૧૨ વાચનાચાર્ય, ૨ પ્રવર્તક, ૨ મહત્તર, ૨ મહત્તરા, ૧૨ પ્રવર્તિની, ૫૦૦ સાધુ અને ૭૦૦ સાધ્વીજી હાજર થયાં હતાં.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૧૮. આ૦ કક્કસૂરિ (ત્રીજા)

૧૯. આ૦ દેવગુપ્તસૂરિ (ત્રીજા)—આ સમયે કોરંટાગચ્છમાં ઉ૦ દેવચંદ્રજી થયા.

૨૦. આ૦ સિદ્ધસૂરિ (ત્રીજા)—તેઓએ પોતાના શિષ્યને માત્ર "યક્ષમહત્તર" પદ આપ્યું હતું. કોઈને આચાર્ય બનાવ્યા ન હતા. અને તેઓ કાળધર્મ પામ્યા.

૨૧. આ૦ રત્નપ્રભસૂરિ (ચોથા)

૨૨. આ૦ યક્ષદેવસૂરિ—તેઓ ખટ્ટકૂપમાં રહેતા હતા અને મહત્તર હોવા છતાં ગચ્છનો ભાર વહન કરતા હતા. તેમણે મથુરાના પંડિત અને આ૦ સમન્તભદ્રના સંતાનીય નાના ઋષિને સૂરિપદ આપી કોરંટક ગચ્છના નન્નાચાર્ય બનાવ્યા. નન્નાચાર્ય ઘણાને દીક્ષા આપીને તરત કાળ કરી ગયા, તેથી તેમના એક શિષ્ય કૃષ્ણઋષિએ ખટ્ટકૂપમાં યક્ષ મહત્તર પાસે આવી ફરી ઉપસંપદા લીધી અને તે સૂરિજીની પાટે આવ્યા. ('ઉપકેશગચ્છપ્રબંધ' શ્લોક ૨૦૯–૨૧૨)

૨૩. આ૦ કક્કસૂરિ—કૃષ્ણઋષિ એ જ આ૦ કક્કસૂરિ છે. તેમણે ચક્રેશ્વરી દેવીના વચનથી ચિતોડ જઈ એકને દીક્ષા આપી ભણાવ્યા અને આ૦ દેવગુપ્તના નામથી પોતાની પાટે સ્થાપ્યા અને નાગોરમાં તેમનો બહુ સન્માનપૂર્વક પ્રવેશ કરાવી તેમના હાથે પ્રતિષ્ઠા કરાવી. પછી ગિરનારની યાત્રા કરી ત્યાંથી મથુરામાં જઈ પારણું કર્યું. તેમણે એકવાર દેવગુપ્તસૂરિને જણાવ્યું કે, આ૦ સિદ્ધસૂરિ પછી ઉપકેશગચ્છ ઘણાં વર્ષ સુધી ગુરુશૂન્ય રહ્યો છે. તેથી જ બીજા આચાર્યોની ઇચ્છા પ્રમાણે મેં તમને સૂરિપદે સ્થાપ્યા છે, પરંતુ ખરી રીતે તો એ જરૂરી છે કે ગચ્છ માટે અનુયોગધરસૂરિ નીમવો જોઈએ, તો તમે આ વાતનું ધ્યાન રાખશો. (ઉપ૦ શ્લો૦ ૨૧૨–૨૧૬)

આ કૃષ્ણઋષિ અને કૃષ્ણર્ષિગચ્છના આદ્યાચાર્ય કૃષ્ણઋષિ એ બંનેના જીવનમાં કેટલેક અંશે સામ્યતા મળે છે. એટલે આ આ૦ કક્કસૂરિ અને આ૦ કૃષ્ણર્ષિનું ચરિત્ર ભેળસેળ થઈ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

બન્યું છે. તીર્થભૂમિ ગુજરાત અને નાગોરમાં મંદિર કરાવ્યાં વગેરે ઘટનાઓ તપસ્વી કૃષ્ણર્ષિના ઉપદેશથી બની હતી, એ વાત તેમના શિષ્ય આ૦ જયસિંહસૂરિના ઉલ્લેખથી સ્પષ્ટ થાય છે.

૨૪. આ૦ દેવગુપ્તસૂરિ (ચોથા)–આ આચાર્યે ગુરુની આજ્ઞા પ્રમાણે પોતાની પાટે અનુક્રમે (૨૫) મંત્રધારી જયસિંહને, તેમની પાટે (૨૬) વીરદેવસૂરિને, અને તેમની પાટે (૨૭) વાસુદેવને સ્થાપ્યા. પરંતુ વીરદેવસૂરિ ગુરુઆજ્ઞામાં રહ્યા નહિ. એટલે આચાર્યે તેઓને છોડી દીધા. વળી ચંદ્રાવતીમાં બિમારી પ્રસંગે (૨૮) કક્કસૂરિ સ્થાપ્યા અને તેમને પણ રદ કર્યા. અંતે છેલ્લે સમયે ચંદ્રાવતીમાં ભગવાન મહાવીરસ્વામીના મંદિરમાં સંઘ સમક્ષ બીજા (૨૮) કક્કસૂરિને સ્થાપી સ્વર્ગપ્રયાણ કર્યું.

આ૦ દેવગુપ્તસૂરિએ કોરંટાગચ્છના આ૦ નન્નસૂરિ કાળ કરી જવાથી તેમના શિષ્યો પોતાની ઉપસંપદા લેતા હતા, તેઓમાંથી યક્ષમહત્તર, તેમની પાટે સર્વદેવ મહત્તર, તેમની પાટે ઉપાધ્યાય, તેમની પાટે મહત્તર અને તેમની પાટે એક ઉપાધ્યાયને નન્નસૂરિ તરીકે સ્થાપ્યા. તેમની પછી સર્વદેવ આચાર્ય થયા. આ ગણનાયકો પૈકીના ઘણા મથુરા તરફના હતા. આ ગચ્છમાં આચાર્યોને અનુક્રમે નન્નસૂરિ, કક્કસૂરિ અને સર્વદેવસૂરિ એ ત્રણ નામો જ અપાતાં હતાં.

| | |
|---|---|
| ૨૫. આ૦ સિદ્ધસૂરિ | (૨૫) મુનિ જયસિંહ |
| ૨૬. આ૦ રત્નપ્રભસૂરિ | (૨૬) વીરદેવસૂરિ |
| ૨૭. આ૦ યક્ષદેવસૂરિ | (૨૭) મુનિ વાસુદેવજી |

૨૮. આ૦ કક્કસૂરિ–તેઓ ચંદ્રાવતીમાં ૧૨ ગામોના સંઘ સમક્ષ કોરંટકગચ્છના આ૦ સર્વદેવસૂરિની આજ્ઞામાં રહી ઉત્કર્ષ પામ્યા–આચાર્ય બન્યા. તેમણે વીર સં. ૫૦૦ પછી મરોટની જૂની ખાઈને ખોદતાં તેમાંથી નીકળેલા શ્રીનેમિનાથના બિંબની સંઘે કરાવેલા નવીન પ્રાસાદમાં પ્રતિષ્ઠા કરાવી તથા પોતાના શિષ્ય શાંતિમુનિના પ્રતિબોધથી જૈન બનેલા ત્રિભુવન દુર્ગપતિએ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કરાવેલા જિનાલયમાં પણ પ્રતિષ્ઠા કરાવી. તે પ્રદેશમાં જૈનધર્મનો વધુ પ્રચાર કર્યો અને તેઓ ત્યાં જ સ્વર્ગસ્થ થયા.

૨૯. આ૦ દેવગુપ્તસૂરિ ( પાંચમા )

૩૦. આ૦ સિદ્ધસૂરિ ( પાંચમા )

૩૧. આ૦ રત્નપ્રભસૂરિ (છઠ્ઠા)—આ આચાર્યના બીજા શિષ્ય આ૦ ઉદયવર્ધનથી 'દ્વિવંદનીક ગચ્છ' ને તેમાંથી જ તપગચ્છમાં ભળી 'તપારત્નશાખા' નીકળી છે. [જે મેં આગળ આપેલ છે].

૩૨. આ૦ યક્ષદેવસૂરિ (૬)

૩૩. આ૦ કક્કસૂરિ (૬)—આ આચાર્ય મહાન શક્તિસંપન્ન હતા. તેઓએ શ્રીમાલપુરના જિનાલયમાં ભગવાન શ્રીઋષભદેવની પ્રતિષ્ઠા કરી. તેમને સચ્ચિકાદેવી, ચક્રેશ્વરીદેવી અને સર્વાનુભૂતિ યક્ષ હાજરાહજુર હતા. એકવાર મરોટકોટના શ્રાવક શેઠ સોમાશાહને ભરૂચમાં ગુરુ તથા દેવીને બંધ દરવાજે જોઈને કુશંકા ઉત્પન્ન થઈ. દેવીએ તરત જ તેને લોહી વમતો કરી મૂક્યો અને ગુરુની આજ્ઞાથી સાજો તો કર્યો પણ ત્યારથી દેવીએ પ્રત્યક્ષ સ્વરૂપે ગુરુ પાસે આવવાનું બંધ કર્યું.

ત્યાર પછી આચાર્ય મહારાજે સ્વગચ્છની પુનર્વ્યવસ્થા કરી તે આ પ્રમાણે:

૧. આ૦ રત્નપ્રભસૂરિ, આ૦ યક્ષદેવસૂરિ જેવા યથાર્થ નામી આચાર્યો હવે થવાના નથી માટે હવે પછીના આચાર્યોને એ નામ આપવાં નહીં. એટલે કે કક્કસૂરિ, દેવગુપ્તસૂરિ અને સિદ્ધસૂરિ એ ત્રણ નામના આચાર્યો કરવા.

૨. નાગેન્દ્રગચ્છ કે ચંદ્રગચ્છ ઇત્યાદિ દિગ્બંધમાં સુધારો વધારો કર્યો અને એ જ સમયે શ્રીપાર્શ્વનાથ ભગવાનનો સમુદાય ચંદ્રગચ્છના દિગ્બંધમાં દાખલ થયો અને આ૦ ઉદયવર્ધનસૂરિજીનો સમુદાય ભગવાન પાર્શ્વનાથ અને ભગવાન મહાવીરસ્વામી એમ બંને શ્રમણપરંપરાને મા[illegible],

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જે ગચ્છ સમય જતાં તપગચ્છમાં મળી ગયો અને 'તપારત્ન' તરીકે જાહેર થયો.

૩. ઉપકેશગણમાં—૧ સુંદર, ૨ પ્રભ, ૩ કનક, ૪ મેરુ, ૫ સાર, ૬ ચંદ્ર, ૭ સાગર, ૮ હંસ, ૯ તિલક, ૧૦ કલશ, ૧૧ રત્ન, ૧૨ સમુદ્ર, ૧૩ કલ્લોલ, ૧૪ રંગ, ૧૫ શેખર, ૧૬ વિશાલ, ૧૭ રાજ, ૧૮ કુમાર, ૧૯ દેવ, ૨૦ આનંદ, ૨૧ આદિત્ય અને ૨૨ કુંભ એમ ૨૨ નંદી શાખાઓ સ્થાપી.

૪. ત્યાર પછી આ ગચ્છ કકુદાચાર્યસંતાનીય તરીકે ખ્યાતિ પામ્યો.

આ કકુદાચાર્ય એકવાર જેઠ મહિનામાં સંઘ સાથે આબુ તરફ પધાર્યા તેની તળેટીમાં પાણી ન મળવાથી સંઘમાં હાહાકાર મચી ગયો ત્યારે તેમણે વડની નીચે દંડપ્રયોગથી જળપ્રાપ્તિ કરાવી સંઘ રક્ષા કરી. સંઘે ત્યાં કુંડ બનાવ્યો, જેનું પાણી દુકાળમાં પણ સૂકાતું નહોતું. ચંદ્રાવતીના જૈનો તો વિક્રમની ચૌદમી પંદરમી સદી સુધી દર સાલ અહીં આવી સાધર્મિકવાત્સલ્ય કરતા હતા. ભરૂચના સાધર્મિકવાત્સલ્યમાં ઘી ખૂટી ગયું, ત્યારે આચાર્ય મહારાજે જેસલમેરથી મંગાવી આપ્યું હતું.

૩૪. આ૦ દેવગુપ્તસૂરિ (છઠ્ઠા)—તે સમયે ઉ૦ જયતિલકે 'શાંતિનાથચરિત્ર'ની રચના કરી.

૩૫. આ૦ સિદ્ધસૂરિ (છઠ્ઠા)

૩૬. આ૦ કક્કસૂરિ, ૩૭. આ૦ દેવગુપ્તસૂરિ, ૩૮. આ૦ સિદ્ધસૂરિ. ૩૯. આ૦ કક્કસૂરિ. (આઠમા)

૪૦. આ૦ દેવગુપ્તસૂરિ (૮)—વિ. સં. ૯૯૫. તેઓ જન્મે ક્ષત્રિય હતા. તેમને વીણા વગાડવાનો રસ લાગ્યો તે કોઈ રીતે છોડી શક્યા નહીં અને ક્રિયાશિથિલ બની ગયા. શ્રીસંઘના દબાણથી બીજા મુનિને પોતાની પાટે સ્થાપી સૂરિપદ છોડી તેઓ લાટમાં

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ચાલ્યા ગયા ત્યારથી ઉપકેશગચ્છમાં એમ નક્કી કરવામાં આવ્યું કે હવે પછી શુદ્ધ પિતૃકુળ અને શુદ્ધ માતૃકુળવાળાઓને જ ગણનાયકપદે સ્થાપવા.

૪૧. આ૦ સિદ્ધસૂરિ ( આઠમા )

૪૨. આ૦ કક્કસૂરિ ( નવમા )

૪૩. આ૦ દેવગુપ્તસૂરિ (નવમા)—સં. ૧૦૭૨. તેમનું મુનિપણાનું નામ જિનચંદ્ર ગણિ તથા કુલચંદ્ર ગણિ હતું. તેમણે 'સ્વોપજ્ઞ લઘુવૃત્તિવાળું નવપદ પ્રકરણ, નવતત્ત્વ પ્રકરણ અને પંચ પ્રમાણ' નામના ગ્રંથો બનાવ્યા છે.

૪૪. આ૦ સિદ્ધસૂરિ (નવમા)—આ સમયે કોરંટક ગચ્છમાં ૪૫ મી પાટે આ૦ નન્નપ્રભસૂરિ થયા. તેમણે વિ. સં. ૧૦૧૩માં આબુ પાસેના એક ગામમાં ચૌહાણ ધાંધલ પુત્ર સુરજન, તેના પુત્ર સાંગણ, તેના પુત્ર ઓહિત્થને સપરિવાર જૈન બનાવી ઓથરા ગોત્ર સ્થાપ્યું, જેની વચ્છરાજ અને ફોફલિયા મુકિમ વગેરે શાખાઓ થઈ. સુસાણી ગામના રાવ જસુવડજીને જૈન બનાવી ધાડીવાલ ગોત્ર સ્થાપ્યું. રાતડિયા ભેરુના સ્થાને રાતડિયા વંશ સ્થાપ્યો. રાવ સાંકલાને જૈન બનાવી સખલેચા ગોત્ર સ્થાપ્યું, જેની કાસટિયા, કોઠારી, ખજાનચી વગેરે શાખાઓ બની. ( મહાત્માની વહીના આધારે ) તેમની પાટે કોરંટક ગચ્છમાં ૪૬ મા પટ્ટધર આ૦ કક્કસૂરિ થયા. તેમણે સં. ૧૦૧૯ માં ખીંવસરાના ચૌહાણોને જૈન બનાવી ખીંવસરા ગોત્ર સ્થાપ્યું. એ જ રીતે મિન્ની ગોત્ર અથવા મનગોત્ર પણ સ્થાપ્યું હતું.

૪૫. આ૦ કક્કસૂરિ ( દસમા )—આ સમયે સુચન્તી શેઠ કપર્દી શાહ ધનના અભિમાનથી અણહિલપુર પાટણ જઈ વસ્યા.

૪૬. આ૦ દેવગુપ્તસૂરિ ( દસમા )

૪૭. આ૦ સિદ્ધસૂરિ ( દસમા )—તેમણે પાટણમાં શેઠ કપર્દી શાહે કરાવેલા જિનાલયમાં સ્વર્ણમિશ્રિત પિત્તલની મહા-

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વીરસ્વામીની પ્રતિષ્ઠા કરાવી, જે પ્રતિમાનાં નેત્ર લાખ લાખના મૂલ્યવાળા બે નીલમણિથી બનાવેલાં હતાં. વપ્રનાગ કુળના બ્રહ્મદેવે આ કાર્યમાં મોટો સાથ આપ્યો હતો. આ૦ સિદ્ધસૂરિના શિષ્ય જંબૂનાગ ગુરુપદે સ્થિર થઈ વિહાર કરી લોદ્રવાના રાજા તણુને પ્રત્યક્ષ વર્ષફળ કે જેમાં ચાલુ સાલમાં યવનાધિપ સુમુચિ (મહમદ ગિઝની) હલ્લો લાવશે અને હારી જશે વગેરે બતાવી જૈન-ધર્મપ્રેમી બનાવ્યો હતો. બ્રાહ્મણોને પણ અનુકૂળ કર્યાં હતા. લોદ્રવામાં ભગવાન મહાવીરસ્વામીનું મંદિર કરાવ્યું હતું અને 'જિનશતક'ની રચના કરી હતી. તેમના શિષ્ય દેવપ્રભ મહત્તર, તેમના શિષ્ય કનકપ્રભ મહત્તર, તેમના શિષ્ય સિદ્ધરાજ જયસિંહના ભત્રીજા ઉ૦ પદ્મપ્રભ નામે થયા.

ઉ૦ પદ્મપ્રભ કુમારપાળના સમયે પાટણ ગયા હતા. પછી તેમણે નાગોર, સિંધમાં ડંભરેલા થઈ સામરોડી જઈ ત્યાં જિનાલય બનાવ્યું અને પંચનદ ઉપર હોમ જાપ કરી ત્રિપુરાદેવીને સાધી વચન-સિદ્ધિ મેળવી. તેમને ભીમદેવ રાજા (સં. ૧૨૩૫ થી ૧૨૯૮)ની પટરાણી ગુરુ તરીકે માનતી હતી. તેમણે સપાદલક્ષ દેશના અજમેરમાં રાજા વીસલની સભામાં ખરતરાચાર્ય જિનપતિસૂરિ (સં. ૧૨૨૩ થી ૧૨૭૭) સાથે 'ગુરુકાવ્યાષ્ટક' પર વાદ કરી જય મેળવ્યો હતો.

આ સમયે કોરંટક ગચ્છમાં ૪૮ મી પાટે આ૦ નન્નસૂરિ થયા. તેમણે ઉપદેશ આપી ૩૯ વંશોને જૈન બનાવ્યા હતા. તે આ પ્રમાણે: સુધેચા, કોઠમી, કોટડિયા, કપુરિયા, ધાકડ, ધુવગોતા, નાગગોલા, નાર, સેઠિયા, ધરકટ, મથુરા, સોનેચા, મકવાણુ, ફ્રિતુરિયા, બાબિયા, સુખિયા, ડીગલિયા, પાંડુગોતા, પોસાલેચા, બાકીલિયા, સહાચેતી, નાગણા, ખીમાણુદિયા, વડેરા, જોગણેચા, સોનાણાં, બાડેચા, ચીંચડા, નિબાડા વગેરે. (મહાત્માની વહીના આધારે) હાલ આ ગોત્રો તપગચ્છમાં મળી ગયાં છે.

૪૮. આ૦ કક્કસૂરિ.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૪૯. આ૦ દેવગુપ્તસૂરિ—વિ. સં. ૧૧૦૮માં ભિન્નમાલમાં સૂરિપદ મેળવ્યું. તે ઉત્સવમાં ભેંસાશાહે ૭ લાખ દ્રમ્મ ખરચ્યા હતા. એમનો પ્રભાવ એટલો બધો હતો કે તેમના ચરણોદકથી વિષ ઊતરી જતું હતું.

૫૦. આ૦ સિદ્ધસૂરિ.

૫૧. આ૦ કક્કસૂરિ—આ૦ શ્રીકક્કસૂરિ. 'ઉપકેશગચ્છપ્રબંધ'માં સોમાશાહની કુશંકા, દેવ્યાગમનનું રોકાણ, ગચ્છવ્યવસ્થા, કકુદગચ્છનો પ્રારંભ, આબુની તળેટીમાં કુંડોત્પત્તિ અને ચંદ્રાવતીના જૈનોનું સાધર્મિકવાત્સલ્ય એ ઘટનાઓને આ આચાર્ય સાથે જોડે છે.

આ આચાર્ય વિ. સં. ૧૧૫૪માં ગચ્છનાયક બન્યા. તેઓએ જાવજ્જીવ સુધી એકાંતરે ઉપવાસ અને પારણે આયંબિલ એમ તપ કર્યું. ગુર્જરેશ્વર કુમારપાળની સહાયથી શિથિલાચારી સાધુ, સાધ્વીને છોડી ગચ્છનો ક્રિયોદ્ધાર કર્યો. ત્યારથી તેમનો ગચ્છ 'કકુદાચાર્યગચ્છ' તરીકે જાહેર થયો. કલિકાલસર્વજ્ઞ આ૦ હેમચંદ્રસૂરિ પણ તેઓને બહુ સન્માનતા હતા. તેઓએ સપાદલક્ષથી મરોટકોટ જતા સાર્થને મ્લેચ્છોના ઉપદ્રવથી બચાવ્યો હતો. તેમણે પોતાની પાટે દેવગુપ્તસૂરિને સ્થાપી પાટણમાં સ્વર્ગગમન કર્યું. તેઓ વિ. સં. ૧૨૧૨ સુધી વિદ્યમાન હતા.

૫૨. આ૦ દેવગુપ્તસૂરિ—પાંચ ભાઈવાળી શ્રી નામની બાળ વિધવા આ આચાર્યને ધર્મબંધુ તરીકે માનતી હતી. તેથી તેમને પોતાના ભાગના સવાલાખ દ્રમ્મ આ ધર્મબંધુને આપવા જણાવ્યું. ગુરુજીએ તેનો ત્યાગ કર્યો અને તેમાંથી મોટો રંગમંડપ બંધાવ્યો. આ આચાર્યને વિ. સં. ૧૧૬૫ પહેલાં આચાર્યપદ મળ્યું હતું અને વિ. સં. ૧૨૩૨ સુધી હયાત હતા. આ રીતે તેમણે લાંબા કાળ સુધી ગચ્છનો ભાર વહન કર્યો હતો.

તેમના શિષ્ય ધનદેવે સં. ૧૧૬૫માં આચાર્ય દેવગુપ્તસૂરિના 'નવપદ પ્રકરણની લઘુવૃત્તિ પર બૃહદ્વૃત્તિ, સં. ૧૧૭૪માં નવપદ પ્રકરણ પર વૃત્તિ, અને સં. ૧૧૭૬માં ચંદ્રપ્રભચરિત્ર' બનાવેલાં છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આચાર્યશ્રીએ પોતાની પાટે કક્કસૂરિને સ્થાપી દેવલોકમાં પ્રયાણ કર્યું હતું.

૫૩. આ૦ સિદ્ધસૂરિ—તેઓએ સં. ૧૧૯૨માં 'ક્ષેત્રસમાસ પર વૃત્તિ' બનાવી. તેઓ આ૦ શ્રીદેવગુપ્તસૂરિની વિદ્યમાનતમાં જ કાળધર્મ પામ્યા હતા.

૫૪. આ૦ કક્કસૂરિ—તેઓ વિ. સં. ૧૨૩૨માં ગચ્છનાયક બન્યા. પાણીના અભાવે મરોટનો રસ્તો કઠિન થઈ પડ્યો હતો. શ્રાવકો સાથે હોય તો જ વિહાર થાય એવી વિષમ પરિસ્થિતિ હતી. આચાર્ય મહારાજે જેઠ મહિનાના વિહારમાં પક્ષીવાળા વૃક્ષને જોઈ પાસે જળભૂમિ હોવી જોઈએ એમ સમજી ધ્યાન દ્વારા જળસ્થાન પ્રકટ કર્યું અને મરોટકોટનો વિહાર ખુલ્લો કરાવ્યો. મરોટમાં સિંહબળની બહેન રત્નાદેવીએ ગુરુમહારાજને 'યોગશાસ્ત્ર'ની પ્રતિ વહોરાવી. આચાર્ય મહારાજે સં. ૧૨૩૬માં પાલનપુરમાં ભગવાન નેમિનાથના મંદિર ઉપર કળશપ્રતિષ્ઠા કરાવી અને ભાયણા દેશના રાજાને જૈનધર્મી બનાવ્યો.

૫૫. આ૦ દેવગુપ્તસૂરિ. ૫૬. આ૦ સિદ્ધસૂરિ.
૫૭. આ૦ કક્કસૂરિ. ૫૮. આ૦ દેવગુપ્તસૂરિ.

૫૯. આ૦ સિદ્ધસૂરિ—તેઓ સંવત ૧૨૫૨માં ગુજરાતમાં હતા ત્યારે મ્લેચ્છોએ ઓશિયાનગર ભાંગ્યું. તેમના ગુરુભાઈ વીરદેવ ઓશિયામાં જૈન બાળકોને ભણાવતા હતા. મંત્રવિદ્યામાં નિપુણ હતા. તેમણે જૈન બાળકો ઉપર ખીલી દેવાનું કામણ કરનાર ગર્વિષ્ઠ યોગીને પોતાની વિદ્યાનો પરચો બતાવી નમ્ર બનાવ્યો હતો અને સં. ૧૨૫૨માં શહાબુદ્દીન ઘોરીએ ઓશિયા ભાંગ્યું ત્યારે ભગવાન શ્રીમહાવીરસ્વામીના મંદિરનો ગભારો પથ્થરથી ચણી લઈ પ્રતિમાની રક્ષા કરી હતી.

આચાર્યશ્રીએ સંવત ૧૨૫૫માં પોતાના જાપમાં વીર. સં. ૩૦૦માં બનેલ સિદ્ધચક્રના મંત્રવાળો રૂપાનો જીર્ણ પટ હતો તેનો ઉદ્ધાર કર્યો. તેઓ કોઈને પણ આચાર્ય બનાવ્યા વિના કાળધર્મ પામ્યા હતા.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૬૦. આ૦ કક્કસૂરિ—આ આચાર્યે વિ. સં. ૧૨૭૪માં પાલનપુરમાં પ્રહ્લાદન રાજાએ બનાવેલા પ્રહ્લાદન વિહારમાં ભગવાન પલ્લવિયા પાર્શ્વનાથની પ્રતિષ્ઠા કરાવી.

૬૧. આ૦ દેવગુપ્તસૂરિ—શ્રી સંઘે ઉ૦ દેવગુપ્તને ઉચ્ચનગરથી બોલાવી સં. ૧૨૭૮માં ગચ્છનાયક બનાવી દેવગુપ્તસૂરિ એવું નામ આપ્યું. તેઓ ઉપાધ્યાય હોઈ ને વિદ્વાન હતા. તેમણે સારા ગચ્છનાયકો મળે તેની તકેદારી રાખી પોતાના મુનિઓને ખૂબ વિદ્વાન બનાવ્યા. તે આ પ્રમાણે:—

ઉ૦ દેવાનંદ—તેમણે વિષમ દેશમાં નર્દનગરમાં જઈ ભગવાન નેમિનાથની પ્રતિષ્ઠા કરાવી.

પં૦ વીરચંદ્ર—તે વિદ્વાન હતા. મંત્રવાદી હતા. દોષનિવારણ માટે મરોટકોટમાં ક્ષેત્રપાલનો ઉપદ્રવશમન, સિંધમાં નામના, જાલોરમાં પોતાની ભવિષ્યવાણી ઇત્યાદિ પરચાઓ બતાવી ૨૮ વર્ષની નાની વયમાં જ કાળધર્મ પામ્યા.

પં૦ દેવચંદ્ર—તેમણે સરસ્વતીને પ્રત્યક્ષ કરી વર મેળવ્યો. મહારાષ્ટ્રમાં જઈ જાપુલીયકવાદી ધર્મરુચિને હરાવ્યો. તિલંગમાં દિગંબર ધર્મકીર્તિને જીતી વનવાસે મોકલ્યો અને કર્ણાટકમાં ૨૧ સર્ગવાળું સંસ્કૃત 'ચંદ્રપ્રભચરિત્ર' બનાવ્યું. આ વિદ્વાન અભિમાની હોવાથી આચાર્યપદને યોગ્ય નહોતા.

પં૦ સ્થિરચંદ્ર—તેઓ તાર્કિક અને કવિ હતા.

ઉ૦ હરિચંદ્ર—તેમણે કચ્છનરેશને પ્રતિબોધી ત્યાં બાલિકાને "દૂધ પીતી કરી" મારી નાખવાની જે પ્રથા હતી તેને અટકાવી.

ઉ૦ ચંદ્રપ્રભ—તેઓ નિમિત્તવેદી હતા.

વાચનાચાર્ય પાસમૂર્તિ તેમજ તેમના શિષ્ય હર્ષચંદ્ર હતા.

પં૦ પદ્મચંદ્ર—તેમણે સં. ૧૩૩૭માં બાવન જિનબિંબ,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સચ્ચિકા દેવી અને ગણપતિની પ્રતિષ્ઠા કરાવી હતી.+ (લોદ્રવાલેખ)

આ પૈકીના કેટલાકને તેઓએ સૂરિપદ આપ્યું પણ તેમાં સફળતા મળી નહિ. એટલે તેમને એ વાતનો બહુ અફસોસ રહેતો હતો.

આ આચાર્યે વંથલીમાં સાધુ સમુદ્રના વીરમંદિરની પ્રતિષ્ઠા કરાવી. તે પ્રદેશમાં ઉપકેશગચ્છના ઉપાસકો બનાવ્યા. ખંભાતમાં ગોધરા નૃપવિજેતા મહારાણા કુમારસિંહે બનાવેલા વીરમંદિરમાં, ધૃતઘટિમાં વીજા અને સપાલાએ બનાવેલા, માળવાના જયસિંહપુરમાં સાધુ આભૂએ બનાવેલા અને પુષ્કરણીમાં સાધુ તોલિયારે બનાવેલા નવાં જિનાલયોમાં પ્રતિષ્ઠા કરાવી. સં. દેશલ પાસે સંઘ કઢાવ્યા. ૮૪ વર્ષની ઉંમર થતાં પાલનપુર આવી સ્થિર વાસ કર્યો અને ત્યાં જ છેલ્લે સચ્ચિકા દેવીની સૂચના પ્રમાણે સં. ૧૩૩૦માં મુનિ બાલચંદ્રને ગચ્છનાયક બનાવી સિદ્ધસૂરિ નામ આપી સ્વર્ગપ્રાપ્તિ કરી. આ ગચ્છનાયક પદનો ઉત્સવ શાહ દેશલે કર્યો હતો.

૬૨. આ૦ સિદ્ધસૂરિ. ૬૩. આ૦ કક્કસૂરિ.

૬૪. આ૦ દેવગુપ્તસૂરિ.

૬૫. આ૦ સિદ્ધસૂરિ—તેઓએ ત્રણ લાખ દ્રવ્ય અને તેમની સાથે સગપણ કરાયેલી યુવાન કન્યાને છોડી ૨૦ વર્ષની ઉંમરે દીક્ષા લીધી હતી. સં. ૧૩૩૦માં આચાર્ય દેવગુપ્તસૂરિના હાથે ગચ્છનાયક પદ મેળવ્યું હતું. આ અરસામાં આબુની તળેટીમાં ઉંબરરાયે વસાવેલ ઉંબરણી ગામના ચિંચટગોત્રીય શાહ દેશલે આચાર્ય સિદ્ધસૂરિનો પદમહોત્સવ કર્યો હતો. તે જ શાહે આ૦

---

+ જૈનાચાર્યો ગણપતિની પ્રતિષ્ઠા પણ કરાવતા હતા; જે બ્રાહ્મણવાડા, કુંભારિયા, ચાણસમા વગેરે સ્થાનોમાં મોજુદ છે. ચાણસમાના ભટેવા પાર્શ્વનાથના દેરાસરના ગુપ્ત ભોંયરામાં ગણેશની મૂર્તિની ગાદી ઉપર શિલાલેખ છે કે હારિજગચ્છના આ. મહેશ્વરસૂરિએ સંવત ૧૨૪૭માં ગણેશ મૂર્તિની પ્રતિષ્ઠા કરી. ( જૈન સત્ય પ્રકાશ. ક્રમાંક: ૧૧૪ ૧૧૭ )

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

દેવગુપ્તસૂરિ, આ૦ સિદ્ધસૂરિ તથા બીજા સુવિહિત આચાર્યોના હાથે સંઘપતિનું તિલક કરાવી કરોડો રૂપિયા ખરચી સાતે મહાતીર્થોના ચૌદ રાજલોકમાં પ્રસિદ્ધ એવા ૧૪ સંઘો કાઢ્યા હતા. વળી આ આચાર્યે માંડવગઢના હરદેવ, વિજયદેવ, દેશલના ભાઈ આશાધર અને ચિત્તોડના સોમસિંહને ઉપદેશી સંઘ કઢાવ્યા હતા. માંડવગઢમાં હરદેવ અને વિજયદેવના મંદિરમાં ૨૪ બિંબની, દોલતાબાદમાં દેશલના પુત્રના મંદિરમાં ભગવાન શ્રીપાર્શ્વનાથની, જૂનાગઢમાં રા. માંડલિકના મંદિરમાં ભગવાન મહાવીરસ્વામીની, શત્રુંજય પર ત્રિભુવનસિંહના મંદિરમાં વર્તમાન ૨૦ જિનેશ્વરની, શત્રુંજય પર દેશલે કરાવેલ ચુવાઆરમાં ૨ બિંબની, ગિરનાર પર ત્રિભુવનસિંહના પુત્ર સૌરાષ્ટ્રના અધિકારી મુંજાલની દેવકુલિકામાં, વંથલીની દેવકુલિકામાં જિનબિંબની અને ખંભાતમાં બાવન જિનાલયવાળા વીરમંદિરમાં કળશદંડની પ્રતિષ્ઠા કરાવી. તેમજ સં. ૧૩૬૯માં શત્રુંજયના મૂળ મંદિરને મ્લેચ્છોએ તોડી નાખ્યું હતું. તેનો શાહ દેશલના પુત્ર સમરાશાહ પાસે તીર્થોદ્ધાર કરાવી તેમાં સં. ૧૩૭૧ના મહા સુદી ૧૪ ને સોમવારે ભગવાન આદિનાથની પ્રતિષ્ઠા કરાવી હતી.

તેમની કૃપાથી લખપતિએ તથા તેના ભત્રીજા સ્થિરદેવે મથુરા અને હસ્તિનાપુરની યાત્રા કરી હતી અને ભરતપુરમાં જિનાલય બંધાવ્યું હતું.

આ આચાર્યે જૂનાગઢમાં ત્યાંના સંઘની વિનતિથી સં. ૧૩૭૧ના ફાગણ સુદ ૫ ના દિવસે મુનિ મેરુગિરિને કક્કસૂરિ નામ દઈ સૂરિપદ આપ્યું અને સં. ૧૩૭૬ના ચૈત્ર સુદ ૧૩ના દિવસે ઓસિયામાં કક્કસૂરિને ગચ્છનાયકનો ભાર આપી સ્વર્ગગમન કર્યું. શાહ દેશલ પણ તેની પહેલાં બે મહિને સ્વર્ગગામી થયો હતો.

૬૬. આ૦ કક્કસૂરિ—તેઓ સં. ૧૩૭૧માં સૂરિ અને સં. ૧૩૭૬માં ગચ્છનાયક બન્યા. તેમણે સં. ૧૩૯૩માં 'ઉપકેશગચ્છ-પ્રબંધ' અને 'નાભિનંદનજિનોદ્ધારપ્રબંધ' બનાવ્યા, તે પહેલાં

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સંઘવી સમરાશાહે તિલંગદેશમાં ૬ લાખ બંદિવાનોને છોડાવ્યા હતા.

૬૭. આ૦ દેવગુપ્તસૂરિ—તેઓ સં. ૧૪૦૯માં દિલ્હીમાં આચાર્ય બન્યા. તેઓ મોટા કવિ, વિદ્વાન, સિદ્ધાંતવેદી અને સર્વ શાસ્ત્રોના જાણકાર હતા.

૬૮. આ૦ સિદ્ધસૂરિ—સં. ૧૪૭૫માં પાટણમાં સૂરિપદ.

૬૯. આ૦ કક્કસૂરિ—સં. ૧૪૯૮માં ચિત્તોડમાં સૂરિપદ. તેમણે કચ્છના જામ વીરભદ્રને પ્રતિબોધી કચ્છમાં અમારી પ્રવર્તાવી હતી. તેઓ સંસ્કૃત અને પ્રાકૃતના સારા વિદ્વાન હતા. સં. ૧૫૧૨માં આ આચાર્ય અને ભાવડગચ્છના આચાર્ય વીરસૂરિએ સાથે રહી ભગવાન શ્રીસુમતિનાથની પ્રતિષ્ઠા કરાવી હતી.

૭૦. આ૦ દેવગુપ્તસૂરિ—મંત્રી જયસાગરે સં. ૧૫૨૮માં જોધપુરમાં તેમનો પદમહોત્સવ કર્યો. ભગવાન શ્રીપાર્શ્વનાથનું મંદિર તથા પોષાલ બનાવ્યાં. તેમણે પાંચ ઉપાધ્યાય બનાવ્યા હતા. ઉ૦ કર્મસાગરના શિષ્ય ઉ૦ દેવકલ્લોલે સં. ૧૫૬૬માં 'કાલિક-કથા' રચી અને તેમના શિષ્ય દેવકલશે 'ઋષિદત્તા ચોપાઈ' રચી હતી.

૭૧. આ૦ સિદ્ધસૂરિ—સં. ૧૫૦૫માં મેડતામાં પદમહોત્સવ.

૭૨. આ૦ કક્કસૂરિ—સં. ૧૫૯૯માં જોધપુરમાં પદપ્રતિષ્ઠા. આ પછી કોરંટકગચ્છના આચાર્ય સર્વદેવસૂરિ તપગચ્છમાં ભળી ગયા અને 'કોરંટા તપગચ્છ' નીકળ્યો. દ્વિવંદનિક આ૦ કક્કસૂરિએ પણ તપા આ૦ શ્રીઆનંદવિમલસૂરિની નિશ્રા સ્વીકારી તેઓ સં. ૧૫૮૪માં મક્ષીજી તીર્થમાં તપગચ્છમાં દાખલ થયા. તે આ૦ રાજવિજયસૂરિ બન્યા. તેમનાથી સં. ૧૬૧૫માં તપારત્ન શાખા ચાલી.

૭૩. આ૦ દેવગુપ્તસૂરિ—સં. ૧૬૩૧માં સૂરિપદ.

૭૪. આ૦ સિદ્ધસૂરિ—સં. ૧૬૫૫માં ચૈત્ર સુદ ૧૩ ના બિકા-નેરમાં મહામંત્રી ઠાકુરસિંહે પદમહોત્સવ કર્યો.

૭૫. આ૦ કક્કસૂરિ—સં. ૧૬૮૯ ફાગણ સુદ ૩ના દિવસે સૂરિપદ, મહામંત્રી ઠાકુરસિંહના પુત્ર સં. સાવલ તથા તેની પત્ની સાહિબદેએ પદમહોત્સવ કર્યો.

જૈનમ્ જયતિ શાસનમ્
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૭૬. આ૦ દેવગુપ્તસૂરિ—સં. ૧૭૨૭માં માગશર સુદ ૩ ને દિવસે પદમહોત્સવ થયો.

૭૭. આ૦ સિદ્ધસૂરિ—સં. ૧૭૬૭ માગશર સુદ ૧૦ના રોજ પટ્ટાભિષેક થયો.

૭૮. આ૦ કક્કસૂરિ:—સં. ૧૭૮૩ અષાડ વદ ૧૩ પદ-મહોત્સવ થયો.

૭૯. આ૦ દેવગુપ્તસૂરિ—સં. ૧૮૦૭માં સૂરિપદ.

૮૦. આ૦ સિદ્ધસૂરિ—સં. ૧૮૪૭ મહા સુદ ૧૦ને દિવસે પટ્ટાભિષેક.

૮૧. આ૦ કક્કસૂરિ—સં. ૧૮૯૧ ચૈત્ર સુદ ૮ બિકાનેરમાં વેદ મુત્તા સરદારસિંહને ઘરે શ્રીસંઘે પદમહોત્સવ કર્યો.

૮૨. આ૦ દેવગુપ્તસૂરિ—સં. ૧૯૦૫ ભાદરવા સુદ ૧૩ ને સોમવારે ફ્લોધિમાં વેદ મુત્તા શ્રીસંઘે પટ્ટાભિષેક કર્યો.

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

૮૩. આ૦ સિદ્ધસૂરિ—સં. ૧૯૩૫ મહા સુદ ૧૧ ને દિવસે બિકાનેરમાં વેદ મુત્તા હરિસિંહજી તથા શ્રીસંઘે પટ્ટાભિષેક કર્યો. અને રાજાએ આપેલા છાંટણાવાળી પછેડી ઓઢાડી. તેમના સ્વર્ગ-વાસ પછી આ પરંપરા અટકી ગઈ છે.*

૮૪. આ૦ કક્કસૂરિ.

૮૫. આ૦ દેવગુપ્તસૂરિ—મારવાડમાં વિસલપુરમાં સં. ૧૯૩૮ આસો સુદ ૧૦ મુત્તા નવલમલજી પત્ની રૂપાદેવીથી જન્મ, નામ ગયવરચંદ. સં. ૧૯૫૦માં રાજકુમારી સાથે લગ્ન, માંદગીમાં

---

* 'જૈન સાહિત્ય સંશોધક ખં. ૨ અં. ૧, પટ્ટાવલી સમુચ્ચય—પટ્ટાવલી નં. ૧૩માં મુદ્રિત 'ઉપકેશ ગચ્છ પટ્ટાવલી, જૈન ગુર્જર કવિઓ ભા. ૩ ખંડ ૨માં મુદ્રિત ગુર્જરસંશોધનસમ્રાટના પટ્ટાવલીના સાર ભાગો, 'ભગવાન પાર્શ્વનાથકી પરંપરાકા ઇતિહાસ' પૂર્વાર્ધ જિલ્દ ૧–૨માં છપાયેલ મોટી પટ્ટાવલી 'ગચ્છમત પ્રબંધ' અવતરણો અને પટ્ટાવલીના અવતરણો વગેરેના આધારે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અનાથી મુનિની સજઝાયથી વૈરાગ્ય. સં. ૧૯૬૩ ફાગણ વદ ૬ સ્થાનકમાર્ગી પૂજ્ય શ્રીલાલજી પાસે સ્થાનક મતની દીક્ષા. સં. ૧૯૭૦ માં સંવેગી શ્રદ્ધા. સં. ૧૯૭૨માં સુદ ૧૧ શા૦ જૈ૦ આ૦ શ્રીવિજય ધર્મસૂરિના શિષ્ય યોગિરાજ શ્રીરત્નવિજયજી મહારાજના હાથે સંવેગી દીક્ષા, પોષ વદ ૩ વડીદીક્ષા, અને સં. ઉપકેશ ગચ્છે ગચ્છનાયક પદપ્રતિષ્ઠા. તેમણે અનેક ગ્રંથો બનાવ્યા છે. તેમના દેહમાં, વ્યાખ્યાનમાં અને કલમમાં જોમ છે, ધર્મ પ્રચારની ખૂબ ધગશ છે, ઉપકેશ ગચ્છ માટે તીવ્ર લાગણી છે, જેઓ હાલ વિદ્યમાન છે.

( 'ભગવાન પાર્શ્વનાથ કી પરંપરાકા ઇતિહાસ' પૂર્વાર્ધ જિલ્દ ૧ ના આધારે )

## દ્વિવંદનિક ગચ્છ

૩૧ આ૦ રત્નપ્રભસૂરિ—તેમના મુખ્ય શિષ્ય આ૦ યક્ષદેવસૂરિ થયા પણ તેમના બીજા શિષ્ય આ૦ ઉદયવર્ધનથી દ્વિવંદનિક ગચ્છ અને તેમાંથી જ તપગચ્છમાં ભળીને 'તપારત્ન શાખા' નીકળી છે, જેની પરંપરા આ પ્રમાણે છે:

૩૨. શ્રી ઉદયવર્ધનસૂરિ, ૩૩. ગુણવર્ધનસૂરિ, ૩૪. દેવરત્નસૂરિ, ૩૫. આનંદસુંદરસૂરિ, ૩૬. શુભવર્ધનસૂરિ, ૩૭. જયપ્રભસૂરિ, ૩૮. અજિતપ્રભસૂરિ, ૩૯. ચંદ્રગુપ્તસૂરિ, ૪૦. સુગુણરત્નસૂરિ, ૪૧. વિનયવર્ધનસૂરિ, ૪૨. લક્ષ્મીવર્ધનસૂરિ, ૪૩. ગુણસુંદરસૂરિ, ૪૪. વિનયસુંદરસૂરિ, ૪૫. હર્ષપ્રભસૂરિ, ૪૬. સમુદ્રગુપ્તસૂરિ, ૪૭. ભદ્રગુપ્તસૂરિ, ૪૮. ઉદ્યોતરત્નસૂરિ, ૪૯. માણિક્યસુંદરસૂરિ, ૫૦. વિમલપ્રભસૂરિ, ૫૧. આનંદવર્ધનસૂરિ, ૫૨. શિવસુંદરસૂરિ, ૫૩. ધર્મગુપ્તસૂરિ, ૫૪. વિમલરત્નસૂરિ, ૫૫. અમૃતવર્ધનસૂરિ, ૫૬. આનંદરત્નસૂરિ, ૫૭. ઇન્દ્રરત્નસૂરિ, ૫૮. દેવગુપ્તસૂરિ, ૫૯. કક્કસૂરિ, ૬૦. સિદ્ધસૂરિ, ૬૧. દેવગુપ્તસૂરિ, ૬૨. કક્કસૂરિ, ૬૩. સિદ્ધસૂરિ, ૬૪. દેવગુપ્તસૂરિ, ૬૫. કક્કસૂરિ, ૬૬. સિદ્ધસૂરિ, ૬૭. આ૦ ધનવર્ધનસૂરિ—વિ. સં. ૧૫૩૫ લગભગમાં થયા. ૬૮. આ૦ દેવગુપ્તસૂરિ—વિ. સં. ૧૫૫૦ થી ૧૬૦૦ સુધી વિદ્યમાન

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હતા. તેમણે મંત્રના બળે ગુજરાતના સુલતાન બહાદુરશાહની પાલખી આકાશમાં ચલાવી. બળદ વિના કૂવામાંથી જળ ખેંચાવ્યું. લાકડાની પૂતળી પાસે પંખો ઢોળાવ્યો અને વડને ચલાવ્યો. આથી ચમત્કૃત સુલતાન બહાદુરશાહે ગુરુને ગામ આપ્યાં પણ તેમણે એ ન લેવાથી કંબળરત્ન આપ્યું અને બારેજામાં કૂવા-બાગવાળી મોટી પોષાલ બંધાવી આપી. સંભવ છે કે આથી જ ઉપકેશ ગચ્છ 'કંબલગચ્છ' (કંવલાગચ્છ) તરીકે જાહેર થયો હશે. આચાર્યશ્રીએ બારેજામાં મણિભદ્ર વીરની સ્થાપના કરી ગામનો ઉપદ્રવ ટાળ્યો હતો. આ સ્થાન આજે પણ ત્યાં જ છે.

૬૯. આ૦ કક્કસૂરિ—ઢાકર દેશના તીરવાડા ગામમાં સં. ૧૫૬૪માં શ્રીમાળી દેવદત્તની પત્ની દેવલદેની કુક્ષિથી જન્મ. નામ રામકુમાર. સં. ૧૫૭૨ માં દીક્ષા, સં. ૧૫૮૪ માં સૂરિપદ. તેમણે ચૌદશ પૂનમના શાસ્ત્રાર્થમાં ચૌદશની પાખી સ્થાપી હતી. મહમ્મુદશાહને ચમત્કાર બતાવ્યો હતો અને "રાજવલ્લભસૂરિ" બિરુદ પ્રાપ્ત કર્યું હતું. આથી તેઓ રાજવલ્લભસૂરિ તરીકે પણ પ્રસિદ્ધિ પામ્યા હતા.

જૈનમ્ જયતિ શાસનમ્

તેમણે આનંદવિમલસૂરિના વરદ હસ્તે યોગવહન કરી ક્રિયાઉદ્ધાર કર્યો. સં. ૧૫૯૫માં દિગંબર જીવાજીને હરાવ્યો અને સં. ૧૬૧૦ માં ગુજરાતમાં વિહાર કર્યો પણ તેઓ શિથિલ બની ગયા હતા. આ જ વર્ષે આ. વિજયદાનસૂરિએ આ૦ હીરવિજયસૂરિને સિરોહીમાં સૂરિપદ આપ્યું હતું તેથી આ આચાર્યને ખેદ થયો હતો. પછી તેઓ સં. ૧૬૧૩ માં શિથિલાચાર અને બારેજાનો પરિગ્રહ છોડી ક્રિયોદ્ધાર કરી સં. ૧૬૧૫ માં આ૦ શ્રીવિજયદાનસૂરિજીની પાટે યુવરાજ આ૦ શ્રીવિજયરાજસૂરિ તરીકે સ્થાપિત થયા અને સં. ૧૬૨૪ માં ઝીંઝુવાડામાં સ્વર્ગે પધાર્યા. આ તપાગચ્છની રત્નશાખાના મૂળ પુરુષ હતા; જેમની પરંપરા નીચે મુજબ છે:

### તપારત્ન શાખા

૫૭. વિજયદાનસૂરિ, ૫૮. રાજવિજયસૂરિ, તેમનો પરિચય ઉપર આવી ગયો છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૫૯. રત્નવિજયસૂરિ, ૬૦. હીરરત્નસૂરિ, ૬૧. જયરત્નસૂરિ, ૬૨. ભાવરત્નસૂરિ, ૬૩. દાનરત્નસૂરિ, ૬૪. કીર્તિરત્નસૂરિ, ૬૫. મુક્તિરત્નસૂરિ, ૬૬. પુણ્યોદયરત્નસૂરિ, ૬૭. અમૃતરત્નસૂરિ, ૬૮. ચંદ્રોદયરત્નસૂરિ, ૬૯. સુમતિરત્નસૂરિ, ૭૦. ભાગ્યરત્નજી—જે થોડાં વર્ષો પહેલાં કાળધર્મ પામ્યા છે. આ આચાર્યોનો વિશેષ પરિચય આગળ આ૦ શ્રીવિજયદાનસૂરિના વર્ણનમાં આપવામાં આવશે.

('જૈનયુગ' વર્ષ ૩ જું પૃષ્ઠઃ ૩૫૪, ૪૦૧, ૪૦૬ 'જૈન ગુર્જર કવિઓ' ભા. ૩ વિ. ૨ પૃષ્ઠઃ ૨૨૮૯ 'પટ્ટાવલી'ના આધારે, કવિ ઉદયરત્નકૃત સં. ૧૭૭૦ માં રચેલ 'પાંચ પાટ વર્ણન રાસ' સં. ૧૮૯૪ લખેલી પ્રતિના આધારે)

ઉ૦ ઉદયરત્ન તપારત્નની ઉપાધ્યાય શાખામાં થયેલા છે.

## સુધર્માસ્વામી

અંતિમ તીર્થંકર શ્રીમહાવીરસ્વામીની પાટે પાંચમા ગણધર શ્રીસુધર્માસ્વામી બિરાજ્યા. આપણે પ્રથમ જોઈ ગયા તેમ ભગવાન શ્રીમહાવીરસ્વામીના ૧૧ ગણધરો મુખ્ય શિષ્યો હતા. તે પૈકીના ૯ શિષ્યો તો ભગવાન શ્રીમહાવીરસ્વામીની વિદ્યમાનતામાં જ રાજગૃહીના વૈભારગિરિ ઉપર એક એક માસનું અનશન કરી નિર્વાણ પામ્યા હતા, અને બે શિષ્યો વિદ્યમાન રહ્યા હતા તે પૈકીના એક સૌથી મોટા અને પ્રથમ ગણધર શ્રીઇંદ્રભૂતિ ગૌતમસ્વામીને તો ભગવાન શ્રીમહાવીરસ્વામીના નિર્વાણ પછી અલ્પ સમયમાં જ કેવળજ્ઞાન પ્રાપ્ત થયું એટલે ભગવાન શ્રીમહાવીરસ્વામી પછી સંઘનાયક થવા યોગ્ય શ્રીસુધર્માસ્વામી જ વિદ્યમાન રહ્યા, એટલે સંઘવ્યવસ્થાનો બધો ભાર શ્રીસુધર્માસ્વામી ઉપર આવ્યો. તેમજ બીજા બધા ગણધરોના શિષ્યો પણ શ્રીસુધર્માસ્વામીની આજ્ઞામાં રહ્યા. આ કારણે આજનો સમસ્ત શ્રમણસમૂહ શ્રીસુધર્માસ્વામીનો અનુયાયી ગણાય છે.

એ પણ એક ખૂબી છે કે ભગવાન શ્રીમહાવીરસ્વામીનાં જે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જન્મનક્ષત્ર અને જન્મરાશિ હતાં તે જ ઉત્તરાફાલ્ગુની અને કન્યારાશિ આ ગણધરનાં જન્મનક્ષત્ર અને જન્મરાશિ હતાં. કેવો અપૂર્વ યોગ ! માટે જ આ ગણધર મહારાજ તીર્થંકર પછી ગચ્છનાયક બન્યા હશે શું ?

તેમનું જન્મસ્થાન કોલ્લાક સન્નિવેશ હતું. પિતાનું નામ ધમ્મિલ અને માતાનું નામ ભદ્દિલા હતું. તેઓ અગ્નિવૈશ્યાયન ગોત્રના બ્રાહ્મણ હતા. તેમને આપણે ઉત્તમ બ્રાહ્મણની જેમ વિદ્યાના ઉપાસક અને નિરંતર જ્ઞાનગોષ્ઠિમાં તત્પર જોઈએ છીએ. તેઓ વેદ સાહિત્યના પારગામી હતા. ચારે વેદ, પુરાણ, ઈતિહાસ, આચાર–ક્રિયાકાંડ આદિ ચૌદ વિદ્યાના ભંડાર હતા અને સ્વભાવે સાગર જેવા ગંભીર તેમજ હિમાલય જેવા અડગ ધૈર્ય વિભૂતિવાળા હતા.

जैन साईट JAINSITE .com

એમના સમયે ભારતવર્ષમાં ખૂબ યજ્ઞો થતા અને એ યજ્ઞોમાં પશુઓનું બલિદાન પણ દેવાતું હતું. એકવાર અપાપાપુરીમાં સોમિલભટ્ટે મોટો યજ્ઞ કરાવ્યો હતો. એણે એ યજ્ઞના પુરોહિત–ઋત્વિજ તરીકે આજુબાજુના ગામોમાંથી મગધદેશના પ્રસિદ્ધ અગિયાર પંડિતોને પોતપોતાના શિષ્યપરિવાર સહિત આમંત્રણ આપ્યું હતું. એમાં સુધર્મા નામના પંડિત પણ પોતાના ૫૦૦ શિષ્યો સહિત આવ્યા હતા. ત્યાં મળેલા વિદ્વાનોમાં સુધર્મા પાંચમા નંબરના પંડિત ગણાતા હતા.

અપાપાનગરીમાં યજ્ઞ ચાલી રહ્યો હતો. ત્યાં શ્રમણ ભગવાન શ્રીમહાવીરસ્વામી પણ લાંબો વિહાર કરીને આવી પહોંચ્યા. તેઓ તાજા સર્વજ્ઞ થયા હતા. અહીં માનવીઓ વગેરેની સમક્ષ એમની પ્રથમ ધર્મદેશના થઈ. એ દેશનાનો મુખ્ય ધ્વનિ आस्तिकता "अहिंसा परमो धर्मः" અને "मित्ती मे सव्वभूएसु" હતો. યજ્ઞમાં આવેલા પંડિતરત્નોએ આ સાંભળ્યું. ઇંદ્રભૂતિ ગૌતમ તેમજ અગ્નિભૂતિ ગૌતમ તો વાદવિવાદ કરી સર્વજ્ઞ પ્રભુ મહાવીરને જીતવાના ઈરાદે આવ્યા. પરંતુ આખરે તેઓ નાસીપાસ થયા અને પોતાના શિષ્યપરિવાર સહિત શ્રીમહાવીરપ્રભુના

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

શિષ્ય બન્યા પછી વાયુભૂતિ અને વ્યક્ત પણ આવ્યા અને શિષ્યો બન્યા. ત્યાર પછી સુધર્મા આવ્યા. એમને શંકા હતી "આ જીવ જેવો આ ભવમાં છે તેવો જ પરભવમાં રહે છે ?"

અર્થાત્ જીવ આજે જે ગતિ અને જેવા શરીરવાળો છે તે મર્યા પછી પણ ફરી તે જ ગતિમાં અને તેવા જ શરીરવાળો બને કેમકે કારણને મળતું જ કાર્ય ઉપજે છે. જેમ ખેતરમાં ડાંગર વાવવાથી ડાંગર જ થાય, જવ ન થાય. આ શંકાનો જવાબ ભગવાન શ્રીમહાવીરસ્વામીએ વેદ-વાક્યોથી આપ્યો. મનુષ્ય મરીને મનુષ્ય પણ થઈ શકે છે, જો તેનામાં સરળતા, મૃદુતા, સદાચારિતા આદિ સદ્ગુણો હોય તો. મનુષ્ય મનુષ્યનું આયુષ્ય બાંધી આગામી ભવે મનુષ્ય થઈ શકે છે અને ઉપર કહેલા સદ્ગુણો ન હોય તો મનુષ્ય મરીને પશુ,પક્ષી કે નારકી બને છે અને ઉપરના ગુણોથી વધુ ગુણોને ખીલવી મરે તો દેવ બને છે. એટલે જે જેવો હોય તે તેવો જ થાય એવો એકાંતિક નિયમ નથી. જેમ છાણ, મૂતર વગેરેમાંથી વીંછી થાય છે, મેલ અને પરસેવાથી જૂ વગેરે થાય છે.

આ પ્રમાણે એમની શંકાનું સમાધાન થવાથી સુધર્મભટ્ટે પોતાના ૫૦૦ શિષ્યો સાથે પ્રભુ શ્રીમહાવીરદેવનું શિષ્યત્વ સ્વીકાર્યું.

દીક્ષા લીધા પછી પ્રભુની દેશના સાંભળી તેમણે **उप्पन्नेइ वा विगमेइ वा धुवेइ वा** આ ત્રિપદી સાંભળી દ્વાદશાંગી—બાર આગમ શાસ્ત્રોની રચના કરી.

તેમણે પચાસ વર્ષની ઉંમરે દીક્ષા લીધા પછી ભારતવર્ષમાં વિચરી ભગવાન શ્રીમહાવીરસ્વામીના દિવ્ય સંદેશનો ઉચ્ચ સ્વરે પ્રચાર કર્યો. પ્રભુ મહાવીરની આજ્ઞાનુસાર જૈન સંઘની ખૂબ સેવા બજાવી. એમણે ત્રીસ વર્ષ સુધી ભગવાન શ્રીમહાવીરસ્વામીની એક મહાન સેવકની જેમ સેવા કરી અને ભગવાન શ્રીમહાવીરસ્વામીના નિર્વાણ પછી પણ ૧૨ વર્ષ સુધી ભગવાનની આજ્ઞાનુસાર સંઘની વ્યવસ્થા જાળવી. ભગવાન મહાવીરના સિદ્ધાંતોનો **अहिंसा, संयम**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અને તપનો ખૂબ પ્રચાર કર્યો. ભગવાન મહાવીરસ્વામીના નિર્વાણના ૧૨ વર્ષ પછી એમને કેવળજ્ઞાન પ્રાપ્ત થયું. તેઓ સર્વજ્ઞ થયા અને તેમની પાટ ઉપર શ્રીજંબૂસ્વામી આવ્યા. તેઓ ૮ વર્ષ સર્વજ્ઞપણે વિચરી જગતના અનેક જીવોને કલ્યાણને માર્ગે વાળી ભગવાન શ્રીમહાવીરસ્વામી પછી ૨૦ વર્ષે એટલે ૧૦૦ વર્ષની ઉંમરે વૈભારગિરિ પર નિર્વાણ પામ્યા.

તેઓ નિર્ગ્રંથગચ્છના આદિ સ્થાપક થયા. નિર્ગ્રંથગચ્છ આજના સમસ્ત શ્રમણ સંઘનો મૂળ ગચ્છ છે.

## જિનાગમ

ભગવાન શ્રીમહાવીરસ્વામી જે જે ઉપદેશ આપતા હતા તેને તેમના ૧૧ ગણધર શિષ્યોએ અર્ધમાગધી ભાષામાં આગમરૂપે તૈયાર કરેલ છે અને એવાં દરેકનાં ૧૨ આગમો બનેલાં છે, જેનું નામ દ્વાદશાંગી છે. દરેક ગણધરોએ દ્વાદશાંગી રચી. તેમાં રચનાશૈલીનો ભેદ હતો કિન્તુ દરેકની કહેવાની મતલબ તો એક જ હતી. દરેક ગણધરો પોતપોતાના શિષ્યોને એ દ્વાદશાંગીનું અધ્યયન કરાવતા હતા. દશ ગણધરો પહેલાં મોક્ષે જવાથી તેમના શિષ્યો ગણધર શ્રીસુધર્માસ્વામીની આજ્ઞામાં આવી ગયા હતા અને ત્યાં તેમની દ્વાદશાંગીનું અધ્યયન કરતા હતા. આ પરિસ્થિતિમાં બીજા ૧૦ ગણધર ભગવાનોની દ્વાદશાંગીનું પઠન-પાઠન બંધ થયું અને ગણધર શ્રીસુધર્માસ્વામીની દ્વાદશાંગી અમર બની રહી. આજે એ જ દ્વાદશાંગી જગત પર ઉપકાર કરી રહી છે.

ગણધર શ્રીસુધર્માસ્વામીએ રચેલાં દ્વાદશાંગીમાંનાં ૧૨ અંગો અને તેનું ટૂંકું સ્વરૂપ નીચે પ્રમાણે છે:

૧. આચારાંગ—આ પહેલું અંગ છે. તેમાં ૨ શ્રુતસ્કંધ, ૨૫ અધ્યયનો, ૮૫ ઉદ્દેશા, ૮૫ સમુદ્દેશા, ૧૮ હજાર પદો, અનેક શ્લોકો અને અનેક નિર્યુક્તિ વગેરે હતાં, જેમાં જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારિત્રાચાર, તપાચાર અને વીર્યાચાર; ગોચરી, વિનય, શિક્ષા, ભાષા, અભાષા, સદ્વર્તન, ક્રિયા વગેરેનું સર્વતોમુખી વર્ણન હતું.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૨. સૂત્રકૃતાંગ—આ બીજું અંગ છે. તેમાં ૨ શ્રુતસ્કંધ, ૨૩ અધ્યયનો, ૩૩ ઉદ્દેશા, ૩૩ સમુદ્દેશા, ૩૬ હજાર પદો, અનેક શ્લોક અને અનેક નિર્યુક્તિઓ વગેરે હતાં, જેમાં અલોક, લોક, લોકાલોક, જીવ, અજીવ, જીવાજીવ, સ્વસમય, પરસમય, સ્વપર સમયનું નિરૂપણ હતું. ૮૦ ક્રિયાવાદી, ૮૪ અક્રિયાવાદી, ૬૭ અજ્ઞાનવાદી અને ૩૨ વિનયવાદી; એ ૩૬૩ પાખંડીઓનું ખંડન કરી જૈન દર્શનનું અનેકાન્તિક મંતવ્ય રજુ કર્યું હતું.

૩. સ્થાનાંગસૂત્ર—આ ત્રીજું અંગ છે. તેમાં ૧ શ્રુતસ્કંધ, ૧૦ અધ્યયન, ૨૧ ઉદ્દેશા, ૨૧ સમુદ્દેશા, ૭૨ હજાર પદો, અનેક શ્લોકો અને અનેક નિર્યુક્તિ વગેરે હતાં, જેમાં જીવ, અજીવ, જીવાજીવ સ્વસમય, પરસમય, સ્વપરસમય, લોક, અલોક, લોકાલોક અને ભૂગોળ વગેરેની સ્થાપના હતી.

૪. સમવાયાંગસૂત્ર—આ ચોથું અંગ છે. તેમાં ૧ શ્રુતસ્કંધ, ૧૦ અધ્યયન, ૨૧ ઉદ્દેશા, ૨૧ સમુદ્દેશા, ૧૪૪ હજાર પદો, અનેક શ્લોકો અને અનેક નિર્યુક્તિ વગેરે હતાં, જેમાં જીવાદિનો નિર્ણય હતો, ચઢતા ક્રમે એકથી આરંભીને ૧૦૧ સંખ્યાવાળા પદાર્થોનો નિર્ણય હતો અને દ્વાદશાંગીનું સ્વરૂપ બતાવ્યું હતું.

૫. વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ—આ પાંચમું અંગ છે, જેનું બીજું નામ ભગવતીસૂત્ર છે. જેમાં ૧ શ્રુતસ્કંધ, ૧૦૧ અધ્યયનો, ૧૦૦૦૦ ઉદ્દેશા, ૧૦ હજાર સમુદ્દેશા, ૩૬ હજાર પ્રશ્નોત્તરો, ૨૮૮ હજાર પદો, અનેક શ્લોકો અને અનેક નિર્યુક્તિઓ વગેરે હતાં, જેમાં જીવાદિનું તલસ્પર્શી વ્યાખ્યાન હતું.

૬. જ્ઞાતાધર્મકથા—આ છઠું અંગ છે, જેમાં ૨ શ્રુતસ્કંધો ૧૯ અધ્યયનો, ૧૯ ઉદ્દેશા, ૧૯ સમુદ્દેશા, સંખ્યાતા પદો, અનેક શ્લોકો અને અનેક નિર્યુક્તિઓ વગેરે હતાં. તેમાં ૧૦ વર્ગો અને સાડા ત્રણ કરોડ કથાઓ હતી. દરેકમાં કથાનાયકની જન્મભૂમિથી લઇને મોક્ષ સુધીનાં વર્ણનો હતાં.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૭. ઉપાસકદશા—આ સાતમું અંગ છે, જેમાં ૧ શ્રુતસ્કંધ, ૧૦ અધ્યયનો, ૧૦ ઉદ્દેશા, ૧૦ સમુદ્દેશા, સંખ્યાતા પદો અનેક શ્લોકો અને અનેક નિર્યુક્તિઓ વગેરે હતાં. તેમાં શ્રમણોપાસકનાં જન્મભૂમિથી લઈને મોક્ષ સુધીનાં ચરિત્રો હતાં.

૮. અંતકૃતદશા—આ આઠમું અંગ છે, જેમાં ૧ શ્રુતસ્કંધ, ૮ વર્ગો, ૮ ઉદ્દેશા, ૮ સમુદ્દેશા, સંખ્યાતા પદો અનેક શ્લોકો અને અનેક નિર્યુક્તિઓ વગેરે હતાં. તેમાં મોક્ષગામીઓની જન્મભૂમિથી આરંભી મોક્ષ સુધીની ઘટનાઓ વર્ણવી હતી

૯. અનુત્તરોપપાતિકદશા—આ નવમું અંગ છે, જેમાં ૧ શ્રુતસ્કંધ, ૩ વર્ગ, ૩ ઉદ્દેશા, ૩ સમુદ્દેશા, સંખ્યાતા પદો, અનેક શ્લોકો અને અનેક નિર્યુક્તિઓ વગેરે હતાં. તેમાં અનુત્તર વિમાનમાં ઉપજનાર મુનિઓના સંપૂર્ણ પ્રબંધો હતા.

जैन साईट JAINSITE .com जैनम् जयति शासनम्

૧૦. પ્રશ્નવ્યાકરણ—આ દશમું અંગ છે, જેમાં ૧ શ્રુતસ્કંધ, ૪૫ અધ્યયનો, ૪૫ ઉદ્દેશા, ૪૫ સમુદ્દેશા, સંખ્યાતા પદો, અનેક શ્લોકો, અને અનેક નિર્યુક્તિઓ વગેરે હતાં. તેમાં પૂછાતા વિદ્યામંત્રો, અપૂછાતા વિદ્યામંત્રો, મિશ્ર વિદ્યામંત્રો, અંગુઠાદિના પ્રશ્નો, વિચિત્ર વિદ્યાતિશયો, દેવો સાથેના દેવીસંવાદો વગેરે હતા.

૧૧. વિપાકસૂત્ર—આ અગિયારમું અંગ છે, જેમાં ૨ શ્રુતસ્કંધો, ૨૦ અધ્યયનો, ૨૦ ઉદ્દેશા, ૨૦ સમુદ્દેશા, સંખ્યાતા પદો, અનેક શ્લોકો અને અનેક નિર્યુક્તિઓ વગેરે હતાં. તેમાં દુઃખી તથા સુખી મનુષ્યોની મૂળ કારણથી આરંભીને દુઃખપરંપરા કે સુખપરંપરાની અવધિ સુધીની જીવની આલેખાયેલી હતી.

૧૨. દૃષ્ટિવાદ—આ બારમું અંગ છે, જેના મુખ્ય પાંચ વિભાઓ હતા.

(૧) પરિકર્મ—પછીના ચારે વિભાગોને ભણવાની યોગ્યતા સંપાદન કરાવનાર શાસ્ત્ર. તેના મુખ્ય ભેદ ૭ અને પેટાભેદો ૮૩ હતા, જે પૈકીના ૬ પરિકર્મો જૈનદૃષ્ટિએ અને સાતે પરિકર્મો આજીવકમતની દૃષ્ટિએ હતા.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(૨) સૂત્ર—જેના મૂળ ભેદ ૨૨ અને પેટાભેદો ૮૮ હતા. એટલે કે છિન્ન છેદનયથી જૈનદૃષ્ટિએ ૨૨, અછિન્ન છેદનયથી આજીવકદૃષ્ટિએ ૨૨, દ્રવ્યાસ્તિક પર્યાયાસ્તિક તથા ઉભયાસ્તિક એ ૩ નયથી ત્રૈરાશિક આજીવકની દૃષ્ટિએ ૨૨ અને સંગ્રહ, વ્યવહાર, ઋજુસૂત્ર તથા શબ્દ; એ ૪ નયથી જૈનદૃષ્ટિએ ૨૨ એમ ૮૮ ભેદો થાય.

(૩) પૂર્વ—જેના મૂળ ભેદ ૧૪ અને વસ્તુઓ ૨૨૫ હતાં. પૂર્વોનાં નામ-ઉત્પાદ, આગ્રાયણી, વીર્ય, અસ્તિનાસ્તિ, જ્ઞાનપ્રવાદ, સત્યપ્રવાદ, આત્મપ્રવાદ, કર્મપ્રવાદ, પ્રત્યાખ્યાનપ્રવાદ, વિદ્યાનુ-પ્રવાદ, અવંધ્ય, પ્રાણાયુ, ક્રિયાવિશાલ, અને લોકબિંદુસાર; એ ચૌદ પૂર્વો હતાં. ગણધરોએ શરૂમાં દ્વાદશાંગીની પહેલાં આ વિભા-ગની રચના કરી હતી. તેથી તેની 'પૂર્વ' એવી સંજ્ઞા રાખવામાં આવી હતી પૂર્વોની ભાષા સંસ્કૃત હતી.

जैन साइट JAINSITE .com जैनम् जयति शासनम्

(૪) ચૂલિકા—પહેલાં ચાર પૂર્વોને અનુક્રમે ચાર, બાર, આઠ અને દશ એ કુલ ૩૪ ચૂલિકાઓ હતી.

(૫) અનુયોગ—તીર્થંકરોના બાવન બોલપૂર્ણ ચરિત્રો ૭ કુલકરો, તીર્થંકરો, ચક્રવર્તી, દશાર્હ, બલદેવ, વાસુદેવ, ગણધરો, ભદ્રબાહુસ્વામી ( અંતિમ ૧૪ પૂર્વધરો અગર અંતિમ૧૦ પૂર્વધરો ), તપસ્વીઓ અને હરિવંશ વગેરેની ગંડિકાઓ હતી.

આ પ્રમાણે પાંચ વિભાગમાં ગૂંથાયેલું આ ૧૨મું અંગ હતું, જેમાં ૧ શ્રુતસ્કંધ, ૧૪ પૂર્વ, સંખ્યાતી વસ્તુ, સંખ્યાતી ચૂલિકાઓ, સંખ્યાતા પ્રભાતો, સંખ્યાતી પ્રાભૃતિકાઓ, સંખ્યાતી પ્રાભૃતપ્રાભૃતીઓ સંખ્યાતા પદો વગેરે હતાં.

ગણધર સુધર્માસ્વામીએ દ્વાદશાંગીમાં આ ૧૨ અંગોની રચના કરી હતી આજે તે જ અંગો વિદ્યમાન છે. દુષમકાળની અસરથી તેમાંનો કોઇ કોઇ ભાગ વિચ્છેદ પામી ગયો છે, જેનો ઇતિહાસ આગળ બતાવવામાં આવ્યો છે, છતાંય જે શેષ છે તેના આધારે જ વર્તમાન જૈનશાસન પ્રવર્તે છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ભગવાન મહાવીરસ્વામીના બીજા ૧૦ ગણધરોએ રચેલી દ્વાદશાંગી તો વીરનિર્વાણની પહેલી સદીમાં નાશ પામી હતી.

ભગવાન શ્રીમહાવીરસ્વામીને બીજા ૧૪૦૦૦ શિષ્યો હતા, તેઓએ પણ એકેક પ્રકીર્ણક શાસ્ત્ર બનાવ્યું હતું. એમ ૧૪૦૦૦ પઈન્નય આગમો હતાં. કાળક્રમે તેમાંનાં ઘણાંનો વિનાશ થયો.

આ જિનાગમો એ જ જૈનધર્મનું મૌલિક અને પ્રધાન સાહિત્ય છે.

આગમ, સૂત્ર, આજ્ઞા, ધારણા, અને જીતાચાર એ પાંચે વ્યવહારો આ આગમને અનુસરતા હોય તો જ પ્રામાણિક મનાય છે.

## જૈન તીર્થો

तित्थगरगुणा पडिमासु, नत्थि निस्संसयं वियाणंतो ।
तित्थयरत्ते नमंतो, सो पावेइ निज्जरं विउलं ॥ ११३० ॥

कामं उभयाभावाओ, तहवि फलं अत्थि मणविसुद्धिए ।
तिइ पुण मणविसुद्धिइ, कारणं होंति पडिमाओ ॥ ११३४ ॥

दंसण-नाण-चरित्तेसु, निउत्तं जिणवरेहिं सव्वेहिं ।
तिसु अत्थेसु निउत्तं, तम्हा तं भावओ तित्थं ॥ ११३९ ॥

( आवश्यकनिर्युक्ति )

सोऊण तं भगवओ, गच्छइ तहि गोयमो पहिअ कित्तो ।
आरुहइ तं नगवरं, पडिमाओ वंदइ जिणाणं ॥ २९१ ॥

( उत्तराध्ययनसूत्र अ. १० निर्युक्ति )

तित्थगराण भगवओ, पवयणपावयणि अइसईड्ढिणं ।
अभिगमण णमण-दरिसण-कित्तण संपूअणा-थूअणा ॥ ३३० ॥

जम्माभिसेअ-णिक्खमण-चरण-नाणुप्पया य निव्वाणे ।
देवलोअभवण-मंदिर-नंदीसर-भोमनगरेसु ॥ ३३१ ॥

अट्ठावयमुज्जिंते, गयग्गपयए अ धम्मचक्के अ ।
पासरहावत्तनगं, चमरुप्पायं च वंदामि ॥ ३३२ ॥

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

उण माहप्पं इसिनाम-कित्तणं सुरनरिंदपूया य।
पोराणचेइयाणि य, इअ एसा दंसणे होइ ॥ ३३४ ॥

( आचारांग स्कं-२-चू. ३ भावनाध्ययन-
निर्युक्ति दर्शनभावना अधिकार )

चक्के थूमे पडिमा, जम्मण-णिक्खमण-नाण-निव्वाणे।
संखडि विहार आहार, उवहि तह दंसणट्ठाए ॥ ११९ ॥
( ओघनिर्युक्ति, पत्र ६० ) ( જૈન સત્ય પ્રકાશ. ક્રમાંક, ૧૦ )

ભગવાન શ્રીમહાવીરસ્વામીના નિર્વાણ પહેલાંનાં જૈન તીર્થો નીચે પ્રમાણે છે:

**તીર્થંકરોની જન્મકલ્યાણક ભૂમિઓ**—૧ વિનીતા, ૨ અયોધ્યા, ૩ શ્રાવસ્તિ, ૪ અયોધ્યા, ૫ અયોધ્યા, ૬ કોશાંબી ૭ બનારસ, ૮ ચંદ્રપુરી, ૯ કાકંદી, ૧૦ ભદ્દિલપુર, ૧૧ સિંહપુરી, ૧૨ ચંપાપુરી, ૧૩ કંપિલાજી, ૧૪ અયોધ્યા, ૧૫ રત્નપુરી, ૧૬ હસ્તિનાપુર, ૧૭ હસ્તિનાપુર, ૧૮ હસ્તિનાપુર, ૧૯ મિથિલા, ૨૦ રાજગૃહી, ૨૧ મિથિલા, ૨૨ શૌરિપુર, ૨૩ બનારસ, અને ૨૪ ક્ષત્રિયકુંડ. એ ચોવીસ તીર્થંકરોની ચાર ચાર કલ્યાણકની ભૂમિઓ છે.

દ્વારિકા અને ગિરનાર એ ભગવાન શ્રીનેમિનાથની દીક્ષા કલ્યાણક તથા કેવલજ્ઞાન કલ્યાણકની ભૂમિઓ છે. દિગમ્બરો તો ભગવાન શ્રીનેમિનાથનો જન્મ પણ દ્વારિકાના શૌરિપુર પાડામાં માને છે.

ક્ષત્રિયકુંડ, ઋજુવાલુકા અને પાવાપુરી એ ભગવાન શ્રીમહાવીરસ્વામીની કલ્યાણક ભૂમિઓ છે.

**અષ્ટાપદ**—ભગવાન શ્રીઋષભદેવની નિર્વાણ ભૂમિ. ભરત ચક્રવર્તીએ ત્યાં ચતુર્મુખ સિંહનિષદ્યા મંદિર બનાવી તેમાં ભગવાન શ્રીઋષભદેવના મુખારવિંદથી સાંભળેલ વર્ણન પ્રમાણે વર્તમાન ચોવીસે તીર્થંકરોની, દરેક તીર્થંકરોના દેહમાન અને રંગ પ્રમાણે ૨૪ પ્રતિમાઓ બનાવી પ્રતિષ્ઠા કરી હતી. ભરત મહારાજાએ પોતાની મુદ્રિકાના રત્નમાંથી એક ભગવાન શ્રીઋષભ-

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

દેવની નાની પ્રતિમા બનાવી આ સિંહનિષદ્યાની બહાર બેસાડી હતી. જે પ્રતિમા આજે કુલ્પાકજીમાં માણેકસ્વામી તરીકે બિરાજમાન છે.

( આ. શ્રુ. ૨ નિ. ૩૩૨, ઉત્ત. અ. ૧૦, ૨૯૧)

તક્ષશિલા—ભગવાન શ્રીઋષભદેવ છદ્મસ્થાવસ્થામાં તક્ષશિલામાં પધાર્યા હતા અને બીજે દિવસે સવારે જ ત્યાંથી બીજે વિહાર કરી ગયા હતા. ભગવાનનો બીજો પુત્ર અતિબલિષ્ઠ બાહુબલિ ત્યાંનો રાજા હતો. તે બીજે દિવસે સવારે ભગવાનને વંદન કરવા આવ્યો, પરંતુ પ્રભુને ત્યાં જોયા નહિ એટલે બહુ જ દુઃખી થયો. આથી તેણે જે સ્થાને ભગવાને ઊભા રહી ધ્યાન કર્યું હતું અને જ્યાં ભગવાનનાં ચરણોની આકૃતિ પડી હતી ત્યાં ધર્મચક્રની સ્થાપના કરી. આ રીતે ત્યાં ધર્મચક્ર તીર્થની સ્થાપના થઈ હતી. સમ્રાટ સંપ્રતિએ અહીં પોતાના દર્શન માટે જિનવિહાર બનાવ્યો, જે સ્થાન આજે તક્ષશિલાના ખંડેરોમાં કુણાલ સ્તૂપ તરીકે વિદ્યમાન છે. વિક્રમની આઠમી સદીમાં તક્ષશિલાનો ભંગ થયો. તે પછી કાળના બળે જૈનોનું પરિબળ ઘટવાથી ધર્મચક્ર બૌદ્ધોના હાથમાં ગયું હતું અને બૌદ્ધો તેને ચંદ્રપ્રભ બોધિસત્ત્વ તરીકે ઓળખતા હતા. પ્રસિદ્ધ ચીની યાત્રી હુએનત્સાંગ તક્ષશિલામાં આવ્યો ત્યારે ચંદ્રપ્રભ બોધિસત્ત્વ તીર્થરૂપે વિદ્યમાન હતું. ત્યારપછી ફરી તક્ષશિલા ભાંગી.

આજે પાકીસ્તાનમાં રાવલપીંડીની ઉત્તરે લગભગ ૨૨ માઈલ પર તક્ષશિલાના ધ્વંસાવશેષો એ વિશાળ ભૂમિમાં પથરાયેલાં વિદ્યમાન છે. સમ્રાટ સંપ્રતિએ કરાવેલ જિનવિહાર આજે ત્યાં 'શિરકાપ' વિભાગમાં કુણાલ સ્તૂપ તરીકે પ્રસિદ્ધ છે.

રથાવર્તગિરિ—આ સ્થાન દક્ષિણમાં હતું, જેની નોંધ 'આચારાંગ નિર્યુક્તિ'માં મળે છે. આર્ય વજ્રસ્વામીએ ત્યાં જઈ અનશન કર્યું હતું.

( આચારાંગનિર્યુક્તિ. ગાથા ૩૩૨, ઓઘ-નિ. ગા. ૧૧૯. )

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**શત્રુંજય તીર્થ**—ભગવાન શ્રીઋષભદેવજી નવાણું પૂર્વ વાર અહીં પધાર્યા. ગણધર પુંડરીકસ્વામી, દ્રાવિડ, વારિખિલ્લજી વગેરે કરોડો મુનિઓ અહીંથી મુક્તિ પામ્યા. શ્રીરામચંદ્રજી, પાંડવો અને શૈલકકુમાર વગેરેએ પણ અહીં તપ કરી મોક્ષ મેળવ્યું. ભગવાન શ્રીઅજિતનાથ તથા ભગવાન શ્રીશાન્તિનાથ અહીં ચોમાસુ રહ્યા અને બીજા પણ અનેક જીવોએ અહીં પોતાનું આત્મકલ્યાણ કર્યું. આ રીતે આ શત્રુંજયગિરિ પ્રાચીન કાળથી મહાન તીર્થભૂમિ રહી છે.

ગિરનાર તીર્થ, તાલધ્વજગિરિ, શિહોર પાસેની મારુદેવા ટૂંક, ગિરનાર પાસેની ચંદ્રગિરિ ગુફા વગેરે પણ શત્રુંજયની ટૂંકો ગણાય છે.

**ગિરનાર**—ભગવાન શ્રીનેમિનાથની કેવલજ્ઞાનભૂમિ અને નિર્વાણભૂમિ, જે શત્રુંજયની ટૂંક તરીકે પણ પ્રાચીન તીર્થ છે.

ગિરનાર પાસેનું કોડીનાર પણ અંબીકાદેવીની ભૂમિ હોઈને તીર્થરૂપ છે.

JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

**પ્રભાસપાટણ તીર્થ**—ભગવાન નેમિનાથજી મોક્ષે ગયા તે સાંભળી પાંચ પાંડવોએ પણ શત્રુંજયગિરિ ઉપર અનશન સ્વીકાર્યું અને કેવળી થઈ મોક્ષ પ્રાપ્ત કર્યું. તે પાંડવોના વંશમાં પાંડુષેણ રાજા થયો. તેને મતિ અને સુમતિ નામના બે પુત્રો હતા. તેઓ વહાણમાં બેસી જળમાર્ગે સૌરાષ્ટ્રમાં ગિરનાર તીર્થની યાત્રા માટે આવતા હતા, ત્યારે અકસ્માત સમુદ્રમાં તોફાન ઊઠ્યું. બીજાઓ તો સ્કંદ, રુદ્ર વગેરેને વિનવવા લાગ્યા. પરંતુ આ બંને કુમારોએ તો ધીરજ રાખી સંસારની વિચિત્રતા ભાવતાં ભાવતાં પોતાના આત્માને સંયમભાવમાં સ્થિર કર્યો. થોડીએક ક્ષણમાં વહાણ તૂટ્યું. આ બંને કુમારો શુદ્ધ સંયમભાવમાં હતા તે કેવલજ્ઞાન પામી મોક્ષે ગયા. સમુદ્રે તે બંનેનાં શરીરને ઉછાળી સમુદ્રકાંઠે મૂક્યાં. દેવોએ ત્યાં નિર્વાણઉત્સવનો પ્રકાશ કર્યો અને ત્યાં પ્રભાસતીર્થ સ્થપાયું. (આ૦ નિ૦ ગાથા ૧૩૦૧ની ટીકા)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**હસ્તિનાપુર**—આ તીર્થ ભગવાન શ્રીશાન્તિનાથ, ભગવાન શ્રીકુંથુનાથ અને ભગવાન શ્રીઅરનાથની ચાર ચાર કલ્યાણકની ભૂમિ તો છે જ; પરંતુ ભગવાન શ્રીઋષભદેવનું વર્ષીતપનું પારણું રાજકુમાર શ્રેયાંસના હાથે અહીં જ થયું હતું. આ રીતે પણ એ પ્રાચીન તીર્થ મનાય છે.

**ચંપાપુરી**–ભગવાન શ્રીવાસુપૂજ્યસ્વામીનાં પાંચે કલ્યાણકો અહીં થયાં છે, ભગવાન ચંપાપુરીના મંદારગિરિ પર મોક્ષે ગયા, એવી માન્યતા પણ પ્રવર્તે છે.

**સમ્મેતશિખરગિરિ**–અહીં વીસ તીર્થંકરોની નિર્વાણ ભૂમિ છે. પહેલાં અહીં મંદિરો અને જિનપ્રતિમાઓ હતી. પણ શંકરાચાર્યના અત્યાચાર અને મુસ્લમાનોની ધર્માંધતાના યોગે તે મંદિરો નાશ પામી ગયાં હતાં. સ્તૂપનાં નિશાન માત્ર રહ્યાં હતાં. જગતશેઠ મહેતાબરાયે સ્વપ્ન અનુસારે ત્યાં મહિનાઓની સ્થિરતા કરી વીસે સ્તૂપોને વ્યવસ્થિત કરી જીર્ણોદ્ધાર કરવા માટે કયા કયા તીર્થંકરોના સ્તૂપ છે તેનો નિર્ણય કરી ચરણપાદુકાઓ સ્થાપિત કરી. તેમણે ૨૪ તીર્થંકરો, ૪ વિહરમાન, ૨ ગણધરો અને ૧ જળમંદિર એમ ૩૧ મંદિરો કરાવ્યાં, જે આજે પણ યાત્રીઓની હૈયાભૂમિને આર્દ્ર બનાવી પલ્લવિત કરી રહ્યાં છે.

**મથુરા તીર્થ**–ભગવાન શ્રીસુપાર્શ્વનાથના સંતાનીય ધર્મરુચિ અને ધર્મઘોષ નામના મુનિઓ મથુરાના ઉદ્યાનમાં ચોમાસું રહ્યા હતા. કુબેરાદેવીએ તેઓને દર્શન કરાવવા માટે કારતક સુદ ૮ ની રાતે મેરુની પ્રતિકૃતિરૂપ ભગવાન શ્રીસુપાર્શ્વનાથનો સોનાનો સ્તૂપ બનાવ્યો હતો અને ભગવાન શ્રીપાર્શ્વનાથ અહીં પધાર્યા ત્યારે તેઓના શ્રીમુખેથી પાંચમા આરાનું વિષમસ્વરૂપ સાંભળી આ સ્તૂપ ઉપર ઈંટોનો સ્તૂપ બનાવી તેમાં ભગવાન શ્રીપાર્શ્વનાથની પ્રતિમા બિરાજમાન કરી હતી. આ રીતે આ તીર્થ પ્રાચીન છે, જેનું વર્ણન નિર્યુક્તિમાં પણ મળે છે. ('ઓઘનિર્યુક્તિ' ગા. ૧૧૫)

ત્યાર પછી અંતિમ કેવલી શ્રીજંબુસ્વામી, તેમના માતાપિતા,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સ્ત્રીઓ, સાસુ, સસરા, અને ૫૦૦ ચોરો વગેરેનું સ્મરણ કરાવતા ૫૨૭ સ્તૂપો અહીં બન્યા એટલે આ સ્થાન પુનઃ જાહોજલાલીમાં આવ્યું. અહીં આર્ય શ્રીસ્કંદિલાચાર્યે આગમની વાચના કરી ૮૪ આગમોને વ્યવસ્થિત કર્યાં હતાં. આ કારણે ચોરાસી ના મંદિર તરીકે પણ આ સ્થાન પ્રસિદ્ધ છે.

ભગવાન શ્રીસુપાર્શ્વનાથના આ સ્તૂપ વગેરેનો આ૦ બપ્પ-ભટ્ટિસૂરિના ઉપદેશથી જીર્ણોદ્ધાર થયો હતો. પછી સંવત ૧૪૧૨માં પણ તેનો જીર્ણોદ્ધાર થયો હતો. તે સમયનો એક સ્તૂપલેખ આજે પણ મળે છે.

જગદ્‌ગુરુ આચાર્ય શ્રીવિજયહીરસૂરિ મથુરાની યાત્રાએ પધાર્યા ત્યારે અહીં ૫૨૭ સ્તૂપો વિદ્યમાન હતા. ('હીરસૌભાગ્ય-કાવ્ય' સર્ગ. ૧૪ શ્લોક ૨૫૦) તેના જ સંતાનીય મહોપાધ્યાય શ્રીવિવેકહર્ષગણિએ સં. ૧૬૬૭માં અહીં જંબૂસ્વામીનાં ચરણોની પ્રતિષ્ઠા કરી હતી.

આ સ્થાનોનો બાદશાહ ઓરંગઝેબે વૈષ્ણવાચાર્યના ઝઘડામાં મથુરા તોડ્યું ત્યારે નાશ થયો અને એક મોટો ટીલો બની ગયો છે, જેનું નામ 'કંકાલી ટીલો' છે. પાછળથી સરકારે તેને ખોદાવી તેના અવશેષો લખનૌના કેશર બાગના પ્રદર્શનમાં ગોઠવી રાખ્યાં છે, તેમાં ઈ. સ. પૂર્વે બીજી સદીની કનિષ્ક-હવિષ્કકાલીન ખંડિત અને અખંડિત અનેક ભવ્ય જૈન શ્વેતાંબર પ્રતિમાઓ, સં. ૧૦૧૩ની સાભરણ મૂર્તિ, ચોમુખો, ગર્ભાપહારનું દૃશ્ય, કેશવાળી પ્રતિમા, લંગોટવાળી પ્રતિમાઓ, આયાગપટ્ટો, પાદુકાઓ, સાધ્વી, દેવી, આમલકીકોઠા, ઉત્તમ વાજિંત્રો અને વિક્રમની ૧૧ મી સદીની દિગં-બર પ્રતિમાઓ વગેરે વગેરે મોજુદ છે.

વિનાશ પછી શ્રીસંઘે ૮૪ નું મંદિર બનાવી તેમાં મહો૦ શ્રીવિવેકહર્ષગણિ પ્રતિષ્ઠિત શ્રીજંબૂસ્વામીની ચરણપાદુકાને બિરાજમાન કરેલી છે, જેનો લેખ પણ સ્પષ્ટ વંચાય છે.

આમરાના શ્રીસંઘે અહીં ઘીયામંડીમાં શ્રીકલ્પદ્રુમ પાર્શ્વ-

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

નાથના મંદિરનો જીર્ણોદ્ધાર કરી તેમાં સં. ૧૯૮૮ વૈશાખ સુદિ ૭ ને દિવસે અમારા હાથે જ ભગવાન શ્રીપાર્શ્વનાથની પ્રતિષ્ઠા કરાવેલી છે.

આ ભૂમિ ઐતિહાસિક છે. શ્રીકૃષ્ણ વાસુદેવનો જન્મ આ૦ મંગૂસૂરિનું મંદિર, હુંડિક યક્ષનું મંદિર, આ૦ બપ્પભટ્ટિસૂરિ પ્રતિષ્ઠિત ભગવાન શ્રીમહાવીરસ્વામીનું મંદિર, વિશ્વભૂતિ મુનિનું બલનિયાણું, દંડ મુનિને કેવળજ્ઞાન, મુનિ કાલવૈશિ, રાજર્ષિ શંખ, નિવૃત્તિનો સ્વયંવર, અઢાર નાતરાં, ભગવાન મહાવીરસ્વામીને ઉપસર્ગ, કંબલસંબલ, સાધ્વી પુષ્પચૂલાને કેવળજ્ઞાન, શ્રમણદ્વેષી ઇન્દ્રદત્તનો પગચ્છેદ, ઇન્દ્રે નિગોદનો પ્રશ્ન કર્યો, ત્રણ પુષ્યમિત્રો, આ૦ સ્કંદિલાચાર્યની આગમવાચના, મહાનિશીથ સૂત્રનો જીર્ણોદ્ધાર વગેરે અનેક ઐતિહાસિક ઘટનાઓ અહીં બની ગઈ છે.

जैन साईट JAINSITE .com

ભરૂચ—નર્મદા નદીના કાંઠે ભરૂચમાં અશ્વાવબોધ તીર્થ છે. ભરૂચનાં નામો—શ્રીપુર, ઉદ્યાન, ભૃગુકચ્છ ભૃગુપુર, અને ભરૂચ વગેરે હતાં. ભગવાન શ્રીઅજિતનાથ અહીં પધાર્યા ત્યારે શ્રીપુર અને ભગવાન શ્રીચંદ્રપ્રભુના પધારવાથી ઉદ્યાન તીર્થ તરીકે તે પ્રતિષ્ઠિત થયું. પછી ભગવાન શ્રીમુનિસુવ્રતસ્વામીએ મહા સુદિ ૧ ને દિવસે અહીં પધારી જિતશત્રુ રાજાએ યજ્ઞમાં હોમવા તૈયાર રાખેલ અશ્વને પ્રતિબોધી સમકિતધારી બનાવ્યો અને તેણે પણ અનશન પૂર્વક મરી દેવ બની ભરૂચમાં આવી મહા સુદિ ૧૫ ના ભગવાન-શ્રીમુનિસુવ્રતસ્વામીનું મંદિર બનાવી તીર્થ સ્થાપ્યું ત્યારથી અશ્વાવબોધ નામનું પવિત્ર તીર્થ પ્રવર્ત્યું છે. ત્યાર પછી પદ્મ ચક્રવર્તી, હરિષેણ ચક્રવર્તી, સિંહલની રાજકુમારી સુદર્શના, સમ્રાટ સંપ્રતિ, સમ્રાટ વિક્રમાદિત્ય, આ૦ પાદલિપ્તસૂરિના ઉપદેશથી રાજા સાતવાહન, આ૦ વિજયસિંહસૂરિના ઉપદેશથી શ્રીસંઘે અને મંત્રી આંબડ વગેરેએ આનો જીર્ણોદ્ધાર કરાવ્યો હતો.

સિંહલની રાજકુમારી સુદર્શનાએ પહેલાંના સમળીના ભવમાં આ તીર્થમાં મુનિ શ્રીભાનુ અને મુનિ શ્રીભુવનના મુખેથી નવકાર

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

મંત્ર સાંભળ્યો. તેના પ્રભાવે સિંહલમાં રાજકુમારીનું પદ મળ્યું છે; એમ અવધિજ્ઞાનથી જાણી અહીં આવી આ તીર્થનો જીર્ણોદ્ધાર કરાવ્યો હતો. ત્યારથી આ તીર્થનું બીજું નામ સુદર્શના વિહાર-શકુનિકા વિહાર, યાને સમળી વિહાર તરીકે જાહેર થયું. આ તીર્થ અનેક તોફાનોમાંથી પસાર થયું અને જૈનાચાર્યોએ તેની રક્ષા કરી. આ૦ કલહંસસૂરિએ અજૈનોને સંતુષ્ટ કર્યા અને પછી મહારાજા સંપ્રતિએ જીર્ણોદ્ધાર કરાવ્યો. વીર સં. ૩૦૦ લગભગમાં વ્યંતરોએ ઉપદ્રવ કર્યો અને શ્રીશ્યામાચાર્યે તેની રક્ષા કરી. વીર સં. ૪૮૪ માં બૌદ્ધો અને વ્યંતરોએ ધમાલ કરી ત્યારે આર્ય-ખપટાચાર્યે તેની રક્ષા કરી. વીર સં. ૮૪૫ માં શત્રુ રાજાએ ભરૂચ પર હલ્લો કર્યો પણ દૈવી સહાયથી તે બચી ગયું. વીર સં. ૮૮૪માં બૌદ્ધોએ તેનો કબજો કર્યો પણ આ૦ મલ્લવાદીએ આ તીર્થની રક્ષા કરી.

એકવાર અંકલેશ્વર તરફથી પવન ફુંકાયો ત્યારે નગરદાહમાં ભરૂચ ભસ્મીભૂત થયું. જિનમંદિરો પણ બળી ગયાં. માત્ર ભગવાન શ્રીમુનિ-સુવ્રતસ્વામીની પ્રતિમા બચી ગઈ. આ૦ વિજયસિંહસૂરિએ ભરૂચ-માંથી જ પાંચ હજારની રકમ એકઠી કરી લાકડાનું મંદિર કરાવ્યું. સં. ૧૨૧૩ પછી વ્યતંરે મંત્રી આમ્રભટના જીર્ણોદ્ધારમાં વિઘ્ન નાખ્યું. કલિકાળસર્વજ્ઞ આચાર્ય શ્રીહેમચંદ્રસૂરિએ તે વિઘ્નને હઠાવી તીર્થરક્ષા કરી, અને તેમણે જીર્ણોદ્ધાર કરાવી પ્રતિષ્ઠા કરાવી હતી. ત્યાર પછી મુસલમાનોના ધર્માંધ હુમલાથી આ તીર્થ નાશ પામ્યું અને નવેસરથી તીર્થની રચના કરવામાં આવી. તીર્થનાયક શ્રીમુનિસુવ્રતસ્વામી ભગવાન આજે શ્રીસંઘના મંદિરમાં બિરા-જમાન છે. આ તીર્થ પ્રાચીન છે તેથી જગચિંતામણિ ચૈત્ય-વંદનમાં આ તીર્થનો ભરુઅચ્છહિં મુણિસુવ્વય એવો જયઘોષ આલેખાયો છે. આજે ભરૂચમાં ૯ દેરાસરો છે.

અજારા—સૂર્યવંશી રઘુરાજાના પુત્ર અજયપાળે અસાધ્ય રોગની પીડાથી રાજ્ય છોડી શત્રુંજયની યાત્રા કરી, દીવમાં આવી વસવાટ કર્યો. એ અરસામાં રત્નસાર નામના વ્યાપારીને સમુદ્ર-

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

માંથી ભગવાન શ્રીપાર્શ્વનાથની પ્રતિમા મળતાં તેણે એ પ્રતિમા લાવી અજયપાળને આપી. અજયપાળ પણ એ પ્રતિમાના ન્હવણ જળથી છ મહિનામાં નીરોગી થયો. એટલે તેણે ત્યાં અજયનગર વસાવ્યું અને જિનાલય બંધાવ્યું. તેમાં તે પ્રતિમાની પ્રતિષ્ઠા કરી મંદિરના નિર્વાહ માટે ૧૨ ગામ આપ્યાં. ત્યારથી અજારા પાર્શ્વનાથ તીર્થ તરીકે પ્રસિદ્ધ થયું છે.

રાજા અજયપાળ પછી અનુક્રમે અનંતરાય, દશરથ અને રામચંદ્રજી વગેરે રાજાઓ થયા.

ત્યાર પછી આ તીર્થના અનેક જીર્ણોદ્ધારો થયા. સં. ૧૩૪૩ મહા વદિ ૨ ને શનિવારે અહીં ચિન્તામણિ પાર્શ્વનાથની પ્રતિષ્ઠા થયાનો લેખ મળે છે. વળી સં. ૧૬૬૭માં વૈશાખ સુદ ૩ ને મંગળવારે રોહિણી નક્ષત્રમાં તપગચ્છાચાર્ય શ્રીવિજયદેવસૂરિની વિદ્યમાનતામાં ઉનાના વતની શ્રીમાળી કુંઅરજી જીવરાજ દોશીએ આ તીર્થનો જીર્ણોદ્ધાર કરાવ્યો હતો. આ આઠમો જીર્ણોદ્ધાર હતો એમ તે લેખ ઉપરથી નક્કી થાય છે. પ્રાચીન જિનમંદિરનો ટીલો અજયપાળના ચોતરા તરીકે પ્રસિદ્ધ છે; જેમાંથી ખોદકામ કરતાં ઘણી જિનપ્રતિમાઓ, શાસનદેવદેવીની મૂર્તિઓ મળી આવે છે. તેમાંની કેટલીક પ્રતિમાઓ ઉપર સં. ૧૪૨૩, સં. ૧૩૪૩ વગેરેના શિલાલેખો મળ્યા છે. મંદિરમાં જ સં. ૧૦૧૪નો ઘંટ, સં. ૧૩૨૩ના કાઉસગ્ગિયા, સં. ૧૩૪૩ના શ્રીપાર્શ્વનાથ, સં. ૧૬૬૭ની જીર્ણોદ્ધારની તકતી, સં. ૧૬૭૮નું દેવગુરુ પાદુકાયુક્ત વિદ્યમાન છે. અહીં એક વિચિત્ર જાતની વનસ્પતિ થાય છે જે અનેક રોગોની શાંતિ કરાવે છે. આ સ્થળ એકાંતમાં છે અને તેનું વાતાવરણ શાન્તિપૂર્ણ છે.

('ભાવનગર પ્રાચીન શોધસંગ્રહ' ભા. ૧, લેખો-૧૧૧થી૧૧૫)

અહિછત્રા-ભગવાન શ્રીપાર્શ્વનાથ છદ્મસ્થાવસ્થામાં ધ્યાન કરી ઊભા હતા ત્યારે ધરણેન્દ્રે ત્યાં આવી ભગવાનની ઉપર ત્રણ દિવસ સુધી ફણાનું છત્ર બનાવી ભગવાનની ભકિત કરી હતી. ત્યાં જનતાએ એક નગર વસાવ્યું અને ભગવાનની પાદુકા તથા મુર્તિનું સ્થાપન કર્યું, જેનું નામ અહિછત્રા તીર્થ પડ્યું. આ સ્થાન અત્યારે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

નાશ પામ્યું છે પણ તેનો ટીલો મોજુદ છે. અહીં ઘણાં વર્ષો પહેલાં કનકકેતુ નામે રાજા થયો હતો. પ્રખ્યાત ખગોળવેત્તા ટોલેમી ઈ. સ. ની બીજી શતાબ્દીમાં અહીં આવ્યો હતો. (મેક ક્રીન્ડલ, એન્શ્યન્ટ ઇન્ડિયા પૃષ્ઠ ૧૩૩-૧૩૪) તેણે આ સ્થાનનો Adisdra અદિસદ્રા નામથી પરિચય કરાવ્યો છે. ત્યાંનો જૂનો કિલ્લો આહિકોટ તરીકે ઓળખાય છે. અહીંથી ઈ. સ. પૂર્વે ૨૦૦ થી ઈ. સ. છઠ્ઠી સદી સુધીના સિક્કાઓ મળ્યા છે, જેના આધારે અહીં શુંગવંશી અગ્નિમિત્ર, સૂર્યમિત્ર, ભાનુમિત્ર, વિષ્ણુમિત્ર, ભદ્રઘોષ, ધ્રુવમિત્ર, જયમિત્ર, ઇંદ્રમિત્ર, ફલ્ગુનીમિત્ર, અને બૃહસ્પતિમિત્રનું રાજ્ય હતું એમ માની શકાય છે.

ડૉ. કનિંગહામને અહીંથી પુષ્પ સહિત કળશની નિશાનીવાળો શ્રીમહારાજ હરિગુપ્તસ્ય શબ્દવાળો સિક્કો મળ્યો હતો.

('કનિંગહામ આર્કિ. સર્વે ઑફ ઇન્ડિયા' વૉ. ૧.)

આ મહારાજ હરિગુપ્ત તે ગુપ્તવંશી જૈન રાજા હતો. તેણે દીક્ષા લીધી હતી. હૂણ સમ્રાટ તોરમાણ તેમને ગુરુ તરીકે માનતો હતો અને માલવપતિ દેવગુપ્તે તેમની પાસે દીક્ષા લીધી હતી. એટલે કે તે સમયે પાંચાલના રાજાઓ જૈન હતા અને અહીં જૈન મુનિઓ અધિક સંખ્યામાં વિચરતા હતા.

ડૉ. ફુહરરને સને ૧૮૯૨ની શોધખોળ પ્રમાણે અહીં આહિકોટમાંથી અને આસપાસના આલમપુર, કટારીક્ષેત્ર, પશ્ચિમી ટીલો અને સ્તૂપ વગેરે પ્રદેશમાંથી કનિષ્કકાલીન તથા ગુપ્તકાલીન જૈન મૂર્તિઓ મળી હતી, જે પરના બ્રાહ્મી લિપિના લેખો નીચે મુજબ વંચાય છે.

મૂર્તિના પરિકરની નીચેનો લેખ—

×सं. १२ नॉ४ मास ११ दिवसे इतिशयपूर्वम (पक्षस्य पूर्वायां) कोटिगण (वम्भाडा सियान्ते (बम्म लिज्जियान्ते) कुलाति अन(!) उच्चा। नागरीशाखातो जेनिस्य आर्य पुसिलसय.

---

× આ સં. ૧૨ તે વિક્રમસંવત અથવા કનિષ્કસંવત સંભવે છે. તિથિ પણ મહા શુદિ ૧૧ અથવા જેઠ વદિ ૧૧ સંભવે છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ચેલુયણજીના પ્રણાસનની નીચે—સં. ૭૪.

કોટની પૂર્વમાં સ્તૂપ પાસેના સ્થંભ પરનો લેખ:—

आचार्य इन्द्रनन्दि शिष्य महाहरि पार्श्व मतिराय कोट्टारि॥

આ સ્તૂપ ભગવાન શ્રીપાર્શ્વનાથના સમયનો હોવાનું મનાય છે.

આ તીર્થસ્થાન આજે બરેલી જિલ્લાના રામનગરની દક્ષિણે આર માઈલના ઘેરાવામાં પથરાયેલું નજરે પડે છે.

શંખેશ્વર પાર્શ્વનાથ—સૌરાષ્ટ્રની ઉત્તરે પ્રતિવાસુદેવ જરાસંધ અને વાસુદેવ શ્રીકૃષ્ણ મહારાજાનું ઘમસાણ યુદ્ધ થયું ત્યારે જરાસંધે યાદવસૈન્ય ઉપર જરા ફેંકી આખા સૈન્યને મૂર્છિત બનાવી મૂક્યું. તેના નિવારણ માટે શ્રીકૃષ્ણે ભગવાન શ્રીનેમિનાથની સૂચના પ્રમાણે ત્રણ ઉપવાસ કરી નાગરાજ ધરણેન્દ્રને પ્રસન્ન કરી તેની પાસેથી ગઈ ચોવીસીમાં આષાઢી શ્રાવકે ભરાવેલ ભગવાન શ્રીપાર્શ્વનાથનું બિંબ લઈ તેનું ન્હવણજળ સૈન્ય પર છાંટી સૈન્યને નીરોગી બનાવ્યું. જય પ્રાપ્ત કર્યા પછી શ્રીકૃષ્ણે ત્યાં શંખેશ્વર ગામ વસાવી તે પ્રતિમાજીની શંખેશ્વર પાર્શ્વનાથ તરીકે સ્થાપના કરી. એટલે આ તીર્થ પ્રાચીન છે. તેના નાના મોટા અનેક જીર્ણોદ્ધારો થયા છે. છેલ્લા હજાર વર્ષના ગાળામાં સં. ૧૧૫૫માં કલિકાલસર્વજ્ઞ આચાર્ય શ્રીહેમચંદ્રસૂરીશ્વરના ગુરુ આચાર્ય શ્રીદેવચંદ્રસૂરીશ્વરના ઉપદેશથી સૌરાષ્ટ્રના દંડનાયક મંત્રી સજ્જને, સં. ૧૨૮૬ લગભગમાં આ૦ શ્રીવિજયસેનસૂરિ તથા આ૦ શ્રીવર્ધમાનસૂરિ વગેરેના ઉપદેશથી મહામંત્રી વસ્તુપાલે, સં. ૧૩૦૨ આસપાસમાં પૂનમગચ્છના આ૦ પરમદેવસૂરિ તથા તેમના શિષ્યના ઉપદેશથી ઝીંઝુવાડાના રાણા દુર્જનશલ્યે, સં. ૧૬૬૧માં તપાગચ્છના આ૦ શ્રીવિજયસેનસૂરિના ઉપદેશથી નડિયાદના શ્રીમાળી નાથા વગેરે શ્રીસંઘે અને સં. ૧૭૬૦માં તપાગચ્છના શ્રીપૂજ વિજયરત્નસૂરિના ઉપદેશથી શ્રીસંઘે જીર્ણોદ્ધારો કરાવેલા છે. આ તીર્થ આજે પણ પ્રાભાવિક મનાય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આરૂપ—આરૂપ પાર્શ્વનાથ, સ્તંભન પાર્શ્વનાથ અને પાટણના નેમિનાથ એ ત્રણે પ્રતિમાઓ પણ પ્રાચીન છે.

કુંભોઈ—આ તીર્થ પણ શંખેશ્વરજીનું સમકાલીન તીર્થ છે. તેના અનેક જીર્ણોદ્ધારો થયા છે. તપગચ્છના આ૦ શ્રીવિજયસેનસૂરિના ઉપદેશથી જીર્ણોદ્ધાર તથા અંજનશલાકા ઉત્સવ થયો હતો. સં.... પાટણના શ્રીસંઘે જીર્ણોદ્ધાર કરાવ્યો. સં. ૨૦૦૩ મહા શુદિ પૂનમે શેઠ લાલભાઈ લહેરા વગેરે સમિતિએ છેલ્લો જીર્ણોદ્ધાર કરાવ્યો છે. મૂળનાયક તરીકે શ્રીમનમોહન પાર્શ્વનાથ બિરાજે છે.

બદરી પાર્શ્વનાથ—અષ્ટાપદ તીર્થ અદૃશ્ય થયા પછી આ તીર્થ હયાતીમાં આવ્યું હોય એવી કલ્પના થાય છે. અહીં વિશાળ જિનાલય પણ હતું, જેમાં ચોવીસે તીર્થંકરની પ્રતિમાઓ હતી. શંકરાચાર્ય પછી આ તીર્થ નારાયણ તીર્થ બન્યું છે. એક મહંતને એકવાર સ્વપ્નમાં ૨૪ જિન પ્રતિમાઓનાં દર્શન થયાં અને તે અનુસાર શોધ કરતાં તેને એક પરિકરવાળી પ્રતિમા મળી આવી, જે આજે બદ્રીનારાયણના મંદિરમાં વિદ્યમાન છે, જેના અસલી સ્વરૂપના ફોટાઓ મળે છે. વળી તેનાં કેટલાંક ચિત્રોમાં ચાર હાથ પણ બતાવવામાં આવ્યા છે, જે કલ્પિત છે. લોકોને ચતુર્ભુજની ભ્રમણામાં નાખવા માટે એ બતાવવામાં આવે છે. તેમાં પણ બે હાથ તો ધ્યાન મુદ્રાવાળા જ હોય છે. મંદિરની રચના, શિલ્પ અને દરવાજો જૈનશૈલીનાં છે. ગભારો કોરી નાંખી ગૂઢમંડપને રંગમંડપ બનાવ્યો છે. પ્રતિમા ૨॥ ફુટ ઊંચી છે. મંદિરમાં ઘંટાકર્ણ મહાવીર ક્ષેત્રપાળ છે. પૂજારીઓ જૈન ભોજકો હતા જે હાલ ગંધર્વ બ્રાહ્મણ તરીકે પ્રસિદ્ધ છે.

આ મંદિરમાં જૈનો પ્રવેશ ન કરે તે માટે સખત તકેદારી રાખવામાં આવે છે. ઋષિકેશના મંદિર સામે વડ નીચે ખંડિત જૈન પ્રતિમાઓ છે. કેદારમાં પણ કેદાર પાર્શ્વનાથનું મંદિર હતું. હાલ ત્યાં પણ વસ્ત્ર અને હારના ચિહ્નવાળી એક જિનપ્રતિમા છે.

(જૈન સત્ય પ્રકાશ, ક્રમાંક: ૩૭.)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**કુમારગિરિ**—કુમારગિરિ અને કુમારીગિરિ પર કલિંગરાજ સુલોચનરાય અથવા શોભનરાયે પાંચ ગુફાઓ કોતરાવી હતી અને જિનાલય બનાવ્યું હતું. આ બંને તીર્થો "શત્રુંજયાવતાર" અને "ઉજ્જયંતાવતાર" તરીકે પણ પ્રસિદ્ધ હતાં. જે આજે ભુવનેશ્વરથી પાંચ માઇલ પશ્ચિમે ઉદયગિરિ અને ખંડગિરિ તરીકે પ્રસિદ્ધ છે, તેની ઉપર ૩૦ જૈન ગુફાઓ છે. તેમાં ૨૪ તીર્થંકરો ૨૪ દેવીઓની મૂર્તિઓ છે.

**જગન્નાથપુરી**—વિશાલાનગરીનો યુવરાજ શોભનરાય કોણિક-ચેટકના યુદ્ધ પછી કલિંગમાં પોતાના સસરાને ત્યાં આવી રહ્યો અને સસરાની પછી તે કલિંગનો રાજા બન્યો. તે પરમ જૈન હતો. તેણે પોતાની રાજધાની પાસે પુરીમાં ભગવાન શ્રીપાર્શ્વનાથનું તીર્થ સ્થાપ્યું હતું અને તેમાં ભગવાન શ્રીપાર્શ્વનાથની પ્રતિમા બિરાજમાન કરી હતી. "પુરીમાં છૂતાછુત નહિ" એ લક્ષણવાળા સાધર્મિક વાત્સલ્યે આ તીર્થને જગપ્રસિદ્ધ બનાવ્યું હતું. અને લોકો પણ તેને જગન્નાથજી તરીકે ઓળખતા હતા. આચાર્ય વજ્રસ્વામી બાર દુકાળીમાં શ્રીસંઘને લઈ અહીં આવ્યા હતા. ત્યાર બાદ શંકરાચાર્યના અત્યાચારથી જૈનધર્મ આ પ્રદેશમાંથી હટી ગયો. એટલે એ તીર્થ શૈવતીર્થ બની ગયું છે. છતાંય એ તીર્થની પ્રાચીન પ્રતિમા આજે પણ ત્યાં તે અસલી સ્વરૂપમાં જ વિદ્યમાન છે. જો કે દર બાર બાર વર્ષે તેની ઉપર લાકડાનું ખોળું ચડાવવામાં આવે છે, અને ખભા ઉપર બે હાથ જોડી દેવામાં આવે છે. કિન્તુ તેના નીચેના બે હાથો તો ધ્યાનસ્થ મુદ્રામાં જ રાખવામાં આવે છે. અમદાવાદ વગેરેમાં જગન્નાથજીનો વરઘોડો નીકળે છે તેમાં જગન્નાથજીની ત્રણ મૂર્તિઓની આકૃતિ એવી સંદિગ્ધ બનાવવામાં આવે છે કે "આ જિન પ્રતિમાઓ છે" એમ રખેને કોઈ જાણી જાય. જગન્નાથજી એ પ્રાચીન જૈનતીર્થ છે. આજે જૈનો અને સોનીને તેમાં પ્રવેશ કરવાની સાફ મના છે.

('ઓઘનિર્યુક્તિ' ગાથા ૧૧૯, 'જૈન સત્ય પ્રકાશ' ક્રમાંક: ૭૭)

ભગવાન શ્રીમહાવીરસ્વામી અને ગણધર શ્રીસુધર્માસ્વામીના સમયનાં તીર્થો નીચે પ્રમાણે છે:—

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ક્ષત્રિયકુંડ—કુંડગ્રામના ક્ષત્રિયકુંડ અને બ્રાહ્મણકુંડ એમ બે વિભાગ હતા. ક્ષત્રિયકુંડ પહાડની ઉપર હતું અને તેની પશ્ચિમે બ્રાહ્મણકુંડ પહાડની નીચે હતું. ક્ષત્રિયકુંડથી નીચે આવવા માટે જળમાર્ગ અને સ્થળમાર્ગ એમ બે જાતના રસ્તાઓ હતા. આ પહાડ પરનું ક્ષત્રિયકુંડ તે ભગવાન શ્રીમહાવીરસ્વામીનાં ત્રણ કલ્યાણકની ભૂમિ છે. રાજકુમાર જમાલી પણ ત્યાં જ થયેલ છે. આ સ્થાન અત્યારે નાશ પામ્યું છે અને ત્યાંથી પશ્ચિમે દોઢેક કોશ દૂર તીર્થમંદિર બનાવવામાં આવ્યું છે.

જો કે કેટલાક અંગ્રેજ વિદ્વાનો વિશાલાના એક પરાને ક્ષત્રિયકુંડ તરીકે માનવાને લલચાય છે. પરંતુ તે તેઓની માત્ર કલ્પના જ છે કેમકે ક્ષત્રિયકુંડ એ વિશાલાનું નહિ કિન્તુ કુંડગ્રામનું એક પરું છે, એ વસ્તુ તેના વર્ણન ગ્રંથોથી નિર્વિવાદ સિદ્ધ છે. અહીંથી પાવાપુરી લગભગ ૨ા યોજન દૂર છે તેથી જ ભગવાનના નિર્વાણની ખબર અહીં જલદી પહોંચી ગઈ હતી.

ઋજુવાલુકા તીર્થ—સમેતશિખર ઉપર ૨૦ તીર્થંકરો સપરિવાર મોક્ષે ગયા. આવા પવિત્ર ગિરિની તળેટીમાં મધુવનથી લગભગ ૩ કોશ પૂર્વમાં ઋજુવાલુકા નદી છે. તેના કિનારે મનોહર વૃક્ષઘટાઓ છે. શાલિ નામના વૃક્ષો પણ ઘણાં છે. પરમ શાન્તિનું વાતાવરણ જામેલું રહે છે. કુદરતી રીતે જ ધ્યાનથી સિદ્ધિ થાય એવા રમ્ય સંયોગો છે. ત્યાં ભગવાન શ્રીમહાવીરસ્વામીને વૈશાખ શુદ ૧૦ના ચોથા પહોરે કેવળજ્ઞાન થયું હતું. ભગવાને ત્યાં પહેલી દેશના આપી તે નિષ્ફળ ગઈ હતી. પછી ત્યાંથી ૧૨ યોજનનો વિહાર કરી ઉત્તરમાં રહેલ પાવાપુરીમાં જઈ વૈશાખ શુદ ૧૧ ના દિવસે દેશના આપી અને ત્યાં જ ચતુર્વિધ સંઘની સ્થાપના કરી હતી.

ઋજુવાલુકા એ ભગવાન શ્રીમહાવીરસ્વામીની કૈવલ્યભૂમિ છે. આ નદી બ્રાકર ગામ પાસે થઈને વહે છે માટે અંગ્રેજોએ આનું બીજું નામ બ્રાકર નદી રાખેલ છે.

રાજગૃહી—ભગવાન શ્રીમુનિસુવ્રતસ્વામીનાં ચાર કલ્યાણકની ભૂમિ. ભગવાન શ્રીમહાવીરસ્વામી પણ અહીં અનેકવાર સમોસર્યા

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હતા. અહીં જિનાલયો છે. રાજગૃહી પાસે જ વિપુલગિરિ, રત્નગિરિ, ઉદયગિરિ, સ્વર્ણગિરિ અને વૈભારગિરિ એ પાંચ પહાડીઓ છે, જેની ઉપર ભગવાન શ્રીમુનિસુવ્રતસ્વામી અને ભગવાન શ્રીમહાવીરસ્વામીના અનેક શ્રમણોએ ધ્યાન સાધના કરી હતી. આજે એ પાંચે પહાડો તીર્થરૂપ છે. પાંચે સ્થાનોમાં દેરીઓ છે. વિપુલાચલમાં અઈમત્તા મુનિ મોક્ષે ગયા હતા. વૈભારગિરિ પર ભગવાન શ્રીમહાવીરસ્વામી સમોસર્યા હતા. તેમના ૧૧ ગણધરો આ પહાડી પર નિર્વાણ પામ્યા હતા. ધન્ના શાલિભદ્ર વગેરે અનેક મુનિવરોએ પણ આત્મકલ્યાણ કર્યું. અહીં પાંચ ટૂંકો છે. દરેક ટૂંકમાં જિનાલયો છે. બીજી ટૂંક પર દેરીમાં ધન્ના શાલિભદ્રની પ્રતિમા છે. પાંચમી ટૂંક પર શ્રીગૌતમસ્વામીનું મંદિર છે. જેમાં ગણધરોની પાદુકાઓ છે. એ રીતે આ સિદ્ધક્ષેત્ર ગણાય છે.

નાલંદાપાડો અને ગુણાયાજી પણ ભગવાન શ્રીમહાવીરસ્વામીની ઉપદેશભૂમિઓ છે.

**ગજપદતીર્થ**—આ દશાર્ણ દેશનું તીર્થ છે. તેમાં દશાર્ણપુર નગર હતું, જેનું બીજું નામ એલકચ્છ (એલગચ્છ, એડકાક્ષપુર) હતું. તેની પાસે દશાર્ણકૂટ પર્વત છે. ભ૦ મહાવીરસ્વામી ત્યાં સમોસર્યા ત્યારે રાજા દશાર્ણભદ્રે વંદનઉત્સવ વિકુર્વ્યો, જેને જોઈ દશાર્ણભદ્રે નિરભિમાન ભાવ ધરી જિનદીક્ષા લીધી. દશાર્ણકૂટ ઉપર ઐરાવણ હાથીનાં પગલાં પડ્યાં હતાં તેથી તે કૂટનું બીજું નામ "ગજાગ્રપદ" થયું. આર્ય મહાગિરિજી જેઓ આર્ય સુહસ્તિસૂરિના ઉપાધ્યાય હતા તેઓ પાટલીપુત્રમાં વસુભૂતિ શેઠની ભક્તિમાં અનેષણા દોષ સમજી વિદિશામાં જીવિતસ્વામીની પ્રતિમાને વાંદી ગજાગ્રપદમાં યાત્રા માટે પધાર્યા, અને ત્યાં અનશન કરી સ્વર્ગે ગયા ને દેવ થયા.

( આ. નિ. ગા. ૧૨૯૩, હારિ. વૃત્તિ પૃ. ૬૭૦ )

આ સ્થાન માટે બે કલ્પનાઓ થઈ શકે છે.

૧ દશાર્ણપુર, એલકચ્છપુર, એલઉર, એલ્લુર, ઈલોરા, ગજાગ્રપદ, એડકચ્છ, એલકપુરગિરિ, એલ્લુરગિરિ, ઈલોરગિરિ.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૨ દશાર્ણપુર, એલકચ્છપુર, એલપુર, એલિચપુર :
ગજાગ્રપદ, એડકચ્છ, મેઢ્ગિરિ, મુગ્ધગિરિ, મુક્તગિરિ, મુક્તાગિરિ.

દશાર્ણદેશનું જુદા જુદા લેખકો નીચે પ્રમાણે વર્ણન આપે છે.
ભીમે દશાર્ણ દેશ જીત્યો હતો, જે પૂર્વ દશાર્ણ મનાય છે.
( 'મહાભારત', સભાપર્વ અ. ૩૨ )

નકુલે વિજયયાત્રામાં પશ્ચિમ તરફના દશાર્ણ દેશને જીત્યો હતો.
( 'મહાભારત', સભાપર્વ, અ. ૩૦ )

કવિ કાલિદાસ પણ દશાર્ણ દેશનું નામ આપે છે.
( 'મેઘદૂત' પૂર્વખંડ શ્લોક, ૨૫-૨૬ )

પ્રો. વિલસન લખે છે કે, સમ્રાટ અશોકના સમયે દશાર્ણ દેશની રાજધાની ચેતિયગિરિમાં હતી. પૂર્વ દશાર્ણને પેરિપ્લસમાં " ડાસરેન " નામથી ઓળખાવ્યો છે. આ પ્રદેશ " છત્તીસગઢ " જિલ્લામાં આવ્યો છે.
( 'વિષ્ણુપુરાણ', હોલની આવૃત્તિ, પુ૦ ૨, પૃ૦ ૧૬૦ ટિપ્પણી ૩)

પટ્ટણાનું દેશી રાજ્ય એમાં ગણાતું હતું.
( જ. એ. સો. બં. ૧૯૦૫, પા૦ ૭, ૧૪ )

ડો. ભાંડારકર લખે છે કે, પશ્ચિમ દશાર્ણમાં ભોપાળના રાજ્ય સહિત પૂર્વ માળવાનો સમાવેશ થાય છે. વિદિશા યાને ભીલસા એની રાજધાની હતી. ( 'દક્ષિણનો ઇતિહાસ' ખંડ-૩જો )

દશાર્ણપુર પાસે દશાર્ણ નદી હતી, જેનું બીજું નામ દસાન છે, જે આજે ધસાન તરીકે પ્રસિદ્ધ છે. તે ભોપાળ પાસેથી નીકળી બેટવા નદીમાં જઈ મળે છે. બેટવાનું જૂનું નામ વેત્રાવતી નદી છે.
( ડા. પી. કૃત. 'ભૌગોલિક કોશ' ખંડ બીજો )

પુરાતત્ત્વપ્રેમીઓ ભીલસાને જ વિદિશા નગરી માને છે. સાંચી એ પણ ભીલસાની પાસેની સત્યપુરી નગરી જ છે.

જીવિતસ્વામી—ચંપાનો કુમારનંદી સોની અગ્નિમાં બળી મરી વિદ્યુન્માલી દેવ થયો. તેણે છદ્મસ્થ ભગવાન શ્રીમહાવીરસ્વામીની

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પ્રતિમા બનાવી સિન્ધુ સોવીર દેશના રાજા ઉદાયીની પાસે પહોંચતી કરાવી હતી. રાજા તેની ત્રિકાળ પૂજા કરતો હતો. એક દિવસે માલવ-રાજ ચંડપ્રદ્યોત તેની અતિશય રૂપાળી સુવર્ણગુલિકા નામની દાસી તથા આ પ્રતિમાને હરીને ઉજ્જૈન લઈ આવ્યો. જો કે ઉદાયી રાજાએ અહીં આવી ચંડપ્રદ્યોતને હરાવી પાંજરામાં પૂરી આ પ્રતિમાને લઈ જવા પ્રયત્ન કર્યો કિન્તુ અધિષ્ઠાયક દેવે લઈ જવાની મના કરી. આથી ઉદાયીએ તેને ત્યાં વિદિશામાં જ રાખી અને પછી વીત-ભયનગર ચાલ્યો ગયો. તેણે ચંડપ્રદ્યોતને સાધર્મિક બન્ધુ જાણી માલવાનું રાજ્ય આપી ત્યાંથી જ પાછો રવાનો કરી દીધો હતો. ચંડપ્રદ્યોતે વિદિશામાં આવી ત્યાં ભ્રાજિલ શ્રાવકના નામથી શહેર વસાવ્યું અને તેની વ્યવસ્થા માટે બાર હજાર ગામ આપ્યાં ત્યારથી આ તીર્થ જીવિતસ્વામી તરીકે પ્રસિદ્ધિ પામ્યું. આર્ય મહાગિરિ અને આર્ય સુસ્થિતસૂરિ અહીં યાત્રા માટે અનેકવાર પધાર્યા હતા. આ પ્રતિમાનો વરઘોડો ઉજ્જૈનમાં પણ ફેરવવામાં આવતો હતો. આવાં કારણોથી આ તીર્થ પ્રાચીન ગણાય છે.

( 'ઓઘનિર્યુક્તિ' ગાથા ૧૧૯ )

આ સિવાય નાંદિયા, નાણા, દિયાણા, બામણવાડ, મુંડસ્થલ અને ભિન્નમાલમાં ભગવાન શ્રીમહાવીરસ્વામી પધાર્યાનો અને જીવિતસ્વામીની પ્રતિમા હોવાનો લોકપ્રવાદ છે. સંભવ છે કે જૈના-ચાર્યો શંકરાચાર્યના અત્યાચારથી પૂર્વદેશ છોડીને આ તરફ આવ્યા ત્યારે તેઓએ ત્યાંની અતિ પ્રાચીન જિન પ્રતિમાઓને આ સ્થાને લાવી બેસાડી હશે. લોકપ્રવાદમાં કંઈક સાપેક્ષ તથ્ય હશે, જેનો ઐતિહાસિક ઊકેલ મળતો નથી. દિયાણા, નાંદિયાની પ્રતિમાઓ એકદમ પ્રાચીન શિલ્પનો નમૂનો રજૂ કરે છે જ. મુંડસ્થલમાં વીરજન્મથી ૩૭મા વર્ષે ભગવાન અહીં વિચર્યા હતા ત્યારે રાજા પુણ્યપાલે ( નૂનપાલે ) ગણધર શ્રીકેશીસ્વામીની પાસે ભગવાન શ્રીમહાવીરસ્વામીની અહીં પ્રતિષ્ઠા કરાવી એવો વિ. સં. ૧૪૨૬નો સંસ્કૃતમાં ઉતારેલો લેખ મળી આવે છે. અંચલગચ્છીય આચાર્ય મહેન્દ્રસૂરિજી પણ આ ઘટનાને સાચી હોવાનું લખે છે. આ સિવા-

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

યનાં ઉપરનાં બીજાં તીર્થોમાં વિક્રમની બારમી, તેરમી અને ચૌદમી સદીના શિલાલેખો છે. ગમે તે હોય પણ આ ભૂમિ વિશેષ પ્રાચીન તીર્થભૂમિઓ છે.

પ્રયાગ—મહર્ષિ અર્ણિકાપુત્રના નિર્વાણસ્થાનથી પ્રયાગ તીર્થરૂપ થયું. અહીં ભગવાન શ્રીઋષભદેવજીને કેવળજ્ઞાન થયું હતું. મુનિવર અર્ણિકાપુત્રની ખોપરી નદીમાં તણાતી જ્યાં સ્થિર થઈ ત્યાં જ પાટલનું વૃક્ષ ઉગવાથી પાટલીપુત્ર નામે નગર વસ્યું.

પાવાપુરી—ભગવાન મહાવીરસ્વામીની આ નિર્વાણભૂમિ છે. ત્યાં ભગવાનના ચોમાસાના સ્થાને ગામમાં ભવ્ય જિનાલય છે. સમોસરણના સ્થાને સ્તૂપ છે, અગ્નિસંસ્કારના સ્થાને ચોરાશી વીઘાનું પાણીથી લહેરાતું તળાવ છે અને તેની વચ્ચે જળમંદિર છે. જળમંદિરની પાળ ઉપર પણ સમોસરણનો સ્તૂપ અને જિનમંદિર છે. ભગવાનના અગ્નિસંસ્કારના સ્થાને લોકો રાખ વગેરે લઈ ગયા એટલે મોટો ખાડો પડયો અને રાજા નંદિવર્ધને તેને સારી રીતે ખોદાવી જળમંદિર બનાવી તેમાં ભગવાન શ્રીમહાવીરસ્વામી ગણધર શ્રીગૌતમસ્વામી અને ગણધર શ્રીસુધર્માસ્વામીની નાની પાદુકાઓ સ્થાપિત કરી.

મંદિરનો જીર્ણોદ્ધાર કરતાં પાયામાંથી અઢીહજાર વર્ષની પુરાણી મોટી ઈંટો નીકળી હતી.

આ મંદિરમાં જિનપ્રતિમાઓ પણ રાખવામાં આવતી હતી.

આજે ભગવાન શ્રીમહાવીરસ્વામીની ચરણપાદુકા પર પાંચ લાખ રૂપિયાની રત્નજડિત મનોહર આંગી છે. જળમંદિર એ અપૂર્વ શાન્તિનું ધામ છે. જીવંત તીર્થ છે. ભગવાન શ્રીમહાવીરસ્વામીએ પ્રથમ સંઘ સ્થાપના પણ આ પાવાપુરીમાં કરી હતી. ગામનું અસલ નામ તો અપાપાપુરી હતું, પરંતુ ભગવાનનું નિર્વાણ થવાથી પાવાપુરી નામ પડેલું છે. આજે તે ગામ પાવા અને પુરી એમ બે વિભાગમાં વહેંચાઈ ગયું છે.

બિહારના ગુણાયા તીર્થમાં અને ગુજરાતના પાનસરતીર્થમાં પાવાપુરી—જલમંદિરનાં સ્થાપના તીર્થો બન્યાં છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# પ્રકરણ બીજું

## આર્ય શ્રીજંબૂસ્વામી

મહાન યુગપ્રધાન શ્રીસુધર્માસ્વામીના ધર્મોપદેશથી અનેક આત્માર્થી ભવ્ય જીવોએ સત્યધર્મ સ્વીકારી આત્મકલ્યાણ સાધ્યું હતું. તેમાંના કેટલાયે જીવોએ મોક્ષમાર્ગની નિસરણીરૂપ સાધુધર્મ પણ સ્વીકાર્યો હતો, એમાં શ્રીજંબૂસ્વામી મુખ્ય હતા. શ્રીસુધર્માસ્વામીની દેશનામાં એ તાકાત અને શક્તિ હતી કે ભલભલા નવયુવાનો, રાજા-મહારાજા અને મોટા ધનકુબેરના સુપુત્રો ઘરની અઢળક લક્ષ્મી, માતા પિતા અને યુવાન સ્ત્રીઓનો મોહ છોડી દઈ સાધુપણું સ્વીકારતા હતા. એ નવયુવાનોમાં શ્રીજંબૂસ્વામી શિરોમણિ હતા.

આજથી અઢી હજાર વર્ષ પૂર્વેની મગધદેશની રાજધાની રાજગૃહી નગર શ્રીજંબૂસ્વામીનું જન્મસ્થાન હતું. રાજગૃહી નગર મગધની રાજધાનીના જ ગૌરવનું નહિ કિન્તુ તે વખતે સમસ્ત ભારતની લક્ષ્મી, વૈભવ, સંસ્કૃતિ અને અસ્મિતાનું મહાન કેન્દ્ર હતું. રાજગૃહીનું સુપ્રસિદ્ધ નાલંદાવિદ્યાલય એક વખતે સમસ્ત ભારતીય વિદ્યાનું પરમ ધામ હતું. જૈનધર્મના મહાન ત્યાગમૂર્તિ શ્રમણો ત્યાં વિચરતા અને ત્યાંના મુમુક્ષુ વિદ્યાર્થી વર્ગને અહિંસા, સંયમ અને તપનો ઉપદેશ આપતા હતા. જગતમાં શાંતિ, ઐક્ય, પ્રેમ અને મૈત્રી ભાવનાનાં આંદોલનો ફેલાય, આર્ય સંસ્કૃતિનો વિકાસ થાય અને માનવી સાચો મનુષ્ય બને તેવું શિક્ષણ તેઓ આપતા હતા. ભગવાન શ્રીમહાવીર સ્વામીએ અનેકવાર આ નગરને પાવન કર્યું હતું. રાજગૃહી નગરના નાલંદા-

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પાડામાં તેમણે ચૌદ ચાતુર્માસ ગાળ્યાં હતાં, મગધનો સમ્રાટ શ્રેણિક ભંભાસાર–બિંબિસાર તેમનો ભક્ત બન્યો હતો. એ રીતે જૈન-ધર્મનો અનન્ય ઉપાસક મનાતો હતો. એની રાજરાણીઓએ અને રાજકુમારોએ ભગવાન મહાવીર પાસે દીક્ષા સ્વીકારી આત્મકલ્યાણ સાધી જૈનધર્મના પ્રચારમાં સુંદર ફાળો આપ્યો હતો.

આવી જ રીતે રાજગૃહીનગરમાં શ્રીગૌતમબુદ્ધે પણ ઘણી વાર પધારી બૌદ્ધધર્મનો ઘણો પ્રચાર કર્યો હતો. બૌદ્ધધર્મના વિહારો ત્યાં વિપુલ સંખ્યામાં હતા. મગધરાજ બિંબિસાર એક-વાર બૌદ્ધધર્મ તરફ આકર્ષાયો હતો, કિન્તુ ભગવાન શ્રીમહાવીર-સ્વામી અને અનાથીમુનિ વગેરે જૈન શ્રમણોના પરિચય પછી તો એ જૈનધર્મનો દૃઢ ઉપાસક–પરમાર્હત થયો હતો, મગધરાજ શ્રેણિકમાં જૈનધર્મની અનેકાન્તવાદની દૃષ્ટિનો બહુ જ સુંદર વિકાસ થયો હતો. આથી જ એની છત્રછાયામાં જૈનધર્મ સિવા-યના કોઈ પણ ધર્મ કે મત ઉપર કે તેના પ્રચાર ઉપર કોઈ પણ જાતનો અવરોધ કે દબાણ ન હતું. જૈનધર્મ રાજધર્મ થવા છતાંય બૌદ્ધધર્મ અને વૈદિકધર્મના ધર્મગુરુઓ તેમજ અજિતકેશકમ્બલી, ગોશાલો વગેરે નવીન ધર્માચાર્યો સ્વમત–સ્વધર્મનો સ્વતંત્ર રીતે વિના રોકટોક પ્રચાર કરી રહ્યા હતા. રાજગૃહી તે વખતે અનેક ધર્મના ધર્માચાર્યોનું કેન્દ્ર બન્યું હતું. અનેક વિદ્યાઓ, કલા અને વિજ્ઞાનના આ વિશિષ્ટ ધામમાં શાલિભદ્ર, ધન્નો, કયવન્નો, મમ્મણ-શેઠ અને ઋષભદત્ત જેવા ધનકુબેરો પણ વસતા અને પોતાની લક્ષ્મીથી રાજગૃહીને શોભાવી રહ્યા હતા. રાજગૃહી તે વખતે ભારતમાં શ્રી અને ધીનું મહાન ધામ હતું. રાજગૃહીમાં અનેક શાહ સોદાગરો દેશપરદેશથી આવતા હતા. તેઓ પોતાનો માલ વેચી, રાજગૃહીમાંથી નવો માલ ખરીદી એ માલ હિંદ અને હિંદની બહાર લઈ જતા. અહીં 'કુત્રિકાપણ' હતી. દુનિયામાં મળતી કોઈ પણ ચીજ એ દુકાનેથી મળી શકતી હતી. દૂરદૂરના પંડિતરત્નો પણ અહીં આવી પોતાની બુદ્ધિ પ્રતિભાને ચમકાવતા અને પોતાનો જ્ઞાનનિધિ અહીં ખુલ્લો મૂકતા, વાદવિવાદ–

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

રાજય અને શાસ્ત્રીય ચર્ચાઓ કરતા. મહારાજા શ્રેણિક અને મંત્રીશ્વર અભયકુમાર નિષ્પક્ષપણે ચર્ચાઓ સાંભળી યોગ્ય ન્યાય આપતા હતા. વિજેતાઓને યોગ્ય પારિતોષિક આપતા અને પદવીથી અલંકૃત કરવામાં આવતા. તે વખતના ભારતીય દર્શનના અનેક આચાર્યો પણ એ રાજસભામાં સ્વપક્ષ સિદ્ધિ માટે પ્રયત્ન કરતા હતા. રાજાને પણ પોતાના પક્ષ તરફ આકર્ષવાના વિવિધ પ્રયત્નો ચાલતા. પરંતુ મહારાજાની અનેકાન્તવાદરૂપી અમૃતાંજનથી પરિશોધિત થયેલી વિશુદ્ધ દૃષ્ટિ સત્ય શોધી કાઢતી અને એ ધર્માચાર્યને પણ સત્ય સંભળાવતાં રાજા અચકાતો નહિ. રાજાનો અંતિમ ચુકાદો સાંભળી વિરોધપક્ષ મોંમાં આંગળી ઘાલી દેતો અને રાજાના ન્યાયની તારીફ કરતો હતો. સમ્રાટ શ્રેણિકની પ્રશંસા વિશાલાના ગણતંત્ર રાજયમાં થતી. કાશી, કોશલ, અવન્તી, અને સિંધુ–સૌવીરના રાજાઓ પણ રાજગૃહીની રાજલક્ષ્મી તરફ સદાયે લુબ્ધ દૃષ્ટિએ જોતા અને સમ્રાટ બિંબિસાર–શ્રેણિકની પ્રશંસા કરતા.

વીરનિર્વાણ પૂર્વે ૧૬ વર્ષે આવા સુંદર રાજગૃહી નગરમાં જંબૂકુમાર જન્મ્યા હતા. તેમના પિતાનું નામ ઋષભદત્ત અને માતાનું નામ ધારિણીદેવી હતું. એમના માતા–પિતાએ એમને વ્યાવહારિક અને ધાર્મિક જ્ઞાન તેમજ સંસ્કાર પણ બહુ જ સારા આપ્યા હતા. જંબૂકુમાર બીજના ચંદ્રની માફક વિકાસ પામી રહ્યા હતા. એકવાર ભગવાન શ્રીમહાવીરસ્વામીના પાંચમા ગણધર શ્રીસુધર્માસ્વામી વિહાર કરતા ત્યાં પધાર્યા અને તેમણે ધર્મોપદેશ આપવા માંડયોઃ

अनित्यानि शरीराणि, विभवो नैव शाश्वतः ।
नित्यं सन्निहितो मृत्युः, कर्तव्यो धर्मसंग्रहः ॥

આ ઉપદેશ સાંભળી જંબૂકુમારને વૈરાગ્ય થયો. તેનો સુષુપ્ત આત્મા આ સુંદર ધર્મદેશના સાંભળી પ્રમુદિત બન્યો. તેણે ઉપદેશને અંતે શ્રીસુધર્માસ્વામીની પાસે જઈ વિનતિ કરી, "પ્રભુ મને દીક્ષા લેવાની ભાવના થઈ છે માટે આપ અહીં રોકાઈ જાઓ."

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સુધર્માસ્વામીએ કહ્યું, "જંબૂ! આ શુભ કાર્યમાં પ્રમાદ ન કરીશ."

જંબૂકુમાર 'તથાસ્તુ' કહી ઘરે આવવા નીકળ્યો. તેના હૃદયમાં દીક્ષાની ભાવનાનાં પૂર ઊછળી રહ્યાં હતાં. દીક્ષા લીધા પછી આવી રીતે સંયમ પાળી આત્મકલ્યાણ કરીશ એમ તે વિચારી રહ્યો હતો અને ચાલતાં ચાલતાં નગરના દરવાજા પાસે આવી પહોંચ્યો ત્યારે જંબૂકુમાર જ્યાં દરવાજા નજીક આવ્યો કે તે જ સમયે એક મોટી પથ્થરની શિલા એની નજીકમાં જ આવી પડી અને મોટો અવાજ થયો. જંબૂકુમાર વિચારમાંથી જાગૃત થયો અને જોયું તો પાસે જ એક જબરજસ્ત પથ્થર આવી પડ્યો હતો. આ અકસ્માત ઘટનાથી તેને વિચારો આવ્યા કે જો આ પથ્થર મારા ઉપર જ પડ્યો હોત તો શું થાત? મૃત્યુને વાર ન હતી. શું મનુષ્યનું આયુષ્ય આવું ક્ષણિક છે? અસ્થિર છે? તો પછી અહીંથી જ પાછા ફરી ગુરુદેવ પાસે જઈ પ્રથમ જાવજ્જીવનું ચતુર્થ વ્રત લઈ આવું તો ઠીક. જંબૂકુમાર દરવાજેથી પાછો વળ્યો અને શ્રીસુધર્માસ્વામી પાસે જઈ બ્રહ્મચર્યવ્રત સ્વીકારી ઘેર આવ્યો.

તેણે ઘેર આવી પોતાની દીક્ષા લેવાની મનોભાવના માતપિતાને જણાવી, અને "હું તો બ્રહ્મચર્યવ્રત પાળવાની પ્રતિજ્ઞા લઈને આવ્યો છું" એ પણ જણાવ્યું. આ સાંભળી માતપિતાને બહુ જ દુઃખ અને આશ્ચર્ય થયું. પિતાએ પુત્ર માટે મોટી મોટી આશાઓના મહેલ બાંધી, રાજગૃહીમાં મોટા મોટા ધનકુબેરોની કન્યાઓ સાથે જંબૂકુમારનું સગપણ કર્યું હતું, ત્યાંથી પહેરામણીમાં અઢળક ધન આવશે, કુમાર આવો વ્યાપારી થશે, અમારું નામ કાઢશે અને પુત્રના પુત્રને હું રમાડીશ, પિતાએ આવી આવી ઘણીએ આશાઓ દિલમાં સંઘરી રાખી હતી, પરંતુ પુત્રની વાતો સાંભળી તેમના ઉપર જાણે દુઃખનું આભ તૂટી પડ્યું હોય એમ લાગ્યું. માતાને પણ અનેક આશાઓ હતી. શ્રીમંતોના ઘરની અપ્સરા જેવી કન્યાઓ ઘરમાં આવશે, હીરા અને મોતીના દાગીનાઓથી ઘર અજવાળશે, રૂમઝુમ પગલે ઘરમાં ફરશે, ઘરમાં

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આનંદ કલ્લોલ થતો રહેશે, તે ઘરની લક્ષ્મીઓ બની રહેશે, એમને પુત્રો થશે, તેમને રમાડીશ, અને પુત્રના પુત્રોને પણ પરણાવીશું વગેરે વગેરે. આ કલ્પનાઓનો એકદમ ભાંગીને ભુક્કો થઇ જતાં માતાને પારાવાર દુ:ખ થયું. માતાપિતાએ પુત્રને રોકી રાખવા ઘણા પ્રયત્નો કર્યા પરંતુ જંબૂકુમારે તે દરેકના સચોટ ઉત્તર વાળ્યા.

માતા:—"બેટા! ઉઘાડે માથે અને ખુલ્લે પગે વિચરવું; ટાઢ, તડકો, ઠંડી, ગરમી, વગેરેના દુ:ખો સહેવાં, ભિક્ષા અટન કરવું, જમીન પર એક આસને સૂવું વગેરે કષ્ટો તારાથી સહન નહિ થાય. સાધુજીવન તારાથી પાળી શકાવું દુર્લભ છે. તું ઘરમાં રહીને સાધુ જેવું જીવન પાળજે, પણ અમને છોડીને ન જઈશ."

જંબૂકુમાર:—"માતાજી! આપની વાત વિચારવા જેવી છે પરંતુ આપ જાણો છો કે આવાં દુ:ખો તો જંગલના પશુઓ પણ સહે છે. આ જીવે અનેક ભવોમાં તમે કહ્યાં તેથીયે વધુ આકરાં દુ:ખો સહ્યાં છે, એટલે આત્મકલ્યાણના અર્થીને તો આવાં પૌદ્ગલિક દુ:ખોની ગણના જ ન હોય."

માતા:—"બેટા! તારા પિતાની સામું તો જો. તારા દીક્ષાના વિચારો સાંભળી તેમનું મુખ કરમાયેલા માલતીના ફૂલ જેવું થઈ ગયું છે. તું એકનો એક પુત્ર છે. તને ભણાવ્યો, ગણાવ્યો, કુશળ બનાવ્યો. હવે તું એમનો ભાર ઓછો કરી વેપાર ચલાવ. દુકાનો સંભાળ અને એમને શાંતિ આપ."

પુત્ર:—"માતાજી! મારી તો ઈચ્છા છે કે એમને સાચી શાંતિ આપું અને હુંયે શાંતિ મેળવું. દીક્ષા લેવાથી સદાની સાચી શાંતિ પ્રાપ્ત થશે. આ લક્ષ્મી ક્ષણભંગુર છે, ક્યારે કઈ રીતે જશે તેની કોઈનેય ખબર નથી."

માતા:—"બેટા! બોલવામાં તું મને નહિ જીતવા દે. પણ એ તો વિચાર કર, અહીંના આઠ ગૃહસ્થોની આઠ કન્યાઓ સાથે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તારું સગપણ થયું છે. એને શું જવાબ આપીશું ? સગપણ તોડાય નહિ અને તું દીક્ષા લે પછી અમે દુનિયાને કઈ રીતે અમારું મોં બતાવીશું ?"

પુત્ર :—" માતાજી ! એ તો બધુંયે થઈ રહેશે. હું બ્રહ્મચર્યની પ્રતિજ્ઞા લઈને આવ્યો છું. એ તો પાળવાની જ છે. હું બીજાના ક્ષણિક આનંદ માટે અને ક્ષણિક સ્વાર્થ માટે આત્મકલ્યાણના માર્ગથી પાછો વળું, એ તો બને એમ નથી. જો સૂર્ય પૂર્વને બદલે પશ્ચિમમાં ઊગે તોય મારી પ્રતિજ્ઞામાં ફેરફાર નહિ થાય. બીજું આ જીવે અનંતકાળમાં અનંત જીવો સાથે અનંતીવેળા પુત્ર, માતા, પિતા, પત્ની, ભાઈ, બેન વગેરે અનેક સગપણો કર્યાં છે. માટે આપણે કોની કોની સાથે કેટલા ભવ સુધી બંધન માનવાનાં હતાં. માતાજી ! તમે મને આપેલા સંસ્કાર અને શિક્ષણનું સાચું સુખ આત્મિક શાંતિમાં છે. શાશ્વત સુખ એ જ આત્મિક સુખ છે. આ તો બધું ક્ષણિક સુખ છે, માટે મારે ક્ષણિક સુખ માટે નહિ, કિન્તુ આત્મિક સુખ માટે જ પ્રયત્ન કરવો છે."

આ સાંભળી માતાએ મનમાં વિચાર્યું કે, " હવે આ પુત્ર અમારું કહ્યું માને તેમ નથી. પરંતુ એને પરણાવી દઉં તો માત્ર સ્ત્રીઓના કમળ જેવા મુખડાં, તેમનું હાસ્ય–પ્રેમ અને આંસુ આને રોકી શકશે. એટલે હવે વધુ કહ્યા સિવાય આને જલદી પરણાવી બંધનમાં બાંધી દેવો જોઈએ. મોટાં બંધનો તૂટી શકે પરંતુ અદૃશ્ય પ્રેમતંતુ તૂટી શકતો નથી. ખરેખર, પ્રેમતંતુ તોડવો કઠિન હોય છે." આમ વિચારી આંખમાં આંસુ લાવી માતા પુત્રને સમજાવવા લાગી.

માતા :—" બેટા ! જેવી તારી મરજી. પણ જેની સાથે તારું સગપણ કર્યું છે, તેમની સાથે તું લગ્ન કરી લે, પછી તારી મરજીમાં આવે તેમ કરજે. પછી વહુઓ જાણે અને તું જાણે."

જંબૂકુમાર :—" માતાજી ! એમને કહેવરાવી દો, જંબૂ દીક્ષા લેવાનો છે. કાલે દીક્ષા લેશે માટે વિચારીને જે કરવું હોય તે કરે."

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જંબૂકુમારના પિતાજીએ આ સંવાદ સાંભળી. પોતાના વેવાઈઓને જઈને ખબર આપ્યા. એ વેવાઈઓએ પણ પોતાની પુત્રીઓને પૂછી જોયું. ઉત્તરમાં કન્યાઓએ પણ એક જ જવાબ આપ્યો કે, "અમારા પતિ તો જંબુ કુમાર જ છે. તેઓ જે માર્ગે જશે એ માર્ગે અમે પણ જઈશું." सकृत् कन्या प्रदीयते" માટે અમારું લગ્ન તો જંબૂકુમાર સાથે જ થાય એ જ અમારી ઇચ્છા છે." બસ, પછી તો લગ્નમુહૂર્ત જોવાયું, ઘડિયાં લગ્ન લેવાયાં અને જંબૂકુમારનું ખૂબ જ ધામધૂમથી આઠ કન્યાઓ સાથે લગ્ન થયું. તેમાં સમુદ્રશ્રી, પ્રભશ્રી, પ્રભસેના અને કુબેરસેના આ ચાર કન્યાઓ જંબૂકુમારની દેવભવની સ્ત્રીઓ હતી. નભસેના, કનકશ્રી, કનકવતી, અને જયશ્રી એમ બીજી ચાર કન્યાઓ હતી આ આઠ કન્યાઓ સાથે લગ્ન થયું. કન્યાદાનમાં એટલું બધું ધન આવ્યું કે ધનનો ઢગલો કરે તો સોનાનો ડુંગરો થાય. માતાપિતાએ પણ ખૂબ ધન વાપરી લગ્નોત્સવ ઊજવ્યો. હવે એમને શાંતિ થઈ અને લગ્નના બંધનને પુત્ર જલદી ન તોડી શકે એમ એમણે માન્યું. પરંતુ એમની આ આશાઓ કેવી ઠગારી નિવડશે એ એમને ખબર ન હતી. રાત્રિ પડી એટલે આઠે સ્ત્રીઓ શયનગૃહમાં પહોંચી ગઇ અને જંબૂકુમાર પણ શયનગૃહમાં ગયા.

વૈરાગ્યમૂર્તિ, અને પરમ શાંત સ્વભાવી જબુકુમારને જોતાં જ આઠે સ્ત્રીઓ ઠરી ગઈ. જંબૂકુમારની અવિકારી દૃષ્ટિમાં આત્મિક પ્રેમની દિવ્ય જ્યોતિ ઝળહળી રહી હતી. જંબુકુમારના મુખારવિંદ ઉપર ઉજ્જવળ ચારિત્ર, શુદ્ધ બ્રહ્મચર્ય, સાત્ત્વિકવૃત્તિ અને શાંતિની રેખાઓ અંકાઈ રહેલી નજરે પડતી હતી.

જંબૂકુમારે ફૂલ વરસાવતી મીઠી વાણીમાં હસતાં હસતાં આઠે સ્ત્રીઓને કહ્યું "ભગિનીઓ ! અહીં નજીક આવો. આપણે થોડી અંતરની વાતો કરી લઈએ. એક બીજાનાં હૃદય વાંચીએ.

પહેલી એક વાત એ છે કે, એક વાર તમે બધાં લજ્જા અને શરમના પડદાને દૂર કરો અને આપણું આત્મિક સગપણ સંભાળો. આવો, આપણે જૂનો સંબંધ તાજો કરીએ."

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આ અમૃત જેવાં મીઠાં વચનો સાંભળતાં જ આઠે કુળવધૂઓના અંતરમાં જ્ઞાનના દીવડા પ્રગટ્યા, આત્મજ્યોતિના અજવાળાં છવાઈ ગયાં. છતાંયે બધી હિંમત એકઠી કરી આઠે પત્નીઓએ પોતાનો પક્ષ સ્થાપવા વાદચર્ચા–વિવાદ શરૂ કર્યો.

આઠે સ્ત્રીઓએ પતિનું શરદ પૂર્ણિમાના ચંદ્ર જેવું ઉજ્જવળ નિર્મળ મુખડું જોઈ વિચાર્યું' वज्रादपि कठोरः पुष्पादपि सुकुमारः આ શાંત સ્વભાવી જંબૂ કુમાર વજ્ર જેવો કઠોર વૃત્તિવાળો છતાંય પુષ્પોથી પણ સુકુમાર છે. માટે જીતશે તો એ જ. છતાંય પ્રયત્ન કરી જોઈએ.

બરાબર આ જ વખતે પ્રભવ નામે પ્રસિદ્ધ ચોર પોતાના ૪૯૯ સાથીદારો સાથે જંબૂ કુમારને ત્યાં ચોરી કરવા આવ્યો. તે ઘરના બધા માણસોને અવસ્વાપિની નિદ્રામાં ઊંઘાડી દઈ, તાળાં તોડવાની કળાથી તાળાંઓ ઉઘાડતો ઠેઠ સાતમે માળે જ્યાં જંબૂ-કુમાર પોતાના વિલાસભવનમાં આઠે સ્ત્રીઓ સાથે વાર્તાલાપ ચલાવી રહેલ છે, ત્યાં આવ્યો.

એણે ધાર્યું હતું તે કરતાં અહીં જુદું જ નિહાળ્યું. શાંતિથી પોતે ઊભો રહ્યો અને વાર્તાલાપ–કથાવિનોદ સાંભળવા લાગ્યો.

અહીં આઠે સ્ત્રીઓએ કહેલ કથાઓ રસિક, મોહક અને આકર્ષક છે તેમ જ રહસ્યપૂર્ણ પણ છે. જ્યારે જંબૂ કુમારે આઠે સ્ત્રીઓની કથાઓના જવાબમાં કહેલી કથાઓ પણ બોધપ્રદ વૈરાગ્ય-પોષક અને શાંત ધર્મોપદેશરૂપ છે. લંબાણના ભયથી તે કથાઓ અહીં આપી નથી. ખેડૂત, કાગડો, વાંદરાનું યુગલ, કોલસા પાડ-નાર, નૂપુરપંડિતા, વિદ્યુન્માલી વિદ્યાધર, શંખધમક, ઋદ્ધિ અને સિદ્ધિ, ઉન્માર્ગે ન જનાર જાતવાન ઘોડો, માસા, હંસ, ગ્રામ-કૂટક અને ત્રણ મિત્રો વગેરેની કથાઓ વાંચી સાર ગ્રહણ કરી જીવનમાં ઉતારવા જેવો છે.

આ કથાઓ સાંભળી પ્રભવો ચોર સમ્યક્ત્વ પ્રાપ્ત કરી બોધ પામે છે. આઠે સ્ત્રીઓ પણ પ્રતિબોધ પામી પતિની અનુગામિની

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

બનવા એટલે પ્રાતઃકાળે જ તેમની સાથે સંયમમાર્ગે સંચરવા તૈયાર થાય છે.

સવારમાં જંબૂકુમારના માતપિતા જાગે છે ત્યારે બધી વસ્તુ સાંભળી તેઓ પણ જંબૂના માર્ગે પ્રયાણ કરવાની તત્પરતા દાખવે છે. ત્યાં તે આઠે સ્ત્રીઓના માતપિતાને આ સમાચાર પહોંચે છે, તેઓ પણ ઋષભદત્ત શેઠને ત્યાં આવે છે. બધા સમાચાર સાંભળી આઠે વધૂઓના માબાપ પણ દીક્ષા માટે તૈયારી બતાવે છે.× લગ્નોત્સવ બાદ દીક્ષાનો ઉત્સવ ઉજવાય છે. આખી રાજગૃહીમાં આ વાત પવનવેગે ફેલાય છે. કુળપરિવારની સાથે જંબુકુમાર શ્રીસુધર્માસ્વામી પાસે ૧૬ વર્ષની ભરયુવાનીમાં વીર સંવત ૧ માં દીક્ષા સ્વીકારે છે. જંબુકુમારના માતાપિતા આ દીક્ષા ઉત્સવમાં નવાણું ક્રોડ સોનામહોરો ખરચે છે અને તેઓ પણ પુત્રના માર્ગે–સંયમમાર્ગમાં પ્રવેશ કરે છે.

દીક્ષિત બન્યા પછી શ્રીજંબુસ્વામી ટૂંક મુદતમાં જ ખૂબ સુંદર શાસ્ત્રજ્ઞાન મેળવે છે. યાવત્ સંપૂર્ણ દ્વાદશાંગીના ધારક શ્રુતકેવલી બને છે. ભૂતલમાં વિચરી અનેક જીવોનું કલ્યાણ કરે છે. ઉજ્જવલ ચારિત્ર, અખંડ બ્રહ્મચર્ય, સુંદર તપ અને અપૂર્વજ્ઞાનથી જંબુ મુનીશ્વર વધુ ઉજ્જવળ બની પોતાનું જીવન અમર બનાવી જાય છે.

ઇતિહાસ કહે છે કે—આ કાળમાં અંતિમ કેવળી અને અંતિમ નિર્વાણપદ પ્રાપ્ત કરનાર આ જ મહાપુરુષ છે. તેમની પછી આ ભરતખંડમાં નથી કોઈ જીવ કેવળી બન્યો કે નથી કોઈ જીવ મોક્ષ ગયો.

તેમણે જે મહાન મુક્તિસુખના આદર્શ માટે સાંસારિક સમસ્ત સુખોને તિલાંજલિ આપી હતી, જે સિદ્ધિવધૂના અનુપમ અદ્ભુત દૃઢપ્રેમને લીધે આઠ આઠ અપ્સરા સરખી સ્ત્રીઓનો અને ધનનો ત્યાગ કર્યો હતો તે મુક્તિ સુખ–શિવવધૂ તેમને

× "...जनकजाया चौरबोधोऽथ जम्बूः" ('પટ્ટાવલી સમુચ્ચય' પૃ. ૨૫)

जैन साईट JAINSITE जैन जयति शासनम्
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

મળ્યાં અને શિવવધૂએ પણ જાણે જંબુ ઉપરના સાચા અને દૃઢ અનુરાગથી જ હોય તેમ જંબૂસ્વામીને વિજયમાળા આરોપ્યા પછી અદ્યાપિ બીજા કોઈ પુરુષને વિજયમાળા આરોપી નથી, અને એટલા જ માટે કવિવરે ગાયું છે કે—

"मत्कृते जम्बूना त्यक्ता, नवोढा नवकन्यकाः ।
तन्मन्ये मुक्तिवध्वाऽन्यो, न वृतो भारतो नरः ॥
चित्तं न नीतं वनिताविकारैर्वित्तं न नीतं चतुरैश्च चौरैः ।
यद्देहगेहे द्वितयं निशीथे, जम्बूकुमाराय नमोऽस्तु तस्मै" ॥

( 'પટ્ટાવલી સમુચ્ચય' પૃ. ૪૨ )

મારે ખાતર જ જંબૂ કુમારે તરતની જ પરણેલી મનોહર એવી ( આઠ ) કન્યાઓનો ત્યાગ કર્યો છે; એમ વિચારીને મુક્તિ-રૂપી સ્ત્રીએ ત્યાર પછી ભરતક્ષેત્રનો કોઈ બીજો પુરુષ પસંદ કર્યો નથી.—અર્થાત્ જંબૂસ્વામી પછી આ અવસર્પિણીકાળમાં બીજો કોઈ જીવ મોક્ષે ગયો નથી, તેમ જ આ અવસર્પિણીકાળમાં બીજો કોઈ જીવ મોક્ષે જશે નહિ.

સ્ત્રીઓના હાવભાવથી જેનું ચિત્ત ચલાયમાન ન થયું અને ચતુર ચોરોએ પણ જેનું ધન ન ચોર્યું. એમ અંધારી રાતે પણ જેનાં મન અને ઘર સલામત રહ્યાં, તે જંબુ કુમારને અમારા નમસ્કાર થાઓ.

જંબૂસ્વામીના નિર્વાણ પછી નીચેની દશ વસ્તુઓનો વિચ્છેદ થયો છે:

मण परमोहि पुलाए, आहार खवग उवसमे कप्पे ।
संजमतिग केवल सिज्झणा य जंबूम्मि वुच्छिण्णा ॥

'મનઃપર્યવજ્ઞાન, પરમાવધિજ્ઞાન, પુલાકલબ્ધિ, આહારક-શરીરની લબ્ધિ, ક્ષપકશ્રેણિ ઉપશમશ્રેણિ, જિનકલ્પ, ત્રણ ચારિત્ર ( પરિહારવિશુદ્ધિ, સૂક્ષ્મસંપરાય, યથાખ્યાતચારિત્ર ) કેવળજ્ઞાન અને સિદ્ધિપદ ' આ દશ વસ્તુનો વિચ્છેદ થયો.

તેમની વીર સંવત ૧માં ૧૬ વર્ષની વયે દીક્ષા થઈ, તેમનું

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વીર સં૦ ૨૦ માં કેવળજ્ઞાન થયું અને વીર સં. ૬૪ માં મથુરામાં ૮૦ વર્ષની ઉંમરે નિર્વાણુ થયું. એમની પાટે શ્રીપ્રભવસ્વામી આવ્યા.

આ સમયમાં રાજર્ષિ અવન્તીવર્ધન થયા છે. ભદ્રેશ્વર વગેરે તીર્થો સ્થપાયાં છે અને મહારાજા શ્રેણિકપુત્ર મહારાજા કોણિકનો પુત્ર રાજા ઉદાયી અને રાજાનંદ વગેરે થયા છે.

## રાજર્ષિ અવન્તીવર્ધન

ઉજ્જૈનના રાજા પ્રદ્યોતને પાલક અને ગોપાલ નામે બે પુત્રો અને વાસવદત્તા નામે પુત્રી હતી. ભ૦ મહાવીરસ્વામીના નિર્વાણ સમયે પ્રદ્યોત રાજા પણ મૃત્યુ પામ્યો એટલે તેની ગાદીએ પાલક બેઠો અને ગોપાલે ગણધર શ્રીસુધર્માસ્વામીના હાથે જિનદીક્ષા સ્વીકારી.

પાલકને ૧. અવન્તીવર્ધન અને ૨. રાષ્ટ્રવર્ધન એમ બે પુત્રો હતા. પાલક વી૦ સં૦ ૨૦ માં મૃત્યુ પામ્યો. તેની ગાદીએ અવન્તીવર્ધન બેઠો. અવન્તીવર્ધને રાષ્ટ્રવર્ધનની પત્ની ધારિણીને પોતાની બનાવવા માટે રાષ્ટ્રવર્ધનને મરાવી નાખ્યો. પરંતુ ધારિણીએ પરિસ્થિતિને સમજી લઇ કોશામ્બીમાં જઈ જિનદીક્ષા લીધી, ધારિણી ગર્ભવતી હતી. તેણે એક બાળકને જન્મ આપ્યો અને કોશામ્બીના અપુત્રિયા રાજા અજિતસેને તે બાળક પટરાણીને આપી તેનું નામ મણિપ્રભ રાખ્યું. આ તરફ અવન્તીવર્ધને ભાઈને માર્યાનું પાપ કર્યું અને ધારિણી પણ મળી નહીં એટલે વૈરાગ્ય પામી આ. શ્રીજંબુસ્વામીના હાથે વી. સં. ૨૪ લગભગમાં દીક્ષાનો સ્વીકાર કર્યો. તેની પછી રાષ્ટ્રવર્ધનનો પુત્ર અવન્તીષેણ ઉજ્જૈનની ગાદીએ આવ્યો અને રાજા અજિતસેનના મરણ પછી મણિપ્રભ કોશામ્બીની ગાદીએ બેઠો. જો કે આ બંને ભાઈઓ એકબીજાને ઓળખતા ન હતા તેથી તેમાં યુદ્ધ જાહેર થયું અને અવન્તીષેણે સૈન્ય સાથે આવી કોશામ્બીને ઘેરો ઘાલ્યો. બરાબર આ જ પ્રસંગે સાધ્વી ધારિણીએ ત્યાં આવી પોતાની અને બંને ભાઈઓની પરસ્પર ઓળખાણ કરાવી યુદ્ધ બંધ રખાવ્યું,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તેમજ એ બંનેમાં ગાઢ ભ્રાતૃસ્નેહ કરાવ્યો. કૌશામ્બી અને ઉજ્જૈનના રાજવંશમાં ઘણાં વર્ષોથી વેર ચાલ્યું આવતું હતું તે આજથી ભુંસાઈ ગયું અને બંને રાજ્યો એકગોત્રિક બન્યાં. આ બંને રાજાઓએ સાથે મળી કૌશામ્બી અને ઉજ્જૈનની વચ્ચે વત્સકા નદીને કાંઠે પહાડની ગુફામાં અનશન કરી રહેલા મુનિ ધર્મઘોષનો સ્વર્ગગમન મહોત્સવ કર્યો.

('આ૦ નિં૦' ગા૦ ૧૨૮૭. ટીકા)

મુનિ ધર્મઘોષ જ્યાં ધ્યાન કરી ઊભા હતા ત્યાં રાજા અવન્તીષેણે મોટો સ્તૂપ બનાવ્યો, જે સ્થાન આજે ભીલસાથી નૈઋત્યમાં ૬ માઈલ દૂર **સાંચી સ્તૂપ** તરીકે પ્રસિદ્ધ છે. વત્સિકા નદી આજે વેસ અને વેસાલી નામથી પ્રસિદ્ધ છે, જે બેટવામાં જઈ ભળે છે.

વિક્રમની દશમી સદી સુધી જૈનોમાં મોટા સ્તૂપ તથા સ્તંભો બનાવવાની પ્રવૃતિ હતી. ત્યાર પછી એ કળા લુપ્ત થઈ ગઈ.

**ભદ્રેશ્વર તીર્થ:**

આ૦ શ્રીજંબૂસ્વામીના સમયમાં ભદ્રેશ્વર તીર્થ બન્યું છે. કચ્છ–ભદ્રેશ્વરમાં આજે બાવન જિનાલયનું ભવ્ય અને વિશાળ મંદિર છે. સં. ૧૯૩૯માં તેનો જીર્ણોદ્ધાર થયો ત્યારે ત્યાંથી એક તામ્રપત્ર મળ્યું હતું, જે કચ્છ રાજ્યદ્વારા ડૉ. એ. હળ્યુ રૂડોલ્ફ હોર્નલે પર મોકલાવ્યું હતું. અને પછી ભૂજપરના યતિને સોંપ્યું હતું. ડૉ. હોર્નલેના કહેવા પ્રમાણે એ તામ્રપત્રમાં બ્રાહ્મી લિપિમાં આ પ્રમાણે લખાણુ હતું:

"१ देवचंद्रीयश्रीपार्श्वनाथदेवस्येतो २३ ×

પૂ૦ આ૦ શ્રીવિજયાનંદસૂરિ મહારાજ આ તીર્થ માટે લખે છે કે, મંદિરની જૂની નોંધમાં અને કચ્છની ભૂગોળમાં પણ 'वीरात् २३ वर्षे इदं चैत्यं संजातमिति' એવું લખાણુ છે. આ

× વંચાતા અક્ષરોના આધારે આનો અર્થ એમ કરવામાં આવે છે કે, ": વણિક દેવચંદે બનાવેલ શ્રીપાર્શ્વનાથપ્રભુનું મંદિર, જે પહેલાં ૨૩ વર્ષે ભગવાન મહાવીરસ્વામી હતા."

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઉપરથી નક્કી છે કે વીર નિર્વાણ સંવત ૨૩માં દેવચંદ્ર નામના શ્રાવકે ભદ્રેશ્વરમાં ભગવાન શ્રીપાર્શ્વનાથનું મંદિર બનાવ્યું. તેમાંની મૂર્તિનો વાસક્ષેપ ગણધર શ્રીસુધર્માસ્વામી કે તેમના શિષ્યના હાથે થયો હશે.

ગૂર્જરેશ્વર પરમાર્હતોપાસક મહારાજા કુમારપાળ અને દાનવીર જગડુશાહે પણ આ મંદિરનો જીર્ણોદ્ધાર કરાવેલ છે. મંદિરના થાંભલા ઉપર સંવત ૧૧૩૪ વૈ. સુ. ૧૫ શ્રીમાળીના જીર્ણોદ્ધારનો લેખ છે. આ સિવાય અહીં તેરમી સદીના પૂર્વાર્ધના અને ચૌદમી સદીના ઉત્તરાર્ધના લેખો છે. ત્યાર પછી ભગવાન શ્રીપાર્શ્વનાથની પ્રતિમા કોઈ આસમાની સુલતાનીના કારણે એક બાવાના હાથમાં ચાલી ગઈ હતી. સંઘે સં. ૧૬૧૨માં મંદિરનો જીર્ણોદ્ધાર કરી બાવાજી પાસે એ પ્રતિમાની માગણી કરી પરંતુ બાવાએ તે પ્રતિમાજી આપ્યાં નહિ એટલે સંઘે અહીં મૂળનાયક તરીકે ભગવાન શ્રીમહાવીરસ્વામીની પ્રાચીન મૂર્તિને બિરાજમાન કરી છે. પછી તો બાવાએ પણ ભગવાન શ્રીપાર્શ્વનાથની પ્રતિમા સંઘને આપી એટલે સંઘે પાછળની દેરીમાં તેને પણ બિરાજમાન કરેલ છે, જે અદ્યાવધિ ત્યાં જ વિદ્યમાન છે.

આ મંદિરનો વિ. સં. ૧૯૨૦માં જીર્ણોદ્ધાર થયો છે અને સં. ૧૯૩૯માં પણ સમારકામ થયેલું છે.

ભારતવર્ષમાં આ શિલાલેખ સૌથી પ્રાચીન છે.

આવો જ એક પ્રાચીન શિલાલેખ રા. બ. ગૌરીશંકર હીરાચંદ ઓઝાને બડલીના એક બાવાજીને ત્યાંથી મળ્યો છે, જે તેમણે અજમેર મ્યુઝિયમમાં રખાવ્યો છે. એ તીર્થંકર ભગવાનની નીચેની ગાદીનો ભાગ છે. તેમાં ખરોષ્ટ્રી ભાષામાં "वीराय भगवते ....य चतुर. सितिय .... काये सालिमालिनि .... रं निविट्ठ मज्झिमिके।" એ પ્રમાણે લખેલું છે. એટલે વીર ભગવાન પછી ૮૪ વર્ષે લખાયેલો આ શિલાલેખ છે. સંભવ છે કે ત્યાંનો આ શિલાલેખ મજ્ઝિમિકા એટલે હર્ષપુરથી આવ્યો હોય. વિદ્વાનો માને છે કે ઉપલબ્ધ શિલાલેખોમાં આ શિલાલેખ સૌથી પ્રાચીન છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## વિદિશા અને સાંચીના સ્તૂપો :

માલવપતિ અવંતીષેણુ કોશાંબીના રાજા મણિપ્રભ ઉપર ચઢી આવ્યો અને તેને સહોદર જાણી મિત્ર બની રાજા મણિપ્રભને સાથે લઈ ઉજ્જૈન આવ્યો ત્યારે સાંચી તીર્થ બન્યું છે.

આ૦ જમ્બૂસ્વામીના બે શ્રમણોએ અનશન કરવાનો વિચાર કર્યો. એક મુનિએ માનસન્માનની ભાવનાથી કોશાંબીમાં જનતાની નજર પડે તે સ્થાનમાં અનશન કર્યું પરંતુ તે દિવસોમાં જ અવંતીષેણુ કોશાંબીને ઘેરો ઘાલ્યો એટલે તેમને મનની મનમાં રહી ગઈ. માન–સન્માન તો ઠીક પરંતુ સ્વર્ગે ગયા પછી તેમના શરીરને પણ પ્રજાએ દૂરથી કિલ્લા બહાર ફેંકી દીધું અને એ સત્કાર–સન્માનની ભાવનાનો આવો કરુણ અંત આવ્યો.

બીજા શ્રમણે માળવાની સરહદ પર આવેલી વત્સિકા નદીને કાંઠે પહાડીની તળેટીમાં કોઈ ન જાણી શકે તેવા અજ્ઞાત સ્થાનમાં અનશન કર્યું. રાજા અવંતીષેણુ, રાજા મણિપ્રભ અને તેની માતા સાધ્વી ધારિણી ઉજ્જૈન જતાં અહીં આવ્યાં ત્યારે તેઓ આ તપસ્વી મુનિવરને જોઈ એમની ભક્તિ માટે અહીં રોકાઈ ગયાં. તેમણે એ મુનિવરનાં માન–સન્માન કર્યાં. એ ધર્મઘોષ મુનિવર કાલધર્મ પામ્યા એટલે તેમનો સ્વર્ગગમન મહોત્સવ કર્યો અને પછી તે સ્થાને મોટા વિસ્તારવાળો વિશાળ સમાધિસ્તૂપ બનાવ્યો હતો.

('આવશ્યક નિ૦' ગા૦ ૧૨૮૭ ની ટીકા)

આ સાંચીનો સ્તૂપ ભીલસાની નૈઋત્યે ૬ માઈલ પર જીર્ણ–શીર્ણ દશામાં વિદ્યમાન છે.

દર્શાણુ દેશમાં વિદિશા નગરી હતી, જે પશ્ચિમ દશાર્ણ દેશની રાજધાની હતી. તેનાં તથા તેના પરાનાં વિદિશા, ચેતિયગિરિ અને ભદ્દલપુર એમ અનેક નામો મળે છે. માલવરાજ ચંડ પ્રદ્યોતે વિદિશાની વાયવ્યમાં ભગવાન મહાવીરસ્વામીનું દેરાસર બનાવી તેમાં જીવિતસ્વામીની પ્રતિમા સ્થાપી હતી અને ભાઇલ્લ વગેરે વ્યાપારીઓને બોલાવી મોટું પરું વસાવ્યું હતું, જેનાં પાછળથી

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વેસવાડી (વૈશ્યપાટી), વેશનગર, બાઈલિસ, ભદ્દલપુર, ભાપદ, ચેઈ-યગિરિ (ચૈત્યનગર) અને ભીલ્સા ઇત્યાદિ નામો મળે છે. ( જુઓ : પૃષ્ઠ : ૫૯, ૬૦ )

સમ્રાટ અશોકના સમયે દશાર્ણ દેશની રાજધાની ચેતિય-ગિરિમાં હતી. ચૌદ પૂર્વધારી આ૦ ભદ્રબાહુસ્વામી ભદ્દલપુર યાને ભાદ્રપદની બહાર વડ નીચે સમાધિ લઈ સ્વર્ગે ગયા હતા. આ૦ જસભદ્રના શિષ્યો ભદ્દલપુરની આસપાસ વિચરતા હતા. તેમનાં ભદ્દિજિયા શાખા અને ભદ્રગુપ્ત કુલ જાહેર થયાં છે. સંભવ છે કે વેસવાડીય ગણનું ઉત્પત્તિસ્થાન વેસનગર હોય. વિદિશાથી લગભગ ૪ માઈલ પર ઉદયગિરિ નામની પહાડી છે. તેમાં ૨૦ જૈન ગુફાઓ છે અને ૨૦મી ગુફામાં એક જૈન લેખ છે તે આ પ્રમાણે છે:

(१) नमः सिद्धेभ्यः ॥

श्रीसंयुतानां गुणतोयधीनां, गुप्तान्वयानां नृपसत्तमानाम् ।
(२) राज्ये कुलस्याधिविवर्द्धमाने, षड्भिर्युतैर्वर्षशतेथ मासे ॥
सुकार्तिके बहुलदिनेथ पंचमे, (३) गुहामुखे स्फुटविकटोत्कटामिमां ।
जितद्विषो जिनवरपार्श्वसंज्ञिकां, जिनाकृतिं शमदमवान(४)चीकरत् ॥
आचार्यभद्रान्वयभूषणस्य, शिष्यो ह्यसावार्यकुलोद्भवस्य ।
आचार्य गोश(५)र्ममुनेस्सुतोस्तु, पद्मावताऽश्वपतेर्भटस्य ॥
परैरजेयस्य रिपुघ्नमानिनस्—ससंघिल(६)स्येत्यभिविश्रुतो भुवि ।
स्वसंज्ञया शंकरनामशब्दितो, विधानयुक्तं यतिमार्गमास्थितः ॥
(७) स उत्तराणां सदृशे कुरूणां, उदग्दिशादेशवरे प्रसूतः ।
(८) क्षयाय कर्मारिगणस्य धीमान्, यदत्र पुण्यं तदपाससर्ज्ज ॥

ભદ્રાર્યશાખા અને ભદ્રાર્યકુલમાં આ૦ ગોશર્મ થયા, જે પદ્માવત અશ્વસૈન્યના માલિક, મહાસુભટ, યુદ્ધવીર, શત્રુને હંફા-વનાર, ટેકિલા, અને જનસમૂહમાં માન્ય હતા. તેમના પુત્ર તેમજ શિષ્ય મુનિ શંકરે આ ગુફામાં ગુપ્ત સં. ૧૦૬માં ભગવાન પાર્શ્વ-નાથની પ્રતિષ્ઠા કરાવી.

(ફ્લીટ–'ગુપ્ત–અભિલેખ'પૃ૦૨૫૦,'અનેકાંત' વ૦૧૦,કિ૦૩,પૃ૦૧૦૬)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વિદિશાથી ૬ માઈલ નૈઋત્યમાં 'સાંચીનો' સ્તૂપ છે.'

આ રીતે વિદિશાની આસપાસ અનેક પ્રાચીન સ્થાનો છે, પહાડીઓ છે, જૈન ગુફાઓ છે અને ૬૦ જેટલા સ્તૂપ છે. એકંદરે આ સ્થળ પ્રાચીન જૈન તીર્થભૂમિ છે.

જૈનોએ ભારતમાં વિક્રમની દસમી સદી સુધી મોટા સ્તૂપ તથા સ્તંભો બનાવ્યા છે ત્યાર પછી એ કળા લુપ્ત થઈ છે.

## પાટલીપુત્ર :

એ પછી નજીકના જ ગાળામાં એટલે કોણિકપુત્ર ઉદાયીના સમયમાં પાટલીપુત્રની સ્થાપના થઈ છે. એની સમૃદ્ધિમાં એ જૈન રાજવીએ જે સંસ્કારોનું બીજારોપણ કર્યું તેને પ્રજાવર્ગે વિકસાવી ભારતમાં અજોડ બનાવ્યું છે. એનો ઈતિહાસ જાણવા જેવો હોવાથી અહીં આપ્યો છે:

"ઉત્તર મથુરા અને દક્ષિણ મથુરા (મદુરા) નામની બે નગરીઓ છે. ઉત્તર મથુરાનો વણિકપુત્ર દેવદત્ત મુસાફરી કરતો કરતો મથુરામાં ગયો અને ત્યાં જયસિંહ નામના વણિકની બહેન અન્નિકા સાથે પરણ્યો અને ત્યાં જ રહ્યો. લાંબા સમય પછી અન્નિકાએ એક પુત્રને જન્મ આપ્યો. તેનું નામ અન્નિકાપુત્ર પ્રસિદ્ધ થયું. દેવદત્તના માતાપિતાએ પુત્રનું નામ સંધીરણ પાડ્યું. છતાંયે તેના જૂના નામ અન્નિકાપુત્રથી તે વધારે ખ્યાત થયો. આ અન્નિકાપુત્રે યુવાન વયમાં જ સંસાર છોડી દીક્ષા લીધી અને પછી આચાર્ય અન્નિકાપુત્ર તરીકે વિખ્યાત થયા. તેઓ વિહાર કરતા કરતા પુષ્પભદ્ર નગરમાં પધાર્યા.

આ જ સમયે પુષ્પભદ્ર નગરમાં પુષ્પકેતુ રાજા અને પુષ્પાવતી રાણીનો પુત્ર પુષ્પચૂલ રાજા હતો. પુષ્પાવતી રાણીએ યુગલ બાલકોને જન્મ આપ્યો હતો, જેનું નામ પુષ્પચૂલ અને પુષ્પચૂલા રાખ્યાં. રાજાએ મોહને વશીભૂત થઈ બંનેનો વિયોગ ન થાય માટે બંનેને એક બીજા સાથે પરણાવ્યાં. રાજાના મૃત્યુ બાદ પુષ્પચૂલ રાજા બન્યો. એની માતા પુષ્પાવતીએ દીક્ષા લીધી ને એ મૃત્યુ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પામીને સ્વર્ગે ગઈ. તેણે દેવ થયા પછી અવધિજ્ઞાનથી પોતાનાં બે સંતાનો કે જે ભાઈ-બહેનરૂપે હતાં તેને પતિ-પત્ની તરીકે જોઈ, તેમને ઉપદેશ આપવા પુષ્પચૂલા રાણીને નરકનાં અને સ્વર્ગનાં દશ્યો બતાવ્યાં. કોઈ ધર્માચાર્યોએ આ દશ્યોનું યથાર્થ વર્ણન ન આપ્યું. આખરે જૈનાચાર્ય શ્રીઅગ્નિકાપુત્રને પૂછતાં તેમણે શાસ્ત્રાધારે નરક અને સ્વર્ગનું હૂબહુ વર્ણન કરી બતાવ્યું. પુષ્પચૂલા આ સાંભળી પ્રતિબોધ પામી અને તેણે નરકથી ભય પામી પતિને સમજાવી દીક્ષા લીધી. પરન્તુ દીક્ષાની રજા આપતાં રાજાએ શરત કરી હતી કે, “ તારે અહીં જ રહેવું અને ભિક્ષા પણ રાજમહેલમાંથી જ લેવી.” પુષ્પચૂલા સાધ્વી એ શરત પ્રમાણે જ વર્તતી હતી.

આ બાજુ આચાર્ય અગ્નિકાપુત્ર વૃદ્ધ થવાથી પુષ્પભદ્ર નગરમાં જ સ્થિરવાસ રહ્યા. પછી આ દેશમાં બાર વર્ષનો દુષ્કાળ પડવાનો છે, એમ જાણી આચાર્યશ્રીએ શિષ્યોને દેશાંતરમાં વિહાર કરાવ્યો. પુષ્પચૂલા સાધ્વીજી આચાર્ય મહારાજની ભક્તિ કરવા લાગ્યાં. એમાં એમને કેવળજ્ઞાન થયું. આચાર્ય મહારાજને આ વસ્તુની ખબર પડતાં પોતાને કેવળજ્ઞાન થતું નથી એ અંગે શોક કરવા લાગ્યા, ત્યારે પુષ્પચૂલાએ કહ્યું કે, “ આપ ખેદ ન કરશો. ગંગા નદી ઊતરતાં આપને ઉપદ્રવ થશે અને કેવળજ્ઞાન પ્રાપ્ત કરી આપ મોક્ષે જશો ? ”

આચાર્ય અગ્નિકાપુત્ર એક દિવસે ગંગા નદી પાર કરવા હોડીમાં બેઠા. થોડે દૂર ગયા પછી પૂર્વભવના વેરી દેવે તેમને ઉપદ્રવ કરવા માંડયો. હોડી ડૂબવા લાગી એટલે બીજા લોકોએ સૂરિજીને નદીમાં ફેંકી દીધા. વેરી દેવે નદીમાં જ તેમને શૂળી ઉપર પરોવી લીધા. આચાર્યશ્રી જીવદયા ચિંતવતાં શુક્લ-ધ્યાનમાં રહીને કેવળી થઈ મોક્ષે પધાર્યા અને દેવતાઓએ તેમનો નિર્વાણમહોત્સવ કર્યો. તે સ્થાન પ્રયાગ તીર્થના નામથી પ્રસિદ્ધિ પામ્યું. શ્રીઋષભદેવ ભગવાનના કેવળજ્ઞાનના સ્થાનરૂપે પ્રયાગ

JAINSITE.com જૈન સાઈટ જૈનમ્ જયતિ શાસનમ્
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તીર્થં પ્રસિદ્ધ જ હતું, તેમાં શ્રીઅન્નિકાપુત્રના નિર્વાણ થવાથી એ તીર્થંનો મહિમા વધી ગયો.

સૂરિજીના મસ્તકની ખોપરી તણાતી તણાતી આગળ વધી અને નદીમાં જ ક્યાંક અટકી ગઈ. કોઈ દૈવી કારણથી ખોપરી ભેદીને એમાં પાટલનું વૃક્ષ ઊગ્યું. તે વૃક્ષ ખૂબ ફાલ્યુફૂલ્યું હતું. પાસે જ પાટલી ગ્રામ વસ્યું હતું. ઉદાયીના નોકરો નવું નગર વસાવવા માટે સ્થાનની તપાસ કરતા કરતા અહીં આવ્યા ત્યારે તેમણે જોયું કે, પાટલ વૃક્ષ ઉપર બેઠેલું ચાસ પક્ષી મોઢું ઉઘાડે છે કે તરત જ એના મુખમાં નાનાં નાનાં જીવડાં ઊડી ઊડીને ભક્ષ્યરૂપે આવી પડે છે. આ જોતાં તેમના મનમાં વસી ગયું કે આ સ્થાનનું જ કંઈ મહત્ત્વ છે. આની જેમ જ અહીં વસેલા નવા નગરની ઉન્નતિ થશે. તેમણે ઉદાયી રાજાને આ વાત જણાવી અને મગધેશ ઉદાયીરાજે પાટલીગામના સ્થાને શુભ મુહૂર્તે નગર વસાવ્યું. એનું નામ પાટલીપુત્ર પાડ્યું. તેમણે પાટલીપુત્રમાં સુંદર વિશાલ જિન–મંદિર બનાવ્યું હતું. ( આ. નિ. હારિ. ટીકા પૃ. ૬૮૮ )

जैन साहित्य JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

ઉદાયી પછી નંદવંશ, મૌર્યવંશ અને ઠેક અવન્તી રાજધાની બની તે પહેલાંના કાળ સુધી પાટલીપુત્ર રાજધાની રહ્યું છે. ચંદ્રગુપ્ત, અશોક અને સંપ્રતિના સમયે તો પાટલીપુત્રનો સૂર્ય મધ્યાહ્ને તપતો હતો. જૈનવિહારો, બૌદ્ધવિહારો, વિદ્યાપીઠો, સંસ્કૃતિ અને કળાનાં કેન્દ્રધામો અહીં હતાં.

આ નગરનાં પુષ્પભદ્ર, પાટલીપુર, પાટલીપુત્ર, કુસુમપુર, અને પટણા એમ અનેક નામો મળે છે.

પાટલીપુત્રમાં મહાન શિયળશાલી ધર્માત્મા સુદર્શન શેઠ કે જેમને શૂળીનું સિંહાસન થયું હતું તે થયા છે. યુગપ્રધાન આચાર્ય સ્થૂલિભદ્રજી પણ અહીં જ થયા છે. તેમનાં સ્મારકસ્તૂપો આજે વિદ્યમાન છે. વાચકવર્ય ઉમાસ્વાતિ મહારાજે અહીં જ 'તત્ત્વાર્થશાસ્ત્ર' રચ્યું છે. જગદ્‌ગુરુ શ્રીહીરવિજયસૂરીશ્વરજીનો સ્તૂપ પણ અહીં બન્યાનો ઉલ્લેખ મળે છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અહીં અત્યારે જૈનોનાં ઘર થોડાં છે. પરંતુ સુંદર જિનમંદિર છે, જેમાં પ્રાચીન કળામય સુંદર જિનમૂર્તિ વિરાજે છે અને નગર બહાર સ્તૂપો પણ છે.

## મગધસમ્રાટ શ્રેણિક

મહારાજા શ્રેણિક મગધના સમ્રાટ હતા. તેમના પિતાનું નામ પ્રસેનજિત હતું. શ્રેણિક કુમારને બીજા પણ ઘણા ભાઈઓ હતા. રાજા પ્રસેનજિતે દરેક કુમારોની ખૂબ ખૂબ આકરી પરીક્ષા પછી નક્કી કર્યું હતું કે મગધની ગાદીને માટે શ્રેણિક જ યોગ્ય છે. એકવાર દરેક રાજકુમારને આયુધશાળામાંથી વિવિધ શસ્ત્રો લેવાનાં હતાં. આમાં ણિકની પસંદગી જુદી રીતે તરી આવી. તેણે 'ભંભા' નામનું ઉત્તમ વાદ્ય લીધું. તેથી શ્રેણિકનું બીજું નામ ભંભાસાર કે બિંબિસાર પણ મળે છે. શ્રેણિક કુમારાવસ્થામાં પિતાજીથી રીસાઈને પરદેશ ગયો હતો. ત્યારે બેન્નાતટમાં ત્યાંના શેઠની નંદા નામની પુત્રી સાથે એનું લગ્ન થયું હતું. તેનાથી એને અભયકુમાર નામે પુત્ર થયો હતો. રાજા થયા પછી શ્રેણિક ઘણી રાણીઓ પરણ્યો હતો અને એને ઘણા પુત્રો થયા હતા.

રાજા શ્રેણિક પહેલાં તો કોઈ ધર્મને માનતો નહોતો પરંતુ અનાથી મુનિ નામના જૈન મહાત્માના સંસર્ગથી એને જૈનધર્મ ઉપર શ્રદ્ધા થઈ હતી. પાછળથી રાણી ચેલ્લણા કે જે વિશાલાના ગણરાજ્યના પ્રમુખ પરમાર્હત મહારાજા ચેડાની પુત્રી હતી, તેના પરિચયથી અને ભગવાન શ્રીમહાવીરસ્વામીના ઉપદેશ-શ્રવણથી તે ચુસ્ત જૈનધર્મી બન્યો હતો. પાછળથી તો તે એટલો બધો ધર્મશ્રદ્ધાળુ જૈન થયો કે આ વિષયમાં આકરી કસોટી થવા છતાંય એની દૃઢતા ડગી નહોતી. એની રાણીઓ અને રાજપુત્રોએ દીક્ષા લઈ જૈનધર્મનો ખૂબ જ સુંદર રીતે પ્રચાર કર્યો હતો. રાજા શ્રેણિક પણ ભગવાન શ્રીમહાવીરસ્વામી જ્યાં હોય તે દિશાના રોજ સમાચાર મેળવતો અને સુવર્ણના જવનો સ્વસ્તિક બનાવી તે દિશા તરફ ધરતો હતો.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

મગધમાં જૈનધર્મના પ્રચારની સુંદર અનુકૂળતા સમ્રાટ શ્રેણિકને લીધે હતી. ભગવાન શ્રીમહાવીરસ્વામીનાં ચૌદ ચોમાસાં રાજગૃહીના નાલંદા પાડામાં થયાં હતાં, ભગવાન શ્રીમહાવીરસ્વામી મગધ દેશમાં ખૂબ વિચર્યા હતા, અને તેમણે અહિંસા, સંયમ અને તપનો વિજયનાદ ફૂંકી આસ્તિકતાની સ્થાપના કરી હતી.

સમ્રાટ શ્રેણિકને વૃદ્ધાવસ્થામાં એના પુત્ર કોણિકે બહુ દુઃખ આપ્યું હતું. રાજ્યના લોભને વશીભૂત થઈ એણે પિતાને જેલના પાંજરામાં પૂર્યા હતા. આખરે પોતાની માતા ચેલ્લણાના મીઠા ઠપકાની કોણિકને અસર થઇ અને પિતાજીને પાંજરામાંથી બહાર કાઢવા તે પોતે જ હાથમાં કુહાડી લઈને ગયો હતો, પરંતુ શ્રેણિક રાજા સમજ્યો કે કોણિક મને મારવા આવે છે એટલે તે હીરો ચૂસી પુત્રને પિતૃહત્યાના પાતકમાંથી બચાવવા સ્વયં મૃત્યુ પામ્યો.

## કોણિક-અજાતશત્રુ

મહારાજા કોણિક મગધસમ્રાટ શ્રેણિકનો પુત્ર હતો. તેની માતાનું નામ ચેલ્લણાદેવી હતું. જ્યારે કોણિક એની માતાના ઉદરમાં હતો ત્યારે માતાને એવો દોહદ થયો હતો કે મારે પતિનું માંસ ખાવું છે. અભયકુમારની બુદ્ધિથી આ દોહદ બીજી રીતે પુરાયો હતો. એનો જન્મ થતાં માતા ચેલ્લણા રાણીએ આ નિર્ભાગી પુત્રને ઉકરડામાં ફેંકાવી દીધો હતો, પરંતુ રાજાને ખબર પડતાં જ તેને અંતઃપુરમાં પાછો મંગાવી રાણીને સમજાવી ઉછેરાવ્યો હતો. જે વખતે તે ઉકરડામાં પડ્યો હતો ત્યારે એક કુકડીનું પીંછું એની આંગળીમાં ઘોંચાવાથી એને ઘણી પીડા થઈ હતી. આંગળીમાં કીડા પડી ગયા હતા. એની રાજા શ્રેણિકે બહુ જ માવજત કરી હતી અને એ જ ઘટનાને અનુલક્ષીને તેનું ‘ કોણિક ’ એવું હુલામણું નામ પાડવામાં આવ્યું હતું.

પરંતુ રાણી ચેલ્લણાને આ પુત્ર માટે ન તો પ્રેમ હતો, ન માન હતું. એને તો દિવસ ને રાત એમ જ લાગતું કે આ પુત્ર પિતૃવંશ અને માતૃકુળનો વિનાશક થશે. માતાની આ ધારણા

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તદ્દન ખોટી ન પડી. કોણિકને હલ્લ અને વિહલ્લ નામે બીજા ભાઈઓ હતા અને માતામહ ચેડા રાજાનો તેઓના ઉપર બહુ પ્રેમ હતો. રાજા શ્રેણિકે બંને ભાઈઓને એક લક્ષણવંતો સેચનક હાથી અને દૈવી કુંડલો વગેરે આપ્યાં હતાં. કોણિકે તેની માગણી કરી પણ, બંને ભાઈઓએ તે ન આપ્યાં. આમાં કોણિકની રાણી પદ્માવતીએ જ્યારે એ દૈવી કુંડલ જોયાં અને તેની માગણી કરી અને એ ન મળ્યાં ત્યારે તેણે પતિને ઉશ્કેર્યો. હલ્લ અને વિહલ્લ ડરના માર્યા નાસીને માતામહ ચેડા મહારાજા પાસે વિશાલા નગરી જઈ પહોંચ્યા.

કોણિકે સેચનક હાથી માટે વિશાલા પાસે માગણી કરી પરંતુ માતામહે કાંઈ દાદ ન દીધી. કોણિકે માતામહ સામે ઘોર યુદ્ધ માંડ્યું, જેમાં કોણિકના ભાઈઓ અને માતામહ મરાયા, વિશાલાની સેના હારી, વિશાલા નગરી ખેદાનમેદાન થઈ ગઈ અને કોણિકને વિજય મળ્યો.

જૈન સાહિત્ય JAINSITE.com જયતુ જયતિ શાસનમ્

કોણિકના વડીલ બંધુ અભયકુમારે દીક્ષા લીધા પછી ઉચ્છૃંખલતાથી પિતાને કેદમાં રાખી પોતે રાજા બન્યો. તે માતા ચેલ્લણાને રાજા શ્રેણિકને મળવા પણ નહોતો દેતો. પાછળથી તેણે માતાની વિનવણીથી રજા આપી હતી.

આ બાજુ માતાના કહેવાથી પોતાના જન્મ સમયની સાચી સ્થિતિની તથા પિતાના દિલમાં વસતા પુત્રવાત્સલ્યની ખબર પડતાં તે રાજા શ્રેણિકને પાંજરામાંથી મુક્ત કરવા જાય છે ત્યારે પિતા ઉલટું સમજે છે અને પુત્રને પિતૃહત્યા ન લાગે માટે પિતા હીરો ચૂસી મૃત્યુ પામે છે.

કોણિકને આથી બહુ જ આઘાત લાગે છે. એની માનસિક સ્થિતિમાં ભારે પલટો આવતાં રાજગૃહીની ભૂમિ એને અકારી થઈ પડે છે. એટલે તે મંત્રીઓની સલાહથી અને યુવરાજ ઉદાયીની અધ્યક્ષતામાં રાજધાનીને રાજગૃહીથી ઉઠાવી ચંપાપુરી લઈ જાય છે અને એક વિકસેલા ચંપકના ઝાડને સ્થાને પોતાની ગાદી સ્થાપે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

છે. મહારાજા કોણિક આજ સુધી બૌદ્ધભક્ત હતો તે હવે ભગવાન શ્રીમહાવીરનો પરમ ભક્ત બને છે અને ચંપાપુરીમાં દેવોને પણ દુર્લભ એવો ભગવાન શ્રીમહાવીરદેવનો પ્રવેશોત્સવ કરે છે. આ વખતે અંગ દેશમાં પણ જૈનધર્મનો ખૂબ વધુ પ્રચાર થયો છે.

મહારાજા કોણિક બહુ તેજસ્વી પ્રતાપી અને પ્રભાવશાલી હતો. તેણે અંગ, બંગ, મગધ, વિદેહ, કાશી, કોશલ, કાશાંબી, મથુરા સુધી પોતાનો રાજધ્વજ ફરકાવ્યો હતો. આખરે ત્રણ ખંડથીયે વધુ ભૂમિ જીતવા માટે જતાં તે તમિસ્રા ગુફાના દ્વારમાં જ મૃત્યુ પામ્યો હતો. આ રાજાનાં અશોકચંદ્ર, અજાતશત્રુ, કુણિક અને કોણિક વગેરે નામો મળે છે.

## અભયકુમાર

जैन साईट JAINSITE .com जैनम् जयति शासनम्

અભયકુમાર રાજા શ્રેણિકનો સૌથી મોટો પુત્ર હતો. શ્રેણિકના રાજકાળમાં તે યુવરાજ હતો. શ્રેણિક કુમારાવસ્થામાં જ્યારે બેન્નાતટ ગયો હતો ત્યારે ત્યાંના વણિકની ભાગ્યશાળી સુપુત્રી નંદાને પરણ્યો હતો અને પાછળથી ત્યાં જ અભયકુમારનો જન્મ થયો હતો. તે બચપણથી જ બહુ બુદ્ધિશાળી અને તેજસ્વી હતો. તેણે રાજગૃહીમાં આવી પોતાના પિતાને બુદ્ધિબળથી જ આશ્ચર્યાન્વિત બનાવ્યા પછી જ તેમનો પુત્ર હોવાનો પરિચય પોતે આપ્યો હતો અને પોતાની માતાને પણ રાજગૃહી બોલાવી પટ્ટરાણી તરીકેનું માનવંતુ સ્થાન અપાવ્યું હતું. આગળ જતાં અભયકુમાર રાજા શ્રેણિકનો મહામંત્રી બન્યો હતો.

મહામંત્રી અભયકુમારે પોતાના બુદ્ધિબળથી માલવરાજ ચંડપ્રદ્યોતને મહાત કર્યો હતો. વિશાલાના મહારાજા ચેટક રાજાની કન્યા ચેલ્લણાને પોતાના પિતાની રાણી બનાવી હતી અને પોતાની બુદ્ધિથી મગધ સામ્રાજ્યને એકછત્ર મહારાજ્ય બનાવ્યું હતું. ભારતીય ઇતિહાસમાં મગધને મહારાજ્યનું ગૌરવવંતુ સ્થાન અપાવવાનું માન અભયકુમારને જ ઘટે છે.

તેણે અનાર્યદેશના રાજપુત્ર આર્દ્રકુમારને પણ આકર્ષી લઈ જૈનધર્મી બનાવ્યો હતો. આખરે એ રાજકુમારની દીક્ષામાં પણ પોતે સહાયક બન્યો હતો.

અભયકુમારને માતા તરફથી જૈનધર્મના દૃઢ સંસ્કાર મળ્યા હતા અને રાજગૃહીમાં આવ્યા પછી ભગવાન શ્રીમહાવીર-સ્વામીના ઉપદેશથી તેની ધર્મશ્રદ્ધામાં ખૂબ જ વધારો થયો હતો. મગધના રાજમહેલમાં જૈનધર્મના પ્રચાર માટે એનો ફાળો અપૂર્વ છે એમ કહીએ તો એમાં લગારે અતિશયોક્તિ નથી.

અભયકુમારને દીક્ષા લેવાનું ઘણું મન હતું પણ પિતા તેમને રજા નહોતા આપતા. છતાં આખરે એકવાર મહારાજા શ્રેણિકે એક આકસ્મિક પ્રસંગને લીધે ગુસ્સામાં કહ્યું કે, “બસ, તું ચાલ્યો જા” અભયકુમારે આ શબ્દોમાં પિતાની આજ્ઞા માની લીધી અને તરત જ બધું મૂકી દઈ ભગવાન શ્રીમહાવીરસ્વામી પાસે આવી આર્હતી દીક્ષા ગ્રહણ કરી. શ્રેણિક રાજાને પોતાની ભૂલ સમજાતાં પાછળથી ઘણો જ પશ્ચાત્તાપ થયો, પરંતુ અભય-કુમારે તો દીક્ષા લીધી જ હતી એટલે હવે કોઈ ઉપાય રહ્યો ન હતો. અભયકુમારની માતાએ પણ દીક્ષા લીધી હતી.

અભયકુમારને રાજા થવું ગમતું નહોતું. એમને મુનિ–મહા-રાજા થવાનું ગમ્યું એટલે જ રાજવૈભવ છોડી તેમણે દીક્ષા લીધી. તેમણે સારી રીતે દીક્ષા પાળી અને અંતે સ્વર્ગે ગયા.

અભયકુમારને પદાનુસારિણી બુદ્ધિ હતી. આજે પણ દરેક જૈન ગૃહસ્થ દીવાળીના દિવસે ચોપડાપૂજનમાં ‘અભયકુમારની બુદ્ધિ હજો’ એમ લખીને એમને ભક્તિ અને પ્રેમથી નવાજે છે.

## મગધરાજ ઉદાયી

મગધસમ્રાટ કોણિક અને રાણી પદ્માવતીનો પુત્ર ઉદાયી મહાભાગ્યશાળી અને પરમ જૈનધર્મી રાજા થયો છે. કોણિકના મૃત્યુ પછી પિતાના શોકથી દુઃખી થયેલા ઉદાયીએ મંત્રીઓના કહેવાથી ચંપાનગરીને છોડી નવું પાટલીપુત્ર નગર યાને પટણા

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વસાવી તેને રાજધાનીનું નગર બનાવ્યું. એ નગરમાં તેણે પહેલું જ સુંદર જૈન મંદિર બનાવ્યું. (જુઓ : પૃષ્ઠ ૭૮) તેમજ રાજમહેલ વગેરે બનાવ્યા અને શુભ મુહૂર્તે પાટલીપુત્રમાં પ્રવેશ કર્યો. નગરમાં અનેક પોષધશાળાઓ અને બીજાં જિનાલયો પણ બંધાવ્યાં હતાં. રાજા ઉદાયી પરમ જૈન હતો, તે ચાર મોટી પર્વતિથિઓએ ઉપવાસ કરીને પોષધમાં રહેતો હતો.

રાજા ઉદાયીએ એક સામંત રાજાને મારી તેનું રાજ્ય ખાલસા કર્યું હતું. તેનો પુત્ર અવન્તી ગયો અને અવન્તી-પતિની ઈચ્છા તેમજ સહાયતાથી ઉદાયી રાજાને મારવા પાટલીપુત્ર આવ્યો. રાજા ઉદાયી પરમ જૈન હતો એટલે સામંતપુત્રે જૈનાચાર્ય પાસે જઈને જૈનદીક્ષા લીધી. તે ગુરુની બહુ જ સેવા કરીને 'વિનયરત્નમુનિ'નું ગૌરવ પામ્યો.

એકવાર રાજાએ પોતાના રાજમહેલમાં પર્વતિથિનો પોષધ કર્યો હતો. આચાર્ય મહારાજ વિનયરત્ન મુનિને સાથે લઈ રાજમહેલની પોષધશાળામાં પધાર્યા. દિનભર રાજાએ ધર્મારાધન કર્યું અને એક પહોર રાત ગયા પછી તે સંથારપોરસી ભણાવીને સૂતો. પછી તો મધ્ય રાતે વિનયરત્ન મુનિએ ઊઠી, પોતે છુપાવી રાખેલી છરી લઇ સૂતેલા ઉદાયી રાજાની છાતીમાં ભોંકી દીધી. રાજા તરત જ સાવધ થઈ "અરિહંત, અરિહંત" ઉચ્ચારતો સમાધિપૂર્વક મૃત્યુ પામી સ્વર્ગે ગયો. રાજાના શરીરનું લોહી સૂરિજીના આસન સુધી પહોંચ્યું ત્યારે સૂરિજીએ જાગીને જોયું તો શિષ્ય ન મળે. ઊઠીને તપાસ કરતાં એમને જણાયું કે મુનિએ રાજાનો ઘાત કર્યો છે. આચાર્યશ્રીએ પરિસ્થિતિને સમજી જઈ શાસન અવહેલતાનું નિમિત્ત જોઈ એ જ છરીથી પોતે પણ આત્મહત્યા કરી લીધો.

મહારાજા ઉદાયીનું મૃત્યુ વીર સં. ૬૦ લગભગમાં થયું. એને કોઈ પુત્ર નહોતો, એટલે મંત્રીઓએ એની ગાદીએ બેસાડવા માટે યોગ્ય પુરુષની પૂરેપૂરી તપાસ કરી હતી, અને "હાથણી જેના ઉપર કળશ ઢોળે તે રાજા બને" એ રીતે ઉદાયી રાજા પછી મગધની ગાદીએ નંદવંશ સ્થાપિત થયો હતો.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઉદાયી મહાન ધર્માત્મા, પ્રતાપી અને પ્રભાવી હતો. જૈનધર્મના પ્રચાર માટે એણે સારો ફાળો આપ્યો હતો.

## નંદવંશ

મગધની ગાદીએ આવેલ નંદવંશ પણ પ્રસિદ્ધ રાજવંશ છે.

પ્રથમ નંદ રાજા તે એક હજામનો પુત્ર હતો. એને એક વાર એવું સ્વપ્ન આવ્યું કે, "પાટલીપુત્રને પોતે પોતાના આંતરડાથી વીંટી લીધું." આ સ્વપ્નનું ફળ એક બ્રાહ્મણ પંડિતને પૂછયું. તે બ્રાહ્મણ પંડિતે કહ્યું કે, "તું મારી પુત્રી સાથે પરણે તો હું એનું ફળ કહું."

હજામપુત્રે તે કબૂલ રાખ્યું. પંડિતની પુત્રીને તે પરણ્યો. પછી પેલા જ્યોતિષીએ કહ્યું કે, "તને રાજ્ય મળશે." ટૂંક મુહૂતમાં જ ઉદાયી રાજા મૃત્યુ પામતાં એના મંત્રીઓએ નક્કી કર્યું કે, જેના ઉપર હાથણી કળશ ઢોળે તે રાજા થાય. હાથણીએ આ હજામપુત્ર ઉપર કળશ ઢોળ્યો અને ચામર ઢર્યાં એટલે મંત્રીઓએ તેને રાજા બનાવ્યો, જે પહેલો નંદ કહેવાયો.

શરૂઆતમાં આ હલકા શૂદ્રકુળના રાજાની આજ્ઞા કોઈ માનતું નહોતું પણ એના પુણ્યથી આકર્ષાઈ દેવે સહાય કરી અને પથ્થરના ચોપદારોએ જીવંત સૈનિકો બની વિરોધીઓને ડાર્યા, દબાવ્યા અને માર્યા ત્યારથી નંદ રાજાની ધાક બેસી ગઈ.

આ નંદવંશમાં એક પછી એક નવ નંદ રાજાઓ થયા છે. વિદ્વાનો કહે છે કે તેઓ જૈનધર્મી હતા.

આ નંદવંશના સમયમાં પ્રસિદ્ધ જૈન મંત્રીવંશ થયો છે, જેમાં કલ્પક આદિ મંત્રીઓ થયા છે. તેમાંનો અન્તિમ મંત્રી શકટાલ અને તેનો પુત્ર સિરિયક થયા છે.

નંદવંશ લગભગ ૯૫ વર્ષ મગધની ગાદી પર રહેલ છે. છેલ્લા નંદ રાજાને જીતી મંત્રીશ્વર ચાણક્યે મૌર્ય ચંદ્રગુપ્તને પાટલીપુત્રની ગાદીએ બેસાડયો ને નંદવંશનો નાશ કર્યો.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

મૌર્ય ચંદ્રગુપ્ત વીર સંવત ૧૫૫ માં પાટલીપુત્રની ગાદીએ બેઠો અને મગધનરેશ બન્યો.

નંદ રાજાઓ અતિશય લોભી હતા. એમનું રાજ્ય ધીમે ધીમે બહુ વિસ્તાર પામ્યું હતું. કુશલ મંત્રીઓએ રાજ્યની સરહદ, શોભા, યશ અને કીર્તિ વધાર્યાં હતાં અને રાજ્યને પ્રબળ બનાવ્યું હતું.

આર્ય જંબૂસ્વામીના નિર્વાણ પહેલાં નંદવંશ સ્થપાયો અને શ્રીભદ્રબાહુસ્વામીના સ્વર્ગવાસ પહેલાં જ નંદવંશનો નાશ થયો.

जैन साईट JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## પ્રકરણ ત્રીજું

## આર્ય શ્રી પ્રભવસ્વામી

આપણે આ૦ જંબૂસ્વામીના પ્રકરણમાં જોઈ ગયા કે પ્રભવ નામક ચોર અને તેના ૪૯૯ સાથીદારો પણ જંબૂસ્વામીથી પ્રતિબોધ પામ્યા હતા. આ એ જ પ્રભવસ્વામી છે જે ભારતીય ઈતિહાસમાં વિરલ ગણાતા મનુષ્યોમાંના એક છે. તેઓ પતિત જીવનમાંથી એકાએક પતિતોદ્ધારક બને છે ને 'કમ્મે સૂરા સો ધમ્મે સૂરા'ની કહેવત ચરિતાર્થ કરી બતાવે છે. આ મહાત્માનું જીવન રામાયણના કર્તા શ્રીવાલ્મીકિના જીવનને ઘણે અંશે મળતું આવે છે.

વિંધ્યાચલની પહાડીની નજીકમાં જ જયપુર નામે નગર હતું. ત્યાં વિંધ્યરાજ નામે રાજા રાજ્ય કરતો હતો. તેને પ્રભવકુમાર અને પ્રભુકુમાર (વિનયંધરકુમાર) નામે બે પુત્રો હતા. તેમનું ગોત્ર કાત્યાયની હતું. પ્રભવકુમારનો જન્મ વીરસંવત પૂર્વે ૩૦ માં થયો હતો. તે બચપણથી જ મહાતેજસ્વી અને પ્રતાપી હતો. તેનો રાજ્યગાદીનો હક્ક હોવા છતાંયે પિતાએ નાના કુમાર ઉપરના પ્રેમથી તેનો યુવરાજપણાનો હક્ક ડુબાડીને નાના પુત્રને રાજ્ય આપ્યું. આથી પ્રભવને પારાવાર દુઃખ થયું, તેમ ગુસ્સો પણ ચઢયો અને તે રાજ્ય છોડી ચાલી નીકળ્યો. રસ્તામાં તેને બીજા ૪૯૯ સાથીદારો મળ્યા. કુલ ૫૦૦ ની એ ટોળીએ લૂંટનો ધંધો શરૂ કર્યો. તે મગધમાં આવીને લૂંટ કરવા લાગ્યો. એવામાં તેને અવસ્વાપિની અને તાલોદ્ઘાટિની એ બે વિદ્યાઓ મળી. અવસ્વાપિની વિદ્યાથી જ્યાં ચોરી કરવા જાય ત્યાંના માણસોને ઊંઘમાં સુવાડી દે, અને તાલોદ્ઘાટિની વિદ્યાથી મકાનનાં, તિજોરીનાં

જૈનમ્ જયતિ શાસનમ્ JAINSITE.com
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અને કબાટનાં મજબૂત તાળાં પણ ક્ષણવારમાં તોડી નાખે. એટલે મનમાન્યું ધન લઈ લેવાતું. એને સમાચાર મળ્યા કે રાજગૃહીમાં ઋષભદત્ત મોટો કરોડપતિ શેઠ છે. તેને એકનો એક જંબુ નામનો પુત્ર છે. પુત્રનું અમુક દિવસે રાજગૃહીના આઠ શ્રીમંતોની આઠ કન્યાઓ સાથે લગ્ન થવાનું છે. કન્યાદાનમાં પણ તેને ખૂબ ધન મળશે; માટે તે દિવસે જો એને ઘેર ધાડ પાડીએ તો પૂરો લાભ મળે અને જિંદગીનું દાળદળ ફીટી જાય.

જંબૂકુમારનું લગ્ન થઈ ગયા પછી રાતે જ્યારે ઘરનાં બધાં માણસો શાંતિથી નિંદ્રાદેવીને ખોળે આળોટતાં હતાં ત્યારે પ્રભવ પોતાની ૫૦૦ની ટોળી સાથે બરાબર લાગ જોઈ ઋષભદત્તના મહેલમાં આવી પહોંચ્યો. નિદ્રાધીન થયેલા દરેકને અવસ્વાપિની વિદ્યાથી પૂરા ઊંઘાડી દઈ તે ઉપરના માળમાં આવ્યો. ત્યાં એને એમ થયું કે, જંબુકુમાર અહીં પોતાની નવોઢા વધૂઓ સાથે પ્રેમગોષ્ઠિ–વાર્તાલાપ કરતો હશે. પરંતુ અહીં આવતાં જ એણે વૈરાગ્યની અને દીક્ષાની વાતો થતી સાંભળી આશ્ચર્ય થયું. વાર્તાલાપ પૂર્ણ થયા પછી એણે પોતાની અવસ્વાપિનીથી આઠે સ્ત્રીઓને તો નિદ્રાધીન કરી દીધી, કિન્તુ જંબુકુમારને એ વિદ્યાની અસર થઈ ન હતી. પ્રભવના સાથીદારોએ તાલોદ્‌ઘાટિની વિદ્યાનો ઉપયોગ કરી તાળાં તોડી કિંમતી ઝવેરાત, દાગીના અને ધનની ગાંસડીઓ બાંધી લીધી.

જંબૂકુમારે આ બધું જોયું. તેણે ખૂબ શાંતિથી સ્વસ્થ ચિત્તે નવકાર મંત્રનો જાપ શરૂ કર્યો એટલે ક્ષેત્રદેવે જંબૂના પુણ્યપ્રભાવથી આકર્ષાઈ બધાય ચોરોને સ્થિર કરી દીધા. આમ એકાએક જકડાઈ પડેલા ચોરો ચોંકી ઊઠચા. ત્યાં તો જંબુકુમારે ધીર અને ગંભીર વાણીથી કહ્યું, “મહાનુભાવો! હું જાગુ છું. આ સૂતેલાઓમાંથી કોઇને તમે હાથ ન અડાડશો.” આ સાંભળી પ્રભવ ચમકચો કે શું મારી વિદ્યાની અસર આ જંબુકુમારને નથી થઈ? બીજી બાજુ મારા સાથીદારોની આ દુર્દશા? આ બધાનાં શરીર થાંભલાની જેમ અકડાઈ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ગયાં છે, એ બધા સ્થિર થઈ ગયા છે. પ્રભવ આ વિચિત્રતાને સમજી જઈને કહેવા લાગ્યો, "હું વિંધ્યરાજનો પુત્ર પ્રભવ છું, આજથી તમારી અને મારી મૈત્રી સમજજો. હું બધું ધન મુકાવી દઉં છું. વળી તમો તમારી 'સ્તંભની' અને 'મોક્ષણી' વિદ્યા મને આપો અને હું મારી 'અવસ્વાપિની' અને 'તાલોદ્ઘાટિની' વિદ્યા તમને આપું."

પછી તે બન્ને વચ્ચે નીચે પ્રમાણે રસિક વાર્તાલાપ ચાલ્યો.

જંબૂ કુમારઃ—"મહાનુભાવ! નથી મારે કોઈ વિદ્યા જોઈતી કે નથી મારે તમારી કોઇ વિદ્યા લેવી. મારી પાસે પણ કોઈ વિદ્યા નથી. હું તો આવતી કાલે સવારમાં જ સંસાર છોડી સાધુજીવન સ્વીકારવાનો છું. હમણાં પણ હું 'ભાવસાધુ' થયેલો છું. મને આજે શરીર ઉપર મમત્વ રહ્યું નથી પછી આ સંપત્તિ અને વૈભવની મારે શી જરૂર હોય? હું તો આત્મસંપત્તિનો અર્થી છું."

પ્રભવઃ—"હું બધા ઉપરથી અવસ્વાપિની વિદ્યા ઉઠાવી લઉં છું. પરંતુ હું તને વિનવું છું કે આ માતાપિતા અને નવી પરણેલી સ્ત્રીઓનો ત્યાગ કરી એકદમ દીક્ષા લેવી ઉચિત નથી, તેમના ઉપર દયા રાખ. તું વિવેકી છે, પછી કેમ લાંબો વિચાર નથી કરતો? તું સંસાર ભોગવ્યા પછી દીક્ષા લેજે, પરંતુ હમણાં ઉતાવળ ન કરતો."

જંબૂ:—"મહાનુભાવ! વિષય સુખ દુઃખથી જ ભરેલું છે. એવો દુઃખમય સંસાર ભોગવવાથીયે શું લાભ છે? સંસારમાં તો મધુબિન્દુના દૃષ્ટાંત જેવી દશા છે. તદ્દન અલ્પ સુખ છે અને પારાવાર દુઃખ છે. છતાંય આશા છૂટે નહિ અને સુખની આશાએ જીવ દુઃખી થયા જ કરે. આ માટે મધુબિન્દુનું દૃષ્ટાંત સાંભળ :

"એકવાર એક મુસાફર પરદેશ જતો હતો. વચમાં મોટું જંગલ આવ્યું અને એક હાથી તેને મારવા પાછળ દોડ્યો. મુસાફર આગળ દોડે છે અને પાછળ હાથી દોડી રહ્યો છે. આખરે મુસાફરે બચવા માટે એક કૂવામાં પડતું મૂક્યું. કૂવા ઉપર એક વડનું ઝાડ હતું, તેની એક ડાળ કૂવામાં લટકતી હતી. તેને તેણે પકડી લીધી.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પછી તેણે અંદર નજર નાંખી તો વચમાં એક મોટો અજગર મોં ફાડીને બેઠો હતો. ચારે બાજુ ચાર મોટા સાપ તેની સામે તાકી રહ્યા હતા. તેઓ પણ ફણાનો આટોપ સજી જીભના લબકારા મારી રહ્યા હતા. એક કાળો અને એક ધોળો એમ બે ઉંદરડા તે ડાળને કાપી રહ્યા હતા. હાથી આ માણસને ન પકડી શકવાથી ગુસ્સામાં આવી, વડના ઝાડને કંપાવી રહ્યો હતો. વડની ઠેઠ ઉપરની શાખા ઉપર એક મધપુડો હતો. હાથીએ ઝાડને હલાવતાં તે મધપુડાની માંખીઓ ઊડીને એ મનુષ્યને ડસી રહી હતી. એ માણુસના માથા ઉપર મધપુડામાંથી મધનાં ટીપાં પડતાં હતાં, જે ભાલ સ્થલ ઉપર થઇ મોંમાં જવા માંડયાં. પેલા માણુસને આ ટીપાંનો રસ લાગ્યો. નીચે રહેલા અજગર અને સાપ ભક્ષણ શોધી રહ્યા છે, ઉપર ઉંદરડા ડાળને કાપી રહ્યા છે, હાથી ઝાડ ઉખેડવા પ્રયત્ન કરે છે અને માખીઓ કરડી રહી છે, એ બધાને ભૂલી જઇ એને મધના ટીપામાં રસ લાગ્યો છે. એને બીજું સૂઝતું જ નથી. મુસાફરને હવે આમાં ક્યાંય સુખ છે ખરું! આનો ઉપનય સાંભળ:

જૈન સાઇટ JAINSITE .com

"આ જંગલ તે સંસાર છે, મનુષ્યજન્મ તે કૂવો છે, હાથી તે મૃત્યુ છે, અજગર તે નરક છે, ચાર સાપ તે ચાર કષાયો છે. વડનું વૃક્ષ તે આયુષ્ય છે, ધોળા અને કાળા ઉંદર તે શુક્લપક્ષ અને કૃષ્ણપક્ષ છે અથવા રાત્રિ–દિવસ છે, મધમાખીઓ તે ઉપાધિઓ છે. હવે કદાચ કોઇ દેવી પુરુષ કે વિદ્યાધર એને બચાવવા આવે તો તે છૂટવા પ્રયત્ન કરે કે ન કરે?"

પ્રભવ:—"આવી આપત્તિમાંથી છૂટવા કોણ પ્રયત્ન ન કરે?"

જંબુકુમાર:—"ત્યારે ભાઈ! સુધર્માસ્વામી ગણધર મને તારનાર મળ્યા છે, પછી હું આ વિપત્તિમાંથી બચવા કેમ ન ઇચ્છું?"

પ્રભવ:—"પણ ભાઈ! તારા માતાપિતા અને આ સ્ત્રીઓ તારા ઉપર અત્યંત સ્નેહવાળાં છે, તું આવો કઠોર થાય છે! આવા સ્નેહી અને સગાંઓનો સ્નેહ તરછોડે છે એ ઠીક નથી."

જંબૂકુમાર:—"આ સગાં અને સ્નેહીઓ તો સંસારમાં ડુબાડનારાં છે. એમના ઉપર પ્રેમ શો? સંસારમાંથી બહાર કાઢે તે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જ ખરા સગાં સ્નેહીઓ કહેવાય. સંસારમાં ડુબાડે એ તો સગાં નહિ શત્રુ કહેવાય. વળી, કુબેરદત્તનું દૃષ્ટાંત પ્રસિદ્ધ છે અને એક ભવમાં કેટલા સંબંધો કરવા પડ્યા છે! માટે જ્યાં મમતા છે ત્યાં જ કર્મબંધ છે."

આ અતિ અદ્ભુત વાર્તાલાપ સાંભળી પ્રભવને પણ વૈરાગ્યનો રંગ લાગ્યો અને જંબૂકુમારના માર્ગે ચાલવાનો તેણે દૃઢ નિશ્ચય કર્યો. જકડાયેલા સાથીદારો છૂટા થયા. તેઓને પણ આ પ્રસંગ જોઈ વૈરાગ્ય પ્રગટ્યો, અને ૫૦૦ જણાએ ચોરીનો ધંધો છોડી દઈ તેમની સાથે જ દીક્ષા લેવાનો નિર્ણય કર્યો, ત્યાર પછી તેમણે દીક્ષા લીધી છે અને જંબૂસ્વામીના નિર્વાણ પછી પ્રભવસ્વામી જૈન જગતના સમર્થ આચાર્ય થયા છે. શ્રીપ્રભવસ્વામીની દીક્ષા ક્યારે થઈ? તેની સાલવારી માટે મતભેદ છે.

એક મત એવો છે કે, જંબૂકુમારે વીર નિ૦ સં૦ ૧ માં દીક્ષા લીધી છે, તે જ સમયે તેની સાથે ૨ પોતાના માતાપિતા, ૮ પત્નીઓ, ૮ સસરા, ૮ સાસુઓ અને ૫૦૦ પ્રભવ વગેરે ચોરો એમ ૫૨૭ની દીક્ષા થઈ છે. આ સમયે પ્રભવસૂરિજીની ઉંમર ૩૦ વર્ષની હતી. ત્યાર પછી તેમણે ૬૪ વર્ષ શ્રમણ-પર્યાય પાળી, ૧૧ વર્ષ યુગપ્રધાનપણે રહી, ૧૦૫ વર્ષની ઉંમરે વીર સં. ૭૫ માં સ્વર્ગવાસ કર્યો.

બીજો મત એવો છે કે, પ્રભવસ્વામીજીએ જંબૂસ્વામીની દીક્ષા પછી ૨૦ વર્ષ જતાં ૩૦ વર્ષની ઉંમરે ૪૯૯ ચોરો સાથે વીર સં. ૨૧ માં દીક્ષા લીધી. ત્યાર પછી તેમણે ૪૪ વર્ષ શ્રમણ-પર્યાય પાળી, ૧૧ વર્ષ યુગપ્રધાનપણે રહી, ૮૫ વર્ષની ઉંમરે વીર સં. ૭૫ માં સ્વર્ગવાસ કર્યો.

યુગપ્રધાનયંત્રમાં આ બીજા મત પ્રમાણે સાલવારી મળે છે.

પ્રભવ દશ વર્ષની ઉંમરે ચોરી કરવા આવે, ૪૯૯નો અધિપતિ બને અને ટોળી જમાવે, એ વસ્તુ બરાબર બંધબેસતી લાગતી. નથી ત્યારે ચોરી કરવા આવ્યો તે સમયે તેની ઉંમર

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૩૦ વર્ષની ઠીક લાગે છે અને તે સમયે તેમણે દીક્ષા લીધી હોય એ બનવાજોગ છે. એ રીતે તેમની ઉંમર ૧૦૫ વર્ષની બંધબેસતી થાય છે. અર્થાત્-પ્રભવ વગેરે ૫૦૦ ચોરોએ દીક્ષા સાથે જ લીધી. એ માન્યતાનુસાર પ્રભવસ્વામીની ઉંમર ૧૦૫ વર્ષની છે. વીર સં. ૧માં દીક્ષા, વીર સં. ૬૪માં યુગપ્રધાનપદ અને વીર સં. ૭૫માં સ્વર્ગ-એમ કુલ ૧૦૫ વર્ષનું આયુષ્ય થયું.

આવી રીતે પ્રભવ ચોરી કરવા ગયો હતો, તે જડ લક્ષ્મીના બદલામાં દર્શન, જ્ઞાન અને ચારિત્રની અપૂર્વ ચૈતન્યલક્ષ્મીનો ધણી થયો. ખરેખર, જંબૂસ્વામી જેવા કોટવાળ પણ નથી થયા કે જેમણે પકડાયેલા ચોરોને આઝાદી આપી, જેલ ને બદલે સ્વર્ગનો માર્ગ બતાવ્યો અને એ ચોરોના રાજાને પોતાનો પટ્ટધર તેમજ શાસનનો પ્રવર્તક બનાવ્યો. પ્રભવસ્વામી સમર્થ શ્રુતકેવલી હતા, ચૌદ પૂર્વધર હતા, મહાન યુગપ્રધાન હતા અને ત્યાગ, તપ તથા સંયમના ધોરી હતા.

આર્ય શ્રીપ્રભવસ્વામીએ પોતાની પાટને યોગ્ય પટ્ટધર માટે શોધ કરી હતી. જૈનશાસનમાં એવો યોગ્ય પુરુષ ન મળવાથી પરદર્શનમાં ઉપયોગ મૂકી પરદર્શનમાંથી ભટ્ટ શય્યંભવને પ્રતિબોધ પમાડી, જૈનશાસનની દીક્ષા આપી હતી અને યોગ્ય સમયે તેમને શાસનભાર સોંપી વીર સં. ૭૫માં સ્વર્ગપ્રાપ્તિ કરી હતી.

આર્યશ્રીપ્રભવસ્વામીને દિગંબર ગ્રંથોમાં ભવ અને વિદ્યુચ્ચર નામથી ઓળખાવ્યા છે. ('ઉત્તર પુરાણ' પર્વ ૭૬, શ્લોક ૧૧૭થી૧૨૦)

## જૈન તીર્થો

આ અરસામાં નીચેનાં જૈન તીર્થો સ્થપાયાં છે.

**શ્રીમાલનગર**—આ પણ પ્રાચીન જૈન ભૂમિ છે. 'મન્હ જિણાણું'ની ટીકા 'ઉપદેશકલ્પવલ્લી'માં આ નગરના ૧ શ્રીમાલ, ૨ રત્નમાલ, ૩ પુષ્પમાલ અને ૪ ભિન્નમાલ-એમ ચાર નામો મળે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

છે. આજ સુધીના શિલાલેખો, ગ્રંથપ્રશસ્તિઓ તથા પુષ્પિકાઓમાં શ્રીમાલ અને ભિન્નમાલ એ બન્ને નામો બરાબર મળ્યા કરે છે. 'પ્રબંધચિંતામણિ'ના ઉલ્લેખ પ્રમાણે—વિક્રમની સાતમી સદીમાં માળવામાં વૃદ્ધભોજ રાજા થયો ત્યારે શ્રીમાલ નગરનું 'ભિન્નમાલનગર' એવું નામ પડ્યું.

પ્રસિદ્ધ ચીની મુસાફર હ્યુએનસંગ પોતાના અહેવાલમાં 'કિઉ–ચે–લો–ની (ગુર્જરોની) રાજધાની પિ–લો–મો–લો (ભિલ્લમાલ)માં છે' એમ લખે છે. ભિલ્લો તથા માલોની વસતી હોવાથી તેમજ કવિ માઘની કદર ન થવાથી આ પ્રદેશનું 'ભિલ્લમાલ' નામ પડ્યું છે. સાતમા સૈકાનો જ્યોતિષાચાર્ય બ્રહ્મગુપ્ત અહીં થયો છે. રાજા શ્રીપુંજ કે કાશ્મીરના રાજા કનકસેને ઈ. સ. ૧૮૦ માં અહીં મંદિર બનાવ્યું છે તે કોનું છે એ જાણી શકાતું નથી, કિન્તુ લોકો આજે તેને સૂર્યમંદિરનાં ખંડેરો તરીકે ઓળખે છે.

વિક્રમની નવમી શતાબ્દી સુધી આ સમૃદ્ધ નગર હતું, તે સમયે એ ગુજરાતનું પાટનગર હતું. અહીં બ્રાહ્મણ, વ્યાપારી, વસવાયા વગેરેની મોટી વસ્તી હતી. શિવાલય અને જિનાલયો અનેક હતાં. લક્ષ્મીજીનું મોટું મંદિર હતું. શ્રીમાલ અને પોરવાડ ગોત્રોની ઉત્પત્તિ આ સ્થાનથી જ થયેલ છે. વલભી ભાંગ્યું ત્યારે આ શહેર ચડતીને મોખરે હતું. અહીંના રાજકુમારે ઓસિયા નગર વસાવ્યું. અહીંનો પોરવાડ નિન્નાશાહ લક્ષ્મીદેવીની પ્રેરણાથી ગાંભૂમાં જઈ ધનાઢ્ય બન્યો અને પાટણ જઈ વનરાજ ચાવડાનો મંત્રી બન્યો. આ૦ દુર્ગસ્વામી અહીં જ સ્વર્ગે ગયા. આ૦ સિદ્ધર્ષિની જન્મભૂમિ અને 'ઉપમિતિભવપ્રપંચા'ની રચનાભૂમિ પણ ભિન્નમાલ જ છે. અહીંના વતની જજ્જુકના પુત્ર રાજમાન્ય ગુણાઢ્ય આમે કાયંદ્રામાં આવી સં. ૧૦૯૧ માં દેરાસર બંધાવ્યું. ગુજરાતનો મહામાત્ય શાન્તૂ પણ ભિન્નમાલ કુલનો જ નબીરો હતો. અહીંના પ્રતિહારવંશી રાજાઓ જૈનધર્મ પ્રત્યે પ્રેમભાવવાળા હતા. ભિન્નમાલના રાજા ચાચિગે વિ. સં. ૧૩૩૩માં જિનમંદિરને દાન કર્યાનો ઉલ્લેખ મળે છે. કવિ

www.jainsite.com                    For Private & Personal Use Only                    info@jainsite.com

આસડ પણ આ જ નગરની પોરવાડ જ્ઞાતિનો જૈન હતો, જે સમર્થ કવિ લેખાય છે. અહીં પાર્શ્વનાથનું વિશાળ મંદિર હતું, જેમાં મૂળનાયક તરીકે ભગવાન પાર્શ્વનાથની ધાતુની મૂર્તિ હતી, જે બહુ ચમત્કારિક અને મોટી હતી. મુસલમાનોનો હુમલો થયો ત્યારે સંઘે તેને આભૂષણ પહેરાવી ભોંયરામાં ભંડારી દીધી હતી. વિ. સં. ૧૯૫૧માં દેરાસરની ઇંટો ખોદતાં તે પ્રતિમાજી, એક સમોસરણ ભગવાન શ્રીમહાવીરસ્વામીનું બિંબ, સરસ્વતીની મૂર્તિ વગેરે આઠ મૂર્તિઓ મળી હતી. મહેતા લક્ષ્મણદાસ તથા ભાવડારગચ્છના પંન્યાસજીએ ત્યાં જઈ તે પ્રતિમાજી વગેરેને લાવી, ભગવાન શાંતિનાથના દેરાસરમાં પધરાવ્યાં. જાલોરનો મુસલમાન સૂબો ગજનીખાન તે પ્રતિમાજીને જાલોર લઈ ગયો અને "એક લાખ પીરોજી દ્રવ્ય આપશો તો પ્રતિમાજી મળશે" એમ તેણે શરત મૂકી. આ વખતે નીરતિ ગામના સંઘવી વજરંગે પ્રતિજ્ઞા કરી કે, "પ્રતિમાજી મળે તો જ અન્નજળ લેવાં." આથી ધરણેન્દ્રે આવી પ્રથમ સંઘવીની દૃઢતાની પરીક્ષા કરી અને પછી સૂબાના મહેલમાં ઉપદ્રવ મચાવ્યો. પરિણામે સૂબાએ પ્રતિમાજીને સિંહાસને બેસાડી સલામ કરી સંઘને સુપ્રત કર્યાં અને સંઘ તેને ભિન્નમાલ લઈ આવ્યો. સં. વજરંગે તેર મહિને પારણું કર્યું, મોટો મહોત્સવ કર્યો અને સંઘે નવું દેરાસર બનાવી તેમાં પ્રતિમાજીને પૂર્વાભિમુખ સ્થાપિત કર્યાં. ('જૈન સત્ય પ્રકાશ' ક્રમાંક. ૧૪૭)

નિકોલસ ચુફલેટ નામના અંગ્રેજી વેપારીએ ઈ. સ. ૧૬૧૧માં જાલોરથી અમદાવાદ સુધીનું પ્રવાસવર્ણન આપ્યું છે. તે જણાવે છે કે 'આજે ભિલ્લમાલના કોટનો વિસ્તાર ૩૬ માઈલનો છે.

'અહીં અક્ષયકૂપ, જગતસ્વામીનું મંદિર અને બીજાં જિનાલયો એમ અનેક પ્રાચીન સ્થળો છે."

આ સ્થાન નકશામાં અક્ષાંશ ૨૪-૪૨ અને રેખાંશ ૭૨-૪ ઉપર વસેલું છે, જે આબુથી ૫૦ માઈલ દૂર પશ્ચિમ દિશામાં છે. ('બુદ્ધિપ્રકાશ' પુ. ૯૭, અં. ૭)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

શ્રીમાલી અને પોરવાડોનું આ ઉત્પત્તિ સ્થાન છે. ભિન્નમાલના ગૂર્જરવંશે ગૂર્જરરાજ્ય સ્થાપ્યું છે, તે સમયે ભિન્નમાલથી પંચાસર સુધીનો પ્રદેશ ગુજરાત તરીકે ઓળખાતો હતો; પણ વનરાજ ચાવડાએ પાટણમાં રાજધાની સ્થાપી ત્યારે ગુજરાતનો સીમાડો બદલાયો. ચક્રવર્તી સિદ્ધરાજ જયસિંહ અને ચક્રવર્તી કુમારપાલે તેને ખૂબ વિસ્તાર્યો છે. આજે ભિન્નમાલનો પ્રદેશ મારવાડમાં મનાય છે.

એમ આ સ્થાન અનેક પ્રાચીન ઈતિહાસ, સ્થાપત્યો અને વિવિધતાથી ભરેલું છે.

**ઓસિયા તીર્થ**—શ્રીમાલના રાજકુમાર સુંદર અને મંત્રીપુત્ર ઉહડે ઉપકેશ (ઓસિયા) નગર વસાવ્યું. આ૦ રત્નપ્રભસૂરિએ ત્યાં ૧૮૦૦૦૦ નવા જૈનો બનાવ્યા, જે ઉપકેશ નગરના હોવાથી ઓસવાળ જૈન તરીકે પ્રસિદ્ધિ પામ્યા. આ૦ રત્નપ્રભસૂરિએ અહીં વીર સં. ૭૦માં મહા સુદિ ૫ ગુરુવારે ભગવાન શ્રીમહાવીરસ્વામીની પ્રતિષ્ઠા કરાવી હતી, ત્યારથી આ તીર્થ બનેલું છે. આચાર્યશ્રીએ અહીં ચામુંડાદેવીને જૈન બનાવી સચ્ચિકા નામ આપી, ઓસવાલની કુલદેવી તરીકે સ્થાપી. તેની આ મંદિરની દેરીમાં પ્રતિષ્ઠા કરી હતી. ત્યાર પછી શ્રીસંઘે પરદેશી હુમલો થયો ત્યારે ભગવાનની પ્રતિમા ઉઠાવી લીધી હતી અને પછી કોઈએ તેને સ્થાને સચ્ચિકાને બેસાડી દીધી હતી.

**કોરટાજી તીર્થ**—આ૦ શ્રી રત્નપ્રભસૂરિએ વીર સં. ૭૦ મહા સુદિ ૫ ને ગુરુવારે જે મુહૂર્તે ઓસિયામાં ભગવાન શ્રીમહાવીરસ્વામીની પ્રતિષ્ઠા કરી, તે જ દિવસે ને તે જ મુહૂર્તે કોરટામાં પણ ભગવાન શ્રીમહાવીરસ્વામીની પ્રતિમાની પ્રતિષ્ઠા કરી હતી, ત્યારથી આ સ્થાન પણ તીર્થ તરીકે પ્રસિદ્ધિ પામ્યું છે.

આ સિવાય ધાંધાણી તીર્થ પણ ઉપકેશગચ્છીય આચાર્યથી પ્રતિષ્ઠિત થયેલું પ્રાભાવિક તીર્થ છે.



જૈન સાઈટ JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્
www.jainsite.com   For Private & Personal Use Only   info@jainsite.com

## જૈન મંત્રીવંશ

રાજા શ્રેણિકને મહાબુદ્ધિનિધાન મંત્રીશ્વર અભયકુમાર હતો. ત્યારપછીના નંદવંશના નવે નંદ રાજાઓના રાજકાળમાં એક મહાપ્રતાપી શક્તિશાળી અને દુર્દાંત રાજ્યકર્તા મંત્રીવંશ થયો છે, જેની ખ્યાતિ આજ સુધી ગવાય છે. એનો આદિપુરુષ છે મંત્રીશ્વર કલ્પક.

નંદવંશની શરૂઆત શ્રીજંબૂસ્વામીના નિર્વાણ પહેલાં થઈ છે, જ્યારે કલ્પક મંત્રી તો ત્યારપછી ઘણે વર્ષે નંદનો મંત્રી બન્યો છે. એટલે આપણે મંત્રીવંશને શ્રીપ્રભવસ્વામીના શાસન-કાળમાં મૂકીએ એ ઉચિત છે.

કલ્પક મંત્રીના પિતાનું નામ કપિલ હતું. તે બ્રહ્મવિદ્ બ્રાહ્મણ હતો. કપિલ પરમ વેદાન્તી, બ્રહ્મતત્ત્વનો જાણકાર અને ઉપાસક હતો. યજ્ઞ-યાગ, હોમ-હવન એને ઘેર નિરંતર થયા કરતા. પાટલીપુત્ર નગરના દરવાજા બહાર અને ગંગાનદીની પાસે જ એનું નાનકડું સાદું મકાન હતું. એકવાર એક સમર્થ જૈનાચાર્ય વિહાર કરતા કરતા ત્યાં આવી પહોંચ્યા, સંધ્યાનો સમય થવાની તૈયારી હતી. સૂરિજીએ અવસર જોઈ કપિલ બ્રાહ્મણનું મકાન યાચી, રાત્રિ ત્યાં જ પસાર કરી.

કપિલ વેદવિશારદ અને વિદ્વાન હતો. તેણે રાતે સૂરિજી પાસે આવી પ્રશ્નોની ઝડી વરસાવી, પરંતુ સૂરિપુંગવ કંઈ ગાંજ્યા જાય તેવા નહોતા. તેઓ કુશળ શાસ્ત્રવેત્તા અને સ્યાદ્વાદ જ્ઞાનથી પરિશુદ્ધ બુદ્ધિવાળા વિદ્વાન હતા. તેમણે કપિલના પ્રશ્નોનો જવાબ આપ્યો, તેની શંકાઓ ટાળી અને વીતરાગદેવની વાણીનું અમૃત પાન કરાવ્યું. ઉપદેશ સાંભળી કપિલ પ્રસન્ન થયો. એને મનમાં થયું કે આત્માનો સાચો અવાજ સંભળાય છે. માયાને ભેદી સત્ય બ્રહ્મતત્ત્વ યાને સંપૂર્ણ આત્મતત્ત્વનાં દર્શન સૂરિજીની વાણીમાં નિહાળાય છે. એ ધર્મોપદેશથી એને જૈનધર્મ ઉપર શ્રદ્ધા જન્મી; એટલું નહિ પણ કપિલ બ્રાહ્મણે જૈનધર્મનો સ્વીકાર કર્યો.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અત્યાર સુધી એ જૈન ભિક્ષુઓને—નિર્ગ્રન્થ ક્ષમાશ્રમણોને ઉપેક્ષાની નજરે જોતો હતો, એમાં એકાએક પરિવર્તન થયું. એને આવી ઉપેક્ષા માટે દુઃખ થયું. પોતાની ભૂલ સમજાઈ અને રસ્તે જતા મુનિપુંગવોને તે પોતાને ત્યાં નિમંત્રણ આપી આદર-સત્કાર કરવા લાગ્યો. નિમંત્રિત શ્રમણો સાથે તે ધર્મચર્ચા કરતો. એમાં વેદાંત અને સ્યાદ્વાદની વિચારણા થતી અને ધર્મોપદેશ ચાલતો. કપિલને જૈનધર્મના સિદ્ધાંતમાંથી પરમ સત્ય લાધ્યું અને એણે 'સમભાવ, મૈત્રી, ક્ષમાભાવ અને સ્યાદ્વાદ જ્ઞાન' આ ચતુઃસૂત્રી જીવનમાં ઉતારી. મુનિવરો અને સૂરિપુંગવો આ જ્ઞાનવી જ્યોતિથી આકર્ષાઈ એના સ્થાનમાં અવારનવાર આવતા હતા. એકવાર કપિલ પંડિતવરે સૂરીશ્વરને ચોમાસા માટે વિનંતિ કરી અને જૈનાચાર્યજી એની વિનંતિથી ત્યાં ચોમાસું પણ રહ્યા.

કપિલને ત્યાં થોડા સમય પહેલાં જ એક રૂપસંપન્ન બાળકનો જન્મ થયો હતો. પરંતુ તે કોઈક દેવી પ્રકોપથી પીડાતો હતો. બાળકને કોઈક રોજ રાતના લઈ જતું. એકવાર એક મહા-ત્યાગી, તપસ્વી અને મહાસિદ્ધ પુરુષ આચાર્યે આ બાળકને ખાલી પાત્રમાં સંતાડી દીધો, એટલે દૈવી ઉપદ્રવ શાંત થઈ ગયો. અને પછી મંત્રિત જળ છાંટ્યું એટલે બાળક તદ્દન ઉપદ્રવ રહિત થયો. આ કારણે કપિલે પુત્રનું નામ 'કલ્પક' પાડ્યું. મંત્રીવંશમાં પ્રથમ મંત્રી થનાર આ જ બ્રાહ્મણપુંગવ છે. એને ગળથુથીમાં જ જૈનધર્મના સંસ્કાર મળ્યા, ત્યાં આવતા-જતા મુનિવરોના સંસર્ગથી પિતાની જેમ પુત્ર પણ જૈનધર્મનો પરમ અનુરાગી થયો. તે પિતા પાસેથી વેદધર્મ અને જૈનધર્મ પામ્યો. અને ક્ષમાશ્રમણો પાસેથી જૈનધર્મનો મર્મ જાણી અનેક વિદ્યાઓનો નિધાન બન્યો. એ જન્મજાત વૈરાગી થયો. સમભાવ, મૈત્રીભાવ, ક્ષમાભાવ અને સ્યાદ્વાદની ચતુઃસૂત્રીનો પરમજ્ઞાતા આરાધક અને નિરૂપક બન્યો.

કપિલ કલ્પકને આવો તેજસ્વી પંડિત જોઈ પ્રસન્ન થયો અને સદાચાર, ન્યાય, નીતિ, ત્યાગ, તપ, તથા શ્રદ્ધાની જીવંત

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

મૂર્તિ સમા પુત્રને મૂકી જિનધર્મનું આરાધન કરી સ્વર્ગે સંચર્યો.

## મંત્રીશ્વર કલ્પક

કલ્પકને ત્યાં ક્ષમાશ્રમણો વિશ્રાંતિ લેતા, રાત્રિવાસો ગાળતા અને કવચિત્ ચતુર્માસ પણ રહેતા; એ આપણે જોયું. હવે કલ્પક પચીશ વર્ષનો નવયુવાન થયો છે. તેના ભવ્ય લલાટપટમાં કેસરનું મનોરમ તિલક શોભે છે, હાથમાં પોથી રાખે છે, મુનિવરોની સાથે ફરે છે, શુદ્ધ બ્રહ્મચર્ય પાળે છે; અને અનેક વિદ્યાઓ મેળવે છે. જ્ઞાનપ્રાપ્તિ એ જ એનો પરમ વ્યવસાય બન્યો છે. પાટલીપુત્રમાં એની વિદ્યાની તારીફ થાય છે. એના કરતાંયે વધુ એના સદાચારની, એના વિનયની, એની નમ્રતાની અને એની સાધુચરિત સજ્જનતાની ભૂરિ ભૂરિ પ્રશંસા થઈ રહી છે.

એક વાર એક વિદ્વાન બ્રાહ્મણે એને શબ્દજાળથી બાંધી એને પોતાની કન્યા પરણાવી દીધી. કન્યા પણ જલોદરવાળી હતી, પરંતુ વચનબદ્ધ થઈ ગયેલા કલ્પકે કન્યાને નીરોગી બનાવી એની સાથે લગ્ન કર્યું.

જૈન સાહિત્ય JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

નંદ રાજાએ કલ્પકની ખ્યાતિ સાંભળી હતી. રાજાએ 'એના જેવો વિદ્વાન, ત્યાગી, સદાચારી, અને પ્રજાપ્રિય રાજ્યનો મંત્રી બને તો સારું', એમ વિચારી એને મંત્રીપદનું નિમંત્રણ આપ્યું.

કલ્પકે કહ્યું કે, "એ રાજખટપટ મારા જેવા બ્રાહ્મણને ન શોભે, તેમજ મારે લક્ષ્મી કે સત્તાની પણ બહુ જરૂર નથી, હું તો તત્ત્વચિંતક થવા ઈચ્છું છું. હું આત્મતત્ત્વની પ્રાપ્તિમાં જ જીવન વ્યતીત કરવા ધારું છું."

રાજાને લાગ્યું કે, આ બ્રાહ્મણ એમ નહિ માને. એને તો કોઇ યુક્તિથી બાંધવો પડશે. એટલે રાજાએ પણ એમ જ કર્યું. એક ધોબીને ત્યાં એ કપડાં ધોવા આપતો હતો. રાજાએ એ ધોબીને કહ્યું કે, 'હવે કલ્પક કપડાં ધોવા આપે ત્યારે તેને પાછાં ન આપીશ, વાયદા બતાવ્યા કરજે.' ધોબીએ પણ એમ જ કર્યું. કલ્પક જ્યારે જ્યારે કપડાં માગવા જાય ત્યારે તે કહે, "કાલે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આવજો; પંડિતજી! કાલે ધોઈ આપીશ." આમ ને આમ ઘણો સમય ગયો. એક દિવસે કલ્પકને ગુસ્સો ચડયો, અને તે એક ધારદાર છરી લઈ ધોબીને ત્યાં જઈ ને બોલ્યો: 'કપડાં આપ.'

ધોબીએ કહ્યું: 'ધોઈ રંગીને આપીશ.'

કલ્પકે કહ્યું: "આજ તો તારા લોહીથી જ કપડાં રંગી લઈશ."

બ્રાહ્મણ આજે એના અસલ સ્વરૂપમાં આવી ગયો હતો. એણે ફરી ગર્જના કરી કહ્યું: "તારા લોહીમાં કપડાં ન રંગું તો હું બ્રાહ્મણ નહીં."

ધોબીએ ધોબણને કહ્યું: "કપડાં આપી દે." ધોબણ કપડાં લાવી પરંતુ કલ્પકે એકદમ હલ્લો કરી ધોબીને છરી મારી પેટ ચીરી લોહી કાઢ્યું.

ધોબણે રડતાં રડતાં કહ્યું: "અમે તો રાજાના કહેવાથી તમને કપડાં નહોતાં આપ્યાં, તમે આ શું કર્યું, રાજા હમણાં તમને પકડશે."

કલ્પક સમજી ગયો કે, આ રાજાનું જ કાવત્રુ છે. પછી પોતે રાજાની પાસે પહોંચ્યો. એણે વાતચીતમાં રાજાને રીઝવ્યો. એને કહ્યું: "આપ મગધ સામ્રાજ્યને શા માટે બળવાન, અજેય અને ભારતનાં એક મહાસામ્રાજ્ય સમાન નથી બનાવતા?"

પછી કલ્પકે ભારત એક અને અવિભાજ્ય મહારાજ્ય બને, એવું ભવ્ય મનોહર ચિત્ર આંકી બતાવ્યું. રાજાને તે ગમ્યું એટલે રાજાએ કહ્યું: "તું મહામાત્ય બની જા. પછી તું જ આખા સામ્રાજ્યને વિસ્તૃત બનાવજે." હવે કલ્પકે કહ્યું: "પણ હું તો ગુનો કરીને આવ્યો છું." એ જ સમયે ધોબીઓ પણ ત્યાં ફરિયાદ લઈ આવ્યા પરંતુ નંદ રાજા પાસે વાતો કરતા કલ્પકને જોઈ ડરીને પાછા ચાલ્યા ગયા. આખરે કલ્પકે રાજાના દબાણથી મહામંત્રીપદ સ્વીકાર્યું અને જૂના મહામાત્યને રજા મળી.

जैन साईट JAINSITE .com जैनम् जयति शासनम्

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કલ્પકે પ્રથમ જ મગધની ચારે તરફ નજર નાખી. નાના નાના ખંડિયા રાજાઓને વશ કર્યા, કાશી, કોશલ, અંગ બંગ, વિશાલા, કોશાંબી અને લિચ્છવીઓને વશ કર્યા. એ રીતે મગધ એક બળવાન રાજ્ય બન્યું. હવે એની નજર અવન્તી અને મથુરા તરફ હતી પરંતુ ભવિતવ્યતા કંઇક જુદી જ હતી.

મંત્રી કલ્પકને ત્યાં પુત્રલગ્નનો પ્રસંગ હતો. તેને એ ઉત્સવમાં રાજાને આમંત્રી મુગટ, ચામર, છત્ર, અને વિવિધ શસ્ત્રો ભેટ આપવાની ઇચ્છા હતી પરન્તુ જૂના મંત્રીશ્વરે ( માજી દીવાને ) તક સાધી આ તૈયારીનો તેની વિરુદ્ધમાં જ ઉપયોગ કર્યો અને રાજાને ભંભેર્યો : " પૃથ્વીનાથ ! આ કલ્પક પોતે જ રાજા થવા ધારે છે. અત્યારે લગ્નના બાના હેઠળ મુગુટ, કુંડળ, છત્ર, ચામર વગેરે શસ્ત્ર બનાવે છે અને આપને નિમંત્રીને પકડી લેવાની તૈયારી કરે છે. પછી તો પોતે જ રાજા બનશે. " આ સાંભળી કાચા કાનનો રાજા મુંઝાયો. તેણે ખાનગી પુરુષો દ્વારા તપાસ કરાવી જૂના મંત્રીને સાચો માની મહામાત્ય કલ્પકને કુટુંબ સહિત પકડી લઈ પ્રથમ જેલમાં પૂર્યો અને પછી વધુ ત્રાસ ગુજારવા તેના આખા કુટુંબને અંધારા કૂવામાં ઉતારી પૂરી રાખ્યું. રાજા તેને રોજ થોડું થોડું ખાવા–પીવાનું મોકલતો હતો. મહામાત્ય તો ત્યાંય ખૂબ શાંતિ અને સમભાવથી રહી આત્મચિંતવન કરતો હતો અને પોતાના કોઈક પૂર્વ ભવનાં પાપ-કર્મ ઉદયમાં આવ્યાં છે એમ સમજી શાંતિથી આત્મદ્રવ્યની વિચારણા કરતો હતો. ભૂખે મરતા કુટુંબીઓને અનશન કરાવતો, નવકાર મંત્ર સંભળાવતો ધીર, વીર અને દૃઢ બની चत्तारि मंगलं चत्तारि लोगुत्तमा, અને चत्तारि सरणं સંભળાવતો પોતે પણ चत्तारि सरणं पवज्जामि, अरिहंते सरणं पवज्जामि, सिद्धे सरणं पवज्जामि, साहू सरणं पवज्जामि, केवली पन्नत्तं धम्मं सरणं पवज्जामि વિચારતો હતો. તેણે એક વીરને છાજે તેમ મૃત્યુની તૈયારી કરી રાખી હતી. એને એ પણ ખાતરી હતી કે એક દિવસે રાજાને

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સત્ય સમજાશે. સદા સત્યનો જ જય છે.” મોટા રાજ્યોને ધ્રુજાવનાર વીર મહામંત્રી ક્ષમા, શાંતિ, અહિંસા અને સત્યનાં અમોઘ શસ્ત્રો સજી વીરતાથી પરલોકની તૈયારી કરતો હતો.

શત્રુ રાજાઓએ જાણ્યું કે કલ્પક મંત્રી રહ્યો નથી તો નંદ રાજાને હરાવી નસાડી પદભ્રષ્ટ કરી નાખીશું, એટલે તેઓ મગધ પર ચઢી આવ્યા. ત્યાં જંગ ખેલાયો. તેમાં મગધની સેના હારી એટલે યોદ્ધા પટણાના કિલ્લામાં ભરાયા, પાટલીપુત્રના દરવાજા બંધ હતા, આ પ્રસંગે રાજાને કલ્પક મંત્રી યાદ આવ્યો, અને તેની તપાસ કરાવી કૂવામાંથી જીવતો બહાર કાઢયો. ક્ષમા અને દયાની મૂર્તિ સમો મંત્રી પ્રસન્નવદને બહાર આવ્યો. એણે ક્ષણ વારમાં પરિસ્થિતિ જાણી લીધી. એક પણ શબ્દ બોલ્યા સિવાય દુર્બલ દેખાતો એ મહાન વિજયી વીરની માફક કિલ્લા ઉપર આવ્યો. બહાર રહેલા શત્રુઓએ એને જોયો અને ઓળખ્યો. પરંતુ કેટલાકને આવો દુર્બલ કલ્પક હોય એ વિશ્વાસ ન બેઠો. પછી તેણે નંદ રાજાને કહ્યું : “મહારાજા! પાટલીપુત્રના દરવાજા ઉઘડાવો. શત્રુઓને કહેવરાવો કે કલ્પક મંત્રી સમાધાન માટે આવે છે. તમારે જે કહેવું હોય તે કલ્પકને કહો.” નંદરાજે તે પ્રમાણે વ્યવસ્થા કરી, એટલે કલ્પકે પ્રથમ કિલ્લા ઉપર સેના ગોઠવી દીધી પછી પોતે એકાકી નમો અરિહંતાણં બોલતો બોલતો રાજમહેલમાંથી નીકળ્યો અને ગંગાની નહેર વાટે હોડીમાં બેસી ગંગામાં આવ્યો. શત્રુઓનો સાંધિવિગ્રહિક પણ સામે આવ્યો. કલ્પકની મુત્સદ્દીગીરી ધીરજ અને દૃઢતાથી બધા કાંપતા હતા. વિરોધીઓ પણ કલ્પકની ન્યાયનીતિ, સદાચારિતા અને સ્પષ્ટવાદિતાથી પરિચિત હતા. મંત્રીએ સાંધિવિગ્રહિકને પ્રથમ મૂળ અને છેડાના ભાગ વિનાની એક શેરડી બતાવી પણ સાંધિવિગ્રહિક કંઈ જ સમજ્યો નહિ. કલ્પકે સમજાવ્યું કે, “મૂળ અને છેડાના ભાગ વિનાની શેરડી પીલાઈ જ જાય છે, એમ તમે પણ મગધરૂપ મૂળ વિના અને એની વિજિત સરહદોના અંતભાગ વિના બીજા રાજાઓથી પીસાઈ જશો, માટે સમજો.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

મગધ સાથે બાથ ભીડવામાં માલ નથી; મગધ જીવતું છે; ઊભું છે, તો જ તમારી રક્ષા છે." પછી કલ્પકે એક થાળીમાં રહેલા દહીંને લાકડી મારી ફોદા ફોદા રૂપે જુદું કર્યું. પેલો સાંધિવિગ્રહિક આમાં પણ કંઈ જ ન સમજ્યો. તેથી કલ્પકે સમજાવ્યું કે, "તમારો પક્ષ મારી પાસે મારા ભુજાબલ પાસે અને મારા સૈન્યબળ પાસે આમ વેરવિખેર થઈ જશે." કલ્પકે પોતાની હોડી સાંધિવિગ્રહિકની હોડીને ફરતી ત્રણવાર ફેરવી. પેલો મંત્રી આમાંય ન સમજ્યો ત્યારે કલ્પકે કહ્યું: "હું તમને ક્ષણવારમાં જ આમ ફરી વળીશ:" બસ, કલ્પક મંત્રી શત્રુમંત્રી સાથે આટલી વાતચીત કરી હમામખેર મહેલમાં આવ્યો.

શત્રુ રાજાઓએ પોતાના સાંધિવિગ્રહિકને પૂછયું: "બોલ તું શું કરી આવ્યો?" પણ સ્પષ્ટ ઉત્તર ન મળવાથી શત્રુઓ સમજ્યા કે આ સાંધિવિગ્રહિક ફૂટયો છે. કલ્પક મંત્રી કયાંક આપણને ઘેરી લેશે. શત્રુઓ એમ અવિશ્વાસના માર્યા ત્યાંથી ભાગ્યા. કલ્પકે તરત જ કિલ્લા પરની સેના નીચે ઉતારી શત્રુઓનો પીછો પકડયો, એટલે શત્રુસેના બધું મૂકી પોતાનો જીવ બચાવવા ઊભી પૂંછડીએ નાઠી, અને મગધ સામ્રાજ્ય બચી ગયું.

એક વિદ્વાન જૈનબ્રાહ્મણે પડતા મગધ રાજ્યને પોતાનાં ડહાપણ, ધીરતા, વીરતા અને દૃઢતાથી આ રીતે ઉગારી લીધું.

બીજે દિવસે રાજા અને પ્રજાએ મહામાત્ય કલ્પકને સાચા મોતીએ વધાવ્યો. એને મગધનો પ્રભુ માન્યો અને લખી આપ્યું કે "નંદવંશમાં સદાયે કલ્પક વંશનો જ મંત્રી રહે ને રાજ્યતિલક પણ સૌ પહેલાં કલ્પક વંશનો બાળક જ કરે."

કલ્પકે વિરોધી મંત્રીને પણ ક્ષમા અપાવી અને અહિંસા તથા સત્યનો વિજયડંકો વગડાવ્યો. રાજાએ અને પ્રજાએ એણે અપનાવેલા જૈનધર્મને સ્વીકાર્યો, આથી નંદરાજ્યમાં જૈનાચાર્યોનાં-જૈનશ્રમણોનાં સત્કાર અને સન્માન વધ્યાં.

કલ્પકે ફરી વાર સરહદી રાજાઓને તાબે કર્યા. સામંતોને

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જીત્યા અને મગધની સત્તાનો વિસ્તાર કર્યો. પરંતુ અવન્તી અને મથુરા જીતવાનું રહી ગયું તે રહી ગયું એમનું એ સ્વપ્ન ઊડી ગયું. એક અને અખંડ હિંદમહારાજ્યની કલ્પના મનમાં જ રહી ગઈ.

મહામાત્ય કલ્પકને પુનઃ સંતતિસુખ મળ્યું છે. કુટુંબ વધ્યું છે અને એના જ વંશજો નંદરાજ્યમાં મંત્રીઓ થયા છે.

નવમા નંદના સમયે આ કલ્પકના વંશજો શકડાલ અને શ્રીયક મગધના મહામંત્રીઓ થયા છે, જેઓનું ચરિત્ર આ૦ શ્રીસ્થૂલિભદ્રજીના જીવનચરિત્રમાં આપીશું.

જૈન સાઈટ JAINSITE .com
જૈનમ્ જયતિ શાસનમ્
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## પ્રકરણ ચોથું

### આ૦ શ્રીશય્યંભવસૂરિ

આ૦ શય્યંભવસૂરિ મગધની પ્રાચીન રાજધાની રાજગૃહી નગરીના વત્સગોત્રીય ક્રિયાચુસ્ત બ્રાહ્મણ હતા. તેઓ ગૃહસ્થ-જીવનમાં જ વિદ્વાન હતા. તેમને હઠાગ્રહ કે વિતંડાવાદમાં રસ નહોતો. બ્રાહ્મણ હતા, છતાંયે વર્ણદ્વેષી નહોતા. ધર્મનો મર્મ સમજવા પ્રયત્નશીલ રહેતા હતા અને સત્યના અર્થી હતા. જ્યાં વિતંડાવાદ, દ્વેષ કે કલહ જેવું હોય ત્યાં શય્યંભવ ભટ્ટની ગેરહાજરી જ હોય. સદાયે ગુરુચરણે બેસી શાસ્ત્રઅભ્યાસ અને ક્રિયાકાંડમાં એ તત્પર જ રહેતા. એમને જૈનધર્મના શ્રમણો ઉપર ભક્તિ અને પ્રેમ હતાં, તેઓનો સત્સંગ શય્યંભવ ભટ્ટને ગમતો. એ શ્રમણોના ત્યાગ, તપ, ઉત્તમચારિત્ર, સર્વજીવો સાથેની મૈત્રી, પ્રેમભર્યું જીવન, દયાળુવૃત્તિ, કરુણાભાવના; આ બધા ગુણોની શય્યંભવ ઉપર સારી છાપ પડી હતી.

એકવાર આ૦ શ્રીપ્રભવસ્વામીએ પોતાની પાછળ ભવિષ્યમાં આચાર્યપદને લાયક કોણ છે એ માટે પોતાના શ્રુત-જ્ઞાનનો ઉપયોગ મૂક્યો. એમણે જોયું કે, અત્યારે જૈન સંઘમાં એવા કોઈ પુણ્યાત્મા નથી કે જૈનશાસનની પાટની ધુરાનો ભાર ઉઠાવી શકે. પછી તેમણે જૈનેતર દર્શનમાં ઉપયોગ મૂક્યો, ત્યારે તેમને જણાયું કે રાજગૃહીના શય્યંભવ ભટ્ટ પાટને લાયક છે. આથી તેમણે પ્રાતઃકાળમાં બે સ્થવિર, દક્ષ, ઉપદેશકુશલ ગંભીર અને તપસ્વી એવા સાધુઓને શય્યંભવ ભટ્ટ જ્યાં ગુરુ સાથે યજ્ઞક્રિયા કરાવતો હતો, ત્યાં મોકલ્યા.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

બંને મુનિપુંગવો યજ્ઞમંડપ પાસે જઈ 'ધર્મલાભ' શબ્દ બોલી ઊભા રહ્યા. તેમને જોતાં કેટલાક બ્રાહ્મણોએ મોં મચકોડયું, કેટલાકે ચાલ્યા જવા કહ્યું અને કેટલાકે આ 'ક્યાં આવ્યા?' એમ કહ્યું; પરંતુ શય્યંભવ ભટ્ટે વિનયથી હાથ જોડ્યા અને પૂછયું: "હે શ્રમણ મહાત્મન્! આપ કેમ પધાર્યા છો?" મુનિપુંગવોએ મધુરી ભાષામાં કહ્યું: "અહો બહુ ખેદની વાત છે કે, આટઆટલું કષ્ટ સહન કરવા છતાંયે તત્ત્વ તો કાંઈ જ જણાતું નથી ત્યારે કંઈક તત્ત્વ સમજવા પ્રયત્ન કરોને! વાસ્તવિક તત્ત્વ શું છે તે સમજો. એ ખાતર અમે આવ્યા છીએ." મુનિઓની આ મધુરી વાણીથી શય્યંભવ આકર્ષાયા. એના દિલની જિજ્ઞાસાએ સાચા ધર્મના અજવાળાંની ઝાંખી કરી. એમણે સાચું તત્ત્વ શું છે તે સમજવા પોતાના ઉપાધ્યાય ગુરુને નમી બોલ્યા: "ગુરુદેવ! ધર્મતત્ત્વ શું છે તે સમજાવો. આ ક્ષમામૂર્તિ સંયમી શ્રમણો કહે છે તે સાચું કે આ આપણો હિંસાપ્રધાન યજ્ઞક્રિયાધર્મ સાચો?" ગુરુએ એને સરલ ઉત્તર આપવાને બદલે ટાલંટુલ કરવા માંડી: "મહાનુભાવ! આપણા વેદો, આપણી વેદક્રિયાઓ અને આપણો બ્રાહ્મણ ધર્મ સાચો." આવા અધૂરા અને સામાન્ય જવાબથી શય્યંભવ ભટ્ટને સંતોષ ન થયો એટલું જ નહિ એને આવા જવાબથી તિરસ્કાર આવ્યો. ગુરુજી સાચી હકીકત છુપાવતા હોય એમ પણ તેમને લાગ્યું. તેથી તેમણે ક્રોધે ભરાઈને બકરાના વધ માટે રાખેલી ચળકતી તરવાર ઉપાડી ગુરુને રોકડું પરખાવ્યું: 'મહારાજ! સાચું કહી દો, ધર્મતત્ત્વ શું છે? યાદ રાખજો હવે માયા, કપટ, કે મિથ્યાત્વની જાળ મને નહિ ફસાવી શકે. ધર્મની સાચી દિશા એ જ જીવનનું સારસર્વસ્વ છે. એ વિના જીવવું બહેતર છે. મારી આજની સ્થિતિએ અત્યાર સુધી આચરણ કરાતા ધર્મનો પડદો ચીરી નાખ્યો છે. મને સાચું કહો, નહિતર જે દશા બકરાની થાય છે તમારી તે દશા કરતાં મને વાર નહિ લાગે.'

ગુરુએ ભય પામી જવાબ વાળ્યો: "વત્સ! તું આકરો ન થા, ધીરો પડ. ધર્મતત્ત્વ તો अहिंसा संजमो तवो જ છે. તે મુનિમહાત્માઓ જે કહી ગયા એ જ સાચું છે. પણ આપણાથી જન્મ-

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સંસ્કાર કેમ છોડાય! તું તરવાર નીચે મૂકી દે. તારે સત્ય જ જાણવું છે તો ચાલ બતાવું.' આમ કહી ઉપાધ્યાયે એક ખૂણામાં યજ્ઞસ્તંભ નીચે સંતાડી રાખેલ વૈરાગ્યની અમીથી ઓપતી શ્રીશાંતિનાથ પ્રભુની મૂર્તિ કાઢી શય્યંભવને તેનાં દર્શન કરાવ્યાં, અને સાથોસાથ જણાવ્યું કે, 'આ સત્ય ધર્મ છે, સમજ્યો! વીતરાગ ભગવંતોએ કહેલો ધર્મ પરમ સત્ય ધર્મ છે. આ યુગની આદિમાં આદિનાથ વીતરાગ તીર્થંકર થયા તે વખતે આપણા વૈદિક ધર્મનો જન્મ પણ નહોતો થયો. જૈન આગમો, જૈન શાસ્ત્રો અને એ જિનેશ્વરની વાણી એ જ વેદ હતા. જૈનધર્મના નવમા તીર્થંકર પછી નૂતન વેદધર્મ સ્થપાયો, પરંતુ તે વખતેય વેદ-ધર્મ अहिंसा परमो धर्मः માનતો હતો. ત્યારપછી ઘણાંયે પરિવર્તનો થયાં, સત્યધર્મના ઉપદેશકોના અભાવે આપણે ત્યાં બ્રાહ્મણો ગુરુ બની બેઠા. છેલ્લે જૈનધર્મના સોળમા તીર્થંકર શ્રીશાંતિનાથજી કે જેમની આ મૂર્તિ છે, તેમની પછી આપણા વેદોમાં હિંસાખોરી, પશુબલિ યાને ધર્મને નામે નિર્દોષ જીવોની હિંસા એ ધર્મ મનાવા લાગ્યો. એમાંય વીસમા તીર્થંકર શ્રીમુનિસુવ્રતસ્વામીના સમયે બ્રાહ્મણોમાં પશુહિંસાવાળા યજ્ઞ વધ્યા, જેમાં ગોમેધ, અશ્વમેધ અને નરમેધ યજ્ઞો પણ પ્રચલિત થયા. એ તીર્થંકરોએ અહિંસાનો ડિંડિમ નાદ તો જોરથી વગાડ્યો હતો, પરંતુ આપણા પંડિતં-મન્ય બ્રાહ્મણોએ પોતાની જીદ ન છોડી. સમય જતાં ભગવાન શ્રીનેમિનાથજીના સમયે એ હિંસા એથીયે આગળ વધી અને તે ભગવાન મહાવીરસ્વામીના સમયે એની પરાકાષ્ટાએ પહોંચી પરંતુ શ્રમણ ભગવાન મહાવીરે દૃઢતા, હિંમત અને સાહસથી આ ઘોર હિંસાની સામે જબ્બર અવાજ ઉઠાવ્યો, એનો પડઘો ઝીલવા હિંસાથી કંટાળી ગયેલો જનમત અને રાજમત તેમના પક્ષમાં ભળ્યો, અને બુદ્ધદેવે પણ એમાં સૂર પુરાવ્યો. એટલે બ્રાહ્મણોનું પરિબળ તૂટવા માંડ્યું. ભગવાન મહાવીરદેવે એકીસાથે પહેલે જ ધડાકે ૧૪૪૪ પંડિત બ્રાહ્મણોને જૈનધર્મની દીક્ષા આપી હિંસા-પ્રધાન યજ્ઞધર્મ ઉપર જબરજસ્ત ફટકો માર્યો. ભાઈ! એ યજ્ઞનો

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જમાનો ગયો. સાપ ગયા ને લીસોટા રહ્યા જેવી આજની આપણી ધર્મક્રિયા છે. આજે રાજા શ્રેણિક, કોણિક, ચંડપ્રદ્યોત, ઉદાયી, ચેડા મહારાજા, દધિવાહન વગેરે રાજાઓ જૈનધર્મના ઉપાસક બન્યા છે. એમણે હિંસાપ્રધાન વેદધર્મ છોડયો, જનમત પણ એમને અનુસર્યો: માટે હવે તો યજ્ઞમાં દેવાતાં બલિદાનો થોડાં જ દેખાય છે. હે શિષ્યરત્ન! આ શ્રમણોની ગૂઢવાણીમાં ધર્મતત્ત્વ સમજવાનો સાચો રહસ્યઉકેલ આ છે. હવે તને ઠીક લાગે તે કર."

શય્યંભવ ભટ્ટને આ વાણીપ્રવાહ સાંભળવો ગમ્યો. ગુરુએ ધર્મનો મર્મ સમજાવ્યો તેથી એના દિલના દરવાજા ઉઘડી ગયા. ગુરુની સત્યપ્રિયતા ઉપર તે મુગ્ધ થયો પણ એને લાગી આવ્યું કે આવું જાણવા છતાં ગુરુમાં એ હિંમત, એ સાહસ અને એ બળ નથી કે હિંસાપ્રધાન યજ્ઞધર્મ છોડી વૈરાગ્યપ્રધાન આત્મકલ્યાણદાયક શ્રમણધર્મને માર્ગે ચાલે.

શય્યંભવને ગૌતમસ્વામી યાદ આવ્યા અને તેમને સ્ફુરણા થવા લાગી કે અહો! એ તેજસ્વી બ્રાહ્મણપુત્ર અભિમાનમાં મહાવીર ભગવાનને જીતવા જતાં પોતે જિતાઈ ગયા ને તેમણે શ્રમણધર્મ સ્વીકારી મોટી ક્રાંતિ કરી. હું પણ એ જ માર્ગે ચાલી ક્રાંતિનો શંખનાદ કેમ ન ફૂંકું? હિંસાપ્રધાન યજ્ઞના કિલ્લામાં સુરંગ કેમ ન ચાંપું અને સત્યધર્મનો વિજયનાદ શા માટે ન ગજાવું!

બસ, શય્યંભવ પંડિત ગુરુદેવને પગે લાગી આશીર્વાદ લઈ ક્રાંતિની ધૂનમાં રસ્તે પડચા. તેઓ જ્યાં શ્રમણસંઘ ઊતર્યો હતો તે ઉદ્યાનમાં પહોંચી ગયા. અહીં આવીને જોયું તો શ્રમણો ઘટાદાર વૃક્ષોની શીતલ છાયામાં જાગરૂકપણે બેઠા હતા. શ્રમણસમુદાયે આખાયે વાતાવરણને ચેતનવંતુ કરી મૂક્યું હતું. તેઓ શાસ્ત્રઅભ્યાસ અને ધર્મચર્ચા કરી રહ્યા હતા ને એ દ્વારા જગતના જીવોની દ્રવ્યશાંતિ અને ભાવશાંતિના પડછંદા ગજાવી રહ્યા હતા. મધુર ધ્વનિએ સ્વાધ્યાય ચાલુ હતો. ઉદ્યાનમાંથી પુષ્પોની મીઠી ફોરમ મગજને તર બનાવી રહી હતી. શ્રમણવર્ગ આત્મકલ્યાણમાં તલ્લીન હતો. એવા ભર્યા

www.jainsite.com　　For Private & Personal Use Only　　info@jainsite.com

વાતાવરણમાં શય્યંભવ ભટ્ટને આવતાં એકવાર તો મનમાં થઈ આવ્યું કે, ધન્ય છે આ શ્રમણોને! સાચી શાંતિના ભોગી તો આ શ્રમણો જ છે. અમે શાંતિ શાંતિ ગોખીએ છીએ પરંતુ સાચી શાંતિ અમારાથી તો ઘણી દૂર છે. અમે તો યજ્ઞમાં નિર્દોષ પશુઓના બલિથી હાથ રંગી એ જીવોને અને અમારા આત્માને હૃદયવિહોણાં, ક્રૂર-ઘાતકી અને અશાંતિમય જ બનાવીએ છીએ. ખરેખર, આત્મકલ્યાણનો સાફ-સુથરો અને ધોરી માર્ગ તો આ છે. શય્યંભવ ભટ્ટ આ વિચારતરંગમાં ચડી ગયા ને આ૦ શ્રીપ્રભવસ્વામી સમક્ષ આવી પહોંચ્યા.

શ્રીપ્રભવસ્વામીજીએ સ્મિતવદને તેમની સામે જોયું અને કહેવા માંડ્યું: "મહાનુભાવ! આવી પહોંચ્યો? આવ, વત્સ! આવ, તું જે શાંતિની ચાહનાથી અહીં આવ્યો છે તે શાંતિ તને અહીં મળી રહેશે. તારા દિલની જિજ્ઞાસા પૂરી થશે."

जैन साईट
JAINSITE
जैनम् जयति शासनम्

શય્યંભવ ભટ્ટ આ અમૃતથીયે મીઠી અને વાત્સલ્યભરી વાણી સાંભળી પ્રમુદિત થયા. તેમણે ગુરુદેવની પાસેથી ધર્મતત્ત્વ સમજી લઈ તરત જ શિષ્યપણું સ્વીકાર્યું. તે જૈન દીક્ષા લઈ શય્યંભવ મુનિ થયા.

તેઓ વિદ્વાન તો હતા જ એટલે એમની તીક્ષ્ણ મેધાએ ટૂંક સમયમાં જ જિનાગમવાણીનું અમૃતપાન કરી લીધું. તેઓ ચૌદ પૂર્વ ભણી શ્રુતકેવલી બન્યા અને ગુરુજીએ તેમને આચાર્ય પદથી અલંકૃત કર્યા. આ શ્રુતકેવલીએ જિનાગમરૂપ અમૃતપાનના ઓડકારરૂપ જ હોય તેમ 'શ્રીદશવૈકાલિકસૂત્ર'ની રચના કરી છે તે રચનાનો પ્રસંગ જે રીતે બન્યો છે તે જાણવાજેવો છે.

આ૦ શ્રીશય્યંભવસૂરિજીએ જ્યારે દીક્ષા લીધી તે વખતે તેમની પત્ની ગર્ભવતી હતી. શય્યંભવની જૈની દીક્ષાએ બ્રાહ્મણ સમાજમાં ખળભળાટ મચાવ્યો હતો. તેઓ બ્રાહ્મણ સમાજમાં પોષાતી યજ્ઞહિંસાની દાંભિકતા વિશે મરજીમાં આવે એ રીતે છડેચોક બોલતા હતા. એમાં એમનાં પત્નીને કોઈ કે પૂછ્યું: "તને

કાંઈ છે ?" તેણીએ કહ્યું: "મણયમ્ (मनाक्) કંઈક થોડુંક છે."
જ્યારે કોઈ પૂછે ત્યારે પંડિતાણી 'મણયમ્' જ બોલતી હતી.
આખરે પંડિતાણીએ પૂર્ણ માસે તેજસ્વી પુત્રરત્નને જન્મ આપ્યો.
તે અવારનવાર મણયમ્ મણયમ્ કહેતી એટલે આ પુત્રનું નામ
પણ મનકકુમાર પ્રસિદ્ધિ પામ્યું. પુત્રજન્મ સમયે વધામણી આપવા
આવનાર દરેકે એ જ કહ્યું કે, 'પુત્ર કેવો અભાગિયો છે કે તેના
ઉદરમાં આવતાં જ પિતા સાધુ થઈ ગયો.' બાળક તો કાંઈ જ
સમજતો નહિ પરંતુ એની માતાને તો આ સાંભળી પતિનું સ્મરણ
થઈ આવતું. અનુક્રમે પુત્ર આઠ વર્ષનો થયો. એકવાર એક અજાણ્યા
વિદ્યાર્થીએ મનકકુમારને 'નબાપો' કહી મેણું માર્યું એટલે
પુત્રે આવી માતાને પ્રેમથી પૂછ્યું: "મારા પિતાજી ક્યાં છે?
તેમજ તું મારા પિતાજી નથી છતાં સૌભાગ્યનાં ચિહ્નો કેમ રાખે
છે?" માતાએ પુત્રને હસતે વદને કહ્યું: "ભાઈ! તારા પિતાજી સાધુ
થયા છે અને જીવિત છે. તું તેમને શોધી લાવ?" આ સાંભળી
બાળ મનક પિતાને શોધવા નીકળ્યો અને તે ફરતો ફરતો ચંપા-
પુરી જઈ પહોંચ્યો.*

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

* 'પરિશિષ્ટ પર્વ'માં જણાવ્યું છે કે પુત્ર પિતાને શોધવા માતાને કહ્યા સિવાય છેતરીને જ નીકળી ગયો હતો.

ચંપાપુરી પ્રાચીન જૈનતીર્થ સ્થાન છે. બારમા તીર્થંકર શ્રીવાસુપૂજ્યસ્વામીનું ચ્યવન, જન્મ, દીક્ષા, કેવળજ્ઞાન અને નિર્વાણ (નિર્વાણ ચંપાપુરીથી ૧૨ ગાઉ દૂર મંદાર પહાડી પર થયું છે, પણ તે વખતે ચંપાપુરીનો વિસ્તાર ત્યાં સુધી હશે.) એમ પાંચ કલ્યાણકો અહીં થયાં છે. રોહિણી તપ કરનાર રોહિણી રાણી પણ અહીં થઈ છે. દધિવાહન રાજા અને પ્રભાવતીની પુત્રી ચંદનબાળાની આ જન્મભૂમિ છે. ભગવાન મહાવીરસ્વામીએ ચંપા અને પૃષ્ઠચંપામાં ત્રણ ચોમાસાં કર્યાં છે. મગધરાજ કોણિકે અહીં જ નવી ચંપાનગરી વસાવી હતી. સુદર્શન શેઠને શૂળીનું સિંહાસન અહીં થયું હતું. (પટણામાં થયાનું પણ કહેવાય છે.) ભગવાન મહાવીરદેવે અષ્ટાપદની યાત્રા કરનાર તે જ ભવમાં મોક્ષગામી થાય છે તેનો ઉપદેશ અહીંના પૂર્ણભદ્ર ચૈત્યમાં કર્યો હતો. ભગવાન મહાવીરનો શ્રાવક કામદેવ અહીંનો રહેવાસી

www.jainsite.com	For Private & Personal Use Only	info@jainsite.com

બાળ મનકકુમાર ચંપાપુરીમાં કઈ રીતે જવું એનો વિચાર કરતો હતો ત્યાં તો તેણે સામેથી પાંચ-સાત શાંતમુદ્રાધારી, પવિત્રતાની મૂર્તિ સરખા જૈન શ્રમણોને આવતા જોયા. મનકને ખ્યાલ હતો કે, મારા પિતા જૈનશ્રમણ થયા છે. સૂરિ અને બાળકની દૃષ્ટિ મળી, તારામૈત્રક જોડાયું. આચાર્યના દિલમાં વાત્સલ્યનો સાગર ખળભળાટ કરવા માંડચો અને તેમની વચ્ચે વાર્તાલાપ શરૂ થયો.

આચાર્ય :–'વત્સ? તું કોણ છે? ક્યાંથી આવે છે?'

મનક:—'પૂજ્ય! હું રાજગૃહીના મહાન વેદપાઠી અને ચૌદ વિદ્યાના પારગામી શય્યંભવ ભટ્ટનો પુત્ર છું. મારા પિતા આપના જેવા જૈનશ્રમણ થયા છે. મેં મારા પિતાનું મુખ જોયું જ નથી. તેથી હું તેમને-એ શ્રમણને શોધવા નીકળ્યો છું.'

સૂરિજી:—'વત્સ! જો તારા પિતાજી મળે તો તું શું કરે?'

મનક:—'પૂજ્ય! હું પણ પિતાજીના માર્ગને અનુસરું એવી મારી ભાવના છે. યદિ આપ મારા પિતાજીને જાણતા હો તો બતાવો.'

जैन साईट JAINSITE.com जैनम् जयति शासनम्

આ સૂરિજી તે આ૦ શય્યંભવસૂરિ પોતે જ હતા. તેઓ સમજી ગયા કે આ મારો જ પુત્ર છે, पिता वै जायते पुत्रः એ જ લક્ષણો આ પુત્રમાં છે.

સૂરિજી: —'વત્સ! હું તારા પિતાજીને ખૂબ ઓળખું છું. તું મારામાં ને એમનામાં કાંઈ જ ભેદ ન માનીશ, અમે બંને સર્વથા એક જ છીએ, માટે તું ચાલ! દીક્ષા લઈ લે, તને તારા પિતાનો મેળાપ થયો જ સમજી લે.'

---

હતો. મહાસતી સુભદ્રા અહીં જ થઈ છે, જેણે કાચા સૂતરના તાંતણે કૂવામાંથી પાણી કાઢી ચંપાના બંધ થયેલા ચારમાંથી ત્રણ દરવાજા ઉઘાડચા હતા. શય્યંભવસૂરિજીએ મનક મુનિને દીક્ષા આપી અહીં 'દશવૈકાલિક-સૂત્ર'ની રચના કરી હતી. આ ચંપાપુરી અત્યારે ભાગલપુરથી બે માઈલ દૂર 'ચંપાનાલા' તરીકે પ્રસિદ્ધ છે. અહીં શ્વેતાંબર જૈન મંદિર, ધર્મશાળા વગેરે છે. ( વિશેષ માટે જુઓ અમારો 'જૈન તીર્થોનો ઇતિહાસ.')

મનકે રાજી રાજી થઈ દીક્ષા લીધી. શ્રમણધર્મ સ્વીકાર્યો. એને એમ પણ થયું કે, પિતાજીને લઈ હું રાજગૃહી જઈશ અને મારી માને પણ શ્રમણધર્મની ભેટ કરીશ.

જ્ઞાની સૂરિજીએ જ્ઞાનથી મનકમુનિના આયુષ્ય વિશે વિચાર્યું એટલે એમને જણાયું કે, આ બાળ મુનિવરનું આયુષ્ય માત્ર છ મહિનાનું છે. આથી તેમને તરત જ વિચાર થયો કે, પુત્રનું હિત કેમ સધાય? આ બાળમુનિ કઈ રીતે આત્મજ્ઞાની થાય? કઈ રીતે સાધુધર્મથી પરિચિત થઈ પૂર્ણ સાધુજીવન પાળે? અને એને માટે શું કરવું ઉચિત છે વગેરે. આચાર્યશ્રીએ આ બધાનો વિચાર કરી 'શ્રીદશવૈકાલિકસૂત્ર'ની રચના કરી. આ સૂત્ર ઉપર શ્રીભદ્રબાહુસ્વામીએ નિર્યુક્તિ રચી છે, જેમાં લખ્યું છે કે આ 'દશવૈકાલિકસૂત્ર'નું ચતુર્થ અધ્યયન 'આત્મપ્રવાદ પૂર્વ'માંથી, પંચમ અધ્યયન 'કર્મપ્રવાદ પૂર્વ'માંથી, સપ્તમ અધ્યયન 'સત્યપ્રવાદ પૂર્વ'માંથી અને બીજાં અધ્યયનો 'પ્રત્યાખ્યાન પૂર્વ'ની ત્રીજી વસ્તુમાંથી ઉદ્ધૃત કરેલાં છે.

JAINSITE.com

બાર અંગો વગેરે વિકાળવેળાએ ભણાતાં નથી, જ્યારે આ 'દશવૈકાલિકસૂત્ર'માં દશ અધ્યયનો છે અને તે વિકાળ સમયે પણ ભણી શકાય છે. માટે આ સૂત્રનું નામ 'દશવૈકાલિક' રાખવામાં આવેલું છે. આ સૂત્રના દશે અધ્યયનોનાં નામ અને તેનો ટૂંક પરિચય નીચે પ્રમાણે છે.

૧. દ્રુમપુષ્પિક અધ્યયન—આમાં પ ગાથા છે. આ અધ્યયનની પહેલી જ ગાથામાં ધર્મનું સ્વરૂપ અને ધર્મનું મહત્ત્વ વર્ણવ્યું છે. 'અહિંસા સંજમો તવો'નું પ્રતિપાદન કરી આખી પ્રાચીન આર્ય સંસ્કૃતિનું મૂળ એક જ ગાથામાં દર્શાવી દીધું છે અને શ્રમણજીવનનો પરિચય આપ્યો છે.

૨. શ્રમણપૂર્વિક અધ્યયન—આમાં ૧૧ ગાથાઓ છે. આ અધ્યયનમાં પૌદ્‌ગલિક વસ્તુઓ ઉપરનો મોહત્યાગ અને ધર્મકાર્યમાં ધૈર્યથી અપ્રમત્ત રહેવા જણાવ્યું છે.

૧૫

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૩. ક્ષુલ્લકાચાર અધ્યયન—આમાં ૧૫ ગાથાઓ છે. આ અધ્યયનમાં સંયમના આરાધન માટે જોર આપવા સાથે સંયમનું ફળ બતાવ્યું છે.

૪. છ જીવનિકાય અધ્યયન—આ અધ્યયન ગદ્યપદ્યમય છે. આ અધ્યયનમાં ૬ કાયોના જીવોનું સંક્ષિપ્ત સ્વરૂપ આપી જયણાપૂર્વક સાધુજીવન પાળવાનું વર્ણન છે.

૫. પિંડૈષણા અધ્યયન—આ અધ્યયનમાં ૨ ઉદ્દેશા છે. પ્રથમ ઉદ્દેશામાં ૧૦૦ ગાથાઓ અને બીજા ઉદ્દેશામાં ૫૦ ગાથાઓ છે. આ અધ્યયનમાં સાધુની આહારવિધિ—નિર્દોષ અને સદોષ આહાર–પાણીનું વિવેચન કરી માધુકરી વૃત્તિનું વિશદ વર્ણન કર્યું છે.

૬. મહાચારકથા અધ્યયન—આ અધ્યયનમાં ૬૯ ગાથાઓ છે. આ અધ્યયનનું બીજું નામ 'ધર્મ–અર્થ–કામઆખ્યાન' પણ છે. આમાં ત્રણ પુરુષાર્થો બતાવી ધર્મનું મહત્ત્વ વર્ણવ્યું છે. આમાં ઘણી ઉપદેશપૂર્ણ સુંદર ગાથાઓ છે.

૭. વચનશુદ્ધિ અધ્યયન—આમાં ૫૭ ગાથાઓ છે. આ અધ્યયનમાં ભાષાના ભેદો અને કઈ વાણી શુદ્ધ સત્ય કહેવાય તેનું વિશદ વર્ણન છે.

૮. આચારપ્રણિધાન અધ્યયન—આ અધ્યયનમાં ૬૪ ગાથાઓ છે, જેમાં સાધુજીવનના આચારોનું સ્વરૂપ વર્ણવ્યું છે.

૯. વિનયસમાધિ અધ્યયન—આ અધ્યયનમાં ૪ ઉદ્દેશા છે અને તે દરેકમાં અનુક્રમે ૧૭, ૨૩, ૧૫, અને ૭ ગાથાઓ છે. ચોથો ઉદ્દેશો ગદ્યપદ્યમય છે. આમાં વિનયસમાધિ, શ્રુતસમાધિ, તપસમાધિ અને આચારસમાધિનું સ્વરૂપદર્શન કરાવ્યું છે. વિનય એ જ ધર્મનું મૂલ છે તેનું સુંદર સ્વરૂપ આલેખ્યું છે.

૧૦. સભિક્ષુ અધ્યયન—આમાં ૨૧ ગાથાઓ છે. સાધુજીવન કઇ રીતે સાધી શકાય, કોણ સાધી શકે અને તેનાં ઉત્તમ સાધનો ક્યાં હોઈ શકે ? તેનો કાવ્યમય હૂબહૂ ચિતાર આપ્યો છે. એટલે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આ 'દશવૈકાલિકસૂત્ર'નાં દશે અધ્યયનોમાં આદર્શ સાધુજીવન કેવી ઉચ્ચ કોટિનું હોય અને તે અજરામર પદદાયક કેવી રીતે થાય છે તેનું સુંદર સ્વરૂપદર્શન કરાવ્યું છે.

આ સૂત્ર ઉપર આ૦ ભદ્રબાહુસ્વામીએ નિર્યુક્તિ રચી છે. આ૦ હરિભદ્રસૂરિ, આ૦ તિલકાચાર્ય અને દિગંબર આચાર્ય અપરાજિતસૂરિ વગેરે પ્રાચીન તથા અર્વાચીન આચાર્યોએ ટીકાઓ રચેલી છે. તેમજ આ સૂત્રના ટબ્બા અને પ્રચલિત ભાષાઓમાં અનેક ભાષાંતરો પણ થયાં છે.

શ્રીશય્યંભવસૂરિજીએ 'દશવૈકાલિકસૂત્ર'માં અહિંસા સંયમ અને તપ ઉપર જોર આપી આત્મધર્મનું નિરૂપણ કર્યું છે. અને સાથે જ તે વખતના બ્રાહ્મણોમાં પ્રચલિત હિંસા, અસંયમ, ઇંદ્રિયોની સ્વચ્છંદતા અને સ્વેચ્છાવર્તન ઉપર ખૂબ 'જોરશોરથી' ફટકા લગાવ્યા છે.

જૈન સાઇટ JAINSITE

મનક મુનિવર આ સૂત્ર અનુસાર સાધુજીવન આરાધી દેવલોકમાં ગયા છે. પાછળથી સૂરિજીને આ બાલમુનિના સ્વર્ગથી દુઃખ પણ થયું છે. શિષ્યોએ દુઃખનું કારણ પૂછવાથી પોતે જણાવ્યું કે, 'આ બાલમુનિ મારો પુત્ર હતો.' ત્યારે શિષ્યોએ લજ્જાશીલ બનીને કહ્યું: 'અમને એ ખબર હોત તો અમે એની પણ સેવા કરત, પણ સેવા તો ન જ કરાવત.' સૂરિજીએ તેમનું સમાધાન કરતાં કહ્યું: "તો પછી એ બાલમુનિનું કલ્યાણ કેમ થાત? વળી જે ઉદ્દેશથી આ 'દશવૈકાલિકસૂત્ર' બનાવ્યું તે ઉદ્દેશ પણ સફળ થયો છે તે કેમ થાત? માટે વત્સો! હવે તો જે થયું તે ખરું. એનો શોક કરવો શા કામનો?" શિષ્યો બોલ્યા: 'પ્રભો! આ 'દશવૈકાલિકસૂત્ર' અમને પણ ભણાવો.' સૂરિજીએ ખુલાસો કર્યો કે, "આ બાળમુનિનું આયુષ્ય માત્ર ૬ માસનું જ હતું એટલે એને માટે એ જરૂરી હતું. હવે એને રાખવાની જરૂર નથી.' શિષ્યોએ તેનું પઠન-પાઠન બંધ કરવાની ના પાડી. વળી શ્રીસંઘે પણ આ વાત જાણી સૂરિજી મહારાજને વિનંતિ કરી કે 'આ સૂત્ર ભવિષ્યમાં

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સાધુજીવન પાળવા માટે ઉપયોગી છે. માટે તેને સ્વાધ્યાયમાં રાખો.' આ રીતે સંઘનો આગ્રહ થવાથી સૂરિજી મહારાજે તે સૂત્રને રાખ્યું અને સંઘે પણ ત્યારથી દરેક દીક્ષા લેનાર મુમુક્ષુ શરૂઆતમાં આ સૂત્રને ભણે એવી મર્યાદા બાંધી છે. આજે પણ દરેક સાધુ પ્રથમ આ સૂત્રનો જ અભ્યાસ કરે છે. આ સૂત્રની રચના વીર સં. ૮૨ લગભગમાં થઈ છે. શ્વેતાંબર-દિગંબર અને સ્થાનકપંથીઃ એ દરેકમાં આ અતિમાન્ય સૂત્ર છે. આચાર્યશ્રી પોતાની પાટે શ્રીયશોભદ્રસૂરિજીને સ્થાપી વીર સં. ૯૮ માં સ્વર્ગવાસ પામ્યા. એમણે ૨૮ વર્ષ ગૃહસ્થજીવનમાં ગાળ્યાં, ૩૪ વર્ષનો ચારિત્રપર્યાય પાળ્યો. એમાં ૧૧ વર્ષ સામાન્ય ચારિત્રપર્યાયનાં અને ૨૩ વર્ષ યુગપ્રધાનપદનાં: એમ કુલ ૬૨ વર્ષનું આયુષ્ય પાળી તેઓ વીર સં ૯૭માં સ્વર્ગે પધાર્યા.

जैन साईट
JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## પ્રકરણ પાંચમું

## આ૦ શ્રીયશોભદ્રસૂરિ

આ આચાર્યશ્રીનું વિસ્તૃત જીવનચરિત્ર ઉપલબ્ધ થતું નથી; તેમનું સંક્ષિપ્ત જીવન આ પ્રમાણે મળે છે: શ્રીયશોભદ્રસૂરિજીના જન્મ પહેલાં પાટલીપુત્ર મગધની રાજધાની બની ચૂક્યું હતું. પાટલીપુત્રનો ઉદય થઈ ચૂક્યો હતો. ઉગતા સૂર્યનું તેજ અને ઓજસ્ પાટલીપુત્રને જાણે વર્યું હોય તેમ 'શ્રી' અને 'ધી'થી પાટલીપુત્ર શોભી રહ્યું હતું. યશોભદ્રસૂરિજી પણ આ પાટલીપુત્રનું પ્રેરણાજળ પીને તૃપ્ત બન્યા હતા. તેમણે એકવાર આ૦ શય્યંભવસૂરિનો ઉપદેશ સાંભળી સાચા બ્રાહ્મણ થવા માટે જૈનધર્મની દીક્ષા લીધી.

શ્રીશય્યંભવસૂરિએ 'અહિંસા પરમો ધર્મઃ'નો વિજયનાદ ગજાવી યજ્ઞમાં થતો નિર્દોષ પશુઓનો બલિવધ બંધ કરાવ્યો અને દુનિયાને સાચી શાન્તિ માટે અહિંસા, સંયમ અને તપનાં અમી પાયાં. આ૦ યશોભદ્રસૂરિજી પણ એ જ શ્રમણપરંપરાના ધોરી માર્ગે ચાલ્યા. ખાસ કરીને બ્રાહ્મણો ઉપર એમનું અસાધારણ વર્ચસ્વ હતું. તેઓ તુંગીયાન ગોત્રના ક્રિયાકાંડી બ્રાહ્મણ હતા. સાથે જ. વિદ્વત્તા અને શાંતિના ભંડાર હતા. જૈનધર્મની દીક્ષા સ્વીકારી 'श्रमण-ब्राह्मणयोरैक्यम्'નો પાઠ ભજવી બતાવ્યો હતો. પોતાના વર્ચસ્વના પ્રતાપે સારા સારા ક્રિયાકાંડી વિદ્વાન બ્રાહ્મણોને હિંસાના માર્ગેથી પાછા વાળી અહિંસા અને સત્યના માર્ગે વાળ્યા હતા. તે વખતના નંદ રાજાઓને અને મંત્રીવંશને પણ અહિંસાના માર્ગે વાળી આખા મગધમાંથી હિંસાનો બહિષ્કાર

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કરાવ્યો હતો અને વિદેહ તથા અંગદેશમાં પણ અહિંસાનું સામ્રાજ્ય સ્થપાવ્યું હતું.

તેમની સુંદર ઉપદેશશૈલી, અસાધારણ વિદ્વત્તા, ઉત્તમ ચારિત્ર અને પરમ શાંત મુદ્રાથી તેમણે શય્યંભવસૂરિજીની પાટ દીપાવી હતી અને ભગવાન મહાવીરસ્વામીના શાસનને શોભાવ્યું હતું. તેઓ શ્રુતકેવલી અને યુગપ્રધાન હતા. તેમની પાટે બે મહાપ્રભાવક આચાર્યો પટ્ટધર થયા હતા.

તેમણે ૨૨ વર્ષ ગૃહસ્થદશામાં અને ૬૪ વર્ષ સંયમમાં ગાળ્યાં, એમાં ૧૪ વર્ષ સામાન્ય વ્રતપર્યાયનાં અને ૫૦ વર્ષ યુગપ્રધાનપદનાં: કુલ ૮૬ વર્ષનું આયુષ્ય પાળી વીર સં. ૧૪૮ માં તેઓ સ્વર્ગે સંચર્યા.

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# પ્રકરણ છઠ્ઠું

## આ૦ શ્રીસંભૂતિવિજયસૂરિ

આચાર્ય શ્રીસંભૂતિવિજયસૂરિનું જીવનચરિત્ર મળતું નથી. તેઓ માઢર ગોત્રના પ્રખર વિદ્વાન બ્રાહ્મણ હતા. તેમણે શ્રીયશોભદ્રસૂરિજીના ઉપદેશથી યથાર્થ બ્રાહ્મણ બનવા જૈનધર્મનું સાધુપદ સ્વીકાર્યું. તેમની ઉપદેશશૈલી બહુ જ જોરદાર, તેજસ્વી અને અસરકારક હતી. તેમને પોતાને જ ઘણા શિષ્યો હતા. તેમાંના ૧૨ મુખ્ય શિષ્યોનાં નામ નીચે પ્રમાણે મળે છે: ૧ નંદનભદ્ર, ૨ ઉપનંદભદ્ર, ૩ તિષ્યભદ્ર, ૪ યશોભદ્ર, ૫ સ્વપ્નભદ્ર, ૬ મણિભદ્ર, ૭ પૂર્ણભદ્ર, ૮ સ્થૂલભદ્ર, ૯ ઋજુમતિ, ૧૦ જંબૂ, ૧૧ દીર્ઘભદ્ર, ૧૨ પાંડુભદ્ર.

તેમનાં ૪૨ વર્ષ ગૃહસ્થજીવનમાં અને ૪૮ વર્ષ સાધુ-જીવનમાં ગયાં. તેમાં પણ ૪૦ વર્ષ સામાન્ય મુનિરૂપે અને ૮ વર્ષ યુગપ્રધાનપણે વ્યતીત થયાં છે. તેમનું વી. સં. ૧૫૬માં ૯૦ વર્ષની ઉંમરે સ્વર્ગગમન થયું.

તેમના લઘુ ગુરુભાઈ આ૦ ભદ્રબાહુસ્વામી હતા. તેઓ જૈન સંઘના સમર્થ જ્યોતિર્ધર હતા.

## ૬ આ૦ શ્રીભદ્રબાહુસ્વામી

ભિન્ન ભિન્ન મતિધરોએ તેમને નીચે મુજબ સ્તવ્યા છે:

वंदामि भद्दबाहुं, पाईणं चरिमसयलसुयनाणीं ।
सुत्तस्स कारगमिसिं, दसासुय-कप्पे य ववहारे ॥

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સંપૂર્ણ શ્રુતના છેલ્લા જાણકાર, દશાશ્રુતકલ્પ, કલ્પશ્રુત અને વ્યવહારશ્રુતના બનાવનાર એવા પ્રાચીન ગોત્રવાળા મહર્ષિ ભદ્રબાહુ સ્વામીને હું વાંદું છું. ('દશાશ્રુતસ્કંધ-ચૂર્ણિ')

श्रीभद्रबाहुर्वः प्रीत्यै, सूरिः शौरिरिवास्तु सः ।
यस्माद् दशानां जन्मासीत्, निर्युक्तीनामृचामिव ॥

જેમ શૌરિએ દશાર્હોને જન્મ આપ્યો છે તેમ જેમણે ઋચાઓ સમી દશ નિર્યુક્તિઓને જન્મ આપ્યો છે તે આ૦ ભદ્રબાહુસૂરિ તમારી પ્રીતિ માટે થાઓ. (આ૦ મુનિરત્નસૂરિકૃત 'અમમચરિત્ર')

श्रीकल्पसूत्रममृतं विबुधोपयोग—
योग्यं जरामरणदारुणदुःखहारि ।
येनोद्धृतं मतिमता मथितात् श्रुताब्धेः,
श्रीभद्रबाहुगुरवे प्रणतोऽस्मि तस्मै ॥

જે મતિધરે શ્રુતસાગરનું મંથન કરી જન્મ અને મરણ જેવાં દારુણ દુઃખોને હરણ કરનારું અને પંડિતો તેમજ દેવતાઓને કામનું એવું 'કલ્પસૂત્ર' નામનું અમૃત ઉત્પન્ન કર્યું છે તે શ્રી ભદ્રબાહુગુરુને હું વિશેષ નમેલો છું.

( આ. મલયગિરિસૂરિની 'પિંડનિર્યુક્તિટીકા' )

अपश्चिमः पूर्वभृतां द्वितीयः, श्रीभद्रबाहुश्च गुरुः शिवाय ।
कृत्वोपसर्गाद्विहरस्तवं यो, ररक्ष संघं धरणार्चितांह्रिः ॥ १२ ॥
निर्यूढसिद्धान्तपयोधिराप, स्वर्यश्च वीरात् खनगेन्दुवर्षे ॥

આ૦ યશોભદ્રસૂરિના બીજા પટ્ટધર, છેલ્લા પૂર્વધર, ઉપસર્ગહરસ્તોત્ર રચીને સંઘરક્ષા કરનાર, ધરણેંદ્રથી પૂજિત, સિદ્ધાંતસાગરને વહન કરનાર અને વી. સં. ૧૭૦માં દેવ થયા છે એવા શ્રીભદ્રબાહુગુરુ તમારા કલ્યાણને માટે થાઓ. (આ. મુનિસુંદરસૂરિની 'ગુર્વાવલી')

આવા મહાન આચાર્ય શ્રીભદ્રબાહુસ્વામી થયા છે. તેમનું જન્મસ્થાન દક્ષિણમાં આવેલું પ્રતિષ્ઠાનપુર છે. તે જ્ઞાતિએ બ્રાહ્મણ હતા. તેમનું પ્રાચીન ગોત્ર હતું. શ્રીભદ્રબાહુ અને વરાહમિહિર બન્ને ભાઈઓ હતા અને બન્ને ભાઈઓએ શ્રીયશોભદ્રસૂરિજી

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પાસે દીક્ષા સ્વીકારી હતી. બંને ભાઈઓ સંસ્કૃતના પ્રખર વિદ્વાન અને વેદનિષ્ણાત હતા, સાથે જ બંને બંધુઓ જ્યોતિષવિદ્યાના પારગામી હતા. બંને બંધુઓ વિદ્યાના ઉપાસક હતા, કિન્તુ લક્ષ્મી-દેવી તો એમનાથી રીસાયેલાં જ હતાં. ઘણીવાર તો તેઓ તાંબડી ફેરવીને પણ ઉદરનિર્વાહ કરી લેતા. એમાં એકવાર જૈનધર્મના પ્રતિભાસંપન્ન મહાજ્ઞાની આ૦ યશોભદ્રસૂરિજીનો તેમને પરિચય થયો. તેમના ઉપદેશથી બંને બંધુઓને ખૂબ શાંતિ મળી અને તેમાંથી તેમને આત્મકલ્યાણનો માર્ગ દેખાયો. તેઓ યજ્ઞધર્મ, ક્રિયાકાંડો અને એમાંય થતી નિર્દોષ પશુઓની સંહારલીલાથી પણ કંટાળ્યા હતા, એટલે હવે તેઓ હિંસાધર્મથી વિમુખ બન્યા હતા, આથી આત્મશાંતિનો ધર્મ, સર્વ જીવો પ્રતિ મૈત્રી, પ્રેમ અને કરુણાનો ધર્મ તેમને ગમી ગયો. બંને બંધુઓએ સૂરિજીને ચરણે બેસી શાશ્વત સુખદાયક દીક્ષાધર્મનો સ્વીકાર કર્યો.

બંને ભાઈઓએ અલ્પ સમયમાં જ શાસ્ત્રઅભ્યાસ અને ધાર્મિક ક્રિયાઓમાં બહુ જ કુશલતા મેળવી, પરંતુ બન્ને ભાઈઓમાં શ્રીભદ્રબાહુસ્વામી બહુ જ ધીર, ગંભીર, દૃઢ નિશ્ચયી અને શાસ્ત્રીય જ્ઞાનના અપૂર્વ ખજાનારૂપ બન્યા. તે ધીમે ધીમે ગુરુચરણે બેસી ચૌદપૂર્વનું સંપૂર્ણ જ્ઞાન મેળવી, ચૌદ પૂર્વધર બન્યા. ગુરુએ યોગ્યતા જોઈ શ્રીભદ્રબાહુસ્વામીને આચાર્યપદથી અલંકૃત કર્યા. શ્રીયશોભદ્રસૂરિજીએ શ્રીભદ્રબાહુસ્વામીને સાથોસાથ એ પણ ભલામણ કરી કે 'વરાહમિહિર આચાર્યપદ જેવા મહાન અને ગંભીરપદને યોગ્ય નથી. વરાહમિહિરમાં એ પદની મહાન જવા-બદારી ઉઠાવવાની શક્તિ પણ નથી, માટે એમને આચાર્યપદ ન જ આપવું.' વગેરે.

શ્રીયશોભદ્રસૂરિજીની પ્રથમ પાટે શ્રીસંભૂતિવિજયસૂરિજી આવ્યા હતા, એ આપણે આગળ જોઈ ગયા છીએ. તેમની પાટે તેમના શિષ્ય શ્રી સ્થૂલિભદ્રજી આવત, પરંતુ આ૦ સંભૂતિવિજયજી આચાર્યપદ પર માત્ર આઠ જ વર્ષ રહ્યા હતા અને એમના

www.jainsite.com          For Private & Personal Use Only          info@jainsite.com

સ્વર્ગવાસ સમયે શ્રીસ્થૂલિભદ્રજી નવા જેવા જ હતા આથી શ્રીયશોભદ્રસૂરિજીની પાટે તેમના જ બીજા શિષ્ય શ્રીભદ્રબાહુસ્વામીજી પણ પટ્ટધર બન્યા. એ જ કારણે પટ્ટાવલીકારોએ શ્રીયશોભદ્રસૂરિજીની પાટે બે શિષ્યો પટ્ટધર બન્યાનો ઉલ્લેખ કર્યો છે. આપણે પણ એ જ માર્ગને અનુસર્યા છીએ.

**ગ્રન્થસર્જન:**

આ૦ શ્રીભદ્રબાહુસ્વામીએ પોતાની અગાધ વિદ્વત્તાનો લાભ આપણને બહુ જ સુંદર રીતે આપ્યો છે. તે આગમ જ્ઞાનના તો ખજાના હતા એ તો આપણે એમની સ્તુતિઓમાં જોઈ ગયા છીએ. એમણે જિનાગમરૂપી ગૂઢ મંદિરના દરવાજા ખોલવા માટે ચાવી રૂપ ૧૦ નિર્યુક્તિઓ રચી છે, તેમજ ૪ છેદસૂત્રો, બીજી નિર્યુક્તિઓ અને સ્તોત્ર વગેરે પણ બનાવ્યાં છે જેની તાલિકા નીચે પ્રમાણે છે:

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

| નામ | | ગાથા |
|---|---|---|
| આવશ્યક નિર્યુક્તિ | | ૨૫૫૦ |
| દશવૈકાલિક | ” | ૪૪૫ |
| ઉત્તરાધ્યયન | ” | ૬૦૭ |
| આચારાંગ | ” | ૩૬૨ (૩૬૮) |
| સૂત્રકૃતાંગ | ” | ૨૦૮ |
| દશાશ્રુતસ્કંધ | ” | ૧૪૪ |
| બૃહત્ કલ્પસૂત્ર | ” | ૬૨૫ |
| વ્યવહારસૂત્ર | ” | (અપ્રાપ્ય) |
| સૂર્યપ્રજ્ઞપ્તિ | ” | ” |
| ઋષિભાષિત | ” | ” |
| વ્યવહાર સૂત્ર મૂળ | | ૩૭૩ (૬૦૦) |
| દશાશ્રુતસ્કંધ મૂળ | | ૧૮૩૦ |
| પંચકલ્પ મૂળ | | ૧૧૩૩ |
| બૃહત્કલ્પ મૂળ | | ૪૭૩ |
| પિંડનિર્યુક્તિ | | ૭૦૮ |

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

| | |
|---|---|
| ઓઘનિર્યુક્તિ | ૧૧૬૪ (૧૧૭૦) |
| પર્યુષણાકલ્પનિર્યુક્તિ | ૬૮ |
| સંસકતનિર્યુક્તિ | ૬૪ (અપ્રાપ્ય) |
| ઉવસર્ગહર સ્તોત્ર | ૫ |
| વસુદેવચરિયં | ૧૨૫૦૦૦ |
| ભદ્રબાહુસંહિતા | |

આ૦ ભદ્રબાહુસ્વામીએ ઉપર પ્રમાણે શાસ્ત્રસર્જન કર્યું છે. ‘સંસકત નિર્યુક્તિ’ આજે ઉપલબ્ધ નથી એટલે તે કોની રચના છે તેના નિર્ણય માટે વિદ્વાનોમાં મતભેદ છે. આજે હિંદભરના જૈનસંઘોમાં પર્યુષણાપર્વમાં પરમ પવિત્ર ‘શ્રીકલ્પસૂત્ર’ વંચાય છે તેને પણ આ આચાર્યદેવે જ પોતે બનાવેલ ‘દશાશ્રુતસ્કંધ’ના આઠમા અધ્યયનનો વિસ્તાર કરીને રચેલ છે. એકંદરે આ આચાર્ય એ યુગના મહાન નવસર્જનકાર છે.

આ સર્જનથી તેમનાં અદ્ભુત જ્ઞાનપ્રભા, તત્કાલીન સર્વ-દર્શનોનું પરિશીલન, ગણધરવાદની નિપુણતા, દેશ-વિદેશનું જ્ઞાન, ઇતિહાસપટુતા, વીતરાગવાણીને સરલરીતે રજૂ કરવાની કલા, સ્યાદ્વાદને વ્યાપક બનાવવાની ધગશ, ઉત્સર્ગ અને અપવાદનું યુક્તિસંગત વિશ્લેષણ કરવાની વ્યવસ્થાશક્તિ અને કાવ્યપ્રતિભા વગેરેનો આપણને સંપૂર્ણ પરિચય મળી જાય છે અને સહજ રીતે જ આપણું મસ્તક એ જ્ઞાનપુંજના ચરણમાં નમી જાય છે.

‘આવશ્યકનિર્યુક્તિ’ તો જૈન શાસનનો સર્વતોમુખી સીમાગ્રંથ છે, એમ કહીએ તો ચાલે. વર્તમાન અવસર્પિણી કાળની ઐતિહાસિક ઘટનાઓનું આદિથી અંતસુધીનું શ્રૃંખલાબદ્ધ વર્ણન કયાંય હોય તો સૌ પ્રથમ આ આવશ્યક નિર્યુક્તિમાં જ ઉપલબ્ધ થાય છે. ચોવીશ તીર્થંકર ભગવંતો, એમના માતાપિતા, પૂર્વ ભવો, પાંચે કલ્યાણક કયાં કયારે થયાં, વગેરે વગેરેનો પ્રાચીન ઉલ્લેખ આ ગ્રંથમાં દેખાય છે. તેમજ ૧૨ ચક્રવર્તી, ૯ બલદેવ, ૯ વાસુદેવ, અને ૯ પ્રતિવાસુદેવ એ ૬૩ મહાપુરુષોનાં જીવનચરિત્રના ઇતિહાસનું આ પ્રાચીન ગ્રંથમાં સુચારુરીત્યા દર્શન થાય છે.

www.jainsite.com  For Private & Personal Use Only  info@jainsite.com

ભગવાન શ્રીમહાવીરસ્વામીનું વાસ્તવિક અને સર્વદેશીય જીવનચરિત્ર પણ આપણને અહીં પ્રાપ્ત થાય છે. અમે તો સચોટ માનીએ છીએ કે 'એક આવશ્યકનિર્યુક્તિ જ શ્રીભદ્રબાહુસ્વામીને નવસર્જકનું બહુમાન અપાવવા પૂર્ણરીતે સમર્થ છે.' આ ગ્રંથમાં ૬ આવશ્યકોનો અરસપરસનો સંબંધ, તેના અર્થો વગેરે નિક્ષેપાપૂર્વક સુંદર રીતે સમજાવ્યા છે. એકેક શબ્દની ઉપર ગંભીર વિચારણા સર્જી પૂર્વાપર સંબંધ યોજી નિર્યુક્તિના નામને સાર્થક કર્યું છે.

આવી જ રીતે 'દશવૈકાલિક' વગેરેની નિર્યુક્તિઓ પણ ખૂબ જ રહસ્યમય, ગંભીર અને વિશદ વ્યાખ્યાનપાંડિત્યથી પૂર્ણ છે. તેમાં પ્રથમ મૂળ સૂત્રની અને પછી જુદા જુદા અધ્યયનની વિવેચના કરી અરસપરસ અધ્યયનોનો સંબંધ યોજ્યો છે અને નિક્ષેપાપૂર્વક સ્પષ્ટીકરણ કરી વિશદ વસ્તુદર્શન આપણી સામે રજૂ કર્યું છે.

આ સૂરિજીનું સાહિત્ય નવસર્જનની દિશામાં નવી ભાત પાડવા સાથે જ આપણા બધાને એક વસ્તુ ખૂબ જ સમજાવે છે કે 'મૌલિકતા અને નવસર્જનને નામે મૂળ સિદ્ધાંતની વફાદારી કદીયે ન ચૂકશો.'

છેદસૂત્રોનું એમનું સંકલન એમના અદ્ભુત પાંડિત્ય, દીર્ઘદૃષ્ટિ અને સ્યાદ્વાદના રહસ્યવેત્તા તરીકેના ગૌરવમાં ઉમેરો કરે છે. ઉત્સર્ગ અને અપવાદ માર્ગનું સુંદર સમીકરણ તો વાંચીને ખરેખર પચાવવા જેવું છે.

સૂરિજી મહારાજે 'ઉપસર્ગહર સ્તોત્ર' બનાવ્યું છે. કયા સંજોગોમાં બનાવ્યું, તે માટે એક મોટી દંતકથા પરંપરાથી ચાલે છે, જેનો ટૂંક સાર આ પ્રમાણે છે.

આ૦ ભદ્રબાહુસ્વામી અને વરાહમિહિર બંને ભાઈ હતા. ભદ્રબાહુસ્વામી ચૌદપૂર્વનું જ્ઞાન મેળવી શ્રુતકેવળી થયા. ગુરુજીએ તેમને જૈન શાસનના દીપક ધારી, આચાર્ય પદથી અલંકૃત કર્યા,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જ્યારે વરાહમિહિર ન તો જ્ઞાનમાં આગળ વધ્યો, ન તો સંયમ માર્ગે આગળ વધ્યો. એટલે ગુરુજીએ યોગ્યતા ન જોવાથી તેને આચાર્યપદથી અલંકૃત ન કર્યો. વરાહમિહિરને આથી ઘણો જ ગુસ્સો ચઢ્યો, એટલું જ નહિ કિન્તુ એને એમ લાગ્યું કે ગુરુજીએ પક્ષપાત કર્યો છે. ત્યાર પછી વરાહમિહિર મૌન રહ્યો. તેણે મનમાં જ માની લીધું કે ગુરુજીએ ભલે આચાર્યપદવી ન આપી પરંતુ શ્રીભદ્રબાહુસ્વામી તો મારા ભાઈ જ છે ને! તે તો ગુરુજીના સ્વર્ગ પછી મને આચાર્યપદવી જરૂર આપશે. સ્વર્ગવાસ પછી વરાહમિહિરે પોતાના ભાઈ આ૦ શ્રીભદ્રબાહુસ્વામી પાસે પોતાને આચાર્યપદ આપવાની માગણી કરી, પરંતુ આ૦ ભદ્રબાહુસ્વામીએ એને ચોકખી ના પાડી અને જણાવ્યું કે, 'આચાર્યપદનો ભાર યોગ્ય પુરુષને જ અપાય છે. જે પદ ગુરુજીએ તને અયોગ્ય ધારીને ન આપ્યું તે પદ હું તને કેમ આપી શકું? આ આચાર્યપદ તો આત્મકલ્યાણની–જીવનવિશુદ્ધિની ઉચ્ચ પારાશીશી છે. તે પદ યોગ્ય પાત્રને જ અપાય છે.' વરાહમિહિર આ મહાન પદને માત્ર યશ, કીર્તિ અને વાહવાહનું જ સાધન બનાવવા માગતો હતો. એનામાં આચાર્યપદની તો શું કિન્તુ સાધુપદની પણ યથાર્થ યોગ્યતા ન હતી.

વરાહમિહિરે જોયું કે હવે આચાર્યપદ મળે તેમ નથી, તેથી તે ગુસ્સામાં સાધુવેશને તિલાંજલી દઇ રાજાનો માન્ય* પુરોહિત બન્યો. વરાહમિહિરે સાધુ અવસ્થામાં જ્યોતિષવિદ્યાનો સારો અભ્યાસ કર્યો હતો, એટલે એ વિદ્યાથી રાજાને અને

---

* 'ચતુર્વિંશતિપ્રબંધ'માં વરાહમિહિરે પ્રતિષ્ઠાનપુરના રાજા શત્રુજિતને પોતાની કલાવડે રાજી કર્યો. આથી રાજાએ વરાહમિહિરને પોતાનો પુરોહિત બનાવ્યો, એમ જણાવ્યું છે. 'અંચલગચ્છ પટ્ટાવલી'માં તે પ્રતિષ્ઠાનપુરના શત્રુજિત રાજાનો પુરોહિત થયો એવો ઉલ્લેખ છે. પરંતુ 'પ્રબંધ ચિંતામણિ'માં તે નંદરાજા આગળ માન પામ્યો એમ ઉલ્લેખ છે. તેમજ 'પ્રબંધ ચિંતામણિ'માં વરાહમિહિરને પાટલીપુત્ર (પટણા)નો રહેવાસી જણાવ્યો છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પ્રજાને રંજિત કરી શકતો, પછી તો પોતાની કીર્તિ વધારવા એણે એક સુંદર ગપ્પ પણ ચલાવી કે 'હું નાનો હતો ત્યારથી મને જ્યોતિષવિદ્યાનો બહુ જ શોખ હતો. હું એકવાર જંગલમાં ઢોર ચારવા ગયો હતો ત્યાં રમતાં રમતાં મેં એક શિલા ઉપર સિંહ લગ્નની કુંડલી બનાવી હતી. સાંજે વખત થઈ જવાથી હું ઉતાવળમાં ને ઉતાવળમાં એ કુંડલી ભૂંસ્યા સિવાય ઘેર ગયો પણ રાત્રે યાદ આવતાં વિચાર આવ્યો કે મેં બનાવેલી લગ્ન કુંડલી ભૂંસી નથી, માટે અત્યારે જઈને ભૂંસી નાખું. તરત જ હું કોઈ પણ જાતનો ડર રાખ્યા સિવાય એકલો જંગલમાં ગયો ને જોયું તો એ લગ્ન ઉપર એક સિંહ બેઠો હતો. સિંહનો પણ ડર રાખ્યા સિવાય મેં એની નીચે હાથ નાંખી એ કુંડલી ભૂંસી નાખી. સિંહ તો મારું આ પરાક્રમ જોઈ પ્રસન્ન થયો અને સૂર્યરૂપે પ્રત્યક્ષ થઈને બોલ્યો: 'હે વત્સ! હું તારી આ લગ્ન ઉપરની ભક્તિ અને તારું પરાક્રમ જોઇ પ્રસન્ન થયો છું. તું વરદાન માગ ? મેં કહ્યું કે: હે સૂર્યદેવતા! યદિ આપ મારા ઉપર પ્રસન્ન જ થયા હો તો મને જ્યોતિષચક્રના દરેક ગ્રહો, નક્ષત્રો, તારાના વિમાનો, એની ચાલ તથા સંપૂર્ણ જ્યોતિષમંડળ બતાવો. સૂર્યદેવે મારી વિનંતિ સ્વીકારી, મને આખું જ્યોતિષમંડળ બતાવ્યું અને મને ઘણો કાળ સુધી ત્યાં રાખ્યો.

'આ રીતે મિહિરના પ્રસાદથી મને આ જ્ઞાન મળ્યું છે અને તેથી જ મારું 'વરાહમિહિર' એવું નામ પ્રસિદ્ધ થયું છે. વગેરે વગેરે.'

આ વાતથી વરાહમિહિરની ખ્યાતિ વધી પડી. તેણે 'વારાહીસંહિતા' નામે ગ્રંથ બનાવ્યો છે.

પરંતુ વરાહમિહિરને આટલાથી સંતોષ ન થયો. એણે પોતાને આચાર્યપદ ન આપનાર જૈન સાધુઓની અને જૈન સંઘની નિંદા કરવા માંડી. એકવાર એણે રાજા સમક્ષ એક મહાન ભવિષ્યવેત્તા તરીકે ભવિષ્યવાણી કહી: 'હે રાજન્! હું એક મોટું કુંડાળું બનાવું છું, આ ચોમાસામાં અમુક દિવસે ઘોર વૃષ્ટિ થતી હશે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તે વખતે એક મોટું પર (બાવન) પળનું માછલું આ કુંડાળાની વચમાં આવીને પડશે, એમ જણાવી તેણે મોટું કુંડાળું બનાવ્યું. આ સમાચાર આ૦ ભદ્રબાહુસ્વામીને મળ્યા. તેમણે રાજાને કહેવરાવ્યું કે એ માછલું કુંડાળાની વચ્ચે નહિ કિન્તુ કે કુંડાળાની એકાદ કિનારી દબાય તેમ પડશે અને તે માછલું પર (બાવન) પળનું નહિ કિન્તુ ૫૧ાા (સાડી એકાવન) પળનું હશે. વરાહમિહિરને જ્યારે આ સમાચાર મળ્યા ત્યારે એણે વધુ જીદ પકડી કે મારી જ વાત સાચી ઠરવાની છે. આખરે નિયત દિવસે અને નિયત સમયે માછલું પડયું અને આ૦ ભદ્રબાહુસ્વામીએ જે કહ્યું હતું તેવા માપ, સ્થાન અને પ્રમાણનું જ પડ્યું. આ જોઈ રાજાને સૂરિજી ઉપર ભક્તિ ઉપજી, પ્રજામાં પણ સૂરિજી પ્રત્યે માન–ભક્તિ વધ્યાં અને વરાહમિહિરની કીર્તિને તો જબરો ફટકો લાગ્યો.

હવે વળી બીજો ગંભીર પ્રસંગ બન્યો, રાજાને ત્યાં ઘણે દિવસે એક પુત્રનો જન્મ થયો. વરાહમિહિરે એ રાજપુત્રની જન્મ કુંડળી કરી ભવિષ્ય ભાખ્યું કે, 'આ રાજપુત્ર ૧૦૦ વર્ષ જીવશે.' રાજા અને પ્રજામાં ભાવિ રાજાના જન્મથી અને તે પણ દીર્ઘાયુષી હોવાથી ખૂબ જ આનંદ પ્રસર્યો. સમસ્ત પ્રજાએ અને જુદા જુદા ધર્માચાર્યોએ રાજાને વધામણી અને આશીર્વાદ પાઠવ્યા. માત્ર આચાર્ય શ્રીભદ્રબાહુસ્વામીએ ન તો રાજાને આશીર્વાદ પાઠવ્યા કે ન રાજાને વધામણી મોકલી. વરાહમિહિરે આ પ્રસંગને હાથમાં લઈ જૈનાચાર્યની ખૂબ જ નિંદા કરાવી. જૈનાચાર્ય અવ્યવહારજ્ઞ છે, વેહિયા છે વગેરે વગેરે વાતો ચલાવી. સૂરિજી મહારાજે તો આ સમાચાર મળતાં જ જાહેર કર્યું કે બે વાર રાજસભામાં શા માટે જવું ? એક વાર જઈશું. આ સાંભળી ભક્તોએ પૂછ્યું, 'ભગવાન ! કેમ આમ કહો છો ?' સૂરિજીએ કહ્યું: 'ભાઈ઼ઓ ! આ રાજપુત્ર માત્ર સાત દિવસનો જ મહેમાન છે અને એનું મૃત્યુ બિલાડીથી થશે.' વરાહમિહિરને આ સમાચાર મળ્યા તેવું જ તેણે કહ્યું: 'સૂરિજી ભૂલ્યા છે. મારું ભાખેલું ભવિષ્ય કદાપિ ન ન ફરે.' એને મનમાં નક્કી હતું કે સૂરિજીને આ વખતે તો

www.jainsite.com　For Private & Personal Use Only　info@jainsite.com

પરાજિત કરી શકીશ. એણે રાજાને ખબર આપ્યા. રાજાએ શહેરમાંની દરેક બિલાડીઓને પકડી પકડીને દૂર કાઢી મૂકી અને રાજપુત્રને ભોંયરામાં સંતાડી દીધો. બરાબર સાતમે દિવસે જ ધાવમાતા રાજપુત્રને ભોંયરામાં સ્તનપાન કરાવી રહી હતી તે વખતે દરવાજાની ભોગળ અકસ્માત રાજપુત્રના માથા ઉપર જ પડી અને તરત જ રાજપુત્રનું મૃત્યું થયું. રાજાને, વરાહમિહિરને અને પ્રજાને ખબર પડી કે વરાહમિહિરનું ભવિષ્ય જૂઠું ઠર્યું છે અને જૈનાચાર્યનું ભવિષ્ય જ્ઞાન સત્ય થયું છે. વરાહમિહિરે તપાસ કરીને જાહેર કર્યું કે ભોગળ પડવાથી મૃત્યુ થયું છે, બિલાડીથી મૃત્યુ નથી થયું. જૈનાચાર્યના કથન મુજબ રાજપુત્રનું મૃત્યુ નથી જ થયું. સૂરિજી મહારાજે પુછાવ્યું કે, 'ભોગળના માથે શાનો આકાર છે તે તપાસ કરો. તપાસ કરાવતાં માલૂમ પડયું કે ભોગળને માથે બિલાડીનું જ મોં છે, બસ. શહેરમાં આ સમાચાર ફેલાઈ ગયા. સૂરિજીએ રાજસભામાં જઈ રાજાને આશ્વાસન આપ્યું, ધર્મોપદેશ આપ્યો અને સંસારની ક્ષણભંગુરતા સમજાવી. રાજાએ આ ઉપદેશથી પ્રતિબોધ પામી જૈનધર્મ સ્વીકાર્યો. હવે વરાહમિહિરને એટલો બધો ક્રોધ ચઢયો કે તે પોતાના ગ્રંથો જ બાળવા તૈયાર થયો. આ જાણી સૂરિજીએ વરાહને ઘેર જઈ આશ્વાસન દઈ કહ્યું: 'ભાઈ ! આ તારા પ્રમાદનું જ પરિણામ છે, શાસ્ત્રો તો સાચાં છે. માટે હવે પ્રમાદ ન કરીશ. તારી ભૂલથી તું શાસ્ત્રને ખોટાં માને છે, તે પણ તારી ગંભીર ભૂલ છે.' આ સાંભળી વળી રાજાએ અને પ્રજાએ પણ એને સમજાવ્યો. પરિણામે વરહમિહિરનો ગુસ્સો શાંત પડયો. કિન્તુ વરાહમિહિરને જૈનાચાર્ય અને જૈન સંઘ ઉપર તો દ્વેષ રહી જ ગયો. આખરે તેણે શોકમાં ને શોકમાં જ મૃત્યુ પામી, વ્યંતર દેવ થઈ, જૈન સંઘમાં મરકીનો ઉપદ્રવ ફેલાવ્યો. આ૦ ભદ્રબાહુસ્વામીને આ વસ્તુની જાણ થતાં શ્રીસંઘના ઉપદ્રવનિવારણ માટે 'ઉવસગ્ગહર સ્તોત્ર' બનાવ્યું અને આ સ્તોત્ર ગણીને તેનું મંત્રેલું પાણી છાંટવાથી રોગની શાંતિ થશે એમ જણાવ્યું. સૂરિજી મહારાજના કહેવા

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

મુજબ જ ફળ મળ્યું. એટલે કે ઉપદ્રવ શાંત થયો. આટલા જ માટે કહેવાયું છે કે :

'उवसग्गहरं थुत्तं, काऊणं जेण संघकल्लाणं ।
करुणापरेण विहियं, सो भद्दबाहुगुरू जयइ ॥'

જેણે સંઘના કલ્યાણ માટે ઉવસગ્ગહર સ્તોત્ર બનાવ્યું, તે દયાળુ પરમ કૃપાળુ ગુરુ શ્રીભદ્રબાહુસ્વામી જય પામો.

('વિજયપ્રશસ્તિ—ટીકા')

સમર્થ કાવ્યકાર પં. દેવવિમલ ગણી આ સ્તોત્રનું મહત્ત્વ આલેખતાં કહે છે કે—

उपप्लवो मन्त्रमयोपसर्गहरस्तवेनाऽवधि येन संघात् ।
जनुष्मतो जाङ्गुलिकेन जाग्रद्‌गरस्य वेगः किल जाङ्गुलिभिः ॥२९॥

('હીરસૌભાગ્યકાવ્ય' સર્ગ. ૪, શ્લોક ૨૯)

'ઉવસગ્ગહર સ્તોત્ર'ની મૂળ ૫ ગાથાઓ છે. ઉવસગ્ગહર સ્તોત્ર ઉપર અત્યારે લગભગ ૯ ટીકાઓ મળે છે, જે પૈકીની એક ટીકામાં આ સ્તોત્રની ૬ ગાથાઓ, બીજી એક ટીકામાં ૭ ગાથાઓ અને બાકીની સાત ટીકાઓમાં આ સ્તોત્રની ૫ ગાથાઓ હોવાનો ઉલ્લેખ છે. 'અંચલગચ્છની પટ્ટાવલી'માં પાંચ ગાથાનું 'ઉવસગ્ગહર સ્તોત્ર' બનાવ્યાનો ઉલ્લેખ છે.

जैन शासन JAINSITE जैनम् जयति शासनम्

**ઉવસગ્ગહર સ્તોત્ર ઉપરની ટીકાઓ :**

૧. બૃહદ્‌વૃત્તિ—જેના કર્તાનો ઉલ્લેખ મળતો નથી, તેમ એ વૃત્તિ પણ અત્યારે ઉપલબ્ધ નથી. માત્ર આ૦ ચંદ્રસૂરિ પોતાની લઘુવૃત્તિમાં આ બૃહદ્‌વૃત્તિનો ઉલ્લેખ કરે છે.

૨. આ૦ ચંદ્રસૂરિકૃત લઘુવૃત્તિ—આ ટીકા બારમી સદીમાં બની છે.

૩. પાર્શ્વદેવ ગણિકૃત લઘુવૃત્તિ—આ ટીકા તેરમી સદીની શરૂઆતમાં બની છે.

૪. આ૦ જિનપ્રભસૂરિકૃત વ્યાખ્યા—આ ટીકા ચૌદમી સદીમાં બની છે.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૫. જયસાગરકૃત વૃત્તિ—આ ટીકા પંદરમી સદીમાં બની છે.

૬. હર્ષકીર્તિસૂરિકૃત વૃત્તિ—આ ટીકા સત્તરમી સદીમાં બનેલી છે.

૭. ઉ૦ સિદ્ધિચંદ્રગણિકૃત વ્યાખ્યા—આ ટીકા અઢારમી સદીમાં બનેલી છે.

૮. જૈન ગ્રંથાવલીમાં દર્શાવેલ લઘુવૃત્તિમાં શ્લો. ૮૫૦ છે.

૯. એક અજ્ઞાતકૃત અવચૂરિ પુના ભાંડારકર ઈન્સ્ટીટયૂટમાં છે.

શ્રીજિનપ્રભસૂરિજી પોતાની ટીકામાં એક વિશેષ પ્રકાશ પાડે છે કે તેમણે ઉવસગ્ગહરની પહેલી ગાથાના उव શબ્દથી, ઉપાધ્યાયની, બીજી ગાથાના विस શબ્દથી સાધુની, ત્રીજી ગાથાના चिट्ठ શબ્દથી આચાર્યની, ચોથી ગાથાના तुह શબ્દથી અરિહંતની તથા પાંચમી ગાથાના इअ શબ્દથી સિદ્ધ ભગવાનની સંઘટના કરેલી છે. આમાં વ્યતિક્રમ કેમ છે? એનો ખુલાસો તેઓએ ત્યાં આપ્યો છે.

JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

આમાંની ઘણી ટીકાઓ પ્રકાશિત થઈ ગઈ છે. 'ઉવસગ્ગહર સ્તોત્ર'ની અત્યારે ૫, ૭, ૯, ૧૧, ૧૩, ૧૭ અને ૨૧ ગાથાઓ પણ મળે છે. આમાંના કેટલાંક સ્તોત્રો છપાઈ ગયેલાં પણ છે.

આ૦ ભદ્રબાહુસ્વામીએ 'વસુદેવચરિયં' પ્રાકૃતમાં રચ્યું હતું. આ ગ્રંથ આજે મળતો નથી. પૂર્ણતલગચ્છના આ૦ દેવચંદ્રસૂરિ કે જેઓ કલિકાલસર્વજ્ઞ આ૦ હેમચંદ્રસૂરિના ગુરુદેવ છે, તેઓ પોતાના પ્રાકૃતમાં રચેલા 'સંતિનાહચરિયં'માં આ ગ્રંથનો પરિચય નીચે મુજબ આપે છે:

'वंदामि भद्दबाहुं, जेण य अईरसियं बहुकलाकलियं।
रइयं सपायलक्खं, चरियं वसुदेवरायस्स ॥'

જેમણે અતિરસિક અને કલાપૂર્ણ એવું ૧૨૫૦૦૦ શ્લોક પ્રમાણ 'વસુદેવચરિત્ર'રચ્યું છે તે શ્રીભદ્રબાહુસ્વામીને હું વાંદુ છું.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આ સિવાય આ૦ ભદ્રબાહુસ્વામીએ પ્રાકૃતમાં 'ભદ્રબાહુ સંહિતા' નામનો જ્યોતિષ ગ્રંથ બનાવ્યો હતો. આ ગ્રંથ અત્યારે ઉપલબ્ધ નથી. એના થોડા છૂટા છૂટા ખંડો અમોએ એક બ્રાહ્મણ પંડિત પાસે જોયા હતા, જેમાં વ્યવસ્થિત જન્મકુંડલીઓ, તેનો ફલાદેશ, તે કુંડલીમાં જન્મેલાની વિશિષ્ટ જીવનીઓ, દુઃખ અને રોગોના ઉપાયો, અંતરાય દૂર કરવાની આરાધનાવિધિ, તીર્થંકરોની પૂજા, અધિષ્ઠાયક દેવોના જાપો, ઉપયોગી મંત્રો વગેરેનું વર્ણન હતું. કોઈ કહે છે કે, પ્રાકૃત 'ભદ્રબાહુ સંહિતા' કચ્છમાં કોડાય ગામના જૈન ગ્રંથભંડારમાં છે પણ તે બહાર આવે ત્યારે જ ખરી. આ પ્રાકૃત ગ્રંથના આધારે સંસ્કૃત 'ભદ્રબાહુ સંહિતા' બનેલી છે જે છપાઈ ગઈ છે અને તેનું ભાષાંતર પણ પ્રકાશિત થઈ ગયું છે.

## પાટલીપુત્રમાં પહેલી આગમવાચના:

जैन साईट JAINSITE जैनम् जयति शासनम्

આ૦ શ્રીભદ્રબાહુસ્વામીના સમયમાં પાટલીપુત્રમાં મોટી શ્રમણસંઘપરિષદ્ મળી હતી અને તેમાં પહેલી જિનાગમવાચના થયેલી છે.

આ૦ હરિભદ્રસૂરિ 'ઉપદેશપદ'માં આ આગમવાચનાનો ઇતિહાસ નીચે પ્રમાણે આપે છે:

जाओ अ तम्मि समए, दुक्कालो य दोय दस य वरिसाणि।
सव्वो साहुसमुहो, गओ तओ जलहितीरेसु ॥

तदुवरमे सो पुणरवि, पाडलिपुत्ते समागओ विहिया।
संघेण सुयविसया, चिंता किं कस्स अत्थेति ॥

जं जस्स आसी पासे, उद्देसज्झयणमाइ संघडिउं।
तं सव्वं एक्कारस-अंगाइं तहेव ठवियाइं ॥

આ વખતે બાર વર્ષ સુધીનો દુકાળ પડયો તેથી સાધુસમૂહ સમુદ્રને તીરે ચાલ્યો ગયો. દુકાળ મટયા પછી સાધુઓ વિચરતા વિચરતા પાટલીપુત્રમાં પધાર્યા. હવે શ્રીસંઘને શ્રુત વિષે ચિન્તા થઈ કે કોને કેટલું શાસ્ત્રજ્ઞાન યાદ છે? પછી જેની પાસે ઉદ્દેશા,

www.jainsite.com　For Private & Personal Use Only　info@jainsite.com

અધ્યયન આદિ જે જે કાંઈ યાદ હતાં તે સર્વ એકઠાં કરી અગિ-યાર અંગ સ્થાપિત કર્યાં.

ઇતિહાસના પરિશીલનથી અને અનુભવથી એમ સમજાય છે કે, મોટી રાજ્યક્રાંતિ, સૈનિકોની આપખુદી, જળાશયોનો વિનાશ, ખેતીનો અભાવ, અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ, મહામારી, કોલેરા, અનાજની તંગી અને પાણીની ખેંચ ઇત્યાદિ નિમિત્તો એકઠાં થવાથી લાગ-લાગટ દસ-બાર વર્ષ નબળાં પસાર થાય છે. ત્યારે લોકો તે કાળને "બાર દુકાળી" તરીકે ઓળખાવે છે. જેમાં જનતા મહારોગ, કષ્ટ, અને ભૂખમરાના સંક્રાંતિ કાળમાંથી પસાર થાય છે. વીર નિર્વાણ સંવત ૧૫૫ ની આસપાસમાં નંદના સામ્રાજ્યનો પલટો થવાથી ભયંકર બાર દુકાળી પડી હતી. પટણા અને પંજાબની વચ્ચેના પ્રદેશમાં તો ભયંકર આફતના ઓળા ઊતર્યા હતા. આ સમયે જૈન શ્રમણો ભારતના પૂર્વ અને ઇશાન ખૂણા તરફ ચાલ્યા ગયા. ત્યાં રાજક્રાંતિની અસર થોડી હતી, મોટી નદીઓને લીધે દુકાળની અસર પણ ત્યાં નહીં જેવી હતી. પરંતુ મુનિઓના આમ વિખરાઈ જવાથી પઠનપાઠન તો તદ્દન બંધ જ થઈ ગયાં હતાં. બારબાર વર્ષનો ગાળો, જેમાં ઘણા જ્ઞાનીઓ તો સ્વર્ગે પધારી ગયા હતા, અને જેઓ વિદ્યમાન હતા તેમનું જ્ઞાન પણ શીર્ણ-વિશીર્ણ થઈ ગયું હતું. પરિણામે કંઠસ્થ જિનાગમના જ્ઞાનને મોટો ધક્કો લાગ્યો. ૧૨ વર્ષો ગયા પછી આ પરિસ્થિતિને પહોંચી વળવા માટે વીર સં. ૧૬૦ લગભગમાં શ્રીશ્રમણસંઘે આ૦ શ્રીસ્થૂલિભદ્રસૂરિની અધ્યક્ષતામાં પાટલીપુત્રમાં એકત્ર થઈ, જેને જે યાદ હતું તેનું સંકલન કરી ૧૧ અંગોને સ્થાપિત કર્યાં. ૧૨ મા અંગને વ્યવસ્થિત કરવા માટે વિચાર ચાલ્યો, કિન્તુ અહીં આવેલ મુનિઓમાં ૧૨ મા અંગના પૂર્ણ અભ્યાસી કોઈ ન હતા. આ સમયે ૧૨ મા અંગના સંપૂર્ણ જાણનાર માત્ર આ૦ ભદ્રબાહુસ્વામી હતા. પણ તેઓ દૂર હોવાથી આ પરિષદ્‌માં આવી શક્યા નહોતા. એટલે બારમા અંગ માટે દરેક મુનિઓની દૃષ્ટિ આ૦ ભદ્રબાહુસ્વામી ઉપર પડી.

શ્રીસંઘે તેમને બોલાવવા બે મુનિઓને નેપાળમાં મોકલ્યા.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

બંને મુનિવરોએ શ્રીભદ્રબાહુસ્વામી પાસે પહોંચી શ્રીશ્રમણ-સંઘની ભાવના જણાવી અને પાટલીપુત્ર પધારવા વિનંતિ કરી. સૂરિજીએ જવાબમાં જણાવ્યું કે, "હમણાં મેં મહાપ્રાણ ધ્યાન આરંભ્યું છે, જે બાર વર્ષે પૂરું થશે. માટે હું આવી શકીશ નહિ. મહાપ્રાણ ધ્યાનની સિદ્ધિ થતાં સર્વ પૂર્વોની સૂત્ર અને અર્થથી એક મુહૂર્ત માત્રમાં આવૃત્તિ થઈ શકે છે વગેરે." સાધુઓ જવાબ લઈ પાટલીપુત્ર પાછા આવ્યા. શ્રીસંઘે તેમનો ઉત્તર સાંભળીને બીજા બે સાધુઓને તૈયાર કરી જણાવ્યું કે, "તમારે ત્યાં જઈને આ૦ શ્રીભદ્રબાહુસ્વામીને વિનયથી પૂછવું કે જે શ્રીસંઘની આજ્ઞા ન માને તેને શી શિક્ષા અપાય તે કહો." તેઓ ઉત્તર ફરમાવે કે તેને સંઘ બહાર કરવો એટલે તમારે આચાર્યને કહેવું કે, 'તમો તે શિક્ષાને પાત્ર છો.' એ મુનિઓએ ત્યાં જઈને સંઘના કહેવા પ્રમાણે આચાર્યને કહ્યું એટલે તેમણે કહ્યું કે, "શ્રીસંઘે મારી ઉપર કૃપા લાવીને એમ ન કરવું કિન્તુ બુદ્ધિવાળા મુનિઓને અહીં મોકલવા એટલે હું તેમને પ્રતિદિન સાત સાત વાચના આપીશ. તેમાં એક વાચના ગોચરીથી આવ્યા પછી આપીશ, ત્રણ વાચના ત્રણ કાળવેળાએ આપીશ અને પછી બીજી ત્રણ વાચના સાંજના પ્રતિક્રમણ પછી આપીશ. આ પ્રમાણે મારા ધ્યાનને બાધા ન આવતાં શ્રીસંઘનું કામ સિદ્ધ થશે." તે મુનિઓએ પાટલીપુત્ર આવીને સંઘને તે પ્રમાણે કહ્યું. એટલે શ્રીસંઘે પણ પ્રસન્ન થઈને સ્થૂલિભદ્ર વગેરે ૫૦૦ સાધુઓને ત્યાં મોકલ્યા. આ૦ ભદ્રબાહુ તેઓને વાચના આપવા લાગ્યા. પરંતુ તેઓ 'વાચના બહુ ઓછી મળે છે' એમ વિચારી કંટાળીને ચાલ્યા ગયા. માત્ર એક શ્રીસ્થૂલિભદ્રજી ત્યાં રહ્યા, અને તેમણે આઠ વર્ષમાં સંપૂર્ણ આઠ પૂર્વનું જ્ઞાન મેળવ્યું. એકદા આચાર્યે તેમને પૂછ્યું કે, "વત્સ! તું મંદ ઉત્સાહવાળો કેમ થઈ ગયો છે?" સ્થૂલિભદ્રજીએ જવાબ આપ્યો કે,*

* કલિકાલસર્વજ્ઞ આ૦ શ્રીહેમચંદ્રસૂરિએ પણ 'પરિશિષ્ટપર્વ' સર્ગ. ૯ શ્લો૦ ૫૫ થી ૭૬ માં આ ઈતિહાસ વિસ્તારથી આપ્યો છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

"ભગવંત! હું હતોત્સાહ થયો નથી. પણ મને વાચના ઓછી મળે છે એ લાગી આવે છે. આચાર્યે ખુલાસો કર્યો કે, "મારું ધ્યાન હવે લગભગ પૂર્ણ થવા આવ્યું છે. એ પછીથી તને યથેચ્છ વાચના આપીશ." એટલે સ્થૂલિભદ્રજીએ કહ્યું કે, "હે પ્રભો! હજુ મારે કેટલું ભણવાનું બાકી રહ્યું છે!" ગુરુ બોલ્યા કે, "તું હજી માત્ર બિન્દુ જેટલું ભણ્યો છે અને સમુદ્ર જેટલું તારે ભણવાનું બાકી છે." પછી મહાપ્રાણ ધ્યાન પૂર્ણ થતાં વધારે વાચના મળવા લાગી અને મહામુનિ સ્થૂલભદ્ર બે વસ્તુ ઓછી એવા દશ પૂર્વ સુધી અર્થ સહિત ભણી ગયા અને પછી બાકીનાં ચાર પૂર્વ મૂળ માત્ર જ ભણ્યા. બીજા કોઈને ૧૪ પૂર્વનું જ્ઞાન થયું જ નહીં એટલે આ૦ ભદ્રબાહુસ્વામી અર્થ સહિત ચૌદ પૂર્વના જાણનારા છેલ્લા શ્રુતકેવલી મનાય છે.

શ્રીભદ્રબાહુસ્વામીજી ધ્યાન પૂર્ણ થયા પછી વિહાર કરતા કરતા પાટલીપુત્ર ઉદ્યાનમાં પધાર્યા, અને પાટલીપુત્રના શ્રીસંઘે આ મહાજ્ઞાની, ધ્યાની, તપસ્વી, આત્માર્થી સૂરિપુંગવનું અભૂતપૂર્વ સ્વાગત કર્યું. આ સમયે પાટલીપુત્રમાં મૌર્ય સમ્રાટ ચંદ્રગુપ્તનું રાજ્ય સ્થપાઈ ચૂક્યું હતું હવે દેશમાં સર્વત્ર શાંતિ અને આનંદ હતાં એટલે રાજા, મંત્રી અને પ્રજાએ સૂરિજીના ઉપદેશામૃતનું પાન બહુ જ પ્રેમથી કર્યું.

## ચાર ધ્યાની શ્રમણો :

રાજગૃહીના ચાર શ્રીમંત વણિક ગૃહસ્થોએ સૂરિજીના ઉપદેશથી પ્રતિબોધ પામી જૈન દીક્ષા લીધી. તેઓ ગુરુ પાસે રહી, જ્ઞાન મેળવી, અહિંસા, તપ અને સંયમમાં ઉત્કૃષ્ટ બની ગુરુ-આજ્ઞાથી એકાકી વિચરવા લાગ્યા. હવે તેમણે અભિગ્રહ લીધો કે જંગલમાં રહેવું. જ્યારે ભિક્ષા માટે જવું હોય ત્યારે જ નગરમાં ત્રીજા પહોરે એક જ વાર જવું અને બાકીના સમયે આત્મચિંતવન કરવું. તેઓ આ પ્રમાણે નક્કી કરી રાજગૃહીની પહાડીઓની ગુફાઓમાં સતત આત્મચિંતવનમાં જ સમય ગાળવા લાગ્યા. આ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ચારે મુનિપુંગવો એકવાર ત્રીજે પહોરે શહેરમાં ગોચરી માટે ગયા છે. શિયાળાની ઋતુ છે અને આહાર લઈ પાછા ફરતાં કંઈક મોડું થયું છે, એટલે એમાંના એક મુનિવર તો ઉતાવળે ચાલતા ગુફાના દરવાજા પાસે પહોંચ્યા અને ચોથો પહોર શરૂ થઈ જવાથી ગુફાની બહાર જ ધ્યાનમાં ઊભા રહ્યા. બીજા મુનિવર નગરના ઉદ્યાનમાં પહોંચ્યા અને ચોથો પહોર શરૂ થઈ જવાથી ઉદ્યાનમાં જ કાઉસગ્ગ ધ્યાને રહ્યા. ત્રીજા મુનિવર ઉદ્યાનની નજીકમાં પહોંચ્યા અને ચોથો પહોર શરૂ થવાથી ત્યાં જ કાઉસગ્ગ ધ્યાને રહ્યા અને ચોથા મુનિવર નગરની બહાર નીકળતાં જ ચોથો પહોર શરૂ થવાથી ત્યાં જ કાઉસગ્ગ ધ્યાને ઊભા રહ્યા. શિયાળાનો કડકડતો હિમાળો વરસી રહ્યો હતો, ઠંડી એવી પડતી હતી કે કોઈને ઘર બહાર નીકળવાની હિંમત ચાલતી ન હતી. ત્યાં તો રાત્રિ પડી, નગરજનો સૂઈ ગયા. આ ચારે મુનિઓ માત્ર या निशा सर्वभूतानां तस्यां जागर्ति संयमी સૂત્ર અનુસાર જિનેશ્વરદેવના નામના જપ સાથે આત્મચિંતવન કરી રહ્યા હતા. એમનામાં નહોતી લગારે દીનતા, ઉદાસીનતા કે શોક, પણ તેમનામાં આત્મગૌરવ, અદીનતા ને આત્માનંદ જળહળી રહ્યા હતા. તેઓ આજની ઠંડીનું પરિણામ કલ્પીને જ જાણે ઊભા હોય તેમ સંયમની જીવંત પ્રતિમારૂપ, શાંત, દૃઢ અને ધ્યાનમગ્ન હતા. તેઓમાંના ગુફાદ્વારે ઊભેલા મુનિપુંગવ રાતના પહેલે પહોરે, ઉદ્યાનવાસી મુનિવરેન્દ્ર બીજા પહોરે, ઉદ્યાન નજીક ઊભેલા મુનિવર ત્રીજા પહોરે, અને નગર નજીકના મુનિશ્રેષ્ઠ ચોથે પહોરે ધ્યાનમાં જ સ્વર્ગે પધાર્યા.

આનું જ નામ સફળ આત્મસમર્પણ. આનું જ નામ સંયમની સિદ્ધિ. આનું જ નામ આત્મવિકાસ અને આનું જ નામ मृत्युरपि महोत्सवायते। હસતે મોઢે મૃત્યુની ભેટ સાચી અહિંસા, તપ અને સંયમની આ જ કસોટી હતી.

જે સમયમાં જૈન શાસનમાં આવી ત્યાગમૂર્તિઓ, આવા આત્મજ્ઞાનીઓ અને આવા શ્રેષ્ઠ સાધુપુરુષો વિદ્યમાન હોય એ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સમય જૈન શાસન માટે તેમજ સમસ્ત ભારતવર્ષ માટે કેવો ગૌરવંતો હશે તે વિચારવાનું કામ સુજ્ઞ પાઠકોને સોંપું છું.

આ૦ ભદ્રબાહુસ્વામીને સ્થ૦ ગોદાસ, સ્થ૦ અગ્નિદત્ત, સ્થ૦ યજ્ઞદત્ત અને સ્થ૦ સોમદત્ત એ મુખ્ય શિષ્યો હતા. તે પૈકીના સ્થ૦ ગોદાસથી ગોદાસ નામનો ગણ નીકળ્યો; જેની તામલિત્તિયા, કોડિવરિસિયા, પુંડ્રવદ્ધણિયા અને દાસીખબ્બડિયા એ ૪ શાખાઓ હતી. એટલે કે આ શ્રમણો તામલુક, કોટિવર્ષ, અને પોંડ્રવર્ધન એટલે પહાડપુરના પ્રદેશોમાં વધુ વિચરતા હતા. પહાડપુરથી મળેલ તામ્રપત્ર પણ આ પ્રદેશના જિનવિહારો ઉપર ઠીક પ્રકાશ પાડે છે.

તેઓની ૪૫ વર્ષે દીક્ષા, ૬૨ વર્ષે યુગપ્રધાનપદ અને ૭૬ વર્ષે વીર સંવત ૧૭૦માં સ્વર્ગગમન થયું છે.

## આચાર્યશ્રીનો વિહારપ્રદેશ:

जैन साईट JAINSITE .com जैनम् जयति शासनम्

આધુનિક દિગંબર વિદ્વાનો માને છે કે આ શ્રુતકેવલી આ૦ ભદ્રબાહુસ્વામી દક્ષિણમાં ગયા હતા, ત્યાં જ અનશનપૂર્વક સ્વર્ગે ગયા છે અને ત્યાર પછી શ્વેતાંબર-દિગંબરના ભેદો પડચા છે.

પરંતુ દિગંબરોની આ માન્યતા ભૂલભરેલી છે. કેમકે દિગંબર ગ્રંથોના આધારે જ એ હકીકત પુરવાર થતી નથી. આપણે તે તપાસી લઈએ.

(૧) દિ૦ આ૦ હરિષેણસૂરિજી જણાવે છે કે આ૦ ભદ્રબાહુસ્વામી દક્ષિણમાં ગયા નથી. કિન્તુ ઉજ્જૈન પાસેના પ્રદેશમાં અનશન લઈ સ્વર્ગગામી બન્યા છે.

अहमत्रैव तिष्ठामि, क्षीणमायुर्ममाऽधुना ॥३७॥
प्राप्य भाद्रपदं देशं, श्रीमदुज्जयिनीसम्भवम् ॥४३॥
समाधिमरणं प्राप्य, भद्रबाहुः दिवं ययौ ॥४४॥

(વિ. સં. ૯૮૯ ના 'બૃહત્કથાકોષ'માં કથા ૧૩૧)

અર્થાત્—ચૌદ પૂર્વધારી શ્રીભદ્રબાહુસ્વામી દક્ષિણમાં

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ગયા જ નથી. કિન્તુ વિદિશાની વાયવ્યમાં રહેલ વેસનગરમાં સ્વર્ગે ગયા છે જે સ્થાનનાં બીજાં નામો ચૈત્યગિરિ અને ભદ્દલપુર મળે છે.

(૨) દિ૦ બ્ર૦ નેમિદત્તજી પણ શ્રુતકેવલી શ્રીભદ્રબાહુનું સ્વર્ગગમન ઉજ્જૈન પાસે જ બતાવે છે.

"उज्जयिन्यां सुधीर्भद्रः, वटवृक्षसमीपके ।
क्षुत्पिपासादिकं जित्वा, संन्यासेन समन्वितः ॥ २६ ॥
स्वामी समाधिना मृत्वा, सम्प्राप्तः स्वर्गमुत्तमम् ॥ २७ ॥
('आराधना कथाकोष' कथा ६१)

उज्जैनीपुरके उद्यान, वटके वृक्षनिकटथित ठान।
क्षुधातृषादिपरिषह जोर, जाती तनकी ममता छोर ॥२८॥"
('आराधना कथाकोष-भाषा छंद' पृ. ३३४)

સાફ વાત છે કે આ૦ ભદ્રબાહુસ્વામી દક્ષિણમાં ગયા જ નથી

(૩) ચંદ્રગિરિ પહાડ પર પાર્શ્વનાથ વસ્તીના કાનડી શિલાલેખમાં સ્પષ્ટ કહ્યું છે કે પ્રથમ ભદ્રબાહુસ્વામી દક્ષિણમાં ગયા નથી કિન્તુ દ્વિતીય ભદ્રબાહુસ્વામી દક્ષિણમાં પધાર્યા છે અને ત્યાં જ ૭૦૦ મુનિઓ સાથે સ્વર્ગગામી બન્યા છે.

("જૈન સિદ્ધાંત ભાસ્કર" કિ૦ ૧, પૃ. ૨૫)

આ ઉલ્લેખ પ્રમાણે નક્કી છે કે, શ્રુતકેવલી ભદ્રબાહુસ્વામી દક્ષિણમાં ગયા નથી તો પછી શ્વેતાંબર-દિગમ્બરના ભેદ એ સમયે પડયાની તો વાત જ શી કરવી ?

(૪) દિ૦ આ૦ દેવસેનજી વીર સં. ૬૦૬માં શ્વેતાંબર-દિગંબરનો ભેદ પડયો એમ બતાવે છે અને શ્વેતાંબર શાસ્ત્રો વીર સં. ૬૦૯માં ભેદ પડયાનું વર્ણન કરે છે. એટલે આ૦ વજ્રસ્વામી પછી કે બીજા ભદ્રબાહુસ્વામી પછી શ્વેતાંબર-દિગમ્બરોના ભેદ પડયા એ માન્યતા જ પ્રમાણયુક્ત છે.

આથી નક્કી છે કે દિગમ્બર વિદ્વાનો શ્રુતકેવળી ભદ્રબાહુસ્વામીનું દક્ષિણમાં ગમન અને ત્યાર પછી શ્વેતાંબર-દિગમ્બરોના ભેદ પડયાનું માને છે તે વાસ્તવિક નથી.



www.jainsite.com　For Private & Personal Use Only　info@jainsite.com

## પ્રકરણ સાતમું

## આચાર્ય શ્રીસ્થૂલિભદ્રસૂરિજી

આર્ય સંભૂતિવિજયસૂરિજી અને આ૦ શ્રીભદ્રબાહુસ્વામીની પાટ ઉપર મહાપ્રતાપી અને કામવિજેતા શ્રીસ્થૂલિભદ્રજી આચાર્ય થયા.

તેમનું જન્મ સ્થાન મગધની રાજધાની પાટલીપુત્ર-પાટણા હતું. તે ગૌતમગોત્રીય બ્રાહ્મણ હતા. તેમના પિતાનું નામ મંત્રીશ્વર શકટાલ અને માતાનું નામ લક્ષ્મીદેવી (લાછલદે) હતું. ભારતમાં નવમા નંદનું રાજ્ય ચાલતું હતું અને એની સત્તાનાં સૂત્રો શકટાલ મંત્રીશ્વરના હાથમાં હતાં. તે જ્ઞાતિએ બ્રાહ્મણ હોવા છતાં મહા-કુશલ અને ચતુર મુત્સદ્દી હતો. નંદ રાજ્યની શરૂઆતથી રાજ્યની લગામ શકટાલના પૂર્વજોના હાથમાં આવી હતી. એ જ અનુભવનો વારસો શકટાલને પણ સાંપડ્યો હતો. તેની હિંદ બહારના શકો પર પણ એવી ધાક હતી કે તેનું શકટાલ એવું સાર્થક નામ બની ગયું હતું. મગધની કીર્તિ અને સત્તા એણે દિગંતવ્યાપિની બનાવી હતી. કાશી, કોશલ, અવન્તી, વત્સ, અને અંગ તથા લિચ્છવી વગેરે વગેરે રાજ્યો મગધની આણ હેઠળ હતાં. બધાં રાજ્યો રાજા કરતાં પણ મંત્રીશ્વરથી વધુ ડરતાં અને સાવધ રહેતાં હતાં. નંદ રાજાઓને લક્ષ્મીનો સંચય કરવો બહુ ગમતો. આથી નંદોએ સોનાની ડુંગરિયો થાય એટલું સોનું એકત્ર કરી રાજગૃહીની બહાર સોનાના નવ પહાડો બનાવ્યા હતા. શકટાલ અને એના પૂર્વજો રાજાઓને સમજાવતા, પરંતુ ધનભૂખ્યા રાજવીઓ આ વિષયમાં કોઈનુંયે સાંભળતા ન હતા. શકટાલ આ વિષયમાં વધુ દૃઢ હતો. ન તો એ વધુ ખરચ કરવા દેતો કે ન તો વધુ ધન સંચિત કરવા દેતો. ધનનો સંચય કરવાનું એને પસંદ નહોતું અને પ્રજાને શકટાલની એ નીતિ પણ પસંદ નહોતી કે રાજદ્વારા પંડિતો-કવિઓ અને ભાટ-ચારણોમાં વાહવાહને ખાતર ઉડાવાતું લખલૂટ ધન તે નહોતો ઉડાવવા દેતો. શકટાલ આવા વિષમપદે ઊભો રહીને રાજ્યતંત્ર ચલાવતો હતો.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

શકટાલના સમયમાં એનો જ પ્રતિસ્પર્ધી મનાતો વરરુચિ નામનો બ્રાહ્મણપંડિત રાજસભામાં આવી નિત્ય રાજસ્તુતિના નવા નવા શ્લોકો બનાવી લાવતો, છતાંયે શકટાલ મંત્રીએ એને ઈનામ ન અપાવ્યું તે ન જ અપાવ્યું. આથી એ પંડિત શકટાલને ઘેર ગયો અને મંત્રીપત્નીને સમજાવી એટલે સરલ, દયાળુ અને ધર્મનિષ્ઠ લક્ષ્મીએ કહ્યું કે; "જાઓ, આવતી કાલથી ઈનામ મળશે." મંત્રીપત્નીએ મંત્રીશ્વરને સમજાવ્યા કે, 'એ બિચારા ગરીબ બ્રાહ્મણને રાજભંડારમાંથી ઈનામ કેમ નથી અપાવતા ?' મંત્રીશ્વરે જણાવ્યું કે, "તું કહે તો હું આપણી પાસેથી ખાનગીમાંથી આપું, પણ અન્યાયથી રાજભંડારમાંથી નહીં અપાવું." મંત્રીપત્નીએ કહ્યું: "તમને એમાં શું થાય છે ? રાજા ઈનામ આપે તેમાં ના ન પાડશો." આખરે મંત્રીશ્વરે એ વાત કબૂલી.

બીજે દિવસે વરરુચિ રાજસભામાં ગયો. મંત્રીશ્વર મૌન રહ્યા અને રાજાએ વરરુચિને ૧૦૦ સોનામહોરો ઈનામમાં આપી. આ ઈનામનો ક્રમ ઘણા સમય સુધી ચાલ્યો. રાજા રોજ વરરુચિને ૧૦૦ સોનામહોરો આપતો. મંત્રીશ્વરે વિચાર્યું આ રોજની ૧૦૦ સોનામહોરો વ્યર્થ જાય છે એ ઠીક નથી. મંત્રીશ્વરને યક્ષા, યક્ષદિન્ના, ભૂતા, ભૂતદિન્ના, સેના, વેણા અને રેણા એમ ૭ પુત્રીઓ હતી. સાતેય બાલબ્રહ્મચારિણી અને પરમ વિદુષી હતી. સાક્ષાત સરસ્વતી જેવી હતી. દરેકને એવી સ્મરણશક્તિ હતી કે પહેલી કન્યા એક વાર સાંભળે ને એને યાદ રહી જાય, બીજીને બે વાર, ત્રીજીને ત્રણ વાર, એમ સાતમીને સાત વાર સાંભળે તે યાદ રહી જતું હતું. મંત્રીશ્વર પોતાની કન્યાઓને સાથે લઈ રાજસભામાં ગયો. અને વરરુચિએ જેવા સ્તુતિશ્લોક ઉચ્ચાર્યા કે તરત જ મંત્રીશ્વરે રાજાને કહ્યું : "નામવર ! આ શ્લોકો મારી સાતે કન્યાઓને પણ આવડે છે. પ્રતીતિ કરવી હોય તો સાંભળો ?" મંત્રીના કહેવાથી એક પછી એક સાતે કન્યાઓ એ શ્લોકોને બોલી ગઈ અને વરરુચિને મળતું ઈનામ બંધ થયું.

એણે રાજાને, મંત્રીને અને પાટલીપુત્રની પ્રજાને પોતાની

www.jainsite.com    For Private & Personal Use Only    info@jainsite.com

તરફ ખેંચવાની નવી તરકીબ રચી. એણે ગંગા નદીના પ્રવાહમાં એક છૂપો સંચ ગોઠવ્યો જેના બીજા છેડે ગુપ્ત રીતે તે ૧૦૦ સોનામહોરોથી ભરેલી એક કોથળી મૂકી રાખતો હતો. પછી તે સવારે આવી ઉપર ઊભો રહી ભગવતી ગંગા નદીનું સ્તોત્ર ભણે ને સંચને દબાવે ત્યારે કોથળી ઊંચી થાય. એટલે વરરુચિ જનતાને કહે: "જુઓ! આ રાજાએ મારી સોનામહોરો બંધ કરી પરંતુ મૈયા ભગવતી-ભાગીરથી મને સેવામેવારૂપે સોનામહોરો આપે છે." આમ લોકોને જણાવી પછી પોતે કોથળી કાઢી લઈ ચાલવા માંડે. આ ચમત્કાર નગરમાં ફેલાયો. રાજા અને મંત્રી પાસે આ સમાચાર પહોંચ્યા. પ્રજામાં વરરુચિ પ્રતિ પ્રેમ અને ભક્તિ વધી પડયાં. લોકો વરરુચિને દેવી પ્રસન્ન થયાં છે એમ માની તેની પૂજા કરવા લાગ્યા. ફળ-ફૂલ અને નૈવેદ્યથી એની ભક્તિ થવા માંડી. રાજા અને મંત્રીને ફિટકાર મળવા માંડયો. આખરે નંદરાજની સભામાં આ વસ્તુ ચર્ચાતાં આખી સભાએ બીજે દિવસે આ ચમત્કાર જોવા જવું, એમ નક્કી થયું. વરરુચિને ખબર પડી કે આવતી કાલે આખી રાજસભા નદીકાંઠે મારો ચમત્કાર જોવા આવશે, એ મનમાં રાજી થયો. એણે પૂરી તૈયારીમાં રહેવાનું નક્કી કર્યું. અહીં મંત્રીશ્વર શકટાલે વિચાર કર્યો કે જરૂર આમાં વરરુચિનો દંભ છે. અંદર કંઈક ગડબડ છે. એમણે પોતાના હોંશિયાર જાસૂસને આ વાતની બાતમી મેળવવા ગોઠવ્યો.

વરરુચિ મધ્ય રાતે નદીમાં ગયો. એણે સોનામહોરોની કોથળી રાખી સંચ બરાબર ગોઠવ્યો. એણે સરસ વ્યવસ્થા કરી કે સંચ દબાતાં જ પાણીનો મારો વાગતાં કોથળી ઊંચી ઊછળે અને પોતે નદીનો પ્રસાદ ઝીલી લે. પછી વરરુચિ રાજી થતો ઘેર ગયો. તેના ચાલ્યા ગયા પછી મંત્રીશ્વરના જાસૂસ પુરુષે કે જેણે આ લીલા જોઈ હતી, તેણે ધીમેથી સંચ ઊંચો કરી કોથળી કાઢી લીધી.

જાસૂસ આ કોથળી લઈ મંત્રીશ્વર પાસે પહોંચ્યો અને

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પોતે નજરે નિહાળેલી બધી હકીકત મંત્રીશ્વરને કહી સંભળાવી. મંત્રીશ્વરે આ વાત ખાનગી રાખવાનું, સવારે કોથળી સાથે નદી-કિનારે હાજર રહેવાનું અને ઇશારો થતાં કોથળી રજૂ કરવાનું સમજાવી તે પુરુષને રજા આપી.

નાગરિકો બીજે દિવસે સવારમાં ગંગાકિનારે જઈ ઊભા. રાજવર્ગ આવી ગયો. પંડિતરાજ વરરુચિ પણ પોતાના ભક્તો સહિત આવી પહોંચ્યો. હવે વરરુચિએ ગંગાસ્તોત્ર શરૂ કર્યું અને બધાયને ગવરાવ્યું. પછી પોતે નદી વચ્ચે જઇ પોતાના અભીષ્ટ સ્થાને પહોંચી ગંગાની સ્તુતિ કરી અને પગથી સંચ દબાવ્યો પરંતુ કોથળી તો નીકળી જ નહીં. તેણે વધુ દાબ મુકયો એટલે પાણીના જોશથી રેતીનો ઢગ ઊપસ્યો અને પાણી ઊછળ્યું, પરંતુ સોનામહોરોની કોથળી ન નીકળી તે ન જ નીકળી. વરરુચિને દગાનો વહેમ ગયો. એ વિહ્વલ બન્યો. જનતા આતુરતાથી જોઈ રહી હતી. ગંગામૈયા પંડિતરાજને સોનામહોરોની થેલી આપશે, હમણાં આપશે, હમણાં આપશે એમ થતું હતું. ત્યાં તો મંત્રીશ્વર શકટાલે બધાના આશ્ચર્ય વચ્ચે જાસુસ પુરુષ પાસેથી થેલી મંગાવી અને વરરુચિને જણાવ્યું કે, 'પંડિતજી! હવે નદીમાં થેલી શોધશો નહીં. આ લ્યો, તમારી સોનામહોરોની થેલી તો અહીં છે.'

બસ, વરરુચિનું મોં ઊતરી ગયું. એ એવો ખસિયાણો પડી ગયો કે ગંગામૈયા પાણીમાં સમાવી દે તો ઠીક એવું એને થયું. મંત્રીશ્વરે પંડિતજીનું પાખંડ જનતાને અને રાજાને સમજાવ્યું. રાજા અને પ્રજાની આંખો રાતીપીળી થઈ. ધર્મને નામે ચાલતા આવા પાખંડ ઉપર પ્રજાને ક્રોધ આવ્યો. આવા ઢોંગીને યોગ્ય સજા કરવા જનતા ઉશ્કેરાઇ ગઈ પરંતુ અવસરજ્ઞ ચતુર મંત્રીશ્વરે પંડિતજીને સહીસલામત ઘર ભેગા કર્યા.

વરરુચિને આમાંથી દ્વેષ જાગ્યો. તેને મનમાં થયું કે નંદવંશનો નાશ કરાવું. અરે! મંત્રીકુટુંબનો નાશ કરાવું, વૈરનો બદલો લઉં.

www.jainsite.com  For Private & Personal Use Only  info@jainsite.com

બસ; વૈર, વૈર અને વૈરનો ધ્વનિ વરરુચિના કલેજામાં ખળભળવા લાગ્યો. એણે થોડોક સમય જનતા અને રાજાને ભુલાવામાં નાખવા યુક્તિ આદરી. એના વિચારમાં એ પરદેશ ચાલ્યો ગયો.

મંત્રીશ્વર શકટાલને સ્થૂલભદ્ર અને શ્રીયક નામે બે પુત્રરત્નો હતાં. સ્થૂલભદ્રકુમાર ભણીગણી વિદ્વાન બન્યો કિન્તુ મંત્રીશ્વર જેવો વ્યવહારદક્ષ, રાજપટુ અને ચતુર નહોતો. પિતાએ તેને આ શિક્ષણ માટે પાટલીપુત્રની બહુ જ રૂપસંપન્ન અને કલાદક્ષ ગણાતી કોશા વેશ્યાને ત્યાં મૂકયો. યુવાન સ્થૂલભદ્ર અને કોશા પ્રેમથી મળ્યા, જાણે પૂર્વ ભવના સ્નેહ સાગર માટે ચંદ્રિકાનો વિકાસ થતો હોય એમ મળ્યાં, અને એક બીજાનાં આત્મીય બની ગયાં. કોશાએ વેશ્યાનો ધંધો છોડી દઈ કુલવધૂપણું સ્વીકાર્યું; અને સ્થૂલભદ્રે ઘેર જવાનું માંડી વાળી કોશાને ત્યાં જ રહેવાનું પસંદ કર્યું. પિતાજી પુત્રના રક્ષણ માટે અને કાલે સન્માર્ગે આવશે એમ સમજી બધું ખર્ચ ત્યાં મોકલતા હતા. આમ ને આમ બાર બાર વર્ષનાં વહાણાં વાયાં. દિવસ ને રાત સુખ, ભોગ-વિલાસ, રંગરાગ, સંગીત, નૃત્ય, એશ અને આરામમાં જવા લાગ્યા. સ્થૂલભદ્ર અને કોશાને સૂર્ય કયાં ને કયારે ઊગે છે અને કયારે આથમે છે, એનીયે પડી નહોતી.

जैन साईट JAINSITE जैनम् जयति शासनम्

અહીં પાછળ શ્રીયકના લગ્ન દિવસો નજીક આવ્યા. મંત્રીશ્વરે પોતાના નાના પુત્રને પરણાવવામાં પૂરો લહાવો લેવાનું વિચાર્યું. સાતે પુત્રીઓએ તો ભગવતી સરસ્વતીની માફક આજન્મ બ્રહ્મચર્ય પાળવાનો જ નિયમ રાખ્યો હતો. સ્થૂલભદ્રજીનો લગ્નોત્સવ નહોતો થઈ શકયો એટલે માતાપિતાએ શ્રીયકના લગ્નમહોત્સવને જીવનમાં પહેલો કે છેલ્લો જ ઉત્સવ માની ખૂબ તૈયારી કરી હતી. એમની ઇચ્છા હતી કે ખુદ નંદરાજાને પોતાને ત્યાં બોલાવી રાજસત્કાર કરીશું અને એ માટે તે પોતાના મહેલમાં આભુષણો શસ્ત્રો વગેરે તૈયાર કરાવતો હતો. આ સમાચાર વરરુચિને ગુપ્તભેદ દ્વારા મળ્યા અને વૈરનો બદલો લેવાની તક સાંપડી. મંત્રીશ્વરે ગંગાના કિનારે કરેલા ભયંકર અપમાનનો બદલો લેવાનું એને એ દ્વારા સૂઝી

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આવ્યું. એણે ભયંકર કલ્પનાના ઘોડા દોડાવ્યા ને પ્રજામાં એવા સમાચાર વહેતા મૂકયા કે, 'મંત્રીશ્વર શસ્ત્રો તૈયાર કરાવી રાજાને મારી નાખી સ્વયં રાજા બનવાની કોશીશ કરે છે.' એણે બાળકોનું જૂથ ઊભું કરી ઈનામ વહેંચી ગામમાં સરઘસ કઢાવ્યું અને એ બાળકો પાસે ગવરાવ્યું કે—

"न वेत्ति राजा यदसौ, शकटालः करिष्यति।
व्यापाद्य नन्दं तद्राज्ये, श्रीयकं स्थापयिष्यति॥"

આ સમાચાર નંદરાજને કાને અથડાયા. એણે પોતાનો અંગત ગુપ્તચર મોકલી તપાસ કરાવી અને શકટાલ મંત્રીશ્વરને ત્યાં આભૂષણો અને શસ્ત્રો બને છે એ જાણી એ વહેમ ખાઈ ગયો. તે આગળ પાછળનાને વિવેક-વિચાર ભૂલ્યો ને એક જ ધૂનનો કીડો એના મગજને કોરી ખાવા લાગ્યો. એ સાચું જ છે કે વહેમનું કોઈ ઓષધ હોતું જ નથી.

બીજે દિવસે શકટાલે રાજસભામાં આવી નિયમ પ્રમાણે રાજાને પ્રણામ કર્યા પણ નંદરાજે ગુસ્સામાં ને ગુસ્સામાં શકટાલની સલામ ન ઝીલી. શકટાલ બહુ જ કુશલ અને દક્ષ હતો. એને પણ બાળકોના સરઘસના સમાચાર મળ્યા જ હતા, એ તરત સમજી ગયો કે નંદરાજા મારી ઉપર ગુસ્સે થયો છે. એને પોતાના જ પૂર્વજ કલ્પક મંત્રી ઉપર પ્રથમ નંદરાજે કરેલા જુલમની યાદ આવી, તેમજ રાજાને પાછળથી થયેલો પશ્ચાત્તાપ પણ યાદ આવ્યો. બુદ્ધિશાળી મંત્રીશ્વર તરત ઘેર ગયો અને નિર્ણય કરી લીધો કે કુટુંબને બચાવવા પોતે જ પોતાનું સમર્પણ કરવું. એણે શ્રીયકને સમજાવ્યું કે કાલે તું રાજસભામાં તલવારથી મારું માથું ઉડાવી દેજે ! પુત્રે ઘણી આનાકાની કરી પરંતુ આખરે કુલની રક્ષા માટે પિતાના આદેશ પાસે એનું કાંઈ જ ન ચાલ્યું. મંત્રીશ્વરે પણ પોતાના મોંમાં કાલપુટ ઝેરની ગુટિકા રાખી લીધી. કાળના ભયંકર ઓળાઓ હવે છતા થવા લાગ્યા.

એ કાળમુખો દિવસ ઊગી ચૂકયો. આજે રાજસભાનું

www.jainsite.com     For Private & Personal Use Only     info@jainsite.com

વાતાવરણ સંક્ષુબ્ધ હતું. આખી સભા ચીકાર ભરાઈ હતી. આ પ્રસંગનાયક વરરુચિ પણ આવ્યો હતો. આજે એને રાજસભાને ભૂરકી નાખવી હતી. મંત્રીશ્વરનો દંડ કરાવવો હતો અને છેવટે એણે કંઈક ગંભીર નવાજૂની કરવાનો દૃઢ નિશ્ચય કર્યો હતો.

શ્રીયકે આજની રાજસભાનું વાતાવરણ આવતાંવેંત માપી લીધું. એનું મન વિચારોના ઝોળે ચડ્યું. એક તરફ પિતાજીને કમોતે મારવા માટે પોતાની જાત ઉપર તિરસ્કાર છૂટ્યો ને બીજી તરફ એને પિતાજીની ભવ્ય ત્યાગવૃત્તિ, અવૈરભાવ અને કુળ-રક્ષાની અગમચેત દક્ષતા ઉપર માન ઉપજ્યું. મંત્રીશ્વર હંમેશની માફક એ જ છટાથી રાજસભામાં આવ્યો અને નમ્યો. કિન્તુ રાજાએ સામું જોયું ન જોયું ત્યાં તો શ્રીયકે લાગ જોઈ પોતાની તલવારથી પિતાનું માથું ઉડાવી દીધું. મંત્રીશ્વરનું અરિહંત, નમો અરિહંતાણું બોલતું માથું ઊડ્યું ને ધરણી ઉપર પછડાયું. ચોગરદમ લોહીનો ફૂવારો છૂટ્યો. રાજા અને પ્રજા ચકિત થઈ આ ભયંકર દૃશ્ય જોઈ રહ્યાં.

રાજાએ શ્રીયકને પૂછ્યું: 'અરે, આ તેં શું કર્યું!'

શ્રીયકે કહ્યું: 'રાજાજીને એમ લાગે છે કે મંત્રીશ્વર રાજદ્રોહી બન્યો છે, તો મારા જીવતાં નંદરાજનો દ્રોહી જીવતો કેમ રહી શકે?'

રાજાએ એની રાજભક્તિ ઉપર પ્રસન્ન થઈ પૂછ્યું: 'સાચું શું છે? તે કહે.'

મંત્રીપુત્રે ધીરજથી યથાર્થ વાત કહી સંભળાવી. રાજા આ સાંભળી ચમક્યો અને બોલ્યો: 'હવે તું જ મંત્રીશ્વરની જગા ઉપર બેસી જા.' શ્રીયકે કહ્યું: 'મારા વડીલ બંધુ સ્થૂલિભદ્ર કોશા વેશ્યાને ત્યાં છે. એમને બોલાવી એમને એ પદ આપો.'

રાજાએ કોશાને ત્યાંથી સ્થૂલભદ્રને બોલાવ્યા અને પિતાના મૃત્યુના સમાચાર કહી રાજમંત્રીપદ માટેનું નિમંત્રણ આપ્યું.

સ્થૂલભદ્રજીએ રાજાને કહ્યું: 'મને વિચાર કરવા દો.'

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

રાજાએ કહ્યું: 'હમણાં જ રાજઉદ્યાનમાં જઈ વિચારીને મને જવાબ આપો.'

સ્થૂલભદ્રજી રાજસભામાંથી ઊઠી ઉદ્યાનમાં ગયા અને વિચારના ચકડોળે ચડ્યા. એમણે પહેલાં તો પિતાનું મૃત્યુ કરાવનાર ઉપર વેરનો બદલો લેવાનું ચિંતવ્યું ને વિચાર આવ્યા કે હું સત્તાધીશ બની હુકમ ચલાવીશ, રાજ્ય સુધારીશ, રાજસત્તા વધારીશ વગેરે વગેરે મનમાં આવ્યું ને ગયું. પરંતુ ક્ષણવારમાં બીજા પડખાના વિચારે એમનો સુપ્ત સંસ્કાર સંકોરાયો ને એ વિચારજાળમાં તણખો ચંપાયો. એ સંસારદ્રષ્ટાની વિચારધારા પલટાઈ ગઈ. એમને પિતાજીનું કમોત થયાનું કારણ અને રાજપ્રપંચ નજર સામે તરવરવા લાગ્યા. એમને રાજસત્તા નકામી લાગી. એમની એ કામધેનુ આજે વાંઝણી દેખાવા લાગી. આખરે આત્મદશાનો અંકુર જાગૃત થતાં એમનો વિરક્ત ભાવ એટલો બધો વધી ગયો કે ત્યાં જ એ પોતાના હાથે પંચમુષ્ટિ લોચ કરી, રત્નકંબલના તાંતણામાંથી રજોહરણ બનાવી સાધુ થઈ ગયા ને એમણે ત્યાંથી રાજસભામાં જઈ 'ધર્મલાભ' શબ્દનો પ્રઘોષ કર્યો. એ શબ્દોએ વાતાવરણને ગુંજવી દીધું.

મંત્રમુગ્ધ બનેલી રાજસભામાં રાજવીને રોકડું પરખાવ્યું: 'રાજન્! તું તો એક જ મંત્રીમુદ્રા આપત પરંતુ મેં તો પાંચ મહાવ્રતની પાંચ મુદ્રાઓ લીધી છે. બસ, હું તો ગુરુચરણે જાઉં છું પણ તું સત્ય વસ્તુ સમજજે અને ધર્મનો ઉપાસક બનજે.' આટલું બોલી છેવટે कल्याणमस्तु એમ ઉચ્ચારી રાજસભામાંથી એ ધીર ગંભીર પગલે ચાલી નીકળ્યા.

રાજા આ અદ્દભુત સાધુની વાણીથી હેરત પામ્યો. એને એમ પણ થયું કે સ્થૂલભદ્રજી આમ આપણને છેતરી કોશા વેશ્યાને ત્યાં જતો લાગે છે." રાજાએ એ જ વહેમથી રાજમહેલની અટારીએથી જોયું તો મુનિ સ્થૂલભદ્ર ઈર્યાસમિતિ પાળતા— 'दृष्टिपूतं न्यसेत् पादं' એ રીતે નગર બહાર દૂર સુદૂર જવા પગલાં ઉપાડતા હતા. આ ત્યાગવીર, કર્મવીર, અને ધર્મવીર સાધુને જોઈ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

રાજાની આંખમાંથી અશ્રુબિન્દુ ટપકયાં. એના હૃદયમાંથી ઉદ્‌ગારો નીકળ્યા : 'ધન્ય છે આવી સાધુતાને.'

નંદવંશના રાજાઓ જૈનધર્મ પ્રત્યે અનુરાગી હતા. તેઓ ક્ષમાશ્રમણોને બહુમાન અને બહુ આદર આપતા હતા. એમના મંત્રીશ્વરો જૈનધર્મોપાસક જ હતા. એમના રાજકાળમાં ક્ષમા-શ્રમણોનું બહુમાન વધ્યું હતું ને જિનમંદિરો પણ વધ્યાં હતાં.

આ નવમો નંદરાજા પણ ધર્મપ્રેમી અને વિવેકી હતો. જૈનધર્મનો ઉપાસક હોવા છતાંયે તે બ્રાહ્મણો, બૌદ્ધ સાધુઓ અને અન્ય સંપ્રદાયના ધર્માનુયાયીઓ પ્રતિ ઉદાર હતો, બધાને દાન આપી સત્કારતો અને સન્માનતો હતો.

સ્થૂલિભદ્રજીના ગયા પછી શ્રીયક મંત્રી બન્યો. એ વ્યાપાર-પ્રધાન મંત્રી હતો અને બાહોશ રાજમંત્રી પણ હતો. હવે વરરુચિ રોજ રાજસભામાં આવતો થયો. એને એમ લાગ્યું કે મેં પ્રતિ-સ્પર્ધીનો કાંટો કાઢયો છે, મને રાજસભ્યો આદર અને માન આપે છે, એટલે મંત્રીપદ હવે મને જ મળશે. પરંતુ નંદરાજે યુવાન અને ઉત્સાહી, બુદ્ધિમાન અને ધીર, મુત્સદ્દી અને વિવેકી શ્રીયકને જ મહામંત્રી બનાવી, વરરુચિની આશા ઉપર ઠંડું પાણી રેડી દીધું હતું. છતાંયે વરરુચિને બહુશ્રુત અને મહામુત્સદ્દી-પણાનું ઘમંડ હતું એટલે એની આશા અમર હતી. એણે ધીમે-ધીમે કોશા વેશ્યાની બહેન ઉપકોશા વેશ્યાને ત્યાં જવા–આવવાનું ચાલુ કર્યું, ઉપકોશા અને વરરુચિ વચ્ચે પ્રેમના તાણાવાણા વણાવા લાગ્યા.

કોશા વેશ્યા એકવાર કારણ પ્રસંગે શ્રીયકને મળવા આવી. એ તદ્દન દુબળી–પાતળી અને સુક્કી થઈ ગઈ હતી, સ્થૂલિભદ્રના વિયોગથી સંતપ્ત કરમાયેલી કમલિની જેવી નિસ્તેજ બની ગઈ હતી. શ્રીયક એને જોઈ ને સફાળો ઊભો થયો. કોશાએ રડતાં રડતાં સ્થૂલભદ્રજીના સમાચાર પૂછયા અને શ્રીયકે તેમના સાધુ થયાના અને વિહારના સમાચાર આપ્યા, સાથે જ એણે કહ્યું કે આ બધી ઘટનાનું મૂળ પેલો વરરુચિ છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કોશા:—'હેં ? એ પાપીઓ તો રોજ ઉપકોશાને ત્યાં જાય છે, મજા કરે છે, ઊંચું મદ્યપાન કરે છે અને ઉપકોશાને ત્યાં જ જીવન ગુજારે છે.'

શ્રીયક:—'ખરે જ. એ દુષ્ટ દુર્જન પુરુષે પિતાજીનું મૃત્યુ કરાવ્યું અને ભાઈનો પણ વિયોગ કરાવ્યો.'

કોશા:—'મને વિયોગ કરાવનાર કદી સુખી નહિ થાય. મારી દુભાતી લાગણીઓ કહે છે કે છેવટે એ કૂતરાના મોતે જ મરશે.'

એકવાર રાજાએ પણ શ્રીયકને કહ્યું: 'ભાઈ! તારા પિતાજી ગયા. આજે હું જોઈ રહ્યો છું કે નંદવંશનો અંતકાળ નજીકમાં હોય એવા ઓળા પડતા જણાય છે અને એવા ગેબી અવાજો મને સંભળાય છે કે જાણે નંદરાજ્યના પતનની ઘડી એલડી ગણાઇ રહી છે. આજે એ કુશળ મંત્રિરાજ હોત તો મને આ ચિંતા નહોત; તું હજી યુવાન છે, અનુભવની ખામી છે, તારામાં તારા પિતાની મુત્સદ્દીગીરી, ડહાપણ, ગંભીરતા, ઉદારતા, અને ધીરજ આવતાં વાર થશે. એ તો કસાયેલા રાજપુરુષ હતા.

जैन साईट JAINSITE.com जैनम् जयति शासनम्

શ્રીયક બોલ્યો:—'રાજન્! વાત તો સાચી છે. મને દિવસ ને રાત ચેન નથી પડતું, મને તો લાગે છે કે વરરુચિએ આખા રાષ્ટ્રનો અને રાજ્યનો દ્રોહ કર્યો છે. પોતાના નજીવા સ્વાર્થને ખાતર એણે આપને ભરમાવ્યા અને આપ પણ વહેમી બની ગયા. અમારી બ્રાહ્મણની નાતમાં આ જ અવગુણ છે કે, ब्राह्मणो ब्राह्मणं दृष्ट्वा, श्वानवत् घुर्घुरायते । એણે તો વેર જ વાળ્યું છે. હવે તો તે મદ્યપાન કરે છે અને વેશ્યાને ત્યાં મજા ઉડાવે છે.'

આ સાંભળી રાજા આશ્ચર્યચકિત થયો. તેણે પૂછ્યું: 'શું વરરુચિ મદ્યપાન કરે છે! પંડિતરાજ થઈ ને આવું અધમ જીવન ગાળે છે!'

શ્રીયક:—'હા જી! આપને કાલે જ નજરે બતાવું.'

બીજે દિવસે રાજસભા ચિકાર ભરાઈ હતી અને વરરુચિ ઉત્તમ વસ્ત્રો પહેરી ઝૂલતા હાથીની જેમ ત્યાં આવી રહ્યો હતો.

www.jainsite.com    For Private & Personal Use Only    info@jainsite.com

આજે એણે ચંદ્રહાસ મદ્ય ખૂબ ઢીંચ્યો હતો. શ્રીયકે રાજસભ્યોને કમલનું ફૂલ સૂંઘવા આપ્યું અને વરરુચિને મીંઢાળના રસથી ભરેલું કમળનું ફૂલ આપ્યું. વરરુચિએ ચંદ્રહાસ પીધેલો હોવાથી તે સૂંઘતાં જ તને જોરથી ઉલટી થઈ ને તેમાંથી દારૂની દુર્ગંધ છૂટવા લાગી. રાજા અને રાજસભ્યોએ આ જોઈ એને તિરસ્કારથી કાઢી મૂક્યો. બીજા પંડિતોએ જાહેર કર્યું કે, આવા વિદ્વાન અને કર્મકાંડી ભૂદેવે તો આના પ્રાયશ્ચિત્તમાં ગરમાગરમ સીસાથી ભરેલું મૂષાપાત્ર પીવું જોઈએ. વરરુચિને તે પ્રાયશ્ચિત્ત સ્વીકાર્યા વિના છૂટકો ન હતો. એને હવે એમ થયું કે “ શકટાલ એ દાનો દુશ્મન હતો. તે બહાદુરીથી મર્યો છે. મારે તો આજે કૂતરાને મોતે મરવું પડે છે. ” આખરે એને ગરમાગરમ સીસું પીવડાવ્યું અને એ મૃત્યુને શરણ થયો. ખરેખર, કર્મની ગતિ કેવી વિચિત્ર છે! ‘ જેવી કરણી, તેવી પાર ઊતરણી.’

जैन साईट JAINSITE .com जैनम् जयति शासनम्

ચોમાસાના દિવસો નજીક આવ્યા છે. સ્થૂલભદ્ર મુનિ ગુરુચરણે બેસી શાસ્ત્રનો અભ્યાસ કરી રહ્યા છે. આદર્શ સાધુજીવન ગાળી રહ્યા છે. તેમણે ત્યાગ, તપ અને સંયમનું અભેદ્ય બખ્તર ધારણ કર્યું છે. અહિંસા, સત્ય, ક્ષમા અને મૈત્રી ભાવનાં અમોઘ શસ્ત્રો તેમના હાથમાં છે, અને જ્ઞાનનો ઝગઝગતો સૂર્ય તેમના હૃદયમાં ઝળહળી રહ્યો છે.

એક મુનિવરે ગુરુ શ્રીસંભૂતિવિજયસૂરિ પાસે આજ્ઞા માગી કે, ‘ ગુરુદેવ! આપ રજા આપો તો હું ચાર માસના ઉપવાસ કરી સિંહની બોડના દરવાજા પાસે કાયોત્સર્ગમાં રહીશ.’ બીજા શિષ્યે વિનંતિ કરી કે, ‘ પ્રભો! હું મહાવિષધર સાપના રાફડા ઉપર બેસી ઉપવાસથી ચારે મહિના કાયોત્સર્ગમાં રહીશ.’ ત્રીજા મુનિવર બોલ્યા: ‘ હું કૂવાના કાંઠા ઉપર ચાર મહિના ઉપવાસી રહી ધ્યાનમગ્ન બની રહીશ.’ બીજા બીજા મુનિવરોએ પણ યોગ્ય સ્થાને ચોમાસું જવાની આજ્ઞા માગી. હવે નૂતન મુનિ શ્રીસ્થૂલભદ્રજીનો વારો આવ્યો. મગધના મંત્રીશ્વરનો આ પુત્ર કેળના ગર્ભ જેવો સુકોમળ, કમળ જેવો મુલાયમ અને ચંપાના ફૂલ જેવો સોનેરી

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કાયાવાળો હતો. તેમાં હવે વૈરાગ્યનો રંગ ભળ્યો એટલે તે મુનિ ઝળહળતા તેજપુંજ સમો ભાસતો હતો.

શ્રીસ્થૂલભદ્રજીએ બહુ જ આત્મમંથન કર્યું. ચતુર્માસ કયાં જઈને કરવું તે અંગે ઘણો ઘણો વિચાર કર્યો. તેમને અંદરથી અવાજ આવ્યો કે તારામાં ધીરતા, દૃઢતા અને નિશ્ચલતા હોય, સંયમનો પાકો રંગ હોય, જ્ઞાનજ્યોતિ સદા ચમકતી રહી શકે તેમ હોય અને તને શિયલનું બખ્તર અભેદ્ય રહેવાની ખાતરી હોય તો પાટલીપુરની લક્ષ્મી જેવી અને પૂર્ણ અનુરાગિણી કોશા વેશ્યાને ત્યાં ચોમાસું રહેવા જા.

સૂરિજીએ સ્થૂલભદ્રજીને પૂછ્યું: 'વત્સ! તમે ચતુર્માસ કયાં ગાળશો ?'

સ્થૂલભદ્રજી વિચારે છે અને આખરે કહે છે, 'પ્રભો! યદિ આપની આજ્ઞા હોય અને આશીર્વાદ હોય તો હું પાટલીપુરની લક્ષ્મી જેવી અને પહેલાંની અનુરાગિણી કોશા વેશ્યાને ત્યાં ચાતુર્માસ માટે જવાને ઇચ્છું છું.'

જૈન સાઈટ JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

શ્રુતકેવલી સૂરિપુંગવે જ્ઞાનથી જોઈ તેમને ત્યાં જવાની રજા આપી ને આશિષ દેતાં કહ્યું: 'વત્સ! તારું આ મહાભિનિષ્ક્રમણ જગતના ઇતિહાસમાં અમર રહેશે, ઘર છોડી જંગલમાં જઈ કામવિજેતા થનાર તો નીકળ્યા છે પરંતુ ઝગમગતા કામદેવના ઘરમાં જઈ કામદેવનો વિજય કરનાર કોઈ નથી પાક્યો. જા, વત્સ! જા; વિજયી થઈ ને આવજે, વીરશાસનને દીપાવજે. તારા જેવા આદર્શ સાધુથી વીરશાસન જયવંતું છે. જા, મારા આશીર્વાદ છે.'

સ્થૂલભદ્રજીએ ગુરુકૃપાને શિરસાવંદ્ય કરી **મત્થએણ વંદામિ** કહીને પ્રયાણ કર્યું. બીજા ત્રીજા મુનિવરો પણ પોતપોતાના સ્થાને ગયા.

સ્થૂલિભદ્રજી કોશાને ત્યાં ચોમાસું આવ્યા એટલે કોશાએ હાવભાવ અને પ્રેમથી એમને જીતવા બધા પ્રયત્નો કર્યા. કામદેવે પોતાનાં બધાં શસ્ત્રો અજમાવ્યાં; ચતુર્માસની ઋતુ, બત્રીશ જાતનું

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ભોજન, ચિત્રશાળા જેવું મકાન, એકાંતસ્થાન, ભર્યું જોબન અને અતૂટ પ્રેમરસથી છલોછલ મદઘેલી અને કામકલામાં પ્રવીણ કોશા આ સર્વ અનુકૂલ સામગ્રી હતી, છતાંયે કમળથીયે કોમળ અને વજ્રથીયે કઠિન આ સાધુપુરુષ જરાયે ડગ્યા નહિ. આખરે એ જીત્યા. કોશાનાં બધાંય શસ્ત્રો નિષ્ફળ ગયાં; નૃત્ય, હાવભાવ, અને સંગીતની રેલમછેલ બધું નકામું થયું. આખરે નાસીપાસ થયેલી તે સ્થૂલભદ્રજીને પગે લાગીને બોલી: 'તમે જીત્યા હું હારી.' ગુરુદેવ! હવે ધર્મનો પંથ બતાવો. આટલા દિવસ તો તમારો ઉપદેશ મેં ન સાંભળ્યો એ મેં ભૂલ કરી છે. હવે મને મારી ભૂલ સમજાઈ છે તો કૃપા કરીને મને ધર્મોપદેશ આપો.' આ સાંભળી મુનિ સ્થૂલિભદ્રજીએ તેને આત્મ-કલ્યાણનો માર્ગ બતાવ્યો. કોશા વેશ્યાએ પણ જૈનધર્મ સ્વીકાર્યો. શ્રાવિકાનાં ૧૨ વ્રત લીધાં અને એ દૃઢ શ્રમણોપાસિકા બની.

ત્યાર પછી સ્થૂલભદ્રજીની બહેનો અને ભાઈ પણ ધર્મરંગે રંગાયા. નંદરાજા ઉપર પણ સ્થૂલભદ્રજીની અનુપમ નિર્લેપ દશા અને સાચા સાધુજીવનની છાપ પડી. પાટલીપુત્રમાં મૂર્તિમંત ધર્મરાજનો જય થયો અને ચતુર્માસ પૂર્ણ થતાં સ્થૂલભદ્રજી ગુરુદેવને ચરણે આવ્યા.

ગુરુદેવે બીજા સિંહગુફાવાસી મુનિવરોને 'દુષ્કરકારક' કહી સંબોધ્યા હતા, પરંતુ સ્થૂલભદ્રજીને "દુષ્કર, દુષ્કરકારક"ના બહુમાનથી સત્કાર્યા; જે સાંભળી સિંહગુફાવાસી મુનિવર ઈર્ષ્યાથી પ્રજ્વલિત બન્યા. એને મત્સર જાગ્યો. એને એમ થયું કે 'આ મંત્રીપુત્ર છે' માટે ગુરુજી એને લાગણીથી જૂએ છે. મેં સિંહગુફાના દરવાજે કેટકેટલી યાતનાઓ સહી છે તેનો ગુરુજીને ક્યાંથી ખ્યાલ આવે? મંત્રીપુત્ર તો રાજમહેલ જેવા મહેલમાં રહ્યો, મનભાવતાં આહારપાણી કર્યાં અને વેશ્યાનાં નાચ-નખરાં જોયા. એનું આટલું બધું માનપાન અને અમે કંઈ વિસાતમાં નહિ! ઠીક છે, જોઈ લઈશ. આવતે વર્ષે હું કોશાને ત્યાં જ ચતુર્માસ કરીશ.

બીજું ચોમાસું આવ્યું કે સિંહગુફાવાસી મુનિવરે કોશાને ત્યાં ચતુર્માસ રહેવા જવાની રજા માગી. ગુરુદેવે કહ્યું: 'વત્સ! તું રહેવા દે, ત્યાં તારું કામ નથી. આ સ્થૂલિભદ્રનું નામ તો ચોરાશી

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ચોવીશી સુધી અમર રહેવાનું છે. એના જેવો કામવિજેતા આજે ક્યાંય નથી. વત્સ! તું એના પગલે ન જઈશ.' સિંહગુફાવાસી મુનિવર ગુરુજીની મના હોવા છતાં કોશાને ત્યાં ગયા. કોશાને ખબર પડી કે સ્થૂલભદ્રજીના પગલે ચાલવા આ મહાત્મા પધાર્યા છે. તેણે પહેલે જ દિવસે સુંદર અને ગરિષ્ઠ આહાર વહોરાવ્યો, બપોરે સુંદર શણગાર સજી મુનિવર પાસે આવી નૃત્ય કર્યું. મુનિવર તો એના હાવભાવ, નેત્રકટાક્ષ અને મોહનમૂર્તિ જોતાં જ ઢીલા પડ્યા, માયામાં ફસાયા, તણાયા ને બોલ્યા કે, 'તું મારી થા.'

કોશા:—'મુનિવર! એ માટે ધન જોઈએ. અમારે તો ધન એ જ સાચી વસ્તુ છે.'

મુનિવર:—'રતિમાં તેલ હોય તો જ અમારી પાસે ધન હોય.'

વેશ્યા:—'મહારાજ! સાંભળો, નેપાલના મહારાજા સાધુઓને રત્નકંબલનું દાન આપે છે. જેનું મૂલ્ય લાખ સોનામહોરો થાય છે; તમે તે લઈ આવો, પછી બીજી વાત.'

સિંહગુફાવાસી મુનિ તો આ સાંભળી ભરચોમાસામાં નેપાલ દેશમાં પહોંચ્યા અને રત્નકંબલ લઈ, ચોરોથી બચાવી, મહામુશ્કેલીઓ પાટલીપુત્ર આવ્યા. તેમણે રત્નકંબલ કોશાને આપ્યું. અને કોશાએ તેને ફાડી, ટુકડા કરી, પગ લૂંછી ફેંકી દીધું.

મુનિવર આશ્ચર્ય સાથે બોલ્યા:—'હેં હેં હેં! તેં આ શું કર્યું! કેટલી મહેનત, કેટલું કષ્ટ અને કેવો ભગીરથ પ્રયત્ન કરી મેં આ રત્નકંબલ મેળવ્યું છે તે શું આમ ફેંકી દેવા?'

કોશા:—'મુનિવર! માફ કરજો. તમે મારી માગણીથીયે સમજ્યા નહિ. આ રત્નકંબલ કરતાંયે ચારિત્રરત્ન-શીલરત્ન અને સમ્યક્ત્વરત્ન વધુ કિંમતી છે. આપને મહાકષ્ટે મળેલાં એવા માનવજીવન અને ચારિત્ર્યરૂપ અપૂર્વ રત્નોને આમ ક્ષણિક સુખના કાદવમાં કાં ફેંકી રહ્યા છો? આ સાંભળી મુનિવરની આંખ ખુલી ગઈ. તેમણે કોશાનો ઉપકાર માન્યો. ચતુર્માસ પછી ગુરુચરણે આવી પ્રાયશ્ચિત્ત લીધું અને મુક્તકંઠે કહ્યું કે સ્થૂલિભદ્ર એ સ્થૂલિભદ્ર જ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

છે. સાચા કામવિજેતા છે. તેઓ જ 'દુષ્કર, દુષ્કરકારક'ના ધન્ય-વાદને પાત્ર છે.

આ૦ સ્થૂલિભદ્રની ૭ બહેનો યક્ષા, યક્ષદિન્ના, ભુતા, ભૂતદિન્ના, સેણા, વેણા અને રેણાએ તેમજ મગધના મંત્રી શ્રીયકે પણ દીક્ષા લીધી હતી. મહામંત્રી શકડાલ અને મંત્રી શ્રીયકના જવા પછી મગધરાજ નંદ પાસે કોઇ કુશલ મંત્રી રહ્યો નહિ, મગધરાજની લોભદશા વધી ગઈ, સામંતો સ્વતંત્ર થવા લાગ્યા, અધિકારીઓ સ્વચ્છંદી બન્યા. આ અંધાધુંધીનો લાભ લઈ મહામંત્રીશ્વર ચાણક્ય અને મૌર્ય ચંદ્રગુપ્તે યુદ્ધ જાહેર કરી નંદવંશનો નાશ કર્યો અને વીર સં. ૧૫૫માં પાટલી-પુત્રમાં મૌર્ય રાજ્યની સ્થાપના કરી.

## ચાર ચૂલિકાઆગમની રચનાઃ

આ૦ સ્થૂલિભદ્રસૂરિએ વીર સં૦ ૧૬૦ લગલગમાં પાટલીપુત્રમાં શ્રમણસંઘ ભેગો કરી પહેલી આગમવાચના કરી, ૧૧ અંગોને સુરક્ષિત કર્યાં અને પછી નેપાળદેશમાં જઈ આ૦ ભદ્રબાહુ પાસે બે વસ્તુન્યૂન ૧૦ પૂર્વનું જ્ઞાન સંપાદિત કર્યું. આ બન્ને આચાર્યો વિહાર કરી પુનઃ પાટલીપુત્ર પધાર્યા એ અરસામાં એટલે વીર સં૦ ૧૬૮ લગભગમાં શ્રીસંઘને ૪ ચૂલિકા આગમની પ્રાપ્તિ થઇ છે. જેનો ઇતિહાસ આ પ્રમાણે છે.

એકવાર સ્થૂલિભદ્રની બહેનો સાધ્વી યક્ષામહત્તરા વગેરે મુનિવરોને વંદન કરવા આવી. તેમણે આ૦ શ્રીભદ્રબાહુસ્વામીને વાંદીને પૂછ્યું કે 'અમારા વડિલબંધુ ક્યાં છે ?' આચાર્ય મહારાજ બોલ્યા કે 'પાસેના જીર્ણ દેવાલયમાં સ્વાધ્યાય કરતા હશે. આ સાંભળી તે સાધ્વીઓ પાસેના દેવકુલમાં ગયાં, પણ ત્યાં તો આ૦ સ્થૂલભદ્રજીને બદલે સિંહ બેઠો હતો. આ દૃશ્ય જોઈ તેઓ પાછાં વળી આચાર્યશ્રીને કહેવા લાગ્યાં કે 'ત્યાં તો સિંહ બેઠો છે. શું વડિલ વન્ધુને તે ખાઈ ગયો નહિ હોયને ?'

સૂરિજીએ જ્ઞાનોપયોગ દઈ યથાર્થ વસ્તુ જાણીને કહ્યું કે,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

'જુઓ, હવે એ ત્યાં જ બેઠા છે. એ સિંહ નથી, કિન્તુ તમારા વડિલ બન્ધુ જ છે. બહેનોએ આવી વંદના કરીને પૂછ્યું: 'અહીં તો સિંહ હતો ને! સ્થૂલિભદ્રજી હસીને બોલ્યા: 'એ તો મેં મારી વિદ્યાનો અખતરો કરી જોયો હતો.' બહેનો ભાઈને આવી અપૂર્વ વિદ્યાનો ભંડાર જાણી રાજી થઈ ગઈ.

પછી યક્ષાએ જણાવ્યું કે 'બન્ધુવર! અમે સાતેય બહેનોની સાથે જ લઘુબન્ધુ શ્રીયકે પણ દીક્ષા લીધી હતી. એ નવકારશી પચ્ચક્ખાણથી વધુ પચ્ચખાણ માટે અશક્ત હતા ને તેમણે એકવાર સંવત્સરીના દિવસે મારા કહેવાથી પોરસી, સાઢપોરસી પુરિમડ્ઢ અને છેવટે ઉપવાસનું તપ કર્યું, પણ રાતે ભૂખને લીધે કે ગમે તે કારણે તેઓ દેવગુરુનું સ્મરણ કરતાં સમાધિપૂર્વક કાળધર્મ પામ્યા છે. આથી મને પારાવાર દુઃખ થયું છે. મેં શ્રીશ્રમણસંઘને આ વસ્તુ જણાવી પ્રાયશ્ચિત્ત માગ્યું; શ્રીસંઘે કહ્યું કે, 'તમે નિર્દોષ છો. તમે માત્ર હિતબુદ્ધિથી જ આ કાર્ય કર્યું છે; માટે તમે દોષિત નથી.' આથી મને સમાધાન ન થયું ત્યારે મેં કહ્યું: 'યદિ આ વાત સાક્ષાત તીર્થંકર ભગવંત કહે તો મારું હૃદય શાંત થાય.' આથી શ્રીસંઘે શાસનદેવીને આરાધવા કાઉસ્સગ્ગ કર્યો. શાસનદેવીએ પ્રત્યક્ષ થઈ પૂછ્યું: 'શ્રીસંઘનું શું કાર્ય છે તે ફરમાવો.'

શ્રીસંઘે કહ્યું કે, 'આ સાધ્વીને શ્રીસીમંધરસ્વામી પાસે લઈ જાઓ.' શાસનદેવીએ કહ્યું: 'તથાસ્તુ! પરંતુ હું સાધ્વીજીને ત્યાં લઈ જઈને પુનઃ અહીં આવું ત્યાં સુધી શ્રીશ્રમણસંઘે કાઉસગ્ગમાં રહેવું જેથી હું નિર્વિઘ્ને આવી જઈ શકું.' શ્રીસંઘ એ રીતે ધ્યાનમાં રહ્યો. શાસનદેવી મને મહાવિદેહ ક્ષેત્રમાં શ્રીસીમંધરસ્વામી પાસે લઈ ગયાં. શ્રીસીમંધરસ્વામીજીએ પણ ફરમાવ્યું કે "સાધ્વીજી નિર્દોષ છે." પછી ભગવાને મારી દ્વારા ૪ અધ્યયન મોકલ્યાં, જેનાં નામ ૧ ભાવના, ૨ વિમુક્તિ, ૩ રતિકલ્પ અને ૪ વિવિક્તચર્યા છે. આ ચારે અધ્યયન મેં કંઠસ્થ રાખ્યાં અને ત્યાંથી આવી શ્રીશ્રમણસંઘને સંભળાવ્યાં. શ્રીસંઘે આમાંના ૨



www.jainsite.com	For Private & Personal Use Only	info@jainsite.com

અધ્યયનો 'આચારાંગસૂત્ર'ની ચૂલિકારૂપે અને ૨ અધ્યયનો 'દશવૈકાલિકસૂત્ર'ની ચૂલિકારૂપે ગોઠવ્યાં છે, જે અદ્યાવધિ વિદ્યમાન છે. આ વૃત્તાંત જણાવી સાધ્વીઓ પોતાના સ્થાને ગયાં.

પછી સ્થૂલભદ્રજી આચાર્ય પાસે વાચના લેવા ગયા. સૂરિજીએ કહ્યું: 'તમે વાચનાને અયોગ્ય છો. હજી તો પૂર્વનું જ્ઞાન બાકી છે, ત્યાં જ તમે સિંહવિદ્યાનો ચમત્કાર બતાવ્યો; માટે હવે વધુ જ્ઞાન પ્રાપ્ત કરવાનું રહેવા દો.'

સ્થૂલભદ્રજી બોલ્યા:—'પ્રભો! હવે હું ફરીવાર કદીય આવો અપરાધ નહિ કરું; મારી આ ભૂલ માફ કરો.'

સૂરિજી બોલ્યા—'મહાનુભાવ! હવે આથી વધુ વિદ્યાને પાત્ર તમે નથી.'

સ્થૂલભદ્રજીએ શ્રીસંઘ પાસે સૂરિજીને પ્રાર્થના કરાવી. આ૦ ભદ્રબાહુજીએ શ્રીસંઘની દાક્ષિણ્યતાથી અને પોતાનાથી જ પૂર્વનું જ્ઞાન વિચ્છેદ થવાનું નથી એમ જાણી સ્થૂલિભદ્રજીને બાકીનાં ૪ પૂર્વ મૂળ માત્રથી ભણાવ્યાં, પણ અર્થજ્ઞાનથી વંચિત રાખ્યા. આ રીતે અહીંથી આગમવિચ્છેદનો પ્રારંભ થયો.

(ક૦ સ૦ આ૦ હેમચંદ્રકૃત 'પરિશિષ્ટપર્વ' સ૦ ૯—શ્લો૦ ૭૭થી ૧૧૦)

આ૦ સ્થૂલિભદ્રજીએ શ્રાવસ્તિના શેઠ ધનદેવ કે જે તેમના ગૃહસ્થપણાના મિત્ર હતા, તેને લાભનું કારણ જાણી સંકેતથી ઘરનું નિધાન બતાવ્યું હતું અને પછી તેના કુટુંબને આત્માનું સાચું નિધાન બતાવી, જૈનધર્મી બનાવ્યું હતું.

સ્થૂલભદ્રજી દીર્ઘાયુષી છે. એમનો વીર નિ. સં. ૧૧૬માં જન્મ, વી. સં. ૧૪૬માં ૩૦ વર્ષની ઉંમરે દીક્ષા, વી. સં. ૧૭૦માં સૂરિપદ અને વી. સં. ૨૧૫માં સ્વર્ગગમન થયેલું છે. તેઓ શાસનની મહાન સેવા બજાવી, વૈભારગિરિ ઉપર પંદર દિવસનું અનશન કરી સ્વર્ગે ગયા.

એમનો યુગ ત્યાગ, તપ અને જ્ઞાનપ્રધાન છે. પ્રથમ આગમ-વાચના એમના સમયે થઈ; તેમજ મગધની મોટી રાજક્રાંતિ પણ

JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આ યુગમાં જ થઈ છે. છતાં એ પડતો કાળ હતો એ વાત ચોક્કસ છે. એમના સ્વર્ગ સાથે જ છેલ્લા ચાર પૂર્વોનું જ્ઞાન, મહાપ્રાણધ્યાન, સમચતુરસ્રસંસ્થાન, અને વજ્રઋષભનારાચસંહનનનો પણ વિચ્છેદ થયો.

## જૈનરાજાઓ વગેરે

આ સમયે મંત્રી શકટાલ અને મંત્રી શ્રીયક જૈન મંત્રીઓ થયા છે, તેમજ યક્ષા વગેરે સાત બહેનો પ્રભાવિક સાધ્વીઓ થઈ છે, તે દરેકનું ચરિત્ર ઉપરના જીવનચરિત્રમાં આવી ગયું છે.

આ સમય દરમિયાન ચંદ્રગુપ્ત, બિંદુસાર, અશોક અને બલભદ્ર વગેરે રાજાઓ થયા છે; જેમનો પરિચય આ પ્રમાણે છે:

## મૌર્યવંશ—સમ્રાટ ચંદ્રગુપ્ત

ભારતના ઇતિહાસમાં મૌર્યવંશનું રાજ્ય સ્થાપનાર મહારાજા ચંદ્રગુપ્ત થયો છે. ક. સ. આચાર્યશ્રી હેમચંદ્રસૂરીશ્વરજી પોતાના 'પરિશિષ્ટપર્વ'માં ચંદ્રગુપ્તની ઉત્પત્તિનો ઇતિહાસ આ રીતે આપે છે.

JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

નંદ રાજાના મયૂર રક્ષકોના મુખીને ત્યાં ચંદ્રગુપ્તનો જન્મ થયો હતો. મયૂર પોષક કુટુંબમાં એનો જન્મ થયો હોવાથી એ મૌર્યવંશી કહેવાય છે.[1] આ મુખીની પત્નીને ગર્ભાવસ્થામાં એવો દોહદ થયો હતો કે ચંદ્રમાને પી જાઉં. આ દોહદ કોઈ રીતે પૂર્ણ થતો નહોતો. એકવાર ચાણક્ય ભિક્ષુક-

૧. મૌર્યવંશના નામ માટે ભિન્ન ભિન્ન મત મળે છે.

ગૌતમબુદ્ધના શાક્ય કુટુંબના કેટલાક માણસો નંદરાજાના આક્રમણથી પોતાનું સ્થાન છોડી હિમાલયના પ્રદેશમાં મયૂરનગર વસાવી ત્યાં રહેવા લાગ્યા. એ લોકો પાછળથી મૌર્ય કહેવાયા. ચંદ્રગુપ્તનો જન્મ આ વંશમાં થયો છે માટે તે મૌર્યવંશી કહેવાય છે.

—('મહાવંશકી ટીકા.'-'મૌર્ય રાજ્યકા ઇતિહાસ' પૃ. ૧૦૭)

પુરાણકારોએ એને મૂરા નામની દાસીનો પુત્ર લખેલ છે. પરંતુ આ વસ્તુ ઇતિહાસસિદ્ધ નથી. ચંદ્રગુપ્ત પ્રથમ બૌદ્ધધર્મી અને પાછળથી જૈનધર્મી થયો હોવાથી પુરાણકારોએ ચંદ્રગુપ્તનું ખરાબ લખ્યું હોય એ બનવાજોગ છે.

વેશે અહીં આવ્યો ત્યારે તેને આ સમાચાર મળ્યા. એ મહાબુદ્ધિમાન પંડિતે બુદ્ધિથી રસ્તો કાઢયો. એક ઘાસની ઝુંપડીમાં છિદ્ર કરાવ્યું, નીચે દૂધથી ભરેલી થાળી રાખવામાં આવી, ચંદ્રનું પ્રતિબિંબ દૂધમાં પડે અને ગર્ભવતી સ્ત્રી જેમ જેમ દૂધ પીતી જાય તેમ તેમ ઉપર રહેલો ગુપ્ત આદમી છિદ્રને ઢાંકતો જાય એટલે દૂધ પીનારી સમજે કે હું ચંદ્રને પી જાઉં છું. બસ, આ રીતે સંપૂર્ણ ચંદ્રપાન થયું. માતાને સંતોષ થયો. તેણે ચાણક્યને કહ્યું કે હું આ સંતાન તમને આપીશ. પછી સમય પર પુત્ર થતાં તેનું નામ ચંદ્રગુપ્ત રાખવામાં આવ્યું.

બાળક ચંદ્ર બહુ જ તેજસ્વી અને ચંદ્રમા જેવો સૌમ્ય હતો. એનામાં બચપણથી ભાવિ રાજાનાં લક્ષણો મૂર્તિમંત દેખાતાં હતાં. તે બાળકો સાથે રમતાં રાજા બનતો, ન્યાયાધીશ બનતો, બાળકોને વિવિધ હુકમો આપતો અને એના કહેવા પ્રમાણે જ બધું થતું હતું. ચાણક્ય એકવાર ફરતો ફરતો અહીં આવ્યો. એણે ચંદ્રગુપ્તને રાજા તરીકે રમતો જોયો અને તેની પાસે માગ્યું કે મને પણ કંઈક દાન આપો? ચંદ્રગુપ્તે હુકમ કર્યો: ‘આ ગાયો લઈ જાઓ.’ ચાણક્ય બોલ્યો: ‘એનો માલિક મારી પાસેથી તે ગાયો લઈ જશે, મને એનો ડર લાગે છે.’ ચંદ્રગુપ્તે કહ્યું: ‘અરે! એમાં ડર શાનો? હું રાજા છું, તમને આપું છું ને? તમને ખબર છે ‘વીરભોગ્યા વસુંધરા છે?’ ચાણક્ય આ સાંભળી પ્રસન્ન થયો, તેના લક્ષણો જોયાં, આકૃતિ જોઈ, એને લાગ્યું કે આ બાળક રાજા થવાને યોગ્ય છે. ચાણક્યે બાળક ચંદ્રગુપ્તને કહ્યું: ‘તું મારી સાથે ચાલ; તને રાજ્ય અપાવું. તારા માબાપે તને જેને સોંપ્યો છે તે હું જ છું.’ બાળક ચંદ્રગુપ્ત માતાપિતાને કહ્યા સિવાય જ ચાણક્ય સાથે ચાલી નીકળ્યો.

ચાણક્યનું એકવાર નંદરાજની સભામાં અપમાન થયેલું હોવાથી ચાણક્યે પ્રતિજ્ઞા કરી હતી કે ‘હું નંદવંશનો મૂળથી જ નાશ કરીશ.’ ચાણક્યે નંદરાજથી અસંતુષ્ઠ થયેલા પહાડી

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

રાજાઓને મેળવ્યા, ધાતુવાદથી ધન મેળવ્યું અને એકદમ પાટલીપુત્ર ઉપર હુમલો કર્યો; જેમાં નંદરાજના સનિકોએ ચાણક્યને જબ્બર હાર આપી, ચાણક્યનું સૈન્ય વેરવિખેર કરી નાંખ્યું.[1]

પરંતુ ચાણક્ય એમ કાચી માટીનો માનવી નહોતો. એણે પુનરુત્થાન માટે પુનઃ ભારી પ્રયત્ન આદર્યો આ માટે એણે બહુ જ સાદા અને સામાન્ય પ્રસંગમાંથી બોધ લીધો હતો. એકવાર એ અને ચંદ્રગુપ્ત એક ડોશીને ત્યાં ગુપ્તરીતે આશ્રય લઈને રહેતા હતા; ત્યાં ડોશીનો છોકરો ગરમાગરમ ઘેંસ વચમાંથી ખાવા લાગ્યો, આથી એનું મોં બળ્યું અને તે રડી ઊઠયો. આ જોઈ ડોશીએ કહ્યું: 'બેટા તું પેલા ચાણક્ય જેવું કરે છે. પહેલું ચારે બાજુ ફૂંકીને પછી ખવાય ' ચાણક્યે ડોશીમાને પૂછ્યું. ' માજી ! ચાણક્યે એવું શું કર્યું ? ' ડોશી બોલ્યાં: ' ચાણક્યે નંદરાજ સામે પાટલીપુત્ર ઉપર હલ્લો કર્યો અને એ હાર્યો; પરંતુ પહેલાં સામંતોને વશમાં કરીને પછી તે અહીં આવત, તો જરૂર જય પામત. ' ચતુર ચાણક્યે આથી સમજી જઈ વ્યવસ્થિત પ્રયત્ન કર્યો. તેણે પ્રથમ નંદના સામંતોને વશ કર્યા. પહાડી રાજાઓમાં પર્વતક વગેરેને સાથે લીધા અને પુનઃ યુદ્ધ કર્યું. આ યુદ્ધમાં ચાણક્ય જીત્યો. નંદરાજને એણે સહકુટુમ્બ જીવતો જવા દીધો. આમાં નંદરાજની કન્યા ચંદ્રગુપ્તને સ્વયં પરણી. એક રૂપસંપન્ન વિષકન્યા રાજમહેલમાં હતી. પહાડી રાજા પર્વતક તેને પરણ્યો અને રાતે જ મૃત્યુ પામ્યો. આ રીતે ચંદ્રગુપ્તનો ભાગીદાર દૂર થયો. એટલે મગધનું આખું રાજ્ય ચંદ્રગુપ્તને મળ્યું. ચાણક્યે સામંતોને વશ કર્યા અને પાટલીપુત્રના શ્રીમંતો પાસેથી યુક્તિથી વિપુલ ધનસંપત્તિ પણ મેળવી.

---

૧. યુદ્ધમાં હાર્યા પછી ચાણક્ય અને ચંદ્રગુપ્તને ગુપ્તરીતે ભાગવું પડ્યું હતું. ચાણક્યે બહુ જ યુક્તિથી ચંદ્રગુપ્તને પકડાતો બચાવી એનું રક્ષણ કર્યું હતું. આમાં ત્રણ ચાર તો જીવસટોસટના પ્રસંગો હતા પણ ચાણક્યની બુદ્ધિથી જ ચંદ્રગુપ્ત બચી શક્યો હતો અને રાજા બન્યો હતો. ( જુઓ ' પરિશિષ્ટપર્વ ' સ૦ ૮, શ્લો૦ ૨૫૬ થી ૩૧૨ )

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હવે ચંદ્રગુપ્ત સાર્વભૌમ રાજા બન્યો. ભારત પર એણે એકછત્ર રાજ્ય કર્યું. આ વખતે હિંદ બહારથી પરદેશી રાજા સેલ્યુકસ હિંદની લક્ષ્મી અને વૈભવ લૂંટવા માટે હિંદ પર ચઢી આવ્યો હતો. એ પંજાબમાં તો જીત્યો, પરંતુ આગળ જતાં મગધરાજની સેનાએ એને હરાવ્યો. સેલ્યુકસ ચંદ્રગુપ્તની સેનાથી હારીને હિંદ છોડીને જતો રહ્યો.

ચંદ્રગુપ્ત શરૂઆતમાં ખાસ કોઈ ધર્મને માનતો નહોતો. કેટલાક ગ્રંથકારો કહે છે કે એના ઉપર બૌદ્ધ ધર્મની છાપ હતી અને પુરાણકારો વૈદિક ધર્મની છાપ હોવાનું જણાવે છે; કિન્તુ વાસ્તવિક રીતે જોઈએ તો એને કોઈ પણ ધર્મ ઉપર રુચિ કે અભાવ નહોતો.

ચંદ્રગુપ્તના રાજ્ય અમલના વર્ષોમાં બારવર્ષી દુકાળ પડયો હતો. આ વખતે જૈનધર્મના સમર્થ આચાર્ય સુસ્થિતસૂરિ પાટલી-પુત્ર પધાર્યા હતા. તેમણે પોતાની સાથેના દરેક સાધુઓને મગધ બહાર મોકલ્યા, કિન્તુ બે સાધુઓ ગુરુભક્તિના પ્રેમથી આકર્ષાઈ પાછા ત્યાં જ આવ્યા. તેઓ ગુરુની મના છતાંય ત્યાં જ રહી પોતાની વિદ્યાથી અદૃશ્યકારક અંજન બનાવી, તે આંજીને રાજમહેલમાં અદૃશ્ય રીતે જઈ રાજભોજનમાંથી પાત્રો ભરી લાવતા અને ગુરુભક્તિ કરતા હતા.આ બાજુ ચંદ્રગુપ્ત ભૂખ્યો રહેવાથી દૂબળો થવા માંડયો. ચાણક્યે આમ થવાનું કારણ પૂછ્યું ત્યારે એણે કહ્યું કે, 'મારું ભોજન કોઈક લઈ જાય છે.' ચાણક્યે તપાસ કરી તો તેને ખાત્રી થઈ કે કોઈ દિવ્યપુરુષ દિવ્યશક્તિથી થાળમાં જેટલું પીરસવામાં આવે છે તે બધું જ લઈ જાય છે. તેણે ચોરને પકડવા વિવિધ ઉપાયો કર્યા, પણ કાંઈ ન વળ્યું. પછી એણે મરચાંની ધુમાડી કરાવી. જેથી દિવ્ય મુનિઓની આંખનાં આંસુ ઝરતાં અંજન ધોવાઇ ગયું અને તે દેખાઈ આવ્યા. ચાણક્યે જોયું કે તે જૈનસાધુઓ છે, એટલે એણે સુસ્થિતાચાર્યજી પાસે જઇ ફરિયાદ કરી કે, 'આપના કોઈક સાધુ રાજપિંડ લઇ જાય છે.' સૂરિજીએ તપાસ કરીને શિષ્યોને ઉપાલંભ આપ્યો. પછી શિષ્યોએ કહ્યું: 'હવે આવું કદી પણ નહિ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કરીએ, કિન્તુ શુદ્ધ આહાર પણ અમને ક્યાંયથી મળતો નથી.'

પછી સૂરિજીએ ચાણુક્યને કહ્યું કે, "હે ભદ્ર! સંયમમાં રહેલા તમારા જેવા પુરુષો પણ જ્યાં માત્ર કુક્ષિંભર જ બની રહે, ત્યાં આ બાળક સાધુ શું કરે?" ચાણુક્યને પોતાની ભૂલ સમજાઈ. તેણે બે હાથ જોડીને કહ્યું કે, 'હે પ્રભો! અપરાધ માફ કરો. આપને હવે પછી કોઈ પણ જાતની તકલીફ નહિ પડે. સાધુ-મહાત્માઓને જે કાંઈ જોઈએ તે મારે ત્યાંથી વિના સંકોચે લઈ જાય, હું મુનિ-મહાત્માઓની ભક્તિ કરીશ.'

મંત્રીશ્વર ચાણુક્ય જ્ઞાતિએ બ્રાહ્મણ હતો, છતાં ધર્મે ચૂસ્ત જૈન હતો. એણે રાજાને જૈન બનાવવા માટે પણ ભગીરથ પ્રયત્ન કર્યો. એણે રાજાને કહ્યું કે, 'સાચો ત્યાગી સાધુ એ જ છે કે જે કંચન અને કામિનીનો સર્વથા ત્યાગી હોય.' ચંદ્રગુપ્તે આની પરીક્ષા કરી. જેમાં આખરે જૈન સાધુઓ સફળ નીવડ્યા. ચંદ્રગુપ્તે ચાણુક્યના પ્રયત્નથી અને જૈન સાધુઓના ઉપદેશથી જૈનધર્મ સ્વીકાર્યો હતો. એ ધીમે ધીમે જૈનધર્મનો પરમ અનુરાગી થયો અને એણે જૈનધર્મના પ્રચાર માટે પણ સક્રિય-પ્રયત્ન કર્યો હતો.

ચાણુક્ય ભવિષ્યનો ખ્યાલ રાખી ચંદ્રગુપ્તને ઝેરનો વિકાર જીતવા, ધીમે ધીમે રસાયન તુલ્ય વિષાહાર આપવા લાગ્યો. ચંદ્રગુપ્તને તો તે વિષ પચવા માંડ્યું, પરંતુ એકવાર પટ્ટરાણી કે જે ગર્ભવતી હતી, તેણે આગ્રહ કરી રાજાની સાથે ભેગા બેસીને રાજાનો જ આહાર ખાવાની હઠ લીધી અને માત્ર એક જ કોળિયો પેટમાં જતાં, રાજાના વિષાહારે રાણીને ભયંકર અસર કરી. રાણી તો મૃત્યુ પામી. પરંતુ ચાણુક્યની દક્ષતાથી તેનો ગર્ભ બચી ગયો. એ બાળકના માથા ઉપર એક વિષનું બિન્દુ પડ્યું હતું માટે બાળકનું નામ બિન્દુસાર પાડવામાં આવ્યું.

ચંદ્રગુપ્તે ૨૪ વર્ષ રાજ્ય કર્યું. ત્યાર પછી એનો પુત્ર બિન્દુ-સાર ગાદીએ બેઠો.

www.jainsite.com    For Private & Personal Use Only    info@jainsite.com

ભારતના ઇતિહાસમાં ચંદ્રગુપ્ત મૌર્ય પ્રથમ જ એવો ભારતીય રાજા થયો છે કે જેણે પરદેશી વિજેતા સેલ્યુકસને જબ્બર હાર આપી, તેની પાસેથી દંડના બદલામાં આજકાલના વાયવ્ય સરહદ પ્રાંતના કાબૂલ, હિરાત તથા કંદહારની આસપાસ રહેલ પરોપનિસદે, એરિયાઅન, અરચોજિયા પ્રાંત મેળવ્યા હતા. તેમજ તેની કન્યા એથીનાને પોતાની રાણી બનાવી હતી. સેલ્યુકસના રાજદૂત મેગેસ્થિનિસે પોતાના 'પ્રવાસ પુસ્તક'માં ચંદ્રગુપ્તના સમયના હિંદનું જે વર્ણન લખ્યું છે તે વાંચતાં એમ લાગે છે કે તે વખતે હિંદમાં મહાન પ્રતાપી રાજા ચંદ્રગુપ્ત જ હતો અને ત્યારે ભારત ઉન્નતિના શિખરે ઊભું હતું.

મંત્રીશ્વર ચાણક્યની સહાયતાથી મૌર્યવંશની રાજગાદી સ્થાપનાર આ મહાન રાજા જૈનધર્મ[1] પાળી સ્વર્ગવાસ પામ્યો.

સમ્રાટ ચંદ્રગુપ્તે જૈન મંદિરો બંધાવ્યાનો અને જૈન મૂર્તિઓ કરાવ્યાનો ઉલ્લેખ મળે છે. સમ્રાટ ચંદ્રગુપ્તના સમયની એક પ્રાચીન મૂર્તિ ત્રણસો વર્ષ પહેલાં ધાંધાણી તીર્થમાં બિરાજમાન હતી. એવો ઐતિહાસિક ઉલ્લેખ મળે છે.

મૌર્ય ચંદ્રગુપ્ત જૈનધર્મી હતો; એમ તો દરેક વિદ્વાન સ્વીકારે છે. કિન્તુ દિગંબર વિદ્વાનો ઉમરે છે કે 'મૌર્ય ચંદ્રગુપ્તે શ્રુતકેવળી આ. ભદ્રબાહુસ્વામી પાસે જૈન દીક્ષા લીધી હતી.' તે વાત કલ્પનારૂપ જ છે.

વિક્રમની બીજી સદી સુધી શ્વેતાંબર કે દિગંબરના ભેદો પડ્યા નહોતા; એટલે તે સમય પહેલાં જે જે જૈન મુનિઓ થયા તે દરેક માટે શ્વેતાંબર કે દિગંબર એકસરખું અભિમાન લે છે. ચંદ્રગુપ્ત જેવો સમ્રાટ દીક્ષા લે એ તો ખરેખર જૈન-

---

૧. સમ્રાટ ચંદ્રગુપ્ત જૈન હતો તેના પ્રમાણો માટે જુઓ:—'મૌર્ય સામ્રાજ્યકા ઇતિહાસ'ની કે. પી. જાયસવાલે લખેલી ભૂમિકા; મિશ્રબંધુ-લિખિત 'ભારતવર્ષકા ઇતિહાસ' ખંડ ૨. પૃ. ૧૨૧ તથા જનાર્દન ભટ્ટે લખેલ 'અશોકકે ધર્મલેખ' પૃ. ૧૪ વગેરે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ધર્મની ગૌરવભરી બીના છે. પરંતુ જે ઘટના બની જ ન હોય, તેને કેવળ ધર્મની મહત્તા વધારવા ખાતર ઊભી કરવી, એ તો ન્યાયસંગત નથી જ. દિગંબર ગ્રંથોમાં પણ કંઈ આવું જ બન્યું છે.

જૈન ઈતિહાસમાં મૌર્ય ચંદ્રગુપ્તનું જૈનત્વ, મંત્રી ચાણક્યની જૈન દીક્ષા અને તાત્કાલીન બીજી દીક્ષાઓ વગેરેના ઉલ્લેખો મળે છે. યદિ સમ્રાટ ચંદ્રગુપ્તે દીક્ષા લીધી હોત તો તેનો ઉલ્લેખ ત્યાં જરૂર કરવામાં આવત પણ જૈન ઈતિહાસમાં એવો ઉલ્લેખ મળતો નથી. પુરાણો, બૌદ્ધગ્રંથો, કે કથાસરિત્સાગરમાં પણ તેવું કંઈ સૂચન મળતું નથી; એટલે ચંદ્રગુપ્તની દીક્ષાની વાત પાયા વગરની ઠરે છે.

દિગંબર ગ્રંથોમાં શ્રુતકેવળી આ૦શ્રીભદ્રબાહુનો આચાર્યપદકાળ વીર સં. ૧૩૩ થી ૧૬૨ બતાવ્યો છે અને મૌર્ય ચંદ્રગુપ્તનો રાજકાળ વીર સં. ૨૧૫ થી શરૂ થતો બતાવ્યો છે. વચમાં ૫૩ વર્ષનું આંતરું પડે છે એટલે જ્યાં એ બંને મળ્યા જ નથી, ત્યાં ગુરુ-શિષ્ય હોવાની કે દીક્ષાની વાત જ શી કરવી ?

શ્વેતાંબરોની એક પ્રાચીન માન્યતા પ્રમાણે મૌર્ય ચંદ્રગુપ્તનો સમય વીર નિ. સં. ૧૫૫ છે. એ સમયે બારવર્ષી દુકાળ ચાલતો હતો અને આચાર્યશ્રી મહાપ્રાણ ધ્યાન કરતા હોવાથી બીજાના સંસર્ગમાં આવતા જ નહોતા, તેમજ સમ્રાટ ચંદ્રગુપ્ત પણ નવો નવો રાજા થવાથી દેશને વ્યવસ્થિત કરવાની ખટપટમાં પડ્યો હતો. આ પરિસ્થિતિમાં સમ્રાટ આચાર્યશ્રીનાં દર્શન કરવાને ફુરસદ મેળવે એટલું જ શક્ય છે. ચંદ્રગુપ્તનો રાજકાળ ૨૫ થી ૨૮ વર્ષનો લેખાય છે. એ રીતે પણ મૌર્ય ચંદ્રગુપ્તની દીક્ષા તો કલ્પનારૂપ જ બની રહે છે.

દિગંબરો શ્રુતકેવળી ભદ્રબાહુસ્વામીનું દક્ષિણમાં સ્વર્ગગમન માને છે પરંતુ શ્રવણબેલગોલનો કનડી શિલાલેખ, આ૦ હરિષેણસૂરિનો કથાકોષ અને બ્ર૦ નેમિદત્તનો આરાધનાકથાકોષ આ



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

માન્યતાની વિરુદ્ધમાં જાય છે. એટલે આચાર્યશ્રી દક્ષિણમાં ગયા અને સમ્રાટ ચંદ્રગુપ્તે જૈન દીક્ષા લીધી; એ વાતોને અવકાશ જ રહેતો નથી; એટલે દિગંબરો મૌર્ય ચંદ્રગુપ્તની દીક્ષા માને છે તે વાત તદ્દન ખોટી જ છે.[1]

સાચી વાત એ છે કે ચંદ્ર પહાડી પરના લેખ પ્રમાણે ચંદ્ર નામના પુરુષે આ૦ બીજા ભદ્રબાહુસ્વામીના શિષ્ય પાસે દીક્ષા લીધી છે; જેનાથી મુનિઓનો ચંદ્રવંશ ચાલ્યો છે. દિગંબર લેખકોએ આ ચંદ્રસૂરિને અનુક્રમે વિશાખદત્ત, પ્રભાચંદ્ર, ચંદ્રગુપ્ત, ગુપ્તગુપ્તિ અને રાજર્ષિ ચંદ્રગુપ્ત બનાવી દીધા છે.

શ્વેતાંબર સાહિત્યમાં પણ દક્ષિણમાં જઈ સમાધિ લેનાર આ૦ વજ્રસ્વામીના પ્રશિષ્ય આ૦ ચંદ્રસૂરિની દીક્ષાનો ઇતિહાસ મળે છે, જે ચંદ્રકુળના આદિ આચાર્ય છે. એમ બંને ઇતિહાસોમાં આ. ચંદ્રસૂરિનો સંબંધ મળે છે, તેઓ જૈનધર્મના સમર્થ આચાર્ય છે પણ તે રાજર્ષિ ચંદ્રગુપ્ત નથી જ.

જૈન સાઇટ JAINSITE.com જૈનં જયતિ શાસનમ્

## સમ્રાટ બિન્દુસાર

સમ્રાટ ચંદ્રગુપ્તનો આ પુત્ર હતો. સમ્રાટ ચંદ્રગુપ્ત ધીમે ધીમે ઝેર પચાવવા માટે વિષાહાર કરતો હતો, એમાં એકવાર એની ગર્ભવતી રાણી દુર્ધરા જીદ કરી તેની થાળીમાં જમવા બેઠી. રાજાના વિષાન્ને એને એકદમ ઝેરી અસર કરી અને તે મૃત્યુ પામી. પરંતુ ચાણક્યની દક્ષતાથી રાણીના ગર્ભને જીવતો બહાર કાઢવામાં આવ્યો. એના માથા ઉપર ઝેરનું બિંદુ ટપક્યું હતું માટે એનું નામ બિન્દુસાર રાખ્યું હતું.

બિન્દુસાર પિતાના મૃત્યુ પછી યુવાન વયમાં જ રાજા બન્યો હતો. ચાણક્યે એના પિતાના સમયથી રાજસેવા બજાવી છે. તેમજ

૧. આ સંબંધી વિશેષ જાણવા ઇચ્છનારે અમારું 'શ્વેતાંબર-દિગંબર સમન્વય' નામનું પુસ્તક જોવું. અથવા "જૈન સત્ય પ્રકાશ" ક્રમાંક ૭૭માં છપાયેલ "જૈન રાજાઓ" શીર્ષક લેખ વાંચી લેવો. (જુઓ: પૃ૦ ૧૩૬)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પોતે પણ એની સહાયથી રાજા બનેલ છે. માટે બિન્દુસાર ચાણુક્યનું બહુમાન રાખે એમાં નવાઈ નથી.

સોળમી સદીના પ્રસિદ્ધ તિબેટી લેખક તારાનાથ લખે છે કે ચાણુક્યની મદદથી બિન્દુસારે ૧૬ રાજ્યો ઉપર વિજય મેળવ્યો હતો.

જૈનાગમ 'બૃહત્કલ્પભાષ્ય' ગા. ૧૧૨૭માં લખ્યું છે કે 'બિન્દુસારે ચંદ્રગુપ્ત કરતાં પણ મોટું રાજ્ય મેળવ્યું હતું.'

બિન્દુસારના જુદા જુદા ગ્રંથોમાં જુદાં જુદાં નામો મળે છે. 'દીપવંશ' તથા 'મહાવંશ'માં બિન્દુસાર 'કલિયુગ રાજ-વૃત્તાંત'માં તથા બીજા પુરાણોમાં વારિસાર 'વાયુપુરાણ'માં ભદ્રસાર ગ્રીકગ્રંથોમાં અમિત્રોચેટસ એટલે કે અમિત્રઘાત વગેરે નામો મળે છે. તેના રાજદરબારમાં 'ડેઈમેકસ' નામનો યુનાની એલચી આવ્યો હતો. તેણે તે સમયનો ઈતિહાસ લખ્યો છે પણ આજે આ ગ્રંથ થોડો જ મળે છે.

जैन साईट JAINSITE.com जैनम् जयति शासनम्

બિન્દુસાર જૈનધર્મી હતો. યદ્યપિ આ સંબંધી સ્પષ્ટ ઉલ્લેખો મળતા નથી પરંતુ એના પિતા જૈનધર્મી હતો. ચાણુક્ય મંત્રી જૈનધર્મી હતો અને અશોક પણ શરૂઆતમાં જૈનધર્મી હતો, આ જોતાં બિન્દુસાર જૈનધર્મી હોય એમ લાગે છે. સત્યકેતુ વિદ્યાલંકાર "મૌર્ય સામ્રાજયકા ઈતિહાસ'માં લખે છે કે 'મૌર્ય રાજાઓ બૌદ્ધ કે જૈન હતા. તેમના ધર્મવિજયથી ઈર્ષાળુ બની બ્રાહ્મણોએ મૌર્ય સામ્રાજ્ય પ્રત્યે વિદ્રોહ ફેલાવી તે શાસનનો અંત આણ્યો."

બિન્દુસારનો બીજો મંત્રી સુબન્ધુ હતો. એણે બિન્દુસાર પાસે રાજમાતાના મૃત્યુપ્રસંગને વિકૃતરૂપે ચિતરી કપટથી રાજાને ચાણુક્ય પ્રતિ અભાવ કરાવ્યો અને છેવટે તે મંત્રી જ ચાણુક્યના મૃત્યુનું પણ નિમિત્ત બન્યો.

મૌર્ય બિન્દુસાર ૨૫ વર્ષ રાજ્ય કરી મૃત્યુ પામ્યો.

## સમ્રાટ અશોક

સમ્રાટ અશોક બિન્દુસારનો પુત્ર છે. શરૂઆતમાં તે જૈન

www.jainsite.com . For Private & Personal Use Only info@jainsite.com

હશે રાજા થયા પછી એનો રાજલોભ વધ્યો અને બૌદ્ધ સાધુઓના પરિચયથી તેમજ બૌદ્ધધર્મી રાણી તિષ્યરક્ષિતાના સહવાસથી તે બૌદ્ધધર્મી બન્યો હતો. પરંતુ રાણી તિષ્યરક્ષિતાએ યુવરાજ કુણાલને અંધ બનાવ્યો આ ઘટનાથી અને કલિંગના યુદ્ધમાં અસંખ્ય માનવીઓના સંહારથી ઉત્પન્ન થયેલ ઘૃણાથી, તે બૌદ્ધ-ધર્મની કટ્ટરતા તજી દરેક ધર્મો પ્રત્યે સમભાવી બન્યો હતો. 'રાજતરંગિણી'માં લખ્યું છે કે 'સમ્રાટ અશોક તેની પાછળની જિંદગીનાં છેલ્લાં ૪ વર્ષ જૈન બન્યો હતો.'

ભારતીય ઇતિહાસમાં અશોક મહાન પ્રતાપી રાજા ગણાયો છે. એણે ફરમાનો કાઢીને અહિંસા ધર્મનો સુંદર પ્રચાર કરાવ્યો હતો.

## યુવરાજ કુણાલ

અશોકનો પુત્ર કુણાલ હતો. તે બાળક હતો ત્યારે અવન્તીમાં અશોકે તેને ભણવા યોગ્ય જાણી તેના રાજશાસન પત્રમાં લખ્યું કે—"કુમારો અધીયઉ—હવે કુમારે ભણવું જોઈએ" પરંતુ તેની બૌદ્ધધર્મી વિમાતાએ આ પત્રમાં છૂપી રીતે પોતાની આંખના આંજણની કાળાશથી એવો સુધારો કર્યો કે "કુમારો અંધીયઉ—હવે કુમારે આંધળા થવું." બસ, કુમારે આ જાણ્યું અને તે પિતાની આજ્ઞા માની પોતાની જાતે જ આંધળો થયો.

અશોકને આ કરુણ સમાચાર મળ્યા; આથી તેને બહુ દુઃખ થયું. તેણે કુણાલને નિભાવ માટે એક મોટી ઉપજવાળું ગામ ભેટ આપ્યું અને એના ઓરમાન ભાઈને અવન્તીનો પ્રદેશ સોંપ્યો.

કુણાલને શરતશ્રી નામે પત્ની હતી, જેણે રાજલક્ષણવાળા એક રૂપવાન કુમારને જન્મ આપ્યો. કુણાલ પોતાના પુત્રનો જન્મ સાંભળી એનો જન્મોત્સવ ઊજવી ગુપ્ત વેશે પાટલીપુત્ર આવ્યો. તેણે પ્રથમ પોતાના મધુર કંઠથી વિવિધ રાગો ગાઈ સમ્રાટ અશોકને રીઝવ્યો. અશોકે પૂછ્યું: 'તું કોણ છે?' કુણાલ પિતા પાસે આવ્યો અને બોલ્યો: 'હું આપનો અંધ થયેલો પુત્ર

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કુણાલ છું.' પછી રાજાને એની હાલત ઉપર કરુણા ઉપજી અને પછી તે બંનેમાં નીચે પ્રમાણે પ્રશ્નોત્તરો થયા.

રાજાઃ— 'વત્સ ! માગ.'

કુણાલઃ—'પિતાજી ! આપ પ્રસન્ન થયા હો તો કાંકણી આપો ?'

રાજાઃ—'કુમાર ! એમાં તેં શું માગ્યું !'

મંત્રીશ્વરઃ—'મહારાજા ! કાંકણીનો રાજવી અર્થ અર્ધરાજ્ય થાય છે. એટલે કે કુમાર રાજ્ય માગે છે.'

અશોકઃ—'વત્સ ! તું આંધળો છે. તું રાજ્યને શું કરીશ ?'

કુણાલઃ—'આપના પૌત્ર માટે હું રાજ્ય માગું છું.'

રાજાઃ—'પુત્ર ક્યારે થયો ?'

કુણાલઃ—'સંપ્રતિ' (હમણાં જ).

આ સાંભળી રાજા પ્રસન્ન થાય છે. બાળકનું નામ 'સંપ્રતિ' જ રહે છે. રાજા એને યુવરાજપદે સ્થાપે છે. જે ઇતિહાસમાં સમ્રાટ સંપ્રતિ તરીકે પ્રસિદ્ધ છે. એ રાજાનો પરિચય આર્ય સુહસ્તિસૂરિજીના ચરિત્રમાં આપવામાં આવશે.

## મૌર્ય રાજા બલભદ્ર

વીર સં. ૨૧૪માં રાજગૃહીમાં મૌર્યવંશી બળભદ્ર રાજા હતો. મૌર્યવંશ વીર સં. ૧૫૫માં પાટલીપુત્રની ગાદીએ આવ્યો છે. ત્યારથી મગધનો પ્રદેશ તેને આધીન હતો. એટલે વીર સં. ૨૧૪માં મૌર્ય રાજાનો સુબો કે મૌર્યવંશી સ્વતંત્ર રાજા મગધનું શાસન કરતો હોય એ સ્વાભાવિક છે. આ રાજા જૈનધર્મી હતો. તેણે જૈનધર્મમાંથી નીકળેલ આષાઢાચાર્યના નવા અવ્યક્ત મતને દાબી દીધો હતો. આ રાજા જૈન છે. આ ઉપરથી કંઈક એવું પણ અનુમાન કરી શકાય છે કે પ્રાયઃ મૌર્ય રાજાઓ અને મૌર્યો જૈનધર્મી હતા.

जैन साईट JAINSITE जैनम् जयति शासनम्
www.jainsite.com          For Private & Personal Use Only          info@jainsite.com

## મંત્રી ચાણક્ય

ભારતીય ઇતિહાસમાં ભારતને એક મહાન સામ્રાજ્યરૂપે સ્થાપનાર, મૌર્યવંશને રાજગાદી અપાવનાર, એક મહાન મુત્સદ્દી વિજેતા અને પંડિત તરીકે ચાણક્યનું નામ પ્રસિદ્ધ છે.

તેનો જન્મ ગોલ્લ (ગોંડ) દેશના ચણક ગામમાં થયો હતો. પિતાનું નામ ચણી ને માતાનું નામ ચણેશ્વરી હતું. તે બંને જ્ઞાતિએ બ્રાહ્મણ પણ જૈનધર્મના પરમ ઉપાસક હતા. અવારનવાર જૈન સાધુઓ ત્યાં આવીને ઊતરતા અને ચણી બ્રાહ્મણ તેઓની ઉત્તમ રીતે ભક્તિ અને સેવા કરતો હતો.

એક વાર બ્રાહ્મણ પત્ની ચણેશ્વરીએ દાંત સહિત પુત્રને જન્મ આપ્યો. પંડિતે તરત જન્મેલા આ બાળકને જૈન સાધુઓ પાસે લઈ જઈ નમસ્કાર કરાવ્યા અને પૂછ્યું કે, આ પુત્ર દાંત સહિત જન્મ્યો છે તેનું શું ફળ છે? જ્ઞાની મુનિઓએ કહ્યું કે, 'આ બાળક રાજા થશે.' પિતાએ મારો બાળક રાજા થશે તો મરીને દુર્ગતિએ જશે એમ વિચારી દાંત ઘસાવી નાખ્યા. આ સમાચાર પણ તેણે મુનિઓને આપ્યા. મુનિઓએ કહ્યું કે, 'એના દાંત રહ્યા હોત તો રાજા થાત પરંતુ હવે તે રાજા નહિ પણ રાજા જેવો પ્રતાપી તો થશે જ થશે.'

ચણી બ્રાહ્મણે બાળકનું નામ 'ચાણક્ય' રાખ્યું. માતાપિતાએ એને સારી રીતે ભણાવ્યો. તે સર્વ વિદ્યાનો પારંગત અને શ્રાવક થયો. તે એક બ્રાહ્મણ કન્યા સાથે પરણ્યો અને શાંતિમાં જીવન પસાર કરવા લાગ્યો.

એક વાર ચાણક્યની પત્ની લગ્ન પ્રસંગે પોતાને પિયેર ગઈ. ત્યાં એની બીજી બહેનો શ્રીમંતોને ઘેર પરણાવેલી હતી તે સારાં સારાં કપડાં અને આભૂષણોથી સુશોભિત થઈને આવી હતી. જ્યારે ચાણક્ય પત્ની તદ્દન સાદા જ વેશમાં જ હતી. આથી એની બહેનો અને બહેનપણીઓએ એની ખૂબ જ હાંસી મશ્કરી કરી અને તે શરમની મારી ઘરના ખૂણામાં બેસી રહી.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

બીજે દિવસે ચાણક્ય ત્યાં આવ્યો. સ્ત્રીને ઉદાસ જોઈને તેણે પૂછ્યું: 'શું કોઈએ તારું અપમાન કર્યું છે કે જેથી તું આટલી બધી ઉદાસ છે?' ચાણક્યની સ્ત્રીએ બધી યથાર્થ બીના જણાવી. હવે ચાણક્યને એમ થયું કે થોડું ધન કમાઈ લઈએ તો ઠીક, એટલે તે પાટલીપુરમાં નંદરાજની સભામાં ગયો. અહીં નંદરાજના નોકરોએ તેનું ભયંકર અપમાન કરી ચોટી ઝાલી તેને રાજસભામાંથી કાઢી મૂકયો. ચાણક્યે જતાં જતાં પ્રતિજ્ઞા કરી કે, જો નંદવંશનું જડમૂળથી નિકંદન ન કાઢું તો હું બ્રાહ્મણ નહીં.

બસ, પછી ચાણક્ય પંડિતે ચંદ્રગુપ્તને મેળવ્યો, બીજા રાજાઓને સાધ્યા. એક વાર પરાજય પામીને નાસભાગ પણ કરી, પ્રાણાંત દુઃખો અને કષ્ટો સહ્યાં છતાં બધાને તરી ગયો અને આખરે વિજય મેળવ્યો. તેણે નંદવંશને સ્થાને મૌર્યવંશ સ્થાપ્યો, ચંદ્રગુપ્તનો રાજ્યાભિષેક કર્યો અને પોતે ચંદ્રગુપ્તનો મહામંત્રી બન્યો. તેણે અનેક યુદ્ધો લડી સામંતોને જીત્યા, સિકંદર અને સેલ્યુકસ જેવા પરદેશી વિજેતાઓને હરાવી સિંધુની પેલી મેર ભગાડયા અને કાબૂલ તથા કંદહાર વગેરેને હિંદ સાથે જોડી દીધા. ભારતવર્ષનું સહુ પહેલું સ્વતંત્ર સાર્વભૌમ રાજ્યતંત્ર ઊભું કરનાર આ મહામાત્ય ચાણક્ય હતો.

ચાણક્ય જૈનધર્મી હતો. એણે ચંદ્રગુપ્તના સમય પહેલાં અને તે સમયે પડેલા બાર વ　 દુકાળમાં શ્રમણ સંઘની સુંદર સેવા કરી હતી. તેમજ ચંદ્રગુ　 ને પણ અનેક યુક્તિઓથી બતાવી આપ્યું કે જૈન સાધુઓ સાચા ત્યાગી, સંયમી અને અકિંચન છે. તેઓ જ સત્ય ધર્મના ઉપદેષ્ટા છે. આખરે રાજા ચંદ્રગુપ્તને જૈનધર્મી બનાવ્યો. તેણે રાણીનો ગર્ભ બચાવી લીધો, જે પાછળથી બિન્દુસાર નામે ઓળખાયો છે. ચંદ્રગુપ્તના મૃત્યુ પછી તે રાજા થયો. બિન્દુસારને સુબન્ધુ નામે બીજો મંત્રી હતો. એણે ઈર્ષ્યાથી રાજાને ભરાવ્યું કે, તમારી માતાને ચાણક્યે મારી નાખી હતી. આની તપાસ કર્યા વિના બિન્દુસારે ચાણક્યનું અપમાન કર્યું.

www.jainsite.com　For Private & Personal Use Only　info@jainsite.com

આથી ચાણક્યે સંસારની આવી દશા જોઇ મુનિપણું સ્વીકારી નગર બહાર જઈ અણુસણ કર્યું. રાજાને થોડા સમય પછી સત્ય વસ્તુનું ભાન થયું. તેને પોતાની ભૂલ સમજાતાં તેણે ચાણક્ય પાસે જઈને ક્ષમા યાચી પુનઃ મંત્રીપદ ગ્રહણ કરવા આગ્રહ કર્યો. સુબન્ધુ આ સમાચાર જાણી, રાજા પાસે ગયો ને પોતાની ભૂલની ક્ષમા માગી. તે ચાણક્ય મુનિની પૂજા કરવા ગયો. તેણે ધૂપ અને દીપથી પૂજા કરી પણ તે સળગતો ધૂપ મૂકીને જ ચાલ્યો ગયો. આથી પાસે રહેલાં છાણાં બળવા માંડયાં. ચાણક્ય મુનિ સ્થિર થઈ अरिहंते सरणं पवज्जामि વગેરે બોલતાં ધ્યાનમાં મૃત્યુ પામી દેવલોક ગયા.

પછી તો રાજા બિંદુસારે સુબન્ધુ મંત્રીને દેશવટો આપ્યો, જે ત્યાં કમોતે મરણ પામ્યો.

( જુઓ: 'પરિશિષ્ટ પર્વ', સંથારાપયન્નો, મરણસમાધિ, આવશ્યકનિર્યુક્તિ વગેરે, તથા અનેકાન્ત વર્ષ ' ૨જું, અં૦ ૧)

જૈન સાઈટ JAINSITE जैनम् जयति शासनम्

કલિકાલસર્વજ્ઞ આ૦ શ્રીહેમચંદ્રસૂરિજી 'અભિધાન ચિંતામણિ'માં ચાણક્યનાં આ પ્રમાણે ૮ નામ આપે છે; વાત્સ્યાયન, મલ્લિનાગ, કુટિલ, ચાણક્ય ( પાલી ભાષામાં ચણક્ક અને પ્રાકૃત ભાષામાં ચાણક્ક થાય છે) દ્રામિલ, પક્ષિલસ્વામી, વિષ્ણુગુપ્ત અને અંગુલ. ચાણક્યના ગ્રંથોમાં 'ચાણક્ય નીતિ, કૌટિલ્ય અર્થશાસ્ત્ર વાત્સ્યાયન કામસૂત્ર' વગેરે પ્રસિદ્ધ છે.

### ત્રીજા નિહ્નવ આ૦ આષાઢાભૂતિના શિષ્યો :

વીર સં. ૨૧૪માં આ૦ આષાઢાભૂતિના શિષ્યો અવ્યક્તવાદી ત્રીજા નિહ્નવ થયા.

આ૦ અષાઢભૂતિ પોતાના શિષ્યોને વાચના દેતા હતા અને એક રાત્રે ઓચિંતા કાળધર્મ પામી દેવલોકમાં દેવ તરીકે ઉત્પન્ન થયા. આ ઘટનાની કોઈને ખબર પડી નહીં. આચાર્યે પણ દેવલોકમાં જતાં જ પોતાના શિષ્યોનો વાચનાનો ક્રમ ચાલુ રાખવા માટે દયા લાવી પોતાના શરીરમાં પ્રવેશ કર્યો ને વાચના ચાલુ રાખી.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જ્યારે વાચના સમાપ્ત થઈ ત્યારે આચાર્યે શિષ્યોને સાચી વાત જણાવી. પુનઃ શરીર છોડી દેવલોકમાં પ્રયાણ કર્યું. શિષ્યો તો આ વાત સાંભળીને આભાજ બની ગયા. સાથોસાથ એવા વહેમી બની ગયા કે ગુરુમહારાજે તો દેવ હોવા છતાં દેહધારી બની આપણને વંદન કરાવ્યું. ન માલૂમ સાથેના સાધુઓ પણ એવા જ દેહધારી નહીં હોય ? દેવ તો અવિરતિ હોય, અપચ્ચકખાણી હોય, તેને વંદન થાય જ કેમ ? માટે સાથેના સાધુઓને વંદન કરવું ઉચિત નથી. એક નહીં, બે નહીં કિન્તુ તે દરેક સાધુ શંકાના ચક્રાવામાં ફસાયા, અંદરોઅંદરનો વંદનવ્યવહાર બંધ કરી બેઠા અને અવ્યકતવાદી સ્વચ્છંદી બની ગયા. તેઓ વિહાર કરતા કરતા રાજગૃહીમાં આવ્યા. ત્યાંનો રાજા મૌર્ય બળભદ્ર હતો. તેણે આ સ્થિતિ જોઈને તેનો ઉપાય કર્યો. તેણે પ્રથમ તો આ સાધુઓને પકડાવી માર મરાવ્યો. જ્યારે સાધુઓએ પૂછ્યું કે, “ તું શ્રાવક થઈને ગુરુઓને કેમ મારે છે ? ” ત્યારે તેણે ડાવકું મુખ કરી જણાવ્યું કે, ‘ ન માલૂમ, આપ સાધુ છો કે આપના શરીરમાં કોઈ ચોર ઘૂસી ગયો છે; વળી, ન માલૂમ હું શ્રાવક છું કે મારા શરીરમાં કોઈ દેવ ઊતરી આવ્યો છે ! ’ બસ ! આ યુક્તિથી સાધુઓનો ભ્રમ ભાંગી ગયો, સંશય નીકળી ગયો. તેઓ “ મિચ્છામિ દુક્કડં ” દઈ સન્માર્ગમાં આવી ગયા અને અંદરોઅંદર વંદન કરવા લાગ્યા.

ભગવાનના શાસનમાં ૯ નિહ્નવો થયા છે, તેમાં આ ત્રીજો નિહ્નવ છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## પ્રકરણ આઠમું

## આર્ય મહાગિરિ અને આર્ય સુહસ્તિસૂરિ

આર્ય મહાગિરિ અને આર્ય સુહસ્તિ એ મહાપ્રતાપી શ્રીસ્થૂલિભદ્રસૂરિજીના શિષ્યરત્નો અને પટ્ટધરો છે. એક પછી એક એમ બંને બાલ્યાવસ્થામાં યક્ષા સાધ્વીજીના આશ્રયે પળ્યા છે. માટે 'પટ્ટાવલી'માં આ બંને આચાર્યવર્યોની આગળ આર્ય શબ્દ યોજવામાં આવેલ છે. આ બંને આચાર્યોની ઉંમરમાં લગભગ ૪૫ વર્ષનો તફાવત હતો. બંને આચાર્યો બહુ જ તીક્ષ્ણ બુદ્ધિના હતા, તેમજ પરમ ત્યાગી અને સંયમધર્મના ઉપાસક હતા. આ બંને આચાર્યોના સમયમાં જૈનધર્મનો ઘણો પ્રચાર થયો છે. જૈનધર્મના પ્રચારનું કેન્દ્ર મગધ હતું; જેમાં આ આચાર્યવર્યોના સમયમાં અવન્તીનો ઉમેરો થાય છે. ભગવાન મહાવીરદેવના સમયમાં અવન્તીનો ચંડપ્રદ્યોત જૈનધર્મી બન્યો હતો, એ જ અવન્તી વીર સં. ૬૦માં પાલકવંશના વિનાશ પછી અને મગધરાજ નંદોના હાથમાં ગયા પછી ગૌણ બને છે. પણ સમ્રાટ સંપ્રતિના સમયે (વીર સં. ૨૭૫માં) પોતાનું ભૂતપૂર્વ ગૌરવ પુનઃ પ્રાપ્ત કરે છે; એટલું જ નહિ કિન્તુ અવન્તી ભારતમાં જૈનધર્મની વિજય-પતાકા ફરકાવવાનું મહાન કેન્દ્ર પણ બને છે.

આ બંને આચાર્યોએ બહુ જ પરિશ્રમપૂર્વક ૧૧ અંગો અને ૧૦ પૂર્વો કંઠસ્થ કર્યાં હતાં અને ઉગ્ર વિહાર કરી ઘણા ઘણા ભવ્ય પ્રાણીઓને પ્રતિબોધ્યા હતા.

આર્ય મહાગિરિજીએ વિચ્છેદ થયેલ જિનકલ્પની તુલના કરી આત્મધ્યાન દશામાં ઘણો સમય ગાળ્યો હતો. આ સમય દરમ્યાન

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ગચ્છનાયક તરીકે શ્રીઆર્ય સુહસ્તિસૂરિજી રહ્યા છે. તેઓ સ્થવિરકલ્પી હતા, તેમજ આર્ય મહાગિરિજીને ગુરુ તુલ્ય માનતા હતા, બંને આચાર્યો પ્રાયઃ સાથે વિચરતા હતા. આર્ય મહાગિરિજી મોટે ભાગે નગર બહાર ઉદ્યાનમાં જ રહેતા અને આર્ય સુહસ્તિ-સૂરિજી વિશેષતઃ વસતીમાં રહેતા હતા.

એક વાર આર્ય સુહસ્તિસૂરિજી વિહાર કરતા કરતા પાટલી-પુત્રમાં પધાર્યા છે અને તેમણે વસુભૂતિ નામના ધનાઢ્ય શ્રેષ્ઠીને પ્રતિબોધી જૈનધર્મનો અભ્યાસી અને પરમ ઉપાસક બનાવ્યો છે. એ શ્રાવક ગુરુજીની ખૂબ ઉપાસના કરતો હતો અને ધર્મતત્ત્વ પણ ભણતો હતો. વસુભૂતિએ સૂરિજીને વિનંતી કરી પોતાને ઘેર પધરાવ્યા અને સૂરિજીના ઉપદેશથી વસુભૂતિના આખા કુટુંબે જૈનધર્મ સ્વીકાર્યો. એક વાર આર્ય સુહસ્તિસૂરિજી ઉપદેશ માટે એને ઘેર આવ્યા હતા. ત્યારે આર્ય મહાગિરિજી પણ ત્યાં પધાર્યા. આથી આર્ય સુહસ્તિસૂરિજીએ ઊભા થઈ તેમનો વંદનાદિથી સત્કાર અને આદર કર્યો; એટલે વસુભૂતિએ પૂછ્યું: 'આ કોણ પધાર્યા છે કે જેની આપ આટલી ભક્તિ કરો છો?' આર્ય સુહસ્તિસૂરિ બોલ્યા: હે શ્રેષ્ઠી! એ મારા ગુરુ છે. તેઓ સદાયે ત્યાગ કરવાલાયક તુચ્છ આહારાદિની ભિક્ષા ગ્રહણ કરે છે અને તેવી ભિક્ષા ન મળે તો ઉપવાસી રહે છે.

બીજે દિવસે આર્ય મહાગિરિજીને ગોચરી જતાં સારો મિષ્ટ આહાર મળવા લાગ્યો. પોતે આહાર લીધા સિવાય જ પાછા આવ્યા અને સુહસ્તિસૂરિને કહ્યું: 'વત્સ! તમે કાલે જાહેરમાં મારો વિનય કર્યો તેથી આજે મને અનેષણીય આહાર મળ્યો, માટે ફરીવાર આવું કરશો નહીં. આર્ય સુહસ્તિસૂરિએ વિનયથી જણાવ્યું: 'તથાસ્તુ.'

એક વાર આ બંને સૂરિપુંગવો વિહાર કરતા કરતા જીવિત-સ્વામીની યાત્રાએ જતાં વચમાં અવન્તી નગરીમાં પધાર્યા છે અને જુદી જુદી વસતિમાં ઊતર્યા છે. આ વખતે અહીં રથયાત્રાનો

www.jainsite.com　For Private & Personal Use Only　info@jainsite.com

મહોત્સવ શરૂ થતાં જિનેશ્વરનો રથ અસ્ખલિત ગતિથી નગરમાં ફરવા લાગ્યો છે. નગરજનો સાથે છે. બંને આચાર્યવર્યો પણ પોતાના વિશાળ શિષ્યસમૂહ સહિત સાથે છે. એ રીતે ફરતો ફરતો રથ મંદિરના દ્વાર પર આવ્યો. યુવરાજ સંપ્રતિએ રથયાત્રામાં આવતા આચાર્ય શ્રીસુહસ્તિસૂરિજીને જોયા અને તેને વિચાર થયો કે, મેં આમને ક્યાંક જોયા છે. વિશેષ ઊહાપોહ કરતાં એને જાતિસ્મરણ જ્ઞાન થયું ને તેણે સૂરિજીને ઓળખ્યા. અહો ! આ તો મારા પૂર્વભવના ગુરુજી છે. પછી પોતે નીચે આવી ગુરુજીને પ્રેમપૂર્વક નમસ્કાર કર્યા અને વિનયથી પૂછ્યું : ‘ હે પ્રભુ! જૈનધર્મની આરાધનાનું ફળ શું છે ? ’ સૂરિજી બોલ્યા: ‘ અવ્યક્ત સામાયિકનું ફળ રાજ્યાદિક છે અને વ્યક્ત સામાયિકનું ફળ મોક્ષ પણ છે.’ રાજા સૂરિજીનો આ ઉત્તર સાંભળી પ્રસન્ન થયો. એને વિશ્વાસ પણ બેઠો. પછી સૂરિજીને પૂછ્યું: ‘ હે ભગવન્ ! આપ મને ઓળખો છો ?’ સૂરિજી બોલ્યા: ‘ રાજન્ ! અવન્તીપતિને કોણ ન ઓળખે !’ રાજા બોલ્યો: ‘ સૂરિજી મહારાજ ! આ સિવાય બીજી રીતે આપ ઓળખો છો ? ’ સૂરિજી ઉપયોગ મૂકીને બોલ્યા ‘ હા. હા, હવે ઓળખ્યો. તારા પૂર્વ ભવની કથા સાંભળ, અશોકના રાજકાળની એ વાત છે.

‘ એક વાર અમે બંને આચાર્યો કૌશામ્બીમાં ગયા હતા. તે વખતે ભીષણ દુકાળ પડયો હતો. પરંતુ શ્રાવક સંઘ સાધુઓની પૂર્ણ ભક્તિ કરતો હતો. એક વાર એક દ્રમક રંક કે જેને ભિક્ષા નહોતી મળતી, તેણે સાધુઓને ભિક્ષા મળતી જોઈ કહ્યું: ‘ મને કંઈક આપો.’ શિષ્યો તેને અમારી પાસે લાવ્યા. અમે ભાવિ લાભનું કારણ જાણી જણાવ્યું : ‘ તું દીક્ષા લે તો અમે આહાર આપીએ.’ પછી એ રંકે દીક્ષા સ્વીકારી. ત્યાર પછી અમે એને સારી રીતે આહાર કરાવ્યો, એણે ઘણા દિવસની ભૂખ હોવાથી ખૂબ ઠાંસીને ખાધું. તેને રાતે પેટમાં વાયુ ભરાઈ જવાથી પેટમાં દર્દ થયું. રાત્રે શ્રીસંઘે અને સાધુઓએ એની સુશ્રૂષા કરી. તે સાધુધર્મની પ્રશંસા કરતો મૃત્યુ પામી સમ્રાટ અશોકના પુત્ર કુણાલને ઘેર પુત્ર

જૈન સાઇટ JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તરીકે જન્મ્યો. જન્મતાં જ જેને રાજ્ય મળ્યું, તે તું સંપ્રતિ રાજા થયો.'

સંપ્રતિ રાજા પોતાના પૂર્વ ભવનું યથાર્થ વૃત્તાંત સાંભળી પ્રસન્ન થયો. તેણે સૂરિજીને કહ્યું: 'પ્રભો! આપે ચારિત્ર ન આપ્યું હોત તો હું આ દશાએ ક્યાંથી હોત! માટે આ રાજ્યના માલિક આપ છો.' સૂરિજી બોલ્યા: 'અમે તો ત્યાગી નિઃસ્પૃહી છીએ. જો તને ચારિત્ર–સંયમધર્મ ઉપર પ્રેમ હોય, શ્રદ્ધા હોય તો શ્રી.વીતરાગ ભગવંતનો ધર્મ સ્વીકારી આત્મકલ્યાણ સાધી લે અને જિનશાસનની પ્રભાવના કર.' રાજાએ સૂરિજીના ઉપદેશથી જૈન-ધર્મ સ્વીકાર્યો સમ્યક્ત્વ સહિત શ્રાવકનાં બારવ્રતો પણ સ્વીકાર્યાં તે મન, વચન, કાયાની દઢતાથી જૈનધર્મની ઉપાસના કરવા લાગ્યો. તે પરમ આર્હતોપાસક બન્યો.

હવે તે ત્રિકાળ જિનપૂજન કરે છે, સ્વામીભાઈઓની સહાયે ભક્તિ કરે છે અને ખૂબ જ દાન આપે છે. જ્યાં જ્યાં એનું રાજ્ય હતું ત્યાં સર્વત્ર જૈનધર્મનો પ્રચાર કરવામાં તત્પર બન્યો છે.

जैन साईट JAINSITE .com जैनम् जयति शासनम्

વળી, એક વાર અવન્તીમાં રથયાત્રા નીકળે છે. એ સમયે સુહસ્તિસૂરિજી પધાર્યા છે. રાજા પણ સપરિવાર રથયાત્રાનો લાભ લે છે, છેલ્લે દિવસે ભવ્ય રથયાત્રા નીકળી છે, ઘોડાઓને બદલે ભક્તિસંપન્ન શ્રાવકો રથને વહી રહ્યા છે, રાજમહેલ પાસે રથ આવે છે તે વખતે રાજાએ ખૂબ જ ભક્તિથી વંદનાસત્કાર કરીને પોતાના સામંતોને જૈનધર્મ સ્વીકારવાનું સમજાવ્યું. આથી સામંતોએ પણ જૈનધર્મ સ્વીકાર્યો અને પોતપોતાના રાજ્યમાં જઈ રથયાત્રા કાઢવાની શરૂઆત કરાવી.

સંપ્રતિ રાજાએ જૈનધર્મનો સ્વીકાર કર્યા પછી સવા કરોડ (સવા લાખ) જિનમૂર્તિઓ ભરાવી, છત્રીસ હજાર પ્રાચીન જિન-મંદિરોનો જીર્ણોદ્ધાર કરાવ્યો, સવા લાખ નવાં જિનમંદિરો બંધાવ્યાં, અને સાતસો દાનશાળાઓ ખુલ્લી મુકાવી. તેના રાજ્યમાં કદી પણ જનતાને ખાવાપીવાનું દુઃખ નથી પડ્યું. તેણે પોતાના

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

રાજ્યમાં કોઈ પણ ભૂખે ન મરે તેનો પૂરેપૂરો ખ્યાલ રાખ્યો હતો. સંપ્રતિને ઘણીવાર પોતાની પૂર્વની દુઃખદ સ્થિતિનું સ્મરણ થતું અને એથી તે ગરીબોનો બેલી; દીન, દુઃખી અને નિરાધારોનો આધાર બની રહ્યો હતો.

સમ્રાટ્ સંપ્રતિએ પોતાની અસૂર્યંપશ્યા રાજરાણીઓ, રાજકુમારીઓ, રાજકુમારો અને સામંતોને પણ સાધુ બનાવી દૂર સુદૂર પ્રદેશોમાં વિહાર કરાવ્યો હતો અને જૈનધર્મનો વાસ્તવિક પ્રચાર કરાવ્યો હતો, ચીન, બર્મા, સિલોન, અફગાનિસ્તાન, નેપાલ, ભૂતાન વગેરે દૂર દૂર પ્રાંતોમાં જૈનધર્મનો સંદેશ પહોંચાડયો હતો અને આંધ્ર, તામિલ, કર્ણાટક, મહારાષ્ટ્ર, સૌરાષ્ટ્ર, ગૂર્જર માલવા, રાજપૂતાના વગેરે પ્રાંતોમાં પણ જૈનધર્મની જ્યોતિને વધુ ઉજ્જવલ, જ્વલંત અને દૃઢ બનાવી હતી.+

(જુઓ 'બૃહત્કલ્પસૂત્ર' ઉ. ૧. સૂ૦ ૫૦–નિર્યુક્તિ ગાથા ૩૨૭૫ થી ૩૨૮૯)

+ રા. બા. ગૌ. હી. ઓઝાજી લખે છે કે, "પુરાણોના હસ્તલિખિત પુસ્તકોમાં બહુધા સંપ્રતિનું નામ મળતું નથી, તો પણ 'વાયુપુરાણ'ની એક હસ્તલિખિત પ્રતિમાં દશરથના પુત્રનું નામ સંપ્રતિ આપ્યું છે, 'મત્સ્યપુરાણ'માં 'સંપતિ' પાઠ મળે છે કે જે સંપ્રતિનું અશુદ્ધ રૂપ છે. × × × મૌર્ય દેશનો કુણાલના બે પુત્રો [દશરથ અને સંપ્રતિ]માં વહેંચણી થતાં પૂર્વનો વિભાગ દશરથનો અને પશ્ચિમનો વિભાગ સંપ્રતિના અધિકારમાં રહેલો હોય, સંપ્રતિની રાજધાની ક્યાંક પાટલીપુત્ર અને ક્યાંક ઉજ્જૈન લખેલી મળે છે, રાજપૂતાના, માલવા, ગુજરાત તથા કાઠિયાવાડ એ દેશો પર સંપ્રતિનું રાજ્ય હશે અને કેટલાયે જૈનમંદિર તેણે પોતાના સમયમાં બંધાવ્યાં હશે.

અજમેર જિલ્લાના બર્લી નામના ગામમાં વીર સંવત ૮૪ વિ. સં. પૂર્વે ૩૮૬ ઇ. સ. પૂર્વે ૪૪૩નો એક શિલાલેખ મળ્યો છે, કે જે 'અજમેર'ના મ્યુઝિયમમાં સુરક્ષિત છે. તે પરથી અનુમાન થાય છે કે અશોકથી પહેલાં પણ રજપૂતાનામાં જૈનધર્મનો પ્રચાર હતો. જૈન લેખકોનો એ મત છે કે, રાજા સંપ્રતિ કે જે અશોકનો રાજવંશ જ હતો, તેણે જૈનધર્મની

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આથી આગળ વધીને સંપ્રતિ રાજાએ પોતાની દાનશાળાઓમાં રસોઇયાઓને સમજાવ્યા હતા કે, મુસાફરોને દાન આપ્યા બાદ પાછળ વધેલો આહાર શ્રમણ ભિક્ષુઓને આપવો. આ વ્યવસ્થા માટે તેમને પગાર પણ ખૂબ આપતો હતો. રસોઈયાઓ ખૂબ જ ભક્તિ અને પ્રેમથી મુનિવરોને આહારદાન આપતા હતા. કિન્તુ આ સમાચાર જિનકલ્પી આર્ય મહાગિરિને મળતાં તેમણે 'આ રાજપિંડ છે, આપણને ન કલ્પે' વગેરે કહી આર્ય સુહસ્તિને ઉપાલંભ આપી, આ આહાર લેવાનું બંધ કરાવ્યું હતું. કિન્તુ અહીં જે મહાન સત્ય નીકળે છે તે એ જ કે રાજાને જૈનધર્મના પ્રચારની અપૂર્વ ધગશ અને ખરી લાગણી હતી, તેમજ ધર્મપ્રચારક ધર્મગુરુઓને આહારાદિની મુશ્કેલી ન રહે અને તેઓ ખૂબ જ ધર્મપ્રચાર કરે, એ જ એક ભાવના હતી.

આર્ય મહાગિરિજીનો વીર સં. ૧૪૫ માં જન્મ, સં. ૧૭૫ માં દીક્ષા, સં. ૨૧૫ માં યુગપ્રધાનપદ અને સં. ૨૪૫ માં ૧૦૦ વર્ષની ઉંમરે દશાર્ણ દેશના ગજેન્દ્રપદતીર્થમાં સ્વર્ગગમન થયાં છે.

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

તેમની શિષ્ય પરંપરા નીચે પ્રમાણે છે:

'શ્રીકલ્પસૂત્ર'ના ઉલ્લેખ પ્રમાણે તેમને ૧ સ્થવિર ઉત્તર (બહુલ), ૨ સ્થ૦ બલિસ્સહ, ૩ સ્થ૦ ધનાઢય, ૪ સ્થ૦ શ્રીઆઢય, ૫ સ્થ૦ કોડિન્ય, ૬ સ્થ૦ નાંગ, ૭ સ્થ૦ નાગમિત્ર અને ૮ કોશિક ગોત્રના ષડુલ્લક રોહગુપ્ત એ મુખ્ય ૮ શિષ્યો હતા. એક રીતે તો આ આઠેને સાક્ષાત શિષ્યો માનવા કરતાં પરંપરાગત શિષ્યો માનવા, એમ વધારે બંધબેસતી વસ્તુ છે.

---

ઘણી ઉન્નતિ કરી અને રાજપૂતાના તથા તેની આસપાસના પ્રદેશોમાં પણ તેણે કેટલાંક જૈનમંદિરો બંધાવ્યાં હતાં.

વિ. સં. બીજી શતાબ્દીમાં બનેલા મથુરાના કંકાલીટીલાવાળા જૈન સ્તૂપ પરથી તથા અહીંના કેટલાક અન્ય સ્થાનોથી મળેલા પ્રાચીન શિલાલેખો તથા મૂર્તિઓથી માલમ પડે છે કે તે સમયે પણ અહીં રાજપૂતાનામાં જૈનધર્મનો સારો પ્રચાર હતો. ('રાજપૂતાનેકા ઇતિહાસ')

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સ્થ૦ ઉત્તર અને બલિસ્સહથી "ઉત્તર બલિસ્સહ" નામે ગણ નીકળ્યો હતો, જેની ૧ કૌસમ્બીઆ, ૨ સોઈત્તિયા, ૩ કોડંબાણી અને ૪ ચન્દનાગરી–એમ ૪ શાખાઓ હતી. આથી એ નક્કી છે કે આ શ્રમણસંઘ તે તે પ્રદેશોમાં વધુ વિહાર કરતો હતો.

આર્ય સુહસ્તિસૂરિનો વીર સં. ૧૯૧ માં જન્મ, સં ૨૧૫ માં દીક્ષા, સં. ૨૪૫ માં યુગપ્રધાનપદ, અને સં. ૨૯૧ માં ૧૦૦ વર્ષની ઉંમરે ઉજ્જૈનમાં સ્વર્ગગમન થયું છે.

તેમને ઘણા શિષ્યો હતા. તે પૈકીના ૧૨ શિષ્યો, ગણો અને કુલોની યાદી નીચે મુજબ છે:

૧ સ્થવિર આર્ય રોહણ, તેમનાથી 'ઉદ્દેહ ગણ' નીકળ્યો છે, જેની ૧ ઉદુંબરિજ્જિયા, ૨ માસપૂરિઆ, ૩ મઈપત્તિઆ અને ૪ પુણ્ણપત્તિઆ–એ ૪ શાખાઓ તથા ૧ નાગભૂય, ૨ સોમભૂય, ૩ ઉલ્લગચ્છ, ૪ હત્થલિજ્જ, ૫ નન્દિજ્જ, અને ૬ પરિહાસય–એ ૬ કુલો હતાં.

JAINSITE .com
જૈનમ્ જયતિ શાસનમ્

ઉદ્દેહગણ અને નાગભુય કુલનો કનિષ્ક સં. ૭ નો પ્રતિમાલેખ મળ્યો છે. ('પ્રાચીન લિપિમાલા' પૃ૦ ૫૪)

૨. આ૦ યશોભદ્રજી, તેમનાથી ઉડુવાડિય ગણ નીકળ્યો છે. જેની ૧ ચંપિજ્જિયા, ૨ ભદ્દિજ્જિયા, ૩ કાકન્દિયા, અને ૪ મેહલિજ્જિયા–એ ૪ શાખાઓ તથા ૧ ભદ્દજસ, ૨ ભદ્દગુપ્ત અને ૩ જસભદ્દ એ ત્રણ કુલો હતાં.

તેમનો એક શિષ્યપરિવાર વિદિશાની આસપાસમાં વિચરતો હતો, જે વિદિશાના ઉપનગર ભદ્દલપુરના નામથી ભદ્દિજ્જિયા શાખા અને ભદ્રગુપ્ત કુલના નામે જાહેર થયો છે. વિદિશાથી ૪ માઇલ પર ઉદયગિરિની પહાડીમાં ૨૦ જૈન ગુફાઓ છે, તેમાંની ૨૦મી ગુફામાં ભદ્રાર્યશાખાના આ૦ શંકરે ગુપ્ત સં. ૧૦૬ માં પાર્શ્વનાથની પ્રતિષ્ઠા કર્યાનો શિલાલેખ છે. (આ લેખ માટે જુઓ: પૃ. ૭૭)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૩—આ. મેઘગણી—સંભવ છે કે આ૦ ઘનસુંદર, આ૦ ગુણસુંદર અને આ. ગુણાકર: એમ આ આચાર્યનાં ૪ નામો છે. તેઓ તે કાલના યુગપ્રધાન છે. તેમનાથી કોઈ જુદો ગણ નીકળ્યો નથી. સંભવ છે કે મેહલિજ્જિયા શાખા અને મેહિય કુલ સાથે તેમની શિષ્યસંતતિનો સંબંધ હશે. આચાર્ય શ્યામાચાર્ય તેમના શિષ્ય હશે.

૪. આ. કામર્ધિગણી:—તેમનાથી વેસવાડિય ગણ નીકળ્યો છે. જેની ૧ સાવત્થિયા, ૨ રજ્જપાલિયા, ૩ અન્તરિજ્જિયા, અને ૪ ખેમિલજ્જિયા : એ ૪ શાખાઓ, તથા ૧ ગણિય, ૨ મેહિય, ૩ કામર્દ્ધિય અને ઈન્દ્રપુરગ એ ૪ કુલો હતાં.

૫. આ. સુસ્થિતસૂરિ:—તેમનાથી કોડિય ગણ નીકળ્યો છે, જેની ૧ ઉચ્ચાનાગરી, ૨ વિજ્જાહરી, ૩ વઈરી અને ૪ મજ્ઝિમિલ્લા એ ૪ શાખાઓ તથા ૧ બંભલિજ્જ, ૨ વત્થલિજ્જ, ૩ વાણિજ્જ, અને ૪ પણ્હવાહણય એ ૪ કુલો હતાં. અહીં જે ૪ શાખાઓ બતાવી છે, તે કોડિય ગણની મુખ્ય શાખાઓ છે અને તેનો પ્રારંભ આ૦ સુસ્થિતસૂરિ તથા આ૦ સુપ્રતિબદ્ધસૂરિના સંતાનીય અનુક્રમે ૧ સ્થ૦ શાંતિ શ્રેણિક, ૨ સ્થ૦ વિદ્યાધર ગોપાલ, ૩ સ્થ૦ આર્ય વજ્રસ્વામી અને ૪ સ્થ૦ પ્રિયગ્રંથસૂરિથી થયેલ છે. આ ઉપરાંત કોડિયગણની ૧ અજ્જસેણિયા, ૨ અજ્જતાવસી, ૩ અજ્જકુબેરા, ૪ અજ્જઈસિપાલિઆ; ૧ અજ્જનાઈલી, ૨ અજ્જપોમિલા, ૩ અજ્જજયંતી, ૪ અજ્જતાવસી; ૧ બંભદીવિયા વગેરે ઉપશાખાઓ હતી અને નાગેન્દ્ર કુલ, ચંદ્રકુલ વગેરે ઉપકુલો હતાં. આજે જે જે શ્રમણસંઘો, ગચ્છો, શ્રમણો વિદ્યમાન છે, તે દરેકે દરેક કોડિયગણ, વઈરીશાખા અને ચંદ્રકુલના જ છે.×

૬. આ. સુપ્રતિબદ્ધસૂરિ:—આ. સુસ્થિતસૂરિ અને આ. સુપ્રતિબદ્ધસૂરિ એ બન્નેનાં ગણ, શાખા અને કુલ સામેલ હતાં.

---

× અહિચ્છત્રામાંથી સં. ૧૨ નો કોડિયગણ, બંભલિજ્જ કુલ અને ઉચ્ચાનાગરી શાખાના આર્ય પુસિલના સમયનો પ્રતિમાલેખ મળ્યો છે.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૭. આ૦ રક્ષિતસૂરિ.

૮. આ૦ રોહગુપ્તસૂરિ.

૯. આ૦ ઋષિગુપ્તસૂરિઃ—તેમનાથી માનવગણુ નીકળ્યો છે, જેની ૧ કાસવજ્જિયા, ૨ ગોયમજ્જિયા, ૩ વાસિટ્ઠિયા અને ૪ સોરટ્ઠિયા એમ શાખાઓ તથા ૧ ઇસિગુત્તિઅ, ૨ ઇસિદત્તિઅ, અને ૩ અભિજયન્ત એ ૩ કુલો હતાં. સમ્રાટ સંપ્રતિના ધર્મ-પ્રચાર પછી સૌરાષ્ટ્ર તરફ પહેલવહેલા આ ગચ્છના શ્રમણો આવ્યા હોય એમ લાગે છે.

૧૦. આ શ્રીગુપ્તસૂરિઃ—તેમનાથી ચારણુ ગણુ નીકળ્યો છે, જેની ૧ હારિયમાલાગારી, ૨ સંકાસીઆ, ૩ ગવેધુયા, અને ૪ વજ્જનાગરી એ ૪ શાખાઓ, તથા ૧ વત્થલિજ્જ, ૨ પીઇધમ્મિઅ, ૩ હાલિજ્જ, ૪ પૂ. સમિતિજ્જ, ૫ માલિજ્જ, ૬ અજ્જવેડય અને ૭ કણ્હસહ એ ૭ કુલો હતાં.

૧૧. આ. બ્રહ્મગણી.

૧૨. આ. સોમગણી.

આ. સુહસ્તિસૂરિના આ મુખ્ય શિષ્યો છે. તે સિવાય એક આ. કલહંસસૂરિનું નામ 'પ્રભાવકચરિત્ર'માં મળે છે કે, જે આ૦ સુહસ્તિસૂરિના શિષ્ય હતા, સિંહલની રાજકુમારી સુદર્શના ભરૂચના અશ્વાવબોધ તીર્થમાં અનશનપૂર્વક મરી દેવી થઈ હતી અને તે પોતાની ચિત્રદેવીઓ સાથે દિવ્ય પુષ્પો લાવી જિનેશ્વરની પૂજા કરતી હતી પરંતુ તે ભરૂચ શહેરના ઉદ્યાનના સમસ્ત ફૂલોને વીણી લેતી એટલે બીજા કોઈને ફૂલ મળે નહીં અને જિનેશ્વર સિવાયના ઇતરદેવોની ફૂલપૂજા થાય નહિ, આ રીતે ગડબડ થવા લાગી. આ. કુલહંસસૂરિએ સુદર્શનાદેવીને સમજાવી, તેમ કરતાં રોકી રાખી અને ભરૂચના ઇતરદર્શનીઓને પુષ્પપૂજામાં હરકત પડતી હતી તે દૂર કરી. પછી સમ્રાટ સંપ્રતિએ આ અશ્વાવબોધ તીર્થનો જીર્ણોદ્ધાર કરાવ્યો હતો.

જૈનમ્ જયતિ શાસનમ્ JAINSITE.com
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આ૦ સુહસ્તિસૂરિને આવા તો અનેક શિષ્યો હશે પરંતુ આપણને આજે તેઓનો ઈતિહાસ મળતો નથી.

**પ્રસિદ્ધ આર્યાઓ :**

આ૦ સુહસ્તિસૂરિનો સાધ્વીસમુદાય પણ વિશાળ હતો પરંતુ તેમાં ૧ યક્ષા, ૨ યક્ષદિન્ના, ૩ ભૂતા, ૪ ભૂતદિન્ના, ૫ સેણા, ૬ વેણા, ૭ રેણા : એ સાત આર્યાઓનો પરિવાર મુખ્ય હતો.

**ત્રણ શિષ્ય પરંપરાઓ :**

આ૦ સુહસ્તિસૂરિથી ત્રણ પ્રકારની શ્રમણપરંપરા ચાલી છે.

૧. ગણધરવંશ:—તેમના પાંચમા શિષ્ય આ૦ સુસ્થિતસૂરિની શિષ્યપરંપરા આજ સુધી ચાલુ છે, જેમાં થયેલ આચાર્યોનો પરિચય અનુક્રમે એકેક પ્રકરણમાં વિસ્તારથી આપવામાં આવ્યો છે.

૨. વાચકવંશ:—આ. સુહસ્તિસૂરિ સુધીના આચાર્યો ગણનાયક હતા અને વાચનાચાર્ય પણ હતા, એટલે કે તેઓ ગણની તથા સંઘની સાર સંભાળ કરતા હતા. તેમજ શિષ્યોને પઠન-પાઠન પણ કરાવતા હતા—જિનાગમની રક્ષા કરતા હતા. પછીના આચાર્યોમાં એ સામર્થ્ય રહ્યું નહિ, એટલે ચારિત્રરક્ષાનું કાર્ય અને શ્રુતજ્ઞાનરક્ષાનું કાર્ય બે વિભાગમાં વહેંચાઈ ગયું અને ગણધરવંશ તથા વાચકવંશ-વિદ્યાધરવંશ જુદા પડ્યા. ગણધરવંશમાં તો સળંગ શિષ્યપરંપરા આવે છે, જ્યારે વાચકવંશમાં એક પછી એક થયેલા કોઈ પણ ગચ્છના સમર્થ વાચનાચાર્યની કાલના અનુક્રમવાળી નામાવલી આવે છે. આ. સુહસ્તિસૂરિ પછી આ૦ મહાગિરિજીના શિષ્ય આ. બલિસ્સહસૂરિ વાચનાચાર્ય બન્યા છે. એમ વાચનાચાર્યની પરંપરા જાણવી. પછીના આચાર્યોમાં આ. વજ્રસ્વામી ગણાચાર્ય અને વાચનાચાર્ય એમ બન્ને પદવીના ધારક હતા.

૩. યુગપ્રધાન પટ્ટાવલી:—કોઈ ગણ શાખા કે કુલનો ગણાચાર્ય હોય કે વાચનાચાર્ય હોય પરંતુ તે ખાસ અમુક વિશેષ લક્ષણસંપન્ન હોય અને તે કાલે સંઘમાં પ્રધાન હોય તે યુગપ્રધાન મનાય છે. યુગપ્રધાન એક પછી એક અવશ્ય થાય છે.

www.jainsite.com　For Private & Personal Use Only　info@jainsite.com

એટલે એક યુગપ્રધાનનું સ્વર્ગગમન થતાં બીજા આચાર્યમાં યુગપ્રધાનનાં લક્ષણો પ્રકટે છે અને તે ત્યારથી યુગપ્રધાન બને છે. આ રીતે યુગપ્રધાનોની સાંકળ જોડાતી રહે છે. પાંચમા આરામાં એક પછી એક ૨૦૦૪ યુગપ્રધાન થવાના છે; જેમાં ૨૩ મહાન યુગપ્રધાન થશે, જેઓ જૈનધર્મને ઉચ્ચસ્થિતિમાં લાવી મૂકશે. આ આચાર્યોનો યુગપ્રધાન કાળ ઐતિહાસિક સાલવારીને વ્યવસ્થિત કરવામાં બહુ મદદગાર થઈ પડે છે. આ૦ શ્રીસુહસ્તિસૂરિ પછી આ૦ ગુણસુંદરસૂરિ યુગપ્રધાન થયા છે.

આ પ્રમાણે ત્રણ શ્રમણપરંપરાઓ ચાલી છે, જે પૈકીની પહેલી પરંપરાને આગળનાં પ્રકરણોમાં બતાવીશું અને છેલ્લી બન્ને પરંપરાને અહીં આપીએ છીએ.

**વાચકવંશપરંપરા ( વિદ્યાધરવંશ ) :**

આ. સુહસ્તિસૂરિ પછીની વાચક વંશપરંપરા શ્રીનંદીસૂત્ર સ્થવિરાવલી અને શ્રીહિમવંત સ્થવિરાવલીમાં નીચે મુજબ આપી છે.

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

૮. આચાર્ય સુહસ્તિસૂરિજી.

૯. આર્ય બહુલ અને બલિસહ:—આ બન્ને આર્યમહાગિરિજીના શિષ્યો છે, તેઓ શરૂઆતમાં જિનકલ્પીની તુલના કરતા હતા. પછી સ્થ. બલિસહસૂરિ સ્થવિરકલ્પી બન્યા અને બંને ગુરુભાઈઓનો ગણ એક જ હતો તેથી આ આચાર્યની શિષ્યપરંપરા ચાલી. આ. બલિસહે અંગવિદ્યા શાસ્ત્રની રચના કરી છે.

૧૦. આ૦ સ્વાતિજી:—આ આચાર્યનું જીવનચરિત્ર કંઈ જ મળતું નથી. ઉચ્ચાનાગર શાખામાં પણ વાચક ઉમાસ્વાતિજી થયા છે. જેમણે 'તત્ત્વાર્થસૂત્ર' વગેરે ગ્રંથો બનાવ્યા છે, તેઓ આ૦ સ્વાતિસૂરિથી જુદા છે અને ઘણા પછીના સમયમાં થયા છે.

૧૧. આ૦ શ્યામાચાર્યજી:—આ પહેલા કાલિકાચાર્ય છે. 'પ્રભાવકચરિત્ર'ના ઉલ્લેખ પ્રમાણે તેઓ યુગપ્રધાન ગુણાકર (આ૦ મેઘગણી)સૂરિના શિષ્ય હતા, તેમનાં વી. સં. ૨૮૦માં જન્મ,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વી. સં. ૩૦૦માં દીક્ષા, વી. સં. ૩૩૫માં યુગપ્રધાનપદ, અને વી. સં. ૩૭૬માં સ્વર્ગગમન થયાં છે. તેઓ તે સમયના દ્રવ્યાનુયોગના પ્રકાંડ જ્ઞાતા હતા.

એકવાર ભગવાન સીમંધરસ્વામી નિગોદની વ્યાખ્યા કરતા હતા, તે સાંભળી સૌધર્મેન્દ્રે ભગવાનને પ્રશ્ન કર્યો કે, 'ભગવાન્! આજે ભરતક્ષેત્રમાં નિગોદનું આવું વર્ણન કરી શકે તેવો કોઈ શ્રુતજ્ઞાની વિદ્યમાન છે?' ભગવાને ઉત્તર આપ્યો કે 'હા, આ૦ શ્યામસૂરિ ભરતક્ષેત્રના આચાર્ય છે, જેઓ શ્રુતના બળે નિગોદનું યથાર્થ સ્વરૂપ બતાવી શકે છે.' આ સાંભળી સૌધર્મેન્દ્ર આ૦ શ્યામાચાર્ય પાસે આવ્યા, તેમણે નિગોદનું સ્વરૂપ પૂછી તેમના શ્રીમુખથી હૂબહૂ વર્ણન સાંભળી તે ખૂબ ખુશી થયો અને પોતે આવ્યો હતો તેની એંધાણી તરીકે ઉપાશ્રયનો દરવાજો બદલી દેવલોકમાં ચાલ્યો ગયો એટલે કે તીર્થંકર ભગવાન પણ સાક્ષી પૂરે અને સૌધર્મપતિ દેવેન્દ્ર પણ જેના જ્ઞાનની પ્રશંસા કરે, એવા પ્રખર જ્ઞાની તેઓ હતા. તેમણે પોતાના જ્ઞાનના વારસારૂપે 'શ્રીપન્નાવણાસૂત્ર' (પ્રજ્ઞાપનાસૂત્ર)ની રચના કરી છે, જે આગમ દ્રવ્યાનુયોગના ખજાના રૂપ વિદ્યમાન છે.

પન્નવણાસૂત્રમાં ૩૬ પદો છે. ૭૭૮૭ શ્લોકપ્રમાણ ગ્રંથપૂર છે. મોટો ભાગ ગદ્યમાં છે અને પ્રતિપાદક વિષયો ગણધર શ્રીગૌતમસ્વામીનો પ્રશ્ન અને ભગવાન શ્રીમહાવીરનો ઉત્તર એવી પ્રશ્નોત્તરશૈલીથી ગૂંથ્યા છે. આજે આ સૂત્ર ચોથા ઉપાંગરૂપે મનાય છે, જેનાં ૩૬ પદો આ પ્રમાણે છે:—

૧ પ્રજ્ઞાપના, ૨ સ્થાન, ૩ અલ્પબહુત્વ, ૪ આયુષ્ય, ૫ પર્યાય, ૬ ઉપપાત, ૭ શ્વાસોચ્છ્વાસ, ૮ સંજ્ઞાઓ, ૯ ઉત્પત્તિસ્થાન, ૧૦ ચરમ, ૧૧ ભાષા, ૧૨ પાંચ શરીર, ૧૩ પરિણામ, ૧૪ કષાય, ૧૫ પાંચ ઇન્દ્રિય, ૧૬ પ્રયોગ, ૧૭ છ લેશ્યા, ૧૮ કાયસ્થિતિ, ૧૯ સમ્યક્ત્વ, ૨૦ અંતક્રિયા, ૨૧ દેહમાન, ૨૨ ક્રિયા, ૨૩ થી ૨૭ કર્મવિચાર, ૨૮ આહાર, ૨૯ ઉપયોગ, ૩૦ જોવાનો વિચાર, ૩૧ સંજ્ઞીભેદો, ૩૨ સંયમ, ૩૩ અવધિ ૩૪ દેવદાંપત્ય, ૩૫ વેદના,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૩૬ સમુદ્દઘાત–આ પદોમાં તે તે વિષયોનું વિસ્તૃત વર્ણન છે.

આ સૂત્ર ઉપર આ. શ્રીહરિભદ્રસૂરિકૃત ટીકા ૩૭૨૮ શ્લોકપ્રમાણ, આ. મલયગિરિકૃત ટીકા ૧૬૦૦૦ શ્લોકપ્રમાણ અને વિષમપદ વ્યાખ્યા રચાયેલ છે. જૈન દર્શનનું સંપૂર્ણ જ્ઞાન મેળવવા માટે આ એક જ આગમ છે; એમ કહીએ તો ચાલે.

સંપ્રતિ રાજાના જીર્ણોધ્ધાર પછી મિથ્યાદષ્ટિ દેવોએ ઉપસર્ગ કર્યો, ત્યારે શ્રીશ્યામાચાર્યજીએ અશ્વાવબોધ તીર્થની રક્ષા કરી ત્યાં જિનપ્રતિમાની પ્રતિષ્ઠા કરાવી હતી. તેઓ મહારાજા ભિક્ષુરાજે કરાવેલ કલિંગની આગમવાચનામાં હાજર હતા. આ રીતે તેઓ મહાજ્ઞાની પરમ સંયમી અને સમર્થ આચાર્ય થયા છે. તેમનાથી કાલિકાચાર્યગચ્છ નીકળ્યો છે અને તે બીજા કાલિકાચાર્યથી વિખ્યાત થયો છે.

૧૨. આર્ય સ્કંદિલસૂરિ (ષંડિલસૂરિ):—જેઓ વીર સં. ૩૭૬ થી ૪૧૪ સુધી યુગપ્રધાનપદે હતા, તેમનું આયુષ્ય ૧૦૮ વર્ષ પ્રમાણ હોવાનું લેખાય છે. તેઓ માટે સ્થવિરાવલીમાં अज्जजीयधरं એવું વિશેષણ આપ્યું છે, તેથી નક્કી છે કે તેઓ આર્યજીત વ્યવહારને સંપૂર્ણ વફાદાર હતા. 'તપગચ્છ પટ્ટાવલી'માં લખ્યું છે કે તેમણે 'જીતમર્યાદા' નામનું શાસ્ત્ર બનાવ્યું છે. 'હિમવંત સ્થવિરાવલી'માં તેમને આર્યજીત નામના શિષ્ય હોવાનો ઉલ્લેખ છે, 'પ્રભાવકચરિત્ર'ના ઉલ્લેખ પરથી અનુમાન કરી શકાય છે કે આ૦ વૃદ્ધવાદિસૂરિ તેમના શિષ્ય હતા.

આ સમયે ઉજ્જૈનમાં વિક્રમાદિત્ય રાજા થયો. તેની સાલવરી આ પ્રમાણે છે. વી.સં. ૩૧માં ઉદાયી, સં. ૬૦માં નંદવંશ, સં. ૧૫૪માં મૌર્યવંશ, સં. ૨૯૪માં બલમિત્ર, સં. ૩૫૪માં નભોવાહન, સં. ૩૬૪માં ગર્દભિલ્લ, સં. ૪૧૦માં શકારિ વિક્રમાદિત્યનો રાજ્યારંભ.

આ આચાર્યથી ષાંડિલ્ય ગચ્છ નીકળ્યો છે, જે ગચ્છવ્યવસ્થા થઈ ત્યારે ચંદ્રગચ્છમાં સામેલ થયો હતો.

૧૩. આર્ય સમુદ્ર:—જેઓ ગંભીર જ્ઞાની અને ભૂગોળવિદ્યાના નિષ્ણાત હતા.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૧૪. આર્ય મંગુસૂરિ:—તેઓ વિક્રમની પહેલી સદીના મહાન જ્ઞાની, અને પ્રભાવક આચાર્ય છે. તેમનો ઉપદેશ આકર્ષક હતો. તેઓ મથુરામાં પધાર્યા ત્યારે શ્રાવકો આચાર્યની ભક્તિ કરવાથી વિશેષ પુણ્ય થશે એ ભાવનાથી સરસ સ્વાદિષ્ટ આહાર વહોરાવવા લાગ્યા. ગુરુમહારાજ પણ જીભની લાલચથી બીજે વિહાર કરવાનું માંડી વાળી ત્યાં જ સ્થિરતા કરી રહ્યા અને આલોચના કર્યા વિના કાળધર્મ પામી મથુરામાં જ યક્ષપણે ઉત્પન્ન થયા. તેમણે પોતાનો પૂર્વભવ જોયો અને પોતાની થયેલી ભૂલ સમજી પોતાના શિષ્યો આવી રસગૃદ્ધિમાં ફસાય નહીં તેનો ઉપાય યોજ્યો. શિષ્યો શહેર બહાર ઠલ્લે જઈ પાછા આવતા હતા ત્યારે યક્ષે પોતાની જીભને લાંબી બહાર કાઢી રાખી. મુનિઓએ આમ કરવાનું કારણ પૂછ્યું, એટલે યક્ષે પોતાનો પૂર્વભવ અને રસની લાલચનું કટુક પરિણામ કહી સંભળાવ્યું. આથી મુનિઓ વિશેષ રસત્યાગી બન્યા. મથુરામાં આ આચાર્યનું મંદિર પણ ત્યારે બનાવવામાં આવ્યું હતું.

૧૫. આર્ય નંદિલસૂરિ:—તેઓ વીરની પાંચમી સદી અને વિક્રમની બીજી સદીના પ્રભાવક આચાર્ય છે. તેઓ આર્ય રક્ષિત-સૂરિના વંશીય અને સાડા નવ પૂર્વના જ્ઞાતા હતા; એમ 'પ્રભાવક ચરિત્ર'નો ઉલ્લેખ છે. આ સમયે પદ્મિનીખંડમાં પદ્મપ્રભરાજા, પદ્માવતી રાણી, પદ્મદત્ત શેઠ, પદ્મયશા શેઠાણી, પદ્મકુમાર શ્રેષ્ઠીપુત્ર અને વૈરોટયા નામની શ્રેષ્ઠીપુત્રની પત્ની રહેતાં હતાં. વૈરોટયાને સાસુ તરફથી ઘણું જ દુઃખ હતું, તેને ત્રણ મહિનાનો ગર્ભ થતાં દૂધપાકનો દોહદ ઉત્પન્ન થયો. જ્યાં સાસુની સામી પ્રીતિ હોય ત્યાં બિચારીનો દોહદ પૂરે જ કોણ? એવામાં આ૦ નંદિલસૂરિ ત્યાં પધાર્યા. વૈરોટયાએ તેમને પોતાનું દુઃખ કહી સંભળાવ્યું. આચાર્ય મહારાજે ક્ષમા રાખવાનું અને ધર્મની આરાધના કરવાનું જણાવ્યું. અને હું જ્ઞાનના બળથી તને દૂધપાકનો દોહદ થયાનું પણ જાણું છું, જે તને પૂરો થશે, એમ પણ સાથોસાથ કહી દીધું. વૈરોટયા તે પ્રમાણે વર્તવા લાગી. વૈરોટયાને ચૈત્રી પૂનમે પુંડરિક

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તપનો ઉપવાસ હતો. તેની સાસુએ બીજે દિવસે ઉદ્યાપનમાં સાધર્મિક ભક્તિ માટે દૂધપાક કર્યો અને છેલ્લા ઉખેડિયા વધ્યા, તે વૈરોટયાને ખાવા આપ્યા. વૈરોટયા તેને લઈ બહાર તળાવે જઈ દૂધપાકને કિનારે મૂકી પાણીમાં પગ ધોવા ગઈ. બરાબર તેજ સમયે આલિંજર નાગની નાગરાણી ત્યાં આવી દૂધપાક ખાઈ પુનઃ પાછી પાતાલમાં ચાલી ગઈ. એટલામાં વૈરોટયાએ ત્યાં આવી દૂધપાક દીઠો નહીં પણ ખુશી થતી બોલી કે જેણે આ દૂધપાક ખાધો છે, તેના મનોરથ પૂર્ણ થાઓ. આ જાણી નાગરાજ અને નાગરાણી ખૂબ ખુશી થયાં. વૈરોટયાની સાસુને સ્વપ્નું આપી વૈરોટયાને દોહદ પૂરવા જણાવ્યું. દોહદ પૂરો થયો અને વૈરોટયાએ નાગદત્ત કુમારને જન્મ આપ્યો. નાગોએ તેના મોસાળ તરીકેની બધી ફરજો અદા કરી હતી. પછી ગુરુના ઉપદેશથી આ કુટુંબે દીક્ષા લીધી અને તે મરીને સૌધર્મ દેવલોકમાં ઉત્પન્ન થયું. વૈરોટયા ધરણેન્દ્રની રાણી બની અને ભગવાન પાર્શ્વનાથના ભક્તોને સહાય કરવા લાગી. આ૦ નંદિલ શ્રમણે નમિઊણ જિણં પાસં ઇત્યાદિ મંત્ર ગર્ભિત વૈરોટયાનું સ્તવન બનાવ્યું જે આજે પણ ઝેર ઉતારવાને તેમજ ઉપદ્રવો ટાળવાને ઉત્તમ જાપ તરીકે પ્રસિદ્ધ છે.

આ આચાર્યે ૮ નાગકુળોને જૈન બનાવ્યાં હતાં, જે નાગવંશ તરીકે વિખ્યાત હતાં. બંગાળના પ્રસિદ્ધ નાગવંશનો આ કુળો સાથે સંબંધ હોય એ બનવાજોગ છે. જો કે શંકરાચાર્યના અત્યાચાર પછી જૈનો રાજપૂતાનામાં આવ્યા એટલે એ કુટુમ્બો જૈન રહી શક્યાં નથી પરંતુ પોતે ભૂતકાળમાં ભગવાન પાર્શ્વનાથના ઉપાસક જૈન હતા એમ માને છે.

૧૯. આ૦ નાગહસ્તિસૂરિઃ—તેમનો વીર સં. ૫૭૩માં જન્મ, વી. સં, ૫૯૨માં દીક્ષા, સં. ૬૨૦માં યુગપ્રધાનપદ, અને સં. ૬૮૯માં સ્વર્ગગમન થયેલ છે. તેઓ ૧૧૬ વર્ષની ઉંમરે સ્વર્ગે ગયા છે.

દશ પૂર્વધારી આ. શ્રી વજ્રસ્વામીના પટ્ટધર આ. વજ્રસેન-સૂરિજીએ સોપારકનગરમાં આવી શેઠ જિણદત્તના આખા કુટુંબને

જૈન સાઇટ JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સુકાળની ભવિષ્યવાણી કહી બચાવી લીધું હતું અને પછી એ કુટુંબના શેઠ જિનદત્ત, શેઠાણી ઇશ્વરી, તેમના પુત્રો નાગ, ચંદ્ર, નિવૃત્તિ અને વિદ્યાધરઃ એ દરેકને દીક્ષા આપી હતી. તે પૈકીના ચારે પુત્રો આગમોનો અભ્યાસ કરી આચાર્ય થયા હતા અને તે દરેકના નામથી જુદો જુદો ગણ નીકળ્યો છે. આ. નાગસૂરિ તે આ. નાગિલ, આ. નાગેંદ્ર કે આ. નાગહસ્તિઃ એમ અનેક નામે વિખ્યાત છે. તેમનાથી નાગેંદ્રકુલ, નાઈલીશાખા અને નાગેંદ્ર ગચ્છ નીકળ્યા છે. નાગેંદ્રગચ્છમાં મહાપ્રાભાવિક આચાર્યો થયા છે.

આર્ય નંદિલસૂરિ એ સમર્થ વાચનાચાર્ય થયા છે. તેઓ વ્યાકરણ, ગણિત, ભાંગા અને કર્મપ્રકૃતિના પ્રકાંડ વિદ્વાન હતા. તેમણે અનેક વાચનાચાર્યો તૈયાર કરી વાચકવંશને સમૃદ્ધ કર્યો હતો.

દિગમ્બર આચાર્ય ઇન્દ્રનંદિ જણાવે છે કે, તે અરસામાં આ૦ ગુણધરે પાંચમા જ્ઞાનપ્રવાદ પૂર્વની દશમી વસ્તુના ત્રીજા દોષ-પ્રાભૃતના આધારે “દોષપ્રાભૃત” યાને “કષાયપ્રાભૃત” શાસ્ત્ર બનાવ્યું હતું, જેમાં અધિકાર ૧૫, મૂળ ગાથા ૧૮૩ અને વિવરણ ગાથા ૫૦૩ પ્રમાણ રચના હતી. તે તેમણે આ૦ નાગહસ્તિને ભણાવ્યું હતું; જેના ઉપર આ૦ વીરસેને ૨૦૦૦૦ ‘ધવલા’ અને આ૦ જયસેને ૪૦૦૦૦ તેની અનુપૂર્તિ ‘જયધવલા’ ટીકા કરેલ છે. (‘શ્રુતાવતાર’ આર્યા ૧૭૭ થી ૧૮૭; સંસ્કૃત શ્રુતાવતાર આર્યા ૧૫૦ થી ૧૫૪) આ ઉપરથી નક્કી છે કે તે સમયે પાંચ પૂર્વોથી અધિક જ્ઞાન વિદ્યમાન હતું અને આ૦ નાગહસ્તિ કર્મ વિષયના સંપૂર્ણ જ્ઞાતા હતા તેમજ સમર્થ વાચનાચાર્ય હતા.

આ૦ મહાગિરિજીની પરંપરાના આ૦ કૌડિન્નના શિષ્ય આ૦ નાગ, આ આ૦ નાગહસ્તિસૂરિથી ભિન્ન આચાર્ય છે.

૧૭ આ. રેવતીનક્ષત્રઃ—તેમનો યુગપ્રધાનકાળ વીર સં. ૬૮૯ થી ૭૪૮ સુધી છે. ૧૦૯ વર્ષની ઉંમરે સ્વર્ગે ગયા છે. તેઓ જાત્યંજન જેવા પ્રધાન અને બીડેલા કુમુદ જેવા શોભતા હતા. તેમણે પણ વાચકવંશને ખૂબ વિકસાવ્યો હતો.



www.jainsite.com   For Private & Personal Use Only   info@jainsite.com

૧૮. આ૦ સિંહસૂરિઃ—તેમનો યુગપ્રધાનકાળ વી. સં. ૭૪૮ થી ૮૨૬ છે. તેઓ અચલપુરાના વતની હતા, બ્રહ્મદ્વીપી શાખામાં દીક્ષિત થયા હતા, કાલિકશ્રુતના પ્રખર વ્યાખ્યાતા હતા, ધીર હતા અને ઉત્તમ વાચનાચાર્યપદે આવ્યા હતા.

૧૯. આ૦ સ્કંદિલઃ—તેમનું નામ સોમરથ હતું. તે મથુરાના રહેવાસી, ધર્મે જૈન, બ્રાહ્મણ મેઘરથ અને રૂપરેખાના પુત્ર હતા. તેમણે આ૦ વજ્રસ્વામી અને આર્ય રથની પરંપરાના કાશ્યપ ગોત્રવાળા સ્થવિર આર્ય સિંહના ઉપદેશથી વૈરાગ્ય પામી આર્ય ધર્મ પાસે દીક્ષા લીધી હતી અને બ્રહ્મદ્વીપિકા શાખાના આ૦ સિંહસૂરિ વાચનાચાર્ય પાસેથી આગમ તથા પૂર્વનું જ્ઞાન મેળવી વાચકપદ પ્રાપ્ત કર્યું હતું. યુગપ્રધાનયંત્રના આધારે તેમનો વાચનાચાર્ય કાળ વીર સં. ૮૨૬નો છે. તેઓ તે સમયના સમર્થ વાચનાચાર્ય છે. આ અરસામાં સૌરાષ્ટ્રમાં બૌદ્ધધર્મ અને જૈનધર્મમાં સંઘર્ષ ચાલ્યો, મધ્ય ભારતમાં હૂણો અને ગુપ્તોનું ભયંકર યુદ્ધ થયું અને બાર વર્ષી દુકાળ પડ્યો. એટલે જૈન મુનિઓની અને વિશેષતઃ શ્રુતધરોની સંખ્યા ઘટી ગઈ. પરિણામે આગમોનો વિચ્છેદ થવાની સ્થિતિ આવી પડી. આ કટોકટીમાં વીર સં. ૮૩૦ થી ૮૪૦ લગભગમાં આ૦ સ્કંદિલસૂરિએ ઉત્તરાપથના મુનિઓને મથુરામાં અને આ૦ નાગાર્જુને દક્ષિણાપથના મુનિઓને વલભીમાં એકઠા કરી ચોથી આગમવાચના કરી અને જિનાગમોને પુસ્તકરૂપે લખ્યાં. આ રીતે મથુરામાં અને વલભીમાં બે પાઠો તૈયાર થયા. હવે તે બન્ને પાઠો મેળવી એક ચોક્કસ પાઠ નક્કી કરવાનું બાકી હતું, પરંતુ કાળના પ્રભાવે તેવો યોગ મળ્યો નહીં એટલે તેઓએ તે વારસો પોતપોતાના શિષ્યોને આપ્યો.

દેવર્દ્ધિગણી ક્ષમાશ્રમણ 'નંદીસૂત્રની પટ્ટાવલી'માં વાચનાચાર્ય સ્કંદિલની ખૂબ પ્રશંસા કરે છે અને કલ્પસૂત્રની 'સ્થવિરાવલી'માં તેમનું નામ આપી તેમના ગુરુભાઈ આર્ય જંબૂથી

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પોતાની પટ્ટાવલી જોડે છે. આથી એમ માની શકાય કે આ૦ સ્કંદિલ સમર્થ ગણાચાર્ય હતા તેમજ અજોડ વાચનાચાર્ય હતા.

આ આચાર્યને કલ્પસૂત્રની સ્થવિરાવલીમાં 'અજ્જસંડિલ્લ' નામથી અને નંદીસૂત્રની પટ્ટાવલીમાં 'ખંદિલાયરિય' નામથી ઉલ્લેખ્યા છે, તે તેમના પર્યાયવાચક નામો જ સંભવે છે, તેમનાં પર્યાયવાચક નામો સંડિલ્લ, ષંડિલ્લ, ખંદિલ, સ્કંદિલ ઇત્યાદિ છે.* એટલે તે દરેકને એક માની અમે અહીં આ૦ સ્કંદિલનું ચરિત્ર આપેલ છે.

આ આચાર્યને અનેક ગુરુભાઈઓ હતા પરંતુ આપણને તેઓમાંથી એકનું જ નામ મળે છે. ગૌતમગોત્રી આર્ય જંબૂસૂરિ એ તેમના ગુરુભાઈ હતા, જેઓ સાત્ત્વિક શક્તિશાલી, જ્ઞાની અને ચારિત્રશાલી હતા. તેમની શિષ્યપરંપરામાં આ૦ દેવર્દ્ધિગણી ક્ષમાશ્રમણ થયા છે

૨૦. **હિમવંત ક્ષમાશ્રમણ**:—જેઓ પૂર્વના પણ જ્ઞાતા હતા.

૨૧. **આ૦ નાગાર્જુનસૂરિ**:—તેઓ નાગેન્દ્રવંશના અને આ૦ સ્કંદિલાચાર્યના સમકાલીન આચાર્ય છે. તેમણે દક્ષિણપથના શ્રમણસંઘને મેળવી વલભીમાં ચોથી આગમવાચના કરી હતી. તેમનો વીર સં. ૭૯૩ માં જન્મ, સં. ૮૦૭ માં દીક્ષા, સં. ૮૨૬ માં યુગપ્રધાનપદ અને સં. ૯૦૪ માં ૧૧૧ વર્ષની ઉંમરે સ્વર્ગગમન થયેલ છે. તેઓ વાચનાચાર્ય હતા.

આ સ્થાને નંદીસૂત્ર પટ્ટાવલીમાં બીજી બે પ્રક્ષિપ્ત ગાથાઓ મળે છે, જેમાં આ૦ ગોવિંદ અને આ૦ ભૂતદિન્નનો નામોલ્લેખ છે.

---

* अज्ज संडिलं थेरे अंतेवासी (–कल्प स्थविरावली)
ते वंदे खंदिलायरिए (–नंदीपट्टावली गा० ३२)
(सामज्जं) संडिल्लं अज्जजीयधरं (–नंदीपट्टावली गा० २६)
सामज्जं खंदिलायरियं (–दुस्सम० समणसंघथयं)
घनसुंदर-श्यामार्यौ स्कंदिलाचार्य इत्यपि ॥ ११५ ॥
(–लोकप्रकाश–सर्गः ३४)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આ૦ ગોવિંદસૂરિ શરૂમાં કટ્ટર મિથ્યાત્વી હતા, પ્રકાંડ વાદી હતા અને જૈનાચાર્યો સાથેના વાદમાં અનેક વાર હાર્યા હતા. પછી તેમણે જૈન શાસ્ત્રો ભણી તેનું ખંડન કરવું, એવા દંભથી જૈન મુનિ બની પૂર્વો સુધીનું જૈન જ્ઞાન મેળવ્યું પણ તેનું પરિણામ એ આવ્યું કે તેઓ જિનવાણીના પ્રભાવે મિથ્યાત્વી મટી સાચા જૈનાચાર્ય બન્યા, અને વાચકપદે સ્થાપિત થયા. જિનવાણીનો મહિમા અપાર છે. તેઓ વીર સં. ૯૦૦ પછી વિદ્યમાન હતા. (શ્રાદ્ધદિનકૃત્ય ગા. ૯૦ ટીકા પૃ. ૨૪૪)

૨૨. આ૦ ભૂતદિન્નઃ— તેમનો યુગપ્રધાનકાળ વી. સં. ૯૦૪થી વી. સં. ૯૮૩ સુધીનો છે. તેમનું આયુષ્ય ૧૧૯ વર્ષનું હતું. તેઓ આ. નાગાર્જુનસૂરિના શિષ્ય હતા; સોના જેવી દીપતી કાંતિવાળા હતા, બહુ દયાળુ હતા, તેમણે પઠનપાઠનને ખૂબ ઉત્તેજન આપ્યું છે અને નાગેન્દ્રવંશને શોભાવ્યો છે.

૨૩. આ૦ લોહિત્યસૂરિ—તેઓ સૂત્ર અને અર્થના યથાર્થ ધારક હતા અને સાત ભંગીમાં નિષ્ણાત હતા.

JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

૨૪. દુષ્યગણિઃ—તેઓ મધુર ભાષી હતા, સમર્થ વ્યાખ્યાતા હતા, સામાન્ય અર્થ અને વિશેષ અર્થના ભંડાર હતા. તેમનાં હાથ પગનાં તળિયાં કોમળ અને લક્ષણવાળાં હતાં તેમજ તેમના ચરણમાં અનેક જ્ઞાની પુરુષો ઝૂકી રહેતા હતા.

'નંદીસૂત્ર પટ્ટાવલી'માં આ સ્થાને પણ એક પ્રક્ષિપ્ત ગાથા છે. જેમાં આ૦ દુષ્યગણિના વાસ્તવિક ગુણોની પ્રશંસા છે. કલ્પ-સૂત્રમાં આ૦ થંડિલ્લના ગુરુભાઈની પરંપરામાં દેશીગણિ ક્ષમા-શ્રમણ બતાવ્યા છે, તે અને આ આચાર્ય એક હોય એમ લાગે છે.

૨૫. દેવવાચકઃ—આચાર્ય શ્રીદેવર્દ્ધિગણિ ક્ષમાશ્રમણ જ વાચનાચાર્ય દેવવાચક છે. તેઓ આ૦ શ્રીવજ્રસ્વામીની એક શ્રમણપરંપરાના ગણનાયક હતા અને વાચકવંશના વાચનાચાર્ય પણ હતા. (વિચારશ્રેણિ) આ૦ સ્કંદિલસૂરિએ કરેલી ચોથી માથુરીવાચનાના આગમોનો વારસો તેમની પાસે હતો. આ સમયે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આચાર્ય નાગાર્જુનસૂરિની પરંપરામાં આચાર્ય કાલકાચાર્ય વિદ્યમાન હતા; જેમનો યુગપ્રધાનકાળ વી. સં. ૯૮૩ થી ૯૯૪ છે, આ૦ નાગાર્જુનની ચોથી :વલભીવાચનાનો વારસો તેમની પાસે હતો. આ બન્ને આચાર્યોએ વીર સં. ૯૮૦ માં વલભીમાં મળી બન્ને વાચનાના પાઠો મેળવી એક આગમપાઠ નક્કી કર્યો છે. જે પાઠ આજે વિદ્યમાન છે. બન્ને વાચનાના પાઠભેદો પણ તેમાં કાયમ રાખ્યા છે. આ૦ કાલિકસૂરિ તે **ચોથા કાલકાચાર્ય** છે. તેમણે વીર સં. ૯૯૩ માં આનંદપુરમાં વલભીવંશીય રાજા ધ્રુવસેન (પહેલા) ની હાજરીમાં શ્રીસંઘ સમક્ષ 'કલ્પસૂત્ર' વાંચવાનો પ્રારંભ કર્યો. તેમની જ પાટે આ૦ **સત્યમિત્ર** યુગપ્રધાન થયા છે; જે છેલ્લા પૂર્વવિદ્ હતા, વાચકવંશના અંતિમ આચાર્ય હતા. ત્યાર પછી વાચકવંશ આગળ ચાલ્યો નથી.

અહીં નંદીસૂત્રના આધારે આ વાચકવંશ બતાવ્યો છે, નંદીસૂત્ર પ્રમાણે ગ. શ્રીસુધર્માસ્વામીથી પચીસમા વાચનાચાર્ય આ૦ દેવર્દ્ધિ છે. 'હિમવંત સ્થવિરાવલી' અને 'નંદીસૂત્રની ટીકા'માં પણ આ જ આચાર્યક્રમ મળે છે, વળી 'કૃષ્ણર્ષિગચ્છના આ૦ જયસિંહસૂરિએ 'ધર્મોપદેશમાળા'ના સ્વોપજ્ઞ વિવરણને અંતે ગણધરો તથા વાચનાચાર્યો બતાવ્યા છે, તેમાં આ૦ દેવર્દ્ધિને આ૦ જંબૂસ્વામીથી ચોવીશમા આચાર્ય ઉલ્લેખ્યા છે. એટલે શ્રી-સુધર્માસ્વામીથી આ૦ દેવર્દ્ધિગણી પચીસમા વાચનાચાર્ય છે; એ વાત નક્કર છે અને એ રીતે નંદીસૂત્રનો વાચનાચાર્ય ક્રમ બરાબર છે.

કોઈ કોઈ પ્રતિમાં આ૦ સંગુ અને આ૦ નન્દિલ ખમણની વચ્ચે બે પ્રક્ષિપ્ત ગાથાઓ આપી આ૦ **ધર્મ**, આ૦ **ભદ્રગુપ્ત**, આ૦ **વજ્રસ્વામી** તથા આ૦ રક્ષિતશ્રમણને વાચનાચાર્ય જણાવ્યા છે. ખરેખર, તેઓ વાચનાચાર્ય તો છે જ કિન્તુ તેઓ જુદી શાખાઓના વાચનાચાર્યો છે, માટે તેઓને 'નંદીસૂત્ર'ના પ્રસ્તુત વાચકવંશમાં લીધા નથી.

આ જ રીતે આ૦ નાગાર્જુન પછી પણ બે પ્રક્ષિપ્ત ગાથાઓ આપી આ૦ ગોવિંદ આ૦ ભૂતદિન્ન અને આ૦ સંયમવિષ્ણુને

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વાચનાચાર્ય જણાવ્યા છે પણ તેઓ આ૦ ભૂતદિન્નના સમકાલીન છે, માટે તેઓને 'નંદીસૂત્ર'ના વાચકવંશમાં લીધા નથી.

પ્રક્ષિપ્ત ગાથાઓમાં બતાવેલ વાચનાચાર્યો પૈકીના કેટલાએક તો યુગપ્રધાનો છે. તેઓનું વર્ણન આગળ યુગપ્રધાન પટ્ટાવલીમાં આપેલ છે.

> वाई य खमासमणे, दिवायरे वायग त्ति एगट्ठा।
> पुव्वगयम्मि य सुत्ते, एए सद्दा पउंजंति ॥ १ ॥

વાદી, ક્ષમાશ્રમણ, દિવાકર અને વાચક આ શબ્દો પૂર્વધર માટે વપરાય છે—વપરાતા હતા.

હવે તો વાદી શબ્દ વાદી અર્થમાં, ક્ષમાશ્રમણ શબ્દ ક્ષમાધર બહુશ્રુતના અર્થમાં, દિવાકર શબ્દ તેજસ્વી અર્થમાં અને વાચક શબ્દ ઉપાધ્યાય અર્થમાં વપરાય છે.

વાચકવંશ તે જુદા જુદા ગચ્છમાં એક પછી એક થયેલા વિદ્યાધારક વાચનાચાર્યોની શૃંખલારૂપે જોડેલી શ્રમણપરંપરા છે, આથી ઇતિહાસમાં કોઈ કોઈ સ્થાને આ વાચકવંશને જ વિદ્યાધરવંશ તરીકે પણ ઓળખાવ્યો હોય એમ લાગે છે.

'પ્રભાવકચરિત્ર'માં આ૦ શ્યામાચાર્યને આ૦ ગુણાકરસૂરિ યાને આ૦ ગુણસુંદરસૂરિના શિષ્ય બતાવ્યા છે અને આગળ જતાં તેમને જ વિદ્યાવંશના બતાવ્યા છે. વળી, દરેક આચાર્યો વાચકવંશના પ્રધાન આચાર્યો છે. આ સમન્વય જોતાં પ્રસ્તુત વિદ્યાધરવંશ અને વાચકવંશ એક છે, એમ માનવું એ વ્યાજબી માન્યતા છે. આમ માનવાથી ઘણી ઐતિહાસિક ગૂંચોનો સરળ ઉકેલ થઈ જાય છે.

'દુસ્સમકાલસમણસંઘથય' અને 'વિચારશ્રેણિ'ના આધારે યુગપ્રધાન પટ્ટાવલી તથા યુગપ્રધાનોનો કાળ નીચે મુજબ છે:

જૈન સાઈટ JAINSITE.com
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## યુગપ્રધાન પટ્ટાવલી

| | |
|---|---|
| ૧. ગણધર શ્રીસુધર્માસ્વામી | વીર સં. ૧ થી ૨૦ |
| ૨. આ૦ જંબૂસ્વામી | વી. સં. ૨૦ થી ૬૪ |
| ૩. આ૦ પ્રભવસ્વામી | વી. સં. ૬૪ થી ૭૫ |
| ૪. આ૦ શય્યંભવસૂરિ | વી. સં. ૭૫ થી ૯૮ |
| ૫. આ૦ યશોભદ્રસૂરિ | વી. સં. ૯૮ થી ૧૪૮ |
| ૬. આ૦ સંભૂતિવિજય | વી. સં. ૧૪૮ થી ૧૫૬ |
| ૭. આ૦ ભદ્રબાહુસ્વામી | વી. સં. ૧૫૬ થી ૧૭૦ |
| ૮. આ૦ સ્થૂલભદ્રજી | વી. સં. ૧૭૦ થી ૨૧૫ |
| ૯. આ૦ મહાગિરિજી | વી. સં. ૨૧૫ થી ૨૪૫ |
| ૧૦. આ૦ સુહસ્તિસૂરિજી | વી. સં. ૨૪૫ થી ૨૯૧ |

૧૧. આ૦ ગુણસુંદરસૂરિ:—તેમનો વીર સં. ૨૩૫ માં જન્મ, સં. ૨૫૯ માં દીક્ષા, સં. ૨૯૧ માં યુગપ્રધાનપદ અને સં. ૩૩૫ માં ૧૦૦ વર્ષની ઉંમરે સ્વર્ગગમન.

આ આચાર્યનાં બીજાં નામો આ૦ ધનસુંદર, આ૦ મેઘગણિ, આ૦ ગુણસુંદર અને આ૦ ગુણાકર મળે છે. 'પ્રભાવક-ચરિત્ર'ના ઉલ્લેખ પ્રમાણે આ૦ પ્રથમ કાલિકાચાર્યજી તેમના શિષ્ય છે. આ૦ સુહસ્તિસૂરિના પહેલા ૬ શિષ્યો પૈકીના પહેલા પાંચ શિષ્યોને જુદા જુદા ગણના પ્રવર્તક બતાવ્યા છે. માત્ર ત્રીજા શિષ્ય મેઘગણિને જુદા ગણસ્થાપક તરીકે ઓળખાવ્યા નથી; આથી એમ લાગે છે કે તે આ૦ મેઘગણિ જ યુ. આ૦ ધનસુંદરસૂરિ યાને યુ. આ૦ ગુણસુંદરસૂરિ હોવા જોઈએ અને એમ હોય તો આ યુગપ્રધાન આચાર્ય આ૦ સુહસ્તિસૂરિના જ શિષ્ય છે.

૧૨. આ૦ શ્યામાચાર્યજી—વીર સં. ૩૩૫ થી ૩૭૬. તેઓ આ૦ ગુણસુંદરસૂરિના શિષ્ય છે; જેમનું જીવનચરિત્ર વાચકવંશ પરંપરામાં આવી ગયું છે. ( જુઓ : પૃ૦ ૧૮૦ )

૧૩. આ૦ સ્કંદિલજી—વીર સં. ૩૭૬ થી ૪૧૪, જેમનું ચરિત્ર વાચકવંશમાં આપ્યું છે. ( જુઓ : પૃ૦ ૧૮૨ )

૧૪. આ૦ રેવતીમિત્ર :—વીર સં. ૪૧૪ થી ૪૫૦.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૧૫. આ૦ ધર્મસૂરિઃ—તેમનો વીર સં. ૩૬૨ માં જન્મ, સં. ૪૦૬ માં દીક્ષા, સં. ૪૫૦ માં યુગપ્રધાન પદ, સં. ૪૬૫ માં ૧૦૨ વર્ષની ઉંમરે સ્વર્ગગમન થયાં છે. દાદા શ્રીધર્મઘોષસૂરિજી લખે છે કે આ અરસામાં આ૦ ખપૂટાચાર્ય, આ૦ વૃદ્ધવાદીજી થયા, 'જીતકલ્પ' બન્યું, પંચકલ્પનો વિચ્છેદ થયો, પ્રત્યેક-બુદ્ધ, સ્વયંબુદ્ધનો વિચ્છેદ થયો, બુદ્ધબોધિતની સંખ્યા ઘટવા લાગી, આ૦ સિદ્ધસેન દિવાકર આ આચાર્યના શિષ્ય હતા વગેરે. 'વિચારશ્રેણિ'માં પણ આ૦ સિદ્ધસેનને આ૦ ધર્મસૂરિના શિષ્ય તરીકે ઓળખાવ્યા છે. આથી માનવું પડે છે કે, આ૦ સ્કંદિલ-સૂરિજીએ વીર સં. ૪૦૬ થી ૪૧૪ ના ગાળામાં 'જીતકલ્પ' બનાવ્યો હશે અને આ૦ સિદ્ધસેન દિવાકર આ આચાર્ય પ્રત્યે ખૂબ પૂજ્યભાવ ધરાવતા હશે.

૧૬. આ૦ ભદ્રગુપ્તસૂરિઃ—વીર સં. ૪૯૪ થી ૫૩૩.

૧૭. આ૦ શ્રીગુપ્તસૂરિઃ—વીર સં. ૫૩૩ થી ૫૪૮. ત્રૈરાશિક મતનો સ્થાપનાર રોહગુપ્ત આ આચાર્યનો વિદ્યાશિષ્ય હતો.

૧૮. આ૦ વજ્રસ્વામીઃ—વીર સં. ૫૪૮ થી ૫૮૪. આ આચાર્યશ્રીનું ચરિત્ર પટ્ટાનુક્રમમાં આગળ આવશે.

૧૯. આ૦ આર્યરક્ષિતજીઃ—વીર સં. ૫૮૪ થી ૫૯૭.

૨૦. આ દુર્બલિકાપુષ્પમિત્ર—વીર સં. ૫૯૭ થી ૬૧૭.

૨૧. આ૦ વજ્રસેનસૂરિઃ—વીર સં. ૬૧૭ થી ૬૨૦ જેમનું ચરિત્ર પટ્ટના અનુક્રમે આગળ આપીશું.

૨૨. આ૦ નાગહસ્તિ—વીર સં. ૬૨૦ થી ૬૮૯. તેમનું ચરિત્ર વાચકવંશ પરંપરામાં આવી ગયું છે. ( જુઓ : પૃ૦ ૧૮૪ )

૨૩. આ૦ રેવતીમિત્ર—વીર સં. ૬૮૯ થી ૭૪૮. તેઓ પણ સમર્થ વાચનાચાર્ય હતા. ( જુઓ : 'વાચકવંશપરંપરા' પૃ૦ ૧૮૫)

૨૪. આ૦ સિંહસૂરિ—વીર સં. ૭૪૮ થી ૮૨૬. તેઓ પણ બ્રહ્મદ્વીપી શાખામાં થયેલ વાચનાચાર્ય છે.

જૈનમ્ જયતિ શાસનમ્
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૨૫. આ૦ નાગાર્જુનસૂરિઃ—વીર સં. ૮૨૬ થી ૯૦૪. તેમણે વી૦ સં૦ ૮૩૦ લગભગમાં વલભીમાં મોટી આગમવાચના કરી છે. (પરિચય માટે જુઓઃ 'વાચકવંશ પરંપરા.' પૃ૦ ૧૮૭)

૨૬. આ૦ ભૂતદિન્નસૂરિ-વીર સં. ૯૦૪ થી ૯૮૩. તેઓ નાગેન્દ્રકુળના સમર્થ વાચનાચાર્ય હતા. (જુઓઃ 'વાચકવંશપરંપરા.' પૃ૦ ૧૮૮ )

૨૭. આ૦ કાલિકસૂરિ વીર સં૦ ૯૮૩ થી ૯૯૪. તેઓ ચોથા કાલિકાચાર્ય છે. જેમ આ૦ સ્કંદિલસૂરિની આગમવાચનાના વાચનાચાર્ય આ૦ દેવર્દ્ધિગણી ક્ષમાશ્રમણ હતા, તેમ આ૦ નાગાર્જુનસૂરિની આગમવાચનાના વાચનાચાર્ય આ૦ કાલિકસૂરિ હતા. આ બંને આચાર્યોએ મળી બંને આગમવાચનાના પાઠો મેળવીને એક આગમપાઠ બનાવ્યો છે અને વલભીમાં વીર સં. ૯૮૦ માં આગમને પુસ્તકારૂઢ કર્યો છે; જે આગમો અત્યારે વિદ્યમાન છે. વીર સં૦ ૯૯૩ લગભગમાં વલભીના રાજા પ્રથમ ધ્રુવસેનનો કુમાર મરી ગયો એટલે રાજકુટુંબ શોકમાં હતું અને તે વડનગરમાં રહેતું હતું. આ૦ શ્રી કાલિકાચાર્યે તે વર્ષે ત્યાં ચોમાસું કરી રાજકુટુંબના શોકનિવારણ માટે શ્રીસંઘ સમક્ષ જાહેર રીતે 'શ્રીકલ્પસૂત્ર'નું વ્યાખ્યાન આપ્યું હતું. રાજાએ પણ સહકુટુંબ શોક મૂકી, ઉપાશ્રયમાં આવી 'કલ્પસૂત્ર' સાંભળ્યું હતું ત્યારથી સંઘ સમક્ષ 'કલ્પસૂત્ર' વાંચવાનો પ્રારંભ થયો છે, જે પ્રવૃત્તિ આજ પણ વિદ્યમાન છે. વિવેકી શ્રાવક-શ્રાવિકાઓની ફરજ છે કે દરેકે પજુસણમાં શોક મૂકી ઉપાશ્રયમાં આવી 'શ્રીકલ્પસૂત્ર'નું વ્યાખ્યાન સાંભળવું જોઈએ. એ આચાર્ય તે યુગના સમર્થ યુગપ્રધાન છે.

૨૮. આ૦ સત્યમિત્ર—વીર સં. ૯૯૪ થી ૧૦૦૦. આ આચાર્ય છેલ્લા પૂર્વધર છે. તેમનું સ્વર્ગગમન થતાં પૂર્વજ્ઞાનનો સમૂળ વિચ્છેદ થયો છે.

૨૯. આ૦ હારિલ—તેમનો વીર સં. ૯૪૩ અથવા ૯૫૩ માં જન્મ, વીર સં. ૯૭૦ માં દીક્ષા, વીર સં. ૧૦૦૦ માં યુગપ્રધાનપદ અને વીર સં. ૧૦૫૫ માં સ્વર્ગગમન થયેલ છે.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આ આચાર્યનાં હારિલસૂરિ, હરિગુપ્તસૂરિ અને હરિભદ્રસૂરિ: એમ ત્રણ નામો મળે છે. 'વિચારશ્રેણિ'માં યુગપ્રધાન, આ. હારિલને સ્થાને હરિભદ્રસૂરિનું નામ આપ્યું છે તેમજ તેમના વિશે પંચસય૦ ગાથા આપી, વિક્રમ સં. ૫૮૫ માં સ્વર્ગગમન બતાવેલ છે અને ત્યાર પછી 'ततो जिनभद्रक्षमाश्रमण ६५।' એમ સંયોજના કરેલ છે. આ આચાર્ય વીર સં. ૯૮૦ ની વલભીવાચનામાં હાજર હતા, તેમને હૂણસમ્રાટ તોરમાણ ગુરુ તરીકે માનતો હતો. આ આચાર્યનો વિશેષ પરિચય પ્રકરણ ૨૭માં આપીશું.

૩૦. આ૦ જિનભદ્રગણિ ક્ષમાક્ષમણ—તેમનો વીર સં. ૧૦૧૧ માં જન્મ, સં. ૧૦૨૫ માં દીક્ષા, સં. ૧૦૫૫ માં યુગપ્રધાનપદ, અને સં. ૧૧૧૫ માં ૧૦૪ વર્ષની ઉંમરે સ્વર્ગગમન થયેલ છે.* તેમણે 'વિશેષાવશ્યક ભાષ્ય–ટીકા અપૂર્ણ ગ્રં. ૪૫૦૦, જીતકલ્પ, સભાષ્ય વિશેષણવતી ગ્રં. ૪૦૦, બૃહત્સંગ્રહણી, બૃહત્ક્ષેત્રસમાસ, ધ્યાનશતક, અને નિશીથભાષ્ય' વગેરે ગ્રંથો નિર્માણ કર્યા છે. 'તીર્થકલ્પ'માં ઉલ્લેખ છે કે, તેમણે મથુરામાં જઈ 'મહાનિશીથ સૂત્ર'નો જીર્ણોદ્ધાર કર્યો હતો પણ તે આ૦ જિનદાસ ગણીને ઉદ્દેશીને લખ્યું હોય એમ સંભવે છે. કેમકે 'મહાનિશીથ'ની ઉદ્ધારપ્રશસ્તિને છેડે આ૦ જિનભદ્રનો નહીં, કિન્તુ જિનદાસ ગણીના નામનો ઉલ્લેખ છે. આ આચાર્ય તે સમયના પ્રભાવક યુગપ્રધાન છે. તેમણે શક સં. ૫૩૧ (વિ. સં. ૬૬૬, વીર સં. ૧૦૭૬)માં ચૈ. શુ. ૧૫ બુધવારે સ્વાતિનક્ષત્રમાં વલભીમાં રાજા પ્રથમ શીલાદિત્યના રાજ્યકાળમાં ×ભગવાન શ્રીમહાવીરસ્વામીના જિનાલયમાં ગ્રં. ૪૩૦૦

---

* તેમના સત્તાસમય માટે જુઓ: 'જૈન સાહિત્ય સંશોધક' ખંડ ૩, અં. ૧, પૃ. ૮૮ માં શ્રીયુત મોહનલાલ ભ૦ ઝવેરીનો 'જિનભદ્રગણી ક્ષમાશ્રમણનો સમય' શીર્ષક લેખ.

× શાકે ૫૩૧, વિ. સં. ૬૬૬, ઈ. સ. ૬૦૯, ૬૧૦, વલભી સં. ૨૯૧ વીર સં. ૧૦૭૬ એ બરાબર વર્ષો છે. પહેલા શીલાદિત્યના વલભી સં. ૨૮૫ થી ૨૯૦ સુધીનાં તામ્રપત્રો મળે છે એટલે તે રાજા વલભી સં. ૨૯૧માં વિદ્યમાન હતો એ વાત નકી છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પ્રમાણુ 'વિશેષાવશ્યક–ભાષ્ય'ની રચના કરી છે અને તે વડે જૈન દર્શનની અનેક શ્રદ્ધાગમ્ય વસ્તુઓને તર્કથી પણ સ્વીકારી શકાય તેવી રીતે વ્યવસ્થિત કરી છે. 'વિશેષાવશ્યક ભાષ્ય' એ જૈન સાહિત્યમાં મુકુટમણિ સમાન શાસ્ત્ર છે. મહાતાત્ત્વિક આ૦ સિદ્ધસેન દિવાકરજીએ 'સન્મતિતર્ક'માં કેવળજ્ઞાન અને કેવળદર્શન ઉપયોગની સહસ્થિતિ અને એકતા અનેક દલીલોથી રજુ કરી છે, જ્યારે આ૦ જિનભદ્રગણી ક્ષમાશ્રમણે શ્રુતિ અને યુક્તિથી તેનો સચોટ જવાબ આપી 'કેવળજ્ઞાન અને કેવળદર્શનના ઉપયોગો એક કાળે ન હોઈ શકે' એ આગમવાણીને વ્યાજબી ઠરાવી છે. તેઓ આગમવાદી કે સિદ્ધાંતવાદી તરીકે ઓળખાય છે, તે આ કારણે જ છે. તેમણે 'વિશેષાવશ્યક ભાષ્ય'માં સુબંધુની 'વાસવદત્તા' અને આ૦ પાદલિપ્તસૂરિની 'તરંગવતી'નો ઉલ્લેખ કર્યો છે. તેમની વસ્તુનિરૂપણ શૈલી અજોડ હતી. તેથી જ ક. સ. આ૦ શ્રીહેમચંદ્રસૂરિજીએ 'સિદ્ધહેમ બૃહદ્ વૃત્તિ' [અ. ૨, પા. ૨, સૂ. ૩૯.] માં उपजिनभद्रक्षमाश्रमणं व्याख्यातारः લખી તેઓને મહાવ્યાખ્યાતા તરીકે નવાજ્યા છે.

जैन साईट
JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

તેમના 'જીતકલ્પ ભાષ્ય' ઉપર આ. સિદ્ધસેનસૂરિએ ચૂર્ણી રચી છે, શ્રીતિલકાચાર્યે વિ. સં. ૧૨૭૪ માં ટીકા રચી છે. 'વિશેષાવશ્યક ભાષ્ય' ઉપર પોતે સ્વોપજ્ઞ ટીકા રચી છે, જે અધૂરી રહી હતી, તેને કોટિ આર્ય મહત્તરે પૂરી કરી છે અને તેના આધારે બીજા શ્રીકોટ્યાચાર્યે તથા આ૦ મલધારી હેમચંદ્રે વિસ્તૃત ટીકા રચી છે. 'ધ્યાનશતક' ઉપર આ૦ હરિભદ્રસૂરિ વગેરેએ ટીકા બનાવી છે. તેમજ તેમના 'જિતકલ્પ ભાષ્ય'ના આધારે આ૦ સોમપ્રભસૂરિએ 'યતિજિતકલ્પ' અને આ૦ ધર્મઘોષસૂરિએ 'શ્રાદ્ધજિતકલ્પ' બનાવ્યા છે.

આ૦ સિદ્ધસેન 'જિતકલ્પ'ની ચૂર્ણીમાં ૬ પદ્યોથી તેમની સ્તુતિ કરે છે; જેમાં તેમને આગમોના વાસ્તવિક અર્થના જ્ઞાતા, યુગપ્રધાન, બહુશ્રુતોના માનનીય, સર્વશ્રુતિશાસ્ત્રકુશલ, દર્શન, જ્ઞાન ઉપયોગના વાસ્તવિક માર્ગમાં સ્થિત, અનેક મુનિવર સેવિત,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સ્વસમયવેદી, પરસમયના જાણ, સર્વવિદ્યાવિશારદ, સમર્થ વ્યાખ્યાતા, વિસ્તૃત અનુયોગવાળા, બહુયશવાળા, મહાજ્ઞાની, ગણધરવાદને વિસ્તારથી સમજાવનાર, અનુપમ 'વિશેષાવશ્યક'ના વિધાતા, 'જિતદાનકલ્પ' સૂત્રના કર્તા, પરશાસ્ત્રનિપુણ, આદર્શ સંયમી અને ક્ષમાશ્રમણોમાં એક નિધાન જેવા વગેરે વિશેષણો આપ્યાં છે. તેમના પરિચય માટે આ વિશેષણો સાર્થક છે અને ઉચિત પણ છે. એકંદરે વિક્રમની સાતમી સદીના ઉત્તરાર્ધના આ સમર્થ યુગપ્રધાન છે.

૩૧. આ૦ સ્વાતિસૂરિ–વીર સં. ૧૧૧૫ થી ૧૧૯૦. 'દુસ્સમકાલસમણુસંઘથય' અને 'લોકપ્રકાશમાં' આ આચાર્યને વાચક ઉમાસ્વાતિ તરીકે ઓળખાવ્યા છે પરંતુ આ આચાર્ય વાચક ઉમાસ્વાતિથી જુદા ત્રીજા સ્વાતિસૂરિ છે. આ આચાર્યે ચોદશે પાખી વ્યવસ્થિત કરી હતી. આ માટે નીચે મુજબ બે ગાથાઓ મળે છે:—

बारसवाससएसुं, पुण्णिमदिवसाओ पक्खियं जेण।
चउद्दसी पढमं पव्वं, पकप्पिअं साहिसूरिहिं ॥२८०॥
('પટ્ટાવલી સમુચ્ચય', પૃ. ૧૯૬, 'રત્નસંચય' ગા. ૨૮૦)

बारसवाससएसुं, पन्नासहिएसुं वद्धमाणाओ।
चउद्दसिपढमपव्वेसो, पकप्पिओ साइसूरिहिं ॥ ('વિચારશ્રેણિ')

આ જ અરસામાં વાચક ઉમાસ્વાતિની ઉપમા આપી શકાય તેવા આ૦ સિદ્ધસેનગણિ થયા છે; જેમને 'મહાનિશીથસૂત્ર'ની ઉદ્ધારપ્રશસ્તિમાં સિદ્ધસેન દિવાકર તરીકે નવાજ્યા છે.

૩૨. આ૦ પુષ્પમિત્ર–વીર સં. ૧૧૯૦ થી ૧૨૫૦.

૩૩. આ૦ સંભૂતિ–વી. સં. ૧૨૫૦ થી ૧૩૦૦. આ જ અરસામાં મોઢેરગચ્છના આ૦ ભદ્રકીર્તિ યાને આ૦ બપ્પભટ્ટિ થયા છે, જે તે યુગના યુગપ્રધાન છે.

૩૪. આ૦ માઢરસંભૂતિ–વી. સં. ૧૩૦૦ થી ૧૩૬૦.

૩૫. આ૦ ધર્મઋષિ–સ્વર્ગવાસ વીર સં. ૧૪૦૦. આ અરસામાં રાજગચ્છના આ૦ ધનેશ્વર મહાન પ્રભાવક થયા છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૩૬. આ૦ જયેષ્ટાંગગણિ—વી. સં. ૧૪૦૦ થી ૧૪૭૧ આ. વિમલચંદ્રસૂરિના શિષ્ય વીરગણિજી તે યુગના યુગપ્રધાન છે. સંભવે છે કે તે અંગવિદ્યાના જ્ઞાતા હતા અને ગણિ તરીકે પ્રસિદ્ધ હતા એટલે તેઓ જ જયેષ્ટાંગ ગણિ હોય.

૩૭. આ૦ ફલ્ગુમિત્ર—વી. સં. ૧૪૭૧ થી ૧૫૨૦.

૩૮. આ૦ ધર્મઘોષ—વી. સં. ૧૫૨૦ થી ૧૫૯૮. તેઓ રાજગચ્છના આ૦ શીલભદ્રસૂરિના ત્રીજા પટ્ટધર છે. નાગોરનો રાજા આલ્હણ અને શાકંભરીના રાજાઓ અજયરાજ, અર્ણોરાજ તથા વિગ્રહરાજ વગેરે તેમને ગુરુ તરીકે માનતા હતા; જે રાજાઓનો સત્તાસમય વિ. સં. ૧૨૦૦ લગભગનો છે.

**નિહ્નવો:—**

રાજા જે ધર્મ અપનાવે તે રાજધર્મ કહેવાય છે. રાજધર્મની અસર જનતા અને સમકાલીન ધર્મો ઉપર થાય એ સ્વાભાવિક છે. તેમજ તત્કાલીન વિભિન્ન ધર્મોમાં રાજધર્મની અસર નીચે આંતરિક સંઘર્ષણ ઉત્પન્ન થાય એ પણ સહજ છે. સમ્રાટ અશોક બૌદ્ધધર્મી બન્યો એટલે બૌદ્ધધર્મને રાજ્યાશ્રય મળ્યો. એ બૌદ્ધધર્મના ક્ષણિકવાદ શૂન્યવાદ* કે ક્રિયાક્ષણવાદ વગેરેની અસર બીજા દર્શનો ઉપર શું થઈ તેનો આપણને વ્યવસ્થિત ઈતિહાસ મળતો નથી, કિન્તુ જૈનદર્શન ઉપર તેની કંઈક અંશે અસર થઈ હોય એવું તત્કાલીન નિહ્નવોના ઈતિહાસમાંથી મળી શકે છે.

---

* ગૌતમ બુદ્ધના નિર્વાણ નાં ૧૦૦ વર્ષ ગયા બાદ વૈશાલીમાં બૌદ્ધ સંગતિ ( પરિષદ ) મળી, જેમાં તેના બે વિભાગો પડ્યા. ૧ ધર્મસ્થવિરવાદ અને ૨ મહાસાંઘિક. વળી, બીજાં થોડાં વર્ષો વીત્યા બાદ બૌદ્ધધર્મમાં ૧૮ નિકાય ( સંપ્રદાય ) થયા. ત્યાર પછી સમ્રાટ અશોક થયો છે. મહાસાંઘિકમાં એક ચૈત્યવાદી નામે સંપ્રદાય હતો; તેમજ મહાસાંઘિકની આંધ્રશાખામાં વૈપુલ્યવાદ નામનો સંપ્રદાય જન્મ્યો હતો, જે મહાશૂન્યવાદી સંપ્રદાય હતો, જે મંત્રયાન, વજ્રયાન અને ૮૪ સિદ્ધમાર્ગ (૮૪ નાથ) તરીકે પણ પ્રસિદ્ધિ પામ્યો છે. બૌદ્ધ વિદ્વાનો લખે છે કે મંત્રયાન સૂત્રો ઈ. સ. પૂર્વે ૪૦૦ થી ૨૦૦ સુધીનાં મળે છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આ અરસામાં જૈનધર્મના ૧ આષાઢાચાર્ય, ૨ અશ્વમિત્ર, અને ૩ ગંગ નિહ્નવ થયા છે, તે પૈકીના આષાઢાચાર્યનો મત ગત પ્રકરણમાં બતાવી ગયા છીએ અને અશ્વમિત્ર તથા ગંગનો પરિચય નીચે પ્રમાણે છે.

**ચોથો નિહ્નવ અશ્વમિત્ર:—**

વીર સં. ૨૨૦ માં ક્ષણિકવાદી અશ્વમિત્ર ચોથો નિહ્નવ થયો છે. તે આર્ય મહાગિરિજીના શિષ્ય કોડિનનો શિષ્ય હતો. તેણે પર્યાયો પ્રત્યેક સમયે પલટાય છે, એ સિદ્ધાંતને સામે રાખી "દરેક પદાર્થો ક્ષણિક છે. કર્મકર્તા જીવ બીજી ક્ષણે રહેતો નથી અને તેનાં કર્મ એટલે પાપ, પુણ્ય પણ નાશ પામે છે" એવો વિચિત્ર નિર્ણય કર્યો. આમાં તે કાળે રાજ્યાશ્રય પામી ફેલાતા જતા બૌદ્ધદર્શનના ક્ષણિકવાદનો વ્યામોહ જ હતો; એમ કહીએ તો ચાલે. ત્યારથી તેણે પોતાનો નવો સામુચ્છેદિક યાને શૂન્યવાદી મત ચલાવ્યો.

આ મુનિઓ એકવાર રાજગૃહીમાં આવ્યા. ત્યાંના દાણી શ્રાવકે તેઓને સમજાવવા માટે પકડી પીટાવ્યા અને સાધુઓએ "તું શ્રાવક થઈ સાધુઓને કેમ પીટાવે છે?" એમ પૂછ્યું, ત્યારે દાણીએ પરખાવી દીધું કે, તમારા મત પ્રમાણે તો ક્ષણે ક્ષણે પર્યાય પલટાતો જાય છે. એ હિસાબે નથી તમો સાધુ કે નથી હું શ્રાવક, નથી રહેતો માર ખાનારો જીવ કે નથી ટકી રહેતું મારવાનું પાપ. બસ, તરત મુનિઓ સમજી ગયા અને સાચે રસ્તે આવી ગયા.

ભગવાનના શાસનમાં આ ચોથો નિહ્નવ છે.

**પાંચમો નિહ્નવ ગંગદેવ:—**

વીર સં. ૨૨૮ માં ગંગદેવ પાંચમો નિહ્નવ થયો.

તે આ૦ મહાગિરિજીના શિષ્ય ધનગુપ્તનો શિષ્ય હતો, તેણે એક સમયે બે ઉપયોગ ન હોય, એક સમયે બે ક્રિયા ન થાય. આ સિદ્ધાંતને સામે રાખી "જે ક્ષણે એક અનુભવ થાય ત્યારે લગાતાર એક જ અનુભવ રહે, પણ તે ક્ષણે બીજો અનુભવ ન જ થાય."

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

એવો નિર્ણય કર્યો હતો પણ એક વાર ઉલ્લગાતીર નદી ઊતરતાં તેને ઉપરથી ગરમી અને નીચેથી ઠંડી એમ એક ક્ષણે એક સાથે બે ક્રિયાનો અનુભવ થયો. આથી તેને વિચાર આવ્યો કે શાસ્ત્રમાં એક સમયે બે ક્રિયાની મના કરી છે, જ્યારે મને એક સમયે બે ક્રિયાઓનું વેદન પ્રત્યક્ષ છે, તો સાચું શું ? તેણે ગુરુ પાસે આવી પોતાની શંકા ધરી દીધી. ગુરુમહારાજે ઉત્તર આપ્યો કે, મહાનુભાવ ! એક સમયે બે ક્રિયાઓ થતી નથી, પણ ક્ષણમાં અસંખ્ય સમયો વહી જાય છે તેથી એક ક્ષણમાં અનેક ક્રિયાઓના અનુભવ થાય છે; તે સ્વાભાવિક છે. તને નદીમાં ગરમી અને શરદીનો જે અનુભવ થયો છે, તે એક સમયમાં નહીં કિન્તુ અસંખ્ય સમયોમાં થયેલ અનુભવ છે. આ અસંખ્ય સમયોવાળા ક્ષણમાં થયેલ અનુભવને એક સમયનો અનુભવ છે એમ કહેવું તે મોટી ભૂલ છે. વળી, છદ્મસ્થને અનુભવનો ઉપયોગ થતાં થતાં અસંખ્ય સમયો ચાલ્યા જાય છે. એ રીતે પણ આ તારો અનુભવ એક સમયનો નથી. એટલે એક સમયે બે ક્રિયા થાય નહીં, એ શાસ્ત્રવચન સાચું છે. આટલું સમાધાન થવા છતાં ગંગદેવે તેને સ્વીકાર્યું નહીં અને પોતાનો નવો દ્વિક્રિય મત ચલાવ્યો. આ મત પણ વધુ કાળ ચાલ્યો નથી.

ભગવાનના શાસનમાં આ પાંચમો નિહ્નવ છે.

## સમ્રાટ સંપ્રતિ

આ અરસામાં રાજકુમાર કુણાલ અને સમ્રાટ સંપ્રતિ એ જૈન રાજાઓ થયા છે. કુણાલ તે સમ્રાટ અશોકનો યુવરાજ હતો, કિન્તુ તેની વિમાતાના પ્રયોગથી તે આંધળો બન્યો અને રાજા થવાને લાયક ન રહ્યો, આથી સમ્રાટ અશોકે પોતાના બીજા પુત્રને યુવરાજપદ આપ્યું. સમય જતાં કુણાલની રાણીએ સંપ્રતિકુમારને જન્મ આપ્યો. સમ્રાટ અશોકના રાજ્યનો સાચો વારસદાર તો એ હતો જ, એટલે સમ્રાટે તેને પણ યુવરાજપદે સ્થાપી, કુમારભુક્તિમાં ઉજ્જૈનનો પ્રદેશ આપ્યો. આમ બે યુવરાજો બન્યા. એ જ કારણે અશોકના મૃત્યુ પછી તેના સામ્રાજ્યના

જૈન સાઇટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

બે ભાગ પડ્યા છે.× અશોક આ સંપ્રતિકુમારને રાજખટપટનો ભોગ ન થાય તે માટે ઉજ્જૈનમાં જ રાખતો હતો. સંપ્રતિએ પણ યુવરાજકાળમાં જ આ૦ સુહસ્તિસૂરિના ઉપદેશથી જૈનધર્મ સ્વીકાર્યો હતો, અને તેનો પિતા કુણાલ શાંત જીવન વીતાવવા માટે તક્ષશિલામાં રહેતો હતો. ત્યાં તેને ધર્મારાધન કરવા માટે તક્ષશિલામાં મોટો જિનવિહાર બંધાવી આપ્યો હતો, જે તક્ષશિલાના ખંડેરોમાં આજે પણ સીરકાપ વિભાગમાં કુણાલના સ્તૂપ તરીકે વિખ્યાત છે. સમ્રાટ સંપ્રતિએ યુવરાજકાળમાં અને રાજા થયા પછી અનેક જિનાલયો બનાવ્યાં, જિનબિંબો સ્થાપ્યાં* જૈનધર્મનો પ્રચાર કરાવ્યો; અને જૈનધર્મની પ્રભાવના કરી. વળી, તેણે યુવરાજકાળમાં જ પશ્ચિમ અને દક્ષિણ ભારતનાં રાજ્યો જીતી, પોતાના રાજ્યનો વધારો કર્યો હતો. આ વૃત્તાંત ઉપર આ૦ શ્રીસુહસ્તિસૂરિજીના ચરિત્રમાં આવી ગયેલ છે.

'હિમવંત સ્થવિરાવલી'ના ઉલ્લેખ પ્રમાણે—"સમ્રાટ અશોક વીર સં૦ ૨૪૦ માં મરણ પામ્યો." એટલે તે જ સમયે સંપ્રતિ ઉજ્જૈનીની ગાદીએ બેઠો અને રાજા બન્યો. તેણે પાટલીપુત્રની ગાદીએ બેસવું જોઈએ એ જરૂરી હતું. પરંતુ ત્યાં તેનું પરિચિત કોઈ ન હતું. જ્યારે વિરોધીઓ ઘણા હતા. પરિણામે કુટુંબકલેશ થાય અને મૌર્યવંશ નબળો પડે એ પણ પ્રત્યક્ષ દેખાતું હતું. આથી સંપ્રતિએ પાટલીપુત્ર જઈ ત્યાંની ગાદીએ બેસવાનું ઉચિત માન્યું નહીં.

તેણે બીજી તરફ પશ્ચિમ અને દક્ષિણમાં પોતાના બળથી પોતાનું રાજ્ય વધાર્યું હતું, જેમાં તેને સ્વોપાર્જિત મિલ્કત

---

× આજે પણ એમ બને છે, જેમકેઃ—મહાસભા અને મુસ્લિમ લીગના કારણે હિન્દુસ્તાનના હિન્દુસ્તાન અને પાકીસ્તાન એમ બે ભાગો પડ્યા છે.

* 'વીર વંશાવળી'માં ઉલ્લેખ છે કે સમ્રાટ સંપ્રતિએ ઉત્તરમાં ધંધાણી, પૂર્વમાં રોહિસગિરિ, દક્ષિણમાં ઈલોરગિરિ, અને પશ્ચિમમાં દેવપત્તન નગરે જિનપ્રાસાદ બનાવ્યા હતા. આ ઉપરથી તેના રાજ્યારંભકાળની રાજ્યની સરહદ મળી શકે છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તરીકે સંતોષ હતો. એટલે તે ઉજ્જૈનની ગાદીએ બેઠો અને સમ્રાટ બન્યો. હવે પાટલીપુત્રની ગાદીએ સંપ્રતિ આવ્યો નહીં એટલે રાજા કોણ તે અંગે કુટુંબકલેશ થયો. અંતે ૩ વર્ષ પછી વીર સં. ૨૪૩ માં પુણ્યરથ પાટલીપુત્રની ગાદીએ આવ્યો, જેનું બીજું નામ દશરથ હશે. તેના મૃત્યુ પછી સં. ૨૮૦માં તેનો પુત્ર બૃહદ્રથ રાજા થયો અને સં. ૩૦૪ માં તેનો સેનાપતિ પુષ્યમિત્ર રાજાને મારી પાટલીપુત્રની ગાદીએ આવ્યો.

બૌદ્ધધર્મ બતાવે છે કે, અશોકે મરણ સમયે પોતાનું રાજ્ય બૌદ્ધ સંઘને દાનમાં આપી દીધું. અશોકનો યુવરાજ સંપદી હતો. તેણે ચાર કરોડ સોનામહોરો વડે આ રાજ્યને ખરીદી લીધું અને પછી તે સંપદી પૃથ્વીનો રાજા બન્યો.*

('દિવ્યાવદાન અવદાન' ૨૯ તથા બોધિસત્વાવદાનકલ્પલતા)

બૌદ્ધ ગ્રંથોમાં સંપ્રતિનું નામ સંપદી લખ્યું છે, જ્યારે પુરાણોમાં બંધુપાલિત, સંગત, સમ્પ્રતિ અને સંપ્રતિ નામો આપ્યાં છે.

સંપ્રતિના સિક્કામાં એક બાજુ ઉપર-નીચે સમ્પ્ર અને ટી શબ્દો લખેલા છે બીજી બાજુ ઉપર નીચે ☽ અને ∴ ચિહ્નો

जैन साहित्य JAINSITE.com जैनम् जयति शासनम्

---

*તારાનાથજી લખે છે કે—કુણાલને વિગતાશોક નામનો પુત્ર હતો.

તિબેટના ગ્રંથોમાં લખ્યું છે કે, બાદશાહ સંપ્રતિ મ. સં. ૨૩૫ માં ગાદીએ આવ્યો. ('ઈન્ડીયન એન્ટીકવેરી' પુ. ૩૨, પૃ. ૨૩૦)

પ્રો. રા. ગો. ભાંડારકર લખે છે કે, સંપ્રતિને માત્ર ૧૦ દિવસનો હતો ત્યારે ગાદીએ બેસાડ્યો. ('ભાંડારકર રીપોર્ટ' ઈ. સ. ૧૯૮૩, પૃ. ૧૩૫)

પ્રો. પિશલ સાહેબ માને છે કે, રૂપનાથ, સાસરામ અને વૈરાટના શિલાલેખો સમ્પ્રતિએ ખોદાવ્યા છે. (પ્રો. રોજડેવિસ સાહેબ પણ એને સહમત છે.) ('ઇન્ડીયન એન્ટીકવેરી' પુ. ૬ પૃ. ૧૪૯)

સ્મીથ સાહેબ જણાવે છે કે—Almost all ancient Jain temples or monuments of unknown origin are ascribed by the voice to Samprate, who is in fact regarded as a Jain Asoka. (Smith, 'Early History of India,' P. P. 202.) ('વિશાળ ભારત' ફ૦ ૨૭૫)



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

છે. કોઈ કોઈ સિક્કામાં .·. ની નીચે 卐(સ્વસ્તિક) પણ મળે છે. આ સિક્કો તેના રાજ્યશાસન ઉપર સુંદર પ્રકાશ પાડે છે.

સામાન્ય રીતે મૌર્ય સિક્કાઓમાં ઉપર નીચે મો અને ર્યો શબ્દો છે. બીજી બાજુ ઉપર-નીચે ૣ .·. અને 卐 ચિહ્નો છે. જૈનો હંમેશાં દેરાસરમાં પ્રભુની સામે ચોખાની આવી નિશાનીઓ કરે છે.

('મોડર્ન રીવ્યુ,' સને ૧૯૩૪ જુનનો અંક પૃષ્ઠ ૧૪૭)

'હિમવંતસ્થવિરાવલી'ના ઉલ્લેખ પ્રમાણે સમ્રાટ સંપ્રતિ વીર સં. ૨૯૩ માં જૈનધર્મનું આરાધન કરી સ્વર્ગે ગયેલ છે. તેને કંઈ સંતાન ન હતું.

**અવન્તિપાર્શ્વનાથ તીર્થ:**

આ૦ સુહસ્તિસૂરિના હાથે ઉજ્જૈનમાં અવન્તિપાર્શ્વનાથની સ્થાપના થઈ છે, જેનો ઇતિહાસ નીચે મુજબ છે:

આર્ય સુહસ્તિસૂરિજી વિહાર કરતા કરતા વિદિશામાં શ્રી-જીવિતસ્વામીનાં દર્શન કરી ઉજ્જૈનમાં પધાર્યા છે અને ભદ્રા શેઠાણીની વસતીમાં ઊતર્યા છે. આચાર્યશ્રી એકવાર સંધ્યા સમયે નલિની-ગુલ્મ વિમાનના વર્ણનવાળા અધ્યયનનું પરાવર્તન કરવા લાગ્યા, આ વખતે ભદ્રા શેઠાણીના પુત્ર અવન્તિએ પોતાના મહેલના સાતમે માળે બેઠા બેઠા આ અધ્યયન સાંભળ્યું અને એને ઊહા-પોહ કરતાં જાતિસ્મરણ જ્ઞાન થયું. તરત જ તેણે નીચે ઊતરી સૂરિજી પાસે આવી કહ્યું: 'ભગવાન! હું ભદ્રા શેઠાણીનો પુત્ર છું. આપ જેનું વર્ણન કરો છો તે નલિનીગુલ્મ વિમાનથી હું આવ્યો છું અને ફરી ત્યાં જવા ઇચ્છું છું માટે મને દીક્ષા આપો.'

સૂરિજી બોલ્યા:—વત્સ! સંયમપંથ સુલભ કે સરળ નથી. અહીં તો મીણના દાંતે લોઢાના ચણા ચાવવા જેવું છે. વત્સ! અગ્નિનો સ્પર્શ કરવો સુલભ છે, પરંતુ જિનપ્રણીત અતિચાર રહિત વ્રતો પાળવાં દુષ્કર છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અવન્તિસુકુમાર બોલ્યો:—ગુરુજી ! આ વાત સત્ય છે. પ્રભો ! હું દીક્ષા લેવાને અત્યંત ઉત્કંઠિત છું પરંતુ સાધુસમાચારીને ચિરકાળ પાળવા અસમર્થ છું. તેથી હિમ્મત ધરીને પ્રથમથી જ અનશન સહિત દીક્ષા લઈશ. હું ધારું છું કે એમાં કષ્ટ અલ્પ રહેશે. તો પ્રભો ! આપ મને જલદી દીક્ષા આપો.

સૂરિજી બોલ્યા:—વત્સ ! દીક્ષા લેવામાં ઢીલ ન કરીશ કિન્તુ તારા કુટુંબવર્ગની અનુજ્ઞા મેળવ. અવન્તિસુકુમારે ઘરે જઈ રજા માગી પરંતુ બંધુઓએ, માતાએ તેને રજા ન જ આપી, એટલે અવન્તિસુકુમારે સ્વહસ્તે જ લોચ કરી દીક્ષાનો વેષ પહેર્યો અને પછી ગુરુ પાસે આવી વિધિપૂર્વક દીક્ષા સ્વીકારી.

પછી તે ગુરુની આજ્ઞા લઈ સ્મશાન ભૂમિમાં ગયા. રસ્તામાં તીક્ષ્ણ કાંટા, કાંકરા અને પથ્થર લાગવાથી તેમના પગમાંથી લોહીનાં બિંદુઓ નીકળ્યાં. તેમણે ધીમે ધીમે ચાલતાં 'કંથારિકા કુંડગ' ઝાડની નીચે જઈ અનશન સ્વીકાર્યું. આ વખતે એક શિયાલણ પોતાનાં બચ્ચાં સહિત આહાર શોધવા નીકળી હતી તે લોહીની ગંધથી ચાલતી ચાલતી જ્યાં અવન્તિસુકુમાર હતા ત્યાં આવી. એણે અને એનાં બચ્ચાંઓએ અવન્તિસુકુમારના પહેલા પહોરમાં બન્ને પગ, બીજા પહોરમાં બન્ને સાથળ, ત્રીજા પહોરે પેટ, તથા ચોથા પહોરે ઉપરનો ભાગ ખાધો અને અવન્તિસુકુમાર મુનિ મૃત્યુ પામી નલિનીગુલ્મ વિમાનમાં દેવપણે ઉત્પન્ન થયા.

સવારે ભદ્રા માતા અવન્તિસુકુમારની બત્રીસ વધૂઓ સાથે ગુરુ પાસે આવી. ગુરુવંદન કરીને ગુરુજીને પ્રેમથી પૂછ્યું કે, 'અવન્તિમુનિ ક્યાં છે ?' સૂરિજીએ કહ્યુ: 'એ જ્યાંથી આવ્યો હતો અને એને જ્યાં જવું હતું ત્યાં તે ગયો છે.' ભદ્રા માતા અને પુત્રવધૂઓ આ વૃત્તાંત સાંભળી એ સ્મશાન ભૂમિમાં ગયાં અને ત્યાં મુનિનું કલેવર જોઈ તેમણે દારુણ ભયંકર રુદન કર્યું. આખરે બધાને વૈરાગ્ય રંગ લાગે છે, એક સગર્ભા પુત્રવધૂને બાકી રાખી પુત્રવધૂઓ અને ભદ્રા માતા: એ દરેકે દીક્ષા લીધી છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અવન્તિસુકુમારની તે ગર્ભવતી સ્ત્રીએ મહાકાળ નામના પુત્રને જન્મ આપ્યો હતો. મહાકાલે વી. સં. ૨૫૦ લગભગમાં ક્ષીપ્રાના કાંઠે પિતાના સ્મારકરૂપે શ્રીઅવન્તિપાર્શ્વનાથજીનું ગગનચુંબી ભવ્ય મંદિર સ્થાપ્યું, જેનું બીજું નામ મહાકાળનું મંદિર હતું, જે રાજા પુષ્યમિત્રના કાળમાં મહાકાળ મહાદેવના મંદિર તરીકે બની ગયું હતું. સમય જતાં મહારાજા વિક્રમાદિત્યના ધર્મગુરુ આ૦ સિદ્ધસેન દિવાકરે ત્યાં પાર્શ્વનાથજીની મૂર્તિ પ્રગટ કરી છે અને તેમના ઉપદેશથી અવન્તિપાર્શ્વનાથના મંદિરનો જીર્ણોદ્ધાર થયો છે, આજે તે સ્થાન અવન્તિપાર્શ્વનાથના તીર્થ તરીકે પ્રસિદ્ધ છે.

**જૈન ગુફાઓ :**

સમ્રાટ સંપ્રતિ ઉજ્જૈનમાં યુવરાજપદે હતો ત્યારે જ તેણે દક્ષિણાપથમાં અને સોરાષ્ટ્રમાં પોતાની આણ ફેલાવી દીધી હતી. આથી આંધ્ર, દ્રવિડ વગેરે દક્ષિણમાં અને સોરાષ્ટ્રમાં ત્યારથી આરંભીને એટલે મૌર્યકાળ, ક્ષત્રપકાળ અને ગુપ્તકાળમાં અનેક જૈન ગુફાઓ બની છે, અનેક જૈન તીર્થો વધ્યાં છે.

**દક્ષિણમાં**–કૃષ્ણાનદીના કિનારે અયવલ્લીની ગુફા, અઇહોલ ગુફા, ખાનદેશની ભામેર ગુફા, યેવલા પાસેની અણકીટણકીની ગુફાઓ, જેનું વર્ણન ઉ. મેઘવિજયજીએ 'મેઘદૂતસમસ્યાલેખ' શ્લો. ૪૭ માં કરેલ છે. ઢારૂસાની ગુફા, ઓરંગાબાદની ગુફા, મોમીનાબાદની ગુફા, ચમારલેના જૈન ગુફા, જેમાં વિક્રમાદિત્યના સમકાલીન આચાર્ય આર્ય કાલકના નામવાળો શિલાલેખ છે અને ઇલોરાની ગુફા જ્યાં સમ્રાટ સંપ્રતિએ ભગવાન નેમિનાથનો પ્રાસાદ બનાવ્યો હતો, વગેરે વગેરે.

સોરાષ્ટ્રમાં તાલધ્વજગિરિ, ઓસમગિરિ, ઢંકગિરિ વગેરે જૈન ગુફાઓ પ્રસિદ્ધ છે.

**પહાડપુર**–બંગાળમાં ( બોગરા જિલ્લામાં E. B. R ના જમાલગંજ સ્ટેશનથી ૩ માઇલ દૂર ) પહાડપુર ગામ છે, જેનું

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પ્રાચીન નામ પૌંડ્રવર્ધન છે. ઇતિહાસ કહે છે કે, અંતિમ શ્રુત-કેવળી આ૦ શ્રીભદ્રબાહુસ્વામીના શિષ્ય ગોદાસનો મુનિગણ અહીં વિચરતો હતો. તેની ત્રીજી શાખા પણ પૌંડ્રવર્ધનિકા નામથી પ્રસિદ્ધ છે. પહાડપુરનો પ્રાચીન ટીલો ખોદતાં તેમાંથી એક તામ્રપત્ર પ્રાપ્ત થયું છે. તેમાં લખ્યું છે કે, ગુપ્ત સંવત ૧૫૯ માં વટગોહલી ગામના એક બ્રાહ્મણદંપતીએ નિર્ગ્રન્થ વિહારની પૂજા માટે ભૂમિદાન કર્યું. ( 'મોડર્ન રીવ્યુ' ઓગષ્ટ સને ૧૯૩૧, પૃષ્ઠ : ૧૫૦ ) આ ગુપ્ત સંવત તે મૌર્ય ચંદ્રગુપ્તનો લાગે છે, જેનું બીજું નામ મૌર્યસંવત છે. સાંચીસ્તૂપ, ભુવનેશ્વરસ્તૂપ અને પહાડપુરસ્તૂપમાં ઘણી સામ્યતા છે, કેમકે એ ત્રણે જૈનસ્તૂપો છે.

માળવાની ગુફાઓ :

ઉદયગિરિ–વિદિશાથી ૪ માઈલ પર ઉદયગિરિમાં ૨૦ ગુફાઓ બની હતી. જે પૈકીની પહેલી અને છેલ્લી ગુફાઓ તો આજે પણ જૈનગુફાઓ તરીકે ઓળખાય છે. વીસમી ગુફામાં આર્યભદ્ર શાખાના મુનિ શંકરભદ્રે ગુપ્ત સં. ૧૦૬ માં ભ૦ પાર્શ્વ-નાથની પ્રતિષ્ઠા કરાવી હતી, જેનો શિલાલેખ આજે પણ મળે છે.

( શિલાલેખ માટે જુઓ : ગત પૃષ્ઠ ૭૭ )

ધુમનાર–બુંદીથી કોટા જતાં વચમાં વારોલી, ધુમનારની પહાડી, ચંબલ નદી, અને ઝાલરાપટ્ટન–ચંદ્રાવતી વગેરે સ્થાનો આવે છે.

ધુમનારની પહાડીનો વ્યાસ દોઢેક કોશનો છે. ઊંચાઈ ૧૪૦ ફીટની છે, ઉપર સપાટ ભાગ છે, ચારે બાજુ કુદરતી કોટ બનેલો છે, જે કોટમાં લગભગ ૧૭૦ ગુફાઓ છે. જો કે તેમાં આજકાલ બાવાઓ રહે છે, નાનાં મોટાં મંદિરો અને ચતુર્ભુજ વિષ્ણુ, મહાદેવ વગેરેની મૂર્તિઓ છે. કોઈ કોઈ ગુફાઓમાં તો ઊભી અને બેઠી જૈન મૂર્તિઓ તથા બૌદ્ધ મૂર્તિઓ પણ છે. ચંબલ નદી તરફની ગુફા તો જૈન ગુફા છે. તેના સ્તંભોમાં જૈન કારીગરી વિદ્યમાન છે. અહીં ભગવાન ઋષભદેવ, શાંતિનાથ,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

નેમિનાથ, પાર્શ્વનાથ અને મહાવીરસ્વામીની મૂર્તિઓ છે, જેને લોકો પાંડવ તરીકે પૂજે છે. એક ચંદ્રપ્રભુની પ્રતિમા પણ વિદ્યમાન છે. આ દરેક મૂર્તિઓ દશ-અગિઆર ફીટ ઊંચી છે. બીજી એક ૧૦૦ ફીટ લાંબી, ૮૦ ફીટ પહોળી જૈન ગુફા છે, જેને લોકો 'ભીમ બજાર' તરીકે ઓળખાવે છે. આ ગુફામાં શસ્ત્રભંડાર અને રાજલોક નામના ઓરડાઓ છે. રાજલોકમાં ભ૦ આદિનાથની બે પ્રતિમાઓ વિરાજમાન છે.

ધુમનારની ગુફાઓ દર્શનીય છે; જો કે તે ઈલોરા, કાર્લે સાલ્સેટ વગેરે પ્રાચીન ગુફાઓ જેટલી વિશાળ નથી પરંતુ એ સૌથી વધુ પ્રાચીન છે, એમાં જરાય શંકા નથી. આ ગુફામાં અનેક અદ્ભુત પદાર્થો ભરેલા છે. (અ. ૧૨)

**ચંદ્રાવતી**–ધુમનારની પહાડીથી આગળ ઝાલરાપટ્ટન છે, જેનું પ્રાચીન નામ ચંદ્રાવતી છે. ચંદ્રાવતીમાં પ્રાચીન કાળમાં ૧૦૮ જૈન દેરાસર હતાં, જેમાં એકી સાથે ઘંટાનાદ થતો હતો. એ જ કારણે આ શહેરનાં ઝાલરાપટ્ટન અને ઘંટનું શહેર એમ બીજાં નામો પડેલાં છે. આજે મંદિરો વિદ્યમાન નથી, પણ તેનાં ખંડેરો નજરે પડે છે. માત્ર બે-ત્રણ મંદિરો સારી સ્થિતિમાં વિદ્યમાન છે, તે પ્રાચીન કાલના સૌંદર્યની પરાકાષ્ઠા બતાવી રહ્યાં છે કેમકે આ મંદિરોનું શિલ્પકામ અત્યંત સુંદર છે. ઉત્તર ભાગમાં ભ૦ શાંતિનાથનું મંદિર છે, જે તેમાંનું એક છે. તળાવના બંધ પાસે જૈનોના નસિયાજી છે, જેમાં પુષ્કળ સમાધિમંદિરો છે. કોટાના મુખ્ય મંત્રી ઝાલિમસિંહે ધનવાનોને વસાવી રક્ષા કરવા માટે ચંદ્રાવતીના સ્થાને આ નવું ઝાલરાપટ્ટન વસાવ્યું છે, અહીં જૈન ઓસવાલો અને વૈષ્ણવોની મોટી વસતી છે. જૈન મંદિરમાં સં. ૧૧૦૩નો શિલાલેખ છે. અહીંથી એક સં. ૭૪૮નો શિલાલેખ મળ્યો છે, તે પરથી સમજાય છે કે તે સમયે અહીં દુર્ગાચલ નામનો પરાક્રમી જૈન રાજા હતો. (અ. ૧૩.)

('ટાડ રાજસ્થાન' ભા૦ ૨, અ૦ ૧૨-૧૩)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઘાસોઇ–માળવામાં બી. બી. એન્ડ સી. આઇ. રેલ્વેના રતલામ, નાગદા અને કોટાની વચ્ચે અક્ષાંશ ૨૪–૧૫, રેખાંશ ૭૫ાા પર સુવાસરા Suvasra છે, ત્યાંથી સાતેક માઇલ દૂર ઘાસોઇ Ghasoi ગામ છે તેની પાસે એક ચાર માઇલના ઘેરાવાવાળું સૂકું તળાવ છે. તેના કિનારે કેટલાંયે હટાયેલ જૈન દેરાસર અને સમાધિ સ્થાનનાં અવશેષો ઊભાં છે. તે તળાવમાં તથા તેના કિનારે બે હજાર વર્ષ પહેલાનાં હજારો પ્રાચીન અવશેષો પથરાયેલાં છે, જેમાં કલાપૂર્ણ પ્રતિમાઓ, વિવિધ કોરણીવાળા થાંભલા, પથ્થરના ટુકડા, સોનાના ગધેયા સિક્કા વગેરે અનેક વસ્તુઓ છે. આ સંશોધનથી મધ્ય ભારતમાં ચંબલ નદીને કાંઠે અને બીજી રીતે કહીએ તો પ્રાચીન દશાર્ણ દેશમાં આ પ્રાચીન જૈન સ્થાપત્યનો વધારો થયો છે.×

ગજપદતીર્થ (પૃ. ૫૯), જીવિતસ્વામી (પૃ. ૬૦), વિદિશા–ભીલસા, સાંચી (પૃ. ૭૬), ઉદયગિરિ (પૃ. ૭૭), ધુમનારની ગુફાઓ, ચંદ્રાવતી, ઘાસોઇ, અને ઢીંપુરીતીર્થ એ દશાર્ણ દેશનાં પ્રાચીન જૈન સ્થાનો છે.

## ઢીંપુરી તીર્થ :

વિમલયશા રાજાને સુમંગલા રાણીથી પુષ્પચૂલ અને પુષ્પચૂલા નામે પુત્ર પુત્રી હતાં. લોકો પુષ્પચૂલને ખરાબ વર્તનના કારણે વંકચૂલ કહીને બોલાવતા. પિતાએ દેશવટો આપ્યાથી વંકચૂલ, તેની બહેન અને તેનો પરિવાર પહાડી ભીલોમાં જઈ વસ્યો. વંકચૂલે ત્યાં લૂંટફાટનો ધંધો શરૂ કર્યો અને સિંહગુહાપલ્લીનું રાજ્ય જમાવ્યું.

---

×Remnants of a ruined Jain temple and of Samadhi may still be seen there as evidence of Culture and great artistic excellence of people of those days.

(BHARAT D. 31-7-50, જૈન સત્ય પ્રકાશ, ક્રમાંક : ૧૭૯)

www.jainsite.com          For Private & Personal Use Only          info@jainsite.com

એકવાર આ૦ સુસ્થિતસૂરિએ આબુથી વિહાર કરી અષ્ટાપદજી જતાં વચમાં અહીં ચોમાસું કર્યું. વંકચૂલે પણ પોતાના ગામમાં કોઈએ દારૂ-માંસ વાપરવાં નહીં એવો મનાઈહુકમ કરી મુનિઓને શુદ્ધ અન્નજળ મળે તેની પૂરી વ્યવસ્થા કરી પરંતુ તેણે આચાર્ય મહારાજનું વ્યાખ્યાન સાંભળ્યું નહીં. ચોમાસા બાદ તેણે આચાર્યશ્રી પાસેથી ચાર પ્રતિજ્ઞાઓ લીધી.

વળી, કોઈ પ્રસંગે તેણે આ૦ સુસ્થિતના શિષ્યો ધર્મઋષિ અને ધર્મદત્તને ચોમાસું રાખ્યા અને તેઓના ઉપદેશથી ચંબલને કાંઠે શરાવિકા પહાડીની પાસે પલ્લીમાં મોટું દેરાસર બંધાવી તેમાં ભગવાન મહાવીરપ્રભુની પ્રતિમા પધરાવી હતી. ત્યારથી આ સ્થાન તીર્થ બન્યું અને સંઘો યાત્રા કરવા આવવા લાગ્યા.

પ્રાચીન કાળમાં એક નગરનો રાજા શત્રુ સામે યુદ્ધ કરવા ગયો એટલે તેની રાણીએ સોનાના રથમાં બે જિનપ્રતિમાઓ લાવી આ રન્તી નદીને કાંઠે ગુપ્ત નિવાસ કર્યો હતો અને રાજા યુદ્ધમાં મર્યો છે એવા જૂઠા સમાચાર સાંભળી રથ સહિત પ્રતિમાઓને નદીમાં પધરાવી પોતે પણ જળપ્રપાત કર્યો હતો. રાજાએ અહીં આવતાં આ વૃત્તાંત જાણી દીક્ષાનો સ્વીકાર કર્યો, પરંતુ તે પ્રતિમાઓ નદીમાં હતી. એક દિવસે એક શેઠ-શેઠાણી વહાણ દ્વારા સિંહગુહાની યાત્રાએ આવતા હતા, શેઠાણીએ દૂરથી દેરાસરને વધાવવા માટે સોનાની કંકાવટીમાં કેસર-ચંદન અને કપૂર ઘોળી તૈયાર કર્યાં, પરંતુ કંઈ ભૂલ થવાથી તે કંકાવટી હાથથી છૂટી નદીમાં પડી અને સોનાના રથમાં વિરાજમાન જીવન્ત-સ્વામી ભગવાન પાર્શ્વનાથના હૃદય ઉપર જઈ પડી. વંકચૂલ રાજાએ શેઠની વિનતિથી ધીવરને પાણીમાં ઉતાર્યો ધીવર પણ પહેલીવાર નદીને તળિયે જઈ કંકાવટી લઈ આવ્યો, બીજીવાર તળિયે જઈ ભગવાન પાર્શ્વનાથની પ્રતિમાને લઈ આવ્યો ને ત્રીજીવાર પાણીમાં ઊતર્યો પણ બીજી પ્રતિમા તથા રથને લાવી શક્યો નહીં. એટલે તે રથ અને તે પ્રતિમા પાણીમાં જ રહ્યાં. વંકચૂલે ભગવાન પાર્શ્વનાથના બિંબને ભગવાન મહાવીરસ્વામીના ગભારામાં સ્થાપ્યું

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પણ તે પ્રતિમા મૂળનાયકથી નાની હતી, નાનું બાળક હોય તેવી લાગતી હતી.

આથી ભીલો તેને ચેલ્લણ દેવ તરીકે ઓળખવા લાગ્યા. અને સિંહગુફાપલ્લી પણ ઢીંપુરી તરીકે પ્રસિદ્ધ થઈ.

વંકચૂલે ચારે પ્રતિજ્ઞાઓનું પાલન કર્યું હતું અને તેથી તેને પોતાને અનુક્રમે ૧ જીવ બચ્યો, ૨ પુષ્પચૂલાનો જીવ બચ્યો, ૩ ઉજ્જૈનમાં રાજસન્માન મળ્યું અને ૪ બારમો દેવલોક મળ્યો. એમ લાભ પ્રાપ્તિ થઈ હતી. આ રીતે વંકચૂલે આ તીર્થની સ્થાપના કરી છે.

આ૦ જિનપ્રભસૂરિ કહે છે કે–ઢીંપુરી તીર્થ આજે વિદ્યમાન છે અને ત્યાં એ બન્ને પ્રતિમાઓની યાત્રાનો મેળો ભરાય છે. તે સોનાનો રથ અને તે પ્રતિમાજી પણ નદીમાં ગુપ્ત છે. એ માટે લોકવાયકા સંભળાય છે કે—એક બુઢ્ઢા ધીવરને વહાણુ થંભી જવાથી તપાસ કરતાં તે રથની ખીલી મળી હતી. તે તેને પોતાને ઘેર લઈ આવ્યો અને સોનાના રથને ઉઠાવી લાવવા મનસુબો કરવા લાગ્યો, પરંતુ એ રાતે તેને ઉંઘ ન આવી, ડર લાગ્યો, અને મારી નાખવાના ભણકારા સંભળાયા. એટલે તે સવારે વહેલો ઊઠી ખીલીને જ્યાંથી લાવ્યો હતો ત્યાં મૂકી આવ્યો અને સુખી થયો. વળી, કોઈ મુસલમાન, ભગવાન પાર્શ્વનાથની પ્રતિમાને તોડવા આવ્યો હતો તેનો હાથ જ ત્યાં થંભાઈ ગયો. આ પ્રમાણે ત્યાં ઘણા ચમત્કારો થાય છે. ( વિવિધતીર્થ કલ્પ )

મલધારી આ૦ રાજશિખરસૂરિ લખે છે કે—આજે પણ સકલ સંઘ તે જ ઢીંપુરીમાં ભગવાન મહાવીરસ્વામી તથા ચેલ્લણા પાર્શ્વનાથની યાત્રા પૂજા અને ઉત્સવો કરે છે.

( વિ. સં. ૧૪૦૫ 'ચતુર્વિંશતિપ્રબંધ' )

આ રીતે ઢીંપુરી એ પ્રાચીન તીર્થ છે, જે આજે સંભવતઃ માળવામાં ચંબલ નદીને કાંઠે ધુમ્નારની ગુફા પાસે ચંદ્રાવતીના ખંડેરો તરીકે વિદ્યમાન છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**બીજાં તીર્થો:**

સંપ્રતિ રાજાએ શકુનિકાવિહારનો જીર્ણોદ્ધાર કરાવ્યો, મારવાડમાં ઘાંઘાણીમાં ભગવાન પદ્મસ્વામીનું, પાવાગઢમાં ભ૦ સંભવનાથનું, હમીરગઢમાં ભ૦ પાર્શ્વનાથનું, ઇલોરગિરિમાં ભગવાન નેમનાથનું, પૂર્વદિશામાં રોહીશ નગરમાં શ્રીપાર્શ્વનાથનું, પશ્ચિમમાં દેવપત્તનમાં ચંદ્રપ્રભુનું, ઇડરગઢમાં શાંતિનાથનું મંદિર બંધાવ્યું. સિદ્ધાચલ, સિવંતગિરિ, ગિરનાર, શંખેશ્વર, નાંદિયા, બ્રાહ્મણવાડા, વગેરેના સંઘો કાઢી યાત્રાઓ કરી અને ત્યાં રથયાત્રાઓ પણ કાઢી હતી. કમળનેર પર સંપ્રતિએ બંધાવેલ જિનમંદિર આજે પણ વિદ્યમાન છે, એમ 'ટૉડ રાજસ્થાન'માં ઉલ્લેખ છે.

( જૈન સત્યપ્રકાશ, ક્રમાંક ૩૭ )

આ જ અરસામાં કલિંગરાજ વુડ્ઢરાજે ઉદયગિરિ અને ખંડગિરિ ઉપર બીજી ૧૧ ગુફાઓ બનાવી હતી, અને ત્યાંના મંદિરનો જીર્ણોદ્ધાર કરાવ્યો હતો.

JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## પ્રકરણ નવમું

### આ૦ સુસ્થિતસૂરિ આ૦ સુપ્રતિબદ્ધસૂરિ

આ૦ સુહસ્તિસૂરિની પાટે ૧૨ પટ્ટધરો થયા છે, તેમાં પાંચમા આ૦ સુસ્થિતસૂરિ અને છઠ્ઠા આ૦ સુપ્રતિબદ્ધસૂરિ છે.

આ બન્ને આચાર્યો કાકંદી નગરીના વતની હતા. રાજકુળમાં જન્મેલા સગાભાઈ હતા, વ્યાઘ્રાપત્ય ગોત્રના હતા. અને ચાર જ્ઞાનવાળા હતા. તેઓ તીર્થંકરદૃષ્ટ દ્રવ્યોના કરોડમા અંશને પ્રત્યક્ષ જોઈ શકતા હતા.

આ બન્ને આચાર્યોએ કુમરગિરિ પર્વત ઉપર કે જ્યાં રાજા શોભનરાયે ગુફાઓ બંધાવી હતી, અને ભ૦ આદિનાથ પ્રભુજીની સુવર્ણ પ્રતિમાની શ્રીસુધર્માસ્વામીના હાથે પ્રતિષ્ઠા કરાવી હતી, તેજ સ્થાનમાં કઠિન તપસ્યા કરીને ક્રોડવાર સૂરિમંત્રનો જાપ કર્યો હતો.

શ્રીસુધર્માસ્વામીના આઠે પટ્ટધરો સામાન્ય રીતે નિર્ગ્રંથગચ્છના કહેવાતા. જ્યારે આ બન્ને આચાર્યો અને પછીના આચાર્યો કોટિકગચ્છના ગૌરવવંતા બિરુદથી પ્રસિદ્ધિ પામ્યા છે. અર્થાત આ સમયે નિર્ગ્રંથગચ્છનું બીજું નામ કોટિકગચ્છ પડ્યું.

બન્ને આચાર્યોમાં આ૦ સુસ્થિતસૂરિ ગચ્છનાયક હતા, જ્યારે આ૦ સુપ્રતિબદ્ધસૂરિ વાચનાદાન કરતા હતા. આ૦ સુસ્થિતસૂરિની ૩૧ વર્ષની ગૃહસ્થાવસ્થા, ૧૭ વર્ષનો સામાન્ય વ્રતપર્યાય, ૪૮ વર્ષ સુધી સૂરિપદ, ૯૬ વર્ષનું સર્વાયુ અને વીર સં. ૩૩૯માં કુમરગિરિ પર્વત ઉપર સ્વર્ગગમન.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આ આચાર્યના સમયમાં જૈન શ્રમણસંઘનું મોટું સંમેલન થયું હતું અને બીજી આગમવાચના થઈ હતી.

### કુમરગિરિ પર બીજી આગમવાચના

આપણે જોઈ ગયા છીએ કે વી. સં. ૧૬૦ લગભગમાં પટણામાં આ. શ્રીસ્થૂલિભદ્રસૂરિની અધ્યક્ષતામાં પહેલી આગમવાચના થઈ હતી. અને આગમો સુરક્ષિત જળવાઈ રહે તે માટે વ્યવસ્થા કરી હતી. પરંતુ મુનિઓનું અસંગ જીવન એટલે કાયમ સમૂહરૂપે રહી શકાય નહીં અને એક ધારું પઠનપાઠન ચાલી શકે નહીં ઈત્યાદિ કારણે કંઠસ્થ જિનવાણીની રક્ષામાં અનેક અંતરાયો આવી ઊભા રહેતા, પરિણામે જિનવાણીને મુખપાઠ રાખનારા મુનિવરોની સંખ્યા ઓછી થતી જતી હતી. આથી સમ્રાટ સંપ્રતિએ ઉજ્જૈનમાં આર્ય સુહસ્તિસૂરિની અધ્યક્ષતામાં એક શ્રમણસંમેલન મેળવી, નાનકડી આગમવાચના કરાવી હતી. અને મુનિવરો દૂર દૂરના ક્ષેત્રમાં વિચરે અને ત્યાં પણ આગમાભ્યાસ ચાલુ રહે એમ વ્યવસ્થા કરાવી હતી. એટલે ત્યાં સુધી પઠન-પાઠન બરાબર રીતે ચાલતાં હતાં, પરંતુ ત્યાર પછી થોડાંએક વર્ષો જતાં એકાએક મોટો રાજક્રાંતિનો આંચકો લાગ્યો અને જિનાગમની રક્ષાનું કામ કપરું થઈ પડ્યું.

સેનાપતિ પુષ્યમિત્ર રાજદ્રોહ કરી પટણાની ગાદીએ ચડી બેઠો હતો, તેણે ગાદી પર આવતાં જ ધર્માંધ બની જૈન શ્રમણો અને બૌદ્ધ શ્રમણો વગેરેનો શિરચ્છેદ કરાવી, કાળો કેર વર્તાવ્યો હતો. આથી જૈન શ્રમણો એકદમ કલિંગ તરફ ચાલ્યા ગયા, તેઓનું પઠનપાઠન બંધ થયું અને જિનાલયોને મોટો ધક્કો લાગ્યો. આ સમયે કલિંગરાજ ભિકખુરાય ખારવેલ પરમ જૈન હતો. તેણે પ્રથમ પુષ્પમિત્રને હરાવી પંજાબમાં નસાડી મૂક્યો, પછી કલિંગમાં આવી આ૦ સુસ્થિતસૂરિ અને આ૦ સુપ્રતિબદ્ધસૂરિની અધ્યક્ષતામાં કુમરગિરિ પર મોટું શ્રમણસંમેલન મેળવી બીજી આગમવાચના કરાવી હતી.

'હિમવંત સ્થવિરાવલી'માં લખ્યું છે કે—આ મુનિ-

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સંમેલનમાં જિનકલ્પીની તુલના કરનાર આ૦ મહાગિરિના શિષ્યો પ્રશિષ્યો આ. બલિસ્સહસૂરિ, દેવાચાર્ય આ. ધર્મસેન વગેરે ૨૦૦ શ્રમણો, આ. સુસ્થિત વગેરે ૩૦૦ સ્થવિરકલ્પી શ્રમણો, આર્યા-પોઈણી વગેરે ૩૦૦ શ્રમણીઓ, સીવંદ ચૂર્ણક સેલક વગેરે ૭૦૦ શ્રાવકો, અને પૂર્ણ મિત્રા વિગેરે ૭૦૦ શ્રાવિકાઓ એકઠાં થયાં હતાં. વાચનામાં ૧૧ અંગો અને ૧૦ પૂર્વોના પાઠોને વ્યવસ્થિત કરવામાં આવ્યા હતા. આ૦ બલિસ્સહસૂરિએ આ વાચનાના પ્રસંગે વિદ્યાપ્રવાદ પૂર્વમાંથી અંગવિદ્યા વગેરે શાસ્ત્રોની રચના કરી હતી.

આ૦ સુસ્થિતસૂરિને મુખ્ય પાંચ શિષ્યો હતા, જેમનો પરિચય નીચે પ્રમાણે છેઃ

૧. સ્થવિર આ૦ ઇંદ્રદિન્ન, જે મુખ્ય પટ્ટધર હતા.

૨. આ૦ પ્રિયગ્રંથસૂરિજી, જેમનાથી કોટિકગણની પ્રધાન ગણાતી મજિઝમા શાખા નીકળી છે. આ આચાર્યે હર્ષપુરમાં અહિંસાધર્મનો પ્રચાર કરી જૈનશાસન દીપાવ્યું હતું.

૩ આ૦ વિદ્યાધર ગોપાલ, જેમનાથી કોટિકગણની પ્રધાન ગણાતી વિદ્યાધરી શાખા નીકળી છે. (વીર સં૦ ૩૫૦)

૪. આ૦ ઋષિદત્ત.

૫. આ૦ અરિહદત્ત (અર્હદ્દત્ત)

**આ૦ ગુણસુંદરસૂરિ:**

આ અરસામાં આ૦ ગુણસુંદરસૂરિ તથા શ્યામાચાર્ય થયા છે. તેમનો પરિચય 'યુગપ્રધાન પટ્ટાવલી' તેમજ વાચકવંશમાં આપેલ છે. (જૂઓઃ પૃ૦ ૧૮૦, ૧૯૧)

## રાજા મહામેઘવાહન ખારવેલ

આ આચાર્યના સમયમાં પૂર્વ ભારતમાં મહામેઘવાહન નામનો મહાપ્રતાપી અને જૈનધર્મનો મહાપ્રભાવક રાજા થયો છે. તેનો સંક્ષિપ્ત પરિચય આ પ્રમાણે છેઃ

મહામેઘવાહન રાજા ખારવેલ તે 'હિમવંત સ્થવિરાવલી'ના

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કથન મુજબ વિશાલા નગરીના ગણસત્તાક રાજ્યતંત્રના પ્રમુખ, પરમાર્હતોપાસક મહારાજા ચેડાનો વંશજ છે. મહારાજા ચેડા અને મગધ સમ્રાટ્ કોણિકનું ભયંકર યુદ્ધ થતાં આખરે મહારાજા ચેડા અનશન કરી મૃત્યુ પામી સ્વર્ગે ગયા છે. આ વખતે મહારાજા ચેડાનો પુત્ર શોભનરાય ત્યાંથી નાસીને કલિંગ દેશમાં તે વખતના રાજા સુલોચનના આશ્રયે ગયો. કલિંગ રાજાઓ ભગવાન-શ્રીપાર્શ્વનાથના ઉપાસક જૈન હતા. કલિંગનરેશ સુલોચનરાય પણ જૈન હતો. તેને સંતાનમાં પુત્ર ન હતો, માત્ર એક પુત્રી હતી. સુલોચનરાયે પોતાની કન્યા અને રાજ્ય બન્ને શોભનરાયને આપ્યાં. તેના મૃત્યુ પછી શોભનરાય કલિંગાધિપતિ બન્યો. અને તેનો વીર સં. ૧૮ માં કનકપુરમાં રાજ્યાભિષેક થયો. શોભનરાય પણ પિતાની જેમ પરમ જૈનધર્મી હતો, તે કલિંગદેશમાં આવેલ શત્રુંજયાવતાર રૂપ કુમરગિરિ અને ઉજ્જયંતાવતાર કુમારીગિરિ-તીર્થ ઉપર યાત્રા કરવા ગયો. અહીં રાજા શ્રેણિકના સમકાલીન રાજા સુલોચનરાયે શ્રમણોને ધ્યાન કરવા માટે પાંચ ગુફાઓ બનાવી હતી, તેમજ શ્રીસુધર્માસ્વામીના હાથે સુવર્ણની શ્રીઋષભ-દેવ પ્રભુજીની પ્રતિમાની પ્રતિષ્ઠા કરાવી હતી. એટલે આ સ્થાન તીર્થરૂપ તો હતું જ. શોભનરાયે આ તીર્થનો મહિમા વધારી ખૂબ પ્રચાર કર્યો.

આ શોભનરાયની પાંચમી પેઢીએ વીર સં. ૧૪૯માં કલિંગની ગાદીએ ચંડરાય આવ્યો, તેના સમયમાં મગધના નંદવંશના આઠમા રાજા મહાનંદે અહીં કલિંગ ઉપર ચઢાઈ કરી હતી, જે યુદ્ધમાં કલિંગની ખૂબ જ ખુવારી થઈ, દેશ પાયમાલ થયો. કિન્તુ એની આઝાદીની તમન્ના ઊભી રહી. નંદરાજા ગુસ્સામાં કુમરગિરિ ઉપરના મંદિરને તોડીને સુવર્ણ મૂર્તિને પટણા લઈ ગયો.

આ પછી વીર સં. ૨૨૭માં શોભનરાયની આઠમી પેઢીએ ક્ષેમરાજ કલિંગનો રાજા બન્યો. આ ક્ષેમરાજ પટણાની સત્તાને ફગાવી સ્વતંત્ર થયો હતો. એટલે મગધસમ્રાટ અશોકે કલિંગ ઉપર પુનઃ ચઢાઈ કરી. કલિંગની સેનાએ પણ ખૂબ જોરથી તેનો

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સામનો કર્યો અને તેને પરાજયની સ્થિતિમાં લાવી મૂક્યો. પછી તો અશોકે પણ ઝનૂનમાં આવી મગધની આખી સેના કલિંગમાં ઉતારી, ખૂબ જુલ્મ ગુજારી, કલિંગરાજને હરાવ્યો અને કલિંગની સંપત્તિ લૂંટી લીધી. આ ઘટના વીર સં. ૨૩૯ માં બની છે. અશોકે કલિંગરાજને હરાવ્યા પછી અહીં મૌર્ય સંવત ચલાવ્યો.

ભારતીય ઇતિહાસકારો અને બૌદ્ધ ગ્રંથો સુદ્ધાં લખે છે કે અશોકના હાથે આ છેલ્લો જ મહાભયંકર માનવસંહાર થયો હતો. અહીંના વીરતાભર્યા અને કરૂણ દશ્યો જોઈને આખરે અશોકનું હૃદય દ્રવી ઊઠયું. એટલે તેણે બહાદુર કલિંગને સ્વતંત્રતા આપી અને પોતે રાજ્ય-લોલુપતાથી થતાં આવાં યુદ્ધો પણ બંધ કર્યાં.

ક્ષેમરાજનો પુત્ર વુડ્ઢરાજ વીર સં૦ ૨૭૫ માં કલિંગની ગાદીએ આવ્યો. આ વખતે કલિંગમાં શાંતિ હતી. કલિંગના તીર્થરૂપ કુમરગિરિ અને કુમારીગિરિ ઉપર જૈન શ્રમણ-નિર્ગ્રન્થો અને શ્રમણીઓને ચોમાસું રહેવા માટે ૧૧ ગુફાઓ તૈયાર કરાવી તે તીર્થોને પુનઃ સતેજ કર્યાં. વીર સં૦ ૩૦૦ માં તેનો પુત્ર 'ભિક્ખુરાય' કલિંગનો રાજા બન્યો તે પણ પોતાના પૂર્વજોની જેમ પરમ જૈનધર્મી અને મહાપ્રતાપી થયો છે. એનાં ત્રણ નામો પ્રસિદ્ધ છે.

૧. ભિક્ખુરાયઃ—જૈન નિર્ગ્રંથ ભિક્ષુઓ-શ્રમણોનો પરમ ભક્ત હોવાથી તે ભિક્ખુરાજ કહેવાતો હતો.

૨. મહામેઘવાહનઃ—એને એના પૂર્વજોથી ચાલ્યા આવતા મહામેઘ જેવા હાથીનું વાહન હોવાથી તે મેઘવાહન કહેવાતો તેણે કુમરગિરિની એક ગુફામાં હાથી કોતરાવેલ છે. આજે તે ગુફા હાથીગુફા તરીકે પ્રસિદ્ધ છે.

૩. ખારવેલાધિપતિઃ—એની રાજધાની સમુદ્રને કિનારે હોવાથી તેમજ એની રાજ્યની મર્યાદા-સીમા સમુદ્ર સુધી હોવાથી તે ખારવેલાધિપતિ કહેવાતો હતો.

આ ભિક્ખુરાયે મગધના રાજા પુષ્યમિત્રને હરાવ્યો હતો,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પાટલીપુત્રની પાસે ગંગામાં પોતાના હાથીઓને સ્નાન કરાવ્યું હતું, મગધના રાજાઓ અવારનવાર કલિંગને લૂંટીને જે સંપત્તિ લઈ ગયા હતા, તે પાછી વાળી હતી, તેમજ આઠમો નંદ રાજા સુવર્ણની શ્રીઋષભદેવજીની જે મૂર્તિને લઈ ગયો હતો, તે મૂર્તિને પાટલીપુત્રમાંથી કલિંગ લઈ જઈ કુમરગિરિ પર્વત ઉપર શ્રેણિક રાજાએ બંધાવેલા મંદિરનો જીર્ણોદ્ધાર કરાવી, તેમાં તેના અસલ સ્થાને ભારે મહોત્સવપૂર્વક સ્થાપી હતી. આ ઉત્સવમાં આ૦ સુસ્થિત અને આ૦ સુપ્રતિબદ્ધ આચાર્યોની અધ્યક્ષતા હતી, અને તેઓના હાથે જ પ્રતિષ્ઠા થઈ હતી.

વળી, ભિખ્ખુરાયે કુમારગિરિ પર નવી ગુફાઓ કરાવી, તેમાં મોટી જિનપ્રતિમાઓની પ્રતિષ્ઠા કરાવી, શ્રમણ સંઘને આમંત્રી મોટું શ્રમણસંમેલન કરાવ્યું, જેમાં બીજી આગમવાચના કરાવી જિનાગમોને વ્યવસ્થિત કરાવ્યાં. આ ઘટનાઓથી આ વખતે કુમરગિરિ તો મહાન તીર્થરૂપ બન્યું હતું. ભિકખુરાય જૈન શાસનની મહાન પ્રભાવના કરી વીર સં. ૩૩૦માં સ્વર્ગવાસ પામ્યો. એનો પુત્ર વક્રરાય કલિંગનો રાજા બન્યો. તે વી. સં. ૩૬૨માં સ્વર્ગે ગયો. તેણે જૈનધર્મની પ્રભાવના કરી છે. તેના પછી વિદુહરાય કલિંગનો રાજા થયો. તે પણ જૈનધર્મનો મહાન ઉપાસક થયો છે. એનું વીર સં. ૩૯૫ માં સ્વર્ગગમન થયું. ('હિમવંત સ્થવિરાવલી', પૃ. ૫ થી ૮)

આ મહામેઘવાહન રાજા ખારવેલનો એક લેખ ઈ. સ. પૂર્વે બીજા સૈકાનો ઓરિસામાં ખંડગિરિ પરની હાથીગુફામાં ચોડેલો વિદ્યમાન છે જે ભારતીય પુરાતત્ત્વ વિભાગમાં ઐતિહાસિક ઘટનાઓ અને જીવનચરિત્રનું વર્ણન આપનાર સૌથી વધારે પ્રાચીન અને મોટો શિલાલેખ છે.

આ લેખ ઉપરથી જાણી શકાય છે કે મહામેઘવાહન રાજા ખારવેલ 'કલિંગ ચક્રવર્તી' તરીકે મનાયો છે. આ રાજાએ આંધ્ર મહારાષ્ટ્ર અને વિદર્ભ દેશને કલિંગની છત્રછાયામાં આણ્યા હતા.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આ રાજાનો પ્રતાપ રાજ્યકાળના બીજા વર્ષમાં જ મહી નદીથી કૃષ્ણા સુધી પ્રસર્યો હતો, પછી તો એની વિજય પતાકા ભારતવર્ષમાં ઉત્તરાપથથી માંડીને પાંડ્ય દેશ સુધી ફરકતી થઈ હતી. ખારવેલે મગધ પર ચઢાઈ કરી ભ૦ શ્રીઋષભદેવની પ્રતિમા કે જે 'કલિંગજિન' તરીકે વિખ્યાત હતી, તેને પાછી કલિંગમાં લાવી કુમારગિરિ પર મંદિરમાં પધરાવી હતી. કલિંગની રાણીએ જૈન સાધુઓ માટે વિહાર બંધાવ્યા હતા. શ્રમણોને વસ્રો આપ્યાં હતાં. રાજાએ આગમોનો સંગ્રહ કરાવ્યો હતો વગેરે. (જૈન પ્રાચીન લેખ સંગ્રહ, ભા. ૧; જૈન સાહિત્ય સંશોધક, વર્ષ ૩, અં. ૪.)

શ્રીયુત જાયસ્વાલ મહોદય આ લેખની સમીક્ષા કરતાં ઉમેરે છે કે, "આ પરથી જણાય છે કે, ઈ. સ. પૂર્વે ૪૫૮ વિ. સં. પૂર્વે ૪૦૦ વર્ષે ઉડીસામાં જૈનધર્મનો એટલો પ્રચાર હતો કે ભગવાન મહાવીરના નિર્વાણ પછી ૭૫ વર્ષમાં જ ત્યાં મૂર્તિઓ પ્રચલિત થઈ ગઈ હતી. જૈનસૂત્રોમાં લખ્યું છે કે, ભગવાન શ્રીમહાવીર પોતે ઉડીસામાં ગયા હતા અને ત્યાં તેમના પિતાના એક મિત્ર રાજ્ય કરતા હતા. આ ખંડગિરિના લેખમાં લખ્યું છે કે કુમારી પર્વત પર અર્થાત્ ખંડગિરિ ઉપર જ્યાં આ લેખ છે ત્યાં ધર્મવિજયચક્ર પ્રવર્ત્યું હતું, અર્થાત્ ભગવાન મહાવીરે પોતે જ અહીં જૈનધર્મનો ઉપદેશ કર્યો હતો, અથવા તેઓના પૂર્વવર્તી કોઈ જિન–તીર્થંકરે ઉપદેશ કર્યો હતો. ત્યાં પર્વત ઉપર એક કાયનિષદી અર્થાત્ જૈનસ્તૂપ હતો, જેમાં કોઈ અરિહંતનું અસ્થિ દાટવામાં આવેલું હતું. ખારવેલની યા એના પહેલાના વખતની એવી અનેક ગુફાઓ અને મંદિરો આ પર્વત ઉપર છે, કે જેના ઉપર પાર્શ્વનાથનાં ચિહ્નો તેમજ પાદુકાઓ છે, જે કોરી કાઢેલાં છે, અને બ્રાહ્મી લિપિના લેખવાળાં છે. તેમાં "જૈન સાધુઓ રહેતા હતા." એ વાતનો ઉલ્લેખ છે. આ ઉપરથી એ સ્પષ્ટ છે કે આ સ્થાન એક જૈનતીર્થ છે તેમજ ઘણું જૂનું છે.

('જૈન સાહિત્ય સંશોધક' ખંડ ૩ જો, અંક ૪ થો, પૃ. ૯૬)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આથી સ્પષ્ટ છે કે કલિંગદેશ જૈનધર્મની પ્રાચીન કેંદ્રભૂમિ છે.*

આવી રીતે આ પ્રતાપી અને મહાન શાસનપ્રભાવક જૈનધર્મી મહારાજા ખારવેલ ઈ. સ. પૂર્વે બસોમાં કલિંગ દેશમાં

*શ્રીનિર્મળકુમાર બસૂ લખે છે કે, ભુવનેશ્વરનું સ્થાપત્ય એક અને અનેક છે, આપણે અહીંના પ્રાચીન ઇતિહાસ માટે ઘણા અજ્ઞાન છીએ. ભુવનેશ્વરના લિંગરાજ મંદિરથી અગ્નિખૂણે પાંચેક માઈલ પર ધવલી પહાડ છે, ત્યાં અશોકનો શિલાલેખ છે. બીજી દિશામાં પાંચેક માઈલ પર ખંડગિરિ અને ઉદયગિરિ છે, ત્યાં સમ્રાટ ખારવેલના શિલાલેખો છે, આમ હોવા છતાં ખાસ ભુવનેશ્વરમાં કંઈ પુરાતન વસ્તુઓ મળતી નથી; જે સંબંધે શોધખોળની આવશ્યકતા છે. ઐતિહાસિકદૃષ્ટિએ ભાસ્કરેશ્વરનું મંદિર વધારે કીમતી છે. તેનું સ્થાપત્ય વિચારીએ તો રેખમંદિર કે ભદ્રમંદિરની કક્ષાનું આ મંદિર નથી. વિશેષ રીતે જોઈએ તો નક્કી છે કે, શિવલિંગ મોટું છે, તેને ઢાંકવા માટે શિલ્પમર્યાદાને તોડી પ્રસ્તુત મંદિર ઊભું કરવામાં આવ્યું હોય એમ લાગે છે. શિવલિંગ ૪ ફુટ પહોળું અને ૯ ફૂટ ઊંચું છે, પણ ગૌરીપટ્ટની લંબાઈ સાથે તેનો મેળ ખાતો નથી. શિવલિંગ અને ગૌરીપટ્ટના પથ્થરો પણ જુદી જુદી જાતના છે. આથી રાજેંદ્રલાલ મિત્ર જણાવે છે કે, પ્રથમ અહીં અશોકનો સ્તૂપ હતો, તેને હઠાવી પ્રસ્તુત લિંગ સ્થપાયેલ છે અને તેની ઉપર મંદિર ઊભું કરવામાં આવેલું છે. રામેશ્વરના મંદિર પાસે અશોક કુંડ ઉપર સ્તંભનો ઉપલો ભાગ છે. અમને એક કૂવો ખોદતાં એક બુદ્ધદેવની અને બીજી જૈન તીર્થંકરની મૂર્તિ મળી હતી. ભાસ્કરેશ્વરનું લિંગ પ્રાચીન કાળે અશોકનો સ્તૂપ હશે એમ નક્કી મનાય છે. ત્યાંથી મળેલ મૂર્તિઓનું શિલ્પ બરાબર ઉદયગિરિની રાણીગુફાને મળતું આવે છે. મંદિરની ઉત્તરમાં ગિરિગુફાઓ છે. ત્યાં બે જૈનમૂર્તિઓ જોવામાં આવી. અહીં ઘણી પ્રાચીન વસ્તુઓ ભૂગર્ભમાં ધૂળમાં દટાયેલ છે. વિશેષ પ્રયત્ન કરવામાં આવે તો અહીંથી ઘણાં સત્યો પ્રકટ થશે. ભુવનેશ્વરનું સ્થાપત્ય નવમીથી બીજી સદીના મધ્યનું છે. પરંતુ આવું શિલ્પ કયા ગ્રંથમાં બતાવ્યું છે તે શોધવાની જરૂર છે. મહાનંદના બન્ને કાંઠે સોનપુર, બૌદ્ધ, નરસિંહપુર વગેરે રાજ્યોના પ્રાચીન મંદિરોની રચના ભુવનેશ્વરને મળતી આવે છે.

('પ્રવાસી' બં૦ સં૦ ૧૩૪૧ વૈશાખનો અંક પૃ૦ ૩૫ થી ૪૦
'જૈન સત્ય પ્રકાશ' ક્રમાંક ૧૪૭)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

થઈ ગયો છે. આ સમય સુધી કલિંગમાં જૈનધર્મનું પ્રાબલ્ય હતું. નવો આવનાર વેદધર્મી પણ જૈનત્વથી રંગાઈ જતો હતો. માટે જ વેદધર્મના આચાર્યોએ એક નિયમ બનાવી રાખ્યો હતો કે—

सिन्धु-सौवीर-सौराष्ट्रांस्तथा प्रत्यन्तवासिनः ।
अङ्ग-बङ्ग-कलिङ्गांश्च, गत्वा संस्कारमर्हति ॥

---

આ લેખ ઉપરથી સમજી શકાય છે કે. ભુવનેશ્વરનું તીર્થ એ અસલી શૈવતીર્થ નથી. આપણે જાણીએ છીએ કે સમ્રાટ ખારવેલે અહીં જૈન મંદિરો વગેરે બનાવ્યાં હતાં. શંકરાચાર્યના અનુયાયીઓએ ધર્મ આક્રમણ કર્યું ત્યારે જગન્નાથપુરી વગેરે જૈનતીર્થો જ શૈવતીર્થો બન્યાં છે, તેવું જ અહીં પણ બન્યું છે. એટલે કે ભાસ્કરેશ્વર એ પ્રાચીન જૈનમંદિર છે. જો કે લેખક અહીં બૌદ્ધ વસ્તુ હોવાનું જણાવે છે તે માત્ર જૈન સ્થાપત્ય અને જૈન ઈતિહાસનું જ્ઞાન ન હોવાના કારણે હોય એમ લાગે છે. આ સ્થાનમાં બૌદ્ધો કરતાં જૈનોને વધારે લાગેવળગે છે; એ વાત તો ત્યાંની હાથીગુફાના લેખો જ પુરવાર કરી આપે છે. આથી સ્પષ્ટ છે કે, ભુવનેશ્વર, ઉદયગિરિ વગેરે વગેરે જૈનધર્મનાં પ્રાચીન કેંદ્રો છે.

એક વિદ્વાન લખે છે કે, ઓરિસાના ભુવનેશ્વરની પૂર્વે ૨ માઈલ દૂર પુરાતત્ત્વખાતાએ બી. બી. લાલની દેખરેખ નીચે ખોદકામ કર્યું છે, તેમાં લગભગ એક માઈલ લાંબો, એક માઈલ પહોળો, ૮ દરવાજાવાળો સમચોરસ શિશુપાલગઢ નીકળ્યો છે; જેનો પાયો આશરે ૧૦૦ ફુટ પહોળો છે ચારે બાજુ ખાઈ છે તેમાં આજે પણ પાણી ભરેલું છે. સમ્રાટ્ ખારવેલે કલિંગ નગરનો ગઢ સમરાવ્યો હતો તેમ શિલાલેખમાં સૂચન છે તો તે કલિંગનગર તે આ શિશુપાલગઢ જ હોવો જોઈએ. એટલે આ ભારતવર્ષનો ૨૧૦૦ વર્ષ જૂનો કિલ્લો છે.

('પ્રજાબંધુ', તા. ૧૫-૮-૧૯૪૮ જૈ૦ સ૦ પ્ર૦ ક૦ ૧૭૩)

www.jainsite.com          For Private & Personal Use Only          info@jainsite.com

## પ્રકરણ દશમું

### આ૦ શ્રીઈંદ્રદિન્નસૂરિ

આ આચાર્યનો વિશેષ પરિચય મળતો નથી. સં. ૧૮૮૯ની પં. ખુશાલ 'પટ્ટાવલી'માં ઉલ્લેખ છે કે તેઓ વિહાર કરી મોઢેરા પધાર્યા હતા.

આ અરસામાં તેમના ગુરુભાઈ આ. પ્રિયગ્રંથસૂરિ અને આ. નાગસૂરિ એ પ્રભાવક આચાર્યો થયા છે.

### આ૦ પ્રિયગ્રંથસૂરિ

આ૦ સુસ્થિત અને આ૦ સુપ્રતિબદ્ધસૂરિના બીજા પટ્ટધર આ. પ્રિયગ્રંથસૂરિ મહાપ્રભાવક મંત્રવાદી થયા છે.

અજમેર પાસેના હર્ષપુર (મજ્ઝિમ) નગરમાં ૩૦૦ જિનમંદિરો હતાં, ૪૦૦ અજૈન મંદિરો હતાં, ૧૮૦૦ બ્રાહ્મણોનાં ઘર હતાં, ૩૬૦૦ વણિકોનાં ઘર હતાં, ૯૦૦ બગીચા હતા, ૭૦૦ વાવો હતી, ૨૦૦ કૂવા હતા, અને ૭૦૦ દાનશાળાઓ હતી. આવા સંપત્તિસંપન્ન હર્ષપુર નગરમાં આ૦ પ્રિયગ્રંથસૂરિ વિહાર કરતા પધાર્યા. અહીં તે વખતે બ્રાહ્મણોએ એક મોટો યજ્ઞ આરંભ્યો હતો, એમાં બોકડાનું બલિદાન દેવાનું હતું. બ્રાહ્મણો બકરાને શણગારીને વેદી પાસે લઈ ગયા, આ સમાચાર શ્રાવકો દ્વારા સૂરિજીને મળ્યા. સૂરિજીએ મંત્રેલો વાસક્ષેપ આપી, શ્રાવકોને કહ્યું કે, આ વાસક્ષેપ બોકડા ઉપર નાખજો, એટલે બધું ઠીક થઈ રહેશે. શ્રાવકોએ તે વાસક્ષેપ લઈ બોકડા ઉપર નાખ્યો, બસ! બોકડો થોડી વારમાં વાસક્ષેપના પ્રભાવે અંબિકા દેવીથી અધિષ્ઠિત થયો, અને તે માનવી ભાષામાં બોલ્યો: "તમે મને અગ્નિમાં બલિદાન આપવા લઈ જાઓ છો, પરંતુ જો હું તમારી

જૈન સાઈટ JAINSITE .com

જેવો નિર્દય થાઉં તો તમને ક્ષણવારમાં મારી નાખું એમ છું. યદિ મારા હૃદયમાં દયા ન હોત તો ક્રોધિત થયેલા હનુમાનજીએ રાવણની લંકાનગરીની જે દશા કરી હતી, તે દશા તમારા નગરની કરતાં વાર ન લાગત." આ સાંભળી બ્રાહ્મણોએ પૂછ્યું: "તું કોણ છે? તારું શું સ્વરૂપ છે? તે કહે."

બોકડો બોલ્યો: હું અગ્નિ છું. બોકડો મારું વાહન છે, તમો તેને શા માટે હણો છો? બીજું તમે યજ્ઞમાં જે પશુબલિદાન આપો છો, એમાં ધર્મ નથી જ. જો સાચો ધર્મ તમારે સમજવો હોય તો અહીં પધારેલા આ૦ પ્રિયગ્રંથસૂરિને પૂછો, તેમની પાસેથી સત્ય ધર્મ સાંભળી તમે તે સત્ય ધર્મને આચારમાં મૂકો. તેઓ સત્યવાદીઓમાં શ્રેષ્ઠ છે. બ્રાહ્મણોનું ટોળું આ સાંભળી ચમકયું અને તેણે આ૦ પ્રિયગ્રંથસૂરિજી પાસે જઈ સત્યધર્મ સમજી સ્વીકારીને યજ્ઞમાં થતી નિર્દોષ જીવોની હિંસા બંધ કરી દીધી. આવી રીતે આ સૂરિજીએ હિંસામય યજ્ઞ બંધ કરાવી અહિંસા ધર્મનો મહાન પ્રચાર કર્યો હતો.

હર્ષપુરનું અસલી નામ મધ્યમિકા નગરી હતું. ચિત્તોડના રાજા અલ્લટની રાણી હર્ષદેવીએ ત્યાં જ હર્ષપુર વસાવ્યું છે, જે આજે હાંસોટ એવા નામથી પ્રસિદ્ધ ગામડું છે.

**સ્થવિર નાગસૂરિજી:**

તેઓ આર્ય મહાગિરિસૂરિની પરંપરામાં થયેલ સ્થવિર કોડિન્નના શિષ્ય હતા, અને વાચકપરંપરાના વાચનાચાર્ય હતા.

**કુશાનવંશ:**

ચીનની વાયવ્ય સરહદ પર વસેલી યુચિ બર્બર જાતિએ વાલ્હીક પર પોતાની સત્તા જમાવી, તે જાતિની કુઈશુયાંગ વંશના કિઉચિઉકિઉ એ હિન્દુકુશ પર્વત પર પોતાનો અધિકાર સ્થાપ્યો, તેના જ પુત્ર યેનકાઉ ચિંગતાઈએ શુંગોના પડતા કાળમાં ભારતના ઉત્તર વિભાગમાં પોતાનું રાજ્ય વિસ્તાર્યું અને મથુરા વગેરેમાં રાજધાની સ્થાપી. તેનો વંશ તે કુશાનવંશ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તરીકે જાહેર છે. તેમાં કડફ્સીઝ, કનિષ્ક, વસિષ્ક, હવિષ્ક, વસુદેવ, વાઝષ્પ, ગુશન, ખુશન વગેરે રાજાઓ થયા છે. કુશાન રાજાઓ જૈનધર્મના પ્રેમી રાજાઓ છે અને તેમના શાસનકાળમાં મથુરા વગેરે સ્થાનોમાં અનેક જિનમંદિરો બન્યાં છે, જિનબિંબો બન્યાં છે, જે પૈકીની ઘણી જિનપ્રતિમાઓ, ભગવાન શ્રીમહાવીરસ્વામીના ગર્ભાપહારની ખોદેલી શિલા, વગેરે આજે લખનૌમાં કૈશરબાગના મ્યુઝિયમમાં સુરક્ષિત છે. તે સમયના શિલાલેખ–પ્રતિમા લેખનો નમૂનો નીચે આપું છું.

**महाराजस्य राजातिराजस्य देवपुत्रस्य षाहिकनिष्कस्य सं. ७ हे. १ दि. १०-५, एतस्य पूर्वाधां अर्य(उ)देहिकियातो गणातो, आर्यनागभूतिकियातो कुलातो, गणिअ आर्यबुद्धिसिरिस्स शिष्यो वाचको आर्यसेनिकस्य भगिनी.** (प्राचीनलिपिमाला, पृ० ५४)

કનિષ્ક સં૦ ૭ ચૈત્ર શુદિ ૧૫ દિને ઉદ્દેહગણ નાગભૂય કુલના આચાર્ય આર્ય બુદ્ધિશ્રીના શિષ્ય વાચક આર્ય સેનિકની બેન....

JAINSITE
જૈનમ્ જયતિ શાસનમ્

આ પ્રમાણે તે સમયના શિલાલેખોવાળી ઘણી જિનપ્રતિમાઓ મથુરામાં વિદ્યમાન હતી, જિનપ્રતિમાઓની પ્રાચીનતા સાબિત કરવામાં આ શિલાલેખો પણ મોટો ફાળો આપે છે, સાથોસાથ "શ્વેતાંબર જૈનધર્મ જ અસલી જૈનધર્મ છે." એ વાતને પણ આ શિલાલેખો બહુ જ સ્પષ્ટ કરી દે છે.

(ગણ અને કુલ માટે જુઓ : પૃ૦ ૧૭૬ )

ફ્લીટ સાહેબ તો આ કુશાન રાજા કનિષ્કથી જ વિક્રમસંવતનો પ્રારંભ માને છે, એટલે કે કનિષ્કસંવત એ જ પાછળથી વિક્રમસંવત જાહેર થયો છે. કોઈ વિદ્વાન રાજા કનિષ્કને વિક્રમની પૂર્વ સદીમાં મૂકે છે, જ્યારે કોઇ વિદ્વાન તેને ઇસ્વીસનની પહેલી સદીમાં મૂકે છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# પ્રકરણ અગિયારમું

## આ૦ શ્રીઆર્યદિન્નસૂરિ

આ આચાર્યશ્રીનો વિશેષ પરિચય મળતો નથી. તેમને મુખ્ય બે શિષ્યો હતા.

૧. આર્ય શાંતિશ્રેણિક.

૨. આર્ય સિંહગિરિ—જાતિસ્મરણ જ્ઞાનવાળા હતા.

### આર્ય શાંતિશ્રેણિક

આ આચાર્યશ્રીનો શિષ્યપરિવાર ઉચ્ચાનગરની આજુ-બાજુ વિહાર કરતો હતો, જેથી એમનાથી ઉચ્ચાનાગર શાખા નીકળે છે. 'તત્વાર્થસૂત્ર'ના રચનાર વાચકવર્ય શ્રીઉમાસ્વાતિ મહારાજ આ શાખાના છે.

આ. શાંતિશ્રેણિકને મુખ્ય ચાર શિષ્યો હતા, તે આ પ્રમાણે:— ૧. સ્થ૦ આર્યશ્રેણિક—જેનાથી અજ્જ સેણિયા શાખા નીકળી છે. ૨. સ્થ૦ આર્યતાપસ—જેનાથી અજ્જ તાપસી શાખા નીકળી છે. ૩. સ્થ૦ આર્યકુબેર—જેનાથી અજ્જ કુબેરી (કુબેરા) શાખા નીકળી છે. ૪. સ્થ૦ આર્યઋષિપાલિત જેનાથી અજ્જ ઈસિપાલિયા શાખા નીકળી છે.

સં. ૧૮૮૯ ની પં૦ ખુશાલ 'પટ્ટાવલી'માં ઉલ્લેખ છે કે, આ૦ આર્યદિન્નસૂરિએ દક્ષિણમાં કર્ણાટક સુધી વિહાર કર્યો હતો. તેઓ રોજ નીવીનું પચ્ચકખાણ કરતા હતા અને ઉપધિમાં ચૌદ ઉપકરણ રાખતા હતા. અત્યાર સુધી તો કોઈ મુનિ કાળધર્મ પામે તો

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

બીજા મુનિઓ તેના શરીરને નિર્જન સ્થાનમાં લઈ જઈને પરઠવી દેતા હતા, પરિણામે તે શરીર જનાવરોના કામમાં આવતું હતું, એવી પ્રવૃત્તિ હતી. આ આચાર્યના સમયમાં ચંદેરી નગરીમાં એક સાધુ કાળધર્મ પામ્યા એટલે તેના દેહને સાધુઓએ વોસ૰ રાવ્યો અને પછી ગૃહસ્થોએ તેનો અગ્નિસંસ્કાર કર્યો એ રીતે આ આચાર્યશ્રીના સમયમાં અગ્નિદાનની પ્રથા ચાલુ થઈ છે, જે આજે પણ તે રૂપે જ ચાલુ છે.

આ અરસામાં જૈનશાસનમાં ઘણા પ્રભાવક પુરુષો થયા છે. જેમાંના મુખ્ય મુખ્ય નીચે પ્રમાણે છે.

આ૦ શ્યામાચાર્ય શિષ્ય આ૦ ષાંડિલ્ય, આર્ય કાલકસૂરિ, આર્ય ખપુટાચાર્ય, પાદલિપ્તસૂરિ, આ૦ રુદ્રદેવસૂરિ, આ૦ શ્રમણસિંહસૂરિ, આ૦ ધર્મસૂરિ, વૃદ્ધવાદિસૂરિ અને આ૦ સિદ્ધસેન દિવાકર તથા સમ્રાટ વિક્રમાદિત્ય અને સાતવાહન વગેરે.

આ૦ શ્યામાચાર્ય અને તેના શિષ્ય આ૦ ષાંડિલ્યનો પરિચય 'વાચકવંશ' પૃષ્ઠ ૧૮૧ માં આવી ગયો છે.

જૈનમ્ જયતિ શાસનમ्

બીજા કાલિકાચાર્ય:

तह गद्दभिल्लरज्जस्स, छेयगो कालिगायरिओ होही।
तेवण्णचउसएहिं, गुणसयकलिओ सुअपउत्तो ॥
छत्तीस गुणोववेओ, गुणसयकलिओ पहाजुत्तो ॥

( અપાપાબૃહત્કલ્પ, દુસ્સમકાલસમણસંઘથયં અવચૂરિ )

આ નામના ૪ આચાર્યો થયા છે, જેમાંના એક શ્રીઆર્ય શ્યામાચાર્ય ( પ્રથમ કાલકાચાર્ય )નો ઉલ્લેખ આવી ગયો છે.

બીજા કાલિકાચાર્યનો પરિચય નીચે પ્રમાણે છે.

તેમનું જન્મ સ્થાન ધારાવાસ નગર છે. ત્યાંના રાજા વીરસિંહ તેમના પિતા, અને રાણી સુરસુંદરી તેમની માતા હતી, તેમનું પોતાનું નામ 'કાલક' કુમાર હતું, તેમને સરસ્વતી નામે એક બહેન હતી. આ બહેન રૂપરૂપનો અંબાર હતી, તેમજ તેના નામ પ્રમાણે ગુણ હતા. જાણે સાક્ષાત સરસ્વતી જ હોય એવી આ સરસ્વતી હતી.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ભાઈ અને બહેનને અતિશય પ્રેમ હતો. તેઓ દરેક કાર્યમાં પ્રાયઃ સાથે જ રહેતા. એક વખતે તે ભાઈબહેન ઘોડાઓ ઉપર બેસી નગર બહાર જતા હતા, ત્યાં તેમણે ધર્મોપદેશની ગર્જના સાંભળી. તેઓને તપાસ કરાવતાં જણાયું કે આ૦ ગુણાકર નામના મહાન જૈનાચાર્ય અહીં ધર્મદેશના આપી રહ્યા છે. કાલક બોલ્યો: ચાલો, આપણે પણ સાંભળવા જઈએ. એટલે ભાઈબહેન, સામંતો અને મંત્રીઓ ત્યાં ઉપદેશ સાંભળવા ગયા, કાલકકુમાર અને સરસ્વતીને સૂરિજીનો ઉપદેશ સાંભળી વૈરાગ્ય ઉપજ્યો અને તે બન્નેએ માતાપિતાની અનુજ્ઞા લઈ ગુણાકરસૂરિજી પાસે જૈન દીક્ષા સ્વીકારી.

કાલક મુનિ શાસ્ત્રો ભણી આચાર્ય બની મોટા શિષ્યપરિવાર સહિત ઉજ્જયિની પધાર્યા. તેઓ નગર બહાર ઉદ્યાનમાં રહ્યા છે, ધર્મદેશના આપી રહ્યા છે. તેમનાં બહેન સરસ્વતી સાધ્વીજી પણ તેમને વંદના કરવા ઉજ્જયિની આવ્યાં છે, જેના રૂપ, ગુણ અને જ્ઞાનની ખ્યાતિ રાજા પાસે પહોંચી.

આ સમયે ઉજ્જયિનીમાં ગર્દભિલ્લ રાજા રાજ્ય કરતો હતો; તે કામાંધ રાજા હતો. એકવાર તે સંધ્યા સમયે ફરવા જતો હતો, અને સાધ્વીજી સરસ્વતી સામેથી ઠલ્લે જઈને આવતાં હતાં. રાજાએ તેમને જોતાં જ કામાંધ બની પોતાના નોકરો દ્વારા તેમનું અપહરણ કરાવ્યું. સાધ્વીજીએ ઘણી બૂમો પાડી, પરંતુ બાજપક્ષીના મોંમાં સપડાયેલા શિકારની માફક તેમને કોઈ બચાવી શક્યું નહિ. આ સમાચાર ત્યાં રહેલા શ્રીકાલકાચાર્યને પણ મળ્યા. સૂરિજીએ મહાજન મોકલી રાજાને સમજાવ્યો, પરંતુ રાજા કોઈ રીતે સમજ્યો નહીં, આચાર્યે જઈને એને સમજાવવા પ્રયત્ન કર્યો, પરંતુ કામાંધ રાજા કોઈ રીતે ન માન્યો; ત્યાંના બુદ્ધિવાનો તેમજ પાડોશના બીજા રાજાઓ પણ ગર્દભિલ્લને ન તો સમજાવી શક્યા, કે ન તો એને પાપકર્મથી પાછો વાળી શક્યા. આખરે કાલિકાચાર્યજી પંજાબ થઈ ને હિંદ બહાર ઈરાનમાં ગયા અને ઈરાનના ક્ષત્રપ શહેનશાહના નાના નાના શાહી રાજાઓને પોતાના

www.jainsite.com　　For Private & Personal Use Only　　info@jainsite.com

ભક્ત બનાવ્યા. એકવાર ઈરાનના શહેનશાહે ગુસ્સામાં આવીને પોતાના તાબાના ૯૬ શાહીઓનાં માથાં મંગાવ્યાં; સૂરિજીને આ સમાચાર મળ્યા ત્યારે તેમણે એ દરેકને બચવું હોય તો હિંદુસ્તાન આવવા જણાવ્યું, તેઓ પોતપોતાનો કાફલો લઈને સમુદ્રમાર્ગે વહાણોદ્વારા રવાના થઈ સૌરાષ્ટ્રના કિનારે આવી ઊતર્યા. તેઓએ પ્રથમ સૌરાષ્ટ્ર જીત્યું અને પછી ચોથે વર્ષે ભરૂચના રાજાનો સહકાર સાધી લાટના રસ્તે થઈ ઉજ્જૈન ઉપર હલ્લો કર્યો.

ગર્દભિલ્લ રાજા ગર્દભીવિદ્યાના અભિમાનથી નચિંત હતો. એને એમ હતું કે મારી ગર્દભીવિદ્યાથી એનો અવાજ જ્યાં જ્યાં સંભળાશે, ત્યાં ત્યાં બધાય મૃત્યુ પામશે. કાલિકાચાર્યજીને આ વિદ્યાની ખબર હતી તેથી તેમણે જ્યારે રાજા વિદ્યા સાધીને કિલ્લા ઉપર ઊભો રહી જેવો અવાજ કરવા તૈયાર થાય છે કે તરત જ લક્ષ્યવેધી બાણ ફેંકનાર ૧૦૮ ધનુર્ધારીઓના ૧૦૮ બાણોથી રાજાનું મોં પુરાવી દીધું. આથી રાજાની વિદ્યા ચાલી ગઈ. આખરે ઘોર યુદ્ધ થયું, રાજા હાર્યો, મરાયો અને શાહી રાજાઓ ઉજ્જૈનીના માલિક બન્યા. પછી તો ટૂંક મુદતમાં જ આ૦ શ્રીકાલિકાચાર્યના ભાણેજો રાજા બલમિત્ર અને ભાનુમિત્ર એ શાહીઓને હરાવી અવન્તિપતિ બન્યા છે. આ બલમિત્ર–ભાનુમિત્ર એ જ પ્રસિદ્ધ વિક્રમસંવત પ્રવર્તક રાજા વિક્રમાદિત્ય.

આ૦ કાલિકાચાર્યે પોતાની બહેન સાધ્વીજીને છોડાવ્યાં. અને પ્રાયશ્ચિત્ત આપીને શુદ્ધ કર્યાં.

## ચોથનું સંવત્સરી મહાપર્વ:

આ૦ કાલકસૂરિ એકવાર ઉજ્જૈની કે ભરૂચમાં ચોમાસું હતા. તેમણે રાજા બલમિત્રની બહેન ભાનુશ્રીના પુત્ર બલભાનુને દીક્ષા આપી હતી. આથી રાજાને આચાર્યદેવ ઉપર કંઈક અપ્રીતિ થઈ. બીજી તરફ રાજપુરોહિત ધર્મદ્વેષી હતો, તે આચાર્યશ્રીના તેજને સહી શક્યો નહીં, આથી આચાર્યશ્રીનો તેજોદ્વેષ કરવા લાગ્યો. તેણે પ્રથમ તો એવી વ્યવસ્થા કરી કે જૈનમુનિઓને નિર્દોષ આહાર-

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પાણી મળી શકે નહીં, પછી રાજાને ભંભેર્યો કે આચાર્ય મહારાજ ધર્મના રાજા છે, તમે દેશના રાજા છો, જ્યાં જ્યાં સૂરિજીના પુનિત ચરણો પડે ત્યાં રાજાથી ચાલી શકાય નહીં વગેરે વગેરે. આ૦ કાલક આ વાત જાણી ત્યાંથી વિહાર કરી દક્ષિણમાં પ્રતિષ્ઠાનપુર પધાર્યા. આ અરસામાં પ્રતિષ્ઠાનપુરમાં સાતવાહન રાજા હતો, જે જૈનધર્મનો પરમ ઉપાસક હતો. તેની રાણીઓ પરમજૈન હતી. ત્યાં પર્યુષણાપર્વના દિવસો આવ્યા. ભા. શુ. ૫ ને દિવસે સંવત્સરી મહાપર્વ ઉજવવાનું હતું પરંતુ તે વખતે તે પ્રદેશમાં ભા. શુ. ૫ નો દિવસ લૌકિક ઇંદ્રપર્વ તરીકે ઉજવાતો હતો અને તેના મહોત્સવમાં રાજા–પ્રજા એકસરખી રીતે ભાગ લેતા હતા. આથી રાજાએ સૂરિજીને વિનતિ કરી કે, ભા. શુ. ૫ લૌકિક પર્વ-મહોત્સવ હોવાથી મારે ત્યાં જવું પડશે, તો આપ સંવત્સરીપર્વ ભા. શુ. ૫ ને બદલે ભા. શુ. ૬ ને દિવસે કરો, જેથી હું તેની બરાબર આરાધના કરી શકું. આચાર્યમહારાજે જણાવ્યું કે, તે દિવસનું ઉલ્લંઘન કરાય નહીં. આથી રાજાએ ફરી વિનતિ કરી કે તો અણાગતચોથે પર્યુષણપર્વ કરો. આચાર્યમહારાજે જણાવ્યું કે, 'ભલે તેમ કરીશું.' એટલે આચાર્યમહારાજ રાજા અને શ્રીસંઘે તે વર્ષે ભા. શુ. ૪ ને દિવસે સંવત્સરી મહાપર્વની આરાધના કરી. બીજા વર્ષથી સમસ્ત સંઘે ઠરાવ્યું કે હવેથી દરવર્ષે ભા. શુ. ૫ ને આગલે દિવસે ભા. શુ. ૪ને દિવસે સંવત્સરી મહાપર્વ ઉજવવું. ત્યારથી લગભગ ૧૧૦૦ વર્ષ સુધી હિંદના સમસ્ત સંઘે અવિભક્તપણે ભા. શુ. ૪ને દિવસે સંવત્સરી મહાપર્વ ઊજવ્યું છે અને આજે પણ એ જ અણુંતર ચોથે સંવત્સરી ઉજવાય છે.*

---

* महाविभूइए पविट्ठो कालगज्जो । पविट्ठेहिं य भणियं, भद्दवयसुद्धपंचमीए पज्जोसविज्जति । समणसंघेण य पडिवन्नं ॥

ताहे रन्ना भणियं—तद्दिवसं मम लोगाणुवित्तीए इंदो (इंद–महो) अणुजाणेयव्वो होहिति । साहू चेइए ण पज्जुवासेस्सं, तो छट्ठीए पज्जोसवणा किज्जउ ।

आयरिएण भणियं– ण वट्टइ अइक्कमेउं ।

www.jainsite.com  For Private & Personal Use Only  info@jainsite.com

તેઓ પોતાની સાથેના અવિનયી શિષ્યોને સમજાવવા માટે ઉજ્જૈનથી એકલા જ વિહાર કરી સ્વર્ણભૂમિ પધાર્યા હતા. ત્યાં તેમના પ્રશિષ્ય આ૦ સાગરચંદ્ર બિરાજતા હતા. તેમણે પણ ગુરુજીને ઓળખ્યા નહીં અને અષ્ટપુષ્પીનું સ્વરૂપ પૂછ્યું. આચાર્યશ્રીએ તેને વિશદ રીતે વર્ણવ્યું. પછી તો બીજા શિષ્યો ત્યાં આવી પહોંચ્યા અને આ૦ સાગરચંદ્રે ગુરુજીને ઓળખીને ખમાવ્યા. આ આ૦ કાલકસૂરિ માટે પણ પ્રથમ કાલકાચાર્યજી જેવો જ ઇન્દ્ર સમક્ષ નિગોદના આખ્યાનનો ઉલ્લેખ મળે છે. તેમણે પ્રથમાનુયોગ, ગંડિકાનુયોગ અને કાલકસંહિતા વગેરે ગ્રંથો બનાવ્યા હતા.

આ શ્રીકાલિકાચાર્યે બલમિત્ર, ભાનુમિત્ર–સમ્રાટ વિક્રમાદિત્ય, રાજા સાતવાહન, ઇરાનના શાહી સરદારો વગેરેને પ્રતિબોધ્યા છે. તેમણે મહાન રાજ્યક્રાંતિ અને મહાન ધર્મક્રાંતિ કરી છે. એમનો પ્રતાપ અને પ્રભાવ એવો છે કે ભારતનો સંઘ તેમની આજ્ઞાઓ માન્ય રાખે છે. તેઓ વીર સં. ૪૬૫માં સ્વર્ગે ગયા, એવો ઉલ્લેખ મળે છે.

કાલકાચાર્યની સંતતિ ખંડિલગચ્છ–કાલિકાચાર્યગચ્છ, ભાવાચાર્યગચ્છ અને ભાવડગચ્છ તરીકે પ્રસિદ્ધ થયેલ છે, તેઓ હિગ્રંથમાં ચંદ્રકુલનું નામ આપતા હતા.

આ૦ પ્રભાચંદ્રસૂરિજી મુનિવંશની પરંપરા જોડનારા અંકોડા આપે છે કે, આ૦ ગુણાકરના શિષ્ય પ્રથમ કાલિકાચાર્ય થયા. (કાલિકાચાર્ય પ્રબંધ) વિદ્યાધરવંશમાં શ્રુતસાગરના પારગામી

---

ताहे (रन्ना) भणियं– तो **अणागयाए चउत्थीए** पज्जोसविज्जउ? । आयरिएण भणियं —एवं भवउ । ताहे **चउत्थीए** पज्जोसवितं ।

एवं जुगप्पहाणेहिं कारणिआ चउत्थी पवत्तिआ, सा चेव **अणुमया** सव्वसाहूणं ।–(श्रीनिशीथसूत्रचूर्णि, उ० १० । पर्युषणादशशतकं)

रन्ना भणितं—तो चउत्थीए भवतु ।

आयरिएण भणियं—एवं होउ त्ति, चउत्थीए कता पज्जोसवणा ।

एवं चउत्थी वि जाया कारणिया ।–(पर्युषणाचूर्णि)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આ૦ કાલિકની પરંપરામાં આ૦ નાગહસ્તિ, આ૦ પાદલિપ્તસૂરિ થયા. (પાદલિપ્તસૂરિ પ્રબંધ.) વિદ્યાધરઆમ્નાયમાં પાદલિપ્તસૂરિના વંશમાં આ૦ ષંડિલ્લ આ૦ વૃદ્ધવાદિજી થયા. (વૃદ્ધવાદિસૂરિ પ્રબંધ) અને ષાંડિલ્યગચ્છમાં આ૦ ભાવદેવસૂરિ થયા (વીરસૂરિ પ્રબંધ) આનો અર્થ એ જ થાય છે કે વાચકવંશના વાચનાચાર્ય ગુણસુંદરસૂરિના શિષ્ય ચૌદપૂર્વી આ૦ શ્યામાચાર્ય થયા. તેની વાચક-પરંપરામાં સ્થ૦ કૌડિન્નના શિષ્ય સ્થ૦ નાગસૂરિ, આ૦ પાદલિપ્તસૂરિ, આ૦ સ્કંદિલાચાર્ય, આ૦ વૃદ્ધવાદિજી થયા છે અને આ૦ સ્કંદિલની પરંપરામાં આ૦ ભાવદેવસૂરિ થયા છે. આ૦ ભાવદેવસૂરિની નવમી પાટે થયેલ ત્રીજા ભાવદેવસૂરિ સં. ૧૩૧૨ના ‘ શ્રીપાર્શ્વનાથ-ચરિત્ર’માં તેમજ ‘ કાલિકકહા’માં ‘ કાલિકાચાર્યના વંશમાં ખંડિલ્લ ગચ્છ ઉત્પન્ન થયો છે અને પોતે આ૦ કાલિકના સંતાનીય છે ’ એમ સ્પષ્ટ કરે છે. એટલે એ નક્કી છે કે આ૦ કાલકસૂરિ પછી આ. ષાંડિલ્યથી ખંડિલ્લગચ્છ નીકળ્યો છે અને તેમાં આ૦ ભાવદેવસૂરિ થયા છે.

ઇતિહાસના આધારે કાલિકાચાર્ય ચાર થયા છે. તેમાંના ત્રીજા કાલિકાચાર્ય વજ્રશાખામાં અને ચોથા પ્રાયઃ નાઇલકુલમાં થયા છે. જ્યારે પહેલા અને બીજા કાલિકાચાર્ય આ૦ ગુણાકરસૂરિ અને આ૦ સ્કંદિલસૂરિના વચલા ગાળામાં વિદ્યાધરવંશમાં થયા હોય એમ ઉપરના લખાણ–સંકેતો ઉપરથી અનુમાન કરી શકાય છે.

ષંડિલ્લગચ્છ એ આ૦ કાલકની સંતતિનો સ્વતંત્ર ગચ્છ છે, કિન્તુ આ૦ વજ્રસેનસૂરિના સમયમાં શ્રમણસંઘે મળી ચાર કુલોની વ્યવસ્થા કરી, ત્યારે આ ગચ્છ ચંદ્રકુળમાં સામેલ થયો હશે. તેથી જ આ૦ પ્રભાચંદ્રસૂરિ ષંડિલ્લગચ્છને ચંદ્રગચ્છ તરીકે જ ઓળખાવે છે. આથી એ પણ અનુમાન થાય છે કે તે કુળવ્યવસ્થામાં સ્કંદિલાચાર્યની સંતતિ ચંદ્રકુળમાં ભળી ગઈ હશે. ગમે તે હો પણ કાલિકાચાર્યની પરંપરામાંથી ષંડિલ્લગચ્છ નીકળ્યો છે. (વીર સં. ૪૧૪ લગભગ)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઇતિહાસ કહે છે કે પંડિલ્લગચ્છ આ૦ ભાવદેવસૂરિ પછી ભાવડારગચ્છ, અને ભાવડગચ્છ એવા નામથી પ્રસિદ્ધ થયો છે. પંજાબના જૈનો પણ આ ભાવડારગચ્છના શ્રાવકો છે જે આજે પણ ભાવડા તરીકે પ્રસિદ્ધ છે.* ભાવડારગચ્છના આચાર્યની 'પટ્ટાવલી' પ્ર૦ ૩૪માં આપીશું.

* આ કાલકસૂરિ પંજાબમાં ચોમાસુ કરી ઈરાન તરફ પધાર્યા હતા ત્યારે પંજાબના જૈનો કાલકાચાર્યના ઉપાસક બન્યા હતા. તેથી જ તેઓ ભાવડારગચ્છના શ્રાવકો છે. પંજાબમાં જૈનધર્મનાં ઘણાં શુભ કાર્યો થયાં છે. જેમકે રાજા બાહુબલીએ ભગવાન ઋષભદેવનું ધ્યાનચક્ર સ્થાપ્યું, ભગવાન પાર્શ્વનાથને ઉપસર્ગ થયો, જ્યાં અહિચ્છત્રાનગર વસ્યું. ભ૦ મહાવીરસ્વામીએ વીતભયનગર (મોહન જો ડેરો)ના રાજા ઉદાયીને દીક્ષા આપી. સમ્રાટ સંપ્રતિએ પોતાના પિતા કુણાલ માટે જિનાલય બંધાવ્યું જે આજે 'કુણાલસ્તૂપ' તરીકે પ્રસિદ્ધ છે. શુંગરાજ પુષ્યમિત્ર આવ્યો ત્યારે સાકલ આદિમાં જિનાલયો અને મુનિઓ હતા બીજા કાલકાચાર્યજીએ ઈરાન જવા પહેલાં આ પ્રદેશમાં વિહાર કર્યો. આ૦ શાંતિશ્રેણિકના શિષ્યો ઉચ્ચનગરની આસપાસ વિહાર કરતા હતા તે ઉચ્ચનાગર શાખાના કહેવાયા, જાવડશાહે તક્ષશિલાથી ભ૦ ઋષભદેવની મૂર્તિ મેળવી શત્રુંજયતીર્થનો જીર્ણોદ્ધાર કરાવ્યો. આ૦ સમિતસૂરિએ આભીર દેશમાં (મેરઠ જિલ્લામાં) બ્રહ્મદ્વીપ (બરનાવા)ના ૫૦૦ તપસ્વીઓને જૈન દીક્ષા આપી. આ૦ માનદેવસૂરિએ 'લઘુશાંતિસ્તવ' પાઠ મોકલી તક્ષશિલામાં અમારિ શાંત કરાવી. જોન માર્શલ કહે છે કે તે અરસાના જિનમંદિરના ભગ્નાવશેષો તક્ષશિલાના ટીલામાં સિરકાપના F અને G બ્લોકમાં છે.

વાચક ઉમાસ્વાતિજીએ તક્ષશિલા વગેરે વિદ્યાલયોમાં જૈન દર્શનનો અભ્યાસ કરાવી શકાય એવું 'તત્ત્વાર્થસૂત્ર' બનાવ્યું. યુએનત્સાંગના ઉલ્લેખ પ્રમાણે વિક્રમની સાતમી સદીમાં 'કટાક્ષ તીર્થ' પાસેનું સિંહપુરી તે જૈન વિહારો અને શ્વેતાંબર શ્રમણોનું કેન્દ્ર સ્થાન હતું. આ૦ હરિગુપ્તસૂરિએ પવ્વઈયા (હરપ્પા) નગરીમાં હૂણપતિ તોરમાણને ઉપદેશ આપી જૈનધર્મપ્રેમી બનાવ્યો હતો. આ૦ અભયચંદ્રસૂરિ આ૦ અમલચંદ્રસૂરિના હાથે શ્રાવક સિદ્ધરાજે ભ૦ આદિનાથની પ્રતિષ્ઠા કરાવી. ખરતરગચ્છના આ. જિનદત્તસૂરિએ પંજાબમાં વિહાર કર્યો, પણ તેમને ફાવ્યું નહિ. સિંધની પ્રતિષ્ઠા અને ભટનેરાની મણિભદ્ર વીરની પ્રતિમા વગેરેમાં મોટી

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**આર્ય ખપુટાચાર્યઃ**

આ એક મહાન મહાન મંત્રવાદી અને પ્રાભાવિક આચાર્ય થયા છે. એમણે ભરૂચ, ગુડશસ્ત્ર અને પાટલીપુત્રમાં બૌદ્ધોને અને બ્રાહ્મણોને હરાવી ચમત્કાર બતાવી જૈનશાસનની મહાન પ્રભાવના કરી હતી.

---

ગરબડ થવાથી તેમણે પોતાના શિષ્યોને ઉચ્ચાનાગર, મુલતાન, લાહોર, દિલ્હી અને અજમેરમાં ચોમાસું કરવાની મનાઈ કરી. ખરતરગચ્છીય ઉ. જયસાગરજી સંઘ લઈ પંજાબનાં વિવિધ સ્થાનોની યાત્રાએ પધાર્યા. જગદ્ગુરુ આ૦ શ્રીવિજયહીરસૂરિના આદેશથી તેમના શિષ્યો, પ્રશિષ્યો પંજાબમાં પધાર્યા છે. ઉ. શાંતિચંદ્રજીના ઉપદેશથી લાહોરમાં સમ્રાટ અકબરે ઈદને દિવસે હિંસા કરવાની મનાઈ કરી હતી. મંત્રી કર્મચંદની વિનતિથી ખરતરગચ્છના આ. જિનસૂરિ લાહોર પધાર્યા, જેમણે બાદશાહ અકબર પાસેથી ખંભાતના અખાતની જીવરક્ષા માટે એક વર્ષનું ફરમાન મેળવ્યું, વા. માનસિંહજીને સૂરિપદ આપ્યું અને જગદ્ગુરુ શ્રીવિજયહીરસૂરિજીનું નામ આપી અષાઢ ચોમાસના સપ્તાહની અમારિનું ફરમાન મેળવ્યું. ઉ. જયસોમજીએ લાહોરમાં 'કર્મચંદ પ્રબંધ' બનાવ્યો. ઉ. સમયસુંદરજીએ લાહોરમાં 'અષ્ટલક્ષી' પૂરી કરી. ઉપાધ્યાય ભાનુચંદ્રજીએ લાહોરમાં સમ્રાટ અકબર પાસેથી ઉપાશ્રય તથા દેરાસર માટે જમીન અપાવી, સમ્રાટ જહાંગીરની કન્યાની શાંતિ નિમિત્તે શાંતિસ્નાત્ર ભણાવ્યું, શત્રુંજયનો કર છોડાવ્યો, ઉનામાં આ. હીરવિજયસૂરિના સમાધિસ્થાને જમીન અપાવી, શેઠ દુર્જનશલ્ય પાસે લાહોરમાં ભ. શાંતિનાથનું દેરાસર કરાવ્યું. આ ઉપાધ્યાયજીએ પંજાબમાં લાહોર, કાશ્મીર, રત્નપંજાલ, પીરપંજાલ સુધી વિહાર લંબાવ્યો હતો.

સમ્રાટ અકબરની વિનતિથી આ. વિજયસેનસૂરિ લાહોર પધાર્યા, અને તેમણે ઉ. ભાનુચંદ્રજી ગણિને ઉપાધ્યાય પદ આપ્યું. ત્યાર પછી લોંકામતના યતિ, સ્થાનકમાર્ગી સાધુ, પંજાબસંપ્રદાય, અને અજીવમતે પંજાબમાં સ્વધર્મ પ્રચાર કરેલ છે. ગ્વાલિયરનરેશ આમરાજાના ગુરુ આ૦ બાપ્પભટ્ટિની જન્મભૂમિ પંજાબનું દુવાંતધી ગામ છે. એ જ રીતે ધર્મવીર દાદાગુરુ શ્રીબુટેરાયજી મહારાજ દુલવામાં, તપાગચ્છાધિરાજ મુનિ શ્રીમૂલચંદ્રજી ગણી શિયાલકોટમાં, શાંતમૂર્તિ મુ. શ્રીવૃદ્ધિચંદ્રજી મહારાજ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ગુડશસ્ત્ર નગરમાં બહુકર નામે બૌદ્ધવાદીને વાદમાં પરાજિત કરવાથી તે મૃત્યુ પામી યક્ષ થયો અને જૈનસંઘને સતાવવા લાગ્યો, જૈનોએ સૂરિજીને બોલાવ્યા અને સૂરિજીએ ત્યાં પધારી મંદિરની યક્ષમૂર્તિને અને એ મંદિરમાં રહેલી બીજી બૌદ્ધ-મૂર્તિઓને પોતાના પગે નમસ્કાર કરાવ્યા હતા, એટલું જ નહિ કિન્તુ યક્ષમૂર્તિને અને એકહજાર પુરુષો ખેંચી શકે એવી પથ્થરની ૨ કુંડીઓ પડી હતી તે બધાને પોતાની પાછળ આવતી કરી હતી. આ જોઇ રાજા વેણિ–વત્સરાજ અને પ્રજાને પ્રમોદ થયો. રાજા અને પ્રજાએ જૈનધર્મ સ્વીકાર્યો.

આ૦ સોમપ્રભસૂરિ લખે છે કે તે રાજાએ બૌદ્ધધર્મી હતો ત્યારે ત્યાં તારાદેવીનું મંદિર બનાવ્યું હતું તેથી તે નગર 'તારાપુર' કહેવાય છે. રાજાએ જૈન થયા પછી ત્યાં સિદ્ધશિલા કોટિશિલા વગેરે દેરાસરો કરાવ્યાં હતાં, પરંતુ કાળના બળથી તેને દિગંબરો દબાવી બેઠા હતા. વળી, એ જ તારંગાતીર્થ ઉપર ગુર્જરેશ્વર રાજા કુમારપાલની આજ્ઞાથી યશોદેવના પુત્ર દંડાધિપ અભયકુમારે ભગવાન શ્રીઅજિતનાથનું ઘણું ઊંચું (બત્રીસમાળનું) દેરાસર કરાવેલ છે.

( કુમારપાલ પ્રતિબોધ, પ્રસ્તાવ ૫, પ્રકરણ ૮ સું )

---

રામનગરમાં, અને પ્રસિદ્ધ જૈનાચાર્ય આત્મારામજી મહારાજ........માં જન્મ્યા છે. ધર્મવીર દાદા બુટેરાયજી મહારાજે પંજાબમાં પધારી પુનઃ જૈનધર્મની સ્થાપના કરી છે. ગુજરાનવાલા, શિયાલકોટ, પતિયાલા, મપનાખા, રામનગર, હુશિયારપુર અને પસરૂરમાં ઉપદેશ આપી જૈનો બનાવ્યા, ૭ દેરાસરોની પ્રતિષ્ઠા કરાવી, પૂ૦ આત્મારામજી મહારાજ, આ. વિજયકમલસૂરિજી, મુનિ શ્રીચંદનવિજયજી મહારાજ અને આ. વિજયવલ્લભ સૂરિજીએ તો પંજાબમાં ઘણા જૈનો વધાર્યા; જિનાલયો વધાર્યાં, અને જૈન-ધર્મનો પ્રચાર કર્યો. વળી, મેરઠ જિલ્લો, મુજફ્ફરનગર જિલ્લામાં સં. ૧૯૮૯ વૈશાખ સુદ ૧૧થી ગુરુકૃપાથી લગભગ અઢી હજાર નવા જૈનો થયા છે, ત્યાં મુક્તિવિજયજી જૈન પાઠશાળા, પુસ્તકાલય અને નવાં જિનાલયો બન્યાં છે.

આમ હોવા છતાં આજે પંજાબના જૈનો "ભાવડા" નામથી જ વિખ્યાત છે. અને એ આ૦ કાલકસૂરિની અસીમ કૃપાનું જ મીઠું ફળ છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

રાજગચ્છીય આ૦ પ્રભાચંદ્રસૂરિ લખે છે કે, ત્યાં આજે પણ એ અર્ધી નમેલી યક્ષમૂર્તિ છે, જે "નિર્ગ્રન્થનમિત" તરીકે પ્રસિદ્ધ છે.
( પ્રભાવક ચરિત્ર )

આવી જ રીતે પાટલીપુત્રમાં શુંગવંશી દાહડ દેવભૂતિ નામે એક પ્રબલ રાજા હતો. તે બ્રાહ્મણોનો પરમ ભક્ત હતો. બૌદ્ધો, જૈનો અને બીજા ધર્મવાળાઓની ભારે કદર્થના કરતો હતો. એણે જૈનસાધુઓ માટે હુકમ કાઢયો કે, "તમારે બ્રાહ્મણોને નમસ્કાર કરવા." પાટલીપુત્રના જૈનસંઘે આ સમાચાર ભરૂચમાં આર્ય ખપુટાચાર્યને મોકલ્યા. તેમણે પોતાના વિદ્વાન શિષ્ય ઉપાધ્યાય ( આચાર્ય ) મહેન્દ્રસૂરિજીને પોતાની વિદ્યાઓ તથા કણેરની બે સોટી આપી પાટલીપુત્ર મોકલ્યા.

આ. મહેન્દ્રસૂરિજી પાટલીપુત્ર આવ્યા અને ત્યાં તેમણે દાહડરાજાને કહેવરાવ્યું કે, "શુભ મુહૂર્તે બધા બ્રાહ્મણોને રાજસભામાં એકઠા કરો, હું તમારા હુકમનું પાલન કરવા આવ્યો છું." રાજાએ પ્રસન્ન થઈ મોટા મોટા વેદવાદીઓ, કર્મકાંડીઓ અને પંડિત બ્રાહ્મણોને એકઠા કર્યા. સૂરિજી પણ યથાસમયે રાજસભામાં પધાર્યા. ચારે દિશામાં બ્રાહ્મણ પંડિતો બેઠા હતા અને વચમાં રાજા બેઠો હતો.

સૂરિજી બોલ્યા-રાજન્ ! પહેલાં કઈ દિશાના બ્રાહ્મણોને પગે લાગું એ તો કહો ?

રાજા બોલ્યો—પૂર્વ દિશાના બ્રાહ્મણોને.

સૂરિજીએ કણેરની સોટી ફેરવી કે પૂર્વ દિશાના બ્રાહ્મણો લાંબા થઈને સૂઇ ગયા. પછી તો બીજી બધી દિશાઓનો વારો આવ્યો અને લગભગ ૫૦૦ બ્રાહ્મણો બેહોશ બની લાંબા થઇને સૂઈ ગયા.

રાજા આ જોઈ સૂરિજીને પગે પડી વિનંતિ કરવા લાગ્યો: મહારાજ ! મારો અપરાધ માફ કરો, માફ કરો.

સૂરિજી બોલ્યા—રાજન્ ! આજે તારા પાપનો ઘડો ભરાયો છે,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તું પણ ઇષ્ટદેવને સંભાળી લે, તેં સાધુઓને અને જૈન સાધુઓને ખૂબ સતાવ્યા છે.

રાજા બોલ્યા—પૂજ્ય મહારાજ! આપ ક્ષમાશ્રમણ છો માટે ક્ષમા કરો.

સૂરિજી બોલ્યા—રાજા! અમે તો ક્ષમાશીલ જ છીએ, કિન્તુ તારા અપરાધોથી શાસનદેવ કુપિત થયા છે, તેમણે આ સજા કરી છે.

એવામાં અદૃશ્ય આકાશવાણી થઈ કે, "આ બધા બ્રાહ્મણો જૈનધર્મની દીક્ષા સ્વીકારે તો જ તેઓને જીવિતદાન આપું." થોડી વારમાં દરેક બ્રાહ્મણોને ચેતન આવ્યું અને તેઓ બોલ્યા, તમે જેમ કહેશો એમ અમે કરીશું, અમને જીવતા છોડો.

રાજા પણ સૂરિજીને પગે પડીને બોલ્યો, હવેથી કદી આવું નહિ કરું. આજે તમે મારી આંખો ઉઘાડી છે, મને જ્ઞાન આપી મારાં હૃદયચક્ષુ ઉઘાડયાં છે.

जैन साईट JAINSITE.com जैनम् जयति शासनम्

આ૦ મહેન્દ્રસૂરિજી એ બધાય બ્રાહ્મણોને લઈને ભરૂચ આવ્યા અને આર્ય ખપુટાચાર્ય પાસે દીક્ષા અપાવી.

આ જોઈ ભરૂચના બ્રાહ્મણો ભડકયા ખરા, પણ તેઓએ સૂરિજીના પ્રભાવથી મૌન રહેવું ઉચિત ધાર્યું.

આર્ય ખપુટાચાર્યજીએ બૌદ્ધાચાર્યોએ દબાવેલું 'અશ્વાવબોધ-તીર્થ' મુક્ત કરાવી જીર્ણોદ્ધાર કરાવી શ્રીજૈનસંઘને સોંપાવ્યું હતું.

સૂરિજી મહારાજ જ્યારે ગુડશસ્ત્ર નગરમાં ગયા હતા ત્યારે પાછળથી તેમના ભાણેજ અને શિષ્ય ભુવનમુનિ મંત્રબળથી રાજાને ત્યાંથી અને શ્રીમંતોને ત્યાંથી આહાર મંગાવી આહાર કરવા લાગ્યો. શ્રીસંઘે ના પાડી એટલે તેણે ત્યાંથી રીંસમાં ને રીંસમાં ચાલી નીકળી બૌદ્ધ મઠમાં આશ્રય કર્યો અને બૌદ્ધ સાધુઓ માટે જૈન ગૃહસ્થોને ત્યાંથી આહારથી ભરેલી થાળીઓ મંગાવવા માંડી. શ્રાવકોએ આ ફરિયાદ આર્ય ખપુટાચાર્યને પહોંચાડી. સૂરિજી ભરૂચમાં આવ્યા. તેમણે આકાશમાં જ એક શિલા વિકુર્વી

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

રાખી. આકાશ માર્ગે જતાં વાસણો તેની સાથે અથડાયાં, અને ભાંગી ભુક્કો થઈ ગયાં. ભુવનમુનિ તો 'ગુરુજી આવ્યા છે' એમ જાણી, ત્યાંથી અન્યત્ર પલાયન કરી ગયો.

આચાર્ય ખપુટાચાર્ય પાસે આ૦ પાદલિપ્તસૂરિજીએ જ્ઞાન મેળવ્યું હતું. પાદલિપ્તસૂરિજીએ પણ ભવિષ્યમાં ભરૂચના જે બ્રાહ્મણો જૈન સંઘને ઉપદ્રવ કરતા હતા તેઓને વશ કર્યા હતા.

આ૦ પ્રભાચંદ્રસૂરિ લખે છે કે, આજે પણ આર્ય ખપુટાચાર્યના સંતાનીય આચાર્યો અશ્વાવબોધ તીર્થમાં મહાપ્રભાવક આચાર્ય તરીકે વિદ્યમાન છે.

આર્ય ખપુટાચાર્યનો 'શ્રીનિશીથચૂર્ણિ'માં વિદ્યાસિદ્ધ તરીકે બે વાર નિર્દેશ આવે છે. તેઓ 'પ્રભાવક ચરિત્ર'ના ઉલ્લેખ પ્રમાણે વીર સં. ૪૮૪ માં અને 'તપગચ્છ પટ્ટાવલી'ના ઉલ્લેખ પ્રમાણે વીર સં. ૪૫૩ માં થયા છે એટલે આ૦ ખપુટ અને આ૦ મહેંદ્રસૂરિ વિક્રમની પહેલી સદીમાં થયા એમ બરાબર બંધબેસે છે.*

JAINSITE.com

**આ૦ રુદ્રદેવસૂરિ:**—એકવાર પાદલિપ્તસૂરિજી જ્યારે માનખેટપુર પધાર્યા હતા ત્યારે આચાર્ય રુદ્રદેવસૂરિજી પ્રાંશુપુરથી માનખેટપુર પધાર્યા. માનખેટપુરનો કૃષ્ણ રાજા પાદલિપ્તસૂરિજીનો પરમ ભક્ત હતો. આ૦ રુદ્રદેવસૂરિજી 'યોનિપ્રાભૃતશ્રુત' તત્ત્વના જ્ઞાતા હતા. તેમણે એકવાર પોતાના શિષ્યોને શાસ્ત્રના આધારે માછલાં ઉપજાવવાની વિદ્યા કહી સંભળાવી. એક ધીવરે ગુપ્ત રીતે ભીંતની આડમાં રહીને આ રીત સાંભળી લીધી અને ભયંકર દુકાળમાં આ વિદ્યાનો ઉપયોગ કરી કુટુંબનિર્વાહ કર્યો. પછી તેણે સૂરિજીને ભક્તિથી નમી આ વાત કહી, સૂરિજી આ સાંભળી વિચારમાં જ પડી ગયા. પછી તો આચાર્યશ્રીએ તેને રત્નોત્પત્તિનો

* આ આચાર્યોના સમયે તારંગાનું તારાદેવીનું મંદિર અને પાછળથી સિદ્ધાયિકા મંદિર બન્યાં હતાં. તેમજ તેમણે ગુડશસ્ત્ર–ગુડસત્થના રાજા વેણી વચ્છરાજને પ્રતિબોધી જૈનધર્મી બનાવ્યો હતો. તેમના સમયમાં ભૃગુકચ્છમાં બલમિત્ર–ભાનુમિત્ર રાજા હતા. (જૈન. સા. સં. ઈ. પૃ. ૧૦૦)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પ્રયોગ શીખવી આખા કુટુંબને માંસાહારમાંથી મુક્ત કરાવ્યું.×

**આર્ય શ્રમણસિંહઃ**—આ આચાર્ય મહાન જ્યોતિષજ્ઞ હતા. એકવાર વિલાસનગરના રાજા પ્રજાપતિની રાજસભામાં આચાર્યશ્રી પધાર્યા, ત્યારે રાજાએ કહ્યું કે કંઈક આશ્ચર્ય બતાવો! આચાર્યે મુહૂર્ત જોઈ એક પથ્થરના નાકામાં સોય પરોવી એક જ્યોતિષી પંડિતને કહ્યું કે આ સોય અમુક સંક્રાંતિમાં અમુક સમયે ખેંચી કાઢજે, એટલે વરસાદ પડશે અને બધું જળબંબાકાર પાણી પાણી થઈ જશે. પછી એ પ્રમાણે થયું, એટલે રાજા તે આચાર્યને વારંવાર વૃષ્ટિનું પૂછવા લાગ્યો. આચાર્યે આ રાજ-લપમાંથી મુક્ત થવા પોતાના શિષ્ય પાસે ઉલટસુલટ જવાબ અપાવ્યો, અને પોતે ત્યાંથી વિહાર કરી માનખેટપુર ચાલ્યા ગયા. તેઓ મહાપ્રભાવિક જ્યોતિષી થયા છે. તેમણે જ્યોતિષનો એક ગ્રંથ બનાવ્યો હતો, જે આજે ઉપલબ્ધ નથી. કિન્તુ વિ. સં. ૫૪૭ માં થયેલ પ્રસિદ્ધ જ્યોતિષી વરાહમિહિર બીજાએ પોતાના ગ્રંથો લાટાચાર્ય, સિંહાચાર્ય, યવનાચાર્ય, આર્ય ભટ્ટ, પ્રદ્યુમ્ન અને વિજયનંદિના ગ્રંથોના આધારે બનાવ્યા હોવાનું જણાવે છે. (ભારતીય જ્યોતિષ પૃ૦ ૨૧૦ થી ૨૧૬)+ (જૈન સત્યપ્રકાશ ક૦ ૧૦૦)

## આ૦ પાદલિપ્તસૂરિજી

पालित्तसूरिः स श्रीमानपूर्वः श्रुतसागरः ।
यस्मात्तरङ्गवत्याख्यं कथास्रोतो विनिर्ययौ ॥

આ૦ શ્રીપાદલિપ્તસૂરિજી 'તરંગવતી' નામક અદ્ભુત પ્રાકૃત કથાના રચયિતા અને અનેક વિદ્યામંત્રના જાણકાર તરીકે ખૂબ પ્રસિદ્ધ છે.

---

× આ સંબંધમાં કેટલાક આચાર્યો એમ કહે છે કે એને સિંહનો પ્રયોગ શીખવ્યો જેને ધીવરે અજમાવ્યો, અને એ સિંહ એ ધીવરને ખાઈ ગયો. કારણ કે એમાં દોષ અલ્પ છે અને લાભ વધુ છે.

+ આ આચાર્યનો સમયકાળ વિક્રમની ચોથી સદી હોય તો બ્રહ્મદ્વિપી શાખાના આ૦ યુગપ્રધાન સિંહસૂરિ તે જ આ શ્રમણસિંહ છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તેમનું જન્મસ્થાન અયોધ્યા હતું, પિતાનું નામ ફુલ્લ શ્રેષ્ઠી અને માતાનું નામ પ્રતિમા હતું. ઘણા દેવદેવીઓની આરાધના કરવાથી પ્રતિમાને પુત્ર થયો. આથી તેનું નામ નાગેન્દ્ર પડ્યું. આ વખતે અયોધ્યામાં વિજયબ્રહ્મ રાજા હતો.

માતાએ વિદ્યાધરગચ્છના આચાર્ય નાગહસ્તિને બાલપણમાં જ તે બાળક સોંપ્યો હતો અને આચાર્યના કહેવાથી માતાએ સાત વર્ષની ઉમ્મર સુધી એનું પાલન કર્યું હતું. નાગેન્દ્રને ૮ વર્ષની ઉમ્મરે દીક્ષા આપવામાં આવી, બાલમુનિ નાગહસ્તિસૂરિના ગુરુભાઈ સંગમસિંહસૂરિની પાસે રહેતા હતા અને મંડનગણિ પાસે વિદ્યાભ્યાસ કરતા હતા.

એમનું દીક્ષા વખતનું નામ શું હશે? તેનો ઉલ્લેખ મળતો નથી, કદાચ નાગેંદ્રમુનિ હશે પરન્તુ તેમના બીજા પાદલિપ્ત નામ પાછળ તો સુંદર કથા રહેલી છે.

जैन साईट JAINSITE

તે બાળ મુનિવરે એકવાર ગોચરીમાં કાંજી વહોરી લાવી, વિધિપૂર્વક આલોચના કરી, ગુરુને બતાવી. ગુરુએ પૂછ્યું: આ ક્યાંથી લાવ્યો? ઉત્તરમાં આ વિદ્વાન બાલમુનિએ નીચેનો શ્લોક કહ્યો:

જૈનમ્ જયતિ શાસનમ્

अंबं तंबच्छीए ( तंबवत्थाए ), अपुप्फियं पुप्फदंतपंतीए ।
नवसालिकंजियं, नववहुए कडुएण मे दिन्नं ॥ ३८ ॥

તાંબા જેવી ધૂમ આંખવાળી (તાંબા જેવા લાલ વસ્ત્રવાળી) અને ફૂલ જેવા દાંતવાળી, એવી નવવધૂએ મને કડછી ભરીને નવી ડાંગરની બનાવેલી કોહેલી નહીં અને ખટુંબર એવી આ કાંજી આપી છે.

ગુરુમહારાજે આ સાંભળીને એને કહ્યું કે, પલિત્તોસિ. એટલે કે તું ગોચરીના અગ્નિદોષથી લેપાયો છે. બાલમુનિએ તરત જ વિનતિ કરી કે ગુરુદેવ! તેમાં એક કાનો વધારી આપો કે હું આપના આશીર્વાદથી પાલિત્ત એટલે કે અગ્નિદોષથી રહિત અને પાદલેપથી આકાશમાં ઉડનારો બનું.

www.jainsite.com　For Private & Personal Use Only　info@jainsite.com

ગુરુજીએ બાલમુનિની હાજરજવાબીથી પ્રસન્ન થઈને કહ્યું કે, વત્સ ! **पालित्तो होही.** બસ ! ત્યારથી આ બાલમુનિનું **પાદલિપ્ત** નામ જાહેર થયું.

ગુરુમહારાજે પાદલિપ્ત મુનિની તેજસ્વી બુદ્ધિ જોઈ એને દશ વર્ષની ઉમ્મરમાં આચાર્ય બનાવી, પોતાની પાટે સ્થાપ્યા, અને મથુરા મોકલ્યા.

આ૦ પાદલિપ્તસૂરિજી ત્યાંથી પાટલીપુત્ર ગયા. આ વખતે અહીં 'મુરુંડ' રાજા રાજ્ય કરતો હતો. પાદલિપ્તસૂરિજીએ પોતાની અદ્ભુત પ્રતિભાશાળી વિદ્યા અને કાવ્યથી તેને પ્રસન્ન કર્યો. એકવાર સૂરિજીએ પોતાની તર્જની આંગળી ઢીંચણ ઉપર ફેરવી મુરુંડ રાજાના માથાનું દુઃખ મટાડી દીધું હતું. આ પ્રસંગની સૂચક ગાથા 'નિશીથ-ભાષ્ય'માં આ પ્રમાણે મળે છે :

**जह जह पएसिणिं जाणुअंमि पालित्तओ भमाडेइ ।**
**तह तह से सिरवेयणा पणस्सइ मुरुंडरायस्स ॥**

સૂરિજીના લોકોત્તર પ્રભાવથી રાજાની શિરોવેદના મટી ગઈ અને તે ઘોડા ઉપર બેસી ઉપાશ્રયે જઈ સૂરિજીને વંદના કરી ધર્મગોષ્ઠિ કરવા બેઠો.

એક વાર રાજાએ પૂછ્યું કે, અમારા નોકરો પગાર આપવા છતાંયે દિલ દઈને કામ કરતા નથી, જ્યારે આપના શિષ્યો વગર પગારે કઈ રીતે કાર્ય કરે છે ? સૂરિજી બોલ્યા, શિષ્યો તો આ લોક અને પરલોકના હિતને ખાતર ગુરુઓની આજ્ઞાનું પાલન કરે છે.

રાજાએ કહ્યું:—આ વાત માનવામાં નથી આવતી. લોકોમાં મુખ્ય પ્રવૃત્તિ ધનને માટે હોય છે, જ્યારે તમારે ત્યાં તો તે વસ્તુ જ નથી. માટે જરૂર પરીક્ષા કરવી જોઈએ. હવે રાજાએ આચાર્યના કહેવાથી પોતાના પ્રધાનને તપાસ કરવા મોકલ્યો કે ગંગાનું વહેણ કઈ દિશામાંથી કઈ દિશામાં જાય છે ? પ્રધાન તો 'જેવી આજ્ઞા' કહીને ગયો. અને થોડી પૂછપરછ કરી મોડો આવીને રાજાને કહેવા લાગ્યો કે, ગંગાનું પાણી પશ્ચિમમાંથી પૂર્વમાં જાય

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

છે. પછી આચાર્યશ્રીએ શિષ્યને પૂછ્યું. તેણે ગંગાકાંઠે જઈ બધાને પૂછ્યું, જાતે ખાતરી કરી જોઈ અને પછી આવીને કહ્યું, ગંગા પૂર્વમુખી વહે છે. આ પ્રસંગને સૂચવનારી ગાથા 'વિશેષાવશ્યકભાષ્ય'માં નીચે પ્રમાણે મળે છે:

निवपुच्छीएण भणिओ, गुरुणा गंगा कुओमुही वहइ।
संपाइयव्वं सीसो जह तह सव्वत्थ कायव्वं ॥　　॥

મુરુંડ રાજાએ તે સૂરિની વિદ્વત્તા અને બુદ્ધિની ચમત્કારિતાની ઘણી વાર પરીક્ષા કરી હતી.

૧. રાજાએ એકવાર તાંતણાઓથી બારીક રીતે ગૂંથેલો એક સૂતરનો દડો સૂરિજી પાસે મોકલ્યો, અને કહેવરાવ્યું કે આનો છેડો શોધી આપો. સૂરિજીએ દડો જોઈ, આને મીણથી જોડી દીધેલ છે, એટલે છેડો એમ નહિ મળે, એમ સમજી તે દડાને ગરમાગરમ પાણીમાં નંખાવ્યો. થોડી જ વારમાં મીણ ઓગળ્યું, છેડો જુદો પડી ગયો. રાજા આ જોઈ પ્રસન્ન થયો.

૨. રાજાએ એક ઝાડની લાકડી લઈ તેને બરાબર સરખી કરીને મોકલી, અને પુછાવ્યું કે આનું મૂળ કઈ બાજુ છે? સૂરિજીએ જોયું કે લાકડી બન્ને બાજુથી એક સરખી અને ગોળ છે. તેમણે એને પાણીમાં મુકાવી, તેનો મૂળનો ભાગ ભારે હોવાથી ડૂબવા લાગ્યો, એટલે સૂરિજીએ કહ્યું કે આ બાજુ મૂળ છે.

૩. એક ચારે બાજુએ સરખી એવી ડબ્બી મોકલી અને પૂછ્યું કે આનું ઢાંકણ કઈ તરફથી છે? સૂરિજીએ જોયું કે ડબ્બીનો આકાર ચારે તરફથી સરખો છે એટલે એને ગરમાગરમ પાણીમાં નાખી કે એનો લેપ ઉખડ્યો અને મોઢું ખુલી ગયું.

બાળ સૂર્ય જેવા તેજસ્વી સૂરિપુંગવે એક વાર એક દોરીનો ગૂંથેલો દડો બનાવી રાજસભામાં મોકલ્યો કે આનો છેડો કઈ તરફ છે તે બતાવો. રાજસભાના પંડિત સભ્યોએ ઘણા ઘણા પ્રયત્નો કર્યા પણ એ બધા પ્રયત્નો અફળ ગયા, પછી દક્ષ અને અને ચતુર બાળ સૂરિવરે ત્યાં પધારી એક પળવારમાં જ છેડો

www.jainsite.com　　For Private & Personal Use Only　　info@jainsite.com

શોધી આપ્યો. આથી રાજા અને રાજસભા ખુશ થઇ ગયાં.

માનખેટપુરનો કૃષ્ણરાજ સૂરિજીનો પરમ ભક્ત બન્યો હતો. અહીં પણ એકવાર એક પંડિતે તો સૂરિજીની સામે ઘીથી ભરેલું કચોળું મોકલ્યું હતું. સૂરિજીએ તરત જ એક શૂળ લઈ કચોળાની વચ્ચે રોપી દીધી. આ જોઈ પંડિત તો સ્તબ્ધ જ બની ગયો.

પાદલિપ્તસૂરિજીનો વિહારપ્રદેશ મુખ્યતયા આ માનખેટપુર જ રહેલ છે. તેમણે અહીંના રાજાને પ્રતિબોધ આપી જૈનધર્મનો અનુરાગી બનાવ્યો હતો.

લાટદેશના ઓંકારપુરનો રાજા ભીમરાજ પણ સૂરિજીનો ભક્ત હતો. સૂરિજી નિરંતર શત્રુંજય, ગિરનાર, અષ્ટાપદ, સમ્મેત-શિખર અને મથુરાના શ્રીસુપાર્શ્વનાથજીના સ્તૂપને વંદના કરતા હતા અને ત્યાર પછી જ મોંમાં અન્ન–પાણી નાખતા હતા.

સૂરિજીએ ભરૂચના બ્રાહ્મણોમાં જૈનધર્મ અને જૈન સાધુઓ પ્રત્યે જે દ્વેષ, અનાદર અને અભાવ હતો તે મટાડયો હતો. ભરૂચના રાજાને પ્રતિબોધી જૈનધર્મમાં સ્થિર થવા સમજાવ્યો હતો.

એમનો એક ગૃહસ્થ શિષ્ય નાગાર્જુન છે, જે મહાન રસસિદ્ધ અને મંત્રસાધક હતો.

નાગાર્જુન ક્ષત્રિય પુત્ર હતો. તેનું જન્મસ્થાન ઢંકનગર. તેના પિતાનું નામ સંગ્રામસિંહ અને માતાનું નામ સુવ્રતા. એને ઉદરમાં આવતાં જ માતાએ હજાર ફણાવાળો નાગ જોયો હતો. માટે જ એનું નામ નાગાર્જુન રાખવામાં આવ્યું. બચપણમાં જ બાળક નાગાર્જુને સિંહને માર્યો હતો. તે મોટો થતાં જંગલો, પહાડો અને ગુફાઓમાં જઈ અનેક મહાત્માઓના સંગથી વન-સ્પતિઓ, જડીબુટ્ટીઓ, રસાયનો અને રસસિદ્ધિ બનાવવાનું શીખ્યો હતો. એના કાને પાદલિપ્તસૂરિજીના અદ્દભુત ચમત્કારો સંભળાયા, અને એણે એક શિષ્ય દ્વારા આચાર્યશ્રીને રસકુપિકા મોકલાવી. સૂરિજીએ તો તે કુપિકા પછાડીને ફોડી નાખી અને એ કુપિકામાં પોતાનો પેશાબ મોકલી આ રસકુપિકા છે એમ કહેવરાવ્યું. નાગા-

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ર્જુને એને પથ્થર ઉપર પછાડી અને પથ્થરને અગ્નિ લાગતાં જ પથ્થર સુવર્ણમય બની ગયો. આ જોઈ નાગાર્જુન દંગ રહી ગયો. પાદલિપ્તસૂરિજી પાસે આવી પગે પડ્યો, ભક્ત બની તેમની સાથે રહેવા લાગ્યો, સૂરિજીના પગ ધોઈ, સુંઘી લેપની ઓષધિઓ જાણી લઈ લેપ બનાવી પગે ચોપડી પોતે ઊડવા લાગ્યો, તે પ્રથમ થોડું ઊડ્યો કે તરત નીચે પડી ગયો એમ બે ચાર વાર પડવાથી એને ખૂબ વાગ્યું. સૂરિજીને આની ખબર પડી. સૂરિજીએ કહ્યું કે, વત્સ! ગભરાતો નહિ, હું તારા ચાતુર્ય અને બુદ્ધિબળથી પ્રસન્ન થયો છું. આમાં ગુરુગમની જ થોડી ખામી રહી છે. ચોખાનું નિર્મળ ધોવણ અને કાંજીમાં આ લેપ ઘસવાથી તારી ઇચ્છા પૂરી થશે. નાગાર્જુને એ પ્રમાણે કર્યું અને તે આકાશમાં ઊડવા લાગ્યો. તેણે સૂરિજીને વિનંતિ કરીને કહ્યું કે મને સેવા ફરમાવો. સૂરિજી બોલ્યા: 'તું જીવનભર જિનધર્મ પાળી આત્મ-કલ્યાણ સાધ.' નાગાર્જુને તે કબૂલ કર્યું અને જીવનભર જૈન-ધર્મનું રૂડીરીતે પાલન કર્યું.

તેણે સૂરિજીના નામસ્મરણ માટે સિદ્ધગિરિની તળેટીમાં પાદલિપ્તપુર વસાવ્યું છે, જે આજે પાલીતાણાના નામથી ઓળખાય છે. નાગાર્જુને એ ગિરિરાજ ઉપર શ્રીવીરપ્રભુનું મંદિર બનાવી તેમાં સૂરિજીના હાથે શ્રીવીરપ્રભુ વગેરે અનેક જિનબિંબો સ્થાપ્યાં અને આચાર્યવર્યની પણ મૂર્તિ સ્થાપી. સૂરિજીએ આ સમયે સ્વર્ણસિદ્ધિ અને આકાશગામિની વિદ્યાવાળી ભગવાન મહાવીર-સ્વામીની સ્તુતિ બનાવી છે, આજે આ સ્તુતિનો ગુરુગમ રહ્યો નથી.

સૂરિજીના ઉપદેશથી નાગાર્જુને ગિરનારની નીચે કિલ્લા પાસે દ્વારકાના રાજમહેલો વગેરે બંધાવી તેમાં દશાર્હમંડપ, ઉગ્રસેનનો મહેલ, વિવાહવેદિકા, ભગવાન નેમિનાથનું પાછા વળવું વગેરે બતાવ્યું છે. આ૦ પ્રભાચંદ્રસૂરિ લખે છે કે આ મહેલો આજે પણ યાત્રિકોની નજરે પડે છે. આ નાગાર્જુને રાજા સાતવાહનને ભરૂચ જીતવામાં ભાગવતનો વેષ લઈ મદદ કરી હતી.

શ્રીકાંતા નગરના ધનપતિ શ્રાવકે સમુદ્રમાંથી મળેલ ભ૦



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પાર્શ્વનાથની પ્રતિમાને સમુદ્ર કિનારે સ્થાપી હતી.* નાગાર્જુને તે પ્રતિમાની સમક્ષ રસસિદ્ધિની સાધના કરી હતી. તે સિદ્ધ થતાં તે સ્થાને થાંભણા ગામ વસાવ્યું. પાછળથી આ૦ અભયદેવસૂરિજીએ આ પ્રતિમાને પ્રગટ કરી થાંભણામાં સ્થાપી હતી.

એકવાર ચાર પંડિતોએ રાજા સાતવાહનની સૂચના પ્રમાણે પ્રાચીન ઋષિઓના શાસ્ત્રોનો સાર માત્ર એકેક ચરણમાં બનાવી પ્રતિષ્ઠાનપુરની રાજસભામાં જઈ આ પ્રમાણે રજૂ કર્યો.

जीर्णे भोजनमात्रेयः, कपिलः प्राणीनां दया।
बृहस्पतिरविश्वासः, पाञ्चालः स्त्रीषु मार्दवम् ॥१॥

આત્રેય ઋષિ કહે છે કે, પહેલાં ખાધેલું પચે પછી બીજું ભોજન કરો. કપિલ ઋષિ કહે છે કે, પ્રાણીઓ ઉપર દયા રાખો. બૃહસ્પતિ કહે છે કે, કોઈનો વિશ્વાસ ન કરો, અને પંજાબી પંડિત કહે છે કે, સ્ત્રી પ્રત્યે મૃદુ વર્તન રાખો.

આ સાંભળી રાજાએ તે પંડિતોને મોટું ઇનામ આપ્યું પરન્તુ તેઓએ જણાવ્યું કે, હે રાજન્! તારી રાજસભા અમારી પ્રશંસા કરે તો જ ઠીક કહેવાય.

રાજાએ પોતાની ભોગવતી વારાંગનાને કહ્યું કે, તું આ કવિઓના વખાણ કર.

ભોગવતીએ ઉત્તર આપ્યો કે, રાજન્! હું તો મહાગુણવાન સમર્થ ક્રિયાપાત્ર મહાકવિ આકાશગામી અને મહાવિદ્યાસિદ્ધ આ૦ પાદલિપ્તસૂરિ સિવાય બીજાની સ્તુતિ કરતી જ નથી.

મંત્રી શંકર આ સાંભળીને ઇર્ષ્યાળુ બની બોલ્યો કે, તેઓ મહાગુણી તો જ કહેવાય કે મરીને જીવતા થાય.

ભોગવતીએ વિનય કર્યો કે, એ યોગિવરમાં એ પણ સંભવે છે.

---

* આ શેઠને સમુદ્રમાંથી ૩ ભવ્ય જિનપ્રતિમાઓ મળી હતી. તે પૈકીની એક ભ. પાર્શ્વનાથની ચારૂપતીર્થમાં, બીજી ભ. અરિષ્ટનેમિની ગુજરાત પાટણમાં, અને ત્રીજી ભ. પાર્શ્વનાથની ખંભાતમાં આજે વિદ્યમાન છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આચાર્યશ્રીનો નગરપ્રવેશ હતો ત્યારે પંડિત બૃહસ્પતિએ પ્રથમ વિરોધ કર્યો અને પછી ખુશી બતાવી.

કવિ પાંચાલે પણ સૂર કાઢયો કે, આચાર્યશ્રીએ 'તરંગવતી' બનાવી છે જે માત્ર સ્ત્રીઓ બાલકો અને મૂર્ખોને ભણવાલાયક છે.

સૂરિજીએ આ વાતો સાંભળી, તેમણે એક દિવસે કપટમૃત્યુ બતાવ્યું. એમની પાલખી કવિ પાંચાલના મહેલ પાસે આવી કે, કવિએ દોડતા આવી શોકપૂર્વક કહ્યું કે, જે આચાર્યના મુખરૂપી ઝરામાંથી તરંગવતી નદી નીકળી છે તે આચાર્યને લઈ જનાર યમરાજનું માથું કેમ ફૂટી ન ગયું?

આ. પાદલિપ્તસૂરિ આ સ્તુતિ સાંભળીને જીવતા થયા અને રાજા, પ્રજા તથા કવિઓ ખુશ થયા.

આચાર્યશ્રીએ નિર્વાણકલિકા, પ્રશ્નપ્રકાશ, કાલજ્ઞાન, જ્યોતિષકરંડકની ટીકા, તરંગલોલાકથા, અને વીરસ્તુતિ વગેરે ગ્રંથો બનાવેલ છે, જે પૈકીના ઘણા ગ્રંથો આજે વિદ્યમાન છે. 'તરંગલોલા' આજે ઉપલબ્ધ નથી કિન્તુ આ૦ વીરભદ્રના શિષ્ય નેમિચંદ્રે તેના આધારે 'તરંગવતીસાર' રચ્યો છે જે આજે મળે છે.

વિદ્વાન નાગાર્જુને યોગરત્નાવલી, યોગરત્નમાલા, અનેકાક્ષરી વગેરે ગ્રંથો બનાવ્યાનું કહેવાય છે.

આ. પાદલિપ્તસૂરિએ શત્રુંજય તીર્થ ઉપર ૩૨ દિવસનું અનશન કર્યું અને તેઓ કાલધર્મ પામી બીજા દેવલોકમાં દેવપણે ઉત્પન્ન થયા.

આ. પ્રભાચંદ્રસૂરિ લખે છે કે, આ મહાન શાસનપ્રભાવક આચાર્યના સમયમાં 'યોનિપ્રાભૃત'માં પ્રવીણ શ્રીરુદ્રદેવસૂરિજી નિમિત્તવિદ્યામાં પ્રવીણ શ્રીશ્રમણસિંહસૂરિજી, વિદ્યાસિદ્ધ આચાર્ય ખપુટાચાર્ય, અતિશય પ્રસિદ્ધ અને સિદ્ધોપાધ્યાય શ્રીમહેન્દ્રસૂરિ થયા છે.

આ. પાદલિપ્તસૂરિએ આ. ખપુટાચાર્યજી પાસે વિદ્યાભ્યાસ કર્યો હતો.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આ આચાર્યશ્રીના સમકાલીન રાજાઓ ભરૂચના બલમિત્ર, ઓંકારપુરનો ભીમરાજ, માનખેટનો કૃષ્ણરાજ, પાટલીપુત્રનો મુરુંડરાજ અને પ્રતિષ્ઠાનપુરનો સાતવાહન વગેરે છે.

આ૦ પાદલિપ્તસૂરિના સમયનિર્ણય માટે મતભેદ પ્રવર્તે છે.

આ૦ પાદલિપ્તસૂરિ વિદ્યાધરવંશના છે. બીજા શબ્દોમાં કહીએ તો તે વાચકવંશમાં થયા છે. તેમના ગુરુ વિદ્યાધરવંશના આ૦ નાગસૂરિ હતા; એમ વર્ણન મળે છે. 'કલ્પસૂત્રની ચૂર્ણિ'માં તેમને "વાચક" તરીકે સંબોધ્યા છે.

ઈતિહાસમાં આપણને બે નાગહસ્તિસૂરિજીનો ઉલ્લેખ મળે છે.

૧ આ. મહાગિરિની પરંપરાના સ્થ. કોડિન્નસૂરિના શિષ્ય સ્થ. નાગસૂરિ, જેઓ વીરનિર્વાણની ચોથી સદીમાં વિદ્યમાન હતા. જો આ૦ પાદલિપ્તસૂરિજી તેમના શિષ્ય હોય તો તેમનો સત્તાસમય વિક્રમપૂર્વ આવે છે.

૨ વાચકવંશમાં આ૦ નંદિલસૂરિ પછી વાચક આ૦ નાગહસ્તિસૂરિ થયા છે, જે આ૦ વજ્રસેનસૂરિના પટ્ટધર હતા વીરનિર્વાણ સં. ૬૨૦ થી ૬૮૯ સુધી યુગપ્રધાનપદે હતા. યદિ આ૦ પાદલિપ્તસૂરિજી તેમના શિષ્ય હોય તો તેમનો સત્તાસમય વિક્રમની ત્રીજી સદીનું ચોથું પાદ આવે.

'પ્રભાવકચરિત્ર' તથા પટ્ટાવલીઓ વગેરેમાં આ૦ પાદલિપ્તસૂરિને વિક્રમ પહેલાના આચાર્ય માન્યા છે. સમકાલીન રાજાઓના નામોના આધારે વિચાર કરીએ તો આ૦ પાદલિપ્તસૂરિ વિક્રમની બીજી ત્રીજી સદીના આચાર્ય હોય એમ મનાય છે.

એકંદરે બીજાં પ્રમાણો તપાસી આ સમયનિર્ણય કરવો જરૂરી છે. આ૦ રુદ્રદેવસૂરિ વગેરે આ૦ પાદલિપ્તસૂરિના સમકાલીન આચાર્યો છે, એ તો સહેજે માની શકાય તેમ છે.

વિદ્યાધરવંશ તે વાચકવંશ (વીર સં. ૧૭૦), વિદ્યાધરશાખા (વીર સં. ૩૫૦) અને વિદ્યાધરકુલ (વીર સં. ૬૫૦)નો પરિચાયક

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૩૭૬ છે. આ૦ પાદલિપ્તસૂરિ વિદ્યાધરવંશના એટલે વાચકવંશના આચાર્ય છે એમ માનવું એ જ યુક્તિસંગત છે.

## યુગપ્રધાન રેવતીમિત્ર, આ૦ ધર્મસૂરિજી :

તેઓનો પરિચય 'યુગપ્રધાન પટ્ટાવલી'માં આવી ગયો છે. (પૃ. ૧૯૨) તેમના સમયે પંચકલ્પનો વિચ્છેદ થયો. વી.સં. ૪૧૪ની આસપાસમાં 'જીતકલ્પ' બન્યો જે અત્યારે મળતો નથી. આજે જે 'જીતકલ્પ' મળે છે તે આ૦ જિનભદ્રગણિ ક્ષમાશ્રમણનો રચેલો છે.

'સમણસંઘથયં' તથા 'વિચારશ્રેણિ'માં આ૦ સિદ્ધસેનને યુ. આ. ધર્મસૂરિના શિષ્ય તરીકે ઓળખાવ્યા છે; આથી સમજાય છે કે તેમનો આ આચાર્ય પ્રત્યે વિશેષ પૂજ્યભાવ હશે.

## આ. વૃદ્ધવાદિસૂરિ, આ. સિદ્ધસેન દિવાકર :

सुअकेवलिणा जओ भणियं–
आयरियसिद्धसेणेण, सम्मईए पइट्ठिअजसेण ।
दूस्सम-णिसा-दिवायर कप्पत्तणओ तदक्खेणं ॥

દુઃષમકાળરૂપી રાત્રિમાં દિવાકર જેવા હોવાથી દિવાકર નામવાળા અને પ્રતિષ્ઠિત યશવાળા શ્રુતકેવલી આ૦ સિદ્ધસેને કહ્યું છે કે............

( આ. હરિભદ્રસૂરિકૃત 'પંચવત્થુગ' ગા૦ ૧૦૪૮)

આ. સિદ્ધસેન જૈન ન્યાય–પ્રમાણશાસ્ત્રના આદ્ય પ્રતિષ્ઠાપક, રાજા વિક્રમાદિત્યની રાજસભાના સમર્થ વિદ્વાન અને રાજમાન્ય ગુરુ હતા. આ આચાર્યવર્યે શ્રીવૃદ્ધવાદિસૂરિવર પાસે દીક્ષા લીધી હતી.*

શ્રીવૃદ્ધવાદિસૂરિજીનો જન્મ ગોડદેશના કોશલા ગામમાં થયો હતો. તેમનાં માતા-પિતાનું નામ મળતું નથી. તેમનું

* धन्वतरिः क्षपणकोऽमरसिंहशंकुवैतालभट्टघटखर्परकालिदासाः ।
ख्यातो वराहमिहिरो नृपतेः सभायां रत्नानि वै वररुचिर्नव विक्रमस्य॥
(ज्योतिर्विदाभरण)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

નામ ‘ મુકુન્દ ’ બ્રાહ્મણ હતું. તેમણે જે વંશમાં આચાર્ય પાદલિપ્તસૂરિજી થયા છે, તે જ વિદ્યાધરવંશના સ્કંદિલસૂરિજી પાસે દીક્ષા ગ્રહણ કરી હતી.

આ મુકુન્દ શ્રમણ વૃદ્ધાવસ્થામાં દીક્ષા લીધેલી હોવાથી અને જ્ઞાન મેળવવાની વધુ જિજ્ઞાસા હોવાથી દિવસ ને રાત જોરશોરથી ભણતા હતા. એમને ના પાડવામાં આવી કે બહુ જ જલદી ઊઠી બહુ ઊંચેથી ભણવું નહીં પરંતુ જ્ઞાનપ્રાપ્તિની તાલાવેલીને લીધે તેઓ બધું ભૂલી જતા. એકવાર એક સાધુજીએ કહ્યું કે આપ આટલું જોરથી ભણીને શું સાંબેલું ફુલાવવાના છો ?

પછી તો મુકુન્દ સાધુજીએ ગુરુકૃપાથી સરસ્વતી મંત્ર મેળવી ભરૂચના નાલિયેરી પાડાના જિનાલયમાં મંત્રસાધના કરી સાંબેલું પણ ફુલાવ્યું હતું અને શાસ્ત્રઅભ્યાસ કરી વાદીઓને હરાવી પૂરી યોગ્યતા મેળવી હતી. ગુરુજીએ તેમને યોગ્ય જોઈ આચાર્યપદ વિભૂષિત કર્યા અને તેઓ શ્રીવૃદ્ધવાદિસૂરિજી તરીકે પ્રસિદ્ધિ પામ્યા. સૂરિજી વિહાર કરતા વિશાલાનગરી ઉજ્જૈન તરફ પધાર્યા. સમ્રાટ્ વિક્રમાદિત્ય ત્યારે અવન્તીમાં રાજ્ય કરતો હતો.

જૈન સાહિત્ય JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

શ્રીવૃદ્ધવાદિસૂરિજી વિહાર કરીને જતા હતા ત્યાં તેમને નગર બહાર ‘સિદ્ધસેન’ નામનો વિદ્વાન બ્રાહ્મણ મળ્યો. આ પંડિત વૈદિક સાહિત્યનો પારદૃષ્ટા હતો, વૈશેષિક, સાંખ્ય, યોગ અને ન્યાયશાસ્ત્રનો પ્રકાંડ જ્ઞાતા હતો, તેણે અનેક બૌદ્ધો અને બીજા પંડિતોને વાદવિવાદ કરી જીત્યા હતા.

સિદ્ધસેનના પિતાનું નામ દેવર્ષિ, માતાનું નામ દેવશ્રી અને જાતે કાત્યાયનગોત્રીય બ્રાહ્મણ હતા. તે બાલ્યાવસ્થામાં જ્ઞાન મેળવી મહાપંડિત થયો હતો, તે પાંડિત્યના અભિમાનમાં પેટે લોઢાનો પાટો, હાથમાં એક નિસરણી અને બીજા હાથમાં કુહાડી રાખતો હતો. આવા વિચિત્ર વેશધારી પંડિતે વૃદ્ધવાદિસૂરિજીને કહ્યું કે મારી સાથે વાદ કરો. સૂરિજી બોલ્યા, કોઈ રાજસભામાં જઈએ. સિદ્ધસેને કહ્યું, ના. અહીં જ ઠીક છે. પછી તો ગામ બહાર મેદાનમાં જ ભરવાડોની હાજરીમાં શાસ્ત્રાર્થ શરૂ થયો.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સિદ્ધસેને સંસ્કૃતમાં જ અસ્ખલિત ભાષાપ્રવાહ વહેતો મૂકયો, ભરવાડો એમનો આ ભાષાપ્રવાહ સમજી જ ન શકયા. પછી આ. વૃદ્ધવાદિસૂરિજીએ લોકભાષામાં **નવિ મારઇ નવિ ચોરઇ** વગેરે દોહરા બનાવીને ભરવાડોને બોધ આપ્યો કે કોઈ જીવને મારવો નહિ, ચોરી કરવી નહિ, સ્વદારાસંતોષ રાખવો વગેરે વગેરે. ભરવાડો આ ઉપદેશ સાંભળી પ્રસન્ન થયા અને બોલ્યા: આ બુઢા સાધુ–મહારાજ જીત્યા.

સિદ્ધસેને ત્યાં જ આ. વૃદ્ધવાદિજીનું શિષ્યપણું સ્વીકાર્યું. પછી તો સિદ્ધસેને રાજસભામાં પણ વાદમાં હાર ખાધી છે અને વૃદ્ધવાદિસૂરિજી પાસે જૈનધર્મની દીક્ષા સ્વીકારી છે. તે વખતે તેનું નામ 'કુમુદચંદ્ર' રાખ્યું હતું. મુનિ કુમુદચંદ્ર ટૂંક સમયમાં જ જૈનાગમના અભ્યાસી થયા. સૂરિજીએ તેમની યોગ્યતા જોઇ તેમને આચાર્ય પદવી આપી અને અસલનું 'સિદ્ધસેનસૂરિજી' એવું નામ આપ્યું. એટલે મુનિ કુમુદચંદ્રજી આ. સિદ્ધસેનસૂરિજી તરીકે ખ્યાતિ પામ્યા. એમણે પોતાની અદ્ભુત કાવ્યશક્તિથી રાજા વિક્રમાદિત્યને પ્રસન્ન કર્યો. રાજાએ તેમની અજોડ વિદ્વત્તા અને કાવ્યશક્તિથી પ્રસન્ન થઈને એક કરોડ સોનામહોર આપવા માંડી. સૂરિજીએ કહ્યું કે અમે તો અકિંચન સાધુ છીએ. પછી રાજાએ સૂરિજીના ઉપદેશથી જિન મંદિરોના જીર્ણોદ્ધાર કરાવ્યા, નવાં જિનમંદિરો કરાવ્યાં અને ગરીબ શ્રાવકોને પણ સહાયતા આપી.

એકવાર સૂરિજી ચિત્તોડગઢ પધાર્યા હતા. ત્યાં એક વિચિત્ર થાંભલો તેમની નજરે પડયો. આ થાંભલો પથ્થર, માટી, ઈંટ, કે લાકડાનો ન હતો કિન્તુ લોષ્યમય હતો. તેમણે આને યુક્તિથી ઉઘાડયો અને તાડપત્રની એક પોથી કાઢી તેમાંથી સુવર્ણસિદ્ધિની વિદ્યા અને સરસવમાંથી સુભટ બનાવવાની વિદ્યા વાંચી. ત્યાં તો શાસનદેવે તે પુસ્તક ખેંચી લીધું પરંતુ સૂરિજીને આ બન્ને વિદ્યાઓ યાદ રહી ગઇ.

એકવાર સૂરિજી વિહાર કરતા કર્મારગ્રામ તરફ આવ્યા છે. ત્યાંનો રાજા દેવપાલ સૂરિજીના ઉપદેશથી પ્રતિબોધ પામી જૈન-

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ધર્મી થયો, રાજાએ સૂરિજીને પોતાની પાસે રાખ્યા. એકવાર કામરુ દેશના રાજા વિજયવર્માએ એના ઉપર હુમલો કર્યો, સૂરિજીએ દેવપાલને વિદ્યાદ્વારા સોનાની અને સુભટોની મદદ આપી, આથી દેવપાલ જીત્યો. રાજાએ અને પ્રજાએ સૂરિજીનાં ભૂરિભૂરિ યશગાન ગાયાં અને અંધારામાં પ્રકાશ ફેલાવનારું દિવાકરનું માનવંતુ બિરુદ આપ્યું. રાજા આટલેથી જ નથી અટક્યો. તે સૂરિજીને આગ્રહ કરી હાથી અને પાલખી ઉપર પણ બેસાડી દેતો હતો, આ૦ વૃદ્ધવાદિસૂરિજીને આ સમાચાર મળતાં તેઓ અહીં આવ્યા. સાધુજીવનનું મહત્ત્વ સમજાવી, પ્રતિબોધી સિદ્ધસેન દિવાકરને ત્યાંથી અન્યત્ર વિહાર કરાવ્યો.

આ૦ સિદ્ધસેનસૂરિજીને એકવાર વિચાર આવ્યો કે પ્રાકૃતમાં રહેલા જૈન સાહિત્યને સંસ્કૃતમાં બનાવીએ તો સારું. આ વિચાર તેમણે ગુરુ સમક્ષ મૂક્યો અને તેઓમાં નીચે મુજબ વાર્તાલાપ થયો:

ગુરુજી—વત્સ ! આ તારો વિચાર ઉચિત નથી. શાસ્ત્રકાર ભગવંતોએ ખાસ કરીને બાલજીવો, સ્ત્રીઓ અને સામાન્ય બુદ્ધિના જીવોના બોધને માટે માગધી—પ્રાકૃતમાં શાસ્ત્રોની ગૂંથણી કરી છે.

સિદ્ધસેન દિવાકર—પ્રભો ! પૂર્વની ભાષા તો સંસ્કૃત છે ને ?

ગુરુજી—વત્સ ! હા, એ વાત સાચી છે. એટલે જ સ્ત્રીઓ, બાલજીવો અને સામાન્ય માણસો માટે તે અગમ્ય અને દુર્બોધ છે અને એટલા માટે તેઓને એ પૂર્વ શાસ્ત્રો ભણવવાની ના પાડી છે. તારો વિચાર ઉચિત નથી.

દિવાકરજી—પ્રભો ! મારું એક સંસ્કૃત પદ્ય તો સાંભળો !

'नमोऽर्हत्सिद्धाचार्योपाध्यायसर्वसाधुभ्यः'

આમાં પાંચે ય પદોનો મંત્ર સમાઈ જાય છે.

ગુરુજી.—આ તારું કથન શાસ્ત્રવિરુદ્ધ છે. તારે એ માટે પ્રાયશ્ચિત્ત લેવું પડશે.

દિવાકરજી.—પ્રભો ! મારું વર્તન શાસ્ત્રવિરુદ્ધ છે, તો મને પ્રાયશ્ચિત્ત આપો, આપ જે પ્રાયશ્ચિત્ત આપશો, તે હું સ્વીકારીશ.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ગુરુજી—તમને પારાંચિત પ્રાયશ્ચિત્ત આપવામાં આવે છે. તમારે ૧૨ વર્ષ સુધી ગુપ્તવેષે રહેવું અને મહાન રાજાને પ્રતિબોધી જૈન બનાવવો.

સિદ્ધસેન દિવાકર આ પ્રાયશ્ચિત્ત લઈ ત્યાંથી ચાલી નીકળ્યા, તેમણે સાતેક વર્ષો બાદ એક દિવસે ઉજ્જૈનમાં આવી રાજા વિક્રમાદિત્યને એક શ્લોક લખી જણાવ્યું કે પોતે રાજસભામાં આવવા ઈચ્છે છે. વિક્રમે એ શ્લોક-રચનાથી પ્રસન્ન થઈ તરત જ ઉત્તર વાળ્યો કે આપને જોઈએ તો લાખ સોનામહોરો લઈ જાઓ અથવા રાજસભામાં પધારો.

આચાર્યશ્રીએ રાજા પાસે જઈ એક પછી એક શ્લોકો કહી સંભળાવ્યા, તે આ પ્રમાણે—

अपूर्वेयं धनुर्विद्या, भवता शिक्षिता कुतः ? ।
मार्गणौघः समभ्येति, गुणो याति दिगन्तरम् ॥ १ ॥

હે રાજન્ ! તું આ વિચિત્ર ધનુર્વિદ્યા ક્યાં ભણ્યો ? કેમકે માર્ગણો (બાણો-યાચકો) તારી પાસે આવે છે, જ્યારે તારા ગુણો (ધનુષ્યની દોરી-યશ) દૂર દૂર સુધી ફેલાતા જાય છે.

अमी पानकुरङ्काभाः, सप्तापि जलराशयः ।
त्वद्यशोराजहंसस्य, पञ्जरं भुवनत्रयम् ॥ २ ॥

હે રાજન્ ! તારા યશરૂપી રાજહંસે આ ત્રણે ભુવનને પોતાનું પાંજરું બનાવી રાખ્યું છે, જેને આ સાતે સમુદ્રો તો પાણીનાં કુંડાં જેવા લાગે છે.

सर्वदा सर्वदोऽसीति, मिथ्या संस्तूयसे बुधैः ।
नारयो लेभिरे पृष्ठं, न वक्षः परयोषितः ॥ ३ ॥

હે રાજન્ ! 'તું હંમેશાં સર્વ ઇચ્છિતને આપનાર છે,' એમ વિદ્વાનો તારી પ્રશંસા કરે છે તે મિથ્યા છે, કેમકે તું શત્રુઓને પીઠ આપતો નથી અને પારકી સ્ત્રીઓને છાતી દેતો નથી.

भयमेकमनेकेभ्यः, शत्रुभ्यो विधिवत् सदा ।
ददासि तच्च ते नास्ति, राजंश्चित्रमिदं महत् ॥ ४ ॥

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હે રાજન્! ભય એક જ છે છતાં તું અનેક શત્રુઓને નિયમિત રીતે ભય આપે છે, વળી તે તારી પાસે તો રહેતો જ નથી. આ દરેક અજબ ઘટનાઓ છે.

રાજાએ આચાર્યશ્રીને આ શ્લોકોના બદલામાં અનુક્રમે પૂર્વ, પશ્ચિમ, દક્ષિણ અને ઉત્તર એમ ચાર દિશાનું રાજ્ય સમર્પિત કર્યું. અંતે રાજાએ રાજસિંહાસનનો ત્યાગ કરી ગુરુને નમીને કહ્યું કે પ્રભો! આ રાજ્ય આપનું છે.

સૂરિજી બોલ્યા, અમે તો અકિંચન સાધુ છીએ.

રાજા સૂરિજીને અપૂર્વ ભક્તિથી રાજસભામાં બહુમાન આપે છે, અને નિરંતર રાજસભામાં આવવાનું કહે છે પરંતુ સૂરિજી મહારાજ તો ત્યાંથી વિહાર કરી જાય છે.

થોડા સમય પછી સૂરિજી અવધૂતવેશે પુનઃ અવન્તિમાં પધાર્યા અને મહાકાલેશ્વરના મંદિરમાં મહાદેવજી તરફ પગ લાંબા કરી સૂતા. પૂજારી તેમને પ્રાતઃકાળે મંદિરમાં પગ કરી સૂતેલા જોઈ ઉઠાડવા વિવિધ પ્રયત્નો કરે છે પરંતુ બધા પ્રયત્નો નિષ્ફળ જવાથી તે કંટાળી રાજાને ફરિયાદ કરે છે.

રાજા વિક્રમાદિત્યે પોતાના સિપાહીઓને હુકમ કર્યો કે, "જાઓ, જલદી જાઓ, એ જોગીને કોરડા મારી, ઉઠાડીને ભગાડી મૂકો." સિપાહીઓએ ત્યાં જઈ સૂરિજીને સમજાવ્યા, ધમકાવ્યા અને છેવટે કોરડાનો માર શરૂ કર્યો પરંતુ બધાના આશ્ચર્ય વચ્ચે એક પણ કોરડો સૂરિજીને વાગતો નથી. રાજાના અંતપુરમાં રાણીઓને એ કોરડા વાગે છે. ત્યાં રડારોળ અને ચીસેચીસ શરૂ થઈ. આ સમાચાર મળતાં રાજાએ કોરડાનો માર બંધ કરાવ્યો અને પોતે મહાકાળેશ્વરમાં આવી વિનીતભાવે બોલ્યોઃ

રાજાઃ—પ્રભો! આપના જેવા મહાત્માને આ ન શોભે. આપે તો આ વિશ્વવંદ્ય મહાદેવજીને નમસ્કાર કરવા જોઈએ.

દિવાકરજીઃ—(બેઠા થઈને) રાજન્! તું જેમને વિશ્વવંદ્ય

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કહે છે, જેમને મહાદેવ કહે છે, તે વાસ્તવિકરીતે એ પદને યોગ્ય નથી.

રાજા:—કેમ ?

સૂરિજી:—આ મહાદેવના લિંગમાં મારા નમસ્કારને સહન કરવાની શક્તિ જ નથી.

રાજા:—મહાત્માજી ! ના, ના, એમ તો ન હોય. મને એમાં એ શક્તિ છે કે નથી તે સાક્ષાત્ બતાવો.

આચાર્યશ્રીએ તરત જ સાચા મહાદેવની સ્તુતિ શરૂ કરી, છેવટે "કલ્યાણમંદિર" સ્તોત્ર નવું બનાવતાં બનાવતાં ગાવા લાગ્યા. તે સ્તોત્રના અગિયારમા શ્લોકે શિવલિંગમાંથી ધુમાડો નીકળવા માંડયો, પછી તેજ પ્રગટયું, સોળમા શ્લોકે શિવલિંગ ફાટયું. અંદરથી મહાચમત્કારી પાર્શ્વજિનેશ્વરનાં પ્રતિમાજી નીકળ્યાં. આ જોઈ રાજા અને પ્રજા ઠરી ગયાં, બત્રીશમા શ્લોકે પ્રતિમાજી સ્થિર થયાં. આ 'કલ્યાણમંદિર'ના શ્લોકો ૪૪ છે. અત્યારે પણ આ મહાપ્રાભાવિક સ્તોત્ર વિદ્યમાન છે.

જૈન સાઈટ JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

આ જોઈ રાજા પ્રતિબોધ પામ્યો, પછી આચાર્ય મહારાજે આ તીર્થની ઉત્પત્તિ સંબંધી ઇતિહાસ કહી સંભળાવ્યો: "આર્ય સુહસ્તિસૂરિજીના સમયે અવન્તિસુકુમારના પુત્ર મહાકાળે પિતાના સ્મારકરૂપે અહીં શ્રીપાર્શ્વનાથજીનું મંદિર બંધાવ્યું હતું. પાછળથી બ્રાહ્મણોના હાથમાં આ સ્થાન આવતાં તેઓએ અહીં શિવલિંગ પધરાવ્યું હતું. આજે ધરણેંદ્રે આ સ્તુતિથી અહીં આવી, ફણાસહિત શ્રીપાર્શ્વનું તે જ બિંબ પ્રગટ કર્યું છે."

રાજા વિક્રમાદિત્ય સૂરિજીના ઉપદેશથી પરમ જૈનધર્મી થયો, તેણે નવું મંદિર બનાવી તેમાં 'અવન્તિપાર્શ્વનાથજી'ની સ્થાપના કરી ત્યારથી અવન્તિપાર્શ્વનાથ તીર્થ વિદ્યમાન છે. પછી તો તેમના હાથ નીચેના બીજા મોટા ૧૮ રાજાઓએ પણ જૈનધર્મ સ્વીકાર્યો હતો. પ્રાયશ્ચિત્તનાં બાર વર્ષમાં પાંચ વર્ષ બાકી હતાં, કિન્તુ શ્રીસંઘે તે વર્ષો માફ કર્યાં છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

રાજાઓ આ મહાન સૂરિપુંગવને બહુ જ માન અને ભક્તિથી જોતા, અને ભક્તિના આવેશમાં સૂરિજીને રાજસિંહાસને પણ બેસાડતા હતા. સૂરિજી પણ રાજપાલખીમાં બેસીને રોજ રાજસભામાં જતા; વિદ્યાવિનોદ, ધર્મગોષ્ઠિ, અને ધર્મોપદેશ પણ ચાલતો હતો અને જૈનધર્મનો પ્રચાર વધતો જતો હતો.

એમના ગુરુજી શ્રીવૃદ્ધવાદિસૂરિજીને આ સમાચાર મળ્યા, સૂરિજીને શાસનપ્રભાવના સાંભળી હર્ષ થયો, તેમજ પાલખીમાં બેસવું વગેરે સાંભળીને દુઃખ પણ થયું. પછી તો વયોવૃદ્ધ સૂરિપુંગવ વૃદ્ધવાદિસૂરિજી ઉજ્જૈન આવ્યા. તેમણે યુક્તિ કરીને શિષ્યની પાલખી ઉપાડી, કિન્તુ વૃદ્ધાવસ્થાને લીધે પાલખી બરાબર ઉપડતી ન હતી, તેમ ચલાતું પણ ન હતું. અંદર બેઠેલા સિદ્ધસેન દિવાકરે પાલખીને ડગમગતી જોઈને પૂછ્યું કે—

भूरिभारभराक्रान्तः स्कन्धः, किं तव बाधति? ।

ગુરુજીએ તરત જ મીઠો ઉત્તર વાળ્યો કે—

न तथा बाधते स्कन्धः, यथा बाधति बाधते ॥

સિદ્ધસેનજી આ સાંભળી ચમક્યા, તેમને પોતાના બોલવામાં થયેલી ભૂલ ખ્યાલમાં આવી, અને સાથોસાથ એમ પણ થયું કે 'મારી આવી ભૂલ કાઢનાર મારા ગુરુજી જ હોય.' તરત જ તેમણે પાલખી રોકી નીચે ઊતરી જોયું. ચોથા ભોઈના સ્થાને સાક્ષાત્ ગુરુજી જ હતા. હવે તે તરત ગુરુજીને ચરણે નમી પડ્યા, પાલખી મૂકી દઈ પગપાળે ઉપાશ્રયમાં આવ્યા અને શરમના માર્યા કંઈ બોલ્યા—ચાલ્યા વિના બે હાથ જોડી ગુરુજીની સામે ઊભા રહ્યા. ગુરુજીએ પણ ઉદારતા દાખવી તેમને વાત્સલ્યભાવે ઉપદેશ આપ્યો અને આદર્શ સાધુજીવન ગાળવા પ્રેર્યા. બસ ! સિદ્ધસેનસૂરિ પ્રાયશ્ચિત્ત લઈ શુદ્ધ થઈ ત્યાંથી ચાલી નીકળ્યા

પં. શુભશીલ ગણી મહારાજ લખે છે કે, એકવાર ૐકારપુરના જૈનસંઘે શ્રીસૂરિજીને ફરિયાદ પહોંચાડી કે, અહીંના બ્રાહ્મણો અમને જિનમંદિર બાંધવા દેતા નથી.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સૂરિજીએ ઉત્તર વાળ્યો કે, સમયે બધું ઠીક થઈ જશે.

પછી સૂરિજી ઉજ્જૈન પધાર્યા હતા ત્યારે તેમના ઉપદેશથી વિક્રમાદિત્યે ૐકારપુરમાં જિનાલય બંધાવી તેમાં ૐકારપાર્શ્વનાથની પ્રતિષ્ઠા કરી હતી અને તેના રક્ષણ માટે ૧૨ ગામ ભેટ આપ્યાં હતાં. (વિક્રમચરિત્ર)

આ સ્થાન આજે એકલિંગ તરીકે પ્રસિદ્ધ છે. ત્યાં જિનાલય ને બદલે શિવાલય મોજુદ છે પરંતુ તેને ફરતી દેરીઓમાં જૈન ચિહ્નો વિદ્યમાન છે, તેથી નિઃસંદેહ માનવું પડે છે કે તે એક સમયે જૈનમંદિર જ હશે અને સમય જતાં બ્રાહ્મણોએ તેને શિવમંદિર બનાવ્યું હશે. તેની પાસે નાગદા છે તે પણ પ્રાચીન જૈનતીર્થ છે. ત્યાં આજે ૧ જિનમંદિર તથા જૂના દેરાસરનાં ખંડેરો વિદ્યમાન છે.

આ પછી સમ્રાટ્ વિક્રમાદિત્યે શત્રુંજય તીર્થનો મોટો યાત્રાસંઘ કાઢ્યો હતો, જેમાં લાખો મનુષ્યો સાથે હતા, રાજાએ ત્યાં મોટો જીર્ણોદ્ધાર કરાવ્યો હતો.*

JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

સૂરિજીના ઉપદેશની આ અજોડ સિદ્ધિ છે કે તે સમયે ભારતમાં અહિંસાનો વિજયધ્વજ ફરક્યો.

ગ્રંથો—આ૦ શ્રીસિદ્ધસેનજીએ અનેક મૌલિક ગ્રંથો બનાવ્યા છે. તેઓ જૈન ન્યાયસાહિત્યના આદિ પુરસ્કર્તા છે. તેમની પહેલાંનો યુગ આગમપ્રધાન હતો, ગૌતમ ઋષિનું 'ન્યાયસૂત્ર' બન્યા પછી ન્યાયશાસ્ત્રની ઉપયોગિતા વધી, આથી જૈન દર્શનનાં તત્ત્વોને

---

* સમ્રાટ્ વિક્રમાદિત્યના સંઘમાં ૧૪ મુકુટબંધી રાજાઓ, ૭૦ લાખ શ્રાવક કુટુંબો, ૫૦૦ આ૦ સિદ્ધસેન વગેરે આચાર્યો, ૧૬૯ સોનાનાં દેરાસરો, ૩૦૦ ચાંદીના દેરાસરો, ૫૦૦ હાથીદાંતના જિનાલયો, ૧૮૦૦ ચંદનનાં દેરાસરો, ૧ ક્રોડ રથ, ૬ હજાર હાથી, ૧૮ લાખ ઘોડા, અને બીજા વ્યવસ્થાપકો, રક્ષકો, માણસો વગેરે વગેરે હતા.

આ સંઘ શત્રુંજય તથા ગિરનારની પગપાળા યાત્રા કરી પાછો ઉજ્જૈન ગયો હતો. સંઘમાં માનવોનો મહાસાગર ઉલટ્યો હતો.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તર્કણાની કસોટીમાં કસીને સંસ્કૃતમાં રજૂ કરવાનું પરમ સૌભાગ્ય આ આચાર્યશ્રીને પ્રાપ્ત થયું છે. પરપક્ષને વાસ્તવિક રીતે બતાવી તેનું શ્રુતિ અને તર્કથી ખંડન અને સત્યનું સમર્થન; આ પદ્ધતિએ તેઓએ ન્યાયશાસ્ત્રને અદ્ભુત બનાવ્યું છે. તેમના ગ્રંથો નીચે પ્રમાણે મળે છે.

૧. ન્યાયાવતાર–શ્લોક ૩૨, તેની ઉપર આ૦ સિદ્ધર્ષિએ ૨૦૭૩ શ્લોકની ટીકા, આ૦ ભદ્રસૂરિએ ૧૦૫૩ શ્લોકનું ટિપ્પણ રચ્યાં છે. આ સિવાય તેનું અંગ્રેજી ભાષાંતર, નોટસ્ અને સરળ ગુજરાતી ભાષાંતર પણ થયાં છે. જૈનન્યાયનો આ આદિ ગ્રંથ છે. તેમાં વસ્તુપ્રવાહ ભાગીરથીની જેવો મન્દ મન્દ ધીર અને ગંભીર વહ્યો જાય છે, તેની સંસ્કૃત ભાષા સુલલિત છે.

૨. સમ્મતિતર્ક–આચાર્યશ્રીનો આ અદ્ભુત અને મહાન ગ્રંથ છે. તેમાં જૈન દર્શનનાં તત્ત્વોની ન્યાયપૂર્ણ છણાવટ છે. આ ગ્રંથમાં ૩ કાંડો, અને ૧૬૭ પ્રાકૃત ગાથાઓ છે. પહેલા કાંડમાં ૫૪ ગાથાઓ છે, જેમાં નયવાદનું વિશદ વર્ણન છે. નયવાદનું ગંભીર અને તલસ્પર્શી પર્યાલોચન કરવા ઇચ્છનારે આ કાંડનું બારીકાઈથી નિરીક્ષણ કરવું જોઈએ. બીજા કાંડમાં ૪૩ ગાથાઓ છે, જેમાં મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યવજ્ઞાન અને કેવળજ્ઞાનની સુંદર છણાવટ છે, તેમજ પ્રત્યક્ષ અને પરોક્ષ જ્ઞાનની વાસ્તવિકતા સમજાવી એની વિશદ ચર્ચા કરી છે. ત્રીજા કાંડમાં ૭૦ ગાથાઓ છે, જેમાં જ્ઞેય તત્ત્વની ચર્ચા કરી અનેકાન્તવાદ યાને સ્યાદ્વાદની સુંદર વિચારણા આપી છે. એમાં સ્યાદ્વાદના અપૂર્વ રહસ્યનો ખજાનો ભર્યો છે.

આ ગ્રંથ ઉપર શ્વેતાંબર અને દિગંબર આચાર્યોએ ટીકાઓ રચી છે. એમાં શ્વેતાંબર નૈયાયિક આ૦ મલ્લવાદિસૂરિજીકૃત ૭૦૦ શ્લોકપ્રમાણ ટીકા અને દિગંબર આ૦ સુમતિની ટીકા ઉપલબ્ધ નથી, રાજગચ્છીય શ્વેતાંબરાચાર્ય પ્રદ્યુમ્નસૂરિશિષ્ય

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તર્કપંચાનન* શ્રીઅભયદેવસૂરિજીકૃત તત્ત્વબોધવિધાયિની ટીકા વિદ્યમાન છે, જે પચીશ હજાર શ્લોકમાં છે. આ ટીકા ભારતીય સાહિત્યનો એક અપૂર્વ ગ્રંથ છે, એમ કહીએ તો ચાલે, જેનું બીજું નામ વાદમહાર્ણવ છે.+

૩. દ્વાત્રિંશદ્-દ્વાત્રિંશિકા :

આમાં સૂરિજીની બત્રીશ બત્રીશીઓનો સમાવેશ થાય છે. અત્યારે આમાંની ન્યાયવતાર સહિત ૨૧ બત્રીશીઓ ઉપલબ્ધ છે, જે જૈનધર્મ પ્રસારક સભા તરફથી છપાઈ ગયેલ છે. આની રચના જ એવી અપૂર્વ ગૂઢ અને ગંભીરાર્થ ભરેલી છે કે આ બત્રીશ બત્રીશીઓ ઉપર કોઈ પણ સમર્થ વિદ્વાને ટીકા નથી રચી. આમાં જૈન, વૈદિક અને બૌદ્ધ સાહિત્યનાં તત્ત્વોની ગૂંથણી છે, જે બત્રીશીમાં જે વિષય લીધો તેને એટલી ગહન ભાષામાં અને ઝીણવટભરી રીતે સંગ્રહીત કરેલ છે કે તે વિષયથી અજાણ મનુષ્ય તો આ બત્રીશીને સમજી શકે જ નહિ આ બત્રીશીઓ પદ્યમાં છે અને તેની અનુષ્ટુપ, ઉપજાતિ, વૈતાલીય, પૃથ્વી, આર્યા પુષ્પિતા, વસંતતિલકા, શિખરિણી, મન્દાક્રાંતા, શાલિની વગેરે વગેરે જુદા જુદા છન્દોમાં રચના કરેલી છે. આચાર્ય હરિભદ્રસૂરિજીનો ષડ્દર્શનસમુચ્ચય, આ૦ હેમચંદ્રસૂરિની અન્યયોગવ્યવચ્છેદ દ્વાત્રિંશિકા, અયોગવ્યવચ્છેદ દ્વાત્રિંશિકા તથા પ્રમાણમીમાંસા અને મધ્વાચાર્યના સર્વદર્શનસંગ્રહ વગેરેનું મૂળ આ બત્રીશીઓમાં છે.

---

* મહો૦ યશોવિજયજી મહારાજે પણ આ ગ્રંથ ઉપર ટીકા–ટિપ્પણ કરેલ હતું.

+ સન્મતિતર્ક સટીક ભા૦ ૧ થી ૫, ગુજરાત પુરાતત્ત્વ મંદિર અમદાવાદ તરફથી પ્રકાશિત થયો છે. ભા૦ ૧ લો શ્રીયશોવિજયજી ગ્રંથમાલા–કાશી, અને જૈન ગ્રંથ પ્રકાશક સભા–અમદાવાદે પણ પ્રકાશિત કર્યો છે.

જેસલમેરના ભંડારોમાં આ ગ્રંથની એક તાડપત્રીય પ્રત છે જે પ્રકાશિત ગ્રંથો કરતાં ઘણે સ્થાને જુદી પડે છે અને પ્રાચીન છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

મહોપાધ્યાય શ્રીયશોવિજયજી મહારાજના ન્યાયગ્રંથોમાં ખાસ સન્મતિતર્ક અને દ્વાત્રિંશદ્-દ્વાત્રિંશિકાઓની છાયા ઝળહળે છે.

આ બત્રીશીઓમાં વાદબત્રીશી, વેદબત્રીશી, બૌદ્ધ સંતાનબત્રીશી સાંખ્યપ્રબોધબત્રીશી વગેરે તો તે તે દર્શનગ્રંથોના સંદોહરૂપ છે. આમાંની ઘણી બીત્રશીઓમાં ભ૦ મહાવીરસ્વામીની સ્તુતિઓ છે. ક સ. આ૦ શ્રીહેમચંદ્રસૂરિ જેને માટે કહે છે કે—

क्व सिद्धसेनस्तुतयो महार्था, अशिक्षितालापकला क्व चैषा।

૪. કલ્યાણમંદિર સ્તોત્ર—અવન્તિ પાર્શ્વનાથના પ્રાગટ્ય માટે આ સ્તોત્ર બનેલ છે, જેમાં ભગવાન પાર્શ્વનાથની સ્તુતિ છે વસન્તતિલકાના ૪૪ સંસ્કૃત શ્લોકો છે, ભાષા મંજુલ સુલલિત હૃદયંગમ ભાવવાહી અને ભક્તિપોષક છે.

૫. નયાવતાર—આ૦ સિંહસૂરિ ક્ષમાશ્રમણે દ્વાદશારનયચક્રની ન્યાયાગમાનુસારિણી ટીકામાં આ ગ્રંથનો ઉલ્લેખ કર્યો છે. આ ઉપરાંત એ જ ટીકામાં આ૦ સિદ્ધસેનસૂરિના ગ્રંથોમાંથી (१) यत्र ह्यर्थो वाच्यं व्यभिचरति नामाभिधानं तत्। (२) कुतो ज्ञायते इति चेत्? सत्तार्था इत्यविशेषेणोक्तत्वात् 'अस्ति-भवति-विद्यति-पद्यति-वर्ततयः सत्तार्थाः" इत्यविशेषेणोक्तत्वात् सिद्धसूरिणा। (वि० १६६) ઇત્યાદિ ઉદ્ધરણો મળે છે જે દિવાકરજીના કોઈ અનુપલબ્ધ ગ્રંથોનાં હોવાનું મનાય છે.

૬. ગન્ધહસ્તિ-વિવરણ—આ૦ શીલાંકસૂરિજી ઉલ્લેખ કરે છે કે, તેઓએ 'આચારાંગસૂત્રના' પહેલા અધ્યયન ઉપર ગંધહસ્તિ-વિવરણ રચ્યું છે જેમકે—

शस्त्रपरिज्ञा-विवरणमतिबहुगहनं च गन्धहस्ति-कृतम्।
तस्मात् सुखबोधार्थं, गृह्णाम्यमञ्जसा सारम् ॥१॥

( आयरंगसुत्त—टीका )

આ ઉપરથી જણાય છે કે આ૦ સિદ્ધસેનસૂરિએ ગંધહસ્તિ વિવરણ બનાવ્યું હતું. એવી પણ એક માન્યતા છે કે, 'તત્ત્વાર્થ સૂત્ર' ઉપર ગંધહસ્તિ મહાભાષ્ય બન્યું હતું, જે અત્યારે ઉપલબ્ધ નથી.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સંભવ છે કે શ્રીસિદ્ધસેનગણીની 'તત્ત્વાર્થસૂત્ર-ભાષ્ય'ની ટીકાને અનુલક્ષીને આ માન્યતા પ્રચલિત થઈ હોય.

એક નવો દષ્ટિ કોણ—આ૦ શ્રીસિદ્ધસેને 'સન્મતિતર્ક'માં કેવલી ભગવાનને કેવલજ્ઞાન અને કેવલદર્શન રૂપ ઉપયોગ એક જ હોય એવું વિધાન કર્યું છે અને તેના સમર્થનમાં દલીલો અને તર્કનો ખૂબજ ઉપયોગ કર્યો છે. શ્રીજિનભદ્ર ક્ષમાશ્રમણે આગમના પ્રમાણો ટાંકી એ માન્યતાનો જોરદાર વિરોધ કર્યો છે. આ૦ મલ્લવાદીજીએ એક સમયમાં કેવલજ્ઞાન તથા કેવલદર્શન બન્નેનો સહયોગ માન્યો છે અને મહોપાધ્યાય યશોવિજયજીએ 'જ્ઞાનબિંદુ'ના વિવરણમાં આ ત્રણે આચાર્યોની માન્યતાને જુદા જુદા નયોથી વાસ્તવિક ઠરાવી સ્યાદ્વાદની વિશાળતા વ્યક્ત કરી છે.

આ આચાર્ય વિક્રમની પહેલી સદીના શાસનપ્રભાવક મહાન આચાર્ય છે. તેઓ વિહાર કરી દક્ષિણમાં પધાર્યા અને ત્યાં પ્રતિષ્ઠાન-પુરમાં અનશન કરી સ્વર્ગે ગયા.

દિવાકરજીની દીક્ષા પછી એમની બહેને પણ દીક્ષા લીધી હતી જેનું નામ સિદ્ધશ્રી રાખવામાં આવ્યું હતું. દિવાકરજીના સ્વર્ગવાસના સમાચાર તેમને આવી રીતે અપાયા હતાઃ—

स्फुरन्ति वादिखद्योताः, सम्प्रति दक्षिणापथे ॥

સાધ્વીજીએ આ સાંભળી તરત જ નિર્ણય આપ્યો કે—

नूनमस्तंगतः वादी, सिद्धसेनो दिवाकरः ॥

અનેક વિદ્વાનોએ આ આચાર્યનું જીવનચરિત્ર અને નિબંધો લખ્યા છે, જે ખાસ વાંચવાયોગ્ય છે.

શું શ્વેતામ્બર કે શું દિગમ્બર એ બન્ને સંપ્રદાયના જૈન આચાર્યોએ પોતાના ગ્રંથોમાં આ૦ સિદ્ધસેન દિવાકરજીને બહુ ગૌરવ અને ભક્તિભાવથી યાદ કરી અંજલી આપી છે. જેમકે આ૦ હરિભદ્રસૂરિજીએ 'પંચવસ્તુ'ની ટીકામાં શ્રુતકેવલી તરીકે, વાદી દેવસૂરિજીએ 'સ્યાદ્વાદરત્નાકર'માં અદ્વિતીય ગ્રંથકાર તરીકે, કે. સ. આ૦ હેમચંદ્રસૂરિજીએ પોતાની બત્રીસીમાં મહાસ્તુતિકાર



JAINSITE जैनम् जयति शासनम्
www.jainsite.com    For Private & Personal Use Only    info@jainsite.com

તરીકે અને 'સિદ્ધહેમવ્યાકરણ'માં "उत्कृष्टेनूपेन" સૂત્રના ઉદાહરણમાં "अनुसिद्धसेनं कवयः" સર્વોત્કૃષ્ટ કવિ તરીકે, મુનિ-રત્નસૂરિજીએ 'અમમચરિત્ર'માં તેજસ્વી સૂર્યરૂપે, પ્રદ્યુમ્નસૂરિજીએ 'સમરાદિત્યસંક્ષેપ'માં મહાવાદીરૂપે, પ્રભાચંદ્રસૂરિજીએ 'પ્રભાવક-ચરિત્ર'માં સમર્થ પ્રભાવક તરીકે, વાચક શ્રીયશોવિજયજીએ પોતાના અનેક ગ્રંથોમાં અને આઠ પ્રભાવકની સજ્ઝાયમાં આઠમા કવિ પ્રભાવક તરીકે સંબોધ્યા છે.

**સત્તાસમય વિચારણા—**

આ૦ શ્રીસિદ્ધસેન દિવાકરના સત્તાસમય માટે વિદ્વાનોમાં વિચારભેદ પ્રવર્તે છે, પ્રસ્તુત વર્ણન પ્રમાણે તો આ આચાર્ય-વિક્રમની પહેલી સદીના પ્રારંભના આચાર્ય છે. જ્યારે કેટલાએક વિદ્વાનો આ આચાર્યશ્રીને વિક્રમની ચોથી શતાબ્દીમાં સ્થાપે છે.

ડૉ. હર્મન યાકોબી આચાર્યશ્રીના 'ન્યાયાવતાર'માં આવેલ ભ્રાન્ત, અભ્રાન્ત, સ્વાર્થ અને પરાર્થ શબ્દોની ભ્રમણામાં પડી આચાર્ય-વરને વિક્રમની સાતમી સદીના માનવા લલચાય છે, પરંતુ એ શબ્દો બૌદ્ધયોગાચાર્ય ભૂમિશાસ્ત્ર, પ્રકરણાચાર્ય વાચા, વૈશેષિક ન્યાય દર્શન, બૌદ્ધ ન્યાયમુખ અને ન્યાયપ્રદેશ વગેરેમાં પણ મળે છે. એ જ રીતે કટ્ટર દિગંબર પં. જુગલકિશોર મુખ્તારજી પણ અમુક શ્લોકસામ્ય, શૈલીસામ્ય, અને વસ્તુસામ્યથી આ આચાર્યશ્રીને આ૦ શ્રીસમન્તભદ્રસૂરિ પછીના માનવા પ્રેરાય છે. પરંતુ આ બન્નેમાં પહેલા કોણ? અને પછી કોણ? એટલે કોણે કોનું અનુકરણ કર્યું? એ જ જટિલ સમસ્યા છે. આવી આવી શંકિત કલ્પનાઓથી આચાર્યશ્રીનો સમયનિર્ણય કરી શકાય જ નહીં. સાહિત્યનો આધાર લઈએ તો દિ૦ આ૦ પૂજ્યપાદકૃત 'જૈનેન્દ્ર-વ્યાકરણ', આ૦ જિનભદ્રગણી ક્ષમાશ્રમણકૃત 'વિશેષાવશ્યક ભાષ્ય' આ૦ જિનદાસ મહત્તરકૃત ચૂર્ણિઓ અને આ૦ હરિભદ્રસૂરિકૃત 'પંચવસ્તુ' વગેરેમાં આ૦ શ્રીસિદ્ધસેન દિવાકરજી અને તેમના 'સન્મતિતર્ક'ના ઉલ્લેખો છે. તેમજ તેઓશ્રીના સન્મતિતર્ક પર વિક્રમની ચોથી સદીમાં તો ટીકા પણ બની ચૂકી છે. એટલે એ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ચોક્કસ છે કે આ આચાર્યનો સત્તાકાળ વિક્રમની ચોથી સદી પછી તો નથી જ તો પછી તેઓ ક્યારે થયા, પહેલી સદીમાં કે ચોથી સદીમાં એ જ પ્રશ્ન વિચારણા માગે છે.

આ૦ પ્રભાચંદ્રસૂરિ લખે છે કે, આ૦ સિદ્ધસેન દિવાકરજી ૧. વિદ્યાધર આમ્નાયના, ૨. પાદલિપ્તસૂરિવાળા વંશના અને ૩. આ૦ સ્કંદિલસૂરિના પ્રશિષ્ય હતા. ( પ્રભાવક ચરિત્ર )

આ લખાણમાં તેમને વિદ્યાધર આમ્નાયના બતાવ્યા છે. ઈતિહાસમાં ૩ વિદ્યાધર પરંપરાઓ મળે છે. જેમકે—

(૧) વિદ્યાધરવંશ—શ્રુતજ્ઞાનની રક્ષાના કારણે વાચકવંશ વિદ્યાધરવંશ તરીકે પણ ઓળખાય છે. જે વીર સં. ૧ થી ૧૦૦૦ સુધી વિદ્યમાન હતો. ( પરિચય માટે જુઓ પૃ. ૧૭૯ થી ૧૯૦ )

(૨) વિદ્યાધરીશાખા—આ૦ સુસ્થિતસૂરિના શિષ્ય વિદ્યાધર ગોપાળથી વીર સં. ૩૫૦ લગભગમાં નીકળી. ( પૃ૦ ૨૧૩ )

(૩) વિદ્યાધરકુલ—આ૦ વજ્રસેનસૂરિના ચોથા પટ્ટધર આ વિદ્યાધરથી વીર સં૦ ૬૦૧ વિ૦ સ૦ ૧૯૧માં નીકળ્યું.

આ૦ સિદ્ધસેનસૂરિ વિદ્યાધર આમ્નાયમાં એટલે એક વાચક વંશમાં થયા છે પરંતુ એથી આચાર્યશ્રીના સત્તાસમય ઉપર કંઈ પ્રકાશ પડતો નથી. યદિ આચાર્ય વિદ્યાધરકુલમાં થયા હોત તો તેમનો સત્તાસમય વિક્રમની ચોથી સદીમાં આવત પરન્તુ તેઓ વિદ્યાધરકુલના નહીં કિન્તુ ચંદ્રકુલ કે નાગેન્દ્રના હતા એવા ઉલ્લેખો મળે છે.

આ૦ પ્રભાચંદ્રસૂરિ 'વીરસૂરિચરિત્ર'માં આ૦ સ્કંદિલસૂરિના ષાંડિલ્યગચ્છને ચંદ્રગચ્છ તરીકે જ ઓળખાવે છે. એટલે શ્રમણસંઘે વી૦ સં૦ ૬૦૬ માં ચાર કુલોની વ્યવસ્થા કરી ત્યારે આ૦ સ્કંદિલસૂરિની એક શિષ્યપરંપરા ચંદ્રકુલમાં દાખલ થઈ હશે. એટલે સંભવ છે, આ૦ સિદ્ધસેનની પરંપરા પણ ચંદ્રકુલમાં સામેલ થઈ હોય.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જેસલમેરના ભગવાન ચંદ્રપ્રભુના દેરાસરમાં એક પરિકરવાળી ધાતુની પંચતીર્થી ઉપર લેખ છે કે—

**श्रीनागेन्द्रकुले श्रीसिद्धसेनदिवाकरगच्छे अम्माच्छुप्ताभ्यां कारिता संवत् १०८६ ***

આ શિલાલેખ પ્રમાણે આ૦ સિદ્ધસેનજી નાગેંદ્રકુલમાં થયા હશે અથવા તેની શિષ્યપરંપરા નાગેંદ્રકુલમાં સામેલ થઈ ગઈ હશે એમ માનવું પડે છે.

આથી એ નક્કી છે કે, આ૦ સિદ્ધસેનજી વિદ્યાધરકુલના નહીં, કિન્તુ વાચકવંશના આચાર્ય છે અને તેથી તેઓ વિક્રમની ચોથી શતાબ્દીમાં જ થયા છે એમ કહી શકાય તેમ નથી.

આ૦ પ્રભાચંદ્રસૂરિની બીજી વાત એ છે કે, આ૦ વૃદ્ધવાદિસૂરિ તથા આ૦ પાદલિપ્તસૂરિ વિદ્યાધરગચ્છના આચાર્યો છે અને તેઓ વિક્રમની પહેલી સદીના આચાર્ય છે. આ વાત તેમના શબ્દોમાં આ પ્રમાણે છે:

જૈન સાઈટ JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

"આમ્રકુટિ શ્રાવકે વિ૦ સં૦ ૧૫૦માં ગિરનાર તીર્થ પર ભગવાન શ્રીનેમિનાથના દેરાસરનો જીર્ણોદ્ધાર કરાવ્યો હતો. તેની પ્રશસ્તિ કોતરાવી હતી, જેમાં આ૦ પાદલિપ્તસૂરિ તથા આ૦ વૃદ્ધવાદિસૂરિને વિદ્યાધરગચ્છના બતાવ્યા છે. આ પ્રશસ્તિ કાળક્રમે એક મઠમાં રાખવામાં આવી હશે. તે મઠ ધોધમાર વરસાદથી તૂટી પડયો અને એ પ્રશસ્તિ મળી આવી છે અને એના આધારે અમે પણ ઉક્ત આચાર્યોને વિદ્યાધરગચ્છના લખ્યા છે."

( પ્રભાવક ચરિત્ર, વૃદ્ધવાદિસૂરિપ્રબંધ, શ્લો૦ ૧૭૬ થી ૧૭૮ )

આ શબ્દો ઉપરથી એટલું તારવી શકાય છે કે, આ૦ પાદલિપ્ત અને આ૦ વૃદ્ધવાદિજી વિક્રમની પહેલી સદીમાં વિદ્યાધર-ગચ્છમાં થયા છે. વળી, આ૦ વૃદ્ધવાદિજી આ૦ પાદલિપ્તના વંશના છે એનો અર્થ એટલો જ થાય કે, જે વિદ્યાધરવંશના આ૦

* વિશેષ માટે જુઓ 'જૈન સત્ય પ્રકાશ', ક્રમાંક-૮૧.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પાદલિપ્તસૂરિ છે, તે જ વંશના આ૦ સ્કંદિલસૂરિ અને તેમના શિષ્ય વૃદ્ધવાદિજી વગેરે છે.

આ૦ પ્રભાચંદ્રસૂરિ ઇતિહાસની ત્રીજી કડી જોડે છે કે—

આ૦ સિદ્ધસેનદિવાકર આ૦ સ્કંદિલના પ્રશિષ્ય છે.

વિદ્યાધર એવા વાચકવંશમાં બે સ્કંદિલસૂરિ થયા છે. તે આ પ્રમાણે—

(૧) ૧૨. આ૦ સ્કંદિલસૂરિ—જેમનું બીજું નામ આ૦ ષંડિલ પણ છે, તેમનાથી ષાંડિલ્યગચ્છ, કાલિકાચાર્યગચ્છ ભાવડારગચ્છ નીકળ્યા છે જે પાછળથી ચંદ્રકુલના દિગબંધમાં દાખલ થઈ ગયા છે. વીર સં૦ ૪૧૪, વિ૦ સં૦ ૪ માં સ્વર્ગ.

(પરિચય માટે જુઓ, પૃ૦ ૧૮૨)

(૨) ૧૯. આ૦ સ્કંદિલસૂરિ—તેઓ આર્યજયન્તીશાખાના અને સંભવતઃ ચંદ્રકુલના આચાર્ય છે. વીર સં૦ ૮૪૦ વિ૦ સં૦ ૪૩૦ લગભગમાં સ્વર્ગ (પરિચય પૃ૦ ૧૮૧)

जैन साइट JAINSITE .com जैन[ श्वेतिसाहित्य]

યદિ આ૦ સિદ્ધસેનજી પ્રથમ સ્કંદિલસૂરિના પ્રશિષ્ય હોય તો વિક્રમની પહેલી સદી અને બીજા સ્કંદિલસૂરિના પ્રશિષ્ય હોય તો વિક્રમની ચોથી સદીમાં તેમનો સત્તાસમય આવે.

ભૂલવું ન જોઇએ કે આ બન્ને સદીઓમાં એકેક વિક્રમ રાજા પણ થયો છે. તે આ પ્રમાણે—

૧. સંવત્સર પ્રવર્તક રાજા વિક્રમાદિત્ય વિ૦ સં૦ ૧.

૨. ગુપ્તસંવત્ પ્રવર્તક રાજા ચંદ્રગુપ્ત વિક્રમાદિત્ય, વિ૦ સં૦ ૪૪૦ લગભગ.

હવે આપણે એક નવો ઉલ્લેખ તપાસીએ. દાદા શ્રીધર્મઘોષસૂરિ લખે છે કે—

धर्माचार्यशिष्य-श्रीसिद्धसेनप्रभावकः ।

(સમયસંઘસ્તવ—અવચૂરિ)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

એટલે કે આ૦ દિવાકરજી આ૦ ધર્મસૂરિને પણ પૂજ્ય માનતા હતા. આ૦ ધર્મસૂરિનો યુગપ્રધાનકાળ વી૦ સં૦ ૪૫૦ થી ૪૬૫ છે.

આ દરેક પ્રમાણોથી વિચારીએ તો આ સિદ્ધસેન દિવાકરનો વિદ્યમાનકાળ વિક્રમની પહેલી કે ચોથી શતાબ્દી આવે છે પરંતુ પ્રાચીન ગ્રંથોમાં તેમને વિક્રમની પહેલી સદીના બતાવ્યા છે, એટલે અમે પણ આચાર્યશ્રીને અહીં એ રીતે જ વર્ણવ્યા છે.

### જૈન રાજાઓ—

આ અરસામાં ભરૂચના બલમિત્ર–ભાનુમિત્ર રાજાઓ, પટણાનો મરુંડરાજ, માનખેડાનો કૃષ્ણરાજ, ઓંકારપુરનો ભીમ, કર્મારગામનો દેવપાલ, ઉજ્જૈનનો વિક્રમાદિત્ય, ભરૂચનો યુવરાજ ધનંજય અને પ્રતિષ્ઠાનપુરનો શાલિવાહન વગેરે જૈનધર્મી તથા જૈનધર્મના પ્રેમી રાજાઓ થયા છે. તેઓનો ટૂંકો પરિચય તેઓના સમકાલીન આચાર્યોના ચરિત્રમાં દર્શાવેલ છે.

### સમ્રાટ્ વિક્રમાદિત્ય—

સમ્રાટ્ વિક્રમાદિત્ય તે અવન્તિપતિ, શકવિજેતા અને સંવત્સર પ્રવર્તક તરીકે પ્રસિદ્ધ છે. તે આ૦ શ્રીસિદ્ધસેન દિવાકરના સચોટ ઉપદેશથી જૈન બન્યો હતો. તેણે જિનાલયો બનાવ્યાં, જિનબિંબો ભરાવ્યાં, શત્રુંજય તીર્થનો ઉદ્ધાર કરાવ્યો અને સંઘ પણ કાઢ્યો હતો. તેણે પૃથ્વીને ઋણમુક્ત કરી શકોના બંધનમાંથી છોડાવી પોતાનો સંવત પ્રવર્તાવ્યો હતો. આ વાતો આપણે ઉપર આ૦ શ્રીસિદ્ધસેન દિવાકરના ચરિત્રમાં વાંચી ચૂકયા છીએ. જૈનાચાર્યોએ વિક્રમચરિત્ર પર ઘણું સાહિત્ય સર્જ્યું છે. એ જ રીતે અજૈન વિદ્વાનોએ પણ આ સમ્રાટ્ માટે કંઈ ને કંઈ નિર્દેશ કર્યો જ છે.

ભારતવર્ષમાં આજસુધી ઘણા રાજાઓ થયા અને ગયા, જે પૈકીના કેટલાએક રાજાઓનું તો આજે નામોનિશાન પણ મળતું નથી, જ્યારે સમ્રાટ વિક્રમાદિત્ય કે જેને થયાને બબ્બે હજાર વર્ષ વીતી ગયાં છે, છતાંય તે પોતાની નામના વડે ભારતમાં અચળપણે ઊભો છે. વિક્રમસંવત એ જ એનું મોટું ભારતીય સ્મારક છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સંવત્સરપ્રવર્તક વિક્રમાદિત્ય થયો છે તે અંગે પુરાતત્ત્વવિદોમાં શું વિભ્રમ થયો છે? સાચો વિક્રમાદિત્ય કયો? શું તેણે જ સંવત્સર ચલાવ્યો છે? અને વીરનિર્વાણ પછી વિક્રમ ક્યારે થયો? ઈત્યાદિ બાબતોમાં તીવ્ર વિસંવાદ છે. એટલે એ સંબંધી પણ આપણે અહીં થોડી વિચારણા કરી લઈએ.

વિ. સં. ૧ માં વિક્રમ રાજા થયો છે, કિન્તુ જેના નામની સાથે વિક્રમ શબ્દ જોડાય છે, એવા બીજા અનેક રાજાઓ થયા છે અને તેઓની કેટલીક ઐતિહાસિક ઘટનાઓ ભેળસેળ થઈ ગઈ છે. સ્વનરેશપ્રેમી લેખકોએ પણ એકની ઘટના બીજાના નામે ચડાવી દીધી છે, આમ હોવાથી વિક્રમનું વાસ્તવિક જીવન નિર્ભેળ મેળવી શકાય એવી સ્થિતિ રહી નથી. પણ એટલા પરથી વિ. સં. ૧ માં વિક્રમ થયો જ નથી એમ કહી શકાય તેમ નથી. "વિક્રમ સંવત્" એ પણ વિ. સં. ૧ માં કોઈ પણ વિક્રમ થયાનો સબળ પુરાવો છે.*

JAINSITE.com

વિક્રમનું બિરુદ ધરનારા કે વિક્રમની ખ્યાતિ મેળવનારા અનેક રાજાઓ થયા છે. જેમકે—પાર્થિયન રાજા અઝીઝ, શાતકર્ણી શાલિવાહન, શુંગવંશી અગ્નિમિત્ર, વસુમિત્ર, કુશાનવંશી કનિષ્ક, ગર્દભિલ્લનો વારસદાર, ભરૂચનો રાજા બલમિત્ર, ગૌતમીપુત્ર શાલિવાહન, શકારિ ગુપ્તવંશી સમુદ્રગુપ્ત, ગુપ્તવંશી બીજો ચંદ્રગુપ્ત, સ્કંદગુપ્ત, માળવાનો યશોધર્મ, સેનાપતિ ભટ્ટાર્ક, કનોજનો હર્ષવર્ધન, પુલકેશિવલ્લભનો પુત્ર વિક્રમ, માળવાનો વૃદ્ધ ભોજ, ચૌલુક્ય

* આ૦ ભદ્રબાહુસ્વામી, આ૦ કાલિકાચાર્ય, આ૦ કક્કસૂરિ, આ૦ સિદ્ધસૂરિ આ૦ ચંદ્રસૂરિ, આ૦ સ્વાતિસૂરિ આ૦ શીલસૂરિ આ૦ હરિભદ્રસૂરિ આ૦ વિજયસિંહસૂરિ, આ૦ અભયદેવસૂરિ, આ૦ હેમચંદ્રસૂરિ, આ૦ ધર્મઘોષસૂરિ, આ૦ મલ્લવાદિજી, રાજા વિક્રમ, રાજા શિલાદિત્ય, રાજા શાલિવાહન, રાજા ખુમાણ, રાજા ભર્તૃભટ્ટ; આ નામવાળા એકથી વધુ ઐતિહાસિક પુરુષો થયા છે અને તેઓની જીવનઘટનાઓમાં ઓછાવત્તા અંશે ભેળસેળ પણ થયેલ છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વિક્રમ કાળ, કલ્યાણપુરનો સોલંકી વિક્રમાદિત્ય અને મોગલરાજ હુમાયુનો વિજેતા હેમુ વગેરે વગેરે.*

આ રાજાઓમાં કોઈ રાજા વિક્રમ પહેલાં થયા છે, કોઈ પછી થયા છે, કોઈ અવન્તી બહારના છે, કોઈ શક છે, અને કોઈ પોતાના જુદા જુદા સંવત્સરના પ્રવર્તક છે. આ રાજાઓમાં માત્ર ૧. તત્કાલીન આંધ્રપતિ, ૨. ગર્દભિલ્લનો વારસદાર અને ૩. બલમિત્ર; એ ત્રણ રાજાઓ એવા છે કે જે વિ. સં. ૧ ના શકવિજેતા હોઈ શકે.

પરંતુ તે સમયનો આંધ્રપતિ તે આંધ્રપતિ છે અવન્તિપતિ નથી, અને વિક્રમસંવતનો પ્રારંભ આંધ્રદેશમાં થયો જ નથી. માટે આંધ્રપતિ તે "સંવત્સરપ્રવર્તક વિક્રમાદિત્ય" નથી. સંભવ છે કે તે કદાચ શકવિજયમાં વિક્રમને મદદગાર હશે.

માળવાનો દર્પણ રાજા તે અસલમાં ભરૂચથી આવી અહીં રાજા બન્યો હતો, તેને ગર્દભીવિદ્યા સિદ્ધ હતી, એટલે લોકો ગર્દભસેન, ગંધર્વસેન કે ગર્દભિલ્લના નામથી ઓળખતા હતા. એ સમયે ભરૂચ એ અવન્તિના તાબાનું કુમારભુક્તિનું શહેર હતું અને ત્યાં અવન્તિનો સૂબો રહેતો હતો. ગર્દભિલ્લના સમયે બલમિત્ર અને ભાનુમિત્ર ભરૂચના રાજા હતા. એમ કાલિકાચાર્યની કથાઓમાં ઉલ્લેખ મળે છે. આનો અર્થ એ જ થાય છે કે બલમિત્ર અને ભાનુમિત્ર ગર્દભીલ રાજાના ઉત્તરાધિકારીઓ વિશ્વાસુ કુટુમ્બીઓ કે સૂબાઓ હશે. ગમે તે હો, પણ તે દર્પણ રાજાની નિકટના સગા હતા. એટલે જ ભરૂચના સૂબા હતા અને આ૦ કાલિકસૂરિના ભાણેજ પણ હતા. પારસકુલનો શાહનશાહી પ્રથમ ભરૂચના રાજા બલમિત્ર ભાનુમિત્રને પોતાના આજ્ઞાધારી બનાવે છે, અને પછી જ ઉજ્જૈન પર ચઢાઈ કરી ગર્દભિલ્લને મારી અવન્તિનો

* વિક્રમાદિત્ય સંબંધી વિશેષ જાણવા ઇચ્છનારે 'જૈન સત્ય પ્રકાશ'નો ક્રમાંક ૧૦૦ વિક્રમ વિશેષાંક અને તેમાં આવેલ અમારા "સમ્રાટ વિક્રમાદિત્ય" અને "મહારાજા વિક્રમાદિત્ય" લેખો વાંચી લેવા.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

રાજા બને છે અને ત્યાર પછી પણ આ બલમિત્ર અવન્તીપતિ બને છે. તેનો સત્તાસમય બરાબર વિક્રમસંવત્ ૧ માં આવે છે. એટલે કે રાજા ગર્દભિલ્લનો વારસદાર કહો કે ભરૂચનો બલમિત્ર કહો તે એક જ વ્યક્તિ છે. તે આ૦ કાલિકસૂરિની કૃપાથી અવન્તીપતિ બને છે, અને વિક્રમાદિત્ય તરીકે ખ્યાતિ પામે છે. સંસ્કૃતભાષામાં તો બલમિત્ર, ભાનુમિત્ર, બલભાનુ અને વિક્રમાદિત્ય એ પર્યાયવાચક નામો જ છે અને એ રીતે પણ ભરૂચપતિ બલમિત્ર એ જ અવન્તીપતિ વિક્રમાદિત્ય છે.

ભારતવર્ષમાં આજ સુધી સો સો વર્ષના શતાબ્દી સંવત ચાલ્યા હતા. અથવા છૂટાછવાયા સંવતો શરૂ થયા હતા અને નાશ પામી ગયા હતા, કિન્તુ કોઈ સર્વમાન્ય સંવત ચાલ્યો ન હતો. જો કે કલિયુગસંવત, બુદ્ધનિર્વાણ અને મહાવીરનિર્વાણ* ચિરંજીવ સંવત્સરો બન્યા છે પરંતુ તે સાંપ્રદાયિક હતા તેથી તેનો ઉપયોગ દરેક કરતા ન હતા.

વીરનિર્વાણ સંવત કા. શુ. ૧ થી પ્રવર્ત્યો છે, એ જ રીતે સમ્રાટ વિક્રમાદિત્યે પણ પોતાનો સંવત વિ. સં. ૧ ના કાર્તિક શુદિ ૧ થી પ્રવર્તાવ્યો છે. કૃતસંવત અને માલવસંવત એ વિક્રમસંવતનાં જ બીજાં સાપેક્ષ નામો છે. આ વિક્રમસંવત આજસુધી ભારતવર્ષમાં પ્રવર્તે છે.

**સંવતવિચારણા:**

વિક્રમસંવત વીરનિર્વાણ પછી કેટલા વર્ષે શરૂ થયો? તેને માટે વિદ્વાનોમાં બે મત છે.

* વીરનિર્વાણ સંવતના શિલાલેખો અને શાસ્ત્રોલ્લેખો મળે છે. જેમકે, ૧. વીરજન્મ સં. ૩૭ નો શિલાલેખ–મુંડસ્થલ, ૨. વીરનિર્વાણ સંવત્ ૨૩ નો શિલાલેખ–ભદ્રેશ્વર, ૩. વીર નિ. સં. ૮૪ નો પ્રતિમાઆસન લેખ (પં. ગૌ. હી ઓઝાકૃત પ્રાચીન લિપિમાલા પૃષ્ઠ.....), ૪. વીર નિર્વાણ સં. ૨૧૪ વગેરે; નિહ્નવકાળ. (આવશ્યકસૂત્ર), ૫. વીર નિ. સં. ૯૮૦ અથવા ૯૯૩ માં આગમવાચના (કલ્પસૂત્ર), સં. ૪૭૦ માં વિક્રમ-સંવત્સરનો પ્રારંભ (વિચારશ્રેણિ) વગેરે વગેરે. વિશેષ માટે 'જુઓ, જૈન સત્યપ્રકાશ' ક્રમાંક ૧૦૦ વિક્રમ વિશેષાંકમાં અમારો "ભારતવર્ષના ભિન્ન સંવતો" નામનો લેખ.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૧. કેટલાએક જૈનાચાર્યો કહે છે કે વીરનિર્વાણ સંવત ૪૧૧ થી વિક્રમસંવત શરૂ થયો છે. તેના આધારપાઠો નીચે પ્રમાણે છે :

(१) एवं च महावीरमुत्तिसमयाओ पंचावन्ने वरिससए।
वुच्छिन्ने नंदवंसे, चंदगुत्तो राया जाओ त्ति ॥ ५२६ ॥

અર્થાત્—વીર સં. ૧૫૫ માં નંદવંશ નાશ પામ્યો અને ચંદ્રગુપ્ત રાજા થયો. (આ૦ શ્રીભદ્રેશ્વરસૂરિકૃત-કથાવલી)

(२) अनन्तरं वर्धमानस्वामिनिर्वाणवासरात्।
गतायां षष्टिवत्सर्यामेष नन्दोऽभवन्नृपः ॥ ६–२४३ ॥
एवं च श्रीमहावीरमुक्तेर्वर्षशते गते।
पञ्चपञ्चाशदधिके, चंद्रगुप्तोऽभवन् नृपः ॥ ८–३३९ ॥

વીરનિર્વાણ સં. ૬૦ માં નન્દ રાજા થયો અને વીર સં. ૧૫૫ માં ચંદ્રગુપ્ત રાજા થયો.

(ક. સ. આ૦ શ્રીહેમચંદ્રસૂરિકૃત, પરિશિષ્ટપર્વ)

૩. પાટલીપુત્રમાં વી. સં. ૩૧ માં ઉદાયી, ૬૦ માં નન્દ, ૧૫૪ માં ચંદ્રગુપ્ત, સં. ૧૮૪ માં બિંદુસાર, ૨૦૯ માં અશોક, ૨૪૦ માં મંત્રીઓ, ૨૪૩ માં પૂર્ણરથ, ૨૮૦ માં વૃદ્ધરથ, ૩૦૪ માં પુષ્યમિત્ર રાજા થયા છે. તેમ જ અવન્તીમાં વીર સં. ૨૪૦ માં સંપ્રતિ, ૨૯૪ માં બલમિત્ર–ભાનુમિત્ર, ૩૫૪ માં નરવાહન, ૩૯૪ માં ગર્દભિલ્લ અને વીરનિર્વાણ સંવત ૪૧૦ માં વિક્રમાદિત્ય રાજા થયા છે. (હિમવંત સ્થવિરાવલી—રાજવંશ)

આ ગણતરી પ્રમાણે વીર સં. ૧૫૫ માં ચંદ્રગુપ્તનો રાજ્યાભિષેક થયો છે અને ત્યાર પછી ૨૫૫ વર્ષ જતાં એટલે સં. ૪૧૧ માં વિક્રમસંવત્ શરૂ થયો છે.

આ રાજાવલીના આધારે આ૦ શ્રીભદ્રબાહુસ્વામી અને મૌર્ય સમ્રાટ ચંદ્રગુપ્ત, શૂન્યવાદી નિહ્નવ અશ્વમિત્ર અને રાજા અશોક, આ૦ મહાગિરિજી અને સમ્રાટ સંપ્રતિ, તથા આ૦ કાલકસૂરિ (ચોથા કાલિકાચાર્ય) અને વલભીપતિ ધ્રુવસેનની સમકાલીનતા

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**બરાબર સાધી શકાય છે. વળી, યુગપ્રધાનોની ઘટનાઓમાં ૪૧૦ વર્ષનું આંતરું જ વધુ મેળ આપે છે. એટલે કે વિક્રમની પહેલી સહસ્રાબ્દી સુધીની ઐતિહાસિક ઘટનાઓમાં આ ગણતરી વધારે ઉપકારક નીવડે તેમ છે. અહીં નંદવંશના ૧૫૫ ને બદલે માત્ર ૯૫ વર્ષ બતાવ્યાં છે એ ૬૦ વર્ષનો ફરક પડવાથી વિક્રમસંવતનો પ્રારંભ વીર સં. ૪૧૧ માં આવે છે.×**

**૨. કેટલાએક આચાર્યો માને છે કે–વીરનિર્વાણ સંવત**

× નંદવંશના વર્ષ ૯૫ અને વીર સં. ૧૫૫ માં રાજ્યાભિષેક. આ આ વાતને પુરાણો, બૌદ્ધગ્રંથો અને અંગ્રેજ વિદ્વાનો પણ વધુ ટેકો આપે છે: જેના થોડાક નમૂનાઓ :—

૧. **भुक्त्वा महीं वर्षशतं, ततो मौर्यान् गमिष्यति ॥ २२ ॥**
નંદો ૧૦૦ વર્ષો સુધી પૃથ્વી ભોગવશે અને પછી **મૌર્ય** રાજાઓ થશે.
( મત્સ્યપુરાણ, અધ્યાય ૨૭૧, શ્લોક ૨૨ )

૨. **भुक्त्वा महीं वर्षशतं, नन्देन्द्रः स गमिष्यति ॥ ३३० ॥**
**चन्द्रगुप्तं नृपं राज्ये, कौटिल्यः स्थापयिष्यति ॥ ३३१ ॥**

નન્દો પૃથ્વીને ૧૦૦ વર્ષ પર્યન્ત ભોગવી નાશ પામશે અને પછી ચાણક્ય ચંદ્રગુપ્તને રાજ્ય ગાદીએ બેસાડશે.
( વાયુપુરાણ અધ્યાય ૯૯, શ્લો. ૩૩૦—૩૩૧ )

૩. રાજગૃહીનો રાજવંશ—

**અજાતશત્રુ** વર્ષ ૩૨, ઉદાયી વર્ષ ૧૬, અનુરુદ્ધ મુંડ વર્ષ ૮, નાગદાસ વર્ષ ૨૪, સુસુનાગ વર્ષ ૧૮, કાલાશોક વર્ષ ૨૮, તેના પુત્રો વર્ષ ૨૨, નવનન્દ વર્ષ ૨૨, **ચંદ્રગુપ્ત** વર્ષ ૨૪, બિંદુસાર વર્ષ ૨૮, અનભિષિક્ત **અશોક** વર્ષ ૪. આ પ્રમાણે અનુક્રમે રાજાઓ થયા છે. આ હિસાબે બુદ્ધ કે શ્રેણિક પછી ૧૭૦ વર્ષો જતાં ચંદ્રગુપ્તનો રાજ્યાભિષેક આવે છે. (બૌદ્ધ-મહાવંશ કાવ્ય પરિચ્છેદ ૪, શ્લોક ૧ થી ૮ પરિચ્છેદ પાંચમો, શ્લોક ૧૪થી૨૨)

૪. પ્રો. હર્મન જેકોબી તથા જાર્લ શાર્પેન્ટિયર વગેરે માને છે કે વીર સં. ૧૫૫ માં ચંદ્રગુપ્તનો **રાજ્યાભિષેક** અને ત્યાર પછી ૨૫૫ વર્ષે **વિક્રમ** એમ વીરસંવત અને વિક્રમસંવતની વચ્ચે ૪૭૦ ને બદલે (પાલકનાં ૬૦ વર્ષ ન લેતાં) ૪૧૦ વર્ષનું આંતરું માનવું જોઈએ.
( ઈંડિયન એન્ટિકવેરી જુન, જુલાઈ, ઓગષ્ટ સને ૧૯૧૪)

www.jainsite.com  For Private & Personal Use Only  info@jainsite.com

૪૭૧ થી વિક્રમસંવત શરૂ થયો છે. તેના આધાર પાઠો નીચે પ્રમાણે છે:

> जं रयणिं कालगओ, अरिहा तित्थंकरो महावीरो ।
> तं रयणीं अवन्तीवई, अहिसित्तो पालगो राया ॥ १ ॥
>
> सट्ठी पालगरन्नो, पणपन्नसयं तु होई नंदाणं ।
> अट्ठसयं मुरियाणं, तीस च्चिय पुस्समित्तस्स ॥ २ ॥
>
> बलमित्तभाणुमित्ताणं, सट्ठिवरिसाणि चत्त नरवहणे ।
> तह गद्दभिल्लरज्जं, तेरसवासे सगस्स चऊ ॥ ३ ॥
>
> विक्कमरज्जाणंतर, सत्तरसवासेहिं वच्छरपवित्ती ।
> सेसं पणतीससय, विक्कमकालम्मि य पविट्ठं ॥ ४ ॥
>
> विक्कमरज्जारंभा, परओ सिरिवीरनिव्वुई भणिया ।
> सुन्न-मुणि-वेयजुत्तो, विक्कमकालाओ जिणकालो ॥ ५ ॥
>
> श्रीवीरनिर्वृतेर्वर्षैः, षड्भिः पञ्चोत्तरैः शतैः ।
> शाकसंवत्सरस्यैषा, प्रवृत्तिर्भरतेऽभवत् ॥ ६ ॥

जैन साइट JAINSITE .com

અ૦ શ્રીમહાવીરસ્વામી નિર્વાણ પામ્યા તે જ રાત્રે પાલક અવન્તીનો રાજા બન્યો. પાલકવર્ષ ૬૦, નંદવર્ષ ૧૫૫, મૌર્યવર્ષ ૧૦૮, પુષ્યમિત્ર વર્ષ ૩૦, બલમિત્ર-ભાનુમિત્ર વર્ષ ૬૦, નભસેન વર્ષ ૪૦, ગર્દભિલ્લ વર્ષ ૧૩ અને શક વર્ષ ૪, એમ કુલ ૪૭૦ વર્ષો જતાં વિક્રમ રાજા થયો. ગર્દભિલ્લનાં ૧૭ વર્ષ જતાં વિક્રમ સંવત પ્રવર્ત્યો. વિક્રમવંશનાં ૧૩૫ વર્ષ ઉમેરીએ એટલે ગર્દભિલ્લ વંશનાં ૧૫૨ વર્ષ થાય છે. વીર સં. ૬૦૫ પછી ભારતમાં શક-સંવત પ્રવર્ત્યો છે.

---

૫. ઈ.સ. પૂર્વે ૩૨૫માં સિકંદરે ભારત પર આક્રમણ કર્યું અને ઈ. સ. પૂર્વે ૩૨૨ માં ચંદ્રગુપ્ત મગધના સિંહાસને આવ્યો.

ई. पूर्व ३२५ में सिकंदरने भारत पर आक्रमण किया और ईस्वी. पूर्व ३२२ में चन्द्रगुप्त मगधके सिंहासन पर बैठा। ये दो तिथियां भारतके प्राचीन इतिहासमें निश्चित समझ ली गई।

(મૌર્ય સામ્રાજ્યકા ઇતિહાસ. પૃ. ૩૬)

અસલમાં આ ગાથાઓ ક્યાંની છે? તે કોઈ જાણતું નથી. કિન્તુ આ૦ મેરુતુંગસૂરિકૃત 'વિચારશ્રેણિ' અને મહો૦ ધર્મસાગરજી 'તપગચ્છ પટ્ટાવલી' વગેરેમાં અવતરણરૂપે આ ગાથાઓ મળે છે. 'શ્રીદુસ્સમકાલસમણસંઘથય' અને 'તીર્થકલ્પ' વગેરે ઘણા ગ્રંથોમાં ઉપર પ્રમાણે જ રાજાવલી આપી છે.* દિગંબર વિદ્વાનો તો વીર સં. ૪૭૧ માં જ વિક્રમસંવત ૧ માને છે, અને ક. સ. આ હેમચંદ્રસૂરિજી પણ ગુર્જરેશ્વર કુમારપાળનાં રાજ્યારોહણની સાલ બતાવતાં વીર સં. ૪૭૧માં જ વિક્રમસંવત શરૂ થયાનું બતાવે છે. ત્યાર પછીના દરેક ગ્રંથો, શિલાલેખો અને ઐતિહાસિક ઘટનાઓમાં વીર સંવત અને વિક્રમસંવતની વચ્ચે ૪૭૦ વર્ષનું આંતરું માનીને જ સંવત લખાયેલ છે. એટલે વિક્રમની બીજી સહસ્રાબ્દીની ઐતિહાસિક ઘટનાઓમાં તો વીરસંવત ૪૭૧ માં વિક્રમસંવતનો પ્રારંભ, આ ગણતરી જ વધારે ઉપકારક નીવડે તેમ છે.

અમે પણ આ ગ્રંથમાં ઐતિહાસિક સંકલનામાં ગડબડ ન થાય, એટલા ખાતર પાછલી ઘટનાઓમાં વીર સં. ૪૭૧ થી શરૂ થતા વિક્રમસંવતનો જ ઉપયોગ કર્યો છે.

બલમિત્ર વિક્રમાદિત્ય થયો છે તે જ શકો પછી અવન્તીપતિ બન્યો. તેણે જ વીરનિર્વાણ સં. ૪૧૧ (અથવા ૪૭૧)થી વિક્રમસંવત પ્રવર્તાવ્યો છે, એ નિર્વિવાદ વસ્તુ છે.

---

* 'તિત્થોગાલીપયન્ના'માં વીરસંવત ૬૦૫ સુધી ગાથાબદ્ધ રાજાવલી આપી છે. જેમાં રાજાઓ અને સાલવારીમાં ફેરફાર છે. વિક્રમસંવત માટે તેમાં કંઈ પણ સૂચન નથી. પૂ. પં. મ. શ્રીકલ્યાણવિજયજી મહારાજ તેના આધારે જણાવે છે કે—પાલકનાં ૬૦, નંદોનાં ૧૫૦, મૌર્યોનાં ૧૬૦, પુષ્યમિત્રનાં ૩૫, બલમિત્ર–ભાનુમિત્રનાં ૬૦, એ ૪૬૫ વર્ષો થયાં. નભસેનનાં પાંચ વર્ષ જતાં વિક્રમસંવત પ્રવર્ત્યો, નભસેનમાં ૪૦, ગર્દભનાં ૧૦૦; એમ કુલ ૬૦૫ વર્ષો જતાં શક સંવત પ્રવર્ત્યો.

(વીરનિર્વાણસંવત ઔર જૈન કાળગણના, પૃષ્ઠ ૩૦થી ૬૦)

આ ગણતરી પ્રમાણે આ. ભદ્રબાહુસ્વામી, આ. મહાગિરિજી અને આ. કાલિકાચાર્યના સમકાલીન રાજા ચંદ્રગુપ્ત વગેરેનો સત્તાસમય જુદો

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## સમ્રાટ શાલિવાહન

**પટણામાં શુંગવંશી રાજાઓ નબળા બન્યા, કુશાનો મથુરાને મજબૂત બનાવવા મંડી પડયા હતા. કલિંગમાં પણ ભીખુરાય પછીના કલિંગરાજો વધુ તેજદાર ન હોતા. આંધ્રો કૂચકદમ કરતા આગે વધતા હતા. એવા વાતાવરણમાં માળવામાં મોટો ઝંઝાવાત આવી ગયો. ઈરાનના શાહીઓ દલબલ સાથે ગર્દભિલ્લ ઉપર ત્રાટકયા અને તેઓએ ઉજ્જૈન પોતાને હસ્તગત કર્યું. એક દશકો જતાં જ ત્યાં સમ્રાટ વિક્રમાદિત્યનો ઉદય થયો અને માળવાએ સ્વતંત્રતાનો વાવટો ફરકાવ્યો.**

**આ તરફ આંધ્ર રાજાઓ પણ દક્ષિણમાં પોતાની સત્તાને મજબૂત બનાવી ઉત્તર તરફ આગળ વધવા લાગ્યા. આંધ્રપતિ શાલિવાહન પણ તે સમયે સમર્થ રાજા હતો, જેના પાછળના વંશજોએ માળવાની સરહદ સુધીનો પ્રદેશ જીતી માળવરાજ સાથે સંધિ કરી મૈત્રી સ્થાપી હતી.**

---

પડી જાય છે. જો કે પંન્યાસજી મહારાજે આ. મહાગિરિજીના સ્વર્ગગમન વર્ષમાં સંસ્કાર આપ્યો છે. (પૃષ્ઠ ૬૪) પણ તે સાવ નિષ્ફળ નીવડયો છે. અંતે તેમણે એ જાહેર કર્યું છે કે આ. મહાગિરિજી અને સમ્રાટ સંપ્રતિ એકકાલીન નથી. (પૃષ્ઠ ૮૯) આ જાહેરાત **નિશીથચૂર્ણિ** વગેરેના ઐતિહાસિક નિરુપણની વિરુદ્ધમાં જાય છે.

પૂ. પં. મ. શ્રીકલ્યાણવિજયજી મહારાજે 'દુષ્ષમગંડિકા' અને 'યુગપ્રધાન ગંડિકા'ના સારમાંથી બીજી એક **રાજાવલી** આપી છે. પાલકનાં ૨૦, નંદોનાં ૧૫૮, મૌર્યોનાં ૧૦૮, પુષ્યમિત્રનાં ૩૦, બલમિત્ર–ભાનુમિત્રનાં ૬૦, દધિવાહનનાં ૪૦, ગર્દભિલ્લોનાં ૪૪, શકોનાં ૫૦, વિક્રમનાં ૯૭, શૂન્ય વંશનાં ૩૮; એમ ૬૦૫ વર્ષમાં **શકસંવત** પ્રવર્ત્યો. આ ગણતરી બીજી ગણતરીઓથી તદ્દન જુદી જ છે.

(વીરનિર્વાણસંવત ઔર જૈન કાળગણના પૃષ્ઠ ૩૧).

પ્રસિદ્ધ ઇતિહાસવેદી સંશોધક ડૉ. ત્રિભુવનદાસ લહેરચંદ રાજાવલીને વ્યવસ્થિત કરતાં જણાવે છે કે પાલકનાં વર્ષ ૬૦, નંદોનાં વર્ષ ૯૫, (અથવા ૧૦૦), મૌર્યોનાં વર્ષ ૧૭૮, (ચં. ૨૩॥ + બિં૦ ૨૭॥, + અ.

www.jainsite.com　For Private & Personal Use Only　info@jainsite.com

ભા. શુ. ૪ની સંવત્સરી થવાનાં કારણે આ૦ કાલિકસૂરિ અને સમ્રાટ શાલિવાહન અમર થઈ ગયા છે.

"સમ્રાટ શાલિવાહન જૈન હતો. તેણે જ આચાર્યમહારાજને વિનતિ કરી પ્રતિષ્ઠાનપુરમાં ચોમાસુ રાખ્યા હતા. તે, તેની રાણીઓ અને ઉપાસકો અમાસે પોષધ કરતા હતા. બીજ ત્રીજ તથા ચોથનો અઠ્ઠમ કરતા હતા અને સંવત્સરીપર્વની આરાધના કરતા હતા." ઈત્યાદિ બીનાઓ ચૂર્ણિઓમાં સ્પષ્ટપણે લખી છે. (જુઓ પૃ. ૨૨૭)

આ ઘટના વિક્રમસંવત ૧ પહેલાંની છે.

આ૦ મેરુતુંગસૂરિ લખે છે કે શાલિવાહનને જાતિસ્મરણ જ્ઞાન થયું હતું અને તે મહાદાનેશ્વરી રાજા હતો.

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

---

૪૧ાા + સં. ૫૩ાા + અન્ય ૩૨) પુષ્યમિત્રનાં વર્ષ ૩૮, શુંગોનાં વર્ષ ૯૦, ગંધર્વસેનનાં વર્ષ ૧૦; એમ કુલ ૪૭૦ વર્ષે વિક્રમાદિત્ય થયો છે. (પ્રાચીન ભારતવંશ ભા. ૧ થી ૪

www.jainsite.com   For Private & Personal Use Only   info@jainsite.com

## પ્રકરણ બારમું

## આ૦ સિંહગિરિસૂરિજી

આ આચાર્યનું જીવનચરિત્ર મળતું નથી. તેમને મુખ્ય ચાર શિષ્યો હતા.

૧. સ્થ૦ આર્યસમિત—જેનાથી બ્રહ્મદ્વીપિકા શાખા નીકળી છે. (વીર નિ. સં. ૫૮૪)

૨. સ્થ૦ આર્યધનગિરિ—જે આર્ય વજ્રસ્વામીના પિતા છે.

૩. સ્થ૦ આર્યવજ્રસ્વામી—જેઓ પટ્ટધર હતા. તેમનાથી વીર સં. ૫૮ માં વજ્ર નામની શાખા નીકળી છે. અત્યારે જે જે જૈન સાધુ છે. તે હરેક આ શાખાના જ શ્રમણ છે.

૪. સ્થ૦ આર્ય અર્હદ્દત્ત—

આ૦ સિંહગિરિજી જાતિસ્મરણ જ્ઞાનવાળા હતા,

'ખુશાલ પટ્ટાવલી'માં ઉલ્લેખ છે કે તેમનું વીર સં. ૫૪૭ માં સ્વર્ગગમન થયું.

આ અરસામાં આ૦ મંગુસૂરિ આ૦ તોષલીપુત્ર, યુગપ્રધાન આ૦ ભદ્રગુપ્તસૂરિજી, યુ. આ૦ શ્રીગુપ્તસૂરિ, આ૦ સમિતસૂરિ વગેરે પ્રભાવક આચાર્યો થયા છે.

આ૦ મંગુસૂરિ— તેમનો પરિચય વાચકવંશપરંપરામાં આવેલ છે. (જુઓ પૃષ્ઠ ૧૮૩)

આ૦ તોષલીપુત્ર—તેઓ તે સમયના સમર્થ જ્ઞાની હતા. તેમણે મંદસોરના વિપ્ર રક્ષિતને જૈન દીક્ષા આપી હતી, જે દીક્ષા ભ૦ મહાવીરસ્વામીના શાસનમાં પ્રથમ શિષ્યનિષ્ફેટિકા તરીકે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પ્રસિદ્ધ છે અને એ રક્ષિત મુનિ પણ આચાર્ય બન્યા છે, યુગ-પ્રધાન છે, મહાજ્ઞાની થયા છે, અને ચાર અનુયોગના વિભાજક તરીકે પ્રસિદ્ધિ પામ્યા છે.

આ૦ ભદ્રગુપ્તસૂરિ—તેઓનો વીર સં. ૪૨૮ માં જન્મ, સં ૪૪૯ માં દીક્ષા, સં૦ ૪૯૪ માં યુગપ્રધાનપદ અને સં. ૫૩૩ માં ૧૦૫ વર્ષની ઉંમરે સ્વર્ગગમન થયાં છે. તેઓ આર્ય વજ્રસ્વામીના દૃષ્ટિવાદના વિદ્યાગુરુ છે. આ૦ રક્ષિતસૂરિજીએ તેમને અંતિમ નિર્યામણા કરાવી હતી, જે વસ્તુ ઇતિહાસપ્રસિદ્ધ છે.

આ૦ શ્રીગુપ્તસૂરિ—તેમનાં વીર સં. ૪૪૯ માં જન્મ, સં. ૪૮૩ માં દીક્ષા, સં. ૫૩૩ માં યુગપ્રધાનપદ અને સં. ૫૪૮ માં સ્વર્ગગમન થયેલ છે. તેમણે રોહગુપ્ત મુનિને શ્રુતજ્ઞાન આપ્યું હતું, મંત્રવિદ્યાઓ પણ આપી હતી અને અંતરંજિકામાં પરિવ્રાજક સાથેના શાસ્ત્રાર્થમાં જયવાદ પ્રાપ્ત કરાવ્યો હતો પરંતુ એ જ રોહગુપ્ત અંતે અભિમાનમાં ચકચૂર બની નિહ્નવ બને છે અને 'ત્રૈરાશિકમત' ચલાવે છે.

JAINSITE .com
જૈનમ્ જયતિ શાસનમ્

## આ૦ સમિતસૂરિજી:

આ આચાર્ય આર્ય સિંહગિરિસૂરિજીના શિષ્ય છે. તેમજ આર્ય વજ્રસ્વામીના મામા થાય છે. તેમનું જન્મસ્થાન તુંબવન ગ્રામ, તેમના પિતાનું નામ ધનપાલ, માતાનું નામ મળતું નથી. તેઓ ગોત્રે ગોતમ, અને જ્ઞાતિએ વૈશ્ય હતા. તેમને એક સુનંદા નામે બહેન હતી. ધનગિરિને અને આર્ય સમિતને બહુ જ મૈત્રી હતી, ધનપાલે જ આગ્રહ કરીને પોતાની પુત્રી સુનંદાને ધનગિરિની સાથે પરણાવી હતી. આ બાજુ આર્ય સમિતે આ૦ સિંહગિરિ પાસે જઈને દીક્ષા લીધી.

આર્ય સમિતે દીક્ષા લીધા પછી ગુરુચરણે બેસી સુંદર શાસ્ત્રાભ્યાસ કર્યો. તેઓ મંત્રવિદ્યામાં પણ કુશલ થયા. ગુરુએ તેમને આચાર્ય પદવી આપી.

૩૫

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આભીર દેશમાં અચલપુર ગામ હતું. અહીં નજીકમાં કન્ના (કૃષ્ણા) અને પૂર્ણા નદીના મધ્ય બેટમાં તપસ્વીઓનો એક આશ્રમ હતો, જેમાં પાંચસો તપસ્વીઓ રહેતા હતા. આમાંથી એક તપસ્વીને, નગરવાસી જનતાને ચમત્કાર બતાવી, પોતાનો મહિમા વધારવાનું મન થયું. તે રોજ પગે લેપ કરી બન્ને નદીઓમાં અદ્ધર તરીને અચલપુર આવતો. ભક્તોને ત્યાં ભોજન જમતો અને પૂજાસત્કાર સન્માન લઈ પાછો એવી જ રીતે તરીને આશ્રમમાં ચાલ્યો જતો. નગરમાં ચારે બાજુ તપસ્વીની પ્રશંસા થવા માંડી; ત્યાં સુધી કે આજે દુનિયાના પટ ઉપર આવો તપસ્વી અને ચમત્કારી બીજો કોઈ મહાત્મા નથી, આમનો જ મત સાચો છે; વગેરે વાતો થવા માંડી. ઢીલા મનના શ્રાવકો પણ આ ચમત્કાર જોઈ ઢીલા પડવા લાગ્યા.

એવામાં આર્ય સમિતસૂરિજી વિહાર કરતા અચલપુર આવ્યા. જૈનોએ પણ નગરચર્ચા સાંભળી સૂરિજી પાસે જઈ વિનતિ કરી કે, પ્રભો! આપણા શાસનમાં અત્યારે કોઈ આવા ચમત્કારી આચાર્ય છે ખરા?

JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

સૂરિજી બોલ્યા:—મહાનુભાવો! આમાં તે શો ચમત્કાર છે? આર્ય ખપુટ જેવા અને મહેન્દ્રસૂરિજી જેવા ઘણાયે સૂરિપુંગવો મહાવિદ્યાના ભંડાર છે. અરે! અમારા બાલમુનિ વજ્ર પણ વિદ્યાના ભંડાર છે.

શ્રાવકો બોલ્યા:—પ્રભો! આ તાપસના ચમત્કાર સામે કંઈક વિદ્યા બતાવો.

સૂરિજી બોલ્યા:—મહાનુભાવો! આ તો એક વિજ્ઞાનકળા માત્ર જ છે. છતાંયે તમારે કંઈક જોવું જ હોય તો સાંભળો! તમો આ તપસ્વીને તમારે ત્યાં જમવા બોલાવજો, ગરમ પાણીથી ખૂબ ચોળી ચોળીને એના પગનાં તળિયાં ધોઈ નાખજો. પગે લગાડેલો લેપ ધોવાઈ જાય પછી તેને જમાડીને પાછો મોકલજો, એમ કરતાં તરવાને બદલે ડૂબવા માંડશે, એ પછી આગળનું જોઈ લેવાશે.

બીજે દિવસે શ્રાવકોએ ચમત્કારી તપસ્વીને બહુ જ આગ્રહથી

પોતાને ત્યાં જમવા નિમંત્ર્યા, તપસ્વીઓને પણ આશ્ચર્ય થયું કે આ જૈનો આપણો ધર્મ ન માને છતાં જમવાનું નિમંત્રણ આપે છે!

તપસ્વી આવ્યો, આખું ગામ જોવા ઊલટયું. જૈનોએ જમતાં પહેલાં જ તપસ્વીના પગ ધોઈ લેપ ઉખાડી નાખ્યો. તપસ્વીજી દુઃખના માર્યા પરાણે જમ્યા અને નદી કાંઠે આવ્યા. તેણે નદીમાં પગ મૂકયો કે પગ નીચે બેઠા છતાંય તે આગળ વધ્યા અને ડૂબવા લાગ્યા. જનતાએ આ જોઈ તાળિયો પાડી. આ વખતે જ આર્ય સમિતસૂરિજી ત્યાં હાજર થયા. તેમણે શ્રાવક પાસે નદીમાં વાસક્ષેપ નંખાવ્યો અને કહ્યું કે કન્ના અને પૂણ્ણા! મને રસ્તો આપો, મારે સામે કાંઠે જવું છે. બસ, તરત જ બન્ને નદીઓ સંકોચાઈ ગઈ અને રસ્તો થઈ ગયો. સૂરિજી તે તપસ્વીને લઈ તાપસોના આશ્રમમાં ગયા. તપસ્વીઓ પણ સૂરિજીનો અદ્ભુત ચમત્કાર જોઈ દિઙ્મૂઢ થઈ ગયા.

સૂરિજીએ ઉપદેશ આપી જણાવ્યું, આવા ચમત્કારો તો સામાન્ય છે. આત્માની શકિતઓ અનંત છે, માટે આ બધો બ્રાહ્માડંબર મૂકી દઈ આત્મકલ્યાણના માર્ગે વળો. તપસ્વીઓ આ સાંભળી સત્ય સમજ્યા અને આશ્રમનો ત્યાગ કરી સૂરિજીના શિષ્ય બન્યા. ત્યારથી તેમની બ્રહ્મદ્વીપિકા શાખા નીકળી છે.

આ ઘટના મેરઠ જિલ્લામાં કૃષ્ણા અને હિંડોન નદીની વચ્ચે બરનાવાના ટાપૂમાં બની છે. આબુની પાસે વરમાણ ગામથી એક બ્રહ્માણગચ્છ નીકળ્યો છે. તેને બ્રહ્મદ્વીપિકા શાખા સાથે પૂર્વનો સંબંધ છે કે નહીં તેની કોઈ ઐતિહાસિક કડી મળતી નથી. માત્ર સં. ૧૯૮૯ની પં. 'ખુશાલ પટ્ટાવલી'માં ઉલ્લેખ છે કે આર્ય સમિતસૂરિથી બ્રહ્મદ્વીપિકા શાખા નીકળી, જે પાછળથી બ્રહ્માણગચ્છ તરીકે પ્રસિદ્ધ થયેલ છે.

**છઠ્ઠો નિહ્નવ રોહગુપ્ત:**

વીર સં. ૫૪૪માં રોહગુપ્ત છઠ્ઠો નિહ્નવ થયો.

'શ્રીકલ્પસૂત્ર'માં આ૦ મહાગિરિજીના ૮ શિષ્યો બતાવ્યા

www.jainsite.com		For Private & Personal Use Only		info@jainsite.com

છે, જેમાં આઠમો શિષ્ય ષડુલૂક રોહગુપ્ત છે. રોહગુપ્તનો સમય જોઈએ તો તે આચાર્ય મહાગિરિની શિષ્યપરંપરામાં આઠમી પેઢીએ થયેલ શિષ્ય હોય, એ વધારે બંધબેસતી વસ્તુ છે અને એ રીતે શિષ્ય–સંતાનપરંપરા માની લઈએ તો ષડુલૂક રોહગુપ્ત તે અનુક્રમે ૮. આ૦ મહાગિરિજી, ૯. સ્થ૦ ઉત્તર, ૧૦. સ્થ૦ બલિસ્સહ, ૧૧. સ્થ૦ ધનાઢ્ય, ૧૨. સ્થ૦ શ્રીઆઢ્ય, ૧૩. સ્થ૦ શ્રીકૌંડિન્ય, ૧૪. સ્થ૦ નાગ, ૧૫. સ્થ૦ નાગમિત્રનો દીક્ષાશિષ્ય અને વાચનાચાર્ય યુગપ્રધાન શ્રીગુપ્તસૂરિનો જ્ઞાનશિષ્ય હતો.

તેણે અંતરંજિયા નગરીમાં આવતા એક પરિવ્રાજકે કરાવેલ શાસ્ત્રાર્થની ઉદ્‌ઘોષણાનો સ્વીકાર કરી લીધો અને મુકરર દિવસે આ૦ ગુપ્તસૂરિ પાસેથી વિવિધ વિદ્યાઓ તથા મંત્રેલું રજોહરણ લઈ રાજાની રાજસભામાં આવી પરિવ્રાજક સાથે વાદ માંડ્યો. પરિવ્રાજકે પૂર્વ પક્ષ સ્થાપવામાં જ વાદનો માર્ગ બદલી નાખ્યો, અને જૈન દર્શન સમ્મત જીવ, અજીવ; એમ બે રાશિની સ્થાપના કરી. રોહગુપ્ત પણ પરિવ્રાજકની ચાલાકી સમજી ગયો એટલે તેણે તેને હરાવવા ખાતર જ અવળી ચાલે ચાલી, જીવ અજીવ અને નોજીવ એમ ત્રણ રાશિનો પક્ષ સ્થાપી, પરિવ્રાજકને ભોંઠો પાડ્યો.

હવે પરિવ્રાજકે ૧. વીંછી, ૨. સાપ, ૩. ઉંદર, ૪. હરણી, ૫. ભૂંડ, ૬. કાગડો, અને ૭. સમળી વગેરે બનાવી રોહગુપ્ત ઉપર છોડ્યા, મુનિ રોહગુપ્તે પણ ૧. મોર, ૨. નોળિયો, ૩. બિલાડો, ૪. વાઘ, ૫. સિંહ, ૬. ઘુવડ, અને ૭. બાજ વગેરે મોકલી વીંછી વગેરેને ભગાડી મૂક્યા. છેવટે પરિવ્રાજકે ગર્દભી વિદ્યા છોડી અને રોહગુપ્તે તેને પણ રજોહરણથી વશ કરી લીધી. બસ, પરિવ્રાજક હાર્યો અને રોહગુપ્તે જયપતાકા મેળવી, જૈન દર્શનની પ્રભાવના કરી અને વાજાં ગાજાના આડંબર સાથે આ૦ શ્રીગુપ્ત પાસે આવી વંદન કર્યું આચાર્યશ્રીએ તેને કહ્યું કે, મહાનુભાવ! તમે જૈન શાસનની પ્રભાવના કરી તે સારું કર્યું પરંતુ ત્રણ રાશિની સ્થાપના કરી તે જિનાજ્ઞાથી વિરુદ્ધ છે. માટે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

રાજસભામાં જઈ "મિચ્છામિ દુક્કડં" આપી સાચેસાચું જણાવી દો. રોહગુપ્તે અભિમાનમાં આવી ગુરુની વાત માની નહિ અને પોતાનો નવો ત્રૈરાશિકમત ચલાવ્યો તેના મતમાં દ્રવ્યાસ્તિક, પર્યાયાસ્તિક અને ઉભયાસ્તિક એમ ત્રણ નય હતા. આ ત્રણ માનવામાં આજીવકો પણ સામેલ હતા. એટલે આજીવકો અને ત્રૈરાશિકો દૃષ્ટિનાં સાતે પરિકર્મોને તથા દૃષ્ટિવાદના અછિન્નછેદ નયથી અને ઉક્ત ત્રણે નયોથી નિષ્પન્ન થતા ૪૪ સૂત્રભેદને માનતા હતા. એમ **નંદીસૂત્રમાં** ઉલ્લેખ છે. આ મત કંઈક વૈશેષિક મતને અનુકૂળ બની ગયો હતો અને છેવટે દિગંબર મતમાં ભળી ગયો હતો. ભટ્ટારક આચાર્ય અકલંકે દિગંબર સંઘોની વ્યવસ્થા કરી ત્યારથી તે કુંદકુંદાન્વયમાં સામેલ મનાતો હોય એમ લાગે છે. ઘણો સમય ગયા પછી આ પરંપરામાં ત્રૈરાશિક આચાર્ય પદ્મનંદી થયા છે. તે માટે 'પુણ્યાશ્રવકથાકોષ'ની પ્રશસ્તિમાં લખ્યું છે કે—

> कुन्दकुन्दान्वये ख्याते, ख्यातो देशिगणाग्रणीः ।
> बभौ संघाधिपः श्रीमान्, पद्मनन्दी त्रिराशिकः ॥४॥

આ પ્રશસ્તિ પ્રમાણે અનુક્રમે કેશવનન્દી (શ્લો૦ ૧), પદ્મનંદી (૪), માધવનંદી (૫), વસુનન્દી (૬), મૌલિનન્દી (૭) અને નન્દિસૂરિ (શ્લો૦ ૮) થયા છે. તથા આ૦ કેશવનન્દી શિષ્ય વાદીભસિંહના શિષ્ય મુમુક્ષુ **રામચંદ્રે** ૪૫૦૦ શ્લોકપ્રમાણ 'પુણ્યાશ્રવ-કથાકોષ' રચ્યો છે.

ત્યાર પછી ત્રૈરાશિકમતની પરંપરાનો કંઈ ઉલ્લેખ મળતો નથી.

### ઈસાઈ મત (ક્રિશ્ચિયનધર્મ):

આ૦ સિંહગિરિસૂરિજીના સમયમાં ઈસાઈ મતનો આદિ પ્રવર્તક **ઈસામસીહ** ભારતવર્ષમાં આવ્યો હતો અને તેણે જૈન ધર્મનું અધ્યયન કરી તેની ખૂબીઓ પોતાના નવા મતમાં દાખલ કરી હતી.

'ઇંજીલ'માં લખ્યું છે કે, "તે મુદત દરમિયાન ઈસુનું જ્ઞાન

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વધવા લાગ્યું. તથા તેનો આત્મા બલવંત થવા લાગ્યો." એટલે ઈસામસીહે ૧૩ થી ૩૦ વર્ષ સુધી જ્ઞાન મેળવ્યું અને આત્માનો વિકાસ સાધ્યો.

રશિયાનો યાત્રિક મોં૦ નિકોલસ નોટોવિશે સંપાદિત "અન્નોન લાઇફ ઓફ જીસીસ ક્રાઇસ્ટ (જીસીસ ક્રાઇસ્ટનું અજ્ઞાત જીવન)"માં લખ્યું છે કે "ઈસામસીહ ૧૩ વર્ષની ઉંમરે વિવાહ ન કરતા વેપારીના કાફલા જોડે ચૂપચૂપ સિંધમાં નાસી ગયો, ત્યાંથી તે કાશી ગયો. તેને વૈશ્યો અને શુદ્રોનો સહવાસ બહુ ગમતો હતો. ત્યાં તેણે ૬ વર્ષ સુધી ધર્મજ્ઞાન મેળવ્યું. પછી કપિલવસ્તુમાં જઈ બૌદ્ધ-મતનું જ્ઞાન મેળવ્યું; એમ ૧૨ વર્ષ હિંદમાં રહી તે ઈરાન ગયો અને ત્યાંથી ધર્મોપદેશ કરતો કરતો ૩૦ વર્ષની ઉંમરે જેરૂસલેમ જઈ પહોંચ્યો."

આ સમયે જેરૂસલેમમાં એક સમાધિવાદી ગુપ્તમંડળ હતું, જેની સ્થાપના ઈસુના જન્મ પહેલાં મેકેમીયાના સમયમાં થઈ હતી. અનેક દેશોના મુખ્ય શહેરોમાં શાખાઓ સ્થપાઈ ચૂકી હતી. આ મંડળના સભાસદો ચાર શ્રેણીમાં વિભક્ત હતા. પહેલી શ્રેણીમાં આજન્મ બ્રહ્મચર્યની પ્રતિજ્ઞા લેનાર બાળકને જ દાખલ કરવામાં આવતો હતો. આ નવો સભ્ય ઈસીન તરીકે ઓળખાતો હતો. તેને ૩ વર્ષની આચારવિચારની તાલીમ આપી, પરીક્ષા લઈને મંડળમાં દાખલ કરતા હતા. નવા સભ્યને વૈદક આરોગ્યજ્ઞાન અને ખનીજજ્ઞાનનું અધ્યયન અનિવાર્ય મનાતું હતું. યોગ્ય થયા પછી સભાસદને મંડળના ગુપ્તભેદો બતાવવામાં આવતા હતા. ઉચ્ચશ્રેણીનો સભાસદ ઇસીર તરીકે ઓળખાતો હતો. ઇસીરો સંપૂર્ણતઃ શુદ્ધ અને પવિત્ર જીવન ગાળતા હતા.

'ધી ક્રૂસી ફીકેશન બાય એન આઈ વિટનેસ'માં લખ્યું છે કે-ઇસુ જેરૂસલેમમાં આવીને આ આદર્શ મંડળનો સભાસદ બન્યો હતો.

ગુપ્તમંડળના એક ઈસીરના પત્રથી માલૂમ પડે છે કે,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

રોમનસૂબા પાઈલેટે ઇસુને ક્રોસ પર ચઢાવ્યો ત્યારે ખરેખર તે મર્યો નહોતો, કિન્તુ મૂર્છિત થઈ ગયો હતો. જોસફ તેના દેહને લઇ ગયો અને નિકોદમસ ઇસીરે તેને સાજો કર્યો. પછી ઈસુ ગુપ્ત જ રહ્યો છે. તે ગુપ્ત રીતે ઉપદેશથી ધર્મપ્રચાર કરતો હતો. આ દરમિયાન તે પોતાના શિષ્યોને ૧૦ વાર મળ્યો છે.*

ઇસુએ ઈસાઇમતમાં જૈનધર્મની કેટલીએક પ્રથાઓ સ્વીકારી છે, જે પૈકીની થોડીએક નીચે મુજબ છે.

૧. ભગવાન મહાવીરસ્વામીને ૧૧ ગણધર હતા. ૧ શિષ્યાભાસ શિષ્ય હતો. ઈસુને પણ ૧૧ સુશિષ્યો અને ૧ કુશિષ્ય હતો.

૨. ભ૦ મહાવીર સમોસરણમાં બેસી ઉપદેશ આપતા હતા. 'બાઈબલ'માં લખ્યું છે કે, ઈસામસીહ પહાડ ઉપર બેસી ઉપદેશ દેતા હતા. તેનું ગિરિપ્રવચન બહુ અસરકારક મનાય છે.

૩. તીર્થંકરો ઉપદેશમાં એવી વાણી બોલે છે કે એને દેવો, મનુષ્યો, પશુ, પક્ષીઓ પોતપોતાની ભાષામાં સમજી શકે છે. બાઇબલ કરાર નંબર, પૃ૦ ૧લું. પ્રેરિતોનાં કૃત્યો અધ્યાય બીજા'માં લખ્યું છે કે– તેઓ એક ઘરમાં એકઠા થયા હતા, ત્યારે તેની જીભ ઉપર એકેક દૈવી જીભ આવી ચોંટી ગઈ. તે સર્વે પવિત્ર આત્માથી ભરપૂર થયા અને એવી ભાષામાં બોલવા લાગ્યા કે, જેને સાંભળીને દરેકે દરેક દેશના મનુષ્યોને એમ લાગ્યું કે "આ ગમે તે ભાષામાં બોલતા હશે, કિન્તુ અમે તેમને અમારી માતૃભાષામાં બોલતા સાંભળીએ છીએ." આમ કહેતાં કહેતાં સૌ કોઈ આશ્ચર્ય પામ્યા. અહીં કોઈએ મશ્કરીમાં કહ્યું કે 'આ દરેક પીધેલા છે.' તેઓએ જવાબ વાળ્યો કે, "આ કોઇ પીધેલા નથી, કેમકે દિવસનો પહેલો જ પહોર છે. આ યોએલ પ્રબોધકે જે કહ્યું હતું, તે જ છે. (૧ થી ૧૬ પૃષ્ઠ ૧૧૪)

૪. જૈનો પચાસમા દિવસને સંવત્સરી માને છે, 'બાઇબલ

---

* જુઓ "ઇસુખ્રીસ્તનું અજ્ઞાત જીવન" લેખ (શુભસંગ્રહ ભા૦ ૭ પૃ૦ ૧૧૬)

www.jainsite.com	For Private & Personal Use Only	info@jainsite.com

કરાર બીજો, પ્રેરિતોનાં કૃત્ય' અ૦ ૨ માં પણ પચાસમા દિવસે જ ૧૧ શિષ્યોનું પ્રવચન થયાનું સૂચન છે. ( ૧, પૃ૦ ૧૪૪ )

૫. જૈનો ૨૪ તીર્થંકરોને માને છે. તેઓ દેવદૂષ્ય વસ્ત્રવાળા હોય છે અને દેરાસરમાં તેઓને મુકુટ પણ અવશ્ય પહેરાવાય છે. 'બાઈબલ કરાર બીજો, પુસ્તક ૨૭મું, પ્રકટીકરણ અ૦ ૪'માં લખ્યું છે કે—

આકાશમાં રાજસિંહાસન પર એક પુરુષ બેઠો છે. તેની આસપાસ ૨૪ આસનો ઉપર ૨૪ પવિત્ર પુરુષો છે, જે ઊજળા વસ્ત્રના ધારક છે, માથા ઉપર સોનાના મુગટવાળા છે.

( ૧ થી ૮, પૃષ્ઠ ૨૪૫ )

અહીં ૨૪ પવિત્ર પુરુષો બતાવ્યા છે, તે ૨૪ તીર્થંકરોના આધારે જ કરેલી કલ્પના છે. જો કે વૈદિક પરંપરામાં પણ ૨૪ અવતારો સ્વીકાર્યા છે પણ તે સ્વીકાર ઇસ્વીસનની પછી થયો છે અને તે ૨૪ અવતારો એકલા મનુષ્યરૂપે નથી. મત્સ્ય, કચ્છપ, વરાહ ઇત્યાદિ રૂપે છે, જ્યારે બાઈબલમાં તો ૨૪ પુરુષોની નોંધ છે; એટલે તે તીર્થંકરોની જ યાદી કરાવે છે.

૬. જૈનો આઠમે, ચોદશે, પ્રતિક્રમણ કરે છે. ઈસાઈઓ દર રવિવારે પોતાના પાપનો એકરાર કરે છે.

૭. જૈનો સમોસરણમાં જિનપ્રતિમાઓને બેસાડે છે. ઈસાઈ ચર્ચો પણ સમોસરણની ઢબનાં જ હોય છે.

૮. જૈન શ્રમણો ખંધક, મેતાર્ય વગેરે પરિષહો સહેવામાં જ સાચી સાધુતા માને છે. ઈસાઈમતમાં પણ એક ગાલે ધોલ મારનારની સામે બીજો ગાલ ધરવાનું શીખવાડાય છે.

૯. જૈન મુનિઓના સમાધિસ્થાને સ્તૂપ અને મંદિરો બનતાં હતાં, તેમ ઈસાઈ ધર્મગુરુઓનાં સમાધિસ્થાને કબ્ર અને મંદિરો બનતાં હતા. રોમીયાજક કાયુસે ઇ. સ. ૨૦૦માં પેત્રુસ અને પોલુસને દફનાવેલ તે સ્થાનની કબરો બતાવી હતી. અને મોટા

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

રાજા કોન્સ્ટન્ટીનુસે તે બન્ને કબરો ઉપર બે શોભિતાં મંદિરો બનાવ્યાં. આજે તે દુનિયાનાં મોટામાં મોટાં અને સારામાં સારાં મંદિરો છે.* (કેથોલિક શ્રીસભાનો ઇતિહાસ, પૃ. ૧)

૧૦. ઇસામસીહે જૈન સંઘના આચાર્યો, મુનિઓ અને સિદ્ધપુત્રની માફક ધર્માધ્યક્ષ, યાજક અને ડીયાકોનુસ (સેવક) એમ ત્રણ વર્ગ સ્થાપ્યા હતા. પછી સમય જતાં શ્રીસભાએ દ્વારપાળ, વાંચનાર, ભૂત કાઢનાર અને પાછળ ચાલનાર એ ચાર વર્ગો વધાર્યા છે; જેમાં વિધવા સ્ત્રીઓને પણ દેવદાસી પેઠે દાખલ કરવામાં આવી હતી. (કેથોલિક ઇતિહાસ, પૃ. ૧૧, ૧૨)

૧૧. જૈન મુનિઓ બ્રહ્મચારી રહેતા હતા, તેમ ધર્માધ્યક્ષો અને યાજકો બ્રહ્મચારી રહેતા હતા. પછી સમય જતાં પૂર્વમાં યાજકોએ બાયડી રાખવાનું શરૂ કર્યું. છતાંય પૂર્વમાં એ રિવાજ તો આજેય પણ છે કે, પરણેલો પુરુષ યાજક કે ધર્માધ્યક્ષ થઇ શકે નહીં. (પૃ૦ ૧૨) જો કે ઈ. સ૦ ની સાતમી સદીમાં થયેલા રાજા હેનરીએ ઇંગ્લેન્ડમાં યાજકોને લગ્ન કરવાનું બંધ કર્યું હતું અને ૨ વડાધર્માધ્યક્ષો, ૧૮ ધર્માધ્યક્ષો, ૧૩ મઠાધ્યક્ષો તથા ૫૦૦ મઠવાસી પાદરીઓને મારી નખાવ્યા હતા. આ રાજા ચુસ્ત કેથોલિક મતનો હતો અને તેની પછી ગાદીએ આવેલા છઠ્ઠા

---

* આ પવિત્ર પેત્રુસ અને પવિત્ર પૌલુસને વિધર્મીઓએ ઇ. સ. ૬૭ માં ક્રુસ ઉપર ચઢાવેલ છે, કાપી નાખ્યા છે. (૧) સુવાર્તા લેખક પવિત્ર યોહાન્ન ઈ. સ. ૯૬ પછી મૃત્યુ પામેલ છે. (૫) ઓરિગેનેસે ઈ. સ. ૧૮૫ થી ૨૫૪ ના ગાળામાં હેપ્તાપલા કરીને બાઇબલ રચ્યું છે. એટલે તેણે સાત બાઇબલના તરજુમાનાં વચનો મુકાબલો કરવાને વાસ્તે એક પાનામાં સાત હારોમાં મૂકયાં છે. તે યાજક થઇ ગયો છે પણ પાંચમી કોનસ્તંતીનોપલની મંત્રીસભાએ તેને પાખંડી તરીકે જાહેર કર્યો હતો. (પૃ. ૮) બાઇબલ પ્રથમ ગ્રીક ભાષામાં લખાયેલું હતું પણ પછીના લેખકોએ લાટીન ભાષા વાપરી છે. (પૃ૦ ૮) (કે. ઇતિહાસ, પૃ. ૮)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

એડવર્ડે યાજકોને લગ્ન કરવાની રજા આપી હતી.

( કેથોલિક શ્રીસભાનો ઇતિહાસ, પૃ૦ ૫૭, ૧૧૦, ૧૧૧).

૧૨. જૈનો આઠમ ચૌદશે ઉપવાસ કરે છે. તેમ ઈસાઈ-ઓને પણ રવિવારે ઉપવાસ કરવાની આજ્ઞા છે. યહુદી લોકો સબથને પાળતા હતા, પ્રેરિતોએ તે સબથને નાબૂદ કરવાને માટે રવિવાર મુકરર કર્યો છે. અસલના ઈસાઈઓ ઉપવાસમાં દિવસે ખાતા ન હતા પણ સૂર્ય આથમ્યા પછી રાત્રે કંઈ ખાતા હતા. આવા ઉપવાસો હાલ મુસલમાનો કરે છે. (કેથો૦ ઈતિહાસ, પૃષ્ઠ ૧૧).

૧૩. જૈનો જઘન્ય ચોમાસું સિત્તેર દિવસનું માને છે. જૈન મુનિઓ તે દિવસોમાં ખૂબ તપસ્યા કરતા હતા.

ઇસાઈઓ પણ પાસ્ખા પહેલાં સિત્તેર દિવસે ઉપવાસ કરવાનું માનતા હતા. ઇસાઈમતમાં ખાસ બપ્તિસ્મા આપવામાં આવે છે. બપ્તિસ્માની તૈયારી કરનાર કાતેખુમની કહેવાય છે. બપ્તિસ્મા પાસ્ખાના આગલા દિવસે કે પેન્તેકોસ્તના આગલા દિવસે મળે છે.

JAINSITE .com
જૈનમ્ જયતિ શાસનમ્

બપ્તિસ્મા લેનાર પાસ્ખા પછીના બીજા રવિવાર સુધી સફેદ વસ્ત્ર પહેરી રાખે છે. આથી પાસ્ખા પછીનો રવિવાર ધોળા રવિવાર તરીકે જાહેર થયો છે. રેવેરંડ સી. એન્સીડલર એજ. જે. કેથોલિક પાદરી લખે છે કે, " કેટલીએક જગાએ પાસ્ખાની આગળના ઉપવાસના દિવસો પાસ્ખાની પહેલાં સિત્તેર દિવસથી શરૂ થયા, તેને વાસ્તે આજ સુધી જે રવિવાર સેપ્તુ આગેસિમા એટલે સિત્તેરમો દિવસ કહેવાય છે, તે દિવસે યાજકો મિસામાં જાંબુડી આસ્માની રંગ એટલે પ્રાયશ્ચિત્તના રંગનું લૂગડું પહેરે છે."

પાસ્ખાનો તહેવાર પૂર્વમાં યહુદીઓની સાથે નિજાન મહિનાના ચોદમા દિવસે, અને પશ્ચિમમાં વસંતની પૂનમની પાછળના રવિવારે પાળવામાં આવતો હતો પરંતુ આ તફાવતને લીધે પૂર્વમાં તકરાર ઊઠી હતી અને અનીજેતુસ બાપાએ આ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ફેરફારનો જવાબ દેવા માટે પવિત્ર પોલીકાર્પુસને રોમ બોલાવ્યો હતો. આ તકરારમાં વિક્તોર બાપાએ એશિયામાઈનરની સભાઓનો બહિષ્કાર કર્યો હતો.

(કેથોલિક શ્રીસભાનો ઇતિહાસ, પૃ. ૧૧, ૧૨)

૧૪. જૈનો તીર્થંકરોની મૂર્તિઓને માને છે પણ તેમાં તીર્થંકરો આવી વસે છે એમ માનતા નથી. એટલે મૂર્તિઓને તીર્થંકરોની સ્થાપના માને છે. ઈસાઈઓ પણ ઈસામસીહના ચિત્રને માને છે. તેની ઓળખાણ માટે ઈસુખ્રિસ્તનું નામ કે રોટલીની ટોપલી સાથે માછલીની નિશાની મૂકે છે. મરિયમનાં ચિત્રને, યોસેફનાં ચિત્રને તથા ખુસનાં ચિત્રને માને છે. અર્થાત્ તેઓ ચિત્ર તથા પૂતળાંને માને છે, પણ તેમાં પરમેશ્વર આવીને વસે છે એવું માનતા નથી. તેઓ ચિત્ર માને છે, પણ ચિત્રમાં કોઈ પરમેશ્વર તરીકે મૂર્તિને માનતા નથી. ઇસ્વીસનના સોળમા સૈકા સુધી ઈસાઈઓમાં આ માન્યતા એકધારી હતી, પછી વિચારભેદ પડ્યો છે.

JAINSITE.com જૈન સાઇટ જૈનમ્ જયતિ શાસનમ્

(કેથોલિક શ્રીસભાનો ઈતિહાસ, પૃ. ૮, ૧૯, ૨૩, ૪૪, ૪૫, ૪૬, ૪૭)

૧૫. જૈનોમાં વિ. સં. ૧૫૨૮ માં લોંકાએ સામાયિક, પ્રતિક્રમણ, દાન, મૂર્તિ, મૂર્તિપૂજા વગેરેની મનાઈ કરી નવો મત સ્થાપ્યો છે. તેમ ઈસાઈ મતમાં ઈ. સ. ૧૫૧૭ માં લુથરે ૯૫ બાબતોમાં તકરાર ઊભી કરી પોતાનો પ્રોટેસ્ટંટ મત ચલાવ્યો છે.

(કેથો. શ્રીસભાનો ઈતિહાસ, પૃ. ૯૪ થી ૧૦૫, ૧૧૫)

ઈસાઈ મતમાં જૈનધર્મની પ્રાચીન પ્રથાઓ થોડા રૂપાંતર સાથે સ્વીકારાયેલ છે એમ ઉપરનાં લખાણોથી સમજી શકાય છે. આથી માનવું પડે છે કે ઈસામસીહે હિંદુસ્તાનમાં આવી જૈનધર્મનું વિશેષ જ્ઞાન મેળવ્યું હતું અને તેના આધારે પોતાના નવા મતને ખીલવ્યો હતો.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## પ્રકરણ તેરમું

## આર્ય વજ્રસ્વામી

जातिस्मृतिर्जृम्भकदत्तविद्ये, आसंघवात्सल्यमनोहृता च ।
यस्मिन्नतुल्यान्यभवंस्ततोऽभूद्, विभुः स वज्री दशपूर्ववेदी ॥८॥

[ ગુરુપર્વક્રમ, શ્લોક૦ ૮ ]

આ૦ સિંહગિરિજીની પાટે મહાન પ્રભાવક યુગપ્રધાન અજોડ શાસક આ૦ વજ્રસ્વામી થયા છે.

તેમનાં વીર સં૦ ૪૯૬માં જન્મ, સં૦ ૫૦૪માં દીક્ષા, સં૦ ૫૪૮ માં યુગપ્રધાનપદ, સં૦ ૫૮૪ માં સ્વર્ગગમન થયાં છે.

તેમનું જન્મસ્થાન માળવા દેશનું તુંબવન ગામ છે. પિતાનું નામ ધનગિરિ, માતાનું નામ સુનંદા. ધનગિરિ મુનિઓના ઉપદેશથી વૈરાગ્યવાળો થયો હતો અને દીક્ષાની ભાવનાવાળો હતો પરંતુ સુનંદા મનથી ઈચ્છિત વરરૂપે ધનગિરિને વરી ચૂકી હતી એટલે સુનંદાના પિતા ધનપાલે બહુ આગ્રહ કર્યો અને ધનગિરિ સુનંદાને પરણ્યો, સુનંદાના ભાઈ સમિતે આ૦સિંહગિરિ પાસે દીક્ષા લીધી હતી, સુનંદા ગર્ભવતી બની એટલે ધનગિરિએ પણ પત્નીને સમજાવી સંમતિ મેળવી આ૦ સિંહગિરિ પાસે દીક્ષા લીધી.

પાછળથી સુનંદાએ તેજસ્વી પુત્રને જન્મ આપ્યો છે. બાળકને જાતિસ્મરણ જ્ઞાન થયું છે, બાલક જ્ઞાનથી પિતાની દીક્ષા જાણી માતાને રડી રડીને હેરાન કરે છે, થોડા સમયમાં જ આ૦ સિંહગિરિજી પોતાના શિષ્યપરિવાર સહિત તુંબવન ગામમાં

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આવે છે. આર્ય સમિત અને આર્ય ધનગિરિજી ગુરુ આજ્ઞા લઈ ગામમાં ગોચરી જાય છે. ગુરુ ચેતવે છે કે, "સચિત્ત અચિત્ત જે મળે તે લેતા આવજો." બંને મુનિઓ સુનંદાને ત્યાં ગોચરી ગયા છે. સુનંદાએ પુત્રથી કંટાળીને ધનગિરિજીને કહ્યું કે, "આ તમારો પુત્ર લઈ જાઓ, હું વહોરાવી દઉં છું." ધનગિરિજી યોગ્ય વ્યવસ્થા કરી પુત્રને ઉપાશ્રયે લઈ આવે છે. એને વધુ ભાર લાગવાથી ગુરુને કહે છે કે આ બાળક વજ્ર જેવો ભારે છે એટલે ત્યારથી જ આ બાળકનું નામ **વજ્રકુમાર** પડે છે. બાળક વજ્ર સાધ્વીજીના ઉપાશ્રયે શ્રાવિકાઓ દ્વારા ઊછરે છે. તે ત્રણ વર્ષ ત્યાં રહે છે અને પારણામાં સૂતો સૂતો જ અગિયાર અંગ ભણી લે છે. પછી તો સુનંદા તેજસ્વી પુત્રને જોઈ પાછો માગે છે. આખરે રાજસભામાં જાય છે, બાળક વજ્ર રાજસભામાં જ માતાની લાલચોને દૂર મૂકી સાધુજીવન તરફ વળે છે. આઠ વર્ષ સુધી બાળક આમ ઊછરે છે અને પછી દીક્ષા લે છે અને ત્યાર બાદ માતા સુનંદા પણ દીક્ષા સ્વીકારે છે.

બાળમુનિ વજ્ર બચપણથી જ સંસ્કારી, જ્ઞાની, વૈરાગી ત્યાગી, સંયમી અને દક્ષ હતા. એમના બાળ સાધુજીવનમાં ય એમની પરીક્ષા થાય છે અને એમાં એ સફળ ઊતરે છે.

એકવાર આ૦ સિંહગિરિજી વિહાર કરતા અવન્તીના ઉદ્યાનમાં પધાર્યા છે. યક્ષમંડપમાં ઊતર્યા છે. વરસાદ પડે છે. વજ્રસ્વામીના પૂર્વ ભવના મિત્રો જૃંભકદેવો પોતાની શક્તિથી મોટો સાર્થવાહ વિકુર્વે છે. પછી વજ્રસ્વામીના ગુરુજી પાસે આવી વિનવે છે અને કહે છે કે, "વજ્રસ્વામીને ગોચરી મોકલો." વરસાદ રહી ગયો છે. વજ્રમુનિ ગુરુઆજ્ઞાથી જવાની તૈયારી કરે છે પરંતુ ઝીણી ફોરી જોઈને અટકી જાય છે. વળી, સર્વથા મેઘ રહી ગયા પછી વજ્રસ્વામી ઈર્યાસમિતિ જોતા ગોચરી જાય છે. ત્યાં કોળા-પાક વગેરે જોઈને વજ્રમુનિ વિચાર કરે છે કે, આ પ્રદેશમાં અત્યારે કોળાપાક ક્યાંથી? વળી, એ આગળ વિચારે છે કે, દાતારો અનિમેષ નેત્રવાળા છે, ભૂમિને પગ અડાડતા નથી, માટે

www.jainsite.com　　For Private & Personal Use Only　　info@jainsite.com

આ દાતારો મનુષ્ય નથી કિન્તુ દેવો છે, અને આ આહાર ખરેખર, દેવપિંડ છે એમ વિચારીને તે આહારપાણી લીધા વિના જ પાછા વળે છે. આવીને ગુરુજીને યથાસ્થિત બ્યાન આપે છે. દેવો વજ્રમુનિની આ ઉપયોગતીવ્રતા, ત્યાગ, અને વૈરાગ્યવૃત્તિ જોઇ પ્રસન્ન થઈ તેમને વૈક્રિયલબ્ધિ વિદ્યા આપે છે.

બીજીવાર જેઠ મહિનામાં પણ દેવ બીજી પરીક્ષા કરવા આવે છે. વજ્રમુનિ તેમને ઓળખી જાય છે અને આહારાદિ લેતા નથી. "દેવપિંડ ન લેવાય" કહી પાછા જાય છે. આ વખતે દેવ વજ્રમુનિને પ્રસન્ન થઈ 'આકાશગામિની' વિદ્યા આપે છે.

વજ્રમુનિને પદાનુસારિણી લબ્ધિથી એકવાર સાંભળેલું યાદ રહી જતું હતું. તેમને એકાદશાંગી કંઠસ્થ હતી. પોતે શાંતિથી રોજ પાઠ પણ કરી લેતા હતા. એકવાર બધા સાધુઓ ઉપાશ્રયની બહાર ગયા હતા, ત્યારે વજ્રમુનિ જાણે આગમવાચના દેતા હોય તેમ મુનિઓનાં આસનો પાથરી વાચના આપવા લાગ્યા. સૂરિજી આ વસ્તુ તપાસી ગયા. એકવાર આચાર્ય મહારાજ કોઈ બહાનું બતાવી બહાર પધાર્યા અને વજ્રમુનિને વાચનાનું કાર્ય સોંપતા ગયા. તેમની વાચનાથી બધા સાધુઓ પ્રસન્ન થયા. સૂરિજી પણ આવ્યા ત્યારે એ વૃત્તાંત સાંભળી પ્રસન્ન થયા.

પછી સૂરિમહારાજ મુનિ વજ્રને વિશેષ અભ્યાસ માટે અવન્તીમાં બિરાજમાન દશપૂર્વધર આ. ભદ્રગુપ્તાચાર્યજી પાસે મોકલે છે. અહીં શ્રીભદ્રગુપ્તાચાર્યજીને પણ સ્વપ્ન આવે છે કે કોઇ અતિથિ મારા દૂધથી ભરેલા પાત્રને પી ગયો. સૂરિજી સમજ્યા કે મારા પૂર્વ જ્ઞાન શ્રુતને ભણવા કોઈક મહાત્મા આવે છે. વજ્રમુનિ તે સવારમાં જ આ૦ ભદ્રગુપ્તસૂરિજી પાસે પહોંચ્યા અને બોલ્યા કે, હું આપની પાસે દશપૂર્વનું જ્ઞાન મેળવવા આવ્યો છું. વજ્રમુનિ ત્યાં બહુ જ વિનય અને પ્રેમથી સેવા ભક્તિ કરી દશપૂર્વનું જ્ઞાન મેળવીને પાછા ગુરુજી પાસે જાય છે. આ૦ સિંહગિરિજી પણ વજ્રમુનિને ખૂબ ઉત્સાહપૂર્વક આચાર્ય

જૈન સાઈટ JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પદવીથી અલંકૃત કરે છે. તેમને ગચ્છનો ભાર સોંપે છે અને અનશન કરી સ્વર્ગે જાય છે, પછી આ. વજ્રસ્વામી યુગપ્રધાન બને છે.

આ. વજ્રસ્વામીની અદ્ભુત ઉપદેશક શૈલી જોઈ જૈન, જૈનેતરો પ્રસન્ન થાય છે. તેમજ તપ, ત્યાગ, સંયમ, જ્ઞાન અને ચારિત્રની ઉજ્જવલ પ્રતિમા સરખા સૂરિજી જ્યાં જ્યાં વિચરે છે ત્યાં ત્યાં જૈનશાસનની વિજયપતાકા ફરકે છે અને જનતા પણ તેમનું કુદરતી અદ્ભુત રૂપ, લાવણ્ય અને બ્રહ્મચર્યનું ઓજસ્ જોઈ મુગ્ધ બને છે.

પાટલીપુત્રના કરોડપતિ ધનદેવ શેઠની પુત્રી રુક્ષ્મણી વજ્રસ્વામીના ગુણ સાંભળી તેમની ઉપર મોહિત થાય છે અને પ્રતિજ્ઞા કરે છે કે, "પરણું તો વજ્રસ્વામીને જ, નહિ તો આજીવન બ્રહ્મચર્ય જ પાળું." વજ્રસ્વામી પણ વિહાર કરતા પાટલીપુત્ર પધારે છે. ધનદેવ શેઠની દાનશાળામાં જ ઊતરે છે. તેમણે પહેલે દિવસે તો પોતાનું રૂપ પણ બેડોળ બનાવ્યું હતું પરંતુ રુક્ષ્મણીએ સાંભળ્યું કે હૃદયનાથ આવ્યા છે એટલે પિતાને કહ્યું કે, "મારા પતિ આવ્યા છે." બીજે દિવસે ધનદેવ શેઠ, પાટલીપુત્રનો રાજા અને આખું નગર સૂરિજીનો ઉપદેશ સાંભળવા જાય છે. એમનું અદ્ભુત રૂપ, બ્રહ્મચર્યથી ચમકતું ભાલસ્થળ, અમોઘ ઉપદેશશક્તિ; આ જોઈ સાંભળી રાજા અને પ્રજાને ખૂબ જ પ્રમોદ થયો. રુક્ષ્મણીના પિતાને પણ થયું કે, "આ ભવ્ય પુરુષ મારી પુત્રીને યોગ્ય છે." એણે મધ્યાહ્ન સમયે ગુરુજી પાસે આવીને પ્રાર્થના કરી કે, તમોને હું મારી નવાણું હજાર સોનામહોરો આપું છું ને આ બાગ, બંગલા અને મારું કન્યારત્ન આપું છું તે સ્વીકારો.

સૂરિજી હસીને બોલ્યા કે, મહાનુભાવ ! હું તો સાધુ છું. નિષ્પરિગ્રહી છું, અકિંચન છું, મારે કશુંય ન જોઈએ. આચાર્યશ્રીએ આમ કહી રુક્ષ્મણીને પણ ધર્મોપદેશ આપી પ્રતિબોધી સાધ્વી બનાવી.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વજ્રસ્વામીએ શ્રી આચારાંગ સૂત્રનાં મહાપરિજ્ઞા અધ્યયનમાંથી આકાશગામિની વિદ્યા ઉદ્ધરી હતી; જેમાં જંબૂદ્વીપથી માનુષ્યોત્તર પર્વત સુધી આકાશમાં જવાની શક્તિ હતી. એકવાર સૂરિજી શ્રમણ સંઘ સહિત વિચરતા વિચરતા ઉત્તર પ્રાંતમાં ગયા. ત્યાં ભયંકર દુકાળ હતો. ગૃહસ્થોને પણ ખાનપાનની મુશ્કેલી હતી. આખરે આચાર્ય મહારાજ સંઘની વિનંતિથી સંઘવાત્સલ્ય માટે એક મોટો પટ વિકુર્વી એમાં સંઘને બેસાડી જગન્નાથપુરી લઈ ગયા. અહીં સુકાળ હતો. અનાજ પાણી ખૂબ હતાં, પ્રદેશ હરિયાળો–લીલોછમ હતો. અહીં સંઘની ભક્તિ થવા માંડી. ત્યાં પર્યુષણા મહાપર્વના દિવસો આવ્યા.

પુરીનો રાજા પરમ બૌદ્ધધર્મી હતો, તે બૌદ્ધ મંદિરો સિવાયનાં બીજાં મંદિરોમાં તાજાં ફૂલ જવા દેતો નહીં. શ્રી સંઘે સૂરિજીને પર્યુષણામાં પૂજા માટે તાજાં ફૂલ મેળવી આપવા વિનંતિ કરી. આચાર્યશ્રીએ પોતાના પિતાના મિત્ર દેવ પાસેથી અને હિમવંતગિરિની લક્ષ્મીદેવી પાસેથી ફૂલો લાવી શ્રીસંઘને આપ્યાં, શ્રીસંઘે મંદિરોમાં મહોત્સવ કર્યો. રાજાને આ તાજાં ફૂલોની ખબર પડી. કલિંગનો રાજા પણ આ બધી વાત જાણી પ્રતિબોધ પામ્યો અને સૂરિજીના ઉપદેશથી જૈન બન્યો. રાજા પ્રજામાં જૈનધર્મનો પ્રચાર થયો. જૈનધર્મની ખૂબ પ્રભાવના થઈ.

આ સમયે સૌરાષ્ટ્રમાં ગિરનાર તીર્થ અને શત્રુંજય તીર્થોના ઉદ્ધારનું ભગીરથ કાર્ય થયેલ છે, તેમાંય શત્રુંજય તીર્થના ઉદ્ધારમાં ખૂબ જહેમત ઉઠાવવી પડી છે.

શત્રુંજય તીર્થનો અધિષ્ઠાયક કપર્દી યક્ષ છેલ્લાં વર્ષોથી મિથ્યાત્વી થઈ ગયો હતો. ચારે બાજુ ૫૦ યોજન સુધીનો પ્રદેશ ઉજ્જડ–વેરાન થઇ ગયો હતો, જ્યાં ત્યાં મનુષ્ય, પશુ અને પક્ષીઓના હાડકાનાં ઢગલા પડયા હતા. ગિરિરાજ ઉપર પણ ઝાડો ઊગી ગયાં હતાં. વળી, અધૂરામાં પૂરું મલેચ્છોએ આવી સૌરાષ્ટ્ર લૂંટયું. અહીંના ઘણા મનુષ્યોને પકડી પોતાના દેશમાં મોકલી

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

દીધા. આ બંદીવાનોમાં શેઠ જાવડશાહ પણ હતો જે અસલમાં કંપિલપુરના વતની અને હાલ મહુવામાં રહેતા શેઠ ભાવડશાહનો પુત્ર હતો. તે અચાનક છૂટી ગયો અને તક્ષશિલામાંથી ભગવાન ઋષભદેવની પ્રતિમા મેળવી મહુવા આવ્યો. તેણે આ. વજસ્વામીના ઉપદેશથી શત્રુંજયના ઉદ્ધારનું કામ આરંભ્યું. પ્રથમ જ કપર્દીયક્ષે તેને ઉપદ્રવ કર્યો, નવી પ્રભુપ્રતિમાને ૨૧ વાર નીચે ઉતારી દીધી. આથી આ. વજસ્વામીએ ત્યાં પધારી જૂના યક્ષને હઠાવી શત્રુંજય ઉપર નવા કપર્દી યક્ષની સ્થાપના કરી. બધી અશાતના દૂર કરાવી.

જૂના કપર્દી યક્ષે અહીં પ્રતિષ્ઠાને દિવસે આવી દરેકને ડરાવવા ઘોર અવાજ કર્યો હતો, જેથી ગિરિરાજનાં શિખરો કંપી ઊઠયાં અને ગિરિનાં ઉત્તર તથા દક્ષિણ એમ બે ભાગલાં પડી ગયા.

શેઠ જાવડશાહે શત્રુંજય ઉપર નવો જિનપ્રાસાદ તૈયાર કરી વીર સં. ૫૭૦ વિ૰ સં. ૧૬૦ (૧૦૮) માં શ્રીસંઘ સમક્ષ બોલીમાં મોટો ચઢાવો કરી સંઘની સમ્મતિ લઈ, આ૰ શ્રીવજસ્વામીના કરકમલથી ભગવાન શ્રીઋષભદેવની નવી પ્રતિમાની અંજનશલાકા પ્રતિષ્ઠા—કરાવી શિખર ઉપર ચડી ધ્વજા દંડ ચઢાવ્યો. "આવું ભગીરથ કાર્ય પૂરું થયું" એવા હર્ષથી નાચ કર્યો અને ત્યાં ઉત્કૃષ્ટ ભાવનાની વિશુદ્ધિમાં જ સજોડે મૃત્યુ પામી સ્વર્ગપ્રાપ્તિ કરી.

ત્યાર બાદ ઉત્તર ભારતમાં વીર સં. ૫૮૦ થી ભયંકર બારવર્ષી દુકાળ પડયો. એટલે સૂરિજી શિષ્યપરિવાર સહિત દક્ષિણ તરફ પધાર્યા. દુષ્કાળ એના ભીષણ સ્વરૂપમાં અહીં પણ ફેલાયો હતો. જો કે સૂરિજી વિદ્યાબળથી સાધુઓને આહાર લાવી આપતા પરંતુ સંયમની આરાધના માટે વિદ્યાપિંડનો વધુ ઉપયોગ કરવો ઉચિત ન લાગ્યો, એમાં એક વાર તેઓને સળેખમ થયું હતું, કફનું જોર હતું. એના નિવારણ માટે શિષ્યો સૂંઠ લાવ્યા હતા. વજસ્વામીએ સૂંઠનો ગાંઠિયો કાન ઉપર ભરાવ્યો હતો, તે યાદ ન રહ્યો અને સાંજે પ્રતિક્રમણમાં 'અહોકાયં'નો પાઠ બોલતાં કાને હાથ લાગતાં સૂંઠનો ગાંઠિયો નીચે પડી



જૈન साईट JAINSITE .com જૈનસાહિત્ય ઉપાસના
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ગયો. 'ખુશાલ પટ્ટાવલી'માં ઉલ્લેખ છે કે આ ઘટના તુંગીનગરમાં બની હતી. આ ઘટનાથી સૂરિજીએ પોતાનો અંતિમ કાળ નજીકમાં સમજી વજ્રસેનસૂરિજીને સંઘવ્યવસ્થા ભળાવી અને સાથે એ પણ સૂચવ્યું કે, મહાનુભાવ! તમને જે દિવસે લાખ સોનૈયાની કિંમતવાળા ચોખામાં ઝેર મેળવેલો આહાર મળે, તેને બીજે જ દિવસે સુકાળ થશે, એ યાદ રાખજો.

વજ્રસ્વામીની સાથે દરેક સાધુઓ અનશન કરવા તૈયાર છે. એમાં એક બાળ મુનિ પણ છે. વજ્રસ્વામી એને અનશન કરવાની ના પાડે છે, છતાંયે તે સાથે જાય છે. એક દિવસ વજ્રસ્વામી તે બાળ મુનિવરને એકલા જ મૂકી આગળ વધી જાય છે. એટલે બાળ મુનિવર ત્યાં જ અનશન કરી સ્વર્ગે સીધાવે છે. વજ્રસ્વામીજીને આ સમાચાર મળ્યા. તેમણે બીજા સાધુઓ સમક્ષ બાળમુનિની દૃઢતા, ધીરતા અને વીરતાની પ્રશંસા કરી. પછી બધાએ જઈ એક પહાડ ઉપર અનશન કર્યું. એક દેવે તેમને ચળાયમાન કરવા પ્રયત્ન કર્યો હતો, આથી સૂરિજી એને અપ્રીતિનું કારણ સમજી ત્યાંથી બીજા પહાડ ઉપર જઈ અનશન સ્વીકારીને સ્વર્ગે પધારે છે.

જૈન સાઈટ
JAINSITE
જૈનમ્ જયતિ શાસનમ્

આ ઘટના બન્યા પછી સૌધર્મેંદ્રે અહીં આવી રથવડે આ પહાડને પ્રદક્ષિણા આપી હતી, ત્યારથી આ પહાડનું રથાવર્તગિરિ નામ પડયું છે.

પંચમંગળ મહાશ્રુતસ્કંધ આજ સુધી જુદા આગમરૂપે હતો આ૦ વજ્રસ્વામીએ તેને મૂળ સૂત્રો સાથે જોડી દીધો છે.

વજ્રસ્વામી સ્વર્ગે જતાં ૧૦ મું પૂર્વ, ચોથું સંસ્થાન અને ચોથું સંહનન વિચ્છેદ પામ્યાં છે.

**લઘુ ભદ્રબાહુસ્વામી :**

દૃષ્ટિવાદ અંગના પાંચમા અનુયોગ વિભાગમાં તીર્થંકરો ચક્રવર્તીઓ વગેરેની ગંડિકાઓ સાથે ભદ્રબાહુગંડિકા અને તપસ્વી-

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ગંડિકાનો પણ ઉલ્લેખ છે. આથી નક્કી છે કે તીર્થંકરો વગેરેની જેમ ભદ્રબાહુસ્વામી પણ અનેક થયા છે. આનો અર્થ એ થાય છે કે ભદ્રબાહુ એ ખાસ વિશેષ નામ નથી, કિન્તુ છેલ્લા શ્રુતકેવલી યાને અંતિમ ચૌદપૂર્વી એવા લક્ષણને બતાવનારું સામાન્ય નામ છે. આથી દરેક તીર્થંકરોના શાસનમાં જુદા જુદા ભદ્રબાહુ થયા છે જે દરેક આપ્તપુરુષો છે. જેમ ચૌદ પૂર્વધર આચાર્યો આપ્તપુરુષ લેખાય છે તેમ ઊતરતા ક્રમે દશ પૂર્વધર સુધીના આચાર્યો પણ આપ્ત તરીકે મનાય છે. આથી જૈન ઇતિહાસમાં છેલ્લા દશ પૂર્વધારીનું નામ પણ ઉલ્લેખયોગ્ય મનાય છે. વર્તમાન જૈનશાસનમાં છેલ્લા ચૌદ પૂર્વી આ૦ ભદ્રબાહુસ્વામી છે અને છેલ્લા દશ પૂર્વી આ૦ વજ્રસ્વામી છે. આપણે આ૦ વજ્રસ્વામીને લઘુ ભદ્રબાહુ કહીએ તોય ચાલે.

## કુળ અને શાખાઓ

આ૦ વજ્રસ્વામી અને તેના શિષ્ય પ્રશિષ્યોથી અનેક મુનિશાખાઓ નીકળી છે. તે આ પ્રમાણે—

૧. આ૦ વજ્રસ્વામીથી વી. સં. ૫૮૪માં વજ્રીશાખા.

૨. આ૦ વજ્રસેનસૂરિના શિષ્ય આ૦ નાગહસ્તિસૂરિથી વી૦ સં૦ ૬૦૬માં નાઈલાશાખા નીકળી હતી, જે પાછળથી નાઈલ, ચંદ્ર નિવ્વુઈ અને વિજ્જાહર, એમ ચાર કુલોમાં વહેંચાઈ ગઈ છે, જે ચારે ગચ્છ તરીકે પણ પ્રસિદ્ધ છે.

૩. આ૦ પદ્મથી પોમિલાશાખા નીકળી.

૪. આ૦ રથ કે જેમનું બીજું નામ આ૦ જયન્ત છે તેમનાથી જયન્તીશાખા નીકળી.

૫. આ૦ તાપસથી તાપસીશાખા નીકળી છે. આ૦ શાંતિશ્રેણિકના શિષ્ય આ૦ તાપસથી પણ એક તાપસીશાખા નીકળી છે.

આ અરસામાં બારવર્ષી દુકાળમાં ઘણાં જૈનમુનિઓએ અનશન કર્યું હતું. આથી ઘણા ગચ્છો, કુલો અને શાખાઓનો

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઉચ્છેદ થઈ ગયો હતો. સદ્ભાગ્યે વ શાખા બચી હતી. તેના શ્રમણોએ ફરીવાર ગણો, કુલો વધાર્યાં છે. આજે જે જે જૈનમુનિઓ છે તે દરેક કોટિકગણ, વજ્રીશાખા અને ચંદ્રકુળના છે.

## દ્વિતીય ભદ્રબાહુસ્વામી :

દિગમ્બર ગ્રંથોમાં આ અરસામાં બીજા ભદ્રબાહુસ્વામી થયાનો ઉલ્લેખ મળે છે, જેનાં બીજાં નામો. વજ્રયશા, મહાયશા, યશોબાહુ, અને જયબાહુ વગેરે મળે છે.* તેમના માટે લખ્યું છે કે, શ્રુતકેવલી આ૦ ભદ્રબાહુની પરંપરામાં થયેલ નિમિત્તવેદી આ૦ બીજા ભદ્રબાહુએ ૧૨ વર્ષનો દુકાળ પડતાં દક્ષિણમાં કર્ણાટક સુધી વિહાર લંબાવ્યો અને ત્યાં એક પહાડી પર ૭૦૦ શ્રમણો સાથે અનશન લઈ મરણસમાધિ મેળવી. પોતે સંઘ સાથે વિહાર કરતા કરતા આગળ વધ્યા હતા, ત્યારે તેમણે એક શિષ્યને અનશન કરવાની મના કરી રોકી રાખ્યો હતો. વિગેરે વિગેરે.

( શ્રવણબેલગોલચંદ્રગિરિનો શિલાલેખ )

આ આચાર્યના શિષ્યનું નામ "દક્ષિણવિહારી" છે અને ત્યાર પછી ત્યાં આચાર્ય ચંદ્રસૂરિ પધાર્યાનો ઉલ્લેખ છે.

આ૦ વજ્રસ્વામી અને આ૦ બીજા ભદ્રબાહુસ્વામીના ચરિત્રમાં ઘણી સામ્યતા છે, તે બન્ને આચાર્યોને એક માની લઈએ તો શ્વેતામ્બર–દિગમ્બરના ઈતિહાસ સંબંધી ઘણી ગૂંચોનો સરળ ઉકેલ આવી જાય તેમ છે. આચાર્ય બીજા ભદ્રબાહુ પછી જ જૈનસંઘમાં શ્વેતામ્બર–દિગમ્બરના ભેદો પડયા છે.

## શ્રી. દેવર્ધિગણિ ક્ષમાશ્રમણની પટ્ટાવલી

૧૩. **આર્ય વજ્રસ્વામી**–શ્રીદેવર્ધિગણિ ક્ષમાશ્રમણ સુધીની પટ્ટપરંપરા અહીંથી જુદી પડે છે. ગૌતમ ગોત્રવાળા આર્ય

---

* વજ્રયશા ( તિલોયપન્નત્તિ ), મહાયશા ( આદિપુરાણ ), યશોબાહુ ( ઉત્તરપુરાણ, હરિવંશપુરાણ, સ્કંધો, તિલોયપન્નત્તિ ), જયબાહુ ( શ્રુતાવતાર ), વજ્રર્ષિ ( હરિવંશપુરાણ સ. ૧, શ્લો. ૩૩ ) મહાયશા ( આવશ્યક નિર્યુક્તિ, ઉવસગ્ગહરં સ્તોત્ર )

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વજ્રસ્વામીને મુખ્ય ૪ શિષ્યો હતા. ૧. આર્યવજ્રસેન. ૨. આર્ય પદ્મ, ૩. આર્ય રથ. અને ૪. આર્ય તાપસ.

૧૪. આર્યરથ—વસિષ્ઠ ગોત્રવાળા, તેમનું બીજું નામ આર્ય જયંત છે. તેમનાથી જયંતીશાખા નીકળી છે.

૧૫. આર્ય પુષ્યગિરિ કોશિકગોત્રવાળા.

૧૬. આર્ય ફલ્ગુમિત્ર ગૌતમગોત્રવાળા.

૧૭. આર્ય ધનગિરિ વસિષ્ઠગોત્રવાળા.

૧૮. આર્ય શિવભૂતિ કુચ્છસગોત્રવાળા, સંભવતઃ કોશિક-ગોત્રવાળા આર્ય દુર્જયંત અને આર્ય કૃષ્ણ તેમના ગુરુભાઈ હતા.

૧૯. આર્ય ભદ્ર કાશ્યપગોત્રવાળા.

૨૦. આર્ય નક્ષત્ર કાશ્યપગોત્રવાળા.

૨૧. આર્ય રક્ષ કાશ્યપગોત્રવાળા.

૨૨. આર્ય નાગ ગૌતમગોત્રવાળા.

૨૩. આર્ય જેહિલ વસિષ્ઠગોત્રવાળા.

૨૪. આર્ય વિષ્ણુ માઢરગોત્રવાળા.

૨૫. આર્ય કાલકસૂરિજી—ગૌતમ ગોત્રવાળા, આ ત્રીજા કાલિકાચાર્યજી છે. તેમનો સત્તાસમય વીર સં. ૭૨૦ મળે છે.

(રત્નસંચય ગા૦ ૨૭૪)

૨૬. આર્ય સંપલિત અને આર્ય ભદ્ર—ગૌતમગોત્રવાળા. આ બન્ને કાલિકાચાર્યજીના બાળબ્રહ્મચારી શિષ્યો છે અને પટ્ટધર થયા છે. તે બન્નેની પાટે આર્ય વૃદ્ધ આવ્યા છે.

૨૭. આર્ય વૃદ્ધ ગૌતમગોત્રવાળા.

૨૮. આર્ય સંઘપાલિત—ગૌતમગોત્રવાળા, તેઓ સ્થિર સત્ત્વવાળા તથા ઉત્તમ જ્ઞાન અને ચારિત્રથી વિભૂષિત હતા.

૨૯. આર્ય હસ્તિ:—કાશ્યપગોત્રવાળા, તેઓ ક્ષમાના સાગર હતા, ધીર હતા. ચૈત્ર સુદિમાં સ્વર્ગે ગયા.

JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

૩૦. આર્ય ધર્મ–સાવયગોત્રવાળા, તેઓ નૈષ્ઠિક બ્રહ્મચારી મહાવ્રતધારી હતા. જેમના વિહાર વખતે દેવો પણ છત્ર ધરતા હતા. તેમના ગોત્ર માટે સાવય અને સુવ્વય એવા બે પાઠો મળે છે. સાવય શબ્દ તો શ્રાવક ગોત્ર યાને ઉપકેશવંશનો સૂચક છે, એટલે અહીં સાવય શબ્દ વધુ સાચો લાગે છે.

૩૧. આર્ય હસ્તિ–કાશ્યપગોત્રવાળા.

૩૨. આર્ય ધર્મ–તેઓ મોક્ષમાર્ગના પરમ સાધક હતા.

૩૩. આર્ય સિંહ–કાશ્યપગોત્રવાળા, આ જ સમયે બ્રહ્મદીપિકાશાખાના આ૦ સિંહ થયા છે જે પ્રસિદ્ધ વાચનાચાર્ય હતા.

૩૪. આર્યધર્મ–કાશ્યપગોત્રવાળા, તેમને અનેક શિષ્યો હતા. તેમના મુખ્ય પટ્ટધર આ૦ સ્કંદિલ થયા છે; સ્કંદિલાચાર્યે વીર સં. ૮૩૦ થી ૮૪૦ના ગાળામાં મથુરામાં ચોથી આગમવાચના કરી છે. (જુઓ પૃષ્ઠ ૧૮૬)

૩૫. આ૦ જંબૂ–જે આર્યધર્મસૂરિના બીજા પટ્ટધર છે.

૩૬. આર્ય નંદી–કાશ્યપગોત્રવાળા, તેઓ શાંત અને સરળ હતા, શુદ્ધ જ્ઞાન–દર્શન–ચારિત્રના ધારક હતા.

૩૭. દેશિગણી ક્ષમાશ્રમણ—તેઓ માઢરગોત્રના હતા, શુદ્ધ સમ્યક્ત્વ અને સ્થિર ચારિત્રવાળા હતા.

૩૮. આ૦ સ્થિરગુપ્ત ક્ષમાશ્રમણ—તેઓ વચ્છસગોત્રના હતા. ધીર, બુદ્ધિમાન, મજબૂત મનવાળા, આગમના જાણનાર અને અનુયોગના ધારક હતા.

૩૯. આર્ય સ્થવિર કુમાર ધર્મ ગણિ—તેઓ વચ્છસગોત્રના હતા. તપસ્વી ગુણવાન અને ગુણપરખ હતા.

૪૦. આ૦ દેવર્દ્ધિગણી ક્ષમાશ્રમણ. તેઓ કાશ્યપગોત્રના ક્ષત્રિય હતા, સરળતા વગેરે ગુણોના ધારક હતા, જિનવાણીના સાંગોપાંગ જ્ઞાતા હતા અને વાચકવંશના સમર્થ છેલ્લા વાચનાચાર્ય પણ હતા. તેમનો પરિચય આ પ્રમાણે છે:

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ભગવાન મહાવીરસ્વામીના ગર્ભને દેવાનંદા બ્રાહ્મણીના ઉદરમાંથી લઈ ત્રિશલા રાણીના ઉદરમાં મૂકનાર સૌધર્મેન્દ્રનો પગપાળા સૈન્યનો સેનાધિપતિ હરિણગમેષી દેવ હતો, તે સૌધર્મેન્દ્રનો આજ્ઞાપાલક અને ભગવાન મહાવીરસ્વામીનો પરમ ભક્ત હતો.

એક વાર ભગવાન મહાવીરસ્વામી રાજગૃહી પધાર્યા, ત્યાં સમોસરણ થયું અને સૌધર્મેન્દ્રે ત્યાં ભગવાનને કેટલાએક પ્રશ્નો પૂછ્યા, તે પ્રશ્નોત્તરો આ પ્રમાણે હતાઃ

ભગવાન ! દૃષ્ટિવાદ નામના બારમા અંગનો ક્યારે વિચ્છેદ થશે ?

સૌધર્મેન્દ્ર ! મારા નિર્વાણથી ૧૦૦૦ વર્ષે.

પ્રભો ! ત્યારે ભારતમાં કયા આચાર્ય થશે ?

દેવેન્દ્ર ! ત્યારે ભારતમાં દેવર્ધિગણી નામે આચાર્ય થશે.

ભગવાન ! આજે તેનો જીવ કયાં છે ?

દેવરાજ ! તારો સેનાપતિ હરિણગમેષી, જેણે મારા ગર્ભનું પરાવર્તન કર્યું છે, તે જ દેવ આવતા ભવમાં દેવર્ધિગણિ ક્ષમા—શ્રમણ થશે.

આ સાંભળી સૌધર્મેન્દ્ર હરિણગમેષીને સાથે લઈ ને દેવલોકમાં ચાલ્યો ગયો. લગભગ ૯૦૦ વર્ષ જતાં હરિણગમેષીને પોતાનું ચ્યવન થવાનાં ચિહ્નો દેખાવા લાગ્યાં. તેની ફૂલમાળા કરમાવા લાગી, કલ્પવૃક્ષો કંપવા લાગ્યાં, અકાળે બગાસાં આવવાં લાગ્યાં, દેવીઓ પ્રત્યે મોહ વધવા લાગ્યો, મિત્રો અને સિંહાસનાદિમાં દુઃખ દેખાવા લાગ્યું, ફૂલની શય્યા કાંટા જેવી વસમી થવા લાગી, દેવવિમાન સ્મશાન જેવું ભાસવા લાગ્યું. તેણે એ ચિહ્નો જોઈ તરત સૌધર્મેન્દ્ર પાસે જઈ વિનતિ કરી કે, હે સ્વામિન્ ! મારું હવે થોડા દિવસોમાં ચ્યવન થશે, મારે સ્થાને બીજો હરિણગમેષી આવશે, હવે મારી આપને પ્રાર્થના છે કે “ તે નવો દેવ હું જ્યાં જન્મ લઉં ત્યાં

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આવીને મને પ્રતિબોધ કરે અને ધર્મ પમાડે, એવો બંદોબસ્ત કરવા કૃપા કરો." સૌધર્મેન્દ્રે તરત જ ઘણી ખુશીપૂર્વક જણાવ્યું કે, "તું તારા દેવભવનની દીવાલ પર આ બાબતની નોંધ કરજે કે જેને વાંચી નવો દેવ તને પ્રતિબોધ કરશે." હરિણગમેષીએ તુરત પોતાના વિમાનમાં જઈ ભીંત પર લખ્યું કે, "આ વિમાનમાં જે નવો હરિણગમેષી ઉત્પન્ન થાય, તેણે હું જ્યાં હોઉં ત્યાં આવીને મને પ્રતિબોધ કરવો, અને જો તેમ ન કરે તો તેને ઇન્દ્રની આજ્ઞા છે."

ત્યાર પછી હરિણગમેષી ત્યાંથી ચ્યવી સોરાષ્ટ્રના વેરાવળ પાટણમાં અરિદમન રાજાના સેવક કાશ્યપગોત્રવાળા કામર્ધિ ક્ષત્રિયની પત્ની કલાવતીની કૂખમાં ગર્ભપણે આવ્યો. તેના પ્રભાવથી માતાએ સ્વપ્નમાં મહર્ધિક દેવને જોયો અને નવ મહિના જતાં દેવર્ધિ નામના પુત્રને જન્મ આપ્યો.

માતાપિતાએ દેવર્ધિને ભણાવ્યો, ગણાવ્યો અને બે કન્યાઓ સાથે પરણાવ્યો, પરંતુ તેને શિકારનો બહુ રસ લાગ્યો હતો, એટલે તે અવારનવાર મિત્રો સાથે જંગલમાં શિકાર કરવા જતો હતો.

जैन साईट
JAINSITE
जैनम् जयति शासनम्

હવે સૌધર્મેન્દ્રે દેવલોકમાં બીજો નવો હરિણગમેષી ઉત્પન્ન થતાં તેને આજ્ઞા કરી કે તારે સોરાષ્ટ્રમાં દેવર્ધિને પ્રતિબોધ કરવાનો છે. તેણે પોતાના વિમાનમાં આવી પહેલાંના હરિણગમેષીએ દીવાલ પર લખેલી પ્રાર્થના વાંચી, આનંદિત થઇ તેને પ્રતિબોધવા માટે પ્રયત્ન શરૂ કર્યો. તેણે પ્રથમ પત્રમાં એક શ્લોક લખ્યો કે—

स्वभित्तिलिखितं पत्रं, मित्र त्वं सफलीकुरु ।
हरिणगमेषी वक्ति, संसारं विषमं त्यज ॥१॥

તેણે આ શ્લોક એક દેવ મારફત દેવર્ધિને પહોંચાડયો. અને બીજું સ્વપ્નમાં પણ એ જ શ્લોક કહી સંભળાવ્યો પરંતુ દેવર્ધિ સંસ્કૃતને જાણતો ન હતો, એટલે તેને તેની કંઈ અસર થઈ નહીં.

હવે દેવે ત્રીજો ઉપાય એવો રચ્યો કે, દેવર્ધિ જંગલના મધ્ય ભાગમાં શિકાર માટે ગયો હતો, ત્યાં તેણે આગળ સિંહ, પાછળ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઊંડી ખાઈ, બે બાજુ દાંતવાળા અને ઘુરકતા બે ડુક્કર, નીચે ધરતીકંપ અને ઉપર પથ્થરનો વરસાદ ગોઠવ્યો અને દેવર્ધિને ભયભીત જોઈ સાથેસાથ જણાવી દીધું કે, તું શ્લોકને સમજ્યો નથી, પણ હવે સમજી લે કે તારું મૃત્યુ નજીકમાં જ ઊભું છે. દેવર્ધિએ જણાવ્યું કે, “મને બચાવો, તમે જેમ કહેશો તેમ કરીશ.” તરત જ દેવે તેને ત્યાંથી ઉપાડી આ૦ લોહિત્યસૂરિ પાસે લઈ જઈ દીક્ષા અપાવી. દેવર્ધિમુનિએ ગુરુ પાસેનું જ્ઞાન મેળવી ગણિપદ પ્રાપ્ત કર્યું અને ઉપકેશગચ્છીય આ૦ દેવગુપ્ત પાસેથી એક પૂર્વ અર્થ સહિત અને બીજું પૂર્વ મૂળ ભણી ક્ષમાશ્રમણ પદ મેળવ્યું.

તેમણે શત્રુંજય ઉપર કપર્દી યક્ષની આરાધના કરી હતી, તે પ્રત્યક્ષ થયો અને ત્યાર પછી ગોમુખયક્ષ તથા ચક્રેશ્વરી પણ હાજર થયાં. આચાર્યશ્રી તેમની પાસેથી આગમવાચના માટે વચન લઈ વલ્લભીપુર પધાર્યા, તેમણે ત્યાં ચતુર્વિધ સંઘની આજ્ઞા લઈ વીર સં. ૯૮૦ માં મોટું મુનિસમ્મેલન મેળવ્યું અને પાંચમી આગમવાચના કરી, ૮૪ આગમો તથા અનેક ગ્રંથોને પુસ્તકારૂઢ કર્યા. તેમણે ‘નંદીસૂત્ર’ બનાવ્યું, જેમાં પોતાની વાચકપરંપરા આપી છે અને કલ્પસૂત્રની સ્થવિરાવલીની પાછળ પોતાની ગુરુપરંપરા જોડી દીધી છે. તેઓ વીર સં. ૧૦૦૦ માં શત્રુંજયતીર્થ ઉપર અનશન કરી સ્વર્ગે ગયા અને પછી તરતમાં જ આ૦ સત્યમિત્ર પણ સ્વર્ગે પધાર્યા. હવે ત્રીજા કોઈની પાસે પૂર્વનું જ્ઞાન હતું નહીં, એટલે વી. સં. ૧૦૦૦ માં પૂર્વજ્ઞાનનો સમૂળ વિચ્છેદ થયો.

દેવર્ધિગણિ ક્ષમાશ્રમણ પોતાની ગણધરપરંપરાના ગણનાયક હતા તેમજ આ૦ સ્કંદિલની વાચકપરંપરાના અને મોટી આગમવાચનાના વાચનાચાર્ય પણ હતા. તેથી ઈતિહાસ તેમને દેવર્ધિગણિ ક્ષમાક્ષમણ અને દેવવાચકજી; એમ બે નામોથી ઓળખે છે, જેનાં પ્રમાણો આ પ્રમાણે છે:

૩૮

www.jainsite.com          For Private & Personal Use Only          info@jainsite.com

यदाह भगवान् देवर्द्धिक्षमाश्रमणः–नाणं पंचविहं पन्नत्तमित्यादि । यदाह देवर्द्धिवाचकः–से किं तं मइनाणेत्यादि ।

यदाहुर्निर्दलिताऽज्ञानसंभारप्रसरा देवर्द्धिवाचकवराः–तं समासओ चउविहं पन्नत्तमित्यादि ।

यदाह भगवान् देवर्द्धिक्षमाश्रमणः–से किं तं अणाणुगामियमित्यादि । ( आ० देवेन्द्रसूरिकृत कर्मग्रंथ–स्वोपज्ञवृत्ति )

तथा च भगवतीसूत्रे देवर्द्धिगणिक्षमाश्रमणकृतनन्दीसूत्रस्यानुवादसाङ्गत्यम् । ( आ० विजयसेनसूरिकृत सेनप्रश्न )

क एवमाह? दुष्यगणिशिष्यो देववाचक इति गाथार्थः ॥४३॥

" देववाचकोऽधिकृताध्ययनविषयभूतस्य ज्ञानस्य प्ररूपणां कुर्वन्निदमाह— ( आ० हरिभद्रसूरिकृता नंदीसूत्रटीका सूत्र० १)

दुस्सगणिसीसो देववायगो साहुजणहियट्ठाए इणमाह (१)

( आ० जिणदासगणिमहत्तरकृता नंदीसूत्रचूर्णि )

आचार्योऽपि देववाचकनामा ज्ञानपञ्चकव्याचिख्यासुः(प्रस्तावना)

पूर्वान्तरगतसूत्रार्थधारको देववाचकः

( आ० मलयगिरिकृत नंदीसूत्रटीका सूत्र, १)

એટલે કે આ૦ દેવર્ધિગણિ ક્ષમાશ્રમણ એ જ આ૦ દેવવાચકજી છે. ( તેમની વાચકપરંપરા માટે જુઓ: પૃ૦ ૧૮૯ )

એક કવિ તેઓને આ રીતે અંજલિ આપે છે.

श्रीमज्जिनप्रवचनानि सुरक्षितानि,
येनात्र भारतमहीतलसंस्थितानि ।
देवर्द्धि...दसौ जयताद् गणीन्द्रो,
क्षान्त्यादिसत्त्वकलितो रमणीयवृत्तः ॥१॥

## જૈન રાજાઓ

કલિંગનરેશ—આ અરસામાં જગન્નાથપુરીનો રાજા બૌદ્ધધર્મી હતો. તેણે બગીચાઓમાં થતાં ફૂલો માટે એવો હુકમ કાઢ્યો હતો કે, "દરેકે દરેક સ્થાનનાં ફૂલો મને જ આપવાં. એક રાત મારા શયનમંદિરમાં બિછાવ્યા પછી જેને જોઈએ તેણે તે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

લઈ જવાં." આમ હોવાથી પુરીમાં મંદિરો માટે પવિત્ર ફૂલો મળતાં ન હતાં અને ફૂલો વિના જ દેવપૂજા થતી હતી. એકવાર ભયંકર દુકાળ પડ્યો. ત્યારે આ૦ વજ્રસ્વામી શ્રીસંઘને લઈને અત્રે પધાર્યા, ચોમાસું રહ્યા. પર્યુષણાપર્વ આવતાં શ્રાવકોએ પોતાને પુષ્પપૂજા થતી નથી એ વાત કહી સંભળાવી. આચાર્ય મહારાજે વિદ્યાના પ્રભાવે બહાર જઈ ફૂલો લાવી શ્રાવકોને આપ્યાં અને શ્રાવકોએ ઘણા હર્ષપૂર્વક તીર્થંકર ભગવાનની આંગીપૂજા કરી. રાજાને આ વાતની ખબર પડી અને તે આચાર્ય મહારાજ પાસે આવ્યો, ઉપદેશ સાંભળી જૈન બન્યો. આ રીતે પુરીનો રાજા જૈનધર્મી રાજા હતો. ( વીર સં. ૫૭૦ થી ૫૮૪ )

**રથવીરનરેશ**—આ જ અરસામાં રથવીરપુરનો ગામ ધણી પણ આ૦ કૃષ્ણસૂરિ તથા મુનિ શિવભૂતિજી વગેરેને બહુ માનતો હતો. * ( આવશ્યક નિર્યુક્તિ )

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

**દશપુરનરેશ**—દશપુરનો રાજા પણ આ૦ આર્ય રક્ષિતજીના ઉપદેશથી જૈનધર્મી બન્યો હતો.

## જૈન તીર્થો

આ અરસામાં શ્રીશત્રુંજય તીર્થ તથા ગિરનાર તીર્થના જીર્ણોદ્ધાર થયા છે અને ભગવાન ઋષભદેવ વગેરેનાં જિનબિંબ વગેરેની અંજનશલાકા પ્રતિષ્ઠા અને ધ્વજારોપણ વગેરે થયાં હતાં.

**કપર્દીયક્ષ**—આજ સમયે શત્રુંજય તીર્થમાં નવા અધિષ્ઠાયક કપર્દી યક્ષની પણ સ્થાપના કરવામાં આવી છે. તે કપર્દી યક્ષનું

* આ રથવીરપુર ક્યાં આવ્યું તેનો નિર્ણય થયો નથી. તે મધ્ય હિંદમાં કે દક્ષિણ હિંદમાં હોવું જોઈએ. ચૈતન્ય સંપ્રદાયના આચાર્ય ચૈતન્યસ્વામી (જન્મ તા. ૭-૩-૧૪૮૬, મૃત્યુ ઈ. સ. ૧૫૩૪) એ દક્ષિણ ભારતમાં યાત્રા કરી તેમાં અનુક્રમે ગોષ્પદતીર્થ, વત્સપુર, મંગલગિરિ, શ્રીરંગમ્, ઉરુપી-રજતપીઠપુરમ્, ફલ્ગુતીર્થ, પંપાસર, ગોકર્ણશિવ, સૂર્પારક તીર્થ, કોલ્હાપુર અને પંઢરપુર એ નામો દર્શાવ્યાં છે. આ પૈકીનું રજતપીઠપુર તે રથવીરપુર તો નહીં હોય ?

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ચરિત્ર નીચે પ્રમાણે બે રીતે મળે છે:

૧. એક ઉલ્લેખ એવો મળે છે કે, આ૦ વજ્રસેનસૂરિજી એ એક કપર્દી નામક રાજપુત્રને પ્રતિબોધી જૈનધર્મી બનાવ્યો હતો; જે મૃત્યુ પામીને વ્યંતરદેવ બન્યો. પછી તેણે આ૦ વજ્રસેનસૂરિજી પાસે આવીને સૂરિજીને પૂછ્યું: કંઈ કામ સેવા હોય તો ફરમાવો. આ સાંભળી સૂરિજીએ એને શત્રુંજયોદ્ધારમાં સહાયક થવાનું કહ્યું અને જૂના ઉપદ્રવકારી કપર્દીને સ્થાન ભ્રષ્ટ કરી આ નવીન કપર્દીને શત્રુંજયના અધિષ્ઠાયક દેવ તરીકે સ્થાપ્યો. આ નવીન કપર્દી યક્ષરાજે શત્રુંજયના ઉદ્ધારમાં બહુ જ સહાયતા કરી હતી.

૨. બીજો મત છે કે કપર્દી નામે એક વણકર રહેતો હતો. એને આડી અને કુહાડી નામે બે સ્ત્રીઓ હતી. આ બન્નેના ત્રાસથી કંટાળી કપર્દી ગામ બહાર ચાલ્યો ગયો. ત્યાં એને વજ્રસેનસૂરિજીએ આશ્વાસન આપી 'नमो अरिहंताणं' પદનો મંત્ર આપ્યો અને ગંઠસીનો વિધિ બતાવ્યો. હવે તે તે જ દિવસે જ તે ભોજનમાં સર્પનું ઝેર આવવાથી 'नमो अरिहंताणं' પદ જપતાં જપતાં મૃત્યુ પામી વ્યંતરદેવ થયો. બીજે દિવસે વણકરની સ્ત્રીઓએ રાજાને ફરિયાદ કરી કે, "અમુક સાધુએ અમારા પતિને મારી નાખ્યા છે." રાજસૈનિકોએ સૂરિજીને પકડીને બેસાર્યા છે, તે જ સમયે કપર્દી વ્યંતરદેવ જ્ઞાનથી પોતાના પૂર્વભવને જોઈ નીચે આવી પોતાના ઉપકારી આચાર્યશ્રીને છોડાવ્યા અને બે હાથ જોડી વિનતિ કરી કે, ભગવન્, મારા યોગ્ય સેવા ફરમાવો. પછી કપર્દીયક્ષે સૂરિજીની આજ્ઞા પ્રમાણે શત્રુંજય તીર્થના ઉદ્ધારમાં કીમતી સહાય કરી છે. આજે પણ શત્રુંજયગિરિ ઉપર આ નવા કપર્દી યક્ષની દેરીમાં મૂર્તિ છે અને તે આરાધકોને સહાય આપે છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## પ્રકરણુ ચૌદમું

### આ૦ શ્રીવજ્રસેનસૂરિ

આર્ય વજ્રસ્વામીની પાટે આ૦ વજ્રસેનસૂરિ આવ્યા છે.

તેમનાં વીર સં. ૪૯૨ માં જન્મ, સં. ૫૦૧ માં દીક્ષા, સં. ૫૮૪ માં ગચ્છનાયકપદ, સં. ૬૧૭ માં યુગપ્રધાનપદ અને સં. ૬૨૦ માં ૧૨૯ વર્ષની ઉંમરે સ્વર્ગગમન થયાં છે. તેઓ ઉંમરમાં અને દીક્ષામાં આર્ય વજ્રસ્વામીથી મોટા હતા, ૧૧૯ વર્ષનો દીક્ષા પર્યાય હોવાથી દીર્ઘ અનુભવી અને દરેક બાબતના સંપૂર્ણ જ્ઞાતા હતા, દીર્ઘજીવી હતા.

તેમની અધ્યક્ષતામાં વીર સં. ૫૮૦ વિ. સં. ૧૫૦ માં ગિરનારતીર્થનો ઉદ્ધાર થયો હતો. આ૦ પ્રભાચંદ્રસૂરિ લખે છે કે, આ ઉદ્ધાર જાકુટિ શ્રાવકે કરાવ્યો હતો અને તેની પ્રશસ્તિમાં આ૦ પાદલિપ્તસૂરિ તથા આ૦ વૃદ્ધવાદિસૂરિને વિદ્યાધરવંશના ઉલ્લેખ્યા છે.+આ સમયે અહીં જૈનધર્મપ્રેમી મહાક્ષત્રપોનું રાજ્ય હતું.

ત્યાર પછી વીર સં. ૫૭૦ માં શત્રુંજયતીર્થનો ઉદ્ધાર થયો; જેમાં આ૦ વજ્રસ્વામી તથા આ૦ વજ્રસેનસૂરિજીએ મોટી જહેમત ઉઠાવી હતી. એ વાત કહેવાઈ ગઈ છે.

બારદુકાળી પડતાં આ૦ વજ્રસ્વામીજીએ દક્ષિણમાં જઈ

---

+જાકુટિ એ સંસ્કૃત નામ છે, તેનું પ્રાકૃત નામ જાઉડિ અને જાવડ થાય. એટલે પ્રસિદ્ધ જાવડશાહે જ આ ઉદ્ધાર કરાવ્યો હોય તો તે બનવા-જોગ છે. જાવડશાહ વી. સં. ૫૭૦ માં સ્વર્ગે ગયા છે. 'પ્રભાવકચરિત્ર'ની બીજી પ્રતિમાં જાઉડિ નામ આપેલ છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સાથેના મુનિઓ સાથે રથાવર્તગિરિ પર અનશન કર્યું ત્યારે આ૦ વજ્રસેન પણ તેઓની સાથે જ હતા કિન્તુ આ૦ વજ્રસ્વામીએ એમ જાણ્યું કે આ૦ વજ્રસેનસૂરિ બારદુકાળી પછી ગણધરવંશ અને વાચકવંશની પરંપરાને સજીવન કરી શકશે તેથી તેમને અનશન કરવાની મનાઈ કરી હતી અને આ૦ વજ્રસેનસૂરિજીએ પણ એ ગુરુઆજ્ઞાને શિરોધાર્ય કરી એ ગુરુજીની ભાવનાને સર્વાંશે સફળ બનાવી હતી.

જો કે યુગપ્રધાન આ૦ ભદ્રગુપ્તસૂરિએ "જે મુનિ આ૦ વજ્રસ્વામીની સાથે એક રાત વસશે તે તેમની સાથે જ અનશન કરશે" આવું ભવિષ્ય ભાખ્યું હતું તે સાચું પડ્યું છે. પરંતુ તેમાં અપવાદરૂપે માત્ર આ૦ વજ્રસેનસૂરિ જ છે, અને એમ થવાનું કારણ એ જ કે તેઓ આ૦ વજ્રસ્વામીની પહેલાં જન્મ્યા હતા તેમજ પહેલાં શ્રમણ બન્યા હતા.

जैन साईट
JAINSITE

આ૦ વજ્રસ્વામીસૂરિએ આ૦ વજ્રસ્વામીની આજ્ઞા પ્રમાણે દક્ષિણમાંથી ઉત્તર તરફ વિહાર લંબાવ્યો, તેઓ સોપારક નગરમાં પધાર્યા. અહીં અનાજનો સખ્ત દુકાળ હતો, અહીંના શેઠ જિનદત્તે લાખ સોનૈયા ખરચી થોડા ચોખા મેળવ્યા હતા. એટલાથી તેના કુટુંબનો નિર્વાહ થાય તેમ ન હતો અને બીજા દિવસે ચોખા મળવાની આશા જ ન હતી. તેથી તેણે તે ચોખા રંધાવી તેમાં ઝેર ભેળવ્યું હતું અને તેને ખાઇ આખા કુટુંબે મરી જવું એવી વ્યવસ્થા કરી હતી. સદ્ભાગ્યે આ૦ વજ્રસેનસૂરિ તે દિવસે એજ સમયે ત્યાં ગોચરી માટે પધાર્યા. શેઠે ચોખામાં ઝેર ભેળવ્યું છે એમ જણાવ્યું અને આચાર્યશ્રીએ આ૦ વજ્રસ્વામીએ કહેલ ભવિષ્યવાણી પ્રમાણે દુકાળની અવધિ જાણી લીધી. તરત જ આચાર્યશ્રીએ શેઠને કહ્યું કે, શેઠજી! તમે આ ઝેર ખાશો નહીં. ગુરુજીની આજ્ઞા છે કે આવતી કાલે જ અહીં અનાજનો સુકાળ થશે. શેઠે હાથ જોડીને કહ્યું કે; પ્રભો! જો એમ થશે તો અમે સહકુટુંબ આપની પાસે દીક્ષા લેશું. બસ! બીજે દિવસ થયો, સવારે સમુદ્ર કાંઠે અનાજનાં વહાણો આવ્યાં અને સોપારક નગરમાં અનાજ અનાજ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

થઈ ગયું. પછી શેઠ જિનદત્ત, શેઠાણી ઈશ્વરી, પુત્રો—૧ નાગેન્દ્ર ૨ ચંદ્ર ૩ નિવૃતિ અને ૪ વિદ્યાધર એ દરેકે વીર સં. ૫૯૨ માં આ૦ વજ્રસ્વામી પાસે દીક્ષાનો સ્વીકાર કર્યો.

## મંદસોરમાં ત્રીજી આગમવાચના:

આ ભયંકર બારદુકાળીમાં ઘણા મુનિઓએ જ્યાં ત્યાં અનશન કરી સ્વર્ગગમન કર્યું હતું, જેથી ઘણા ગણો, કુલો અને વાચકવંશોનો વિચ્છેદ થઈ ગયો હતો. મુનિવરોની સંખ્યા પણ બહુ નાની થઈ ગઈ હતી. સુકાળ થતાં જ શ્રીસંઘે આગમરક્ષાનો પ્રશ્ન પહેલાં હાથમાં લીધો. આ સમયે શ્રીસંઘમાં વાચનાચાર્ય નંદિલસૂરિ, યુગપ્રધાન આ૦ રક્ષિતસૂરિ અને ગણાચાર્ય આ૦ વજ્રસેનસૂરિ પ્રધાન પ્રભાવકો હતા.

આ૦ રક્ષિતસૂરિ હા પૂર્વના જ્ઞાતા હતા, તેથી શરીરવિજ્ઞાન, મતિવિજ્ઞાન અને માનસવિજ્ઞાન વગેરેના ઊંડા જાણકાર હતા. તેમણે વિચાર્યું કે, એક તો પડતો કાળ છે બાર બાર વર્ષોનો દુકાળ પડવાથી શ્રુતજ્ઞાનમાં મોટો હ્રાસ થયો છે અને હવે કદાચ આવા એક બે દુકાળો પડે તો શ્રુતજ્ઞાનનો સર્વથા નાશ થશે એ સહેજે સમજી શકાય તેવું છે. બીજું સંહનનબળ પણ ઘટતું જાય છે. દુર્બલિકાપુષ્પમિત્ર જેવા બુદ્ધિવાન મુનિઓ પૂર્વધરે બન્યા પરંતુ દુબળા દુબળા જ રહે છે અને આગમોના એકેક અનુયોગ રાખવાની વિનતિ કરે છે ત્રીજું જિનઆગમનું પ્રત્યેક સૂત્ર અનંત અર્થોથી ભરેલું છે, ગંભીર છે, દરેક સૂત્રોમાં ઓછામાં ઓછા ૧ દ્રવ્ય, ૨, ચરણકરણ ૩, ગણિત અને ૪, ધર્મકથા—એ ચાર અનુયોગો તો છે જ. એ દરેકને ધારણ કરે એવી બુદ્ધિવાળા મુનિઓ થોડા છે. એટલે એ ચારે અનુયોગોની રક્ષા કરવા જતાં સૂત્રોની રક્ષા કરવી મુશ્કેલ થઈ પડશે. કદાચ વ્યાજના લોભે મૂડી નાશ પામે એવો અંદેશો રહે છે. ચોથું શ્રુતધરો સ્થવિર છે, વૃદ્ધ છે અને નાગેંદ્ર વગેરે મુનિઓ બિલકુલ નવા છે, તેઓને જલદી શ્રુતજ્ઞાન આપી દેવું જોઈએ તેમાં કાળ થોડો છે, કામ ઘણું છે વગેરે વગેરે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આ૦ રક્ષિતસૂરિએ ગંભીર વિચાર કર્યો, સમકાલીન પ્રભાવક આચાર્યોની સમ્મતિ લીધી. દરેક સૂત્રપાઠોનો એકેક પ્રધાન અર્થ કાયમ રાખી ગૌણ અર્થોને જતા કર્યા અને એ રીતે દરેક આગમોને ચાર અનુયોગમાં વહેંચી નાખ્યા.+ તે આ પ્રમાણે—

૧. દ્રવ્યાનુયોગ—દષ્ટિવાદ
૨. ચરણકરણાનુયોગ—૧૧ અંગો, છેદ સૂત્રો, મહાકલ્પ, ઉપાંગો, મૂળસૂત્ર,
૩ ગણિતાનુયોગ—સૂર્યપ્રજ્ઞપ્તિ, ચંદ્રપ્રજ્ઞપ્તિ,
૪. ધર્મકથાનુયોગ—ઋષિભાષિત, ઉત્તરાધ્યયન,

આ૦ રક્ષિતસૂરિએ વીર સં. ૫૯૨ લગભગમાં આ અનુયોગો જુદા પાડચા છે અને આગમોને ચિરંજીવ બનાવ્યા છે. આજે આ અનુયોગ પ્રમાણે જ આગમોનું અધ્યયન, અધ્યાપન થાય છે.

આ૦ નાગેન્દ્ર વગેરે થોડા વર્ષોમાં જ આગમના પારગામી બન્યા.

**ચાર કુલોની વાર્તા:**

'ઉપકેશગચ્છની પટ્ટાવલી'માં ઉલ્લેખ છે કે, શ્રમણસંઘનું સમ્મેલન કરી ચાર કુલોની સ્થાપના કરવામાં આવી, આ૦ યક્ષદેવસૂરિએ આ કાર્યને સફળ બનાવવા ઘણો પ્રયાસ કર્યો હતો અને તેઓ પોતે આ૦ કક્કસૂરિ અને આ૦ ઉદયવર્ધન વગેરે ચંદ્રકુળમાં દાખલ થયા હતા. આ ઉલ્લેખ ઉપરથી સમજી શકાય છે કે, બાર દુકાળીમાં ઘણા આચાર્યો કાલધર્મ પામ્યા પછી આ૦ નંદિલસૂરિ તથા આ૦ રક્ષિતસૂરિ પણ સ્વર્ગવાસી બન્યા, એટલે શ્રમણ સંઘને મજબૂત કરવાની અગત્યતા ઊભી થઇ હતી. આ૦ વજ્રસેને દરેક ગચ્છોના મુનિઓને એકત્રિત કરી નાગેન્દ્ર વગેરે કુલોની સ્થાપના કરી હતી. આ સમયે બીજા મુનિઓ પણ આ ચારે કુલોમાં જ ભળી ગયા હતા. આપણે ઉપર

+ દિગમ્બર ઇતિહાસ પણ કહે છે કે, આ૦ અર્હદ્બલીએ આગમોનું ચાર અનુયોગોમાં વિભાજન કર્યું. આ અર્હદ્બલી એ ગુણસૂચક નામ છે. સંભવ છે કે, આ૦ રક્ષિત કે આ૦ દુર્બલિકાપુષ્પ મિત્ર એનું બીજું નામ હશે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જોઈ ગયા કે, ઉપકેશગચ્છ ચંદ્રકુળમાં સામેલ થયો હતો, આ૦ પ્રભાચંદ્રસૂરિ લખે છે કે, પાલ્હિયગચ્છ ચંદ્રકુલમાં દાખલ મનાય છે; દિગમ્બર શિલાલેખો કહે છે કે, આ૦ ચંદ્રસૂરિથી શુદ્ધ મુનિવંશ ચાલ્યો છે. એટલે આ૦ કૃષ્ણ અને શિવભૂતિ ચંદ્રગચ્છમાં દાખલ હતા. જેસલમેરમાં પંચતીર્થીનો લેખ છે કે, સિદ્ધસેન-દિવાકરગચ્છ નાગેંદ્રકુલનું અંગ છે. એમ દરેક મુનિઓ ચારે કુળમાં જોડાઈ ગયા હતા. આ ઘટના વીર સં. ૬૦૬ લગભગમાં બનેલ છે. સમય જતાં આ ચાર કુલો ગચ્છરૂપે પણ જાહેર થયા છે. આ ચારે કુલોનો થોડોએક પરિચય નીચે આપીએ છીએ.

૧. નાગેંદ્રકુલ—આ૦ નાગેંદ્રસૂરિ આ૦ નંદિલસૂરિ પછી વાચનાચાર્ય બન્યા છે (પરિચય માટે જુઓ પૃ૦ ૧૮૪) તેમનાથી નાગેંદ્રકુળ નીકળ્યું. નાઈલીશાખા અને નાગેંદ્રગચ્છ એ તેનાં બીજાં નામો છે. આ ગચ્છમાં વલભીની વાચના કરનાર આ૦ નાગાર્જુન આ૦ભૂતદિન્ન, આ૦રાહુલ, તેમના શિષ્ય 'પઉમચરિય'કાર આ૦વિમલ, (સં૦ ૫૩૦) ગૂર્જરેશ્વર વનરાજ ચાવડાના ગુરુ આ૦શીલગુણસૂરિ, આ૦દેવેંદ્રસૂરિ, શ્રીશીલરુદ્રગણિ (શાકે ૬૧૦), પાર્શ્વિલ્લગણિ-(શાકે ૬૧૦) મહામાત્ય વસ્તુપાલના ગુરુ આ૦ વિજયસેન 'સ્યાદ્વાદમંજરી'કાર આ૦ મલ્લિષેણસૂરિ વગેરે અનેક થયા છે.

૨. ચંદ્રકુલ—આ૦ ચંદ્રસૂરિથી ચંદ્રકુલ નીકળ્યું, જેમાં વાદિવેતાલ આ૦ શાંતિસૂરિ, નવાંગીવૃત્તિકાર આ૦ અભયદેવસૂરિ, 'વાદમહાર્ણવ'કાર આ૦ અભયદેવસૂરિ વગેરે ઘણા આચાર્યો થયા છે. વિદ્યમાન દરેક ગચ્છો પણ ચંદ્રકુલની જ પરંપરાના છે.

૩. નિવૃત્તિકુલ—આ કુળમાં 'પુરિસચરિય'કાર આ૦વિમલમતિ, આ૦ગર્ગર્ષિ, સૂરાચાર્ય, આ૦ સિદ્ધર્ષિ, આ૦શીલાંકસૂરિ અને 'સમરરાસો'કાર આ૦ અંબદેવ વગેરે થયા છે.

૪. વિદ્યાધરકુલ—આ૦ વિદ્યાધરથી આ કુળ નીકળ્યું, જેમાં આ૦પાદલિપ્તસૂરિ, આ૦ નાગહસ્તિ, આ૦ કાલક, આ૦ વૃદ્ધવાદિજી, આ૦સિદ્ધસેન દિવાકર વગેરે થયા એમ 'પ્રભાવક-



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ચરિત્ર'માં લખ્યું છે. આ૦ હરિભદ્રસૂરિ પોતાના ગુરુજીને **विद्याधरकुलतिलक** તરીકે ઉલ્લેખે છે. સંગમસૂરિ નામના સિદ્ધ મુનીશ્વરે શત્રુંજય ઉપર વિ૦ સં૦ ૧૦૬૪ માં એક માસનું અનશન કર્યું હતું,* તેમને માટે પ્રાચીન પુંડરીકના શિલાલેખમાં **विद्याधर-कुलनभस्तलमृगांक** વિશેષણ આપ્યું છે.

વનરાજ ચાવડાના મંત્રી નીનાએ પાટણમાં વિદ્યાધરગચ્છમાં ભ૦આદીશ્વરનું દેરાસર બનાવ્યું હતું, તેના વંશજ મંત્રી નેઢના પુત્ર પ્રસિદ્ધ મંત્રીશ્વર વિમલના ભત્રીજા મહામાત્ય પૃથ્વીપાલે તેમાં મંડપ કરાવ્યો હતો, તેના પુત્ર ધનપાલની વિનતિથી નાગેન્દ્રગચ્છના આ૦ હરિભદ્રે સં૦૧૨૫૦ લગભગમાં 'ચંદ્રપ્રભ-ચરિત્ર' વગેરેની રચના કરી.

આ ચારે કુલના આચાર્યો એકરૂપે જ હતા, તેથી શાસનનાં ઘણાં કાર્યોમાં સાથે મળીને વ્યવસ્થા કરતા હતા. મંત્રીશ્વર વિમલે આબુ ઉપર વિમલવસહીમાં પ્રતિષ્ઠા કરાવી ત્યારે આ૦ ધર્મઘોષ વગેરે ચારે ગચ્છના આચાર્યો ત્યાં હાજર હતા. તે માટે લખ્યું છે કે,

**नागेन्द्रचन्द्रप्रमुखैः प्रथितप्रतिष्ठा।**

બીજો ઉલ્લેખ પણ મળે છે કે—

**चतुर्गच्छोद्भवैश्चतुर्भिराचार्यैः प्रतिष्ठा कृता** ઇત્યાદિ

આ૦ પ્રભાચંદ્રસૂરિ આ૦ નાગેંદ્રસૂરિ વગેરે માટે લખે છે કે, તે ચારે આચાર્યો ન્યૂન દશપૂર્વી થયા, તેઓના નામથી નીકળેલા

---

* આ૦ સંગમસિંહસૂરિ આ૦ હરિભદ્રસૂરિના ગ્રંથોના પ્રકાંડ અભ્યાસી હતા, આ૦ અભયદેવ તથા આ૦ અકલંકના ન્યાય ગ્રંથોના પ્રકાંડ પંડિત હતા, વ્યાકરણ, કાવ્ય અને અલંકારના ઉદ્ભટ વિદ્વાન હતા, વૈશેષિક, મીમાંસા અને ગૌતમ એ ત્રણેના તર્કના અભ્યાસી હતા અને સાંખ્ય તથા ભટ્ટપાદના મતને પણ જાણતા હતા, તેમજ મોટા કવિ હતા. તેમની પાટે મહાન વિદ્વાન આ૦ જયસિંહસૂરિ થયા. તેમના શિષ્ય યક્ષદેવે નાગપુર જઈ શાસ્ત્રાભ્યાસ કર્યો અને આ૦ હરિભદ્રસૂરિના પાંચ શ્લોક બનાવ્યા, જે પ્રસિદ્ધ છે.

( જૈન સત્ય પ્રકાશ, ક્રમાંક-૧૩૯ )

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ગ્રચ્છો આજે પણ જગતમાં જયવંતા છે. તે ચારે જૈનધર્મનો ઉદ્ધાર કરવામાં ધુરંધર હતા, તેઓની પ્રતિમાઓ આજે પણ સોપારક તીર્થમાં પૂજાય છે વગેરે. (પ્રભાવકચરિત્ર)

આ આચાર્યના સમયમાં આ૦ નંદિલ, આ૦ નાગહસ્તિ, આ૦ રક્ષિત, આ૦ દુર્બલિકાપુષ્પમિત્ર વગેરે થયા છે. સાતમા, આઠમા, નિહ્નવો નીકળ્યા છે, ઘણાં તીર્થો સ્થપાયાં છે અને ક્ષત્રપવંશી નહપાન રાજાથી વીર સંવત ૫૪૬ વિ. સં. ૧૩૬માં શકસંવત પ્રવર્ત્યો છે.

**આ૦ નંદિલ ક્ષમણ આ૦ નાગહસ્તિ :**

આ બન્ને આચાર્યોનાં ચરિત્રો વાચકવંશમાં આવી ગયાં છે

**આ૦ રક્ષિતસૂરિ આ૦ દુર્બલિકાપુષ્પમિત્ર :**

તેઓ ૧૯ મા યુગપ્રધાન છે, તેમનાં વીર સં. ૫૨૨ માં જન્મ, સં. ૫૪૪ માં દીક્ષા, સં. ૫૮૪ માં યુગપ્રધાનપદ અને ૭૫ વર્ષની ઉંમરે વી. સં. ૫૯૭ માં સ્વર્ગગમન થયાં છે. તેમણે યુ. આ. ભદ્રગુપ્તસૂરિને વી. સં. ૫૩૩માં નિર્યામણા કરાવી છે એ હિસાબે જોઈએ તો તેમનો વી. સં. ૫૦૨ માં જન્મ, સં. ૫૨૪ લગભગમાં દીક્ષા, અને એ રીતે ૯૫ વર્ષની ઉંમર માનવી પડે છે, જે ઠીક લાગે છે.

માલવાના દશપુર એટલે મંદસોરમાં રુદ્રસોમ પુરોહિત અને તેને રુદ્રસોમા પત્ની હતી. રુદ્રસોમ પોતે વિદ્વાન અને કર્મકાંડી બ્રાહ્મણ હતો, તેને રક્ષિત તથા ફલ્ગુ એમ બે પુત્રો હતા. પુરોહિતે રક્ષિતને પોતાનું જ્ઞાન આપ્યું અને પછી એની તેજ બુદ્ધિ જોઈને તેને પાટલિપુત્ર ભણવા મોકલ્યો રક્ષિત પણ ત્યાં ૧૨ વર્ષ રહી વ્યાકરણ, સાહિત્ય, ન્યાય, વેદ, પુરાણ અને ઈતિહાસ ભણી આચાર્ય થઈ ઘરે આવ્યો. રાજાએ પુરોહિતના પુત્રનાં ઘણા સત્કાર–સન્માન કર્યાં, પુત્ર માતા પાસે ગયો પરંતુ માતાએ બહુ હર્ષ બતાવ્યો નહીં. પુત્રે કારણ પૂછયું એટલે માતાએ જણાવ્યું કે બેટા ! તું જે ભણ્યો છે તે માત્ર સંસાર વધારનારી જ વિદ્યા છે, આત્મકલ્યાણ કરનારી જો કોઈ વિદ્યા હોય તો તે માત્ર દૃષ્ટિવાદનું જ્ઞાન જ છે, તેને તું ભણ્યો છે ?

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

રક્ષિતે કહ્યું: માતાજી! દૃષ્ટિવાદનું નામ જ મેં આજે સાંભળ્યું છે. હું તેને ભણ્યો નથી, હવે હું એ વિદ્યા જરૂર ભણીશ.

માતા બોલી: વત્સ! અહીં શેરડીના વાઢમાં આ૦ તોસલીપુત્ર વિરાજે છે, તેઓ તને તે વિદ્યા ભણાવશે. તું તેમની પાસે જજે.

પંડિત રક્ષિત બીજે દિવસે સવારે માતાની રજા લઈ આ૦ તોસલીપુત્ર પાસે જવા ચાલ્યો, તે જ વખતે તેનો મામો શેરડીના ૯।। સાંઠા લઈ સામે આવતો મળ્યો. ભાણેજે મામાને પ્રણામ કરીને કહ્યું: પધારો, મારાં માતુશ્રી અંદર છે, હું બહાર જાઉં છું. તેણે આ શુકનથી નક્કી કર્યું કે—મને ૯।। પૂર્વનું જ્ઞાન મળશે. પછી તે ઢઢ્ઢર નામના શ્રાવકની સાથે ઉપાશ્રયમાં ગયો અને તેણે તે શ્રાવકે જેમ કર્યું તેમ બધુંય વિધિવિધાન કર્યું.

આચાર્યશ્રીએ તેને પૂછ્યું કે, વત્સ! તું કોણ છે? આર્ય રક્ષિતે પોતાનો ટૂંકો પરિચય આપ્યો અને સાથોસાથ જણાવ્યું કે, મારી માતાએ મને આપની પાસે પૂર્વની વિદ્યા શીખવા મોકલ્યો છે.

જૈન સાઇટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

સૂરિજી બોલ્યા: એ માટે તો તારે મુનિ થવું પડશે.

રક્ષિતે ઉત્તર વાળ્યો કે જેમ થતું હોય એમ કરો, મને દીક્ષા આપો. મારે પૂર્વનું જ્ઞાન ભણવું છે.

આચાર્યશ્રીએ ગામ બહાર જઈ આ રક્ષિત પંડિતને દીક્ષા આપી. ઇતિહાસ કહે છે કે, જૈનશાસનમાં આ સૌથી પહેલી જ શિષ્યનિષ્ફેટિકા છે. એટલે કે રજા વિનાની પહેલવહેલી દીક્ષા આ જ થઈ છે.

આ૦ તોસલીપુત્રે મુનિ આર્ય રક્ષિતને શાસ્ત્રઅભ્યાસ કરાવ્યો અને પછી પૂર્વનું જ્ઞાન મેળવવા દૃષ્ટિવાદનો અભ્યાસ કરવા આ૦ વજ્રસ્વામી પાસે જવા આજ્ઞા આપી. આર્ય રક્ષિતજીએ પણ રસ્તામાં અવન્તીમાં આ૦ વજ્રસ્વામીના વિદ્યાગુરૂ આ૦ ભદ્રગુપ્તસૂરિનાં દર્શન કર્યાં અને તેમની ભાવના મુજબ વીર સં. ૫૩૩ માં

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તેમને અનશન કરાવી અંતિમ આરાધનાપૂર્વક સમાધિમૃત્યુ કરાવ્યું. આ૦ ભદ્રગુપ્તસૂરિએ આર્ય રક્ષિતને પહેલેથી જ સૂચના કરી હતી કે, વત્સ! સોપક્રમી આયુષ્યવાળો મુનિ આ૦ વજ્રસ્વામીની સાથે એક પણ રાત રહેશે તો તેમની સાથે જ મૃત્યુ પામશે, માટે તું આ૦ વજ્ર પાસે વિદ્યા ભણજે પણ તેમની સાથે ઊતરીશ નહીં અને રાતવાસો રહીશ નહીં. આર્ય રક્ષિતે વિનય કર્યો કે, પ્રભો! જેમ આપ કહો છો, તેમ કરીશ. પછી આ૦ ભદ્રગુપ્તસૂરિ સ્વર્ગે ગયા.

આર્ય રક્ષિતજી ત્યાંથી વિહાર કરી જ્યાં આ૦ વજ્રસ્વામી છે ત્યાં પહોંચ્યા અને જુદા ઉપાશ્રયમાં ઊતર્યા. આ૦ વજ્રસ્વામીને તે જ પરોઢિયે સ્વપ્ન આવ્યું કે, "મારા દૂધથી ભરેલા પાત્રમાંથી કોઈ અતિથિ આવી ઘણું પી ગયો. તેણે થોડું બાકી રાખ્યું." સૂરિજી જાગ્યા. તેમણે સ્વપ્નના આધારે નક્કી કર્યું કે, આજે કોઈ મુનિજી આવશે અને તે મારું પૂર્વશ્રુત ગ્રહણ કરશે. ત્યારબાદ થોડા વખત જતાં આર્ય રક્ષિતજી ત્યાં આવ્યા.

જૈન સાહિત્ય JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

તેમણે આવી વંદન કરીને જણાવ્યું કે, હું આ૦ તોસલીપુત્રની આજ્ઞાથી પૂર્વનું જ્ઞાન મેળવવા આપની પાસે આવ્યો છું. મેં રસ્તામાં આ૦ ભદ્રગુપ્તસૂરિને નિર્યામણા કરાવી છે અને તેમના કહેવાથી જ જુદા ઉપાશ્રયમાં ઊતર્યો છું તો મને કૃપા કરીને જ્ઞાનદાન કરો.

આ૦ વજ્રસ્વામીએ ઉપયોગથી જોયું કે 'આ વાત બરાબર છે, આ સુપાત્ર છે, આને પૂર્વનું જ્ઞાન આપવું સર્વથા ઉચિત છે.' આમ વિચારી તેમને વાંચના આપવી શરૂ કરી અને ૯ પૂર્વ સુધીનું જ્ઞાન ભણાવ્યું.

બીજી તરફ તેમનો નાનો ભાઈ ફલ્ગુરક્ષિત માતાપિતાના આગ્રહથી તેમને તેડવા આવ્યો. આર્ય રક્ષિતે તેને પણ દીક્ષા આપી અને આ૦ વજ્રસ્વામીજે પૂછયું કે, હવે દશમું પૂર્વ કેટલું

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

બાકી છે? સૂરિજીએ કહ્યું : વત્સ! હજી તો તું સમુદ્રમાં બિન્દુ જેટલું જ ભણ્યો છે.

આર્ય રક્ષિતને માતાપિતાના આગ્રહથી મંદસોર જવાની ઈચ્છા હતી, તેથી તેમનું મન વ્યગ્ર રહેવા લાગ્યું, આચાર્યશ્રીએ પણ જાણ્યું કે, આ મુનિ ૧૦ પૂર્વ નહીં ભણી શકે. દશમું પૂર્વ મારી સાથે જ વિચ્છેદ પામવાનું છે એમ જાણી તેમને ૯ાા પૂર્વ ભણાવી રજા આપી. મુનિ આર્ય રક્ષિત તથા મુનિ ફલ્ગુરક્ષિત મંદસોર આવ્યા અને પિતા, માતા, મામા, કાકા વગેરે સમસ્ત કુટુંબને ઉપદેશ આપી જૈન મુનિ બનાવ્યા. અને કાલક્રમે તેઓ પણ યુગપ્રધાન બન્યા.

આ આચાર્યને અનેક શિષ્યો હતા, તેમાંના કેટલાક શ્રતધર હતા, કેટલાએક લબ્ધિસંપન્ન હતા. જેમકે–

દુર્બલિકાપુષ્પમિત્ર—તે મંદસોરના વતની હતા, તેમના માતા, પિતા બૌદ્ધધર્મી હતા. તેણે આ૦ રક્ષિતસૂરિના ઉપદેશથી પ્રતિબોધ પામી જૈન દીક્ષા લીધી, અને પૂર્વશ્રુત સુધીનું જ્ઞાન પ્રાપ્ત કર્યું. તે જ્ઞાનના પઠન–પાઠનમાં એવા ઉદ્યમી રહેતા કે તેને શરીરનું ભાન જ રહેતું ન હતું. તેનું શરીર દુબળું દેખાતું હતું. એક વાર તેના કુટુંબીએ મુનિજીને આવા દુબળા–પાતળા જોઈ આચાર્યજીને પૂછયું કે, આ બહુ દુબળા કેમ રહે છે? આપ તેને સારો સાત્ત્વિક ખોરાક લેવાની મનાઈ કરતા હશો અથવા ખૂબ તપસ્યા કરાવતા હશો, એમ લાગે છે.

ગુરુજીએ કહ્યું કે, મહાનુભાવ! તેમને પૌષ્ટિક સારો આહાર જ આપીએ છીએ, ઘી પણ આપીએ છીએ પરંતુ રાત–દિવસના સતત અભ્યાસથી તે બધુંય બળી જાય છે.

કુટુમ્બીઓ આવી વાતથી માને એવા ન હતા. તેઓએ દુર્બલિકાપુષ્પમિત્રને પોતાને ઘેર લઈ જઈ ખૂબ આહાર કરાવ્યો અને પછી જોયું કે, સતત ભણવાના પરિશ્રમથી તે પચી જાય છે ત્યારે આખરે ભણવાનું બંધ કરાવી તે આહાર ચાલુ રાખ્યો ત્યારે જ તેમનું

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

શરીર ઠીક દેખાવા લાગ્યું. પછી તે મુનિજી કુટુમ્બીઓને પ્રતિબોધી ગુરુજી પાસે આવી ગયા.

આચાર્યશ્રીએ તેમને પોતાની પાટે સ્થાપ્યા. પોતાના બીજા શિષ્યોને બોલાવી જણાવ્યું કે, ઘડામાં ઘી નાખી પાછું કાઢીએ તો તે કંઈક ઘડામાં ચોંટી રહે છે એમ હું આર્યરક્ષિતથી સંલગ્ન છું માટે તેમને મારી પાટ આપતો નથી, ઘડામાં અડદ ભરી તેને ઠાલવીએ તો બધાય અડદ બહાર નીકળી જાય છે, તેમાં ચોંટી રહેતા નથી તેમ હું આર્ય દુર્બલિકાપુષ્પમિત્રથી નિર્લેપ છું અને તે પણ સૂરિપદને યોગ્ય છે માટે હું તેને સૂરિપદ આપું છું. વળી, દુર્બલિકાપુષ્પમિત્રને પણ કહ્યું કે, તમો દરેકની સાથે મારી જેવો વ્યવહાર રાખજો. આ પ્રમાણે કહી તેમને આચાર્ય બનાવ્યા. આ આચાર્ય પૂર્વધર અને તે સમયના યુગપ્રધાન છે.

**આર્યફલ્ગુરક્ષિત**–મહાજ્ઞાની પૂર્વધર હતા.

**વિંધ્યમુનિ**–તે મહાજ્ઞાની પૂર્વધર હતા.

**ગોષ્ઠામાહિલ**–તે મહાજ્ઞાની પૂર્વધર હતા. તેણે મથુરામાં નાસ્તિકવાદીને હરાવ્યો હતો, પરંતુ પાછળથી તે પોતે જ નિહ્નવ થયા છે.

**ઘૃતપુષ્યમિત્ર**–તેઓ મુનિઓની ભક્તિ માટે લબ્ધિથી ઘી વહોરી લાવતા હતા.

**વસ્ત્રપુષ્યમિત્ર**–તેઓ લબ્ધિથી વસ્ત્ર વહોરી લાવતા.

**ચાર અનુયોગ**–આ૦ શ્રીરક્ષિતસૂરિજીએ પડતો કાળ, સંહનનની મંદતા અને બુદ્ધિનો હ્રાસ વગેરે વિચારી શિષ્યોની વિનતિથી ચાર અનુયોગ જુદા પાડી આગમોને ચારે અનુયોગોમાં વહેંચી નાખ્યા, જે આજે પણ જુદા જ છે. તેમણે અનુયોગ કર્યા ત્યારે કાલિકશ્રુતમાં પોતાના સમય સુધીની પ્રસિદ્ધ ઐતિહાસિક ઘટનાઓ અને મતમતાંતરોને દાખલ કર્યા છે, પાછળથી તેમના શિષ્યોએ તેમની પ્રશંસાના પાઠો પણ તેમાં જોડી દીધા છે. જેમકે–

"जावंत अज्जवइरा, अपुहुत्तं कालिआणुओगस्स।
तेणारेण पुहुत्तं, कालिअसूइ दिट्ठिवाए अ ॥७६३॥

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

देविंदवंदिएहिं, महाणुभावेहिं रक्खिअअज्जेहिं।"
जुगमासज्ज विहत्तो, अणुओगो ता कओ चउहा ॥७७४॥
( आवस्सय-णिज्जुत्ति )

જેમ શ્યામાચાર્યના ચરિત્રમાં સૌધર્મેન્દ્રે સીમંધરસ્વામીને ભરતક્ષેત્રના નિગોદના વ્યાખ્યાતા માટે પૂછ્યું અને શ્યામાચાર્યનું નામ સાંભળી ત્યાં આવી તેમની પરીક્ષા કરી વંદન કરી ઉપાશ્રયનો દરવાજો બદલી સ્વર્ગગમન કર્યું ઇત્યાદિ વર્ણન આવે છે એ જ વસ્તુવર્ણન આ૦ રક્ષિતસૂરિજીના ચરિત્રમાં પણ છે. સારાંશ એ છે કે, આ આચાર્ય દ્રવ્યાનુયોગના સંપૂર્ણ જ્ઞાતા હતા.

તેઓ વી૦ સં૦ ૫૯૭માં મંદસોરમાં અનશન કરી સ્વર્ગવાસી થયા.

## સાતમો નિન્હવ ગોષ્ઠામાહિલ:

વીર સં. ૫૮૪માં ગોષ્ઠામાહિલ સાતમો નિહ્નવ થયો.

તે આર્ય રક્ષિતજીનો શિષ્ય હતો. તેણે આઠમા કર્મપ્રવાદ પૂર્વના અધિકારમાં "કર્મ જીવાત્માની સાથે ક્ષીરનીર અને લોહાગ્નિની જેમ મળી જાય છે" તેને બદલે "કર્મ સાંપની કાંચળી અને બાળકની કાનટોપીની જેમ આત્મપ્રદેશની ઉપર લાગી જાય છે." એવું નિરૂપણ કર્યું, તથા નવમા પ્રત્યાખ્યાનપ્રવાદ પૂર્વના અધિકારમાં સાધુઓ જાવજ્જીવનું સામાયિક ઉચરે છે, તેમાં જીવનની છેલ્લી ઘડીએ ભોગની વાંચ્છા થઈ આવે છે, એમ વાંચ્છા દોષ બતાવી જાવજ્જીવ પચખ્ખાણની મના કરી. નવો અબદ્ધિક મત ચલાવ્યો. આ૦ શ્રીદુર્બલિકાપુષ્પે તેને સમજાવ્યો અને શ્રીસંઘે અઠ્ઠમ તપ કરી, શાસનદેવી મોકલી, ભ૦ સીમંધરસ્વામી પાસેથી ખુલાસો મેળવી, ગોષ્ઠામાહિલને પોતાની ભૂલ સુધારવા જણાવ્યું પરંતુ તે એકનો બે થયો નહીં. દુર્બલિકાપુષ્પ કંઈ જાણતા નથી, અને દેવી જૂઠી છે, ભગવાન એવું કહેવરાવે જ નહીં ઇત્યાદિ કહી તેણે પોતાનો કદાગ્રહ છોડ્યો નહીં. શ્રીસંઘે પણ તેને સંઘ બહાર કર્યો, અને તેનો મત પણ થોડાં વર્ષ સુધી ચાલ્યા પછી અંતે દિગંબર મતમાં ભળી ગયો.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**આઠમો નિહ્નવ શિવભૂતિ :**

વીર સં૦ ૬૦૯ માં આઠમો નિહ્નવ શિવભૂતિ થયેલ છે. તે આ૦ કૃષ્ણઋષિનો શિષ્ય હતો.

ભગવાન મહાવીરસ્વામી થયા તે પહેલાં જૈન મુનિઓ વિવિધ રંગનાં વસ્ત્રો પહેરતા હતા. ભ૦ મહાવીરસ્વામીએ તેમાં મર્યાદા બાંધી કે, 'જૈન મુનિઓએ વિવિધ રંગી વસ્ત્ર પહેરવાં નહીં, માત્ર સાદાં અને સફેદ વસ્ત્ર પહેરવાં, અગર નગ્ન રહેવું.' ત્યારથી જિનકલ્પી અને સ્થવિરકલ્પી એ દરેક મુનિઓ વસ્ત્રધારી બની રહેતા અને નગ્ન પણ રહેતા હતા.

બૌદ્ધ 'ત્રિપિટક' શાસ્ત્ર 'મજ્જિમનિકાય'માં આજીવક મતની ૬ અભિજાતિઓ નીચે મુજબ ગણાવી છે:

૧. કૃષ્ણાભિજાતિ—ક્રૂરમનુષ્ય.
૨. નીલાભિજાતિ—ભિક્ષુ, બૌદ્ધ ભિક્ષુ
૩. લોહિત્યાભિજાતિ—જૈનમુનિ, કે જેઓ નિરંતર ચોળપટ્ટો પહેરે છે.
૪. હરિદ્રાભિજાતિ—આજીવકનસ ગૃહસ્થી, એલક.
૫. શુક્લાભિજાતિ—નગ્ન આજીવક સાધુ, સાધ્વી.
૬. પરમશુક્લાભિજાતિ—આજીવક ધર્માચાર્યો નંદવત્સ, કિસસંકિચ્ચ અને મંખલીગોશાળ વગેરે.

(એન્સાઈક્લોપીડિયા ઑફ રિલિજિયન્સ એન્ડ એથિકસ, વો. ૧ પૃ. ૨૫૯ 'આજીવક' લેખ.)

તેમાં લોહિત્યાભિજાતિનો પરિચય કરાવ્યો છે કેઃ—

**लोहित्याभिजाति नाम "निग्गंथा" "एकसाटिक" इति वदन्ति।**

અર્થાતઃ—લોહિત્યાભિજાતિ એટલે વસ્ત્રધારી નિર્ગ્રંથો.

સારું વાત એ છે કે જૈન શ્રમણો વસ્ત્રધારી હતા અને ત્યારે જૈનોમાં વસ્ત્રવિષયક કોઈ જાતનો વિચારભેદ ન હતો. જૈન દર્શન અનેકાંત દર્શન છે. એટલે તેમાં વસ્ત્ર હોય કે ન હોય, આવી ક્ષુલ્લક વાતોનો એકાંત આગ્રહ હોય જ શાનો?



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જૈન સાધુ એટલે ચારિત્રની મૂર્તિ યાને સર્વોચ્ચ જીવન આ વાસ્તવિક સિદ્ધાંતને સામે રાખી બન્ને કોટિના મુનિઓ જૈન ધર્મનો એકધારો પ્રચાર કર્યે જતા હતા. છ સૈકા સુધી તો બરાબર એમ ચાલ્યું પરંતુ આ ઉત્કર્ષને મોહરાજા કેમ સાંખી શકે ? તેણે એકાએક એક કાળ ચોઘડિયે જૈનધર્મમાં એક નાનીશી ચિનગારી ચાંપી દીધી એથી જૈનધર્મને એકદમ એક મોટો આંચકો લાગ્યો, પરિણામે જૈનોના બે ટુકડા પડયા જે આજ સુધી સંધાયા નથી. આ આખીય પરિસ્થિતિનો આદિ પુરુષ મુનિ શિવભૂતિ યાને ભૂતબલિજી છે.

શિવભૂતિજી, તે રથવીરનગરનો સાહસિક બળવાન અને રાજમાન્ય પુરુષ હતો, તેણે આ૦ કૃષ્ણઋષિ પાસે દીક્ષા લીધી. એક દિવસે ત્યાંના રાજાએ તેને રત્નકંબલ વહોરાવી. તેણે પણ રત્નકંબલને ન વાપરતાં મોહભાવથી બાંધી રાખી. ગુરુમહારાજે તેને મમતા છોડવા શિખામણ આપી પરંતુ તે વાત તેને ગળે ઊતરી નહિ, એટલે એક દિવસે ગુરુએ તેની ગેરહાજરીમાં તે રત્નકંબલના ટુકડાઓ કરી મુનિઓને વહેંચી દીધા અને શિવભૂતિજી આવતાં તેને પણ જણાવી દીધું કે મહાનુભાવ! શરીર, વસ્ત્ર, મુહપત્તિ, રજોહરણ, પાત્રાં વગેરે જીવરક્ષાનાં અને સંયમનિર્વાહનાં સાધનો છે. તેમાં મમતા હોવી ન જોઈએ. મમતા થવાથી તે પરિગ્રહ બની જાય છે. આ પરિગ્રહના દોષમાંથી બચવા માટે મુનિઓએ સંયમનિર્વાહનાં સાધનોને રાખવા છતાં તેમાં અલિપ્ત બની રહેવું જોઈએ, મુનિઓએ ઉપકરણમાં મૂર્છા આસક્તિ રાખવી ન જોઇએ. ભાગ્યશાળી! તમે ઘર છોડયું, બાર છોડયું, ઋદ્ધિ છોડી, રાજસન્માન છોડયું અને સાધુ બન્યા છો. આવા સમજદાર થઈને એક મામૂલી ચીજમાં આસક્તિ રાખો, એ તમને શોભતું નથી. આવી મમતાને તમારે ફગાવી દેવી જોઇએ. મેં તમોને પરિગ્રહના બંધનથી છૂટા રાખવા તમારી રત્નકંબલ ટુકડા કરી મુનિઓને વહેંચી દીધી છે. તમે મુનિભક્તિની અનુમોદના કરજો અને ફરીવાર મમતાનો પ્રસંગ ન આવે તેમ સાવચેત રહેજો.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

શિવભૂતિને આ ઉપદેશ રુચ્યો નહીં, તેને પોતાની રત્નકંબલ જવાથી ગુસ્સો આવ્યો, તેણે મોહના આવેશમાં આવી જણાવ્યું કે, તો તો વસ્ત્રપાત્ર રાખવાં એ જ મહાન પાપ છે. મુનિએ નગ્ન જ રહેવું જોઈએ, અને જિનકલ્પી દશામાંજ રહેવું જોઈએ.

ગુરુમહારાજે જણાવ્યું કે, મુનિજી! જિનકલ્પી બનવા માટે તો નવ પૂર્વથી અધિક જ્ઞાન જોઇએ, જે પૈકીનું અત્યારે આપણામાં કંઈ જ નથી આજકાલના માનવી માટે તો એ માર્ગ માત્ર એક આદર્શ રૂપ જ છે, કદાચ કોઈ મુનિ નગ્ન રહેવા માત્રથી પોતાને જિન-કલ્પી તરીકે જાહેર કરે તો તે જિનકલ્પીનું અપમાન કરે છે, મુનિ નગ્ન થવા માત્રથી જિનકલ્પી બની જતો નથી. વળી, જિન-કલ્પી વસ્ત્રવાળા અને પાત્રવાળા પણ હોય છે. સાચી વાત એ છે કે મુનિએ વસ્ત્ર, રજોહરણ, પાત્ર વગેરેમાં આસક્તિ રાખવી ન જોઈએ એટલે નગ્ન રહેવાની કંઈ જરૂર નથી.

આચાર્યની આ વાત શિવભૂતિને ગળે ઉતરી નહીં. તેણે આ નાનકડી વાતને મોટું રૂપ આપ્યું અને વસ્ત્ર, પાત્ર છોડી સમુદાયથી અલગ પડી બોટિક નામે પોતાનો નવો મત ચલાવ્યો. તેને બે શિષ્યો થયા: ૧. કોડિન્ય અને ૨. કોટ્ટવીર.

શરૂમાં આ મતમાં માત્ર નગ્ન રહેવા પૂરતો જ મતભેદ હતો, બીજો કોઈ દેખાતો મતભેદ ન હતો.

આ ઘટના દિગમ્બરાચાર્ય દેવસેનના ઉલ્લેખ પ્રમાણે વીર સં. ૬૦૬ માં અને શ્વેતાંબરીય ઉલ્લેખ પ્રમાણે વીર સં. ૬૦૯ માં બનેલ છે.

ભગવાનના શાસનમાં આ આઠમો નિહ્નવ છે.

## દિગમ્બર મતની ઉત્પત્તિ અને ઇતિહાસ

આજીવક, ત્રૈરાશિક, અબદ્ધિક અને બોટિક મુનિઓએ સ્વતંત્ર એકમ રચી, વીર સં. ૬૦૬ થી દિગમ્બરમત ચલાવ્યો છે અને

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ત્યારથી જૈન સંઘ શ્વેતાંબર અને દિગમ્બર એવા બે ભાગમાં વહેંચાઇ ગયો છે. જો કે આ વિભાગ ન પડે તે માટે તત્કાલીન આચાર્યોએ ભરસક પ્રયત્ન કર્યો છે, આ૦ શ્રીસમન્તભદ્ર-સૂરિજીએ તો નગ્નતાના પક્ષમાં વનવાસ સ્વીકાર્યો છે, બીજા પણ પ્રયત્ન થયા છે પરંતુ તેમાં કંઇ જ સફળતા મળી નથી અને એ બે વિભાગો પડયા, જે આજ સુધી વિદ્યમાન છે.

દિગમ્બર મત તે ચાર વર્ગના મુનિઓના જૂથરૂપે છે. તેથી આ મતમાં ચારેની માન્યતાઓને પણ વિકલ્પે સ્થાન આપવામાં આવ્યું છે. જેમકે—

૧. આજીવક મતનાં ૧. શીતોદકગ્રહણ, ૨. સચિત્ત સ્પર્શવાળું ભોજનગ્રહણ, ૩. નગ્નતા અને ૪ સોનો સ્પર્શ, દિગમ્બર મુનિઓમાં પણ મળે છે.

૨. દિગમ્બરોમાં ૭ આવશ્યકમાં પચ્ચક્ખાણને સ્થાને કૃતિકર્મ તેમજ સ્વાધ્યાય દાખલ કરવામાં આવ્યા છે, તે અબદ્ધિક મતને આભારી છે.

૩. ‘પુણ્યાશ્રાવક કથાકોષ’ના કર્તા પદ્મનંદિ પોતાને ત્રિરાશિક હોવાનું સ્પષ્ટ કરે છે. એટલે કે ત્રિરાશિક મત દિગમ્બર મતમાં ભળી ગયો છે. (પ્રશસ્તિ, શ્લોક ૪થો)

દિગમ્બરોએ શરૂમાં ૧૨ અંગો, ૧થી ૬ આવશ્યક, ૭ દશવૈકાલિક, ૮ ઉત્તરાધ્યયન, ૯ કલ્પવ્યવહાર, ૧૦ કલ્પાકલ્પ, ૧૧ મહાકલ્પ ૧૨ પુંડરીક ૧૩ મહાપુંડરીક અને ૧૪ નિશીથસૂત્રને આગમ તરીકે અપનાવેલ છે. તેના ઉપર વિવરણગ્રંથો પણ બનાવેલ છે. વિક્રમની નવમી સદીમાં આ૦ અપરાજિતસૂરિએ બનાવેલ વિજયોદયામાં સ્વરચિત ‘દશવૈકાલિક સૂત્ર’ની શ્રીવિજયા ટીકાનો ઉલ્લેખ અને ‘આચારાંગ, સૂત્રકૃતાંગભાષ્ય, દશવૈકાલિક ઉત્તરાધ્યયન તથા બૃહત્કલ્પસૂત્ર’ના સાક્ષીપાઠો મળે છે. સંભવ છે કે દિગમ્બર સમાજમાં ‘જયધવલા’ના રચનાકાળ સુધી ઉક્ત આગમોનું આપ્તાગમ તરીકે સ્થાન હતું.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વળી આ૦ શિવભૂતિજીનાં શિવગુપ્ત, શિવદત્ત, ભૂતપતિ અને ભૂતબલિ એ બીજાં નામો છે.* તેણે ગિરનારવાસી આગ્રાયણી પૂર્વની પાંચમી વસ્તુના ચોથા મહાપ્રાભૃતના જાણકાર આ૦ **ધરસેનસૂરિ** પાસે શ્રુતજ્ઞાન ભણી, મોટો વિહાર કરી દ્રવિડ **મથુરામાં** પહોંચી, જીવસ્થાન, ક્ષુલ્લકબંધ, બન્ધસ્વામિત્વ, ભાવખંડ, વેદનાખંડ અને મહાબંધ એમ 'છ-ખંડ' શાસ્ત્ર બનાવ્યું. અને શ્રીસંઘ મેળવી જેઠ સુદિ ૫ના દિવસે પુસ્તકારૂઢ કર્યું. તેની ઉપર નાની મોટી ઘણી ટીકાઓ બની છે. છેલ્લે આ૦ **વીરસેને** વિક્રમની નવમી સદીના પૂર્વાર્ધમાં આ છ-ખંડ આગમ ઉપર સંસ્કૃ પ્રાકૃતમાં ૭૨૦૦૦ શ્લોકપ્રમાણ **ધવલા** તથા પાંચમા પૂર્વના ધારક શ્વેતાંબર આ૦ **ગુણધરસૂરિના** 'કષાયપ્રાભૃત, દોષપ્રા ત' મૂળગાથા ૧૮૩ના વિવરણ ઉપર ૨૦૦૦૦ શ્લોકપ્રમાણ **જયધવલા** રચી છે અને તેના જ શિષ્ય આ૦ **જયસેને** જયધવલામાં ૪૦૦૦૦ શ્લોકપ્રમાણ પૂરવણી વધારી દિગમ્બર સમાજ માટે મહાન **ધવલશાસ્ત્ર** તૈયાર કરેલ છે.

આ૦ કોંડિન્ન તે મૂળ કુંડપુરના વતની હતા, તેથી કોંડિન્ય કહેવાય છે. તેનું સંસ્કૃત નામ કોંડકોંડિન્ય, કોન્ડકુન્ય અને કુન્દકુન્દ છે. તેનાં બીજાં નામો પદ્મનંદિ, એલાચાર્ય, વક્રગ્રીવ અને ગૃદ્ધપિચ્છ છે દિગમ્બર ઇતિહાસમાં તેમની ગુરુપરંપરા અને શિષ્યપરંપરા માટે કોઈ એકમત નથી. પરંતુ તેમણે દિવ્ય જ્ઞાનથી **નવો માર્ગ** પ્રકાશ્યો, એ માન્યતામાં દિગમ્બર ઇતિહાસનો એક મત છે. (દર્શનસાર, ગા. ૪૩)

---

***मुनिश्च ज्ञेयः शिवगुप्तिसंज्ञितः ॥**
(આ૦ જિનસેનનું 'હરિવંશપુરાણ' સ૦ ૬૬, શ્લોક૦ ૨૫ શાકે ૭૦૫)

ભૂતોએ **ભૂતપતિ** નામ આપ્યું, બીજું નામ ભૂતબલિ, ભૂતબલિએ જે૦ શુ૦ ૫ છખંડને પુસ્તકરૂપે લખ્યો.

(આ૦ ઇંદ્રનંદિનો શ્રુતાવતાર, શ્લોક૦ ૧૨૮, ૧૩૪ થી ૧૪૪,)

**શિવદત્ત** (સૂઅખંધો ગા૦ ૭૭, બીજો શ્રુતાવતાર શ્લોક૦ ૮૪, ૧૨૮)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તેમણે 'સમયસાર, ષટ્પ્રાભૃત' વગેરે ઘણા પ્રાભૃત ગ્રંથો બનાવ્યા છે. વિક્રમની દશમી સદીમાં તેની ઉપર ટીકાઓ રચાઈ છે.

આ૦ કોટ્ટવીરનાં બીજાં નામો કોટિ અને શિવકોટિ વગેરે છે. તેમણે 'ભગવતીઆરાધના' બનાવેલ છે, જેમાં 'આચારાંગ સૂત્ર, જીતકલ્પ, બૃહતકલ્પભાષ્ય, વ્યવહાર અને નિર્યુક્તિ'ના ઘણા સાક્ષી પાઠો છે. આ૦ શિવકોટિજી ઉપલબ્ધ જિનઆગમોને બહુ જ વફાદાર રહ્યા છે. 'ભગવતીઆરાધના' ઉપર આ૦ અપરાજિતસૂરિએ વિજયોદયા ટીકા કરેલી છે.

આ ઉપરાંત વનવાસીગચ્છના આદ્યાચાર્ય શ્રીસમન્તભદ્રસૂરિ ઉચ્ચાનાગરશાખાના વાચક શ્રીઉમાસ્વામીજી અને આ૦ સિદ્ધસેન દિવાકરજી વગેરેના ગ્રંથોને પણ દિગમ્બર સંઘે પૂરા પ્રેમથી અપનાવ્યા છે અને વિકસાવ્યા છે.

વિક્રમની નવમી સદી પછી તો દિગમ્બર સાહિત્ય ખૂબ જ વૃદ્ધિને પામ્યું છે.

શ્વેતામ્બર અને દિગમ્બરના મતભેદનું મૂળ અંબર છે, જે તે બન્નેનાં નામોની પાછળ જોડાઈ વધુ અમર બન્યું છે. વસ્તુતઃ દિગમ્બર સંપ્રદાયે શરૂમાં માત્ર 'મુનિ વસ્ત્ર ન ધારે' એટલો જ મતભેદ ઉઠાવ્યો, ત્યાર પછી સ્ત્રી નગ્ન રહી શકે જ નહીં, અને વસ્ત્ર ધારે તો તેણીને મુનિપણું હોય નહિ; આ નિયમે 'સ્ત્રીને ચારિત્ર અને છેવટે મોક્ષ નથી' એમ જાહેર કર્યું, સાથોસાથ વસ્ત્ર વિના પાત્ર રહે નહીં, પાત્ર વિના આહાર લાવી શકાય નહીં. અને આહાર લાવ્યા વિના તીર્થંકર ભગવાન આહાર કરી શકે નહીં. આ બધી સમસ્યાનો 'કેવલી ભગવાનને આહાર ન હોય' એવો નિર્ણય જાહેર કરી સરળ ફેંસલ કરી નાંખ્યો.

એટલે મુનિવસ્ત્રની પાછળ સ્ત્રીમુક્તિ અને કેવલિભુક્તિનો મતભેદ ઊભો થયો. તેમજ એક ઝઘડો સો ઝઘડાને નોંતરે એ કહેવત પ્રમાણે સમય જતાં તેમાંથી ઘણા મતભેદોનો જન્મ થયો છે.

એકંદરે દિગમ્બર આચાર્યોએ નગ્નતાની રક્ષા માટે વસ્ત્ર,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પાત્ર, ઉપકરણ, ઉપધિ, કેવલિઆહાર, તીર્થંકરોનાં દ્રવ્યશરીર, દ્રવ્યવચન, દ્રવ્યમન, સાક્ષરીવાણી, શૂદ્રમુક્તિ, ગૃહસ્થમુક્તિ, અન્યલિંગમુક્તિ, સ્ત્રીદીક્ષા, સ્ત્રીમુક્તિ, મલ્લિ તીર્થંકરી, તીર્થંકરની પુત્રી વગેરે વગેરે ઘણી ઘટનાઓનો નિષેધ કર્યો છે અને પોતાના શાસ્ત્રમાં તે જ કિલ્લેબંધીને વધુમાં વધુ મજબુત કરી છે.

છતાંય ન્યાયને ખાતર કહેવું જોઇએ કે દિગમ્બર વિદ્વાનોએ પોતાની વિરોધી પરંતુ સત્ય વાતોને પણ ક્યાંક ક્યાંક જાહેર કરી દીધી છે. અર્થાત્ દિગમ્બર મતમાં નિષેધેલ મુનિઓની ઉપાધિ કેવલિભુક્તિ અને સ્ત્રીમુક્તિના પોષક પાઠો પણ દિગમ્બર શાસ્ત્રોમાં છે, જે પૈકીના થોડાએક નમૂના નીચે મુજબ છે:

**મુનિઉપધિ વસ્ત્ર અને પાત્રના પ્રમાણુપાઠો**

अप्पडिकुट्ठं उवधिं अपत्थणिज्जं असंजदजणेहिं ।
मुच्छादिजणणरहिदं गेण्हदु समणो यदि वि अप्पं ॥२२॥
आहारे व विहारे, देसं कालं समं खमां उपधिं ।
जाणित्ता ते समणो, वट्टदि जदि अप्पलेवी सो ॥३०॥
(આ૦ કુન્દકુન્દ-પ્રવચનસાર)

सेवहि चउविहलिंगं, अब्भिंतरलिंगसुद्धिमावण्णो ।
बाहिर लिंगमकज्जं, होइ फुडं भावरहियाणं ॥१०९॥
(આ૦ કુંદકુંદકૃત-ભાવપ્રાભૃત ગા. ૧૦૯)

ववहारओ पुण णओ, दोण्णि वि लिंगाणि भणदि मोक्खपहे ।
णिच्छयणओ दु णिच्छदि, मोक्खपहे सव्वलिंगाणि ॥
(આ૦ કુંદકુંદકૃત-સમયપ્રાભૃત ગા. ૪૪૪)

पिंडं उवधिं सेज्जं; उग्गम उप्पाद णेसणादीहिं ।
चरित्तरक्खणट्ठं, सोधितो होइ सुचरित्तो ॥२९३॥
(ભગવતીઆરાધના ગા. ૨૯૩ પૃ૦ ૧૪૪)

पिंडोवधिसेज्जाओ, अविसोधिय जो य भुंजदे समणो ।
मूलट्ठाणं पत्तो, भुवणेसु हवे समणपोल्लो ॥२५॥
फासुगदाणं फासुगमुवधिं तह दोवि अत्तसोधीए ।
देदि जो य गिण्हदि, दोण्हंपि महप्फलं होइ ॥४५॥
(આ૦ વટ્ટકેર-મૂલાચાર, પરિચ્છેદ ૧૦.)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

"कम्बलादिकं गृहीत्वा न प्रक्षालन्ते"
(તત્ત્વાર્થ-શ્રુતસાગરી ટીકા અ. ૯ સૂત્ર ૪,)

तपःपर्यायशरीरसहकारिभूतमन्नपानसंयमशौचज्ञानोपकरण-तृणमयप्रावरणादिकं किमपि गृह्णाति, तथापि ममत्वं न करोति ।
(બ્રહ્મદેવકૃત- પરમાત્મપ્રકાશ ગા. ૨૧૬ પૃ. ૨૩૨ )

"मृदुवस्त्रेण" कदाचित्तथा क्रियते निक्षेपणा नाम्नी पंचमी समितिर्भवति ॥
(ચારિત્રપ્રાભૃત ગા. ૩૬ શ્રુતસાગરી )

शय्यासनोपधानानि, शास्त्रोपकरणानि च ।
पूर्वं सम्यक् समालोच्य, प्रतिलिख्य पुनः पुनः ॥१२॥
( આ૦ શુભચન્દ્ર કૃત જ્ઞાનાર્ણવ અ૦ ૮ )

शय्योपध्यालोचनान्नवैयावृत्येषु पंचधा ।
शुद्धिः स्यात् दृष्टिधीवृत्तविनयावश्यकेषु वा ॥४२॥
विवेकोऽक्षकषायांग-भक्तोपधिषु पंचधा ।
स्यात् शय्योपधिकायान्नवैयावृत्यकरेषु वा ॥२१७॥
( પં૦ આશાધરકૃત સાગારધર્મામૃત અ૦ ૮. સં. ૧૨૯૬ )

साक्षान्नग्नः स विज्ञेयो, दश नग्नाः प्रकीर्तिताः ॥२३॥
( ભટ્ટારક સોમસેનકૃત—ત્રિવર્ણાચાર અ૦ ૩. સં. ૧૬૬૫ )

ममत्तिं परिवज्जामि, णिम्ममत्तिमुवट्ठिदो ॥ ५७ ॥
भावो कारणभूदो सायाराऽणयारभूदाणं ॥ ६६ ॥
णग्गो पावइ दुक्खं, णग्गो संसारसायरे भमई ।
णग्गो ण लहइ बोहीं जिणभावेण वज्जिओ सुइरं ॥ ६८ ॥

भावसहिदो मुणिणो, पावइ आराहणाचउक्कं च ।
भावरहिदो य मुनिवर भमइ चिरं दीहसंसारे ॥ ९९ ।
( આ૦ કુંદકુંદકૃત-ભાવપ્રાભૃત )

लिङ्गं देहाश्रितं दृष्टं देह एवात्मनो भवः ।
न मुच्यन्ते भवात् तस्मात् ते ये लिङ्गकृताग्रहाः ॥ ८७ ॥
जातिर्देहाश्रिता दृष्टा ॥ ८८ ॥

Jain Site .com जैनम् जयति शासनम्
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

जातिलिंगविकल्पेन, येषां च समयाग्रहः ॥
ते न आप्नुवन्त्येव, परमं पदमात्मनः ॥ ८९ ॥
( આ૦ પૂજ્યપાદકૃત સમાધિશતક )

संघो को वि न तारइ, कट्ठो मूलो तहेव निप्पिच्छो ।
अप्पा तारइ तम्हा, अप्पा चेव झायव्वो ॥
( આ૦ અમૃતચંદ્રકૃત શ્રાવકાચાર )

जो घर त्यागी कहावे जोगी, घरवासी कहैं कहैं जूं भोगी।
अंतर भाव न परखे जोई, गोरख बोले मूरख सोई ।
( बनारसीविलास पृ० २९९ )

अयसाण भायणेण य, किं ते णग्गेण पावमलिणेण ।
पेसुण्ण-हास-मच्छर-माया बहुलेण सवणेण ॥ ६९ ॥

वनेऽपि दोषाः प्रभवन्ति रागिणां, गृहेऽपि पञ्चेन्द्रियनिग्रहस्तपः ।
अकुत्सिते वर्त्मनि यः प्रवर्तते, विमुक्तरागस्य गृहं तपोवनम् ॥
(આ૦ કુંદકુંદકૃત ભાવપ્રાભૃત, ગા. ૬૯, શ્રુતસાગરી પૃ૦ ૨૧૩ )

धात्रीबाला-ऽसतीनाथ-पद्मिनीदलवारिवत् ।
दग्धरज्जुवदाभासं भुञ्जन् राज्यं न पापभाक् ॥
( ભાવપ્રાભૃત, ગા૦ ૧૬૨ ની શ્રુતસાગરીટીકા )

जैन साईट JAINSITE.com जयति शासनम्

## સ્ત્રીદીક્ષા, સ્ત્રીમુક્તિ અને નપુંસકમુક્તિના પ્રમાણપાઠો:

રાજકુમારી, મંત્રી, અમાત્ય, પુરોહિત અને શેઠની સ્ત્રીઓની દીક્ષા. (વરાંગચરિત, સર્ગ ૩૦, ૩૧)

બ્રાહ્મી, સુંદરી, સુભદ્રાની દીક્ષા, બ્રાહ્મીને ગણિનીપદ.
(આદિપુરાણ, પર્વ ૨૪, ૪૭)

જિનદત્ત શેઠની સ્ત્રી, સીતા, પૃથ્વીસુંદરી, રાણીઓની દીક્ષા, ભગવાન શ્રીમહાવીરની સાધ્વીઓ, ચંદનાર્યા, સુવ્રતા ગણિની, ગુણવતી આર્યા, સર્વશ્રી આર્યા. (ઉત્તરપુરાણ, પર્વ ૬૮, ૭૧, ૭૪, ૭૬,)

રાજિમતી, શ્રોપદી, ધનશ્રી, મિત્રશ્રી, કુન્તી, દ્રોપદી અને સુભદ્રાની દીક્ષા, સુલોચના આર્યા ૧૧ અંગ ભણી. ભગવાનની સાધ્વીસંખ્યા, હજારો સાધ્વીઓ.
(હરિવંશપુરાણ, પર્વ ૫૬, ૬૩, ૬૪, ૧૨, ૬૦, ૨.)

પ્રિયંગુમંજરી, અનંગસેના વેશ્યા, જ્યેષ્ઠા, દેવવતીની દીક્ષા. હરિકાંતાચાર્યા. (કથાગ્રંથો)

संत्यज्य राज्यलक्ष्मीं, पतिपुत्रभ्रातृसम्बन्धम् ।
परिव्राज्य वहाया किं, ममत्वं सत्यभामादेः ॥ ३२ ॥

क्षपकश्रेण्यारोहे, वेदेनोच्येत "भूतपूर्वेण" ।
स्त्रीति नितरां अभिमुख्येऽर्थे युज्यते नेतराम् ॥ ४० ॥

इत्यार्यिकासिद्धिः ॥ ४६ ॥ ( આ૦ શાકટાયનનું સ્ત્રીમુક્તિપ્રકરણ )

थावरकायपहुदी संढो, सेसा असण्णिआदि य ।
अणियट्टियस्स य पढमो भागोत्ति जिणेहिं णिदिट्ठं ॥ ६८४ ॥

मणुसिणी पमत्तविरदे, आहारदुगं तु णत्थि णियमेण ॥
अवगदवेदे मणुसिणी सण्णा भूदगदिमासेज्ज ॥ ७१४ ॥

( ગોમ્મટસાર જીવકાંડ )

वेद० ॥३३॥

वेद स्त्री पु० नपुंसक वेदत्रयमध्येऽर्हतः कोऽपि वेदो नास्ति।

( બોધપ્રાભૃત, ગા૦ ૩૩ શ્રુતસાગરી )

मणुसिणीसु सासणसम्मइट्ठि (२) प्पहुडि जाव अजोगि ।
केवलि (१४) त्ति, दव्वपमाणेण केवडिया ? संखेज्जा ॥

( સૂત્ર ૪૯ પૃ૦ ૨૬૧ )

मणुसिणीसु मिच्छाइट्ठि-सासणसम्माइट्ठिट्ठाणे सिया पज्जत्तियाओ, सिया अपज्जत्तियाओ ॥ सूत्र ९२ ॥

सम्मामिच्छाइट्ठि—असंजदसम्माइट्ठिसंजदासंजद — संजदट्ठाणे णियमा पज्जत्तियाओ ॥ सूत्र ९३ ॥

( ષટ્ખંડાગમ, ધવલા ટીકા, પુ. ૧ પૃ. ૩૩૧, ૩૩૨ )

वेदाणुवादेणं इत्थिवेदएसु पमत्तसंजदप्पहुडि जाव
अणियट्टिबादरसांपराइयपविट्ठ उवसमा खवा दव्वपमा-
णेण केवडिया ? संखेज्जा ॥ सू० १२६ ॥

धवलाटीका- इत्थिवेदउवसामगा दस १० खवगा वीस २० ।

( પુ૦ ૩ જું પૃ૦ ૪૧૬ )

णपुंसयवेदेसु० संखेज्जा ॥ सू० १३० ॥

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

धवलाटीका–उवसामगा पंच ५, खवगा दस १० (पृ० ४१९)
धवलाटीका–इत्थिवेदे अपमत्तसंजता संखेज्जगुणा तम्हि चेव पमत्तसंजदा संखेज्जगुणा सजोगिकेवलि संखेज्जगुणा(सू०१३४पृ०४२२)
( ષટ્ખંડાગમધવલા–ટીકા, પુસ્તક ત્રીજું )

अपमत्तस्स उक्कस्संतरं उच्चदे। तिण्णिअंतोमुहुत्तेहिं अब्भहिय अट्ठवस्सेहिं उणाओ अट्ठेदालीसपुव्वकोडिओ उक्कस्स अंतरं। पज्जत्त-मणुसिणीसु एवं चेव' णवरि पज्जत्तेसु चउवीसपुव्वकोडिओ, मणुसिणीसु अट्ठपुव्वकोडिओत्ति वत्तव्वं ( पृ० ५२ )

इत्थीवेदेसु पमत्तस्स उच्चदे। अट्ठवस्सेहिं तिण्णिअंतो-मुहुत्तेहिं ऊणिया इत्थीवेदट्ठिदी लद्धमुक्कस्संतरं। एवमपमत्तस्स वि उक्कस्संतरं भाणिदव्वं, विसेसा भावा ( पृ० ९६ )
( ષટ્ખંડાગમ–જીવસ્થાન અલ્પબહુત્વાનુગમ–સ્ત્રીવેદી-અલ્પબહુત્વપ્રરૂપણા–ધવલા ટીકા–મુદ્રિત પુસ્તક ૫મું)

( ૮ ) અપૂર્વકરણ ( ૯ ) અનિવૃત્તિકરણ ગુણસ્થાન સુધીની સ્ત્રીઓની સંખ્યા, ઉપશામક સ્ત્રીઓ, ક્ષપક સ્ત્રીઓ।
(સૂત્ર ૧૪૫ થી ૧૬૧) ( પૃષ્ઠ ૩૦૦ થી ૪૦૦ )
( ષટ્ખંડાગમ, ધવલા ટીકા, મુદ્રિત પુસ્તક પાંચમું )

जैन साइट JAINSITE जैनम् जयति शासनम्

## શૂદ્રદીક્ષા શૂદ્રમુક્તિના પાઠો:

उत्तमधम्मेण जुत्तो, होदि तिरक्खोवि उत्तमो देवो।
चंडालो वि सुरिंदो, उत्तमधम्मेण संभवदि॥
(स्वामी कार्तिकेयानुप्रेक्षा गा. ४३०)

न जातिर्गर्हिता काचित्, गुणाः कल्याणकारणम्।
व्रतस्थमपि चाण्डालं; तं देवा ब्राह्मणं विदुः॥
चातुर्वर्ण्यं यथा यच्च, चाण्डालादिविशेषणम्।
सर्वमाचारभेदेन, प्रसिद्धं भुवने गतम्॥
(આ૦ રવિષેણનું પદ્મચરિત્ર)

विप्र–क्षत्रिय–विट्–शूद्राः, प्रोक्ताः क्रियाविशेषतः।
जैनधर्मे पराः शक्ताः ते सर्वे बान्धवोपमाः॥
( ધર્મરસિકકૃત ત્રિવર્ણાચાર )

## કેવલિભુક્તિ, કેવલિતપ અને સાક્ષરી વાણીના પાઠો :

आद्यश्चतुर्दशदिनैर्विनिवृत्तयोगः,
षष्ठेन निष्ठितकृतिर्जिनवर्धमानः ॥
शेषा विधूतघनकर्मनिबद्धपाशाः,
मासेन ते यतिवरास्त्वभवन् वियोगाः ॥ २६ ॥
( સમાધિભક્તિ, શ્લો. ૨૬ )

एकादश जिने ( तत्त्वार्थ- अ० ९ सू० ११ )
आहारे ॥ ३३ ॥

टीका–आहारकद्वयमध्येऽर्हतः आहारकानाहारकद्वयम् ।
आहारो य सरीरो, तह इन्दिय आणपाण भासा य
पज्जत्तिगुणसमिद्धो, उत्तमदेवो हवइ अरुहो ॥ ३४ ॥
( આ૦ કુન્દકુન્દકૃત બોધપ્રાભૃત, સટીક )

बाह्यं तपः परमदुश्चरमाचरंस्त्वम् ।
आध्यात्मिकस्य तपसः परिबृंहणार्थम् ॥ ८३ ॥
( बृहत्स्वयंभूस्तोत्रम् )

अस्ति च केवलिभुक्तिः, समग्रहेतुर्यथा पुरा भुक्तेः ।
पर्याप्ति-वेद्य-तेजस-दीर्घायुष्कोदयो हेतुः ॥ १ ॥
रोगादिवत् क्षुधो न व्यभिचारो वेदनीयजन्मायाः ।
प्राणिनि "एकादशजिने" इति जिनसामान्यविषयं च ॥ २९ ॥
( केवलिभुक्तिप्रकरणम् )

सेसा आहारया जीवा ॥ गोम्मट० ॥ ६६५ ॥

आहारए इन्दिय–पाहुडिजावसजोगिकेवलि त्ति ॥ १७६ ॥
(ષટ્ખંડ આગમ–જયધવલા પૃ૦ ૪૦૯)

કેવલી ભગવાનને સુસ્વર, દુસ્વર, ૧૦ પ્રાણ, ૬ પર્યાપ્તિ ૭ યોગ વગેરે હોય છે. ( ગોમ્મટસાર, મૂલાચાર બોધપ્રાભૃત )

अगाद तत्त्वं जगतेऽर्थिनेऽञ्जसा ॥ ४ ॥
कायवाक्यमनसां प्रवृत्तयो नाभवंस्तव मुनेश्चिकीर्षया ।
नासमीक्ष्य भवतः प्रवृत्तयो धीर ! तावकमचिन्त्यमीहितम् ॥७४॥
तव वागमृतं श्रीमत्सर्वभाषास्वभावकम् ॥ ९७ ॥
वागपि तत्त्वं कथयितुकामा ॥ १०७ ॥

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

त्वया गीतं तत्त्वं ॥ ११८ ॥ (બૃહત્સ્વયંભૂસ્તોત્રમ્)

एवं स पृष्टो भगवान् यतीन्द्रः, श्रीधर्मसेनेन नराधिपेन।
हितोपदेशं व्यपदेष्टुकामः, प्रारब्धवान् वक्तुमनुग्रहाय ॥ ४२ ॥

(વરાંગચરિત, સર્ગ ૩ જો, પૃષ્ઠ ૩૦)

આ દરેક પાઠો દિગમ્બર શાસ્ત્રોના જ છે, જેમાં મુનિઓનાં વસ્ત્ર, પાત્ર, શૂદ્રમુક્તિ, કેવલિઆહાર, કેવલિતપ, પરિષહ, સાક્ષરીવાણી, સ્ત્રીદીક્ષા, સ્ત્રીમુક્તિ અને નપુંસકમુક્તિ વગેરે વિધાનો સ્પષ્ટ છે. અનેકાંતવાદી મનુષ્ય આમાંથી ઘણું સત્ય મેળવી શકે છે. આ સંબંધે વિશેષ જાણવા ઇચ્છનારે અમારું 'શ્વેતામ્બર—દિગમ્બર સમન્વય' નામક પુસ્તક વાંચી લેવું.

જૈન આગમોમાં વર્ણન મળે છે કે, ચોવીશે તીર્થંકર વસ્ત્રધારી હતા, માત્ર પહેલા અને છેલ્લા બે તીર્થંકરો પાછલા જીવનમાં વસ્ત્રરહિત હતા. આથી પ્રાચીન કાળમાં જિનપ્રતિમાઓ પણ બન્ને પ્રકારની બનતી હતી. પરંતુ એ પ્રતિમાવિધાન એવું હતું કે તેમાં નગ્નતાની કે અનગ્નતાની ખાસ નિશાનીઓ કરવામાં આવતી ન હતી, જેની અષ્ટપ્રકારી તથા સત્તરભેદી પૂજા થતી હતી. આ સિવાય આયાગપટ્ટ, ચરણ, ચરણચિહ્નો અને અસદ્ભૂત સ્થાપનાઓની પણ પૂજા થતી હતી. દિગમ્બરોએ પોતાના નવા મતમાં આ પ્રતિમાવિધાન અને પૂજાવિધિને કાયમ રાખ્યાં હતાં. દિગમ્બરો પ્રાચીન પ્રતિમાઓનુ દર્શન—પૂજન કરતા હતા. જો કે તીર્થો શ્વેતામ્બરોને તાબે હતાં, પણ વિધિભેદ ન હોવાથી દિગમ્બરો તેનો લાભ ઉઠાવતા હતા અને તેમણે દક્ષિણમાં પોતાનાં સ્વતંત્ર નવાં તીર્થો પણ સ્થાપિત કર્યાં હતાં. આમ આ બન્ને સંપ્રદાયમાં શરૂમાં પ્રતિમા કે તીર્થો બાબતનો કશોય મતભેદ ન હતો, કિન્તુ વિ. સં. ૮૯૦ લગભગમાં ગિરનાર પર બન્ને સંઘોની પરસ્પર અથડામણ થઈ. ત્યારથી આ૦ શ્રીબપ્પભટ્ટિસૂરિની અધ્યક્ષતામાં એવી મર્યાદા બંધાઈ કે હવે પછી શ્વેતાંબર જૈનો જિનપ્રતિમાને આંચલિકા (લંગોટ) બનાવે અને દિગમ્બરો જિનપ્રતિમામાં સ્પષ્ટ લિંગ બનાવે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

બસ, આજથી પ્રતિમાનો એ ભેદ પડયો ત્યાર પહેલાંની જે જે પ્રતિમાઓ છે, તેમાં આવો વિજ્ઞાની ભેદ નથી. મથુરા, ધુલેવા, ભાંદક, કુલ્પાક, ડભોઈ, મહુડી, મકસી, મોહનજોડેરો વગેરેમાં તે કાળની પ્રાચીન પ્રતિમાઓ છે.

પ્રતિમાભેદ પડયો પણ પૂજાવિધિમાં ભેદ તો હતો જ નહિ. એટલે તીર્થંકરોની પ્રાચીન પ્રતિમાઓ અને ચરણો વગેરેની પૂજા તો બન્ને સંપ્રદાયો અભેદભાવે એક સાથે રહીને પણ કરતા હતા વિક્રમની સત્તરમી સદી સુધી તેમાં મતભેદ નહોતો.

વિ. સં. ૧૬૮૦માં ખરતરગચ્છીય પં. બનારસીદાસે દિગમ્બર તેરાપંથ ચલાવ્યો, તેમાં તેણે દિગમ્બરોની સાત વાતનો ઇન્કાર કર્યો અને કોઇ અભાગી પળે જિનપૂજાવિધિમાં પણ ફેરફાર કર્યો. આથી પ્રથમ તો દિગમ્બરોના વીસપન્થી અને તેરહપન્થીમાં પૂજા-વિધિનો ઝઘડો ચાલ્યો અને પછી તીર્થોમાં એ જ કારણે શ્વેતાં-બરો સાથે પણ ઝઘડા ઊભા થયા. જો કે આજે પણ શ્વેતાંબર અને વીસપંથી દિગમ્બરોની પૂજાવિધિ તો એકસરખી છે, કિન્તુ તેરહપંથીના કારણે જ તીર્થમાં ઝઘડા ઊભા થયા છે. આખરે ન્યાય શ્વેતાંબરોની તરફેણમાં આવ્યો, એટલે હમણાં હમણાં એ ઝઘડાઓ થોડે અંશે શાંત થયા છે અને વિવેકી દિગમ્બર જૈનોને પણ આવા ઝઘડાઓ પ્રત્યે અરુચિ પેદા થવા લાગી છે.

જિનબિંબ અને જૈન તીર્થો વિષયક મતભેદ તો આ રીતે પાછળથી જ ઉત્પન્ન થયો છે.

દિગમ્બર મતમાં પણ સમય જતાં અનેક ગચ્છો ઉત્પન્ન થયા છે. દિગમ્બરોમાં મૂળ ચાર શાખાઓ હતી, તે આ પ્રમાણે છે:

૧. સિંહસંઘઃ—કેનૂરગણ, ચંદ્રપાટકગચ્છ.

૨. નંદીસંઘઃ—બલાત્કારગણ, સરસ્વતીગચ્છ, પારિજાતગચ્છ.

૩. સેનસંઘઃ—સુરસ્થગણ, પુષ્કરગચ્છ. આ સંઘનું બીજું નામ વૃષભસંઘ છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૪. દેવસંઘઃ—દેશીયગણ, પુસ્તકગચ્છ. ત્રૈરાશિક મતનો પણ આમાં સમાવેશ થાય છે.

ત્યારપછી દિગમ્બરોમાં નીચે મુજબ જુદા જુદા ગચ્છો નીકળ્યા છે:

૧. મૂળસંઘઃ—દ્રાવિડસંઘ જુદો પડ્યો, ત્યારે દિગમ્બર સંઘે પોતાનું બીજું નામ "મૂળસંઘ" રાખ્યું. આ નામ સાતમી સદી પછીના શિલાલેખોમાં મળે છે.

૨. દ્રાવિડસંઘઃ—આ૦ પૂજ્યપાદના શિષ્ય વજ્રનંદીએ દ્રાવિડની મથુરામાં વિ. સં. ૫૨૬માં દ્રાવિડસંઘ સ્થાપ્યો અને પ્રાયશ્ચિત્ત નવું બનાવ્યું. આ સંઘનાં ૧ દ્રાવિડ, ૨ દ્રમિલ અને ૩ પુન્નાટ એ ત્રણ નામો છે.

બીજા આ૦ જિનસેનસૂરિ અને વાદિરાજસૂરિ આ સંઘમાં થયા છે. (દર્શનસાર)

JAINSITE .com

૩. યાપનીયસંઘઃ—આ૦ હરિષેણના મતે અર્ધફાલક અને કંબલીસંઘથી અને આ૦ દેવસેનના મતે વિ. સં. ૨૦૫માં કલ્યાણીમાં શ્વેતાંબર આ૦ શ્રીકલશથી આ સંઘની ઉત્પત્તિ થયાનું મનાય છે, કિન્તુ તેના શિલાલેખોમાં અને દાનપત્રોમાં મૂળસંઘ, નંદીગણ અને પુન્નાગવૃક્ષ સાથે આ સંઘનો સંબંધ જોડેલ છે. આ સંઘ સ્ત્રી-મુક્તિ, કેવલિભુક્તિ, સગ્રન્થમુક્તિ અને અન્ય લિંગમુક્તિ પણ માને છે. આ૦ હરિભદ્રસૂરિએ 'લલિતવિસ્તરા'માં આ સંઘનો સ્ત્રીમુક્તિનો પક્ષ રજૂ કર્યો છે. પ્રસિદ્ધ વૈયાકરણ આ૦ શાકટાયન આ સંઘના હતા. આ સંઘનું બીજું નામ ગોપ્યસંઘ પણ છે.

૪. કાષ્ઠાસંઘઃ—'આદિપુરાણ'ના કર્તા આ૦ જિનસેનના ગુરુભાઈ વિજયસેનના શિષ્ય કુમારસેને વિ. સં. ૭૫૩માં નંદિ-તટમાં કાષ્ઠાસંઘ સ્થાપ્યો જેની નંદિતટ, માથુર, વાગડ અને લાડ-વાગડ એમ ૪ શાખાઓ હતી. આ સંઘ સ્ત્રીને દીક્ષા આપતો હતો અને મોરપિચ્છને સ્થાને ગાયનું ચામર રાખતો હતો.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૫. માથુરસંઘઃ—કાષ્ઠસંઘી આ૦ રામસેને વિ. સં. ૯૦૦માં મથુરાથી માથુરસંઘ ચલાવ્યો. આ૦ અમિતગતિ આ સંઘમાં થયા છે. 'નીતિસાર'ના લેખ પ્રમાણે આ છેલ્લા ચાર સંઘો અને નિષ્પિચ્છ એ પાંચ જૈનાભાસો છે.

૬. તારણપંથઃ—તારણસ્વામીએ વિ. સં. ૧૫૭૨ પહેલાં ટોંક રાજ્યના સેમરખેડી ગામથી તારણપંથ ચલાવ્યો, જેણે ૧૪ શાસ્ત્રો બનાવ્યાં છે અને જિનપ્રતિમાનો વિરોધ કરી શાસ્ત્રપૂજા ચાલુ કરાવી છે. તેમનાં જીવનચરિત્રમાં લખ્યું છે કે, તે ૧ ભીલ, ૨. શ્રેણિક રાજા, ૩ નારકી, ૪ આ૦ ભદ્રબાહુસ્વામી અને ૫ આ૦ કુન્દકુન્દાચાર્ય—એમ પાંચ ભવો કરી ૬ આ તારણસ્વામી થયા છે. જે કાળ કરીને ૭ સર્વાર્થસિદ્ધમાં દેવ બની ૮ આવતી ચોવીશીમાં પદ્મનાભ નામના પહેલા તીર્થંકર થશે વગેરે વગેરે.

(જૈનહિતૈષી માસિક, ભા. ૯, અં. ૪, પૃ૦ ૧૯૮ થી ૨૦૨)

ભટ્ટારકઃ—ઉભયભાષાચક્રવર્તી આ. શ્રુતસાગરજીના મતે દિગમ્બર આ૦ વસન્તકીર્તિએ માંડવગઢથી તટીસાડી ધારણ કર્યાં, અને પં૦ દીનાનાથના ઉલ્લેખ પ્રમાણે આ. હેમકીર્તિજી સં. ૧૨૧૯માં સ્વર્ગે ગયા. તેના શિષ્ય ચારુનંદિએ દિલ્હીના બાદશાહના કહેવાથી વસ્ત્ર ધારણ કર્યાં, ત્યારથી ભટ્ટારક સંસ્થાનો પ્રારંભ થયો છે. તેના અનુયાયી ગૃહસ્થો વીશપંથી તરીકે જાહેર છે.

(આ૦ કુન્દકુન્દકૃત 'દર્શનપ્રાભૃત' ગા. ૨૪ ની ટીકા પૃ. ૨૧, પં૦ રામચંદ્ર દીનાનાથની 'પ્રબંધચિંતામણિ'ની પ્રસ્તાવના સને ૧૯૧૮)

તેરહપંથઃ—આગ્રાના દશાશ્રીમાળી ખરતરગચ્છના પં૦ બનારસીદાસ, ચતુર્ભુજ, ભગવતીદાસ, કુમારપાળ અને ધર્મદાસજીએ સં. ૧૬૮૦થી તેરહપંથ ચલાવ્યો, જેનું બીજું નામ બનારસીમત પણ છે. તેણે ભટ્ટારકોને માનવાની મના કરી છે, પૂજાવિધિ બદલી નાખી છે અને ભાષામાં પોતાને અનુકૂળ નવા ગ્રંથો બનાવ્યા છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૯. ગુમાનપંથ:—પં. ટોડરમલજીના પુત્ર ગુમાનીરામે વિ. સં. ૧૮૧૮ કે ૧૮૩૭માં જયપુરથી પોતાનો નવો પંથ ચલાવ્યો. તેઓ મંદિરમાં જઈ તીર્થંકરોનું કટોરીમાં આહ્વાન અને સ્થાપન કરી તેની પૂજા કરે છે.

૧૦. સમૈયાપંથ:—જે વિ. સં. ૧૮૭૭થી નીકળ્યો છે.

આ સિવાય બીજા ઘણા નાના મોટા ગચ્છો નીકળ્યા છે. આ ગચ્છોની પરંપરાઓ મળતી નથી. જે પરંપરાઓ મળે છે તેમાં પણ ઐતિહાસિક કથનો માટે એકતા નથી.

વીર સં. ૬૮૩નો સમય તે અનેક વાચકવંશો પૈકીના એક નગ્ન વાચકવંશના શ્રુતવિચ્છેદનો કાળ મનાય છે. તે દરમિયાન થયેલ મુનિપરંપરાના આચાર્યોનાં નામ, અનુક્રમ સાલવારી અને જ્ઞાન વગેરે માટે દિગમ્બર પટ્ટાવલીઓ સૂઅખંધો, શ્રુતાવતાર, નીતિસાર, બીજો શ્રુતાવતાર, અંગપન્નતિ, આદિપુરાણ, ઉત્તરપુરાણ હરિવંશપુરાણ અને સ્વામી સમન્તભદ્ર ઇત્યાદિ દિગમ્બર ગ્રંથોમાં તીવ્ર કથનભેદ છે અને તેને ઐતિહાસિક સત્ય તરીકે સાબીત કરવાને બીજું કોઈ પ્રાચીન સાધન પણ મળતું નથી. એટલે એ ઘૂંચને ઉકેલવા પ્રયત્ન કરવો જરૂરી નથી, મોટે ભાગે દિગમ્બર પરંપરાઓમાં બે ભદ્રબાહુસ્વામીજી ધ્રુવના તારાની જેમ સ્થિર છે. એટલે અમે અહીં બીજા ભદ્રબાહુસ્વામીથી દિગમ્બર પટ્ટાવલી આપીએ છીએ.

દિગમ્બર પુરાણોમાં બીજા ભદ્રબાહુસ્વામીને વજ્રયશ (તિલોયપન્નત્તિ), મહાયશા ભદ્રબાહુ (આદિપુરાણ) પ્રકૃષ્ટથી યશોબાહુ, (તિલોયપન્નત્તિ, ઉત્તરપુરાણ, હરિવંશ, પુરાણ સુયખંધો), જયબાહુ (શ્રતાવતાર) વગેરે નામોથી ઓળખાવ્યા છે.

કેટલીએક દિગમ્બર પટ્ટાવલીઓ નીચે પ્રમાણે છે:

(૧) શિલાલેખ પટ્ટાવલી—

૧. શ્રીગોતમસ્વામી, ૨. લોહાર્ય, ૩. જમ્બૂ, ૪. વિષ્ણુદેવ, ૫. અપરાજિત, ૬. ગોવર્ધન, ૭. પ્રથમ ભદ્રબાહુ, ૮. વિશાખ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૯. પ્રોષ્ઠિલ, ૧૦. ક્ષત્રિક, ૧૧. જય, ૧૨. સિદ્ધાર્થ, ૧૩. ધૃતષેણુ, ૧૪. બુદ્ધિલ આદિ ગુરુપરંપરામાં અષ્ટાંગનિમિત્તના જાણનારા બીજા ભદ્રબાહુસ્વામી થયા. તેમણે બાર દુકાળીમાં દક્ષિણમાં જઈ ૭૦૦ મુનિઓ સાથે કટવપ્ર (કર્ણાટક)ની પહાડી ઉપર અનશન કર્યું. તેમણે પોતાના એક શિષ્યને અનશનની મના કરી હતી જેણે સામેની બીજી પહાડી ઉપર જઈ અનશન કર્યું.

(શ્રવણબેલગુલ, ચંદ્રગિરિ પહાડી પરનો શિલાલેખ)

૨. આ. કુન્દકુન્દ પટ્ટાવલી:

ભગવાન મહાવીર
ગોતમસ્વામી
જમ્બૂસ્વામી
વિષ્ણુદેવ
અપરાજિત
નન્દિમિત્ર
ગોવર્ધન
ભદ્રબાહુ (૧)
ક્ષત્રિય
પ્રોષ્ઠિલ
ગંગદેવ
જય
સુધર્મ
વિજય
વિશાખ
બુદ્ધિલ
ધૃતિષેણુ
નાગ
સિદ્ધાર્થ
નક્ષત્ર
પાંડુ
જયપાલ
કંસાચાર્ય
દ્રુમષેણુ
લોહ
સુભદ્ર
જયભદ્ર
યશોબાહુ
(ભદ્રબાહુ–બીજા)
કુમ્ભ
વિનીત
હલધર
વસુદેવ
અચલ
મેરુધર
સર્વજ્ઞ
સર્વગુપ્ત
મહીધર
ધનપાલ
મહાવીર
વીર

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કોન્ડકુન્ડ
ઉમાસ્વાતિ
ગૃદ્ધપિચ્છ
સમન્તભદ્ર
શિવકોટિ
દેવનન્દી
જિનેન્દ્રબુદ્ધિ
પૂજ્યપાદ
ભટ્ટ અકલંક
જિનસેનસૂરિ
ગુણભદ્રસૂરિ
પુષ્પદંત
ભૂતબલિ
અર્હદ્બલિ
(શ્રવણબેલગુલ, શિલાલેખ નં. ૧૦૮, શ્લો. ૭ થી ૨૭ શક સંવત૧૩૨૦ )

૩. સેનસંઘ પુષ્કરગચ્છ પટ્ટાવલી:—

ભદ્રબાહુ ( બીજા )
લોહાર્ય
જિનસેન
લક્ષ્મીસેન
રવિષેણ
રામસેન
કનકસેન
બન્ધુષેણ
વિષ્ણુષેણ
મલ્લિષેણ
મહાવીરાચાર્ય
ભાવસેન
અરિષ્ટનેમિ
ભ. અર્હદ્બલી
અજિતસેન
( ચામુન્ડરાયગુરુ )
ગુણસેન
સિદ્ધસેન
સમન્તભદ્ર સ્વામી
( શિવકોટિ રાજગુરુ )
ભ. શિવકોટિ
ભ. વીરસેન
આ. જિનસેન
આ. ગુણભદ્ર
( ૧૨ અંગ, ૧૪ પૂર્વ, ૫ પ્રજ્ઞપ્તિ જ્ઞાતા )
નેમિસેન
આ. છત્રસેન
આર્યસેન
ભ. લોહસેન
બ્રહ્મસેન
સૂરસેન
કમલભદ્ર
દેવેન્દ્રસેન
કુમારસેન
દુર્લભસેન

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

શ્રીષેણ
લક્ષ્મીસેન
સોમસેન
શ્રુતવીર
( ભરૂચમાં મહમ્મદ બાદશાહની સમસ્યાના પૂરક )
ધારસેન
ભ. દેવસેન
દેવસેન
ભ. સોમસેન
ગુણભદ્ર
વીરસેન

વીર
માણિકસેન
ગુણસેન
લક્ષ્મીસેન
સોમસેન
માણિક્યસેન
ગુણભદ્ર
સોમસેન
જિનસેન
સમન્તભદ્ર
છત્રસેન
( દિલ્લીની ગાદીએ )

૪. દિગમ્બર પટ્ટાવલી:—

| | |
|---|---|
| ભદ્રબાહુ ( બીજા ) સ્વ. સં. | ૨૬ |
| ગુપ્તિગુપ્ત (શ્વેતાંબરોત્પત્તિ) | ૩૬ |
| માઘનન્દિ | ૪૦ |
| જિનચંદ્ર ('ક્ષ'પુસ્તકે વિશેષ) | ૪૯ |
| કુન્દકુન્દાચાર્ય | ૧૦૧ |
| ઉમાસ્વાતિ | ૧૪૨ |
| (કાષ્ઠાસંઘોત્પત્તિ) | |
| લોહાચાર્ય | ૧૫૩ |
| ( પ્રાણુદગિતિ પટ્ટદ્વયં ) | |
| યશઃકીર્તિ | ૨૦૧ |
| યશોનન્દિ | ૨૫૮ |
| દેવનન્દિ | ૩૦૮ |
| પૂજ્યપાદ | ૩૫૩ |
| ગુણનન્દિ | ૩૬૪ |
| વજ્રનન્દિ | ૩૮૬ |
| કુમારનન્દિ | ૪૨૭ |
| લોકચંદ્ર | ૪૫૩ |
| પ્રભાચંદ્ર | ૪૭૮ |
| નેમિચંદ્ર | ૪૮૭ |
| ભાનુનન્દિ | ૫૦૯ |
| હરિનન્દિ | ૫૨૫ |
| વસુનન્દિ | ૫૩૧ |
| વીરનન્દિ | ૫૬૧ |
| રત્નનન્દિ ( રત્નકીર્તિ ) | ૫૮૫ |
| માણિક્યનન્દિ | ૬૦૧ |
| મેઘચંદ્ર | ૬૨૭ |
| શાન્તિકીર્તિ | ૬૪૨ |
| મેરૂકીર્તિ | ૬૮૬ |
| મહાકીર્તિ | ૭૦૪ |
| વિષ્ણુનન્દિ | ૭૨૬ |
| શ્રીભૂષણ | ૭૩૫ |
| શીલચંદ્ર (શ્રીચંદ્ર) | ૭૪૯ |

जैन साईट JAINSITE .com जैनम् जयति शासनम्

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

| | |
|---|---|
| નન્દિકીર્તિ | ૭૬૫ |
| દેશભૂષણ | ૭૭૫ |
| અનન્તકીર્તિ | ૭૮૫ |
| ધર્મનન્દિ | ૮૦૮ |
| વીરચંદ્ર (વિદ્યાનન્દિ) | ૮૪૦ |
| રામચંદ્ર | ૮૫૭ |
| રામકેતુ (રામકીર્તિ) | ૮૭૮ |
| અભયચંદ્ર | ૮૯૭ |
| નરચંદ્ર (નરનન્દિ) | ૯૧૬ |
| નાગચંદ્ર | ૯૩૯ |
| નયનનન્દિ | ૯૪૮ |
| હરિચંદ્ર | ૯૭૪ |
| મહીચંદ્ર | ૯૯૦ |
| માઘચંદ્ર (માધવચંદ્ર) | ૧૦૨૩ |
| લક્ષ્મીચંદ્ર | ૧૦૩૭ |
| ગુણકીર્તિ (ગુણનન્દિ) | ૧૦૪૮ |
| ગુણચંદ્ર | ૧૦૬૬ |
| લોકચંદ્ર (વાસવચંદ્ર) | ૧૦૭૯ |
| શ્રુતકીર્તિ | ૧૦૯૫ |
| ભાવચંદ્ર | ૧૧૧૫ |
| મહાચંદ્ર (મહીચંદ્ર) | ૧૧૪૦ |
| માઘચંદ્ર | ૧૧૪૪ |
| બ્રહ્મનન્દિ (વૃષભનન્દિ) | ૧૧૪૮ |
| શિવનન્દિ | ૧૧૫૫ |
| વિશ્વચંદ્ર (વસુચંદ્ર) | ૧૧૫૬ |
| સિંહનન્દિ (સંઘનન્દિ) | ૧૧૬૦ |
| ભાવનન્દિ | ૧૧૬૭ |
| દેવનન્દિ (સુરકીર્તિ) | ૧૧૭૦ |
| વિદ્યાચંદ્ર | ૧૧૭૬ |
| સુરચંદ્ર | ૧૧૮૪ |
| માઘનન્દિ | ૧૧૮૮ |
| જ્ઞાનનન્દિ (જ્ઞાનકીર્તિ) | ૧૧૯૯ |
| ગંગકીર્તિ | ૧૨૦૬ |
| સિંહકીર્તિ | ૧૨૦૬ |
| હેમકીર્તિ | ૧૨૧૯ |
| અભયચંદ્ર+ | |

+ચારુનંદિ पार्श्वाद
देहलीराजाज्ञया वस्त्रधारकः

सिद्धराजसभासमक्षं वादिदेवसूरिणा दिगम्बरकुमुदचन्द्रः पराजितः, पत्तने दिगम्बरविहारो निवारितः ॥

इति प्रबन्धचिंतामणिप्रस्तावनायां दीनानाथसुनुरामचन्द्रकृतायाम् ।
ता. १४-१०-१८८८

## ૫. ભટ્ટારક પટ્ટાવલી—

આ૦ ભટ્ટારક હેમકીર્તિ પછી ભ૦ ચારુકીર્તિ વગેરે પરંપરાવાળી ઈડરની મૂલસંઘી ભટ્ટારકોની પટ્ટાવલી પણ મળે છે.

જુઓ, 'દિગમ્બર જૈન' માસિક, વર્ષ—પૃષ્ઠ. ૨૧,

JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## જૈનતીર્થો

શત્રુંજયતીર્થના ઉદ્ધાર સાથે ગિરનાર, તાલધ્વજ, ઢંક વગેરે તીર્થો પ્રકાશમાં આવ્યાં છે. કેટલાએકની ટૂંકી માહિતી નીચે મુજબ છે.

જુનાગઢ—ગિરનાર એ તો યદુકુલતિલક ભગવાન શ્રીનેમિનાથના સમયનું પ્રાચીન તીર્થ છે. ત્યાં અનેક જૈન મંદિરો અને ગુફાઓ છે. તેની તળેટીમાં રહેલ જુનાગઢમાં ત્યાર પછીની એક સદીના પ્રાચીન શિલાલેખો મળી આવ્યા છે. શ્રી. અમૃતલાલ વ. પંડયા જણાવે છે કે, ક્ષત્રપકાળમાં કાઠિયાવાડમાં જૈનધર્મ ખૂબ ફેલાયો હતો, તે સમયના ૨ લેખો મળ્યા છે. ૧. જુનાગઢના બાવા પ્યારાના મઠમાંથી મળી આવેલો લેખ અને ૨. રા. ઈશ્વરલાલ જી. દાજીને મળી આવેલ પ્રાચીન લેખ, કે જેનો સ્કેલ તેમણે તા. ૪-૫-૪૧ની 'જન્મભૂમિ'માં આપેલ છે, જેમાં તીરથસ્વામી થાને શબ્દો સ્પષ્ટ ખોદાયેલ છે.

JAINSITE .com
જૈનમ્ જયતિ શાસનમ્

**જુનાગઢનો પ્રાચીન શિલાલેખ**

(१) ......स्तथा सुरग (सुरासुर)........क्षत्रप........

(२) ...चष्टनस्य प्रपौत्रस्य राज्ञः क्षत्रपस्य स्वामिजयदामपौत्रस्य राज्ञो महाक्ष........

(३) चैत्रशुक्लस्य दिवसे पञ्चमे ५ गिरिनगरे देवासुरनागयक्ष-राक्षसेन्द्र...........

(४)...प्रक......परम......केवलज्ञानसंप्राप्तानां जितजरामरणानां।

Antiquities of Kathiawar and Kachh P. 140

Collection of Sanskrit Prakrit Inscriptions P. 17

આ શિલાલેખથી સમજી શકાય છે કે—

ક્ષત્રપરાજા ચષ્ટન, તેનો પુત્ર સ્વામી જયદામ, તેનો પુત્ર મહાક્ષત્રપ રુદ્રદામ ( શક સં૦ ૭૨ ) તેના પુત્રો ૧. દામઝદ ( શાકે ૯૦ વિ. સં. ૨૨૫ ઈ. સ. ૧૫૦ થી ૧૮૦ ) ૨. રુદ્રસિંહ ( શાકે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૧૦૨ થી ૧૨૨, વિ. સં. ૨૩૮ થી ૨૫૮ ) તે પૈકીના છેલ્લા રાજાએ ગિરનાર તીર્થમાં ભગવાન શ્રીનેમિનાથજીના દેરાસરનો જીર્ણોદ્ધાર અથવા કોઈ નવી પ્રતિષ્ઠા વગેરે કરાવ્યાં છે.

શિલાલેખ તુટેલો હોવાથી વિશેષ કંઈ જણાતું નથી પણ આ૦ વજ્રસેનસૂરિએ કરાવેલ ગિરનાર તીર્થના જીર્ણોદ્ધાર પછી બરાબર ૧૦૦ વર્ષે આ ઐતિહાસિક પ્રસંગ ઉજવાયો છે એ સહેજે સમજી શકાય તેમ છે.

" The most interesting point about it is the word केवलिज्ञानसंप्राप्तानां of those who have obtained the knowledge of Kevalins. Kevalin occurs most frequently in the Jaina sculptures & denotes a person who is possessed of the 'keval-Jnana' or true knowledge which produces final emancipation. It would, therefore, seem that the inscrption is Jain."

From this it would appear that these caves were probably excavated for the Jains by the Saka kings of Saurastra about the end of the second century of christion era."

" Antiquities of Kathiawad & Cachh" P. 141

આ શિલાલેખો માટે વિશેષ જુઓ—'એન્ટીકવેરી ઓફ કાઠિઆવાડ એન્ડ કચ્છ' પૃ. ૧૪૦, કલેક્ષન ઓફ સંસ્કૃત-પ્રાકૃત ઈન્સક્રીપ્શન પૃ. ૧૭, એપિગ્રાફીકા, ઈન્ડીકા પૃ. ૧૬, પૃ. ૨૩૯, જન્મભૂમિ તા. ૨૫-૫-૧૯૪૧ રવિવાર, જૈન સત્યપ્રકાશ ક્ર. ૭૦ પૃ. ૩૯૦.

તાલધ્વજ—આ શત્રુંજયની પ્રાચીન ટૂંક છે. અહીં ઘણી ગુફાઓ છે.

ઢંકગિરિ—ગોંડળ પાસે ઢંકગિરિ નામની ખડકવાળી પહાડી છે. તે પણ શત્રુંજયની એક ટૂંક મનાય છે. તેની પાસે ઢાંક ગામ છે, જેનું પ્રાચીન નામ તિલતિલપટ્ટણ છે. અહીં ભગવાન

જૈન સાઈટ JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આદિનાથ, ભ૦ પાર્શ્વનાથ, ભ૦ શાન્તિનાથ, ભ૦ આદિનાથ, ભ૦ મહાવીરસ્વામી અને અંબિકાદેવી વગેરેની પરિકરવાળી કુશાનકાલીન ખંડિત તથા ઘસાઈ ગયેલી મૂર્તિઓ છે.

(જૈનસત્યપ્રકાશ, ક્રમાંક ૩૭ પૃ. ૧૪૮)

સિદ્ધનાગાર્જુને પોતે બનાવેલ રસસિદ્ધિના ૨ કૂંપા આ ઢંકગિરિમાં રાખ્યા હતા. 'જગડૂચરિત્ર'માં પણ આ તીર્થનો ઉલ્લેખ છે.

અહીં પાસેના બરડાના ડુંગરામાં પણ ભ૦ પાર્શ્વનાથ તથા ભ૦ નેમિનાથનાં મંદિરો હતાં.

**મહુડી:**—ગુજરાતમાં વીજાપુર પાસેના મહુડી ગામના જૂના કોટયર્કનાં મંદિર પાસેથી સં. ૧૯૯૫ લગભગમાં તીર્થંકરોની પરિકરવાળી ૪ ધાતુપ્રતિમાઓ નીકળી છે, જેમાંની એક કોટયર્કના મંદિરમાં અને ૩ વડોદરાના મ્યુઝિયમમાં રાખવામાં આવી છે. આ ૪ જિનપ્રતિમાઓ ગુપ્તકાલની છે.×*

**થરાદ:**—સોલંકી પરમાર થિરપાલ ધરૂએ વિ. સં. ૧૦૧માં થરાદ વસાવ્યું અને તેની બેન હરકુએ ત્યાં ૧૪૪૪ થાંભલાનું બાવન જિનાલયનું મંદિર બનાવ્યું હતું, જેનાં ખંડેરો આજે ભીમડીના ૯૫ ફુટવાળા મેદાનમાં વિદ્યમાન છે. અહીં સં. ૧૭૯ (૧૧૩૧)માં ૩૧ ઈંચ ઊંચી ભ૦ અજિતનાથની પ્રતિમા બનાવવામાં આવી હતી જે હાલ વાવના દેરાસરમાં વિરાજમાન છે.

ચંદ્રકુળના આ. વટેશ્વરસૂરિજીથી થિરાપદ્રગચ્છ નીકળ્યો છે, થરાદથી પોણો માઈલ દૂર ઈશાન ખૂણામાં નાણાદેવીનું મંદિર છે,

× ડેક્કન કોલેજના સંશોધન વિભાગની પત્રિકા ઈ. સ. ૧૯૪૦ માર્ચ વો. ૧ નં. ૧ "ભારતીય વિદ્યા" ત્રૈમાસિક પત્રિકા વ. ૧, અં. ૨, જૈન સત્યપ્રકાશ, ક્રમાંક ૭૧, ૭૨.

* એક એવી પણ માન્યતા છે કે—વિક્રમની નવમી સદીમાં કોટિવર્ષના જૈનો અથવા કોટિકગચ્છના ઉપાસકો હિજરતી તરીકે અહીં આવ્યા અને તેઓ જ આ પ્રતિમાઓને લાવ્યા.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જેની મૂર્તિ વિક્રમની તેરમી સદીમાં ભિન્નમાળથી આવેલ છે, જેનું બીજું નામ આશાદેવી છે. થરાદમાં આજે ૧૦ જિનાલયો છે.

( જૈન સત્ય પ્રકાશ, ક્રમાંકઃ ૩૭)

**સોપારક**—આ સ્થાન સિદ્ધચક્રપદના પરમોપાસક મહારાજા શ્રીપાળના સમયમાં પ્રસિદ્ધ જૈન ધામ હતું. ત્યાર પછી આ૦ નાગેન્દ્રસૂરિ, આ૦ ચંદ્રસૂરિ, આ૦ નિર્વૃતિસૂરિ અને આ૦ વિદ્યાધરસૂરિની જન્મભૂમિ હોવાના કારણે સોપારક તીર્થ તરીકે પણ ખ્યાતિ મેળવી ચૂક્યું છે. વિ. સં. ૧૩૩૪ સુધી તે તીર્થરૂપે હતું અને ત્યાં ઉક્ત ચારે આચાર્યોની મૂર્તિઓ પણ વિદ્યમાન હતી. આજે આ શહેર છિન્નભિન્ન થઈ ગયું છે. ત્યાં જૈન મંદિર પણ નથી. હમણાં થોડાં વર્ષથી સોપાલા પાસે **અગાશી**માં જૈન તીર્થની સ્થાપના થઈ છે.

**રથાવર્તગિરિ**:—આ૦ વજ્રસ્વામીએ વિ. સં. ૧૭૪માં પોતાના શિષ્યસંઘ સાથે બાર દુકાળીમાં દક્ષિણમાં જઈ એક પહાડી ઉપર અનશન કર્યું અને સમાધિપૂર્વક સ્વર્ગગમન કર્યું છે. આ ભૂમિને ઈન્દ્રે રથ વડે ત્રણ પ્રદક્ષિણા આપી, તેથી તે પહાડનું નામ "રથાવર્તગિરિ" પડેલ છે.

जैनसाईट JAINSITE .com

આચારાંગ સૂત્ર સ્કંધ ૨, ચૂર્ણિ ૩ની નિર્યુક્તિમાં રથાવર્ત નગને તીર્થ તરીકે દર્શાવ્યો છે અને 'આવશ્યકનિર્યુક્તિ'માં રથાવર્ત પર આ૦ વજ્રસ્વામીનું સ્વર્ગગમન દર્શાવ્યું છે.

આ રથાવર્તગિરિનું અસલી નામ શું હતું અને તેનું અત્યારે નામ શું છે? તેનો કંઈ સ્પષ્ટ ઉલ્લેખ મળતો નથી. કિન્તુ અમને લાગે છે કે આજે ઈન્દ્રગિરિ તરીકે જે પહાડી ઓળખાય છે તે જ વાસ્તવમાં રથાવર્તગિરિ છે અને તેના ઉપરની વિશાલકાય મૂર્તિ તે આ૦ દ્વિતીય ભદ્રબાહુસ્વામી યાને વજ્રસ્વામીની મૂર્તિ છે.

આ૦ વજ્રસ્વામીએ અનશન માટે પ્રથમ એક પહાડી પસંદ કરી હતી પરંતુ પોતાના એક બાલ મુનિને છૂટા પાડવા માટે તે



www.jainsite.com  For Private & Personal Use Only  info@jainsite.com

મુનિને ત્યાંજ રાખી તે પહાડીનો ત્યાગ કરી સામેની બીજી પહાડી પર જઈ અનશન સ્વીકાર્યું છે અને બાલ મુનિએ પહેલી પહાડી પર અનશન કર્યું છે.

ત્યાર પછી તેમના પ્રશિષ્ય આ૦ ચંદ્રસૂરિ અહીં પધાર્યા હતા અને તેમના ઉપદેશથી અહીં પહાડીની સળંગ શિલામાંથી આ૦ વજ્રસ્વામીની વિશાલકાય પ્રતિમા બની હતી. આ બન્ને પહાડીઓ આજે ઈન્દ્રગિરિ અને ચંદ્રગિરિ એવા નામથી પ્રસિદ્ધ છે.

મહીસૂરની ભૂગોળથી જાણી શકાય છે કે મહીસૂરના હસન જિલ્લામાં શ્રમણબેલગોલ નામનું ગામ છે. ત્યાં હેલબેલગોલ, કોડી બેલગોલ, શ્રવણબેલગોલ નામે વિખ્યાત તળાવો છે. બેલગોલનો અર્થ સફેદ તળાવ થાય છે. એટલે શ્રવણબેલગોલનો અર્થ જૈનોનું સફેદ સરોવર થાય છે. આ તળાવની ઉત્તરમાં ચંદ્રગિરિ નામની પહાડી છે અને દક્ષિણમાં વિંધ્યગિરિ યાને ઈન્દ્રગિરિ પહાડી છે, જેના ઉપર અનેક જિનાલયો અને જિનપ્રતિમાઓ છે.

( એપિગ્રાફિયા કર્ણાટક, ભા. ૨ની ભૂમિકા )

JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

દિગમ્બર ઇતિહાસ કહે છે કે, આ સ્થાન પ્રાચીન કાળમાં તીર્થરૂપે હતું, પરંતુ સમય જતાં તે ભુલાવા લાગ્યું. તેનો માર્ગ કઠિન હતો. એટલે લોકોની અવરજવર ત્યાં થતી ન હતી, દ્રવિડની મથુરાના ગંગવંશી રાજા રાયમલ્લના મંત્રી ચામુંડરાયે અહીં આવી આ તીર્થ પ્રગટ કર્યું. ઘણા સમય સુધી ચારે બાજુ ચોકી મૂકી જનસંચાર રોકી આ મૂર્તિને ઘટતો સંસ્કાર આપી શક સં. ૯૦૦માં તેની પ્રતિષ્ઠા કરી. તેનું ગોમટેશ્વર એવું નામ રાખવામાં આવ્યું છે અને તે મૂર્તિના બન્ને પગ પાસે श्रीचामुण्डराजं माडिसिदं શ્રીચામુંડરાજે નિર્માણ કરાવી. श्रीचामुंडराजे करविपले શ્રીચામુંડરાજે બનાવરાવી એવા શિલાલેખો છે વગેરે વગેરે.

(બાહુબલી ચરિત્ર, રાજાવલી કથા, જૈ. સા. સં. ક. ૪)

સ્પષ્ટ વાત છે કે આ તીર્થ પુરાણું છે, મૂર્તિ પ્રાચીન છે પણ તે તીર્થ વિક્રમની ૧૧મી સદીમાં ગોમટેશ્વર તરીકે જાહેર થયું છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આપણે જાણીએ છીએ આ૦ વજ્રસ્વામી અને દિગમ્બર માન્યતા પ્રમાણે આ૦ બીજા ભદ્રબાહુસ્વામી અહીં સ્વર્ગે ગયા છે. એટલે આ મૂર્તિ તેમની હોય એ તર્કસંગત વસ્તુ છે. મહર્ષિ બાહુબલિજી અહીં પધાર્યા જ નથી, ગોમટેશ્વર એવું તેમનું કોઈ બીજું નામ પણ નથી, છતાં આપણે આ મૂર્તિ બાહુબલિની છે એમ માની લઈએ એ તો આપણે આ તીર્થનો ઇતિહાસ ભૂલી ગયા છીએ, તેનું જ પરિણામ છે. ચામુંડરાય દિગમ્બર જૈન હતો. તેણે આ મૂર્તિને દિગમ્બરપણાનો સંસ્કાર આપ્યો હોય એ સર્વથા બનવાજોગ છે.

ટૂંકમાં કહી શકાય કે, ઇન્દ્રના રથની પરિક્રમાથી પ્રસિદ્ધ થયેલો રથાવર્તગિરિ અને ઇન્દ્રના જ નામથી પ્રસિદ્ધ થયેલો ઇન્દ્રગિરિ એ બન્ને વિંધ્યગિરિની એક પહાડીનાં જ નામો છે અને આ૦ વજ્રસ્વામી યાને દ્વિતીય ભદ્રબાહુનું સમાધિસ્થાન છે.

દિગમ્બર ગ્રંથકારો સંશયી કે મિથ્યાત્વી તરીકે આ૦ ઇન્દ્ર, આ૦ ચંદ્ર, આ૦ નાગેન્દ્રનાં નામો સંભારે છે. ખરેખર, એ જ આચાર્યોના નામથી આ ઇન્દ્રગિરિ અને ચંદ્રગિરિ તીર્થો છે. તેમજ મંત્રી ચામુંડરાય પછી દિગમ્બરોએ તે તીર્થોને અપનાવ્યાં છે.

**ઓસમ પહાડ**—જૂનાગઢથી ૭ કોશ દૂર આ પહાડ છે. અહીંની કેટલીએક પ્રાચીન ગુફાઓ નાશ પામી છે. આંબલીવાળું ભોંયરું વગેરે ગુફાઓ વિદ્યમાન છે. ઉપર ચક્રેશ્વરીનું મંદિર છે. શિવની દેરીમાં એક નાનકડી જિનપ્રતિમા છે. ઉપર નવો કિલ્લો છે, જેનાં બાંધકામમાં દેરાસરના પથ્થરોનો વધુ ઉપયોગ હશે એમ સહેજે દેખાઈ આવે છે. ઉતારમાં વીશેક પડથારો છે. ત્યાં દરેક સ્થાને મંત્રી સજ્જન અને ગૂર્જરેશ્વર કુમારપાલ વગેરેએ બંધાવેલ મંદિરો હતાં. અલ્લાઉદ્દીન ખીલજીના જોઝારા હાથે તેનો નાશ થયો છે. કિલ્લા પાસેના ભીમકુંડમાં પ્રતિમાઓ સંતાડી રાખી હતી, પચાસેક વર્ષ પહેલાં તેમાંથી ઘણી જિનપ્રતિમાઓ મળી આવી છે, જે હાલ ધોરાજી અને જુનાગઢના દેરાસરોમાં બિરાજમાન છે.

(જૈન સત્ય પ્રકાશ, ક્રમાંક ૯, પૃ. ૩૦૧)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આ પહાડ પણ ગોંડળ રાજ્યમાં છે.

વસઈ—ઓખા બેટમાં નવી દ્વારિકા વસી છે. તેની પાસે ગુપ્તકાળનું જિનમંદિર છે.

વૉટ્સન સાહેબ જણાવે છે કે, વિમલવસહી વગેરે જૈન સ્થાનો છે, તેમ આ સ્થાન પણ જૈનોનું છે. પાસે વસઈ ગામ છે, મંદિરની રચના જૈનોને મળતી છે, ગુપ્તકાલીન શિલ્પ છે. આ મંદિર પહેલાં જૈનોનું હતું. (કાઠીઆવાડ ગેઝિટિયર)

દ્વારિકા—એ અસલમાં જૈન ધામ છે. શાસ્ત્રી રેવાશંકર મેઘજી દેલવાડાકર જણાવે છે કે, 'જગતદેવાલય કયા વર્ષમાં કોણે બનાવ્યું? તેનો કશો પણ આધાર ઈતિહાસ કે પુરાણોમાંથી મળી શકતો નથી. કેટલાએક એમ કહે છે કે, આ મંદિર વજ્રનાભે કરાવ્યું નથી પણ ત્રણ હજાર વર્ષ ઉપર જૈની લોકોએ કરાવ્યું છે, અને તેમાં શ્રીપાર્શ્વનાથની મૂર્તિ સ્થાપન કરી હતી તે મૂર્તિ હાલ નગરમાં છે. વળી મૂર્તિના ચરણમાં લખ્યું છે કે, આ મૂર્તિ જગતદેવાલયમાં સ્થાપન કરી હતી.'

આ સ્થાન શંકરાચાર્યના વખત પછી અજૈનોના હાથમાં ગયું છે અને તે જૈન તીર્થ મટી વૈષ્ણવ તીર્થ બન્યું છે.

સદ્ગત તનસુખરામ મ૦ ત્રિપાઠી પણ જણાવે છે કે, 'વિ. સં. ૧૨૦૦ પછી દ્વારિકા વૈષ્ણવતીર્થ તરીકે સવિશેષ પ્રસિદ્ધિ પામ્યું હોય એમ જણાય છે.'

આ મંદિરમાં ઉપલા ભાગમાં ભગવાન નેમિનાથની જાન વગેરેનાં કોરણીભર્યાં ચિત્રો છે. (જૈન સત્યપ્રકાશ, ક્રમાંક ૩૭)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## પ્રકરણ પંદરમું

## આ૦ શ્રીચંદ્રસૂરિ

આ૦ વજ્રસેનસૂરિના બીજા પટ્ટધર આ૦ ચંદ્રસૂરિ છે. તેમનાં વીર સં. ૫૭૧માં જન્મ, સં. ૫૯૨ માં દીક્ષા, સં. ૬૦૬માં સૂરિપદ, સં. ૬૨૦માં યુગપ્રધાનપદ અને સં. ૬૫૦ લગભગમાં સ્વર્ગગમન.

સોપારકના શેઠ જિનદત્તે પોતાની પત્ની ઈશ્વરી અને ૪ પુત્રો સાથે બારદુકાળી ઊતરતાં જ વીર સં. ૫૯૨-(વિ. સં. ૧૮૨)માં આ૦ વજ્રસેનસૂરિ પાસે દીક્ષા લીધી. તેમના ચારે પુત્રો ૧ નાગેન્દ્ર, ૨ ચંદ્ર, ૩ નિવૃત્તિ અને ૪ વિદ્યાધર સમર્થ આચાર્યો થયા છે. વીર સં. ૬૦૬માં તેઓના નામથી જ ૪ કુળો નીકળ્યાં છે.

જૈન સાઇટ JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્

આ૦ નાગેન્દ્રસૂરિનો પરિચય વાચકવંશ (પ્ર૦ ૮, પૃ. ૧૮૪) માં આવી ગયો છે.

આ ચારે આચાર્યોમાં બીજા આ૦ ચંદ્રસૂરિ છે. તેમની પુણ્ય પ્રકૃતિ સતેજ હતી. તેથી શ્રમણસંઘે ચાર કુલ બનાવ્યાં, ત્યારે તેમના ચંદ્રકુળમાં ઘણા ગણો અને શાખાઓ દાખલ થયાં હતાં. ઈતિહાસ કહે છે કે, ઉપકેશગચ્છના આ૦ યક્ષદેવસૂરિ, આ૦ કક્કસૂરિ, આ૦ ઉદયવર્ધનસૂરિ અને પંડિલ્લગચ્છના આચાર્યો ચંદ્રકુળમાં દાખલ થયા હતા. આ૦ ઉદયવર્ધનસૂરિએ ઉપકેશગચ્છ અને કોટિકગચ્છને સમાન માની દ્વિવંદનીકગચ્છ સ્થાપ્યો છે.

ચંદ્રકુળ વિશાળ બનવાથી ચંદ્રગચ્છ તરીકે ખ્યાતિ પામ્યું છે.

પ્રાચીન શ્રમણો નિર્ગ્રન્થ અને કોટિકગચ્છના મનાતા હતા, આ૦ ચંદ્રસૂરિથી તે પરંપરાનું 'ચંદ્રગચ્છ' એ ત્રીજું નામ જાહેર થયું છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

દિગંબર વિદ્વાનો પણ જો કે આ૦ નાગેન્દ્રસૂરિ વગેરેને શ્વેતામ્બર તરીકે માને છે પરંતુ આ૦ ચંદ્રસૂરિને તો પૂજ્યભાવે જ સત્કારે છે.+ એકંદરે આજનો જૈનસંઘ આ આચાર્યનો બહુ જ ઋણી છે. આજે જે જે જૈન મુનિઓ છે તે દરેક ચંદ્રકુળના જ છે અને તેથી દરેક મુનિઓ નવી દીક્ષા આપે ત્યારે તે દીક્ષિતને 'તમારાં કોટિકગણ, વજ્રશાખા, અને ચંદ્રકુળ છે' એવો દિગ્બંધ સંભળાવે છે. આ આચાર્યની પરંપરા બહુ વિસ્તાર પામી છે.

### બીજા આ૦ ચંદ્રસૂરિવરો

જૈન શ્રમણપરંપરામાં ચંદ્રસૂરિ એ નામના અનેક આચાર્યો થયા છે, જેમાંના કેટલાએકનાં નામો નીચે પ્રમાણે છે:

૧. આ૦ વજ્રસેનસૂરિના બીજા પટ્ટધર, જેનાથી 'ચંદ્રગચ્છ' નીકળ્યો છે.

૨. 'પંચસંગ્રહ'ના કર્તા આ૦ ચંદ્રર્ષિ.

૩. આ૦ વીરગણિના શિષ્ય.

૪. ચંદ્રકુલના આ૦ શીલભદ્રસૂરિના શિષ્ય આ૦ ધનેશ્વરના પટ્ટધર. તેમનું મૂળ નામ પં. પાર્શ્વદેવ હતું. તેઓ સમર્થ ગ્રંથકાર હતા. (સં. ૧૧૬૯ થી ૧૨૨૮).

૫. જેમણે સં. ૧૧૭૨માં પંચાશકચૂર્ણિ, સં. ૧૨૭૪માં ઈર્યાપથિકીચૂર્ણિ, ચૈત્યવંદન ચૂર્ણિ, વંદનકચૂર્ણિ, સં. ૧૧૭૬માં પિંડવિશુદ્ધિવૃત્તિ, સં. ૧૧૮૦માં પાક્ષિકસૂત્રવૃત્તિ ગ્રં૦ ૨૭૦૦, બનાવ્યાં છે. સંભવ છે કે નં ૪, ૫ એ બન્ને એક જ આચાર્ય હશે.

---

+ तदीयवंशाकरतः प्रसिद्धादभूद्दोषा यतिरत्नमाला ।
ચંદ્રકુળમાં અનેક પવિત્ર મુનિઓ થયા છે.

(શ્રવણબેલગોલ, શિલાલેખ નં. ૧૦૮)

इन्द्र-चंद्र-नागेन्द्रवादी संशयमिथ्यादृष्टिः । संशयवादी किलैवं मन्यते, सेयंबरो य० ॥

(बोधप्राभृत, गा० ५२, श्रुतसागरी टीका)

इन्द्र-चंद्र-नागेन्द्रगच्छोत्पन्नानां तंदुलोदक–क्वाथोदकादिसमाचारी समाश्रयिणां श्वेतपटानाम् । (भावप्राभृत, गा० १३५, श्रुतसागरी टीका)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૬. રાજગચ્છના આ૦ શાલિભદ્રસૂરિના પટ્ટધર. *

૭. મલધારી આ૦ હેમચંદ્રના બીજા પટ્ટધર, જે અસલમાં લાટદેશના મંત્રી હતા. જેમણે વિ. સં ૧૧૯૩માં 'મુનિસુવ્વયચરિયં' ગ્રં. ૧૦૯૯૪, 'સંગ્રહણીસૂત્ર, ક્ષેત્રસમાસ' રચ્યાં છે.

૮. જેમણે 'લઘુપ્રવચનસારોદ્ધાર' રચ્યો. સંભવ છે કે નં. ૭, ૮ એક જ આચાર્ય હશે.

૯. આ૦ જિનચંદ્રસૂરિના પ્રશિષ્ય આ૦ જિનચંદ્રના બીજા પટ્ટધર. તેમના પટ્ટે આ૦ હરિભદ્રસૂરિ થયા છે.

૧૦. ચંદ્રગચ્છે આ સર્વદેવસૂરિ સંતાનીય આ૦ જયચંદ્રસૂરિ-પટ્ટે આ૦ દેવેંદ્રસૂરિના શિષ્ય, જેમણે વિ૦ સં. ૧૨૧૪માં 'સણુય-કુમારચરિયં' ગ્રં૦ ૮૦૦૦ રચ્યું.

૧૧. વિક્રમની બારમી સદીના ઉત્તરાર્ધમાં.

૧૨. વિક્રમની તેરમી સદીના પ્રારંભમાં.

૧૩. પૂર્ણિમા પક્ષે આ. અભયદેવના પ્રશિષ્ય, તેરમી સદી શરૂ.

૧૪. ચંદ્રગચ્છે આ. મુનિરત્નના શિષ્ય તેમના બીજા શિષ્ય દેવેંદ્રસૂરિએ સં. ૧૨૯૮માં 'ઉપમિતિસારોદ્ધાર' ગ્રં૦ ૫૭૩૦ રચ્યો.

૧૫. જેમણે સં. ૧૩૧૪માં જિનબિંબની અંજનશલાકા કરાવી, જે મૂર્તિ શત્રુંજય ઉપર મોદીની ટૂંકમાં છે.

૧૬. જેમણે સં. ૧૩૭૩માં પ્રતિષ્ઠાપેલ મૂર્તિ વડોદરામાં. શ્રી૦ આદિનાથના દેરાસરમાં વિદ્યમાન છે.

૧૭. જેમણે 'તીર્થમાલાસ્તોત્ર' બનાવ્યું.

---

* રાજગચ્છીય આ૦ ચંદ્રસૂરિશિષ્ય આ૦ જિનેશ્વરસૂરિપટ્ટે આ૦ દેવેંદ્રસૂરિએ સં. ૧૨૫૬ જે. શુ. ૧૩ શુક્રે ગિરનાર તીર્થમાં દંડનાયક અભયદેવના પુત્ર વસંતપાલે કરાવેલ નંદીશ્વરદ્વીપપટ્ટની પ્રતિષ્ઠા કરી.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## પ્રકરણ સોળમું

### આ૦ શ્રીસમન્તભદ્રસૂરિ

આ૦ ચંદ્રસૂરિની પાટે આ૦ સમન્તભદ્રસૂરિ થયા, તેમનું જીવનચરિત્ર મળતું નથી. દિગમ્બર સાહિત્યમાં તેમના માટે ૨ શ્લોકો મળે છે, જે નીચે પ્રમાણે છે:

काञ्च्यां नग्नाटकोऽहं मलमलिनतनुर्लाम्बुशे पाण्डुपिण्डः,
पुंडोड्रे शाक्यभिक्षुर्दशपुरनगरे मृष्टभोजी परिव्राट् ।
वाराणस्यामभूवं शशिधरधवलः पाण्डुरङ्गस्तपस्वी,
राजन्! यस्यास्ति शक्तिः स वदतु पुरतो जैननिर्ग्रन्थवादी ॥१॥

આ૦ સમન્તભદ્રસૂરિજી દિગંબર મુનિ, શ્વેતપિંડ બૌદ્ધભિક્ષુ, પરિવ્રાજક શૈવભિક્ષુ અને તપસ્વી થયા પછી જૈનમુનિ બન્યા છે.

पूर्वं पाटलिपुत्रमध्यनगरे भेरी मया ताडिता,
पश्चात् मालव–सिन्धु–ठक्कविषये काञ्चीपुरे वैदिशे ।
प्राप्तोऽहं करहाटकं बहुभटं विद्योत्कटं संकटं,
वादार्थी विचराम्यहं नरपते! शार्दूलविक्रीडितम् ॥२॥

આ૦ સમન્તભદ્રસૂરિએ પટણા, માળવા, સિંધ, ઠક્ક, કાંચી, વિદિશા અને કરાડમાં શાસ્ત્રાર્થ કરી વિજય મેળવ્યો હતો.

આ૦ ઉપરથી એમ અનુમાન થાય છે કે આ૦ સમન્તભદ્રસૂરિ પ્રથમ દિગમ્બર મુનિ બન્યા હતા અને ઘણા કાળ સુધી જુદા જુદા વેષપલટાઓ કરી અંતે આ૦ ચંદ્રસૂરિજી પાસે દીક્ષા લઈ તેમના પટ્ટધર બન્યા હતા અને તેમની પાટે આ૦ વૃદ્ધદેવસૂરિજી આવ્યા છે. આ આચાર્યે કયાં કયાં વિહાર કર્યો, તે ઉપરના બીજા શ્લોકથી સમજી શકાય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આ૦ સમન્તભદ્રસૂરિએ શ્વેતામ્બર દિગમ્બરના ભેદોને તોડી બન્નેને એક કરવા ભરચક પ્રયત્ન કર્યો છે. તેઓ ઉત્કટ ત્યાગી હતા, અને વનમાં કે ગામ બહાર યક્ષ આદિનાં મંદિરોમાં વિશેષ રહેતા હતા, તેથી તેમનો શિષ્યપરિવાર "વનવાસીગચ્છ" તરીકે ખ્યાતિ પામેલ છે અને નિર્ગ્રન્થગચ્છનું પણ વીર સં. ૬૫૦ લગભગમાં **વનવાસીગચ્છ** એવું ચોથું નામ પડ્યું છે. વનમાં રહેવાથી દિગમ્બરાચાર્યો પણ આ આચાર્યને પૂજ્યભાવે માને છે, અને તેમના સાહિત્યને આપ્તાગમ તરીકે સ્વીકારે છે. સંભવ છે કે વનમાં રહેવાના કારણે તેમનો સાહિત્યવારસો દિગમ્બરોને મળ્યો હશે એમ લાગે છે અને દિગમ્બર વિદ્વાનોએ પણ પાછળથી તેને જ ખૂબ વિકસાવ્યો છે.

આચાર્ય સમન્તભદ્રસૂરિએ 'આપ્તમીમાંસા શ્લોક ૧૧૪, યુક્ત્યનુશાસન પદ્ય ૬૪, જિનસ્તુતિશતક પદ્ય ૧૧૬, સ્વયંભૂ-સ્તોત્ર ચૈત્યવંદનસંગ્રહ પદ્ય' ૧૪૩, જીવસિદ્ધિ, તત્ત્વાનુશાસન, પ્રાકૃતવ્યાખ્યાન, પ્રમાણપદાર્થ, કર્મપ્રાભૃત ટીકા' વગેરે ગ્રંથોના રચના કરી છે.

'આપ્તમીમાંસા' એ તેમનું જીવતું ઠોસ સાહિત્ય છે. ન્યાયનો પ્રૌઢ ગ્રંથ છે. આપ્તમીમાંસાની અષ્ટસહસ્રી ટીકા પર મહામહોપાધ્યાય શ્રીયશોવિજયજી મહારાજે ૮૦૦૦ શ્લોકપ્રમાણ ટિપ્પણ કરેલ છે. દિગમ્બરો માને છે કે "આ૦ સમન્તભદ્રસૂરિએ ગંધહસ્તિ મહાભાષ્ય બનાવ્યું હતું તેનું મંગલાચરણ આપ્તમીમાંસા છે." પરંતુ મહાભાષ્ય બન્યું છે કે નહિ એ જ સંશોધનનો વિષય છે. વાચક શ્રીઉમાસ્વાતિજીના 'તત્ત્વાર્થસૂત્ર' પર એ મહાભાષ્ય બન્યું હોય એ પણ બનવાજોગ નથી. કેમકે આચાર્યનો અને વાચકજીનો સત્તાસમય જુદો છે, અને દિ૦ આ૦ પૂજ્યપાદની 'સર્વાર્થસિદ્ધિ' વગેરેમાં એ અંગે કંઈ સૂચન કરવામાં આવ્યું નથી. સંભવ છે કે આપ્તમીમાંસા પોતાના વૃદ્ધ શિષ્ય વૃદ્ધદેવસૂરિને અનુલક્ષીને બનાવવામાં આવી હશે કેમકે "આપ્તમીમાંસાનું" બીજું નામ "દેવાગમસ્તોત્ર" છે.



જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તેમના 'જીવસિદ્ધિ, તત્ત્વાનુશાસન' વગેરે ગ્રંથો મળતા નથી. તત્વાનુશાસનનું વાસ્તવિક નામ આત્માનુશાસન કે આત્માનુ-શાસ્તિ હશે કેમકે અનુયોગદ્વાર સૂત્રના ૧૨૦મા સૂત્રમાં આત્માનુ-શાસ્તિનો ઉલ્લેખ મળે છે.

તેમની રચનામાં 'રત્નકરંડ શ્રાવકાચાર'નું પણ નામ જોડવામાં આવે છે. પરંતુ તે કુન્દકુન્દ 'શ્રાવકાચાર' અને ઉમાસ્વાતિ 'શ્રાવકા-ચાર'ની પેઠે તેમનાં નામ પર ચડાવી દીધેલ હોય એમ લાગે છે. અથવા કોઈ લઘુ સમંતભદ્રજીએ તેને બનાવ્યો હશે.

તેમના સાહિત્યમાં તીર્થંકરની સાક્ષરી વાણી ( સ્વયંભૂ સ્તોત્ર શ્લોક ૪, ૭૪, ૯૭, ૧૦૭, ભૂમિવિહાર ( શ્લોક ૨૯, ૧૦૮, ૧૧૮ ) અને તપસ્યા ( શ્લો૦ ૮૩ ) વગેરે વિધાનો શ્વેતાંબર માન્યતાને જ પુષ્ટ કરે છે. છતાંય ખુશી થવા જેવું છે કે દિગમ્બર વિદ્વાનો પણ તે સાહિત્યને આવકારે છે.

ક. સ. આ૦ શ્રી હેમચંદ્રસૂરિજી અને આ૦ મલયગિરિજી મહારાજ પોતાના સાહિત્યમાં આ૦ શ્રીસમન્તભદ્રસૂરિજીને મહાન સ્તુતિકાર તરીકે ઓળખાવે છે.

એકંદરે આ૦ સમન્તભદ્રસૂરિજી તે યુગના આદર્શ ત્યાગી છે, શ્વેતામ્બર તથા દિગમ્બર બન્ને સંપ્રદાયમાં માન્ય સમર્થ ગ્રંથકાર, અજોડ સ્તુતિકાર અને પ્રખરવાદી છે.

તેમણે વિહાર કરતાં કરતાં કોરંટાતીર્થમાં જઈ ઉપાધ્યાય દેવચંદ્રજીને દીક્ષા આપી, પોતાની પાટે સ્થાપી, શત્રુંજયતીર્થ ઉપર પધારી અનશન સ્વીકાર્યું હતું.

**ઉદયગિરિ–ગુફા.**

વિદિશાથી ૪ માઈલ દૂર ઉદયગિરિ છે તેમાં જૈન ગુફાઓ છે. ૨૦ મી ગુફામાં વીર સં. ૬૫૧નો શિલાલેખ છે કે:—

ભદ્રાર્ય શાખાના આ૦ ગોશર્મના શિષ્ય મુનિ **શંકરે** અહીં ગુપ્ત સં. ૧૦૬માં ભ. શ્રીપાર્શ્વનાથની પ્રતિષ્ઠા કરાવી છે.

( ફ્લીટ "ગુપ્ત" અભિલેખ, પૃ૦ ૨૫૮, આ ગ્રંથ પૃ૦ ૭૭ )

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## પ્રકરણ સત્તરમું

## આ૦ વૃદ્ધદેવસૂરિ.

ભગવાન પાર્શ્વનાથની શ્રમણપરંપરા ઉપકેશગચ્છ તરીકે પ્રસિદ્ધ છે. તેની એક શાખા કોરંટાગચ્છ છે [ જુઓઃ પૃ૦ ૧૬, ૨૦ ]

આ કોરંટાગચ્છમાં ઉપાધ્યાય **દેવચંદજી** હતા તે ઘણા વર્ષો સુધી કોરંટામાં જ રહ્યા અને ધીમે ધીમે શિથિલ થઈ ગયા હતા.

આ૦ સમન્તભદ્રસૂરિ કાશીથી વિહાર કરતા કરતા કોરંટા પધાર્યા. તેમણે ઉ૦ દેવચંદ્રજીને વૈરાગ્યનો ઉપદેશ આપી, ચૈત્યની મમતા છોડાવી, શિથિલતા દૂર કરાવી શુદ્ધ સાધુમાર્ગમાં સ્થાપ્યા. પોતાની સાથે લઈ જઈ વીર સં૦ ૬૫૩ લગભગમાં પોતાની પાટે આચાર્યપદ આપ્યું અને તેમનું નામ **દેવસૂરિ** રાખ્યું.

આ૦ દેવસૂરિની ઉંમર બહુ મોટી હતી, તેઓ તે કાળના શ્રમણોમાં વૃદ્ધ હતા, તેથી તેમને "વૃદ્ધ" નું વિશેષણ લગાડયું હશે એમ સહેજે માની શકાય તેમ છે.

તેમના ઉપદેશથી નાહડ રાજાના મંત્રીએ કોરંટાજીમાં મોટું જિનાલય બનાવ્યું હતું, જેમાં તેમણે અંજનશલાકા તથા પ્રતિષ્ઠા કરાવી હતી. તેઓ વીર સં. ૬૭૦માં થયેલ સાચોરની પ્રતિષ્ઠામાં પણ ઉપસ્થિત હતા. તેઓ વી૦ સં૦ ૬૭૩માં સ્વર્ગે ગયા.

(તપાગચ્છપટ્ટાવલી, અંચલગચ્છપટ્ટાવલી.)

કોઈ કોઈ વિદ્વાન માને છે કે ઉપર લખેલી ઘટનાવાળા આચાર્ય તે વડગચ્છના આ૦ સર્વદેવસૂરિના પટ્ટધર દેવસૂરિ છે. અને તેમનાથી "દેવાચાર્યગચ્છ" નીકળ્યો હોવાનું સંભવે છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## આ૦ જજ્જિગસૂરિ, રાજા નાહડ

આ૦ જજ્જિગસૂરિ વિક્રમની ત્રીજી શતાબ્દીના પ્રભાવક આચાર્ય છે. તેમની અધ્યક્ષતામાં વીર સં૦ ૬૭૦માં **સાચોર** તીર્થની સ્થાપના થઈ છે.

નડૂલદેશના **મંડોવરના** રાજાને મારી તેના કુટુંબીઓએ મંડોવરમાં પોતાની ગાદી સ્થાપી. આમ થવાથી ગર્ભવતી રાણી ત્યાંથી નાસી **વરમાણ** જઈ પહોંચી. તેણીએ ત્યાં એક બાળકને જન્મ આપ્યો. એકવાર આ૦ જજ્જિગસૂરિએ ઝોળીમાં સૂતેલા તે રાજબાળનાં શુભલક્ષણો જોઈ રાણીને જણાવ્યું કે આ બાળક મહાપુરુષ થશે માટે આની પૂરી સંભાળ રાખજે. રાણીએ બાળકનું નામ **નાહડ** રાખ્યું. નાહડ આચાર્યમહારાજની કૃપાથી અને નવકારમંત્રના પ્રભાવથી સમય જતાં નડૂલદેશનો રાજા થયો અને તેણે સાચોરતીર્થ સ્થાપ્યું.

જૈન સાઇટ JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્

નાહડનું બીજું નામ **નાગભટ્ટ** છે. તે **પ્રતિહાર** વંશનો પૂર્વજ હોય એમ લાગે છે.

## જૈનતીર્થો

**કોરંટાતીર્થ**—ઉપકેશગચ્છના આ૦ રત્નપ્રભસૂરિએ વીર સં. ૭૦માં આ તીર્થની સ્થાપના કરી છે (જુઓ: પૃ. ૨૦,૯૭)

અહીં નાહડ રાજાના મંત્રીએ મોટું જિનાલય બનાવી તેમાં વીર સં૦ ૫૯૫માં આ૦ વૃદ્ધદેવસૂરિના હાથે પ્રભુપ્રતિષ્ઠા કરાવી હતી. જો કે પટ્ટાવલીમાં આ પ્રતિષ્ઠા માટે સં૦ ૫૯૫ લખાયેલો મળે છે, પણ તે બરાબર નથી. કેમકે તે સાલમાં આ૦ વૃદ્ધદેવસૂરિ તથા નાહડરાજ વિદ્યમાન હોય એ ઈતિહાસથી પુરવાર થતું નથી. તો સંભવ છે કે આ પ્રતિષ્ઠાનો સંવત ૬૫૫ અથવા ૬૭૦ (વીર સં૦ ૬૭૦–વિ૦ સં૦ ૨૬૦ શાકે ૧૨૫) હોવો જોઈએ.

કોરંટાતીર્થ મારવાડમાં **શિવગંજ** પાસે છે, ત્યાં આજે પણ ભવ્ય ૫ જિનાલયો વિદ્યમાન છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**સ્વર્ણગિરિ**—મારવાડમાં જાલોર પાસે પહાડી પર વિશાળ કિલ્લો છે; જે સ્વર્ણગિરિ, કનકાચલ, સોહનગઢ વગેરે નામોથી પ્રસિદ્ધ છે. નાહડ રાજાના સમયે આ કિલ્લામાં માત્ર કરોડપતિ જ રહી શકતા હતા, નવાણું લાખના આસામીને પણ રહેવાની છૂટ ન હતી. આ કિલ્લામાં નાહડ રાજાએ **યક્ષવસતિ** નામનો મોટો પ્રાસાદ કરાવી તેમાં સં૦ ૧૩૫માં ભગવાન મહાવીરસ્વામીની પ્રતિષ્ઠા કરાવી હતી. ( વિચારશ્રેણિ )

બીજો ઉલ્લેખ એવો મળે છે કે, આ૦ **પ્રદ્યોતનસૂરિએ** સ્વર્ણગિરિ પર દોશી ધનપતિએ કરાવેલ **યક્ષવસતિમાં** ભગવાન મહાવીરસ્વામીની પ્રતિષ્ઠા કરાવી હતી.

( પં૦ ખુશાલની વીરવંશાવલી )

આ બન્ને ઉલ્લેખોનો સમન્વય કરવાથી નક્કી છે કે આ૦ પ્રદ્યોતનસૂરિએ વીર સં૦ ૬૮૦ વિ૦ સં૦ ૨૧૦ શાકે ૧૩૫માં આ તીર્થની સ્થાપના કરી છે. તે સમયે આચાર્ય તથા નાહડ રાજા વિદ્યમાન હતા એમ ઐતિહાસથી પુરવાર થાય છે.

JAINSITE.com જૈન સાઈટ જૈનમ્ જયતિ શાસનમ્

**સાચોર**—નાહડ રાજાને નડૂલદેશનું રાજ્ય મળ્યું. તે જૈનધર્મી રાજા હતો. તેણે એક વાર આ૦ જજ્જિગસૂરિને વિનતિ કરી કે, પૂજ્ય ગુરુજી ! મને એક મોટું એવું કાર્ય ફરમાવો કે જે કરવાથી મોટો લાભ થાય. આ સમયે સાચોરમાં એક આશ્ચર્યકારક ઘટના બની. એક ગાય એક અજાણ્યા સ્થાને જઈ હંમેશા પોતાના ચારે આંચળનું દૂધ ઝરી આવતી હતી. આચાર્યમહારાજે તે સ્થાને પ્રભુપ્રતિમા હોવાનું જણાવ્યું. આથી સંઘે તપાસ કરી તો ત્યાં ભગવાન મહાવીરસ્વામીની પિત્તલમય પ્રતિમા વિરાજમાન હતી. રાજાએ આચાર્યમહારાજના ઉપદેશથી ત્યાં મોટું જિનાલય બંધાવ્યું, તેમાં તે પ્રતિમાજી પધરાવવાનો નિર્ણય કર્યો અને આચાર્યમહારાજને આ પ્રતિષ્ઠા કરાવવા માટે પધારવા વિનતિ કરી.

આ૦ જજ્જિગસૂરિએ ત્યાં આવવા વિહાર કર્યો. તેમણે વીર સં. ૬૭૦ માં ત્રણ શુભ મુહૂર્તો જોઈ રાખ્યાં હતાં, જેમાં અમર કાર્યો થયાં છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આચાર્ય મહારાજે (૧) પહેલા શુભ મુહૂર્તમાં નાહડના પૂર્વજ રાજા **વિંધ્યરાય**ની પ્રતિષ્ઠા કરી. (૨) બીજા શુભ મુહૂર્તમાં રાજકુમાર **શંખ** પાસે ઢીલી જમીનમાં ડાંગ ઠોકાવી, ત્યાં કૂવો બન્યો જે **શંખકૂવા** તરીકે પ્રસિદ્ધ થયો. તે દુકાળ હોય તો પણ વૈ. શુ. ૧૫ ને દિવસે પાણીથી છલાછલ ભરાઈ જતો હતો અને (૩) ત્રીજા મુહૂર્તમાં સાચોરમાં **પ્રભુપ્રતિષ્ઠા** કરાવી.

આ. શ્રીજજ્જિગસૂરિએ વીર સં. ૬૭૦ વિ. સં. ૨૬૦ શાકે ૧૨૫માં સાચોરમાં નહાડરાજે બનાવેલ દેરાસરમાં ભ૦ મહાવીરસ્વામીની પિત્તલમય પ્રતિમા અને બીજાં જિનબિંબોની પ્રતિષ્ઠા કરાવી છે. વળી, આચાર્યમહારાજે **દુગ્ગાસૂઅ** તથા **વયણપમાં** સાધુઓ મોકલી ત્યાંના દેરાસરોમાં પણ તે જ મુહૂર્તમાં જિનપ્રતિમાઓની પ્રતિષ્ઠા કરાવી હતી.

ત્યારથી આ સ્થાન સાચોરતીર્થ તરીકે જાહેર થયું છે. ત્યાંનો અધિષ્ઠાયક બ્રહ્મશાંતિ યક્ષ હતો. નાહડરાજ અહીં નિરંતર પ્રભુપૂજા કરતો હતો.

जैन साईट JAINSITE.com जैनम् जयति शासनम्

કનોજના રાજાએ વિક્રમની તેરમી સદીમાં અહીં લાકડાનું મંદિર બનાવી તેમાં ભ૦ મહાવીરસ્વામીની પ્રતિમા બનાવી પ્રતિષ્ઠિત કરી હતી.+

વલભીનગર ભાંગ્યું, સોમનાથ પાટણ તૂટ્યું, અને પાટણ પડ્યું ત્યારે આ તીર્થ ઉપર પણ કારમી આફત આવી હતી. કિન્તુ દૈવીપ્રભાવે સુરક્ષિત રહ્યું હતું, અંતે અલ્લાઉદ્દીન ખીલજીએ વિ૦ સં૦ ૧૩૬૭માં મૂળનાયકની પ્રતિમાનો વિનાશ કર્યો.

---

+ કનોજના રાજાએ વિક્રમની તેરમી સદીમાં સાચોરમાં ભ૦ મહાવીરસ્વામીનું દેરાસર બનાવ્યું એમ 'તીર્થંકલ્પ'માં ઉલ્લેખ છે પરન્તુ વધુ સંભવિત એ છે કે વીરની તેરમી સદીમાં તે બનાવ્યું હશે. કેમકે સચોર તે અરસામાં કનોજના રાજ્યમાં હતું. તે અરસામાં કનોજના રાજા નાગભટ્ટે અનેક જૈનમંદિર બનાવ્યાં છે. વળી, વિક્રમની બારમી તેરમી સદીમાં તો લાકડાને બદલે પાષાણનાં દેરાસર બાંધવાનું શરૂ થયું હતું એ વાત પણ ભૂલવાજેવી નથી.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

'જગચ્ચિંતામણિ' ચૈત્યવંદનમાં **जयउ वीर सच्चउरीमंडण** પદથી સચોરના મહાવીર ભગવાનનો જયઘોષ છે.

મહાકવિ **ધનપાલે** પણ સાચોરના મહાવીરનો ઉત્સાહપ્રબંધ બનાવ્યો છે.

આ સ્થાન આજે ભિન્નમાલની પાસે સાચોરતીર્થ તરીકે પ્રસિદ્ધ છે.+ (તીર્થકલ્પ, પટ્ટાવલી, જૈન સત્ય પ્રકાશ ક૦ ૧૯,૩૭)

जैन साईट JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

+ સાંચી અને સાચોર આ બન્ને સ્થાનો પ્રાચીનકાળમાં सच्चउर સત્યપુર તરીકે ઓળખાતાં હતાં.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## પ્રકરણ અઢારમું

## આ૦ પ્રદ્યોતનસૂરિ

આ૦ વૃદ્ધદેવસૂરિની પાટે આ૦ પ્રદ્યોતનસૂરિ થયા.

'વીર વંશાવલી'ના ઉલ્લેખ પ્રમાણે તેમણે અજમેરમાં ભ૦ ઋષભદેવસ્વામીની પ્રતિમાની પ્રતિષ્ઠા કરાવી હતી અને સ્વર્ણગિરિ પર દોશી ધનપતિએ બંધાવેલ યક્ષવસહી દેરાસરમાં વીર સં૦ ૬૮૦ શાકે ૧૩૫માં ભગવાન મહાવીરસ્વામીની પ્રતિમાની પ્રતિષ્ઠા કરાવી હતી. તેઓ વીર સં. ૬૯૮ વિ૦ સં૦ ૨૨૮માં સ્વર્ગે ગયા.

**જૈન રાજાઓ—મહાક્ષત્રપો**

આ અરસામાં ગુજરાતના ક્ષત્રપવંશમાં ઘણા જૈન રાજાઓ થયા છે. આ૦ કાલકસૂરિજીએ પ્રથમ ઈરાની શકશાહીઓ મારફત ઉજ્જૈનના અત્યાચારી રાજા ગર્દભિલ્લનો ઉચ્છેદ કરાવ્યો હતો અને ચાર વર્ષ પછી ગર્દભિલ્લ પછીના વારસદાર બલમિત્ર ઉર્ફે વિક્રમાદિત્યને ત્યાંનો રાજા બનાવ્યો હતો એમ ઉજ્જૈનમાં ચિર-સ્મરણીય શુદ્ધ **આર્ય**રાજ્યની સ્થાપના કરાવી હતી. આ તરફ ઈરાની શકો ઉજ્જૈનમાં તો માત્ર ૪ વર્ષ જ રહ્યા, પછી પશ્ચિમ ભારતમાં તેની સત્તા વધુ મજબૂત બની.

શરૂમાં **ક્ષત્રપ નહપાન** અને ઉષવદાતે ગુજરાત–કાઠિયા-વાડમાં પોતાની સત્તા જમાવી હતી અને **શકસંવત** પ્રવર્તાવ્યો હતો. ત્યાર પછી મહાક્ષત્રપ **ચષ્ટન** ગુજરાતનો રાજા બન્યો. જે ઈશાન પાર્થિયાના પ્રદેશમાં આવેલ કાર્દમ નદીના પ્રદેશનો હોવાથી **કાર્દમકવંશી** કહેવાતો હતો, કિન્તુ તે પ્રતાપી હોવાથી તેના વંશજો **ચષ્ટનવંશી** તરીકે ગણાવા લાગ્યા. તેની પછી તેનો પુત્ર **જયદામા**

JAINSITE.com

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

રાજા થયો. તે બહુ પરાક્રમી ન હતો. તેની પછી **રુદ્રદામા** રાજા બન્યો, જે દરેક વિદ્યામાં કુશળ, યુદ્ધવિશારદ, રાજ્યનીતિનિપુણ, સૌંદર્યવાન અને આદર્શ શાસક હતો. તેણે જુદાં જુદાં મંત્રીમંડળો સ્થાપી પ્રજાનો સહકાર સાધી, રાજ્યવ્યવહારને સુવ્યવસ્થિત બનાવ્યો હતો; અને પંજાબથી લઇ કોંકણ તથા આંધ્ર સુધી યુદ્ધ કરી પોતાની સત્તા જમાવી હતી. તે અનેક રાજકન્યાઓને પરણ્યો હતો. તેણે રજપૂતાનાના અદમ્ય રાજવીરોને જીતી **મહાક્ષત્રપનું** બિરૂદ લીધું હતું. પોતાની રાજધાની સંભવતઃ સોરઠની ઘૂમલીથી હઠાવી ઉજ્જૈનમાં સ્થાપી હતી, અને પલ્હવજ્ઞાતિના સુવિશાખને સૌરાષ્ટ્રનો સુબો બનાવ્યો હતો.

ગિરનારની નીચે મૌર્ય ચંદ્રગુપ્તે સુદર્શન નામનું વિશાળ તળાવ બંધાવ્યું હતું, જે ભારે વરસાદ થવાથી એકાએક તૂટી ગયું. મહાક્ષત્રપ રુદ્રદામને શક સં. ૭૨ વિ. સં. ૨૦૮માં સુવિશાખની દેખરેખ નીચે એ સુદર્શન તળાવને નવેસરથી બંધાવી તૈયાર કરાવ્યું અને ગિરનારની ખડક પર તેનો લેખ કોતરાવ્યો. એ લેખમાંથી તે રાજાના જીવનની ઘણી જરૂરી માહિતી મળે છે. તેણે રાજ્યને ખૂબ વિસ્તાર્યું હતું, દક્ષિણના વાસિષ્ઠપુત્ર શાતકર્ણિને બે વાર હરાવ્યો હતો અને સગો જાણી છોડી દીધો હતો.* તેણે યૌધેયોને હરાવ્યા હતા.

* આ ક્ષત્રપો અને પલ્હવો શક હોવા છતાં પણ ઉચ્ચ જીવન જીવવાને કારણે હિન્દુઓમાં મળી ગયા હતા અને લગ્નસંબંધથી જોડાઈ ગયા હતા. આ સંબંધે છૂટાછવાયા ઇતિહાસલેખો પણ મળે છે. જેમકે -

આ જાતોના સરદાર સ્વતંત્ર રાજા થયા અને ક્ષત્રપ, મહાક્ષત્રપ વગેરે નામ ધારણ કરી રાજ્ય કરવા લાગ્યા. પરંતુ શરૂઆતના રાજાઓનાં નામ પરદેશી હોવા છતાં, આ દેશમાં રાજ્ય સ્થાપન કર્યા પછી પાછળથી તેમણે હિન્દુધર્મ પાળ્યો હશે અને હિન્દુ નામ ધારણ કર્યાં હશે

( રા૦ બ૦ ગોવિંદભાઈ હાથીભાઈ કૃત ગુ૦ પ્રા૦ ઇતિહાસ પૃ૦ ૨૪)

"આખા આનર્ત અને સુરાષ્ટ્રનું રક્ષણ કરવા રાજાએ નીમેલા" પલ્હવજાતના કુલૈપના પુત્ર સુવિશાખના હુકમથી એ બંધ બંધાવેલો છે. પલ્હવ એ જૂના ઈરાની અને પાર્થિયન લોકોનું નામ છે. ડાક્તર ભાઉ દાજીનું ધારવું એવું છે કે, 'સુવિશાખ' એ 'સ્યાવક્ષ'નું સંસ્કૃતરૂપ હશે. (પૃ૦ ૩૪)



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તે દરેક શાસ્ત્રોમાં નિષ્ણાત હતો. તેને અનેક રાજકુમારીઓએ સ્વયંવરમાળા પહેરાવી હતી અને તેણે પ્રજા ઉપર વેઠ–જુલ્મ કર્યા વિના પોતાની ખીસ્સા ખરચીમાંથી તળાવ બંધાવ્યું હતું વગેરે વગેરે........

---

પલ્હવ લોકો ઘણા જૂના વખતથી પશ્ચિમ હિંદુસ્તાનમાં આવી વસ્યા હશે અને હાલના પારસીઓની પેઠે તેમના સાહસિકપણાને લીધે ઘણા પ્રતિષ્ઠિત થઇ પડ્યા હશે. આગળ જતાં તેમની સત્તા એટલી બધી વધી પડી હતી કે પાંચમી સદીના અરસામાં હિંદુનામવાળા અને હિન્દુધર્મ પાળતા તથા હિન્દુ ઉત્પત્તિનો ડોળ ઘાલતા "પલ્હવ" રાજા દક્ષિણમાં રાજ્ય કરતા હતા. ( ગુજરાતનો પ્રાચીન ઇતિહાસ પૃ૦ ૩૪ )

કાન્હેર ગુફાના એક ખંડિત લેખમાં વસિષ્ઠપુત્ર શ્રી. સાતકર્ણિની રાણી કાર્દમક વંશમાં ઉત્પન્ન થયેલ મહાક્ષત્રપ રુદ્રદામાની પુત્રીનો ઉલ્લેખ છે.

( ભારતીય ઇતિહાસકી રૂપરેખા, જિલ્દ ૨, પૃ૦ ૮૫૮ )

જૈન સાઇટ JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

ગુપ્તસમ્રાટ ચંદ્રગુપ્તે વાકાટક રાજવંશ અને કર્ણાટકના કદમ્બરાજ-પરિવાર સાથે વૈવાહિક સંબંધ સ્થાપ્યો હતો.

( પ્રવાસી, ભા૦ ૪૯, ખં૦ ૨, સં૦ ૫, પૃ૦ ૬૬૫, "કલિંગદેશેર ગુપ્તઅધિકાર" લેખ )

The queen's name is missing, but she is described as the queen of Vasisthiputra shri Satakarni descended from the family Kanddamaka kings. She was almost certainly also described as '[the daughter] of the Mahakshatrapa Rudra.

—Indian Coins by Rapson LI

The term is used so as to include atleast two distinct families. The Ksaharatas and the family of Castana. It is possible that the proper name of the latter may have been Karddamaka.'

—A catalogue of the Indian coins in the British Museum CIII

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

મહાક્ષત્રપ રુદ્રદામા પછી તેનો પુત્ર **દામઝદ** રાજા થયો, જેનો સત્તાસમય શક સં. ૯૦ વિ. સં. ૨૨૫ લગભગનો છે. પછી **જીવદામા** રાજા થયો, જેણે થોડાં વર્ષ રાજ્ય કર્યું છે. ત્યારપછી રુદ્રદામાનો બીજો પુત્ર **રુદ્રસિંહ** (પહેલો) રાજા થયો, જેના શક સં. ૧૦૨ થી ૧૧૮ સુધીના સિક્કાઓ અને શિલાલેખો મળે છે. પછી તેનો પુત્ર **રુદ્રસેન** (પહેલો) ગુજરાતનો રાજા થયો, જેના શક સં. ૧૨૫ થી ૧૪૦ સુધીના સિક્કાઓ તથા શાકે ૧૨૨ અને ૧૨૬ના શિલાલેખો મળે છે. શિલાલેખોમાં આ દરેક રાજાઓને સ્વામી અને ભદ્રમુખ તરીકે ઓળખાવેલા છે.

વસ્તુતઃ આ શકોને અહીં આ૦ કાલકસૂરિ લાવેલ હોવાથી શકો તેમને પોતાના ગુરુ માનતા હતા. એટલે તે શકો જૈન હતા. તેઓએ જૈનધર્મ પાળીને પોતાના જીવનને એવું ઉચ્ચ અહિંસક અને સમભાવી બનાવ્યું હતું કે તેઓ થોડાં વર્ષમાં હિન્દુઓ સાથે ભળી ગયા, **રોટી બેટીના વ્યવહારથી** જોડાઈ ગયા અને સમય જતાં હિંદુ જ બની ગયા. પાશ્ચાત્ય વિદ્વાનો પણ મહાક્ષત્રપોને જૈનધર્મી માને છે.*

JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

---

* અધ્યાપક ડોલરરાય રંગીલદાસ માંકડ "પશ્ચિમી ક્ષત્રપો"માં લખે છે કે......

કાલકાચાર્ય શકોને ઈરાનમાંથી લાવ્યા હતા એમ જૈન ગ્રંથોમાં સ્પષ્ટ છે. ઈરાન એટલે તળ ઈરાન નહિ પણ ઈરાની શકસ્થાન. હવે નહપાનાદિ પશ્ચિમી ક્ષત્રપો પણ મૂળ ઈરાની હતા એમ માનવાને નીચે મુજબ કારણો છે. (પૃષ્ઠઃ ૫૫)

પાછળ આપણે જોયું કે શરૂઆતના ક્ષત્રપો જૈનધર્મી હતા. જો તેઓ કાલકાચાર્ય સાથે હિંદમાં આવ્યા હોય તો તેમણે શરૂઆતમાં જૈન-ધર્મ અપનાવ્યો હોય તે બને તેવું છે.

આ બધાં કારણોને લીધે હું એમ માનું છું કે જે શકો કાલકાચાર્ય સાથે પશ્ચિમ હિંદમાં આવ્યા હતા તે શકો અને જેને આપણે ઇતિહાસમાં પશ્ચિમી ક્ષત્રપો કહીએ છીએ તે એક જ હતા ટૂંકામાં પશ્ચિમી ક્ષત્રપોને હિન્દમાં લાવનાર કાલકાચાર્ય હતા, અને તેમનો હિન્દમાં આવવાનો માર્ગ સિંધ, કચ્છ અને કાઠિયાવાડ એમ હતો.

ઉત્કીર્ણ સાધનોથી પણ તેઓ જૈન હોવાનું પુરવાર થાય છે. ઉષવદાત જૈન હતો, તેના શિલાલેખોમાં સિદ્ધ ભગવાનને નમસ્કાર કરેલો છે અને તેણે નાશિક વગેરે સ્થાનોમાં ગુફાઓ ખોદાવી છે, જે જૈનગુફાઓ છે.

---

આમ આ પશ્ચિમી ક્ષત્રપો તે જ કાલકાચાર્યે હિંદમાં લાવેલા શકો હતા એમ તો સિદ્ધ થાય છે, પણ આ કાલકાચાર્યવાળી વાત દરાયસના વખતમાં બની હતી અને આ પશ્ચિમી ક્ષત્રપો મૂળ દરાયસના ક્ષત્રપો હતા એમ માનવાને જે કારણો મળે છે તે નોંધીએ. ( પૃ૦ : ૫૯ )

આવી રીતે ઉપરના હીરોડોટસ તેમજ કેમ્બ્રિજ હિસ્ટરીના ઉલ્લેખો એમ સૂચવે છે કે દરાયસના તાબામાં, અર્વાચીન સિન્ધ ઉપરાંત સિન્ધની દક્ષિણે આવેલા બીજા પ્રદેશો પણ હતા અને આ પ્રદેશો હું ધારું છું કે કાલકવાળા સાહિઓએ જીતેલા પ્રદેશો કચ્છ, કાઠિયાવાડ વગેરે હતા અને કાલકવાળા સાહિઓ જ આપણા ઇતિહાસના પશ્ચિમી ક્ષત્રપો છે એમ આપણે ઉપર જોયું છે. માટે હું એમ કહું છું કે આ પશ્ચિમી ક્ષત્રપો મૂળ દરાયસના ક્ષત્રપો હતા. ( પૃ૦ ૬૧ )

આવી રીતે દરાયસને તેના હિન્દી મુલકોમાંથી જે વાર્ષિક કર મળતો તે ૧૦,૦૦,૦૦૦ પાઉન્ડથી પણ વધુ ( એટલે દોઢ કરોડ રૂપિયાથી પણ વધુ ) હતો અને દરાયસના તાબાના એશિયાના બધા પ્રદેશમાંથી એને મળતા કુલ કરોમાં હિન્દી પ્રદેશનો કર ત્રીજા ભાગનો હતો. ( પૃ૦ ૬૨ )

મળે છે તે પુરાવા ઉપરથી એમ લાગે છે કે કાલકાચાર્યે પોતાના પ્રભાવથી આ પરદેશીઓને હિન્દી અને આર્ય બનાવી દીધા હતા. તે એટલે સુધી કે શરૂઆતના ક્ષત્રપો તો સ્પષ્ટપણે જૈનધર્મના અનુયાયીઓ થયા હોય એમ લાગે છે. આ વાત નીચેના મુદ્દાઓથી સ્પષ્ટ છે. (૧) ઉષવદાતનો લેખ બતાવે છે કે એ જૈનધર્મ માનતો. (૨) દામજદશ્રી કે રુદ્રસિંહ વખતનો એક ત્રુટક શિલાલેખ મળ્યો છે તેનાં અમુક વચનો ( केवलज्ञानसंप्राप्तानां વગેરે ) પરથી મુનિ શ્રીવિજયેન્દ્રસૂરિએ બતાવ્યું છે કે આ ક્ષત્રપોએ જૈનધર્મ અપનાવ્યો હતો. (૩) જૈન ગ્રંથોમાં આ શકોને જૈન જ ગણવામાં આવ્યા છે. દા. ત. કાલકકથામાં આ શકોને "જૈનધર્મ પ્રભાવકો" કહ્યા છે. આવી રીતે આ ક્ષત્રપોએ અહીં આવીને જૈનધર્મનો સ્વીકાર કર્યો હતો. તે કાલકાચાર્યની અસરને લીધે જ હતું એ દેખીતું છે અને કાલકાચાર્યે પાડેલા આ આર્ય-હિન્દી સંસ્કારો રુદ્રદામના

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**રુદ્રદામા** જૈન રાજા હતો. **आप्राणोच्छ्वासात् पुरुषवधनिवृत्तिकृतप्रतिज्ञेन** શબ્દો તેના જૈનત્વને ટેકો આપે છે. કચ્છ—ભુજના ફર્ગ્યુસન મ્યુઝિયમમાં શક સં. ૫૨ ના મહાક્ષત્રપ રુદ્રદામાના ૪ શિલાલેખો છે, જેમાં શ્રમણો સંબંધી લખાણ છે. તેના રાજકાળમાં વિ. સં. ૧૫૦ માં ગિરનાર તીર્થનો મોટો જીર્ણોદ્ધાર થયો છે.

રુદ્રદામાને દામજદ અને મહાક્ષત્રપ ભદ્રમુખ રુદ્રસિંહ એમ બે પુત્રો અને એક પુત્રી હતી, તે જૈન હતાં. આ ભાઈઓએ ગિરનાર પર ભગવાન નેમિનાથના કેવલજ્ઞાન તથા મોક્ષના સ્થાને જિનાલયોને ઉપયોગી કામો કરાવેલ છે, જેનો લેખ જુનાગઢમાં વિદ્યમાન છે.

રુદ્રસિંહના પુત્ર રુદ્રસેને શક સં૦ ૧૨૬ ના ભા૦ શુ૦ ૫ના રોજ સત્ર ઊભું કર્યું હતું.

મળેલા શિલાલેખો ઉપરથી **ક્ષત્રપો** જૈન હોવાનું તારવી શકાય છે.* બીજાં ઉત્કીર્ણ સાધનો મળશે તો ઇતિહાસ પર વધુ પ્રકાશ પડશે એ નક્કી વાત છે.

( જુઓ: મહાક્ષત્રપ રાજા રુદ્રદામા, ગુજરાતના ઐતિહાસિક લેખો, નં. ૮, ૯, ૧૫, ૧૭. જૈન સત્ય પ્રકાશ. ક. ૩૭, ૭૦. )

जैन साइट
JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

## ધૂમલી નગર

ઈરાનના શકો આ૦ કાલિકસૂરિ સાથે ભારતમાં આવ્યા ત્યારે તેઓએ મીયાણી બંદરેથી સૌરાષ્ટ્રમાં પ્રવેશ કર્યો અને બરડાના

---

વંશમાં ખૂબ ફાલ્યાફૂલ્યા લાગે છે. કેમકે એનો પૌત્ર રુદ્રદામા તો શુદ્ધ આર્ય કેળવણી પામ્યો હતો અને ખરેખરો આર્ય હિન્દી હતો. મૂળે વિદેશી એવા આ શકો હિન્દમાં આવીને હિન્દી બની ગયા. પોતાનાં નામોમાં પણ સંસ્કૃત શબ્દો ( જય, રુદ્ર ) વાપરવા મંડ્યા. પોતાના લેખોમાં સંસ્કૃત ભાષા વાપરવા મંડ્યા અને પોતાની આખી સંસ્કૃતિને હિન્દી બનાવવા મંડ્યા. એ બધું કાલકાચાર્યે આ વિદેશીને પણ શુદ્ધ દેશી સંસ્કૃતિ આપવાની અખત્યાર કરેલી નીતિનો **વિજય** બતાવે છે. ( પૃષ્ઠ : ૬૫ )

*સિન્ધુ-સૌવીર ( પંજાબ ) સૌરાષ્ટ્ર કાંઠાનો પ્રદેશ અંગ બંગાલ અને કલિંગમાં જૈનધર્મનું પ્રાબલ્ય હતું. નવો આવનાર વેદધર્મી પણ જૈનધર્મથી રંગાઈ જતો હતો. માટે જ વેદધર્મના આચાર્યોએ એક નિયમ બનાવી રાખ્યો હતો કે—

सिन्धु-सौवीर-सौराष्ट्रांस्तथा प्रत्यन्तवासिनः ।
अङ्ग-वङ्ग-कलिङ्गांश्च, गत्वा संस्कारमर्हति ॥

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ડુંગરની ઉત્તર તળેટીમાં ઘૂમલી વસાવી પોતાના રાજ્યનો પાયો નાખ્યો. ઘૂમલીમાં તે શકો, ક્ષત્રપો, ગુપ્તો, વલભીવંશ અને જેઠવા રજપૂતોએ રાજ્ય કર્યું છે. અહીં બારમી સદી સુધી જેઠવાઓનું રાજ્ય હતું પછી તે નાશ પામ્યું. ઇરાની શાહીઓ આ૦ કાલકના ઉપાસકો હતા. આથી અહીં જૈનધર્મ અને વેદધર્મની પ્રધાનતા હતી. અહીં જૈન દેરાસરો ઘણાં હતાં. ઘૂમલી પર આફત ઊતરી ત્યારે જૈનોએ બીજા નગરભંગ પ્રસંગે કરે છે તેમ અગમચેતી વાપરી અહીંની જિનપ્રતિમાઓને બીજા સુરક્ષિત સ્થાને હઠાવી દીધી હતી. સમય જતાં ત્યાંની ભદ્રિક જનતાએ એ ખાલી દેરાસરોમાં શિવલિંગ વગેરે સ્થાપી દીધાં હતાં. આ મંદિરોમાં નવલખાનું મંદિર વગેરે મુખ્ય છે. જૈનોએ બરડાના ડુંગર ઉપર પણ ભ૦ પાર્શ્વનાથ અને ભ૦ નેમનાથનાં મંદિરો બનાવ્યાં હતાં, તેમજ ગુફાઓ કોતરાવી હતી. આ૦ મલ્લવાદિસૂરિએ સંભવતઃ આ ગુફાઓમાં જ સરસ્વતીની આરાધના કરી હતી. આજે ઘૂમલી વિદ્યમાન નથી પણ તેનાં ખંડેરો દૃષ્ટિગોચર થાય છે.

શ્રીચંદ્રશંકર ગૌ૦ જોશી લખે છે કે—બરડાની ગિરિમાલા ૪૦ માઇલના વિસ્તારમાં પથરાયેલી છે. તેની ઉત્તર તરફ વેણુ આભપરા(ફૂટ ૨૦૦૦)નાં સૌથી ઊંચા શિખરો છે. એ બન્નેના મધ્યભાગમાં અને ઘૂમલીના કિલ્લાની ત્રીજી દીવાલથી દૂર ઉપરના ભાગમાં ગુફાઓ છે. જામનગરના ભાણવડથી નૈઋત્યમાં ૫ માઇલ, ઢાંકથી પશ્ચિમે ૪૦ માઇલ, પોરબંદરથી ઈશાને ૩૦ માઇલ દૂર અને વેણુ તથા આભપરાની ઉત્તર તળેટીમાં ગિરિમાળની વચ્ચે ઘૂમલી નગર હતું. તેનાં ખંડેરો આજે દોઢ ચોરસ માઇલ જેટલી ભૂમિમાં પથરાયેલાં છે, જે જોતાં તેના પ્રાચીન વૈભવનો હૂબહૂ ખ્યાલ આવે તેમ છે. રાજમહેલ, વાવો અને મંદિરો વગેરેમાં વિવિધ શિલ્પકળાના સુંદર નમૂનાઓ ભર્યા પડ્યા છે. ઘૂમલીથી પશ્ચિમે ૩૦ માઇલ દૂર મીંયાણી બંદર અને મીંયાણીથી દક્ષિણે ૧૨ માઇલ શ્રીનગર. એ પણ તે જ યુગનાં પ્રાચીન નગરો છે.

('અખંડ–આનંદ' વ૦ ૪, અં૦ ૭, પૃ૦ ૬૫)

JAINSITE.com જૈન સાઇટ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# પ્રકરણ ઓગણીસમું

## આ૦ માનદેવસૂરિ (પહેલા)

પ્રદ્યોતનસૂરિજીની પાટે મહાપ્રાભાવિક શ્રીમાનદેવસૂરિ થયા છે. તેમનો જન્મ મારવાડમાં આવેલા **નાડોલ** ગામમાં થયો હતો. એમના પિતાનું નામ શેઠ **ધનેશ્વર** અને માતાનું નામ **ધારણી** હતું. એકવાર પ્રદ્યોતનસૂરિજી વિહાર કરતા કરતા નાડોલ પધાર્યા, માનદેવસૂરિજીનો ઉપદેશ સાંભળી વૈરાગ્ય પામી, માતાપિતાની રજા લઈ, સાધુપણું સ્વીકાર્યું. તેઓ ગુરુચરણે બેસી ટૂંક સમયમાં જ શાસ્ત્રઅભ્યાસ કરી અગિયાર અંગ અને છેદસૂત્ર વગેરેમાં નિષ્ણાત થયા. ગુરુજીએ યોગ્યતા જોઈ તેમને આચાર્યપદથી વિભૂષિત કર્યા.

ગુરુમહારાજે આચાર્યપદવી વખતે માનદેવસૂરિના ખભા ઉપર લક્ષ્મીદેવી અને સરસ્વતીદેવીને સાક્ષાત્ જોઈને વિચાર્યું કે આ નિરતિચાર ચારિત્ર પાળી શકશે કે કેમ? આનું ચારિત્ર અખંડ રહેશે કે કેમ? માનદેવસૂરિએ ગુરુજીની આ મનોવેદના નિહાળી તે જ વખતે પ્રતિજ્ઞા કરી કે—આજથી હું ભક્તજનને ત્યાંથી આહાર વહોરીશ નહિ, અને હંમેશને માટે બધી વિગઈનો ત્યાગ કરીશ. સૂરિજીએ આ દૃઢ પ્રતિજ્ઞા આજીવન સુધી પાળી હતી.

સૂરિજીનું તપ વધુ ઉજ્જવલ બન્યું. તેમનાં અખંડ નૈષ્ઠિક બ્રહ્મચર્ય અને જ્ઞાનના ઓજસ્થી આકર્ષાઈ જયા, વિજયા, અપરાજિતા અને પદ્મા નામની ચાર દેવીઓ તેમના સાંનિધ્યમાં રહેવા લાગી, જે નિરંતર વંદન કરવા આવતી હતી. આથી સૂરિજીનો યશ જગતમાં બહુ જ ફેલાયો.

આ સમયે **તક્ષશિલા** નગરી ઉત્તર પ્રાંતના જૈનોનાં કેન્દ્રરૂપ

JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ગણાતી હતી. ત્યાં ૫૦૦ જૈન મંદિરો હતાં. આ નગરમાં અચાનક મહામારીનો રોગ ફેલાયો, લોકો અકાળે મરવા લાગ્યા, હજારો માણસો મર્યાં, મડદાંનાં ઢગના ઢગ ખડકાયા, આખા શહેરમાં કલ્પાંત અને આક્રંદ નજરે પડતાં હતાં, સ્મશાન ભૂમિ મડદાંથી ઊભરાઈ ગઈ અને દુર્ગંધનો પાર ન રહ્યો.

આવા ભીષણ પ્રસંગે સમજદાર શ્રાવકોએ ભેગા થઈ શાસન-દેવીને આરાધી, તેમને પૂછ્યું કે આ વખતે કપર્દી યક્ષ, અંબિકા કે પ્રભાવતીદેવી શાસનની રક્ષા કેમ કરતાં નથી? શાસનદેવીએ કહ્યું કે, મ્લેચ્છોના બલવાન વ્યંતરોએ બધાં દેવ–દેવીઓને દૂર કર્યાં છે, એટલે અમે તમારું રક્ષણ કઈ રીતે કરી શકીએ ? વળી, આજથી ત્રણ વર્ષ પછી મ્લેચ્છોના હાથે આ નગરીનો ભંગ થવાનો છે, છતાંયે તમને રોગશાંતિ માટે ઉપાય સૂચવું છું, જેથી સંઘની રક્ષા થશે: "નાડોલ નગરમાં મહાપ્રભાવક આ૦ માનદેવસૂરિજી છે. તેમના ચરણનું જળ છાંટવાથી ઉપદ્રવ શાંત થશે." પણ ઉપદ્રવ શાંત થતાં તમે આ નગરીનો ત્યાગ કરીને બીજે ચાલ્યા જજો." આ સાંભળી બધા શ્રાવકોએ ભેગા થઈ વીરચંદ નામના શ્રાવકને વિજ્ઞપ્તિપત્ર આપી નાડોલ મોકલ્યો.

વીરચંદ નાડોલ પહોંચ્યો અને ઉપાશ્રયમાં આ૦ માનદેવસૂરિને વંદના કરવા ગયો. ત્યાં તે સૂરિજી પાસે બેઠેલી દેવીઓને જોઈ, આથી શંકા પામી અવજ્ઞાપૂર્વક તે સૂરિજી પાસે બેઠો. દેવીઓએ તેનું આવું ઉદ્ધત અને અવિનયી વર્તન જોઈ શિક્ષા આપી અને બાંધી દીધો. ગુરુજીએ તે જાણી તેને છોડાવ્યો. દેવીઓએ વીરચંદને શિખા-મણ આપતાં કહ્યું કે તને આવા પવિત્ર આચાર્યદેવ ઉપર આવી શંકા કરતાં શરમ પણ ન આવી? અમો દેવીઓ છીએ, તે પણ તું ન જાણી શક્યો ? ખેર, અમે ગુરુજીના હુકમથી તને છોડી દઈએ છીએ. વીરચંદ શ્રાવકે પણ છૂટ્યા પછી પશ્ચાત્તાપ પ્રગટ કરી સૂરિજીની ક્ષમા માગી અને પોતે તક્ષશિલાના શ્રીસંઘના હિત માટે વિનતિપત્ર લઈને આવ્યો છું અને "આપ મારી સાથે તક્ષશિલા પધારો" એમ વિનંતિ કરી.

જૈન સાઇટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

દેવીઓએ સૂરિજીને તક્ષશિલા જવાની મના કરી, એથી સૂરિજીએ શ્રાવકને કહ્યું કે, 'મહાનુભાવ! ત્યાંના શ્રીસંઘનું કાર્ય હું અહીં રહ્યો જ કરી આપીશ.' પછી સૂરિજીએ મંત્રાધિરાજગર્ભિત '**શાંતિસ્તવ**' સ્તોત્ર બનાવી આપ્યું અને કહ્યું કે આ સ્તોત્રપાઠ ગણી, પાણી છાંટવાથી મરકીના ઉપદ્રવની શાંતિ થશે.

વીરચંદ આ સ્તોત્ર લઈ તક્ષશિલા ગયો અને સંઘમાં સૂરિજીના કહેવા મુજબ પ્રયોગ કરવાથી શાંતિ થઈ. આ સિવાય સૂરિજીએ વ્યંતરના ઉપદ્રવને નિવારવા માટે '**તિજયપહુત્ત**' સ્તોત્ર બનાવ્યું છે.

ઉપદ્રવ શાંત થયા પછી થોડા વર્ષમાં તક્ષશિલાનો ભંગ થયો હતો. ફરી તક્ષશિલા વસી. ઘણાં વર્ષો બાદ તેનો પણ વિનાશ થયો હતો. છેલ્લા ભંગમાં અનેક મંદિરો નાશ પામ્યાં છે. આજે તે નગર દટ્ટનપટ્ટનરૂપે છે.

આ૦ **માનદેવસૂરિએ** સિંધ તથા પંજાબમાં વિહાર કર્યો હતો. તક્ષશિલા, ઉચ્ચ, ગાઝીખાન, દેરાઉલ વગેરે સ્થાનોમાં વિચરી સોઢા રજપૂતોને પ્રતિબોધ આપી જૈન બનાવ્યા હતા. તેઓ વીર સં૦ ૭૩૧ માં ગિરનાર તીર્થ ઉપર અનશન કરી સ્વર્ગે ગયા.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## પ્રકરણ વીસમું

## આ૦ માનતુંગસૂરિ

તેઓ આ૦ માનદેવસૂરિના પટ્ટધર હતા.

જૈન ઇતિહાસમાં માનતુંગસૂરિ નામના બે પ્રસિદ્ધ આચાર્યો થયા છે. એક આ૦ માનદેવસૂરિના પટ્ટધર, જે વિક્રમની ચોથી સદીના પૂર્વાર્ધમાં થયા છે અને બીજા આ૦ અજિતસિંહસૂરિના પટ્ટધર, જે વિક્રમની આઠમી સદીમાં થયા છે. આ બન્ને આચાર્યોનું જીવન-ચરિત્ર અલગ અલગ તારવી શકાય તેમ નથી. પ્રાચીન ગ્રંથકારોએ તે બન્નેનું એક જ જીવનચરિત્ર આલેખ્યું છે. અમે પણ એ જ કારણે આ૦ માનતુંગસૂરિનું ચરિત્ર ૨૮ મા પ્રકરણમાં આપીશું.

આ આચાર્ય વીર સં૦ ૭૫૮ માં સ્વર્ગે ગયા.

### યુગપ્રધાન આ૦ સિંહસૂરિ

તેઓ બ્રહ્મદ્વીપીશાખાના આચાર્ય છે. તેઓ વી૦ સં૦ ૭૮૪ થી ૮૨૬ સુધી વાચનાચાર્ય હતા. (જુઓ : પૃ૦ ૧૮૬)

### વાચક ઉમાસ્વાતિજી

ન્યગ્રોધિકા ગામમાં કૌભીષણિ ગોત્રનો **સ્વાતિ** નામે બ્રાહ્મણ હતો. તેને વાત્સાયન ગોત્રવાળી **ઉમા** નામની પત્ની હતી અને **ઉમાસ્વાતિ** નામે પુત્ર હતો. તેમને ઘણી ઇચ્છા પછી આ બાળ-કની પ્રાપ્તિ થઈ હશે તેથી બંનેનું નામ જોડીને આ બાળકનું ઉમાસ્વાતિ એવું નામ પાડવામાં આવ્યું છે. ઉમાસ્વાતિ રચિત શ્વેતાંબર ગ્રંથો અને દિગમ્બર શિલાલેખોમાં તેમનું નામ "ઉમાસ્વાતિ"

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

લખેલ છે. કોઈક દિગમ્બર ગ્રંથમાં તેમનું નામ "ઉમાસ્વામી" જણાવ્યું છે પણ તે લેખનદોષનું પરિણામ લાગે છે. કેમકે ઉમાનો પુત્ર 'ઉમાસ્વામી' ન જ હોય, કિન્તુ ઉમાસુત કે ઉમાસ્વાતિ હોય.

ઉમાસ્વાતિને બચપણથી જ પૈત્રિક ધર્મસંસ્કારો મળ્યા હતા. તેમને વેદમત ઉપર ખૂબ શ્રદ્ધા હતી, આથી વૈદિક સાહિત્યને ભણી તેમાં તેઓ નિષ્ણાત બન્યા હતા.

પરંતુ તેમને એકવાર અકસ્માત જિનેશ્વરની પ્રતિમાનાં દર્શન થયાં. જોતાં જ હર્ષ થયો અને વીતરાગતાનો પરિચય મળ્યો. પછી તો તેમનો આત્મા ધીમે ધીમે વિશેષ ઉન્નત થતો ગયો.

'કલ્પસૂત્ર'ના ઉલ્લેખથી સમજી શકાય છે કે, આ૦ દિન્નસૂરિના મુખ્ય શિષ્ય આર્યશાંતિ શ્રેણિકથી **ઉચ્ચાનાગર** શાખા નીકળી છે અને તેમાંથી ૧ અજ્જસેણિયા, ૨ અજ્જતાપસી, ૩ અજ્જકુબેરી અને ૪ અજ્જઈસિપાલિયા; એ ૪ ઉપશાખાઓ ઉત્પન્ન થઈ છે. (જુઓ : પૃ૦ ૨૨૩ )

આ ઉચ્ચાનાગર શાખામાં પૂર્વજ્ઞાનના ધારક અને વિખ્યાત એવા વાચનાચાર્ય **શિવશ્રી** થયા હતા, તેમને **ઘોષનંદિ** શ્રમણ નામના પટ્ટધર હતા, જેઓ પૂર્વધર ન હતા, કિન્તુ અગિયાર અંગના જાણનારા હતા.

પંડિત ઉમાસ્વાતિએ આ૦ ઘોષનંદિ પાસે દીક્ષા લીધી અને અગિયાર અંગનું અધ્યયન કર્યું. તેમની બુદ્ધિ તેજ હતી. તેઓ પૂર્વનું જ્ઞાન ભણી શકે તેવી યોગ્યતાવાળા હતા. એટલે તેમણે ગુરુઆજ્ઞાથી વાચનાચાર્ય **શ્રીમૂળ**, કે જેઓ મહાવાચનાચાર્ય **શ્રીમુંડપાદ** ક્ષમાશ્રમણના પટ્ટધર હતા, તેમની પાસે જઈ પૂર્વનું જ્ઞાન મેળવ્યું.

વાચક ઉમાસ્વાતિ મહારાજે 'તત્ત્વાર્થસૂત્ર'ભાષ્ય-પ્રશસ્તિમાં પોતાનો ટૂંકો પરિચય આપ્યો છે, તેમાં પોતાનાં જન્મસ્થાન ન્યગ્રોધિકા, પિતા કૌભીષણિ ગોત્રવાળા સ્વાતિ, માતા વાત્સાયન ગોત્રવાળી ઉમા, દાદાગુરુ વા૦ આ૦ શિવશ્રી, દીક્ષાગુરુ આ૦ ઘોષનંદિ

www.jainsite.com　For Private & Personal Use Only　info@jainsite.com

શ્રમણ, વિદ્યાગુરુના ગુરુ મહાવાચક મુંડપાદ શ્રમણ અને વિદ્યાગુરુ વા૦ આ૦ મૂલ વગેરેનો સ્પષ્ટ ઉલ્લેખ કર્યો છે અને એ રીતે પોતાના ગણધરવંશને તથા વાચકવંશને પણ સ્પષ્ટ કરેલ છે. તેઓ પૂર્વધર હતા એ વાત અનેક પ્રમાણોથી નક્કી થાય છે. જેમકે—

૧. પૂર્વધરોની ઓળખાણ માટે વાદી, ક્ષમાશ્રમણ, દિવાકર અને વાચક શબ્દો વપરાતા હતા. આ રીતે આ૦ ઘોષનંદિશ્રમણ પૂર્વધર નથી પણ વાચક ઉમાસ્વાતિ વાચક—પૂર્વધર છે.

૨. પોતાના ગુરુજી પાસે ૧૧ અંગ ભણી વાચનાચાર્ય મૂળ પાસે પૂર્વનું શ્રુત ભણ્યા, તેથી તેઓ પૂર્વધર બન્યા છે.

૩. નગરતાલુના દિગમ્બરીય શિલાલેખમાં મુનીશ્વર ઉમાસ્વાતિજીને "શ્રુતકેવલિદેશીય" તરીકે ઉલ્લેખ્યા છે જે તેમના પૂર્વધરપણાની સાક્ષી પૂરે છે.

૪. તેમનો સમય વીરનિર્વાણ સં૦ ૭૭૦ મળે છે, જે પૂર્વધરોનો યુગ છે, અને સ્વયં ઉમાસ્વાતિજી પોતાને "ઉચ્ચ" નાગર વાચક તરીકે ઓળખાવે છે. આ રીતે પણ તેઓ પૂર્વધર હોવાનું નક્કી થાય છે. તેઓ પોતાના સત્તાસમય માટે કંઈ પણ ઉલ્લેખ કરતા નથી, તેમ શ્વેતાંબર સાહિત્યમાં પણ તેમનો સમયનિર્દેશ મળતો નથી. કિન્તુ ઉચ્ચાનાગર શાખાની ઉત્પત્તિ વિક્રમની પહેલી સદીમાં થયેલ છે; અને પૂર્વધરનો કાળ વિ૦ સં૦ ૫૯૦ સુધીનો છે. એટલે તે દરમ્યાન વાચકજી થયા છે; એમ અનુમાન કરી શકાય છે પણ સ્પષ્ટ નિર્ણય મળતો નથી.

દિગમ્બર સાહિત્ય (વિદ્વજ્જનબોધક)માં તેનો સમય વીર સં. ૭૭૦ એટલે વિ. સં. ૩૬૦ બતાવેલ છે. લખ્યું છે કે—

**वर्षे सप्तशते चैव, सप्तत्या च विस्मृतौ ।**
**उमास्वातिमुनिर्जातः, कुन्दकुन्दस्तथैव च ॥ १ ॥**

એટલે કે આ૦ ઉમાસ્વાતિ અને આ૦ કુન્દકુન્દ ૭૭૦માં થયા છે.

જૈન ઇતિહાસમાં સ્વાતિ નામના ત્રણ આચાર્યો મળે છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૧. આ૦ મહાગિરિજીના પ્રશિષ્ય અને આ૦ બહુલના શિષ્ય વાચનાચાર્ય સ્વાતિસૂરિ વીર નિ. સં. ૩૩૫ લગભગમાં થયા છે. 'પન્નવણાસૂત્ર'ના રચયિતા પહેલા કાલિકાચાર્ય તેમની પછીના જ વાચનાચાર્ય છે. આ સ્વાતિસૂરિ વાચનાચાર્ય છે કિન્તુ તે ઉચ્ચાનાગર શાખાના નથી. તેઓ પહેલા સ્વાતિસૂરિ છે.

૨. ઉચ્ચાનાગર શાખાના આ૦ ઘોષનંદિના શિષ્ય વાચક ઉમાસ્વાતિજી, જેઓ પૂર્વધર હતા તેઓ વિ. સં. ૩૬૦ લગભગમાં થયા છે. તેમણે 'તત્ત્વાર્થસૂત્ર' વગેરેની રચના કરી છે.

૩. આ૦ શ્રીજિનભદ્રગણી ક્ષમાશ્રમણ પછી યુગપ્રધાન ઉમાસ્વાતિ થયા છે, જેમનો યુગપ્રધાનકાળ વીર સં. ૧૧૧૫ થી ૧૧૯૦ છે. એટલે કે તેઓ વિક્રમની આઠમી સદીના પહેલા ત્રણ ચરણના યુગપ્રધાન છે. તેઓ 'તત્ત્વાર્થસૂત્ર'ના રચયિતા નથી કેમકે તત્ત્વાર્થસૂત્ર અને તે પરની ટીકાઓ આ સમય પૂર્વે બની ચૂક્યાં હતાં.

આ ત્રણ આચાર્યો પૈકીના આ૦ ઘોષનંદિ શ્રમણના પટ્ટધર વા૦ ઉમાસ્વાતિજી વિ. સં. ૩૬૦ લગભગમાં થયા છે અને તેઓ જ એ મહાન ગ્રંથના વિધાતા છે.

ક. સ. આ. હેમચંદ્રસૂરિજી 'સિદ્ધહેમ વ્યાકરણ-લઘુવૃત્તિ' (અ૦ ૨; પા૦ ૨, સૂ૦ ૩૯)માં **उपोमास्वातिं संग्रहितारः** લખી વાચક ઉમાસ્વાતિજીને સમર્થ સંગ્રહકાર તરીકે અંજલિ આપે છે.

વાચક ઉમાસ્વાતિજીએ ૫૦૦ ગ્રંથો બનાવ્યા છે. આ૦ વાદિદેવસૂરિએ 'પ્રમાણનયતત્ત્વાલોકાલંકાર' (પરિ૦ ૧, સૂ૦૩)ની સ્વોપજ્ઞ ટીકા 'સ્યાદ્વાદરત્નાકર'માં અને આ૦ જિનદત્તસૂરિએ 'ગણધરસાર્ધશતક'ની ગા૦ ૫૦માં વાચકજીને ૫૦૦ ગ્રંથના પ્રણેતા તરીકે ઓળખાવ્યા છે. તેમની ગ્રંથસૃષ્ટિમાંથી આજે નીચે પ્રમાણે ગ્રંથો મળે છે.

૧. તત્ત્વાર્થસૂત્ર મૂળ-ગ્રં૦ ૧૯૮
૨. તત્ત્વાર્થ ભાષ્ય-ગ્રં૦ ૨૨૦૦
૩. પ્રશમરતિપ્રકરણ-શ્લો. ૩૧૪
૪. જમ્બૂદ્વીપસમાસ.
૫. ક્ષેત્રસમાસ.
૬. શ્રાવકપ્રજ્ઞપ્તિ.
૭. પૂજાપ્રકરણ શ્લો. ૧૯

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આ સિવાય તેમના ગ્રંથો મળતા નથી, કિન્તુ તેમણે બનાવેલ અનુપલબ્ધ ગ્રંથોના અવતરણપાઠો 'સ્થાનાંગસૂત્રની વૃત્તિ, પંચાશકની વૃત્તિ, ઉત્તરાધ્યયનસૂત્રની ટીકાઓ, તત્ત્વાર્થસૂત્રની ટીકાઓ', વગેરે અનેક ગ્રંથોમાં મળે છે. **क्षये पूर्वा** વાળો તિથિવ્યવસ્થાપક શ્લોક તેમના જ કોઈક ગ્રંથનો છે, જે ગ્રંથ અત્યારે ઉપલબ્ધ નથી.

એકંદરે તેમણે ૫૦૦ પ્રકરણગ્રંથો બનાવ્યા છે.

તેઓ શ્વેતાંબર આચાર્ય છે એટલે તેમના ગ્રંથો શ્વેતાંબર મતને જ અનુકૂળ છે. જિનાગમોમાં બાર દુકાળીઓના કારણે વાચનાભેદો પડ્યા છે, જેનો ઉલ્લેખ જિનાગમોમાં **वायणंतरे पुण** શબ્દોથી મળે છે. પઠનપાઠન કરાવનાર વાચકવંશો અનેક હતા, તેમ કોઈ કોઈ વાતે વાચનાભેદો પણ પડ્યા હતા. 'નંદીસૂત્ર'માં દર્શાવેલ વાચકવંશમાં અને ઉચ્ચાનાગર વાચકવંશમાં કઈ કઈ વાતે વાચનાભેદ હતો તે ઉપલબ્ધ આગમો અને 'તત્ત્વાર્થસૂત્ર'ને સરખાવવાથી તારવી શકાય તેમ છે. 'તત્ત્વાર્થસૂત્રભાષ્ય'માં 'અંતરદ્વીપ' વગેરે આઠ-દશ વિષયમાં કંઈક ફરક છે, તે ઉચ્ચાનાગર વંશના જિનાગમની વસ્તુ છે, જે વાચનાભેદ રૂપે જ છે. બાકી 'તત્ત્વાર્થસૂત્ર' શ્વેતામ્બર શાસ્ત્રરૂપે જ છે. તેમાં દેવલોક, કાળના અણુનો અભાવ, તીર્થંકરને ક્ષુધાદિ પરિષહો, નિર્ગ્રન્થનાં ઉપકરણો, મમતા પરિગ્રહ વગેરે વિધાનો ઉપલબ્ધ જિનાગમોને અનુસરતાં છે, જેને દિગમ્બરો કદાપિ સ્વીકારી ન શકે એવાં છે.

જો કે દિગમ્બરો 'તત્ત્વાર્થસૂત્ર'ને વાચક ઉમાસ્વાતિની રચના માને છે, માત્ર 'તત્ત્વાર્થ'ના ભાષ્યને વા. ઉમાસ્વાતિની રચના માનતા નથી પરંતુ સૂત્ર અને ભાષ્ય બન્ને વચ્ચે એક જ મંગલાચરણ, એક જ પ્રયોજનનિર્દેશ, એક જ નામ, એક જ સ્વલઘુતાસૂચક ઉલ્લેખ એકલા **वक्ष्यामि**ના પ્રયોગો, એક જ **कृत्स्नं**નો પ્રયોગ, મહાભાષ્ય પહેલાં લઘુભાષ્યની રચના અને મહાભાષ્યના રચનાકાળ પહેલાં સ્વોપજ્ઞભાષ્યનો કાળનિર્ણય વગેરે કારણોથી સૂત્ર અને ભાષ્ય બન્ને એક જ ગ્રંથકર્તાની કૃતિ છે, એમ નિઃશંકપણે માની શકાય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

દિગમ્બરો માને છે કે આ૦ સમંતભદ્રસૂરિએ 'તત્ત્વાર્થ' પર મહાભાષ્ય રચ્યું હતું, એટલે તેઓ **મહા** શબ્દથી તે પહેલાંના સ્વોપજ્ઞ લઘુભાષ્યનું અસ્તિત્વ સ્વીકારે છે જ. વળી, સૌ કોઈ 'તત્ત્વાર્થ'ના અભ્યાસી જાણે છે કે 'સર્વાર્થસિદ્ધિ' એ તો સ્વોપજ્ઞ ભાષ્યનું સાંપ્રદાયિક દૃષ્ટિએ કરેલ રૂપાન્તર જ છે. ટૂંકમાં એમ કહીએ તો ચાલે કે–'તત્ત્વાર્થસૂત્ર'પરની દરેકે દરેક ટીકાઓ સૂત્ર અને ભાષ્યની સંતાનપરંપરા રૂપે જ છે અને આ રીતે પણ એ નક્કી છે કે 'તત્ત્વાર્થસૂત્ર' અને ભાષ્યના કર્તા વાચક ઉમાસ્વાતિ મહારાજ જ છે.

વાચકજીએ 'તત્ત્વાર્થસૂત્ર'માં જીવવિજ્ઞાન, જડવિજ્ઞાન, જનનવિદ્યા, શરીરવિજ્ઞાન માનસવિદ્યા, લોકવિજ્ઞાન, ભૂસ્તરવિદ્યા, ભૂગોળ, ખગોળ, સ્થિતિસ્થાપકતા, કર્મવિજ્ઞાન, પરાધીનતા, સ્વાતંત્ર્ય, પરમશાંતિ અને મોક્ષ ઇત્યાદિ અનેક વિષયોનો સંગ્રહ કર્યો છે. આવા વિષયનો સંસ્કૃતમાં આ એકેજ ગ્રંથ છે અને તેથી જ તે ખૂબ જ લોકપ્રિય બન્યો છે.

જૈન સાઈટ JAINSITE.com

આ 'તત્ત્વાર્થસૂત્ર' ઉપર 'ગન્ધહસ્તિ મહાભાષ્ય' બન્યું હતું, એમ શ્વેતાંમ્બર તથા દિગમ્બર સાહિત્યમાં ઉલ્લેખ છે, જે ગ્રંથ આજે ઉપલબ્ધ નથી અને ટીકાઓમાં તે માટે સૂચન પણ મળતું નથી; તેથી કેટલાએક વિદ્વાનો એમ માને છે કે આ૦ સિદ્ધસેન ગણીકૃત ટીકા એ જ મહાભાષ્ય હોવું જોઈએ અને આ૦ સિદ્ધસેન દિવાકરકૃત શસ્ત્રપરિજ્ઞાના ગંધહસ્તિ વિવરણને લીધે આ ભ્રમ જન્મ્યો હોવો જોઈએ.

સભાષ્ય 'તત્ત્વાર્થસૂત્ર' ઉપર આ૦ સિદ્ધસેનગણી, આ૦ હરિભદ્રસૂરિ, આ૦ યશોભદ્રસૂરિ, આ૦ મલયગિરિજી, આ૦ શ્રી અજ્ઞાત, વા૦ શ્રીયશોવિજયજી મહારાજ વગેરેએ સંસ્કૃતમાં ટીકાઓ રચી છે. દિગમ્બર આચાર્યોએ 'તત્ત્વાર્થસૂત્ર' ઉપર કેટલાંક સૂત્રોમાં ફેરફાર કરીને સર્વાર્થસિદ્ધિ, રાજવાર્તિક, શ્લોકવાર્તિક, શ્રુતસાગરી, વગેરે સંસ્કૃત ટીકાઓ બનાવી છે અને સ્થાનકમાર્ગી સાધુ ઉ૦ આત્મારામજીએ દિગમ્બરીય 'તત્ત્વાર્થસૂત્રો' પર સમન્વય બનાવ્યો છે. ભાષ્યાનુસારી સૂત્રો ન લેવાથી એ સમન્વય સફળ થયો નથી.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વાચકજીના 'પ્રશમરતિ પ્રકરણ' પર આ૦ હરિભદ્રસૂરિજીએ, જંબૂદ્વીપસમાસ અને શ્રાવકપ્રજ્ઞપ્તિ ઉપર આ........એ ટીકાઓ બનાવેલી છે.

એકંદરે વાચક ઉમાસ્વાતિજી વિક્રમની ચોથી સદીના સંસ્કૃત-પ્રાકૃત ભાષાના સમર્થ ગ્રંથકાર અને મહાન વિદ્વાન આચાર્ય છે, જેની વાણી આજે પણ ટંકોરાબંધ રણરણાટ કરે છે.

**उमास्वातिवाचकस्य, वाचः कस्य न चेतसि।**
**ध्वनन्त्यद्यापि घण्टावत्, तारटङ्कारसुन्दराः ॥ १७ ॥**

(વિ. સં. ૧૨૫૨–આ૦ મુનિરત્ન કૃત **अममचरित्र** )

JAINSITE.com जैन साईट જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## પ્રકરણ એકવીશમું

### આ૦ વીરસૂરિજી

આ૦ માનતુંગસૂરિની પાટે શ્રીવીરસૂરિજી થયા.

તેમણે વિ. સં. ૩૦૦ (૩૬૦)માં નાગોરમાં ભ૦ શ્રીનમિ-નાથની પ્રતિષ્ઠા કરાવી હતી, જેનો ઉલ્લેખ આ પ્રમાણે મળે છે:

**नागपुरे नमिभवनप्रतिष्ठया महितपाणिसौभाग्यः।**
**अभवद् वीराचार्यस्त्रिभिः शतैः साधिकै राज्ञः॥**

વીરાચાર્યજીએ નાગપુરમાં નમિનાથ ભગવાનના મંદિરમાં વિક્રમની ત્રીજી સદી પછી પ્રતિષ્ઠા કરાવી. તેમણે સાચોરમાં પણ ભ૦ મહાવીરસ્વામીની પ્રતિષ્ઠા કરાવી હતી. સ્વર્ગ વીર સં. ૭૯૩.

## પ્રકરણ બાવીશમું

### આ૦ જયદેવસૂરિ

આ૦ વીરસૂરિની પાટે આ૦ જયદેવસૂરિ થયા છે.

'વીરવંશાવલી'ના ઉલ્લેખ પ્રમાણે તેમણે રણથંભોરની પહાડી પર જિનાલયમાં ભગવાન પદ્મપ્રભુની પ્રતિષ્ઠા કરી હતી અને પદ્મા-વતીની સ્થાપના કરાવી હતી. તેમજ મારવાડના થળી પ્રદેશમાં વિચરી ભાટી રજપૂતોને ઉપદેશ આપી જૈન બનાવ્યા હતા. સ્વર્ગ વીર સં. ૮૩૩.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## પ્રકરણ તેવીશમું

## આ૦ દેવાનંદસૂરિ

આ૦ જયદેવસૂરિની પાટે આ૦ દેવાનંદસૂરિ થયા છે. તેમનું જીવનચરિત્ર મળતું નથી કિન્તુ 'વીરવંશાવલી'માં ઉલ્લેખ છે કે તેમણે કચ્છ–સુથરીમાં શાસ્ત્રાર્થ કરી શૈવોને હરાવ્યા હતા અને પ્રભાસપાટણમાં ભ૦ પાર્શ્વનાથની પ્રતિષ્ઠા કરાવી હતી.

તાર્કિકશિરોમણિ આ૦ મલ્લવાદી અને રાજા આદ્ય શિલાદિત્ય આ અરસામાં થયા છે.

આ અરસમાં આ૦ સ્કંદિલ, આર્ય જમ્બૂ, આ૦ હિમવંત, આ૦ નાગાર્જુન અને આ૦ ગોવિંદ વગેરે શ્રુતધર થયા છે, તેઓનું જીવનચરિત્ર વાચકવંશ ( જુઓ : પૃ૦ ૧૮૬ થી ૧૮૮ )માં વર્ણવેલ છે. તેઓએ મથુરામાં તથા વલભીમાં ચોથી આગમવાચના કરી હતી.

આજ અરસામાં ચોથી આગમવાચના અને વલભીભંગ વગેરે ઐતિહાસિક ઘટનાઓ પણ બની છે.

### આ૦ મલ્લવાદિસૂરિ

આ૦ મલ્લવાદી નામના ત્રણ આચાર્યો થયા છે; ત્રણેના જીવનચરિત્રોમાં નામની એકતાને લીધે અસ્તવ્યસ્તતા થઇ ગઇ છે. છતાંયે 'પ્રભાવકચરિત્ર' વગેરેમાં જે જીવનચરિત્ર મળે છે, તે આ પ્રમાણે છે:

આચાર્યશ્રીનું જન્મસ્થાન વલભીપુર છે, તેમની માતાનું નામ દુર્લભદેવી છે. દુર્લભદેવીને ત્રણ પુત્રો હતા. (૧) જિનયશ, (૨) યક્ષ અને (૩) મલ્લ. આ મલ્લ એ જ મલ્લવાદી તરીકે પ્રસિદ્ધ થયા છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

દુર્લભદેવીના ભાઈ જૈનધર્મના સાધુ થયા હતા, અને આચાર્ય પણ બન્યા હતા, જેમનું નામ જિનાનંદસૂરિ હતું. તેઓ પરમ શાંત પ્રકૃતિના હતા. તેઓ એકવાર ભ૦ મુનિસુવ્રતસ્વામિની યાત્રા કરવા ભરૂચમાં પધાર્યા. અહીં તેમને છળપ્રધાન **નંદ** નામના બૌદ્ધ સાધુએ વિતંડાવાદથી જીતી લીધા. એટલે પરાભવ પામેલા આ૦ જિનાનંદ ત્યાંથી વિહાર કરી વલભીપુરમાં પધાર્યા.

આ૦ જિનાનંદસૂરિએ પોતાની બહેન દુર્લભદેવી તથા ત્રણેય ભાણેજોને સંસારની અસારતા સમજાવી દીક્ષા આપી. તેમાં ત્રણે મુનિઓએ ટૂંક સમયમાં જ બહુ ઉત્તમ રીતે શાસ્ત્રજ્ઞાન મેળવી લીધું.

પૂર્વાચાર્યોએ 'જ્ઞાનપ્રવાદ' નામના પાંચમા પૂર્વમાંથી **'નયચક્ર'** નામનો ગ્રંથ ઉદ્ધર્યો હતો. ગુરુએ શિષ્યોને આ નયચક્ર વિનાના ગ્રંથો તથા પૂર્વમાંનું બધું શ્રુત ભણાવ્યું હતું. ગુરુની પાસે બીજું પણ એક અપૂર્વ અને અદ્ભુત પુસ્તક હતું, જે પુસ્તક પૂર્વમાં કરેલ નિષેધ પ્રમાણે બીજા કોઈએ વાંચવું ઠીક ન હતું. વાંચે તેને ઉપદ્રવની સંભાવના હતી. પરંતુ મલ્લમુનિ બહુ જ તેજ હતા. એટલે ગુરુને ભય રહેતો કે આ બાલમુનિ તે પુસ્તકને વાંચવા ઉતાવળા થશે એટલે તેમણે પોતાની બહેન સમક્ષ મલ્લમુનિને જણાવ્યું કે તમારે આ પુસ્તક વાંચવું નહિ, પછી ગુરુજી તો યાત્રા માટે વિહાર કરી ગયા. એકવાર મલ્લમુનિએ એ ગુપ્ત પુસ્તક ઉઘાડયું અને એના પહેલા પાનાનો પહેલો જ શ્લોક નીચે મુજબ વાંચ્યો.

" **विधिनियमभङ्गवृत्तिव्यतिरिक्तत्वादनर्थकमघोषवत् ।**
**जैनादन्यच्छासनमनृतं भवतीति वैधर्म्यम् ॥ १ ॥** "

જૈન સિવાયનાં દર્શનો જે કાંઈ કહે છે તે વિધિ, નિયમ, ભાંગા અને વૃત્તિ રહિત હોવાથી અનર્થ કરનાર હોય છે, માટે તે અસત્ય છે તેમજ અધર્મરૂપ છે.

મલ્લમુનિજી હજી તો આ શ્લોકનો અર્થ વિચારતા હતા

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

એટલામાં જ શ્રુતદેવીએ અદૃશ્યપણે તેમના હાથમાંથી તે પુસ્તક છીનવી લીધું. મલ્લમુનિને આ પુસ્તક જવાથી ભારે ખેદ થયો, તે રડવા લાગ્યા. માતાએ આવી પૂછ્યું કે, વત્સ ! કેમ રડે છે? મુનિએ બધી હકીકત કહી અને જણાવ્યું કે, મારા હાથથી એ "પુસ્તકરત્ન ચાલ્યું ગયું." શ્રીસંઘને પણ આની જાણ થતાં પારાવાર દુઃખ થયું.

મુનિવર મલ્લને વિચાર આવ્યો કે, મારી ભૂલ થઈ તેથી જ આ પુસ્તક ગયું છે. તો તેનો ઉપાય પણ મારે કરવો જ જોઈએ. તેમણે ખરૂડાની એક નાનકડી પહાડીની ગુફામાં બેસીને સરસ્વતીની આરાધના શરૂ કરી. તેઓ છઠ્ઠને પારણે છઠ્ઠ કરતા હતા અને પારણામાં અનાજના ફોતરાંનું લૂખું ભોજન લેતા હતા. આ ખબર મળતાં શ્રીસંઘે વિચાર્યું કે આવા તેજસ્વી મુનિનો દેહ નાશ પામે તે ઠીક નહીં, પછી સંઘે આગ્રહ કરી ચોમાસાના પારણે વિગઇનો આહાર લેવરાવ્યો, ખાસ મુનિઓએ ત્યાં જઈ તેવો આહાર લાવી તેમને પારણું કરાવ્યું.

હવે શ્રુતદેવીએ પણ મલ્લમુનિની પરીક્ષા કરવાનું વિચાર્યું અને તે તથા મુનિવરની વચ્ચે આ પ્રમાણે જુદા જુદા પ્રશ્નોત્તરો થયા.

દેવી—મીઠું ભોજન કયું ?

મુનિ—વાલ.

આ વાતચીત આટલેથી જ અટકી પડી. વળી છ મહિના પછી દેવીએ પૂછ્યું.

દેવી—શેની સાથે ?

મુનિ—ગોળ અને ઘીની સાથે.

દેવી—હું પ્રસન્ન થઈ છું. ભદ્ર ! વર માગ.

મુનિ—શ્રુતદેવી ! મને તે પુસ્તક આપો.

દેવી—મુનિવર ! સાંભળ. એ પુસ્તક પ્રકાશમાં આવે તો દ્વેષી દેવો ઉપદ્રવ કરે તેમ છે. માટે એ પુસ્તકની વાત જવા દે, પણ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હું વરદાન આપું છું કે, 'તું તેના એક શ્લોકમાંથી સર્વ અર્થને મેળવી શકીશ.'

આ પ્રમાણે કહીને શ્રુતદેવી અદૃશ્ય થઈ ચાલી ગઈ અને મુનિજી પણ ગચ્છમાં આવી મળ્યા.

ત્યાર બાદ મુનિવર મલ્લે દશ હજાર શ્લોકપ્રમાણ નવું **'નયચક્ર શાસ્ત્ર'** બનાવ્યું અને રાજાએ તથા શ્રીસંઘે તેને હાથીની અંબાડી પર પધરાવી તેનો વાજતેગાજતે નગરપ્રવેશ કરાવ્યો.

ત્યાં તો આ૦ શ્રીજિનાનન્દસૂરિ પણ વિહાર કરતા કરતા અહીં પધાર્યા, અને તેમણે શ્રીસંઘના આગ્રહથી મુનિ મલ્લને આચાર્ય-પદથી અલંકૃત કર્યા.

બૌદ્ધ આચાર્ય નંદે કપટથી આ૦ મલ્લસૂરિજીના ગુરુમહા-રાજનો પરાભવ કર્યો હતો. એ જાણી તેઓ ભરૂચ પધાર્યા, તેમના પધારવાથી ભરૂચના શ્રીસંઘમાં આનંદ ફેલાયો. આ સમાચાર બૌદ્ધાચાર્યને મળતાં એણે ગર્વથી કહ્યું કે, "મેં જે શ્વેતાંબર સૂરિને વાદમાં જીતી લીધો છે, તેનો જ આ ચેલો છે ના?' આ સમાચાર મલ્લસૂરિજીને મળતાં તેમણે બૌદ્ધ આચાર્ય નંદને વાદ માટે લલકાર્યો. એટલે બૌદ્ધ વાદીએ ઉપેક્ષા બતાવી કે, "આ તો બાળક છે, તે મારી સાથે શું વાદ કરવાનો છે?' પરંતુ મલ્લસૂરિજીને પોતાના ગુરુજીના વાદપ્રસંગનો ખ્યાલ જ હતો; એટલે તેમણે ખૂબ જ હિમ્મતથી બૌદ્ધાચાર્યને યુદ્ધના રણ-મેદાનમાં ઉતારવા પ્રયત્ન કર્યો, અંતે બૌદ્ધવાદી નંદ તેમની સામે આવ્યો, અને એ બન્નેએ રાજસભામાં શાસ્ત્રાર્થ આરંભ્યો. સભાસદોએ આ૦ મલ્લસૂરિને પૂર્વપક્ષ સ્થાપવા કહ્યું એટલે તેઓ 'નયચક્ર શાસ્ત્ર'ની રીતે અખંડપણે છ મહિના સુધી બોલ્યા, પરંતુ બૌદ્ધવાદી તેમના આ કથનને યાદ રાખી શક્યો નહીં અને પોતાના સ્થાને ચાલ્યો ગયો. આથી સૌ કોઈ એક સાથે બોલી ઉઠ્યા કે, "મલ્લસૂરિજી અજોડ મલ્લ જ છે, મલ્લસૂરિજી જીત્યા છે." પછી તો રાજાએ તેમને મહોત્સવપૂર્વક ઉપાશ્રયે પધરાવ્યા, બુદ્ધ નંદને પરિવાર સહિત

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ભરૂચમાંથી જતા રહેવા હુકમ કર્યો. વળી ઉદાર એવા આ૦ મલ્લસૂરિના કહેવાથી તે હુકમ રદ કર્યો અને આચાર્યને "વાદી"નું ગૌરવવંતુ બિરુદ આપ્યું. તે આચાર્ય પણ ત્યારથી 'મલ્લવાદિસૂરિ" તરીકે પ્રસિદ્ધિ પામ્યા.

આ તરફ બુદ્ધને આ દરેક વાતની જાણ થઈ. તે પોતાના પરાભવથી દુઃખી થયો હતો અને ભ્રમિતપણે હૃદય ફૂટી જવાથી મૃત્યુ પામ્યો.

આ૦ મલ્લવાદીજીને આ સમાચાર મળ્યા ત્યારે તેઓ એટલું જ બોલ્યા કે, શું વાદી મરી ગયો? તે કયા હિસાબે પોતાને બુદ્ધિમાન માનતો હતો? તેણે મારી નાની ઉંમરના કારણે મારી અવજ્ઞા કરી, પણ શું તે આવો કાયર હતો?

પછી આ૦ મલ્લવાદિસૂરિએ સંઘદ્વારા નિમંત્રણ મોકલી પોતાના ગુરુ તથા માતા સાધ્વી દુર્લભદેવીને બોલાવી બહુમાનથી ભરૂચમાં પધરાવ્યાં. ગુરુમહારાજે સાધ્વી શ્રીદુર્લભદેવીને કહ્યું કે, ભદ્રે! પુત્રવતી સ્ત્રીઓમાં તું અગ્રેસર છે.

JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

આ૦ મલ્લવાદીજીએ ૧. દશહજાર શ્લોકપ્રમાણ નયચક્ર, ૨. ચોવીશ હજાર શ્લોકપ્રમાણ પદ્મચરિત્ર અને ૩. સન્મતિ-તર્કની ટીકા; એ ત્રણ ગ્રંથો બનાવ્યા છે, જે આજે ઉપલબ્ધ નથી. એમ કહેવાય છે કે આ ગ્રંથો વૈરના કારણે બૌદ્ધોના હાથે વિનાશ પામ્યા છે. ગમે તેમ હોય, પણ તે ગ્રંથો આજે મળતા નથી. આ૦ જિનયશે 'પ્રમાણશાસ્ત્ર' તથા 'વિશ્રાંતવિદ્યાધર'ના વ્યાકરણ પર ન્યાસ રચ્યા હતા અને એ પ્રમાણશાસ્ત્ર એમણે આ૦ નન્નસૂરિની આજ્ઞાથી અલ્લ રાજાની સભામાં જાહેર રીતે વાંચી સંભળાવ્યું હતું. આ૦ યક્ષે અષ્ટાંગ નિમિત્તને બતાવનાર 'યક્ષસંહિતા' બનાવી હતી.

આ૦ પ્રભાચંદ્રસૂરિએ 'મલ્લવાદી પ્રબંધ'માં આ ઘટનાનો સંવત આપ્યો નથી, કિન્તુ 'વિજયસિંહસૂરિ પ્રબંધ'માં આ ઘટના-સૂચક એક શ્લોક છે. તે આ પ્રમાણે છે:

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**શ્રીવીરવત્સરાદથ શતાષ્ટકે ચતુરશીતિસંયુક્તે ।**
**જિગ્યે સ મલ્લવાદી બૌદ્ધાંસ્તદ્વ્યન્તરાંશ્ચાપિ ॥**

આ૦ મલ્લવાદીજીએ વીર સં. ૮૮૪માં ( વિ. સં. ૪૧૪ )માં બૌદ્ધ સાધુ અને બૌદ્ધ વ્યંતરોને જીત્યા.

'અભયદેવસૂરિ પ્રબંધ'માં લખ્યું છે કે, થામણામાં મલ્લવાદી ગચ્છની ગાદી હતી.

'પ્રભાવકચરિત્ર'માં મલ્લવાદીજીનું ચરિત્રાલેખન ઉપર પ્રમાણે છે. 'પ્રબંધચિંતામણિ'માં આ ઘટના ત્રણ પ્રબંધોમાં આપી છે, જેનો સાર નીચે પ્રમાણે છે:

ખેડાના બ્રાહ્મણ દેવાદિત્યની વિધવા પુત્રીએ એક બાળકને જન્મ આપ્યો. આ બાળક **શિલાદિત્ય** નામથી વલભીનો રાજા થયો. તે જૈન મુનિઓના સહવાસથી જૈન બન્યો અને તેણે મહાતીર્થ શત્રુંજયનો જીર્ણોદ્ધાર કરાવ્યો. એકવાર તેની સભામાં જૈનો અને બૌદ્ધો વચ્ચે વાદ થયો, તેમાં જૈનો હાર્યા એટલે રાજાએ જૈનોને દેશવટો આપ્યો. રાજાના ભાણેજ મલ્લમુનિ વલભીમાં જ હતા, પણ બૌદ્ધોએ તેને નાનો સમજી તેની ઉપેક્ષા કરી અને શત્રુંજય તીર્થને બૌદ્ધતીર્થ બનાવી દીધું. મલ્લમુનિ ક્ષત્રિય હતા, તેમણે પોતાના ધર્મનો પરાભવ ખૂંચતો હતો; એટલે તે યોગ્ય સમયની રાહ જોવા લાગ્યા અને બૌદ્ધો પાસે જ ભણવા લાગ્યા. એક રાત્રે સરસ્વતીએ એ બાળમુનિને પૂછ્યું કે, મીઠું શું ? મુનિએ તરત જ ઉત્તર આપ્યો કે, વાલ. છ મહિના પછી સરસ્વતીએ ફરી પૂછ્યું કે, શેની સાથે ? મુનિએ ઉત્તર વાળ્યો કે, ઘી સાથે. બસ ! સરસ્વતીએ એની આ સાવધાનતા અને હાજરજવાબથી પ્રસન્ન થઈ વર માગવા કહ્યું. મલ્લમુનિએ એટલું જ માગ્યું કે, મને એક તર્કવિદ્યા આપો કે જેના જોરે બૌદ્ધોને હરાવું. સરસ્વતીએ તેને **નયચક્ર** ગ્રંથ આપ્યો, મલ્લમુનિએ તેનું અધ્યયન કરી શિલાદિત્યની સભામાં જ બૌદ્ધોને જીતી વાદીનું બિરુદ મેળવ્યું. આ તરફ રાજાએ બૌદ્ધોને દેશવટો આપ્યો, જૈનાચાર્યોને બોલાવી સન્માન્યા અને મલ્લવાદીને સૂરિપદથી અલંકૃત કર્યા.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

નવાંગીવૃત્તિકાર આ૦ **સૂરિએ** પ્રકટ કરેલ **શ્રીસ્તંભનક-તીર્થની** સારસંભાળ થામણાના મલ્લવાદી સંઘને આધીન હતી.

ત્યાર બાદ **રંકુ** વાણિયાએ રાજા સાથે કાંસકી બાબત અટપટ થવાથી વિ. સં. ૩૭૫ માં શકોને લાવી વલભીનો નાશ કરાવ્યો, જેમાં રાજા **શિલાદિત્યનો** ઘોડો બેકાબુ થઈ જવાથી પોતાને સંભાળી શક્યો નહીં, અને શકોના હાથે માર્યો ગયો. આ સમયે વલભીની જિનપ્રતિમાઓને તથા શાસન દેવદેવીઓને પ્રભાસ-પાટણ, શ્રીમાળનગર અને જુદે જુદે સ્થાને મોકલી દીધી હતી. આ૦ વર્ધમાનસૂરિ પણ પોતાના શિષ્યપરિવાર સાથે અન્યત્ર વિહાર કરી ગયા હતા.

'ચતુર્વિંશતિપ્રબંધ'ના 'મલ્લવાદી પ્રબંધ'માં 'પ્રબંધચિંતા-મણિ'ના કથનનો જ વિસ્તાર છે. વિશેષતા એટલી જ છે કે શિલાદિત્યની માતાનું નામ **સુભગા** હતું. મલ્લમુનિ શિલાદિત્યના ભાણેજ હતા, ભરૂચના રાજાના પુત્ર હતા. વિ. સં. ૫૭૨ (૩૭૫) માં વલભીનગરનો **પ્રથમ ભંગ** થયો. આ૦ મલ્લવાદી ત્યાંથી વિહાર કરી પંચાસર ગયા. આ આચાર્ય નાગેન્દ્રગચ્છના છે. પંચાસર, પાટણ અને સ્તંભનક તીર્થ વગેરે ધર્મસ્થાનો આ ગચ્છને આધીન હતાં.

ઉક્ત ચરિત્રો અને બીજાં ઐતિહાસિક સાધનોનું એકીકરણ કરીએ તો તેમાંથી ત્રણ મલ્લવાદી આચાર્યો મળી આવે છે, જે જુદા જુદા નીચે પ્રમાણે છે.

**૧. પહેલા મલ્લવાદી**—આ૦ મલ્લવાદિસૂરિ મહાવાદી એ તો તેમના ગ્રંથથી નક્કી થાય છે. તેમણે શાસ્ત્રાર્થ કરી બૌદ્ધોને હરાવ્યા, જૈન તીર્થ પાછું વાળ્યું, જૈન શાસનની રક્ષા કરી અને 'નયચક્ર, પદ્મચરિત્ર અને સમ્મતિટીકા'ની રચના કરી છે. તેમણે આ૦ સિદ્ધસેન દિવાકરના 'સમ્મતિતર્ક' પર તર્કપૂર્ણ ટીકા બનાવી હતી, જે આજે મળતી નથી પણ તેનાં અવતરણો 'અનેકાંતજય-પતાકા' વગેરેમાં ઉપલબ્ધ થાય છે. વળી, સૂરિજીએ ઉક્ત વિધિ-

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

નિયમવાળી **કારિકાના** વિવરણરૂપે ગદ્ય-પદ્ય સંસ્કૃતમાં '**નયચક્ર**' નામનો વિશાલ ગ્રંથ બનાવ્યો છે. '**નયચક્ર**શાસ્ત્ર' ૧૩ ભાગમાં વહેંચાયેલું છે. શરૂઆતના ૧૨ ભાગમાં વિધિનિયમથી ઉત્પન્ન થતા ૧૨ નયોનું વર્ણન છે, જે આ શાસ્ત્રના ૧૨ આરારૂપે છે, અને એ જ કારણે આ શાસ્ત્રનું મોટું નામ "દ્વાદશારનયચક્ર" પણ છે. ૧૩ મા ભાગમાં ૧૨ નયોનું સંયોજન છે. તેથી આ ૧૩ મા ભાગનું નામ "સ્યાદ્વાદતુંબ" છે. જૈન સાહિત્યમાં ૭૦૦ નયોના સંગ્રહવાળું **સપ્તશતારચક્ર** હતું, તેમ આ ૧૨ નયોના સંગ્રહવાળું દ્વાદશારનયચક્ર છે. આમાં પ્રસિદ્ધ ૭ નયોનું અને દ્રવ્યાસ્તિક-પર્યાયાસ્તિક વગેરે નયોનું વ્યવસ્થિત વર્ણન છે. નયચક્રમાં પ્રાચીન દર્શનોનું પોતાના સમય સુધીનાં મતોનું તલસ્પર્શી સ્વરૂપ વર્ણવી તેની માર્મિક સમાલોચના કરી છે. વિ. સં. ૪૦૦ સુધીના બૌદ્ધ વિદ્વાનો પૈકીના સ્થ. વસુમતિ, સ્થ. વસુબન્ધુ, તેના શિષ્ય દિઙ્નાગ, સ્થ. આર્યદેવ, સ્થ. વસુરાતનો શિષ્ય પ્રથમ ભર્તૃહરિ વગેરેના વાદોનું અકાટ્ય યુક્તિઓથી ખંડન કર્યું છે. આ ગ્રંથ આ૦ શાંતિસૂરિ, મલધારી આ૦ હેમચંદ્રસૂરિ અને ક૦ સ૦ હેમચંદ્રસૂરિના ગુરુભ્રાતા આ૦ પ્રદ્યુમ્નસૂરિના પટ્ટધર આ૦ ચંદ્રસેનસૂરિના સમય સુધી વિદ્યમાન હતો, ત્યાર પછી અને સં. ૧૩૩૪ પહેલાં તે નાશ પામ્યો છે. એટલે આ ગ્રંથ સળંગ મળતો નથી કિન્તુ તેની આ૦ સિંહસૂરગણિ વાદી ક્ષમાશ્રમણે કરેલ નયચક્રવાલ અપરનામ 'ન્યાયાગમાનુસારિણી' નામની ૧૮૦૦૦ શ્લોકપ્રમાણ સંસ્કૃત ચૂર્ણી-ટીકા મળે છે અને વિક્રમની સત્તરમી સદીમાં મહો૦ યશોવિજય મહારાજે તેનો આદર્શપાઠ તૈયાર કરેલ છે, તે મળે છે. તે પરથી આ ગ્રંથની મહત્તા અને ગ્રંથ નિર્માતાની વાદશક્તિનો વિશદ ખ્યાલ આવે તેમ છે. એટલે કે આવા ગ્રંથકાર આ૦ મલ્લવાદી બૌદ્ધોને પરાસ્ત કરે એ સહજ વાત છે.

આ૦ હરિભદ્રસૂરિજીએ આ૦ મલ્લવાદીજીને 'અનેકાંતજયપતાકા'માં ઉલ્લેખ્યા છે. ક૦ સ૦ આ૦ હેમચંદ્રસૂરિએ 'સિદ્ધહેમ,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અ૦ ૨, પાદ–૨, સૂ. ૩૯ **उत्कृष्टेऽनूपेन**ની ટીકામાં **अनुमल्लवादिनं तार्किकाः** લખી આ આચાર્યને તાર્કિકશિરોમણિ તરીકે વર્ણવ્યા છે.

આ૦ મલ્લવાદીજીના સત્તાસમય માટે વિ. સં. ૩૭૫ માં વલભીભંગ અને વિ. સં. ૪૧૪ બૌદ્ધોનો પરાજય એમ બે સાલવારી મળે છે.

જો કે બૌદ્ધોનો પરાજય પહેલાં થયો છે અને પછી વલભી-ભંગ થયો છે. એટલે ઉપલક દૃષ્ટિએ જોતાં આ સાલના આંકડાઓમાં વિસંવાદ માલમ પડે છે કિન્તુ તે વિક્રમસંવતના નિર્ણયમાં આવી પડતા ૬૦ વર્ષના ફરકને આભારી છે. વિ. સં ૩૭૫ થી વીર વિ. સં. ૮૪૫ લેવાય છે. પરંતુ ૪૧૧ વર્ષે વિક્રમસંવત શરૂ થાય, એ લેખે તો તે સાલ વિ. સં. ૪૩૫ બની જાય છે અને આ સાલમાં વલભીનો ભંગ થયો એ ઐતિહાસિક સત્ય બને છે. તે પહેલાં વીર સં. ૮૩૦ થી ૮૪૦ સુધીમાં પ્રસિદ્ધ ચોથી **આગમ-વાચના** થઈ, અને તે પહેલાં વિ. સં. ૪૧૪ માં આ૦ મલ્લવાદીજીએ બૌદ્ધને હરાવ્યા. એ રીતે ઉપરની સાલવારી બરાબર મળી રહે છે.

અહીં ગરબડ એ છે કે વિ. સં. ૩૭૫ માં અને વીર નિ. સં. ૮૮૪ માં અનુક્રમે સાઠ સાઠ વર્ષની વધ અને ઘટ કરવાથી જ આ સાલવારી બંધબેસતી થાય છે.*

અહીં બીજી પણ એક કલ્પના થાય છે કે ગાથામાં બતાવેલ વીરસંવત ૮૮૪ તે બૌદ્ધવિજેતા આ૦ મલ્લવાદીની સ્વર્ગ-ગમનની સાલ હશે, તેને પણ સાથે જોડીએ તો વીર સં. ૮૨૪ વિ. સં. ૪૧૪માં બૌદ્ધોનો પરાજય, વીર સં. ૮૩૦થી વી. સં. ૮૪૦માં ચોથી આગમવાચના, વીર સં. ૮૪૫માં વલભીભંગ અને વીર સં. ૮૮૪માં આ૦ મલ્લવાદીનો સ્વર્ગવાસ એમ વર્ષાનુક્રમ આવે છે.

ગમે તેમ હો, પણ આ૦ મલ્લવાદી વિક્રમની ચોથી–પાંચમી સદીના આચાર્ય છે. તે પૂર્વધરનો કાળ હતો, માંત્રિક યુગ હતો. એટલે તેઓના ચરિત્રમાં વર્ણવેલી દૈવી ઘટનાઓ તે સમયને બંધ-

---

* ગુપ્તસંવત; ૧ ગુપ્તસંવત, ૨ વિક્રમસંવત અને ૩ વલભીસંવત એ ત્રણેસ્થાને વપરાયો છે એવાં પ્રમાણો મળે છે. જેમકે—

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

બેસતી છે. ઇતિહાસ કહે છે કે તે સમયે વલભીમાં આદ્ય શિલાદિત્યનું, સૌરાષ્ટ્રમાં ક્ષત્રપોનું અને ભરૂચમાં ત્રિકુટકોનું રાજ્ય હતું.

આ૦ મલ્લવાદીજી નાગેન્દ્રગચ્છના આચાર્ય છે. તેમનાથી મલ્લવાદી ગચ્છ ચાલ્યો છે, જે ગચ્છનો ઉલ્લેખ 'પ્રભાવકચરિત્ર'માં અને દિલ્હીના લાલા હજારીમલ રામચંદજીના ચૈત્યમાં એક ધાતુમૂર્તિ પર મળે છે.

પંચાસર, પાટણ, થામણાતીર્થ વગેરે સ્થાનોમાં મલ્લવાદી ગચ્છની ગાદીઓ હતી, જેની પરંપરામાં મલ્લવાદી નામના બીજા પણ અનેક સૂરિવરો થયા છે. આ આચાર્ય તે દરેકના પૂર્વજ—પહેલા મલ્લવાદીજી છે.

---

૧—याते गुप्तसमाशते दशगुणे साग्रे त्रयस्त्रिंशता
मार्गे मासि तमिस्रपक्षनवमौ सूर्यात्मजे भुञ्जति ॥९॥
संवत् १०३३ सङ्का—स्वा—ग्रदेवाजीन्
( ચામુંડરાજનું તામ્રપત્ર )

ગુજરાતના યુવરાજ ચામુંડરાય સોલંકીએ વિ. સં. ૧૦૩૩માં વડસમાના જૈન દેરાસરમાં ખેતર દીધાનું તામ્રપત્ર કરી આપ્યું છે, તેમાં વિક્રમસંવતને ગુપ્તસંવત તરીકે ઓળખાવ્યો છે એટલે તે સમયે વિક્રમસંવત ગુપ્તસંવતના નામે ચડી ગયો હશે એમ લાગે છે.

૨—વલભીપુરના રાજા વલ્લભના નામથી વલભીસંવત પ્રચારમાં આવ્યો, જેની શરૂઆત શકસંવત ૨૪૧ પછી થઈ હતી. ગુપ્તસંવતના વિષયમાં લોકોનું કહેવું છે કે, ગુપ્ત લોકો દુષ્ટ તેમજ પરાક્રમી હતા અને તેમનો નાશ થઈ ગયા પછી પણ લોકો તેમના ચલાવેલા સંવતનો વ્યવહાર કરતા રહ્યા હતા. અનુમાન થાય છે કે, એમાંનો જ કોઈ વલ્લભ એ નામનો અંતિમ રાજા હશે; કારણ કે વલભીસંવતની માફક ગુપ્તસંવત પણ શકસંવત્ ૨૪૧ થી શરૂ થયો હતો. વિક્રમસંવત્ ૧૦૮૮, શકસંવત ૯૫૩, અને વલભી તથા ગુપ્તસંવત ૭૧૨ એ બધાં પરસ્પર સમાન વર્ષ થાય છે.

( અલ્બેરૂનીરચિત 'ભારત' )

પ્રસિદ્ધ આરબ લેખક અલ્બેરૂનીએ પોતાના સુપ્રસિદ્ધ 'ભારત' ઉપરના ગ્રંથમાં ઉપર પ્રમાણે ટૂંકી નોંધ આપી છે, જે અલ્બેરૂનીના "ચરિત્ર" ગ્રંથના અંગ્રેજી ભાષાંતર ભા. ૨, પૃ. ૭માં છપાયેલ છે.

( 'ભારતીય વિદ્યા' ત્રૈમાસિક અંક: ૧ )

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**બીજા મલ્લવાદી:**—આ સૂરિ, આ૦ જિનયશ અને આ૦ યક્ષ તે વિક્રમની દશમી સદીના આચાર્યો છે. બૌદ્ધાચાર્ય ધર્મકીર્તિએ 'ન્યાયબિંદુ' ગ્રંથ બનાવ્યો છે. તેની ઉપર બૌદ્ધાચાર્ય લઘુ ધર્મોત્તરે વિ. સં. ૯૦૪ આસપાસમાં ટીકા કરી છે અને તેની ઉપર બીજા આ૦ મલ્લવાદીએ 'ધર્મોત્તર ટીપ્પન' બનાવ્યું છે. આ૦ જિનયશે 'પ્રમાણશાસ્ત્ર' તથા 'વિશ્રાંતવિદ્યાધર વ્યાકરણ' પર ન્યાસ બનાવ્યો છે, અને આ૦ યક્ષે 'યક્ષસંહિતા' રચી છે. આ૦ જિનયશે પોતાનું 'પ્રમાણશાસ્ત્ર' આ૦ **નન્નસૂરિની** આજ્ઞા થવાથી મેવાડના રાણા **અલ્લટ**ની સભામાં વાંચી સંભળાવ્યું હતું. તે આચાર્ય શિલાદિત્યના વલ્લભીવંશના ભાણેજ હશે અને તેમની માતાનું નામ દુર્લભદેવી હશે, એમ લાગે છે. (વિ. સં. ૧૦૧૦)

**ત્રીજા મલ્લવાદિસૂરિ:**—જે વિક્રમની તેરમી સદી લગભગમાં થયા છે. તેઓ નાગેન્દ્રગચ્છના હતા અને થામણાતીર્થ તેમને આધીન હશે. મંત્રી વસ્તુપાલે પણ તેમના ગ્રંથની પ્રશંસા કરી હતી. એમ આ ત્રીજા મલ્લવાદીજી વિક્રમની તેરમી સદીના આચાર્ય છે.

આ રીતે મલ્લવાદી આચાર્યો ત્રણ થયા છે. તેઓનું જીવનચરિત્ર ઉક્ત પ્રબંધોમાં એક જ રૂપે સંકલિત છે.

આ ત્રણેમાં પહેલા મલ્લવાદિસૂરિ મહાન તાર્કિક છે, ન્યાયશાસ્ત્રના સમર્થ પ્રણેતા છે, અજોડ વાદી છે, જૈનશાસનના રક્ષાકર મલ્લ છે, અને વિ. સં. ૪૧૪ના દાર્શનિક ક્રાન્તિકાર છે. શરૂશરૂમાં તેમણે જ બૌદ્ધોને ભયંકરરીતે પરાજિત કર્યા છે. બૌદ્ધોએ પણ ત્યારથી જ પીછેહઠનાં પગલાં માંડવાં શરૂ કર્યાં છે અને બીજી ચાર સદીઓ જતાં તો તેઓએ સમગ્ર ભારતવર્ષનો જ સર્વથા ત્યાગ કર્યો છે. આથી જ એમ કહેવાય છે કે—આ૦ મલ્લવાદીજીએ બૌદ્ધોને દેશવટો આપ્યો છે.

આપણે ઉપર વાંચી ગયા છીએ કે, રાજા શિલાદિત્યે બૌદ્ધાચાર્ય નંદને ખરેખર દેશવટો જ આપ્યો હતો કિન્તુ પરમતસહિષ્ણુ

JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સમભાવી અને ઉદાર એવા આ૦ મલ્લવાદીએ તે હુકમને રદ કરાવ્યો હતો.

આ૦ મલ્લવાદીજી સ્વર્ગે ગયા પણ તેમની વાદપદ્ધતિ જીવતી હતી. બૌદ્ધાચાર્યોએ નવા નવા ગ્રંથો રચી તેને તોડવા પ્રયત્નો કર્યા પણ તે નિષ્ફળ ગયા. ફળસ્વરૂપ બૌદ્ધોએ પશ્ચિમભારત અને દક્ષિણભારતનો ત્યાગ કર્યો અને છેવટે શંકરાચાર્ય સાથે । શાસ્ત્રાર્થમાં એકદમ પરાસ્ત થઈ સદાને માટે ભારતવર્ષનો ત્યાગ કર્યો છે. બૌદ્ધો ભારતબહાર ગયા તે ગયા. આજની કોંગ્રેસ સરકાર એશિયાઈ એકતાના બહાના નીચે બૌદ્ધધર્મને ભારતમાં લાવવા પ્રયત્ન કરી રહી છે.

## રાજા શિલાદિત્ય

જૈન ઈતિહાસમાં શિલાદિત્યનું સ્થાન આ પ્રમાણે મળે છે.

ખેડાના બ્રાહ્મણ દેવાદિત્યની વિધવા પુત્રી સુભગાએ એક બાળકને જન્મ આપ્યો. સૂર્યદેવે આ બાળકને પોતાનો પુત્ર માની મદદ કરી વલભીનો રાજા બનાવ્યો. તે શિલા મારી મારીને પોતાના શત્રુનો નાશ કરતો હતો તેથી **શિલાદિત્ય** એ પ્રમાણે તેનું નામ જાહેર થયું. તે પરમ જૈન હતો. તેણે શત્રુંજયતીર્થનો ઉદ્ધાર કરાવ્યો. તે વચમાં બૌદ્ધધર્મી બન્યો હતો કિન્તુ પોતાના ભાણેજ આ૦ મલ્લવાદીજીના પ્રભાવથી તે પુનઃ જૈન બન્યો. તે પરાક્રમી, બુદ્ધિમાન, વિદ્યારસિક. વિદ્વત્પોષક, શાસ્ત્રાર્થપ્રેમી, તુલના બુદ્ધિવાળો, સત્યનો ઉપાસક અને વિવેકી જૈન હતો. તેણે અજાણ્યા કુળમાં જન્મીને પણ સદ્ગુણોથી પોતાના નામને અમર બનાવ્યું છે અને તેણે જ વિ. સં. ૩૭૫ માં વલભીસંવત સ્થાપ્યો છે, જે સંવત પાછળથી ગુપ્ત રાજવંશની ઘટનાઓ સાથે જોડાતાં ગુપ્તસંવત તરીકે પણ પ્રસિદ્ધ થયો છે. ( જુઓ : પૃ૦ ૩૭૮ ની પાદનોંધ )

કાકુ નામનો મારવાડનો ગરીબ વેપારી તેના રાજ્યમાં આવી સિદ્ધરસ અને કાળી ચિત્રાવેલીના પ્રભાવે અબજપતિ બન્યો હતો. રાજાએ તેની દીકરીની રત્નજડિત કાંસકી બળાત્કારે ઝુંટવી લીધી. આથી ક્રોધના માર્યા કાકુએ કરોડ સોનૈયા ખરચી, મ્લેચ્છ દેશમાંથી

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

શકોને લાવી, વલભીનો **નાશ** કરાવ્યો અને પછી સિંધના રણના અવળે રસ્તે લઈ જઈ તે સૈન્યનો પણ નાશ કરાવ્યો. શિલાદિત્ય રાજાનું મરણ થયું, અને વીર સંવત ૮૪૫ (વિ૦ સં૦ ૪૩૫)માં વલભીનો વિનાશ થયો આ વર્ણનમાં મૂલ આદ્ય શિલાદિત્ય અને છેલ્લો શિલાદિત્ય એ બન્નેની ઘટનાનું મિશ્રણ છે.

ચીની યાત્રી યુવાનચ્વાંગે પોતાના માળવાના પ્રવાસવર્ણનમાં એક પ્રાચીન શિલાદિત્યનો નિર્દેશ કર્યો છે અને તેની સંતતિથી વલભીવંશ ચાલ્યાનું સૂચન છે. વર્ણન અસ્પષ્ટ છે તેથી ડૉ. હોર્નલે આ બાબતમાં કંઈ કંઈ વિચિત્ર કલ્પનાઓ કરી છે. માનવું પડશે કે આ નિર્દેશ વિ. સં ૩૭૫ થી ૪૩૫ માં થયેલ વલભી-શાસક શિલાદિત્ય માટે છે, એ નિઃશંક વાત છે.

કર્નલ જેમ્સ ટોર્ડ સાહેબના 'રાજસ્થાનના ઈતિહાસ'માં પણ આ વાતને પુષ્ટ કરનારા છૂટાછવાયા ફકરાઓ મળે છે. જેમકે:– કનકસેન રાજા લોહકોટ (લાહોર) થી વિ. સં ૨૦૦ માં સૌરાષ્ટ્રમાં આવ્યો હતો અને ત્યાંના પંવાર રાજાને હરાવી સૌરાષ્ટ્રનો રાજા બન્યો હતો. તેણે પ્રથમ વીરનગર વસાવ્યું, તેની ચોથી પેઢીના રાજા વિજયસેને વિજયપુર, વલભીપુર અને વિદર્ભ વસાવ્યાં, જ્યાં આજે ધોળકા, વલભી અને શિહોર વસેલાં છે. ઉક્ત વલભીપુરથી મેવાડ રાજવંશની ઉત્પત્તિ થઈ છે, આ વાત મેવાડના એક શિવાલયના શિલાલેખમાં કોતરેલી મળી આવી છે. આ રાજવંશ **વાલાકરાજ** તરીકે પ્રસિદ્ધ હતો. ઈસ્વીસનની છઠ્ઠી સદીના પ્રારંભમાં વલભી ભાંગ્યું, એટલે ત્યાંના નિવાસીઓએ મારવાડમાં જઈ વાલી, સંદેરી (સાદરી) તથા નાંદોલ વસાવી, ત્યાં વસવાટ કર્યો. ઈસ્વીસનની છઠ્ઠી સદીમાં વલભીમાં જૈનધર્મનો પ્રચાર હતો અને ઓગણીસમી સદીના પાછલા ભાગમાં પણ ત્યાં તે પ્રાચીન જૈનધર્મ તે જ પ્રકારે ચાલતો જણાય છે. આ સિવાય ખંભાત પાસેનું ગાયની (અને વેરાવલ) પણ તે સમયના વાલાક રાજાઓની હકુમતવાળાં પ્રાચીન નગરો છે.

સૂર્યવંશના કનકસેનથી આઠમી પેઢીએ **શિલાદિત્ય** નામનો

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

એક રાજા થયો, આના સમયમાં મ્લેચ્છોએ આક્રમણ કરી વલભી-પુરને નષ્ટ કરી દીધું હતું. રાજા શિલાદિત્યના સંબંધમાં એક દંતકથા કર્ણગોચર થાય છે. ખેડાના વેદજ્ઞ બ્રાહ્મણ દેવાદિત્યની કન્યા વિધવા સુભગાએ સૂર્યના સંયોગથી એક **બાલક** તથા એક **બાલિકાને** જન્મ આપ્યો. વલભીના વતનીઓ આ બાળકને **ગુપ્ત** નામથી બોલાવતા હતા. ગુપ્તે સૂર્યદેવની સહાયથી માત્ર પથ્થરના ટુકડાઓ મારી મારી પોતાના વિરોધીઓને પરાજિત કર્યા અને રાજાને હરાવી વલભીનું રાજ્ય કબજે કર્યું, ત્યારથી તેનું **શિલાદિત્ય** એવું બીજું નામ પડ્યું. આ રાજા સૂર્યકુંડમાંથી મદદ મેળવી શકતો હતો પરંતુ મ્લેચ્છો આવ્યા ત્યારે તેને મદદ મળી નહીં, એટલે તે મૃત્યુ પામ્યો અને વલભી મ્લેચ્છોના હાથમાં જઈ પડ્યું.

('રાજસ્થાનનો ઇતિહાસ' સસ્તુ સાહિત્ય વર્ધક કાર્યાલય પ્રકાશિત, ભા. ૧લો, અધ્યાય ૧લો, પૃ. ૧ થી ૬)

શિલાદિત્યના વંશજો ગિહલોત, ગુહિલોત, વાલાકરાજ, અહાડિયા, સીસોદિયા ઇત્યાદિ નામથી ઓળખાય છે.

( 'રાજસ્થાનનો ઇતિહાસ' પરિશિષ્ટ. ૨, અ. ૭મો )

મહોદય ટોડ સાહેબના લખાણના ઉક્ત ફકરાઓ પરથી સ્પષ્ટ છે કે સૂર્યવંશી રાજા કનકસેન વિ. સં. ૨૦૦માં થયો છે. તેની ચોથી પેઢીએ વિજયસેન અને આઠમી પેઢીએ શિલાદિત્ય રાજા થયો છે. કહેવાની જરૂર નથી કે આઠ પેઢીમાં લગભગ ૨૦૦ વર્ષ જાય એ લેખે શિલાદિત્યનો સમય વિ. સં. ૪૦૦ લગભગમાં આવે.

આ. શિલાદિત્યથી મિત્રવંશ, ગોહિલવંશ અને સીસોદિયા એમ અનેક શાખાઓ નીકળી છે.

૧. **મિત્રવંશ**—શિલાદિત્ય સૂર્યનો પુત્ર છે. સૂર્યનું બીજું નામ 'મિત્ર' છે. એટલે શિલાદિત્યના વંશજો "મૈત્રક" તરીકે ઓળખાતા હતા. મૈત્રકો ગુપ્ત રાજાઓના શાસનકાળમાં સેનાપતિના હોદ્દા પર હતા અને સેનાપતિ ભટ્ટારકથી વલભીના રાજાઓ બનેલ છે. આ વંશનું બીજું નામ વલભીવંશ છે, જેની **રાજાવલી** આ પ્રમાણે છે:

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૧. મિત્ર અને સુભગાદેવી.

૨. મહારાજા શિલાદિત્ય (વલભી સં. ૧ થી ૬૦)

૩ થી ૭—**સેનાપતિઓ**—સેનાપતિ ભટ્ટારકે મૈત્રકોના બળે રાજ્ય મેળવ્યું છે. (લે. નં. ૨૭)

૮. **સેનાપતિ ભટ્ટારક**—તેને ધરસેન, દ્રોણસિંહ, ધ્રુવસેન અને ધરભટ્ટ એમ ચાર પુત્રો હતા; તેમાંનો ધરસેન પ્રથમ મરણ પામ્યો હતો. સેનાપતિ ધરસેન ગરીબોનો બેલી હતો. (લે. નં. ૨૭)

૯. **મહારાજા દ્રોણસિંહ**—(વિ. સં. ૧૮૦ થી ૨૦૦)

૧૦ **મહારાજા ધ્રુવસેન**—તેના નામ સાથે મહારાજ, મહાસામંત, મહાપ્રતિહાર. મહાદંડનાયક વગેરે વિશેષણો મળે છે. તે વલભીનો રાજા બન્યો હતો તેનું કુમારભુક્તિ નગર આણંદપુર હતું. વ. સં. ૨૦૮ માં તેનો યુવરાજ આણંદપુરમાં મૃત્યુ પામ્યો, ત્યારે ત્યાં આ૦ **કાલકસૂરિ** ચોથા ચોમાસુ હતા, તેમણે રાજાને ઉપદેશ આપી શોક મુકાવ્યો હતો. આ રાજા **જૈનધર્મી** હતો. (વ. સં૦ ૨૦૦ થી ૨૩૦) તેણે માતાપિતાના કલ્યાણ માટે ઘણાં મંદિરોના જીર્ણોદ્ધાર અને પૂજા કરાવ્યાં છે. (લે નં. ૨૭)

JAINSITE.COM જૈન સાઇટ જૈનમ્ જયતિ શાસનમ્

૧૦. **મહારાજા ધરભટ્ટ**—(વ. સ. ૨૩૦ થી ૨૩૫)

૧૧. તેનો પુત્ર **ગુહસેન**—તે મહાપ્રતાપી હતો. (વ. સં. ૨૩૫ થી ૨૫૦)

૧૨. **બીજો ધરસેન**—(વ. સં. ૨૫૦ થી ૨૮૦)

૧૩. **પહેલો શિલાદિત્ય**—આ રાજાના શાસનકાળમાં વલભીમાં શકસં. ૫૩૧ વ. સં. ૨૯૧માં 'વિશેષાવશ્યકભાષ્ય' બન્યું. (વ. સં. ૨૮૦ થી ૨૯૫)

૧૪. તેનો ભાઈ પહેલો ખરગ્રહ

**૧૫. ત્રીજો ધરસેન**—(વ. સ. ૩૦૦ થી ૩૦૮)

૧૬. તેનો લઘુભાઈ બીજો **ધ્રુવસેન**—(વ. સં ૩૦૮થી૩૨૩)

૧૭. મહારાજાધિરાજ ચક્રવર્તી **ચોથો ધરસેન**—(વ સં. ૩૨૩ થી ૩૩૧)

૧૮ પહેલા શિલાદિત્યનો પૌત્ર બીજો શિલાદિત્ય તેનો ત્રીજો ભાઈ ત્રીજો **ધ્રુવસેન**—(વ. સં. ૩૩૧ થી ૩૩૫)

૧૯. બીજા શિલાદિત્યનો બીજો ભાઈ ત્રીજો **ખરગ્રહ** (વ સં. ૩૩૫ થી ૩૪૦)

૨૦. બીજા શિલાદિત્યનો પુત્ર ત્રીજો શિલાદિત્ય—(વ. સં. ૩૪૦ થી ૩૭૦)

૨૧. ચોથો શિલાદિત્ય—(વ. સં. ૩૭૦ થી ૩૯૦)

૨૨. પાંચમો શિલાદિત્ય—(વ. સં. ૩૯૦ થી ૪૨૦)

૨૩. છઠ્ઠો શિલાદિત્ય—(વ. સં. ૪૨૦ થી ૪૪૫ સુધી)

૨૪. સાતમો શિલાદિત્ય—(વ. સં. ૪૪૫ થી ૪૫૦) તેની હકુમત સોરઠ, વડનગર, ખેડા, વડોદરા અને ગોધરાના પ્રદેશ પર હતી.

આ રાજાઓ પૈકીના ઘણા રાજાઓ જૈન અને બૌદ્ધધર્મી રાજાઓ હતા, જો કે તેમને પરમભટ્ટારક કે પરમમાહેશ્વર વગેરે વિશેષણો લખાયાં છે, પણ તે માત્ર રિવાજરૂપે જ લખાયાં છે. બાકી તેઓ જૈન અને બૌદ્ધધર્મી હતા જે તેઓના "દુડ્ડાવિહાર" વગેરેથી પુરવાર થાય છે.* વલભીવંશનાં તામ્રપત્રો પુષ્કળ મળે

* વલભીવંશના તામ્રપત્રોમાં જુદા જુદા વિહારો અને તેની સાથે જોડાયેલાં સ્થાનો દર્શાવ્યાં છે, તે પૈકીનાં કેટલાંએક નીચે મુજબ છે. (કોઈ કોઈ નામાંતર સ્થાનો પણ મળે છે.)

દુડ્ડાવિહાર (દુદ્દાધાર અથવા મૂળધરાઈ પાસે મોટી ધરાઈનો ટીંબો, અહીં ૩ માળની રાણી વાવ છે) લે. નં. ૨૭, ૨૮, ૩૪, ૭૭, ૮૪, ૮૭. પિપ્પલ રુંખરી (કાનપર પાસે પીપળી, દડવા પાસે પીપળી ગામ છે તે જુદું છે) લે. નં. ૨૭, ૩૪, અનુપુંજય આનુમંછી (અસંપર) લે. નં. ૨૭, ૩૪. વટપ્રજયક—વટસ્થલી—વટપદ્ર (વડોદ) લે. નં. ૨૮, ૩૬, ૫૬, શમીપદ્ર (હળિયાદ) મંડલિદ્રંગ, દેટકહાર, નદીયં (કાળું તળાવ) ચોસ્સરી લે. નં. ૩૪. બહુમૂલા નં. ૩૫, ૬૫, હસ્તબપ્રાહરણી (ઘોઘા પાસેનું હાથબ) લે. નં. ૪૨ કક્કિજ (કાનપર) કુમ્ભાર પ્રતિ ઇંદ્રાણીપદ્રક (ઇંટાળીયું) વાપી (નવાણિયુંની વાવ) લે. નં. ૫૨, વટપદ્ર (વડોદ) ભદ્રાણક, પુષ્મિલક, બ્મિલક દીન્નાનાક (વડોદની ઉત્તરે ૫ ગાઉ દાંત્રેટિયું, અહીં જૂનો ટીંબો છે. જૂની વાવનું નિશાન છે, બંદર હશે), યમલવાપી (દાંત્રેટીયાની વાવ, અથવા ઉજળ



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

છે. ત્રીજા શિલાદિત્ય પછીનાં વલભી રાજાઓનાં દરેક તામ્રપત્રોમાં ત્રીજાથી સાતમા સુધીના દરેકે દરેક શિલાદિત્યને **બપ્પપાદાનુધ્યાત** વિશેષણ આપ્યું છે, જે બાપા રાઉલ પ્રત્યે ભક્તિ બતાવનાર હોય એમ લાગે છે.

૨. **ગુહિલવંશ**—'ટોડ રાજસ્થાન'માં ઉલ્લેખ છે કે, વલભી ભાંગ્યું એટલે શિલાદિત્યનો પુત્ર ગુહિલ ઈડર જઈ પહોંચ્યો અને તેણે ત્યાં પોતાનું રાજ્ય સ્થાપ્યું. તેના પછી અનુક્રમે ભોજ, મહેન્દ્ર, નાગાદિત્ય, શીલ, અપરાજિત, મહેંદ્ર અને બાપ્પા રાઉલ થયા છે. આ વંશનાં ગિહલોત, ગેલોટ, ગુહિલ, ગોહિલ વગેરે નામો તથા ભેદો છે. ઈડરના ભીલોએ નાગાદિત્ય કે મહેંદ્રને મારી નાખી તેના કુટુંબને નસાડી મૂકયું. બાપ્પા રાઉલે ચિત્તોડનું રાજ્ય કબજે કરી ત્યાં પોતાની ગાદી સ્થાપી. તેની પરંપરામાં શીસોદિઆ થયા છે.

ગુહિલનાં ગુહિલ, ગુહસેન, ગુહદત્ત, ગ્રહાદિત્ય વગેરે અનેક નામો છે.

આ વંશના રાજાઓમાં સ્પષ્ટરૂપે તો માત્ર ગુહસેન અને બાપ્પાનાં નામો મળે છે, કિન્તુ તેના સમય માટે કંઈ વ્યવસ્થિત ઉલ્લેખ મળતો નથી. જે ઉલ્લેખો મળે છે, તેના આધારે એટલું જ કહી શકાય કે—ગુહસેન અને બાપ્પા ગુપ્ત સં. ૬૦ થી ૨૦૦ માં થયા છે.

JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્

૩. **શીસોદિઆવંશ**—તેઓ શીસોદા કે એવા ગામથી ચિતોડની ગાદીએ આવ્યા માટે શીસોદિઆ કહેવાયા, એવી વિદ્વા-

---

વાવ ), વટપદ્રની દક્ષિણે આદિત્યદેવપાદીયવાપી ( દડવાની રત્નદેવીની વાવ–રાંદલ વાવ, જે દુદાવિહારના તાબામાં જતાં દદ્દવાપી તરીકે પણ ઓળખાતી હશે. ) લે. નં. ૫૬. દડવાની વાવમાં પહેલાં સૂર્યની સ્થાપના હશે પછી સૂર્યની પત્ની રત્નદેવી યાને રાંદલની સ્થાપના થઈ હશે, જે સ્થાન આજે રાંદલની વાવ તરીકે ઓળખાય છે.

ત્યાં પહેલાં આસપાસમાં નાની કોમોનાં ઝુપડાં હશે, ગામ ન હતું. વહીવંચાના ઇતિહાસથી સમજી શકાય છે કે રાણપુરનો રાજવંશ મુસલમાન બન્યો ત્યારે ત્યાંનો નગરશેઠ કુટુંબ સાથે અહીં આવી વસ્યો, તેણે દડવાને જમાવ્યું. તેના વંશજો આજે અહીં શેઠ ( રાણપુરા શેઠ ) તરીકે પ્રસિદ્ધ છે. પછી ચભાડિયા ગામથી વ્યાપારીઓ આવ્યા જે ચભાડિયા કહેવાય છે. એમ રજપૂત, કણબી અને વસવાયા પણ આવી વસ્યા છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

નોની ધારણા છે. એના શબ્દાર્થનો વિચાર કરીએ તો શીસોદિઆનું સંસ્કૃતરૂપ **શિર્ષોદિતાઃ-શિર્ષોદ્યાઃ** થાય. જેમ બ્રાહ્મણો બ્રહ્માજીના મુખમાંથી નીકળ્યા મનાય છે, તેમ શીસોદિઆ પણ બ્રહ્માજીના મસ્તિષ્ક-માંથી નીકળ્યા છે એમ તેના શબ્દાર્થ ઉપરથી તારવી શકાય છે. ઐતિહાસિક ઉલ્લેખો મળે છે કે—વલભીવંશનો રાજા શિલાદિત્ય બ્રાહ્મણ સંતાન છે. તેની પરંપરામાં ભટ્ટાર્ક ગુહિલ અને બાપા રાઉલ વગેરે થયા છે અને શીસોદિઆ બાપ્પા રાઉલના વંશજો છે એટલે કે તે બ્રાહ્મણ જ્ઞાતિમાંથી ઊતરી આવેલ રાજવંશ છે. અને તેથી જ શીસોદિઆ એ તેઓનું સાર્થક નામ છે. શીસોદિઆ તે સાંડેરક-ગચ્છના ઉપાસક હતા અને રાણા જૈત્રસિંહ પછી તપગચ્છના ઉપા-સક બન્યા છે. અમદાવાદના નગરશેઠનું કુટુંબ તે **શીસોદિઆ ઓસવાળ** છે, જે આજે પણ તપાગચ્છાધિરાજ પૂ. **શ્રીમૂલચંદ્રજી ગણી** મહારાજના આજ્ઞાવર્તી શ્રમણોનું ઉપાસક છે.

આ વંશનો આદિ પુરુષ બાપ્પા રાઉલ છે. તે મૂળે શિલાદિત્યથી ઊતરી આવેલ ગોહિલવંશનો રાજકુમાર હતો. તે ચિતોડના મૌર્ય રાજાને મારી મેવાડનો રાજા બન્યો હતો. તેનું આયુષ્ય લગભગ ૧૦૦ વર્ષનું મનાય છે, તેને ઘણી રાણીઓ હતી અને ૧૩૦ પુત્રો થયા હતા, તેના સત્તાસમય માટે સં. ૧૯૧, સં. ૭૮૪, સં. ૮૧૦, અને સં. ૯૦૧ એમ જુદા જુદા અનેક આંકડાઓ મળે છે. વલભીસંવત, વિક્રમસંવત અને મૌર્યસંવતના હિસાબે તે આંકડા-ઓ બરાબર હશે, એમ મનાય છે. બાપ્પાએ મૌર્ય રાજાને મારી ગાદી લીધી એટલે ત્યાં **મૌર્યસંવત** ચાલે એ સ્વાભાવિક છે અને બાપ્પા પોતે વલભીવંશનો છે એટલે **વલભીસંવત** ચાલે એ પણ સ્વાભાવિક છે.

ટોડ જેમ્સ સાહેબ ગુ. સં. ૧૯૧ માં બાપ્પાને માને છે, મેવાડની શીસોદિઆની વંશાવલીઓમાં તો બાપ્પા રાઉલને ગુહિલના પિતા તરીકે વર્ણવ્યો છે. વલભીવંશના રાજાઓ ગુપ્ત સં. ૩૭૦ થી ૪૭૦ સુધીનાં તામ્રપત્રોમાં બાપ્પાને પૂજ્ય તરીકે અથવા ગોત્રજ તરીકે યાદ કરે છે. ગૌ. હી. ઓઝા શીસોદિઆની વંશાવલીમાં

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

બાપ્પાનું સ્પષ્ટ નામ આપતા નથી, માત્ર કાલભોજને બાપ્પા તરીકે કલ્પે છે. એટલે ગુહિલ પહેલાં બાપ્પા રાઉલ આવે. બાપ્પા રાઉલ, ભર્તૃભટ્ટ અને અલ્લટ દીર્ઘજીવી રાજાઓ છે. એટલે તે ૯ રાજાઓમાં લગભગ ૪૦૦ વર્ષનો કાળ જાય એ બનવાજોગ છે. આ દરેક ઘટનાઓનો પરસ્પર સમન્વય કરીએ તો બાપ્પા રાઉલ ગુ. સં. ૧૯૧, વિ. સં. ૫૬૬, મૌર્ય સં. ૮૨૧ (૮૨૧+૬૦=૮૮૧) ની આસપાસમાં થયા છે, એમ માનવું એ સુસંગત બીના છે.*

બાપ્પા રાઉલના વંશજો. આહડિયા, રાઉલ, રાણા, અને શીસોદિઆ વગેરે નામોથી વિખ્યાત છે. તેની **વંશાવલી** આ પ્રમાણે છેઃ

૧. મિત્ર અને સુભગાદેવી, ૨. મહારાજા શિલાદિત્ય, મૃત્યુ ગુ૦ સં૦ ૬૦, ૩. ગુહિલ, ૪. ભોજ, ૫. મહેંદ્ર ૬. નાગા-

---

* ડૉ. ડી. આર. ભાંડારકર તથા શ્રીયુત ગૌ. હી. ઓઝા કાળભોજને જ બાપ્પા રાવળ માને છે.

સી. વી. વૈદ્ય 'મધ્યકાલીન હિંદના ઇતિહાસ'માં કાળભોજને નહીં કિન્તુ ગુહદત્તને જ બાપ્પા રાવળ માને છે.

શ્રીયુત અશોકહર્ષ સં. ૧૦૩૪ના આતપરા શિલાલેખનો આધાર આપી ગુહાદિત્ય અથવા બાપ્પા રાવળ, ગુહિલ, ભોજ, મહેંદ્ર નાગ, શીલ, અપરાજિત, મહેંદ્ર અને કાલભોજ એ વંશાવલી આપે છે. આ રીતે ગુહિલનો પિતા ગુહાદિત્ય કે જેને આપણે આદ્ય શિલાદિત્ય કહીએ છીએ તે જ **બાપા રાવળ** છે અને તેનો સમય ગુપ્ત સં. ૧ માં આવે છે.

'એકલિંગ માહાત્મ્ય'માં બાપ્પા રાવળને નાગર**બ્રાહ્મણ** તરીકે ઓળખાવેલ છે. ડૉ. ડી. આર. ભાંડારકર विप्रकुलानन्दनम् પાઠ આપે છે. સી. વી. વૈદ્ય તેના બ્રાહ્મણ હોવાની શંકા કરે છે. ( તા. ૧૮-૨-૧૯૫૧. 'પ્રજાબન્ધુ' )

શાસ્ત્રી દુર્ગાશંકર કે લખે છે કે—કાળભોજ એ જ બાપ્પા છે ભાંડારકર મેવાડના રાજવંશને નાગર કહે છે તે સં. ૧૦૩૪ના આણંદપુરના શિલાલેખના આધારે કહે છે. બાપ્પા રાવળનાં વપ્પ, વોપ્પ, વપ્પક, બપ્પ, બપ્પક, બપ્પાક, બાપ્પ, બાપા, અને બાપ એમ ઘણાં નામો છે. કુંભારાણાના સમયે 'એકલિંગ માહાત્મ્ય' બન્યું છે તેમાં બાપાનો સં. ૮૧૦ આપ્યો છે

( સં. ધૂમકેતુ. તા. ૩-૩-૧૯૫૧ નું સંદેશ )

જૈનમ્ જયતિ શાસનમ્ JAINSITE.com

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

દિત્ય, ૭. શિલાદિત્ય, ૮. અપરાજિત, ૯. બીજો મહેંદ્ર, ૧૦. કાલભોજ **બાપ્પા** રાઉલ ગુ. સં. ૧૯૧, ૧૧. **ખુમાણુ** પહેલો, ૧૨. મત્તટ, ૧૩. **ભર્તૃભટ્ટ** પહેલો, ૧૪. સિંહ, ૧૫. ખુમાણુ બીજો, ૧૬. મહાયક, ૧૭. **ખુમાણુ** ત્રીજો ૧૮ ભર્તૃભટ્ટ બીજો, તેને રાઠોડ કન્યા મહાલક્ષ્મી રાણી હતી. ૧૯. **અલ્લટ.** વિ. સં. ૧૦૧૦ તેને હૂણુરાજાની પુત્રી હરિયાદેવી રાણી હતી, રાજાએ તેના નામથી હર્ષપુર વસાવ્યું હતું. અલ્લટ આઘાટમાં રહેતો હતો, તેથી તેના વંશજો 'આહડિયા' નામથી પણ ઓળખાય છે. ૨૦. નરવાહન, વિ. સં. ૧૦૨૮, ૨૧. શાલિવાહન, ૨૨. શક્તિકુમાર, વિ. સં ૧૦૩૪, ૨૩. અંબાપ્રસાદ, ૨૪. શુચિવર્મા, ૨૫. નરવર્મા, ૨૬. કીર્તિવર્મા, ૨૭. યોગરાજ, ૨૮. વૈરાટ, ૨૯. વંશપાલ, ૩૦. વૈરસિંહ, ૩૧. વીરસિંહ, વિ. સ ૧૧૬૪, ૩૨ અરિસિંહ, ૩૩ ચોડસિંહ, ૩૪ વિક્રમસિંહ, ૩૫ રાણો **રણુસિંહ**, તેનાથી રાઉલ અને રાણા એમ બે શાખાઓ ચાલી વિ. સં. ૧૨૧૧, ૩૬. ક્ષેમસિંહ, ૩૭. સામંતસિંહ, ૩૮ કુમારસિંહ, ૩૯. મથનસિંહ, ૪૦ પદ્મસિંહ, ૪૧. **જૈત્રસિંહ** વિ. સં. ૧૨૭૦ થી ૧૩૩૯, ૪૨. તેજસિંહ, ૪૩ સમરસિંહ મૃ. સં. ૧૩૫૬, ૪૪. ભુવનસિંહ, તેણે અલ્લાવદ્દીન બાદશાહને હરાવ્યો હતો. ૪૫. જયસિંહ, ૪૬ લક્ષ્મીસિંહ મૃ. સં ૧૩૬૦, ૪૭. અજયસિંહ, ૪૮. ભ્રાતા અરિસિંહ મૃત્યુ સં. ૧૩૬૦, ૪૯ **હમીર**સિંહ, ૫૦ ખેતસિંહ, ૫૧ લક્ષરાજ, ૫૨. **મોકલસિંહ** વિ. સં. ૧૪૮૫, ૫૩. રાણો કુંભાજી મૃ. સં. ૧૫૩૦, ૫૪. રાયમલ્લ મૃ. સં. ૧૫૭૫, ૫૫ સંગ્રામસિંહ, ૫૬ રત્નસિંહ, ૫૭. વિક્રમજીત, ૫૮ **ઉદય**સિંહ, તેણે ઉદયપુર વસાવ્યું, ૫૯ **રાણોપ્રતાપ**, ૬૦. અમરસિંહ મૃ. સં. ૧૬૭૭, ૬૧ રાણો કર્ણસિંહ.

( રાણકપુરનો 'ત્રૈલોકયદીપાકપ્રસાદ'નો શિલાલેખ, તથા બાંકીપુરના ખડગવિલાસ પ્રેસનું હિન્દી 'ટોડ રાજસ્થાન'માં પં. ગૌ. હી. ઓઝાની ટિપ્પણી ).

આ રાજાઓમાં ઘણાં જૈનધર્મપ્રેમી રાજાઓ થયા છે, જે પ્રસંગે બતાવવામાં આવશે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**મથુરામાં અને વલ્લભીમાં ચોથી આગમવાચના:**

વીરનિર્વાણની નવમી સદીનું પહેલું ચરણ તે ભારતવર્ષમાં અશાંતિનો કાળ છે. તે સમયે સૌરાષ્ટ્રમાં બૌદ્ધાચાર્ય નંદે વિતંડાવાદ ચલાવ્યો હતો, એટલે જનતા ક્ષોભમાં પડી હતી, ઉત્તર ભારતમાં હૂણો અને ગુપ્તોનું ખૂનખાર યુદ્ધ ચાલ્યું હતું એટલે પ્રજાની હાડમારીનો પાર ન હતો, એક સાથે બાર વર્ષનો દુકાળ પડ્યો હતો એટલે સર્વત્ર અન્ન-પાણીના સાંસા હતા, ભૂખમરો અને રોગચાળો વધી પડ્યા હતા, આ ભયંકર કાળમાં પાદવિહારી નિર્ગ્રન્થ જૈન મુનિઓની શી દશા થાય? તે સહેજે સમજી શકાય તેમ છે. જૈન શ્રમણોનો વિહાર રોકાઈ ગયો, પઠન-પાઠન બંધ થઈ ગયું અને જિનાગમનો ઉચ્છેદ થવાની ઘડી આવી પહોંચી હતી. અંતે સૌરાષ્ટ્રમાં જૈનાચાર્ય મલ્લવાદી જીત્યા, ઉત્તર ભારતમાં ગુપ્તો અને બાર દુકાળી ઊતરી ગઈ એટલે સર્વ થાળે પડવા લાગ્યું. આ સમયે આ૦ સ્કંદિલસૂરિ તથા આ૦ નાગાર્જુનસૂરિએ મથુરામાં તથા વલભીમાં મોટું "મુનિ સમ્મેલન" મેળવી ચોથી આગમવાચના કરી, જિનાગમોને ગ્રંથ રૂપે લખ્યા.

આ વાચના ઐતિહાસિક છે. કેમકે અત્યાર સુધી જિનાગમો માત્ર કંઠસ્થ જ રહેતાં હતાં, લખાતાં ન હતાં અને જો વધુ વખત આમ જ ચાલે તો જિનાગમોનો વિચ્છેદ થાય, તેવી જ પરિસ્થિતિ હતી. ઉક્ત આચાર્યોએ ભાવિ શ્રમણોની શક્તિનું માપ લઇ જિનાગમો ચિરકાળ ટકી રહે એવો ઉપાય યોજ્યો હતો; જેમાં તેઓને ઘણી સફળતા મળી હતી. એટલે આ વાચના બહુ જ મહત્ત્વની લેખાય છે. આ૦ સ્કંદિલ અને આ૦ નાગાર્જુન એ વાચક વંશના પ્રસિદ્ધ વાચનાચાર્યો છે. (જુઓ પૃ. ૧૮૬, ૧૮૭)

આ૦ સ્કંદિલસૂરિએ મથુરામાં ઉત્તરાપથના જૈન શ્રમણોને એકઠા કરી વીર સં૦ ૮૩૦ થી ૮૪૦ સુધીમાં ચોથી આગમવાચના કરી હતી અને સર્વાનુમતે તૈયાર થયેલ પાઠને પુસ્તકરૂપે લખ્યો હતો. આ કાર્યમાં આર્ય **જંબૂ** અને આ૦ **હિમવંત**નો પૂરો સહયોગ હતો. આ વાચના મથુરામાં જે સ્થાને થઈ તે સ્થાન

JAINSITE.com
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આજે ચોરાશી મંદિર તરીકે પ્રસિદ્ધ છે. તેમાં આજે ઉ૦ વિવેકહર્ષ ગણી પ્રતિષ્ઠિત આ૦ જંબૂસ્વામીની પાદુકા વિરાજમાન છે.

આ૦ નાગાર્જુનસૂરિએ વલભીમાં દક્ષિણાપથના જૈન શ્રમણોને મેળવી વીર સં. ૮૩૦ થી ૮૪૦ સુધીમાં ચોથી આગમવાચના કરી હતી અને સર્વસમ્મત આગમપાઠને પુસ્તકરૂપે લખ્યો હતો. આ કાર્યમાં આ૦ ગોવિંદ અને આ૦ મલ્લવાદી વગેરેનો પૂરો સહકાર હતો.

આ બન્ને વાચનાના આગમપાઠોને પરસ્પર મેળવી તેમાંથી એક ચોક્કસ પાઠ કરવાનું બાકી હતું પણ તેવો યોગ મળ્યો નહીં એટલે એ કાર્ય અધૂરું રહ્યું. તેઓએ પોતપોતાનો આગમ-પાઠ પોતપોતાના શિષ્યોને આપ્યો અને એ રીતે આ૦ સ્કંદિલની વાચના અને આ૦ નાગાર્જુનની વાચના એમ બે પાઠો કાયમ રહ્યા.

આ વાચના આ૦ સિંહસૂરિનો સ્વર્ગવાસ તથા બૌદ્ધાચાર્ય નંદના પરાજય પછી અને વલભીભંગની પહેલાં થઈ છે. આથી અમે અહીં વીર સં. ૮૩૦ થી ૮૪૦ની સાલવારી આપી છે; તે બરાબર છે. વળી તે સમયે ઉત્તર ભારતમાં ગુપ્ત રાજા હતો અને વલભીમાં આદ્ય શિલાદિત્ય રાજા હતો, તે રાજાઓ વિદ્યાવ્યાસંગી અને ધર્મપ્રેમી હતા. એટલે તેઓના રાજ્યકાળમાં આવી વિદ્યા-પ્રવૃત્તિઓ થાય એ બહુ જ સંભવિત વસ્તુ છે.

આ૦ જિનદાસમહત્તર આ વાચનાને 'માથુરીવાચના' તરીકે ઓળખાવે છે. ( નંદીચૂર્ણિ ) ક૦ સ૦ આ૦ હેમચંદ્રસૂરિ લખે છે કે—

**जिनवचनं च दुष्षमकालवशादुच्छिन्नमिति मत्वा भगवद्भि-र्नागार्जुन-स्कंदिलाचार्यप्रभृतिभिः पुस्तकेषु न्यस्तम् ॥**

( યોગશાસ્ત્ર પ્ર૦ ૩, શ્લોક ૧૨૦ ની ટીકા )

આ૦ મલયગિરિજી તથા મહોપાધ્યાય વિનયવિજયજી જણાવે છે કે—આ૦ સ્કંદિલે 'માથુરીવાચના' કરી અને આ૦ દેવર્ધિગણી ક્ષમાશ્રમણે 'વલભીવાચના' કરી. આ ચોથી વાચના અને પાંચમી વાચનાને અનુલક્ષીને લખ્યું હોય એમ સંભવે છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આ સિવાય પં૦ વિજયવિમલની 'ગચ્છાચાર ટીકા' અને 'હિમવંત થેરાવલી' માં પણ આ વાચનાનો ઉલ્લેખ મળે છે.

'હિમવંત–થેરાવલી'ના અંતે સંસ્કૃત પાઠ છે કે—

"આ૦ સ્કંદિલ, જે ઉત્તર મથુરાના વતની જૈનધર્મી બ્રાહ્મણ મેઘરથ અને રૂપસેનાના સોમરથ નામે પુત્ર હતા. તેમણે બ્રહ્મદ્વિપી. શાખાના આ૦ સિંહના ઉપદેશથી વૈરાગ્ય પામી દીક્ષા લીધી અને અનુક્રમે આચાર્યપદ પ્રાપ્ત કર્યું. એકવાર બાર વર્ષનો દુકાળ પડતાં ઘણા જૈન શ્રમણોએ વૈભારગિરિ ઉપર અને કુમારગિરિ ઉપર જઈ અનશન કર્યું. આથી જિનપ્રવચનના આધારભૂત એકાદશાંગીનો વિચ્છેદ થયાનો પ્રસંગ ઊભો થયો. એટલે આ૦ સ્કંદિલસૂરિએ વિ. સં. ૧૫૩ માં ઉત્તર મથુરામાં શ્રમણસંઘ મેળવી પોતાના ગુરુભાઈ આ૦ મધુમિત્ર, તેના શિષ્ય આ૦ ગંધ-હસ્તિ વગેરે ૧૨૫ સ્થવિરોના સહકારથી એકાદશાંગીને વ્યવસ્થિત કરી. આ જ સમયે આ૦ ગંધહસ્તિએ અંગો પર નિર્યુક્તિને અનુસરતાં વિવરણો બનાવ્યાં, અને પોતે રચેલ 'તત્ત્વાર્થસૂત્ર' ઉપર ૮૦૦૦૦ શ્લોકનું મહાભાષ્ય રચ્યું. તેમને ત્રણ પૂર્વનું જ્ઞાન હતું. આ વાચના "માથુરીવાચના" તરીકે ઓળખાય છે. મથુરાના ઓસવાળ શ્રાવક **પોલાકે** આ અંગો, વિવરણો અને ગંધહસ્તિ મહાભાષ્ય તાડપત્ર ઉપર લખાવી મુનિઓને વાંચવા માટે આપ્યાં, આ૦ સ્કંદિલસૂરિ વિ૦ સં૦ ૨૦૦ માં **મથુરામાં જ** અનશન કરી સ્વર્ગે ગયા."

આ લખાણ ઉપરથી આ૦ સ્કંદિલસૂરિની જીવની ઉપર સારો પ્રકાશ પડે છે. તેમણે આગમવાચના કરી, એ તો ઐતિહાસિક સત્ય છે પરંતુ આમાં આપેલા સંવતો વિક્રમના છે? ગુપ્તના છે? કે અન્યના છે? તે સમજાતું નથી. બ્રહ્મદ્વિપીશાખાના આ૦ સિંહને તેમના દીક્ષાગુરુ બતાવ્યા છે, કિન્તુ 'કલ્પસૂત્ર'ની સ્થવિરાવલીમાં ૩૩. આ૦ સિંહસૂરિ, ૩૪. શ્રાવકગોત્રીય આ૦ ધર્મસૂરિ અને ૩૫. આ૦ સંડિલ્લસૂરિ; એમ પરંપરા છે. એટલે તેઓ તે આ૦ સિંહના **વિદ્યાશિષ્ય** હોય, એ બનવાજોગ છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આ૦ મધુમિત્ર, આ૦ ગંધહસ્તિ અને ગંધહસ્તિ ભાષ્યનો ઇતિહાસ આજે અંધારામાં છે. આ૦ શીલાંકે 'આચારાંગસૂત્ર'ની ટીકામાં શસ્ત્રપરિજ્ઞા ઉપર ગંધહસ્તિ વિવરણ હોવાનો ઉલ્લેખ કર્યો છે પરંતુ તે સંબંધે પણ વિશદ ઉલ્લેખ મળતો નથી. આ૦ સ્કંદિલનો સમય યુગપ્રધાનના યંત્રો પ્રમાણે વીરની નવમી સદીનો પૂર્વ ભાગ નક્કી જ છે. એટલે આ લખાણની કેટલીક વાતો ગંભીર ચિંતવન માગી લે છે.

આ દરેક ઉલ્લેખોનું તારણ એ જ નીકળે છે કે વીરનિર્વાણ સં. ૮૩૦ થી ૮૪૦ સુધીમાં આ૦ સ્કંદિલ અને આ૦ નાગાર્જુને ચોથી આગમવાચના કરી, અંગો વગેરેને પુસ્તકારૂઢ કર્યાં હતાં.

**વલ્લભીભંગ :**

વલભીભંગના ઉલ્લેખો જુદા જુદા ગ્રંથોમાં નીચે પ્રમાણે મળે છે:

૧. **अट्ठहिपणयाल वलहीखमो** ગાથા, પ્રભાવકચરિત્રના વિજયસિંહસૂરિ પ્રબંધના શ્લોકો ૮૧-૮૨, અને તપગચ્છ પટ્ટાવલી વગેરેમાં લખ્યું છે કે વીર સં. ૮૪૫માં વલભીનો ભંગ થયો.

जैन साईट JAINSITE.com जैनम् जयति शासनम्

૨. પ્રબંધચિંતામણિ પ્રકાશ પાંચમો, પુરાતનપ્રબંધસંગ્રહ, દુસ્સમકાલશ્રમણસંઘથયં અવચૂરિ, ગાથાસહસ્ત્રી વગેરેમાં એકેક ગાથા છે કે વિક્રમ સં. ૩૭૫માં વલભીભંગ થયો છે.

૩. ચતુર્વિંશતિપ્રબંધ યાને પ્રબંધકોશના મલ્લવાદિપ્રબંધના શ્લોક ૬૬માં લખ્યું છે કે વિ. સં. ૩૭૫માં વલભીભંગ થયો.

૪. તીર્થકલ્પના સત્યપુર તીર્થકલ્પમાં પાઠ છે કે વિ. સં. ૮૪૫માં ગજનીપતિ હમીરના સૈન્યે વલભી ભાંગી, શિલાદિત્યને માર્યો.

વલભીભંગ માટે ઉપર લખ્યા પ્રમાણે ૪ સાલવારીઓ મળે છે.

જો કે સામાન્ય ઇતિહાસપ્રેમી તો આ ઉલ્લેખોને વાંચી, ભ્રમમાં પડે તેમ છે. કારણ કે વિ. સં. ૩૭૫ તે વલભીભંગનું નહીં કિન્તુ વલભીરાજ્યનું પ્રારંભ વર્ષ છે. વળી મૈત્રકવંશના દરેક શિલાદિત્યો વિ. સં. ૫૭૩ પછી જ થયા છે. આ સ્થિતિમાં



www.jainsite.com	For Private & Personal Use Only	info@jainsite.com

ઉપરના ઉલ્લેખો માટે શંકા પડે એ સ્વાભાવિક છે એટલે તે તે સાલવારીઓને પ્રમાણપૂર્વક નક્કી કરવી જોઈએ.

એ ચોક્કસ વાત છે કે આબુગિરિની તળેટીમાં રહેલ **ચંદ્રાવતી** ઉત્તર તરફથી આવતા દરેકે દરેક હુમલાઓનું બલિદાન બની છે, એટલે તે ઘણીવાર વસી છે અને ઘણીવાર ભગ્નાવશેષ બની છે. વલભી માટે પણ એવું જ છે. વલભી અનેકવાર સૌરાષ્ટ્રની રાજધાની બની છે, સમુદ્રમાર્ગે પણ ધીકતું બંદર બની છે. એટલે શત્રુઓ સૌરાષ્ટ્ર પર ચડી આવે ત્યારે વિશેષત: વલભીનો જ નાશ કરતા હતા. આવી રીતે વલભીએ અનેક જન્મ–મરણ કર્યાં છે. ઉપરની જુદી જુદી સાલવારીના આંકડાઓ પણ એ વાતને ટેકો આપે છે. એટલે આપણે ઇતિહાસના આધારે તેનો જ વિચાર કરીએ.

૧. પહેલા ઉલ્લેખ પ્રમાણે વીરસંવત ૮૪૫માં વલભીભંગ થયો. એટલે એક વર્ષગણિત પ્રમાણે વિ. સં. ૪૩૫માં અને બીજા વર્ષગણિત પ્રમાણે વિ. સં. ૩૭૫માં વલભીભંગ થયો, એમ નક્કી થાય છે. આ સૌથી પહેલા વલભીભંગની સાલવારી છે. જૈન ઇતિહાસમાં ક્ષત્રપકાલીન એક શિલાદિત્ય રાજાના અને વી. સં. ૮૪૫માં વલભીભંગ થયાનાં સૂચનો સ્થાને સ્થાને છે. જૈન લેખકો આ ઘટનાને ખાસ ઉલ્લેખે છે. એટલે એ ઘટના કલ્પનારૂપ નહિ કિન્તુ ખૂબ મહત્ત્વવાળી ઐતિહાસિક છે, એ નિર્વિવાદ વાત છે અને ઇતિહાસની અમુક મોઘમ વાતો તેની પૂરક બને છે, એટલે આપણે હવે ઇતિહાસનાં પાનાં પણ ઊકેલીએ.

પ્રાચીન કાળમાં દક્ષિણ કાઠિયાવાડનું નામ સૌરાષ્ટ્ર, ઉત્તર કાઠિયાવાડ તથા ઉત્તર ગુજરાતનું નામ આનર્ત અને દક્ષિણ ગુજરાતનું નામ અપરાંત મળે છે. તે સમયે વલભીનો પ્રદેશ સૌરાષ્ટ્રમાં જ સામેલ મનાતો હતો, જે પ્રદેશનું બીજું નામ વળાક (વાળાક) પણ મળે છે.

ઇતિહાસ બોલે છે કે પ્રાચીનકાળમાં યાદવોએ, વિક્રમ પહેલાં

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

મૌર્યો, શુંગો, બેકિટ્રયાના યવનો તથા ઈરાની શાહિઓએ, વિક્રમ પછી ગર્દભિલ્લોએ, વિ. સં. ૧૩૫ થી ૪૪૫ સુધી ક્ષત્રપોએ તથા ત્રિકુટોએ, સં. ૪૪૫ થી ૫૯૦ સુધી ગુપ્તોએ, સં. ૫૫૫ થી ૮૨૫ સુધી વલભીવંશી મૈત્રકોએ અને ત્યાર પછી પ્રતિહાર તથા ચાવડા વગેરેએ ગુજરાત–સૌરાષ્ટ્ર પર શાસન કર્યું છે.

ક્ષત્રપોનો સળંગ ઇતિહાસ મળતો નથી, તેઓની રાજધાની સંભવતઃ પહેલાં ઘૂમલીમાં અને પછી ઉજ્જૈનમાં હશે. તેઓ સૂબો નીમી કાઠિયાવાડ પર હકુમત કરતા હતા, એમ ગિરનારની ખડકનો લેખ જણાવે છે.

ક્ષત્રપોના સિક્કાઓ પરના આંકડાઓ તથા ખિતાબોના આધારે તેઓની સાલવારી તથા રાજ્યતંત્ર નક્કી કરી શકાય છે. તે આ પ્રમાણે:—

ચષ્ટનવંશી **ક્ષત્રપો** શક સં. ૧૯૮ સુધી બહુ બળવાન હતા, કેમકે રુદ્રસેન બીજા સુધીના દરેક ક્ષત્રપ રાજાઓ પોતાને “ મહા-ક્ષત્રપ ” તરીકે ઓળખાવે છે. તેઓ શાકે ૧૯૮ થી ૨૪૦ સુધી નબળા પડ્યા અને બીજાના ખંડિયા પણ બન્યા હતા, કેમકે તે દરમ્યાન થયેલ વિશ્વસિંહ, તેનો ભત્રીજો બીજો વિશ્વસિંહ, તેનો કાકાઈ, ભાઈ બીજો રુદ્રસિંહ અને તેનો પુત્ર યશદામા પોતાને માત્ર “ ક્ષત્રપ ” તરીકે સંબોધે છે. શાકે ૨૪૩ થી ૩૧૦ માં થયેલ ક્ષત્રપો પુનઃ બળવાન બન્યા છે, કેમકે સ્વામી રુદ્રદામાનો પુત્ર ત્રીજો રુદ્રસેન અને સ્વામી સત્યસેનનો પુત્ર ચોથો રુદ્રસેન પોતાને ‘મહાક્ષત્રપ’ તરીકે જાહેર કરે છે. જો કે આ છેલ્લા રાજાઓ ક્ષત્રપ હતા પણ તેઓ ચષ્ટનવંશના સીધા વારસદાર ન હતા. તેમના રાજ્યની સરહદ નાની બની ગઈ હતી, આથી અનુમાન થાય છે કે તે પહેલાં ક્ષત્રપરાજ્યના વિભાગો થઈ ગયા હશે અથવા **બીજા-ઓએ તેઓના પ્રદેશો દબાવ્યા હશે** પણ તેઓ સ્વતંત્ર હતા એટલે ‘ મહાક્ષત્રપ ’ લખાતા હતા. ચોથા રુદ્રસેનનો ભાણેજ સિંહસેન અને સ્કંદ શાકે ૩૧૦ પછી સૌરાષ્ટ્રના રાજા થયા છે પણ તેઓ ગુપ્તસમ્રાટ સમુદ્રગુપ્ત અને બીજા ચંદ્રગુપ્તના ખંડિયા બની ગયા હતા.

www.jainsite.com  For Private & Personal Use Only  info@jainsite.com

**ત્રિકુટક** રાજાઓની રાજધાની જુન્નેર પાસે ત્રિકુટ નગરમાં હતી. તેઓએ વિ. સં. ૩૦૫ની આસો શુદિ ૧ (તા. ૨૬–૮–૨૪૯) થી **ત્રૈકુટસંવત** ચલાવ્યો છે, જેનાં બીજાં નામો **કલચુરી**સંવત અને **ચેદી**સંવત પણ છે. ત્રિકુટકવંશના પહેલા રાજા **ઇશ્વરદત્તે** સૌરાષ્ટ્ર પર ચઢાઈ કરી, ત્યાં પોતાની સત્તા સ્થાપી હતી પરંતુ મહાક્ષત્રપ બીજા રુદ્રસેને તેને હાંકી કાઢયો હતો. વળી તેના વંશજોએ સમય જતાં ક્ષત્રપોની પડતીનો લાભ લઈ દક્ષિણ ગુજરાતનો ઘણો ભાગ દબાવી ત્યાં સુધી પોતાનું એકછત્ર રાજ્ય સ્થાપી દીધું હતું. ત્યાર પછી પણ તેઓના હલ્લા ચાલુ રહ્યા અને ક્ષત્રપો વધુ ને વધુ નબળા પડતા ગયા.

**ગુપ્તવંશ** વિક્રમની ચોથી સદીના છેલ્લા ભાગમાં મધ્ય હિંદમાં સત્તા પર આવ્યો. તેણે પણ વિ. સં. ૩૭૬ કા. સુ. ૧ થી **ગુપ્તસંવત** ચલાવ્યો છે, જેનું બીજું નામ **વલભીસંવત** પણ છે. કેમકે આદ્ય શિલાદિત્યે પણ તે જ સાલમાં વલભીનું રાજ્ય સ્થાપ્યું હતું.

સમ્રાટ સમુદ્રગુપ્ત પછી તેનો મોટો પુત્ર **રામગુપ્ત** ગાદીએ આવ્યો હતો પણ તે મ્લેચ્છોનો કેદી બન્યો, છૂટી આવ્યો અને રાજખટપટનો ભોગ બની મૃત્યુ પામ્યો. એટલે તેની પછી તેનો ભાઈ **ચંદ્રગુપ્ત** રાજા થયો અને તેણે રામગુપ્તની પત્ની ધ્રુવસ્વામીની સાથે લગ્ન કર્યું.

(નાટયદર્પણ, દેવીચંદ્રગુપ્ત, મુજમલુ તવારિખ, સને ૧૯૪૮ જુનનું વિશાલભારત)

મહારાજા ચંદ્રગુપ્તના અલાહાબાદના કીર્તિસ્તંભમાં વર્ણન છે કે—તેણે ગોરખપુર, કાશી, બંગાળ, બિહાર, રજપૂતાના, માળવા અને દક્ષિણની કાંચી સુધી પોતાની આણ વર્તાવી હતી વગેરે. આથી સ્પષ્ટ છે કે તેણે ગુજરાત સૌરાષ્ટ્રમાં પોતાની આણ વર્તાવી હતી, પરંતુ તેણે સૌરાષ્ટ્ર ઉપર બે વાર ચડાઇ કરી હોય એમ લાગે છે. પોતે કુમાર હતો ત્યારે તેણે પોતાના પિતાને રાજ્ય વધારવામાં ખૂબ મદદ કરી હતી. તેણે તે દરમ્યાન ગુપ્ત સં. ૬૦

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

લગભગમાં ભરૂચથી સમુદ્રરસ્તે સૌરાષ્ટ્રમાં આવી ત્યાં ગુપ્તરાજ્યની આણ વર્તાવી, પરંતુ આ આજ્ઞાપાલન થોડાં વર્ષો જ ચાલ્યું હોય એમ લાગે છે. કેમકે માલવાના યોધેયો અને સૌરાષ્ટ્રના ક્ષત્રપોએ ફરી પોતાનું માથું ઊંચું કર્યું હતું. એટલે જ રાજા ચંદ્રગુપ્તે મહારાજા થયા પછી ગુપ્ત સં. ૭૦ લગભગમાં માળવા ગુજરાત અને સૌરાષ્ટ્ર ઉપર ફરી ચડાઈ કરી ત્યાનાં રાજવંશોને હરાવી ત્યાં પોતાના સૂબા મૂક્યા હતા. આ રીતે તેણે બે વાર ચડાઈ કરી હોય એમ લાગે છે. ગુપ્તવંશ નબળો પડતાં ગુપ્ત સં. ૧૮૦ લગભગમાં સેનાપતિ ભટ્ટાર્કનો **મિત્રવંશ** સૌરાષ્ટ્રની રાજસત્તા પર આવેલ છે.

ગુજરાતના ચાલુ ઇતિહાસમાં ક્ષત્રપકાલીન પરિસ્થિતિ ઉપર પ્રમાણે વર્ણવી છે. હવે તેમાં વલભીના શિલાદિત્યનું સ્થાન ક્યાં છે તે તપાસીએ.

ક્ષત્રપ રાજા યશદામના સમયે ક્ષત્રપવંશ નબળો પડ્યો હતો, ત્રિકુટકોના હલ્લાઓ અવારનવાર ચાલુ જ હતા. આ તકનો લાભ લઈ આદ્ય શિલાદિત્યે વલભીમાં પોતાનો પગદંડો જમાવ્યો: તેનું પુણ્ય પાધરું હતું અને કુદરત અનુકૂળ હતી, એટલે વલભીનો રક્ષક રાજા કનકસેનનો વંશજ મરી ગયો અને તે વલભીનો રાજા બન્યો. તેણે પોતાની બેન ભરૂચના રાજાને આપી હતી, એટલે તેના તરફથી તેને પૂરી મદદ મળી હતી. આ રીતે તે નાની ઉંમરમાં સંભવત: વિ. સં. ૩૭૫ માં રાજા થયો હોય એમ લાગે છે. વલભીસંવતની શરૂઆત તે સાલથી જ લેખાય છે, તેનું કારણ આવી કોઈ ખાસ ઘટના જ હશે. શિલાદિત્યે પોતાનું રાજ્ય કુનેહથી ચલાવ્યું હતું. ગુપ્ત સં. ૬૦માં યુવરાજ **ચંદ્રગુપ્તે** સૌરાષ્ટ્રમાં આવી વલભી ભાંગ્યું અને શિલાદિત્યને મારી તેના પુત્રને ખંડિયો રાજા બનાવ્યો. આ ઘટના વીર સં. ૮૪૫, વિ. સં. ૪૩૫, ગુપ્ત સં. ૬૦, શાકે ૩૦૦માં બન્યાનું માની શકાય.

ક્ષત્રપ રુદ્રસેને ચંદ્રગુપ્તની આજ્ઞાને માન આપ્યું નહિ. આથી ચંદ્રગુપ્તે મહારાજા થયા પછી ફરી ચઢાઈ કરી. માળવા ગુજરાત

www.jainsite.com    For Private & Personal Use Only    info@jainsite.com

અને સૌરાષ્ટ્રને જીતી પોતાના રાજ્ય સાથે જોડી દીધાં. આ ઘટના વિ. સં. ૪૪૫ શાકે ૩૧૦ ગુપ્ત સં. ૭૦ પછી બની હશે એમ મનાય છે.

આ રીતે રાજા શિલાદિત્ય અને વલભીભંગની ઘટનાઓના ઇતિહાસ સાથે પૂરો મેળ મળી રહે છે. આદ્ય શિલાદિત્યનો પિતા રાજા ન હતો અને તેનો પુત્ર પણ રાજા બની શક્યો ન હતો. એટલે તેની ઘટના અગાધ ઇતિહાસમાં છુપાઈ રહે, એ સંભવિત છે. છતાંય તેનો વિશ્વનીય ઇતિહાસ ઉપર પ્રમાણે મળી રહે છે, તે ઇતિહાસપ્રેમી માટે ખુશી થવાની બીના છે.

એટલે વીર સં. ૮૪૫માં વલભીભંગ થયો, એ સાલવારી સાચી છે. સૌથી પહેલાં આ વલભીભંગ છે. આ ઐતિહાસિક વસ્તુ માત્ર જૈન ગ્રંથોમાં સુરક્ષિત જળવાઇ રહી છે અને તે ઇતિહાસમાં એક નવા પ્રકરણનો ઉમેરો કરે છે. હવે વલભીભંગની બીજી સાલ-સાલવારીઓનો વિચાર કરીએ.

जैन साईट JAINSITE .com

૨—બીજા ઉલ્લેખ પ્રમાણે વિ. સં. ૩૭૫માં વલભીભંગ થયો છે. વિ. સં. ૩૭૫ કે વિ. સં. ૪૩૫ આ સાલવારીઓનો વીર સં. ૮૪૫ માં સમાવેશ થઈ જાય છે. વીરસંવત અને વિક્રમ-સંવતની વચ્ચેના આંતરામાં જે ૬૦ વર્ષનો ફરક છે, તેને લીધે જ આ બે સાલવારીઓ ઊભી થાય છે. એટલે આ બીજો ઉલ્લેખ પણ ઉપરનો જ સૂચક છે.

૩—ત્રીજા ઉલ્લેખ પ્રમાણે **पंचषिंत्रिकवत्सरे** પાઠથી વિ. સં. ૩૭૫ માં વલભીભંગ સૂચવ્યો છે, જેનો વીર સં. ૮૪૫ વાળી ઘટનામાં સમાવેશ થઈ જાય છે. અહીં કોઈ વિદ્વાન વિ. સં. ૫૭૩ માં વલભીભંગ થયો, એવો અર્થ કરે છે, જે **अंकानां वामतो गतिः** એ ન્યાયે બરાબર નથી. છતાંય કલ્પના ખાતર અથવા 'ટોડ રાજસ્થાન'ના ઉલ્લેખ પ્રમાણે આ વર્ષાંકને સાચો માનીએ તો એટલું કલ્પી શકાય કે તે અરસામાં ગુપ્તવંશ અને વલભીવંશની રાજ્યક્રાંતિ થઈ હશે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૪—ચોથા ઉલ્લેખ પ્રમાણે વિક્રમ સં. ૮૪૫ માં વલભીભંગ થયો છે. આ ઘટના લોકપ્રસિદ્ધ છે. રંક વાણિયાની પુત્રીની કાંસકીના કારણે આ વલભીભંગ થયો છે. આ પ્રસંગે શ્રમણસંઘ ત્યાંથી નીકળી પ્રભાસપાટણ, ભિન્નમાલ, મોઢેરા, કાસદ્રહ (કાસંદ્રા) હારીજ વગેરે સ્થળે ચાલી ગયો હતો અને વલભીની જિનપ્રતિમાઓને પણ ત્યાં પોતાની સાથે લઈ ગયો હતો.

ચીની યાત્રી **યુએનત્વાંગ** વિ. સં. ૭૦૫ પહેલાં ભારતમાં આવ્યો હતો, ત્યારે સૌરાષ્ટ્રમાં **જૈન**, બૌદ્ધ અને શૈવોનાં હજારો મંદિરો હતાં અને વલભીમાં સેંકડો મંદિરો હતાં, એમ તે લખે છે. આ મંદિરો અને વલભીનો વિ. સં. ૮૪૫ માં નાશ થયો છે અને ત્યાર પછી વલભી પોતાની તે પૂર્વ જાહોજલાલીને ફરી મેળવી શકી નથી.

**અલબેરૂની** વિ. સં. ૧૦૮૮ માં લખે છે કે—સિંધના અરબી રાજા હશામ ઈબ્ન અમરૂઅલ તઘલબીએ પોતાના સેનાપતિ અમરૂબીન **જમાલને** દરિયાઈ રસ્તે મોકલી વિ. સં. ૮૧૪માં કાઠિયાવાડના નૈઋત્યખૂણે આવેલા બરડ ઉપર ચડાઈ કરી હતી, જેમાં તેની હાર થઈ હતી. પછી વિ. સં. ૮૩૨ માં રંક વાણિયાની શિખવણીથી બરડ ઉપર ફરી હલ્લો કર્યો હતો. અને વલભીને સર કર્યું હતું. જો કે તેને જય મળ્યો પણ અચાનક રોગચાળો ફાટી નીકળવાથી તેના સૈન્યનો નાશ થયો હતો. ત્યાર પછી તેણે ગંધાર ઉપર પણ ચઢાઈ કરી હતી.

જો કે અહીં બરડ શબ્દ ઘૂમલીનો પ્રદેશ સમજાય છે કિન્તુ વિદ્વાનો માને છે કે આ **બરડ** તે જ વલભી છે, જેનો વિ. સં. ૮૩૪ લગભગમાં આરબોને હાથે નાશ થયો છે.

ઇતિહાસમાં ઉલ્લેખ છે કે, ભિન્નમાલના પ્રતિહાર રાજા **નાગાવલોકે** પણ વિ. સં. ૮૧૩માં લાટના રાષ્ટ્રકુટ રાજા કર્કને માર્યો છે. આ સમયે પણ સૌરાષ્ટ્ર કાઠિયાવાડમાં રાજ્યક્રાંતિ થઈ છે. સૌરાષ્ટ્ર ચાવડાઓના હાથમાં આવ્યું તે પહેલાં ભિન્નમાલના પ્રતિહારોના હાથમાં હતું.

www.jainsite.com  For Private & Personal Use Only  info@jainsite.com

આ રીતે વિ. સં ૮૪૫ માં વલભીનો ભંગ એ ઐતિહાસિક બીના છે. આજે જૂના ટીલાઓ નજરે પડે છે અને તેની વચમાં ત્યાં આજે નવું **વલભી** વિદ્યમાન છે.

## ચૈત્યસ્થિતિ:

વીરસંવત્ ૮૮૨ માં ચૈત્ય સ્થિતિ થયેલ છે. એટલે જૈન મુનિઓએ વિ. સં ૪૭૨ માં વનવાસ બંધ કરી વસ્તીવાસનો સ્વીકાર કર્યો છે.

આપણે જાણીએ છીએ કે ચંદ્રકુલના આ૦ સ્વામી **સમંતભદ્રજી**એ વનમાં રહેવાનું શરૂ કર્યું હતુ. સાથોસાથ નાગેન્દ્ર, ચંદ્ર, નિવૃત્તિ અને વિદ્યાધર કુલના બીજા શ્રમણો પણ વનમાં રહેવા લાગ્યા હતા અને ત્યારથી વનવાસીગચ્છ ચાલુ થયો છે પરંતુ સમયની વિષમતાથી વનમાં રહેવામાં ઘણી અડચણો ઊભી થવા લાગી. રાજાઓનાં ભયંકર યુદ્ધો, બારબાર વર્ષોના દુકાળો આહાર–પાણીની દુર્લભતા, પઠન–પાઠનનો અંતરાય, શ્રુતનો હ્રાસ, સામર્થ્યનો અભાવ, લોકોની અપ્રીતિ અને સંઘની અસ્તવ્યસ્તતા ઇત્યાદિ હાનિકારક પ્રસંગો આવી પડ્યા. આથી શ્રુતધરોએ ગંભીર વિચાર કરી શ્રાવકોની વસ્તીમાં નહીં કિન્તુ મંદિર પાસેના ઉપાશ્રયમાં ઊતરવાની મર્યાદા ચાલુ કરી. આ મર્યાદાનો પ્રારંભ વીર સં. ૮૮૨ વિ. સં. ૪૭૨માં થયેલ છે. જો કે મુનિઓ ત્યારે વનને બદલે ચૈત્યવસતીમાં માત્ર ઊતરતા હતા કિન્તુ ત્યાં સ્થાનપતિ બનીને રહેતા ન હતા.

તેઓ ચૈત્યવસતીમાં ઊતરવા છતાં **વિહરુક** એટલે સતત વિહારી હતા. સમયના પ્રવાહમાં એ મર્યાદામાં પણ શિથિલતા આવી અને કેટલાએક મુનિઓએ **ચૈત્યવાસ** અપનાવ્યો. વીર-નિર્વાણની બારમી એટલે વિક્રમની આઠમી સદીના અંત સુધીમાં તો એ **ચૈત્યવાસ** સર્વથા વિકાર પામી **ઘરવાસ** જેવો બની ગયો.

આ૦ હરિભદ્રસૂરિ મુનિઓના ચૈત્યવાસનું ચિત્રણ આપે છે કે—આધાકર્મી આહાર, સચિત્તગ્રહણ, ત્રણ વાર ભોજન, વિગઈ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ગ્રહણ; મુખવાસનો શોખ; પડિલેહણનો ત્યાગ; પલંગ, જોડા, વાહન શસ્ત્રો, તામ્રપાત્રો રાખવાં; પ્રતિમાની રક્ષા માટે પૂજા, ચમત્કારિક જિન-પ્રતિમાઓની ભક્તિ; સંસાર સુખ માટે તપસ્યા; હજામત કરાવવી, પ્રસંગે ઓઘો, મુહપત્તિ રાખવાં; એકાકી પરિભ્રમણ; ચૈત્યવાસ; મઠવાસ; પૂજાપ્રવૃત્તિ; દેવદ્રવ્યભક્ષણ; દેરાસર કરવું; ઉપાશ્રય કરવો; સ્નાન, વિલેપન શોભા; સુગંધી દ્રવ્યનો શોખ; ગામની મમતા; જ્ઞાતિનો આગ્રહ; સ્ત્રીનાચ જોવો; સ્ત્રીઓનો સંસર્ગ, જ્યોતિષ, નિમિત્ત, વૈદ્યક, મંત્ર, તંત્ર, રાજસેવા, નીચને મદદ કરવી; સુવહિત સાધુની નિંદા; તેને ધર્મોપદેશનો નિષેધ; શાસનની પ્રભાવના માટે લડાઈ–ઝગડા; કુળમર્યાદા તોડવાની ઉશ્કેરણી કરવી; ભયની વાતો; સ્ત્રીનો સ્પર્શ; યુક્તિથી ધનસંગ્રહ; ખરીદેલા ચેલાઓ રાખવા; પ્રભાવના માટે ખોટાં અનુષ્ઠાનો; શાસ્ત્રાધાર વગરનાં તપો; ઉજમણાની વિધિ કરવી, મરણના કામમાં પ્રભુપૂજા, મૃતદ્રવ્યગ્રહણ, પૈસા માટે શ્રાવકો પાસે આગમનું વ્યાખ્યાન; મુહૂર્ત બતાવવું; યક્ષપૂજા, ગોત્રજઝારણાં; સમ્યક્ત્વને વેચવું; વ્યાખ્યાનમાં સ્ત્રીઓ પાસે પોતાના ગુણ ગવરાવવા; એકલી પુરુષ સભામાં સાધ્વીઓનું વ્યાખ્યાન કરવું વગેરે વગેરે.

( સંબોધપ્રકરણ–ગુરુઅધિકાર–ગાથા ૫૭ થી ૭૩ )

જો કે એક તરફ આવો ભયંકર ચૈત્યવાસ વ્યાપી ગયો હતો, પરંતુ બીજી તરફ પવિત્ર શ્રમણપરંપરા પણ ચાલુ જ હતી. ઇતિહાસ આ શુદ્ધ પરંપરાને 'વિહરુક' તરીકે ઓળખાવે છે.

આ૦ શ્રીવિમલચંદ્રસૂરિ, આ૦ શ્રીવીરગણિ, આ. ઉદ્યોતનસૂરિ, આ. જસદેવસૂરિ, આ. પ્રદ્યુમ્નસૂરિ, આ. માનદેવસૂરિ, આ. દેવસૂરિ, ઉ. અંબદેવ, આ. મુનિચંદ્રસૂરિ, આ. નેમિચંદ્રસૂરિ * વગેરે આચાર્યો વિહરુક અને શુદ્ધ સંયમી તરીકે પ્રસિદ્ધ છે.

આ શુદ્ધ પરંપરાની દોરવણીથી ઘણા ચૈત્યવાસીઓએ ક્રિયોદ્ધાર કરી શુદ્ધ માર્ગ સ્વીકાર્યો છે. સમય જતાં આ શુદ્ધ પરંપરામાં

* જુઓ પ્રભાવક ચરિત્ર, મહાવીરચરિયં, ઉત્તરાધ્યયનસૂત્રવૃત્તિ—પ્રશસ્તિ વગેરે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પણ વિકૃતિ થવાની ઘડીઓ આવી પહોંચી હતી, કિન્તુ આ. **શ્રીજગતચંદ્રસૂરિએ** અને ત્યારબાદ આ. **શ્રીઆનંદવિમલસૂરિએ** સાવધાન રહી ક્રિયોદ્ધાર કરી શુદ્ધ પરંપરાને અવિચ્છિન્ન રાખેલ છે.

અમને તો લાગે છે કે, દિગમ્બર મુનિઓએ પણ વિ. સં. ૪૭૨ માં વનવાસ છોડી **નિસિહિયાજી**માં રહેવાનું શરૂ કર્યું હશે તેમાં પણ વિકૃતિ થતાં ચૈત્યવાસની અસર થઈ છે અને વિ. સં. ૧૨૧૯ પછીથી **મઠવાસ** ચાલુ થયો છે. તેઓમાં આ મઠવાસીઓનું નામ **ભટ્ટારકજી** છે. દિગમ્બરોમાં શુદ્ધ પરંપરા ચાલુ રહી નહીં, તેથી તેમાં ક્રિયોદ્ધાર કરનાર કોઈ નીકળ્યું નહીં. એટલે આજે તે સમાજમાં અવિચ્છિન્ન શ્રમણપરંપરા રહી નથી.

આ રીતે જૈન મુનિઓમાં વિ. સં. ૪૭૨ થી વનવાસ બંધ થયો છે, ચૈત્યવસતીમાં રહેવાનું ચાલુ થયું છે. અને સં. ૭૮૦ થી ચૈત્યવાસ પ્રવર્ત્યો છે. ચૈત્યવાસ વિ૦ સં૦ ૧૨૮૫ થી સદંતર બંધ છે અને જૈન મુનિઓ માત્ર ઉપાશ્રયમાં ઊતરે છે.

**ઉદયગિરિ–ગુફા:**

વિદિશા (ભીલ્સા)થી ૪ માઈલ દૂર ઉદયગિરિ છે, તેમાં જૈન ગુફાઓ છે. વીશમી ગુફામાં વીર સં. ૮૯૧નો શિલાલેખ છે:+ કે—ભદ્રાર્ય શાખાના આ. ગોશર્મના શિષ્ય **મુનિશંકરે** અહીં ગુપ્ત સં. ૧૦૬માં ભગવાન પાર્શ્વનાથની પ્રતિષ્ઠા કરાવી છે.

(ફ્લીટ 'ગુપ્ત' અભિલેખ, પૃ. ૨૫૮, આ ગ્રંથ પૃ. ૭૭)

+ આ ગ્રંથના પૃષ્ઠ ૩૪૬માં આ ફકરો છપાયો છે તેમાં વીર સં. ૬૫૧ ને સ્થાને વીર સં. ૮૯૧ સમજવો.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## પ્રકરણ ચોવીશમું

### આ૦ વિક્રમસૂરિ

શ્રીદેવાનંદસૂરિની પાટ ઉપર આ. શ્રીવિક્રમસૂરિ થયા છે. તેમનું કંઈ પણ ચરિત્ર મળી શકતું નથી. 'વીરવંશાવલી'માં ઉલ્લેખ છે કે તેમણે ધાંધાર દેશના ગાલા નગરમાં પરમાર ક્ષત્રિયોને ઉપદેશી **જૈનધર્મી** બનાવ્યા હતા.

આ અરસામાં એટલે વિક્રમની ચોથી-પાંચમી સદીમાં આ૦ શિવશર્મસૂરિ, આ૦ ચંદ્રર્ષિ મહત્તર, સંઘદાસગણી મહત્તર, ધર્મ-સેનગણી મહત્તર, ધર્મદાસગણી મહત્તર, જિનદાસગણી મહત્તર, આ૦ વિમલચંદ્રસૂરિ, પંડિત **ચંડ** વગેરે પ્રભાવકો થયા છે. સંભવ છે કે આ૦ સ્કંદિલસૂરિ અને આ૦ દેવર્ધિગણીની વાચનાઓના મધ્યકાળના આ **ગ્રંથકારો** છે.

### આ૦ શિવશર્મસૂરિ:

આ આચાર્યે દૃષ્ટિવાદના બીજા પૂર્વની પાંચમી 'ચવણવત્થુના' ચોથા 'કમ્મપયડિપ્રાભૃત'માંથી ઉદ્ધરીને કર્મવિષયક **કમ્મપયડિ** શાસ્ત્ર રચ્યું છે, જે કર્મવિષયનો પ્રાચીન ગ્રંથ છે, એનાં વિષય-નિરૂપણની ગૂંથણી અજોડ છે. પ્રાચીન કાળના શ્વેતાંબર આચાર્યો અને દિગમ્બર આચાર્યો આ ગ્રંથને પ્રમાણ કોટિનો માને છે. તેનું પ્રમાણ ૪૭૫ પ્રાકૃત ગાથાનું છે. પછીના આચાર્યોએ તેના ઉપર ભાષ્ય, ચૂર્ણિ અને ટીકાઓની રચના કરી છે.

આ સિવાય તેમણે એ જ 'કમ્મપયડિપાહુડ'ના આધારે પાંચમો શતક નામનો 'કર્મગ્રંથ' નામે બનાવ્યો છે, જે ૧૧૧ ગાથાપ્રમાણ છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પછીના આચાર્યોએ તેને પણ ભાષ્ય, ચૂર્ણિ અને ટીકાઓ વડે વધુ સુપાઠ્ય બનાવ્યો છે. આ આચાર્ય વિક્રમની પાંચમી સદીમાં થયા છે.

**આ૦ ચંદ્રર્ષિ મહત્તર:**

આ૦ ચંદ્રર્ષિ મહત્તરે પૂર્વશ્રુતના આધારે "પંચસંગ્રહ" ગ્રંથ બનાવ્યો છે, જેમાં ૧. શતક, ૨. સપ્તતિકા, ૩. કષાયપ્રાભૃત, ૪. સત્કર્મ, અને ૫. કર્મપ્રકૃતિ; એમ પાંચ વસ્તુઓનો સંગ્રહ છે, તેથી તેનું નામ 'પંચસંગ્રહ' રાખવામાં આવ્યું છે. તેની ગાથા ૯૬૩ છે, ભાષા પ્રાકૃત છે, ૯૦૦૦ શ્લોકપ્રમાણની તેની ટીકા પણ પોતે જ બનાવી છે. ટીકામાં પોતે 'સપ્તતિકા'ને દૃષ્ટિવાદના નિચોડ તરીકે ઓળખાવી છે. આ આચાર્યનો સમય વિક્રમની ત્રીજીથી પાંચમી સદી મનાય છે.

**વાચક શ્રીસંઘદાસગણી મહત્તર:**

जैन साईट JAINSITE जैनम् जयति शासनम्

શ્રીસંઘદાસગણીએ ગદ્ય પ્રાકૃત ભાષામાં **'વસુદેવહીંડી'** બનાવ્યો છે, જેમાં કૃષ્ણ વાસુદેવના પિતા વસુદેવનું ચરિત્ર છે. કથાસાહિત્યમાં સૌથી પ્રાચીન અને આધારભૂત આ ગ્રંથ છે, તેનો પ્રથમ ભાગ મળે છે. 'તેમણે 'બૃહત્કલ્પ' ઉપર લઘુભાષ્ય ગા. ૭૬૦૦ અને કલ્પભાષ્યના અંગરૂપ મનાતા પંચકલ્પ ઉપર **મહાભાષ્ય** ગા. ૨૫૭૪ રચ્યું છે. આ મહત્તર વિક્રમની ચોથી સદીમાં થયા છે.

**ધર્મસેનગણી મહત્તર:**

શ્રીધર્મસેનગણી મહત્તરે 'વસુદેવહીંડીનો' બીજો ભાગ બનાવ્યો છે. સંભવ છે કે તેઓ શ્રીસંઘદાસગણી મહત્તરના શિષ્ય હોય અને ગુરુજીનું અધૂરું કામ તેમણે પૂરું કર્યું હોય.*

---

* વસુદેવહીંડી, આ૦ હરિભદ્રસૂરિકૃત તત્ત્વાર્થવૃત્તિ, સંસારદાવાનલ-સ્તુતિ, દિગમ્બરીય મહાપુરાણ, જયધવલા, કાદંબરી, કાદંબરીની ટીકા શ્રીપાળ રાસ વગેરે ઘણા ગ્રન્થો એવા છે કે જેના બનાવનાર ગુરુ–શિષ્ય, વૃદ્ધ–લઘુ કે પિતા પુત્રનાં યુગલો છે. તે દરેકમાં સૌથી પહેલો વસુદેવહીંડી હશે, એમ લાગે છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**આ૦ રાજર્ષિ ધર્મદાસગણી મહત્તર :**

વિજયપુરમાં **વિજયસેન** નામે રાજા હતો. તેને અજયા અને વિજયા નામની રાણીઓ હતી. વિજયા રાણીને સુજય નામે ભાઈ હતો અને **રણસિંહ** નામે પુત્ર થયો. પરંતુ આ પુત્રનો જન્મ થતાં જ અજયાએ શોકયના દ્વેષથી રણસિંહને માતાથી જુદો કરાવ્યો. એ વસ્તુની જાણ થતાં રાજા વિજયસેન રાણી વિજયા અને સુજયે સંસારની અસારતા સમજી ભગવાન મહાવીરસ્વામી પાસે દીક્ષા લીધી. તેઓ અનુક્રમે ભણી–ગણીને જ્ઞાની થયા અને ગણી–મહત્તર બન્યા. રાજા વિજયસેનનું નામ **ધર્મદાસ**ગણી મહત્તર, સુજયનું નામ **જિનદાસ**ગણી મહત્તર અને વિજયાનું નામ **વિજયશ્રી** પડયું.

માતાપિતાથી જુદો કરાયેલ રણસિંહકુમાર સુંદર ખેડૂતને ત્યાં મોટો થયો. ભગવાન પાર્શ્વનાથની પૂજા કરતાં કરતાં અધિષ્ઠાયકની સહાયથી વિજયપુરનો રાજા બન્યો; કનકવતી, કમળવતી અને રત્નવતીને પરણ્યો અને પુત્રપરિવારથી સુખી બન્યો. એકવાર તેને આકરી નૈતિક કસોટી આવી પડી, તેમાં તે ફસાઈ પડચો અને ધર્મવિમુખ બની અન્યાયી તથા પાપમય જીવન વીતાવવા લાગ્યો. રાજાના ત્રાસથી પ્રજામાં હાહાકાર મચી ગયો.

જૈન સાહિત્ય JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

આ તરફ ધર્મદાસગણી મહત્તરે અવધિજ્ઞાન પ્રાપ્ત થતાં પોતાના પુત્ર રણસિંહના ઉપકાર માટે પ્રાકૃત ભાષામાં **'ઉપદેશમાલા'** બનાવી રાખી હતી, જે જિનદાસગણી મહત્તરને કંઠસ્થ હતી. જિનદાસગણી તથા સાધ્વીજી વિજયશ્રીએ વિજયનગરના ઉદ્યાનમાં પધારી રાજાને ન્યાયી તથા ધર્મી બનવાનો ઉપદેશ આપી 'ઉપદેશમાલા'નું અધ્યાપન કરાવ્યું અને રાજા રણસિંહ પણ ઉપદેશમાલાને મુખપાઠ કરી પોતાની ભૂલનો પશ્ચાત્તાપ કરતો પુનઃ ધર્મમાર્ગમાં સ્થિર થયો, શુદ્ધ સમકિતી અને દૃઢ શ્રાવક બન્યો, કેટલેક કાળે કમળવતીના પુત્રને રાજા સ્થાપી આ૦ મુનિચંદ્રસૂરિ પાસે દીક્ષા લઈ મુનિ બન્યો અને વિશુદ્ધ ચારિત્રને આરાધી કાળ કરી દેવલોકમાં દેવપણે ઉત્પન્ન થયો.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

રણસિંહના પુત્રે અને પ્રજાએ પણ 'ઉપદેશમાલા'નું પઠનપાઠન ચાલુ રાખ્યું અને એ રીતે 'ઉપદેશમાલા' ચિરંજીવ બની. આ 'ઉપદેશમાલા'ની રચનાનો ઇતિહાસ છે.

ધર્મદાસગણી મહત્તરે પોતાના પુત્રને પ્રતિબોધવા માટે પ્રાકૃત ૫૪૪ ગાથામાં **ઉપદેશમાલા** બનાવી છે. તેમાં આચારનું પ્રતિપાદન છે, અસરકારક ઉપદેશ છે, સચોટ દલીલો છે, અનેક ઐતિહાસિક દૃષ્ટાંતો છે, 'આનો અભ્યાસી અનંત સંસારી ન હોય તો ધર્મી બને જ બને.' એવું પ્રતિજ્ઞાવચન છે.

તેમાં ગ્રંથકારે પોતાનું નામ આ રીતે બતાવ્યું છે—

**धंत-मणि-दाम-ससि-गय-णिहि, पयपढमक्खराभिहाणेण ।**
**उवएसमालपगरणमिणमो रइयं हिअट्ठाए ॥ ५३७ ॥**

ધંત, મણિ, દામ, સસિ, ગય, અને ણિહિ. આ પદોના પહેલા અક્ષરો ( **धम्मदासगणि** )થી તૈયાર થતા નામવાળા મુનિએ હિત-બુદ્ધિથી આ 'ઉપદેશમાલા' પ્રકરણ રચ્યું છે.

આ સિવાય ગાથા ૫૪૦ માં પણ તેમણે **धम्मदासगणिणा** એમ સ્પષ્ટ પોતાનું નામ બતાવ્યું છે.

'ઉપદેશમાલા' પર આ૦ સિદ્ધર્ષિગણીએ, સં. ૧૨૩૮ માં અશ્વાવબોધતીર્થમાં આ૦ રત્નપ્રભસૂરિએ દોઘટ્ટી, અને રામવિજય-જીએ ટીકાઓ બનાવેલ છે.

ધર્મદાસગણીજીના સત્તાસમય માટે વિદ્વાનોમાં મતભેદ પ્રવર્તે છે.

૧—ટીકામાં તેમને ભગવાન મહાવીરસ્વામીના હસ્તદીક્ષિત શિષ્ય બતાવ્યા છે. તેથી કોઈ તેમને વીરનિર્વાણની પહેલી સદીમાં મૂકે છે.

૨—તેમણે ઉપદેશમાલામાં ગુરુઉપદેશના આધારે ઉપદેશમાલા-ની રચના, તીર્થંકર **कइयावि** ( કોઈ કાળે ) મોક્ષ ગયાનું સૂચન, ત્રણ મોક્ષમાર્ગ અને ત્રણ સંસાર માર્ગનું પ્રવચન, સંવિજ્ઞપાક્ષિકનું વર્ણન તથા વિનયરત્ન, સ્થૂલિભદ્રમુનિ, સિંહગુફાવાસી મુનિ, મંગૂ-

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સૂરિ, વજ્રસ્વામી, કાલિકાચાર્ય વગેરેનાં દૃષ્ટાંતો સૂચવ્યાં છે. તેથી કોઈ તેમને વિક્રમની બીજી સદી પછી મૂકે છે.

૩—ઉપદેશમાલામાં સૂચવેલ કાલિકાચાર્ય અને દત્તનો પ્રસંગ તૂરમણીમાં બન્યો છે. આ તૂરમણી તે હૂણસમ્રાટ તોરમાણની રાજધાની પવ્વઇયા જ હોય તો તે ઘટના ત્યાં વિક્રમની પાંચમી સદી પછી બની છે. સમ્રાટ તોરમાણનો એ સત્તાસમય છે અને પૂ. શ્રીદેવર્ધિગણીના વાચનાસહાયક આ૦ શ્રીકાલિકાચાર્યનો પણ એ વિદ્યમાનતાકાળ છે. આ રીતે પણ આ૦ ધર્મદાસગણીનો સત્તા-સમય વિક્રમની પાંચમી સદીમાં સ્થાપવો પડે છે.

અમે આ આચાર્યને પાંચમી સદીના આચાર્યો સાથે દાસાન્ત નામોની સમાનતાથી મૂક્યા છે.

'ઉપદેશમાલા'ની એક ગાથા પરથી પણ તેમના સમય માટે કંઈક કલ્પના કરી શકાય છે. તેમણે પોતાનો પરિચય ગા. ૫૩૭ માં અને ફરીવાર ગા. ૫૪૦ માં આપ્યો છે. આમ બે વાર પરિચય આપવાનું કંઈ કારણ હોવું જોઈએ. તેમણે ગા. ૫૩૭ માં પોતાનું નામ સૂચવવા માટે **धंत मणि दाम ससि गय** અને **णिहि** શબ્દો લખ્યા છે. આ શબ્દોમાં પણ કંઈક ગંભીર આશય હોવાનો સંભવ છે. શું એમાં સાલવારી તો નહીં આપી હોય? એવા ગંભીર મહર્ષિઓની રચનામાં એવું તત્ત્વ છુપાયું હોય, તો તે બનવાજોગ છે.+ એટલે આપણે એ દૃષ્ટિએ તે શબ્દોને ઉકેલીએ તો તેમાંથી નીચે પ્રમાણે આંકડાઓ સૂઝી આવે છે.

૧. **धंतमणिदाम**—અંધારામાં મણિમાલા જેવા.

૨. **धंत १ मणि** ७* **दाम** ५=સં. ૫૭૧

+ ઉપદેશમાળામાં ૫૪૪ ગાથાઓ છે. તેના આધારે મૃત્યુજ્ઞાન જાણી શકાય છે. રાજાની નોકરી, પરદેશગમન, વ્યાપારગમન, રોગ, યુદ્ધ, બાલક-જન્મ, અને અનશનના પ્રસંગે કેટલું આયુષ્ય છે તે જાણી શકાય છે.

( દિનશુદ્ધિ-દીપિકાનું પરિશિષ્ટ "ઉપદેશમાલા-ગાથા શકુન" )

*મણિના ભેદો–૧. પદ્મરાગ, ૨. ઇન્દ્રનીલ, ૩. મરકત, ૪. વૈડુર્ય, ૫. લસણિયા, ૬ ગોમેધ, ૭. સ્ફટિક અને બીજા ભેદો પણ મળે છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૩. **दाम ससि गय**=સં. ૮૧૫

૪. **धंत मणि दाम ससि**=અંધારામાં મણિ જેવા ચંદ્રગુપ્તના.

૫. **गय निहि (पय पढम)**=સં. (૧) ૯૮.

૬. **ससि १ गय ८ निहि ९**=સં ૯૮૧

આ ઉપરથી સં. ૫૭૧, સં. ૮૧૫, સં. ૧૯૮ સં. ૯૮૧ ના આંકડાઓ મળે છે. યદિ તે વિક્રમ, મૌર્ય, ગુપ્ત અને વીરનિર્વાણ સંવતના આંકડાઓ હોય તો ધર્મદાસગણીનો સત્તાસમય વિક્રમની પાંચમી–છઠ્ઠી સદી આવે છે અને એ કલ્પના સાચી હોય તો તેમને ભ. મહાવીરસ્વામીના સંતાનીય આ૦ શ્રી વીરસૂરિના શિષ્ય–પ્રશિષ્ય માની શકાય.

## જિનદાસગણી મહત્તરઃ

આ જિનદાસગણી મહત્તર આ૦ ધર્મદાસગણીના સંસાર પક્ષે સાળા અને મુનિપક્ષે ગુરુભાઈ છે. રાજા રણસિંહને તેમણે જ ઉપદેશમાળા આપી છે.

પ્રસિદ્ધ ચૂર્ણિકાર જિનભદ્રગણી મહત્તર આમનાથી જુદા છે.

## આ૦ વિમલચંદ્રસૂરિઃ

આ. શ્રીવજ્રસેનસૂરિના પટ્ટધર શિષ્ય નાગેન્દ્રસૂરિના નાગેંદ્રગચ્છમાં આ૦ રાહુની પાટે આ૦ વિજયસૂરિ થયા અને તેમની પાટે આ૦ **વિમલચંદ્ર**સૂરિ થયા છે. તેઓ પૂર્વધર હતા. તેમણે 'પઉમચરિય' અને 'હરિવંસચરિય' નામના ચરિત્રગ્રંથો બનાવ્યા છે. એકમાં રામાયણનું અને બીજામાં મહાભારતનું વસ્તુદર્શન છે. એને જૈન રામાયણ તથા જૈન મહાભારત કહીએ તો ચાલે. બન્નેની ભાષા પ્રાકૃત છે, રચનાશૈલી સુંદર ભાવવાહી અને પદ્યબંધ છે.

આ૦ ઉદ્યોતનસૂરિ 'કુવલયમાલા'માં તેની પ્રાકૃત રચના પર પ્રશંસાનાં પુષ્પ વેરતાં સાફ કહે છે—

**जारिसियं विमलंको, विमलं को तारिसं लहइ अत्थं।**
**अमयमइयं च सरसं, सरसंचियं पाइयं जस्स ॥**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

શ્રીવિમલાંકસૂરિએ જેવો વિમળયશ મેળવ્યો, તેવા વિમળયશને બીજા કોણ મેળવી શકે? કારણ કે તેમનું પ્રાકૃત સાહિત્ય પ્રકૃતિદ્યોતક છે, સ્વરથી ગૂંથેલું છે, મધુર સૂરવાળું છે; સરસ છે, અમૃતમય છે, અમદમય છે. વિમલાંકના વિમલયશને બીજો કોઈ ન મેળવી શકે તો શશાંક શેનો મેળવી શકે? *ખરેખર તેમની રચનાશૈલી વિમળતાવાળી છે.

તેમના બે ગ્રંથોમાંનો 'પઉમચરિયં' ઉપલબ્ધ છે, જે દશહજાર શ્લોકપ્રમાણ છે, બહુ પ્રસિદ્ધિ પામ્યો છે અને છપાઈ પણ ગયો છે.+

આચાર્યશ્રીએ 'પઉમચરિયં'માં પોતાનો પરિચય નીચે પ્રમાણે આપ્યો છે—

**"पंचेव य वाससया, दुसमाए तीसवरिससंजुत्ता।**
**वीरे सिद्धिमुवगए, तओ णिबद्धं इमं चरियं ॥१०३॥**
**राहूनामायरिओ, ससमय-परसमयगहियसब्भाओ।**
**विजओ अ तस्स सीसो, नाइलकुलवंसनंदियरो ॥११७॥**
**सीसेण तस्स रइयं, राहवचरियं तु सूरिविमलेण**
**सोऊणं पुव्वगए, नारायणसीरि-चरियाइं ॥११८॥**

वीरनिर्वाण સં. ૫૩૦માં "પઉમચરિયં" રચ્યું. નાગિલકુળમાં સ્વશાસ્ત્ર અને પરશાસ્ત્રના જ્ઞાતા આ૦ રાહૂસૂરિ થયા, તેમની પાટે આ૦ વિજયસૂરિ થયા, તેમના પટ્ટધર વિમલસૂરિએ પૂર્વોમાં રહેલ વાસુદેવ વગેરેનાં ચરિત્રો સાંભળી આ "રાઘવચરિત્ર" બનાવ્યું.

અહીં આચાર્યશ્રી પોતાનો સમય વીરની છઠ્ઠી સદીમાં બતાવે છે. જ્યાં ગ્રંથકાર પોતે જ આવો સ્પષ્ટ સમયનિર્દેશ કરે, ત્યાં કોઈ જાતની શંકાને સ્થાન રહેતું જ નથી પરંતુ નાગિલકુલ વીર

---

* **इसके सिवाय प्राकृत 'पउमचरियं'की रचना जितनी सुंदर स्वाभाविक और आडम्बर रहित है, उतनी (आ० हरिषेणके) 'पद्मचरित'की नहीं है।**

**(श्रीयुत नाथुराम प्रेमीका 'जैन साहित्य और इतिहास पृष्ठः २७६)**

+ પ્રો૦ હર્મન જેકોબી સંપાદિત આ૦ વિમલસૂરિનું પઉમચરિયં ભાવનગરની જૈનધર્મ પ્રસારક સભાએ છપાવ્યું છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સં. ૬૦૦ પછી સ્થપાયું છે. તો પછી વીર સં. ૫૩૦માં તે કુળમાં આ આચાર્ય થયા છે એ બને જ કેમ? એટલે કે તેમનો સમય-નિર્ણય ઘણું સંશોધન માગી લે છે. તેઓ વિક્રમની પાંચમી સદી દરમ્યાનકાળના આચાર્ય છે. તેઓ પૂર્વધર છે અને પૂર્વધરનો કાળ વિ. સં. ૫૯૦ સુધી છે. એટલે તેઓ વિ. સં. ૫૯૦ પહેલાં થયા છે, એ નિર્વિવાદ વાત છે.* અમે તો તેમને વિવાદગ્રસ્ત-કાળના કારણે બીજા વિવાદગ્રસ્તકાળવાળા આચાર્યો સાથે અહીં મૂક્યા છે.

આ૦ શ્રીવિમલસૂરિનાં પ્રાકૃત 'પઉમચરિયં' તથા 'હરિવંશ-ચરિયં'ના આધારે દિગમ્બરાચાર્ય રવિષેણે વિ. સં. ૬૩૪માં સંસ્કૃતમાં પ્રાકૃતના જ સંવર્ધિત અનુવાદ જેવું અઢાર હજાર શ્લોકનું 'પદ્મચરિત,' ત્યારપછીના થોડાંએક વર્ષોમાં થયેલ દિગમ્બર મહાકવિ સ્વયંભૂ તથા ત્રિભુવન સ્વયંભૂએ અપભ્રંશમાં 'પઉમચરિયં' અને 'હરિવંશચરિયં,' તથા ક૦ સ૦ આ૦ હેમચંદ્રસૂરિએ સંસ્કૃતમાં 'ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત્ર'અન્તર્ગત 'રામચરિત્ર' તથા 'નેમિનાથ-ચરિત્ર' બનાવેલ છે. એટલે કે આ૦ વિમલસૂરિની રચના બહુ પ્રમાણ-ભૂત અને આધારભૂત મનાય છે.

સં. ૯૨૫માં 'ચઉપન્નમહાપુરિસચરિયં' દશ હજાર શ્લોક-પ્રમાણના કર્તા નિવૃત્તિકુળના આ૦ માનદેવસૂરિના શિષ્ય આ૦ વિમલમતિ અપરનામ આ૦ શીલાચાર્ય હતા. આ આ૦ વિમલસૂરિથી જુદા છે.

## પંડિત ચંડ:

પંડિત **ચંડ** મહાન વિદ્વાન હતો. તેણે 'પ્રાકૃત વ્યાકરણ' બનાવ્યું છે, જે પ્રાકૃત ભાષાનાં દરેક વ્યાકરણોમાં સૌથી પ્રાચીન છે અને ઘણું જ નાનું છે. તેમાં તેમણે અપભ્રંશ ભાષાનું સ્વરૂપ પણ બતાવ્યું છે.

---

* ડૉ. વિંટરનીત્સ, ડૉ. લોયમેન વગેરે આ૦ વિમલસૂરિને વીર સં. ૫૩૦માં વિદ્યમાન હોવાનું માને છે. ડૉ. કીથ, ડૉ. બુલહર વગેરે આ આચાર્યને ઇસ્વીસનની ૭મી સદીમાં વિદ્યમાન હોવાનું માને છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આ વિદ્વાનના સમયનિર્ણય માટે પણ વિદ્વાનોમાં મતભેદ છે, ડૉ. હોર્નલે તો પં. ચંડને ઈ. સ. પૂર્વે ત્રીજા સૈકામાં મૂકે છે, કોઈ તેને પછીના સૈકાઓમાં મૂકે છે.

ખાસ કરીને પ્રાકૃત ગ્રંથસાહિત્યનો પ્રારંભિક કાળ વિક્રમની ચોથી–પાંચમી સદી છે. એટલે અમે પણ 'પ્રાકૃત વ્યાકરણ'ના કર્તા ચંડને અહીં લખ્યા છે.

**આ૦ શ્રીઅજ્ઞાત:**

**'ધમ્મિલહીંડી'** ગ્રંથ પણ આ જ સદીઓમાં બન્યો છે, જેમાં વર્ણન ભાગ ઓછો છે અને કથાભાગ વિશેષ છે. આના ગ્રંથકાર કોણ છે? તે નક્કી થઈ શક્યું નથી.

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## પ્રકરણ પચ્ચીશમું

## આ. નરસિંહસૂરિ

આ૦ વિક્રમસૂરિની પાટે આ૦ નરસિંહસૂરિ થયા છે. તેમના માટે કહ્યું છે કેઃ—

**नरसिंहसूरिरासीदतोऽखिलग्रन्थपारगो येन।**
**यक्षो नरसिंहपुरे, मांसरतिं त्याजितः स्वगिरा॥**

તેઓ સમસ્ત સિદ્ધાંતમાં નિષ્ણાત હતા. તેમણે નરસિંહપુરમાં સર્વભક્ષી યક્ષને પ્રતિબોધ કરી માંસ–ભક્ષણનો ત્યાગી બનાવ્યો હતો.

તેઓ મહાજ્ઞાની અને સફળ ઉપદેશક હતા. તેમણે ઉમરકોટ તથા તેની આસપાસનાં નગરોમાં નવરાત્રિની આઠમે પાડાનું બલિદાન અપાતું હતું, તે બંધ કરાવ્યું. મેવાડના ખુમાણકુલના સૂર્યવંશી રજપૂતોને પ્રતિબોધી જૈન બનાવ્યા હતા. તેમાંના અનેક રજપૂત કુમારોને દીક્ષા આપી હતી. તેમના પટ્ટધર આ૦ સમુદ્રસૂરિ આ ખોમાણકુલના જ નબીરા હતા.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## પ્રકરણ છવ્વીશમું

## આ૦ સમુદ્રસૂરિ

આ૦ નરસિંહસૂરિની પાટે આ૦ સમુદ્રસૂરિ થયા છે. તેઓ અજોડ વાદી હતા. આ૦ મુનિસુંદરસૂરિ લખે છે કે—

"ખુમાણ રાજાના કુળમાં સમુદ્રસૂરિ થયા, તેમણે દિગમ્બરોને વાદમાં હરાવ્યા, અને નાગહ્રદમાં ભગવાન પાર્શ્વનાથનું તીર્થ પોતાને આધીન કર્યું." (ગુર્વાવલી શ્લો૦ ૨૯)

તેઓ શિલાદિત્યવંશના બાપા રાઉલના પુત્ર રાજા પહેલા ખુમાણના પુત્ર હતા. ખુમાણ રાજાના વંશજો પાછળથી શીસોદિયા તરીકે પ્રસિદ્ધિ પામ્યા છે.

આ૦ સમુદ્રસૂરિ સૂર્યવંશી ક્ષત્રિય, મહાપ્રતાપી, તપસ્વી, વિદ્વાન અને વાદી હતા. ચિતોડનો રાણો કુટુમ્બી હોવાના કારણે તેઓશ્રીને બહુ માનતો હતો.

તેઓશ્રીએ દિગમ્બરોને વાદમાં જીતી લીધા અને નાગહ્રદ તીર્થની રક્ષા કરી હતી. બાહડમેર, કોટડા વગેરે પ્રદેશોમાં વિચરી શાસનપ્રભાવના કરી હતી, જૈન ધર્મનો ખૂબ પ્રચાર કર્યો હતો અને ત્યાંની ચામુંડાદેવીને પણ પ્રતિબોધી હતી.

તેમણે વૈરાટનગરમાં પણ દિગમ્બરોને હરાવી જયનાદ ગજાવ્યો હતો અને શ્વેતામ્બર ધર્મનો ફેલાવો કર્યો હતો.

આ અરસામાં આ૦ ભૂતદિન્નસૂરિ આ૦ દેવર્ધિગણી ક્ષમા-

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

શ્રમણ, આ૦ કાલકસૂરિ (ચોથા) આ૦ સત્યમિત્રસૂરિ વગેરે વાચનાચાર્યો અને યુગપ્રધાનો થયા છે. તેમનું ચરિત્ર વાચકવંશ (પૃ. ૧૮૮, ૧૮૯) યુગપ્રધાન પટ્ટાવળી (પૃ. ૧૯૩) અને દેવર્ધિગણી પટ્ટાવલી (પૃ. ૨૯૪થી ૨૯૮)માં વિસ્તારથી આપ્યું છે. વળી આ જ અરસામાં વલભીમાં **પાંચમી આગમવાચના** અને વડનગરમાં સંઘસમક્ષ 'કલ્પસૂત્ર'નું વાચન થયાં છે.

**વલભીમાં પાંચમી આગમવાચના:**

આ૦ સ્કંદિલસૂરિએ મથુરામાં ચોથી આગમવાચનામાં જે આગમો લખ્યાં હતાં, તેનો વારસો આ૦ દેવર્ધિગણી ક્ષમાશ્રમણ પાસે હતો અને આ૦ નાગાર્જુનસૂરિએ વલભીમાં વાચના કરી જે આગમો લખ્યાં હતાં, તેનો વારસો આ૦ ભૂતદિન્ન તથા આ૦ કાલકસૂરિ (ચોથા) પાસે હતો. આ૦ દેવર્ધિને કપર્દીયક્ષ, ગોમુખયક્ષ અને ચક્રેશ્વરીદેવી પ્રત્યક્ષ હતાં. આ બન્ને આચાર્યોએ વીર સં. ૯૮૦માં વલભીમાં મોટું મુનિસમ્મેલન મેળવ્યું, અને તેની રૂબરૂમાં ચોથી આગમવાચનાના બન્ને પાઠોને તપાસી એક ચોક્કસ પાઠ તૈયાર કર્યો, જેમાં આ૦ સ્કંદિલની વાચનાના પાઠને કાયમ રાખ્યો અને આ૦ નાગાર્જુનની વાચનાના પાઠને **वायणंतर** કહી સાથે જ દાખલ કર્યો. આ ઉપરાંત તે બન્નેય વાચનાના પાઠાંતરો હતા, તેને પણ **पगें०** વગેરે સંકેતોથી કાયમ જ રાખ્યા છે અને એ રીતે દરેક આગમોને **પુસ્તકારૂઢ કર્યાં છે**. લખવાની સરળતા માટે ફરી ફરી આવતા પાઠોને પૂર્વે લખેલ સ્થાનોની સાક્ષી આપી ટુંકાવી દીધા છે. આગમોમાં **૧૧ અંગો** સૌની પછી લખ્યાં છે.

આ રીતે આ મુનિસમ્મેલનમાં ૮૪ આગમ, નિર્યુક્તિ, ભાષ્ય, કમ્મપયડિ અને તત્ત્વાર્થસૂત્ર વગેરે શાસ્ત્રો મળીને ક્રોડો શ્લોકપ્રમાણ સાહિત્ય પુસ્તકારૂઢ થયું છે. જો કે તેમાંથી પણ કાળના પ્રભાવે ઘણું સાહિત્ય નાશ પણ પામ્યું છે. પરમ સૌભાગ્યની વાત છે કે આપણને આજે જે આગમો મળે છે, જે અસલી જિનવાણી જળવાઈ રહી છે, તે આ **આગમવાચનાનું** જ મીઠું પરિણામ છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## ચોરાશી જિનાગમો:

આ૦ દેવર્ધિગણી ક્ષમાશ્રમણે વલભીમાં વીર સં. ૯૮૦માં આગમવાચનામાં અર્ધમાગધી તથા પ્રાકૃત ભાષામાં ૮૪ આગમો લખ્યાં હતાં, જેનાં નામો અને ટૂંકો પરિચય નીચે મુજબ છે.

## ૮૪ આગમો:

૧. **આયરંગસુત્ત**( આચારાંગ )—જેમાં ૨ શ્રુતસ્કંધો, ૨૫ અધ્યયનો અને ૨૫૨૫ શ્લોકપ્રમાણ ગદ્યપદ્યરચના છે. આ સૂત્રમાં મુનિઆચારનું સંપૂર્ણ પ્રતિપાદન છે. એટલે કે મુનિને ઉદ્દેશીને અહિંસા, નિર્મોહત્વ, અલિપ્ત દશા, જાગૃતિ, તપ, સંયમ, પરિષહ, શીલ, વિહાર, ગુરુઆજ્ઞા, દીક્ષા, દીક્ષિતોની ભૂલભૂલામણી, વસ્ત્ર, મુનિસેવા, લજ્જા, અનશન, ભ૦ મહાવીરનો માર્ગ, માંદાની સેવા, ગૃહસ્થસંસર્ગ ત્યાગ, શય્યા, શયનવખતની **ચાર પ્રતિજ્ઞાઓ**, ચોમાસું, વિહાર, પાણીમાં વિહાર, માર્ગપ્રશ્ન, **ચાર જાતની ભાષા**, વસ્ત્રવ્યવસ્થા, પાત્રૈષણા, વર્જ્યનિવાસો, સ્વાધ્યાય, શબ્દ, મોહત્યાગ, ક્રિયાઓ, ભ૦ **મહાવીરસ્વામીનું જીવન** અને ભાવનાઓ ઇત્યાદિ અનેક વિષયોનું બહુ સૂક્ષ્મતાથી નિરૂપણ કરવામાં આવ્યું છે. અભ્યાસી મુનિ તેની અસરથી રંગાઈ જાય એવી તેમાં સચોટ શૈલી છે. જેમકે—

તમારી જે ભાવના છે, તેવી જ ભાવના તમે જેને ઠાર કરવા ઇચ્છો છો તેમાં પણ છે. તમે જેને રેંસી નાખો છો, મારો છો કે ત્રાસ આપો છો, તેની તરફ નજર રાખશો તો તેને પણ તમારી પેઠે સુખદુ:ખની અસર થાય છે. માટે યાદ રાખવું કે, કોઈ પણ રીતે પોતે વધ કરવો નહીં અને બીજાને વધ કરવાની પરવાનગી દેવી નહીં.

આયરંગમાં આવા આવા અનેક ઉપદેશસૂક્તો છે.

આયરંગસુત્ત ગણધર શ્રીસુધર્માસ્વામીએ બનાવ્યું છે તે જ છે માત્ર તેમાંથી પ્રથમ શ્રુતસ્કંધના ૭મા મહાપરિણ્ણા અધ્યયનનો વિચ્છેદ થયો છે અને ચૂલિકાઓ વધી છે. બાકી હતું તે જ વિદ્યમાન છે.

નિર્યુક્તિકાર લખે છે કે— પહેલા શ્રુતસ્કંધના જુદા જુદા ઉદ્દેશોના

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આધારે બીજા શ્રુતસ્કંધની ૪ ચૂલાઓ બની છે. મહાપરિણ્ણાના આધારે સપ્તતિકા (ચૂલા બીજી) બનેલ છે (શ્રુ૦ ૨, નિ૦ગા૦ ૭થી૧૦) સાતિકાબન છે આની પાંચમી ચૂલા 'નિશીથસૂત્ર' મનાય છે.

૨. **સૂયગડાંગસુત્ત** (સૂત્રકૃતાંગ)—જેમાં ૨ શ્રુતસ્કંધો, ૨૩ અધ્યયનો, અને ૨૧૦૦ શ્લોકપ્રમાણ ગદ્યપદ્ય રચના છે. પદ્યો અનુષ્ટુપ, વૈતાલિક અને ઉપજાતિ વગેરે છંદોથી ભરપૂર છે, જેની ભાષા પ્રાચીનતાનો નમૂનો છે. મુખ્યતાએ દર્શનો ૬ મનાય છે. કિન્તુ સૂક્ષ્મતાથી વિચાર કરીએ તો કાલ, ઈશ્વર, આત્મા, નિયતિ અને સ્વભાવ ઈત્યાદિ અપેક્ષાએ દાર્શનિક વિચારધારાનાં જે જે મૂળ છે, તે તે દરેક દાર્શનિક મતો છે અને તે ક્રિયાવાદીના ૧૮૦, અક્રિયાવાદીના ૮૪, અજ્ઞાનવાદીના ૬૭ અને વિનયવાદીના ૩૨ એમ કુલ ૩૬૩ મતો છે. નાનાં મોટાં જે જે દર્શનો ઉત્પન્ન થયાં છે, તે આમાંનાં અમુક અમુક મતોને વ્યવસ્થિતરૂપ આપીને જ ઉત્પન્ન થયાં છે. ભવિષ્યમાં જે જે દર્શનો જન્મશે, તે પણ આમાંના અમુક અમુક મતોને વ્યવસ્થિત રૂપ આપી જન્મ લેશે. એટલે કે આ ૩૬૩ મતો એ જ દાર્શનિક ભેદોનાં મૂળ તત્ત્વો છે. તેની તુલના કરીને સાચું દર્શન કયું? અર્થાત્ સત્યધર્મ કયો? તેનો નિચોડ આ સૂત્રમાં આપવામાં આવ્યો છે. મુનિ દાર્શનિક મતભેદો, આંતરિક ભ્રમણાઓ અને બાહ્ય ફસામણીઓને સમજીને તેમાં ફસાય નહીં એ આ સૂત્રનો પ્રધાન વિષય છે.

આ સૂત્રમાં ચાર્વાક, અદ્વૈત, તજ્જીવ તચ્છરીર દ્વૈત, બૌદ્ધ કર્તૃત્વ સિદ્ધત્વ વગેરે વાદો, ગુરુપરીક્ષા, સાચું મોક્ષ, કુટુંબપ્રલોભન, ભ્રષ્ટ મુનિ, **વીરોનો માર્ગ**, ત્યાજ્ય વસ્તુઓ, મહાવ્રતો, થાકેલો, દીક્ષિતોની ભૂલભૂલામણી, ફસામણી, રાજસન્માનની લાળ, કાયરોની દશા, **વીરોની અડગતા**, **રોગીની સેવા**, સાધુને પ્રતારણા, સ્ત્રી-આસક્તિ, **યુવાનીનું ઝેર**, ઉપાય, પતિતનો દંભ, સ્ત્રીનો **ધર્મદંભ**, ભવાડા, ભ્રષ્ટને નરકપ્રાપ્તિ, નરકનાં દુઃખો, ભ૦ મહાવીરસ્વામીની સ્તુતિ, પાખંડ માર્ગ, **પાપશ્રમણ**, સાચું બળ, બૂરી ભાષા, કુવ્યવહાર, સમાધિ. સન્માર્ગો, ૩૬૩ પાખંડો, જૂઠ, માયા, બાળક,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પંડિત, એકલવિહાર, નમ્રતા, સર્વજ્ઞવચન, સચ્ચારિત્ર, બ્રાહ્મણ કોણ ? શ્રમણ કોણ ? ભિક્ષુ કોણ ? પુંડરિકકથા, તારકગુરુ, પાપીજીવન, દેહપોષણ, પ્રત્યાખ્યાન, બે બે પહેલુવાળા પ્રશ્નો, **સ્યાદ્વાદ**, માધ્યસ્થ, આદ્રકકુમારની પરીક્ષા, ગૃહસ્થ ધર્મસ્વરૂપ ઇત્યાદિ અનેક સૂચક વિચારો રજુ કર્યા છે. નિરૂપણ શૈલી પ્રૌઢ અને રોચક છે. જેમકે:—

કેટલાએક આરંભાસક્ત અને ઓછી બુદ્ધિવાળા પુરુષો કહે છે કે આ લોક એકાત્મ સ્વરૂપ છે. જો એમ હોય તો જે વ્યક્તિ પાપ કરે છે, તે જ દુ:ખ ભોગવે છે, એ કેમ બને ? (૧–૧–૧૦) પોતે ચક્રવર્તી હોય કે નોકર હોય, પણ તેણે મુનિમાર્ગે ચાલનારને વંદન કરવામાં શરમાવું જોઇએ નહિ અને સદા સમતા રાખવી. (૨—૨—૩) બુદ્ધિવાળો, જયશીલ, સમતાકથી, સંયમપાલક, ક્ષમાશીલ અને નરમ સ્વભાવનો હોય તે જ મનુષ્ય જ **સાચો બ્રાહ્મણ** છે, તે જ મનુષ્ય જ **સાચો સાધુ** છે. (૨—૨—૬) વગેરે વગેરે.

એકંદરે આ સૂત્ર મુનિઓ માટે બહુ જ ઉપકારક છે. આ અંગમાં વસ્તુઓ સમજાવવા માટે જરૂરી ઉપમાઓ અને દૃષ્ટાંતો પણ આપ્યાં છે.

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

૩. **ઠાણંગસુત્ત**( સ્થાનાંગ )–જેમાં ૧૦ અધ્યયનો છે અને ૩૭૦૦ શ્લોકપ્રમાણ ગદ્યરચના છે. ધાર્મિક અને વ્યવહારિક એવા ઘણા વિષયોનો અજોડ સંગ્રહ છે.

આ સૂત્રમાં એકેક, બેબે એમ દસદસ સુધીની સંખ્યાવાળા પદાર્થોનું નિરૂપણ છે. એટલે કે એક ચેતના, ચાર મેઘ, ચાર સંજ્ઞાઓ, પાંચ અસ્તિકાય, પાંચ નિર્ગ્રન્થો, પાંચ પુરુષજાતિ, છ ક્ષયતિથિઓ, દશ સત્ય, દશ સ્થવિર, ઇત્યાદિ અનેક વસ્તુઓ વર્ણવી છે.

નિરૂપણશૈલી સરળ છે જેમકે—શ્રમણ બ્રાહ્મણની સેવાનું ફળ-શ્રવણ, શ્રવણથી જ્ઞાન, જ્ઞાનથી વિજ્ઞાન, વિજ્ઞાનથી પ્રત્યાખ્યાન, પ્રત્યાખ્યાનથી સંયમ, સંયમથી અનાશ્રવ, અનાશ્રવથી કર્મશુદ્ધિ, કર્મશુદ્ધિથી અક્રિયા અને અક્રિયાથી નિર્વાણરૂપ ફળ મળે છે.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(સ્થા. ૩, ઉ. ૩, સૂ. ૧૯૦) શ્રદ્ધાવાન, હિતસ્વી, બુદ્ધિવાન, બહુશ્રુત અને બળવાન પુરુષ **ગણનાયક** પદને યોગ્ય છે. (સ્થા. ૬, ઉ. ૩, સૂ. ૪૭૫) પ્રશ્ન:—ભગવાન! દુઃખ કોણે કર્યું? ઉત્તર:—જીવે પ્રમાદવડે કર્યું. પ્રશ્ન:—એ દુઃખ કેમ વેદાય? ઉત્તર:—અપ્રમાદભાવે. (સ્થા. ૩, ઉ. ૨, સૂ. ૧૬૬)

આ સૂત્રમાં આચાર્ય આર્યરક્ષિતસૂરિના કાળ સુધીના ઐતિહાસિક પ્રસંગોને પણ દાખલ કરવામાં આવ્યા છે.

૪. **સમવાયાંગસુત્ત** (સમવાયાંગ)—જેમાં લગભગ ૧૬૬૭ શ્લોકપ્રમાણ ગદ્યરચના છે. આ સૂત્રમાં એકથી લઈને ક્રોડ સુધીની સંખ્યાવાળા કેટલાએક પદાર્થોનું નિરૂપણ છે અને પછી ૧૨ અંગોનું સ્વરૂપ તથા કુલકર અને ૨૪ તીર્થંકરોનાં ચરિત્રો આપવામાં આવ્યાં છે.

૫. **વિવાહપન્નત્તિ અંગસુત્ત**—(વિવાહ પ્રજ્ઞપ્તિ) :જેનાં બીજાં નામો વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ અને **ભગવતી**સૂત્ર છે. જેમાં ૪૧ શતકો, દર શતકે દશ કે તેથી વધુ ઉદ્દેશાઓ, અનેક પ્રશ્નોત્તરો અને ૧૫૭૪૨ શ્લોકપ્રમાણ ગદ્યરચના છે. પદ્યો બહુ ઓછી સંખ્યામાં છે.

આ સૂત્રમાં ધર્મ, વ્યવહાર, દર્શન, પરમાર્થ, વિજ્ઞાન, મૂળતત્ત્વો, ભૂગોળ, ખગોળ, ઈતિહાસ, પ્રસ્તરશાસ્ત્ર, અણુ, પરમાણુ, પુદ્ગલ, કાળ, શિક્ષા, યુદ્ધકાળ, વનસ્પતિ, પશુવર્ગ, પ્રાણીવર્ગ, જીવ, ગર્ભસ્થિતિ, શરીરવિજ્ઞાન, વિચિત્ર ઘટનાઓ, શબ્દસ્વરૂપ, પ્રમાણો વગેરે અનેક વિષયોનું તલસ્પર્શી નિરૂપણ છે. ગણધરો, શિષ્યો, ગૃહસ્થો, બીજા દર્શનવાળા અજૈનો, સ્ત્રીઓ વગેરે પ્રશ્ન પૂછે છે અને ભગવાન મહાવીરસ્વામી તેનો ઉત્તર આપે છે. આ પ્રશ્નોત્તર જ્યાં જ્યાં થયા છે, તે તે સ્થાનો પણ દર્શાવવામાં આવ્યાં છે.

પ્રશ્નોત્તરોના પ્રાસાદિક નમૂનાઓ નીચે પ્રમાણે છે:—

પ્રશ્ન—ભગવાન! લોઢું, ત્રાંબુ, કલાઈ, સીસું, કોલસો અને કાટ એ દરેક કયા કયા જીવનાં શરીરો છે?

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઉત્તર—ગૌતમ ! લોઢું, ત્રાંબુ, કલાઈ, સીસું, કોલસો અને કાટ એ દરેક અસલમાં પૃથ્વીના જીવનાં શરીરો કહેવાય અને અન્ય સાધનોનો સંસ્કાર થાય ત્યાર પછી અગ્નિના જીવ વગેરેનાં શરીરો કહેવાય. (શ. ૫, ઉ. ૨, સૂ. ૧૮૧)

પ્રશ્ન—ભગવાન ! આ રાજગૃહી નગર કોને કહેવું ? શું પૃથ્વીને રાજગૃહી નગર કહેવું ? પ્રાણીને, ઝાડોને અને એ જ રીતે સજીવ, નિર્જીવ કે મિશ્ર પદાર્થોને રાજગૃહી નગર કહેવું ?

ઉત્તર—ગૌતમ ! પૃથ્વીને રાજગૃહી નગર કહી શકાય અને એ જ અનુક્રમે ત્યાનાં સજીવ, નિર્જીવ કે મિશ્ર દ્રવ્યોને પણ રાજગૃહી કહી શકાય. (શ. ૫, ઉ. ૯, સૂ. ૨૨૩)

પ્રશ્ન—ભગવન્ ! દોડતા ઘોડાને ખુખુ એ શબ્દ કેમ થાય છે ?

ઉત્તર—ગૌતમ ! દોડતા ઘોડાને હૃદય અને પાંસળીની વચ્ચે **કર્કબડવાયુ** ઊછળે છે, જેથી ખુખુ શબ્દ થાય છે. (શ. ૧૦, ઉ. ૩, સૂ. ૪૧૨)

જૈન સાઇટ JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

પ્રશ્ન—ભગવાન ! પુદ્ગલપરિણામ કેટલા પ્રકારે છે ?

ઉત્તર—ગૌતમ ! પરપ્રયોગજન્ય, મિશ્રતાજન્ય, અને સ્વભાવજન્ય એમ ત્રણ પ્રકારે છે.

પ્રશ્ન—ભગવાન ! જન્મથી કોની કોની દાઢો ઝેરી છે ?

ઉત્તર—ગૌતમ ! વીંછી, દેડકો, સાપ અને મનુષ્યની. અને તેઓમાં પણ ઉત્તરોત્તર અધિક પ્રમાણમાં ઝેર હોય છે. (શ. ૮, ઉ. ૨-૩, સૂ. ૩૧૬)

પ્રશ્ન—ભગવાન ! દક્ષતા સારી કે પ્રમાદ સારો ?

ઉત્તર—જયંતી ! કેટલાએક જીવોને દક્ષતા સારી અને કેટલાએક જીવોને પ્રમાદ સારો.

પ્રશ્ન—ભગવાન ! એમ કેમ કહો છો ?

ઉત્તર—જયંતી (કૌશામ્બીની રાજકુમારી) ! જે જીવો આ જગતને સંતાપ કરાવનારા છે, તેઓને આળસ થાય તે સારી કે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જેથી તેઓ બીજાને દુઃખી કરી શકે નહીં. અને જે જીવો ધર્મી છે, પરહિતચિંતક છે, તેઓની દક્ષતા બીજા જીવોને અનેક રીતે ઉપકારકર્તા નીવડે છે, માટે તેઓની દક્ષતા સારી છે.

(શ. ૧૨, ઉ. ૨, સૂ ૪૪૩)

આ સિવાય ગૌશાળો, પાર્શ્વાપત્યો, રાજાઓ, સંન્યાસીઓ સોમિલ બ્રાહ્મણ, જમાલી, મહારાજા ચેટક, અજાતશત્રુ, ગણસત્તાક રાજ્યો, મહાશિલા કંટકયુદ્ધ, રથમુશલયુદ્ધ, વરુણ, શ્રાવકની લડાઈ આજીવક મતના ઉપાસકોની જીવનચર્યા, તુંગીનગરીના× જૈનો, ભવિષ્યવાણી વગેરે ઘણા વર્ણનપાઠો છે.

---

× **તુંગીનગર**—ભગવાન મહાવીરસ્વામીના સમયમાં તુંગીનગર એ સમૃદ્ધ શહેર હતું. તેનો નાશ થવાથી પાલવંશી રાજા ગોપાળે તેને ફરી વસાવ્યું, જેનું બીજું નામ ઉદ્દંડપુર ( કરવેરા વગરનું નગર ) હતું. બખ્તીયારના પુત્ર મહમ્મદે સં. ૧૨૫૬માં ગોવિંદપાળને મારી તે નગર ભાંગ્યું. ( મિનહાજકૃત ઇતિહાસ ) પછી બિહારશરીફ વસ્યું છે.

અબુ ઉમર મિનહાજ ઉદ્દીન ઉસ્માન બીજા સિરાજુદ્દીન આ સ્થાનને 'અદ્દવિહાર' તરીકે ઓળખાવે છે. શહેરની પશ્ચિમ તરફ એક નાનકડી પહોળી પહાડી છે, ત્યાં બૌદ્ધવિહાર (બૌદ્ધવિહાર નહીં પણ જૈનવિહાર) હતો.

બિહારશરીફથી ૨ માઇલ દૂર તુંગીયા નગરીનું સ્થાન છે, જ્યાં આજે નાનકડું ગામ છે. ૨ જિનાલય છે.

ચંપાપુરી—ભાગલપુરથી ૨૮ માઇલ પૂર્વમાં ગંગાની દક્ષિણમાં અને કોલગંજથી ૬ માઇલ ઉત્તરમાં **પથ્થરચટ્ટા** પહાડી છે. ત્યાં આસપાસ નાની મોટી અનેક પહાડીઓ છે. અહીં પ્રાચીન કાળમાં **વિક્રમશિલા** નામનું સુપ્રસિદ્ધ વિશ્વવિદ્યાલય હતું. નાલંદાના સાર્વજનિક વિશ્વવિદ્યાલયના અસ્તકાળમાં આ વિશ્વવિદ્યાલયની શરૂઆત થઈ હશે એમ સંભવે છે.

( ઇ. સ. ૧૯૪૮ જાન્યુઆરીનું 'વિશાલ ભારત' પૃ. ૯૪ થી ૯૭ )

બૌદ્ધ ધર્મના પક્ષપાતી વિદ્વાન રાહુલ સાંકૃત્યાયન લખે છે કે-પથ્થરચટ્ટાની પહાડીમાં બૌદ્ધ ચિહ્નો મળતાં નથી, જ્યારે બ્રાહ્મણ ચિહ્નો વધુ પ્રમાણમાં મળે છે. આ પહાડીથી બે ત્રણ માઈલ દૂર 'બાવનવિગહા'નાં ખંડેરો વિશાળ ભૂમિમાં પથરાયેલાં મળે છે. ભોટિયા ગ્રંથોના આધારે સંહાર યાને ભાગલપુરની ઉત્તરમાં વિક્રમશિલાનું સ્થાન નક્કી થાય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આ અંગમાં ઉવવાઈ, રાયપસેણીય, પન્નવણા, જીવાભિગમ, અણુઓગદાર, સિદ્ધગંડિકા, આયરંગ, સૂઅગડંગ, ઠાણુંગ, સમવાયાંગના સાક્ષીપાઠો છે. એટલે કે આ૦ દેવર્ધિંગણીએ ઉપરના આગમો લખ્યા પછી આ 'વિવાહપન્નત્તિ' લખી છે. એમ કરવાથી લાભ એ થયો કે—સાક્ષીવાળા પાઠોને તે તે આગમોમાંથી જોઈ લેવાની ભલામણ કરી અહીં લખ્યા નહીં, પરિણામે આ અંગ બહુ મોટું હતું જ તે આ રીતે કંઈક નાનું બન્યું અને પુસ્તકરૂપે લખવામાં પણ સરળતા થઈ પડી. આ અંગ આજે પણ બીજા ૮૩ આગમો કરતાં ઘણું જ મોટું છે. એકંદરે આ સૂત્રમાં પોતાના નામ પ્રમાણે વસ્તુવિવેચન છે.

**ણાયાધમ્મકહાઓ અંગ** (જ્ઞાતાધર્મકથા)—જેમાં ૨ શ્રુતસ્કંધો, અને ૫૫૦૦ શ્લોકપ્રમાણ ગદ્યપદ્ય સંગ્રહ છે. નવમા અને સત્તરમા અધ્યયનોમાં છૂટક છૂટક પદ્યો પણ છે.

આ સૂત્રમાં પહેલા જ્ઞાતખંડમાં ૧૯ અને બીજા ધર્મકથા ખંડમાં ૧૦ વર્ગો અને ૨૦૬ કથાઓ છે, જેમાંની ઘણી કથાઓ સાચી બનેલી છે. દરેક કથા રસિક અને અસરકારક છે.

'મુનિ પોતાના માર્ગમાં સ્થિર થાય' એ શિક્ષણ આ કથાઓમાંથી બરાબર મળે છે.

આજે આ સૂત્રના પહેલા ખંડમાં ૧૯ કથાઓ જ રહી છે. પરંતુ તેની સાડાત્રણ કરોડ પેટા કથાઓ હતી તે વિનાશ પામી છે.

આ ધર્મકથાનુયોગમાં ગણાતું કથાપ્રધાન અંગ છે.

---

અને એ રીતે વિચારીએ તો સુલતાનગંજ પ્રાચીન વિક્રમશિલા બને છે. પણ ત્યાં એવી પુરાણી નિશાનીઓ મળતી નથી કે જે તેને વિક્રમશિલા તરીકે પુરવાર કરી શકે. (પુરાતત્ત્વ નિબંધાવલી, લેખ ૧૬ મો.)

સુલતાનગંજ પાસે **અષ્ટાપદાવતારતીર્થ** હતું. ત્યાં ગંગા નદીના જળપ્રવાહની વચ્ચે **પહાડી** ઉપર ઋષભદેવ ભગવાનનું દેરાસર હતું. જૈનો હિજરત કરી પશ્ચિમ ભારતમાં ચાલ્યા ગયા પછી આ સ્થાન શૈવોના હાથમાં ગયું છે. આજે ભક્ત શૈવો અહીં કાવડમાં ગંગાજળ લઈ પગે ચાલી વૈદ્યનાથ-વૈજનાથ જાય છે અને ત્યાં શિવજીની તે પાણીથી પૂજા કરે છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**ઉવાસગ દસાંગ** (ઉપાસક દશા)–જેમાં ૧૦ અધ્યયનો અને ૮૧૨ શ્લોકપ્રમાણ ગદ્ય સંગ્રહ છે. આ સૂત્રમાં ભગવાન શ્રી**મહાવીર**સ્વામીના ૧. આનંદ, ૨. કામદેવ, ૩. ચુલણીપિતા, ૪. સુરદેવ, ૫ નાનો શતક ૬. કુંડકોલિક, ૭. શકડાળપુત્ર **કુંભાર**, ૮. મોટો શતક, ૯. નંદનીપિતા, અને ૧૦. શાલિહીપિતા; એ દશ શ્રમણોપાસકોનાં જીવનચરિત્રો છે. તે દરેક મહર્ધિક હતા, પ્રતિષ્ઠિત હતા, વિચારક હતા, તેઓ ભગવાન શ્રીમહાવીરસ્વામી પાસે શ્રાવકનાં ૧૨ વ્રતો લે છે, પ્રતિજ્ઞાનું દૃઢ પાલન કરે છે, ઉપસર્ગોમાં પણ સ્થિર રહે છે અને અનશનપૂર્વક મરી દેવલોકમાં દેવપણે ઉત્પન્ન થાય છે, ઈત્યાદિ વર્ણન છે. આમાં તત્કાલીન પરિસ્થિતિ, આહાર, આચાર, વિચાર, વેષભૂષા અને ધર્મચર્યાનું હૂબહુ આલેખન છે. શકડાળ કુંભારનો ધર્મસંવાદ ખાસ ધ્યાનખેંચે તેવો છે.

जैन साईट JAINSITE .com जैनम् जयति शासनम्

૮. **અંતગડ દસાંગસુત્ત** (અંતકૃત્ દશા)—જેમાં ૮ વર્ગો, ૯૦ કથાનકો અને ૭૯૦ શ્લોકપ્રમાણ ગદ્ય સંગ્રહ છે. અધ્યયનનાં દ્વારો બતાવવા માટે પદ્યો આપેલાં છે.

આ સૂત્રમાં ભગવાન શ્રી**નેમિનાથ** અને ભગવાન શ્રી**મહાવીર**સ્વામીના સમયના મોક્ષગામી સ્ત્રી-પુરુષોનાં ચરિત્રો છે, જેમાંના ઘણાખરા તો **શત્રુંજયતીર્થ** અગર **વિપુલાચલતીર્થ** ઉપર મોક્ષે ગયા છે. જેમાં ગજસુકુમારનું ખૂન, દ્વારિકાનું ભવિષ્ય, વસુદેવ શ્રીકૃષ્ણનું તીર્થંકરપદ, દીક્ષાનો ઢંઢેરો, અર્જુનમાળીની નિર્દયતા, શેઠ **સુદર્શન**ની નિર્ભયતા, યક્ષની નિષ્ફળતા, અતિમુક્ત મુનિનો સંવાદ, કૃષ્ણ વાસુદેવની ૮ **રાણી**, શ્રેણિક રાજાની ૨૬ રાણીઓ, કાલીદેવી વગેરેની તપસ્યા; ઈત્યાદિ ખાસ ધ્યાનખેંચે તેવી વસ્તુઓ છે. આ અંગમાં વિવાહપન્નત્તિ અને ણાયાધમ્મકહાના સાક્ષીપાઠો અનેક છે.

**અણુત્તરોવવાઈ અંગ** (અનુત્તરૌપપાતિકસૂત્ર)—જેમાં ૩ વર્ગો, ૩૦ અધ્યયનો અને ૧૯૨ શ્લોકપ્રમાણ ગદ્ય સંગ્રહ છે. અધ્યયનોનો અનુક્રમ પદ્યોમાં આપ્યો છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આ સૂત્રમાં ભગવાન શ્રીમહાવીરસ્વામીના સમયના પાંચ અનુત્તર વિમાનમાં ઉત્પન્ન થનાર મુનિવરોનાં ચરિત્રો છે, જેમાં મગધરાજ શ્રેણિકના રાજકુમારો અભયકુમાર વગેરે અને **ધન્નો** અણગાર વગેરેનો સમાવેશ થાય છે. આ અંગની ભાષા સરળ છે.

**૧૦ પણ્હવાગરણ અંગ** (પ્રશ્નવ્યાકરણ)–જેમાં ૨ શ્રુતસ્કંધો, ૧૦ અધ્યયનો અને ૧૩૦૦ શ્લોકપ્રમાણ ગદ્ય સંગ્રહ છે. ૯મા અધ્યયનમાં માત્ર ત્રણ ગાથાઓ મળે છે.

આ સૂત્રમાં હિંસા, જૂઠ, ચોરી, મૈથુન, પરિગ્રહ, અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહનું તલસ્પર્શી વિવેચન છે. એટલે કે હિંસા આદિનાં સ્વરૂપો, નામાંતરો, કારણો, પરિણામો અને દૃષ્ટાંતો આપીને વિષયને સારી રીતે ચર્ચ્યો છે. તેમજ ત્યાજ્ય તથા ગ્રાહ્યનો વિવેક કરી બતાવ્યો છે. ભાષા ઝમકવાળી છે, પ્રાસંગિક વર્ણનો પણ લલિતકળાથી ઉપસેલાં છે.

જૈન સાઈટ JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્

ઠાણાંગસૂત્ર, સમવાયાંગસૂત્ર અને નંદીસૂત્રથી જાણી શકાય છે કે અસલ આ અંગમાં ૪૫ અધ્યયનો, પૂછાતા વિદ્યામંત્રો, અપૂછાતા વિદ્યામંત્રો, મિશ્ર વિદ્યામંત્રો, અંગૂઠપ્રશ્નો, બાહુપ્રશ્નો, આદર્શપ્રશ્નો, અન્ય વિદ્યાઓ અને નાગકુમાર આદિના સંવાદો; અથવા "ઉપમા" વગેરે વસ્તુઓ હતી જે નાશ પામી છે. માત્ર આશ્રવ અને સંવરદ્વારનાં ૧૦ અધ્યયનો બાકી રહ્યાં છે એ પણ આ૦ દેવર્ધિગણી ક્ષમાશ્રમણની અગમચેતીનું જ ફળ છે.

**૧૧. વિવાગસુય અંગ (વિપાકશ્રુત)**— જેમાં ૨ સ્કંધો, ૨૦ અધ્યયનો, ૨૦ કથાઓ અને ૧૨૫૦ શ્લોકપ્રમાણ ગદ્ય રચના છે.

જેમાં કરેલા પાપનું પરંપરાએ શું ફળ મળે છે? અને કરેલા ધર્મનું પરંપરાએ શું ફળ મળે છે? તેને સ્પષ્ટ કરતી ૨૦ કથાઓ છે. એટલે કે મૃગાપુત્ર, ઉજ્ઝિતક, અભગ્નસેન, શકટ, બૃહસ્પતિ, નંદિવર્ધન ઉંબરદત્ત, શૌરિકદત્ત, દેવદત્તા, અંજૂ, સુબાહુ, ભદ્રનંદી, સુજાત, સુવાસવ, જિનદાસ, વૈશ્રમણ, મહાબળ ભદ્રનંદી, મહાનંદ,

અને વરદત્તનાં ચરિત્રો છે. પ્રજાપીડન, માંસલોલુપતા, શિકાર, યજ્ઞહોમ, સત્તાની આંધી, કસાઈ, સ્ત્રીમોહ, વેશ્યાનો ધંધો અને દાન વગેરેને વિશદરીતે આલેખ્યાં છે, રસની જમાવટ અખંડ રહે છે, વર્ણન ભાવવાહી અને અસરકારક છે.

આ અંગમાં તત્કાલીન રાજાઓ, લોમાહાર, ચિકિત્સાજ્ઞાન, ગુન્હાના કાયદાઓ, ક્રૂર દંડવિધાન, ગુન્હેગારનો વરઘોડો વગેરે પ્રાચીન વર્ણનો મળે છે

૧૨. **દષ્ટિવાદ**—આ બારમું અંગ હતું, જે વીર સં. ૧૦૦૦માં નાશ પામ્યું છે.

૧૨. **આવશ્યકસૂત્ર**—જેનાં સામાયિક, ચતુર્વિંશતિ સ્તવ, વંદનક, પ્રતિક્રમણ, કાયોત્સર્ગ અને પ્રત્યાખ્યાન એ ૬ અંગો છે, જેની રચના પૂ. ગણધરો અને પૂર્વધરોએ કરેલ છે. શ્લોક-પ્રમાણ ૧૨૫.

પક્ખીસૂત્ર અને શ્રાદ્ધ પ્રતિક્રમણસૂત્ર એ તેની સાથે જોડાયેલાં સૂત્રો છે.

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

૧૩. **દશવૈકાલિકસૂત્ર**—ચૌદ પૂર્વધારી આ૦ શય્યંભવસૂરિએ બાળમુનિ મનકને માટે બનાવેલાં ૧૦ અધ્યયન અને ૭૦૦ શ્લોકપ્રમાણ આગમ. આમાં મુનિજીવન જીવવા માટે બહુ ટૂંકું અને બોધપ્રદ વસ્તુનિરૂપણ છે. આ સૂત્ર ભણ્યા પછી જ મુનિ જૈનમુનિ પદને યોગ્ય બને છે. આ સૂત્ર ઉપર બે પરિશિષ્ટો પણ છે.

( વિશેષ માટે જુઓ, પૃ. ૧૧૩ )

૧૪. **કલ્પિતાકલ્પિત**:—મર્યાદા પ્રતિપાદક આગમ.

૧૫. **લઘુ કલ્પશ્રુત**:—સ્થવિરકલ્પ આદિનો અધિકાર.

૧૬. **મહાકલ્પશ્રુત**:—સ્થવિરકલ્પ આદિનો વિશેષ અધિકાર.

૧૭. **ઓપપાતિક**:—નગર, ચૈત્ય, વન, વૃક્ષ, મગધરાજ કુણિક, રાજપરિવાર, તીર્થંકર, પ્રભુવંદનવિધિ વગેરે વિષયોને વર્ણવતું શાસ્ત્ર. દરેક આગમોમાં નગર વગેરેના વર્ણન પ્રસંગે, વર્ણન

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

માટે આ સૂત્રની જ **સાક્ષી** આપવામાં આવે છે. વળી, આ સૂત્રમાં ચારે ગતિની ઉત્પત્તિ અને તપસ્વીઓ વગેરેના પરભવનો અધિકાર આપેલો છે. શ્લોક ૧૬૦૦ (૧૨૦૦)

૧૮. **રાજપ્રશ્નેણીય:**—જેમાં **પ્રદેશી** રાજા અને **કેશી** ગણધરનો જીવ વિષયક સંવાદ, પ્રદેશીનો ધર્મપ્રેમ, રાણીની કામુકતા, રાજાનું મૃત્યુ, સૂરિયાભદેવ, **જિનપ્રતિમા**પૂજન, પૂજાવિધિ, ભગવાન મહાવીરસ્વામી પાસે આવી કરેલ ૩૨ પ્રકારનું **નાટક** વગેરે વર્ણન છે. શ્લોક ૨૧૦૦

૧૯. **જીવાજીવાભિગમસૂત્ર:**—જેમાં ૯ અધ્યયનો, ૧૮ ઉદ્દેશા અને ૪૭૫૦ શ્લોકપ્રમાણ ગદ્ય સંગ્રહ છે. જેમાં જીવ અને અજીવનું સ્વરૂપ બતાવ્યું છે. જીવોના ૨ થી પ્રારંભીને ૧૦ સુધી **ભેદો** પાડ્યા છે. ત્રીજા અધ્યયનમાં **વિજયદેવ**, શાશ્વત **જિનપ્રતિમાઓ**, ઉપકરણો, પૂજાવિધિ અને ૩૨ જાતનાં **નાટકો** બતાવ્યાં છે. સમુદ્રના ભરતી–ઓટનું કારણ, નંદીશ્વરદ્વીપનાં બાવન જિનાલયો, ભૂગોળ અને ખગોળનો વિષય પણ એ જ અધ્યાયમાં ચર્ચ્યો છે.

जैन साहित्य JAINSITE.com जैनम् जयति शासनम्

૨૦. **પ્રજ્ઞાપનાસૂત્ર:**—જેમાં ૩૬ પદો છે, ૭૭૮૭ શ્લોકપ્રમાણ ગ્રંથપૂર છે, મોટો ભાગ ગદ્યમાં છે. પ્રતિપાદક વિષયો ભગવાન અને ગૌતમસ્વામીના પ્રશ્નોત્તરરૂપે ગૂંથ્યા છે. દશ પૂર્વધર આ૦ **શ્યામાચાર્યે** (જુઓ: પૃ. ૧૮૦) વીર સં. ૩૬૦ લગભગમાં આ આગમ બનાવ્યું છે.

આ સૂત્રમાં જૈન દર્શનના દરેક વિષયો નિરૂપ્યા છે. એટલે કે—૧. પ્રજ્ઞાપના, ૨. સ્થાન, ૩. અલ્પબહુત્વ, ૪. આયુષ્ય, ૫. પર્યાય, ૬. ઉપપાત, ૭. શ્વાસોચ્છ્વાસ, ૮. સંજ્ઞાઓ, ૯. ઉત્પત્તિસ્થાન, ૧૦. ચરમ, ૧૧. ભાષા, ૧૨. પાંચ શરીરો, ૧૩. પરિણામ, ૧૪. કષાય, ૧૫. પાંચ ઈંદ્રિયો, ૧૬. પ્રયોગ, ૧૭. ૭ લેશ્યા, ૧૮. કાયસ્થિતિ, ૧૯. સમ્યક્ત્વ, ૨૦. અંતક્રિયા, ૨૧. દેહમાન, ૨૨. ક્રિયા, ૨૩ થી ૨૭. કર્મવિચાર, ૨૮. આહાર, ૨૯. ઉપયોગ, ૩૦. જોવાનો વિચાર, ૩૧. સંજ્ઞીભેદો, ૩૨. સંયમ, ૩૩. અવધિજ્ઞાન, ૩૪. **દેવદાંપત્ય**, ૩૫.

૫૪

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વેદના, પીડા, અને ૩૬. સમુદ્‌ઘાતનું વિસ્તૃત વર્ણન કરેલ છે. જૈન દર્શનનું સંપૂર્ણ જ્ઞાન મેળવવા માટે આ **એક જ** આગમ છે એમ કહીએ તો કહી શકાય.

૨૧. **મહાપ્રજ્ઞાપનાસૂત્ર:**—પ્રજ્ઞાપનાસૂત્રનો વિસ્તાર.

૨૨. **પ્રમાદાપ્રમાદસૂત્ર:**–પ્રમાદ,અપ્રમાદ અને તેનું પરિણામ.

૨૩. **નંદીસૂત્ર:**—વાચક શ્રી**દેવ**વાચકકૃત પાંચ જ્ઞાનનું વર્ણન. શ્લોક ૭૦૦.

૨૪. **અનુયોગદ્વારસૂત્ર:**—આવશ્યક શ્રુતસ્કંધ ઉપર અનુયોગ વિચારણા. શ્લોકપ્રમાણ ૨૦૮૫. આ સૂત્રમાં **તરંગવતી**, મલયવતી અને **આત્માનુ**શાસ્તિનો પણ ઉલ્લેખ છે. આ૦ આર્યરક્ષિત, આ. સ્કંદિલ કે આ. દેવર્ધિએ આ સૂત્ર રચ્યું હશે એમ લાગે છે.

૨૫. **દેવેન્દ્રસ્તવ:**—ગાથા ૩૦૭, કર્તા ઋષિપાલિત મુનિ છે.

૨૬. **તંદુલવૈચારિક પ્રકીર્ણક:**—એક જિંદગીના શ્વાસોચ્છ્‌વાસ, આહાર, ગર્ભકાળ, દેહનિર્માણનાં સાધનો, ગર્ભસંખ્યા, મીઠું, **તાંદુલ** વગેરેનો વિચાર, ગાથા ૧૩૯. સાથે સાથે ગદ્યપાઠ પણ છે.

૨૭. **ચંદ્રવેધ્યક પ્રકીર્ણક:**—ગાથા ૧૭૪ ( ૩૧૦ ) જેમાં રાધાવેધનું દૃષ્ટાંત છે. મરણ સમયે કેમ વર્તવું તેનું નિરૂપણ છે.

૨૮. **સૂર્યપ્રજ્ઞપ્તિ:**—ખગોળ શાસ્ત્ર. પ્રાભૃત ૨૦, શ્લોક ૨૨૦૦.

૨૯. **પોરસીમંડળ:**—પહોરના જ્ઞાનનું ગણિત વગેરે.

૩૦. **મંડલપ્રવેશ:**—સૂર્યગતિ વિચાર.

૩૧. **વિદ્યાચરણવિનિશ્ચય:**—જ્ઞાન અને ચારિત્રના ફળનો નિર્ણય.

૩૨. **ગણિવિદ્યા:**—આચાર્યને ઉપયોગી જ્યોતિષ, શકુન વગેરે જ્ઞાનનું લઘુશાસ્ત્ર, ગાથા ૮૨.

૩૩. **ધ્યાનવિભક્તિ:**—ધ્યાનના ભેદો–પેટા ભેદોનું વર્ણન.

૩૪. **મરણવિભક્તિ:**–બાળમરણ, પંડિત મરણ વગેરે વર્ણન.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૩૫. **આત્મવિશુદ્ધિ**

૩૬. **વીતરાગશ્રુત:**—કેવલીનો અધિકાર.

૩૭. **સંલેષણાશ્રુત:**—સંલેષણાનું સ્વરૂપ.

૩૮. **વિહારકલ્પ:**—વિહારની વિધિ, **ઓઘનિર્યુક્તિ**માં પણ વિહારવિધિ દર્શાવેલ છે.

૩૯. **ચરણવિધિ:**—ચારિત્રપ્રાપ્તિવિધિ કે દીક્ષાવિધિ.

૪૦. **આતુરપ્રત્યાખ્યાન:**—ગ્લાનને અનશન કરાવવાનો વિધિ. ગાથા ૭૦ દિગમ્બર આ૦ વટ્ટેરકના મૂલાચારનો પરિચ્છેદ બીજો આના અવતરણરૂપ છે.

૪૧. **મહાપ્રત્યાખ્યાન:**— મૃત્યુ સમયનો મોટો વિધિ. ગાથા ૧૪૨.

૪૨. **ઉત્તરાધ્યયનસૂત્ર:**—તીર્થંકરો તથા ગણધરોએ ઉપદેશેલ પ્રધાન ૩૬ અધ્યયનોનો સંગ્રહ. શ્લોકપ્રમાણ ૨૦૦૦. જેનો મોટો ભાગ પદ્યમાં છે. ફરી ફરી વાંચવાનું મન થાય તેવી સુંદર રચનાશૈલી છે. જેમાં ખાસ ખાસ ઉપયોગી ચૂંટેલા અને બોધપ્રદ વિષયોનો સંગ્રહ છે. આગમો પૈકીના ઘણા આગમો ઉપર ટીકાઓ બની છે પરંતુ આ આગમ ઉપર વધુમાં વધુ ટીકાઓ બની છે. જે આ આગમમાં રહેલ વસ્તુસંગ્રહને આભારી છે.

૪૩. **દશાશ્રુત સ્કંધ:**—ચૌદપૂર્વી આ૦ ભદ્રબાહુસ્વામીકૃત દંડવિધાનનું શાસ્ત્ર. અધ્યયન ૧૦, શ્લોકપ્રમાણ ૧૮૩૦. આનું બીજું નામ આચારદશા છે. આ આગમના આઠમા અધ્યયનમાંથી **શ્રીકલ્પસૂત્રની** રચના કરેલી છે, જે ૧૨૧૬ શ્લોકપ્રમાણ છે.

૪૪. **બૃહત્કલ્પસૂત્ર:**—ચૌદપૂર્વી શ્રીભદ્રબાહુસ્વામીકૃત દંડવિધાન શાસ્ત્ર. ઉદ્દેશા ૬, શ્લોક ૪૭૩. આ સૂત્રનાં નામો વેદકલ્પ, કલ્પ, કલ્પાધ્યયન, સાધુકલ્પ વગેરે છે.

૪૫. **વ્યવહારસૂત્ર**—ચૌદપૂર્વી ભદ્રબાહુસ્વામીકૃત દંડવિધાન શાસ્ત્ર, અધ્યયન ૧૦, શ્લોક ૬૦૦.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૪૬. **નિશીથસૂત્ર:**—છેદશાસ્ત્ર ઉ૦ ૨૦, શ્લોક ૮૧૫. આ સૂત્રનું બીજું નામ આચારપ્રકલ્પ છે. (જુઓ. પૃષ્ઠ ૪૧૭)

૪૭. **મહાનિશીથસૂત્ર:**—છેદશાસ્ત્ર, અધ્યયન ૭, શ્લોક ૩૫૦૦, શ્લોક ૪૨૦૦, શ્લોક ૪૫૦૦, આની ઉપર ૨ પરિશિષ્ટો પણ છે. આ૦ હરિભદ્રસૂરિએ તેનો જીર્ણોદ્ધાર કર્યો છે.

૪૮. **ઋષિભાષિત પ્રકીર્ણક**—પ્રત્યેકબુદ્ધ ઋષિપ્રણીત 'સૂક્ત સંગ્રહ' અધ્યયન ૪૫, ગાથા ૭૫૦.

૪૯. **જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિ**—જંબૂદ્વીપની ભૂગોળ. અધ્યયન ૭, શ્લોક—૪૧૪૬.

૫૦. **દ્વીપસાગરપ્રજ્ઞપ્તિ:**—ભૂગોળ ( ઉપલબ્ધગાથા ૨૨૩ )

૫૧. **ચંદ્રપ્રજ્ઞપ્તિ:**—ખગોળ શાસ્ત્ર. પ્રા૦ ૨૦, શ્લોક ૨૨૦૦

૫૨. **લઘુવિમાન પ્રવિભક્તિ:**—વિમાનવર્ણન.

૫૩. **મહાવિમાન પ્રવિભક્તિ**

૫૪. **અંગચૂલિકા:**—અંગોનું પરિશિષ્ટ.

૫૫. **વર્ગચૂલિકા:**—વર્ગોવાળા આગમોનું પરિશિષ્ટ.

૫૬. **વિવાહચૂલિકા:**—વિવાહપ્રજ્ઞપ્તિનું પરિશિષ્ટ.

૫૭. **અરુણોપપાત,** ૫૮ **વરુણોપપાત**

૫૯. **ગરુડોપપાત,** ૬૦ **ધરણોપપાત**

૬૧. **વૈશ્રમણોપપાત,** ૬૨ **વેલંધરોપપાત**

૬૩. **દેવેન્દ્રોપપાત**—જેનું બીજું નામ દેવેન્દ્રપરિતાપન છે.

૬૪. **ઉત્થાનસૂત્ર:**—ઉચ્ચાટન પાઠ.

૬૫. **સમુત્થાનસૂત્ર:**—શાંતિકારક પાઠ.

૬૬. **નાગપરિયાવલિકા.**

૬૭. **નિરયાવલિકા:**—નરકગામીનાં ચરિત્રો. અ. ૧૦, કુલ શ્લોક ૧૧૦૦.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૬૮. **કલ્પિકા:**—કલ્પાવતંસિકા—અ૦ ૧૦. સૌધર્મ વગેરે કલ્પોમાં ઉત્પન્ન થનારા સમ્રાટ શ્રેણિકના ૧૦ પૌત્રોનાં દૃષ્ટાંતો.

૬૯. **પુષ્પિકા:**—અ૦ ૧૦, જેમાં ચારિત્રમાં શિથિલ થયેલાનાં દૃષ્ટાંતો છે. ત્રીજા અધ્યાયમાં સોમિલ બ્રાહ્મણની વાત છે, તે મોઢે મુહપત્તિ બાંધે છે, ત્યાં તે ક્રિયાને મિથ્યાત્વીની ક્રિયા બતાવી છે. તે કપિલતાપસ થાય છે, અંતે જૈન મુનિ બને છે.

૭૦ **પુષ્પચૂલા:**—પુષ્પિકાનું પરિશિષ્ટ. અ૦ ૧૦,

૭૧. **વૃષ્ણિદશા:**—અ૦ ૧૨, યાદવકુળના અંધકવૃષ્ણિ વંશના બાર કુમારોનાં દૃષ્ટાંતો.

૭૨. **આસીવિષભાવના:**—દાંતનું ઝેર વગેરે.

૭૩. **દૃષ્ટિવિષભાવના:**—દૃષ્ટિવિષ.

૭૪. **ચારણસ્વપ્નભાવના:**—આકાશગમન, સ્વપ્નવિદ્યા.

૭૫ **મહાસ્વપ્નભાવના:**—સ્વપ્નશાસ્ત્ર, આંખનું ઝેર.

૭૬. **તેજોગ્નિનિસર્ગ:**—તેજોલેશ્યાનું સ્વરૂપ.

૭૭. **દોગિદ્ધિદશા:**—જેમાં વાત, વિવાત, ઉવવાત, સુક્ખિત્ત, કસિણ, ૪૨ સ્વપ્નો, ૩૦ મહાસ્વપ્નો, હરિ, રામ અને ગુપ્ત; એમ ૧૦ અધ્યયનો હતાં. ( સ્થા. ૧૦, ઉ૦ ૩, સૂ૦ ૭૫૫ )

૭૮. **દીર્ઘદશા:**—અ૦ ૧૦, જેમાં આ૦ સંભૂતિવિજય તથા આ૦ પદ્મનાં દૃષ્ટાંતો હતાં. આ પદ્મ તે આ૦ વજ્રસેનસૂરિના ગુરુભાઈ હોય તો આ સૂત્ર આર્યરક્ષિતસૂરિની વાચનાનું હશે એમ લાગે છે.

૭૯. **બંધદશા:**—અ૦ ૧૦.

૮૦. **સંક્ષિપ્તદશા:**—જેમાં (૫૨) લઘુ વિમાન પ્રવિભક્તિ વગેરે ૧૦ અધ્યયનોનો સંક્ષેપ હતો.

૮૧. **પ્રશ્નવ્યાકરણદશા:**—આ સૂત્ર પ્રશ્નવ્યાકરણનો એક વિભાગ કે તેના સારરૂપે હશે, જેમાં ઉપમા, સંખ્યા, ઋષિભાષિત,

જૈન સાહિત્ય JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્
www.jainsite.com	For Private & Personal Use Only	info@jainsite.com

આચાર્યભાષિત, મહાવીરભાષિત, વસ્ત્રપ્રશ્ન, કોમલપ્રશ્ન, આદર્શપ્રશ્ન, અંગૂષ્ઠપ્રશ્ન (હજરત) અને બાહુપ્રશ્ન ૧૦ અધ્યયનો હતાં. (ઠા. ૧૦)

૮૨. **પંચકલ્પ**:—છેદશાસ્ત્ર. ગાથા ૧૧૩૩. આ બૃહત્કલ્પના ભાષ્યનું એક અંગ મનાય છે. તેની ઉપર મોટું ભાષ્ય, નાનું ભાષ્ય અને ચૂર્ણિ બન્યાં છે. આ સૂત્ર આજે મળતું નથી તેથી તેના સ્થાને ' જીતકલ્પસૂત્ર ' ગણાય છે.

૮૩. **ગતિપ્રવાદ અધ્યયન**—( ભગવતીસૂત્ર શ૦ ૮, ઉ૦ ૭, સૂ૦ ૩૩૮ ).

૮૪. **નિર્યુક્તિઓ, ભાષ્યો, સંગ્રહણીઓ**—આ૦ ભદ્રબાહુસ્વામીકૃત નિર્યુક્તિઓ,* આ૦ સંઘદાસગણિ કૃત**ભાષ્યો**, સંગ્રહણીઓ વગેરે.

એમ ૮૪ આગમો છે,× તેમાં ૧૨ અંગો તો ગણધર શ્રીસુધર્માસ્વામીની રચના છે. બીજા આગમો ભગવાનના શિષ્યો, પ્રત્યેકબુદ્ધો અને પૂર્વધરોની રચના છે.

( સમવાયાંગ, નંદી, પક્ખીસૂત્ર, ઠાણાંગ, વિવાહપ્રજ્ઞપ્તિ ).

ત્યારે અંગો વગેરેના કેટલાએક અંશો નાશ પામી ગયા હતા, જેનો ઉલ્લેખ આપણે તે તે આગમોમાં કર્યો છે. આ૦

---

* નિર્યુક્તિઓ માટે જુઓ આ ગ્રંથ પૃ. ૧૨૨, ૧૨૩. 'સંસક્તનિર્યુક્તિ' પણ મળે છે, તેમાં સમૂર્ચ્છિમની ઉત્પત્તિ તથા સાધુને કલ્પતો આહાર વગેરેનું વર્ણન છે. તેની ઉપર અવચૂરી છે.

× આચારાંગ સૂ૦ ૫-૫-૧૬૨, સ્થાનાંગ સૂત્ર સ્થા૦ ૩, ભગવતી સૂત્ર -૩૦, ૩૧, ૩૬, ૩૭માં લખ્યું છે કે- तमेव सच्चं णिस्संकं जं जिणेहिं पवेइयं ।

આચારાંગ ૨-૩-૧૩૯, સમવાયાંગ સૂ૦ ૪૯, ઉપાસક દશા સૂ૦ ૭૦, અંતકૃદ્દશા સૂત્ર૦ ૧૭માં 'આગમ પ્રમાણ હોય' તેને જ યથાર્થ માન્યું છે.

સ્થાનાંગ સ્થા. ૫, ઉ૦ ૨. સૂ૦ ૪૨૧ માં આગમ, સૂત્ર, આજ્ઞા, ધારણા અને જીતને પ્રમાણરૂપે સ્વીકાર્યાં છે.

ભગવતીજી સૂ૦ ૫૫, ૬૮, સ્થાનાંગ સ્થા૦ ૬-૩-૪૯૭, સ્થાનાંગ સ્થા૦ ૭-૩-૫૫૧ (સાત ગોત્રો ), પ્રશ્નવ્યાકરણ સૂ૦ ૪, સમવાયાંગ સૂત્ર ૧૫૯, પ્રજ્ઞાપનાપદ ૧, સૂત્ર ૩૭ માં આર્યોનું સ્વરૂપ છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**દેવર્ધિ**ગણીએ આ વાચનામાં તેના ઉપલબ્ધ ભાગો જ લખ્યા છે. જે પાઠો એકથી વધુ સ્થાનોમાં આવતા હતા, તેને એક એક સૂત્રમાં કાયમ રાખી બીજા આગમોમાં ઉક્ત સૂત્રની સાક્ષી આપી તે લખાણને ટુંકાવ્યું છે.× અને એમ થવાથી પુસ્તકલેખનનું કામ બહુ સફળ બન્યું હતું. સામાન્ય રીતે પ્રથમ ઉપાંગો વગેરે લખી, છેવટે ૧૧ અંગો લખ્યાં છે; એમ આપેલા સાક્ષીપાઠોથી નક્કી થાય છે. જ્યાં જ્યાં **વાચનાભેદો** પડયા, કે મતાંતર મળ્યા, ત્યાં ત્યાં તે અંગેના બીજા ઉપલબ્ધ પાઠોને પણ કાયમ રાખ્યા છે, પરંતુ ક્યાંય પણ મતિકલ્પનનાને સ્થાન આપ્યું નથી.

## ગ્રંથસાહિત્ય

આ૦ દેવર્ધિ ક્ષમાશ્રમણે આ વાચનામાં આગમો ઉપરાંત બીજા **ગ્રંથો** પણ લખ્યા છે. તેમાંનાં કેટલાંકનાં નામો નીચે પ્રમાણે છે—

ચૌદ પૂર્વોમાંથી ઉદ્ધરેલા—(૨) સિદ્ધપ્રાભૃત, સંસક્તનિર્યુક્તિ, કર્મપ્રકૃતિ, શતક, (પંચસંગ્રહ, સપ્તતિકા, શતક,) જીવસમાસ, યોનિપ્રાભૃત, (૫) નયચક્ર, (૬) વાક્યશુદ્ધિ, (૭) ધર્મપ્રજ્ઞપ્તિ, (૮) પરિષહ અધ્યયન, પિંડૈષણા, (૯) ઓઘનિર્યુક્તિ, દશવૈકાલિકના છૂટાં સાત અધ્યયનો, ચાર છેદઆગમો, કલ્પસૂત્ર, પંચકલ્પ, સ્થાપનાકલ્પ, (૧૦) પ્રતિષ્ઠાકલ્પ વગેરે.

પૂર્વધરોએ રચેલા—જ્યોતિષપ્રાભૃત, નિમિત્તપ્રાભૃત, આ૦ધરસેનકૃત યોનિપ્રાભૃત વગેરે પ્રાભૃતો, અંગવિદ્યા શ્લોક ૯૦૦૦, જ્યોતિષકરંડક અ૦ ૨૧, ગચ્છાચાર ગા૦ ૧૩૭ વગેરે પ્રકીર્ણકો, સભાષ્ય તત્ત્વાર્થસૂત્ર, તરંગવતી, મલયવતી, વસુદેવચરિત્ર, પદ્મચરિત્ર, વસુદેવહીંડી, ઉપદેશમાલા, સન્મતિતર્ક, ન્યાયાવતાર, બત્રીશીઓ, દેવાગમસ્તોત્ર વગેરે. એમ આ વાચનામાં કરોડો શ્લોકપ્રમાણ **જૈન સાહિત્ય** લખાયું છે.

---

× ભગવતીસૂત્રમાં પ્રજ્ઞાપના-જીવાભિગમના, સ્થાનાંગસૂત્ર ૬૭૨માં સમવાયાંગના, સમવાયાંગ સૂત્ર ૪૯, ૮૧, ૮૮, ૧૩૬ ૧૫૩, ૧૫૭ વગેરેમાં સમોસરણ અધિકારમાં બૃહત્કલ્પભાષ્ય, ભગવતીજી, નંદી, નિર્યુક્તિઓ અને પ્રજ્ઞાપના સૂત્ર વગેરેના સાક્ષીપાઠો છે.

www.jainsite.com                    For Private & Personal Use Only                    info@jainsite.com

બસ, આ૦ દેવર્ધિગણીએ અગમચેતી વાપરી આગમ વગેરેને પુસ્તકારૂઢ કરી અમર બનાવ્યા છે અને તેથી જ આપણે આજે જિનાગમવાળા છીએ

**જૈન આગમોની ભાષા:**

મૂળ ૧૧ અંગોની ભાષા અર્ધમાગધી છે, બીજા આગમોની ભાષા અર્ધમાગધી, માગધી કે પ્રાકૃત છે. જે જે સમયે જે જે પ્રધાન લોકભાષાઓ હતી તે તે સમયે તે તે ભાષામાં જૈન સાહિત્ય રચાયું છે.

પ્રાચીન કાળમાં અર્ધમાગધી, માગધી અને પ્રાકૃત ભાષા મહત્ત્વવાળી હતી, જેનું વર્ણન નીચે પ્રમાણે મળે છે: —

**भगवं च णं अद्धमागहीए भासाए धम्ममाइक्खइ।**

તીર્થંકર ભગવાન અર્ધમાગધીભાષામાં ધર્મોપદેશ કરે છે.

( સમવાયાંગ સૂત્ર )

जैन साइट
JAINSITE .com
જૈનમ્ જયતિ શાસનમ્

**गोयमा ! देवा णं अद्धमागहाए भासाए भासंति।**

દેવો અર્ધમાગધી ભાષામાં બોલે છે.

( વિવાહપન્નતિ, ભગવતીજી શ૦ ૫, ઉ૦ ૪, પ્ર૦ ૨૦ )

**अद्धमागहाए भासाए भासइ अरहा।**

તીર્થંકરો અર્ધમાગધી ભાષામાં બોલે છે. (ઉવવાઈસૂત્ર )

**भासारिया जे णं अद्धमागहाए भासाए भासंति।**

ભાષાઆર્યો અર્ધમાગધી ભાષામાં બોલે છે. (પન્નવણાસૂત્ર )

**जइ वि य भूयावाए, सव्वस्स वओगयस्स ओआरो।**
**णिज्जुहणा तहावि हु, दुम्मेहे पप्प इत्थी य ॥ ५५१ ॥**

જો કે દૃષ્ટિવાદ આગમમાં સર્વવાઙ્મયનું અવતરણ છે તો-પણ અલ્પમતિવાળા અને સ્ત્રીઓને માટે બીજાં અંગો વગેરેની રચના છે. ( આ૦ જિનભદ્રગણી ક્ષમાશ્રમણનું વિશેષાવશ્યકસૂત્ર )

**पोराणमद्धमागहभासानिययं हवइ सुत्तं।**

પ્રાચીન આગમ અર્ધમાગધી ભાષામાં ગૂંથાયેલ છે.

(આ૦ જિનદાસ મહત્તરકૃત નિશીથચૂર્ણી )

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**बालस्त्रीमूढमूर्खाणां, नृणां चारित्रकाङ्क्षिणाम् ।**
**अनुग्रहार्थं सर्वज्ञैः, सिद्धान्तः प्राकृतः कृतः ॥**

ચારિત્રને ઇચ્છનારા ઓછી બુદ્ધિવાળા મનુષ્યો, બાળકો અને સ્ત્રીઓના લાભ માટે તીર્થંકરોએ શાસ્ત્રો પ્રાકૃતમાં બનાવ્યાં છે.

( આ૦ હરિભદ્રસૂરિકૃત, દસવેયાલિયસુત્ત ટીકા )

**मुत्तूण दिट्ठिवायं, कालिय-उक्कालियं-ग-सिद्धंतं ।**
**थी-बालवायणत्थं, पाइयमुइयं जिणवरेहिं ॥**

તીર્થંકરોએ દૃષ્ટિવાદ સિવાયના કાલિક, ઉત્કાલિક અને અંગ વગેરે સિદ્ધાંત સ્ત્રી અને બાળકને ભણવા માટે પ્રાકૃતમાં કહ્યો છે.

( આચારદિનકર )

**सा मागधी मूलभासा, नरा यायादिकप्पिका ।**
**ब्राह्मनो च ( स ) सुतालाया, सम्बुद्धा चापि भासरे ॥**

માગધી એ જ મૂળ ભાષા છે. મનુષ્યો, નારકીઓ, બ્રહ્મલોક સુધીના દેવો અને બૌદ્ધો આ જ ભાષામાં બોલે છે.

( બૌદ્ધપ્રવચન, બૌદ્ધસાહિત્ય )

નરક, પશુયોનિ, પ્રેત્ય ( ભૂતપ્રેત ), મનુષ્ય લોક અને દેવલોકમાં મોટા ભાગે સર્વત્ર માગધી ભાષા જ બોલાય છે. ઓઢ્ઢ ( ઉડિયા ), કિરાતી, આંધ્ર, યાવની અને દ્રાવિડી વગેરે ભાષાઓ બદલાયા કરે છે. માત્ર એક આ માગધી ભાષા જ યથાનુરૂપ અને આર્ય વ્યવહારવાળી હોવાથી બદલાતી નથી. ગૌતમબુદ્ધ પણ યોગ્યને ઉપદેશ આપે ત્યારે માગધી ભાષામાં જ આપે છે. કેમકે માગધી ભાષા વડે અર્થો સુગમતાથી બતાવી શકાય છે. પ્રતિસમ્મિદા પામેલ મનુષ્યોને બોધ થવામાં માગધી ભાષામાં ઉપદેશેલ બુદ્ધવચન સાંભળવા પૂરતી જ વાર હોય છે; જેને સાંભળવાથી અનેક જાતના અર્થો સ્પષ્ટ થઈ જાય છે. કદાચ તેઓને બીજી ભાષામાં બુદ્ધવચન દેવામાં આવે તો તે તેને તાણીખેંચીને શીખવવું પડે છે. વળી કેટલાએકને તો તેમ ઘણું શીખવા છતાં પણ પ્રતિસમ્મિદાય પ્રાપ્ત થતી નથી.

( પટિસમ્મિદામગ્ગ અને વિભંગની અટ્ઠકથાઓ )



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ગૌતમબુદ્ધના નિર્વાણ પછી મળેલ પહેલી સંગીતિમાં બુદ્ધ-પ્રવચન ત્રિપિટકરૂપે સંગ્રહિત થયેલ છે, જે પાલિ ભાષામાં છે. ત્રિપિટકની ભાષાનાં પાલિ, પાવચન, તંતિ, ભારતી વગેરે નામો છે.

( ત્રિપિટકાચાર્ય ધર્મભિક્ષુરક્ષિતની 'પાલિસાહિત્યકી રૂપરેખા' વિશ્વવાણી, ક. ૮૧ )

**गौतमबुद्ध उत्पन्न हुए। उन्होंने लोकभाषामें लोगोंको धर्मोपदेश दिया। धर्मधर सिंहलके स्थविरवादी हैं, वे कहते हैं "हमारे धर्म ग्रंथ मूल मागधीभाषामें हैं"। हां, यदि उच्चारणकी विशेषताको कोई नगण्य समझे, तो उनका कथन बहुत कुछ सच निकलेगा।**

( રાહુલજીની પુરાતત્ત્વ નિબંધાવલી. પૃ. ૨૧૯, ૨૨૦ )

**स्वतन्त्रस्य पुनरेकवत् सर्वा अपि भाषाः स्युः।**

(કવિ રાજશેખરની કાવ્યમીમાંસા, પૃ. ૫૧ વિક્રમની દશમી સદી)*

---

* मगधके राजा शिशुनागने अपने अन्तःपुरमें ट, ठ, ड, ढ चार मूर्धन्य (शषस) तीन ऊष्म और क्ष जैसे दुरुच्चार अक्षरों पर सख्त प्रतिबंध लगाया था। बोलनेवाले दण्डित होते थे। शूरसेनके राजा कुविन्दने अपने अन्तःपुरमें परुष व्यंजनोंके उच्चारणको वर्जित कर रक्खा था। कुन्तलदेशके नृपति सातवाहनने अन्तःपुरमें प्राकृतको विचारविनिमयके लिये स्थान दिया था। महलोंमें प्राकृत आमतौर पर बोली जाती थी।

दक्षिणके लोग तालपत्र व्यवहारमें लाते थे। जैन भाण्डारोंमें भी ताडपत्रोंका उल्लेख है।

(શ્રી. જનાર્દન મિશ્રની "રાજશેખર ઔર કાવ્યમીમાંસા." વિશાલ ભારત ભા. ૩૯, અં. ૪, પૂર્ણાંક ૧૩૩ )

મૌર્ય રાજા અશોક વગેરેના શિલાલેખો અને અનુશાસનો માગધી ભાષામાં જ ખોદાયેલ છે. કેમકે તે સમયે તે રાજ્યભાષા હતી—રાષ્ટ્રભાષા હતી. શૂરસેનના રાજા કુવિંદે રાજમહેલમાં કઠીન અને જોડિયા અક્ષરો બોલવાની સખ્ત મના કરી હતી; તેમજ કુંતલના રાજા સાતવાહને પણ રાજમહેલમાં પ્રાકૃતભાષાને જ સ્થાન આપ્યું હતું. ( કવિ રાજશેખરની કાવ્યમીમાંસા ) આઢ્ય રાજ્યમાં દરેક દરેક પ્રાકૃતભાષા બોલતા હતા. (રાજા ભોજનું સરસ્વતીકંઠાભરણ ) મહારાષ્ટ્રમાં પ્રકૃષ્ટ પ્રાકૃત ભાષા જ બોલાતી હતી. ( કવિ દંડીનો કાવ્યાદર્શ ) ગૂજરાતમાં સર્વથા પ્રાકૃતભાષા જ બોલાતી હતી. ( કવિ રાજશેખરનું રામાયણ તથા કાવ્યાદર્શ )

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

गिरः श्राव्या दिव्याः प्रकृतिमधुराः प्राकृतधुरः,
सुभव्योऽपभ्रंशः सरसवचनं भूतवचनम् ।
विभिन्नाः पन्थानः किमपि कमनीयाश्च त इमे,
निबद्धा यस्त्वेषां स खलु निखिलेऽस्मिन् कविवृषाः ॥

પ્રાકૃતભાષા સ્વતઃ મધુર છે, મીઠી ભાષા છે.

( કવિ રાજશેખરનું બાલરામાયણ )

यद् योनिः किल संस्कृतस्य सुदृशां जिह्वासु यन्मोदते,
यत्र श्रोत्रपथावतारिणि कटुर्भाषाक्षराणां रसः ।
गद्यं चूर्णपदं पदं रतिपतेस्तत् प्राकृतं यद् वचः,
ताँल्लाटाँल्ललिताङ्गि ! पश्य नुदतीं दृष्टे निमेषव्रतम् ॥

( બાલરામાયણ, અ૦ ૧, શ્લો. ૧૧ )

पठन्ति लटभं लाटाः, प्राकृतं संस्कृतद्विषः ।
जिह्वया ललितोल्लापलब्धसौन्दर्यमुद्रया ॥

( કવિ રાજશેખરનો કાવ્યાદર્શ )

परुसो सक्कअबंधो, पाउअबंधो वि होइ सुउमारो ।
पुरिसाणं महिलाणं, जेत्तिअमिहंतरं तेत्तिअमिमाणं ॥

સંસ્કૃતભાષા કઠક છે, પ્રાકૃતભાષા સુકુમાર છે, આ બન્નેમાં પુરુષ અને સ્ત્રી જેવું અંતર છે.

( કવિ રાજશેખરની કર્પૂરમંજરી )

पाइयकव्वुल्लापे पडिवयणं सक्कएण जो देइ ।
सो कुसुमसंथरं, पत्थरेण अबुहो विणासेइ ॥
ललिए महुरक्खरे जुवईयणवल्लहे ससिंगारे ।
संते पाइयकव्वे, को सक्कइ सक्कयं पढिउं ? ॥

( વજ્જાલગ્ગ )

अहो तत् प्राकृतं हारि ।

( વરરુચિના પ્રાકૃતપ્રકાશની ટીકા )

सयलाओ इमं वाया, विसंति एत्तो य णेंति वायाओ ।
एंति समुद्दं च्चिय, णेन्ति सायराओ च्चिय जलाइं ॥

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જેમ પાણી સાગરમાં મળે છે અને સાગરમાંથી ઉત્પન્ન થાય છે, તેમ સર્વ ભાષાઓ પ્રાકૃતમાં મળે છે અને પ્રાકૃતમાંથી ઉત્પન્ન થાય છે.

( કવિ વાક્પતિરાજનો ગઉડવહો )

**अमयं पाइयकव्वं, पढिउं सोउं च जे ण जाणन्ति ।**
**कामस्स तत्ततत्तिं कुणंति ते कहं न लज्जंति ? ॥ २ ॥**

જે અમી જેવા પ્રાકૃત કાવ્યને ભણતા નથી, સાંભળતા નથી અને માત્ર કામતત્ત્વને જ પોષે છે, તેઓ કેમ શરમાતા નથી !

( કવિ હાલ રાજાની ગાથાસત્તસતી )

આ વર્ણનપાઠો ઉપરથી અર્ધમાગધી, માગધી અને પ્રાકૃત ભાષા કેવી પ્રધાન, પ્રૌઢ, સુકુમાર, વ્યવહારુ અને અર્થવાહક છે તેનો સ્પષ્ટ ખ્યાલ મળી શકે છે. માટે જ જિનાગમો અર્ધમાગધી તથા પ્રાકૃતમાં બનાવ્યાં છે.+

**જિનાગમનું વિવરણસાહિત્ય:**

જિનાગમ ઉપર વિવરણસાહિત્ય વિશાળ છે, જેની ટૂંકી યાદી નીચે મુજબ છે.

**નિર્યુક્તિ**—આ૦ **ભદ્રબાહુસ્વામીએ** ૧. આચારાંગ, ૨. સૂત્રકૃતાંગ, ૩. આવશ્યક, ૪. ઉત્તરાધ્યયન, ૫. દશાશ્રુત( કલ્પસૂત્ર ), ૬. બૃહત્કલ્પ, ૭. વ્યવહાર, ૮. દશવૈકાલિક, ૯. સૂર્યપ્રજ્ઞપ્તિ અને ૧૦. ઋષિભાષિતોની નિર્યુક્તિઓ, ૧૧. પિંડનિર્યુક્તિ, ૧૨. ઓઘનિર્યુક્તિ અને ૧૩ સંસક્તનિર્યુક્તિ; એમ ૧૩ નિર્યુક્તિઓ બનાવી છે. દરેકની ભાષા પદ્યમય પ્રાકૃત છે.

( વિશેષ માટે જુઓ. પૃષ્ઠ : ૧૨૨, ૧૨૩. )

**ભાષ્ય**—જુદા જુદા આચાર્યોએ પદ્ય પ્રાકૃતમાં ભાષ્યો રચ્યાં છે.

| નામ | પ્રમાણ | કર્તા |
| --- | --- | --- |
| આવશ્યકભાષ્ય ( લઘુ ) | | |
| આવશ્યકભાષ્ય | શ્લો. ૪૩૦૦ | આ. જિનભદ્રગણી ક્ષમા. |

+ મને ખાતરી છે કે ભારતસરકાર તારવ્યવહારમાં સંસ્કૃત કે હિંદી-ભાષાને બદલે પ્રાકૃત ભાષાને દાખલ કરે તો તેમાં તેને વધુ સફળતા મળશે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

| | | |
|---|---|---|
| જીતકલ્પભાષ્ય | શ્લો. ૩૧૨૫ | ,, |
| નિશીથભાષ્ય | શ્લો. ૭૪૦૦ | ,, |
| બૃહત્કલ્પભાષ્ય | ગા૦ ૭૬૦૦(૮૦૦૦) | આ. સંઘદાસ મહત્તર |
| ,, ભાષ્ય | શ્લો. ૧૨૦૦૦ | આ. જિનદાસ ગ. મહત્તર |
| નિશીથભાષ્ય. | શ્લો. ૧૨૦૦૦ | |
| વ્યવહારભાષ્ય. | ગા. ૪૬૨૯ | |
| પંચકલ્પભાષ્ય | ગા. ૨૫૭૪ | આ. સંઘદાસ મહત્તર |
| ઓઘનિજ્જુત્તિ–ભાષ્ય | ગા. ૨૫૭૦ | |
| પિંડનિજ્જુત્તિ–ભાષ્ય | ગા૦ ૪૨ | |

ઉપર પ્રમાણે આગમભાષ્યો મળે છે. "બૃહત્કલ્પ"નું મોટું ભાષ્ય બૃહત્કલ્પચૂર્ણિ અને નિશીથચૂર્ણિ પછી બન્યું છે. વિશેષાવશ્યક મહાભાષ્ય પણ આવશ્યકચૂર્ણિ પછી બન્યું છે.

આ સિવાય કમ્મપયડિ, ષડશીતિ, સયગ, અને સટ્ટસયગ ઉપર ભાષ્યો બન્યાં છે. તેમજ આ. શાંતિસૂરિકૃત ચૈત્યવંદન ભાષ્ય શ્લો. ૯૨૨, અને આ. દેવેંદ્રસૂરિકૃત ભાષ્યત્રયમ્ ગા૦ ૧૫૨ બન્યાં છે.

**ચૂર્ણિ**—આચારાંગ, સૂત્રકૃતાંગ, ભગવતીજી, જીવાજીવાભિગમ, જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિ, આવશ્યક, દશવૈકાલિક, ઉત્તરાધ્યયન, છ છેદગ્રંથો, જીતકલ્પ, ઓઘનિર્યુક્તિ, નંદી, અનુયોગદ્વાર, કર્મપ્રકૃતિ, શતક, સાર્ધશતક અને સપ્તતિકા વગેરેની ચૂર્ણિઓ મળે છે. ચૂર્ણિઓની રચના સંસ્કૃતપ્રાકૃત મિશ્ર છે, ગદ્યરૂપે છે.

**ટીકાઓ**—૧૧ અંગો, ૧૨ ઉપાંગો, ઘણા છેદ આગમો, ૬ આવશ્યક, ૪ મૂળ આગમો, નંદીજી, અનુયોગદ્વારસૂત્ર, ઘણાં પ્રકીર્ણકો, નિર્યુક્તિઓ એ દરેક ઉપર ટીકાઓ બની છે; જે ટીકાઓ મોટા વિવરણરૂપે છે અને કેટલીએક ટીકાઓ અવચૂરિ, પંજિકા, ફક્કિકા કે છાયારૂપે છે. ટીકાઓ મોટે ભાગે સંસ્કૃત ગદ્યમાં બની છે.

કેટલાએક આગમોનાં ગુજરાતીમાં વાર્તિક ટબ્બા–બાલાવબોધ કે ભાષાંતર બન્યાં છે. હિંદીમાં વચનિકા કે ભાષાંતર બન્યાં છે તેમજ અંગ્રેજી અને જર્મની ભાષામાં પણ ભાષાંતર બન્યાં છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આ પ્રમાણે જિનાગમ સાહિત્ય આશરે સાત લાખ શ્લોક પ્રમાણ મળે છે; જેમાં **પરમશાંતિ** પામવાના માર્ગો ઉપદેશ્યા છે.

**લોકપ્રકાશ**—દરેક મનુષ્યો સંપૂર્ણ આગમસાહિત્યને ભણે અને સર્વતોમુખી જિનતત્ત્વને પ્રાપ્ત કરે તે સંભવિત નથી. આવા જીવોના ઉપકાર માટે મહોપાધ્યાય શ્રીવિનયવિજયજી મહારાજે સંસ્કૃતમાં "લોકપ્રકાશ" ગ્રંથ બનાવ્યો છે, જે ગુજરાતી ભાષાંતર સાથે છપાઈ ગયો છે. મહોપાધ્યાયજી મહારાજે ઉપલબ્ધ આગમોમાં પ્રતિપાદિત દરેકે દરેક વિષયોને આમાં વ્યવસ્થિત રીતે દાખલ કર્યો છે. આપણે આ ગ્રંથને " જૈન-એનસાઈક્લોપિડિઆ " કહીએ તો ચાલે. એકંદરે આમાં જૈનદર્શનની પ્રત્યેક વસ્તુઓનું મૌલિક વર્ણન છે.

**જિનાગમવાણીની પ્રશંસા:**

**सव्वप्पवायमूलं, दुवालसंगं जओ समक्खायं ।**
**रयणागरतुल्लं खलु, तो सव्वं सुंदरं तम्मि ॥**

**( आ० हरिभद्रसूरिकृत-उपदेशपद )**

**अकृत्रिमस्वादुपदां, परमार्थाभिधायिनीम् ।**
**सर्वभाषापरिणतां, जैनीं वाचमुपास्महे ॥**

**( क० स० आ० हेमचंद्रसूरिकृत-काव्यानुशासनम् )**

**सा जीयाज्जैनी गौः, सद्धर्मोऽलंकृतिर्नवरसाढ्या ।**
**त्रिपदान्वितयापि यया, भुवनत्रयगोचरोऽव्यापि ॥**

**( आ० उदयसिंहकृत-धर्मविधिवृत्ति )**

આ જિનવાણી સદા જગતનું કલ્યાણ કરો.

**કલ્પસૂત્રનું વાચન :**

આ. ભૂતદિન્નસૂરિ સમર્થ વાચનાચાર્ય હતા. તેઓ વીર સં. ૯૦૪ થી ૯૮૩ સુધી યુગપ્રધાનપદે હતા. તેમની પછી આ. કાલિકસૂરિ અને ત્યારબાદ આ. સત્યમિત્ર યુગપ્રધાન થયા છે. આ **કાલિકસૂરિ** તે ચોથા કાલિકાચાર્ય છે, તેઓ વીર સં. ૯૮૩ થી ૯૯૪ સુધી યુગપ્રધાનપદે હતા. તેઓ વિહાર કરતા કરતા

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**આણંદપુર** પધાર્યા અને વીર સં. ૯૯૩ વિ. સં. ૫૨૩ વ. સં. ૨૦૮માં ત્યાં ચોમાસું રહ્યા. આ સમયે ભટ્ટાર્ક સેનાપતિનો ત્રીજો પુત્ર ધ્રુવસેન પણ પોતાના કુટુંબ પરિવાર સાથે આણંદપુરમાં હતો. તેનો યુવરાજ પુત્ર દૈવયોગે મરી ગયો, આથી આખા રાજ્યમાં શોકની છાયા વ્યાપી ગઈ. આ૦ કાલિકે રાજા ધ્રુવસેનને પ્રતિબોધી શોક દૂર કરવા; વી. સં. ૯૯૩ ના ભાદરવા શુદિ ૪ ને દિવસે સવારે ચતુર્વિધ સંઘ સમક્ષ કલ્પસૂત્રનું પ્રથમ વાચન કર્યું. રાજા ધ્રુવસેન શોક મૂકી, કલ્પસૂત્ર સાંભળવા આવ્યો હતો. અત્યારે પણ આ પ્રવૃત્તિ ચાલુ છે. જૈનો પર્યુષણામાં શુદ્ધ વસ્ત્રો પહેરી આદરપૂર્વક વિધિસહિત શ્રીકલ્પસૂત્રને સાંભળે છે અને તે વિધિને પરમ દ્રવ્યમંગળ તથા ઉત્કૃષ્ટ ભાવમંગળ તરીકે માને છે.

## હૂણસમ્રાટ તોરમાણ

હૂણોના પૂર્વજો ઈ. સ. પૂર્વે ૪૦૦ લગભગમાં ચીનની વાયવ્યમાં રહેતા હતા, પશુઓને ચરાવતા હતા. તેઓ શત્રુ પક્ષમાં મળી ગયા એટલે ચીનવંશના ચોથા રાજા અને પહેલા સમ્રાટ ચૈંગચૈંગ યાને શી–હ્વાંગ–ટીએ ઈ. સ. પૂર્વે ૩૧૮માં હૂણોને ચીનની સરહદથી મંગોલિયાત તરફ હાંકી કાઢ્યા અને તે દિશાની સરહદ પર ઈ. સ. પૂર્વ ૨૧૪માં એક મોટી દીવાલ બનાવી. જે આજે વિશ્વનાં મોટાં આશ્ચર્યોમાં એક મનાય છે. હૂણસરદાર માતૂને ઈ. સ. ૨૦૯ માં પોતાનું રાજ્ય જાપાની સમુદ્રથી વોલ્ટા સુધી વિસ્તાર્યું. હૂણો પણ મંગોલિયાથી નીકળી કનસૂર તરીમતટ અને શકસ્થાનમાં થઈ ફારસમાં જઈ વસ્યા. હૂણ સરદાર ખુશનેવાઝ ઈ. સ. ૪૮૮માં ફારસના રાજા ફિરોજને મારી ત્યાંનો રાજા બન્યો હતો પરન્તુ ફિરોજના પુત્ર કેકોબાદે બીજે વર્ષે જ તેને હરાવ્યો, ભગાડ્યો અને ખુશરૂનસરવાને ઇ. સ. ૫૫૬માં ઉત્તરીય હૂણ રાજ્યનો મૃત્યુઘંટ વગાડ્યો. આથી કેટલાએક હૂણો યુરોપમાં રોમ અને ઈટાલી તરફ ચાલ્યા ગયા, અને સમય જતાં ધીમે ધીમે ધીમે ત્યાંની પ્રજામાં ભળી ગયા.

www.jainsite.com    For Private & Personal Use Only    info@jainsite.com

હૂણોનો એક કાફલો ફારસથી તિબેટ રસ્તે ભારતમાં આવ્યો. તેમણે પ્રથમ સમ્રાટ કુમારગુપ્તના સમયમાં ઈ. સ ૪૦૦ લગભગમાં કંદહાર લૂટયું. હૂણો ઇ. સ. ૪૫૦ લગભગમાં **ભારતમાં** આવ્યા, પરન્તુ ઈ. સ. ૪૫૫માં સમ્રાટ **સ્કંદગુપ્તે** તેનો સબળ સામનો કર્યો એટલે તેઓ આગળ વધી શકયા નહીં. અંતે હૂણ સમ્રાટ **તોરમાણે** કંદહાર, સૌરાષ્ટ્ર, આનર્ત, મત્સ્ય અને મધ્ય પ્રદેશ જીતી ઈ. સ. ૪૮૪ (વિ. સં. ૫૪૧) માં **એરન** જીત્યું, પછી બુંદેલખંડ તથા માળવો જીતી લીધા. તે ઈ. સ. ૫૦૦ લગભગમાં તો સમસ્ત **ઉત્તર ભારતનો સમ્રાટ** બની ચૂકયો હતો. તે ઈ. સ. ૫૦૨ માં મરણ પામ્યો. તેની ગાદીએ **મિહિરકુલ** બેઠો. તે બહુ બહાદૂર હતો, તેણે કાશ્મીર જીત્યું, ઈ. સ. ૫૧૭ લગભગમાં સિંધ અને તેની આસપાસનો પ્રદેશ જીતી લીધો. અંતે ગુપ્તસમ્રાટ બાલાદિત્ય, માલવરાજ **યશોધર્મા**, વલભીપતિ **ધ્રુવસેન**, કનોજનો આદિત્યવર્મા અને સ્થાનેશ્વરનો નરવર્મા વગેરેએ એકસંપ કરી તેનો સામનો કર્યો. તેને ઈ. સ. ૫૨૮માં મંદસોર પાસે સખત હાર આપી, ભારત બહાર ચાલ્યા જવાની ફરજ પાડી. આ હૂણો પરના વિજયની યાદીમાં મંદસોરમાં બે **વિજયસ્તંભો** રોપાયા છે અને તેમાં બ્રાહ્મીલિપિમાં વિજય-પ્રશસ્તિ કોતરી છે; જે આજે પણ ત્યાં વિદ્યમાન છે. મિહિરકુલ ઈ. સ. ૫૪૦ (વિ. સં. ૫૯૭) માં મરણ પામ્યો, અને હૂણોની સત્તાનો ઓટ આવ્યો. હૂણોની રાજસત્તા ઈ. સ. ૫૬૫માં ઉત્તર ભારતમાંથી, ઇ. સ. ૫૮૦માં દક્ષિણ ભારતમાંથી અને ઇ. સ. ૬૪૮માં મધ્ય ભારતમાંથી સદાને માટે નાશ પામી છે. સ્થાણેશ્વરના હર્ષવર્ધને ઈ. સ. ૬૪૮માં હૂણસત્તાનો છેલ્લો નાશ કર્યો હતો. પછી તો હૂણો પણ ભારતની બીજી જાતિઓમાં ભળી ગયા એટલે આજે હૂણ એ શબ્દો માત્ર ઈતિહાસમાં જીવતા રહ્યા છે.

( ભારતવર્ષ, ભાગ ૪૮, અંક ૧, કે. ૨૮૩ )

તુરમણી નગરીમાં આ૦ કાલકનો ભાણેજ દત્ત રાજા થયો.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તેણે યુગપ્રધાન આ. કાલકસૂરિને યજ્ઞનું ફળ પૂછ્યું અને પછી પોતાનું મરણ પૂછ્યું. આચાર્યશ્રીએ તેને સાફસાફ ખુલાસો કહી સંભળાવ્યો. તેને મૃત્યુ માટે જે દિવસ આપ્યો તે જ દિવસે તે મૃત્યુ પામ્યો. આ ભવિષ્યવાણી સાચી પડવાથી આચાર્યશ્રીનો પ્રભાવ તે સમયના જિતારિ વગેરે ઘણા રાજાઓ ઉપર પડ્યો. આ ઘટના વીર સં. ૯૫૦ લગભગમાં બની હશે. રાજપુરુષોએ દત્તને મારી જિતારીને રાજા બનાવ્યો અને ત્યારપછી તુરમણી નગરી તોરમાણના હાથમાં ગયું. ત્યાં તુરમણીનું અસલ નામ **પવ્વઇયા** નગરી છે. તોરમાણે ત્યાં ગાદી સ્થાપ્યા પછી તેનું બીજું નામ તુરમાણી પડ્યું હશે અને એ જ કારણે દત્તના ઈતિહાસમાં એ નામ લખાયું હશે એમ લાગે છે.

હૂણસમ્રાટ તોરમાણે ગુપ્તરાજ્યના સિંહાસનને હચમચાવ્યું. તે વિ. સં. ૫૫૭ સુધીમાં ઉત્તરાપથનો સમ્રાટ બની ચૂક્યો હતો, તેણે ઉત્તરાપથમાં ચીનાબને કિનારે **પવ્વઇયા** નગરીમાં પોતાની રાજધાની સ્થાપી.* તેના પ્રતાપી પુત્ર મિહિરકુલે શિયાલકોટને પોતાની

જૈન સાઈટ JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્

* પવ્વઇયા નગરી આજે નથી. વિદ્વાનો માને છે કે આજે જ્યાં શિયાલકોટ, જમ્મુ, ઝંગ, પટ્ટી, ચાચર કે હરપ્પા છે, ત્યાં તે નગરી હતી.

બૌદ્ધ ગ્રંથોમાં મુલતાનથી ઈશાનમાં ૭૦૦ લી (આશરે ૧૧૭ માઈલ) દૂર પચ્ચઈવા બનાવી છે. આ હિસાબે મોંટગોમરી જિલ્લાનું રાવી નદીના પૂર્વ કિનારે અક્ષાંશ-૩૧, રેખાંશ ૭૩-૨૫ સ્થાને રહેલ હરપ્પા એ જ પચ્ચઈયા છે ત્યાંની ખોદાઈમાંથી ઘણા પ્રાચીન અવશેષો મળ્યા છે.

પવ્વઇયા, પાર્વતિકા, પાર્વતી અને હરપ્પા (હરાત્મા હરપત્ની) એ એક જ અર્થને સૂચવે છે. એટલે હરપ્પા એ જ પર્વતિકા હોવાનો વધુ સંભવ છે.

કોઈ સ્થાને પવ્વઇયાને તક્ષશિલાના એક ભાગ તરીકે વર્ણવી છે.

ઈ. સ. ૧૨૧૬ના ચચનામામાં સૂચન છે કે—તલવાડા, ચચપુર યાને ચાચર એ જ પવ્વઇયા છે. (ભારતીય વિદ્યા, ક્ર. ૫.)

**વીતભયનગરનો** ટીલો જે આજે અક્ષાંશ ૨૭-૧૫, રેખાંશ ૬૮-૧૫ના સ્થાને મોહન-જો-ડેરો (મરેલાઓની ટેકરીઓ) તરીકે પ્રસિદ્ધ છે; ત્યાંથી ભગવાન પાર્શ્વનાથની ધાતુપટ્ટ ઉપર બનાવેલ ઘણી પુરાણી મૂર્તિ મળી છે. (જૈન સત્યપ્રકાશ, ક્ર. ૧૭૨)



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

રાજધાનીનું શહેર બનાવ્યું હતું. આ સમ્રાટ તોરમાણ અને મિહિરકુલ જૈનધર્મના પ્રેમી રાજાઓ હતા. તેઓ આ. કાલક તથા આ. હરિગુપ્તસૂરિને સાચા જ્ઞાની, કડક ત્યાગી અને ગુરુ તરીકે માનતા હતા.

## રાજા ધ્રુવસેન

સૌરાષ્ટ્ર પર ગુપ્તવંશ પછી મિત્રવંશ યાને વલભીવંશે શાસન કર્યું છે. આદ્ય શિલાદિત્ય પછી આ વંશ સેનાપતિપદે હતો. તે પછી સેનાપતિ ભટ્ટાર્ક વલભીવંશનો પહેલો રાજા છે. તેને ૧ સેનાપતિ ધરસેન, ૨ દ્રોણસિંહ, ૩ ધ્રુવસેન, અને ૪ ધરભટ્ટ એમ ચાર પુત્રો હતા. તેની રાજધાની વલભીમાં હતી અને તેનું કુમારભુક્તિ નગર આણંદપુર હતું. સંભવતઃ ધ્રુવસેનનું બીજું નામ "સેન" હોય એમ લાગે છે. સેનાપતિ ધરસેન (પ્રથમ) મરણ પામ્યો હતો એટલે સેનાપતિ ભટ્ટાર્ક પછી વલભી સં. ૧૮૦ થી ૨૦૦ સુધી દ્રોણસિંહ અને વલભી સં૦ ૨૦૦ થી ૨૩૦ સુધી ધ્રુવસેન વલભીનો રાજા હતો.× આ રાજાઓ જૈન હતા. જો કે વલભીના શિલાલેખોમાં વલભી રાજાઓને પરમમાહેશ્વર કે પરમભાગવત તરીકે ઓળખાવ્યા છે. પણ આ વિશેષણ તો રિવાજરૂપે લખાતું હતું. મોગલસમ્રાટ્ અકબરનાં ફરમાનોમાં **उमापति-प्रसाद** વગેરે શબ્દો વપરાયા છે તેમ અહીં પરમ માહેશ્વર વગેરે વિશેષણો પણ વ્યવહારરૂપે વપરાયા છે. બાકી આ વંશના રાજાઓ પરમમાહેશ્વર તરીકે ઓળખાવા છતાં જૈન કે બૌદ્ધ હતા, એમ તેઓના મંદિરોના જીર્ણોદ્ધારો દુડ્ડાવિહાર તથા મહારાજા ગુહસેનના શિલાલેખો પુરવાર કરે છે. એટલે વલભીવંશ જૈનધર્મી હતો, એમ માનવાને શિલાલેખો આડા આવે તેમ નથી. (જુઓ: પૃષ્ઠ : ૩૮૪)

---

પં. નેમિચંદ્ર જ્યોતિષાચાર્ય લખે છે કે શ્રી. મિહિરકુલના પહેલી જાતના સિક્કાઓ મળે છે, તે જૈન સિક્કાઓ છે.

(જૈન સિદ્ધાંત ભાસ્કર, તા.૧૫-૧૨-૫૦; જૈન, તા. ૧૮-૮-૫૧)

× આ પહેલા ધ્રુવસેનના વલભી સં૦ ૨૦૬ થી ૨૨૬ સુધીના તામ્રપત્રો મળે છે. વીર સં૦ ૯૯૩, વિ૦ સં૦ ૫૮૩, ઈ. સ૦ ૫૨૭, વલભી સં૦ ૨૦૮ એ એક સાલ છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પૂર્વધરના કાળમાં ધરસેન, વીરસેન અને ધ્રુવસેન એ છેલ્લા જૈન રાજાઓ છે. ત્યાર પછીના વલભીવંશના ૭ શિલાદિત્યો તથા બીજા રાજાઓમાં પણ ઘણા જૈનધર્મી હતા.

(ગુજરાતના ઐતિહાસિક લેખો, કલ્પસૂત્ર સુબોધિકા, જૈન સત્ય પ્રકાશ : ક્રમાંક : ૩૭, ૩૮)

**નાગહ્રદ તીર્થ:**

મેવાડમાં એકલિંગજી પાસે નાગની આકૃતિવાળો નાગહ્રદ છે, જે હાલ **નાગદા** તરીકે ઓળખાય છે. આ સ્થાન એકવાર મેવાડની રાજધાની તરીકે પણ વિખ્યાત હતું.

અહીં મૌર્યસમ્રાટ સંપ્રતિએ મંદિર બનાવી ભ૦ પાર્શ્વનાથની પ્રતિષ્ઠા કરી હતી. આ૦ નરસિંહસૂરિના ઉપદેશથી પહેલો ખુમાણરાજ અને તેના વંશજો જૈન બન્યા એટલે ત્યારથી આ સ્થાન વિશેષ ખ્યાતિવાળું બન્યું હતું. શ્વેતાંબર કે દિગંબર, જૈન કે અજૈન દરેક તેની યાત્રાએ આવતા હતા. દિગંબરોએ તેને હાથ કરવા માટે પ્રયત્ન આદર્યો, પરંતુ આ૦ સમુદ્રસૂરિએ દિગંબરોને જીતી લઈ એ તીર્થનું રક્ષણ કર્યું હતું.

આ૦ શ્રીમુનિસુંદરસૂરિએ સ્વતંત્ર સ્તોત્ર દ્વારા નાગહ્રદ પાર્શ્વનાથની સ્તુતિ કરેલ છે, માંડવગઢના મંત્રી પેથડકુમારે અહીં ભગવાન નેમનાથનું અને નવલખા સારંગશાહે સં. ૧૪૯૪ ના મહા સુ. ૧૧ દિને ભ૦ શાંતિનાથનું મંદિર બનાવેલ છે.

આજે ભ૦ પાર્શ્વનાથ તથા ભ૦ નેમિનાથનાં મંદિરો નથી, તેના ટેકરાઓ છે. પાસે જ ભ૦ શાંતિનાથનું મંદિર વિદ્યમાન છે; જેમાં ભ૦ શાંતિનાથની ૯ ફુટ ઊંચી અદ્ભુત પ્રતિમા બિરાજમાન છે, જેનું બીજું નામ અદબદજી છે.

(પટ્ટાવલી સમુચ્ચય, જૈન સત્ય પ્રકાશ-ક્ર૦ ૯, ૩૭, ૩૮)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**વલ્લભીતીર્થ:**

વલ્લભીમાં વીર સં. ૯૮૦ માં આગમો પુસ્તકારૂઢ થયાં છે, તેથી તે આગમતીર્થ મનાય છે.

**આણંદપુર:**

અહીં વીર સં. ૯૯૩ માં ચતુર્વિધ સંઘ સમક્ષ કલ્પસૂત્રનાં જાહેર વ્યાખ્યાનનો પ્રારંભ થયો છે. અહીં. ભ. ઋષભદેવનું પ્રાચીન વિશાળ દેરાસર છે. આ નગર અત્યારે **વડનગર** એવા નામથી પ્રસિદ્ધ છે. આ નગરનાં જૂનાં નામો આનર્તપુર અને આનંદપુર છે.

जैन साईट
JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## પ્રકરણ સત્તાવીશમું

### આ૦ માનદેવસૂરિ (ત્રીજા)

આ૦ સમુદ્રસૂરિની પાટે આ૦ માનદેવસૂરિ થયા છે, જેનો સત્તાસમય વીર સં. ૧૦૦૦ છે.

આ૦ મુનિસુંદરસૂરિ તેમનો પરિચય આપે છે કે:—

**अभूद् गुरुः श्रीहरिभद्रमित्रं, श्रीमानदेवः पुनरेव सूरिः ।**
**यो मान्द्यतो विस्मृतसूरिमन्त्रं, लेभेऽम्बिकाऽऽस्यात् तपसोज्जयन्ते ॥**

(ગુર્વાવલી : શ્લોક ૪૦)

આ૦ માનદેવસૂરિ આ૦ શ્રીહરિભદ્રસૂરિના પરમ મિત્ર હતા. તેઓ માંદગીના કારણે સૂરિમંત્રને ભૂલી ગયા હતા, એટલે તેમણે ગિરનાર તીર્થમાં જઈ ઉપવાસો કરી અંબિકાદેવી મારફત સૂરિમંત્ર મેળવ્યો હતો.

આ૦ હરિભદ્રસૂરિ સાથેની તેમની મૈત્રી માટેથી **દંતકથા** નીચે પ્રમાણે છે.

આ૦ હરિભદ્રસૂરિ બહુ જ મધુર ભાષી હતા; એટલે લોકોનો તેમના પ્રત્યે ઘણો જ રાગ હતો. આ૦ માનદેવસૂરિ તેમનાથી નાના હતા. તેઓ આ૦ હરિભદ્રસૂરિને દંભી તથા મીઠાબોલા માનતા હતા અને તેમના નામ પર સૂગ ખાતા હતા. એકવાર તેઓ એક નગરમાં પધારવાના હતા, આ૦ હરિભદ્રસૂરિ ત્યાં બિરાજમાન હતા જે પોતાના શિષ્યને લઈ આ૦ માનદેવસૂરિની સામે આવ્યા. આ૦ માનદેવસૂરિ તો તેમને ઓળખતા જ ન હતા. એટલે તેમને આવતાંવાર જ સંભળાવ્યું કે, 'પેલો ધૂર્ત તમારે ત્યાં જ છે ના? તેણે લોકોને કેવા ભોળવ્યા છે?' આ૦ હરિભદ્રસૂરિએ ઘણી જ શાંતિથી

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જણાવ્યું કે, 'હાજી ! આપ પધારશો એટલે બધુંય સારું થશે.' આ વાતચીત થાય છે, એટલામાં સંઘ પણ સત્કાર માટે ત્યાં આવી પહોંચ્યો. સંઘના કહેવાથી આ૦ માનદેવસૂરિએ જાણ્યું કે, હું જે મુનિવર સાથે વાતચીત કરી રહ્યો છું તે જ આ૦ હરિભદ્રસૂરિ છે. એટલે તેઓ શરમાયા. તેમણે આ૦ હરિભદ્રસૂરિ સામે જોયું, તેમની શાંત, ગંભીર મુદ્રા જોઈ તેમની પ્રત્યે પ્રેમ પ્રગટ્યો, "મિચ્છામિ દુક્કડં" આપ્યો. પછી તો બન્ને આચાર્યો ત્યાં પરમ હર્ષથી મળ્યા–ભેટ્યા અને ત્યારથી તેમની વચ્ચે મૈત્રી બંધાણી. પરંતુ આ મૈત્રી ધીમે ધીમે એવી ગાઢ બની કે, ગ્રંથકારો તેનો ખાસ ઉલ્લેખ કરે છે. આ૦ મુનિસુંદરસૂરિએ આપેલો **श्रीहरिभद्रमित्रं** શબ્દ પણ આપણને એ જ વાત સંભારી આપે છે.

બૃહદ્દગચ્છની સૂરિવિદ્યાપાઠની પ્રશસ્તિ–પુષ્પિકા ૧૨ ગાથામાં છે. તેમાં આ૦ માનદેવસૂરિએ ગિરનાર તીર્થમાં સૂરિમંત્ર મેળવ્યો, તેનો ઇતિહાસ આ પ્રમાણે છેઃ—

"આ૦ સમુદ્રસૂરિના શિષ્ય આ૦ માનદેવસૂરિ તે આ૦ હરિભદ્રસૂરિના મિત્ર છે, ગુણનિધાન છે અને યુગપ્રધાન છે. ગુરુજીએ તેમને પ્રકટ અતિશયોવાળા જોઈને વિ. સં. ૫૮૨માં સૂરિપદે સ્થાપ્યા. તેમને ગુરુજી તરફથી ચંદ્રકુળનો અને ચિરમૈત્રીથી સંતુષ્ટ આ૦ હરિભદ્રસૂરિ તરફથી વિદ્યાધરકુળનો, એમ વાચના-સિદ્ધ બે સૂરિમંત્રો મળ્યા હતા. સમય જતાં બન્ને મંત્રોના પદની સમાનતા, દારુણ દુકાળ, લોકમરણ અને બિમારી એ ચાર કારણે તેઓ સૂરિમંત્ર વિસરી ગયા. ત્યાર પછી તેમણે ગિરનાર તીર્થમાં જઈ ૧૬ ઉપવાસ કરી અંબિકાદેવીની આરાધના કરી. અંબિકાદેવીએ પણ ખુશ થઈ સીમંધરસ્વામી પાસેથી સૂરિમંત્ર લાવી આપ્યો, અને ભગવાન સીમંધરસ્વામીએ કહેલ તે મંત્ર પણ **અંબિકા-મંત્ર** તરીકે પ્રસિદ્ધિ પામ્યો. સંતુષ્ટ પદ્માવતીદેવી આ૦ માનદેવ-સૂરિને સહાય કરે છે. તે આચાર્ય સૂરિઓનું કલ્યાણ કરો."

આ૦ માનદેવસૂરિનો આ રીતે પરિચય મળે છે; આ સિવાય બીજો પરિચય મળતો નથી.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આ સમયમાં યુગપ્રધાન આ. હારિલસૂરિ અને યુ. પ્ર. જિનભદ્રગણી ક્ષમાશ્રમણ થયા છે, તેઓનો પરિચય યુગપ્રધાન પટ્ટાવલી (પૃ. ૧૯૩, ૧૯૪)માં આપ્યો છે. આ. હારિલસૂરિ જેમનાં બીજાં નામો હરિગુપ્તસૂરિ તથા હરિભદ્રસૂરિ છે, તેમનાથી વીર સં. ૧૦૫૫ થી હારિલવંશ નીકળ્યો છે, જે પાછળથી કૃષ્ણર્ષિગચ્છ તરીકે પ્રસિદ્ધ થયો છે. (જુઓ: પ્ર. ૩૨ મું)

મહાન ગ્રંથનિર્માતા આ. **હરિભદ્રસૂરિ** પણ આ સમયે થયા છે એમ અનેક ઉલ્લેખો મળે છે પરંતુ તેમના સમયમાં મતભેદ હોવાથી અમે તેઓને ત્રીજા માનદેવસૂરિના સમયમાં મૂક્યા છે. (જુઓ: પ્ર. ૩૧મું)

**હારિલવંશ–પટ્ટાવલી :**

૧. **આ૦ હરિગુપ્તસૂરિ**—યુગપ્રધાન પટ્ટાવલીમાં "આ. હારિલસૂરિનું નામ મળે છે. તેમનો વીર સં. ૯૪૩ અથવા ૯૫૩માં જન્મ, વી. સં. ૯૭૦માં દીક્ષા, વી. સં. ૧૦૦૦માં યુગપ્રધાનપદ અને વી. સં. ૧૦૫૫માં સ્વર્ગગમન થયેલ છે. તેઓ ૨૯મા યુગપ્રધાન છે.

जैन साइट JAINSITE जैनम् जयति शासनम्

આ. હારિલસૂરિનું બીજું નામ હરિગુપ્તસૂરિ અને "વિચાર-શ્રેણી" પ્રમાણે ત્રીજું નામ આ. હરિભદ્રસૂરિ હોય એમ લાગે છે.

આ૦ મેરુતુંગસૂરિ તેમના માટે લખે છે કે—

**पंचसए पंचसीए, विक्कमकालाओ झत्ति अत्थमिओ।**
**हरिभद्दसूरिसूरो, भविआणं दिसउ कल्लाणं ॥**
**ततो जिनभद्रक्षमाश्रमणः ६५ । (विचारश्रेणी)**

આ૦ હરિભદ્રસૂરિ વિ. સં. ૫૮૫માં સ્વર્ગે પધાર્યા; તેઓ ભાવિકોનું કલ્યાણ કરો. ત્યાર પછી આ૦ જિનભદ્રગણિ ક્ષમાશ્રમણ થયા, જેમનો યુગપ્રધાન કાળ ૬૫ વર્ષનો છે.

જો કે આ ગાથા યાકિનીમહત્તરાસૂનુ આ૦ શ્રીહરિભદ્ર-સૂરિના સ્વર્ગગમન માટે વપરાય છે પરંતુ આ ગાથા આ૦ હારિ-લસૂરિને અંગે હોય, અને લેખકોના હાથે હરિગુપ્તને સ્થાને હરિભદ્ર લખાયું હોય, એ વધુ સંભવિત છે. આ૦ હારિલનું સ્વર્ગ-

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ગમન વીરનિર્વાણથી ૪૭૦ વર્ષે વિક્રમ; એ ગણતરીએ એ જ સાલમાં આવે છે. તે સમયના તે શાસનપ્રભાવક યુગપ્રધાન આચાર્ય છે, એટલે તેમને માટે આ ઐતિહાસિક સમયનિર્દેશ હોય, એ માનવા જેવી વાત છે અને જો આ૦ હારિલસૂરિનું ત્રીજું નામ જ આ૦ હરિભદ્રસૂરિ હોય, તો આ ગાથા સર્વ રીતે ઉપયોગી છે.

વીર સં. ૯૮૦ વિ. સં. ૫૭૦માં આ૦ દેવર્ધિગણી ક્ષમાશ્રમણે વલભીની આગમવાચના કરી, તેમાં આ આચાર્ય હાજર થયા છે. તેમને પૂર્વધરો પાસેથી શ્રુતજ્ઞાન મળ્યું છે. એટલે તેઓ તે સમયના સમર્થ શ્રુતધર છે. તેમની પછી યુગપ્રધાન આ૦ જિનભદ્રગણી ક્ષમાશ્રમણ થયા છે.

આ૦ હરિગુપ્તસૂરિના ચરિત્રના અંકોડા આ રીતે જોડાય છેઃ

અહિછત્રામાં ગુપ્તવંશનો **હરિગુપ્ત** રાજા હતો. જેના સિક્કામાં એક બાજુ **महाराज हरिगुप्तस्य** અને બીજી બાજુ ફૂલવાળા કળશનું ચિહ્ન ખોદાયેલું છે. તેણે વૈરાગ્ય પામી જૈન-દીક્ષા સ્વીકારી, તેઓ કુલીન, જ્ઞાની અને નિઃસ્પૃહ રાજર્ષિ થયા. હૂણસમ્રાટ **તોરમાણ** અને મિહિરકુલ તેમને ગુરુ તરીકે માનતા હતા.

जैन साईट JAINSITE जैनम् जयति शासनम्

૨. **આ૦ દેવગુપ્તસૂરિ**:—તેઓ માળવાના ગુપ્તવંશી દેવગુપ્ત નામના રાજા હતા. તેમણે રાજા રાજ્યવર્ધન સાથેના યુદ્ધમાં હાર મળતાં સંસારનો ત્યાગ કર્યો અને ગુપ્તવંશના જ નિઃસ્પૃહી રાજર્ષિ આ૦ હરિગુપ્તસૂરિ પાસે દીક્ષા અંગીકાર કરી. તેઓ પણ ગુપ્તવંશના રાજા હોવાના કારણે "રાજર્ષિ" તરીકે ખ્યાતિ પામ્યા હતા અને એ જ કારણે તેઓનો રાજવંશો ઉપર પૂર્ણ પ્રભાવ હતો. તેઓ મહાકવિ હતા. તેમણે "ત્રિપુરુષચરિત્ર"ની રચના કરી છે.

૩. **આ૦ શિવચંદ્રગણી**:—તેઓ વિહાર કરતા કરતા ભિન્નમાલ પધાર્યા અને તે જ પ્રદેશમાં વિચર્યા.

૪. **યક્ષદત્તગણિ ક્ષમાશ્રમણ**:—તે મહાત્મા હતા, ત્રણે લોકમાં વિખ્યાત હતા. તેમની મહત્તર તરીકે પણ ઓળખાણ મળે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

છે. તેમને તપસ્વી, સમર્થ અને વ્યાખ્યાનલબ્ધિવાળા અનેક શિષ્યો હતા. તેમાંય પણ કાર્તિકેયનાં છ મુખની જેવા નાગ, વિંદ, મમ્મડ, દુર્ગ, અગ્નિશર્મા અને વડેસર એ છ મુખ્ય શિષ્યો હતા, આચાર્ય હતા. આ શિષ્યોએ **ગુજરાત**માં (સંભવતઃ જાલોરથી પંચાસર સુધીના પ્રદેશમાં) વિચરી **નવા જૈનો** બનાવ્યા અને ઘણાં જિન-મંદિરો સ્થાપ્યાં હતાં.

૫. **વટેશ્વર ક્ષમાશ્રમણ**:—આ૦ યક્ષદત્તગણીને અનેક શિષ્યો હતા, જે પૈકીના છ શિષ્યોને તેમણે આચાર્યપદ આપ્યું હતું. તેમાંના છઠ્ઠા આ૦ શ્રીવટેશ્વર ક્ષમાશ્રમણ છે. તેમનું સૌમ્ય મુખ જોવાથી દુર્જન મનુષ્ય પણ ઠંડોગાર થઈ જતો હતો. તેમણે પોતાના ઉપદેશ દ્વારા અનેક સ્થાનોનું મિથ્યાત્વ દૂર કર્યું હતું, જૈન ધર્મનો ખૂબ **પ્રચાર** કર્યો હતો અને તેમના ઉપદેશથી આકાશવપ્રનગર—અંબરકોટ—ઉમરકોટમાં વિશાળ જિનમંદિર બન્યું હતું.

દક્ષિણ્યાંકચિહ્ન આ૦ ઉદ્દ્યોતનસૂરિએ "કુવલયમાલા" પ્રશસ્તિમાં આ૦ વટેશ્વરસૂરિને ચંદ્રકુલના બતાવ્યા છે.

JAINSITE .com
જૈનમ્ જયતિ શાસનમ્

દશમી સદીના કૃષ્ણર્ષિગચ્છના આ૦ જયસિંહસૂરિ ધર્મો-પદેશમાલાના સ્વોપજ્ઞવિવરણની પ્રશસ્તિમાં આ૦ વટેશ્વરસૂરિને ક્ષમાશ્રમણ પદધારી લખે છે અને વાચક શ્રીદેવવાચકની સ્થવિરાવલીમાં થયાનું જણાવે છે. (ગાથા–૨)

આ૦ શ્રીજયસિંહસૂરિ વિ. સં. ૧૪૨૨માં 'કુમારપાલ મહા-કાવ્ય'ની પ્રશસ્તિ (શ્લો૦ ૧, ૨)માં આ૦ શ્રીવટેશ્વરની પરંપરામાં થયેલ મહાતપસ્વી શ્રીકૃષ્ણઋષિને આ૦ શ્રીસુહસ્તિસૂરિના શિષ્ય ચારણલબ્ધિવાલા દશમા ગણનાયક **શ્રીગુપ્ત**સૂરિથી ઉત્પન્ન થયેલ **ચારણ**ગણની ચોથી **વજ્રનાગરી**શાખાના બીજા વિટપકુલના જણાવે છે.

'શ્રીકલ્પસૂત્ર'માં ચારણગણનાં સાત કુલો બતાવ્યાં છે. તેમાં બીજું કુલ પ્રીતિધર્મ છે. વિટપ નામનું કોઈ કુલ નથી પણ એમ લાગે છે કે આ વિટપ શબ્દથી વજ્રશાખાનાં નાગેન્દ્ર આદિ ચાર



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કુલો પૈકીના બીજા ચંદ્રકુલનાં નામાંતરરૂપ વનવાસીકુલનું અથવા વટેશ્વરગચ્છનું સૂચન હશે, અસ્તુ. ચારણગણનું સાતમું કુલ "કૃષ્ણસહ" છે; એ પણ એક સૂચક વસ્તુ છે.

આ ભિન્ન ભિન્ન ઉલ્લેખોમાંથી આપણને ત્રણ વસ્તુઓ મળે છે.

૧. તેઓ ગુરુપરંપરાએ ચારણગણની વજ્જાનાગરી શાખાના હતા.

૨. તેઓ વાચકપરંપરાએ આ૦ દેવવાચકની પરંપરાના હતા. કેમકે આ૦ હરિગુપ્તસૂરિ તેમના શ્રુતશિષ્ય હતા અને વીર સં. ૯૮૦નો શ્રમણસંઘ જ્ઞાનપરંપરાએ તો પૂજ્ય દેવવાચકની પરંપરામાં જ છે, એટલે એ વાત પણ બરાબર છે.

૩. તેઓ કુલવ્યવસ્થાના હિસાબે ચંદ્રકુળના હતા. કેમકે આ. વજ્રસેન, આ૦ યક્ષદેવસૂરિએ મુનિસમ્મેલન મેળવી વીર સં. ૬૦૬માં ચાર કુલની સ્થાપના કરી હતી અને દરેકે દરેક મુનિઓને આ ચાર કુલોમાં વહેંચી નાખ્યાં હતાં, ત્યારે ચારણગણનો સમાવેશ ચંદ્રકુલમાં થયો હોય એ સ્વાભાવિક છે. તેનું વિટપકુલ પણ વનવાસીગચ્છ અથવા વટેશ્વરગચ્છનું સૂચક લાગે છે.

JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

આ રીતે સમન્વય કરીએ તો જુદા જુદા ભાસતા આ ત્રણે આચાર્યો એક જ છે; એમ માનવામાં હરકત નથી. તે પરંપરાના આચાર્યોનું વિહારક્ષેત્ર, સંવતવારી, જ્ઞાનબળ અને કાર્યક્ષમતા વગેરે પણ ઉક્ત વાતને ટેકો આપે છે. અમે અહીં તે જ સમન્વયના આધારે 'કુવલયમાલા' અને 'ધર્મોપદેશમાલા'ના આ૦ વટેશ્વરસૂરિને એક માન્યા છે અને એ રીતે જ ઇતિહાસઆલેખન કર્યું છે. આ. વટેશ્વરસૂરિથી થારાપદ્રગચ્છ નીકળ્યો છે. *

૬. **આ૦ તત્ત્વાચાર્ય**:—આ આચાર્ય યથાર્થ નામવાળા, તપસ્તેજથી દીપતા સૂર્ય જેવા, દુષ્ષમકાળના મહાન પ્રભાવક, શીલ લક્ષણવાલા, સ્થિરચિત્ત, પંચાચારની શુદ્ધિથી વિખ્યાત થયેલા અને જિનપ્રવચનના પ્રભાવક હતા.

---

* સં. ૧૦૮૪નો ભગવાન આદીશ્વરના પરિકરનો લેખ. જૈન સત્ય પ્રકાશ: ક૦ ૭૫; તથા જુઓ પ્રકરણ ૩૧મું

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

શ્રી. જિનવિજયજી કુવલયમાલા પ્રશસ્તિ ગા. ૧૨ના **સીલંગ-વિઉલસીલો** વિશેષણને શ્લેષરૂપે માની આ આચાર્ય અને ટીકાકાર આ. શ્રીશીલાંકને એક માને છે. પ્રસિદ્ધ ટીકાકાર આ. શીલાંકસૂરિનું બીજું નામ તત્ત્વાદિત્ય છે અને તેમનો સત્તાસમય ગુપ્ત સં. ૭૭૨ છે. ત્યાં ગુપ્તસંવતથી શકસંવત લેવાય છે. એ રીતે પ્રસિદ્ધ ટીકાકાર આ. શીલાંકસૂરિ આ આ૦ તત્ત્વાચાર્યથી ભિન્ન છે, એમ નક્કી થાય છે. આ સિવાય વનરાજ ચાવડાના ગુરુ નાગેન્દ્રગચ્છના આ. શ્રીશીલગુણસૂરિનો સત્તાસમય પણ વિક્રમની આઠમી સદી જ છે, એ પણ ભૂલવા જેવું નથી.

૭. દક્ષિણચિહ્ન **આ૦ ઉદ્દ્યોતન**સૂરિ:—તેઓ આ. તત્ત્વાચાર્યના શિષ્ય છે, તેઓ ગૃહસ્થીપણે ત્રણે કર્મમાં પ્રવીણ મહાદુવાર (મડાર કે મદુવા)ના ક્ષત્રિય રાજા **ઉદ્દ્યોતનના** પૌત્ર અને રાજા વટેશ્વરના પુત્ર હતા. શરીરના જમણા ભાગમાં **સાથિયાનું** નિશાન હોવાથી તેઓ દક્ષિણચિહ્ન કે દક્ષિણાંક તરીકે પણ વિખ્યાત થયા હતા. તેમને પદ્માવતીદેવી પ્રસન્ન હતાં, તેમણે આ. શ્રીવીરભદ્રસૂરિ કે જેમના ઉપદેશથી જાલોરમાં ભ૦ ઋષભદેવનું અષ્ટાપદ જેવું વિશાળ મંદિર બંધાયું હતું, તેમની પાસે શાસ્ત્રનું અને પ્રખર શાસ્ત્રનિર્માતા આ૦ શ્રી. હરિભદ્ર પાસે ન્યાયશાસ્ત્રનું અધ્યયન કર્યું હતું અને જાલોરના ભ. શ્રીઋષભદેવના ચૈત્યમાં રહીને મહાબળવાન શ્રી**વત્સ** રાજાના સમયમાં શક સં. ૭૦૦ (વિ. સં ૮૩૫)માં એક દિવસ બાકી હતો ત્યારે પ્રથમ ચૈત્ર વદિ ૧૪ના દિવસે ત્રીજા પહોરે પદ્માવતીદેવીની પ્રેરણાથી પ્રાકૃત "**કુવલયમાલા** કથા" રચીને સમાપ્ત કરી છે, જેની પ્રશસ્તિમાં પોતે આ. હરિગુપ્તસૂરિથી પોતા સુધીની પટ્ટાવલી આપી છે. આ. રત્નપ્રભસૂરિએ આ કુવલયમાલાના આધારે 'લઘુ કુવલયમાળા' બનાવી છે.

આ. ઉદ્દ્યોતનસૂરિએ કુવલયમાળામાં પહેલાના જૈન, અજૈન કવિઓનું સ્મરણ કર્યું છે. જૈન કવિઓમાં આ. પાદલિપ્ત, આ. વિમલાંક (વિમલસૂરિ), દિગમ્બર આ. રવિષેણ, આ. દેવગુપ્ત, આ. ભવવિરહનાં નામો આપ્યાં છે. કથાનું નિરૂપણ ભાવવાહી છે. ભાષા ઉત્તમ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પ્રકારની અને રસપૂર્ણ છે. આમાં મુખ્યતાએ પ્રાકૃત ભાષા છે પરંતુ કોઈ કોઈ વર્ણનો પૈશાચી અને અપભ્રંશભાષામાં પણ આપ્યાં છે. અઢાર દેશનાં નામો આપ્યાં છે, ત્યાં તે તે દેશોની ભાષાનો આભાસ થાય તેમ વસ્તુગૂંથણી કરેલ છે. એકંદરે પ્રાકૃત ભાષાના પ્રેમીઓ માટે આ ગ્રંથ અદ્વિતીય છે.

આ. તત્ત્વાચાર્યના પટ્ટધર આ. ઉદ્દ્યોતનસૂરિ છે, તેમ બીજા મુખ્ય શિષ્ય આ. યક્ષમહત્તર હતા. તેમના શિષ્ય મહાન તપસ્વી કૃષ્ણર્ષિ થયા, જેમનાથી કૃષ્ણર્ષિગચ્છ નીકળ્યો છે.* તેમનો પરિચય પ્રકરણ ૩૨માં આપીશું.

(જૈન સાહિત્ય સંશોધક, ખંડ ૩, અં. ૨, જૈન સત્ય પ્રકાશ, ક્ર. ૭૫ પૃ. ૧૦૭)

जैन साईट JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

* હારિલગચ્છમાંથી પ્રાચીન થારાપદ્ર ગચ્છ, કૃષ્ણગચ્છ અને હારિજ-ગચ્છ નીકળ્યા હોય એ સંભવિત છે.

હારિજગચ્છના વિ. સં. ૧૨૪૭ થી ૧૫૭૭ સુધીના શિલાલેખો મળે છે. હારિજ ગામની બહાર શંખેશ્વરતીર્થના રસ્તા પર **કેવલાસ્થળી** નામનો ટીંબો છે, તેની ઉપર જૈન આચાર્યોના સ્મૃતિસ્તંભો છે; જેમાં સં. ૧૧૩૧નો આ. સિંહદત્તસૂરિનો સ્મૃતિસ્તંભ છે.

હારિજગચ્છના (આ. મહેશ્વરસૂરિએ નહીં કિન્તુ) પં. માનદેવે વિ. સં. ૧૨૪૭માં ગણેશની મૂર્તિ બનાવી ગારૂલાગામમાં ભ૦ પાર્શ્વનાથના દેરાસરની ભમતીમાં સ્થાપી હતી, જેની શિલાલેખવાળી ગાદી આજે ચાણસમાના ભટેવા પાર્શ્વનાથના દેરાસરના ભોંયરામાં સુરક્ષિત છે.

(જૈન સત્ય પ્રકાશ, ક્ર. ૧૧૪, ૧૧૭; આ ગ્રંથ પૃ. ૩૨)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## પ્રકરણ અઠ્ઠાવીશમું

### આ. વિબુધપ્રભસૂરિ

આ. માનદેવસૂરિની પાટે આ. વિબુધપ્રભસૂરિ થયા.

આ સમયે આ. જિનભદ્રગણી ક્ષમાશ્રમણ, અને રાજા શંકરગણ થયા છે, કુલ્પાકતીર્થની સ્થાપના થઈ છે.

**આ. જિનભદ્રગણી ક્ષમાશ્રમણ:**

તેઓ મહાશ્રુતધર, આગમાર્થવાદી, સમર્થ વિવેચક અને સફળ શાસ્ત્રનિર્માતા હતા. તેમનો પરિચય યુગપ્રધાન પટ્ટાવલી (પૃ. ૧૯૪)માં આવી ગયો છે.

જૈન સાઈટ JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

### રાજા શંકરગણ

દક્ષિણ ભારતમાં શિવ અને શંકર નામના ઘણા રાજાઓ થયા છે. તે પૈકીના કેટલાએક નીચે મુજબ છે.

૧. કાંતિપતિ શિવકોટિ, શિવસ્કંદ કે શિવકુમાર (વિક્રમની બીજી સદી)

૨. કલચૂરી કૃષ્ણરાજનો પુત્ર શંકરગણ.
(આશરે વિક્રમ સંવત ૬૪૦)

૩. શ્રીપુરુષનો પુત્ર જૈન રાજા શિવામર (વિક્રમની આઠમી સદી)

૪. લક્ષ્મણનો મોટો પુત્ર શંકરગણ (વિ. સં. ૧૦૦૫)

૫. પલ્લવરાયનો પુત્ર શંકર નાયક (વિક્રમ સં. ૧૧૪૦)

આ પાંચ પૈકીના પહેલા ત્રણ રાજાઓ જૈનધર્મી હતા.

શંકરગણ તે કલ્યાણીનો જૈન રાજા હતો, તે કલચૂરી વંશનો

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હતો, તેના પુત્રનું નામ બુદ્ધરાજ હતું, તેના સમયે કર્ણાટકનો રાજા પ્રથમ પુલકેશી ચૌલુક્ય હતો, જેણે અલક્તામાં **જૈન મંદિર** બનાવ્યું હતું. પ્રથમ પુલકેશીના નાના પુત્ર મંગલેશે વિ. સં. ૬૪૮ કે ૬૬૬માં શંકરગણના પુત્ર બુદ્ધરાજને હરાવી કલ્યાણીમાં પોતાની સત્તા સ્થાપી હતી અને બીજા પુલકેશીના ઉત્તરાધિકારીઓએ તો વિ. સં. ૬૮૦માં કલ્યાણીને જ પુનઃ પાટનગર બનાવ્યું હતું. આ સાલવારી ઉપરથી તારવી શકાય છે કે શંકરગણ વિ. સં. ૬૪૦ લગભગમાં થયેલ છે.

ઇતિહાસ કહે છે કે કલચૂરી શંકરગણનો રાજ્યવિસ્તાર મોટો હતો. **લાટ** પણ તેના તાબામાં હતું.

(મુંબઈ ગેઝીટીઅર ગ્રંથ ૧, ભાગ ૧, પૃ. ૧૧૪ તથા ભારતવર્ષકે પ્રાચીન રાજવંશ, ભા. ૩, પૃ. ૩૮)

રાજા શંકરગણે નગરની મરકીને શાંત કરવા માટે ચક્રવર્તી ભરત મહારાજાએ લીલા માણેક રત્નની બનાવેલી અંજનશલાકા કરાવેલી ભગવાન આદિનાથની પ્રતિમા મેળવી કર્ણાટકના કુલ્પાક નગરમાં સ્થાપના કરી હતી અને તેની પૂજા માટે ૧૨ ગામો આપ્યાં હતાં, જે સ્થાન આજે કુલ્પાકતીર્થ અને માણેકસ્વામી એવા નામથી પ્રસિદ્ધ છે.

એક જીર્ણ પત્રમાં એવો ઉલ્લેખ મળે છે કે આ. ધર્મશેખરસૂરિએ કર્ણાટકની રાજસભામાં "નમુત્થુણં કલ્પ"નો પ્રભાવ બતાવ્યો હતો. એમ લાગે છે કે આ ઘટના શંકરગણ કે બુદ્ધરાજના સમયમાં કલ્યાણીમાં બની હશે.

બીજાથી બારમા સૈકા સુધી કર્ણાટકમાં કદંબ, ગંગ, ચૌલુક્ય રાષ્ટ્રકૂટ, કલચૂરી અને હોયશલ એમ મોટા છ રાજવંશોએ રાજ્ય કરેલ છે, જેઓ મોટે ભાગે જૈન કે જૈનધર્મપ્રેમી રાજાઓ હતા. બીજો પુલકેશી વગેરે જૈન રાજાઓ થયા છે. આ સિવાય કોંકણના*

* રાજા મહાનન્દની રાણી મદનરેખાના પુત્રે દરિયો પૂરી કોંકણનો પ્રદેશ વસાવ્યો છે. (— પ્રબંધ ચિંતામણિ)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સીલહરે, હલસીના કદંબો અને મહીસુરના હોયસલોમાં પણ ઘણા જૈન રાજાઓ થયા છે. શંકરગણુ તે શ્વેતાંબર રાજા છે, ઉપરના રાજાઓમાં ઘણાય શ્વેતાંબર રાજાઓ થયા છે જેનાં નામો સંપ્રદાયભેદના કારણે દિગમ્બર શિલાલેખોમાં પૂરી રીતે મળી શકતાં નથી.

**કુલ્પાકજી તીર્થ :**

નિઝામ રાજ્યમાં કુલ્પાકજી તીર્થ છે. જેને લોકો કુલ્પાક, કુલ્પપાક, કોલિયાપાક અને માણેકસ્વામી એમ વિવિધ નામોથી સંબોધે છે.

ભરત ચક્રવર્તીએ અષ્ટાપદ પર્વત ઉપર સિંહનિષદ્યા પ્રાસાદમાં ચોવીશે તીર્થંકરોની રત્નમય પ્રતિમાઓ સ્થાપી હતી. તેમજ પોતાની આંગળીની વીંટીના લીલા માણેકમાંથી ભ. શ્રીઋષભદેવની જટાજૂથવાળી "માણિકસ્વામી" નામની પ્રતિમા બિરાજમાન કરી હતી. આ પ્રતિમા ઘણી જ મનોહર હતી, એટલે અનુક્રમે વિદ્યાધરો, સૌધર્મેન્દ્ર અને રાવણ-મંદોદરીએ પોતપોતાનાં સ્થાનમાં લાવી આ પ્રતિમાની પૂજા કરી હતી. મંદોદરી રાણીએ લંકાનો નાશ થયો ત્યારે આ પ્રતિમાને સમુદ્રમાં પધરાવી દીધી. જ્યાં આની પૂજા દેવો કરતા હતા. કર્ણાટકના રાજા **શંકરગણે** પોતાના પાટનગર કલ્યાણીમાં ફેલાયેલ મરકી રોગની શાંતિ કરવા માટે લવણાધિપતિ દેવને આરાધી આ પ્રતિમા મેળવી, તેને રથમાં સાથે લઈ કલ્યાણી નગર તરફ પ્રયાણ કર્યું. વિકટ માર્ગ વટાવી કુલ્પાક નગર પહોંચેલા શંકર રાજાએ "પ્રતિમાજીનો રથ આ વિકટ માર્ગ વટાવી આવે છે કે નહીં" એમ શંકાથી પાછળ વાળી જોયું કે તરત જ રથ ત્યાં કુલ્પાકજીમાં જ સ્તંભિત થઈ ગયો અને રાજા શંકરગણે ભગવાન માણેકસ્વામીની ત્યાં કુલ્પાકમાં જ પ્રતિષ્ઠા કરી તેની પૂજા માટે ૧૨ ગામ આપ્યાં. તેના અભિષેકનું પાણી છાંટવાથી કલ્યાણી નગરમાં મરકી શાંત થઈ અને કુલ્પાકજીનું ધામ **તીર્થ** તરીકે વિખ્યાત થયું. આ તીર્થની સ્થાપના વિ. સં. ૬૪૦ લગભગમાં થયેલ છે. વિ. સં. ૬૮૦માં અહીં રાજ્યક્રાંતિ થઈ હતી અને વિ. સં. ૧૨૪૩માં મોટી સંહારક ધર્મક્રાંતિ થઈ હતી. જ્યારે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વિધર્મીઓએ આ તીર્થનો વિનાશ કરવા માટે આક્રમણો કર્યાં હતાં, છતાંય આ તીર્થ બચી ગયું.

શિલાલેખોથી જાણી શકાય છે કે આ તીર્થનો સં. ૧૪૮૩માં તપાગચ્છના આ. સોમસુંદરસૂરિના શિષ્ય પં. શાંતીશગણિના ઉપદેશથી, સં. ૧૬૬૫ના ચૈત્ર સુદ ૧૫ હસ્ત નક્ષત્રમાં સંઘના પ્રયત્નથી, સં. ૧૭૬૭માં તપાગચ્છના ભટ્ટારક વિજયરત્નસૂરિના આજ્ઞાવર્તી પં. ધર્મકુશળના શિષ્ય પં. કેસરકુશળના ઉપદેશથી અને સં. ૧૯૬૬માં માગશર વદ ૧૧ શુક્રવારે તપાગચ્છના આ. વિજયાનંદસૂરિના શિષ્ય વિદ્યારત્ન મુનિ શાંતિવિજયના ઉપદેશથી કુલ્પાકજી તીર્થનો જીર્ણોદ્ધાર થયેલ છે અને ધ્વજાદંડ ચઢાવવામાં આવ્યો છે.

આજે પણ આ તીર્થ પ્રભાવક તીર્થ તરીકે વિખ્યાત છે. નિઝામ રાજ્યમાં ગગનચુંબી શિખરવાળું જો કોઈ હિન્દુ મંદિર હોય તો તે માત્ર આ કલ્પાકજીનું જ જૈન શ્વેતાંબર મંદિર છે. આ સ્થાન દક્ષિણ હૈદ્રાબાદથી ઈશાનમાં ૪૭ માઈલ દૂર છે. મોટર રોડ છે. આલેર સ્ટેશનથી ૪ માઈલ દૂર છે. કુલ્પાક ગામની બહાર આ ભવ્ય મંદિર ઊભું છે.

(તીર્થકલ્પ, ઉપદેશસપ્તતિકા, હીરસૌભાગ્ય મહાકાવ્ય, બસવપુરાણ, વિજ્જલકાવ્ય, જૈન સત્ય પ્રકાશઃ ક્રમાંક ૬૮ થી ૭૫ ના આધારે)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# પ્રકરણ ઓગણત્રીશમું

## આ૦ જયાનન્દસૂરિ

આ. વિબુધસૂરિની પાટે આ૦ જયાનન્દસૂરિ થયા.

તેમના ઉપદેશથી પોરવાડ મંત્રી સામંતે સમ્રાટ્ સંપ્રતિનાં ઘણાં દેરાસરોનો જીર્ણોદ્ધાર કરાવ્યો હતો; જેમાં હમીરગઢ, બીજાપુર, વરમાણ, નાંદીયા, બામણવાડા, અને મુહરીનગર વગેરે મુખ્ય હતાં.

આ અરસામાં દિગમ્બર આ. અકલંકદેવ, કોટ્યાર્ય મહત્તર, આ. સિંહસૂર, આ. સિંહસૂરિ અને આ. માનતુંગસૂરિ વગેરે સમર્થ આચાર્યો થયા છે. તેમજ રાજા હર્ષવર્ધન અને વૃદ્ધભોજ પણ આ જ સમયના ઐતિહાસિક રાજાઓ છે.

जैन साइट
JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

### આ૦ અકલંકદેવ :

તેઓ સમર્થ દિગમ્બર આચાર્ય છે. તેમણે વિ. સં. ૭૦૦માં શાસ્ત્રાર્થ કરી બૌદ્ધોને જીત્યા હતા. બૌદ્ધ શ્રમણોએ આ. મલ્લવાદી સાથેના વાદમાં પરાજય પામી શરત પ્રમાણે સૌરાષ્ટ્રનો ત્યાગ કર્યો હતો. એ જ રીતે તેઓએ આ વાદમાં દક્ષિણ હિંદનો ત્યાગ કર્યો હોય તો તે બનવાજોગ છે. આ. અકલંકદેવે ન્યાયવિનિશ્ચય, લઘીયસ્ત્રયી, પ્રમાણસંગ્રહ, તત્ત્વાર્થવાર્તિક વગેરે ગ્રંથો રચ્યા છે.

### કોટ્યાર્ય મહત્તર :

યુ. પ્ર. આ. જિનભદ્રગણી ક્ષમાશ્રમણે પોતાના 'વિશેષાવશ્યક મહાભાષ્ય' ઉપર પોતે જ ટીકા બનાવવી શરૂ કરી પરંતુ છઠ્ઠા ગણધરવાદના વક્તવ્યવાળી [illegible] ગાથા સુધીની ૪૫૦૦ શ્લોકપ્રમાણ ટીકા રચ્યા પછી તેઓ સ્વર્ગે ગયા, એટલે કોટ્યાર્ય વાદિગણિ મહત્તરે પછીના ભાગની લગભગ ૫૭૫૦ શ્લોકપ્રમાણ



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ટીકા બનાવી તે ગ્રંથને પૂરો કર્યો છે. આ ટીકા સામાન્ય રીતે **મૂલટીકા** તરીકે ઓળખાય છે, જે લગભગ ૧૦૨૫૦ શ્લોકપ્રમાણ છે. ત્યાર પછી લગભગ ૨૦૦ વર્ષે થયેલા બીજા કોટ્યાચાર્યે આ મૂલટીકાના આધારે લગભગ ૧૩૭૦૦ શ્લોકપ્રમાણ ટીકા બનાવી છે. આ બન્ને ટીકાઓ આ જ વિદ્યમાન છે.

કોઈ કોઈ વિદ્વાન આ. કોટ્યાર્ય મહત્તરને આ. જિનભદ્રગણી ક્ષમાશ્રમણના શિષ્ય માને છે. પરંતુ આ બાબતમાં કોઈ નિર્ણયાત્મક પ્રમાણ મળતું નથી.

**આ. સિંહસૂર ક્ષમાશ્રમણ :**

આ. સિંહસૂરગણિ ક્ષમાશ્રમણ આ. દિન્નગણિ ક્ષમાશ્રમણના શિષ્ય હતા. તેઓ પ્રિયહિતવાદી, મોટા યશવાળા, સિંહ જેવા શૂરવીર અને મહાવાદી હતા. 'તત્ત્વાર્થ'ની મોટી ટીકાના બનાવનાર આ. સિદ્ધસેનગણિ તેમના પ્રશિષ્ય થાય. આ૦ સિંહસરસૂરિએ આ. મલ્લવાદીના 'દ્વાદશારનયચક્ર' પર ન્યાયાગમાનુસારિણી નામની ૧૮૦૦૦ શ્લોકપ્રમાણ મોટી ટીકા બનાવી છે.

જો કે વિ. સં. ૧૩૩૪ લગભગથી આ ગ્રંથનું પઠનપાઠન મંદ પડ્યું હતું, અને પછીની પ્રતિઓમાં પાઠોની ગડબડ થઈ ગઈ હતી તેથી એક શુદ્ધપાઠ મળતો ન હતો. પરંતુ મહોપાધ્યાય શ્રીયશોવિજયજી મહારાજે વિદ્વાન મુનિમંડલીનો સહકાર મેળવી આ ગ્રંથનો ઉદ્ધાર કરી જગતને આ ગ્રંથનો આદર્શ પાઠ આપેલ છે, એટલે તેમની કૃપાથી આપણે આ ગ્રંથને મેળવવા ભાગ્યશાળી થયા છીએ.

**આ. અગસ્ત્યસિંહસૂરિ:**

તેમણે 'દશવૈકાલિકસૂત્ર'ની ચૂર્ણી બનાવી છે.

**આ. માનતુંગસૂરિજી:**

"**भक्तामराद्यद्भुतकाव्यसिद्धिः श्रीमानतुङ्गोऽथ बहुप्रसिद्धिः**"

તેમની જન્મભૂમિ ભારતની પ્રસિદ્ધ વિદ્યાપુરી કાશીનગરી છે. તેમના પિતાનું નામ ધનદેવ અને પોતાનું નામ માનતુંગ હતું. તેઓ બ્રહ્મક્ષત્રિય હતા.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

માનતુંગને કાશીમાં દિગંબર સાધુઓનો પરિચય થયો અને તેમના ઉપદેશથી તેણે દિગંબર દીક્ષા સ્વીકારી. ત્યાં તેમનું નામ 'મહાકીર્તિ' રાખવામાં આવ્યું હતું.

તે એકવાર કાશીમાં જ પોતાના બનેવી લક્ષ્મીધરને ત્યાં આહાર માટે ગયા. મહાકીર્તિ પોતાનું કમંડલુ સાથે લઈને ગયા હતા. એમાં નિરંતર પાણી રાખવાથી પોરા થઈ ગયા હતા. મહાકીર્તિએ એમાંથી પાણી લીધું કે એમની બહેને આ જોઈને ભાઈને કહ્યું: "જુઓ આમાં કેટલા પોરા છે? સર્વજ્ઞ ધર્મનું મૂલ દયા છે, તેને તમો વિસરી જ ગયા છો." મહાકીર્તિને પણ આ જોઈ આશ્ચર્ય થયું, તેણે આ ધર્મ ત્યાગવાની ઇચ્છા પ્રકટ કરી. બહેને કહ્યું કે શ્વેતામ્બર આચાર્ય ટૂંક સમયમાં જ મધ્ય પ્રાંતમાંથી અહીં આવવાના છે એમની સાથે તમારી મુલાકાત કરાવીશ.

થોડા સમય પછી **જિનસિંહસૂરિજી** ત્યાં પધાર્યા અને તેમનો ઉપદેશ સાંભળી મહાકીર્તિએ દિગંબર ધર્મની દીક્ષા મૂકી શ્વેતાંબર સાધુધર્મની દીક્ષા લીધી.

તેમણે ટૂંક સમયમાં શાસ્ત્રો ભણી યોગ્યતા મેળવી, એટલે ગુરુજીએ પણ તેમને આચાર્યપદ આપ્યું. ત્યારથી તેઓ **આ૦ માનતુંગસૂરિ** એ નામે ખ્યાતિ પામ્યા.

આ વખતે કાશીમાં હર્ષ રાજા હતો, તેની રાજસભામાં અનેક પંડિતો હતા. તેમાં મયૂર મહાકવિ હતો, તેને એક રૂપવાન અને ગુણવાન કન્યા હતી. મયૂરે ઘણી તપાસ કર્યા બાદ તેનું લગ્ન કવિ-બાણ સાથે કર્યું. મયૂરે બાણ કવિનો રાજા સાથે પરિચય કરાવી આપ્યો, અને રાજસભાનો સભ્ય પણ બનાવ્યો.

એક વાર બાણકવિને પત્ની સાથે પ્રેમકલહ થયો. તેણે તેને આખી રાત બહુ બહુ રીતે મનાવી, પણ એ માનિનીએ પોતાનું માન મૂક્યું જ નહીં, આખરે બાણે તેણીને મનાવવા **સુભ્રુ** શ્લોકનો ઉચ્ચાર કર્યો. પંડિત મયૂર પણ આ સમયે ત્યાં આવ્યો હતો. તેણે આ પ્રેમકલહ સાંભળ્યો હતો, તે તરત જ બોલી ઊઠ્યો કે—હર્ષ! **તેણીને સુભ્રુને બદલે ચણ્ડિથી** સંબોધો. બસ! આ સાંભળી

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

મયૂરની પુત્રી શરમાઈ ગઈ. પણ તેણીએ પિતા મારું છિદ્ર જુએ છે એમ માની, પિતાજીને શાપ આપ્યો કે—તમો રસલુબ્ધ કોઢિયા થાઓ.

મયૂરના શરીરમાં કોઢ નીકળ્યો, તેણે રાજસભામાં જવાનું બંધ કર્યું, વિરોધીઓના કહેવાથી રાજાએ તેને રાજસભામાં પરાણે બોલાવ્યો. પરિણામે તેણે પોતાનું અપમાન સહન ન થવાથી સૂર્યની આરાધના કરી. તેના દ્વારા રોગ મટાડી નિરોગી શરીર પ્રાપ્ત કર્યું. આ ખબર રાજસભાને પડી અને રાજાએ મયૂર કવિની ખૂબ પ્રશંસા કરી. પરંતુ બાણ કવિ બોલ્યો કે—આમાં પ્રશંસા કરવા જેવું કંઈ નથી. રાજાએ કહ્યું કે—પંડિતજી ! **गुणी गुणीषु मत्सरी** ન બનો. તમો પણ કંઈક કરી બતાવો તો તમારી વાતને સાચી માનીએ. બાણને ચાનક ચડી, એટલે તેણે રાજાની પાસે પોતાના હાથ–પગ કપાવી ચંડીના મંદિરમાં મુકાવ્યા, પછી પોતે પણ ત્યાં જઇ બેઠો અને ચંડી દેવીની સ્તુતિ કરવા લાગ્યો. ચંડીએ પ્રસન્ન થઈ બાણ કવિના હાથ પગ જોડી દીધા. આ જોઈ રાજાએ બાણ કવિનું પણ સન્માન કર્યું.

આમ થવાથી બન્નેની પ્રશંસા થવા લાગી પણ તેઓને આપસમાં ઈર્ષા ખૂબ વધી પડી. રાજાએ તેઓને કહ્યું કે—તમો કાશ્મીર જઈ સરસ્વતી પાસેથી તમારા જય–પરાજયનો નિર્ણય કરી લાવો.

હવે બન્ને પંડિતો કાશ્મીર ગયા અને તપ કરી સરસ્વતીની આરાધના કરવા લાગ્યા. દેવીએ તેઓની સામે પાદપૂર્તિ માટે **शतचन्द्रं नभस्तलम्** એ પદ મૂક્યું. બાણ કવિએ એની પાદપૂર્તિનો શ્લોક પહેલાં બનાવી આપ્યો એટલે તેનો જય થયો. પછી બન્ને પંડિતો કાશી આવ્યા અને રાજાએ બન્નેનું ખૂબ સન્માન કર્યું.

આ ઘટના પછી એ દેશમાં એવી માન્યતા ફેલાઈ કે આ બ્રાહ્મણ પંડિતો બહુચમત્કારી છે. તેમના જેવો બીજો કોઈ ચમત્કારી નથી. રાજાએ એક વાર પોતાના પ્રધાનને પણ આ જ શબ્દો કહી સંભળાવ્યા. પ્રધાન બોલ્યો કે, સગુરુ ! આ૦ માનતુંગસૂરિ હાલ અહીં વિરાજે છે, તેઓ પણ મહાશક્તિશાળી પુરુષ છે. આ સાંભળી રાજાએ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આચાર્યશ્રીને બહુમાનપૂર્વક રાજસભામાં પધરાવ્યા અને તેમની વિદ્વદ્-ગોષ્ઠી સાંભળી, રાજા અને સભા તેઓશ્રીનું અદ્ભુત પાંડિત્ય, અસાધારણ પ્રતિભા, અજોડ કવિત્વ અને પ્રસન્નમુખ જોઈ ખૂબ પ્રસન્ન થયા.

હવે રાજાએ સૂરિજીને ચમત્કાર બતાવવા વિનતિ કરી.

આચાર્ય બોલ્યા કે, રાજન ! એવા ચમત્કારમાં કંઈ મહત્ત્વ નથી. છતાં પણ તમારે ચમત્કાર જોવો હોય તો જુઓ. 'તમો મને આખા શરીરે બેડીઓ નાખી ઓરડામાં પૂરી દો, સાથોસાથ એ ઓરડાને મજબૂત તાળાં પણ લગાવી દો. રાજાએ આચાર્યશ્રીને ૪૪ બેડીઓ પહેરાવી ઓરડામાં પૂરી દીધા. આચાર્યશ્રીએ ત્યાં ભગવાન ઋષભદેવની સ્તુતિરૂપ મહાપ્રાભાવિક **ભક્તામરસ્તોત્ર** બનાવ્યું, તેના એકેક શ્લોકથી એકેક બેડી તૂટતી હતી, એ રીતે ૪૪ શ્લોક થતાં ૪૪ બંધનો તૂટ્યાં, આચાર્યશ્રી બન્ધનમુક્ત થઈ રાજસભામાં પધાર્યા. રાજસભા અને પ્રજા આ ચમત્કારથી ખુશી થઈ, અને આચાર્યશ્રીમાં નમ્રતા, પ્રેમ, ઈર્ષ્યાનો અભાવ તથા સર્વત્ર વાત્સલ્યભાવ જોઈ વધુ પ્રસન્ન થયા.'

રાજાએ આચાર્યશ્રીની પ્રશંસા કરી અને ઉમેર્યું કે--આપની નિરભિમાનતા, નિષ્કલંકતા અને ઉદારચરિતતાને ધન્યવાદ છે. આપના દર્શનથી મારું જીવન સફળ થયું છે.

ત્યાર પછી આચાર્યશ્રી ત્યાંથી વિહાર કરી અન્યત્ર ચાલ્યા ગયા.

આ૦ માનતુંગસૂરિનું 'ભક્તામરસ્તોત્ર' આજે પણ વિદ્યમાન છે. દરેકે દરેક જૈનો તેનો હંમેશાં પાઠ કરે છે. આ. સિદ્ધસેનના 'કલ્યાણમંદિર'માં ૪૪ શ્લોક છે તેમ આ 'ભક્તામરસ્તોત્ર'માં પણ ૪૪ શ્લોકો છે. પ્રભાવકચરિત્ર, પ્રબંધચિંતામણિ અને એ સ્તોત્રની પ્રાચીન ટીકામાં ૪૪ શ્લોકો જ બતાવ્યા છે. તેમાં ચાર પ્રાતિહાર્યનું વર્ણન છે, આઠ પ્રાતિહાર્યનું વર્ણન નથી. આથી એક દિગમ્બર આચાર્યે બાકીના ૪ પ્રાતિહાર્યના નવા જ ૪ શ્લોક બનાવી તેમાં જોડી દીધા છે, એ જ રીતે બીજા દિગમ્બર સંઘના બીજા એક આચાર્યે બાકીના ૪ પ્રાતિહાર્યના બીજી રીતે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જ નવા ૪ શ્લોકો બનાવી તે સ્તોત્રમાં દાખલ કર્યા છે. આ રીતે દિગમ્બર જૈનો ભક્તામરસ્તોત્રમાં ૪૮ અને ૫૨ શ્લોકોનો પાઠ કરે છે. આ નવા શ્લોકો ભક્તામરની રચનાશૈલીમાં ભળી જાય તેવા નથી. આથી તેના પાઠકને "આ શ્લોકો નવીન છે" એમ સહેજે જણાઈ આવે તેમ છે, અસ્તુ.*

એક વાર આ૦ માનતુંગસૂરિને પૂર્વકર્મના ઉદયથી ઉન્માદનો રોગ થયો, આથી તેઓએ ધરણેંદ્રને પોતાના અનશનકાળ માટે પૂછ્યું. ધરણેંદ્રે જણાવ્યું કે, ભગવન્ ! આપનું આયુષ્ય હજી લાંબુ છે તો અનશન કરશો નહીં, વળી હું આપને એક ૧૮ અક્ષરનો મંત્ર આપું છું, તેના જાપથી રોગ, શોક નાશ પામશે.

---

*ભક્તામર સ્તોત્રની પાદપૂર્તિઓ ઘણી મળે છે. તે આ પ્રમાણે:—

(૧) ખરતરગચ્છના આ૦ ધર્મવર્ધનગણીનું વીરભક્તામર સં૦ ૧૭૩૬, (૨) પુનમિયા આ૦ ભાવપ્રભનું નેમિ૦, (૩) આ૦ ધર્મસિંહનું સરસ્વતી૦, (૪) તપગચ્છના મુનિ લક્ષ્મીવિમલનું શાંતિ૦ અઢારમી સદી, (૫) વિજયલાભગણિનું પાર્શ્વ૦, (૬) ખરતરગચ્છીય ઉ૦ સમયસુંદરનું ઋષભ૦, (૭) આ૦ રત્નસિંહનું પ્રાણપ્રિય૦ (૮) રાજસુંદરનું દાદા પાર્શ્વ૦, (૯) જિનભક્તામર (૧૦) મુનિ ચતુરવિજયનું સૂરીન્દ્ર૦ (૧૧) પં૦ હી૦ હં૦નું આત્મ૦ (૧૨) મુનિ વિચક્ષણવિજયનું વલ્લભભક્તામર.

ભક્તામર સ્તોત્રની ઘણી ટીકાઓ છે, તે આ પ્રમાણે:—

(૧) રુદ્રપલ્લી આ૦ ગુણાકરની ગ્રં૦ ૧૫૭૨ સં૦ ૧૪૨૬, (૨) આ૦ રામચંદ્રની સં૦ ૧૪૭૧, (૩) આ૦ અમરપ્રભની, ગ્રં૦ ૪૦૦, (૪) ચૈત્રગચ્છના આ૦ ગુણાકરની ગ્રં૦ ૧૮૫૦ સં૦ ૧૫૨૪, (૫) તપા૦ પં૦ કનકકુશલગણીની ગ્રં૦ ૬૯૬ સં૦ ૧૬૫૨, (૬) તપગચ્છના ઉ૦ સિદ્ધિચંદ્રગણીની, (૭) તપા ઉ૦ રત્નચંદ્રગણીની, (૮) નાગોરીતપા આ૦ હર્ષકીર્તિની, (૯) તપા મહો૦ મેઘવિજયગણીની ગ્રં૦ ૧૦૦૦, (૧૦) ગુણસુંદરની (૧૧) ભાવડગચ્છના આ૦ શાંતિસૂરિની ગ્રં૦ ૪૦૦, (૧૨) મુનિ પદ્મવિજયની (૧૩) મેરુસુંદરજીની, ટીકાઓ મળે છે.

આ ઉપરાંત દિગમ્બર વિદ્વાનોની ટીકાઓ પણ મળે છે.

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આચાર્યશ્રીએ **નમિઊણ** સંથવ-સ્તોત્ર ગા૦ ૨૧ બનાવી તેમાં ૧૮ મંત્રાક્ષરોને ગૂંથ્યા,* આચાર્યશ્રીને તેના પ્રભાવે રોગ શમ્યો અને કંચન જેવું શરીર થયું. આ સ્તોત્ર પણ આજે વિદ્યમાન છે, મહા-પ્રાભાવિક અને ચમત્કારિક છે. જૈનો તેનો પણ નિરંતર પાઠ કરે છે અને કલ્યાણ સાધે છે. તેમણે ભત્તિબ્ભર થયં ગા૦ ૩૫ બનાવ્યું છે.×

## આ૦ દેવભદ્રસૂરિ:

આ૦ મુનિરત્નસૂરિ લખે છે કે:—

**मानतुंग-देवभद्रसूरी स्तुत्ये मरालवत् ।**
**ऊषतुर्मानसे यौ श्रीशातवाहन-भोजयोः ॥२३॥**

( સં. ૧૨૫૨ 'અમમચરિત્ર, મંગલાચરણ )

આ૦ માનતુંગસૂરિ અને આ૦ દેવભદ્રસૂરિ,× તેમજ રાજા શાતવાહન અને રાજા ભોજ એ સમકાલીન છે.

---

*નમિઊણ સંથવં (સ્તોત્ર)ની અવચૂરિ પણ મળે છે.

આ૦ માનતુંગસૂરિ ઘણા થયા છે.

×(૧) ભક્તામરના કર્તા, (૨) સિદ્ધજયન્તીચરિત્રના કર્તા, વિક્રમની બારમી સદી, (૩) પરિગ્રહપરિમાણ ગ્રંથના કર્તા, (૪) રાજગચ્છ-ધર્મઘોષગચ્છના આ૦ રત્નપ્રભના પટ્ટધર, શ્રેયાંસનાથચરિત્રના કર્તા, સં૦ ૧૩૩૨, (૫) અંચલ-ગચ્છના આ૦ જયશેખરના લઘુબન્ધુ-લઘુગુરુભાઈ, સં૦ ૧૪૩૬, (૬) વીર-સ્તવન ગા૦ ૧૮ના કર્તા મુનિ માનતુંગ.

× આ૦ દેવભદ્રસૂરિ અનેક થયા છે. તે આ પ્રમાણે—

ભોજરાજાના સમકાલીન આ૦ દેવભદ્રસૂરિ.

(૧) આ૦ ઉદ્દ્યોતનસૂરિ (૨) આ૦ વર્ધમાનસૂરિ (૩) આ૦ જિનેશ્વરસૂરિ (૪) અભયદેવસૂરિ (૫) આ૦ પ્રસન્નચંદ્રસૂરિ (૬) આ૦ દેવભદ્રસૂરિ, તેમણે સંવેગરંગશાલા, મહાવીરચરિયં સં૦ ૧૧૩૯, કહારયણકોસો સં. ૧૧૫૮, પાસનાહ ચરિયં સં૦ ૧૧૬૮, પ્રમાણપ્રકાશ, અનંતજિનથયં થંભણાપાસ-થયં, વીતરાગ સ્તવન બનાવ્યાં છે. તેમણે આ૦ જિનવલ્લભને સં૦ ૧૧૬૭માં અને આ૦ જિનદત્તને સં૦ ૧૧૬૯માં સૂરિપદ આપ્યું હતું.

( પટ્ટાવલી સમુચ્ચય ભા૦ ૨, પૃ૦ ૧૨૧ )

(૧) આ૦ ભુવનચંદ્ર (૨) ઉ૦ દેવભદ્ર સં૦ ૧૨૮૫

ચંદ્રગચ્છના (૧) આ૦ દેવભદ્રસૂરિ, જે જ્ઞાની છતાં શાંત હતા, (૨)

www.jainsite.com    For Private & Personal Use Only    info@jainsite.com

## રાજા હર્ષવર્ધન

કંઠ પ્રદેશના થાણેશ્વરમાં વિ. સં. ૬૬૪ થી ૭૦૦ લગભગમાં રાજા હર્ષવર્ધન થયો છે. કવિ બાણે તેનું 'હર્ષચરિત' બનાવ્યું છે.

કવિ રાજશેખર વિ. સં. ૯૭૦ લગભગમાં થયા છે તે લખે છે કે—હર્ષવર્ધનની સભામાં ૩ પ્રકાંડ વિદ્વાનો હતા. તે આ પ્રમાણે—

**अहो प्रभावो वाग्देव्याः यन्मातङ्गदिवाकरः ।**
**श्रीहर्षस्याऽभवत् सभ्यः, समो बाण-मयूरयोः ॥१८९॥**

**( शार्ङ्गधर-पद्धति )**

**૧. બાણ**—તેણે કાદંબરી, હર્ષચરિત્ર અને ચંડીશતક બનાવ્યાં છે.

**૨. મયૂર**—તેણે સૂર્યશતક બનાવ્યું છે.

**૩. માનતુંગસૂરિ**—તેમણે ભક્તામરસ્તોત્ર, નમિઊણસ્તોત્ર બનાવ્યાં છે.

આ ત્રણે વિદ્વાનોનો પરિચય ઉપર આ૦ માનતુંગચરિત્રમાં આવી ગયો છે.

પં. બાણ અને મયૂર વિ. સં. ૭૩૧ પછી ઉજ્જૈનમાં ભોજની સેવામાં જઈ વસ્યા હતા.

**દિલ્લી, ઉજ્જૈન, ભિન્નમાલ:**

રાજા અનંગપાલ તુંઅરે વિ. સં. ૬૭૮ માં દિલ્લી વસાવી.
રાજા વૃદ્ધભોજે વિ. સં. ૭૩૧માં ઉજ્જૈન વસાવ્યું.
આ અરસામાં શ્રીમાલનગરનું ભિન્નમાલ નામ પડ્યું.

(પ્રબંધચિંતામણિ, આ ગ્રંથ, પૃ૦ ૯૫)

---

આ૦ સિદ્ધસેન (૩) આ૦ મુનિચંદ્ર (૪) પં૦ વીરદેવગણિ તેમણે મહિવાલ-કહા ગા૦ ૧૮૨૬ બનાવી.

ચંદ્રગચ્છના (૧) આ૦ ભદ્રેશ્વર (૨) આ૦ અજિતસિંહ (૩) આ૦ દેવભદ્રસૂરિ, તેમણે આ૦ સિદ્ધસેનસૂરિના પ્રવચનસારોદ્ધારની ટીકા, પ્રમાણ-પ્રકાશ અને સિજ્જંસચરિયં બનાવ્યાં છે. વિ૦ સં૦ ૧૨૪૨.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## પ્રકરણ ત્રીશમું

## આ૦ રવિપ્રભસૂરિ

આ૦ જયાનન્દસૂરિની પાટે આ૦ રવિપ્રભસૂરિ થયા છે. તેઓ વિક્રમની આઠમી સદીના પૂર્વાર્ધના આચાર્ય છે. તેમણે વિ. સં. ૭૦૦ માં **નાડોલના** મુખ્ય દેરાસરમાં ઉત્સવપૂર્વક મૂળ-નાયક ભગવાન શ્રીનેમિનાથની પ્રતિષ્ઠા કરી હતી.

આ અરસામાં યુગપ્રધાન આ૦ સ્વાતિ ત્રીજા, આ૦ સિદ્ધસેનગણી, આ૦ યક્ષદત્તગણી, આ૦ જિનદાસગણી, વગેરે શ્રુતધરો વિદ્યમાન હતા.

JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

**આ૦ સ્વાતિસૂરિ** (ત્રીજા):

તેઓ ૩૧ મા યુગપ્રધાન છે, વીર સં. ૧૧૯૦ માં સ્વર્ગે ગયા છે.તેમનો પરિચય યુગપ્રધાન પટ્ટાવલી પૃ૦ ૧૯૬માં આવી ગયો છે.

**આ૦ સિદ્ધસેનગણી**:

તેઓ સિદ્ધાન્તના પારગામી, મહાન તાર્કિક, વાસ્તવિકતાવાદી અને અજોડ ગ્રંથકાર હતા. તેમની ગુરુપરંપરા આ પ્રમાણે છે:-

(૧) **દિન્નગણી** ક્ષમાશ્રમણ—તેઓ વિદ્વદ્‌માન્ય, યશવાળા, શાસ્ત્રવિશારદ, શીલધારી અને તપસ્વી હતા. તેમને જિનપ્રવચન પુસ્તકિયું નહીં, કિન્તુ મુખપાઠી હતું. (૨) આ **સિંહસૂરગણી** વાદીક્ષમાશ્રમણ—તેઓ મોટા વાદી, સિંહ જેવા શૂરવીર, પ્રિયહિત-વાદી અને મોટા યશવાળા હતા. (૩) **ભાસ્વામી** મહાક્ષમાશ્રમણ—તેઓ તેજસ્વી, પ્રકાંડ વિદ્વાન, સમસ્ત શાસ્ત્રના જાણનારા, ક્ષમાધર અને યોગ્ય ગચ્છનાયક હતા. તેઓને ઘણા રાજાઓ આવી નમતા હતા.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(૪) **સિદ્ધસેન**ગણી—તેમણે વા. ઉમાસ્વાતિના સભાષ્યતત્ત્વાર્થ સૂત્રની ટીકા રચી છે.

(ટીકાપ્રશસ્તિઃ શ્લોક ૧ થી ૭)

આ૦ સિદ્ધસેનગણી તે યુગના સમર્થ જ્ઞાની હતા, તેથી લોકો તેમને લઘુ–સિદ્ધસેનદિવાકર તરીકે અને તેમની તત્ત્વાર્થ ટીકાને **ગંધહસ્તિ**—ટીકા તરીકે માને એ બનવાજોગ છે.

તેમણે 'તત્ત્વાર્થસૂત્ર' પર મોટી ટીકા, આચારાંગસૂત્રની ચૂર્ણિ અને આ૦ જિનભદ્રગણીના જિતકલ્પની ચૂર્ણિની રચના કરી છે.

જો કે તેમની આચારાંગચૂર્ણિ મળતી નથી, કિન્તુ આ૦ શીલાંકસૂરિ આચારાંગસૂત્રના આરંભમાં શસ્ત્રપરિજ્ઞા પર બનેલા **ગંધહસ્તિ**વિવરણને સંભારે છે. એટલે એ રચના ગંધહસ્તિ તરીકે ઓળખાતા આ૦ સિદ્ધસેનગણીની ચૂર્ણિરૂપે હોય, એ બનવાજોગ છે. તેમનો સમય એ ચૂર્ણિરચનાનો યુગ છે.

**આ૦ યક્ષદત્તગણીઃ**

તેઓ હારિલગચ્છના આ૦ શિવચંદ્ર ગણીના શિષ્ય હતા.

તેમણે ગુજરાતમાં ૬ શિષ્યોને મોકલી જૈનધર્મનો પ્રચાર કરાવ્યો હતો. તેમનો પરિચય હારિલવંશ (પૃ. ૪૪૮)માં આવી ગયો છે.

**આ૦ જિનદાસગણી મહત્તર**

આ આચાર્યશ્રીએ નંદીચૂર્ણિ ગ્ર. ૧૫૦૦ અનુયોગદ્વારચૂર્ણિ અને નિશીથચૂર્ણિ રચી છે. નંદીચૂર્ણિ વિ. સં. ૭૩૩માં બની છે. નિશીથ ચૂર્ણિનું નામ વિશેષચૂર્ણિ છે. આચારાંગ, સૂત્રકૃતાંગ આવશ્યક અને ઉત્તરાધ્યયનની ચૂર્ણિઓ પણ તેઓની રચના છે એમ કોઈ કોઈ માને છે. તેઓ આ૦ પ્રદ્યુમ્ન ક્ષમાશ્રમણના શિષ્ય હતા.

તેમણે પોતાનું નામ ચૂર્ણિમાં આડકતરી રીતે સૂચવ્યું છે. જે નીચે મુજબ છે;

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**१—णि रेणगमत्तणहसवाजि, कया॥**
**पसुपति-संख-गजठितां-ऽकु + द + इ-इला-कम्मठिता।**
**धी-मत-चिं (च्छि) तियक्खरा, फुडं कहयंतभिधाणं कत्तुणो॥**

૧–ણિ, ૨–રે, ૩–ણ, ૪–ગ, ૫–મ, ૬–ત્ત, ૭–ણ, ૮–હ, ૯–સ, ૧૦–દા, ૧૧–જિ. આ અટપટા અક્ષરોમાં ગૂંથાયેલ નામવાળા આચાર્યે નંદીચૂર્ણિ રચી છે. આ અક્ષરોમાંથી અનુક્રમે પશુપતિ (૧૧મો) શંખ (૭મો) ગજ (૧૦મો) અંક (૯મો) વેદ (૪થો) ઈલા (૧લો) કર્મ (૫મો) ધી (૮મો) મત (૬ઠ્ઠો) અક્ષિ (૨જો) અને તિય (ત્રીજો) અક્ષર લેવાથી કર્તાનું નામ (**जिणदासगणिमहत्तरेण कया**) સ્પષ્ટ થાય છે.

(નંદીસૂત્ર–ચૂર્ણિ, મુદ્રિત પૃ. ૧૨૧)

**२—ति-चउ-पण-अट्ठमवग्गा, ति-पण-ति-तिगअक्खरा व तेसिं॥**
**पढमत तिपहिं ति-दुसरजुएहिं णामं कयं जस्स॥१॥**
**गुरुदिन्नं च गणितं, महत्तरं च तस्स तुट्ठेहिं।**
**तेण कयेसा चुण्णि, विसेसनामा निसीहस्स॥२॥**

જૈન સાઈટ JAINSITE .com જયતિ શાસનમ્

ત્રીજા, ચોથા, પાંચમા અને આઠમા (ચ, ટ, ત, શ) વર્ગના ત્રીજા પાંચમા ત્રીજા અને ત્રીજા (જ, ણ, દ, સ,) અક્ષરો અને તે પૈકીના પહેલા (જ) અને ત્રીજા (દ) અક્ષરોમાં ત્રીજો સ્વર (ઈ) અને બીજો સ્વર (આ) જોડવાથી જે (**जिणदास**) નામ થાય છે અને કૃપાળુ ગુરુએ જેને એ (જિનદાસ) નામ આપ્યું તેણે (જિનદાસગણિ મહત્તરે) નિશીથસૂત્રની આ વિશેષ નામવાળી ચૂર્ણિ બનાવી છે.

(નિશીથસૂત્રની વિશેષચૂર્ણિ)

## જિનપ્રતિમા (કાઉસગ્ગિયા):

સં. ૭૪૪માં બે ભવ્ય ખડગાસન (ઊભી) જિનપ્રતિમાઓ બની છે, જે આજે પીંડવાડાના દેરાસરમાં વિદ્યમાન છે.

(નાગરીપ્રચારિણી, ભા૦ ૧૮, અં૦ ૨, જૈનસત્યપ્રકાશ, ક. ૭૫, પૃ. ૨૧૭)

## પ્રકરણ એકત્રીશમું

### આ૦ યશોદેવસૂરિ

આ. રવિપ્રભસૂરિની પાટે આ. યશોદેવસૂરિ થયા. તેઓ વિક્રમની આઠમી સદીના ઉત્તર ભાગના સમર્થ આચાર્ય છે.

આ. મુનિસુંદરસૂરિ તેમનો પરિચય આ પ્રમાણે આપે છે:

**अजनि रजनिजानिर्नागरब्राह्मणानां,**
**विपुलकुलपयोधौ श्रीयशोदेवसूरिः।**
**प्रवरचरणचारी भारतीकण्ठनिष्का-**
**भरणबिरुदधारी शासनोद्योतकारी ॥४२॥**

આ. યશોદેવસૂરિ જાતે નાગરબ્રાહ્મણ હતા, વિદ્વાન હતા, વૈરાગ્ય પામી, દીક્ષા લઈ, શાસ્ત્રજ્ઞાન મેળવી યશોદેવસૂરિ નામે પ્રભાવક આચાર્ય થયા હતા. તેમનું ચારિત્ર ઉત્તમ હતું; તેમને "સરસ્વતી-કંઠાભરણ"નું બિરૂદ હતું, અને તેમણે જૈનશાસનનો ખૂબ ઉદ્દ્યોત કર્યો હતો.

આ સમયે નાગેન્દ્રગચ્છના આ. શીલગુણસૂરિ, આ. દેવચંદ્રસૂરિ, આ૦ બૂઢાગણી, આ. વટેશ્વરસૂરિ, આ. વીરભદ્રસૂરિ, આ. હરિભદ્રસૂરિ અને રાજગચ્છીય આ. નન્નસૂરિ વગેરે સમર્થ આચાર્યો થયા છે. વનરાજ ચાવડા, મંત્રી ચાંપો, શ્રીદેવી વગેરે જૈનધર્મોપાસક થયા છે. મહાનિશીથસૂત્રનો જીર્ણોદ્ધાર થયો છે.

**આ૦ શીલગુણસૂરિ :**

આ નાગેન્દ્રગચ્છમાં પ્રભાવશાળી આચાર્ય થયા છે. એમણે ગુજરાતના મહાન સામ્રાજ્ય સ્થાપક રાજા વનરાજને બાલ્યાવસ્થામાં રક્ષણ અને શિક્ષણ આપ્યું હતું.

जैनम् जयति शासनम्
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પંચાસરનો રાજા જયશિખરી મરણ પામ્યો એટલે તેની રાણી રૂપસુંદરી ગર્ભવતી હતી. તે ગર્ભના રક્ષણ માટે જંગલમાં ચાલી ગઈ અને તેણીએ જંગલમાં જ એક બાળકને જન્મ આપ્યો. તેનું **વનરાજ** એવું નામ રાખ્યું. જે સ્થળે વનરાજ જનમ્યો તે સ્થાને આજે **વણોદ** ગામ વસેલું છે. રાણીને શત્રુઓનો સદાય ડર હતો. એટલે બાળકના રક્ષણની પૂરી ચિંતા હતી. એક વાર આ. શીલગુણસૂરિ તે રસ્તે થઈને જતા હતા. તેમણે ઝાડની ડાળીમાં લટકતી ઝોળીમાં સુવાડેલ બાળકને જોયો, અને તેનાં લક્ષણોથી "આ બાળક પ્રતાપી પુરુષ થશે" એમ સૂરિજીને જણાયું. તે જ સમયે દુઃખી હાલતમાં રહેલી રાણી રૂપસુંદરીએ આવી સૂરિજીને પોતાનું વીતક કહી સંભળાવ્યું. આચાર્યમહારાજે તે સાંભળી તેણીને આશ્વાસન આપી, તે બન્નેને **પંચાસરમાં** ઉપાશ્રયે લાવી, તેમના રક્ષણનું કાર્ય શ્રાવકોને સોંપ્યું. બાળક વનરાજ પંચાસરમાં જૈન ઉપાશ્રયમાં રહેતો હતો, રમતો હતો અને ભણતો હતો. તે ઉંમરલાયક થયો એટલે સૂરિજીએ તેને તેના મામા સુરપાળને સોંપ્યો. વનરાજ મામાની ટોળીમાં રહી યુદ્ધકળા શીખ્યો અને ધીમે ધીમે વિકાસ સાધી તેણે ગુજરાતના રાજ્યનો પાયો નાંખ્યો. તેણે વિ. સં. ૮૦૨માં અક્ષયતૃતીયાને દિવસે **અણહિલપુર** પાટણની સ્થાપના કરી, તેમજ પંચાસર પાર્શ્વનાથ ભગવાનનાં મંદિરનું પણ ખાતમુહૂર્ત કર્યું. પાટણમાં ગુજરાતની રાજધાની સ્થાપી અને તે મંદિરમાં સૂરિજીના હાથે ભ૦ પાર્શ્વનાથની ભવ્ય મૂર્તિની પ્રતિષ્ઠા કરાવી. આ મંદિરનું બીજું નામ **વનરાજવિહાર** પણ છે.

વનરાજે ગુજરાતના મહાન સામ્રાજ્યની સ્થાપના કરી, તેમાં તેને આ સૂરિજીનું વાત્સલ્ય, કૃપા અને શિક્ષાદાન એ જ મુખ્ય સાધન હતાં અને બુદ્ધિશાળી જૈનોની પૂરી મદદ હતી. ઘણા બુદ્ધિશાળી જૈન અજૈન વિદ્વાનો એમ માને છે કે "ગુજરાતના સામ્રાજ્યની સ્થાપના અને વિકાસ તે જૈનોને જ આભારી છે." આમાં કંઈ જ અતિશયોક્તિ નથી.

આ. શીલગુણસૂરિ ચૈત્યવાસી હતા. વનરાજે રાજા થયા પછી

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તેમને દક્ષિણામાં એવું ફરમાન કરી આપ્યું હતું કે, સંપ્રદાયની મર્યાદા કાઢી નાખવાથી લઘુતા થવા પામી છે; માટે વ્યવસ્થા કરવામાં આવે છે કે પાટણમાં તે જ યતિ–મુનિ રહી શકશે કે જે ચૈત્યવાસીઓને સમ્મત હોય. બીજો યતિ અહીં રહી શકશે નહીં વગેરે.

આ વ્યવસ્થાથી એ ફલિતાર્થ થાય છે કે પાટણમાં પંચાસરના દેરાસર પાસે ઉપાશ્રયમાં આ. દેવચંદ્રસૂરિની ગાદી હતી અને તેમને અનુકૂળ હોય તે જ આચાર્યો કે યતિઓ પાટણમાં આવીને રહી શકતા હતા. તેમની કે તેમના પટ્ટધરોની સમ્મતિ મળે તેને અહીં આવવાની, રહેવાની અને ગમે તે સ્થળે ઊતરવાની છૂટ હતી. તેઓની સમ્મતિ વિના કે તેઓની વિરુદ્ધમાં જઈને કોઈ જૈન યતિ–મુનિ પાટણમાં આવી રહી શકતો નહીં.+

વનરાજે પ્રવર્તાવેલ આ 'વ્યવસ્થા' ઉપકારના ઋણ ઉતાર રૂપે ગુરુના બહુમાનમાં કે ગુરુદક્ષિણા તરીકે હતી. આવી વ્યવસ્થા વંશપરંપરા માટે હોય છે. તેમાં ફેરફાર કરી શકાય તેવું હોતું જ નથી. ખાસ પ્રસંગ આવે તો રાજા વિદ્યમાન આચાર્યને યોગ્ય વિનતિ કરે, પરંતુ વ્યવસ્થામાં છૂટછાટ મૂકવી એ તો આચાર્યને આધીન હોય છે.

આપણે જાણીએ છીએ કે આ વ્યવસ્થાને પરિણામે પાટણમાં આરણ્યક, વિહરુક અને એવા સંવેગી મુનિઓનો પ્રવેશ સદંતર બંધ હતો, જે ચંદ્રકુલીન આ. જિનેશ્વરસૂરિ–બુદ્ધિસાગરસૂરિ પધાર્યા ત્યારે અને રાજા ભીમદેવના સમયમાં આ. મુનિસુંદરસૂરિ પધાર્યા ત્યારે થોડે ઘણે અંશે ખૂલ્યો હતો અને ગૂર્જરચક્રવર્તી સિદ્ધરાજ

---

+ આજે પણ બિકાનેર, જયપુર વગેરે સ્થાનોમાં ખરતરગચ્છના શ્રીપૂજો માટે આવી જ મર્યાદાઓ પ્રવર્તે છે. ખરતરગચ્છની મોટી ગાદીના શ્રીપૂજ ડંકા નિશાન સાથે જયપુરમાં આવી શકતા નથી; તેના બદલામાં નાની રંગ શાખાના શ્રીપૂજ બિકાનેરમાં જઈ શકતા નથી. એકબીજાની સમ્મતિ મેળવીને જઈ શકે છે. આમાં ફેરફાર થાય તો તેઓના પ્રવેશ–ઉત્સવને રાજ્ય તરફથી મનાઈહૂકમ મેળવી રોકી દેવામાં આવે છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જયસિંહના રાજ્ય દરમિયાન સર્વથા ખુલી ગયો હતો. '**પ્રભાવક-ચરિત્ર**'માં આ ઘટનાનું ઠીક સૂચન મળે છે.

વનરાજ ચાવડો ચૈત્યવાસી આચાર્ય શીલગુણસૂરિ તથા આ. દેવચંદ્રસૂરિનો ઉપાસક હતો. સામાન્ય રીતે ચાવડાઓ ચૈત્યવાસીઓના જ શ્રાવકો લેખાય છે.

**આ૦ દેવચંદ્રસૂરિ:**

તેઓ નાગેન્દ્રગચ્છમાં આ. શીલગુણસૂરિના પટ્ટધર હતા. વનરાજનો ઊછેર અને શિક્ષાપ્રદાનમાં તેમનો પણ મોટો ફાળો હતો.

આ. પ્રભાચંદ્રસૂરિ તો ત્યાં સુધી કહે છે કે :—

**पुरा श्रीवनराजाऽभूत् चापोत्कटवराऽन्वयः ।**
**स बाल्ये वर्द्धितः श्रीमद्देवचन्द्रेण सूरिणा ॥**
**नागेन्द्र गच्छभूद्धारप्राग्वराहोपमा स्पृशा ।**

પહેલાં ધનુર્ધારીઓમાં શ્રેષ્ઠ યાને ચાવડાવંશનો રાજા વનરાજ થયો છે. તેને નાગેન્દ્રગચ્છરૂપી પૃથ્વીને ધારવામાં વરાહ અવતાર જેવા આ. દેવચંદ્રસૂરિએ બાલ્યાવસ્થામાં ઊછેરીને મોટો કર્યો.

(પ્રભાવકચરિત્ર, અભયદેવસૂરિપ્રબંધ)

આ આચાર્ય વનરાજ રાજા થયા પછી પણ ઘણાં વર્ષો સુધી જીવ્યા છે અને તેમણે વનરાજને ધર્મોપદેશ આપ્યો છે. આથી પાટણમાં પંચાસરા પાર્શ્વનાથના મંદિરમાં તેમની પ્રતિમા બેસાડવામાં આવી છે. તેની નીચે આ પ્રમાણે લેખ છે.

"**चापोत्कटवंशोद्भवमहाराजश्रीवनराजगुरुश्रीनागेन्द्रगच्छे श्रीशीलगुणसूरिशिष्यश्रीदेवचंद्रसूरिमूर्तिः ।**

આ મંદિરમાં વનરાજની મૂર્તિ પણ છે.

**આ. બૂઢાગણી:**

આ તે સમયના **ચૈત્રપુરીગચ્છના** સમર્થ આચાર્ય છે. ચિત્તોડના રાણાઓ તેમને ગુરુ તરીકે માનતા હતા. રાણા **અલ્લટે** અટેવર વસાવી તેના કિલ્લામાં ગુહિલવિહાર બનાવ્યો હતો, જેમાં આ. બૂઢાગણિના હાથે ભ. ઋષભદેવની પ્રતિષ્ઠા કરાવી હતી. આ

www.jainsite.com    For Private & Personal Use Only    info@jainsite.com

આચાર્યની શિષ્યપરંપરા પાછળથી **ભટેવરાગચ્છના** નામથી પ્રસિદ્ધ થઈ હોય એમ લાગે છે.

(જૈનસત્યપ્રકાશ ક્ર૦ ૭૩–૭૫)

**આ. વડેસર ક્ષમાશ્રમણ:**

તેઓ હારિલગચ્છના આ. યક્ષદત્તગણી ક્ષમાશ્રમણના ૬ આચાર્ય શિષ્યોમાંના એક વિદ્વાન શિષ્ય હતા, તેમણે ગુજરાતમાં જૈનધર્મનો ખૂબ **પ્રચાર** કર્યો હતો. તેમનો પરિચય હારિલવંશ (પૃ૦ ૪૪૯) માં આપેલ છે.

**થારાપદ્રગચ્છ:**

ચંદ્રગચ્છના આ૦ યુ૦ પ્ર૦ હારિલસૂરિની શિષ્યપરંપરામાં આ૦ વટેશ્વરસૂરિ થયા છે; તેમનાથી થરાદમાં **થારાપદ્રગચ્છ** નીકળ્યો છે. આ ગચ્છમાં ઘણા વિદ્વાન આચાર્યો થયા પછી અનુક્રમે આ૦ જ્યેષ્ઠાર્ય, આ૦ શાંતિભદ્ર, સિદ્ધાંતમહોદધિ આ૦ સર્વદેવ, આ૦ શાલિભદ્ર, આ૦ પૂર્ણભદ્ર થયા છે. આ૦ શાલિભદ્રનું બીજું નામ આ૦ શાંતિભદ્ર છે. તેમના શાસનકાળમાં વિ. સં. ૧૦૮૪ ચૈત્રી પૂનમને દિવસે આ૦ પૂર્ણભદ્રે રામસેનના **રાજા રઘુસેનના** જિનાલયમાં ભગવાન આદિનાથની પ્રતિમાની પ્રતિષ્ઠા કરી.

(જૈનયુગ, વ૦ ૫, અં૦ ૧ થી ૩, જૈનસત્યપ્રકાશ ક્ર૦ ૭૫)

આ ઉલ્લેખ ઉપરથી સ્પષ્ટ છે કે–હારિલગચ્છમાંથી થારાપદ્રગચ્છ નીકળ્યો છે. સામાન્ય રીતે શાંતિસૂરિ અને શાલિસૂરિ એ એક જ નામ મનાય છે, એ માન્યતાને આ શિલાલેખથી પુષ્ટિ મળે છે. અહીં જે શાલિભદ્રસૂરિ લખ્યા છે તે વાદિવેતાલ શ્રીશાંતિસૂરિ જ છે તેઓ વિ. સં. ૧૦૯૬ માં ગિરનાર તીર્થમાં સ્વર્ગે ગયા છે.

અહીં લખેલ રઘુસેન તે રામસેન નગરનો જૈન રાજા હતો, તેણે રામસેનમાં જિનાલય બનાવ્યું હતું. એ રઘુસેન–જિનાલયમાં વિ. સં. ૧૧૧૦ માં પ્રતિષ્ઠા કરાવેલ ભગવાન શ્રીઅજિતનાથની એક કળામય ઊભી પ્રતિમા અમદાવાદમાં વાઘણપોળના ભ૦ અજિતનાથના દેરાસરમાં વિદ્યમાન છે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

'ઉત્તરાધ્યયનસૂત્ર'ની પ્રાચીન ટીકામાં અને 'પ્રભાવકચરિત્ર'માં ઉલ્લેખ છે કે–થારાપદ્રગચ્છ તે ચંદ્રગચ્છનો પેટાગચ્છ છે. કિન્તુ કેટલાએક શિલાલેખો તથા ગ્રંથોમાં શબ્દો છે કે–થારાપદ્રગચ્છ તે વડગચ્છનો પેટાગચ્છ છે. સંભવ છે કે, વટેશ્વરગચ્છ અને વડગચ્છમાં શબ્દસામ્યતા છે તેમજ સમાચારીની એકતા છે. એ કારણે આ બીજી માન્યતા ચાલી હશે. પરંતુ થારાપદ્રગચ્છ તે વડગચ્છથી પ્રાચીન છે. એટલે તે વડગચ્છથી નીકળ્યો હોવાનું સંભવિત નથી. ઉક્ત શિલાલેખથી તેનો ઊકેલ આવી જાય છે કે–"થારાપદ્રગચ્છની ઉત્પત્તિ વડગચ્છથી નહીં, કિન્તુ વટેશ્વરસૂરિથી થઈ છે."

આ થારાપદ્રગચ્છમાંથી સં. ૧૨૨૨માં **પિપ્પલકગચ્છ** નીકળ્યો છે.

(પટ્ટાવલી સમુચ્ચય, ભા. ૨ પૃ. ૨૨૫)

### આ૦ વીરભદ્રસૂરિ :

તેઓ વિક્રમની આઠમી સદીના બહુશ્રુત આચાર્ય છે. તેમના ઉપદેશથી જાલોરમાં ભગવાન ઋષભદેવનું મોટું વિશાળ અને મનોહર શિખરબંધી મંદિર બન્યું હતું. તેમણે આ૦ ઉદ્દ્યોતનસૂરિને સિદ્ધાંત ભણાવ્યા હતા.

(કુવલયમાલાની પ્રશસ્તિ, ગાથા–૧૪, ૧૫, ૧૯.)

### આ૦ હરિભદ્રસૂરિ :

આ. શ્રીહરિભદ્રસૂરિ તે મહાપ્રભાવક અને મહાન ગ્રંથકાર છે. તેમનો સંસ્કૃત અને પ્રાકૃત ગ્રંથરાશિ મોટો છે. તેમની પ્રકાંડ વિદ્વત્તા, અપૂર્વ જ્ઞાનપ્રતિભા, સમભાવ, નિષ્પક્ષ આલોચના અને ભાષાપ્રભુત્વ ભારતીય સાહિત્યના ઇતિહાસમાં સુવર્ણાક્ષરે આલેખાયેલ છે.

તેમના જીવનચરિત્ર માટે વિવિધ ગ્રંથો બન્યા છે. આ. **પ્રભાચંદ્રસૂરિ** તેમના જીવન ઉપર નીચે પ્રમાણે પ્રકાશ પાડે છે.

પંડિત **હરિભદ્ર** વેદશાસ્ત્ર, દર્શનશાસ્ત્રના જાણકાર હતા. ચૌદ વિદ્યાના પારગામી હતા. તે **ચિત્તોડના** રાજા જિતારિના **પુરોહિત**



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હતા. અગ્નિહોત્રી બ્રાહ્મણ હતા. તેની ભારતીય વિદ્વાનોમાં વાદિ-વિજેતા તરીકે અપૂર્વ ખ્યાતિ હતી. તેનામાં જ્ઞાન, સન્માન અને સત્તા એ ત્રણેનો યોગ મળ્યો, એટલે તેને પોતાના જ્ઞાનનો મદ ચડ્યો હતો. એ વિદ્યાના અભિમાનથી પોતાના પેટે સોનાનો પાટો બાંધતા, વાદીઓને જીતવા કોદાળી, જાળ તથા નિસરણી રાખતા અને જંબૂદ્વીપમાં પોતાની અદ્વિતીયતા બતાવવા હાથમાં જાંબુડાની ડાળી રાખી ફેરવતા હતા. વળી, સાથેસાથ તે સરળ પણ હતા. એટલે તેણે પ્રતિજ્ઞા કરી હતી કે—"હું આ પૃથ્વી પર જેનું વચન સમજી ન શકું તેનો શિષ્ય બની જાઉં." તે પોતાને કલિકાલસર્વજ્ઞ તરીકે જ માનતા હતા.

પરંતુ આશ્ચર્યની વાત છે કે તેનું આ અભિમાન એક વિદુષી આર્યાએ–એક તપસ્વિની જૈન સાધ્વીએ ઉતાર્યું.

એક દિવસ હરિભદ્ર પાલખીમાં બેસી રાજસભામાં જતા હતા, શિષ્યો અને પંડિતો તેની ચારે બાજુ વીંટાઈ ચાલતા હતા. પાસે જૈન દેરાસર આવ્યું. એટલામાં એક ગાંડો હાથી ધમાચકડી મચાવતો ત્યાં આવી પહોંચ્યો. એને જોતાં જ સાથેનું ટોળું વીખરાઈ ગયું, હરિભદ્ર ભટ્ટ પણ જીવ બચાવવા માટે પાલખીમાંથી કૂદી પડ્યા અને પાસેના જૈન દેરાસરમાં જઈ ઊભા. ત્યાં તેણે જોયું તો સામે વીતરાગદેવની પ્રતિમા બિરાજમાન હતી. ભટ્ટજી તેને જોઈ હસતા હસતા બોલી ઊઠ્યા.

Jainsite जैनसाईट

**वपुरेव तवाचष्टे, स्पष्टं मिष्टान्नभोजनम्।**
**न हि कोटरसंस्थेऽग्नौ, तरुर्भवति शाड्वलः॥**

—તારું શરીર જ મિષ્ટાન્ન ભોજનની સ્પષ્ટ સાક્ષી પૂરે છે. કેમકે બખોલમાં અગ્નિ હોય તો ઝાડ લીલુછમ રહે ખરું ?

તે પંડિતને ત્યારે ખબર ન હતી કે તેના આ શબ્દો તેમને જ ભવિષ્યમાં સુધારવા પડશે. ખરે જ કુદરતની બલિહારી છે.

હાથી ચાલ્યો ગયો અને હરિભદ્ર ભટ્ટ પણ પોતાને સ્થાને ચાલ્યા ગયા.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આ હાથીની ઘટનાએ તેને વિશેષ ભક્તિથી પણ વીતરાગનો પરિચય કરાવ્યો છે.

હરિભદ્ર ભટ્ટ એક રાતે ઘર તરફ જતા હતા. ત્યાં તેણે એક નવીન શ્લોક સાંભળ્યો.

**चक्कीदुगं हरिपणगं, पणगं चक्कीण केसवो चक्की।**
**केसव चक्की केसव, दुचक्की केसव चक्की य॥**

—એટલે એક પછી એક ૨ ચક્રવર્તી, ૫ વાસુદેવ, ૫ ચક્રી, ૧ કેશવ, ૧ ચક્રી, ૧ કેશવ, ૧ ચક્રી, ૧ કેશવ, ૨ ચક્રી, ૧ કેશવ, અને ૧ ચક્રવર્તી થયા છે.

પંડિતજીએ શ્લોક સાંભળ્યો, ફરી ફરી વાર સાંભળ્યો. તેને તે અપૂર્વ લાગ્યો, તેનો અર્થ સમજવા માટે ઘણી મથામણ કરી, ખૂબ વિચાર કર્યો પણ તેને તેનો અર્થ સમજાયો જ નહીં. તેને પોતાની પ્રતિજ્ઞા યાદ આવી, તેનું અભિમાન ઘવાવા લાગ્યું, અને તેને ગુસ્સો પણ ચડ્યો. તેણે પાસેના મકાનમાં પ્રવેશ કરી જોયું તો એક વિદુષી સાધ્વી તે શ્લોક બોલતી હતી. પંડિતજીએ તેમની પાસે જઈને પૂછ્યું કે—**किं चक्की चकचकायते?**

—આ ચકલી શું ચકચક કરે છે?

સાધ્વીજી પણ બહુ જ વિચારશીલ વિદ્વાન હતાં. તેમને મીઠાશથી પંડિતજીને ઉત્તર આપ્યો કે–ભાઈ! એ લીલા છાણથી લીંપેલું નથી કે જલદીથી જાણી શકો.

પંડિતજી આ ઉત્તર સાંભળી ચમકયા. તેમને અનુભવ થયો કે એક તો આ શ્લોક સમજાય તેવો નથી અને બીજું આ ઉત્તર પણ મારી પંડિતાઈને આંટે તેવો છે. ઉત્તર દેનાર પણ નિડર નિઃસ્પૃહી વિદુષી આર્યા છે.

તેનું અભિમાન ગળવા લાગ્યું. તેણે નમ્રભાવે સાધ્વીજીને કહ્યું: માતાજી! તમે મને તમારી આ ગાથાનો અર્થ સમજાવો.

www.jainsite.com  For Private & Personal Use Only  info@jainsite.com

સાધ્વીજી બોલ્યાં: 'મહાનુભાવ! આ ગાથાનો અર્થ સમજવો હોય તો તમે કાલે અમારા ગુરુજી અહીં વિરાજમાન છે, તેમની પાસે જઈ સમજજો. અમારો એવો આચાર છે, તે માટે ગુરુ-મહારાજ પાસે જજો.'

હરિભદ્ર ભટ્ટ બીજે દિવસે સવારે ત્યાં વિરાજમાન આ૦ જિનદત્તસૂરિ પાસે ગયા. પેસતાં જ તેણે પ્રથમ જિનાલયમાં પ્રવેશ કર્યો, આજે એમના વિચારો બદલાઈ ગયા હતા. તે વીતરાગદેવની પ્રતિમા જોઈ સ્તુતિ કરતા બોલ્યા.

> **वपुरेव तवाचष्टे, भगवन्! वीतरागताम् ।**
> **नहि कोटरसंस्थेऽग्नौ, तरुर्भवति शाड्वलः ॥**

—હે ભગવાન્! તમારી પ્રતિમા જ વીતરાગભાવની સાક્ષી પૂરે છે. કેમકે બખોલમાં અગ્નિ હોય તો ઝાડ લીલુછંમ રહે ખરું?

તે આ રીતે વીતરાગની સ્તુતિ કરીને ઉપાશ્રયમાં આચાર્ય મહારાજ પાસે ગયા અને તેમણે આચાર્યશ્રીને **ચક્કીદુગં**૦ ગાથાનો અર્થ સમજાવવા વિનતિ કરી.

जैन साइट JAINSITE .com जैनम् जयति शासनम्

આચાર્યમહારાજે તરત જ તેમને ગાથાનો અર્થ સુંદર રીતે સમજાવ્યો, એને સમજતાં જ પંડિતજી બોલ્યા કે—મારે પ્રતિજ્ઞા છે કે—હું જેનું વચન સમજી ન શકું તેનો શિષ્ય બનીને રહીશ. માટે કૃપા કરી મને તમારો શિષ્ય બનાવો.

આચાર્ય મહારાજે આજ્ઞા આપી અને હરિભદ્ર ભટ્ટ આ૦ **જિનદત્તસૂરિ**ના શિષ્ય બન્યા. (તેમણે આ૦ **જિનભટ્ટ** પાસે વિદ્યાધ્યયન કર્યું.) ગુરુમહારાજે તેમને આચાર્યપદ આપ્યું એટલે તેઓ **આચાર્ય હરિભદ્રસૂરિ** તરીકે વિખ્યાત થયા. તેઓ પોતાનાં ઉપકારી સાધ્વી **યાકિની**મહત્તરાને પોતાની માતા તરીકે માનતા હતા અને પોતાને **યાકિનીમહત્તરાસૂનુ** તરીકે ઓળખાવતા હતા.

તેમને **હંસ** અને **પરમહંસ** નામના બે ભાણેજ હતા. તેઓએ કુટુમ્બ ક્લેશથી વૈરાગ્ય પામી મામા પ્રત્યેના પ્રેમથી આચાર્યશ્રી પાસે દીક્ષા લીધી, ન્યાયશાસ્ત્રનો અભ્યાસ કર્યો અને

હરિભદ્રસૂરિની મના હોવા છતાં બૌદ્ધધર્મનું જ્ઞાન મેળવવા માટે વેષપલટો કરી સગવાં પહેરી બૌદ્ધ નગરમાં જઈ બૌદ્ધ મઠમાં વિદ્યાર્થી તરીકે પ્રવેશ કર્યો. ત્યાં બૌદ્ધાચાર્ય જૈનદર્શનનું ખંડન ભણાવતા ત્યારે આ બન્ને મુનિઓ એકેક પત્ર ઉપર તેની યુક્તિઓમાં રહેલાં દૂષણો અને જૈનદર્શનના શુદ્ધ હેતુઓની ટૂંકી નોંધ કરતા હતા. એક વાર એ પત્રો હવાથી ઊડયાં અને કોઈ વિદ્યાર્થીએ તેને ઉઠાવી બૌદ્ધાચાર્ય પાસે ધરી દીધાં. બૌદ્ધાચાર્યે તેને જોઈ મનમાં ગાંઠ વાળી કે—મારા મઠમાં કોઈ જૈન છે અને તે પણ કટ્ટર જૈન છે તો તેને શોધી કાઢવો જોઈએ. તેણે એ માટે એક તરકીબ ગોઠવી. દરવાજાના પગથિયામાં જિનપ્રતિમા ગોઠવી અને વિદ્યાર્થીઓને હૂકમ કર્યો કે–દરેકે આ પ્રતિમા ઉપર પગ મૂકી ઉપર જવું. બૌદ્ધ વિદ્યાર્થીઓએ તે પ્રમાણે જ કર્યું. હંસ અને પરમહંસ આ તરકીબને સમજી ગયા, તેઓને ગુરુદેવની મનાઈનું રહસ્ય હવે સમજાયું. પણ થાય શું ? હવે બે જ માર્ગ હતા. કાંતો જિનેંદ્ર ઉપર પગ મૂકી રૌરવ નરકમાં જવું અને કાંતો જૈનરૂપે જાહેર થઈ બૌદ્ધાચાર્યના હાથે મરવું. આ સિવાય ત્રીજો રસ્તો ન હતો. તેઓએ તરત જ નક્કી કર્યું કે, ગુરુદેવનો અવિનય કર્યો છે તેના ફળરૂપે મરવું બહેતર છે કિન્તુ દેવાધિદેવની કંઈ પણ અશાતના કરીએ એ બનવાનું જ નથી. તેઓએ હાથમાં ખડી લઈ ચાલાકીથી તે પ્રતિમાને જનોઈનું નિશાન કરી બૌદ્ધ પ્રતિમા બનાવી, અને પછી તેની ઉપર પગ મૂક્યો. બસ ? આ જોતાં જ બૌદ્ધોએ તેમને ઓળખી લીધા અને બૌદ્ધોમાં ક્રોધ ધમધમવા લાગ્યો. વળી, બૌદ્ધાચાર્યે રાત્રે સૂતા હતા ત્યારે ઘડા ઉપરથી નીચે ગબડાવ્યા, વિદ્યાર્થીઓ એઓના અવાજથી ઓચિંતા જાગી, ઈષ્ટનું નામ બોલવા લાગ્યા. તેમાં હંસ અને પરમહંસ **નમો અરિહંતાણં** બોલ્યા. એટલે ત્યાં એવો અવાજ થયો કે, "ઠીક છે, આ બે જૈન દીસે છે."

બન્ને ભાઈઓ એ વાત સમજી ગયા. તેઓએ ત્યાંથી નાસવાનું નક્કી કર્યું, છત્રીઓ લઈ તેના આધારે ઉપલા માળેથી પડતું મૂક્યું, તેઓ નીચે આવ્યા કે ઉઠીને દોડતા દોડતા શહેરની બહાર

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

નીકળી ગયા, અને ચિતોડ તરફ ચાલવા લાગ્યા. બૌદ્ધો હથિયારો લઈ તેમની પાછળ પડયા, તેઓએ હંસને રસ્તામાં જ મારી નાખ્યો, અને પરમહંસ સૂરપાળ રાજાને શરણે પહોંચી ગયા હતા. તેને પકડવા આગળ પ્રયાણ લંબાવ્યું. તેઓએ સુરપાળને પોતાનો શત્રુ સોંપી દેવા વિનતિ કરી. પરન્તુ ન્યાયપ્રિય સુરપાળે બૌધ્ધોને સાફસાફ સંભળાવી દીધું કે—સાચો ક્ષત્રિય પ્રાણાંતે પણ શરણાગતનું રક્ષણ કરે છે એટલે તમારી ઇચ્છા બર આવે તેમ નથી. હા, તમે તેની સાથે શાસ્ત્રાર્થ કરો, તેને હરાવો અને પછી ઉચિત કરો, એમાં મને વાંધો નથી. બીજે દિવસે જ રાજા સુરપાળની સભામાં બૌદ્ધાચાર્ય અને પરમહંસનો શાસ્ત્રાર્થ થયો તેમાં બૌદ્ધો હાર્યા. પરમહંસ રાજાના ઈશારાથી તક જોઈને ત્યાંથી નાસી છૂટયા અને પકડવાને ફરી વાર પાછળ પડેલા બૌદ્ધ સુભટોથી પોતાને બચાવી ચિત્તોડ પહોંચી ગયા.

પરમહંસે આ. હરિભદ્રસૂરિ પાસે જઈ પ્રથમ હંસે તથા પોતે ગુરુ આજ્ઞા લોપી છે તેની ફરીફરીવાર માફી માગી પછી પોતાની ઉપર જે વીત્યું તે કડી સંભળાવ્યું અને એ કહેતાં કહેતાં તે ત્યાં મૃત્યુ પામ્યા.

જૈન સાઈટ JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

આચાર્યશ્રીએ તેમને અવિનય માટે માફી આપી, તેઓની ધર્મધગશ માટે ખૂબ પ્રશંસા કરી અને તેઓના અવસાન માટે ખૂબ શોક કર્યો. તેમણે વિચાર્યું કે—મેં બૌદ્ધોને ઘણીવાર હરાવ્યા છે. તેઓએ મારા શિષ્યોને મારી નાખ્યા તેનો બદલો ન લઉં ત્યાંસુધી મારા મનમાં ખટકો રહેવાનો અને એ ખટકો રાખીને મરીશ તો મારી સદ્ગતિ નહીં થાય, તો એ ખટકાને દૂર કરવા માટે મારે ઉચિત બદલો લેવો જ જોઈએ. તેઓશ્રી આ પ્રમાણે વિચારી ગુરુની આજ્ઞા લઈ ચિત્તોડથી વિહાર કરી સુરપાળના નગરમાં પધાર્યા. અને સુરપાળની સભામાં જઈ તેના શરણાગતરક્ષા ગુણની પ્રશંસા કરી બોલ્યા: 'તું અમારો અને બૌદ્ધોનો શાસ્ત્રાર્થ થાય તેવો પ્રબંધ કરી દે.'

રાજાએ યુક્તિ કરી બૌદ્ધનગરથી બૌદ્ધાચાર્યને બોલાવ્યા. શાસ્ત્રાર્થનું નક્કી કર્યું અને આ. હરિભદ્રસૂરિ તથા બૌદ્ધાચાર્ય

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

મુકરર દિવસે રાજસભામાં સામસામે આવી ઊભા. આ શાસ્ત્રાર્થમાં બૌદ્ધાચાર્ય તરફથી એવી શરત હતી કે—"જે હારે તે તપેલી તેલની કઢાઈમાં પડી મરણ પામે."

શાસ્ત્રાર્થ ચાલ્યો. તેમાં બૌદ્ધાચાર્ય હાર્યો એટલે તેલની કઢાઈમાં પડી મરણ પામ્યો. ત્યાર પછી બીજા પાંચ છ બૌદ્ધો શાસ્ત્રાર્થ કરવા આવ્યા અને એ જ રીતે હારી મરણ પામ્યા. આ ઘટનાથી બૌદ્ધોમાં મોટો ખળભળાટ મચ્યો, અને હંસ-પરમહંસ ઉપર કેર વર્તાવ્યો હતો તેનું આ કડવું ફળ છે એમ જાણ્યું એટલે મૌન બની તેઓ ત્યાંથી ચાલ્યા ગયા.

અહીં કેટલાએક આચાર્યો એમ માને છે કે—આ. હરિભદ્રસૂરિએ મંત્રના બળે બૌદ્ધોને ખેંચી લાવી કઢાઈમાં હોમ્યા હતા.

આ તરફ આ. **જિનભટે** આ ઘટનાની જાણ થતાં આ. હરિભદ્રને શાંત કરવા માટે તેમની પાસે બે શિષ્યોને સમરાદિત્યના વૃત્તાંતની ૩ ગાથાઓ આપી મોકલ્યા, આ૦ હરિભદ્રસૂરિ પણ તેને વાંચી વિચારતાં પરમ શાંતભાવને પામ્યા. ગુરુએ મને જગાડ્યો છે એમ સમજી વિહાર કરી ચિત્તોડમાં ગુરુ પાસે આવી પહોંચ્યા, અને વિરતિપણામાં ભૂલ કરી છે તેનું પ્રાયશ્ચિત્ત લઈ શુદ્ધ થયા. પરંતુ તે શિષ્યવિરહને ભૂલી શકતા ન હતા.

એક વાર અંબિકાદેવીએ આવી આચાર્યશ્રીને મીઠાં વચનોથી વિનતિ કરી કે, સૂરિવર! તમો મહાન ત્યાગી છો. તમોને વિરહ શાનો હોય? તમો સમર્થ જ્ઞાની છો, કર્મસ્વરૂપના જાણનાર છો, તમને મારું તારું શાને હોય?

હંસ પરમહંસ તો ગયા પરંતુ અંતરાયના કારણે તમને બીજો શિષ્ય પરિવાર થવાનો નથી. તો કૃપા કરીને ગુરુની સેવા કરો અને શાસ્ત્રો બનાવો કે જે વડે જીવોનું કલ્યાણ થાય.

આ. હરિભદ્રસૂરિએ અંબિકાદેવીની વિનતિથી શોક મૂકીને ૧૪૦૦ ગ્રંથોની રચના કરી.

એવામાં **કાર્પાસિક** નામનો વ્યાપારી ત્યાં આવ્યો, તે નિર્ધન

જૈન સાઈટ JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હતો. આચાર્યશ્રીએ તેને ધૂર્તાખ્યાન કહી સંભળાવ્યું અને શ્રદ્ધાળુ જૈન બનાવ્યો. તેણે એક વ્યાપાર ખેડ્યો જેમાં તેને ગુરુની કૃપાથી પુષ્કળ ધન મળ્યું. એટલે તેણે આ. હરિભદ્રસૂરિના ગ્રંથોને લખાવ્યા અને સાધુઓને વહેરાવ્યા.

આ. હરિભદ્રસૂરિએ ગ્રંથો બનાવ્યા, એક જ સ્થાને ૮૪ મોટાં દેરાસર કરાવ્યાં, અને જીર્ણ થયેલ ખવાઈ ગયેલ **મહાનિશીથ** સૂત્રને બરાબર ગોઠવી પુસ્તકારૂઢ કર્યું.

( પ્રભાવક ચરિત્ર-પ્રબંધ ૯મો. )

આ. ભદ્રેશ્વરસૂરિએ આ. હરિભદ્રસૂરિનું ચરિત્ર વર્ણવ્યું છે. તેમાં વિશેષતા છે જે ટૂંકમાં નીચે પ્રમાણે છે.

આ૦ હરિભદ્રસૂરિ પિર્વગુઈ નામની બ્રહ્મપુરીના વતની હતા. તેમના પિતાનું નામ શંકર ભટ્ટ અને માતાનું ગંગા હતું. હરિભદ્ર પુરોહિતે **યાકિની** સાધ્વી પાસે **ચક્કીદુગં૦** ગાથા સાંભળી, તે જ સાધ્વીજીની સાથે આ૦ **જિનદત્ત**સૂરિ પાસે જઈ તેમના મુખેથી અર્થ સાંભળ્યો, ધર્મ સાંભળ્યો. નિષ્કામવૃત્તિવાળાને ધર્મનું ફળ મોક્ષ છે એમ જાણ્યું અને ભવવિરહ માટે તેઓની પાસે દીક્ષા લીધી. ગુરુએ તેમને શાસ્ત્ર ભણાવી સૂરિપદ આપ્યું અને પોતાની પાટે સ્થાપ્યા.

આ૦ હરિભદ્રને જિનભદ્ર અને વીરભદ્ર નામના બે શિષ્યો થયા, જે સર્વશાસ્ત્રોના જાણકાર હતા. ચિત્તોડના બૌદ્ધો જોરદાર હતા. તેઓ આચાર્યશ્રીના જ્ઞાન અને કળાની ઈર્ષા કરતા હતા. અને એ જ કારણે તેઓએ તે બન્ને શિષ્યોને ગુપ્ત રીતે મારી નંખાવ્યા. આ૦ હરિભદ્રસૂરિએ આ ઘટના સાંભળી શોકથી અનશન કરવાનું નક્કી કર્યું. પરંતુ બીજા મુનિવરોએ તેઓને તેમ કરતા રોકી રાખ્યા. છેવટે આ૦ હરિભદ્રે અનેક ગ્રંથો બનાવ્યા. તેઓએ પોતાના કેટલાએક ગ્રંથોમાં "ભવવિરહ"નો સંકેત આપ્યો છે. એક વાર તેમના શિષ્ય જિનભદ્ર અને વીરભદ્રનો કાકો લલ્લિગ ગરીબાઈથી કંટાળીને આચાર્યશ્રી પાસે દીક્ષા લેવા આવ્યો, પરંતુ આચાર્યશ્રીએ તેને દીક્ષા ન આપતાં અમુક વ્યાપાર કરવાનો સંકેત કર્યો, જેમાં લલ્લિગ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ધનવાન બન્યો. આ લલ્લિગે આચાર્યશ્રીના ગ્રંથોની નકલો કરાવી ખૂબ ફેલાવો કર્યો. તેણે ઉપાશ્રયમાં એક એવું રત્ન મૂક્યું કે જે દીવાની જેમ પ્રકાશ આપતું હતું અને આચાર્ય તે પ્રકાશમાં રાતે પણ ગ્રંથ લખી લેતા હતા. લલ્લિગ શેઠ આચાર્યશ્રીના ગોચરી સમયે શંખ વગાડી યાચકોને એકઠા કરતો હતો અને ભોજન કરાવતો હતો. યાચકો પણ આચાર્યશ્રીને નમસ્કાર કરી "ભવવિરહ થાઓ"ના આશીર્વાદ લઈ "ભવવિરહસૂરિ ઘણું જીવો" એમ બોલી ચાલ્યા જતા.

એકવાર બનારસના **વાસુકિ** શ્રાવકે આચાર્યશ્રીને **વર્ગકેવલી** ગ્રંથ આપ્યો, આચાર્યશ્રીએ તેના ઉપર ટીકા બનાવી પરન્તુ પછી સંઘના આગેવાનોના કહેવાથી તે ટીકા રદ્દ કરી હતી.

ભવવિરહસૂરિ ભગવાન મહાવીરના શાસનમાં છેલ્લા શ્રુતધર છે. આજના પંડિતોમાં એ સામર્થ્ય નથી કે તેઓના દરેક પુસ્તકોને વાંચી શકે. વગેરે વગેરે. (કથાવલી)

મલધારી આ૦ રાજશેખરસૂરિએ "પ્રભાવકચરિત્ર"થી થોડા ફેરફારવાળું હરિભદ્રસૂરિનું ચરિત્ર વર્ણવ્યું છે. તેમાં ખાસ વિશેષતા નીચે પ્રમાણે છે:

આ૦ હરિભદ્રસૂરિના શિષ્યો હંસ–પરમહંસ જિનપ્રતિમાના ચિત્રમાં ત્રણ રેખાઓ કરી બુદ્ધનું ચિત્ર બનાવી ભાગી આવ્યા ત્યારે બૌદ્ધ સુભટોએ એકને રસ્તામાં અને બીજાને ચિત્તોડના કિલ્લા બહાર જ્યાં તે સૂતો હતો ત્યાં મારી નાખ્યો. આથી આ૦ હરિભદ્રસૂરિને ગુસ્સો ચડ્યો. મંત્રના બળે ૧૪૪૦ બૌદ્ધોને એકઠા કરી દરેકને તપેલા તેલની કડાઈમાં તળી નાખવાનો પ્રબંધ ગોઠવ્યો. પરંતુ ગુરુમહારાજે એ સાધુઓ સાથે મોકલાવેલ "સમરાદિત્ય"ના વૃત્તાંતની ૪ ગાથાઓ વાંચી પરમ શાંતભાવને કેળવી બૌદ્ધ સાધુઓને છોડી દીધા અને તેના પ્રાયશ્ચિત્તમાં ૧૪૪૦ ગ્રન્થો બનાવ્યા. ચિત્તોડની તળેટીના વ્યાપારીઓએ તેની નકલો કરી એ ગ્રંથોનો ખૂબ ફેલાવો કર્યો, વગેરે.

(ચતુર્વિંશતિપ્રબંધ, પ્રબંધ ૯ મો)



જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આ. હરિભદ્રસૂરિ પોતે પોતાનો પરિચય નીચેના શબ્દોમાં આપે છે:

**समाप्ता चेयं शिष्यहितानाम आवश्यकटीकावृत्तिः सिताम्बराचार्यजिनभद्रनिगदानुसारिणो विद्याधरकुलतिलकाऽऽचार्यजिनदत्तशिष्यस्य धर्मतो याकिनीमहत्तरासूनोरल्पमतेराचार्यहरिभद्रस्य।**

એટલે આ. હરિભદ્રસૂરિ શ્વેતામ્બર છે, આ. જિનભદ્રના **વિદ્યાશિષ્ય** છે, વિદ્યાધરકુલના છે, આ. જિનદત્તસૂરિના **દીક્ષાશિષ્ય** છે, અને યાકિનીમહત્તરા સાધ્વીના **ધર્મપુત્ર** છે. તેમણે "આવશ્યકસૂત્ર"ની **શિષ્યહિતા** નામની ટીકા રચી પૂરી કરી છે.

એ વાત દીવા જેવી સ્પષ્ટ છે કે, બૌદ્ધોએ તેમના બુદ્ધિવાન શિષ્યો હંસ–પરમહંસને× દ્વેષથી મારી નાખ્યા હતા, તે આઘાતને દૂર કરવા તથા શાંતિ નિમિત્તે આ૦ હરિભદ્રસૂરિએ ૧૪૪૦ જેવી મોટી સંખ્યામાં ગ્રંથો રચ્યા છે.

આ. હરિભદ્રસૂરિ, એ આસ્તિકતા, ધર્મશ્રદ્ધા, સિદ્ધાંતવાદ, દાર્શનિકમીમાંસા, શાંતરસ, ઉદારતા અને યોગીની જીવતી પ્રતિમા જેવા હતા.

**તેમણે** ધર્મ, દર્શન, ન્યાય, યોગ, ધ્યાન, જીવનચર્યા, વિધિવિધાન, ભૂગોળ, ખગોળ, નવરસ, કાવ્ય, કથા, કળા, ઉપહાસ એમ દરેક વિષયના ગ્રંથો બનાવ્યા છે. એવો કોઈ વિષય નથી કે જે તેમના ગ્રંથમાં દાખલ ન હોય. દરેક ગ્રંથોમાં તેમની જ્ઞાનપ્રભા ચમકે છે. "સમરાઇચ્ચકહા" એ તેમનો વૈરાગ્યજનક અજોડ ગ્રંથ છે, જે તેમના કથાગ્રંથોમાં મુકુટમણિ જેવો છે.

આ. હરિભદ્રસૂરિ તટસ્થ, નિષ્પક્ષ અને પરમતસહિષ્ણુ વિદ્વાન હતા, તેઓએ વિરોધમતવાળાને બહુમાનથી ઉલ્લેખ્યા છે અને જે

---

× સંભવ છે કે જિનભદ્ર અને વીરભદ્ર એ તેઓનાં દીક્ષાનાં નામો હશે અને હંસ–પરમહંસ યોગીવેષનાં તથા બૌદ્ધમઠમાં રહ્યા તે સમયનાં નામો હશે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કહેવાનું છે તે તટસ્થતાપૂર્વક તેમાં કહી દીધું છે. તેમાંના થોડાએક નમૂના નીચે આપીએ છીએ.

बन्धुर्न नैष भगवान् रिपवोऽपि नान्ये,
साक्षान्नदृष्टतर एकतमोऽपि चैषाम् ।
श्रुत्वा वचः सुचरितं च पृथग्विशेषं,
वीरे गुणातिशयलोलतया श्रिताः स्मः ॥१॥
नास्माकं सुगतः पिता न रिपवस्तीर्थ्या धनं नैव ते
दत्तं नैव तथा जिनेन न हृतं किञ्चिद् कणादादिभिः ।
किन्त्वेको जगदेकहितः स भगवान् वीरो यतश्चामलं,
वाक्यं सर्वमलापहर्तृ च यतस्तद्भक्तिमन्तो वयम् ॥

ભગવાન મહાવીર અમારા બંધુ નથી, બીજા દેવો અમારા શત્રુ નથી. તેમાંના કોઈ એકને પણ અમે સાક્ષાત્ જોયા નથી. કિન્તુ ભ૦ મહાવીરનું બીજાથી જુદું પડતું અને યથાર્થ વચન સાંભળીને ગુણોથી ખેંચાયેલા એવા અમે તે મહાવીરને સેવીએ છીએ.

બુદ્ધ અમારો બાપ થતો નથી, બીજા ધર્મવાળા અમારા શત્રુ નથી. તેઓએ કે જિનેશ્વરે અમને ધન દઈ દીધું નથી અને કણાદ વગેરેએ અમારું ધન લઈ લીધું નથી. માત્ર એક ભગવાન મહાવીર જગતને હિતકર છે કેમકે તેમનું વચન નિર્મળ છે અને સર્વ દોષોને દૂર કરનાર છે માટે અમે તેમની પ્રત્યે ભક્તિવાળા છીએ.

पक्षपातो न मे वीरे, न द्वेषः कपिलादिषु ।
युक्तिमद् वचनं यस्य, तस्य कार्यः परिग्रहः ॥

મને ભગવાન વીર પ્રત્યે મમતા નથી, અને કપિલઋષિ વગેરે પ્રત્યે દ્વેષ નથી. જેનું વચન યુક્તિવાળું છે તેનો માત્ર સ્વીકાર કરવો ઘટે. ( લોકતત્ત્વનિર્ણય )

आग्रही बत निनीषति युक्तिं,
यत्र तत्र मतिरस्य निविष्टा ।
पक्षपातरहितस्य तु युक्ति-
र्यत्र तत्र मतिरेति निवेशम् ॥

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જીદ્દી મનુષ્ય જે તરફ પોતાની બુદ્ધિનો વેગ હોય તે તરફ યુક્તિને ખેંચી જાય છે. જ્યારે પક્ષપાત વગરનો મનુષ્ય જ્યાં યુક્તિ હોય ત્યાં પોતાની બુદ્ધિને પહોંચાડે છે.

આ. હરિભદ્રસૂરિએ પોતાના ગ્રંથોમાં બીજા ઘણા ગ્રંથકારોનાં નામો અને તેમનાં અવતરણો આપ્યાં છે, જે તેમની બહુશ્રુતતાનાં પરિચાયક છે. તે પૈકીના કેટલાએક દાર્શનિક ગ્રંથકારોનાં નામ નીચે પ્રમાણે મળે છે.

**જૈનઆચાર્યો**—શ્રુતકેવલી ભદ્રબાહુસ્વામી, વાચક ઉમાસ્વાતિજી, આ. સમંતભદ્ર, આ. સિદ્ધસેન દિવાકર, આ. સંઘદાસગણિ, આ. મલ્લવાદિજી, દેવવાચકજી, જિનભદ્રગણિ ક્ષમાશ્રમણ, અજિતયશસૂરિ, જિનદાસ મહત્તર, સિદ્ધસેનગણી.

**બૌદ્ધઆચાર્યો**—આ. કુક્ક, દિઙ્નાગ, ધર્મપાલ, ધર્મકીર્તિ, ધર્મોત્તર, ભદન્ત દિન્ન, વસુબન્ધુ, શાન્તિરક્ષિત, શુભગુપ્ત.

**બ્રાહ્મણઆચાર્યો**—આ. અવધૂત, આસૂરિ, ઈશ્વરકૃષ્ણ, મીમાંસક કુમારિલભટ્ટ, ભાષ્યકાર પાતંજલિ, યોગાચાર્ય પતંજલિ, પાણિનિ વૈયાકરણ, ભગવદ્ ગોપેન્દ્ર, ભર્તૃહરિ વૈયાકરણ, મહર્ષિ વ્યાસ, વિન્ધ્યવાસી, શિવધર્મોત્તર.

**યોગઆચાર્યો**—ગોપેન્દ્ર, કાલાતીત, પતંજલિ, ભદન્ત ભાસુર, બન્ધુભગવન્તવાદી.

**કથાઓમાં**—આ. સંઘદાસગણીનો વસુદેવહિંડી, સુબન્ધુની વાસવદત્તા, અને કવિ હર્ષની પ્રિયદર્શનાને યાદ કરેલ છે.

આ. હરિભદ્રસૂરિએ ૧૪૪૦ ગ્રંથો બનાવ્યા છે. એવો ઉલ્લેખ પણ મળે છે કે તેમણે પોતાના જીવનની છેલ્લી ઘડીએ "સંસારદાવાનલ૦" સ્તુતિના ૩ શ્લોક અને ૪થા શ્લોકનું એક ચરણ બનાવ્યાં છે અને એ રીતે તેમણે ૧૪૪૪ ગ્રંથ બનાવ્યા છે.

આ. હરિભદ્રસૂરિના કેટલાએક **ગ્રંથો** અને કેટલાએકનાં નામો મળે છે, જેની યાદી આ પ્રમાણે છે:

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અણુઓગસુત્ત–વૃત્તિ
અનેકાંતજયપતાકા
,, દીપિકા
અનેકાન્તપ્રઘટ્ટ
અનેકાંતવાદપ્રવેશ
અનેકાંતસિદ્ધિ
અર્હત્શ્રીચૂડામણિ
અષ્ટકપ્રકરણ
આત્મસિદ્ધિ
(આત્માનુશાસન)×
આત્માનુશાસન (સં૦)
આવસ્સયસુત્ત–વૃત્તિ—
,, ,, મોટી ગ્રં. ૮૪૦૦૦
,, ,, નાની ગ્રં. ૨૨૦૦૦
ઉવએસપદ ગા. ૧૦૩૯
ઓહનિજ્જુત્તિ–વૃત્તિ
કથાકોશ
કમ્મથય–વૃત્તિ
ક્ષમાવલ્લી–બીજ
ખિત્તસમાસ–વૃત્તિ
ચતુર્વિંશતિસ્તુતિ
ચેઇયવંદણ–ભાસ્સ
જંબૂદીવ–સંગહણી
જંબૂદીવ પણ્ણત્તિ–ટીકા
જિણહરપડિમાથોત્ત
જીવાજીવાભિગમ–
સુત્ત–લઘુવૃત્તિ
તત્ત્વતરંગિણી
તત્ત્વાર્થસૂત્ર–વૃત્તિ
(ડુપડુપિકા)
ત્રિભંગીસાર
દંસણસુદ્ધિ
(સમ્યક્ત્વસપ્તતિકા)
દંસણસિત્તરિ
(સાવગધમ્મપગરણ)
દસવેયાલિયસુત્ત–ટીકા મોટી
,, ,, ,, નાની
દિનશુદ્ધિ (?)
દેવેન્દ્ર–નરકેન્દ્ર પ્રકરણ
દ્વિજવદન–ચપેટા
(વેદાંકુશ)
ધમ્મસંગહણિ
ધર્મબિંદુ
ધર્મલાભસિદ્ધિ
ધર્મસાર
ધુત્તક્ખાણ–કહા
ઝાણસયગ–વૃત્તિ
નન્દીસુત્ત–ટીકા
નાણપંચગવક્ખાણ
નાણાયત્તક
નાણાચિત્ત–પયરણ
ન્યાયપ્રવેશ–વૃત્તિ
ન્યાયાવતાર–વૃત્તિ
પંચણિયંઠી
પંચલિંગી–પયરણ
પંચવત્થુગ

× ( ) માં તે તે ગ્રંથોનાં બીજાં સંભવિત નામો આપ્યાં છે.

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પંચવત્થુગ–ટીકા
પંચસુત્ત-વ્યાખ્યા
પંચથાનગ
પંચાસગ
પરલોકસિદ્ધિ
પિંડણિજ્જુત્તિ–ટીકા
પણ્ણવણાસુત્ત–પ્રદેશવ્યાખ્યા
પ્રતિષ્ઠાકલ્પ
બૃહન્મિથ્યાત્વમથન
બોટિકપ્રતિષેધ
ભાવના–સુદ્ધિ
ભાવાર્થમાત્રવેદિની
(અનેકાંતજય૦ ટીકા)
મુણિવઇચરિય
યતિદિનકૃત્ય
યશોધરચરિત
યોગદૃષ્ટિ સમુચ્ચય
,, વૃત્તિ
યોગબિંદુ
યોગશતક
લગ્ગકુંડલિયા
( લગ્ગસુદ્ધિ )
લઘુખિત્તસમાસ–વૃત્તિ
લલિતવિસ્તરા
(ચેઇયવંદણથય–વૃત્તિ)
લોકતત્ત્વનિર્ણય
(નૃતત્ત્વનિગમ)
લોકબિંદુ

વર્ગકેવલી–વૃત્તિ
વિસેસાવસ્સય–વૃત્તિ
વીરથય
વીરાંગદ–કહા
વીસ–વીસિયા
વેદબાહ્યતા–નિરાકરણ
વવહારકપ્પ–ટીકા
શાસ્ત્રવાર્તાસમુચ્ચય
,, ટીકા
શ્રાવકપ્રજ્ઞપ્તિ
,, ટીકા
ષડ્દર્શનસમુચ્ચય
ષોડશક
સંસારદાવાનલ૦ સ્તુતિ
સંકિતપંચાસા
સંગહણી–વૃત્તિ
સમરાઇચ્ચ–કહા
સંપચ્ચ–સિત્તરી
સંબોહ–સિત્તરી
સંબોહ–પગરણ
( તત્ત્વપ્રકાશક )
સર્વજ્ઞસિદ્ધિ
,, ,, ટીકા
સાવગધમ્મસમાસ
,, ,, ટીકા
સાસયજિણકિત્તણ
સ્યાદ્વાદકુચોદ્યપરિહાર
હિંસાષ્ટકાવચૂરિ, વગેરે વગેરે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**આ. હરિભદ્રસૂરિની પ્રશંસા :**

આ. હરિભદ્રસૂરિજીના ગ્રંથો, પછીના ગ્રંથકારોને આંખની જેમ માર્ગદર્શન કરાવે છે તેથી આ. ઉદ્દ્યોતનસૂરિ, આ. સિદ્ધર્ષિ, મહાકવિ ધનપાલ, આ. જિનેશ્વરસૂરિ, આ. વાદિદેવસૂરિ, આ. દેવચંદ્રસૂરિ, આ. મલયગિરિજી, આ. પ્રદ્યુમ્નસૂરિ, આ. સંગમસિંહસૂરિ આ. યક્ષદેવ, ક. સ. આ. હેમચંદ્રસૂરિ, મહોપાધ્યાય શ્રીયશોવિજયજીગણી વગેરે સમર્થ ગ્રંથકારોએ પોતપોતાના ગ્રંથોમાં આ૦ હરિભદ્રસૂરિને ભાવભીની અંજલિ સમર્પી છે.

**ધર્મપ્રચાર :**

આ. હરિભદ્રસૂરિએ **નવા જૈનો** પણ બનાવ્યા હતા. કપાસનો વ્યાપારી શેઠ **લલ્લિગ** પણ આચાર્યશ્રીના ઉપદેશથી થયેલો નવો જૈન છે.

**આ. હરિભદ્રસૂરિનો સમય :**

આ. હરિભદ્રસૂરિના સમય માટે મોટા બે મતો પ્રવર્તે છે. હવે આપણે તે સંબંધી વિચારણા કરીએ:

એક મત એવો છે કે આ. હરિભદ્રસૂરિ વિ. સં. ૫૮૫ માં સ્વર્ગે ગયા છે. જેના પ્રમાણપાઠો નીચે મુજબ છે:

(૧) પટ્ટાવલીઓમાં ૧ ગાથા મળે છે કે—

' पंचसए पणसीए, विक्कमकालाओ झत्ति अत्थमिओ।
हरिभद्दसूरिसूरो, भवियाणं दिसउ कल्लाणं ॥ "

આ. હરિભદ્રસૂરિ વિ. સં. ૫૮૫ માં સ્વર્ગે ગયા. તેઓ ભવ્યજનોનું કલ્યાણ કરો.

(૨) આ. ધર્મઘોષસૂરિ ' દુસ્સમકાલસમણસંઘથય 'ની અવચૂરિમાં લખે છે કે—

"सत्यमित्र ७ हारिल '५४ ॥ पंचसए पणसीए (गाथा) जिनभद्रगणिः ६० ॥ "

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આ. સત્યમિત્ર ૭ વર્ષ, આ. હારિલ ૫૪ વર્ષ યુગપ્રધાન રહ્યા, આ. હરિભદ્રસૂરિ વિ. સં. ૫૯૫ માં સ્વર્ગે ગયા, આ. જિનભદ્રગણિ ૬૦ વર્ષ યુગપ્રધાન.

(૩) આ. મેરુતુંગ વિચારશ્રેણિમાં લખે છે કે—

**"श्रीवीरमोक्षाद् दशभिः शतैः पञ्चपञ्चाशदधिकैः १०५५ श्रीहरिभद्रसूरेः स्वर्गः। उक्तं च, पंचसए पणसीए (गाथा) ततो जिनभद्रक्षमाश्रमणः ६५'**

વીર સં. ૧૦૫૫ માં આ. હરિભદ્રસૂરિનું સ્વર્ગગમન ત્યારબાદ આ. જિનભદ્ર ક્ષમાશ્રમણનો યુગપ્રધાન કાળ વર્ષ ૬૫.

(૪) આ. પ્રભાચંદ્રસૂરિ "પ્રભાવકચરિત્રમાં" લખે છે કે આ. હરિભદ્રસૂરિએ "મહાનિશીથસૂત્રનો" જીર્ણોદ્ધાર કર્યો, તેમજ આ. જિનપ્રભસૂરિ "તીર્થકલ્પ"માં લખે છે કે, આ. **જિનભદ્ર** ક્ષમાશ્રમણે મથુરામાં મહાનિશીથસૂત્ર ઉદ્ધર્યું. આથી સ્પષ્ટ છે કે આ બન્ને સમકાલીન આચાર્યો છે.

जैन साहित्य JAINSITE जैनम् जयति शासनम्

(૫) આ. પ્રદ્યુમ્નસૂરિ "વિચારસાર"માં અવતરણ ગાથાઓ આપે છે કે—

**पणसए पणतीए, विक्कमभूवाओ झत्ति अत्थमिओ।**
**हरिभद्दसूरिसूरो, धम्मरओ देउ मुक्खसुहं ॥२०॥**

**अहवा-पणवन्नदससएहिं, हरिसूरि, आसी तत्थ पुव्वकई।**
**तेरसवरिससएहिं, अइएहिं बप्पहट्टिपहू ॥२२॥**

એક ઉલ્લેખ મળે છે કે- ધર્મરત આ. હરિભદ્રસૂરિ વિ. સં. ૫૩૫ માં સ્વર્ગે ગયા, બીજો ઉલ્લેખ એવો પણ મળે છે કે- મહાકવિ આ. હરિભદ્ર વીર સં. ૧૦૫૫માં થયા અને આ. બપ્પભટ્ટિ વીર સં. ૧૩૦૦ માં થયા. અહીં મતાંતરથી બે સંવતો આપ્યા છે, પરંતુ **पणतीए** ને સ્થાને **पणसीए** પાઠ માની લઈએ તો મતાંતર રહેતો નથી.

અહીં આ. બપ્પભટ્ટિનું સ્વર્ગગમન વીર સં. ૧૩૦૦માં બતાવ્યું છે તે પણ મતાંતરરૂપે જ છે; કેમકે-વિચારશ્રેણિમાં વીર

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સં. ૧૩૦૦માં મતાંતરથી વીર સં. ૧૩૬૦માં, 'રત્નસંચય' માં વીર સં. ૧૩૨૦માં, અને 'તપગચ્છપટ્ટાવલી'માં વીર સં. ૧૩૬૫માં આ૦ બપ્પભટ્ટિસૂરિનું સ્વર્ગગમન બતાવ્યું છે.

(૬) બૃહદ્‌ગચ્છની 'સૂરિવિદ્યા'ની પ્રશસ્તિમાં ગાથાઓ છે કે—

**दिन्नो हरिभद्देण वि, विज्जाहरवायणाए तया ॥ ३ ॥**
**चिरमित्तपीइतोसा, दिन्नो हरिभद्दसूरिणा विहिओ।**
**विज्जाहरसाहिणो, मंतो सिरिमाणदेवस्स ॥ ४ ॥**

આ પ્રશસ્તિનો પૂર્વાપર સંબંધ અને સાર નીચે પ્રમાણે છે:

આ૦ **માનદેવ**સૂરિ આ૦ સમુદ્રસૂરિના પટ્ટધર અને આ૦ હરિભદ્રસૂરિના ધર્મમિત્ર હતા. તેમને ગુરુજી પાસેથી વિ. સં. ૫૮૨ માં ચંદ્રકુલનો સૂરિમંત્ર મળ્યો. તેમજ ચિરમિત્ર આ૦ હરિભદ્રસૂરિ પાસેથી વિદ્યાધરશાખાનો બીજો સૂરિમંત્ર મળ્યો. પરંતુ મંત્રપાઠની સમાનતા, દુકાળ, લોકસંહાર અને રોગના કારણે તેઓ બન્ને મંત્રોને ભૂલી ગયા. એટલે તેમણે ગિરનાર તીર્થમાં તપ કરી અંબિકાદેવી પાસેથી ભગવાન સીમંધરસ્વામીએ ઉપદેશેલ **સૂરિમંત્ર** મેળવ્યો વગેરે. (ગાથા: ૧ થી ૧૨ તથા જુઓ: પૃ. ૪૪૬)

આથી નક્કી છે કે—આ. હરિભદ્રસૂરિ અને આ. માનદેવસૂરિ સમકાલીન આચાર્યો છે અને વિ. સં. ૫૮૨માં થયા છે.

(૭) **ગુર્વાવલી** તથા પટ્ટાવલીઓમાં આ. હરિભદ્રસૂરિ અને આ. માનદેવસૂરિને સમકાલીન આચાર્ય બતાવ્યા છે.

આ. હરિભદ્રસૂરિના સમયનિર્ણય માટે બીજો એવો મત છે કે-તેઓ વિ. સં. ૭૮૫ લગભગમાં સ્વર્ગે ગયા છે પરંતુ તેના વિરુદ્ધમાં ઉપરના પાઠો મળે છે, તે અંગે એવો ખુલાસો કરવામાં આવે છે કે — ઉપર દર્શાવેલ પાઠો આ. **હારિલ** કે જેમનાં બીજાં નામો આ. હરિગુપ્ત અને આ. હરિભદ્ર છે અને જે વીર સં. ૧૦૫૫માં સ્વર્ગે ગયા છે, (જુઓ: પૃ. ૪૪૭) તેમની જીવનઘટના સાથે સંબંધ રાખનારા છે. એટલે કે—



જૈન સાઈટ JAINSITE .com નમ્ સાર્વાય સાઘનમ્
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(૧) પટ્ટાવલીઓની **पंचसए०** ગાથા આ૦ હારિલનો સ્વર્ગ-સંવત બતાવે છે. ત્યાં **पंचलए**ને સ્થાને **सत्तसए०** પાઠ માની લઈએ તો એ જ ગાથા આ. હરિભદ્રનો સ્વર્ગસંવત બતાવે.

(૨) 'દુસ્સમકાલસમણુથય'ની અવચૂરિમાં આ. હારિલ, પછી **पंचसए०** ગાથા, અને પછી આ. જિનભદ્ર લખ્યા છે ત્યાં પણ આ. હારિલ અને આ૦ હરિભદ્રને એક માનીએ તો જ તેમની પછી આ. જિનભદ્ર થયાનું બરાબર મળી રહે છે.

(૩) 'વિચારશ્રેણી'ના પાઠનું પણ ઉપર પ્રમાણે સમાધાન જાણવું.

(૪) આ. હરિભદ્રે 'મહાનિશીથસૂત્ર' ઉદ્ધર્યું, તે વાત સાચી છે, કેમકે તે સૂત્રની સંસ્કૃત પુષ્પિકામાં આ. **હરિભદ્ર**સૂરિનું નામ છે. વળી, તે પુષ્પિકામાં સમકાલીન આચાર્યોનાં નામો આપ્યાં છે, તેમાં આ. **જિનદાસ**ગણીનું નામ છે, આ. જિનભદ્રગણીનું નામ નથી. એટલે **તીર્થકલ્પના** ઉલ્લેખને બીજા પુખ્ત પ્રમાણની અપેક્ષા રહે છે. (જુઓ: પૃ. ૫૦૦)

JAINSITE .com जैनम् जयति शासनम्

(૫) 'વિચારસાર'ની અવતરણ ગાથાઓમાં મતાંતર છે, તે જ **पणसीए** પાઠને કમજોર બનાવે છે. વળી ૩૦મી ગાથાનું **घम्मरओ** વિશેષણ આ. હારિલને વધુ બંધબેસતું છે. **पणतीए**ને સ્થાને **पणसीए** માનવું હોય તો પછી **पंचसए-पतीणए**ને સ્થાને **सत्तसए-पणसीए** માનવું, એ વધુ કાલસંગત બને છે. બાકી ચાલુ સ્થિતિના આ પાઠો પણ આ. હારિલસૂરિ સાથે સંબંધ રાખનારા છે.

(૬) 'સૂરિવિદ્યાપાઠ'ની પ્રશસ્તિમાં આ. હરિભદ્રસૂરિ અને આ. સમુદ્રસૂરિના પટ્ટધર આ. માનદેવને એકકાલીન બતાવ્યા છે. આ પુરાવો સબળ છે, પરન્તુ એ પ્રશસ્તિ આ. માનદેવસૂરિએ બનાવી નથી. પછીના કોઈ આચાર્યે બનાવી છે. હવે તે પ્રશસ્તિ એ સમયની હોય તો આ. હરિભદ્ર અને આ. બીજા માનદેવસૂરિ સમકાલીન છે, એ નક્કર વાત છે અને તે પ્રશસ્તિ જો પછીના કાળની જ હોય તો આ. હરિભદ્રસૂરિ અને આ. ત્રીજા માનદેવસૂરિ એકકાલીન આચાર્યો છે, એમ માનવું પડશે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(૭) 'ગુર્વાવલી' વગેરે પાઠોના સમાધાનનું ઉપર પ્રમાણે જ જાણવું.

આ પ્રમાણે ઉપરના પ્રમાણોનો ખુલાસો કરી શકાય છે.

આ તો ઉપરના પાઠોનું સમાધાન થયું. હવે આ. હરિભદ્રસૂરિ વિ. સં. ૭૮૫ લગભગમાં સ્વર્ગે ગયા છે, જેના પ્રમાણપાઠો નીચે મુજબ છે:

(૧) બૌદ્ધાચાર્ય ધર્મકીર્તિ, શૈવાચાર્ય ભર્તૃહરિ, તથા **કુમારિલ** ભટ્ટ વગેરે વિક્રમની આઠમી સદીના વિદ્વાનો છે. આ. હરિભદ્રસૂરિએ પોતાના ગ્રંથોમાં તેઓનો તથા તેઓના ગ્રંથોનો ઉલ્લેખ કર્યો છે. એટલે સ્પષ્ટ છે કે, આ. હરિભદ્રસૂરિ તેમની પછી થયા છે.

(૨) આ. **જિનભદ્ર**ગણીએ વિ. સં. ૬૬૬માં ચૈ. શુ. ૧૫ના 'વિશેષાવશ્યકભાષ્ય' રચ્યું છે.(જુઓ: પૃ.૧૯૪) તેની અંદર 'ધ્યાનશતક' બનાવેલ છે. આ. હરિભદ્રસૂરિએ તેની ટીકા કરી છે. એટલે નક્કી છે કે આ. હરિભદ્રસૂરિ સં. ૬૬૬ પછી થયા છે.

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

(૩) આ. **જિનદાસ**ગણિ મહત્તરે વિ. સં. ૭૩૩ની આસપાસમાં ચૂર્ણિઓ રચી છે. (જુઓ: પૃ. ૪૬૬) આ. હરિભદ્રસૂરિએ તેમની ચૂર્ણિઓના આધારે 'આવશ્યકનિર્યુક્તિ–ટીકા, નંદીસૂત્ર ટીકા' વગેરે બનાવેલ છે. વળી, પોતે 'મહાનિશીથસૂત્ર'નો આદર્શ તૈયાર કર્યો તે આ. જિનદાસગણીને વંચાવ્યો હતો. કહેવાની જરૂર નથી કે આચાર્યશ્રી તેમની પછી થયા છે.

(૫) આ. ગુણનિધાનની પાટે આ. હર્ષનિધાનસૂરિ "રત્નસંચય"માં અવતરણગાથા આપે છે:

**पणपन्नबारससए, हरिभद्दसूरी आसीऽपुव्वकई।**
**तेरससय वीसअहिए, वरिसेहिं बप्पभट्टिपहू ॥२८॥**

મોટા કવિ, મોટા ગ્રંથકાર આ. હરિભદ્રસૂરિ વીર સં. ૧૨૫૫માં થયા, આ. બપ્પભટ્ટિ વીર સં. ૧૩૨૦માં થયા.

(૪) આ. હરિભદ્રસૂરિએ આ. **સિદ્ધસેન**ગણીની 'તત્ત્વાર્થ-ટીકા'ના આધારે તત્ત્વાર્થની "ડુપડુપિકા" ટીકા રચી છે. તેમના નામોલ્લેખવાળી આવસ્સયચૂર્ણી (ભા. ૨, પૃ. ૨૩૩)ના ફકરાઓ "આવશ્યકસૂત્ર"ની ટીકામાં અવતાર્યા છે. અને તેમને "મહાનિશીથ-સૂત્ર"નો આદર્શપાઠ વંચાવ્યો હતો. માનવું જોઈએ કે આ. હરિભદ્રસૂરિ આ. સિદ્ધસેનગણિની પછી થયા છે.

(૬) દક્ષિણચિહ્ન આ. ઉદ્દ્યોતનસૂરિ વિ. સં. ૮૩૫માં પોતે રચેલી 'કુવલયમાલા'ની પ્રશસ્તિમાં લખે છે, કે—

**सो सिद्धंतेण गुरू, जुत्तिसत्थेहिं जस्स हरिभद्दो।**
**बहुसत्थगंथवित्थर-पत्थारियपयडसव्वत्थो ॥१५॥**

આ૦ વીરભદ્રસૂરિ મારા સિદ્ધાંત ગુરુ છે અને અનેક શાસ્ત્રોના બનાવનાર આ૦ હરિભદ્રસૂરિ મારા ન્યાયશાસ્ત્રના ગુરુ છે.

जैन साईट JAINSITE .com जैनम् जयति शासनम्

આ૦ હરિભદ્રસૂરિ વિ. સં. ૭૮૫માં થયા છે અને આ૦ ઉદ્દ્યોતનસૂરિ વિ. સં. ૮૩૫માં થયા છે. એટલે તેઓ આ૦ હરિભદ્રસૂરિ પાસે ન્યાય ગ્રંથો ભણે, એ સહજ વાત છે. તેમની સાલવારીના નિર્ણય માટે આ મજબૂત પ્રમાણ છે.

(૭) આ૦ સિદ્ધર્ષિજી 'ઉપમિતિભવપ્રપંચાકથા'માં લખે છે કે:—

**नमोऽस्तु हरिभद्राय, तस्मै प्रवरसूरये।**
**मदर्थं निर्मिता पेन, वृत्तिर्ललितविस्तरा ।**

આ૦ હરિભદ્રસૂરિ મને ધર્મમાં પ્રવેશ કરાવનાર ધર્મબોધ ગુરુ છે. તે મહાન આચાર્યદેવ હરિભદ્રસૂરિને નમસ્કાર હો; જેમણે 'લલિતવિસ્તરાવૃત્તિ' મારે માટે જ બનાવી હોય એમ લાગે છે.

જો કે આ શ્લોક આ૦ હરિભદ્રસૂરિ આ૦ સિદ્ધર્ષિના સાક્ષાત ગુરુ હોય એવો ભ્રમ ઊભો કરે છે, કિન્તુ આ૦ હરિભદ્રસૂરિ વિ. સં. ૮૩૫ પહેલાં થઈ ગયા છે, અને આ૦ સિદ્ધર્ષિ વિ. સં. ૯૬૨માં થયા છે. વળી, તેમણે 'અગમચેતી' શબ્દ વાપર્યો છે; એટલે આ૦ હરિભદ્રસૂરિ આ૦ સિદ્ધર્ષિના સાક્ષાત ગુરુ નથી કિન્તુ શાસ્ત્ર

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

મારફત વિવેકચક્ષુ ખોલનાર અને સન્માર્ગને બતાવનાર પરંપરા-ગુરુ છે એમ ભ્રમસ્ફોટ થઈ જાય છે. માનવું જોઈએ કે આ૦ હરિભદ્રસૂરિ આ૦ સિદ્ધર્ષિની પહેલાં છતાં નજીકના કાળમાં થઈ ગયા છે.

એકંદર આ છેલ્લાં પ્રમાણોથી નક્કી છે કે—**આ૦ હરિભદ્ર-સૂરિ વિ. સં. ૭૮૫ લગભગમાં સ્વર્ગે ગયા છે.**

આ પ્રમાણે આ૦ હરિભદ્રસૂરિના સમયનિર્ણય માટે બે મતો છે. બન્નેની વચ્ચે લગભગ ૨૦૦ વર્ષનું આંતરું છે. વિ. સં. ૫૮૫નું સબળ પ્રમાણ સૂરિવિદ્યાપાઠની પ્રશસ્તિ છે. કિન્તુ તે **પ્રશસ્તિ** ગ્રંથકર્તાએ બનાવેલી નથી, એટલે કોઈ લેખકે પછી જોડેલી પુષ્પિકા જેવી છે એટલે તે મધ્યમ પ્રમાણરૂપ બની જાય છે. વિ. સં. ૭૮૫નું સબળ પ્રમાણ કુવલયમાલાની પ્રશસ્તિ છે.

આ૦ ઉદ્દ્યોતનસૂરિએ પોતે આ૦ હરિભદ્રને જોયા છે અને પોતે વિ. સં. ૮૩૫માં આ પ્રશસ્તિ રચી છે.

આ પ્રમાણોથી વિના સંકોચે માનવું પડશે કે, આ૦ હરિભદ્ર-સૂરિ વિ. સં. ૭૮૫ લગભગમાં થયા છે.

## વનરાજ ચાવડો

વિક્રમની આઠમી સદીના પૂર્વાર્ધમાં પંચાસરમાં **જયશિખરી** ચાવડો રાજા હતો. કનોજના રાજા ભૂવડે તેને યુદ્ધમાં મારી નાખ્યો. તેની રાણી રૂપસુંદરી તથા સાળો સુરપાળ જંગલમાં ચાલ્યા ગયા, અને ત્યાં છુપાઈ રહ્યાં. ત્યાં રૂપસુંદરી રાણીએ વિ. સં. ૭૫૨ વૈ. શુ. ૧૫ને દિવસે એક બાળકને જન્મ આપ્યો અને તેનું **'વનરાજ'** એવું નામ રાખ્યું. વનરાજ પંચાસરમાં ચૈત્યવાસી આ૦ **શીલગુણ-સૂરિ** તથા આ૦ દેવચંદ્રસૂરિની દૃષ્ટિ નીચે મોટો થયો, ભણી ગણીને તૈયાર થયો અને મામા સાથે રહી યુદ્ધનિપુણ બન્યો. તેણે બુદ્ધિમાન પુરુષોનો સહકાર સાધી વિ. સં. ૮૦૨ના વૈ. શુ. ૨ ને દિને **અણહિલપુર** પાટણનું શિલારોપણ કર્યું, ગુજરાતમાં મહાન સામ્રાજ્યનો પાયો નાખ્યો. તે રાજા થયો, ત્યારે તેણે રાજ્યમાં

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અંગોને મજબૂત કરવાની વ્યવસ્થા કરી અને પોતાના ઉપકારીઓને બોલાવી તેનો બદલો વાળ્યો.

વનરાજે આ૦ શીલગુણસૂરિ તથા આ૦ દેવચંદ્રસૂરિના વાસક્ષેપથી પંચાસરમાં પોતાનો રાજ્યાભિષેક કરાવ્યો હતો. તેથી તેઓને વંશપરંપરાના હકમાં એવું ફરમાન લખી આપ્યું કે આ આચાર્યની આજ્ઞા માનનાર યાને ચૈત્યવાસી સાધુઓ જ પાટણમાં રહી શકે. પોતાની માતા જૈન હતી. તે પૂજા કરી શકે તે માટે 'વનરાજ-વિહાર' બનાવી તેમાં પંચાસરથી લાવેલ ભગવાન પાર્શ્વનાથની પ્રતિષ્ઠા કરાવી અને તેમાં પોતાની પૂજક તરીકેની બે હાથ જોડીને ઊભી રહેલી મૂર્તિ સ્થાપી, શ્રીદેવી પાસે રાજતિલક કરાવ્યું. શ્રીમાળી **ચાંપો** અને શ્રીમાળી જાંબને મંત્રી બનાવ્યા, શેઠ **નીના** પોરવાડને સન્માન્યા, તેના પુત્રને દંડનાયક બનાવ્યો, આશક મોઢને મંત્રી બનાવ્યો, રાજ્યમહેલ પાસે પોતાની કુલદેવી કંઠેશ્વરીનું મંદિર અને થોડા વર્ષ ગયા પછી ભટ્ટારિકા યોગીશ્વરીનું મંદિર પણ કરાવ્યું હતું.

JAINSITE .com जैनम् जयति शासनम्

સંભવ છે કે વિ. સં. ૮૨૧ સુધીમાં પાટણ તૈયાર થઈ ગયું હશે અને ત્યારે ત્યાં વનરાજ ચાવડાનો ફરીવાર ધામધૂમથી મોટો રાજ્યાભિષેક થયો હશે.

વનરાજ ચાવડાના આ દરેક મદદગારો જૈન છે અને વનરાજે તેમના સહયોગથી ગુજરાતનું રાજ્ય સ્થાપ્યું છે. એટલે જ 'ગુજ-રાતનું રાજ્ય તે જૈન રાજ્ય છે.' એમ કહેવાય એ વ્યાજબી છે. ઇતિહાસ કહે છે કે:—

**गौर्जरात्रमिदं राज्यं वनराजात् प्रभृत्यभूत् ।**
**स्थापितं जैनमन्त्र्याद्यैः, तद्द्वेषी नैव नन्दति ॥**

(પ્રબંધચિંતામણી-વનરાજપ્રબંધ, પ્રબંધકોષ–વસ્તુપાલ પ્રબંધ)

ગુજરાતનું આ રાજ્ય જૈન મંત્રીઓએ સ્થાપ્યું છે અને વનરાજ ચાવડાથી શરૂ થયું છે, તેથી તેઓની ઈર્ષ્યા કરનાર અહીં સમૃદ્ધ થતો નથી.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ગુજરાતનું રાજ્ય જૈન મંત્રીઓએ સ્થાપ્યું છે અને વિકસાવ્યું છે, એ વાત આજના સમભાવી ઇતિહાસજ્ઞો પણ સ્વીકારે છે. પરંતુ ધર્મના આવેશને કારણે આ સત્ય પ્રત્યે કોઈ સૂગ કરતો હોય, તો તેને મહાકવિ **નાનાલાલ** સાફ સાફ જણાવે છે કે-

" પંચાસરનું રાજ્ય વનરાજના હાથમાં હતું, તેને શીલગુણસૂરિનો આશ્રય મુખ્ય હતો. જો તેમ ન થયું હોત તો પાટણ તથા સોલંકી રાજ્ય હોત જ નહીં. એટલું જ નહિ પણ ગુજરાતના પાટનગર તરીકે સાત સૈકા સુધી ( પાટણ ) રહ્યું, તે જૈનોને જ આભારી છે. કેમકે પાટણમાં રહી જૈનોએ શું કર્યું તે માટે સાત સૈકાના ઇતિહાસમાંથી ઘણું મળે છે."

( વંથલી જૈન પરિષદમાં તેમનું વ્યાખ્યાન. 'જૈન' તા. ૨૭-૬-૨૫. )

વનરાજે ચાવડા વંશના નૈતિક ધોરણને ઊંચું લાવવા માટે પણ ખૂબ જ સાવચેતી રાખી હતી. તેને ત્રણ પુત્રો હતા. એકવાર કોઈ રાજાના ૧૦૦૦ ઘોડા અને ૫૦૦ હાથીથી ભરેલાં વહાણો પવનના તોફાનમાં સપડાઈને સોમનાથ-પાટણને કાંઠે આવી પહોંચ્યાં, રાજપુત્રોએ આ વહાણોને લુંટવાનો મનસૂબો કરી રાજાની રજા માંગી, પણ વનરાજે તેમ કરવાની ના પાડી; છતાંય રાજકુમારોએ છૂપી રીતે **ચાંચિયા** ગોઠવી તે વહાણોને લૂંટી લઈ તેનો માલ રાજા પાસે રજૂ કર્યો. વનરાજને આ જોઈને ઘણું દુઃખ થયું, પણ તે કંઈ બોલ્યો નહીં, પછી પ્રસંગ પામીને વનરાજે પોતાના પુત્રોને જણાવ્યું કે, બીજા રાજાઓ પરસ્પર એક બીજાની પ્રસંશા કરે છે, માત્ર આપણી વાત નીકળે ત્યારે "ગુજરાતમાં ચોરોનું રાજ્ય છે" એમ કહી આપણી મશ્કરી કરે છે. તો આપણી ફરજ છે કે આપણે આપણા પૂર્વજોના આ કલંકને ધોઈ નાખી, લોકચાહના મેળવી, બીજાની હારમાં ગણાઈએ એવા **નીતિમાન રાજા** બનવું જોઈએ. પરંતુ દુઃખની વાત છે કે, તમે આ લૂંટ કરી પૂર્વજોના કલંકને તાજું અને મોટું બનાવ્યું છે. તમે લૂંટી લાવ્યા તેને સારું કહેલું એ તો અન્યાય જ છે. આમ કહી વનરાજે એક ધનુષ્ય મંગાવી વારાફરતી ત્રણે પુત્રોને આપ્યું પણ તેમાંનો કોઈ તેને ચડાવી

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

શક્યો નહીં, એટલે પોતે તેને ચડાવ્યું અને પછી તે બોલ્યો કે, 'તમે રાજાજ્ઞાનું ઉલ્લંઘન કર્યું છે, તેની શિક્ષા તમે ભોગવો. નહીં તો વાલી તરીકે હું ભોગવું' આમ કહી વનરાજે અન્નજળનો ત્યાગ કર્યો, અનશનવ્રત સ્વીકાર્યું અને ૧૦૯ વર્ષનું આયુષ્ય ભોગવી વિ. સં. ૮૬૨માં મૃત્યુ પ્રાપ્ત કર્યું.

વનરાજ ચાવડો ચૈત્યવાસી આચાર્ય **શીલગુણસૂરિનો** ઉપાસક હતો, ત્યારથી ચાવડાઓ ચૈત્યવાસી આચાર્યોના ઉપાસક મનાય છે. તે માટે એક દોહરો મળે છે:—

શિશોદિઆ સંડેસરા, ચઉદસીયા ચઉહાણ;
ચૈત્યવાસિયા **ચાવડા,** કુલગુરુ એહ વખાણ.

## રાજા ભર્તૃભટ (ચિતોડ)

મેવાડના સૂર્યવંશી બાપા રાવલના વંશમાં (૧૧) **ખુમાણ,** પહેલાનો પૌત્ર (૧૩) રાવલ ભર્તૃભટ પહેલો થયેલ છે. (જુઓ. પૃ. ૩૮૯) તે જૈન રાજા હતો. તેણે ભર્તૃભટ એટલે ભટેવરનો કિલ્લો બનાવ્યો, તેમાં જ **ગુહિલવિહાર** બનાવી તેમાં ચૈત્રપુરીયગચ્છના આ. બુડાગણીના હાથે ભગવાન આદીશ્વરની પ્રતિમાની પ્રતિષ્ઠા કરાવી હતી. આ રાજા વિક્રમની આઠમી સદીમાં થયેલ છે.

ચિતોડના કિલ્લામાં એક દક્ષિણમુખી દરવાજાવાલી જૈન ગુફા છે, જેમાં શા. હરપાલે સં. ૧૪માં સ્થાપેલ જુદી જુદી પાદુકાઓ છે. તેની પ્રતિષ્ઠા ભર્તૃગચ્છીય મહાપ્રભાવી આચાર્ય **આમ્રદેવસૂરિએ** કરેલી છે.

ગુહિલના વંશજોએ ભગવાન આદીશ્વરનું મંદિર બનાવેલ છે, એટલે તેઓ જૈનધર્મી છે.

(ગોમુખ કુંડની જૈન ગુફાના જૈન મંદિરમાંની
ભગવાન આદિનાથની પ્રતિમાનો પરિકરલેખ.)

આજે પણ મેવાડ માટે એમ કહેવાય છે કે—"મેવાડમાં નવો કિલ્લો બને તો તેમાં ભગવાન આદિનાથનું દેરાસર પણ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

બનાવાય છે." એટલે મેવાડનું રાજ્ય સ્થપાયું, ત્યારથી આ વ્યવસ્થા શરૂ થઈ હોય એમ લાગે છે.

ઉદેપુરના ભ૦ શીતલનાથજીના દેરાસરના ભંડારમાં કુંભારાણાએ આપેલ એક **ફરમાન** છે. તેમાં પણ આ માન્યતાનું સમર્થન મળે છે.

## રાજા શિલાદિત્ય ( સાતમો )

વલભીવંશના રાજાઓએ વિ. સં. ૪૫૫થી ૮૨૫ સુધી વલભીનું રાજ્ય કર્યું છે, તેમાંના ઘણા રાજાઓ જૈન કે બૌદ્ધ હતા. તેમાં સાત શિલાદિત્યો થયા છે. (જુઓ : પૃ. ૩૮૫, ૪૪૦)

સાતમો **શિલાદિત્ય** ગુ. સં. ૪૪૫ થી ૪૫૦; વિ. સં. ૮૨૦ થી ૮૨૫માં થયેલ છે. તે આ. ધનેશ્વરસૂરિનો ઉપાસક હતો. ત્યાર પછી કાકૂ વ્યાપારીની ખટપટથી આ વલભીવંશનો અંત આવ્યો અને સાથેસાથ વલભીનો પણ નાશ થયો છે.

**મંત્રી ચાંપરાજ :**

રાજા વનરાજે ચાંપાને પોતાનો મુખ્ય મંત્રી બનાવ્યો હતો. તે શ્રીમાળી જૈન હતો. તેણે **ચાંપાનેર** વસાવ્યું. કેટલાએક વિદ્વાનો માને છે કે, મંત્રી ચાંપો અને મંત્રી **જાંબ** એ બન્ને એક જ મંત્રીનાં નામો છે.

**મહામંત્રી જાંબ :**

જાંબ, તે શ્રીમાળી જૈન હતો. એક દિવસે તે ઘીનો ગાડવો લઈ જંગલમાં ચાલ્યો જતો હતો ત્યારે તેને વનરાજની ટોળી સામે મળી. આ ટોળીમાં ત્રણ જણા હતા, તેઓએ જાંબને લૂંટવાનો મનસૂબો કર્યો અને તેને પડકાર્યો. જાંબ વાણિયાએ તેનો ભાવ કળી જઈને પોતાના ભાથામાંથી પાંચ બાણ કાઢી તેમાંથી બે બાણ તોડી નાખ્યાં. ટોળીએ તેમ કરવાનું કારણ પૂછ્યું; એટલે જાંબે સ્પષ્ટ જણાવ્યું કે, "તમે ત્રણ જણ છો માટે ત્રણ બાણ બસ છે, વધારે બાણ નકામાં છે." આથી વનરાજે જાંબને એક ફરતી વસ્તુ વીંધવાને કહ્યું અને જાંબે તરત જ તેને બાણથી વીંધી નાખી. વનરાજે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ખુશી થઈ "જ્યારે હું રાજા થઈશ ત્યારે તને મહામંત્રી બનાવીશ." એમ કોલ આપી, જાંબને જવા દીધો. વનરાજે રાજ્ય સ્થાપ્યું ત્યારે જાંબને મુખ્ય મંત્રી બનાવ્યો હતો. તેની પરંપરામાં થયેલ મંત્રી સજ્જન રાજા સિદ્ધરાજના વખતે વિ. સં. ૧૧૮૫માં સોરઠનો દંડાધિપતિ હતો.

## મહામંત્રી નીનો :

શેઠ **નીનો** પોતે જૈન હતો. તેના પૂર્વજો ભિન્નમાલ છોડી **ગાંભૂમાં** આવી વસ્યા હતા. વનરાજે નીના શેઠને પાટણમાં વસવા આમંત્રણ આપ્યું એટલે શેઠ પરિવાર સાથે પાટણમાં આવી વસ્યા હતા. પોતે વિદ્યાધરગચ્છનો શ્રાવક હતો, એટલે તેણે પાટણમાં પોતાના ગચ્છ માટે ભ૦ ઋષભદેવનું મોટું મંદિર બંધાવ્યું હતું. વનરાજે તેને પાટણનો દંડનાયક બનાવ્યો હતો. ખરી રીતે કહીએ તો મંત્રી કલ્પકે જેમ નંદરાજ્યને મંત્રીવંશ આપ્યો હતો, તેમ આ **નીના** શેઠે ગુજરાતને મંત્રીવંશ આપ્યો છે. તેનો વંશજ લહિર ચાવડાવંશના છેલ્લા રાજાઓ સુધી અને સોલંકી મૂળરાજના સમયમાં દંડનાયક રહ્યો છે. તેના વંશજો **વીર** અને **નેઢ** પણ પાટણના દંડનાયકો બન્યા છે, છેવટે વીરનો બીજો પુત્ર **વિમલ** સોલંકી રાજા ભીમદેવના સમયે ગુજરાતનો દંડનાયક અને મંત્રી બન્યો છે. નેઢની પરંપરામાં મંત્રી **ધવલ**, મહામંત્રી **આનંદ**, મહામંત્રી **પૃથ્વીપાલ**, મહામાત્ય **ધનપાલ** થયા છે. **પૃથ્વીપાલ** ગૂર્જરેશ્વર કુમારપાળનો મહામાત્ય હતો.

## મંત્રી આશક :

મંત્રી **આશક** મોઢ જ્ઞાતિનો જૈન હતો. વનરાજે તેને પોતાના રહસ્યમંત્રીપદે સ્થાપ્યો હતો. વનરાજે પંચાસરમાં પોતાની પૂજક ભાવવાળી મૂર્તિ બનાવી છે. તેમાં જમણી તરફ મંત્રી આશકને પણ સાથે કોતરાવેલ છે. શિલાલેખમાં તેનો મોઢજ્ઞાતીય જૈન તરીકે પરિચય આપ્યો છે.

(જૈન સત્ય પ્રકાશ : ક્ર. ૬, ૭૩, ૭૫.)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**શ્રીદેવી:**

તે શ્રીમાલીજ્ઞાતિની બહેન હતી. તેનું જન્મ સ્થાન કાકર ગામ હતું. એક વાર વનરાજ ચાવડો કાકર ગામના શેઠને ત્યાં રાત્રે ચોરી કરવા ગયો હતો, ત્યાં શેઠના ભંડારિયામાં દહીંથી ભરેલા વાસણમાં તેનો હાથ પડ્યો, એટલે વનરાજે શેઠને ઘરે ખાતર ન પાડયું અને ખાલી હાથે જ પાછા જવું ઉચિત માન્યું. સવારના પહોરમાં શેઠના ઘરમાં ખબર પડી કે ખાતર તો પડ્યું છે, પરંતુ ઘરમાંથી કાંઈ જ ગયું નથી. તપાસ કરતાં ભંડારિયું ઉઘાડું જણાયું. શેઠની બહેન શ્રીદેવીએ દહીંના વાસણમાં હાથના આકારનું ચિહ્ન જોયું. રેખાઓ વગેરે પડેલી જોઈ એને થયું કે આ હાથવાળો પુરુષ ભાગ્યશાળી હોવો જોઈએ. એને ઈચ્છા થઈ કે આ ચોર એકવાર મળે તો સારું. આ સમાચાર વનરાજને મળ્યા. વનરાજ રાતે ગુપ્તવેશે ત્યાં આવ્યો, શેઠને અને શ્રીદેવીને મળ્યો. શ્રીદેવીએ વનરાજને પોતાનો ભાઈ માન્યો, પ્રેમથી પોતાને ઘેર જમાડ્યો અને શીખામણ પણ આપી. વનરાજે પણ શ્રીદેવીને બહેન માની, બહેનની શીખામણ પ્રેમથી સ્વીકારી અને "હું રાજા થઈશ ત્યારે તારા હાથે જ રાજતિલક કરાવીશ." એવી પ્રતિજ્ઞા કરી

શ્રીદેવીનું લગ્ન પણ પાટણમાં જ થયું હતું. તેણીએ પાટણથી મિયર જતાં વનરાજને બીજીવાર પણ મદદ કરી હતી.

આખરે વનરાજનો પાટણમાં રાજ્યાભિષેક થયો, ત્યારે તેણે કાકરના શેઠની બહેન અને પોતાની ધર્મબહેન શ્રીદેવીના હાથે રાજતિલક કરાવ્યું હતું.

શ્રીદેવી પરમ ધર્માત્મા, દયાળુ, વાત્સલ્યમૂર્તિ, રાજભક્ત અને સુશીલ હતી. વનરાજે આ ધર્મબહેનનો જિંદગી સુધી ઉપકાર માન્યો હતો. ધન્ય છે આવી કુલીન ગુર્જરીને કે જેણે ધર્મ, રાષ્ટ્ર અને સમાજના ઉત્થાનમાં ખૂબ સેવા આપી છે.

**મહાનિશીથસૂત્રનો જીર્ણોદ્ધાર:**

આ. દેવર્ધિગણીજીએ ૮૪ આગમો વગેરેને પુસ્તકારૂઢ કર્યાં

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ત્યારે 'મહાનિશીથસૂત્ર'ને પણ પુસ્તકારૂઢ કર્યું હતું. પણ ભેજ અને ઉધેઈના કારણે તે પુસ્તકને નુકસાન થયું, કેટલાંએક પાનાં, પાઠો અને શ્લોકો ગંધાઈ ગયા, ગળી ગયા અને ખંડખંડ થઈ ગયા. આ. હરિભદ્રસૂરિએ તેનો આગળ પાછળનો સંબંધ મેળવી એક નકલ તૈયાર કરી અને તે સમયના ઘણા શ્રુતધરોને બતાવી તેઓની સમ્મતિ મેળવી તે સૂત્રને જ્ઞાનભંડારમાં સ્થાપ્યું. આ રીતે આ. હરિભદ્રસૂરિએ 'મહાનિશીથસૂત્ર'નો જીર્ણોદ્ધાર કર્યો હતો.

આ અંગે મહાનિશીથસૂત્રની પુષ્પિકામાં નીચે પ્રમાણે ઉલ્લેખો મળે છે. પહેલા અધ્યયનને અંતે ઉલ્લેખ છે કે—

**महानिसीहसुयक्खंधस्स पढमं अज्झयणं नाम ॥ छ ॥ एयस्स य कुलिहियदोसो न दायव्वो सुयधरेहिं ॥ किन्तु जो चेव पुव्वायरिसो आसि, तत्थेव कत्थइ सिलोगो, कत्थइ सिलोगद्धं, कत्थइ पयक्खरं, कत्थइ अक्खरपंतिआ, कत्थइ पन्नगपुट्ठिय(या), कत्थइ बे तिन्नि पन्नगाणि, एवमाइ बहुगंथं परिगलियं ति ॥ छ ॥**

बीजा अध्ययनने अंते उल्लेख छे के—

**एस वुड्ढसंपदायो। एत्थ य जत्थ जत्थ पयपयाणुलग्गं, सुत्तालावगं न संपज्जइ, तत्थ तत्थ सुयहरेहिं कुलिहियदोसो न दायव्वो त्ति किन्तु जो एयस्स अचिंतचिंतामणिकप्पभूयस्स महानिसीह-सुयक्खंधस्स पुव्वायरिसो आसि, तहिं चेव खंडाखंडीए उद्देहियाइएहिं हेऊहिं बहवे पत्तगा परिसडिया, तहावि अच्चंतसुहुमत्थाऽतिसयं ति। इमं महानिसीहसुयक्खंधं कसिणपवयणस्स परमसारभूयं परं तत्तं महत्थं ति कलिऊणं, पवयणवच्छल्लत्तेण बहुभव्वसत्तोवयारियं च काउं, तहा य आयहियट्ठाए आयरियहरिभद्देणं जं तं तत्थाऽऽयरिसे दिट्ठं तं सव्वं समतीए साहिऊण, लिहियं ति। अन्नेहिंपि सिद्धसेणदिवायर-वुड्ढवाइ-जक्खसेण-देवगुत्त-जसवद्धणखमासमणसीस-रविगुत्त-णेमिचंद-जिणदासगणिखमगसच्चरिसिपमुहेहिं जुगप्पहाण-सुयहरेहिं बहुमन्नियमिणं ति ॥ छ ॥**

ચોથા અધ્યયનને અંતે ઉલ્લેખ છે કે—

**महानिसीहस्स चउत्थमज्झयणं ॥ छ ॥ अत्र चतुर्थाध्ययने बहवः सैद्धान्तिकाः कांश्चिदालापकान् सम्यक् अश्रद्दधत्येव ॥ तैर-**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**श्रद्धानैरस्माकमपि न सम्यक् श्रद्धानं इत्याह हरिभद्रसूरिः ॥ न पुनः सर्वमेवेदं चतुर्थाध्ययनम् ॥**

મહાનિશીથસૂત્રમાં અ. ૬, ચૂ. ૨, ગ્રં. ૪૫૪૪ છે.

( જૈન લીટરેચર ભા. ૨જો, પ્રશસ્તિ સંગ્રહ નં. ૪૫૮, મહાનિશીથસૂત્ર. ભાંડારકર ઓરિઅંટલ રીસર્ચ ઈન્સ્ટિટયૂટ,પૂના. સને ૧૯૩૬ )

આ૦ હરિભદ્રસૂરિએ 'મહાનિશીથસૂત્ર'નો ઉદ્ધાર કર્યો ત્યારે તેઓ શ્રુતસ્થવિર બની ગયા હતા એટલે તેમનું સૂત્રસંઘટ્ટન પ્રમાણિક મનાયું છે અને તેથી જ તે સમયના શ્રુતધરો તથા યુગપ્રધાનોએ આ સૂત્રસંઘટ્ટનને સમ્મતિ આપી છે. સંભવ છે કે આ ઘટના વિ. સં. ૭૫૦ થી ૭૬૦ સુધીમાં બની હશે.

ઉપર જે શ્રુતધરોનાં નામો આપ્યાં છે. તેઓમાં સિદ્ધસેણુ તે તત્ત્વાર્થસૂત્રના ટીકાકાર આ. સિદ્ધસેનગણિ, આ. વુડ્ઢવાઈ તે આ. વડેશ્વર અથવા ચિત્રપુરગચ્છના આ. બુઢાગણિ, આ. જક્ખસેણુ તે આ. યક્ષમહત્તર, આ. દેવગુત્ત તે ઉપકેશગચ્છના આ. દેવગુપ્તસૂરિ, આ. જસવદ્ધણુ તે સંભવતઃ આ. યશોદેવસૂરિ, આ. જિનદાસગણિ ખમગ તે ચૂર્ણિકાર આ. જિનદાસગણિ મહત્તર, આ. હરિભદ્દ તે પ્રસિદ્ધ ગ્રંથકાર આ. હરિભદ્રસૂરિ છે એમ સમજવું. આ દરેક **સમકાલીન શ્રુતધરો** છે. તેઓની શ્રુતરક્ષાની ભાવના ત્રણે કાળમાં જયવંત રહો.

જૈનમ્ જયતિ શાસનમ્ JAINSITE.com
www.jainsite.com　For Private & Personal Use Only　info@jainsite.com

## પ્રકરણ બત્રીશમું

## આ. પ્રદ્યુમ્નસૂરિ

તેઓ આ. **યશોદેવસૂરિના** પટ્ટધર છે, આ. ગુણરત્નસૂરિ તેમને માટે લખે છે કે:—

**प्रद्युम्नसूरिर्जिनशासनाम्बर-प्रद्योतनैकद्युमणिस्ततोऽभूत् ॥**
( ક્રિયારત્નસમુચ્ચય, ગુરુપર્વક્રમ, શ્લોક : ૧૬ )

એટલે કે તેમણે જૈન શાસનને ખૂબ અજવાળ્યું છે.

આ અરસામાં શંકરાચાર્યના અનુયાયીઓનું સશસ્ત્ર આક્રમણ, જૈનોની હિજરત, પંચાસરનો ભંગ, વલ્લભીભંગ, દુષ્કાળો ઇત્યાદિ કારણે જૈનો, જૈનશાસ્ત્રો અને જિનાલયોને પારાવાર નુકસાન થયું છે.

આ સમયે બંગાળના અસલી જૈનોને જાહેરરીતે જૈનધર્મ છોડવો પડ્યો છે, જે જાતિ આજે **શરાક** તરીકે પ્રખ્યાત છે; નાગજાતિના જૈનો કે જે ભગવાન પાર્શ્વનાથના ઉપાસક હતા તેઓ પણ બીજા ધર્મમાં ભળી ગયા છે. બંગાળ અને ઉત્તર ભારતના ઘણા જૈનો હિજરત કરી મેવાડ તથા રજપૂતાનામાં આવી ગયા હતા, સંભવ છે કે તેઓએ ત્યાંની પ્રાચીન જિનપ્રતિમાઓને પોતાની સાથે લાવી **નાંદિયા**, નાણા, દિયાણા, બામણવાડા મુંડસ્થલ અને ભિન્નમાલ વગેરે સ્થાને બેસાડી હશે, કેમકે આ સ્થાનોમાં ભગવાન **શ્રીમહાવીરસ્વામી** પધાર્યાનો અને **જીવિતસ્વામીની** પ્રતિમા હોવાનો લોકપ્રવાદ છે. લોકપ્રવાદમાં કંઈક સાપેક્ષ તથ્ય હોય છે. ( જુઓ : પૃ. ૬૧ ) ગુજરાતમાં મહુડીની આસપાસમાં **ખડાયતા** વાણિયા છે. તેઓ પણ ઉત્તર ભારતમાંથી આવેલા જૈનો છે, જે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પાછળથી શૈવધર્મમાં ભળી ગયા છે, તે અસલમાં કોટિવર્ષનગરના કે કોટિકગચ્છના હશે, તેઓએ અહીં આવી મહુડી પાસે કોટયાર્કનું મંદિર સ્થાપ્યું છે. આ સ્થાનમાંથી ગુપ્તકાલની ૪ જિનપ્રતિમાઓ નીકળી છે. ( જુઓ : પૃ. ૩૩૬ ) હુમડજ્ઞાતિ પણ ઉત્તર પ્રદેશમાંથી આવેલા હિજરતી જૈનો છે, સમય જતાં તે જ્ઞાતિમાં દિગંબરધર્મે પ્રવેશ કર્યો છે.

જૈનો પૂર્વદેશમાંથી રાજપૂતાનામાં આવ્યા, પણ પોતાની સંસ્કૃતિ, ભાષા, લિપિ, લેખનકળા, અહિંસકતા અને ધર્મને સાથે લાવ્યા છે. તેઓએ જ્યાં જ્યાં વસવાટ કર્યો ત્યાં ત્યાં એ આખા પ્રદેશને પોતાની સંસ્કૃતિથી રંગી નાખ્યો છે. જૈનોએ પોતાની પ્રાચીન લિપિ અને માત્રાના સંકેતોને આજસુધી સાચવી રાખ્યા છે. આજે પણ પ્રાચીન બંગાળી લિપિનો મરોડ અને માત્રાની ગોઠવણ વિશેષે કરીને પ્રાચીન દેવનાગરી જૈનલિપિના મરોડ અને પડિમાત્રા સાથે મેળ ખાય છે.

जैन साईट JAINSITE .com

તે સમયના જૈનાચાર્યોએ જૈનોની તત્કાલીન વિષમ પરિસ્થિતિને પહોંચી વળવા માટે ખૂબ જહેમત ઉઠાવી છે. આ **પ્રદ્યુમ્નસૂરિ** તે માટે પૂર્વ દેશમાં ઘણી વાર પધાર્યા છે, મગધદેશમાં પણ વિચર્યા છે. તેમણે સાત વાર સમ્મેતશિખરની યાત્રા કરી છે. તેમના ઉપદેશથી પૂર્વદેશમાં ૧૭ નવાં જિનાલયો બન્યાં હતાં, ઘણા જીર્ણોદ્ધારો થયા હતા, અને ૧૧ **શાસ્ત્રભંડારો** સ્થપાયા હતા.

આ અરસામાં જગતને એકાંત મિથ્યામાયા માનનારા અને અદ્વૈતમતપ્રવર્તક **શંકરાચાર્ય** થયા છે, વલ્લભીનો ભંગ થયો છે, આ સંભૂતિ, આ૦ શાંતિસૂરિ, આ૦ નન્નસૂરિ, આ૦ ઉદ્દ્યોતન, આ૦ કૃષ્ણર્ષિ, આ૦ ધનેશ્વર, આ૦ બપ્પભટ્ટિ, આ૦ ગોવિંદ, આ૦ નન્ન વગેરે પ્રભાવક **આચાર્યો** થયા છે. રાજા શિવમૃગેશ, પ્રતિહાર રાજા વત્સરાજ, નાગાવલોક, ભોજ વગેરે જૈનધર્મપ્રેમી **રાજાઓ** થયા છે જૈન દોશી ગોત્ર બન્યું છે, કરહેડા તીર્થ સ્થાપ્યું છે, અનેક **જૈન ગ્રંથભંડારો** સ્થપાયા છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**શંકરાચાર્ય લીલા :**

બૌદ્ધધર્મનો ભારતવર્ષમાં હ્રાસ થવા લાગ્યો. વિક્રમની પાંચમી સદીમાં બૌદ્ધાચાર્યોએ આ૦ **મલ્લસૂરિની** સાથેના શાસ્ત્રાર્થમાં હાર પામી ધીમે ધીમે પશ્ચિમ ભારત છોડયું. વિક્રમની સાતમી સદીમાં દિગંબરાચાર્ય **અકલંકસૂરિ** સાથે શાસ્ત્રાર્થમાં હાર પામી દક્ષિણ ભારત છોડયું અને છેવટે વિક્રમની નવમી સદીમાં વિ. સં. ૭૮૯થી ૮૨૦માં માયાવાદી અદ્વૈતમતસ્થાપક **શંકરાચાર્ય**થી હાર ખાઈ ભારતવર્ષ છોડયું છે. બૌદ્ધાચાર્યો ત્યારે ભારત છોડી હંમેશને માટે બહારના દેશોમાં ચાલ્યા ગયા છે; અને ત્યાર પછી એક બે સદીમાં તો એના અનુયાયીઓ પણ બૌદ્ધધર્મને તજી બીજા ધર્મોમાં ભળી ગયા છે. શ્રીમાન શંકરાચાર્યે અદ્વૈતવાદનો સિદ્ધાંત સ્થાપી બ્રહ્મનો ઉપદેશ આપ્યો છે, જેમાં અનેકાંત-વાદ અને ક્ષણિકવાદનો યુક્તિથી સમાવેશ કરેલ છે, તેથી જ કેટલાક વૈદિક વિદ્વાનો તેમને પ્રચ્છન્નબૌદ્ધ તરીકે ઓળખાવે છે.

તેમના 'દિગ્વિજય' ગ્રંથમાં સ્પષ્ટ લખ્યું છે કે—શંકરાચાર્યના અનુયાયીઓએ બૌદ્ધોને જીત્યા પછી બીજા ધર્મવાળાઓ ઉપર ઘણો અન્યાય ગુજાર્યો, ઘણા શ્રમણોને કાપી નાખ્યા; શ્રમણોનાં મંદિરોનો નાશ કર્યો, એમ અનેક રીતે નુકસાન પહોંચાડયું હતું.

ઇતિહાસ કહે છે કે, આ મંથનકાળમાં જૈનોને પણ ઘણું વેઠવું પડયું છે. જૈનોએ પૂર્વભારતનો ત્યાગ કર્યો, પોતાની વહાલી મગધ-ભૂમિનો ત્યાગ કર્યો, તીર્થો છોડયાં, મંદિરો છોડયાં અને ત્યાંના ગૃહસ્થોએ જૈનધર્મ છોડયો.

પુષ્યમિત્ર રાજા પછી આ બીજી ધર્મક્રાંતિ થઈ છે. આ સમયે શંકરાચાર્યના અનુયાયીઓએ બદ્રી પાર્શ્વનાથ, જગન્નાથપુરી, કુમારગિરિ, ભુવનેશ્વર વગેરે જૈન તીર્થોને અને બૌદ્ધગયા વગેરે બૌદ્ધતીર્થોને પોતાના કાબૂમાં લીધાં હતાં; જે આજ સુધી તેઓના હાથમાં છે. આ વિકટ પરિસ્થિતિમાં સુધારો થતાં જ જૈનાચાર્યોએ પણ પૂર્વભારતમાં વિચરી કુનેહથી ઘણાં જૈન તીર્થોને પુનઃ હસ્તગત કરી લીધાં છે, જે આજે પણ શ્વેતામ્બર જૈનસંઘને આધીન છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## વલ્લભી-ભંગ

વીર નિર્વાણ સં. ૮૪૫માં વલભી ભાંગ્યું હતું. એનો ઉલ્લેખ પહેલાં (પ્ર. ૨૩, પૃ. ૩૯૩માં) આવી ગયો છે. ત્યાર પછી વલભી રાજાઓએ વલભી નગરને ફરી ખૂબ સમૃદ્ધ બનાવ્યું હતું અને સૌરાષ્ટ્ર, ખેડા, વડનગર તથા ગોધરાના પ્રદેશો સુધી પોતાની સત્તા ફેલાવી હતી. બીજી તરફ ભિન્નમાલથી પંચાસર સુધીનો પ્રદેશ તે સમયે ગુજરાત તરીકે ઓળખાતો હતો; તેમાં **પંચાસર,** જો કે ભિન્નમાલનું ખંડિયું રાજ્ય હતું, કિન્તુ સમૃદ્ધ હતું. વિક્રમની આઠમી સદીના ઉત્તરાર્ધથી આ નગરોએ અવળો ઝોક ખાધો. વિ. સં. ૭૫૨માં કલ્યાણીના ભૂવડે આવી પંચાસર સર કર્યું. વિ. સં. ૭૮૦માં સિંધના અરબી લશ્કરે આવી પંચાસરનો નાશ કર્યો અને ભરૂચ લૂંટયું. વિ. સં. ૮૦૨માં **વનરાજ** ચાવડાએ મહેસૂલખાતાના અધિકારીને મારી, લશ્કર ઊભું કરી પાટણની ગાદી સ્થાપી. વિ. સં. ૮૧૩માં નાગોરના પ્રતિહારવંશી નાગાવલોકે ભરૂચના રાજાને મારી ચૌહાણ ભર્તૃવૃદ્ધને ત્યાંનો સૂબો બનાવ્યો, રાષ્ટ્રકૂટવંશી રાજા કર્કને મારી લાટ તથા માળવો જીતી લીધાં. વિ. સં. ૮૩૨ લગભગમાં રાંકા વાણિયાએ કાવત્રું કર્યું અને અરબી ટોળીએ આવી **વલ્લભી** ભાંગ્યું. વળી થોડાં વર્ષો પછી ભિન્નમાલ પણ તૂટયું. વગેરે....વગેરે........

અલ્બેરૂની લખે છે કે:—વિ. સં. ૮૧૪માં સિંધના અલમનસુરના અરબી રાજા હશામ ઇબ્ન અમરૂઅલ તઘલખીએ સેનાપતિ જમાલને દરિયાઈ રસ્તે મોકલી વલભી પર હલ્લો કર્યો હતો; વળી વિ. સં. ૮૩૨માં રાંકા વાણિયાની શિખવણીથી ફરીવાર વલ્લભી પર હલ્લો કર્યો હતો, અને વલભી ભાંગ્યું હતું; પરંતુ અચાનક રેલ્વાઓ ફાટી નીકળવાથી તેના સૈન્યનો નાશ થયો હતો. (પૃ. ૩૯૯)

એટલે વિ. સં. ૮૩૨માં વલભીપુર ભાંગ્યું છે. આ૦ જિનપ્રભસૂરિ 'સત્યપુર તીર્થ'ના કલ્પમાં લખે છે કે—વિ. સં. ૮૪૫માં હમીરના સૈન્યે વલભી ભાંગ્યું છે. આ બન્ને સાલવારીઓ પાસે પાસે પડે છે.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વલભી ભાંગ્યું, ત્યારે ત્યાંનાં જૈન, બૌદ્ધ, અને શૈવોનાં સેંકડો મંદિરોનો નાશ થયો છે. આ પ્રસંગે જૈનાચાર્યો ત્યાંથી વિહાર કરી પ્રભાસપાટણ, અણહિલપુર પાટણ, થરાદ તથા ભિન્નમાલ તરફ ચાલ્યા ગયા હતા. આ સમયે થરાદગચ્છના આ. શાંતિસૂરિએ વલભીસંઘને ઘણી મદદ કરી હતી.

## આ. સંભૂતિ :

તેઓ બીજા ઉદયના ૧૩મા યુગપ્રધાન છે (જુઓ: પૃ. ૧૯૬)

## આ. શાંતિસૂરિ:

થારાપદ્રગચ્છમાં મહાવાદી આ. શાંતિભદ્રસૂરિ થયા છે. તેમણે વલભીભંગ થયો ત્યારે શ્રીસંઘને મોટી મદદ કરી હતી.

દાદા ધર્મઘોષસૂરિ લખે છે કેઃ—

**वालब्भसंघकज्जे, उज्जमिओ जुगपहाणतुल्लेहिं ।**
**गंधव्ववाइवेआल-संतिसूरिहिं बहुलाए ॥**

(સમયસંઘથયં—અવચૂરિ )

JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

## રાજગચ્છ-પટ્ટાવલી ( ૧ )

રાજગચ્છના આચાર્યો પોતાને ચંદ્રગચ્છના આચાર્યો તરીકે લખે છે. તેથી કઈ કઈ ચંદ્રગચ્છની પટ્ટાવલી છે અને કઈ કઈ રાજ-ગચ્છની પટ્ટાવલી છે તે તારવવું મુશ્કેલ થઈ પડે તેમ છે; છતાં ઉપલબ્ધ સાધનોના આધારે આ પટ્ટાવલી આપેલ છે.

( ૧ ) આચાર્ય **નન્નસૂરિ**-તેઓ ***તલવાડાના** રાજા હતા. **એ** રાજાએ એક દિવસ શિકારમાં ફરતાં ફરતાં ગર્ભવતી હરણીનો શિકાર કર્યો, ત્યાં તેને હરણીના તરફડતા ગર્ભને દેખી ખૂબ દયા આવી, ઘણો પસ્તાવો થયો અને વૈરાગ્ય ભાવ જાગ્યો તે પછી તેણે રાજપાટ છોડી **વનવાસીગચ્છના** આચાર્ય પાસે જઈ દીક્ષાનો સ્વીકાર કર્યો, શાસ્ત્રાધ્યયન કર્યું અને આચાર્યપદ મેળવ્યું. તેમ-નાથી **રાજગચ્છ** નીકળ્યો છે. તેમની પાટપરંપરામાં મહાવિદ્વાન આચાર્યો થયા છે. સાત આચાર્યો તો સમર્થ **વાદી** થયા છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(૨) અજિતયશોવાદિસૂરિ

(૩) સહદેવસૂરિ

(૪) પ્રદ્યુમ્નસૂરિ–તેમને તો બચપણથી જ વેદપુરાણનું સારું જ્ઞાન મળ્યું હતું. તેમણે જુદા જુદા ધર્મોનો અનુભવ કર્યો અને જૈનધર્મમાં આત્મકલ્યાણ માની જૈન દીક્ષાનો સ્વીકાર કર્યો હતો. તેઓ મહાન જૈનાચાર્ય બન્યા છે. તેઓ વિદ્વાન હતા તેમજ પ્રકાંડ **વાદી** પણ હતા. તેમણે સવાલક્ષ (સપાદલક્ષ) ગ્વાલિયર અને ત્રિભુવનગિરિ * વગેરેની રાજસભાઓમાં ૮૪ વાદોમાં જીત મેળવી હતી, અને તે તે રાજાઓને **જૈન** બનાવ્યા હતા. તેમણે ચિત્તોડના તલવાડામાં **અલ્લટરાજની** સભામાં દિગમ્બર આચાર્યને જીતી પોતાના શિષ્ય બનાવ્યા હતા અને તે નિમિત્તે **ચિત્તોડ**ના કિલ્લામાં **વિજયસ્થંભ** ઊભો કરાવ્યો હતો, જે આજે પણ ચિત્તોડના કિલ્લામાં ઊભો ઊભો મૌન ભાવે વિજેતા આચાર્યદેવની અમરગાથા ગાઈ રહ્યો છે. આચાર્યશ્રીના ઉપદેશથી અલ્લટરાજ જૈનધર્મી બન્યો હતો.

JAINSITE .com जैनम् जयति शासनम्

(૫) આ. અભયદેવસૂરિ—તેઓ પ્રથમ રાજકુમાર હતા અને દીક્ષા લઈ જૈનાચાર્ય બન્યા, તેથી લોકો તેમને **રાજર્ષિ** તરીકે ઓળખતા હતા. તેમનાં ચરણ પખાળેલ પાણી છાંટવાથી અસાધ્ય રોગો પણ શમી જતા હતા, એવા તેઓ પ્રાભાવિક હતા. તેઓ **અજેય વાદી** હતા, તેથી જ 'તર્કપંચાનન અભયદેવસૂરિ' તરીકે તેઓ વિશેષ વિખ્યાત છે. તેઓએ આ૦ સિદ્ધસેન દિવાકરના 'સમ્મતિતર્ક' ગાથા ૧૬૭ ઉપર ૨૫૦૦૦ શ્લોકપ્રમાણ સંસ્કૃત ટીકા બનાવી છે. જો કે આ ટીકાગ્રંથ છે, પરંતુ તેની રચનાશૈલી એવી મૌલિક અને પ્રૌઢ છે કે તે સ્વતંત્ર ગ્રંથ જેવો લાગે છે અને તેનું બીજું નામ **વાદમહાર્ણવ** રાખવામાં આવ્યું છે. તેની ભાષા મનોહર છે, વાદપદ્ધતિ મૌલિક છે. જુદા જુદા વાદીઓ પોતાના પક્ષ રજુ કરે

* તલવાડા અને ત્રિભુવનગિરિ (તહનગઢ) માટે જુઓઃ પૃ. ૩૪ માં રાજા અલ્લટ, અને રાજા કર્દમ. તથા પૃ૦ ૪૪૧

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

છે. આખરે સ્યાદ્‌વાદ દર્શન વડે તે દરેક પક્ષોની બન્ને બાજુઓ રજુ કરી સાચી વસ્તુને સ્થાપે છે. આમાં તુલનાત્મકદૃષ્ટિએ ઘણું ઘણું જાણવાનું મળે છે; જૈનો અને અજૈનોના સેંકડો દાર્શનિક વિચારોની વિચારધારાઓ મળે છે. વાદિવેતાલ આ. શાંતિસૂરિ આ૦ અભયદેવસૂરિ પાસે ન્યાયશાસ્ત્ર ભણેલા છે.*

(૬) આ૦ ધનેશ્વરસૂરિ—આ૦ પ્રભાચંદ્રસૂરિના ઉલ્લેખ પ્રમાણે આ આચાર્ય ત્રિભુવનગિરિના **કર્દમ** નામના રાજા હતા, અને પટ્ટાવલીના ઉલ્લેખ પ્રમાણે કનોજરાજ **કર્દમના ધન** નામના રાજકુમાર હતા. તેના શરીરે ઝેરી ફોલ્લા ઊઠી આવ્યા, જે અનેક ઉપાયો કરવા છતાં પણ શમ્યા જ નહીં; આખરે તેણે રાજર્ષિ **અભયદેવસૂરિ**ના ચરણો ધોઈ તેનું પાણી પોતાના શરીરે છાંટયું. આથી તેના ફોલ્લા શમી ગયા. બસ! તરત જ તેણે આચાર્યશ્રી પાસે દીક્ષા લીધી. આચાર્યશ્રીએ પણ તેને યોગ્ય જાણી, શાસ્ત્રો ભણાવી, આચાર્ય બનાવી, **ધનેશ્વરસૂરિ** નામ આપી પોતાની પાટે સ્થાપ્યા. આ. **ધનેશ્વરસૂરિ** મહાન પ્રભાવશાલી આચાર્ય હતા. તેમણે ધારાનગરીની રાજસભામાં શાસ્ત્રાર્થમાં વિજય મેળવ્યો હતો; ત્યારથી ધારાનગરીનો **રાજા મુંજ** તેમને ગુરુ તરીકે માનતો હતો. બીજા રાજાઓ પણ તેમને ખૂબ માનતા હતા. તેમનાથી રાજગચ્છ વિશેષ પ્રસિદ્ધિમાં આવ્યો. તેમણે પોતાના ૧૮ શિષ્યોને આચાર્યપદ આપ્યું, જેમની ૧૮ શાખાઓ નીકળી છે. ચિત્તોડમાં ૧૮૦૦૦ બ્રાહ્મણોને જૈન બનાવ્યા, ભગવાન મહાવીરસ્વામીનું દેરાસર કરાવ્યું. અહીંની શાખા તે **ચૈત્રવાલગચ્છ** છે. તેની પરંપરામાં આ. ભુવનચંદ્રસૂરિ, ઉ૦ **દેવભદ્રજી** વગેરે થયા છે. અષ્ટાપદગચ્છ, ધર્મઘોષગચ્છ એ ચિત્રવાલગચ્છની શાખાઓ છે. એક રીતે તો તપગચ્છ—વડીપોશાળ અને લોંકાગચ્છ પણ તેની શાખાઓ છે.

---

*રાજકુલગચ્છના આ. અભયચંદ્રસૂરિ ૫ આચાર્ય અમલચંદ્રસૂરિ થયા. તેમનો ભક્ત શેઠ **કુમાર** હતો. શેઠ સિદ્ધરાજ, તેનો પુત્ર ઢંગ, તેનો પુત્ર જ્યેષ્ઠ, પત્ની રથી, તેના પુત્રો કુંડલિક અને **કુમાર**. આ કુમારે વિ. સં. **૧૦૩૦** માં જિનપ્રતિમા ભરાવી. (કાંગડા તીર્થનો પ્રતિમાલેખ)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(૭) **અજિતસિંહસૂરિ**

(૮) **આ. વર્ધમાનસૂરિ**—તેમણે વનવાસીગચ્છના આ. વિમલચંદ્રસૂરિના શિષ્ય **વીરમુનિને** આચાર્યપદ આપ્યું હતું. આ ઘટના વિ. સં. ૯૮૦ થી ૯૯૧ લગભગમાં બની છે. આ૦ વીરગણીથી પણ **કુંભોરીયા, અષ્ટાપદ** વગેરે શાખાઓ નીકળી છે.*
(સત્તાસમય વિ. સં. ૯૯૧ થી ૧૦૫૦ લગભગ.)

(૯) આ. **શીલભદ્રસૂરિ**—તેમનું બીજું નામ આ૦ **શાલિભદ્રસૂરિ** તેમણે બાર વર્ષની ઉંમરે દીક્ષા લીધી હતી અને દીક્ષાના દિવસથી 'જાવજ્જીવ' સુધી ૬ વિગઈઓનો ત્યાગ કર્યો હતો. તેમનો ઉપદેશ ક્યાંય નિષ્ફળ જતો ન હતો. તેઓ અમોઘ ઉપદેશક હતા તેમને (૧) આ. ચંદ્રસૂરિ, (૨) આ. ભરતેશ્વરસૂરિ, (૩) આ. ધનેશ્વર, (૪) આ. **ધર્મઘોષ** અને (૫) આ. સર્વદેવ એ શિષ્યો રાજપૂજિત હતા અને આચાર્યો બન્યા હતા. તે તથા તેમના બીજા શિષ્યોની પરંપરા આ રીતે મળે છે.

(૧) આ. ચંદ્રસૂરિ, આ. શીલભદ્રના મુખ્ય પટ્ટધર છે, તેમનું દીક્ષાનામ **પાર્શ્વદેવ** ગણિ હતું; તેમનું બીજું નામ ચંદ્રપ્રભસૂરિ પણ મળે છે તેમનું આયુષ્ય ઘણું લાંબું હતું. તેઓ સિદ્ધાંતના અજોડ જ્ઞાતા હતા. તેઓનું શાસ્ત્રવિવેચન અને અર્થનિરૂપણ જિનવાણીરૂપી ચક્ષુને ખોલવાને અમૃતાંજન જેવું મનાતું હતું. તેઓ ન્યાયશાસ્ત્રના પારગામી અને પરમધ્યાની હતા. આ. ચંદ્રસૂરિએ દિઙ્નાગના 'ન્યાયપ્રવેશ' ની આ. હરિભદ્રસૂરિકૃત વૃત્તિ ઉપર 'પંજિકા,

---

* ચંદ્રગચ્છના રાજગચ્છમાં આ. વર્ધમાનસૂરિ થયા છે. એ જ અરસામાં ચંદ્રગચ્છના કુર્ચપુરીયગચ્છમાં બીજા એક આ. વર્ધમાનસૂરિ થયા છે. બન્ને તે સમયના સમર્થ આચાર્યો છે. તેમાંથી કોણે કયા કયા ગ્રંથ બનાવ્યા? તે તપાસવાની જરૂર છે. આજે આ. શ્રીવર્ધમાનસૂરિના નામની ત્રણ કૃતિઓ મળે છે.

(૧) આ. હરિભદ્રસૂરિના 'ઉપદેશપદ'ની ટીકા. સં. ૧૦૫૫
(૨) ધર્મદાસ ગણીની 'ઉપદેશમાળા'ની મોટી ટીકા.
(૩) ઉપમિતિભવપ્રપંચા નામસમુચ્ચય.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

( વિ. સં. ૧૧૬૯ ફા. શુ. ૯ ) સૂક્ષ્માર્થવિચાર, સાર્ધશતકટીકા ( સં. ૧૧૭૧ ), નિશીથ–ચૂર્ણિની ટીકા ( સં. ૧૧૭૪ ), ચૈત્યવંદન સૂત્રવૃત્તિ, સર્વસિદ્ધાંત વિષમપદપર્યાય, સુબોધા–સામાચારી, વંદિત્તા સૂત્રની વૃત્તિ ગ્રં. ૧૯૫૦ ( સં. ૧૨૨૨ ), નંદીસૂત્ર દુર્ગપદવ્યાખ્યા ( સં. ૧૨૨૬ ), જિતકલ્પ–બૃહદ્ચૂર્ણિની વ્યાખ્યા ગ્રં. ૧૧૨૦ ( સં. ૧૨૨૭ ચૈ. શુ. ૧૩ રવિ ), નિરયાવલિસૂત્રવૃત્તિ ગ્રં ૧૭૪૬ ( સં. ૧૨૨૮ ), અને પ્રતિષ્ઠાકલ્પ' વગેરે ગ્રંથો બનાવ્યા છે. તેમજ 'આખ્યાનમણિકોષ' વગેરેનું સંશોધન કર્યું છે. તેમને (૧) આ. **પૂર્ણભદ્ર**, (૨) આ. જિનેશ્વર, (૩) આ. જિનદત્ત, (૪) આ. પદ્મદેવ એ **ચાર શિષ્યો**–પટ્ટધરો હતા. તે પૈકીના આ. **પૂર્ણભદ્રની** પાટે તીવ્ર બુદ્ધિવાલા, બહુ જ્ઞાનવાળા આ. **ચંદ્રપ્રભસૂરિ** થયા, તેમના પ્રથમ પટ્ટધર આ. **પ્રભાચંદ્રસૂરિએ** વિ. સં. ૧૩૩૪ ચૈત્ર શુ. ૭ શુક્રવારે પુનર્વસુ નક્ષત્રમાં '**પ્રભાવકચરિત્ર**' ગ્રં. ૫૭૭૪ બનાવ્યું. સંભવત : આ. **ચંદ્રપ્રભસૂરિના** પટ્ટધર **આ. મેરુતુંગ-સૂરિએ** સં. ૧૩૬૧ ફા. શુ. ૧૫ રવિવારે વઢવાણ શહેરમાં **પ્રબંધ-ચિંતામણિ** નામે ગ્રંથ બનાવ્યો છે. આ. મેરુતુંગની પાટે આ. ગુણચંદ્ર થયા છે. આ. ચંદ્રસૂરિના બીજા પટ્ટધર, આ. જિનેશ્વરસૂરિના પટ્ટધર આ. દેવેન્દ્રસૂરિએ વિ. સં. ૧૨૫૬ ના ચૈત્ર શુદિ ૧૩ શુક્રવારે ગિરનાર તીર્થમાં મંત્રી દંડનાયક જગદેવના પુત્ર, અભયના પુત્ર વસંતરાજે ભરાવેલ નંદીશ્વરપટ્ટની પ્રતિષ્ઠા કરાવેલ હતી.

( ૩ ) **આ૦ ધનેશ્વરસૂરિ**—તેઓ પણ આ. શીલભદ્રસૂરિના મુખ્ય પટ્ટધર છે. આ. ચંદ્રસૂરિની નંદીવ્યાખ્યા, આ. માનતુંગ-સૂરિનું શ્રેયાંસનાથ ચરિત્ર, અને આ. પ્રદ્યુમ્નસૂરિના 'સમરાદિત્ય-સંક્ષેપમાં તેમનો પરિચય મળે છે. આ. પ્રદ્યુમ્નસૂરિ લખે છે કે, આચાર્ય પ્રદ્યુમ્નસૂરિ કે જેમણે તલવાડામાં અલ્લટની રાજસભામાં **વાદ** સિદ્ધ કર્યું અને જયપટ્ટ મેળવ્યો તેની પરંપરામાં ઘણા કાળ પછી આચાર્યો થયા' ( સમરાદિત્યસંક્ષેપ ભવ–૧ શ્લો. ૧૮ ) જેમાંના આ. ધનેશ્વરની પરંપરા આ પ્રમાણે છે.

૧૦. આચાર્ય ચંદ્રપ્રભસૂરિ ( તેમના ગુરુભાઈ )

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(૧૦) આ૦ **ધનેશ્વર**—તે સમયૂ પુરિની દેવીના પણ ગુરુ હતા.

૧૧. આ. શાંતિસૂરિ

૧૨. આ. દેવભદ્ર

૧૩. આ. દેવાનંદ–તેમણે તેરમી સદીમાં તે સમયના આઠ વ્યાકરણોથી ચડિયાતું ‘ સિદ્ધસારસ્વત ’ વ્યાકરણ બનાવ્યું છે. તેમની પાટે (૧) આ. રત્નપ્રભ (૨) આ. પરમાનંદ અને (૩) આ. કનકપ્રભ થયા. આ પરમાનંદસૂરિની પાટે આ વિજયસિંહસૂરિ થયા.

૧૪. આ. **કનકપ્રભ**–તેઓ. આ. રત્નપ્રભની પાટે આવ્યા એવો પણ ઉલ્લેખ મળે છે.

૧૫. આ પ્રદ્યુમ્નસૂરિ—તે બહુ પ્રબંધોના બનાવનારા વાગ્દેવીપુત્ર આ. બાલચંદ્રસૂરિથી નાના અને આ. વિજયસિંહસૂરિથી મોટા હતા. તેમને વસ્તુપાળ મંત્રી બહુ માનતો હતો. તે ઠ. આહ્‌લણના **કુલના** ગુરુ હતા. તેમણે વિ. સં. ૧૩૨૪ માં વઢવાણમાં પોરવાડ મંત્રી વાહડનો પુત્ર રાણિગ અને તેના પુત્રો મંત્રી રણમલ તથા સેગની વિનતિથી સમરાદિત્ય સંક્ષેપ ગ્રંથની રચના કરી, જેની પહેલી પ્રત પં. જગચ્ચંદ્રે લખી (સમરાદિત્યસંક્ષેપ) તેમજ પ્રવ્રજ્યા-વિધાન–**વૃત્તિ** બનાવી, જેની પહેલી પ્રતિ આ. વાદિદેવસૂરિના વંશના આ. મદનચંદ્રસૂરિના શિષ્ય મુનિદેવસૂરિએ લખી. આ. પ્રદ્યુમ્નસૂરિ મહાકવિ હતા; તેમજ કાવ્યગ્રંથોના સમર્થ સંશોધક હતા, તેથી તેમણે તે સમયના ઘણા ગ્રંથોને શોધ્યા છે અને ઘટતો ફેરફાર કરાવી પ્રતિષ્ઠિત બનાવ્યા છે. તેમાંના કેટલાએક ગ્રંથો નીચે મુજબ છે:—

કવિ આસડની ‘ ઉપદેશકંદલી ’ તથા ‘ વિવેકમંજરી ’ નીચે આ. બાલચંદ્રસૂરિ કરેલ વૃત્તિઓ ( વિ. સં. ૧૨૪૮ ). ચંદ્રગચ્છના આ. દેવેન્દ્રસૂરિકૃત ‘ઉપમિતિસારોદ્ધાર’* વિ. સં. ૧૨૯૮ કા. વ. ૬,

---

*ચંદ્રગચ્છમાં (૧) આ. ભદ્રેશ્વર, (૨) આ. હરિભદ્ર, (૩) આ. શાંતિસૂરિ, (૪) આ. અભયદેવ અથવા ઉદયદેવ, (૫) આ. પ્રસન્નચંદ્ર, (૬) આ. મુનિરત્ન, (૭) આ. ચંદ્રસૂરિ, (૮) આ. યશોદેવ, આ. દેવેન્દ્રસૂરિ, આ. દેવેન્દ્રસૂરિએ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

નાગેન્દ્રગચ્છના આ. ઉદયપ્રભસૂરિકૃત ઉપદેશમાલાકર્ણિકાવૃત્તિ વિ. સં. ૧૨૯૯ ધોળકા, આ. વાદિદેવસૂરિસંતાનીય આ. મદનચંદ્રસૂરિશિષ્ય કવિ આ. મુનિદેવકૃત 'શાંતિનાથચરિત્ર' સં ૧૩૨૨ ફા. શુ. ૨ બુધવાર, રાજગચ્છના આ. પ્રભાચંદ્રસૂરિકૃત 'પ્રભાવકચરિત્ર' સં. ૧૩૩૪, આ પરમાનંદસૂરિશિષ્ય આ. રત્નપ્રભસૂરિ કૃત 'કુવલયમાલાકથા સંક્ષેપ,' પં. ધર્મકુમારકૃત 'શાલિભદ્રચરિત્ર' ગ્રં. ૧૨૨૪ સં. ૧૩૩૪, આ. માનતુંગસૂરિકૃત શ્રીશ્રેયાંસનાથચરિત્ર સં. ૧૩૩૨ વગેરે.

આથી નક્કી છે કે. આ. પ્રદ્યુમ્નસૂરિ તે સમયના કવિઓમાં પૂજ્યસ્થાને હતા.

(૪) આ. **ધર્મઘોષસૂરિ**—તે પણ આ. શાલિભદ્રસૂરિના ચોથા પટ્ટધર છે. તેમનો પરિચય પછીથી આપીશું.

(૫) આ. **સર્વદેવસૂરિ**—આ. શાલિભદ્રસૂરિના લઘુ પટ્ટધર છે. આ. માનતુંગસૂરિ લખે છે કે—આ. શીલભદ્રસૂરિને આ ચંદ્ર, આ. ભરતેશ્વર, આ. ધનેશ્વર, આ. સર્વદેવ અને આચાર્ય ધર્મઘોષ એમ પાંચ શિષ્યો હતા. તેઓમાં આ. **ધર્મઘોષસૂરિ ગચ્છપતિ** હતા. તે ૬ ઘડીમાં ૫૦૦ શ્લોકને મુખપાઠ કરી શકતા હતા. આ. **સર્વદેવસૂરિ** ભાલેજમાં ભગવાન મહાવીરસ્વામીના દેરાસરમાં વ્યાખ્યાન આપતા હતા ત્યારે તેમના હાથની, દેવીએ આવી વજ્ર વડે રક્ષા કરી હતી. તેમની પરંપરા આ રીતે ચાલે છે. (૧૧) આ. **ચંદ્રપ્રભસૂરિ**—જે મોટા તપસ્વી હતા, સ્તંભન પાર્શ્વનાથનો અધિષ્ઠાયક તેમને પ્રત્યક્ષ હતો (૧૨) આ **જિનેશ્વર**, જે અતિશય શાંત, સમભાવી અને સર્વ વિદ્યામાં નિષ્ણાત હતા તેમનું કપાળ તેજસ્વી હતું. (૧૩) આ. **રત્નપ્રભસૂરિ**—તે વિદ્વાન હતા.(૧૪) આ. **માનતુંગસૂરિ**

---

સં. ૧૨૯૮ કા. વ. ૬. રવિવારે પુષ્ય નક્ષત્રમાં ઉપમિતિસારોદ્ધાર ગ્રં. ૫૭૩૦ બનાવ્યો અને ચંદ્રગચ્છના આ. દેવાનંદપટ્ટે આ. રત્નપ્રભપટ્ટે આ. કનકપ્રભપટ્ટે આ. પ્રદ્યુમ્નસૂરિએ તેનું સંશોધન કર્યું—

(!) આ. દેવેન્દ્રસૂરિશિષ્ય આ. હેમપ્રભસૂરિ થયા, તે ઝીંઝુવાડાના ઝાલા રાણા દુર્જનશલ્યના ગુરુ હતા, તેમણે 'ત્રૈલોક્યપ્રકાશ' બનાવ્યો (ત્રૈલોક્યપ્રકાશની પ્રશસ્તિ-પુષ્પિકા)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તેમણે ત્રિપુરાગમમાંથી ઉદ્ધરીને સ્વતંત્ર સૂત્રગ્રંથ અને તેની સ્વોપજ્ઞ-વૃત્તિ બનાવ્યાં છે. સં. ૧૩૩૨ના મહા વદિ પાંચમે ત્રિપુરા સરસ્વતીની કૃપાથી આ. દેવભદ્રના× "સિજ્જંસચરિયં"ના આધારે 'શ્રીશ્રેયાંસ-નાથચરિત્ર' ગ્રં. ૫૧૨૪ બનાવ્યું છે, જેનું સંશોધન રાજગચ્છના વૃદ્ધ કવિગુરુ પ્રદ્યુમ્નસૂરિએ કર્યું છે. ( શ્રેયાંસનાથચરિત્ર–પ્રશસ્તિ )

૧૦. આ. **ધર્મઘોષસૂરિ**–તેમનું ટૂંકું નામ ધર્મસૂરિ હતું. તે તીવ્ર બુદ્ધિવાળા હતા. ૬ ઘડીમાં ૫૦૦ શ્લોક મુખપાઠ કરી શકતા હતા. મહાવાદી હતા. તેમને અંબિકાદેવી પ્રસન્ન હતાં. તેમણે નાગોર, શાકંભરી અને અજમેરની રાજસભાઓમાં વ્યાખ્યાનો આપ્યાં હતાં. ત્યાંના રાજાઓ અને પ્રજા ઉપર પ્રભાવ પાડ્યો હતો. નાગોરનો રાજા આહ્લણ, શાકંભરીના રાજાઓ અજયરાજ, અર્ણોરાજ કે જેણે પોતાની કન્યા જલ્હણાદેવી ( ચંદ્રલેખા ) ગૂર્જરેશ્વર કુમાર-પાલને પરણાવી હતી, અને વિગ્રહરાજ વગેરે આચાર્યદેવને ગુરુ તરીકે માનતા હતા. તેમણે અર્ણોરાજની સભામાં દિગમ્બર વાદી ગુણચંદ્રને હરાવ્યો હતો. બીજા વાદોમાં પણ વિજય મેળવ્યો હતો. તેમના ઉપદેશથી પ્રતિબોધ પામી રાજા વિગ્રહરાજે જૈનધર્મ આરાધ્યો હતો, અને અગિયારશ વગેરે તિથિઓની **અમારિ** પળાવી હતી. વિગ્રહરાજે અજમેરમાં મોટો રાજવિહાર બનાવી તેમાં મોટા જિનબિંબની પ્રતિષ્ઠા કરાવી હતી, કળશ–દંડ ચઢાવ્યા હતા અને તેની ધ્વજા પણ પોતે જ અરિસિંહ તથા માલવરાજને સાથે રાખીને બાંધી હતી. આચાર્યશ્રીએ ઉપદેશ આપી સુબહપુર વગેરેમાં અનેક જિનપ્રસાદો બનાવ્યા છે. તેઓ વિ. સં. ૧૧૮૧ કે ૧૧૯૧માં **ફલોધિ પાર્શ્વનાથ** અને જીરાવલા પાર્શ્વનાથ (?) પ્રગટ્યા ત્યારે તે ઉત્સવમાં હાજર હતા. તેમણે સં. ૧૧૮૬માં **ધમ્મકપ્પદ્દુમો** અને સં. ૧૧૮૬ માગશર શુદિ ૫ ના **ગૃહિધર્મપરિગ્રહપ્રમાણ** બનાવ્યાં છે.

આ. ધર્મઘોષસૂરિએ ઘણા શિષ્યોને આચાર્યપદ આપ્યું છે.

---

× આ. દેવભદ્રસૂરિ માટે જુઓ: પૃ. ૪૬૩, ૪૬૪.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તેમના નામથી રાજગચ્છની **ધર્મઘોષ**શાખા નીકળી છે, જે પાછળથી ધર્મઘોષગચ્છ× તરીકે વિખ્યાત થયેલ છે. આચાર્યશ્રીએ ધર્મ-ઘોષગચ્છની સંભાળ માટે અને પોતાના શિષ્યોમાં શિથિલતા ન પેસે તેની દેખરેખ માટે ૧૬ શ્રાવકોની એક **સમિતિ** નીમી હતી. ધર્મઘોષમાંથી **સુરાણાગચ્છ** નીકળ્યો છે. ધર્મઘોષસૂરિની કેટલીક શિષ્યપરંપરા નીચે પ્રમાણે મળે છે.

(૧) **આ. રત્નસિંહસૂરિ**—તેમની પરંપરા ઘણા કાળ સુધી ચાલી છે. (જુઓ, પૃ૦ ૫૧૭)

(૨) **આ. યશોભદ્રસૂરિ**—તેમણે ત્રણ વર્ગોના અક્ષરો વિનાનું "પ્રત્યક્ષાનુમાનાધિક પ્રકરણ" તથા ગદ્ય 'ગોદાવરીકાવ્ય' બનાવ્યાં છે. તેમના શિષ્ય દેવસેનગણિએ વિ. સં. ૧૨૧૫ ચૈત્ર શુદ ૮ના ગિરનાર

---

× ચંદ્રગચ્છના ધર્મઘોષસૂરિની પરંપરા નીચે પ્રમાણે છેઃ—

(૧) **ચંદ્રપ્રભસૂરિ**—તેઓ ચંદ્રગચ્છના હતા અને વાદિભસિંહ તરીકે વિખ્યાત હતા. (૨) **ધર્મઘોષસૂરિ**- તેમને સિદ્ધરાજ જયસિંહ બહુ માનતો હતો. (૩) **ચક્રેશ્વરસૂરિ** તે મઠાધીશ આચાર્ય હતા. (૪) શિવપ્રભસૂરિ (૫) તિલકસૂરિ—તેમણે સામાચારી સૂત્ર ગા. ૨૦ જિતકલ્પ વૃત્તિ (વિ. સં. ૧૨૭૪) આવશ્યકસૂત્ર લઘુવૃત્તિ ગ્રં. ૧૨૩૭૫ ( સં. ૧૨૯૬ ) ચૈત્યવંદન વૃત્તિ, ગુરુ-વંદન વૃત્તિ પ્રત્યાખ્યાન વૃત્તિ, દશવૈકાલિકસૂત્ર વૃત્તિ, શ્રાવક સામાચારી, સ્વોપજ્ઞ વૃત્તિ, પૌષધ સામાચારી સ્વોપજ્ઞ વૃત્તિ, વંદિત્તાસૂત્ર વૃત્તિ, પ્રત્યેક-બુદ્ધચરિત્ર વગેરે બનાવ્યાં છે. (૬) આ. પદ્મપ્રભસૂરિ—તેમણે આવશ્યક લઘુ-વૃત્તિ રચવામાં મદદ કરી છે અને આ. તિલકસૂરિના શિષ્ય પં. યશસ્તિલકે તેની પ્રથમ પ્રત લખી છે.

(૧) વિધિધરોદ્ધારક આ. ચંદ્રપ્રભસૂરિ, (૨) આ. **ધર્મઘોષ**, (૩) આ. **અભયઘોષ**, (૪) મુનિવિદ્યાકુમાર તેમના ઉપદેશથી ઝાલા રાણા વિજય-પાલની પત્ની રાણી **નીતાદેવી**એ યોગશાસ્ત્રની પ્રત લખાવી હતી. તેણીએ પાટડીમાં ભગવાન પાર્શ્વનાથનું દેરાસર તથા ઉપાશ્રય કરાવ્યા હતા. તેના જમાઈ ઝીંઝુવાડાના રાણા દુર્જનશલ્યે શંખેશ્વર તીર્થનો જીર્ણોદ્ધાર કરાવ્યો, તે આ. હેમપ્રભસૂરિ તથા પૂર્ણિમાગચ્છના આ. પરમદેવસૂરિને ગુરુ તરીકે માનતો હતો.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તીર્થના દેરાસરનો જીર્ણોદ્ધાર કરાવ્યો છે. દેવસેનગણિના શિષ્ય આ. પૃથ્વીચંદ્રે કલ્પસૂત્રનું ટિપ્પણ બનાવ્યું છે.

( ૩ ) આ. **સમુદ્રઘોષસૂરિ**—આ૦ મુનિરત્ન તેમની પરંપરા આ રીતે આપે છેઃ—

(૧૦) આ. **ચંદ્રપ્રભ**—જે ચંદ્રગચ્છના સમર્થ આચાર્ય હતા.

( ૧ ) આ. **ધર્મઘોષ**—જે વ્યાકરણના પારગામી ન્યાયનિષ્ણાત, સૂત્રાર્થના સમર્થ વ્યાખ્યાતા અને અપૂર્વ બુદ્ધિવાળા હતા. ગૂર્જરેશ્વર રાજા સિદ્ધરાજે તેની ઘણી જ પ્રશંસા કરી હતી. તે સૂરિજીએ ૨૦ શિષ્યોને સૂરિપદ આપ્યું અને તેમનાથી ધર્મઘોષગચ્છ નીકળ્યો. આચાર્યે પોતાના ગચ્છની રક્ષા માટે અને પોતાના સાધુઓ શિથિલ ન થાય તે માટે ૧૬ શ્રાવકોની એક સમિતિ બનાવી હતી.

(૧૧) આ. **સમુદ્રઘોષસૂરિ**—તે આ. ધર્મઘોષસૂરિના મુખ્ય પટ્ટધર છે, જેની માળવાના પંડિતોમાં ગણના થતી હતી; જે અનેકના વિદ્યાગુરુ છે. જેણે ધારાનો રાજા નરવર્મદેવ, ગોભદ્રનો રાજા, ગૂર્જર-સમ્રાટ સિદ્ધરાજ વગેરેની રાજસભાને પોતાના પાંડિત્યથી રંજિત કરી હતી. તેમની પાટે ત્રણ આચાર્યો થયા છે.

( ૧ ) આ. **સુરપ્રભસૂરિ**—તે મહાકવિ હતા, પંડિત હતા અને માળવામાં વિશેષ પ્રસિદ્ધ હતા. તેમની પાટે ૩ આચાર્યો થયા છે, (૧) આ. જિનેશ્વરસૂરિ (૨) **મુનિરત્નસૂરિ**—જે સમર્થ આચાર્ય છે. ( ૩ ) આ. તિલકચંદ્રસૂરિ.

( ૧૨ ) આ. **મુનિરત્નસૂરિ**—જે વ્યાકરણ, છંદ, નિરુક્ત, સાહિત્ય, ન્યાય, સિદ્ધાંત અને જ્યોતિષના પારગામી હતા. તેમણે આ. સુરપ્રભની પાટે આ. જિનેશ્વરને તથા પોતાની પાટે આ. જિનસિંહસૂરિને સ્થાપ્યા હતા. વારાહીનગરીમાં રાજા સિદ્ધરાજનો **ભંડારી** શ્રીમાલી યશોધવલ હતો. તેને **જગદેવ** નામે પુત્ર હતો. આ. હેમચંદ્રસૂરિએ તેની કવિતાથી પ્રસન્ન થઈ તેનું બીજું નામ **બાલકવિ** રાખ્યું હતું, જે સમય જતાં ધર્મઘોષગચ્છની શ્રમણો-પાસક સમિતિનો વડો બન્યો હતો. જેને આ. મુનિરત્નસૂરિ પ્રત્યે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અવિહડ પ્રેમ હતો. આ૦ જગદેવ આચાર્યશ્રીથી પ્રતિબોધ પામેલ રાજજ્યોતિષી રુદ્રનો પુત્ર મંત્રી **નિન્નો** અને **ચૂદન** ભટ્ટ એ ત્રણે જૈનધર્મની ઉન્નતિમાં ઘણો રસ લેતા હતા. જગદેવે તો ઉજ્જૈનમાં નરવર્મ રાજાની સભામાં શૈવવાદીને હરાવ્યો હતો. તેજ જગદેવની વિનતિથી આચાર્યશ્રીએ સં. ૧૨૫૨માં **અમમ-ચરિત્ર** બનાવ્યું; અને પાટણમાં ભ. શાંતિનાથના દેરાસરમાં વ્યાખ્યાનમાં વાંચ્યું. આ ગ્રંથને કવિકુમાર, પૂર્ણપાલ, યશઃપાલ, બાલકવિ, પંડિત સભાના વડા મણુ અને મહાનંદે શોધ્યો, ગૂર્જર વંશના ઉદ્દ્યોતનના પુત્ર મંત્રી ઉદયરાજના પુત્ર પંડિત સાગરચંદ્રે પ્રથમ લખ્યો, બાલકવિએ પણ લખ્યો–લખાવ્યો, અને તેની પ્રશસ્તિ આ. જિનસિંહસૂરિએ રચી.

(૧૩) આ. જિનસિંહસૂરિ–તેમણે ગુરુપરંપરાની પ્રશસ્તિ: શ્લોક ૩૩માં રચી 'અમમચરિત્ર' સાથે જોડી દીધી. (અમમચરિત્ર)

આ. ધર્મઘોષસૂરિએ બ્રાહ્મણો, માહેશ્વરી વૈશ્યો અને ક્ષત્રિયોને ઉપદેશ આપી જૈનધર્મી બનાવ્યા છે. વહીવંચાની વહીઓ કહે છે કે સં. ૧૧૨૯માં મુદિયાડના બ્રાહ્મણોને જૈન બનાવી નારાના પુત્રોનું **નહાર** ગોત્ર સ્થાપ્યું, સં. ૧૧૩૨માં વણુથલીના ચૌહાણ રાવ પૃથ્વીપાળ વગેરેને જૈન બનાવ્યા હતા. તેના ૭મા પુત્ર મુકુન્દનો પુત્ર આહરણ વહાણુવટું કરતો હતો. તેનું ભાણવટુ ગોત્ર સ્થાપ્યું, સં. ૧૧૩૨માં અજયગઢ પાસે જ્યેષ્ઠાનગરના પંવાર રાવ **સુર** તથા તેના નાનાભાઈ **સાંખલાને** જૈન બનાવ્યા અને તેઓનાં સુરાણા ગોત્ર, સાંખલા ગોત્ર સ્થાપ્યાં અને તેમનો સુરાણાગચ્છ પણ બન્યો, એજ રીતે મીઠડીયા, **સોની**, ઉસ્તવાલ ખટોર વગેરે ગોત્રો સ્થાપ્યાં છે. એકંદરે ઓસવાળોમાં ૧૦૫ અને શ્રીમાળીમાં ૩૫ નવાં જૈન ગોત્ર બનાવ્યાં છે. ધર્મઘોષગચ્છની ગાદીએ તપા-ગચ્છના શ્રીપૂજોનું બેસણું છે. એટલે આ ગોત્રો આજે તપાગચ્છને માને છે. શાકંભરીનો **મહામાત્ય ધનદેવ** આચાર્યશ્રીનો પરમ શ્રાવક હતો. તેના પૌત્ર કવિ **યશશ્ચંદ્રે** બે કાવ્યો તથા 'મુદ્રિતકુમુદચંદ્ર' વગેરે ચાર નાટકો બનાવ્યાં છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આબૂગિરિની વિમલવસતિની પ્રશસ્તિમાં ઉલ્લેખ છે :—

**वादिचन्द्र-गुणचन्द्रविजेता, भूपतित्रयविबोधविधाता ।**
**धर्मसूरिरिति नाम पुरासीत् , विश्वविश्वविदितो मुनिराजः ॥३९॥**

આ. ધર્મઘોષસૂરિ બીજા યુગના ૧૮મા યુગપ્રધાન છે. તેમનો યુગપ્રધાન કાળ વી. સં. ૧૫૨૦ થી ૧૫૯૮ છે. (જુઓ : પૃ. ૧૯૭)

(૧૧) **રત્નસિંહસૂરિ**—તે આ. ધર્મઘોષસૂરિના પટ્ટધર છે. તેમની શિષ્યપરંપરા ઘણા કાળ સુધી ચાલી છે.

(૧૨) **દેવેન્દ્રસૂરિ**—તેમની પરંપરાના આ. મુનિચંદ્રસૂરિના શિષ્ય આ. રત્નાકરસૂરિએ સં. ૧૩૪૩ પોષ વદ ૯ બુધવારે પલ્લીવાલ દેદાંગજ સં. સાધુ **પેથડે** ભરાવેલ ભગવાન અભિનંદનસ્વામીની પ્રતિમાની અંજનશલાકા કરી, જે પ્રતિમા આજે શત્રુંજયગિરિ પર નવા આદીશ્વરના રંગમંડપમાં ડાબી બાજુએ ખડ્ગાસને વિદ્યમાન છે. આ. દેવેન્દ્રની પરંપરાના આ. જિનચંદ્રસૂરિશિષ્ય આ. ભુવનચંદ્રે સં. ૧૩૦૫ના અષાડ વદિ ૭ શુક્રે ભ. અજિતનાથની પ્રતિષ્ઠા કરાવી જે મૂર્તિ આજે પાલનપુરના મોટા દેરાસરમાં છે.

जैन साईट JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

(૧૩) આ. રત્નપ્રભસૂરિ.

(૧૪) આ. આણંદસૂરિ.

(૧૫) આ. અમરપ્રભસૂરિ.

(૧૬) આ. જ્ઞાનચંદ્રસૂરિ—તેમણે સં. ૧૩૭૮ જેઠ શુદિ ૯ સોમે વિમલવસહીમાં ઘણી દહેરીઓનાં જીર્ણોદ્ધાર અંજનશલાકા અને પ્રતિષ્ઠા કરાવ્યાં. તેઓ સં. ૧૩૯૪ સુધી વિદ્યમાન હતા.

(૧૭) મુનિશેખરસૂરિ—સં. ૧૩૯૬માં તેમની મૂર્તિ બની છે.

(૧૮) સાગરચંદ્રસૂરિ—તેમણે ઉપદેશ આપી કલ્હણ રાજાને જૈનધર્મી બનાવ્યો. તેમના ગુરુભાઈ આ. માણેકચંદ્રસૂરિએ સં. ૧૨૬૬માં મમ્મટના 'કાવ્યપ્રકાશ' પર સંકેત, સં. ૧૨૭૬માં દેવકુલપાટકમાં 'પાર્શ્વનાથચરિત્ર', સં.....માં 'નલાયન' વગેરે બનાવ્યાં.

(૧૯) મલયચંદ્રસૂરિ—તે વિદ્વાન, કલાનિપુણ અને ચમત્કારી હતા.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(૨૦) પદ્મશેખરસૂરિ.

(૨૧) પદ્માનંદસૂરિ.

(૨૨) નંદિવર્ધનસૂરિ.

(૨૩) નયચંદ્રસૂરિ.

( પ્રભાવકચરિત્ર પ્રશસ્તિ, શ્રીયુત નાહટાજી સં. રાજગચ્છ પટ્ટાવલી, જૈન સત્યપ્રકાશ : ક્ર૦ ૧૨૮, મો. દ. દેશાઈનો જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ : પૃ. ૧૯૨ થી ૧૯૬, અમમચરિત્ર)

**આ. ઉદ્દ્યોતનસૂરિ**

આ હારિલવંશના રાજર્ષિ આચાર્ય છે, તેમણે શાકે ૭૦૦માં 'કુવલયમાલા' નામનો પ્રૌઢ કથાગ્રંથ બનાવ્યો છે. (જુઓ: પૃ. ૪૫૧)

**કૃષ્ણર્ષિગચ્છ :**

હારિલવંશમાં તત્ત્વાચાર્યની પાટે આચાર્ય **યક્ષમહત્તર** થયા. (જુઓ : પૃ.૪૫૦ ) તેમણે ખટ્ટકૂપ (ખાટૂ)માં ભવ્ય જિનપ્રાસાદ સ્થાપ્યો હતો, તેમના શિષ્ય કૃષ્ણર્ષિથી કૃષ્ણગચ્છ ચાલ્યો છે.*

કૃષ્ણઋષિ કડક સંયમી અને ઘોર તપસ્વી હતા. તેમણે ચૌમાસી ખમણ સુધીનાં તપ કર્યાં હતાં, દર સાલ વધુમાં વધુ ૩૪ પારણાં કર્યાં છે, એટલે બાકીનો સમય તપમાં જ રહેતા હતા, તપસ્યાના પ્રભાવે તેઓ એવા તપોમૂર્તિ બની ગયા હતા કે, તેમનું નામ લેવા માત્રથી મનુષ્યનાં પીડા, રોગ, ઉપસર્ગ, ભૂતાવેશ, ગ્રહપીડા, મારિ, ચોર, શત્રુ, મદાંધ રાજા તથા કુસ્વપ્નનું અનિષ્ટ

* ઉપકેશગચ્છના આ૦ કક્કસૂરિએ વિ સં ૧૩૯૩માં 'ઉપકેશગચ્છ પ્રબંધ' શ્લોક ૨૦૬ થી ૨૩૪ માં આ. નન્નસૂરિ, આ. યક્ષ મહત્તર અને કૃષ્ણનું જે વર્ણન આપ્યું છે, તે આ યક્ષસૂરિ અને કૃષ્ણર્ષિને ઘણે અંશે મળતું આવે છે. પરંતુ તે ઘટના અને તે ગ્રંથકારની વચ્ચે ઘણાં વર્ષોનું આંતરું છે. એટલે તે સંયોજનમાં સાંભળેલી વાતોનું સંમિશ્રણ હોય એ સ્વાભાવિક છે. પૂ. કૃષ્ણર્ષિના શિષ્ય આ. જયસિંહસૂરિ 'ધર્મોપદેશમાળા'ની પ્રશસ્તિમાં આ૦ યક્ષમહત્તર તથા શ્રીકૃષ્ણર્ષિનો પરિચય આપ્યો છે. આ પ્રત્યક્ષ ઉલ્લેખને આધારે જ અમોએ ઉપરનો ઇતિહાસક્રમ યોજ્યો છે.
(પં. લા. ભ. ગાંધીકૃત 'ધર્મોપદેશમાલા'ની પ્રસ્તાવના )

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વગેરે શાંત થઈ જતા હતા. તેમનાં ચરણોદકથી સાપનું ઝેર વગેરે ઊતરી જતાં હતાં, અને તેમનો સ્પર્શ, કફ, મળ, મૂત્ર અને મેલથી બીજાનો વ્યાધિ નષ્ટ થતો હતો, એટલે કે તેઓ આમોસહિ, ખેલોસહિ, વિપ્પોસહિ અને જલ્લોસહિ ઈત્યાદિ લબ્ધિસંપન્ન હતા. તેમણે તીર્થંકરોની દરેક કલ્યાણક ભૂમિઓની યાત્રા કરી હતી, ઘણા તીર્થોના સંઘો કઢાવ્યા હતા, શક સં. ૭૧૯માં નાગોરના શ્રેષ્ઠી **નારાયણને** જૈન બનાવી, તેનું **બરડિયા** ગોત્ર સ્થાપી, તેની પાસે મંદિર કરાવી તેમાં ભ. મહાવીરસ્વામીની પ્રતિષ્ઠા કરાવી હતી. અને તેની રક્ષા માટે **બંભ** વગેરે ૭૨ **ગોઠી** સ્થાપ્યા હતા, નાગોરથી ભિન્નમાલ સુધીમાં જ્યાં જ્યાં પારણાં કર્યાં ત્યાં ત્યાં જિનાલયો સ્થાપ્યાં હતાં. તેમણે અનેક રાજાઓને ઉપાસક બનાવ્યા, ઉપદેશ આપી સ્થાને સ્થાને અભયકુમાર જેવા અનેક શ્રાવકો બનાવ્યા છે અને ઘણા રાજા બ્રાહ્મણો તથા શેઠોને દીક્ષા આપી પોતાના શિષ્ય બનાવ્યા છે. તેઓ મસાણમાં જઈ ધ્યાન કરતા હતા. ત્યાં ઉપસર્ગો આવે તો મેરુની જેમ અડગ રહેતા. આ પ્રમાણે તેઓ અનેક ગુણોના ભંડારરૂપ હતા.

जैन साईट JAINSITE .com જયમ્ જયતિ શાસનમ્

આ કૃષ્ણ ઋષિથી 'કૃષ્ણર્ષિગચ્છ' નીકળ્યો છે. કૃષ્ણર્ષિગચ્છના કેટલાએક આચાર્યો નીચે પ્રમાણે થયા છે.

આ. જયસિંહસૂરિ, જેઓ ખ્યાત તપા શ્રીકૃષ્ણઋષિના શિષ્ય હતા. તેમણે નાગોરમાં ગ્વાલિયર નરેશ આમ રાજાના પૌત્ર મહારાજા ભોજદેવના રાજકાળમાં વિ. સં. ૯૧૫ ભા. શુ. ૫, ને બુધવારે સ્વાતિ નક્ષત્રમાં પોતાની પ્રાકૃત **ધર્મોપદેશમાલા** ગા. ૯૮ ઉપર સ્વોપજ્ઞ-વૃત્તિ શ્લો. ૫૭૭૮ બનાવી છે. તેમણે તેની પ્રશસ્તિમાં ૧૨ ગણધરો અને ૨૪ શ્રુતધરો બતાવી આ. વટેશ્વરથી પોતાના સુધીની **પટ્ટાવલી** આપી છે. આ 'ધર્મોપદેશમાળા' પર મલધારી આ. શ્રી હેમચંદ્ર-સૂરિપટ્ટધર આ૦ વિજયસિંહસૂરિએ સં. ૧૧૯૧માં ૧૪૪૭૧ શ્લોક-પ્રમાણ, અને વાદિદેવસૂરિના સંતાનીય આ. માનચંદ્રસૂરિના શિષ્ય સંક્ષિપ્ત સંસ્કૃત શાંતિનાથ ચરિત્ર કર્તા આ. મુનિદેવસૂરિએ વિ. સં. ૧૩૨૪ લગભગમાં ૬૬૫૦ શ્લોકપ્રમાણ વિવરણ કરેલ છે. સંભવ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

છે કે, આ૦ જયસિંહસૂરિએ 'નેમિચરિયં' પણ બનાવ્યું હશે.

આ. જયકીર્તિસૂરિ—આ. જયસિંહસૂરિના શિષ્ય, તેમણે **શીલોપદેશમાલાની** ગાથા ૨૨૫ની રચના કરી છે.

આ. જયસિંહસૂરિ—કૃષ્ણર્ષિગચ્છમાં આ. જયસિંહસૂરિ થયા. તેમણે વિ. સં. ૧૩૦૧માં મારવાડમાં મંત્રવિદ્યાથી પાણી આકર્ષી લાવી શ્રી સંઘને જીવિતદાન આપ્યું હતું. તેમની પાટે આ. પ્રસન્નચંદ્રસૂરિ થયા, તેમની પાટે સુલતાન મુહમ્મુદે પ્રશંસેલ આ૦ મહેન્દ્રસૂરિ થયા. અને તેમની પાટે આ. જયસિંહસૂરિ થયા, તેમણે સં. ૧૪૪૨ માં 'કુમાર પાલ મહાકાવ્ય' શ્લો. ૬૩૭૦ બનાવ્યું, તેમાં ખ્યાત તપા–કૃષ્ણઋષિ, તેમનો ગચ્છ અને પોતાની ગુરુ–પરંપરાનો પરિચય આપ્યો છે. તેમણે વ્યાકરણ અને ન્યાયસારની ટીકા પણ બનાવ્યાં છે. આ. પ્રસન્નચંદ્રસૂરિના બીજા પટ્ટધર આ. **નયનચંદ્રે** 'કુમાળપાલ મહાકાવ્ય'ને પ્રથમ લખ્યું હતું, **હમીર** મહાકાવ્ય તથા રંગમંજરી નાટિકાની રચના કરી હતી. તે ગૃહસ્થ જીવનમાં જ ૭ ભાષાઓના જાણકાર, કવિ અને ન્યાયશાસ્ત્રના વિદ્વાન હતા. સંભવ છે કે તેમણે આ. જયસિંહસૂરિના ઉપદેશથી વૈરાગ્ય પામી દીક્ષા લીધી હશે.

આ. **જયસિંહસૂરિ**—આ. નયનચંદ્રસૂરિના પટ્ટધર હતા, તેમના હાથે સં. સોઢલે પ્રભુપ્રતિષ્ઠા કરાવી હતી. સં ૧૫૧૭.

**નયહંસ**—આ. જયસિંહસૂરિના શિષ્ય. તેમણે સં. ૧૫૪૨ માં 'હમીરમહાકાવ્ય' લખ્યું.

આ. **નન્નસૂરિ**—વિ. સં. ૧૩૬૮ માં 'ત્રિષષ્ઠીય–મહાવીર-ચરિત્ર' લખ્યું. ( પાટણ )

આ. **પ્રભાનંદસૂરિ**—સં. ૧૩૯૦ ભા. વ. ૪ના આ હરિભદ્ર-સૂરિની 'ક્ષેત્રસંગ્રહણી'ની વૃત્તિ બનાવી. તેઓ ભટ્ટારક પૃથ્વીચંદ્ર-સૂરિના પટ્ટધર હતા, તેમના ઉપદેશથી સં. ૧૩૯૧ માં સુચંતીશાહ સોમસિંહના પુત્રોએ પોતાની માતા સોમશ્રીના કલ્યાણ માટે 'ત્રિષષ્ઠીયપાંડવચરિત્ર' તાડપત્રમાં લખાવ્યું.

પૂજ. દેવસુંદર—સં. ૧૪૯૯ ના કાર્તિક શુદિ ૯ શનિવારે પાટણમાં

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

'વર્ધમાન વિદ્યાકલ્પ' લખાવ્યો, (જે જેસલમેરમાં વિદ્યમાન છે).
(જૈન સત્ય પ્રકાશ: ક્ર૦ ૭૩, ૭૪, ૭૫, પૃ. ૧૦૭;
પં. લાલચંદ ભ૦ ગાંધીની 'ધર્મોપદેશમાલા'ની પ્રસ્તાવના).

જીરાવલા તીર્થમાં ભ૦ પાર્શ્વનાથના દેરાસરમાં **સં. ૧૪૮૩ कृष्णर्षिगच्छे तपापक्षे आ० पुण्यप्रभसूरि** વગેરે શિલાલેખો છે, આપણે જાણીએ છીએ કે, આ૦ જગચ્ચંદ્રસૂરિએ વિ. સં. ૧૨૮૫ માં ક્રિયોદ્ધાર કર્યો, ત્યાર પછી તેમની નિશ્રામાં બીજા ગચ્છના ઘણા ભટ્ટારકોએ ક્રિયોદ્ધાર કર્યો હતો. તો સંભવ છે કે, કૃષ્ણર્ષિગચ્છના કોઈ આચાર્યે પણ ત્યારે ક્રિયોદ્ધાર કર્યો હશે. તેમની પરંપરામાં આ૦ પુણ્યપ્રભસૂરિ થયા છે.

આ૦ જયસિંહસૂરિ લખે છે કે—

**व्रातख्याततपाः कृपाजलनिधिः श्रीकृष्णनामा मुनिः।**
(કુમારપાળ મહાકાવ્ય-પ્રશસ્તિ, શ્લો૦ ૨ જો)

આ રીતે પણ કૃષ્ણ-ઋષિ મહાતપા તો છે જ.

**ધનેશ્વરગચ્છ, આ. ધનેશ્વર:**

આ. ધનેશ્વરસૂરિએ વલભીના બૌદ્ધ રાજા શિલાદિત્યને ઉપદેશ આપી જૈન બનાવ્યો હતો અને ગુપ્ત સં. ૪૭૭ વિ. સં. ૮૫૨માં **શત્રુંજય-માહાત્મ્ય** બનાવ્યું છે. આ આચાર્ય પ્રાચીન ચૈત્રપુરી ગચ્છના છે. મંડોવરના સં. ૯૧૮ના શિલાલેખમાં ધનેશ્વરગચ્છના શ્રાવકોનો ઉલ્લેખ છે. એટલે સ્પષ્ટ થાય છે કે વલભીવંશના ધર્મ-ગુરુ આ. ધનેશ્વરથી ધનેશ્વરગચ્છ શરૂ થયો હશે.

(જૈન સત્યપ્રકાશ ક્ર: ૭૫, પૃ૦ ૧૧૦)

ચૈત્રપુરીગચ્છ પ્રાચીન છે. ભટેવરગચ્છ અને ધનેશ્વરગચ્છ તેની શાખાઓ કે નામાંતરો છે.

રાજગચ્છમાં આ. **ધનેશ્વરસૂરિ** થયા છે. તેમનાથી પણ **ચિત્ર-વાલ ગચ્છ** નીકળ્યો છે પરંતુ તે આચાર્ય, તે ગચ્છ, તેની સાલવારી અને તેની શાખાઓ આનાથી જુદાં છે. ( જુઓ : પૃ. ૫૦૮ )



www.jainsite.com  For Private & Personal Use Only  info@jainsite.com

**મોઢગચ્છ :**

મોઢગચ્છ મોઢેરા તીર્થથી નીકળ્યો છે, તેનું વર્ણન નીચે પ્રમાણે છે:

મોઢેરા ક્યારે વસ્યું, તેનો ઇતિહાસ મળતો નથી, કિન્તુ આ સ્થાન પ્રાચીન કાળથી મહાતીર્થ તરીકે ઓળખાય છે. 'જીવાભિગમસૂત્ર'માં વિજયદેવના જિનાલયનું જે વર્ણન મળે છે તેવી ગોઠવણીવાળું અહીં જિનમંદિર હતું; તેના પાછલા ભાગમાં પબાસન હતું; તેની ઉપર ભગવાન મહાવીરસ્વામી વગેરે ૩ પ્રતિમાઓ વિરાજમાન હતી. તેના આગલા ભાગમાં ચૌમુખી મંડપ અને તેની આગળ જલકુંડ હતો.

ઘણાં જૈન તીર્થો પહાડ ઉપર છે, તેમ કેટલાંએક તીર્થો દરિયા કિનારે કે નદી કિનારે પણ છે. જે જૈન તીર્થમાં કુદરતી જલપ્રવાહો નથી ત્યાં જૈનોએ જલાશયો બનાવી લીધાં છે.

જેમકે શત્રુંજય ઉપર સૂરજકુંડ, ગિરનારપર ભીમકુંડ, આબુ ઉપર વિમલવસતિ પાસેનું લલિતાસર, કુલ્પાકજીમાં આરસની વાવ, પાવાપુરીનું જળમંદિર, ગુણાયાજીનું જલમંદિર, ભાંડકજીનું જલમંદિર, શિખરજી પરનું ઝરણું, ક્ષત્રિયકુંડ પરે ઝરણું, ઇન્દ્રગિરિપાસે શ્રવણબેલગોલ, રાજગૃહીના કુંડો, અને કલકત્તાનાં કાચનાં મંદિરના હોજ તથા ફુવારો વગેરે વગેરે ઉદાહરણો આપી શકાય. આ જ રીતે મોઢેરામાં પણ દેરાસરની સાથે નજીકમાં જ મોટો કુંડ છે. આ કુંડ પણ વિશાળ છે, તેની ચારે બાજુએ મોટી મોટી દેવકુલિકાઓ છે. વળી, અંદર જઈએ તો મથાળે મોટી મોટી દેરીઓ, વચમાં વચમાં મધ્યમ પ્રમાણની દેરીઓ, અને તેની જ પડખે નાની નાની દેરીઓ છે, જેમાં જિનેશ્વરની મૂર્તિઓ માટેનાં વ્યવસ્થિત આસનો છે. સિદ્ધરાજ જયસિંહે આ રચનાથી આકર્ષાઈ ને સહસ્રલિંગ તળાવ બાંધવાના કોડ સેવ્યા હતા, પરંતુ તે અધૂરા જ રહ્યા. રાજા કરણદેવે મોઢેરાથી ૬ માઈલ દૂર કરણસાગર બંધાવ્યું અને રાજમાતા મીનળદેવીએ વીરમગામમાં મીનળ સરોવર બંધાવ્યું, તેની પ્રેરણા આ સ્થાનથી જ મળી છે.

આ મંદિર ક્યારે બન્યું, તેનો ઇતિહાસ મળતો નથી, તેનો નાશ ગુજરાતના રાજા અજયપાળે કરેલ છે, એમ ઐતિહાસિક

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઘટનાઓ પરથી જાણી શકાય છે. મોઢેરા આજે એક નાનકડા ગામ જેવું બની ગયું છે. તેનું આ મંદિર જીર્ણશીર્ણ દશામાં પોતાની પ્રાચીનતા, વિશાળતા, કળા અને વિવિધતા વડે પ્રેક્ષકને આકર્ષે છે. અને પોતાની પ્રાચીન ભવ્યતાનો ખ્યાલ આપી દે છે. મૂળગભારામાં તો ત્રણ જિનપ્રતિમાઓ વિરાજમાન થાય તેવું પદ્માસન છે, ગભારો આબૂ વગેરેનાં મંદિરના ગભારાની જેમ બહુ સાદાઈવાળો છે. તેની કોલી તોડી નાખી હોય એમ લાગે છે. ચૌમુખી મંડપ પ્રાચીન શિલ્પના નમૂનારૂપ છે. તેમાં હંસથર, ગજથર, મનુષ્યથર, અશ્વથર, નાટ્યો, અંગમરોડ, અભિનયો, ભગવાન નેમિનાથની જાનવાળો ઘૂમટ, નાટ્યશાસ્ત્રોક્ત આકૃતિઓ, જીવંત ભાવ રજુ કરતી નર્તકીઓ, વિવિધ કળાદૃશ્યો વગેરે વગેરે છે. પછી બનેલાં જુદા જુદા તીર્થોનાં જિનાલયોએ અહીંથી ઘણું ઉછીનું લીધું હોય, એ સહેજે કલ્પી શકાય તેમ છે.

કુંડમાં નીચે સુધી પગથિયાં છે, વચ્ચે વચ્ચે ચોકમાં દેરીઓ છે, જે તૂટેલી–ફુટેલી અને ખાલી છે, કોઈ કોઈ દેરીઓમાં ખંડિત જિનપ્રતિમાઓ છે, એકાદ અખંડ જિનપ્રતિમા પણ વિરાજે છે.

વડોદરાના ગાયકવાડ સરકારે વિ. સં. ૧૯૯૮ લગભગમાં આ કુંડ સાફ કરાવ્યો હતો, ત્યારે કુંડને તળિયે એક નીચાણવાળા ભાગમાંથી લગભગ ૨૪ જેટલી જિનપ્રતિમાઓ મળી આવી હતી. કોઈ અકસ્માત ઘટનામાં ત્યાં રાખી હશે તેમ લાગે છે. તેને કુંડ સાફ કરાવ્યા પછી ત્યાં ને ત્યાં જ રાખી દેવામાં આવી છે.

ચૌમુખી મંડપ યાને ચતુર્મુખી મંદિરમાં અનેક ગોખલા છે. દરેકમાં બ્રહ્મશાંતિની ઊભી મૂર્તિઓ છે. એક પાર્શ્વયક્ષની મૂર્તિ પણ છે. મંદિરના બહારના ગોખલામાં શાસનદેવ અને શાસનદેવીની મૂર્તિઓ છે. અહીં ચારે બાજુએ જિનપ્રતિમાઓ, જિનાલયના દેવો વગેરે મળે છે, કિન્તુ શિવલિંગ, જલધારી, રામચંદ્રજી, વિષ્ણુ, ગણેશ, હનુમાન, ગૌરી, સીતાજી વગેરે કંઈ મળતું નથી. એટલે નક્કી છે, કે, આ પ્રાચીન જૈન મંદિર છે અને એ જ કારણે મહારાજા અજયપાળે તેને તોડી નાખ્યું છે.

जैन साईट JAINSITE
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જૈન ગ્રંથકારો આ સ્થાનને મહાતીર્થ તરીકે ઓળખાવે છે. આ૦ જિનપ્રભસૂરિએ **મોઢેરપ વીરં** લખી મોઢેરાને ભગવાન મહાવીરનું તીર્થ બતાવ્યું છે. 'પ્રભાવકચરિત્ર'માં ઉલ્લેખ છે કે આ. બપ્પભટ્ટિસૂરિ આ તીર્થથી નિરંતર યાત્રા કરતા હતા. આ સ્થાનથી **મોઢેરાગચ્છ** નીકળ્યો છે, જેમાં આ૦ સિદ્ધસેન, આ૦ બપ્પભટ્ટિ, આ૦ નન્નસૂરિ વગેરે સમર્થ આચાર્યો થયા છે.

મોઢ જ્ઞાતિ પણ મોઢેરાથી નીકળી છે. મોઢ વાણિયા આ૦ બપ્પભટ્ટિ વગેરેના ઉપાસક જૈનો હતા; જેઓએ અનેક જિનપ્રતિમાઓ તથા જૈનાચાર્યોની પ્રતિમાઓ ભરાવેલી છે; જે આજે પાટણ, ઘોઘા, ધંધુકા, વઢવાણ, દીવ, દેલવાડા વગેરે સ્થાનમાં વિરાજમાન છે. ક૦ સ૦ આ૦ હેમચંદ્રસૂરિ, આ૦ 'હરિભદ્રસૂરિના શિષ્ય 'વસંતવિલાસ'ના કર્તા મહાકવિ બાલચંદ્રસૂરિ વગેરે **મોઢજ્ઞાતિ**નાં જ રત્નો છે. તેમજ પાટણમાં આ૦ દેવચંદ્રસૂરિની પ્રતિમા સ્થાપનાર શેઠ આશાક, ધંધુકાના શેઠ નેમિનાગ (મામા), પાટણના ઠ૦ જાહ્લણ વગેરે શ્રાવકો પણ મોઢ જ્ઞાતિના જ છે.

(જૈન સત્યપ્રકાશ ક્ર. ૮, ૯, ૧૨૬.)

જૈન સાઇટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

## આ૦ બપ્પભટ્ટિસૂરિ:

આ. બપ્પભટ્ટિસૂરિ પંજાબના **ડૂંબાઉધી** *ગામમાં જન્મ્યા હતા, તેમના પિતાનું નામ **બપ્પ**, માતાનું નામ **ભટ્ટિ**, અને તેમનું પોતાનું નામ **સુરપાળ** હતું. તેમનો જન્મ વિ. સં. ૮૦૦ ભા શુ. ૩ ની રાતે એટલે **સંવત્સરી મહાપર્વની** આગલી રાતે જ થયો હતો.

બાળક **સુરપાળ** ૬ વર્ષની નાની ઉંમરે માબાપથી રીસાઈ ઘર છોડી મોઢેરા ગયો. ત્યાં તેને મોઢગચ્છના સહાપ્રતાપી આચાર્ય

---

* આ ગામનું 'પ્રભાવકચરિત્ર'માં ડુવાંતધી નામ છે, 'ચતુર્વિંશતિપ્રબંધ'માં ડુંઆઉધી નામ છે. પંજાબમાં એક **ડુલવા** ગામ છે, જે પૂ૦ શ્રીબુટેરાયજી મહારાજની જન્મભૂમિ છે. ડુવાં, ડુલ્વા અને ડુંબનો **અર્થ** 'ઘો' થાય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**સિદ્ધસેન**નો મેળાપ થયો. સૂરિજી તે જ દિવસે મોઢેરાના પ્રભુ મહાવીરની યાત્રા માટે પાડલથી* અહીં પધાર્યા હતા. સૂરિજી જ્યારે દેરાસરને ત્રણ પ્રદક્ષિણા દેતા હતા ત્યારે તેમણે આ બાળકને જોયો, તેનું નામ–ઠામ પણ પૂછી લીધું, અને પ્રભુનાં દર્શન કર્યા પછી તે બાળકને સાથે લઈ સૂરિજી ઉપાશ્રયે પધાર્યા. સૂરિજીએ આજે પરોઢિયે એક સ્વપ્ન જોયું હતું કે, "એક બાળ કેસરી એક ફાળ દઈને દેરાસરના શિખર ઉપર ચઢી ગયો." સૂરિજીએ તે સ્વપ્ન પ્રમાણે આ બાળકને જોઈને નક્કી કર્યું કે, આ સુરપાલ જૈનધર્મનો મહાન પ્રભાવક થશે. આ બાળક તેજસ્વી હતો, છટાથી બોલતો હતો સૂરિજીએ તેને પૂછયું કે, વત્સ ! તું અમારી સાથે રહીશ ? બાળકે તરત જ ઉત્તર આપ્યો કે, હાજી.

પછી આચાર્યશ્રીએ ડુંબાઉધી જઈ આ બાળકની દીક્ષા માટે તેના માબાપ પાસે રજા માગી. માબાપે પ્રથમ તો ના પાડી, પરંતુ અંતે એવી શરતે રજા આપી કે, તમારે આ બાળકનું નામ અમારા બન્નેની યાદીરૂપ "બપ્પભટ્ટિ" રાખવું. પછી આચાર્યશ્રીએ મોઢેરા આવી સં. ૮૦૭ વૈ. શુ. ૩ ને દિવસે સાત વર્ષના સુરપાળને દીક્ષા આપી અને તેના **બપ્પભટ્ટિ** તથા **ભદ્રકીર્તિ** એમ બે નામ રાખ્યાં. તેમને થોડા દિવસમાં જ સરસ્વતી પ્રત્યક્ષ થઈ હતી. જો કે તે નગ્ન સ્વરૂપે હાજર થઈ હતી અને બાલમુનિનું નૈષ્ઠિક બ્રહ્મચર્ય જોઈ પ્રસન્ન થઈ હતી.

બપ્પભટ્ટિ મુનિ તેજબુદ્ધિવાળા હતા. એક વાર વાંચવાથી કે સાંભળવાથી તેમને કઠિનમાં કઠિન શ્લોક પણ યાદ રહી જતો હતો. તેઓ હમેશા એક હજાર શ્લોક કંઠસ્થ કરતા હતા.

એકવાર બાલ મુનિજી ગામ બહાર સ્થંડિલ ગયા હતા, પાછા વળતાં વરસાદ થયો એટલે તે એક દેવળમાં જઈ ઊભા. ત્યાં તેમને

---

* શંખેશ્વર તીર્થથી પૂર્વમાં ૪ માઈલ પર **પાડલા** ગામ છે. તે પંચાસરથી સીધા મુંજપર જનારને રસ્તામાં આવે છે. તેનું પ્રાચીન નામ **પાડલ** તથા પાડલિપુર હતું. ચૌદમી સદીના ઉ૦ વિનયપ્રભ 'તીર્થસ્તુતિ' ગા. ૯ માં શંખેશ્વર પાસે પાડલમાં ભ૦ નેમિનાથને નમસ્કાર કરે છે.

www.jainsite.com　For Private & Personal Use Only　info@jainsite.com

એક રાજકુમારનો મેળાપ થયો. રાજકુમારે મંદિરમાંનો એક શિલા-લેખ વાંચી બપ્પભટ્ટિજીને તેનો અર્થ કરવા સૂચવ્યું. અર્થ સાંભળી તે ખુશ થયો. પછી તો વરસાદ બંધ પડ્યો અને તે બન્ને ઉપાશ્રયે આવ્યા. આચાર્યશ્રીએ રાજકુમારનું નામ પૂછયું, તેણે જમીન ઉપર ખડીથી પોતાનું નામ લખ્યું **આમ.** તેણે પોતાનો વધુ પરિચય આપ્યો કે, હું કનોજના રાજા યશોવર્માનો પુત્ર છું. આચાર્યશ્રીએ આ રાજકુમારને છ મહિનાનો હતો ત્યારે પણ જોયો હતો અને આ બાળક ભવિષ્યમાં એક મહાન રાજા થશે એવો યોગ જોયો હતો. આ વાત સ્મરણપટમાં આવતાં જ તે રાજકુમારને પણ પોતાની પાસે રાખ્યો. બપ્પભટ્ટિ અને આમ એ બન્ને સાથે અભ્યાસ કરતા હતા. એવામાં યશોવર્મા માંદો પડ્યો એટલે આમકુમાર કનોજ ગયો અને યશોવર્મા પછી ત્યાંનો **રાજા** (યુવરાજ ?)થયો. પછી તો તેણે બપ્પભટ્ટિ મુનિને પણ પોતાની પાસે બોલાવી લીધા અને તેમની પાસેથી ઉપદેશ સાંભળ્યો, જૈનધર્મનું જ્ઞાન પણ પ્રાપ્ત કર્યું.

આ૦ સિદ્ધસેનસૂરિએ આમરાજાના આગ્રહથી વિ. સં. ૮૧૧માં ચૈત્ર વદિ ૮ ના દિવસે ૧૧ વર્ષના મુનિ બપ્પભટ્ટિને આચાર્યપદ આપ્યું. અને ત્યારથી તેઓ આ૦ બપ્પભટ્ટિસૂરિ તરીકે પ્રસિદ્ધિ પામ્યા. તેમણે ત્યારથી જ ચારિત્રની રક્ષા માટે ભક્તની ૬ વિગઈનો ત્યાગ કર્યો હતો.

આ૦ બપ્પભટ્ટિજી આમરાજાની વિનતિથી ફરી વાર કનોજ પધાર્યા. રાજાએ તેમનો સત્કાર કર્યો–બહુમાન કર્યું અને બેસવા માટે આચાર્યને શોભે તેવું રાજસિંહાસન આપ્યું. કનોજનો જૈનસંઘ આ જોઈ ઘણો જ ખુશી થયો.

આમરાજા પણ ઉપદેશ સાંભળી જૈનધર્મનો રાગી બન્યો. તેણે **કનોજ**માં ૧૦૧ હાથ ઊંચુ જિનાલય બનાવી વિ. સં. ૮૨૬ લગભગ-માં તેમાં ૯ રતલ સોનાની ભગવાન મહાવીરસ્વામીની પ્રતિમાની **પ્રતિષ્ઠા** આ૦ બપ્પભટ્ટિસૂરિના હાથે કરાવી. તેમજ **ગ્વાલિયર**ના કિલ્લામાં દહેલી તથા કિલ્લાવાળું ૨૩ હાથ ઊંચું જિનાલય બનાવી તેમાં ભ૦ મહાવીરસ્વામીની લેપ્યમય પ્રતિમાની પ્રતિષ્ઠા કરાવી.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

એકવાર બ્રાહ્મણોએ રાજાને કહ્યું કે, સૂરિજીને આ રીતે બહુ માન આપો છો તે ઉચિત નથી એમ વારંવાર કકળાટ કરવાથી રાજાએ સૂરિજીનું સિંહાસન બદલી નાખ્યું પરંતુ આચાર્યશ્રીએ તરત જ સમય પારખી રાજાને કાચા કાનના થવું નહીં અને અભિમાન કરવું નહીં એવો ઉપદેશ આપી તેનો ભ્રમ ટાળી દીધો ત્યારે રાજા પણ તેમને પહેલાંની જેમ બહુ માન આપવા લાગ્યો.

બાલ આચાર્ય સમસ્યા પૂરવામાં અદ્ભુત શક્તિવાળા હતા, તેઓ એવો ઉત્તર આપતા કે સમસ્યા પૂછનારને સર્વતોમુખી વાસ્તવિક વસ્તુ મળી રહે. પરંતુ એકવાર એ સાચા ઉત્તરનું અવળું પરિણામ આવ્યું. રાજાએ આચાર્યશ્રીને એવી ગાથા કહી કે જેના ઉત્તરમાં રાણીનું ખાનગી જીવન સંકળાયેલું હતું. આચાર્યશ્રીએ સાફ સાફ તેવો જ ઉત્તર વાળ્યો અને તેને સાંભળી રાજાનું દિલ કુશંકાથી ઘવાઈ ગયું. આચાર્યશ્રી તરત જ એ વાતને પામી ગયા, તેમણે ઉપાશ્રયે આવી પોતાના મુનિમંડલ સાથે ત્યાંથી વિહાર કર્યો, અને જતાં જતાં કમાડ ઉપર એક શ્લોક લખતા ગયા. તેનો સાર આ પ્રમાણે હતો:

જૈન સાઈટ JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્

'હે રોહણાચલ ! તારું કલ્યાણ થાઓ, અમે જઈએ છીએ. તું એમ સ્વપ્ને પણ ન વિચારતો કે, આ મારાથી અલગ થયા એટલે હવે તેની શી વલે થશે ? હે શ્રીમાન, અમે તારા મણિઓ છીએ, યદિ અમે તારા સહચારથી કીર્તિ મેળવી છે, તો નક્કી જ છે કે, શોખીન રાજાઓ અમને પોતાને માથે ધારણ કરવાના છે.'

આચાર્યશ્રી વિહાર કરી ગૌડદેશના **લક્ષણાવતી** નગરમાં પધાર્યા. ત્યાંના પંડિત વાક્પતિરાજે તેમને ઓળખ્યા, અને તેની પ્રેરણાથી ત્યાંના રાજા ધર્મરાજે આચાર્યશ્રીને બહુમાન પૂર્વક નગર-પ્રવેશ કરાવ્યો. રાજાએ આચાર્યશ્રીને વિનતિ કરી કે—'આપે હવે અહીં જ વિરાજવું. કદાચ કનોજનો આમરાજા જાતે આવીને આપને ત્યાં પધારવા વિનતિ કરે તો ખુશીથી ત્યાં જવું. સિવાય આપે અહીં જ રહેવું.' આચાર્યશ્રીએ પણ એ વિનતિનો સ્વીકાર કર્યો.

www.jainsite.com　For Private & Personal Use Only　info@jainsite.com

આમરાજાએ આચાર્યશ્રીની તપાસ કરાવી પણ તેઓ કંઈ પત્તો લાગ્યો નહીં. કનોજની રાજસભામાં આચાર્ય જેવો સમસ્યા પૂરનાર કોઈ પંડિત હતો જ નહીં. રાજાને ગુરુવિરહ સાલવા લાગ્યો. એવામાં તેને ખબર મળ્યા કે આચાર્યશ્રી લક્ષણાવતી પધાર્યા છે અને ધર્મ-રાજ તેને બહુ માને છે. આથી આમરાજાએ તેમને બોલાવવા પોતાના મંત્રીઓ મોકલ્યા અને પોતાના ગયા સિવાય આચાર્ય અહીં નહીં આવે એવી જાણ થતાં પોતે પણ લક્ષણાવતી જઈ પહોંચ્યો અને સૂરિજીને રાતે જ મળ્યો.

બીજે દિવસે સવારે આ૦ બપ્પભટ્ટિસૂરિ રાજસભામાં પધાર્યા, અને આમરાજા પણ મંત્રીઓ સાથે સ્થગીધરના વેશે ધર્મરાજાની સભામાં ગયો. આચાર્યશ્રીએ તેને **આમ આવો** કહી ઉચિત આસને બેસાર્યો. તેના મંત્રી વગેરેએ ધર્મરાજાના ગુપ્ત પ્રશ્નોના ઉત્તરોમાં સાફ સાફ જણાવી દીધું કે, અમારો રાજા અને આ સ્થગીધરને તમે એક જ સમજી લો, આ ‘ બીજરાજ ’ ( બીજોરું ) કહેવાય, આ ‘ તૂઅરિ ’ કહેવાય વગેરે વગેરે. પછી રાજાએ કનોજ પધારવા વિનતિ કરી અને આચાર્યશ્રીએ તેને એક ગાથાથી ઉત્તર આપ્યો, જે ગાથાના ૧૦૦ અર્થો થતા હતા.

આચાર્યશ્રીએ બીજે દિવસે ધર્મરાજાને કહ્યું કે, આમરાજા અહીં આવીને વિનતિ કરી ગયો છે માટે હવે અમે વિહાર કરી કનોજ જઈશું. ત્યારે ધર્મરાજાએ પણ સાચી વાત જાણીને આચાર્યશ્રીને વિહાર કરવાની રજા આપી.

ત્યાર બાદ ગુરુદેવ સિદ્ધસેનસૂરિએ આ૦ બપ્પભટ્ટિને મોઢેરા બોલાવ્યા, અને તેમને ગચ્છનો ભાર સોંપ્યો. તેમના હાથે અંતિમ આરાધના સ્વીકારી અનશન કર્યું અને દેવલોકમાં પ્રયાણ કર્યું

આ૦ બપ્પભટ્ટિસૂરિજી પણ પોતાના વડિલ ગુરુભાઈ એ આ૦ **ગોવિંદસૂરિ** અને આ૦ **નન્નસૂરિ**ને ગચ્છ સોંપી આમરાજાની વિનતિ આવવાથી કનોજ પધાર્યા.

આચાર્યશ્રી ૭૨ કળાના જાણકાર હતા. ૯ રસોના તલસ્પર્શી

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વ્યાખ્યાનકાર હતા. એકવાર આમરાજાને તેમના બ્રહ્મચર્યની કસોટી કરવાનું મન થયું. તેણે એક રાતે એક રૂપસુંદરીને મોહિનીનો પાઠ પઢાવીને આચાર્યશ્રી પાસે મોકલી, સૂરિજી સૂતા કે તેણીએ પ્રથમ તેમની પગચંપી શરૂ કરી, સૂરિજી વસ્તુને તુરત જ સમજી ગયા અને બેઠા થઈ બોલ્યા કે, માતાજી કાંઈ ભૂલાં પડયાં લાગો છો ! હું નાનો હતો ત્યારે મારી માતા રોજ મને પંપાળીને પરાણે સુવાડતી હતી, એ મને આજે યાદ આવે છે. રૂપસુંદરી એમ ગાંજી જાય તેવી ન હતી. એકાંત હતું, શાંત રાત્રિ હતી. તેણીએ મોહક વાણીમાં સંભળાવ્યું કે, હું માતા નથી મને રાજાએ તમારી પ્રાણપ્રિયા બનવા માટે મોકલી છે. મને પણ તમારી પ્રત્યે ખૂબ જ રાગ છે, તો મારો સ્વીકાર કરો. આમ કહી તેણીએ કામદેવના સર્વ શસ્ત્ર-અસ્ત્ર છોડયાં પરંતુ આ સૂરિવર તો મેરુની જેમ અડગ હતા. તે સ્મિત કરી બોલ્યા કે, બહેન ! તારી મહેનત નિષ્ફળ જવાની છે. માખણના પિંડ જેવા હોય એ પીગળે પણ અમે તો પથ્થર જેવા છીએ માટે હવે તું વધુ મહેનત કરીશ નહિ.

રૂપસુંદરીએ સવારે રાજા પાસે જઈ રાતની વાત કહી સંભળાવી અને આચાર્યદેવની ખૂબ પ્રશંસા કરી. આમરાજાએ પણ ખુશી થઈ આચાર્યદેવને 'બાલબ્રહ્મચારી' અને 'ગજવર' એવા બિરૂદોથી નવાજ્યા અને આચાર્યવર પણ આ આકરી કસોટીમાં શુદ્ધ સોનાની જેમ ઓળખાયા અને વિશેષ પ્રાભાવિક બન્યા.

પછી તો આમરાજાએ તેમના ગુરુભાઈ આ૦ નન્નસૂરિ અને આ૦ ગોવિંદસૂરિનો પરિચય આપ્યો. તેમાં તેઓએ રૂપકદ્વારા ઉપદેશ આપી રાજાની ઘણી ભ્રમણાઓ ટાળી હતી અને સાચું સ્વરૂપ સમજાવ્યું હતું. આ બન્ને આચાર્યો પણ સર્વ વિદ્યામાં નિષ્ણાત હતા અને આમરાજા તેઓને પણ ગુરુ તરીકે માનતો હતો.

એકવાર ગૌડપતિ ધર્મરાજે કનોજના આમરાજાને જણાવ્યું કે, આપણા બન્ને વચ્ચે યુદ્ધ થયું નથી તો મારી ઈચ્છા છે કે, આપણા પંડિતો શાસ્ત્રાર્થ કરે અને તેમાં જેનો પંડિત જીતે તેનો

૬૭

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

રાજા જીત્યો મનાય. આમરાજે પણ આ શરત કબૂલ કરી. પછી તો ધર્મરાજ તરફથી ગેરુવસ્ત્રવાળા બૌદ્ધવાદી **વર્ધનકુંજર** અને આમરાજા તરફથી આ૦ બપ્પભટ્ટિસૂરિ વચ્ચે શાસ્ત્રાર્થ થયો, તેમાં આ બપ્પભટ્ટિસૂરિ જીત્યા અને પછી આચાર્યે બન્ને રાજાઓને મેળવી બન્નેને પરસ્પર મિત્રો બનાવ્યા. પછી તો વાદી વર્ધનકુંજર પણ જૈનધર્મનો ઉપાસક બન્યો હતો.

એક વાર યશોવર્માએ લક્ષણાવતી પર હલ્લો કરી ધર્મરાજાને મારી નાખ્યો અને પંડિત વાક્‌પતિરાજને કેદમાં પૂર્યો. પંડિતજીએ **ગૌડવહો** કાવ્ય બનાવી યશોવર્માને ખુશ કરી મુક્તિ મેળવી, અને કનોજમાં આવી વસવાટ કર્યો. તે અહીં આચાર્ય તથા રાજાની પ્રશંસા કરતો હતો. તેણે અહીં આવી 'ગાડબંધ' તથા 'મદ્રમહીવિજય' ગ્રંથો બનાવ્યા. રાજાએ પ્રસન્ન થઈ તેને લાખ સુવર્ણ ટંકાનો ગરાસ બાંધી આપ્યો. હવે આજીવિકાની ચિંતા ન રહેવાથી વાક્‌પતિરાજે પણ મથુરામાં જઈ વરાહ મંદિરમાં કૃષ્ણનું ધ્યાન શરૂ કર્યું.

JAINSITE.com જનમ્ જયતિ શાસનમ્

એકવાર આમરાજા એક રૂપાળી નટ કન્યા ઉપર મોહિત થયો અને તેને મળવા તૈયાર થયો. આચાર્યશ્રીને આ વાતની જાણ થવાથી તેમણે અન્યોક્તિદ્વારા ઉપદેશ આપી તેને સ્થિર કર્યો. તેના મનને શાંત કર્યું. રાજાએ પણ પોતાની માનસિક ભૂલ માટે ઘણો જ પસ્તાવો કર્યો અને અગ્નિમાં પડી બળી મરવાનું નક્કી કર્યું. આચાર્યશ્રીએ ત્યાંથી પણ તેને બચાવી લીધો અને યોગ્ય પ્રાયશ્ચિત્તથી શુદ્ધ કર્યો. વાક્‌પતિરાજના મથુરા ગયા પછી આ ઘટના બની હતી.

એકવાર આ૦ બપ્પભટ્ટિસૂરિએ આમરાજાને કલ્યાણનો ઉપદેશ આપ્યો અને પ્રસંગ પામી જૈનધર્મ સ્વીકારવા માટે સૂચવ્યું. આમરાજાએ વિનતિ કરી કે, ગુરુજી! મને જૈનધર્મ પ્રત્યે અત્યંત અનુરાગ છે પરંતુ હું શૈવધર્મનો ત્યાગ નહીં કરું; છતાંય એ ચોક્કસ છે કે, તમો વાક્‌પતિરાજને જૈન બનાવો તો હું પણ જૈન બનીશ.

આચાર્ય વિહાર કરી મથુરા પધાર્યા, ત્યાં તેમણે વાક્‌પતિરાજને

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સાચાદેવ, સાચાગુરુ ને સાચાધર્મતત્ત્વનો ઉપદેશ આપ્યો. વાક્‌પતિરાજે પણ, લાંબો વિચાર કરી સમજપૂર્વક જૈનધર્મ સ્વીકાર્યો. વરાહના મંદિરમાંથી નીકળી ભ૦ પાર્શ્વનાથના સ્તૂપવાળા દેરાસરમાં જઈ અનશન કર્યું, નવકાર મંત્રનો જાપ શરૂ કર્યો અને ૧૮ દિવસે મરણ પામી દેવલોક પ્રાપ્ત કર્યો.

આચાર્યશ્રી ત્યાંથી ગોકુળ પધાર્યા. ત્યાં જિનાલયમાં શાંતિદેવીની ચમત્કારી પ્રતિમા હતી. આચાર્યશ્રીએ શાંતિદેવી સહિત શાંતિનાથનું **जयति जगदूरक्षाकर** સ્તવન બનાવ્યું.

ત્યારબાદ આચાર્ય મહારાજ કનોજ પધાર્યા, આમરાજાએ પોતાના અમલદારોના મુખથી સર્વ વૃત્તાંત જાણ્યો પણ તે જૈન બન્યો નહીં. જૈનધર્મ પ્રત્યે વિશેષ રાગી બન્યો.

એક વાર એક ચિત્રકારે રાજાનું ચિત્ર બનાવી રાજાને બતાવ્યું, પણ રાજાએ તે તરફ ધ્યાન આપ્યું નહીં અને ઈનામ પણ આપ્યું નહીં એટલે તેણે જિનપ્રતિમાનું ચિત્ર બનાવી આચાર્યને આપ્યું. આચાર્યે તેની કળાની પ્રશંસા કરી, જે સાંભળી રાજાએ તેને ૧ લાખ ટકા આપ્યા. હવે ચિત્રકારે ખુશી થઈ ભગવાન મહાવીરસ્વામીનાં બીજાં ૪ ચિત્રો તૈયાર કર્યાં અને આચાર્યમહારાજે તે ચિત્રોને અનુક્રમે કનોજ, મથુરા, અણહિલપુર અને સતારકપુરમાં વિધિપૂર્વક સ્થાપિત કર્યાં. પાટણના મોઢગચ્છના ચૈત્યમાં જે પટસ્થાપ્યો હતો તે મુસલમાનોએ પાટણ ભાંગ્યું ત્યાં સુધી વિદ્યમાન હતો.

આ અરસામાં દિગમ્બરો જુનાગઢના રા'ખેંગારને પોતાનો કરી ગિરનાર તીર્થને દબાવી બેઠા હતા, એવામાં **ગોંડલના ધારશીશાહે** ગિરનારતીર્થનો **સંઘ** કાઢ્યો. તેને ૭ પુત્રો હતા, ૭૦૦ સુભટો હતા, ૧૩૦૦ ગાડાં હતાં, અને ૧૩૦૦૦૦૦૦ સોનામહોરોની રોકડ મિલકત હતી. તે આ સામગ્રી સાથે શત્રુંજયતીર્થની યાત્રા કરી **ગિરનાર** ગયો, રા'ખેંગારે તેને યાત્રા કરતાં રોક્યો, પરિણામે યુદ્ધ થયું અને તેમાં ધારશીશાહના ૭ પુત્રો તથા ૭૦૦ સુભટો માર્યા ગયા. ધારશીશાહે ગ્વાલિયર જઈ આ૦ બપ્પભટ્ટિસૂરિના વ્યાખ્યાનમાં

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ધા નાખી. આચાર્યશ્રીએ પ્રસંગોપાત્ત ગિરનાર તીર્થનું માહાત્મ્ય વર્ણવ્યું અને આમરાજાએ ગિરનારની યાત્રા કરવાનો નિર્ણય કર્યો.

બીજી તરફ આમરાજાને રાજગિરિનો કિલ્લો જીત્યા પછી પોતાનું આયુષ્ય હવે ઓછું છે એવી જાણ થઈ હતી, એટલે તેને તીર્થ-યાત્રા કરવાનું મન થયું. તેણે તીર્થયાત્રાનો સંઘ કાઢ્યો, આ૦ બપ્પભટ્ટિસૂરિ વગેરે સાથે જ હતા. તેણે શત્રુંજય તીર્થ પર ભગવાન આદિનાથની, ગિરનાર પર ભ૦ નેમિનાથની, દામોદરમાં હરિની, માધેપુરમાં હરિની, શંખોદ્ધારમાં બેટ-દ્વારકામાં હરિની અને પ્રભાસ-પાટણમાં સોમનાથની યાત્રા કરી, દર્શન કર્યાં—પૂજા કરી.

પરંતુ આમ રાજાનો સંઘ ગિરનાર ગયો ત્યારે દિગમ્બર તરફના ૧૧ રાજાઓ મોટા સૈન્ય સાથે તળેટીમાં આવી પડ્યા હતા, ઘણા દિગંબર આચાર્યો અને શ્રાવકો પણ તેની સાથે હતા. તેઓ દિગમ્બર સિવાયનાને ઉપર યાત્રાએ જવા દેતા ન હતા. તેઓએ આ સંઘને પણ રોક્યો, તરત જ આ મહારાજાએ તેઓને યુદ્ધ કરવા માટે બોલાવ્યા. યુદ્ધની તૈયારી થવા લાગી, પરંતુ આ૦ બપ્પભટ્ટિસૂરિએ તે દરેકને શાંત પાડ્યા અને જણાવ્યું કે—આ ધર્મકાર્યમાં મનુષ્યોનો સંહાર ન શોભે. અમે **આચાર્યો એક થઈને આનો નિર્ણય લાવીશું.** પ્રથમ તો શ્વેતામ્બર આચાર્ય અને દિગમ્બર આચાર્યોનો શાસ્ત્રાર્થ થયો તેમાં દિગમ્બરો હાર્યા. છેવટે 'અંબિકા દેવી મારફત આ તીર્થનો નિર્ણય કરવો' એમ નક્કી થયું. દિગમ્બર આચાર્યોએ એક શ્વેતામ્બર કન્યામાં અંબિકા દેવીને ઉતારવા માટે ત્રણ દિવસ સુધી મંત્રપ્રયોગ કર્યો પણ તે બિલકુલ નિષ્ફળ ગયો, પછી આ૦ બપ્પભટ્ટિસૂરિએ પોતાનો એક હાથ એક દિગમ્બર કન્યાના માથા ઉપર ધર્યો કે તરત જ અંબિકા-દેવી તેમાં ઊતરી આવી અને એ કન્યા સ્પષ્ટ રીતે **सिद्धाणं बुद्धाणं** સૂત્રની **उज्जिंतसेलसिहरे॰** એ ત્રીજી ગાથા બોલવા લાગી. આ જ સમયે ત્યાં સર્વત્ર 'શ્વેતામ્બરોનો જય' એવો ધ્વનિ ગાજી ઊઠ્યો. દિગમ્બરો ત્યાંથી ચાલ્યા ગયા, અને ગિરનાર તીર્થ પહેલાંની જેમ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ફરીવાર શ્વેતામ્બર તીર્થ બન્યું અને આ૦ બપ્પભટ્ટિસૂરિ તથા આમરાજા બીજાં તીર્થોની યાત્રા કરી કનોજ પધાર્યા.

આમરાજા યાત્રા કરવા જતાં સં. ૮૯૦ ભા. શુ. ૫ ને દિવસે મગટોડા ગામમાં મરણ પામ્યો. તેના પછી તેનો પુત્ર દુંદુક કનોજનો રાજા બન્યો, પણ તે વેશ્યાગામી હોવાથી થોડાં વર્ષોમાં જ નાશ પામ્યો, તેની પછી તેનો પુત્ર **ભોજ** રાજા થયો, તે આ૦ બપ્પભટ્ટિ અને આ૦ ગોવિંદસૂરિને ગુરુ તરીકે માનતો હતો, તેણે જૈનધર્મ સ્વીકારી જૈનધર્મની વિશેષ પ્રભાવના કરી હતી.

આ૦ બપ્પભટ્ટિસૂરિ ૯૫ વર્ષની ઉંમરે અનશન કરી સં. ૮૯૫ ભા. શુ. ૮ ને દિવસે પટણામાં મૃત્યુ પામી બીજા દેવલોકમાં દેવપણે ઉત્પન્ન થયા. રાજા ભોજે બહુમાનપૂર્વક તેમનો અગ્નિસંસ્કાર કર્યો. ત્યારપછી રાજા ભોજે કનોજમાં તેમના શિષ્યોને વ્યવહારશૂન્ય સમજી તેમની પાટે તેમના ગુરુભાઈ આ૦ ગોવિંદસૂરિને સ્થાપ્યા.

जैन साइट JAINSITE .com जिनम् जयति शासनम्

આ૦ બપ્પભટ્ટિસૂરિનું બીજું નામ આ૦ ભદ્રકીર્તિ હતું, અને તેમને બ્રહ્મચારી, ગજવર, વાદિકુંજરકેસરી, રાજપૂજિત વગેરે બિરૂદો હતાં.

તેમણે કનોજ મથુરા ગુજરાત પાટણ અને સતારકમાં ભ૦ મહાવીરનાં ૪ ભવ્યચિત્રોની સ્થાપના કરી હતી. કનોજ, મથુરા, ગુજરાત, પાટણ, સતારક, મોઢેરા અને ગ્વાલિયરમાં જિનપ્રતિષ્ઠાઓ કરી હતી. ગિરનારતીર્થને દિગમ્બરોના હાથમાંથી છોડાવ્યું હતું. આ જ સમયે ભારતવર્ષનાં દરેક પ્રાચીન જૈનતીર્થો શ્વેતામ્બર સંઘને આધીન હતાં, જે આજ સુધી શ્વેતામ્બર જૈનોના તાબામાં છે. દિગમ્બરોએ ત્યારથી દક્ષિણ ભારતમાં પોતાનાં નવાં તીર્થો વસાવ્યાં છે. આજ સુધી જિનપ્રતિમાઓમાં દિગમ્બર કે શ્વેતામ્બરનો ભેદ ન હતો, ગિરનારતીર્થની ઉક્ત ઘટના બન્યા પછી દિગમ્બર અને શ્વેતામ્બરોમાં પ્રતિમાભેદ પડયો છે. ( જુઓ : પૃ૦ ૩૨૫ )

આચાર્યશ્રીએ સાહિત્યનિર્માણમાં પણ સારો ફાળો આપ્યો છે. તેમણે બાવન **પ્રબંધો** બનાવ્યા છે. તેમણે **તારાગણ** ગ્રંથ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

બનાવ્યો હતો, જેનો ઉલ્લેખ મહાકવિ ધનપાળની 'તિલકમંજરી'માં મળે છે. તેમનાં 'ચતુર્વિંશતિજિનસ્તુતિ' અને 'સરસ્વતી સ્તોત્ર' આજે ઉપલબ્ધ છે, બીજા પ્રબંધો મળતા નથી.

**આ૦ ગોવિંદસૂરિ, આ૦ નન્નસૂરિ**

તેઓ આ૦ બપ્પભટ્ટિસૂરિના ગુરુભાઈઓ હતા, વિદ્વાન અને પ્રભાવશાળી હતા.

વિ. સં. ૮૪૫ માં ગ્રંથભંડારો સ્થાપવા બાબતનો વિચાર કરવા શ્રમણસમિતિ મળી હતી. તેમાં તેઓ હાજર હતા અને સંભવ છે કે, મોઢેરામાં જૈન ગ્રંથભંડાર સ્થાપ્યો હશે. આ આચાર્યોએ રૂપક તથા નાટકદ્વારા બોધ આપી આમરાજાની કેટલીએક ભ્રમણાઓ ટાળી હતી. ગ્વાલિયરનો રાજા મિહિર ભોજ તેઓને ગુરુ તરીકે માનતો હતો. આ૦ નન્નસૂરિએ ભ૦ આદિનાથના જીવનપ્રસંગો ઘટાવીને સંધિબંધ નાટક રચ્યું હતું, જે આજે મળતું નથી.

આ આચાર્યો ચૈત્યવાસી હશે, એમ સંભવે છે.

JAINSITE .com जैन साइट जैनम् जयति शासनम्

**રાજા શિવમૃગેશ**

દોલતાબાદનું તળાવ ખોદતાં તેમાંથી કદંબવંશના રાજા શિવમૃગેશનું વિ. સં. ૮૭૦ લગભગનું તામ્રપત્ર મળી આવ્યું છે. તેમાં લખ્યું છે કે—

રાજા શિવમૃગેશે જૈનસંઘને કાલવંગ ગામ આપ્યું છે. તેની ઉપજ ૧. જિનાલય, ૨. શ્વેતાંબર મહાસંઘ અને ૩. દિગમ્બર મહાશ્રમણ સંઘ; એ ત્રણ વિભાગોમાં વાપરવી વગેરે.........

આથી નક્કી છે કે, શિવમૃગેશ તે જૈન રાજા હતો.

(રોયલ એશિયાટિક સોસાયટી મુંબઈ બ્રાંચ, જર્નલ ૩૨ (૩૪) માં છપાયેલ દાનપત્ર : જૈન સત્ય પ્રકાશ ક્ર. ૭૫–૮૦)

**મૌર્ય–પડિહાર–પ્રતિહાર–રાજાવલી**

મૌર્ય વંશમાંથી પ્રતિહાર વંશ નીકળ્યો છે. તે પ્રતિહાર વંશ વિક્રમની આઠમી સદીથી ભિન્નમાલ અને કનોજની ગાદીએ આવ્યો

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

છે. તેમાં ઘણા રાજાઓ જૈનધર્મી કે જૈનધર્મપ્રેમી થયા છે, તેની **રાજાવલી** નીચે મુજબ છે.

૧. **નાગાવલોક** કે **નાગભટ્ટ**—તે ભિન્નમાલનો રાજા હતો. તેણે વિ. સં. ૮૧૩ લગભગમાં પાટણ, ભરૂચ લાટ અને માળવા સુધી પોતાની આણા વર્તાવી હતી.

(ગુજરાતના ઐતિહાસિક લેખો: ભા. ૩, નં. ૨૩૩ અ.)

૨. **કકુત્સ્થ**—તે નાગાવલોકનો ભત્રીજો હતો તેનાં કક્કુક અને કાકુત્સ્થ નામો પણ મળે છે.

૩. **દેવરાજ**—તે કકુત્સ્થનો નાનો ભાઈ હતો, તે પરમ-ભાગવત હતો.

૪. **વત્સરાજ**—આ રાજા બહુ પરાક્રમી હતો. તેના સમયમાં શાકે ૬૯૯ માં જાલોરમાં હારિલ વંશના આ૦ **ઉદ્દ્યોતનસૂરિએ** 'કુવલયમાલા ચમ્પૂ'ની રચના કરી છે. તેમજ દિગમ્બરાચાર્ય **જિનસેને** શક સંવત ૭૦૫ માં 'હરિવંશપુરાણ' બનાવ્યું છે. તેમાં તેઓ જણાવે છે કે, આજે ઉત્તર દિશામાં ઇન્દ્રાયુધનું રાજ્ય છે. પૂર્વમાં માલવરાજનું રાજ્ય છે, દક્ષિણમાં કૃષ્ણના પુત્ર કલિવલ્લભ યાને ધ્રુવનું રાજ્ય છે* અને પશ્ચિમમાં વત્સરાજનું રાજ્ય છે. આ સમયે 'હરિ-વંશ પુરાણ' બનાવ્યું છે. એટલે કે આ દરેક સમકાલીન રાજાઓ

* દક્ષિણના રાષ્ટ્રકૂટ વંશમાં અનુક્રમે ૧. પહેલો દંતીવર્મા, ૨. પહેલો ઇન્દ્રરાજ, ૩. પહેલો ગોવિંદ, ૪. પહેલો કર્ક, ૫. બીજો ઇન્દ્ર, ૬. બીજો દન્તીદુર્ગ, ૭. કૃષ્ણ, ૮. બીજો ગોવિંદ, ૯. ધ્રુવ (વિ. સં. ૮૩૬ થી ૮૫૦), ૧૦. ત્રીજો ગોવિંદ (૮૫૦ થી ૮૭૦), ૧૧. પહેલો અમોઘવર્ષ, ૧૨. બીજો કૃષ્ણ, ૧૩. ત્રીજો ઇન્દ્ર, ૧૪. બીજો અમોઘવર્ષ, ૧૫. ચોથો ગોવિંદ, ૧૬. ત્રીજો અમોઘવર્ષ, ૧૭. ત્રીજો કૃષ્ણ, ૧૮. ખોટીગ, ૧૯. બીજો કર્ક, (વિ. સં. ૧૦૩૦) રાજાઓ થયા છે.

૧૦ ત્રીજા ગોવિંદના નાના ભાઈ ઇંદ્રે લાટમાં રાષ્ટ્રકૂટ રાજ્ય સ્થાપ્યું. તેમાં અનુક્રમે ૧૧ ઇંદ્ર, ૧૨ કર્ક, ૧૩ ગોવિંદ, ૧૪ ધ્રુવ, ૧૫ અકાલવર્ષ, ૧૬ ધ્રુવ, ૧૭ દંતીવર્મા, ૧૮ કૃષ્ણ રાજાઓ થયા. આમાં કેટલાએક રાજાઓ જૈનધર્મપ્રેમી હતા.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

છે. વત્સરાજ વિ. સં. ૮૪૦ માં ભિન્નમાલ તથા ગુજરાતનો રાજા હતો.

૫. **યશોવર્મા**—તેના સમયે પ્રતિહાર વંશના હાથમાંથી ગુજરાત છૂટી ગયું હતું, એટલે તેણે **કનોજ** જઈ ત્યાંના રાજા ચક્રાયુધને મારી કનોજમાં જ કાયમને માટે પોતાની ગાદી સ્થાપી. આ ઘટના વિ. સં. ૮૬૦ ની આસપાસમાં બનેલ છે.

રાષ્ટ્રકુટ વંશના રાજા ધ્રુવે વિ. સં. ૮૫૦ લગભગમાં યશોવર્માને હરાવી લાટ ઉપર પોતાની સત્તા જમાવી હતી.

ત્રીજા **ગોવિંદે** પણ વિ. સં. ૮૬૦ લગભગમાં યશોવર્માને ભગાડી ગુજરાતમાં પોતાની સત્તાને ખૂબ મજબૂત કરી હતી અને પોતાના નાનાભાઈ ઇંદ્રને ગુજરાતનો રાજા બનાવ્યો હતો.

માનવું જોઈએ કે આ પરિસ્થિતિમાં યશોવર્માએ ગુજરાતની મમતા છોડી કનોજ પર ચઢાઈ કરી હશે અને ત્યાંના રાજાને હરાવી ત્યાં પોતાની ગાદી સ્થાપી હશે. અસ્તુ....

૬. **બીજો નાગાવલોક**—જેનાં બીજાં નામો નાગભટ્ટ અને આમ રાજા છે આ૦ પ્રભાચંદ્રસૂરિ લખે છે કે, આ રાજાએ માંજરા સાપનું મુખ દબાવી તેમાંથી મણિ લઈ લીધો હતો તેથી તેનું નામ નાગાવલોક પડ્યું છે.

યશોવર્મા રાજાએ બીજી રાણીની ખટપટથી એક સગર્ભા રાણીને કાઢી મૂકી હતી. તે રાણીએ ભિન્નમાળથી નીકળી રામસેનમાં આવી એક બાળકને જન્મ આપ્યો, જેનું નામ **આમ** રાખવામાં આવ્યું. રામસેનમાં મોઢગચ્છના આચાર્ય **સિદ્ધસેન** વિરાજમાન હતા, તેમના ઉપદેશથી જૈન સંઘે તે રાણી તથા રાજકુમાર આમને રક્ષણ આપ્યું. આ તરફ યશોવર્માની બીજી રાણી મરી ગઈ, એટલે યશોવર્માએ આમને તથા તેની માતાને બોલાવી લીધા અને આમને **યુવરાજ** પદ આપ્યું, વળી એક દિવસે આમકુમાર પિતાથી રીસાઈ નીકળી ગયો અને મોઢેરા તીર્થમાં આ૦ સિદ્ધસેનની સેવામાં જઈ પહોંચ્યો. ત્યાં તેને આચાર્યશ્રીના શિષ્ય મુનિ બપ્પભટ્ટિ સાથે ગાઢ પ્રેમ બંધાયો. યશોવર્માએ પણ ફરીવાર આમને બોલાવી કનોજની ગાદીએ બેસાડ્યો.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કુમાર આમ રાજા મુનિ બપ્પભટ્ટિને પણ કનોજમાં લઈ ગયો અને તેમના ઉપદેશથી ધર્મપ્રેમી બન્યો. તેણે સૌથી પહેલાં બપ્પભટ્ટિજીને **સૂરિપદ** અપાવ્યું અને તેમના ઉપદેશથી કનોજમાં ૧૦૦ હાથ ઊંચો **આમવિહાર** બનાવી તેમાં વિ. સં. ૮૨૬ લગભગમાં તેમના જ હાથે ૯ રતલ પ્રમાણ શુદ્ધ સોનાથી બનાવેલ ભગવાન મહાવીરસ્વામીના બિંબની પ્રતિષ્ઠા કરાવી, તેમજ ગ્વાલિયરના કિલ્લામાં ડેલી-કિલ્લાવાળું ૨૩ હાથનું વીર મંદિર કરાવી તેમાં લેપ્યમય પ્રતિમાની પ્રતિષ્ઠા કરાવી. આ મંદિરનો રંગમંડપ સવાલાખ સોનામહોરથી તૈયાર કરવામાં આવ્યો હતો. નાગાવલોકને ગોડદેશની લક્ષણાવતીના રાજા **ધર્મ** સાથે વૈર હતું.* તે શમી ગયું અને મૈત્રી થઈ. આ ઘટનામાં આ૦ બપ્પભટ્ટિના ઉપદેશથી **ધર્મ**રાજા પણ **જૈન** બન્યો. આચાર્યશ્રીએ બૌદ્ધવાદી વર્ધનકુંજરને જીત્યો અને જૈન બનાવ્યો, આથી આમ રાજાએ આચાર્યશ્રીને "વાદીકુંજર કેસરી"નું બિરુદ આપ્યું. મથુરાના 'ગૌડવધ' અને 'મહમહીવિજય' ગ્રંથોનો રચનાર પરમાર વંશનો વિદ્વાન વાક્પતિરાજ શૈવ યોગી બન્યો હતો; તે આ૦ બપ્પભટ્ટિના ઉપદેશથી જૈનધર્મી બન્યો, આની આમ રાજા ઉપર સાત્ત્વિક અસર થઈ, જેથી આમ રાજા જૈનધર્મનો વિશેષ પ્રેમી બન્યો. રાજાએ કનોજ, મથુરા, અણહિલપુર પાટણ અને સતારકમાં ભ૦ મહાવીરસ્વામીનાં ચિત્રો સ્થાપ્યાં, શત્રુંજય અને ગિરનારની યાત્રા કરી, અને ગિરનાર તીર્થ શ્વેતાંબર જૈનોને આપ્યું. આ રીતે આમ રાજાએ જૈનધર્મની ઘણી પ્રભાવના કરી છે. તે વિ. સં. ૮૯૦ના ભા. સુદ ૫ ને શુક્રવારે ચિત્રાનક્ષત્રમાં ગંગા નદીને કાંઠે મગટોડા ગામમાં સ્વર્ગે ગયો.

( પ્રભાવક ચરિત્ર )

---

* જબલપુરથી દક્ષિણે ૪૮ માઈલ પર સિવની જિલ્લામાં છપારા પાસે **લખનાદોન** છે તે પ્રાચીન લક્ષણાવતી છે અને અયોધ્યા પાસેનું **લખનઉ** **તે** પણ લક્ષણાવતી છે. 'બંગેજાતીય ઇતિહાસ' રાજન્યકાંડ પૃ. ૨૧૬માં ગૌડના પાલવંશી રાજા **ધર્મપાળ**નો રાજ્યકાળ સં. ૭૯૫ થી ૮૩૪ જણાવેલ **છે.**
( જૈન સાહિત્યનો ઇતિહાસ પૃ. ૬૯૧ )



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આમ રાજાને એક વૈશ્ય રાણી હતી, જેના વંશજો **દોશી**ના નામથી જાહેર થયા, તેઓ જૈનધર્મી હતા. શત્રુંજય તીર્થના ઉદ્ધારક પ્રસિદ્ધ **કર્માશાહ** એ દોશી વંશનું જ રત્ન છે. ( જૈ. સ. પ્ર. ક્ર. ૭૩ )

ભોજની ગ્વાલિયર પ્રશસ્તિમાં લખ્યું છે, કે—

**आनर्त–मालव–किरात–तुरुष्क–वत्स–**
**मत्स्यादि–राजगिरि–दुर्गहठापहारैः ॥११॥**

નાગભટે આંધ્ર, સૈન્ધવ, વિદર્ભ, કલિંગ, અને બંગાળના રાજાઓને જીતી લીધા તથા આનર્ત, માળવો, કિરાત, તુરુષ્ક, વત્સ, મત્સ્ય અને રાજગિરિના દુર્ગો બલાત્કારથી આંચકી લીધા.

( શ્લો. ૮, ૧૧.–રિપોર્ટ ઓફ ધી આર્કિ. સર્વે ઓફ ઇન્ડિયા ઈ. સ. ૧૯૦૩–૧૯૦૪ )

આથી સમજી શકાય છે કે નાગાવલોક રાજા મહાપરાક્રમી હતો. તેણે યુવરાજપણે તેમજ રાજા બનીને ઘણા પ્રદેશો જીતી પોતાના રાજ્યને **મહારાજ્ય** બનાવ્યું હતું.

૭. **દુંદુકઃ**—આ રાજાનું બીજું નામ **રામભદ્ર** છે. નાગાવલોકના મરણ પછી કનોજનો એ રાજા થયો. તે પાટલીપુત્રની રાજ–કન્યાને પરણ્યો હતો. તેનાથી તેને **ભોજ** નામે પુત્ર થયો. દુંદુક રાજા વેશ્યાગામી હતો. લોકોને રાજાનાં દુશ્ચરિત્રની જાણ થઈ અને લોકો રાજાને નિંદવા લાગ્યા. રાજાએ પણ ભોજનું કાસળ કાઢી નાખવા પ્રયત્ન કર્યો, પણ તેમાં પણ તે ફાવ્યો નહિ અને રાણી ભોજને લઈ પિયરમાં ચાલી ગઈ. જો કે રાજાએ તેને લાવવા માટે યુક્તિઓ અજમાવી પણ તેમાં તે ફાવ્યો નહીં અને ભોજ જ્યારે કનોજમાં આવ્યો ત્યારે શત્રુ તરીકે જ આવ્યો. આ વિરોધને લીધે પ્રતિહાર–વંશના ઇતિહાસમાં દુંદુકનું સ્પષ્ટ વર્ણન મળતું નથી. તે વિ. સં. ૯૦૦માં મૃત્યુ પામ્યો.

૮. **ભોજઃ**—જેનાં બીજાં નામો મિહિરભોજ, ભોજદેવ અને આદિવરાહ વગેરે છે. આમ રાજાએ રાજગૃહી પર ચઢાઈ કરી ત્યારે **ભોજનો જન્મ** થયો હતો અને તે શિશુના દષ્ટિપ્રભાવે જ રાજગૃહીનો કિલ્લો તૂટ્યો હતો. નાગાવલોકના મરણ પછી દુંદુક રાજા

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તેની પર દ્રોહ કરવા લાગ્યો. તેથી તે માતાની સાથે મોસાળ ચાલ્યો ગયો. ત્યાર પછી વિ. સં. ૮૯૫ના ભા. શુ. ૮ ના દિવસે આ૦ શ્રીબપ્પભટ્ટિસૂરિ સ્વર્ગે ગયા. એ સાંભળી ભોજને અસહ્ય આઘાત થયો. દાદા મરી ગયા અને ગુરુજી સ્વર્ગે ગયા. હવે તેને પોતાને એકલાપણું લાગ્યું અને તેણે મરવા માટે ચિતા ખડકાવી પરંતુ મોસાળિયા અને માતાએ સમજાવવાથી તે જીવતો રહ્યો. તેણે ગુરુની ચિતામાં પોતાનો ખેસ નાખી આચાર્ય મહારાજનું ઔર્ધ્વદૈહિક કૃત્ય કર્યું.

ભોજે વિ. સં. ૯૦૦ લગભગમાં એક દિવસે પોતાના મામા સાથે કનોજ આવી રાજભવનમાં પ્રવેશ કર્યો અને પોતાના પિતાને મારી તે રાજસિંહાસન ઉપર ચઢી બેઠો. બધા સામંતો, મંત્રીઓ અને પ્રજાએ તેને વધાવી લીધો. તેણે તરત જ **આમવિહારમાં** જઈ ભગવાન મહાવીરસ્વામીનાં દર્શન કર્યાં અને આ૦ નન્નસૂરિ તથા આચાર્ય **ગોવિંદસૂરિને** મોઢેરાથી બોલાવી આ૦ ગોવિંદ-સૂરિને આ૦ બપ્પભટ્ટિસૂરિની ગાદીએ સ્થાપ્યા. તેમના ઉપદેશથી જૈન શાસનની પ્રભાવના કરી. તે આચાર્ય **વિમળચંદ્રસૂરિને** પણ પોતાના ગુરુ તરીકે માનતો હતો. આ રીતે ભોજને જૈનધર્મ પ્રત્યે ઘણો જ પ્રેમ હતો. ભોજરાજે પોતાના રાજ્યને વિસ્તારી **સામ્રાજ્ય** બનાવ્યું હતું.

તેના રાજ્યકાળમાં વિ. સં. ૯૧૫ના ભા. શુદ ૫ દિને સ્વાતિ નક્ષત્રમાં નાગોરમાં આ૦ **જયસિંહસૂરિએ** “ધર્મોપદેશમાલા–વિવરણ” રચ્યું છે અને વિ. સં. ૯૧૯ આસો શુદ ૧૪ ગુરુવાર ઉત્તરા ભાદ્રપદ નક્ષત્રમાં **લુઅચ્છગિરિ** ગામમાં ભગવાન શ્રીશાંતિ-નાથના દેરાસર પાસે આ૦ **કમલદેવ**ના શિષ્ય આ૦ **દેવ**ના ઉપદેશથી **વાજા ગગાક** ગોઠીએ **સ્તંભ** બનાવ્યો હતો.

(ધર્મોપદેશમાલા વિવરણ પ્રશસ્તિ—એપિગ્રાફિઆ ઈન્ડિકા વો. ૪, પૃ. ૩૧૦—જૈ. સ. પ્ર. ક્ર. ૭૩)

મારવાડના **ઘટિયાલા** ગામથી મળેલ પ્રાકૃત ભાષાના શિલા-લેખમાં ઉલ્લેખ છે કે, કક્કુઅ તે પ્રતિહાર વંશનો **રાજા** છે. તેણે પોતાના સચ્ચરિત્ર વડે મારવાડ અને ગુજરાતની પ્રજાનો ખૂબ ચાહ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

મેળવ્યો છે, જેણે રોહિંસકૂપ ગામમાં સં. ૯૧૮ ચૈત્ર શુદ ૨ હસ્ત નક્ષત્રમાં (મહિનો અથવા નક્ષત્રમાં ભૂલ છે.) મહાજન અને બ્રાહ્મણોની દુકાનોથી શોભતું વેપારી બજાર ખોલ્યું છે. તેણે એક મંડોવરમાં અને એક રોહિંસકૂપ ગામમાં એમ બે **કીર્તિસ્થંભો** ઊભા કરાવ્યા છે. તે શ્રીકક્કુકે શ્રીજિનેશ્વરદેવનું અચલ મંદિર કરાવી સિદ્ધપુરુષ એવા આ૦ **ધનેશ્વર**સૂરિગચ્છના શાંત, જાંબ, આંબડ, વણિ અને ભાઉડ વગેરે **ગોઠીઓને** સોંપ્યું છે.

(નાહારજીનો 'લેખ સંગ્રહ' ખં. ૧, પૃ. ૨૫૯ ગા. ૧૬ થી ૨૩— મુનશી દેવીપ્રસાદજીનો 'મારવાડનો પ્રાચીન લેખ' જૈન સત્યપ્રકાશ ક. ૭૩, પૃ. ૧૧૦)

ભોજ એ મહાપ્રતાપી રાજા હતો. સૌરાષ્ટ્રનો મોટો ભાગ તેના તાબામાં હતો. વિ. સં. ૯૪૬ લગભગમાં તે મરણ પામ્યો. તેણે ગ્વાલિયરમાં એક **પ્રશસ્તિ** ખોદાવેલી છે, જે પ્રતિહાર વંશના તત્કાલીન ઇતિહાસ પર સારો પ્રકાશ પાડે છે. તેનું ગુજરાતના ડેંડવાનકનું **દાનપત્ર** મળે છે, જે ગુજરાત પર તેની સત્તા હોવાનું પ્રમાણ પૂરું પાડે છે. વિન્સેન્ટ સ્મીથ તો માને છે, કે—તેના પૌત્રના શાસનકાળ સુધી કાઠિયાવાડ પ્રતિહાર વંશના તાબામાં હતું.

(અર્લી હિસ્ટરી ઓફ ઇન્ડિઆ આ. ૩જી, પૃ. ૩૭૯)

૯. **મહેન્દ્રપાલ**—વિ. સં. ૯૬૪ લગભગમાં મૃત્યુ. ૧૦. મહીપાલ, ૧૧. બીજો ભોજ, ૧૨. વિનાયકપાલ, ૧૩ બીજો મહેન્દ્રપાલ,*

---

* ૧૩. **મહેન્દ્રપાલ**—ડૉ. કનિંગહામ સાહેબને ગ્વાલિયરની ઉત્તર ૨૪ માઇલ દૂર સુહાનિયા ગામમાંથી ૩ **શિલાલેખો** મળ્યા છે. (૧) સં. ૧૦૧૩માં માધવસુત મહેન્દ્રચંદ્રે જિનપ્રતિમા ભરાવી સુહમ્યંમાં અર્પણ કરી. (૨) સં. ૧૦૩૪ વૈ. વ. ૫ કચ્છવાહા રાજા વજ્રદામે પ્રતિમાની પ્રતિષ્ઠા કરી. (૩) સં. ૧૪૬૭ વૈ. સુદ ૧૧ રવિવારે ભગવાન શાંતિનાથની ખડ્ગાસન પ્રતિમાની પ્રતિષ્ઠા, જે પ્રતિમા ૧૫ ફીટ ઊંચી છે, આજે ભીમની ગદા નામના સ્થાનથી ૧ માઇલ દૂર ચેતનનાથના નામથી પૂજાય છે.

(જનરલ ઓફ ધી એશિયાટિક સોસાયટી, બંગાલ ભાગ ૩૧. પૃ. ૪૧૦, ૪૧૧: ઈ. સ. ૧૮૬૨—અનેકાંત વ. ૨; કિ. ૩, પૃ. ૧૦૮)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૧૪. દેવપાલ, ૧૫. વિજયપાલ, ૧૬. રાજ્યપાલ, ૧૭. ત્રિલોચનપાલ, ૧૮. યશપાલ વિ. સં. ૧૦૯૨×

( ગુજરાતનો મધ્યકાલીન રાજપૂત ઇતિહાસ )

**જૈન રાજાઓ:**

પ્રતિહાર વંશના ઘણા રાજાઓ જૈનધર્મપ્રેમી થયા છે. રાજા **આમ** અને રાજા **ભોજ** આ૦ બપ્પભટ્ટિસૂરિના અનન્ય ઉપાસકો હતા. તેઓનો પરિચય આચાર્યશ્રીના ચરિત્રમાં તથા પ્રતિહાર રાજાવલીમાં આવી ગયો છે. મંડોવરનો **કક્કુક** પણ જૈન રાજા હતો.

**રાજા ખુમાણ (ત્રીજો)**—ચિતોડની ગાદી પર મહારાજા બાપ્પા રાવળના વંશમાં ખુમાણ નામે ત્રણ શૂરવીર રાજાઓ થયા છે. જેમ્સ ટૉડ ત્રીજા ખુમાણ માટે લખે છે કે–આ રાજાએ બ્રાહ્મણોની સલાહથી પોતાના નાના પુત્રને રાજ્ય આપ્યું, પછી એ ઠીક ન લાગવાથી તેણે રાજ્યની લગામ ફરીવાર પોતાના હાથમાં લઈ સલાહ આપનાર બ્રાહ્મણોનો નાશ કરાવ્યો. ઘણા બ્રાહ્મણોને પોતાના દેશમાંથી કાઢી મુકાવ્યા. તેને બ્રાહ્મણો ઉપર તિરસ્કાર હતો. થોડા વખતમાં **મંગળ** નામના રાજકુમારે રાણા ખુમાણને મારી ચિતોડની ગાદી પોતાને હાથ કરી. ચિતોડના સામંતોએ એ પિતૃઘાતક મંગળને પણ દેશમાંથી હાંકી કાઢ્યો વગેરે વગેરે.

આ લખાણ પરથી નક્કી થાય છે કે, ખુમાણ રાજા અને તેના સામંતો બ્રાહ્મણોના અને બ્રાહ્મણોના પક્ષકારોના વિરોધી હતા. એટલે કે તેઓ શૈવધર્મી ન હતા. વિ. સં. ૮૯૨

(ટૉડ રાજસ્થાન અ. ૩, જૈ. સ. પ્ર. ક્ર. ૭૩)

**જૈન ગોત્રો:**

તપસ્વી કૃષ્ણ **ઋષિએ** નાગોરના શેઠ નારાયણને જૈન બનાવી તેના પરિવારનું **બરડિયા** ગોત્ર સ્થાપ્યું. નાગોરનો સંઘ-

× કનોજના પ્રતિહારો પછી ગરડવાલ રાજાઓના હાથમાં ગયું અને સં. ૧૨૮૩થી મુસલમાનોના હાથમાં ગયું.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પતિ **પુનડ** બરડિયો મંત્રી વસ્તુપાળનો મિત્ર હતો. (સં. ૧૨૮૬) ત્યારથી તપાગચ્છને માને છે. ( જુઓ પૃ. ૫૧૯ )

આમ રાજાની એક રાણી વૈશ્યકુલની હતી, જે જૈનધર્મી હતી. તેનો પુત્ર–પરિવાર જૈન હોઈને ઓસવાલના **દોશી** ગોત્રમાં દાખલ થયેલ છે. શત્રુંજય મહાતીર્થનો વિ. સં. ૧૫૮૭માં મોટો ઉદ્ધાર કરનાર દોશી **કર્માશાહ** આ ગોત્રમાં જ થયેલ છે.

### જૈન ગ્રંથભંડારો:

ઇતિહાસના પરિશીલનથી સમજી શકાય છે કે, શંકરાચાર્યના અનુગામીઓનું સશસ્ત્ર આક્રમણ, પંચાસરનો ભંગ, છેલ્લી જૈનાગમવાચનાનું કેન્દ્ર યાને હસ્તલિખિત જૈન શાસ્ત્રોના મોટા સંગ્રહ–સ્થાનવાળા વલભીનગરનો ભંગ, વગેરે વગેરે કારણે જિનાલયો અને જૈન શાસ્ત્રોને પારાવાર નુકશાન થયું હતું. એવામાં વિ સં. ૮૪૧ થી ૮૪૫ સુધી પાંચ વર્ષનો રૌરવ દુકાલ પડ્યો. એટલે જૈનસંઘમાં ગ્રંથરક્ષાનો સવાલ ઊઠ્યો અને ગ્રંથભંડારો સ્થપાયા.

'વીર વંશાવલી' અને 'પં. ખુશાલવિજય પટ્ટાવલી'માં ઉલ્લેખ છે, કે:—

વિ. સં. ૮૪૧ થી ૮૪૫ સુધી પાંચ વર્ષ દુકાળ પડ્યો. એટલે જૈન મુનિઓ શિથિલ થયા. ત્યારે ઉ૦ સંભૂતિ, ઉ૦ ગોવિંદ, દુષ્યગણિ ક્ષમાશ્રમણ, ઉગ્ર તપસ્વી ક્ષેમઋષિ, મલધારગચ્છીય શ્રીહર્ષતિલક, શ્રીસ્થૂલિભદ્ર વંશે શ્રીહર્ષપુરીયગચ્છે શ્રીકૃષ્ણર્ષિ પ્રમુખ ગીતાર્થોએ મળી શ્રીસૂરિના વચનથી વિષમ સમય જાણી મહાનગરે શુભ સ્થાનોમાં સિદ્ધાંતના **ભંડારો** સ્થાપ્યા, જ્ઞાનયત્ન કર્યો. વગેરે.

આ ઉલ્લેખથી સમજી શકાય છે કે, જૈનસંઘે દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવનો વિચાર કરી વિ. સં. ૮૪૫ થી જૈન ગ્રંથ–ભંડારોની સ્થાપના ચાલુ કરી છે. સંભવ છે કે, તે સમયે ઉમરકોટ, ચિતોડ, વલભી, કુચેરા, સાંડેરાવ, ભટેવરા, વાયડ, મોઢેરા, પાટણ, ભિન્નમાલ, નાગોર, સચ્ચમિકા, જાલોર, મથુરા પૈકીનાં ઘણાં સ્થાનોમાં જૈન ગ્રંથભંડારો બન્યા હશે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તત્કાલીન ગ્રંથરક્ષાચિંતક આચાર્યોનાં નામો ઉપર દર્શાવ્યાં છે. જે પૈકીના ઉ૦ સંભૂતિ તે મુ૦ પ્ર૦ સંભૂતિજી, ઉ૦ ગોવિંદ તે મોઢગચ્છના આ૦ સિદ્ધસેનના શિષ્ય ગોવિંદસૂરિ, શ્રીહર્ષતિલક તે મજ્ઝિમશાખાના આચાર્ય, અને શ્રીકૃષ્ણર્ષિ તે હારિલવંશના આ૦ યક્ષસૂરિના શિષ્ય તપસ્વી કૃષ્ણઋષિ છે. બીજાઓનો ઈતિહાસ મળતો નથી.

## કરહેડા તીર્થ:

વિ. સં. ૮૬૧માં શાહ ખીમસિંહ ઓસવાલે કરહેડામાં ભ૦ પાર્શ્વનાથનો પ્રાસાદ કરાવી તેમાં ભવ્ય બિંબની પ્રતિષ્ઠા કરી હતી. 'વીર વંશાવલી'ના ઉલ્લેખ પ્રમાણે તે પ્રતિષ્ઠા આ૦ જયાનંદસૂરિના હાથે થયેલી છે કિન્તુ આ૦ વિબુધસૂરિના પટ્ટધર આ૦ જયાનંદસૂરિ તો વિક્રમની સાતમી સદીના અંતે થયા છે. આ આ૦ જયાનંદસૂરિ તેમનાથી જુદા છે, એમ માનવું પડે છે.

પ્રાસાદની બાવન દેરીઓમાં જુદા જુદા આચાર્યોએ પ્રતિષ્ઠા કર્યાના લેખો છે. તેમાં એક લેખ છે કે, વિ. સં. ૧૦૩૯માં સંડેરક-ગચ્છના આ૦ યશોભદ્રસૂરિએ ભ૦ પાર્શ્વનાથની પ્રતિષ્ઠા કરી. મહા-પ્રાભાવિક દાદા આ૦ **ધર્મઘોષ**સૂરિના ઉપદેશથી મંત્રી **ઝાંઝણ**-કુમારે વિ. સં. ૧૩૦૦માં આ જિનપ્રાસાદનો જીર્ણોદ્ધાર કરાવ્યો હતો. મંદિરની બાંધણી એવી રીતે કરી હતી કે, પોષ દશમે સૂર્યનાં કિરણો બરાબર પ્રભુ ઉપર પડે. પછીના જીર્ણોદ્ધારમાં દિવાલ ઊંચી કરી છે ત્યારથી તે કિરણો પડતાં નથી. આ તીર્થ ઉદેપુર–ચિતોડ રેલ્વેના કરેડા સ્ટેશનની પાસે જ છે.

(સુકૃતસાગર, તરંગ ૮, જૈન સત્યપ્રકાશ ક. ૭૩)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# પ્રકરણ તેત્રીશમું

## આ૦ માનદેવસૂરિ

આ૦ પ્રદ્યુમ્નસૂરિની પાટે આ૦ માનદેવસૂરિ થયા. તેઓ વિક્રમની નવમી સદીના ઉત્તર ભાગના આચાર્ય છે, તેમનો વિશેષ પરિચય મળતો નથી, તેઓ અલ્પાયુષી હતા, તેમણે ઉપધાન વિધિ ગ્રંથ બનાવ્યો છે.

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## પ્રકરણ ચોત્રીશમું

## આ૦ વિમલચંદ્રસૂરિ

આ૦ માનદેવસૂરિની પાટે આ૦ વિમલચંદ્રસૂરિ થયા છે. તેઓ વિક્રમની દશમી સદીના પ્રભાવક આચાર્ય છેઃ—

**ततः प्रसिद्धोऽजनि चित्रकूटे, स हेमसिद्धिर्विमलेन्दुसूरिः।**
**अपूजयत् यं विषमेऽपि वादे, सद्यो जिते गोपगिरेर्नरेन्द्रः ॥४४॥**

ત્યાર પછી આ૦ વિમલચંદ્રસૂરિ થયા. તેમને ચિત્તોડમાં સ્વર્ણ-સિદ્ધિની શક્તિ ઉત્પન્ન થઈ હતી અને ગ્વાલિયરની રાજસભામાં વિષમ શાસ્ત્રાર્થમાં જય મેળવવાથી ગ્વાલિયરના રાજા મિહિરભોજ વગેરે તેમને બહુ જ સન્માનતા હતા.

ચિત્તોડનો અલ્લટરાજ પણ તેમનો ઉપાસક હતો. આ અરસામાં ચિત્તોડના કિલ્લામાં **વિજયસ્તંભ** ઊભો કરવામાં આવ્યો છે. તેમણે ગ્વાલિયરના કિલ્લામાં જિનાલય કરાવ્યું હતું. તેઓ સમર્થ વાદી હતા, દીર્ઘાયુષી હતા અને ઉગ્રવિહારી હતા. તેમણે પોતાના શિષ્યસમૂહ સાથે પૂર્વદેશના **મથુરા,** સમ્મેત-શિખરજી વગેરે તીર્થોની અનેકવાર યાત્રાઓ કરી છે. તેઓ મથુરાથી **સાચોર** પધાર્યા, ત્યારે ત્યાં તેમણે ભિન્નમાલના શિવનાગ વ્યાપારીના પુત્ર મહાતપસ્વી અને પૌષધધારી **વીર નાગને** "આ સમર્થ મુનિ થશે" એમ જાણી ઉપદેશ આપી દીક્ષા આપી **વીરમુનિ** નામ આપ્યું. સાથોસાથ થરાદમાં ભ૦ ઋષભદેવના ચૈત્યની શુક-નાસામાં **અંગવિજ્જાની** પોથી હતી તે બતાવી, અને "તને જલદી આવડશે" એવો આશીર્વાદ આપ્યો. વળી ત્યાં ત્રણ દિવસ રહી તેને તે ગ્રંથનો અર્થ બતાવ્યો.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ત્યાર પછી ત્યાંથી તેઓ શત્રુંજય તીર્થમાં પધાર્યા અને ૧૦૦ વર્ષની ઉમ્મરે અનશન લઈ વિ. સં. ૯૮૦માં સ્વર્ગવાસી થયા.

આ અરસામાં અનેક સમર્થ જૈનાચાર્યો, પ્રભાવકો, જૈન રાજાઓ, જૈન સ્તૂપો, તીર્થો, શાસ્ત્રાર્થો વગેરે થયા છે, નવા નવા અનેક ઐતિહાસિક પ્રસંગો બન્યા છે.

**આ૦ જીવદેવસૂરિ:**

ગુજરાતની ઉત્તરે ડીસા પાસે **વાયડ** ગામ છે, તે એક કાળે મોટું શહેર હતું, આજે ગામડારૂપે છે. અહીંથી **વાયડગચ્છ** અને **વાયડજ્ઞાતિ** નીકળ્યાં છે. વાયડગચ્છ ચૈત્યવાસી ગચ્છ હતો. તેમાં **આ૦ જિનદત્ત, આ૦ રાશિલ, આ૦ જીવદેવ, 'વિવેકવિલાસ'ના કરનાર આ૦ જિનદત્ત, 'બાલભારત' વગેરેના વિધાતા મહાકવિ આ૦ અમરચંદ્ર** વગેરે થયા છે. આ ગચ્છમાં દરેક ત્રીજા આચાર્યનું નામ **' જિનદત્તસૂરિ '** રહેતું હતું.

તેમાંના આ૦ **જીવદેવસૂરિનું** ચરિત્ર આ પ્રમાણે છે.

વાયડનગરમાં શેઠ ધર્મદેવને **શીલવતી** નામની સ્ત્રી અને મહીધર તથા **મહીપાલ** નામે પુત્રો હતા. નાનો મહીપાલ એ જ આ૦ જીવદેવસૂરિ છે.

મહીપાલ બચપણથી જ તોફાની હતો. એકવાર તેને પિતાએ કાઢી મૂક્યો. તેણે મગધમાં જઈ દિગમ્બર આ૦ શ્રુતકીર્તિ પાસે દીક્ષા લીધી. ગુરુએ તેનું નામ **સુવર્ણકીર્તિ** રાખ્યું, તેને શાસ્ત્રાભ્યાસ કરાવ્યો, ધરણેંદ્રથી અધિષ્ઠિત અપ્રતિચક્રાદેવીની **વિદ્યા** આપી, પરકાયપ્રવેશિની **વિદ્યા** આપી અને આચાર્યપદ આપ્યું.

મહીધરે પણ ભાઈના વિયોગથી વૈરાગ્ય પામી આ૦ જિનદત્તસૂરિ પાસે શ્વેતામ્બરીય દીક્ષા લીધી. ગુરુએ તેનું નામ રાશિલમુનિ રાખ્યું, તેને શાસ્ત્રાભ્યાસ કરાવ્યો અને સૂરિપદ પણ આપ્યું.

એ દરમિયાન તેઓના પિતા મૃત્યુ પામ્યા હતા.

માતા શીલવતીને વિચાર થયો કે મારા બન્ને પુત્રો એક જ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

માર્ગમાં ચાલનારા બને એ બહુ જરૂરી છે, તે આ૦ સુવર્ણકીર્તિને વાયડ લઈ આવી અને બન્ને પુત્રોને કહ્યું કે-**તમે બન્ને એક થઈ જાઓ.**

પછી તો માતાએ જ આ૦ સુવર્ણકીર્તિને પ્રત્યક્ષ અનુભવ કરાવ્યો કે **શ્વેતામ્બર** સાધુઓ રસકસવાળો અને ભારે આહાર લેતા નથી. સાદો શુદ્ધ નિર્દોષ અને સાત્ત્વિક આહાર લે છે. સાધુના નિમિત્તે કરેલ આહાર લેતા નથી. એક ઘરેથી પેટ ભરીને લેતા નથી કિન્તુ ઘરે ઘરે ફરી ગોચરીની વિધિથી આહાર લે છે. જ્યારે **દિગમ્બર** સાધુઓ ઉત્તમ પકવાન આરોગે છે, પોતાના નિમિત્તે કરેલ આહાર જ લે છે અને એક ઘરેથી જ પૂરો આહાર કરી લે છે. તેને માધુકરી કે ગોચરી જેવું કંઈ નથી. આ૦ સુવર્ણકીર્તિએ આ અનુભવ થતાં દિગમ્બર આમ્નાયનો ત્યાગ કર્યો, આત્મકલ્યાણ માટે શ્વેતામ્બર ધર્મનો સ્વીકાર કર્યો, આ૦ રાશિલસૂરિ પાસે દીક્ષા લીધી. આ૦ રાશિલસૂરિએ પણ તેનું નામ મુનિ **જીવદેવ** રાખ્યું, અને ટૂંક મુદતમાં આચાર્યપદથી અલંકૃત કર્યા. તેઓ ભક્તામરસ્તોત્રની મંત્રામ્નાયના પણ સમર્થ જાણકાર હતા.*

જૈન સાઈટ JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

આ૦ જીવદેવનું વૃત્તાંત ઘણી ચમત્કારિક ઘટનાઓથી ભરેલું છે.

એકવાર આ૦ જીવદેવસૂરિ વ્યાખ્યાન આપતા હતા, ત્યારે એક યોગીએ સભામાં આવી તેમની ઉપર મંત્ર ફેંક્યો, પણ તે નિષ્ફળ ગયો, તેમના વસ્ત્ર ઉપર મંત્ર ફેંક્યો, આથી વસ્ત્ર લીલું

---

* આ. ગુણાકરસૂરિ લખે છે કે—

આ. જીવદેવસૂરિજી ભક્તામર સ્તોત્રનો પાઠ કરતા હતા, તેમને અપ્રતિચક્રાદેવી પ્રત્યક્ષ હતી તેથી તેમની આજ્ઞા ઘણા દેવ-દેવીઓ માનતા હતા. તેઓ સૌરાષ્ટ્રમાં પ્રભાસપાટણ પધાર્યા, ત્યારે આઠમા તીર્થંકર શ્રીચંદ્રપ્રભુની પ્રતિમાને સોમનાથ મહાદેવ, બ્રહ્મા, વિષ્ણુ, સૂર્ય, ગણપતિ અને સ્કંદ વિગેરેની પ્રતિમાઓએ સામે આવી નમસ્કાર કર્યા હતા. અને ચંદ્રપ્રભુની પૂજા માટે સોમનાથ મહાદેવના દેરાસર તરફથી દશહજાર ફૂલ, મહિને મહિને ૫ શેર સાકર, હંમેશાં ૩ શેર તેલ, ૨ માણેક નિવેદ, ૨ પળ કેસર, ૧ માસો કપૂર અને ૧ માસો કસ્તૂરી આપવાનું નક્કી થયું હતું.

(ભક્તામર સ્તોત્ર શ્લો. ૨૧ની વૃત્તિ)

www.jainsite.com　　For Private & Personal Use Only　　info@jainsite.com

દેખાવા લાગ્યું, પછી આસન જમાવી આચાર્યશ્રી સામે સ્થિર દૃષ્ટિ સ્થાપી જીવ્હાસ્તંભનનો પ્રયોગ અજમાવ્યો, આથી આચાર્યશ્રીની જીભ અટકવા લાગી, તેઓ તરત જ સમજી ગયા કે આ કોઈ દુષ્ટ મંત્રવાદીનું તોફાન છે. તેમણે પ્રથમ તો પાસે બેઠેલા ઉપાધ્યાયજીને વ્યાખ્યાન સોંપી દીધું પછી સાવધાન થઈ સભામાં દૃષ્ટિ ફેરવી અને એ યોગીને શોધી કાઢ્યો.

આચાર્યશ્રીએ તરત જ યોગી ઉપર તીવ્ર દૃષ્ટિ ફેંકી એટલે યોગી સ્તંભિત થઈ ગયો, વ્યાખ્યાન પૂરું થતાં બધાય ઊભા થયા પણ પેલો યોગી ન હાલે ન ચાલે કે ન ઊઠી શકે. યોગી આચાર્યની શક્તિથી અંજાઈ ગયો, તે બે હાથ જોડી કરગરવા લાગ્યો કે–ગુરુજી ! ઉપકારી ઉપર ઉપકાર કરવો એ ધોરીમાર્ગ છે પરન્તુ અપકારી ઉપર પણ ઉપકાર કરવો એ જ ખરી મોટાઈ છે, બસ ! મને માફ કરો, મને છૂટો કરો. શ્રાવકોએ પણ સૂરિજીને વિનતિ કરી કે—પ્રભો ! હવે આને પૂરી સજા મળી ચૂકી છે માટે એને છૂટો કરો, આપ દયાના સાગર છો, હવે ફરીવાર આ આપને ઉપદ્રવ નહીં કરે, તો એને માફી આપો. આચાર્યશ્રીએ તરત જ યોગીને છૂટો કર્યો અને યોગી ઊઠીને બહાર ચાલ્યો ગયો.

યોગીએ બહાર જતાં મનમાં ગાંઠ વાળી કે ભરસભામાં મારું આ ભયંકર અપમાન થયું છે. એટલે જૈનાચાર્ય પાસેથી આનો ભારોભાર બદલો લઈશ. ત્યાર પછી તે વાયડનગરની બહાર ઉત્તર દિશામાં જાહેર રસ્તા ઉપર ઝુંપડી બાંધી રહેવા લાગ્યો અને તક મળે એની રાહ જોવા લાગ્યો.

આચાર્યશ્રીએ પણ તેનું મન માપી લીધું હતું એટલે દરેક જૈન સાધુ-સાધ્વીઓને હુકમ કર્યો કે—કોઈએ ઉત્તર દિશાના દરવાજે સ્થંડિલ આદિ માટે જવું નહીં. આ હુકમનું જૈન સંઘમાં કડક પાલન થયું. એમ ને એમ ઘણા દિવસો પસાર થઈ ગયા અને અંતે આ વાત વિસારે પડી.

એક દિવસે બે સાધ્વીજીઓ એ દરવાજે યોગીની ઝુંપડી પાસે થઈ ને આગળ સ્થંડિલ ગયાં, તેઓ પાછા વળ્યાં ત્યારે તકસાધુ

જૈન સાઈટ JAINSITE.com જયતિ શાસનમ્
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

યોગીએ તેમાંની યુવાન સાધ્વી ઉપર આકર્ષણ ચૂર્ણ નાખ્યું એટલે યુવાન સાધ્વી ઉપાશ્રયે જવાને બદલે યોગીની ઝુંપડીમાં જઈ બેઠાં, અને બીજાં સાધ્વીજીએ ઉપાશ્રયે આવી આચાર્ય મહારાજને આ ઘટના કહી સંભળાવી.

આચાર્ય મહારાજ તરત જ બોલ્યા કે—તમો ગભરાશો નહીં, એ પેલા દુષ્ટ યોગીનું તોફાન છે. હું હમણાં જ તેનો ઉપાય કરું છું.

આચાર્ય મહારાજે શ્રાવકોને યોગી પાસે મોકલ્યા અને સાથે એક પૂતળું આપી જણાવ્યું કે યોગીને શાંતિથી સમજાવજો કે સાધ્વીજીને ઉપાશ્રયે મોકલી આપે, તે ન માને તો આ પૂતળાની એકેક આંગળી કાપજો, તે સાથે યોગીની પણ એકેક આંગળી કપાતી જશે. પૂતળાનું જે અંગ કાપશો તે જ અંગ યોગીનું કપાતું જશે. છેવટે યોગીને ધમકી આપજો કે સાધ્વીજીને સીધી રીતે ઉપાશ્રયે મોકલી દે, નહિતર આ પૂતળાનું માથું કાપીશું અને સાથોસાથ તારું માથું પણ ધડથી જૂદું થઈ જશે.

શ્રાવકોએ યોગી પાસે જઈ ને આચાર્યશ્રીના કહેવા પ્રમાણે કર્યું, જ્યાં માથું કાપવાનો પ્રસંગ આવ્યો કે યોગી ડરી ગયો, તેને લાગ્યું કે હું જૈનાચાર્યને કોઈ રીતે પહોંચી શકું તેમ નથી. તેણે શ્રાવકોને કહ્યું કે તમો સાધ્વીજીનું માથું ધોઈ નાખો એટલે એ સાવધાન થઈ ને પોતાની મેળે ઉપાશ્રયે ચાલ્યાં જશે. શ્રાવકોએ એ પ્રમાણે કર્યું એટલે સાધ્વીજી ઉપાશ્રયે ગયાં અને તેમણે ગુરુજી પાસે આલોચણા લીધી. અને પેલો યોગી પણ ભય પામી ત્યાંથી નાસી ગયો.

વાયડ પાસે મહાસ્થાનમાં લલ્લ નામનો શેઠ રહેતો હતો, તે કરોડપતિ હતો, દાતા હતો, બ્રાહ્મણોને દક્ષિણા દેતો હતો, યજ્ઞ હોમ કરાવતો હતો. એક વાર તેણે સૂર્યગ્રહણમાં આંબલીના ઝાડ પાસે હોમકુંડ બનાવી હોમ શરૂ કરાવ્યો, આંબલીમાં એક સાપ હતો તે ધૂમાડાથી ગુંગળાઈ નીચે પડ્યો અને બ્રાહ્મણોએ આ નાગરાજ પોતે પોતાની આહુતિ આપવા પધાર્યા છે એમ કહી તેને ઉપાડી હોમ-

www.jainsite.com　　For Private & Personal Use Only　　info@jainsite.com

કુંડમાં હોમી દીધો. આ દેખી દયાળુ લલ્લ શેઠ બહુ દુઃખ થતાં બોલ્યો કે-તમો આવા સાક્ષાત્ સચેતન નિર્દોષ મોટા જીવને આગમાં હોમી દો છો, તે કઈ જાતનો ધર્મ કહેવાય ? **અહિંસા પરમો ધર્મઃ** આમાં ક્યાં રહ્યો ?

બ્રાહ્મણો તરત જ બોલી ઊઠયા, શેઠજી! તમે આ શું બોલો છો ? આ સાપ મોટો પુણ્યશાલી છે કે મંત્રના સંસ્કારવાળા અગ્નિમાં પડયો, હિંસક જીવો અને મહાપાપીઓ આ અગ્નિમાં પડી મરે તો દેવ થાય છે. એટલે અમે બ્રાહ્મણોએ આ સાપને અગ્નિમાં નાખ્યો એ તેની ઉપર ઉપકાર જ કર્યો છે. એટલે તમારે એની ફિકર કરવી નહિ. વળી તમે જે બોલ્યા છો તે ભૂલ કરી છે. તમે ખરેખરા શ્રદ્ધાળુ હો તો તમારે એ ભૂલનુ પ્રાયશ્ચિત્ત કરવું જોઈએ. એટલે કે આ સાપથી બમણા સોનાનો સાપ કરી બ્રાહ્મણોને દાનમાં આપવો જોઈએ. શેઠે તેમ કર્યું. એટલે બ્રાહ્મણોએ સોનાના સાપના ટુકડા કરી વહેંચી લીધા. આ જોઈ શેઠે બ્રાહ્મણોને કહ્યું કે-તમે એક સાપને મારી નાખ્યો તેના પ્રાયશ્ચિત્તમાં મેં સોનાનો સાપ બનાવ્યો, તમે તેને પણ કાપી નાખ્યો એટલે મારે બીજો સોનાનો સાપ બનાવવો પડશે ના ? આમાં તો દોષની પાછળ દોષ જ ઊભો છે, હું આને ધર્મ માનવા તૈયાર નથી, તમે મને છેતરો છો માટે હું આ હોમ બંધ કરું છું. આ પ્રમાણે કહી લલ્લ શેઠે અગ્નિ ઠારી નાખ્યો, કુંડ પુરાવી દીધો, અને બ્રાહ્મણોને વિદાય કર્યા.

હવે શેઠને સાચો ધર્મ કયો છે? એ જાણવાની તાલાવેલી લાગી, તેમણે ઘણા ધર્માચાર્યોનો પરિચય સાધ્યો પણ તેમાં તેમને પૂરો સંતોષ થયો નહીં.

એક દિવસે જૈન સાધુઓ તેને ત્યાં ગોચરી માટે પધાર્યા, શેઠે આ સાધુઓ ખાસ સાધુઓને માટે કરેલ આહારને લેતા જ નથી એ જાણી વિચાર્યું કે-ખરેખર સાચા ત્યાગી, સાચા અહિંસક, સાચા અપરિગ્રહી આ સાધુઓ જ દેખાય છે. પછી શેઠ આ૦ જીવદેવસૂરિ પાસે ગયા. આચાર્યશ્રીએ તેને ઉપદેશ આપ્યો કે-મહાનુભાવ! આંતરશત્રુઓને હઠાવે તે સાચો **દેવ** છે. પાંચ મહાવ્રતને

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ધારે તે સાચો **ગુરુ** છે અને દયા તે સાચો **ધર્મ** છે, આથી ઉલટું રાગદ્વેષ રાખનાર દેવ તે કુદેવ છે, મમતા પરિગ્રહવાળો ગુરુ તે કુગુરુ છે અને પશુહિંસાવાળો ધર્મ તે મોટો અધર્મ છે. માટે તું સાચા ખોટાની પરીક્ષા કરી સાચા ધર્મનો સ્વીકાર કર.

લલ્લશેઠે જૈનધર્મને સાંભળ્યો, વિચાર્યો, સમ્યક્ત્વ સ્વીકાર્યું, શ્રાવકનાં ૧૨ વ્રત લીધાં અને આચાર્યશ્રીએ જણાવેલી રીતે સંકેત મળતાં **પિપ્પલાનક**માં મોટો જિનપ્રાસાદ કરાવ્યો, જે સ્થાનમાં આ મન્દિર બન્યું તે સ્થાને કનોજની રાજકન્યા **મહણીક** મ્લેચ્છોના ડરથી કૂવામાં પડી મરણ પામી હતી, તેણીએ આ૦ જીવદેવસૂરિના ઉપદેશથી ધર્મ પામી આ સ્થાન આપ્યું, ધન આપ્યું અને બીજી પણ મદદ કરી. આચાર્યશ્રીએ પણ આ દેરાસરમાં એક જુદી **દેરી** કરાવી તેમાં મહણીક દેવીની **ભવનદેવી** તરીકે સ્થાપના કરી.

આ તરફ લલ્લશેઠ જૈન બન્યો એટલે બ્રાહ્મણો અને જૈનોમાં વિરોધ ઊભો થયો, આચાર્યશ્રીએ દરેકને જણાવ્યું કે—ક્ષમા રાખો, શાંતિ રાખો. એથી સૌ સારાં વાનાં થશે. **ક્ષમા એ જ સાચું તત્ત્વ છે.**

JAINSITE
જૈનમ્ જયતિ શાસનમ્

વાયડ વિભાગનો મંત્રી **નિંબ** હતો, તેણે વાયડમાં ભ૦ મહાવીરસ્વામીના દેરાસરનો ઉદ્ધાર કરાવ્યો. આ૦ જીવદેવસૂરિના હાથે કલશ—પ્રતિષ્ઠા કરાવી.*

એકવાર બ્રાહ્મણોએ લલ્લ ઉપરના દ્વેષથી મરવા પડેલી ગાયને રાતે ભ૦ મહાવીરસ્વામીના દેરાસર પાસે લાવી મૂકી અને તે ત્યાં મરણ પામી. બીજે દિવસે આચાર્ય મહારાજે ધ્યાન કર્યું. એના પ્રભાવે તે ઊઠી બ્રહ્માજીના દેરામાં બ્રહ્માજીની પાસે જઈ બેઠી અને ત્યાં જ મરણ પામી.

---

* ચૌદમી સદીના ઉ૦ વિનયપ્રભ લખે છે કે—

**सिरिसाचउरिहिं भीमपल्लि, वायडपुरि वीरो ॥ ४ ॥**

એટલે તે સમયે વાયડમાં ભ૦ મહાવીરસ્વામીનું દેરાસર હતું.

( તીર્થમાલા સ્તુતિ )

www.jainsite.com　　For Private & Personal Use Only　　info@jainsite.com

બ્રાહ્મણો સમજી ગયા કે બ્રાહ્મણના છોકરાઓએ આ૦ જીવદેવસૂરિને ચીડવ્યા છે તેનું જ આ પરિણામ છે. બ્રાહ્મણો પર કોઈ જાતનો અંકુશ રહ્યો નથી. જ્યારે જૈનમુનિઓ બ્રહ્મચારી છે, તપસ્વી છે, તે કોઇથી ગાંજ્યા જાય તેમ નથી, આનો ઉપાય નહીં થાય તો આ વાયુદેવનું **વાયડ** મહાસ્થાન થોડા કાળમાં હતું ન હતું થઈ જશે, માટે આનો ઉપાય તરત કરવો જોઈએ.

તરત બ્રાહ્મણોનું **પંચ** મળ્યું, તેણે આ૦ જીવદેવસૂરિના વ્યાખ્યાનમાં જઈ નમ્રભાવે અરજ ગુજારી કે—ગુરુજી ! આ૦ વાયુદેવે વાયડ સ્થાપ્યું છે, બ્રહ્મભવન સ્થાપ્યું છે, આપ વાયુદેવનું રૂપ છો, છોકરાઓની ભૂલથી આજે મોટું સંકટ આવી પડ્યું છે, આ જગતમાં આપ સિવાય એવો બીજો કોઈ પુરુષ નથી કે જે આ સ્થાનને આ સંકટમાંથી બચાવી શકે. કૃપાનાથ ! આપ દયાના સાગર છો, તો આ મહાસ્થાનની રક્ષા કરો અને અમને જીવિતદાન આપો, આમ થશે તો જ આ સ્થાન સ્થિર થશે અને એની પવિત્રતા જળવાશે.

આચાર્ય મહારાજ આ સાંભળી મૌન જ રહ્યા.

હવે લલ્લશેઠ બોલ્યો કે—ભૂદેવો ! મને હિંસા પર અણગમો છે, જીવ વધના કારણે મેં તમારો ધર્મ છોડ્યો અને અહિંસક એવા જૈનધર્મનો સ્વીકાર કર્યો, આ જ કારણે તમે અદેખાઈથી જૈનોને ત્રાસ આપો છો. તમો ઘણા અને જૈનો થોડા. એટલે તમે મનમાન્યું કરો એ ઠીક નથી, જે થયું તે થયું પણ હવે ભવિષ્યમાં આવું ન બને તેની તમારે બાંહેધરી આપવી જોઈએ. ભવિષ્યમાં બ્રાહ્મણો અને મહાજન વચ્ચે અથડામણી ઊભી ન થાય તે માટે ઉચિત મર્યાદા બાંધવી જોઈએ. જો આમ બને તો મને ખાતરી છે કે આચાર્ય મહારાજ તમારી વિનતિને માન આપશે અને ઇચ્છા મુજબ આ મહાસ્થાન પવિત્ર બની રહેશે.

આ સાંભળી બ્રાહ્મણોએ જૈનોને નીચે પ્રમાણે કરાર કરી આપ્યો.

બ્રાહ્મણોએ જૈનોના ઉત્સવ મહોત્સવમાં વિઘ્ન કરવું નહીં, જૈન સાધુઓની મર્યાદામાં આડખીલી કરવી નહીં, નવા જૈનાચાર્ય

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

થાય ત્યારે તેનો બ્રહ્માજીના મંદિરમાં પટ્ટાભિષેક કરવો, અને તેમને સોનાની જનોઈ આપવી વગેરે.

બ્રાહ્મણોએ આ કરાર કરી આપ્યો એટલે બ્રાહ્મણો અને મહાજને મળી આચાર્ય મહારાજને વિનતિ કરી કે—હે ભગવન્ ! મહાસ્થાનનો ઉદ્ધાર કરો.

આચાર્ય મહારાજ બોલ્યા કે—અમે સાધુ છીએ, અમને રોષ કે તોષ હોતા નથી. શાસનદેવો ધર્મ ઉપર આક્રમણ થાય ત્યારે પોતાની ફરજ બજાવે છે, તમોએ સંપ કર્યો છે, ન્યાયનો માર્ગ સ્વીકાર્યો છે તો શાસનદેવો તમારા આ દુઃખનો પણ નાશ કરશે. હું પણ તે માટે યોગ્ય પ્રયત્ન કરીશ.

પછી આચાર્યશ્રી ઉપાશ્રયમાં જઈ ધ્યાન લગાવી બેઠા અને આ તરફ પેલી ગાય બ્રહ્માજીના મંદિરમાંથી ઊઠી ચાલવા લાગી, નગરની બહાર એક સ્થાને જઈ બેઠી અને ત્યાં જ મૃત્યુ પામી. પછી આચાર્ય મહારાજ વ્યાખ્યાનસભામાં આવ્યા અને બ્રાહ્મણોએ તેમને જયધ્વનિથી વધાવી લીધા.* આજથી વાયડના બ્રાહ્મણો અને જૈનોમાં એકતા સ્થાપિત થઈ, જે ચિરકાળ સુધી ટકી રહી છે.

આ૦ જીવદેવસૂરિ વિહાર કરી ગયા અને ફરીવાર વાયડમાં પધાર્યા તેમણે પોતાનો મૃત્યુકાળ નજીકમાં જાણી એક શિષ્યને આચાર્ય પદવી આપી, સંભવતઃ તેનું નામ આ૦ જિનદત્તસૂરિ રાખ્યું, તેને ગચ્છની સારસંભાળ માટે યોગ્ય શિખામણ આપી અને ખાનગીમાં જણાવ્યું કે—પેલા દુષ્ટ યોગીને એક મહાપુરુષની ખોપરી મળી છે, તે બીજીની તપાસમાં છે, તે મારી ખોપરી મેળવવા પ્રયત્ન કરશે અને મારી ખોપરી મળે તો તે જૈન સંઘને ખૂબ હેરાન કરશે. આથી તમને ખાસ જણાવું છું કે—તમે મારા મરણ પછી મારા નિર્જીવ શરીર પર મમતા રાખશો નહીં, સ્નેહની

---

* આ૦ જીવદેવસૂરિની આ ગાયવાળી ઘટના, અજ્ઞાન લેખકોએ ખરતરગચ્છના આદ્ય આચાર્ય જિનદત્તસૂરિના નામે ચડાવી દીધી છે જે આ ચરિત્ર વાંચ્યા પછી સ્પષ્ટ સમજાય તેમ છે.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

દરકાર કરશો નહીં, તરત જ મારી ખોપરીના ભૂકેભૂકા કરી નાખજો, ભૂલશો નહીં. તમારે મારી આ આજ્ઞાનું કડક રીતે પાલન કરવાનું છે. જિનશાસનની રક્ષા માટે તમારે આ કામ અવશ્ય કરવાનું છે.

પછી આ૦ જીવદેવસૂરિએ ચારે આહારનો ત્યાગ કર્યો, અનશન સ્વીકાર્યું અને પંચપરમેષ્ઠીનું ધ્યાન કરતાં કરતાં પ્રાણનો ત્યાગ કર્યો. તેઓ મરીને વૈમાનિક દેવપણે ઉત્પન્ન થયા. નવા આચાર્યે ગુરુની આજ્ઞા પ્રમાણે ગુરુની ખોપરીની વ્યવસ્થા કરી.

મુનિઓએ ગુરુદેવની પાલખી ઉપાડી કે ત્યાં યોગી આવી પહોંચ્યો અને બોલ્યો, મને એ મહાયોગીના મુખનાં દર્શન કરાવો, નહીં તો હું અહીં માથું ફૂટીને મરી જઈશ અને એનું પાપ તમને લાગશે. આ સાંભળી મુનિઓએ પાલખી નીચે ઉતારી અને ગુરુજીનાં દર્શન કરાવ્યાં, યોગી ખંડિત ખોપરી જોઈને બોલ્યો કે—મારી પાસે વિક્રમ રાજાની ખોપરીનો એક ખંડ છે. આ આચાર્યની ખોપરીનો ખંડ મને મળ્યો હોત તો બન્નેને જોડી હું મોટો શક્તિશાળી બનત. પરંતુ નિર્ભાગીના મનોરથો ક્યાંથી સિદ્ધ થાય, અને ગુરુજી તો ગુરુજી છે. તેમણે પહેલેથી બધીય વ્યવસ્થા કરી લીધી છે, તેમણે જીવતાં જીવતાં મને ચાટ પાડ્યો અને મરતાં મરતાં પણ મને હાથ ઘસતો કરી મૂક્યો, હવે છેવટે તેમની સેવા થાય તો પણ સારું થાય. એટલે તેણે સંઘ પાસે પોતે આચાર્યનો અગ્નિસંસ્કાર કરવાની માગણી કરી અને લોકોની અનુમતિ મળતાં બહુ પ્રેમથી તેમનો અગ્નિસંસ્કાર કર્યો.

આ૦ જીવદેવસૂરિના **સમયનિર્ણય** માટે છૂટા-છવાયાં પ્રમાણો મળે છે, તે નીચે પ્રમાણે છે:—

૧. આ૦ પ્રભાચંદ્રસૂરિ લખે છે કે—

**संवत्सरे प्रवृत्ते स, षट्सु वर्षेषु पूर्वतः ।**
**गतेषु सप्तमस्यान्तःप्रतिष्ठां ध्वजकुम्भयोः ॥ ७४ ॥**
**श्रीजीवदेवसूरिभ्यस्तेभ्यस्तत्र व्यधापयत् ।**
**अद्याप्यभङ्गं तत्तीर्थं, अभूदृग्भिः प्रतिष्ठितम् ॥ ७५ ॥**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અવંતીના રાજા વિક્રમાદિત્યે પૃથ્વીને ઋણુરહિત કરી પોતાનો સંવત ચલાવ્યો, તેણે મહામંત્રી **લીંબાને** આ ભાગને ઋણુરહિત કરવા માટે **વાયડ** મોકલ્યો, મંત્રી લીંબાએ વિ. સં. ૭ માં ભ. મહાવીરસ્વામીના મંદિરનો જીર્ણોદ્ધાર કરી તેના કુંભ અને ધ્વજાદંડની પ્રતિષ્ઠા આ૦ જીવદેવસૂરિ પાસે કરાવી હતી. તેઓના મંત્ર-(દૃષ્ટિ)થી પ્રતિષ્ઠાપેલ એ તીર્થ આજે પણ જયવંત છે.

(પ્રભાવક ચરિત્ર, જીવદેવસૂરિ પ્રબંધ: શ્લો. ૭૧ થી ૭૫)

૨. આ૦ પ્રભાચંદ્રસૂરિ ફરી લખે છે કે—

**कान्यकुब्जमहीभर्तुर्महिता दुहिता ह्ययम् ।**
**स्वीये सुखादिके देशे, तिष्ठन्ती गूर्जराभिधे ॥ १२१ ॥**
**म्लेच्छभङ्गभयादत्र, कूपेऽहं न्यपतं तदा ॥ १२२ ॥**

હું કનોજની રાજકુમારી છું અને સુખડી રૂપે મળેલા ગુજરાતમાં રહું છું, મ્લેચ્છોના ડરથી હું કૂવામાં આવી પડી છું.

(પ્રભાવક ચરિત્ર, જીવદેવસૂરિ પ્રબંધ: શ્લો૦ ૧૨૧, ૧૨૨)

સંભવતઃ આ ઘટના વિ. સં. ૭૮૦ કે ૮૩૨માં બની છે, ત્યાર બાદ આ૦ જીવદેવસૂરિ થયા છે.

૩. મહાકવિ ધનપાલ મહાકવિઓની પંક્તિમાં આ૦ પાદલિપ્તસૂરિ પછી આ૦ જીવદેવને મૂકે છે:—

**प्राकृतेषु प्रबन्धेषु, रसनिष्यन्दिभिः पदैः ॥**
**राजन्ते जीवदेवस्य, वाचः पल्लविता इव ॥ २४ ॥**

આ૦ જીવદેવની વાણી પ્રાકૃત પ્રબંધોમાં છે, જે રસ ઝરતાં પદો વડે પલ્લવિત થઈ હોય એમ શોભે છે.

(વિ. સં. ૧૦૭૮ લગભગ, તિલકમંજરી)

એટલે મહાકવિ ધનપાલ પહેલાં આ૦ જીવદેવસૂરિ થયેલ છે

૪. શ્રીલક્ષ્મણગણિ આ૦ હરિભદ્રસૂરિ પછી આ૦ જીવદેવની સ્તુતિ કરે છે:—

**मंदारमंजरिं पि वं, सुरा वि लवणायर्य लयं णिति ।**
**पागयपबंधकइणो, वाणि सिरिजीवदेवस्स ॥ ११ ॥**

जैन साईट JAINSITE जैनम् जयति शासनम्
www.jainsite.com　For Private & Personal Use Only　info@jainsite.com

દેવો પણ પ્રાકૃત પ્રબંધોના કવિ આ૦ જીવદેવસૂરિની વાણીને કલ્પવૃક્ષની મંજરીની પેઠે નિરંતર કાને ધારણ કરે છે.

( સુપાસનાહચરિયં, સં. ૧૧૯૯ મ. શુ. ૧૦ ગુરુ, માંડલ )

આ દરેક પ્રમાણોથી નક્કી થાય છે કે, આ૦ જીવદેવસૂરિ વિ૦ સં૦ ૮૩૨ અને વિ. સં. ૧૦૫૦ ના વચગાળામાં થયા હશે. અમે પણ એ જ કારણે તેમને વિક્રમની દશમી સદીમાં મૂક્યા છે.

આચાર્યશ્રીએ પ્રાકૃતમાં સુંદર પ્રબન્ધો બનાવ્યા છે, એ પણ ઉપરના પ્રમાણોથી માની શકાય છે. આજે એ પ્રબંધો ઉપલબ્ધ નથી.

**ભાવાચાર્યગચ્છ પટ્ટાવલી:—**

કાલિકાચાર્યગચ્છનું વીરની પાંચમી સદીમાં **ષાંડિલ્યગચ્છ** અને વિક્રમની દશમી શતાબ્દીમાં **ભાવાચાર્યગચ્છ** એવું નામ પડયું છે. ભાવાચાર્યગચ્છ, ભાવદેવાચાર્યગચ્છ, ભાવડાગચ્છ, ભાવડારગચ્છ અને ભાવડહારગચ્છ ઇત્યાદિ નામથી પ્રખ્યાત છે. તેની પટ્ટાવલી આ પ્રમાણે છે: (જુઓ પૃ૦ ૨૨૮)

(૧) **આચાર્ય ભાવદેવસૂરિ**—તેઓ આ૦ કાલકસૂરિના સંતાનીય અને ષાંડિલ્યગચ્છના આચાર્ય હતા, મહાન ત્યાગી હતા. નીરસ આહાર લેતા હતા. તેમનાથી ભાવાચાર્યગચ્છ શરૂ થયો. તેમણે વિ. સં ૯૧૨ માં **પરમાગામ**ના માધુદેવ આદિને ઉપદેશી જૈન બનાવી તેનું 'બાંઠિયા' ગોત્ર સ્થાપ્યું. સં. ૧૩૪૦ માં બાંઠિયા રત્નાશાહથી 'કવાડ' શાખા નીકળી છે, અને સં. ૧૬૩૧ માં મેડતાના બાંઠિયા શાહજીથી 'શાહ' શાખા નીકળી. તેના નાના ભાઈ હરખાજીથી **હરખાવત** શાખા નીકળી. શાહજી અને હરખાવતજી પૂ૦ **શ્રીઆનંદઘનજી** મહારાજના પરમ ઉપાસકો હતા. તે તપગચ્છને માનતા હતા. આજે મેડતાના **હરખાવત** શેઠ **રૂપધનજી** અજમેરમાં વિદ્યમાન છે. તેઓ તપગચ્છના શ્રાવક છે.

( ૨ ) **વિજયસિંહસૂરિ**—તેઓ બહુ શાંત પ્રકૃતિના હતા.

( ૩ ) **વીરસૂરિ**—તેઓ ઘણા વિદ્વાન હતા.

( ૪ ) **જિનદેવસૂરિ**—

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(૫) ભાવદેવસૂરિ—

(૬) વિજયસિંહસૂરિ—તેઓ સમર્થ વાદી હતા.

(૭) **વીરસૂરિ**—તેઓ આચાર્ય વિજયસિંહસૂરિના શિષ્ય હતા, સમર્થ વિદ્વાન હતા, વિશેષતઃ પાટણમાં રહેતા હતા. એકવાર ગૂર્જરેશ્વર રાજા **સિદ્ધરાજ જયસિંહે** તેમને મશ્કરીની ઢબે સંભળાવ્યું કે—'મહારાજ, તમારી મોટાઈ તો રાજ્યાશ્રયથી જ છે.' આચાર્યશ્રીએ શાંતભાવે ઉત્તર આપ્યો કે—'મનુષ્ય તેના પોતાના **ભાગ્યથી** જ મોટો થાય છે, જો રાજ્યાશ્રયથી જ મોટા થવાતું હોય તો કૂતરો રાજ્યાશ્રયથી સિંહ કેમ બનતો નથી?' રાજાએ અભિમાનમાં આવી ઉદ્ધતાઈથી ફેંક્યું—'એ તો ગુજરાત બહાર જાઓ ત્યારે ખબર પડે ' બસ; આચાર્યશ્રીએ, રાજાની રજા મળી ગઈ છે એમ માની બહાર જવાનો નિર્ણય કર્યો. સિદ્ધરાજને પછી પોતાની ભૂલ સમજાઈ, એટલે તેણે વીરસૂરિ પાટણ બહાર ન જાય તેવી પાકી ચોકી ગોઠવી દીધી. આચાર્યશ્રીએ તો બીજે દિવસે સવારે જ ત્યાંથી વિહાર કર્યો. થોડા સમયમાં **પાલી** જઈ પહોંચ્યા. સિદ્ધરાજને પાલીના બ્રાહ્મણો મારફત આ ખબર પડી, ત્યારે તેને વિચાર થયો કે—'આ તો સિદ્ધપુરુષ છે, એટલે યોગબળથી ઊડીને પાલી ગયા છે. મારા રાજ્યમાં આવા પુરુષો હોય તો જ હું સાચો સિદ્ધરાજ, નહિ તો સિદ્ધરાજ શાનો? સિદ્ધરાજે તરત જ માણસો મોકલી આચાર્યશ્રીને પાટણ પધારવા વિનંતિ કરી પરંતુ આચાર્યશ્રીએ તે તરફ લક્ષ્ય આપ્યું નહિ. તેઓ ત્યાંથી વિહાર કરી મહાબોધપુર અને ગ્વાલિયર થઈ નાગોર પધાર્યા. સિદ્ધરાજે ત્યાં માણસો મોકલી તેમને બીજી વાર વિનતિ કરી. એટલે તેમણે પાટણ તરફ વિહાર કર્યો. **આરૂપમાં** પધાર્યા એટલે સિદ્ધરાજ ત્યાં ગયો અને વિનતિ કરી મહામહોત્સવથી પાટણ લઈ આવ્યો. એક દિવસ પાટણમાં સાંખ્યમતનો વાદી સિંહ વાદ કરવા આવ્યો હતો. આ૦ વીરસૂરિએ 'મત્તમયૂર' છંદમાં અપહ્નુતિ અને અલંકારયુક્ત પૂર્વપક્ષ સ્થાપ્યો અને વાદી સિંહને જીતી **જયપત્ર** મેળવ્યું. સિદ્ધરાજ માળવા ઉપર ચઢાઈ લઈ ગયો ત્યારે તેને **આ૦** વીરસૂરિના શ્લોકના શકુન થયા હતા અને વિજય મળ્યો હતો.

www.jainsite.com  For Private & Personal Use Only  info@jainsite.com

આથી તેણે સંતેજના ભાવડાગચ્છના જિનાલયોમાં **બલાનક** ઉપર **પતાકા** ચઢાવવાનું શરૂ કરાવ્યું હતું. વળી, આ આચાર્યે સિદ્ધરાજની સભામાં દિગમ્બરાચાર્ય કમલકીર્તિને પણ હરાવ્યો હતો.

આ આચાર્યના કલાગુરુ આ. ગોવિંદસિંહસૂરિ હતા કે જેઓ કર્ણરાજના બાલમિત્ર હતા અને સમર્થ વિદ્વાન હતા. આ રીતે આ૦ વીરસૂરિજી મહાન યોગી અને સમર્થવાદી આચાર્ય થયા છે.

(૮) આ૦ જિનદેવસૂરિ—

(૯) યશોભદ્રસૂરિ—

(૧૦) ભાવદેવસૂરિ—તેમણે સં. ૧૩૧૨ માં પાટણમાં 'પાર્શ્વનાથચરિત્ર (કાવ્ય), યતિદિનચર્યા અને કાલકસૂરિકહા' બનાવ્યાં છે.

(૧૧) વિજયસિંહસૂરિ—

(૧૨) વિજયવીરસૂરિ—

(૧૩) જિનદેવસૂરિ—તેમણે વિ. સં. ૧૪૨૯ માં ગુરુમૂર્તિની પ્રતિષ્ઠા કરાવેલ છે, જે મૂર્તિ **પાટણના** અષ્ટાપદજીના દેરાસરમાં વિરાજમાન છે; તેમાં આ પ્રમાણે શિલાલેખ છે:—

**सं. १४२९ वर्षे माघ वदि ०)) सोमे श्रीकालिकाचार्यसंताने श्रीभावदेवाचार्यगच्छे श्रीविजयसिंहसूरि पट्टालंकारश्रीवीरसूरीणां मूर्तिः श्रीजिनदेवसूरि प्र०।**

(૧૪) યશોભદ્રસૂરિ—

(૧૫) ભાવદેવસૂરિ—

(૧૬) વિજયસિંહસૂરિ—

(૧૭) મુનિ હર્ષમૂર્તિ—તેમણે સં. ૧૫૬૬ માં 'ચંદ્રલેખા ચોપાઈ' તથા 'પદ્માવતી ચોપાઈ' રચ્યાં છે.

## આ૦ વિજયસિંહસૂરિ :

તેઓ આ૦ ખપુટાચાર્યના વંશમાં થયેલ છે. તેમણે ગિરનાર તીર્થ પર ભ૦ નેમિનાથની '**नेमिः सामाहितधियां०** શ્લો૦ ૪' સ્તુતિ કરી. આથી અંબિકાદેવીએ પ્રસન્ન થઈ ચિંતિત કાર્ય કરનાર **ગુટિકા**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આપી હતી. તેમણે ભરૂચમાં ભ૦ મુનિસુવ્રતસ્વામીના દેરાસરનો જીર્ણોદ્ધાર કરાવી **કાષ્ઠપ્રાસાદ** બનાવ્યો હતો, તેમની પરંપરામાં ઘણા આ૦ વિજયસિંહસૂરિ થયા છે. એક આ૦ વિજયસિંહ ભરૂચમાં વિદ્યમાન હતા ત્યારે સં. ૧૨૧૬ માં ગુજરાતના મંત્રીશ્વર **આંબડે** ઉક્ત દેરાસરનો ફરીવાર જીર્ણોદ્ધાર કરાવ્યો હતો. **નેમિઃ સમાહિતચિયાં૦** ની સં. ૧૧૬૧ માં લખાયેલી પ્રત મળે છે.

## આ૦ વિજયસિંહસૂરિ :

નાઈલિકુલના આ૦ સમુદ્રસૂરિના હસ્તદીક્ષિત પટ્ટધર આ૦ વિજયસિંહસૂરિ થયા છે. તેમણે વિ. સં. ૯૭૫ માં 'ભુવનસુંદરીકહા' ગ્રં૦ ૮૯૧૧ બનાવી છે.

## આ૦ મહેશ્વરસૂરિ :

ઉપાધ્યાય સજ્જનના શિષ્ય આ૦ મહેશ્વર થયા છે. તેમણે **નાણપંચમીકહા** બનાવી છે, જેની સં. ૧૦૦૯ માં લખેલી પ્રત મળે છે. આ કહાની દશમી કથા ઉપરથી દિગમ્બર પંડિત ધનપાલે વિક્રમની બારમી સદીમાં 'ભવિસ્સયત્તકહા' બનાવી છે.*

ઉ૦ સજ્જનના એક શિષ્યે 'પુષ્ફચૂઈ કહા' બનાવી છે. આ કથામાં આ૦ **અભયદેવસૂરિને** યુગપ્રધાન અને પોતાના **શ્રુતગુરુ** તરીકે ઓળખાવી નમસ્કાર કર્યો છે. સંભવ છે કે આ રચના પણ આ૦ મહેશ્વરસૂરિની હશે. એ જ રીતે 'સંજમમંજરી' પણ તેમની હોય એવો સંભવ છે.

---

* આ. મહેશ્વરસૂરિ ઘણા થયા છે. તે આ પ્રમાણે—

(૧) ઉ. સજ્જનના શિષ્ય. (૨) સંજમમંજરીના કર્તા. (૩) આ૦ વાદિદેવસૂરિના શિષ્ય, તેમણે આ૦ મુનિચંદ્રસૂરિની 'પક્ખિસત્તરિ'ની ટીકા રચી. (૪) પલ્લીવાલગચ્છના આચાર્ય, તેમણે 'કાલકકહા' ગા. ૫૨, રચી. ચૌદમી સદી. (૫) 'વિચાર રસાયન' ગા. ૫૭ ના કર્તા; સં. ૧૫૭૩ (૬) દેવાનંદગચ્છના આચાર્ય, સં. ૧૬૩૯ પહેલાં, (૭) આ૦ વર્ધમાનસૂરિના શિષ્ય, તેમણે 'સિદ્ધાંત સારોદ્ધાર પ્રકરણ' ગા. ૧૨૩ બનાવ્યું. (જૈન સત્યપ્રકાશ : ક્ર૦ ૧૭૪)

કવિમહેશ્વર અજૈન થયા છે, તેણે શબ્દપ્રભેદ–શબ્દભેદ વિશ્વકોષની રચના કરી છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**આ૦ વિજયસેનસૂરિ :**

તેઓ 'ભક્તામર સ્તોત્ર'ના નિરંતર પાઠી હતા, તેમના ૨૦ મા શ્લોકના જાપથી **ચક્રેશ્વરી દેવીએ** પ્રત્યક્ષ થઈ દરેક પ્રશ્નોના સાચા ઉત્તર આપવાની શક્તિનું **વરદાન** આપ્યું હતું. તેમણે એકવાર **નાગોરના** રાજા **મહીપતિ***એ પૂછવાથી તેને ૧૨ દિવસની ભવિષ્યવાણી કહી સંભળાવી. જો કે તેના રાજપંડિતો અને રાજ-જ્યોતિષીઓએ જોરદાર વિરોધ કર્યો પરંતુ એ ભવિષ્યવાણી સર્વ રીતે સાચી નીવડી ત્યારે તે સર્વે ભોંઠા પડ્યા. પછી તો રાજા અને પંડિતો વગેરે આચાર્યશ્રી પાસે ગયા, તેમના પગમાં પડ્યા અને તેમની સામે બેઠા. આચાર્યશ્રીએ તેઓ ઉપર આશીર્વાદ વરસાવ્યો કે—

**आधारो यस्त्रिलोक्या जलधिजलधरार्केन्दवो यन्नियोज्या,**
**भुञ्जन्ते यत्प्रसादात्सुरसुरनराधीश्वरैः सम्पदस्ताः ॥**
**आदेश्या यस्य चिन्तामणिसुरसुरभीकल्पवृक्षादयस्ते,**
**श्रीमान् जैनेन्द्रधर्मः किसलयतु स वः शाश्वतीं शर्मलक्ष्मीम् ॥**

રાજા મહીપતિએ ઉપદેશ સાંભળ્યો. તેણે ઘણાં જિનાલયો સ્થાપ્યાં અને વિવિધ રીતે જૈનધર્મની પ્રભાવના કરી હતી.

('ભક્તામરસ્તોત્ર' શ્લો. ૨૦ ની આ૦ ગુણાકરકૃત વિવૃતિ)

**આ૦ કમલદેવસૂરિ :**

તેઓ વિક્રમની દશમી સદીના પ્રારંભમાં વિદ્યમાન હતા, તેમના શિષ્ય **દેવે** શાકે ૭૮૪ વિ. સં. ૯૧૯ આ. શુ ૧૪ ગુરુવારે ઉત્તરાભાદ્રપદ નક્ષત્રમાં પડિહાર વંશના રાજા **મિહિરભોજના** મહાસામંત **વિષ્ણુરાજના** રાજ્યમાં લુઅત્થગિરિ (લુઠારા) ગામમાં ભગવાનશ્રી **શાંતિનાથના** દેરાસર પાસે એક **સ્તંભ** ઊભો કરાવ્યો હતો જેને **ગોઠી** વાજુઆ ગગાકે ઘડ્યો હતો.

(એપિગ્રાફિકા ઇંડિકા વૉ. ૪ પૃ. ૩૧૦)

અહીં લુઅત્થગિરિ ગામ સૂચવ્યું છે તે લુઠારા ગામ હોય તો તે સમયે ભોજનું રાજ્ય તે પ્રદેશમાં હતું, એ સહેજે માની શકાય તેમ છે.

---

* રાજા મહીપાલ પડિહાર વંશમાં થયો છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**આ૦ જયસિંહસૂરિ:**

તેઓ કૃષ્ણર્ષિગચ્છના આચાર્ય છે તેમણે વિ. સં. ૯૧૫ માં 'ધમ્મોવએસમાલા' બનાવી છે. (જુઓ. પૃ. ૫૧૯)

**જયેષ્ઠાચાર્ય શ્રીવત્સ, જયેષ્ઠાર્ય બલદેવ:**

આ૦ ઉદ્દ્યોતનસૂરિને મુનિ શ્રીવત્સ અને મુનિ બલદેવ નામના શિષ્યો હતા, તેઓ જૈનધર્મમાં ખૂબ વાત્સલ્યવાળા હતા. તે બન્નેને **જયેષ્ઠાર્ય** પદવી આપવામાં આવી, આથી તેઓએ મોક્ષ મેળવવા માટે પરમભક્તિ વડે સં. ૯૩૭ ના અષાડ મહિનાના પહેલા પખવાડિયામાં ભ૦ **આદિનાથજી**ની તોરણથી શોભતી **પ્રતિમા** કરાવી. આ પ્રતિમા આજે **ઘાંઘાણી** તીર્થમાં તલાવ પાસેના પ્રાચીન દેરાસરમાં વિરાજમાન છે.

(જૈન સત્યપ્રકાશ, ક્ર. ૭૫, પૃ. ૨૧૮)

**આ૦ કોટ્યાચાર્ય:**

યુગપ્રધાન આ૦ જિનભદ્રગણિ ક્ષમાશ્રમણે પોતાના 'વિશેષાવશ્યક મહાભાષ્ય' ઉપર સ્વોપજ્ઞ ટીકા બનાવી છે; જે અધૂરી રહી હતી, તેમના શિષ્ય મનાતા **કોટ્યાર્ય** મહત્તરે તેને પૂરી કરી છે. આ વાત આપણે આગળ બતાવી ગયા છીએ. (જુઓ. પૃ. ૪૫૭)

બીજા **કોટ્યાર્ય** વિ. સં. ૯૦૦ ની આસપાસમાં થયા છે. તેમણે 'વિશેષાવશ્યક-મહાભાષ્ય'ની ઉક્ત મૂળ ટીકાના આધારે **સંસ્કૃત ટીકા** ગ્રં. ૧૩૭૦૦ બનાવેલ છે.

આ બન્ને ટીકાઓ આજે વિદ્યમાન છે.

**આ૦ શીલાંકસૂરિ:**

આ આચાર્યનાં વિમલમતિ, શીલાચાર્ય, શીલાંકસૂરિ, તત્ત્વાદિત્ય વગેરે નામો છે. તેઓ **નિર્વૃતિ**ગચ્છના આ૦ **માનદેવ**સૂરિના શિષ્ય હતા. તેમને ગુજરાતના રાજાઓ બહુ માનતા હતા. તેમણે વિ. સં. ૯૨૫માં 'ચઉવન્નમહાપુરિસચરિયં' ગા૦ ૧૨૫૦૦, શાકે ૮૯૮ (વિ. સં. ૯૩૩)માં 'આચારાંગસૂત્રની' ટીકા, ગ્રં૦ ૧૨૩૦૦, 'સૂત્રકૃતાંગ' સૂત્રની ટીકા ગ્રં૦ ૧૩૩૨૫, 'ભગવતીસૂત્ર'ની ટીકા અને



जैन साईट JAINSITE
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

'જીવસમાસ'ની વૃત્તિ વગેરે ગ્રંથો બનાવ્યા છે. તેમણે આ દરેક ગ્રંથો **ગાંભૂમાં** બનાવ્યા છે. 'ચઉવન્નમહાપુરિસચરિય'માં વિમલમતિ, 'આચારાંગ ટીકા'માં શીલાંકાચાર્ય, તત્ત્વાદિત્ય, અને 'સૂત્રકૃતાંગ'માં શીલાચાર્ય નામ આપ્યાં છે. ત્રીજી સૂત્રટીકા ઉપલબ્ધ નથી. ઉપલબ્ધ બન્ને ટીકાઓમાં તેમને **વાહરિ** ગણિએ સહાય કરી છે. અંગો ઉપર ન્યાયશૈલીની ટીકા રચનારાઓમાં શીલાંકાચાર્ય સૌથી પહેલા છે. એક એવો પ્રવાદ છે કે–બીજા કોટયાચાર્ય અને શીલાંકાચાર્ય એ બન્ને એક જ છે, આ પ્રવાદ સાચો હોય તો તેમણે જ 'વિશેષાવશ્યક–ભાષ્ય'ની ટીકા ગ્રં. ૧૩૭૦૦ રચી છે, એમ નક્કી થાય છે.

જો કે 'પ્રભાવક ચરિત્ર'માંના આ૦ અભયદેવસૂરિ ચરિત્રમાં આ૦ શીલાંકે **૧૧ અંગો** ઉપર ટીકા કર્યાનો ઉલ્લેખ છે, પરંતુ આ૦ અભયદેવસૂરિ જ એવું જણાવે છે કે–"આ સૂત્રની ટીકા બની નથી." આ૦ જિનવલ્લભ પણ 'અષ્ટસપ્તતિકા'માં એમ જ જણાવે છે. એટલે તેમણે ૧૧ અંગોની ટીકા રચી હોય એમ માની શકાતું નથી.

જૈન સાઈટ JAINSITE.com જયતુ જિન શાસનમ્

રાજા વનરાજના ગુરુ આ૦ શીલગુણસૂરિ, હરિલવંશના આચાર્ય વટેશ્વર ક્ષમાશ્રમણના શિષ્ય આ૦ તત્ત્વાચાર્ય, અને આ૦ જિનભદ્ર ગણિ ક્ષમાશ્રમણોના શિષ્ય ગણાતા કોટયાર્ય મહત્તર આ આચાર્યથી જુદા છે.

**આ૦ સિદ્ધર્ષિ :**

સિદ્ધર્ષિ એ વિક્રમની દશમી સદીના પ્રકાંડ વિદ્વાન, અજોડ વ્યાખ્યાતા, અને સમર્થ ગ્રંથકાર થયા છે. તેમની ગુરુપરંપરા આ પ્રમાણે છે.

૧. **સૂરાચાર્ય**—તે લાટદેશના હતા અને નિર્વૃત્તિકુલના આચાર્ય હતા. દ્રોણાચાર્યના શિષ્ય સૂરાચાર્ય તે આ આચાર્યથી ભિન્ન સમજવા.

૨. **દેલ્લમહત્તર**—તેઓ જ્યોતિષશાસ્ત્ર અને નિમિત્ત–શાસ્ત્રના સંપૂર્ણ જ્ઞાતા હતા. સંભવતઃ તેમના ગુરુભાઈ **ગર્ગર્ષિ** હતા.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આ **ગર્ગર્ષિ** કર્મવિપાકવિચાર અને જ્યોતિષશાસ્ત્રના અજોડ વિદ્વાન હતા, તેમણે કર્મવિપાક યાને પ્રાચીન ચાર 'કર્મગ્રંથ' તથા 'ગર્ગપાશકાવલી' બનાવ્યાં છે. તેમણે જ દુર્ગસ્વામી તથા સિદ્ધર્ષિને દીક્ષા આપી છે.

૩. **દુર્ગસ્વામી**—તે અસલમાં ઉત્તમ વર્ગના **બ્રાહ્મણ** હતા, ધનવાન હતા, અને આબરૂદાર ગૃહસ્થ હતા. તેમણે વૈરાગ્યથી જૈન દીક્ષા સ્વીકારી હતી અને ભિન્નમાલમાં સ્વર્ગે ગયા હતા. તેમણે 'અર્ઘકાંડ'ની રચના કરી છે. (?)

૪. **આ૦ સિદ્ધર્ષિ**—તેઓ દુર્ગસ્વામીના શિષ્ય હતા. આ૦ ગર્ગર્ષિએ તેમને દીક્ષા આપી હતી. તેમની જીવનઘટના નીચે પ્રમાણે છે.

તેમના પિતાનું નામ શેઠ **શુભંકર**, માતાનું નામ **લક્ષ્મી**, તેમનું નામ **સિદ્ધ**, અને પત્નીનું નામ **ધન્યા** હતું. તેમનો ભિન્નમાલ નગરમાં અને કવિ માઘનો જે **વંશ** છે, તે જ વંશમાં જન્મ થયો હતો.

સિદ્ધને ધીમે ધીમે જુગારનું વ્યસન લાગુ પડયું, પરિણામે તે અર્ધી રાત સુધી પોતાને ઘરે આવતો ન હતો અને તેની પત્ની ધન્યા તે ન આવે ત્યાં સુધી તેની રાહ જોતી ઉજાગરો કરી બેસી રહેતી હતી. ધન્યાને પણ રાતે ઉજાગરો થાય એટલે દિવસે ઊંઘ આવે, અને ઘરકામમાં ગડબડ થાય. એકવાર લક્ષ્મી શેઠાણીને ધન્યાને આમ થવાનું કારણ પૂછતાં **સિદ્ધ** રાતે મોડો આવે છે, તેથી પુત્રવધૂની આ વલે થઈ છે; એમ સમજતાં વાર લાગી નહીં. તેણે ધન્યાને તરત જ કહ્યું કે—વહુ બેટા! તમે આજે સૂઈ જાઓ. હું રાતે જાગીશ અને તેની સાન ઠેકાણે લાવીશ. બસ, રાતે ધન્યા સૂઈ ગઈ અને માતા પુત્રની રાહ જોતી બેઠી. અર્ધી રાત જતાં સિદ્ધે આવી હંમેશની આદત પ્રમાણે બારણાં ખખડાવ્યાં, માતા લક્ષ્મીએ તરત જ ઠપકો આપતાં કહ્યું કે—જેનો દરવાજો ઉઘાડો હોય ત્યાં જા.

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સિદ્ધ ભિન્નમાલમાં ફરવા લાગ્યો. તેણે એક પછી એક ઘર જોયું તો દરેક ઘરના દરવાજા બંધ હતા. ચાલતાં ચાલતાં તેણે દૂરથી એક મકાનના દરવાજા ઉઘાડા જોયા. તેને માટે આ એક આશાનું કિરણ હતું. તેણે તે મકાનમાં પ્રવેશ કર્યો. આ મકાન તે જૈન મુનિઓનો **ઉપાશ્રય** હતો. ત્યાં ચોરી કરવા જેવું કંઈ હોતું નથી, એટલે તેના દરવાજા બંધ કરવાની અગત્ય રહેતી નથી. સિદ્ધે ત્યાં રાત વિતાવી. સવારે તેણે ત્યાં બિરાજમાન આચાર્ય મહારાજ પાસે જઈ—"મારો શિષ્ય તરીકે સ્વીકાર કરો" એમ **દીક્ષાની** માગણી કરી. આચાર્ય મહારાજે તેનું વાસ્તવિક સ્વરૂપ જાણી, પ્રથમ સાધુમાર્ગની કઠોરતાનો પરિચય કરાવ્યો અને પછી શાંતભાવે કહ્યું કે–મહાનુભાવ! તું તારા માબાપની રજા લઈ આવ, પછી તને દીક્ષા આપીશું.

આ તરફથી શુભંકર શેઠ સિદ્ધને શોધતો શોધતો ઉપાશ્રયે આવી ઊભો અને સિદ્ધને ઘરે લઈ જવા માટે સમજાવવા લાગ્યો. પુત્રે પિતાને 'પોતાની દીક્ષા લેવાની ભાવના છે' એમ જણાવ્યું. પિતાએ ઘણી આનાકાની કર્યા પછી પુત્રનો અત્યંત આગ્રહ જોઈ તેને દીક્ષા લેવાની **રજા** આપી અને સિદ્ધ જૈન સાધુ બની **સિદ્ધર્ષિ** તરીકે જાહેર થયો.

સિદ્ધર્ષિએ પ્રથમ જૈન દર્શનનો અભ્યાસ કર્યો, પછી ગુરુજીની મના હોવા છતાં બૌદ્ધદર્શનના અધ્યયન માટે **મહાબોધનગર** જવાનું નક્કી કર્યું પરંતુ જતી વખતે ગુરુજીએ તેમની પાસેથી એવું વચન લીધું કે—"ત્યાં ગયા પછી મતિભ્રમથી બૌદ્ધ થવાનું મન થાય તો તેણે એકવાર અહીં આવી મળી જવું." સિદ્ધર્ષિએ આ વચન આપી, ગુપ્તવેશે મહાબોધનગરમાં જઈ બૌદ્ધ સાહિત્યનું અધ્યયન શરૂ કર્યું. ત્યાં તેને ધીમે ધીમે કલ્પનાના વમળો આવવા લાગ્યાં. બૌદ્ધાચાર્યોએ તેને બૌદ્ધ થવા સમજાવ્યું. સિદ્ધર્ષિને એ વાત ગળે ઊતરી એટલે તે પોતાનું વચન પાળવા દુર્ગસ્વામી પાસે આવ્યા. ગુરુજીએ તેને સમજાવીને સ્થિર કર્યા. કોઈ કોઈ ગ્રંથના ઉલ્લેખ પ્રમાણે તો સિદ્ધર્ષિ કલ્પનાનાં વમળોમાં અટવાઈ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૨૧ વાર બૌદ્ધ સાધુ પાસે જઈ ગુરુ પાસે આવ્યા છે. ગુરુજીએ તેની પરિસ્થિતિને સમજી જઈ યાકિનીમહત્તરાસૂનુ આ૦ હરિભદ્રસૂરિની ચૈત્યવંદન ઉપરની **લલિતવિસ્તરા**વૃત્તિ તેમને વાંચવા આપી. સિદ્ધર્ષિનાં તો તે વાંચતાં જ જ્ઞાનચક્ષુ ઊઘડી ગયાં. તેનો મતિભ્રમ ઊડી ગયો તેઓ તરત જ ગુરુચરણે નમી, પશ્ચાત્તાપનાં આંસુ સારવા લાગ્યા અને શુદ્ધ થઈ જૈનધર્મમાં **સ્થિર** થયા. ગુરુજીએ તેની યોગ્યતા જોઈ તેને આચાર્યપદથી વિભૂષિત કર્યા અને પોતે અનશન લઈ સ્વર્ગગમન કર્યું.

આ તરફ આ૦ સિદ્ધર્ષિએ ગ્રંથો વડે જીવોને ઉપકાર થાય છે; એ પોતાના અનુભવથી નક્કી કરી ગ્રંથસૃષ્ટિ કરવા તરફ લક્ષ આપ્યું. તેમણે નીચે પ્રમાણે ગ્રંથો બનાવ્યા છે.

તેમણે વિ. સં. ૯૬૨ જેઠ શુ. ૫ ગુરુવારે પુનર્વસુ નક્ષત્રમાં ભિન્નમાલમાં **ઉપમિતિભવપ્રપંચા કથા**, શાકે (શુ. સં.) ૫૯૮ વિ. સં. ૯૭૩માં **ચંદ્રકેવલિ** ચરિત્ર, ઉપદેશમાલા **લઘુવૃત્તિ**, ઉપદેશમાલાની બૃહદ્‌વૃત્તિ, ન્યાયાવતારવૃત્તિ વગેરે બનાવ્યાં છે.

સૂરિજીએ 'ઉપમિતિભવપ્રપંચા'માં સંસારી જીવ કઈ રીતે સત્ય ધર્મને પામી ઊંચે ચડે છે, એ બતાવવા માટે પોતાને જ આગળ ધરી પ્રસ્તાવનાની **પીઠિકા** બાંધી છે અને પછી પોતાનો જાતઅનુભવ જણાવ્યો છે. આ રૂપક ગ્રંથ છે. ભારતીય સાહિત્યમાં જ નહિ કિન્તુ વિશ્વ સાહિત્યમાં આ પહેલો જ **રૂપક ગ્રંથ** છે. સાહિત્યમાં આનું મૂલ્યાંકન વધુમાં વધુ આંકી શકાય. ડૉ. હર્મન **જેકોબી** મુક્તકંઠે કહે છે કે:—

I did find Something, still more Important, the great literary value of the U. Katha and the fact that It is the first alegorical work in Indian literature'

(બિબ્લીઓથેકા ઈંડિકામાં પ્રકાશિત ઉપમિતિભવપ્રપંચાકથાની અંગ્રેજી પ્રસ્તાવના)

www.jainsite.com　　For Private & Personal Use Only　　info@jainsite.com

આચાર્ય દુર્ગસ્વામીની શિષ્યા **સાધ્વી ગણાએ** આ ગ્રંથની પહેલી પ્રત લખી છે. આ ગ્રંથે આ૦ સિદ્ધર્ષિને સાહિત્ય જગતમાં અમર બનાવ્યા છે.

ઉપદેશમાલા વૃત્તિને અંતે પ્રશસ્તિ છે કે :—

**कृतिरियं जिन जैमिनि–कणभुक्–सौगतादिदर्शनवेदिनः।**
**सकलग्रन्थार्थनिपुणस्य श्रीसिद्धर्षेर्महाचार्यस्येति ॥**

એટલે સ્યાદ્વાદ, મીમાંસા, વૈશેષિક, સાંખ્ય અને બૌદ્ધ વગેરે દર્શનોના જાણનારા, સકલ ગ્રંથોના અર્થમાં નિપુણ, **મહાચાર્ય** સિદ્ધર્ષિએ આ વૃત્તિ બનાવી છે. આ૦ **વર્ધમાન**સૂરિએ આ વૃત્તિ ઉપર કથાઓ લખી છે અને આ૦ **રત્નપ્રભે** આ વૃત્તિના ગાથાર્થને સ્વીકારી સં. ૧૨૩૮માં નવી 'ઉપદેશમાળા વૃત્તિ' બનાવી છે. આ૦ રત્નપ્રભસૂરિએ આ૦ સિદ્ધર્ષિને તેમાં **व्याख्यातृचूडामणि** તરીકે નવાજ્યા છે.

એકંદરે આ૦ સિદ્ધર્ષિ વિક્રમની દશમી સદીના સકલ ગ્રંથ-વિશારદ, સમર્થ સાહિત્યસ્રષ્ટા અને અજોડ દાર્શનિક આચાર્ય છે.

'દ્વાદશારનયચક્ર'ની વૃત્તિ અને 'સિદ્ધયોગમાલા'ની વૃત્તિ પણ આ૦ સિદ્ધર્ષિની રચનાઓ છે પરંતુ તે સિદ્ધર્ષિ કયા? તેનો નિર્ણય થયો નથી.

**આ૦ પ્રદ્યુમ્નસૂરિ: આ૦ અભયદેવસૂરિ:** આ આચાર્યોનો પરિચય **રાજગચ્છ**પટ્ટાવળીમાં આવી ગયો છે. આ આચાર્યોએ ચિતોડની રાજસભામાં દિગમ્બર આચાર્યને જીતી પોતાનો શિષ્ય બનાવ્યો હતો જે નિમિત્તે ત્યાં **વિજયસ્તંભ** ઊભો કરવામાં આવ્યો છે જે આજે પણ વિદ્યમાન છે.

આ૦ અભયદેવસૂરિએ 'વાદમહાર્ણવ' ગ્રંથ બનાવ્યો છે. તેમના શિષ્ય ધનેશ્વરસૂરિ પણ **મુંજરાજાના** ગુરુ હતા. (પૃ. ૫૦૬)

**આ૦ નન્નસૂરિ**—આ આચાર્યને ચિતોડનો રાજા અલ્લટ ગુરુ તરીકે માનતો હતો. તેમની આજ્ઞાથી આ૦ **જિનયશે** પોતાનું 'પ્રમાણશાસ્ત્ર' ચિત્તોડની રાજસભામાં વાંચી સાંભળાવ્યું હતું.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આ આચાર્ય મોઢેરગચ્છના, કોરંટકગચ્છના, મલ્લવાદી ગચ્છના, કે કયા ગચ્છના હતા? તે તથા તેમના સંબંધી બીજો કોઈ ઉલ્લેખ મળતો નથી.

## આ૦ મલ્લવાદી ( બીજા ):

આ૦ મલ્લવાદી, આ૦ જિનયશ, આ૦ યક્ષ* એ ત્રણે ભાઈ ઓ છે. વિક્રમની દશમી સદીના મલ્લવાદીગચ્છના આચાર્યો છે. તેઓનો પરિચય પ્ર. ૨૩માં આવી ગયો છે. ( જુઓ. પૃ. ૩૮૦)

આ૦ ગુણાકરસૂરિ લખે છે કે, આ૦ મલ્લવાદીજી 'ભક્તામર સ્તોત્ર'ના પાઠી હતા, તેમના ચરણના પ્રક્ષાલનજળથી અયોધ્યાના રાજાને વ્યંતરની પીડા દૂર થઈ હતી.

( ભક્તામર સ્તોત્ર શ્લો. ૧૫ની વિવૃતિ )

## આ૦ પાર્શ્વસૂરિ

આ૦ યક્ષદેવસૂરિ સિદ્ધાંતના પૂરા જ્ઞાતા હતા. તેમના શિષ્ય આ૦ પાર્શ્વસૂરિએ શક સં. ૮૨૧ વિ. સં. ૯૫૬માં ગાંભૂમાં 'વંદિત્તા સૂત્ર'ની ટીકા બનાવી.+

જૈન સાઈટ JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્

## હર્ષપુરીયગચ્છ:

ચિત્તોડના રાજા **અલ્લટરાજે** રાણી **હરિયદેવીના** નામથી **હર્ષપુર** વસાવ્યું. ત્યાંના જૈન સંઘે આ૦ પ્રિયગ્રંથસૂરિની મજ્ઝિમા-

---

* આ. યક્ષદેવ અનેક થયા છે. જેમ કે :—

૧. ઉપકેશગચ્છના તે નામના ઘણા આચાર્યો ( જુઓ: પૃ. ૧૬ થી ૩૬) ૨-૩ હારિલવંશના આચાર્ય ( જુઓ: પૃ. ૪૪૮, ૪૫૨, ૫૧૮ )૪. આ૦ મલ્લવાદી બીજાના ગુરુભાઈ, (જુઓ: પૃ. ૩૮૦) ૫. પરમ સૈદ્ધાંતિક આચાર્ય, જેમના શિષ્ય આ૦ પાર્શ્વસૂરિ શાકે ૮૨૧માં થયા ( જુઓ: પૃ. ૫૬૭) ૬. આ૦ સંગમસિંહના પ્રશિષ્ય. ( જુઓ: પૃષ્ઠ: ૩૦૬ )

+ વંદિત્તા સૂત્રના વૃત્તિકારો-૧. અકલંકદેવસૂરિ, ૨. પાર્શ્વદેવસૂરિ, ૩. જિનેશ્વરસૂરિ, ૪. વિજયસિંહસૂરિ, (ચૂર્ણી) ૫. જિનદેવસૂરિ (ભાષ્ય), ૬. ચંદ્રસૂરિ, ૭. તિલકસૂરિ, ૮. દેવેન્દ્રસૂરિ, ૯-૧૦. રત્નશેખરસૂરિ, ૧૧. હર્ષસૂરિ, ૧૨. કુલમંડનસૂરિ. વગેરે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

શાખાના **પ્રશ્નવાહન**કુળના આચાર્યોને અહીં પધરાવ્યા અને ત્યારથી તે પ્રશ્નવાહનકુળના ગચ્છના શ્રમણસંઘનું 'હર્ષપુરીયગચ્છ' એવું નામ પડ્યું, જેમાં વિક્રમની બારમી સદીમાં આ૦ વિજયસિંહ થયા છે. તેમના શિષ્ય **અભયદેવ**સૂરિથી રાજા કર્ણદેવના સમયમાં હર્ષપુરીયગચ્છનું **મલધારગચ્છ** નામ પડ્યું. આ ગચ્છની પરંપરાનો વિચ્છેદ થતાં તેની ગાદીએ **તપાગચ્છ**ના શ્રીપૂજ્યો બેસતા હતા.

**સાંડેરગચ્છ:**

મારવાડમાં **સાંડેરાવ** ગામથી આ ગચ્છ નીકળ્યો છે. આ ગચ્છ **પ્રાચીન** છે. તે ચૈત્યવાસી ગચ્છ હતો. તેમાં આ૦ યશોભદ્ર-સૂરિ વગેરે વિદ્યાસંપન્ન આચાર્યો થયા છે, જેઓ રાજપૂજિત હતા. તેઓએ ઘણા નવા **જૈનો** બનાવ્યા છે.

નવા જૈનો બન્યા પછી તે ગચ્છ વધુ પ્રસિદ્ધિમાં આવ્યો છે. હત્થુંડીગચ્છ તે આ ગચ્છની શાખા છે. સાંડેરગચ્છ સમય જતાં તપગચ્છમાં ભળી ગયો છે.

સાંડેરગચ્છની **પટ્ટાવલી** આ પ્રમાણે છે:

( ૧ ) આ૦ **ઇશ્વરસૂરિ** તેમને મુંડારાની બદરીદેવી પ્રત્યક્ષ હતી. ( ૨ ) મહાપ્રભાવક આ૦ યશોભદ્રસૂરિ ( ૩ ) આ૦ શાલિસૂરિ તેઓ ચૌહાણવંશના હતા, સર્વવિદ્યાવિશારદ અને બદરીદેવીથી સેવાતા હતા. સૂરિપદ સં. ૯૭૦ ( ૪ ) સુમતિસૂરિ ( ૫ ) શાંતિસૂરિ ( ૬ ) ઈશ્વરસૂરિ ( ૭ ) શાલિસૂરિ સં. ૧૧૮૧ ( ૮ ) સુમતિસૂરિ ( ૯ ) આ૦ **શાંતિસૂરિ**–તેમણે વિ. સં. ૧૨૨૯માં **શીસોદિઆ–ઓસવાળ** બનાવ્યા. (૧૦) **ઈશ્વરસૂરિ** તેમણે સં. ૧૨૪૫ કે ૧૨૯૧માં મંત્રી યશોવીરે **લુણિગવસહીમાં** કરાવેલ ૩ દેરીઓની પ્રતિષ્ઠા કરાવી. (૧૧) શાલિસૂરિ, (૧૨) સુમતિસૂરિ (૧૩) શાંતિસૂરિ (૧૪) ઇશ્વરસૂરિ (૧૫) શાલિસૂરિ (૧૬) સુમતિસૂરિ (૧૭) શાંતિસૂરિ (૧૮) આ૦ ઈશ્વરસૂરિ–તેમનું દીક્ષાનું નામ **દેવસુંદર** હતું. શેઠ સાયરે નાડલાઈમાં આ૦ યશોભદ્રસૂરિએ લાવેલા ભગવાન **આદિનાથ**ના પ્રાસાદનો જીર્ણોદ્ધાર કરાવી, તેનું નામ 'સાયરવસહી' રાખ્યું.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આ૦ ઇશ્વિવરસૂરિએ આ૦ શાંતિસૂરિની અધ્યક્ષતામાં જ તેમાં વિ. સં. ૧૫૯૭ વૈ. શુ. ૬ શુક્રવારે પુનર્વસુ નક્ષત્રમાં ભ૦ આદિનાથની પ્રતિષ્ઠા કરાવી હતી. તેમણે 'જીવવિચાર વિવરણ ગ્રં. ૨૦૦૦, લલિતાંગ ચરિત્ર યાને રસિકચૂડામણિ સં. ૧૬૬૧ મુ. હથ્થુપુર, શ્રીપાળચોપાઈ, ષડ્‌ભાષા સ્તોત્ર, તેની સ્વોપજ્ઞટીકા, નંદિષેણુમુનિગીત, યશોભદ્રસૂરિ પ્રબંધ યાને ફ્ડ્ગુચિંતામણિ, મેદપાટ–સ્તવન–સટીક, સુમિત્રચરિત્ર' સં. ૧૫૮૧ દીવાળી મુ. નાંડલાઈ વગેરે ગ્રંથો બનાવ્યા છે. (૧૯) આ૦ સુમતિસૂરિ.

સાંડેરગચ્છનાં **જૈન ગોત્રો** આ પ્રમાણે છે. ગુંગલિયા, ભંડારી, ચૂતર, **દુધેરિયા**, ધારોલા, કાંકરેચા બહોરા, શીસોદિઆ વગેરે ૧૨ જાતિઓ. આ સાંડેરાવગચ્છની જાતિઓ છે. તે ગચ્છના કોઈ મહાતમા પોતાની વહી ખરતરગચ્છના મહાતમાને આપી ગયા, ત્યારથી તે મહાતમા આમાંની કેટલીએક જાતિની વહી લખે છે.

સાંડેરાવગચ્છની ગાદીએ તપાગચ્છના શ્રીપૂજ્યો બેઠા એટલે આ જાતિઓ તપાગચ્છની ઉપાસક છે. શીસોદિઆ ક્ષત્રિયો અને ઓસવાલો સાંડેરગચ્છના ઉપાસક છે. તે માટે દોહરો મળે છે કે—

> શીસોદિઆ સંડેસરા, ચઉદ્દસીયા ચૌહાણ;
> ચૈત્યવાસીયા ચાવડા, **કુલગુરુ** એહ પ્રમાણ.

અમદાવાદનું **નગરશેઠ**નું કુટુંબ શીસોદિઆ ઓસવાળ છે, જે આજે પણ તપગચ્છના અધિપતિ પૂ. **મૂલચંદગણી** મહારાજના આજ્ઞાવર્તી શ્રમણોનું ઉપાસક છે. (જુ. પૃ. ૩૮૭)

આ સિવાય ખાબડિયા, ગંગ, બંબગંગ, દુધેરિયા અને કઠોતિયા વગેરે **કદરસાગચ્છ**ના શ્રાવકો છે. સંભવ છે કે આ ગચ્છ પણ સાંડેરગચ્છની શાખા હશે.

**આ૦ યશોભદ્રસૂરિ :**

તેમનો સં. ૯૫૭માં જન્મ, સં. ૯૬૮ માં સૂરિપદ, તેમણે સં. ૯૬૯ માં મુંડારા અને સાંડેરાવમાં જિનપ્રતિષ્ઠાઓ કરાવી, સં. ૧૦૧૦ માં ૮૪ વાદ જીત્યા, તેમનું સં. ૧૦૨૯ અથવા સં.



www.jainsite.com  For Private & Personal Use Only  info@jainsite.com

૧૦૩૯ માં નાડલાઈમાં સ્વર્ગગમન થયું. તેમનું ચરિત્ર આ પ્રમાણે છે.

પીંડવાડા પાસેના **પલાઈ** ગામમાં **પુણ્યસાર** (યશોવીર) વ્યવહારીની પત્ની **ગુણસુંદરી** (સુભદ્રા)એ હિમાલયના સ્વપ્નથી સૂચિત **સુધર્મા** નામના પુત્રને જન્મ આપ્યો. સુધર્મા ૫ વર્ષનો થયો ત્યારે નિશાળે ભણવા બેઠો. એક દિવસે તેણે એક બ્રાહ્મણના **કેશવ** નામના છોકરાનો ખડિયો લીધો ને અકસ્માત ફૂટી ગયો. સુધર્માએ બ્રાહ્મણના છોકરાને તેના બદલામાં અનેક ખડિયા બતાવી આપવા લાગ્યો, પણ બ્રાહ્મણના છોકરાએ પોતાનો હતો તે જ ખડિયો લેવાની જીદ પકડી અને એ બન્ને બાળકો લડી પડ્યાં. પંડિતે બન્નેને સમજાવવા પ્રયત્ન કર્યો, પણ કોઈએ માન્યું નહીં. છેવટે **કેશવ** બોલ્યો કે– 'જો હું તારા કપાળમાં ફૂર કરંબો ખાઉં, તો જ મને સાચો બ્રાહ્મણ જાણજે, નહીં તો મને ભડડો સમજજે.' તરત જ **સુધર્મા** પણ બોલ્યો કે–'તું પણ આ વાણિયાને જોઈ લેજે, હું મરતાં મરતાં પણ તને તો ઠીક કરીશ.'

આ સમયે સંડેરકગચ્છમાં* **આ૦ ઈશ્વરસૂરિ** વિદ્યમાન હતા. તેમને ૫૦૦ શિષ્યો હતા. પોતે ૬ વર્ષ સુધી વિગઈ છોડી હતી, મુંડારામાં **બદરી**દેવી સાધી હતી. તેમણે બદરી દેવીની સૂચનાથી પલાઈમાં પધારી સુધર્માના માતા–પિતાને સમજાવી આજ્ઞા મેળવી ૬ વર્ષના સુધર્માને **દીક્ષા** આપી, જ્ઞાન આપ્યું, વિદ્યાઓ આપી, અને સમય જતાં યોગ્યતા જોઈ મુંડારામાં જઈ બદરી દેવીને આરાધી મુનિ સુધર્માને સૂરિપદ આપ્યું, પોતાની પાટે સ્થાપી **યશોભદ્રસૂરિ** એવું નામ આપ્યું. યશોભદ્રસૂરિને પણ બદરી દેવી સિદ્ધ થઈ હતી.

---

* મહેસાણાથી પાટણ અને કંબોઈતીર્થ જતી રેલ્વે લાઈનમાં **મણું**-દરોડ સ્ટેશન છે, ત્યાંથી ૧॥ માઈલ દૂર **સંડેર** ગામ છે. આ ગામ પણ પ્રાચીન છે. જો કે તે સંડેરગચ્છનું ઉત્પત્તિ સ્થાન નથી કિન્તુ તેનો **સાંડેર-ગચ્છ** સાથે વિશેષ સંબંધ હશે, એમ લાગે છે. આ૦ **જ્ઞાનવિમલસૂરિએ** **સં. ૧૭૪૯માં સંડેર** ગામમાં જ મહોપાધ્યાય શ્રીયશોવિજયજી મહારાજની આજ્ઞા પ્રમાણે ક્રિયોદ્ધાર કરી સંવેગી માર્ગ સ્વીકાર્યો હતો.

(પટ્ટાવલી સમુચ્ચય : ભા૦ ૨, પૃ૦ ૨૧૬)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તેમણે સૂરિપદ મળ્યું ત્યારથી જ જાવજ્જીવ સુધી ૬ વિગઈનો ત્યાગ કર્યો હતો અને માત્ર ૮ કોળિયાનો આહાર લેવાની પ્રતિજ્ઞા કરી હતી.

આ૦ યશોભદ્રસૂરિને સૂર્યદેવે ત્રણે લોકને બતાવનારી **અંજનકૂપિકા** તથા સિદ્ધ મંત્રોવાળી સ્વર્ણાક્ષરની **પોથી** આપી અને તેમના શિષ્ય **બલિભદ્ર** મુનિને પણ કેટલીક વિદ્યાઓ આપી પછી આ૦ યશોભદ્રસૂરિને ૮ **મહાસિદ્ધિઓ** ઉત્પન્ન થઈ, મંત્રો યંત્રો સિદ્ધ થયા, અને **ગગનગામિની** વિદ્યા પણ સિદ્ધ થઈ. હવે તેઓ હમેશાં પાંચ તીર્થોની યાત્રા કરીને જ આહાર લેતા હતા. સંડેરકની પ્રતિષ્ઠામાં ધાર્યા કરતાં વધારે માણસો આવી જવાથી ઘી ખૂટ્યું, એટલે સૂરિજીએ વિદ્યાના બળથી પાલીના **ધનરાજ** શેઠના ઘરેથી ઘી મંગાવી આપ્યું. અહીં ધનરાજ શેઠને જાણ થઈ ત્યારે તેણે પણ એ ઘીના પૈસા લીધા નહીં. આચાર્ય મહારાજે **આહડમાં** અલ્લટ રાજાના મંત્રીએ બનાવેલા દેરાસરમાં પ્રતિષ્ઠા કરાવી. એક દિવસે ઉજ્જૈનમાં મહાકાલના દેરાસરમાં દીવાની જ્યોતિથી ચંદરવો બળવા લાગ્યો, તેને આચાર્યશ્રીએ આહડમાં રહ્યા રહ્યા જ હોલવી નાખ્યો. તેમણે આહડ, કરહેડા, કવિલાણુ, સાંભર અને ભેસરમાં એક જ દિવસે એક જ મુહૂર્તે પ્રતિષ્ઠાઓ કરી હતી. કવિલાણમાં પાણીની ખેંચ પડી તો તેમણે નખવડે વાસક્ષેપ નાખી, કૂવો પાણીથી ભરી દીધો; જેમાં ઘણા કાળ સુધી પાણી અખૂટ રહ્યું હતું. તેમણે આવા ૯૫ કૂવામાં પાણી ઉત્પન્ન કર્યું હતું. સૂરિમહારાજ એકવાર સં. ૯૯૭ લગભગમાં આહડના ભદ્રશેઠના સંઘ સાથે શત્રુંજય, ગિરનાર વગેરે તીર્થોની યાત્રા માટે ચાલ્યા. વચમાં રાજા સામંતસિંહ ચાવડાએ તેમને પાટણમાં જ રોકી રાખવા માટે પોતાના મહેલમાં બોલાવી કમાડ વાસી પૂરી દીધા. આચાર્ય 'હું જબરદસ્તીથી નહિ રહું' એમ રાજાને જણાવી વિદ્યાના બળથી લઘુરૂપ બનાવી આકાશમાર્ગે ઊડી સંઘમાં જઈ પહોંચ્યા અને પછી તરત જ આચાર્યશ્રીએ રાજાને માણસ મોકલી ધર્મલાભ કહાવ્યો. આથી સામંતસિંહ રાજાએ અને મૂળરાજ સોલંકીએ આચાર્યશ્રી પાસે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જઈ "અમે આ ભક્તિ માટે કર્યું હતું, પણ અવજ્ઞા થઈ" એમ કહી માફી માગી. અને પોતાનું આયુષ્ય પૂછ્યું. ગુરુમહારાજે ૬ મહિનાનું આયુષ્ય જણાવ્યું અને ધર્મધ્યાન કરવા ઉપદેશ આપ્યો. રસ્તામાં સંઘને પાણીની ખેંચ પડી ત્યારે આચાર્ય મહારાજે વિદ્યાના બળથી સૂકું તળાવ પાણીથી ભરી દીધું, સંઘે **શત્રુંજય** મહાતીર્થ તથા **ગિરનાર** તીર્થની યાત્રાઓ કરી. આ સમયે એક **ચોર** ભગવાન નેમિનાથનાં આભૂષણો લઈ આહડ ચાલ્યો ગયો હતો, ગુરુ મહારાજે તે ચોરનાં નામ, સ્થાન, નિશાની આપ્યાં અને જ્યારે શેઠના માણસો તેને પકડી લાવ્યા ત્યારે ગુરુમહારાજે તેને મુક્ત કરાવ્યો. સૂરિમહારાજ સંઘ સાથે આહડ ગયા. ત્યાંથી વિહાર કરી નાડલાઈ પધાર્યા અને તેમણે તે ચોમાસું **નાડલાઈ**માં કર્યું.

આ તરફથી પેલા બ્રાહ્મણનો છોકરો **કેશવ** જોગી બની જુદી જુદી વિદ્યાઓમાં પારંગત થયો હતો. તે પણ અવારનવાર પ્રતિજ્ઞા પૂરી કરવા માટે પ્રયત્ન કરવા લાગ્યો.

એક દિવસે જોગીએ પોતાની જટાના બે સાપ બનાવી સૂરિમહારાજ પર છોડ્યા મહારાજે મુહપત્તિના બે કકડા કરી બે નોળિયા બનાવી સાપને નસાડી મૂક્યા. આ ચમત્કાર જોઈને જોગી પણ નાસી ગયો.

જોગીએ એક સાધ્વીજીને ગાંડી બનાવી દીધી. સંઘે યોગી પાસે જઈ સાધ્વીજીને સારી કરવા ખૂબ ખૂબ વિનવણી કરી, પણ તેણે માન્યું નહિ. એટલે સંઘે આચાર્ય મહારાજના કહેવા પ્રમાણે એક પૂતળાની આંગળી કાપી કે તરત જ જોગીની આંગળી કપાઈ નીચે પડી. પછી શ્રાવકોએ કહ્યું કે, જોગી મહારાજ ! જેમ આ આંગળી છેદાઈ ગઈ તેમ તમારા મસ્તકનો પણ છેદ થશે. જોગીએ આ સાંભળી સાધ્વીજીને સારી બનાવી મોકલી દીધી.

જોગીએ એક દિવસે ચૂરણ નાખી જિનપ્રતિમાઓને વિમુખ કરી નાખી. આચાર્યમહારાજે તે યોગીને બેસવાના પાટલા ઉપર જ ખીલી દીધો. એટલે જોગીએ માફી માગી જિનપ્રતિમાઓને સન્મુખ કરી અને આચાર્યે તેને છૂટો કર્યો.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જોગીએ રાજસભામાં વાદ ચલાવ્યો, આ જ પ્રસંગે જોગીએ મંત્રબળથી તપેશ્વર મહાદેવનું મંદિર આકાશ માર્ગથી લાવી નાડલાઈમાં સ્થાપિત કર્યું છે અને આચાર્યશ્રીએ ભ૦ આદિનાથનું મંદિર વલભી કે ખેડબ્રહ્માથી આકાશમાર્ગે લાવી સ્થાપિત કર્યું છે. આ બન્ને મંદિરો એક જ રાતમાં અહીં આવ્યાં છે, અને સવાર થતાં પહેલાં સ્થાપાયાં છે, જે આજે પણ વિદ્યમાન છે. આ ઘટના વિ. સં. ૯૯૬ થી ૧૦૧૦ સુધીમાં બની છે.

અંતે જોગીએ છેલ્લો દાવ માંડ્યો, એટલે કે છળ કરવાનો વિચાર કર્યો. નાડલાઈમાં ભગવાન આદીશ્વરના દેરાસરમાં બલિનો વિધિ ચાલતો હતો, ત્યારે તે ગોરખ સાધુ બની ભિક્ષા માગવા આવ્યો. સંઘે તેને ભિક્ષા આપી ત્યારે યશોભદ્રસૂરિ જાગ્યા. ગુરુજીએ "પોતાનું આયુષ્ય ૬ મહિનાનું છે" એમ જાણી સંઘને કહ્યું કે, "આજથી છઠ્ઠે મહિને મારું મૃત્યુ છે, મારા માથામાં જે મણિ છે, તે આ જોગી અગ્નિસંસ્કાર સમયે ઉત્પાતો ઊભા કરી મણિ લેવા ચાહશે, તમે સાવધાન રહેજો. તે માથાના મણિને મારી કરોડમાંથી જુદો પાડી દઈ મારા દેહનો સંસ્કાર કરજો. પણ તેને મણિ લેવા દેશો નહિ." આચાર્ય મહારાજ છઠ્ઠે મહિને સ્વર્ગે ગયા ત્યારે જોગીએ પણ મણિ લેવા માટે પૂરી તકેદારી રાખી હતી, પણ શ્રાવકોએ ગુરુઆજ્ઞા પ્રમાણે માથામાંનો મણિ જુદો પાડ્યો કે શબ્દ થયો, જેને સાંભળતાં જ જોગીનું હૃદય ફાટી ગયું અને તે મૃત્યુ પામ્યો.

આચાર્ય મહારાજનું અગ્નિસંસ્કાર સ્થાન **શિલા** તરીકે પ્રસિદ્ધ છે, જ્યાં ઘણા યાત્રિકો આવી ફૂલ ચડાવે છે, તથા માનતા માને છે. નાડલાઈનું આ સ્થાન પરચાપૂરક મનાય છે.

આ આચાર્યને આ૦ શાંતિસૂરિ, આ૦ બલિભદ્રસૂરિ, ખીમઋષિ વગેરે અનેક શિષ્યો તથા સુમતિસૂરિ, કૃષ્ણઋષિ, આ૦ પૂર્ણભદ્રસૂરિ વગેરે અનેક પ્રશિષ્યો થયા છે.

**આ૦ બલિભદ્રસૂરિ :**

તેઓ સાંડેરગચ્છના આ૦ **યશોભદ્ર**સૂરિના મુખ્ય શિષ્ય હતા.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આ૦ **યશોભદ્રસૂરિ પાલી**માં પધાર્યા હતા ત્યારે એક દિવસે સ્થંડિલ જતાં વરસાદ થયો એટલે આચાર્ય મહારાજ **સૂર્ય** મંદિરમાં જઈ ઊભા. સૂર્યદેવે પ્રસન્ન થઈ તેમને **મંત્રપોથી** આપી, જેમાં સર્વ દર્શન, દિવ્યદૃષ્ટિ, સ્વર્ણસિદ્ધિ, રૌપ્યસિદ્ધિ, નગરસ્થાપના, પરકાયપ્રવેશ, આકાશગમન, ઈત્યાદિ અનેક **વિદ્યાઓ** હતી. આચાર્ય મહારાજે ઉપાશ્રયે જઈ તે પોથી વાંચી પોતાના શિષ્ય **બલિભદ્ર**મુનિ સાથે પાછી મોકલી, પરંતુ બલિભદ્રમુનિએ રસ્તામાં જ તેનાં પાનાં ચોરી લીધાં અને પોથી સૂર્યદેવને આપી. સાથેસાથ તે ચોરેલાં પાનાં પણ કુદરતી રીતે જ ગૂમ થઈ ગયાં, આથી બલિભદ્રમુનિએ ખસિયાણા પડી જઈ સૂર્યદેવ પાસે આવી, પોતાની ભૂલ સ્વીકારી વિદ્યાનાં પાનાં માગ્યાં, અને સૂર્યદેવે પણ "આચાર્યના જ શિષ્ય છે" એવા પ્રેમથી બલિભદ્રમુનિને તે પાનાં આપ્યાં. બલિભદ્રમુનિએ એક દિવસે ઠીંડીઓનું **સોનું** બનાવ્યું. આ૦ યશોભદ્રસૂરિએ આ વાત જાણી તેથી તેમને અલગ રહેવાની આજ્ઞા કરી અને ચૌહાણવંશી **શાલિભદ્રસૂરિ**ને પોતાની પાટે સ્થાપ્યા. બલિભદ્રમુનિ પર્વતની ગુફાઓમાં ચાલ્યા ગયા. અને આકરી તપસ્યા કરવા લાગ્યા. એમ કરતાં તેમને અનેક **વિદ્યાઓ** સિદ્ધ થઈ.

આ અવસરે **સોરઠ**માં રા' રાજાઓનું રાજ્ય હતું. ઇતિહાસ કહે છે કે—વિ. સં. ૯૧૬ માં રા'ખેંગાર અને મૂળરાજ સોલંકીના રાજ્યકાળમાં રા' **ગ્રાહરિપુ** સોરઠના રાજાઓ હતા. તે લૂંટફાટ, ચોરી, ચાંચિયાપણું અને વ્યભિચારને માર્ગે ઊતરી ગયા હતા. તેઓ સમુદ્રે જતા વ્યાપારી વહાણોને, તેમજ **ગિરનાર** તીર્થ તથા **પ્રભાસ**પાટણ તીર્થના જૈન–શૈવ યાત્રિકો ને લૂંટતા હતા. સ્ત્રીઓની લાજ લેતા હતા, જુગાર રમતા હતા, દારુ પીતા હતા, અને શિકાર ખેલતા હતા. ક૦ સ૦ આ૦ શ્રીહેમચંદ્રસૂરિએ 'દ્વયાશ્રય મહાકાવ્ય' માં આ રાજાઓના પાશવી જીવનનો વાસ્તવિક ચિતાર આપ્યો છે. કચ્છનો રાવ અને સિંધના મ્લેચ્છો તેના સાગરીતો હતા. મૂળરાજ સોલંકીએ સોરઠ પર ચઢાઈ કરી, તે પાશવી નીતિનો અંત આણ્યો હતો અને પછી રા' **માંડલિક**ના સમયે આવી જ ભૂલના પરિણામે રા'ના

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ચાવ્યવંશનો સમૂળ નાશ થયો હતો.

વિક્રમની દશમી સદીના ઉત્તર ભાગમાં સોરઠનો રાજા રા'એંગાર તેજ કોટિનો રાજા હતો. તે યાત્રિક સંઘ શક્તિશાલી હોય તો બૌદ્ધધર્મીનો સ્વાંગ સજીને પણ ધર્મ સંઘર્ષણના બાના નીચે યાત્રિકોને રંજાડતો હતો.

એકવાર એક **જૈનસંઘ** શત્રુંજય તીર્થની યાત્રા કરીને **જુનાગઢ** આવ્યો. સંઘપતિ ધનાઢ્ય અને ધર્મપ્રેમી હતો, તેની ચોકીની વ્યવસ્થા મજબૂત હતી. રા' **એંગાર** તેને લૂંટી શકે તેમ હતું જ નહીં, એટલે રા'એ તેની પાસેથી પૈસા પડાવવા માટે નવો જ પેંતરો રચ્યો, અને જુનાગઢ આવેલ જૈન સંઘને કહ્યું કે—

"તમો બૌદ્ધ થશો તો જ ગિરનારની યાત્રા કરી શકશો. અન્યથા નહીં." આ સાંભળી સંઘ વિમાસણમાં પડી ગયો પરંતુ સાથોસાથ સંઘે એ પણ નિશ્ચય કરી લીધો કે—"સંઘે અહીંની યાત્રા કર્યા સિવાય પાછા જવું નહીં, યાત્રા કરીને જ જવું." સંઘને ત્યાં એમ ને એમ ૧૨ વર્ષો વીતી ગયાં. એક દિવસે અંબિકા દેવીએ શ્રીસંઘને જણાવ્યું—કે આ૦ યશોભદ્રસૂરિ કે વિદ્યાધારી બલભદ્ર મુનિ અહીં આવી પોતાની વિદ્યાના પ્રભાવે આ તીર્થને પોતાનું બનાવે, તો જ તમે યાત્રા કરી શકો તેમ છે.

સંઘે ખેપિયો મોકલી પત્ર લખી આપી બલિભદ્રમુનિને અહીં પધારવા વિનંતિ કરી. એટલે બલિભદ્રમુનિ આકાશમાર્ગે જુનાગઢ આવ્યા. તેમણે પ્રથમ રાજા પાસે જઈ ન્યાય માર્ગે ચાલવા ઉપદેશ આપ્યો. રા'એ ક્રોધિત થઈ તે મુનિનો તિરસ્કાર કર્યો અને બૌદ્ધધર્મ સ્વીકારવા જણાવ્યું. મુનિજી અડદના દાણા મંત્રી રાણી તરફ ફેંકી ત્યાંથી ચાલી નીકળ્યા. રાણી તરફડિયાં મારી, બળું બળું કરતી નિશ્ચેષ્ટ થઈ ગઈ. રાજાએ બૌદ્ધાચાર્યને બોલાવી રાણીને ઠીક કરવા વિનંતિ કરી પણ તેની કંઈ કારી ચાલી નહીં. રાજાએ આખા સંઘનો નાશ કરવા સૈન્ય તૈયાર કર્યું પણ મંત્રી તે દરમિયાનમાં મુનિજી પાસે જઈ પહોંચ્યો અને મુનિની એકીસાથે હજારો સૈનિકોનો નાશ

JAINSITE जैन साईट

કરવાની અને એકીસાથે હજારો મરેલાઓને ઊભા કરવાની અદ્ભુત **વિદ્યા** જોઈ, તે રા' પાસે આવ્યો. રા'ને ઠંડો પાડી આ ઋષિને પ્રસન્ન કરવામાં જ લાભ છે; એમ સમજાવી, માફી માગવાની વ્યવસ્થા કરી.

રાજા તરફથી મંત્રીએ માફી માગી અને મુનિજીના કહેવા પ્રમાણે કરવાથી રાણી સાજી થઈ ગઈ. તરત જ રા'ખેંગારે પણ આ તીર્થ જૈનોને પાછું સોંપ્યું અને શ્રીસંઘે ગિરનારની યાત્રા કરી ભ૦ **નેમિનાથ**ની પૂજા કરી.

ત્યાર પછી બલિભદ્રમુનિ ત્યાંથી વિહાર કરી પાલી, નાડોલ થઇ **હત્થુંડી** (હસ્તિકુંડી) પધાર્યા, તેમણે ત્યાં રહ્યા જ મેવાડના રાણા અલ્લટની વિનતિથી આહડ નગરમાં રાણીના રેવતીદોષને શમાવ્યો. આથી અલ્લટ રાજાએ મુનિજીને આહડ લઈ જઈ મોટો મહોત્સવ કર્યો અને અર્ધું રાજ્ય દેવા તૈયારી કરી પણ મુનિજીએ મુનિધર્મ સમજાવી રાજ્ય લેવાની ના કહી અને સાથેસાથ જણાવ્યું કે– " જો તમે કરી શકો તો એક કામ કરો કે આ૦ શાલિભદ્રસૂરિ મને અર્ધો ભાગ આપે. "

રાજા **અલ્લટ**રાજે આ૦ શાલિસૂરિને મહોત્સવથી આહડમાં પધરાવ્યા. રાજાએ તેમને વિનંતિ કરી કે– " બલભદ્રમુનિ તમારા ગુરુભાઈ છે, માટે તેમને ગુરુપાટનો અર્ધો ભાગ આપો. "

આ૦ શાલિસૂરિએ સૌમ્યતાથી ઉત્તર વાળ્યો કે–

" રાજન્ ! રાજા ભાઈઓને ભાગ આપતો નથી, લોકો ભાઈઓને સરખો ભાગ આપે છે. ધર્માચાર્યોમાં પણ રાજનીતિ પ્રવર્તે છે. એટલે ગુરુનો સર્વ હકક પટ્ટધરને જ મળે છે."

રાજાએ આ વાતને ન્યાયરૂપે સ્વીકારી લીધી એટલે હવે રાજાએ પોતે જ બલિભદ્રમુનિને **વાસુદેવસૂરિ** એવું નામ આપી **આચાર્ય પદવી** આપી અને તેમને નવા શ્રાવકો કરી આપ્યા. (વિ. સં. ૯૭૩ લગભગ)

આ૦ વાસુદેવસૂરિએ હત્થુંડીમાં જઈ ત્યાંના રાઠોડ રાજા **વિદગ્ધરાજ**ને ઉપદેશ આપી જૈનધર્મી બનાવ્યો.

JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

રાજાએ પણ હત્થુંડીમાં વિશાળ **જિનચૈત્ય** બનાવી તેમાં સં. ૯૭૩ ના શુચિ મહિનામાં ઉક્ત સૂરિના હાથે ભગવાન **શ્રીઋષભદેવની** પ્રતિષ્ઠા કરાવી. તેની પૂજા માટે અને આચાર્યશ્રીના જ્ઞાન ભંડાર માટે ખેતી તથા વ્યાપાર ઉપર જુદા જુદા લાગાઓ નાખી કાયમી **દાનશાસન** કરી આપ્યું. ત્યારબાદ તેના પુત્ર રાજા **મમ્મટરાજે** પિતાના દાનશાસનને કાયમી તરીકે મંજુર રાખી, તેમાં વધારો કરી સં. ૯૯૬ના મહા વદિ ૧૧ ના દિવસે આ૦ વાસુદેવસૂરિને બીજું **દાનશાસન** કરી આપ્યું. તેના પુત્ર **ધવલરાજે** પણ આ૦ શાંતિભદ્રના ઉપદેશથી દાદાના મંદિરનો જીર્ણોદ્ધાર કરી તેમાં વિ. સં. ૧૦૫૩ મહા સુદિ ૧૩ રવિવારે પુષ્ય નક્ષત્રમાં નવા **આદિનાથ** ભગવાનની પ્રતિષ્ઠા કરાવી અને ખરચ માટે પીપળિયા કૂવાની જમીન દાનમાં આપી. આ મંદિરના નવા મૂળનાયક તો નાહક, જિંદ, જસ, સંપપૂર, ભદ્ર, નાગ, અને પોચી વગેરે શ્રાવકો તથા **ગોઠીઓએ** સ્વકર્મના ક્ષય માટે અને **પોતપોતાની સંતતિના આત્મકલ્યાણ માટે ન્યાયોપાર્જિત દ્રવ્યથી** બનાવ્યા હતા.

આ૦ વાસુદેવસૂરિનું બીજું નામ આ૦ કેશવસૂરિ છે. તેમનાથી **હત્થુંડીગચ્છ** નીકળ્યો, જેનું સંસ્કૃત નામ **હસ્તિકુંડીગચ્છ** છે.

**હત્થુંડીગચ્છ ( હસ્તિકુંડીગચ્છ )**

આ૦ વાસુદેવસૂરિથી હત્થુંડીગચ્છ નીકળ્યો તેની પરંપરા ત્રણ રીતે મળે છે. તે આ પ્રમાણે—

(૧) આ૦ વાસુદેવસૂરિ—સં. ૯૯૬ માં વિદ્યમાન (૨) આ૦ શાલિભદ્રસૂરિ—સં. ૧૦૫૩ માં વિદ્યમાન હતા. તેઓ રૂપાળા, તેજસ્વી, નૈષ્ઠિક બ્રહ્મચારી, ગુણવાન અને વિખ્યાત કીર્તિવાળા હતા. તેમને તે સમયના ઘણા રાજાઓ માનતા હતા. ( શ્લો. ૨૭ થી ૩૨ )

(૧) આ૦ વાસુદેવ (૨) આ૦ પૂર્ણચંદ્ર (૩) આ૦ દેવસૂરિ ( સુરાચાર્ય ) (૪) આ૦ બલિભદ્રસૂરિ.

(૧) આ૦ વાસુદેવ (૨) આ૦ પૂર્ણચંદ્ર (૩) આ૦ વીર (૪) આ૦ દેવ ( આ૦ સુર )

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હત્થુંડીગચ્છના **શ્રાવકો** બાલી, સાદડી, સાંડેરાવ, મેવાડ વગેરેમાં ચાલ્યા ગયા છે જે આજે **હત્થુંડિયા** તરીકે પ્રસિદ્ધ છે.

**ખિમઋષિ :**

ચિતોડ પાસે **વડગામ**માં બોહા નામનો ઘી–તેલનો વ્યાપારી હતો. તે બહુ ગરીબ હતો, તેને એક દિવસે ઠેસ વાગતાં પડી ગયો અને કુંડલીમાંથી ઘી ઢળી ગયું. ગામવાળાએ તેને મદદ કરી ઘી અપાવ્યું. તે પણ ઠેસ વાગી પડી જતાં ફરી વાર ઢળી ગયું એટલે **તેને કર્મની** વિચિત્રતા પર ખૂબ જ વિચાર આવ્યો. તે પછી તે કોઈ એક દિવસે ગચ્છના આ૦ **યશોભદ્રસૂરિ** પાસે જઈ પહોંચ્યો. તેમના ઉપદેશથી જૈનધર્મી બન્યો–અને વૈરાગ્ય થતાં જૈન **મુનિ** પણ બન્યો. બોહા મુનિએ ગુરુની આજ્ઞા લઈ અવંતી પાસે ધામણ-ઉદ્ર ગામના તળાવની પાળ પાસેના જંગલમાં જઈ ધ્યાન જમાવ્યું અને બ્રાહ્મણ છોકરાઓના મારકુટ વગેરે ઉપસર્ગો સહી **ક્ષમાધર્મ** કેળવ્યો. પણ ત્યાંના અધિષ્ઠાયક દેવે તે છોકરાઓને એટલા લોહી વમતા કરી મૂકયા, કે તેમના માબાપોએ આવી માફી માગી, ઋષિના ચરણનું પાણી લઈ છાંટયું, ત્યારે જ તે છોકરાઓ સારા થયા. પછી બ્રાહ્મણોએ એ મુનિની સામે દ્રવ્ય મૂકયું, પણ મુનિએ લીધું નહીં; એટલે લોકોએ તેને **જીર્ણોદ્ધાર**માં લગાવ્યું. આ રીતે મોટા સહનશીલ તથા ત્યાગી હોવાના કારણે લોકોએ બોહા ઋષિનું બીજું નામ **ખિમઋષિ** પાડયું. હવે તેમણે વિશેષતઃ નિર્જન ગિરિગુફાઓમાં જ વસવાટ રાખ્યો અને આકરી તપસ્યા તથા અભિગ્રહો શરૂ કર્યા. તેમનો પહેલો **અભિગ્રહ** એવો હતો કે ' ધારાપતિ મુંજનો નાનો ભાઈ **સિંધુલ** નામે છે, તેની પાસે રહેનારો રાવ કૃષ્ણ નાહેલો હોય, છૂટા કેશવાળો હોય, ઉદ્વિગ્ન મનવાળો હોય અને એ સ્થિતિમાં એ ૨૧ પુલ્લા આપે તો **ખીમઋષિ** પારણું કરે ' ૩ મહિના અને ૮ દિવસના ઉપવાસ થયા પછી કુદરતી રીતે જ તે અભિગ્રહ પૂરો થયો. રાવ કૃષ્ણે પણ પોતાનું ટૂંકું આયુષ્ય જાણી ખીમઋષિ પાસે **દીક્ષા લીધી**, જેનું નામ કૃષ્ણ **ઋષિ** પાડયું. તેઓ ૬ મહિનાનું ચારિત્ર પાળી સ્વર્ગે ગયા. બીજો **અભિગ્રહ** એવો

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હતો કે—'સિંધુલનો **હાથી** મદમાં આવી પોતાની સૂંઢવડે ૫ લાડવા વહોરાવે તો ખીમઋષિ પારણું કરે.' ૫ મહિના ને ૧૮ દિવસે આ અભિગ્રહ પણ પૂરો થયો. વળી એવો **અભિગ્રહ** કર્યો કે:—'સાસુ સાથે લઢેલી વિધવા **બ્રાહ્મણી** બે ગામની વચમાં પૂરણ-પોળી આપે તો ખિમઋષિ પારણું કરે' આ અભિગ્રહ પણ ઘણા દિવસો પછી પૂરો થયો, અને દેવોએ કુસુમવૃષ્ટિ કરી. એકવાર **ધારા**માં મહોન્મત **સાંઢે** ગોળ વહોરાવ્યો અને તે ગામના વ્યાપારીએ વધેલા ગોળના પૈસાથી **જિનાલય** બનાવી તેમાં ભ૦ પાર્શ્વનાથની પ્રતિષ્ઠા કરી, જે મંદિર **ગુડપીંડ**ના નામથી પ્રસિદ્ધ થયું. એકવાર ભાદરવામાં **વાંદરાએ** આંબાનો રસ વહોરાવવી પારણું કરાવ્યું. એક-વાર ધારા રાજ્યના દરેક **હાથી** ગાંડા થઈ ગયા હતા, તે ખિમ–ઋષિનું ચરણોદક છાંટવાથી સાજા થઈ ગયા તેથી રાજાએ એક **ગુરુમંદિર** બનાવ્યું અને તેમાં ખિમઋષિની ચરણપાદુકાની સ્થાપના કરી. ધનરાજ શેઠનો પુત્ર સર્પદંશથી મરી ગયો હતો. ઋષિએ પાણી છાંટવાથી તે જીવતો થયો, આથી શેઠે સપરિવાર શ્રાવકનાં બાર વ્રતોનો સ્વીકાર કર્યો. પછી ઋષિજી ચિતોડમાં ગુરુ પાસે વિચરવા લાગ્યા. તેમણે કુલ ૮૪ અભિગ્રહો લીધા હતા, જે દરેક પૂર્ણ થયા હતા.

ખિમઋષિનાં ૩૦ વર્ષે દીક્ષા, ૭ વર્ષ સુધી ગુરુસેવા, ૫૩ વર્ષો સુધી તપસ્યા તથા અભિગ્રહગ્રહણ, અને ૯૦ વર્ષની ઉંમરે સ્વર્ગગમન થયેલ છે.

**કૃષ્ણઋષિ:**

તે ધારાનગરીના યુવરાજ **સિંધુલ**નો માનીતો **રાવત** હતો. તેણે તપસ્વી ખીમઋષિ પાસે **દીક્ષા** લીધી. આ સમયે આકાશમાંથી કુસુમવૃષ્ટિ થઈ હતી. ગુરુમહારાજે તેનું નામ કૃષ્ણ**ઋષિ** રાખ્યું. તે ૭ મહિનાનું ચારિત્ર પાળી સ્વર્ગે ગયા.

**આ૦ વીરસૂરિજી:**

આ સૂરિજી મહાપ્રતાપી મંત્રવાદી થયા છે. તેમણે ઉત્કૃષ્ટ

JAINSITE જૈન સાઈટ જૈનમ્ જયતિ શાસનમ્

ત્યાગ, તપ અને ઉજ્જવલ ચારિત્રના પ્રતાપે જૈન શાસનને દીપાવ્યું હતું. તેમનું જન્મસ્થાન **ભિન્નમાલ** નગર, તેમના પિતાનું નામ શેઠ **શિવનાગ,** માતાનું નામ **પૂર્ણલતા** અને તેમનું પોતાનું નામ **વીરકુમાર** હતું. આ સમયે ભિન્નમાલમાં ધૂમરાજનો વંશજ **દેવરાજ** રાજ્ય કરતો હતો.

શેઠ શિવનાગે ધરણેંદ્રની આરાધના કરી હતી, જેથી ધરણરાજે તેમને વરદાન આપ્યું હતું કે– "તું ગમે તેવા ઝેરી નાગનું ઝેર ઉતારી શકીશ." શિવનાગ શેઠ નાગકુલોનાં વિષને ફૂંક મારીને કે હાથ અડાડીને ઉતારી નાંખતો હતો. શેઠે મંત્રરચના યુક્ત સ્તવન બનાવ્યું હતું, જે **ધરણોરગેન્દ્ર** સ્તોત્ર રૂપે પ્રસિદ્ધિ પામ્યું, અને જે સ્મરણ માત્રથી ઉપદ્રવને હરતું હતું.

શેઠ શિવનાગ કોટિધ્વજ કરોડોનો આસામી હતો. તેણે પોતાના પુત્ર વીરકુમારને મોટા વ્યવહારીઓની ૭ કન્યાઓ પરણાવી હતી. વીરકુમારે પિતાજીનો બધો ભાર ઉઠાવ્યો હતો, ત્યાં પિતાનું મૃત્યુ થયું. આથી વીરકુમારને બહુ જ આઘાત થયો અને વૈરાગ્ય પ્રગટ્યો. વીરકુમાર ત્યારથી દરેક પર્વોમાં **સાચોરમાં** વિરાજમાન **વીરપ્રભુનાં** દર્શન કરવા જવા લાગ્યો.

એકવાર તે તથા તેનો સાળો બંને સાચોરમાં મહાવીર પ્રભુનાં દર્શન કરવા ગયા હતા. પાછા વળતાં તેમને ચોરોએ ઘેરી લીધા, તેમાંથી સાળો ચોરોની દૃષ્ટિ બચાવીને ભાગી છૂટ્યો, અને ભિન્નમાલ પહોંચ્યો. તેને વીરકુમારની માતાએ પૂછ્યું, વીરકુમાર ક્યાં છે? સાળાએ હસતાં હસતાં કહ્યું કે– "એમને તો ચોરોએ પકડ્યા છે અને મારી નાખ્યા છે." આ સાંભળતાં જ પુત્રવત્સલ માતાને અતિશય આઘાત પહોંચ્યો અને તે મૃત્યુ પામી.

થોડીવાર પછી ચોરોએ પુણ્યોદયથી વીરકુમારને મૂકી દીધો, એટલે તે દોડતો દોડતો ઘરે આવ્યો, ત્યાં માતાને મૃત્યુ પામેલી જોઈ પૂછ્યું–આવું કેમ બન્યું? વીરકુમારને યથાસ્થિત વસ્તુનું જ્ઞાન થયું. એટલે તેણે પોતાના સાળાને ઠપકો આપ્યો. ભલા

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

માણસ ! મશ્કરીને પણ હદ હોય છે. સાળાને પણ આવી મશ્કરી માટે પારાવાર દુઃખ થયું. વીરકુમારને માતાના મૃત્યુથી દુઃખ થયું અને વૈરાગ્ય પ્રગટ્યો. તેણે પોતાની સ્ત્રીઓને એકેક કોટિ ધન આપી બાકીનું ધન સંઘભક્તિ અને જિનચૈત્યોમાં વાપર્યું, ગૃહસ્થ-વેશે જ પરિગ્રહનો ત્યાગ કરી સાચોર જઈ વીર પ્રભુની આરાધના શરૂ કરી, અઠ્ઠાઈનું તપ કરી પારણું કર્યું અને ૬ વિગઈનો ત્યાગ કર્યો. પછી તે ત્યાં પૌષધમાં રહેતો અને પ્રાસુક આહાર લેતો હતો, રાતે નગરની બહાર જઈ કાયોત્સર્ગ કરતો હતો અને દેવ, મનુષ્ય અને તિર્યંચના ઉપસર્ગો સહન કરતો હતો. તે ત્યાં તીવ્ર તપ તપતાં એક તીર્થ સમાન પવિત્રતાનું ધામ થઈ પડ્યો.

એકવાર સંધ્યા સમયે તે નગર બહાર કાયોત્સર્ગ ભૂમિએ જતો હતો, ત્યાં રસ્તામાં પરમ કલ્યાણમૂર્તિ, ચારિત્રનો સાક્ષાત્ અવતાર હોય એવા ૧૦૦ વર્ષના વયોવૃદ્ધ આ૦ **વિમલગણિને** આવતા જોયા. તેઓશ્રી મથુરા નગરીથી આવતા હતા અને સિદ્ધ-ગિરિ તરફ જવાના હતા.

JAINSITE.com जैन साहित्य જૈનમ્ જયતિ શાસનમ્

વીરકુમારે મહારાજને નમસ્કાર કર્યો. ગુરુજીએ **ધર્મલાભ** આપ્યો અને પૂછ્યું–હે વત્સ ! અત્યારે અકાળે તું ક્યાં જાય છે ?

વીરકુમારે કહ્યું–અહીં નગર બહાર કાયોત્સર્ગ કરવા જાઉં છું.

ગુરુજી બોલ્યા:–અમે તારા અતિથિ છીએ, તને **અંગવિદ્યાનો** આમ્નાય આપી અંત સમય સાધવા **શત્રુંજય** તીર્થ પર જવાના છીએ.

વીરકુમાર બોલ્યો:–પ્રભુ આપની મારા પર કૃપા થઈ.

વીરકુમારે ગુરુજીને ઉપાશ્રય બતાવ્યો અને રાત્રે ગુરુજી પાસે જ રહી ખૂબ ભક્તિ કરી.

ગુરુજીએ કહ્યું કે–વત્સ ! તું નિષ્કપટ ભાવથી અંગવિદ્યા શીખ કે જે શ્રુતજ્ઞાનના બળે તું શાસનમાં **પ્રભાવક** થઈશ.

વીરકુમાર બોલ્યો:–પ્રભો ! ગૃહસ્થને સિદ્ધાંતની વાચના કેમ અપાય ? વળી મને જ્ઞાન ચડતું નથી.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ગુરુજી બોલ્યા:–વત્સ! હું તો હવે પરભવનો પથિક છું. તું અંગવિદ્યા શીખ, તને આવડશે. હું તને તેનો અર્થ સમજાવું. **એ** પુસ્તક **થરાદ**નગરના શ્રીઋષભદેવજીના ચૈત્યમાં **શુકનાશ**ના સ્થાનમાં છે, તેને લઈ ને તું વાંચજે, તને બધું અવશ્ય આવડશે.

પછી વીરકુમારે ગુરુમહારાજ પાસે દીક્ષા લીધી. ગુરુજીએ ત્યાં ૩ દિવસ રહી ગ્રંથનો આમ્નાય બતાવ્યો. **આ૦ વિમલગણિ** ત્યાંથી વિહાર કરી વિમલાચલ તીર્થમાં ગયા અને ભ૦ ઋષભદેવ પ્રભુને નમી અનશન સ્વીકારી સ્વર્ગે પધાર્યા.

વીરમુનિ ગુરુજીની આજ્ઞા મુજબ થરાદનગર ગયા. તેમણે શ્રાવકો પાસેથી પુસ્તક મેળવ્યું અને ગણિવિદ્યાની સાથે **અંગવિદ્યાનો** અભ્યાસ કર્યો. તે તેના પ્રભાવથી ઉગ્ર તપસ્વી અને મહાન શક્તિસંપન્ન વિદ્વાન્ થયા. વળી પુણ્યયોગે એમને **પરિવાર** પણ થયો. અને **વીરગણિજીએ** અજૈનોને પ્રતિબોધ આપવાનો નિયમ ધારણ કર્યો.

JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

વીરગણિજી ત્યાંથી વિહાર કરી અણહિલપુર જતા હતા, વચમાં **થરા** ગામ આવ્યું. ત્યાં **વલાહીનાથ** વ્યંતરનું મોટું સ્થાન હતું જે વ્યંતરનું બીજું નામ **વિરૂપાક્ષ** હતું.

આ યક્ષ જે કોઈ માણસ મંદિરમાં સૂએ તેને ક્રોધથી મારી નાખતો હતો. લોકોએ વાર્યા છતાંયે **વીરગણિ** એ મંદિરમાં જ રાત રહ્યા અને ઊભા હાથનો કુંડ કરી ધ્યાન લગાવીને બેઠા. રાતે વિરૂપાનાથે વીરગણિને ડરાવવા ભયંકર ઉપદ્રવો કર્યા, અનુકૂળ અને પ્રતિકૂળ ઘણા ઘણા ઉપસર્ગો કર્યા, પરંતુ વીરગણિજી મેરુની જેમ અચલ અડગ અને દૃઢ રહ્યા. આખરે યક્ષે થાકી હારીને કહ્યું કે–"મેં આજ સુધી ઘણા દેવો અને માનવોનો માનભંગ કર્યો છે. તમે જ એક એવા પ્રતાપી સાધુપુરુષ છો કે મારાથી લેશ પણ ડગ્યા નથી, ડર્યા નથી અને ધ્યાનમાં જ અચળ રહ્યા છો.

મારા નમસ્કારથી ડક્કરી (ડાકોર)ના ભીમનાથ મહાદેવનું **શિવલિંગ** ફાટયું છે. ત્યાંના રાજાની વિનંતિથી મેં તેને સાંધી

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આપ્યું છે, જે આજસુધી એવું જ પૂજાય છે.

મેં મહાબોધનગરમાં બૌદ્ધ સાધુઓને જીતીને તેઓના ૫૦૦ મઠો તોડી નાખ્યા.

મહાકાલ તો મારા ભયથી ડરી ખૂણામાં સંતાઈ ગયો છે.

હું સોમનાથને જીતવા જતો હતો ત્યાં એ બ્રાહ્મણના વેશે આવી, મને વચનબદ્ધ કરી અહીં સ્થિર રહેવા વિનવી ગયો છે. "સોમનાથની યાત્રા તેની જ પૂર્ણ કહેવાય કે જે અહીં મારા દર્શન કરી જાય અને જો કોઈ તેમ ન કરે તો તેની યાત્રા અધૂરી જ કહેવાય." પરંતુ ઓ મહાભાગી! તમે શ્વેતાંબર જૈનગુરુજી જ મને જીતનારા મળ્યા. હું આપના તપ, ત્યાગ, ચારિત્ર, દૃઢશ્રદ્ધા અને ધ્યાનની એકાગ્રતાથી પ્રસન્ન થયો છું. આપ મારી પાસે કાંઈ પણ માગો.

ગુરુજીએ માગવાની ના જ પાડી. આખરે એના બહુ જ આગ્રહથી કહ્યું કે–"તું જીવોને **અભયદાન** આપ."

વિરૂપાનાથે કહ્યું:–ભગવાન! આપની વાત તદ્દન વ્યાજબી છે અને સાચી છે પરંતુ મારો પરિવાર માને તેમ નથી; છતાંયે આપની આજ્ઞાથી હું એ સ્વીકારું છું કે–"આ મંદિરમાં કદી પણ જીવહિંસા નહિ થાય."

વીરગણિજી બોલ્યા:–આ વાત ગૂર્જરેશ્વરની સમક્ષ નક્કી થવી જોઈએ કે એ મર્યાદા **यावच्चंद्र–दिवाकरौ** કાયમ રહે.

યક્ષે તે કબૂલ્યું અને વચન આપ્યું.

વીરગણિજી ત્યાંથી પાટણ પધાર્યા. ગુજરાતના યુવરાજ ચામુંડરાયે ગુરુજીનો સત્કાર કર્યો અને યક્ષની આજ્ઞા મુજબ એ મંદિરમાં જીવહિંસા સર્વથા બંધ થશે, એમ કબૂલ કર્યું અને થરાના વલ્લભીનાથના મંદિરમાં કદાપિ જીવહિંસા ન થાય તેવું શાસન પણ કરી આપ્યું.

યુવરાજે ગુરુજીને ફરી એક વાર પાટણ બોલાવી પધરાવ્યા હતા. આ૦ વીરગણિજીએ પણ પાટણની જનતાને ખૂબ ઉપદેશ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આપ્યો હતો. ત્યાર પછી રાજગચ્છના શ્રીવર્ધમાનસૂરિજીએ તેમને પાટણમાં જ મોટા ઉત્સવપૂર્વક સંઘ સમક્ષ આચાર્યપદવી આપી હતી.

ત્યાં વલહીનાથ યક્ષ અનુરાગથી આ૦ વીરસૂરિજીના વ્યાખ્યાનમાં આવતો અને ભક્તિથી વ્યાખ્યાન સાંભળતો હતો. તેમજ ક્રીડાપ્રિય હોવાથી સુલક્ષણ મનુષ્યના દેહમાં આવી પીડા ઉપજાવ્યા સિવાય ક્રીડા કરતો હતો. સૂરિજીએ તેને નિષેધ કરતાં સમજાવ્યું કે–"તારો વિનોદ બધા સહન નથી કરી શકતા માટે હવે તું આવો વિનોદ ન કર" ગુરુનું કહ્યું યક્ષરાજે માન્યું.

યક્ષે એક દિવસે ગુરુજીને કહ્યું કે–મને ફળ મળે અને આપને પણ લાભ થાય તેવું કાર્ય બતાવો. સૂરિજીએ પૂછ્યું–જિનમંદિરોથી શોભતા **અષ્ટાપદ** પર્વત ઉપર જવાની તારી શક્તિ છે?

યક્ષરાજ બોલ્યા–ગુરુજી! તેવી શક્તિ તો છે, પરંતુ ત્યાંના વ્યંતરો એવા બળવાળા છે કે હું તેઓનું તેજ ઝીલી શકતો નથી. તેમ છતાં આપને ત્યાં પધારવું જ હોય તો ત્યાં આપને લઈ જઈને એક પહોર રહી શકીશ. તે દરમ્યાનમાં આપે ત્યાં દર્શન કરી લેવાં જોઈએ. આથી વધારે ત્યાં રહેશો તો પાછા નહીં આવી શકો.

JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

સૂરિજીએ કબૂલ કર્યું કે આપણે ત્યાં ૧ પહોરથી વધુ નહીં રોકાઈએ એટલે યક્ષ બળદનું રૂપ લઈ ત્યાં હાજર થયો; સૂરિજી તેની ઉપર ચડી બેઠા, ત્યારે ગુરુજીએ માથા ઉપર વસ્ત્ર બાંધી લીધું હતું. સૂરિજી ક્ષણવારમાં જ અષ્ટાપદજીના મંદિર પાસે જઈ ઊતર્યા પરંતુ આચાર્યશ્રીએ દેવતાઓના તેજને સહન ન કરી શકવાથી દરવાજા પાસેની પૂતળીની પાછળ રહી મહાતીર્થનાં દર્શન કર્યાં. ભરત ચક્રવર્તીએ વર્ણ અને માપ અનુસાર બનાવેલી ચોવીશ તીર્થંકરોની મૂર્તિઓને નમસ્કાર કર્યા અને પછી ત્યાંની નિશાની રૂપે દેવતાઓએ ચઢાવેલા ચોખામાંથી પાંચ–છ દાણા લઈ લીધા. સૂરિજી યાત્રા માટે રાતના પહેલા પહોરે ચાલ્યા હતા અને બીજા પહોરની એક ઘડી જતાં ઉપાશ્રયે આવી ગયા હતા.

ઉપાશ્રય દેવી અક્ષતની સુગંધથી સુગંધિત થઈ ગયો. મુનિ-

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઓએ આનું કારણ પૂછવાથી સૂરિજીએ મુનિઓને કહ્યું કે-"અષ્ટાપદ પર્વત પરના દેવાધિદેવોને વંદન કરો." પછી બધી વાત કહી અને ત્યાંથી લાવેલા ચોખા બતાવ્યા. શ્રીસંઘને પણ આ સમાચાર મળ્યા, શ્રીસંઘે રાજાને પણ આ શુભ સમાચાર પહોંચાડયા. રાજા પોતે ત્યાં આવ્યો. સૂરિજીએ તેમને અષ્ટાપદ ગિરિરાજ, ત્યાંના મંદિરો અને મૂર્તિઓનું યથાર્થ વર્ણન કરવા સાથે ત્યાંથી લાવેલા દેવતાઈ ચોખા બતાવ્યા. "જે ચોખા ૧૨ આંગળ લાંબા અને ૧ આંગળ જાડા હતા." રાજાને પણ આ અદ્દભુત ચોખા જોઈ ખાતરી થઈ કે સૂરિજીનું કથન સાચું છે. પછી એ ચોખા ઉપાશ્રયમાં રાખવામાં આવ્યા અને અષ્ટાપદના પ્રતિબિંબની જેમ પૂજાવા લાગ્યા. મુસલમાનોએ પાટણનો ભંગ કર્યો ત્યાં સુધી આ **ચોખા** ઉપાશ્રયમાં હતા.

એકવાર ગૂર્જરપતિ **ચામુંડરાયે** પોતાના **વીર** નામના મંત્રીને જણાવ્યું કે, મને પુણ્યયોગે **વચનસિદ્ધ વીર** ગુરુ અને **વીર** મંત્રી મળ્યા છે પરંતુ દુઃખની વાત છે કે-રાણીઓને ગર્ભસ્રાવનો રોગ હોવાથી **રાજપુત્ર** નથી. મંત્રીએ તરત જ આ૦ **વીરસૂરિ** પાસે જઈ આ વૃત્તાંત કહી સંભળાવ્યો, અને ગુરુમહારાજ પાસેથી મંત્રેલો **વાસક્ષેપ** લઈ જઈ રાણીઓના માથા પર ચડાવ્યો. બસ, ત્યાર પછી રાજા ચામુંડરાયને **વલ્લભસેન**, દુર્લભસેન અને નાગરાજ નામે પુત્રો થયા. અનુમાન છે કે આ ઘટના વિ. સં. ૧૦૪૦ થી ૧૦૫૦ની વચમાં ચામુંડરાયના યુવરાજકાળમાં બની હશે.

એકવાર આ૦ વીરસૂરિએ આબુ પાસેના **ઉંબરણી** ગામમાં પધારી ત્યાંના પરમાર રજપૂત **ભદ્રકુમારને** દીક્ષા આપી તેને જૈનાગમનો અભ્યાસ કરાવ્યો, ક્રિયારુચિ ગીતાર્થ અને મહાન વિદ્વાન બનાવ્યો. પોતાનો અંત સમય પાસે આવ્યો ત્યારે શ્રુતજ્ઞાનથી પોતાના આયુષ્યની સમાપ્તિ જાણી, ભદ્રમુનિને પોતાની પાટે સ્થાપી તેનું **ચંદ્રસૂરિ** એવું નામ રાખી, અનશન સ્વીકારી યોગ નિરોધથી **સંવરમાં** રહી સ્વર્ગે ગમન કર્યું.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આ૦ વીરસૂરિ સંભવતઃ તે સમયના યુગપ્રધાન છે; તેમનાથી કંબોઇયા અષ્ટાપદ વગેરે શાખાઓ નીકળી છે.

આ૦ **પ્રભાચંદ્રસૂરિ** તેમનો **સત્તાસમય** આ પ્રમાણે બતાવે છે.—

આ૦ વીર ગણિનો વિ. સં. ૯૩૮માં જન્મ, સં. ૯૮૦માં દીક્ષા અને ૯૯૧માં સ્વર્ગ.

**वसुवह्निनिधौ ९३८ जन्म, व्रतं व्योमवसुग्रहे ९८०।**
**इन्दुनन्दग्रहेवर्षे ९९१ ऽवसानमभवत् प्रभोः॥ १६५॥**

(પ્રભાવકચરિત્ર–વીરસૂરિચરિત્ર શ્લો. ૧૬૫)

હવે તત્કાલીન ઐતિહાસિક ઘટનાઓનો વિચાર કરીએ તો તેનો આચાર્યશ્રીની આ સંવતવારી સાથે મેળ ખાતો નથી. કેમકે આ શ્લોકમાં આચાર્યનો સમય વિ. સં. ૯૩૮ થી ૯૯૧ બતાવ્યો છે. સાથોસાથ આ જ ચરિત્રમાં ભિન્નમાલનો રાજા **દેવરાજ** પાટણનો રાજા **ચામુંડ** અને મંત્રી **વીર**નાં નામો પણ બતાવ્યાં છે. એ પૈકીનો જાલોરનો પરમાર રાજા દેવરાજ વિક્રમની અગિયારમી સદીમાં થયો છે. પાટણના રાજા **ચામુંડરાયનો** રાજ્યકાળ વિ. સં. ૧૦૫૩ થી ૧૦૬૬ સુધીનો છે અને મંત્રી વિમલશાહના પિતા વીરમંત્રીનો સમય પણ સં. ૧૦૬૬ પહેલાં પડે છે. આ સિવાય પોતે તથા પટ્ટધર આ૦ ચંદ્રસૂરિની દીક્ષા, શાસ્ત્રાધ્યયન, ગીતાર્થ થવું અને સૂરિપદ મળવું; તેનાં પણ વર્ષો તો જોઈએના? આમ આ દરેક બાબતોનો આચાર્યશ્રીની ઉક્ત સાલવારી સાથે મેળ ખાતો નથી. આથી એમ માનવું પડે છે, કે આ સાલવારીમાં અથવા તેના સંકેત શબ્દોના અર્થમાં કંઈક ફરક હશે. આ શ્લોકમાં આચાર્યશ્રીના સૂરિપદની સાલ બતાવી નથી. એટલે આ૦ વીરગણિની સં. ૯૮૦માં દીક્ષા સં. ૯૯૧માં ગણિપદ સં. ૧૦૫૦ લગભગમાં સૂરિપદ અને વિ. સં. ૧૦૯૧માં સ્વર્ગ; એમ લાંબુ આયુષ્ય માની લઈએ તો ઉપરની આંટીઘૂંટીનો સરળ નિકાલ આવી જાય છે અને ઐતિહાસિક ઘટનાઓનો સુમેળ બની રહે છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જો કે પાટણના રાજા ચામુંડરાયના સં. ૧૦૩૩ના વડસમાના તામ્રપત્રથી સ્પષ્ટ છે કે, તેણે યુવરાજ તરીકે પણ દાન આપ્યું છે. (ગુજરાતના ઐતિહાસિક લેખો ભા. ૩, પૃ. ૧૫૪–૧૫૫) એટલે કે થરાના વિરૂપાક્ષ મંદિરમાં જીવહિંસા બંધ કરવાનું આજ્ઞાપત્ર પણ તેણે યુવરાજ તરીકે કઢાવ્યું હતું પરંતુ પછી તે રાજા થયો એટલે પાછળના લેખકોએ આ ઘટનાને **રાજા** તરીકે વર્ણવી છે. જે વસ્તુ સંભવિત અને બનવાજોગ છે. રાણીઓની રોગ શાંતિવાળી ઘટના પણ ચામુંડરાયના યુવરાજકાળમાં બની છે; કેમકે વલ્લભસેન અને દુર્લભસેન વિ. સં. ૧૦૫૦ પહેલાં જન્મ્યા હતા, માટે જ ચામુંડરાયે તેઓને યોગ્ય ઉંમરના થતાં સં. ૧૦૬૬માં ગાદીએ બેસાડચા હતા. એટલે આ૦ વીરસૂરિનું દીર્ઘાયુષ્ય માની સં. ૧૦૯૧માં સ્વર્ગગમન માનવું એ તર્કસંગત બની રહે છે.

આ૦ વીરસૂરિની **પટ્ટાવલી** જુદા જુદા સાધનો વડે આ રીતે તૈયાર થાય છે.

(૩૪) આ૦ **વિમલચંદ્રગણિ** વિ૦ સં૦ ૯૮૦માં સ્વર્ગ.

(૩૫) આ૦ **વીરસૂરિ** તેઓ શાંત, ત્યાગી, વૈરાગી અને અડગ ધ્યાની હતા.

(૩૬) આ૦ **ચંદ્રસૂરિ**:—તે આબુ પાસેના અષ્ટાદશશતીદેશના **ઉંબરણી** ગામના પરમારવંશી રાજકુમાર હતા. તેમનું નામ **ભદ્રકુમાર** હતું. આ૦ વીરસૂરિ ઉંબરણીમાં પધારી ઉપાશ્રયમાં આવી ઊતર્યા હતા પણ તેઓ સાંજે સ્મશાનમાં જઈ આખી રાત ધ્યાન કરતા હતા. તેઓ એકવાર સાંજે મસાણમાં જતા હતા ત્યારે ભદ્રકુમારે તેમને મસાણમાં જતા જોઈ વિનતિ કરી કે, મહારાજ! આ મસાણમાં ભયંકર ફાડી ખાનાર પશુઓ છે, અહીં આપ રાત રહો તે ઠીક નથી, કૃપા કરી આ શહેરમાં કોઈ સારા સ્થાનમાં પધારો. આચાર્ય મહારાજે ભદ્રિક એવા ભદ્રકુમારને કહ્યું: મહાનુભાવ મુનિઓને ડર હોતો નથી. મુનિઓ તો આવા નિર્જન સ્થાનમાં જ **ધ્યાન** કરે છે અને એમાં જ આનંદ માને છે. ભદ્રકુમાર આ

JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સાંભળી તેમના ઉત્તરથી પ્રભાવિત થઈ પોતાના સ્થાને ચાલ્યો ગયો. ઘરે જતાં તેને જાંબુનું ભેટણું મળ્યું. પણ તે જાંબુમાં **કીડા** પડ્યા હતા. રાજકુમારે તે કીડા જોઈ વિચાર્યું કે, અહો ! આ ફળોમાં કીડા છે, રાતે ખાઈએ તો તેમનો નાશ જ થાયને ? આથી નક્કી છે કે, **રાત્રિભોજન** કરવું એ ઉચિત નથી. હવે તેણે બ્રાહ્મણ પંડિતને બોલાવી પૂછ્યું કે, ફળમાં કીડા ખાઈ જાય તેને શું પ્રાયશ્ચિત્ત આવે ? શાસ્ત્રીજીએ જવાબ વાળ્યો કે, "સોનાના એવા જ કીડા બનાવી બ્રાહ્મણોને દાનમાં અપાય તો જ તે પાપની શુદ્ધિ થાય." રાજકુમારને આ ઉત્તરથી સંતોષ થયો નહિ. તેને વિચાર થયો કે, "સોનાના કીડા બનાવી જે બ્રાહ્મણોને દાન કરીએ તેઓ તેનો પણ વિનાશ કરવાના જ છે, એનો દોષ કોને લાગે ? એ રીતે તો પાપની પરંપરા વધતી જ જવાની. એટલે એ રીતે તો પાપશુદ્ધિ થઈ ન શકે; માટે શાસ્ત્રીજીએ બતાવેલું પ્રાયશ્ચિત્ત બુદ્ધિગમ્ય બને તેમ નથી."

JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્

રાજકુમારે બીજે દિવસે સવારે ઉપાશ્રયમાં જઈ આ૦ વીરસૂરિને એ જ પ્રશ્ન પૂછ્યો.

આચાર્ય મહારાજે તેનો ખુલાસો કર્યો કે—ભદ્ર ! સર્વત્ર **સ્થાવર અને ત્રસ** જીવો રહેલા છે. જેમાં પૃથ્વી, પાણિ, અગ્નિ, વાયુ, વનસ્પતિ, બેઈંદ્રિય, તેઈંદ્રિય, ચઉઈંદ્રિય, પંચેન્દ્રિય, જળચર થલચર ખેચર, માછલાં, ગાય, ચકલાં, તિર્યંચ, નારકી, દેવ અને મનુષ્યોનો સમાવેશ થાય છે.

**વનસ્પતિ** સ્થાવરકાય છે. તેમાં ઘણા જીવો રહેલા છે. તેનાં મૂળ ફળ, વગેરેમાં ઘણા જીવો જન્મે છે અને મરે છે. આ રીતે જીવો રહેલા છે તે દરેકનું યથાશક્તિ રક્ષણ કરવું જોઈએ. વિવેકી રાજકુમાર ! **દયા એ જ ધર્મ** છે. તું વિચાર કરીશ તો તને આ વાત બરાબર સમજાશે. ભદ્રકુમાર આ ઉત્તર સાંભળી પ્રતિબોધ પામ્યો અને તેણે સંસારનો ત્યાગ કરી પોતાના કલ્યાણ માટે **દીક્ષા**નો સ્વીકાર કર્યો. આ૦ વીરસૂરિએ તેને દીક્ષા આપી પોતાનો શિષ્ય ભદ્રમુનિ બનાવ્યો અને અંત સમયે તેને **આચાર્ય**-

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પદ આપી **ચંદ્રસૂરિ** એવું નામ રાખી પોતાની પાટે સ્થાપિત કર્યા. આ૦ ચંદ્રસૂરિ પણ ગુરુ જેવા જ તેજસ્વી થયા.

(૩૭) **યશોદેવસૂરિઃ**—તેમણે વિ. સં. ૧૧૭૬માં 'પિંડવિશુદ્ધિ' પ્રકરણની **વૃત્તિ** બનાવી જેનું વડગચ્છના શ્રુતહેમનિકષ પૂજ્ય આ૦ **મુનિચંદ્રસૂરિ**એ સંશોધન કર્યું હતું અને તેના આધારે જ વિ. સં. ૧૨૯૫માં ચંદ્રગચ્છના આ૦ શ્રીપ્રભસૂરિ શિષ્ય આચાર્ય માણિક્યપ્રભસૂરિ શિષ્ય આ૦ **ઉદયસિંહે** પિંડવિશુદ્ધિ-**દીપિકા** બનાવી છે.

(૩૮) **પાર્શ્વદેવગણિઃ**—તેઓ મોટે ભાગે દ્વિજપાર્શ્વદેવગણિ તરીકે વિખ્યાત છે. તેમણે 'ઉપસર્ગ સ્તોત્રવૃત્તિ, પદ્માવત્યષ્ટક, અને સં. ૧૨૦૩માં તેની વૃત્તિ' બનાવેલ છે.

## જૈન રાજાઓ

### રાજા અલ્લટરાજ

ચિતોડની ગાદીએ ખુમાણ (ત્રીજો) પછી ભર્તૃભટ (બીજો) રાજા થયો. તેની રાણી મહાલક્ષ્મી રાઠોડ વંશની કન્યા હતી. મહાલક્ષ્મી રાણીએ અલ્લટરાજને જન્મ આપ્યો, જેનાં અલ્લ, અલ્લુ, આલુ, અલ્લટ અને રાવળ વગેરે નામો છે, ચિતોડના શિશોદીઆ રાજાઓમાં બાપ્પા રાવળ અને શક્તિકુમારના વચલા ગાળામાં અલ્લટ એ પ્રતિભાશાળી રાજા થયો છે. 'ટોડ રાજસ્થાન'માં તેનો સંવત ૯૨૨ આપ્યો છે અને શિલાલેખોમાં તેનો સંવત ૧૦૧૦ મળે છે. એટલે કે વિ. સં. ૯૨૨ થી ૧૦૧૦ તેનો સત્તા-સમય છે. તેણે ચિતોડની ગાદી સારી રીતે દીપાવી હતી. સીમાડાના રાજાઓ સાથે તેને મીઠો સંબંધ હતો. આહડ પાસેનો પ્રદેશ મેવાડનું **સૌંદર્ય ધામ** છે. રાજા અલ્લટ વિ. સં. ૧૦૦૮ થી તો આહડમાં જ વધુ રહેતો હતો, તેથી આહડને પાટનગર તરીકે ફરીવાર લાભ મળ્યો અને રાજા અલ્લટરાજના વંશજો **આહડીઆ** એવા નામથી પણ વિખ્યાત થયા. સંભવ છે કે મુંજરાજે આહડ પર હલ્લો કર્યો ત્યાર પછી તેના વંશજોએ ચિતોડને કાયમી **પાટનગર**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

બનાવ્યું હશે. અલ્લટરાજ **જૈનધર્મી** રાજા હતો. તેને પહેલ-વહેલો ઉપકાર આ૦ બલિભદ્રસૂરિથી થયો હશે. આચાર્ય **બલિભદ્રજી** મુનિપણામાં હત્થુંડીમાં પધાર્યા અને તેમણે ત્યાં રહ્યા રહ્યા જ અલ્લટરાજની રાણીનો રેવતીદોષ શમાવ્યો. પરિણામે અલ્લટરાજે બલિભદ્ર મુનિને વાંદ્યા, તેમની પાસેથી જૈનમુનિનો માર્ગ સાંભળ્યો; તેમને આચાર્ય બનાવ્યા, તેમને શ્રાવકો બનાવી આપ્યા અને હત્થુંડીમાં રાજા **વિદગ્ધરાજને** પણ તેમની સેવા કરવા સૂચવ્યું. આ ઘટના વિ. સં. ૯૭૩ પહેલાં બની છે. પછી તો અલ્લટરાજે બીજા વિદ્વાન જૈનાચાર્યોને પણ પોતાની રાજસભામાં પધરાવી ખૂબ સન્માન્યા છે. તે આચાર્ય નન્નસૂરિ (નંદકસૂરિ)ને ગુરુ તરીકે માનતો હતો, તેની સભામાં આચાર્ય મલ્લવાદીના વડીલ ગુરુભાઈ આ૦ **જિનયશે** પ્રમાણ ગ્રંથનું વ્યાખ્યાન કર્યું હતું. આચાર્ય **વિમલચંદ્ર** અને આ૦ જયસિંહસૂરિને પણ તેણે વંદન કર્યું છે. અલ્લટરાજની તલપાટકની* રાજસભામાં રાજગચ્છના આ૦ **પ્રદ્યુમ્નસૂરિએ** દિગંબરાચાર્યને જીતી પોતાનો શિષ્ય બનાવ્યો હતો, જેની યાદગીરીમાં ચિતોડના કિલ્લામાં જૈન **વિજયસ્તંભ** બન્યો છે. તેમના પટ્ટધર આ૦ અભયદેવસૂરિ પ્રત્યે રાજા પણ બહુ જ પૂજ્યભાવ ધરાવતો હતો, હૂણ રાજાની પુત્રી હરીયદેવી અલ્લટરાજની રાણી હતી. તેણીએ **હર્ષપુર** વસાવ્યું છે. ત્યાંથી મજ્ઝિમા શાખામાંથી હર્ષપુરીય ગચ્છ નીકળ્યો છે. અજમેરથી ૧૨ માઈલ દૂર હાંસોટ નામે ગામ છે. એ જ આ હર્ષપુર છે. આ

---

* તલવાડા, તલપાટક, તલહટી, તળેટી, એ મળતાં નામો છે.

પંજાબમાં હૂણસમ્રાટ તોરમાણની રાજધાની પર્વતિકા હતી. પર્વતિકાનાં બીજાં નામો તલવાડા, ચચપુર અને ચાચર બતાવ્યાં છે. (જુઓ પૃ. ૪૪૧) એટલે તલવાડા એ પર્વતિકાનું ઉપનગર કે પાડો હોય એમ સંભવે છે. આજ રીતે ચિતોડગઢની તળેટીનો ભાગ પણ તલપાટક તરીકે ઓળખાતો હોય એમ અનુમાન થાય છે. ચૌદમી સદીના ઉ. વિનયપ્રભ તીર્થમાળામાં તલ્લવાડામાં ભ૦ શાંતિનાથનું દેરાસર બતાવે છે. આ સ્થાન પણ મેવાડનું તલ્લવાડા હોય એમ સંભવે છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઉપરથી એ પણ પુરવાર થાય છે કે સાપાદલક્ષ (સવાલક) દેશમાં પણ મેવાડના રાજાઓની હકુમત હશે.

તેણે આહડમાં ભ૦ પાર્શ્વનાથનું દેરાસર બનાવી તેમાં આ૦ યશોભદ્રસૂરિના હાથે પ્રતિષ્ઠા કરાવી હતી. એકંદરે અલ્લટરાજ તે જૈન રાજા થયો છે.

## કર્દમરાજ

કર્દમરાજ તે **ત્રિભુવનગિરિ** (તહનગઢ)નો રાજા હતો. તેણે રાજગચ્છના આ૦ અભયદેવસૂરિ પાસે દીક્ષા લીધી અને તે આ૦ ધનેશ્વરસૂરિ તરીકે પ્રસિદ્ધ થયો છે. આ આચાર્યને ત્રિભુવનગિરિનો રાજા, માળવાનો મુંજ રાજા વગેરે ગુરુ તરીકે માનતા હતા, તેથી તેમનો ગચ્છ જગતમાં રાજગચ્છ તરીકે વધુ પ્રસિદ્ધિ પામ્યો હતો જેની ઘણી શાખાઓ નીકળી છે.

(જુઓ : પૃ. ૫૦૮)

યાદવવંશી **કુમારપાલ** વિ. સં. ૧૨૧૦માં તહનગઢનો રાજા હતો, તે આ૦ જિનદત્તસૂરિના ઉપદેશથી જૈન બન્યો હતો. તેને સં. ૧૨૫૨માં મહમદ ઘોરીએ હરાવ્યો હતો. કુમારપાલના વંશજ અર્જુનપાલે સં. ૧૪૦૫માં **કરોલી** વસાવ્યું છે. કરોલી શહેર જૈન શ્વેતામ્બર મહાવીરજી તીર્થની પાસે છે. ત્યાંથી ઈશાનમાં ૨૪ માઈલ દૂર **તહનગઢ** છે, તે જ આ ત્રિભુવનગિરિ છે.

(પ્રભાવકચરિત્ર પ્રશસ્તિ, પાર્શ્વનાથચરિત્ર પ્રશસ્તિ, ભારતીયવિદ્યા ભા. ૨–અં. ૧)

## સપાદલક્ષનો રાજા

**सपादलक्षगोपालत्रिभुवनगिर्यादिदेशगोपालान् ।**
**यश्चतुरधिकाशीत्या वादजये रञ्जयामास ॥ २७-२८ ॥**

રાજગચ્છના આ૦ પ્રદ્યુમ્નસૂરિએ સવાલક અને તહનગઢ વગેરે રાજસભાઓમાં ૮૪ વાદો જીતી ત્યાંના રાજાઓ ઉપર પોતાનો પ્રભાવ પડ્યો હતો.

(રાજગચ્છના આ૦ માણેકચંદ્રસૂરિકૃત–પાર્શ્વનાથચરિત્ર પ્રશસ્તિ)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આ૦ પ્રભાચંદ્રસૂરિ લખે છે કે—"વિક્રમની અગિયારમી સદીના પૂર્વાર્ધમાં **સપાદલક્ષ** દેશના **કુચ્ચપુર** (કુચેરા) નગરમાં **અલ્લનો** પુત્ર **ભુવનપાલ** રાજા હતો."

(પ્રભાવકચરિત્ર, અભયદેવસૂરિપ્રબંધ)

આથી અનુમાન થાય છે કે–ચિતોડના રાજા અલ્લટની અહીં સુધી હકુમત હશે અને તેનો પુત્ર ભુવનપાલ અહીંનો સૂબો હશે. અથવા કુચેરાનો રાજા અપુત્રિયો હોઈ ને તેની ગાદીએ સગોત્રી ભુવનપાલ આવ્યો હશે અથવા કુચેરાના રાજાનું નામ પણ અલ્લ હશે અને તેને ભુવનપાલ નામે પુત્ર હશે.

શિશોદિઆ વંશની અનેક શાખાઓ હતી, તેમાં સંભવતઃ કુચેરાના રાજવંશનો પણ સમાવેશ થાય છે. એટલે ચિતોડનો રાવલવંશ અને કુચેરાનો રાજવંશ એકગોત્રી છે અને એમ જ હોય તો અલ્લટરાજનો પુત્ર ભુવનપાલ કુચેરાની ગાદીએ આવે તો એ પણ બનવાજોગ છે. આમાં એક વાત ચોક્કસ છે કે–ભુવનપાલ પહેલાંનો કુચેરાનો રાજા **અલ્લ** આ૦ પ્રદ્યુમ્નસૂરિનો ભક્ત હતો.

## રાજા મિહિરભોજ

કનોજના પડિહારવંશી નાગાવલોક, મિહિરભોજ અને કક્કુઅ વગેરે રાજાઓ જૈનાચાર્યના ઉપાસકો હતા. (જુઓ : પૃ૦ ૫૩૬–૫૩૯)

## હત્થુંડિયા રાઠોડની રાજાવળી

૧. **રાજા હરિવર્મા**—તે રાઠોડ વંશનો હતો અને **હત્થુંડીમાં** રાજ્ય કરતો હતો. તે સમયે હત્થુંડી, બાલી વગેરે નાની ગોડવાડનો પ્રદેશ મેવાડ સાથે જોડાયેલો હતો. પછી કાલક્રમે તે તેનાથી છૂટો પડી મારવાડ સાથે જોડાઈ ગયેલ છે. ગોલવાડથી મેવાડમાં જવાના જે જે **પહાડી રસ્તાઓ** છે તે તે દરેક પ્રવેશ સ્થાનો પર **જૈન તીર્થો** સ્થપાયાં છે, જે આજે પણ વિદ્યમાન છે.

આજે *હત્થુંડીનગર વિદ્યમાન નથી કિન્તુ તેનાથી ૧ કોષ દૂર

* હત્થુંડી–હત્થુંડીનગર, હત્થુંડીગચ્છ કે રાજા ધવલરાજે બનાવેલ ભગવાન આદિનાથનું દેરાસર આજે વિદ્યમાન નથી. આજે તે નગરથી ૧

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સેવાડી પાસે રાતા મહાવીરનું **તીર્થ** વિદ્યમાન છે. રાજા હરિવર્મા વિક્રમની આઠમી સદીનો રાજા છે. તેને **રુચિ** નામની રાણી હતી.

(૨) **વિદગ્ધરાજ**—રાજા હરિવર્મા પછી તેનો પુત્ર વિદગ્ધ-રાજ હત્થુંડીની ગાદીએ આવ્યો. તે મેવાડના રાજા **અલ્લટનો** મિત્ર હતો, અલ્લટરાજના કહેવાથી તેણે આ૦ **વાસુદેવસૂરિને**

---

કોશ દૂર રાતા મહાવીરનું **તીર્થ** છે. હત્થુંડીનો રાજ્યવંશ ત્યાં હત્થુંડિયા રાઠોડ કહેવાય છે અને હત્થુંડી ગચ્છના શ્રાવકો બાલી, સાદડી, સાંડેરાવ, મેવાડ વગેરે સ્થાને પથરાઈ ગયા છે, તે પણ હત્થુંડિયા તરીકે પ્રસિદ્ધ છે.

**રાતા મહાવીર**—હત્થુંડીથી ૧ કોશ અને વિજાપુરથી ૧ કોશ દૂર રાતા મહાવીરનું તીર્થ છે; ૨૪ દહેરીવાળું મંદિર છે, ૨॥ હાથ ઊંચી લાલ રંગની ભ૦ મહાવીરસ્વામીની પ્રતિમા છે. આ તીર્થ વિક્રમની તેરમી સદીમાં બન્યું છે, એમ શિલાલેખોના આધારે સમજી શકાય છે. અહીં હત્થુંડી-ગચ્છના આચાર્યની પ્રતિમા પણ વિરાજમાન છે, આ તીર્થનો છેલ્લો જીર્ણોદ્ધાર વિ. સં. ૨૦૦૫ માગશર શુદિ ૧૦ના દિવસે વિજાપુર આદિના શ્રી સંઘે કરાવેલ છે. આ૦ વિજયવલ્લભસૂરિએ તે જ દિવસે અહીં બીજી પ્રતિમાઓની પ્રતિષ્ઠા પણ કરાવી છે.

(આ. સૂરાચાર્યકૃત પ્રશસ્તિ-શિલાલેખ, જિનવિજયજીનો શિલાલેખ સંગ્રહ ભા. ૨જો, કાવલાવણ્યસમયકૃત રાસ)

**સેવાડી**—સેવાડીનું સંસ્કૃત નામ **શમીપાટી** છે. અહીંના શિલાલેખો બોલે છે કે-શમીપાટી એ નાડોલના યુવરાજોનું ભુક્તિનગર (ભોગવટાનું ગામ) હતું. નાડોલમાં અનુક્રમે ચૌહાણ અણહિલ્લ, જિંદ, અશ્વરાજ (વિ. સં. ૧૧૬૭ થી ૧૧૮૦), કટુકરાજ (વિ. સં. ૧૨૩૧ સુધી) અને જયંત-સિંહ રાજાઓ થયા છે. કટુકરાજ જૈનધર્મી રાજા હતો. સેવાડીમાં ભ. મહાવીરસ્વામીનું બાવન-દેરીવાળું ભવ્ય દેરાસર હતું. અશ્વરાજના સેનાપતિ **યશોવીરે** અહીં સં. ૧૧૭૨માં ભ૦ શાંતિનાથજીનું દેરાસર બનાવ્યું હતું. અને યુવરાજ કટુકરાજે તેની પૂજા માટે ખરચો બાંધી આપ્યો હતો. અહીં શ્રાવકોનાં ૨૦૦ ઘરો છે, ૨ ધર્મશાળા છે, ઉપાશ્રય છે, ૨ ભવ્ય દેરાસર છે. ભ૦ મહાવીરસ્વામીનું દેરાસર બારમી સદીમાં બન્યું છે. તેમાં ભ. મહાવીરસ્વામીની ૧॥ હાથ ઊંચી ભવ્ય પ્રતિમા વિરાજમાન છે.

બીજું દેરાસર ભ૦ વાસુપૂજ્યસ્વામીનું છે. મંદિરની પાસેની દેરીમાં ભ૦ ગૌતમસ્વામી વગેરેની મૂર્તિઓ છે.

સાંડેરગચ્છના આ૦ ગુણરત્નસૂરિની પ્રતિમા પણ અહીં વિદ્યમાન છે.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હત્થુંડીમાં પધરાવ્યા, તેમના ઉપદેશથી જૈનધર્મ સ્વીકાર્યો અને ભગવાન શ્રીઆદિનાથનું વિશાળ જિનચૈત્ય બંધાવી તેના નિર્વાહ માટે યોગ્ય બંદોબસ્ત કર્યો હતો.

વિદગ્ધરાજે પ્રથમ પોતાના વજન પ્રમાણે સોનું તોળી તુલા-દાન કર્યું. તેના ૩ ભાગ પાડી ૨ ભાગ પ્રભુને અને ૧ ભાગ ગુરુને સમર્પિત કર્યો. ત્યાર પછી તેણે પોતાના રાજ્યના નાના મોટા દ[illegible] ગામોનાં લોકોને બોલાવી તેની સન્મુખ સૂર્ય ચંદ્ર તપે ત્યાં સુધીનું દાનશાસન કરી આપ્યું તે આ પ્રમાણે :—

ક્રય–વિક્રયમાં દર ૨૦ પોઠે રૂપૈયો ૧, ગાડી ભરાય અને ચાલે કે દરગાડી દીઠ રૂા. ૧, તેલના ઘાણામાંથી ઘડા દીઠ કર્ષક–૧, તંબોલીએ દર ૧૨ બીડીએ ૧ બીડું, દરેક જુગારીએ ૧ પાઈ, સુતારે પાટડા દીઠ + + ખેડૂતે રેંટે રેંટે ઘઉં અને જવ આઢક–૧, ઘી તેલ વગેરેમાં કુડલા દીઠ, પળી પાંચ, ભાર દીઠ વીંશોપક ૧, એ રીતે રાજ્ય-શાસનની જેમ ધર્માદા કર આપવો. સં. ૯૭૩.

આ૦ વાસુદેવસૂરિ આ આવકના ૩ ભાગ કરી ૨ ભાગ દેરાસરમાં અપાવતા હતા અને ૧ ભાગ પોતે વિદ્યાધન તરીકે રાખતા હતા.

(૩) **મમ્મટરાજ**—વિદગ્ધરાજ પછી તેનો પુત્ર મમ્મટરાજ રાજા થયો. તેણે રાજા થયા પછી આ૦ વાસુદેવસૂરિની પૂજા કરીને બીજું **શાસન** લખી આપ્યું. તે આ પ્રમાણે :—

મારા પિતાજી રાજા વિદગ્ધરાજે દાનશાસન લખી આપ્યું છે. તેનું દરેકે બરાબર પાલન કરવું. વિશેષમાં–કપાસ, કાંસ, કેસર, મંજિષ્ઠ વગેરે કરિયાણું વેચતાં ભાર દીઠ પલ ૧૦, ઘઉં, મગ, જવ, મીઠું, રાળ વગેરેમાં દ્રોણ દીઠ માણું ૧ આપવું. રાજા રાજ્યકુટુંબ અને પ્રજાએ દેવદ્રવ્ય અને ગુરુદ્રવ્યની રક્ષા કરવી, ધર્માદા દ્રવ્યનું ભક્ષણ કે ઉપેક્ષા કરવામાં પાપ છે. દેવદ્રવ્ય અને ગુરુદ્રવ્યનું ભક્ષણ કે ઉપેક્ષા કરવામાં વધુ પાપ છે. સં. ૯૯૬ મહા વદિ ૧૧.

મમ્મટરાજના રાજ્યકાળમાં આ૦ **સર્વદેવસૂરિ** અહીં પધાર્યા હતા. તેમના ઉપદેશથી સં. ૯૮૮માં હત્થુંડીના રાવ જગમાલે પોતાના

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પરિવાર સાથે જૈન બની ઓસવાલ સંઘમાં પ્રવેશ કર્યો હતો. તેઓનું **ઝામડ** ગોત્ર થયું.

(૪) **ધવલરાજ**—મમ્મટરાજનો પુત્ર ધવલરાજ હત્થુંડીનો રાજા થયો. તે બહુ બળવાન હતો. માળવાના **મુંજરાજે** મેવાડમાં જઈ આહડ તોડયું ત્યારે આ ધવલરાજે મેવાડના રાજા **શાલિવાહન** કે જેનું બીજું નામ ખુમાણ ચોથો સંભવે છે તેને તથા ગુજરાતના સોલંકી રાજાને શરણું આપ્યું હતું. તેણે ચાહાણ વિગ્રહરાજના ભાઈ દુર્લભરાજ અને વિગ્રહરાજના પુત્ર **મહેન્દ્રના** કિસ્સામાં **મહેન્દ્રને** મદદ કરી રાજ્ય અપાવ્યું હતું અને મહાબલવાન મૂળરાજથી ડરતા વઢવાણના રાજા **ધરણીવરાહને** શરણ આપ્યું હતું. આ પ્રમાણે ધવલરાજનું શરણ અનેક રાજાઓએ સ્વીકાર્યું હતું. (શ્લો. ૯ થી ૧૮).

जैन साइट JAINSITE

આ જૈન રાજા હતો. તેણે આ૦ **શાંતિસૂરિના** ઉપદેશથી પોતાના દાદા રાજા વિદગ્ધરાજે કરાવેલ ભગવાન આદિનાથના મંદિરનો જીર્ણોદ્ધાર કરી વિશાલ **જિનાલય** બનાવ્યું અને તેમાં સં. ૧૦૫૩ મહા શુદિ ૧૩ દિને આ૦ શાંતિસૂરિના હાથે હત્થુંડીના ગોઠી તથા શ્રાવકોએ ન્યાયોપાર્જિત દ્રવ્યથી બનાવેલ ભગવાન આદિનાથની પ્રતિમાની પ્રતિષ્ઠા કરાવી, ધ્વજાદંડ ચઢાવ્યો, અને તેના નિર્વાહ માટે પિંપળીયાકૂવાની રેંટવાળી જમીન સમર્પિત કરી હતી.

(૫) **બાલપ્રસાદ**—તે ધવલરાજનો નીતિવાળો પુત્ર હતો. ધવલરાજે મોટી ઉમ્મર થતાં પોતાના હાથે જ પોતાના પુત્ર બાલપ્રસાદને હત્થુંડીની ગાદીએ બેસાડ્યો હતો. તે પણ જૈનધર્મી હતો.

એક ઉલ્લેખ એવો મળે છે કે, સં. ૧૨૦૮માં હત્થુંડીના રાજાએ અંચળગચ્છના આ૦ જયસિંહસૂરિના ઉપદેશથી ભ૦ મહાવીરસ્વામીનું મંદિર બનાવ્યું હતું.

(ગુજરાતના ઐતિહાસિક લેખો ભા. ૩ પૃ. ૨૪૦)

(અજમેરના સંગ્રહસ્થાનમાં સુરક્ષિત હત્થુંડીનો શિલાલેખ)

www.jainsite.com　For Private & Personal Use Only　info@jainsite.com

**શ્રાવસ્તીનો જૈન રાજવંશ**

શ્રાવસ્તી એ પ્રાચીન મોટી નગરી અને **તીર્થભૂમિ** છે. અહીં ભગવાન સંભવનાથના ચ્યવન, જન્મ, દીક્ષા અને કેવળજ્ઞાન એ ચાર પુણ્યપ્રસંગો બન્યા છે, પાંચસો ચોરોના પ્રતિબોધક સ્વયં-સંબુદ્ધ **કપિલ** મહર્ષિ અહીં થયા છે અને સિદ્ધિ પામ્યા છે, પ્રતિમાધારી રાજકુમાર **ભદ્ર** અણગારને રાજપુરુષો તરફથી ઉપસર્ગ થતાં અહીં તેમનાં કેવળજ્ઞાન અને મોક્ષ થયાં છે, આ૦ અજિતસેનના શિષ્ય ક્ષુલ્લક **મુનિને** નાટકમાં એક સૂક્તથી અહીં જ પ્રતિબોધ થયો હતો, **ખંધકાચાર્ય** પણ અહીં થયા છે, ભગવાન શ્રી**મહાવીર**-સ્વામીએ અહીં એક ચોમાસું કરેલ છે, ભગવાન કુટ્ઠય ઉદ્યાનમાં અને કેશીકુમાર તિંદુક ઉદ્યાનમાં સમોસર્યા હતા ત્યારે ગણધર **કેશી**કુમાર અને ગણધર **ઈન્દ્રભૂતિ** ગૌતમસ્વામીનો સંવાદ, શંકાનિરસન અને એકમેળ અહીં થયાં છે, ભગવાન મહાવીરના શ્રાવકો **શંખપુષ્કલી** અને **ઢંક કુંભાર** અહીંના વતની હતા, ભગવાનનો શિષ્ય **જમાલી** નિહ્નવ બની અહીં આવ્યો ત્યારે ઢંક શ્રાવકે ભગવાનની પુત્રી સાધ્વી **પ્રિયદર્શનાને** ઓઢવાના કપડાંનો એક ભાગ સળગાવી પ્રતિબોધ પમાડી ભગવાનના માર્ગે વાળી હતી, અને તેણીની પાછળ બીજી સાધ્વીઓ અને સાધુઓ પણ સન્માર્ગે આવ્યા હતા. આ રીતે શ્રાવસ્તી અનેક ઐતિહાસિક ઘટનાઓનું સંગમ સ્થાન છે.

વિક્રમની પાંચમી સદીનું શ્રાવસ્તીનું વર્ણન મળે છે કે— અહીં પ્રસેનજિત રાજા છે, અહીં જૈનો સાથે શાસ્ત્રાર્થ થયો છે, શાસ્ત્રાર્થના સ્થાને ઊંચો બુદ્ધવિહાર છે. તેની પાસે નાનકડું જૈન-**દેરાસર** છે, તેની ઉપર બુદ્ધવિહારની છાયા પડે છે એટલે તે 'છાયાગત' નામથી ઓળખાય છે. પૂજારી આવી તેની રોજ પૂજા કરે છે. વળી, મધ્યદેશમાં ૯૬ પાખંડો ફેલાયા છે, જે આલોકને માને છે, પરલોકને માને છે તેના સાધુઓ ભિક્ષા લે છે. યતિઓ ધર્મશાળામાં ઊતરે છે. તેઓની ધર્મશાળાઓ માર્ગમાં હોય છે, ત્યાં આવનાર મુસાફરોને ખાવાનું પણ આપવામાં આવે છે વગેરે.

(ચિનાઈ ભિક્ષુક ફાહિયાનનું ભારતપ્રવાસનું વર્ણન)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વિક્રમની સાતમી સદીનું વર્ણન મળે છે કે—ત્યારે શ્રાવસ્તી ઉજ્જડ હાલતમાં હતું. આ સ્થાન "જેતવન મોનેસ્ટ્રી" તરીકે સૂચિત છે.

( ચિનાઈ યાત્રી હુ–એન–સંગનું વિવરણ )

ત્યાર પછી અહીં ફરીવાર (ચંદ્રવતી) નગર વસ્યું છે અને અનેક જૈન મુનિઓ અહીં પધાર્યા છે.*

વિક્રમની ચૌદમી સદીનું વર્ણન મળે છે કે—શ્રાવસ્તી નગરી આજે **મહેઠ** નામથી પ્રસિદ્ધ છે. ગાઢ જંગલમાં ભગવાન સંભવનાથનું અનેક દેરીઓથી શોભતું ગગનચુંબી **જિનાલય** છે. પાસે જ લાલ અશોકનું ઝાડ છે, ચારે બાજુ ફરતો કિલ્લો છે, મણિભદ્ર યક્ષનું ચમત્કારી સ્થાન છે. અલાઉદ્દીનના સુબાએ આવી આ તીર્થમંદિર અને જિનાલયનો નાશ કર્યો છે. અહીં મેળો ભરાય છે તે દિવસે દરસાલ એક **ચિત્તો** અહીં આવી બેસે છે અને આરતિ ઊતર્યા પછી પોતાને સ્થાને ચાલ્યો જાય છે, પણ તે કોઈને ભય પમાડતો નથી. આ પ્રદેશમાં **ડાંગર**ની એટલી જાતો થાય છે કે તેનો એકેક દાણો લઈ એકઠો કરીએ તો એક ઘડો ભરાઈ જાય.

( આ૦ જિનપ્રભસૂરિકૃત "તીર્થકલ્પ" )

કવિવર **સૌભાગ્યવિજયજી** લખે છે કે—શ્રાવસ્તી નગરીને સ્થાને આજે એક ગામડું છે, ચારે બાજુ ગાઢ જંગલ છે. અહીં જિનાલયમાં જિનપ્રતિમા અને પગલાં પૂજાય છે. પાલક પાપીના પાપે આ **દંડકદેશ** બળી ગયો છે. આજે આ પ્રદેશમાં કડુ અને **કરિયાતું** વધુ પ્રમાણમાં ઉત્પન્ન થાય છે.

( તીર્થમાળા )

ઈ. સ. ૧૮૭૫ થી ૧૮૮૫ સુધી સરકારે અહીં છૂટું છૂટું ખોદકામ કરાવ્યું છે. તેના આધારે ડૉ. **હો** વગેરે પ્રકાશ પાડે છે કે—અહીં **સોભનાથ** ( સંભવનાથ ) ભગવાનના દેરાસરનું ખંડેર છે, તેનું ચોગાન ૬૦ ફૂટ લાંબુ ૫૦ ફૂટ પહોળું છે, જેમાં પ્રાચીન

* શ્રાવસ્તીમાં અગિયારમી શતાબ્દી સુધી જૈન રાજાઓ હતા.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કોતરકામ છે, પાસે નાના નાના ઓરડાઓ છે, ચોગાનમાં જવા માટે પગથિયાં છે, મંદિરનો કેટલોક ભાગ ઊભેલો છે, ઘૂમટ પણ દેખાય છે. અહીં ખોદાણમાંથી ૩ જિનપ્રતિમાઓ અને ૨ શિલાલેખો મળ્યા છે, જે વિક્રમની બારમી સદીના છે, જે આજે લખનૌના મ્યુઝિયમમાં સુરક્ષિત છે. અમુક મૂર્તિઓની ચારે બાજુએ **પરિકર** છે, પરિકરમાં ૨૩ તીર્થંકરોની મૂર્તિઓ પણ છે, નીચે ગાદીમાં **ધર્મચક્ર** અને સિંહો છે; જેમાં ૨ પ્રતિમાઓ ઈસ્વીસન પહેલાંની છે. ભગવાન **ઋષભદેવ**ની પ્રતિમાની શિલ્પકળા ખૂબ આકર્ષક છે.

(જર્નલ ઓફ ધી રૉયલ એશિયાટિક સોસાયટી. ઈ. સ. ૧૯૦૮)

ડૉ. કનિંગહામ લખે છે કે—મધ્યકાળમાં શ્રાવસ્તીનું નામ "ચંદ્રિકાપુરી" હતું.

(આર્કિઓલૉજિકલ સર્વે ઑફ ઇંડિઆ, વો. ૧૧ મું)

આજે આ સ્થાન **સહેટ-મહેટ** (SAHET-MAHET) કે "સેટ-મેટ"ના કિલ્લા તરીકે પ્રસિદ્ધ છે, જે બલરામપુરથી ૬ કોશ દૂર ઘીચ ઝાડીમાં છે. જે સ્થાન અયોધ્યા અને ફૈઝાબાદની ઉત્તરે નેપાલ રાજ્યની દક્ષિણે, બહરાયામની પૂર્વે અને ગોંડાની પશ્ચિમે છે. અસલમાં આજ શ્રાવસ્તી નગરી છે.

(જૈન સત્યપ્રકાશ, ક્ર૦ ૭૬, પૃ. ૨૭૮ થી ૨૮૨)

વિક્રમની દશમી સદીના ઉત્તરાર્ધમાં અહીંનો રાજવંશ જૈન-ધર્મી હતો, જેની **રાજાવલી** નીચે પ્રમાણે મળે છે:

૧. મહારાજા **મયૂરધ્વજ** ઈ. સ. ૯૦૦. આ સૂર્યવંશી રાજા હતો.

૨. મહારાજા **હંસધ્વજ**. ઇ. સ. ૯૨૫.

૩. મહારાજા **મકરધ્વજ**. ઈ. સ. ૯૫૦. આ રાજાનું બીજું નામ શ્રીચંદ્ર મળે છે. તે અસલમાં બદ્રીનારાયણની પહાડીઓમાં રહેલ રાજનગરનો રાજા હતો, તેણે શ્રાવસ્તીને ફરી વસાવી તેનું

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ચંદ્રાવતી નામ રાખ્યું હતું. આ શ્રીચંદ્ર પછી ઘણે કાળે કનોજમાં સોમવંશી રાજા ચંદ્રદેવ થયો છે, જે આ શ્રીચંદ્રથી ભિન્ન રાજા છે.

૪. મહારાજા **સુધાનધ્વજ**. ઈ. સ. ૯૭૫.

૫. મહારાજા **સુહિલધ્વજ**–ઈ. સ. ૧૦૦૦. જેનાં બીજાં નામો સુહરિધ્વજ અને સુહૃદ્ધ્વજ પણ મળે છે.

ડૉ. કનિંગહામ લખે છે કે- સુહિલધ્વજ રાજા મહમદ ગીઝનવીનો સમકાલીન હતો અને સબાર મસાઉદનો શત્રુ હતો.

( આર્કિયોલોજિકલ સર્વે ઑફ ઇંડિયા, વૉ. ૧૧ મું )

મી. બેનેટ લખે છે કે- આ રાજાઓનું કુટુંબ **જૈન** હતું.

(W. C. Benett. Note Connected with—
Sahet-Mahet Indian Antiquary Vol. 2. P. 12. 13)

ડૉ. ફુહરર લખે છે કે-રાજા સુહિલધ્વજ એ શ્રાવસ્તીના જૈન રાજાઓમાંનો છેલ્લો રાજા હતો. તેણે ગોંડાથી અગ્નિકોણમાં રહેલ નરાવગંજ આતેની ઐતિહાસિક લડાઈમાં સૈયદ **સાલારગંજને** હરાવી મારી નાખ્યો હતો. તેના ૪૦ વર્ષો વીતી ગયા બાદ તે **જૈન રાજવંશનો** નાશ થયો છે અને ત્યાર બાદ થોડા સમયે શ્રાવસ્તીનગરી નાશ પામી છે. પછી એ સ્થાનનું નામ સહેટ-મહેટ પડયું છે.

( અવધ ગેઝેટીઅર, વૉ. ૨, પૃ. ૩૦૮; વૉ. ૩, પૃ. ૨૮૩–૨૮૪ )

આ રાજવંશમાંથી ડોમા–રાજવંશનો ઉદય થયો છે, જે ગોરખપુરની રાતપી નદી ઉપર ડોમનગઢનો રાજવંશ છે, એ વંશના રાજા ઉગ્રસેને 'ડોમરિઆડીહ' વસાવ્યું છે, જે આજે પણ ગોંડાથી ફૈઝાબાદ જતી સડક પર ટીલાના આકારે જોવા મળે છે.

એક એવી પણ માન્યતા છે કે–કનોજના સોમવંશી રાજા ચંદ્રદેવે શ્રાવસ્તીને જીતી લીધું અને સૂર્યવંશી રાજા સુહિલદલના વંશજો સીમલા તરફ જઈ વસ્યા, તેના વંશજો આજે પણ ત્યાં વિદ્યમાન છે. સુહિલદલના વંશજો જૈનધર્મી હતા.

એક શિલાલેખના આધારે જણાય છે કે–રાઠોડવંશનો પહેલો

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

રાજા ચંદ્રદેવ ઈ. સ. ૧૦૭૨ માં ગાદીએ આવ્યો અને તે કોશલ તથા અયોધ્યાનો સંરક્ષક બન્યો.

( ઈન્ડિયન એન્ટીકવેરી, વો. ૨, પૃ. ૧૨-૧૩ )

**જૈન ગોત્રો:**

**બાંઠિયા**—ભાવાચાર્યગચ્છના આદ્યાચાર્ય ભાવદેવસૂરિએ સં. ૯૧૨ માં પરમાગામના માધુદેવ વગેરેને જૈન બનાવી ઓસવાલ ગોત્રમાં દાખલ કર્યા, અને તેનું 'બાંઠિયા' ગોત્ર સ્થાપ્યું. સં. ૧૩૪૦ માં રત્નાશાહ બાંઠિયાથી 'કવાડ' શાખા નીકળી. સં. ૧૬૩૧ માં મેડતાના શાહજી બાંઠિયાથી 'શાહશાખા' અને નાનાભાઈ હરખાજી બાંઠિયાથી 'હરખાવત' શાખા નીકળી. આ બન્ને ભાઈઓ પરમયોગી શ્રીઆનંદઘનજી મહારાજના પરમ ઉપાસક હતા, તે તપગચ્છના હતા. મેડતાના હરખાવત શેઠ ધનરૂપજી અજમેરમાં રહે છે, તે તપગચ્છના શ્રાવક છે.

**ઝામડ**—આ૦ શ્રીવિમલચંદ્રસૂરિના પ્રશિષ્ય આ૦ સર્વદેવસૂરિએ વિ. સં. ૯૮૮ માં હત્થુંડીના રાવ જગમાલ તથા તેના પરિવારને જૈન બનાવી 'ઝામડ' ગોત્ર સ્થાપ્યું, સં. ૧૦૨૧ માં આબુ પહાડ પાસે ઢેલડિયાના પંવાર સંઘરાવ તથા તેના પરિવારને જૈન બનાવ્યો, પુત્ર વિજયરાવે તીર્થનો સંઘ કાઢયો તેનું 'સિંઘી' ( સંઘવી ) ગોત્ર સ્થાપ્યું, તેના વંશજો આજે સોજતમાં વિદ્યમાન છે.

**ચિત્રોડા**—રાજગચ્છના આ૦ ધનેશ્વરસૂરિએ ચિત્તોડના ૧૮૦૦૦ બ્રાહ્મણોને જૈન બનાવ્યા ત્યારે તે ચિત્રવાલ ગચ્છના શ્રાવક હતા, પછી તેઓ તપગચ્છની વડી પોષાળના શ્રાવક છે.

**ગુંગલિયા** વગેરે—સાંડેરકગચ્છના આ૦ યશોભદ્રસૂરિ અને તેઓની પરંપરાના ઉપદેશથી ગુંગલિયા, ભંડારી, ચૂતર, **દુધોરિયા**, ધારોલા, કાંકરેચા, બહોરા ઈત્યાદિ ૧૨ જાતિઓ જૈન બની છે. સીસોદિયા ઓસવાલ પણ સાંડેરકગચ્છના શ્રાવકો છે, પછી તે ગચ્છની ગાદીએ તપગચ્છના શ્રીપૂજ્યો બેઠા એટલે તે જ્ઞાતિઓ પણ તપગચ્છની ઉપાસક બની છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ખાબડિયા, ગંગ, બંબગંગ, દૂધેરિયા, અને કાટોતિયા વગેરે કદરસાગચ્છના શ્રાવકો છે, જે સાંડેરકગચ્છની શાખા હોવાનો સંભવ છે.

**હત્થુંડિયા**–જે આજે બાલી, સાદડી, સાંડેરાવ અને મેવાડ વગેરે વિભાગમાં પથરાયેલ છે તે અસલમાં આ૦ બલિભદ્રસૂરિના ઉપાસકો હતા. વિ. સં. આશરે ૯૭૩.

**ભંડારી**–આ૦ યશોભદ્રસૂરિએ નાડોલ વગેરેના ચૌહાણોને જૈન બનાવી ભંડારીગોત્ર સ્થાપ્યું. આ૦ શાલિભદ્ર ચૌહાણ વંશના હતા.

**ભાવસાર :**

ગુજરાત તથા સૌરાષ્ટ્રમાં **ભાવસાર** જ્ઞાતિ છે, તે કપડાં છાપવાનું કામ કરે છે એટલે **છીપા** તરીકે પણ જાહેર છે. ઉત્તર ભારતમાં પણ છીપા જ્ઞાતિ છે, પણ તેઓ અસલના ઈરાનના શાહી શકોના વંશજો હશે અથવા મુસલમાની વટાળમાંથી પોતાને નહીં બચાવી શક્યા હોય અને મુસલમાન બની ગયા હશે, તેથી તેઓ આજે મુસલમાન છે જ્યારે મધ્યભારતના છીપાઓ મોટે ભાગે હિંદુ છે, જે પૈકીના કેટલાક જૈનધર્મ પાળે છે.

વિક્રમની દશમી સદીમાં કાલિકાચાર્યગચ્છના આ૦ ભાવદેવસૂરિથી એક ગચ્છ નીકળ્યો છે, જેનાં ભાવદેવાચાર્ય, ભાવડહાર, ભાવડા, ભાવસાર ઇત્યાદિ અનેક નામો મળે છે. છીપાઓની જ્ઞાતિ તો સ્વતંત્ર હતી જ, તેઓએ તે આચાર્યના ઉપદેશથી ભાવડારગચ્છમાં પ્રવેશ કર્યો એટલે તેઓની જ્ઞાતિ **ભાવસાર** તરીકે પણ જાહેર થઇ હોય એમ લાગે છે. એટલે કે **ભાવસાર** એ જૈનધર્મ પાળનારી સ્વતંત્ર જ્ઞાતિ છે, જેની સ્થાપના આ૦ ભાવદેવસૂરિથી થઈ છે.

ગુજરાતનો મહામાત્ય ઉદાયન મારવાડનો ત્યાગ કરી પહેલવહેલો ગુજરાતમાં આવ્યો ત્યારે તે કર્ણાવતી નગરમાં પ્રથમ **લાછી છીપણ**( લક્ષ્મીબાઈ ભાવસાર )નો મહેમાન બનેલ છે, અને તે પછી તેણીની મદદથી જ ઉત્કર્ષ સાધતાં સાધતાં અંતે ગુજરાતનો મહામાત્ય બનેલ છે. આ લાછી છીપણ જૈન હતી, તેણે ઉદયનને **સાધર્મિક** બન્ધુના નાતે મદદ કરી હતી.

www.jainsite.com　For Private & Personal Use Only　info@jainsite.com

જૈનોના મહાતીર્થ ગિરિરાજ **શત્રુંજય** પર જુદા જુદા દેરાસરોવાળી ઘણી **ટૂંકો** છે, તેમાં **છીપા-વસહી** નામની પણ ટૂંક છે.

એક વાઘણના કારણે આજ શત્રુંજય તીર્થની યાત્રા બંધ થઈ હતી. ભાવસાર **વિક્રમશીએ** પોતાના દેહનું બલિદાન આપી એ તીર્થયાત્રા ખોલાવી હતી, જેનો **પાળિયો** આજે પણ વિમલવસહીમાં ચડતાં ડાબી તરફ સુરક્ષિત છે.

પંજાબના જૈનો પોતાને **ભાવડા** તરીકે જ ઓળખાવે છે; એટલે તેઓ અસલના ભાવડારગચ્છના વંશજો છે.

(પૃ. ૨૩૦ થી ૨૩૨)

બીજી જૈન જ્ઞાતિઓનો ભાવસારો સાથે રોટીથી સંબંધ હતો, જે આજે પણ તેવા જ રૂપમાં ચાલુ છે.

એકંદરે **ભાવસાર** એ જ્ઞાતિએ છીપા છે અને ધર્મે ભાવડારગચ્છના **જૈનો** છે.

जैन साईट JAINSITE .com

**ભોજક:**

ગુજરાતમાં **ડીસા** પાસે **વાયડ** ગામ છે ત્યાંના બ્રાહ્મણો વાયડગચ્છના આ૦ જીવદેવસૂરિ તથા નવા જૈન બનેલ શેઠ લલ્લ ઉપર દ્વેષ રાખતા હતા. એક દિવસે બ્રાહ્મણોએ મરવા પડેલી એક ગાયને હાંકી મહાવીરસ્વામીના દેરાસરમાં લાવી બેસાડી, જે ત્યાં જ મરણ પામી. આ૦ જીવદેવસૂરિએ રાતના સમયે પરકાયપ્રવેશ વિદ્યાના બળથી તે ગાયને ચલાવી બ્રહ્માજીના મંદિર પાસે લાવી બેસાડી કે તે ત્યાં જ મરી ગઈ. આમ થવાથી ગામમાં ખળભળાટ મચી ગયો, બ્રાહ્મણોની નાત મળી અને બ્રાહ્મણોએ ઘણો વિચાર કરીને નક્કી કર્યું કે, આપણા જુવાનિયા જૈનોની છેડછાડ કરે છે એમાં આપણને જ વેઠવાનું છે. આચાર્યશ્રી બ્રહ્મચારી છે, આપણે બાળબચ્ચાંવાળા ગૃહસ્થી છીએ, આપણે અને જૈનોમાં ઝગડો થાય એ ન પાલવે. આનો સત્વર ઉપાય લેવો જોઈએ, ભવિષ્યમાં પણ કદી ઝઘડો ન થાય તેવી વ્યવસ્થા કરવી જોઈએ. આમ કહી બ્રાહ્મણોએ આચાર્યશ્રી પાસે જઈ માફી માગી અને લલ્લ શેઠ વગેરે જૈનોની સાથે સલાહ સંપ કરી હંમેશને માટે નીચે મુજબ સુલેહની શરતો કરી આપી.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

શરતો એ હતી કે—જૈનોના ઉત્સવ મહોત્સવમાં વિઘ્ન કરવું નહીં. જૈન સાધુઓની મર્યાદામાં આડખીલી કરવી નહીં, નવા જૈનાચાર્ય થાય તેમને બ્રહ્માજીના મંદિરમાં બેસાડી તેમનો પટ્ટાભિષેક કરવો, અને તેમને સોનાની જનોઈ આપવી વગેરે.

પછી બ્રાહ્મણો અને લલ્લ શેઠે આચાર્યશ્રી પાસે જઈ ઉક્ત સુલેહની શરતો કહી સંભળાવી અને સંકટ દૂર કરવા વિનતિ કરી. આ૦ જીવદેવસૂરિએ પ્રસન્નવદને કહ્યું કે—"તેમજ થશે." આ તરફ ગાય પણ તરતમાં બ્રહ્માજીના મંદિરમાંથી ઊઠી શહેર બહાર ચાલી ગઈ, અને ત્યાં મરણ પામી. આમ થવાથી બ્રાહ્મણોએ જયધ્વનિ કર્યો અને ત્યારથી વાયડનગરમાં જૈનો અને બ્રાહ્મણો વચ્ચે સ્નેહસંબંધ જોડાયો. બ્રાહ્મણો જૈનધર્મના દરેકેદરેક કાર્યમાં સામેલ રહેવા લાગ્યા અને એ સંબંધ ચિરકાળ સુધી અતૂટ બની રહ્યો.

ત્યાંના બ્રાહ્મણો સત્તાવિહીન અને જાગીરવિહીન થતાં જૈનો સાથે વધુ ભળતા ગયા અને કાલાંતરે જાગીરદારીના કારણે ઠાકોર અને જૈનો સાથે ભોજન કરવાથી ભોજક એવા નામથી જૈનોના અંગરૂપ બની ગયા.

જૈન સાહિત્ય JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્

જૈન ભોજક જાતિની ઉત્પત્તિ આ રીતે થઈ છે.

વાયડગચ્છની પરંપરામાં દર ત્રીજા આચાર્ય જિનદત્તસૂરિ નામમાળા થયા છે. તેઓએ તથા ક૦ સ૦ આ૦ હેમચંદ્રસૂરિ વગેરેએ આ જૈન જ્ઞાતિમાં વધારો કર્યો હશે એવું અનુમાન થાય છે.

એ વાત ચોક્કસ છે કે, આ૦ જીવદેવસૂરિવાળી ઘટના બનવાથી **ભોજક** જાતિ ઉત્પન્ન થઈ છે.

(પં. શ્રી કલ્યાણવિજયનું પ્રભાવક ચરિત્ર–પ્રબંધ પર્યાલોચન પૃ. ૪૨ થી ૪૫)

**જૈનસ્તંભો**

વિક્રમની દશમી સદીમાં અનેક જૈન સ્થાપત્યો સ્થપાયાં છે.

૧. પ્રતિહારવંશી રાજા કક્કુએ વિ. સં. ૯૧૮ માં મંડોવર

તથા રોહિંસકૂપમાં એકેક કીર્તિસ્તંભ ઊભો કરાવ્યો હતો અને **ધનેશ્વરગચ્છ** માટે જિનાલય બનાવ્યું હતું. (જુઓ, પૃ. ૫૬૦)

૨. આ૦ કમલદેવના શિષ્ય શ્રીદેવે વિ. સં. ૯૧૯ માં **લુઅચ્છ-ગિરિમાં** ભગવાન શાંતિનાથના દેરાસર પાસે સ્તંભ ઊભો કરાવ્યો હતો. (પૃ. ૫૪૦)

૩. રાજગચ્છના આ૦ પ્રદ્યુમ્નસૂરિએ જુદી જુદી રાજસભાઓમાં ૮૪ વાદમાં જય મેળવ્યો હતો. તેમણે તલપાટકમાં રાજા અલ્લટની સભામાં દિગમ્બરાચાર્યને જીતીને પોતાનો શિષ્ય બનાવ્યો, તે નિમિત્તે ચિતોડના કિલ્લામાં વિજયસ્તંભ ઊભો કરાવ્યો હતો. ત્યારબાદ પોરવાડ સંઘપતિ કુમારપાલે એ સ્તંભનો જીર્ણોદ્ધાર કરાવ્યો હતો. સંઘપતિ ગુણરાજે ચિતોડના રાણા મોકલસિંહની આજ્ઞાથી વિ. સં. ૧૪૮૫ માં એ સ્તંભ પાસેના ભગવાન મહાવીરસ્વામીના દેરાસરનો જીર્ણોદ્ધાર કરાવ્યો અને આ૦ શ્રીસોમસુંદરસૂરિના હાથે તેમાં ભ૦ શ્રીમહાવીરસ્વામીની પ્રતિમાની પ્રતિષ્ઠા કરાવી.

(રોયલ એશિયાટિક સોસાયટી જર્નલ, પુ. ૩૩, સને ૧૯૦૮, તથા જુઓ : પૃ. ૫૦૭)

આ સિવાય આ શતાબ્દીમાં **ગ્વાલિયર**, આહડ, કરહેડાતીર્થ, કવિલાણ, સાંભર, ભેસર, હત્થુંડી, ગુડપિંડ (તારંગા), તથા ચિતોડ વગેરે અનેક સ્થાને જિનાલયો બન્યાં છે, ખીમઋષિનું **ચરણપાદુકામંદિર** સ્થપાયું છે, ભરૂચમાં સમળીવિહારનો જીર્ણોદ્ધાર થયો છે. નાડુલાઈતીર્થ સ્થપાયું છે અને સં. ૧૦૧૦ માં **શસસેન** તીર્થની સ્થાપના થઈ છે.

## નાડુલાઈતીર્થ :

મારવાડની ગોલવાડમાં નાડોલ પાસે નાડુલાઈ ગામ છે, જેનાં નડ્ડૂલડાગિકા, નવકુલવતી, નારદપુરી, નડ્ડૂલાઈ અને નાડુલાઈ એમ ઘણાં નામો છે, વલભપુર નામ પણ મળે છે. તેની પાસે શત્રુંજય અને ગિરનાર એમ ૨ ટેકરીઓ છે, શત્રુંજયનું અસલી નામ જેખલ પર્વત છે, બન્ને ટેકરીઓ ઉપર અનુક્રમે ભગવાન આદિનાથ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અને ભગવાન નેમિનાથનાં નાનકડાં દેરાસર છે, જે રમણીય એકાન્તમાં અને આહ્લાદજનક છે.

શત્રુંજયાવતારમાં વિ. સં. ૧૧૮૬, સં. ૧૨૦૦ વગેરે સાલના લેખો છે, જેનો છેલ્લો જીર્ણોદ્ધાર તપગચ્છના આ૦ **શ્રીવિજયદેવસૂરિના** ઉપદેશથી સં. ૧૬૭૪ મ. વ. ૧ ગુરુવારે થયો છે. ગિરનારના દેરાસરમાં વિ. સં. ૧૧૧૯માં ભ૦ નેમિનાથની પ્રતિષ્ઠા થઈ છે, જેમાં સં. ૧૧૯૫ વગેરે સાલના પણ લેખો છે. તેનો છેલ્લો મોટો જીર્ણોદ્ધાર વડગચ્છના આ૦ માનતુંગસૂરિના વંશના આ૦ ધર્મચંદ્રસૂરિના પટ્ટધર આ૦ વિનયચંદ્રના ઉપદેશથી વિ. સં. ૧૪૪૩ કા. વ. ૧૪ શુક્રવારે ચૌહાણ વનવીરદેવના રાજ્યકાળમાં થયો છે. આ મંદિરનું બીજું નામ **જાદવાજી**નું મંદિર છે આ પહાડ પર સહસ્રાવન પણ છે.

ભગવાન આદિનાથના મંદિર માટે એવો ઇતિહાસ મળે છે કે સાંડેરગચ્છના જૈનાચાર્ય યશોભદ્રસૂરિ અને શૈવ ગોસાંઈ કેશવસ્વામીએ ૮૪ વાદ કર્યા. છેવટે એમ નક્કી થયું કે 'બન્ને ધર્માચાર્યોએ ખેડબ્રહ્માથી પોતપોતાનાં મંદિરોને ઉપાડી એક જ રાતમાં અહીં લાવી સૂર્યોદય પહેલાં જેખલ ટેકરી ઉપર સ્થાપિત કરવાં, જે પહેલાં લઈ આવશે તેનો જય થયો ગણાશે.' બન્ને આચાર્યોએ રાત થતાં ત્યાંથી એકી સાથે પોતાનાં મંદિરો ઉડાડ્યાં, કેશવ યોગીએ આગળ વધી જઈ ટેકરી ઉપર પહેલાં પહોંચી જવાની તૈયારી કરી, એવામાં આ૦ યશોભદ્રસૂરિએ એકદમ કુકડાનો શબ્દ કર્યો, જે સાંભળીને 'શું સૂર્યોદય થઈ ગયો ?' એમ યોગી વિચાર કરે છે એટલામાં આચાર્યશ્રીએ જલદી ટેકરી ઉપર પહોંચી જઈ ત્યાં પોતાનું જૈન મંદિર સ્થાપી દીધું અને આ૦ યશોભદ્રસૂરિનો વિજય થયો. આ ઘટના માટે એવો પણ ઉલ્લેખ મળે છે કે--બન્નેનાં મંદિરો ટેકરીની નીચે જ સ્થાપિત થયાં છે, જે આજે આદીશ્વરનું મંદિર અને તપેશ્વર મહાદેવનું મંદિર એવા નામે ઓળખાય છે. આ ઘટના વિ. સં. ૯૯૬ થી ૧૦૧૦માં બની છે. ત્યારથી નાડુલાઈ તીર્થ તરીકે વિખ્યાત છે.

www.jainsite.com  For Private & Personal Use Only  info@jainsite.com

આ ઉપરાંત નાડુલાઈ ગામમાં ૧. આદીશ્વરનું, ૨. આદીશ્વરનું, ૩. અજિતનાથનું, ૪. સુપાર્શ્વનાથનું, ૫. વાસુપૂજ્યસ્વામીનું, ૬. શાંતિનાથનું, ૭. નેમિનાથનું (તળેટીમાં) ૮. સોગઠિયાપાર્શ્વનાથનું અને ૯ ગોડીપાર્શ્વનાથનું એમ ૯ મંદિરો છે. ઘણાં દેરાસરોમાં મૂળનાયકજી ઉપર વિક્રમની સત્તરમી અઢારમી સદીના લેખો છે.

નાડુલાઈમાં ગૌતમાવતાર આ૦ શ્રી**વિજયસેનસૂરિનો** જન્મ થયો છે, અહીં જૈન ધર્મશાળા છે. જૈનોની વસતી છે.

નાડુલાઈની પાસે સાદડી, **રાણકપુરતીર્થ**, ઘાણેરાવ, દેસુરી, નાડોલ અને **વરકાણાતીર્થ** વગેરે સ્થાનો છે.

**નાડોલમાં** ૪ દેરાસર છે. ભગવાન પદ્મપ્રભુનું દેરાસર બહુ પ્રાચીન છે, તેમાં ઊંડું અને લાંબુ ભોંયરું છે. આ૦ માનદેવસૂરિએ અહીં 'લઘુશાંતિ'ની રચના કરી છે, અહીં ઉપાશ્રયો, જૈન ધર્મશાળાઓ અને આશરે ૨૫૦ જૈન ઘરો છે.

આ૦ યશોભદ્રસૂરિએ નાડોલના ચૌહાણોને જૈન બનાવી તેઓનું **ભંડારી** ગોત્ર સ્થાપ્યું. ભંડારીઓએ નાડોલના ભગવાન આદિનાથના દેરાસરના અવારનવાર જીર્ણોદ્ધારો કરાવ્યા છે. છેલ્લો ઉદ્ધાર શ્રીસંઘે આ૦ વિજયદેવસૂરિના ઉપદેશથી મહારાણા જગતસિંહના રાજ્યકાળમાં વિ. સં. ૧૬૮૬ વૈ. શુ. ૮ શનિવારે કરાવ્યો છે.

## જૈન તીર્થોનો વારસાહક

ઇતિહાસ કહે છે કે–' ચિતોડના સીસોદિઆ રાણા **અલ્લટરાજે** આ૦ બલિભદ્રસૂરિ માટે ગુરુપાટનો **અર્ધો ભાગ** માગ્યો, ત્યારે આ૦ શાલિસૂરિએ મર્યાદા જણાવી કે–' રાજન ! રાજા પોતાના ભાઈઓને ભાગ આપતો નથી. ધર્માચાર્યોમાં પણ રાજનીતિ પ્રવર્તે છે, એટલે ગુરુપાટનો સર્વહક પટ્ટધરને જ મળે છે' રાજાએ એ વાતને ન્યાયરૂપે સ્વીકારી. ' ( જુઓ : પૃ. ૫૭૬ )

આ ન્યાય અનુસારે જૈનધર્મની આગમ, તીર્થો, શ્રમણપરંપરા, સુવિહિત આચરણા, ચતુર્વિધસંઘ, વ્યવહારવર્તન, વિધિ–નિષેધ અને સાપેક્ષપ્રવૃત્તિ વગેરે જે જે વારસાગત વસ્તુઓ છે, તે **શ્વેતામ્બર**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જૈનસંઘને મળી છે. સાફ વાત છે કે, જૈન-આગમનો વારસો શ્વેતામ્બરસંઘને મળ્યો છે, તેણે તેની શાન વધારી છે અને તેને સમૃદ્ધ બનાવ્યો છે. (પૃ. ૪૧૫ થી ૪૩૨)

આજ રીતે કલ્યાણક ભૂમિઓ વગેરે અસલી જૈનતીર્થોનો વારસો પણ શ્વેતામ્બર શ્રમણ સંઘને મળ્યો છે. તેણે આ વારસાનું પણ આજસુધી રક્ષણ કર્યું છે અને તેમાં વધારો પણ કર્યો છે. (પૃ૦ ૪૫ થી ૬૨) શ્વેતામ્બર મંદિરોમાં લંગોટવાળી કે લંગોટ વગરની પદ્માસનવાળી કે અર્ધ પદ્માસનવાળી, અને બેઠી કે ઊભી એ દરેક જાતની જિનપ્રતિમાઓ, જિનચરણો, અને ચરણચિહ્નો વગેરે સ્થાપિત હોય છે. પણ એક વાત ચોક્કસ છે કે–તે સર્વે શ્વેતામ્બર આચાર્યોએ કરેલ પ્રાણપ્રતિષ્ઠાવાળા હોવા જોઈએ. શ્રાવકો તેની વિવિધ રીતે પૂજા કરે છે.

આ જૈન તીર્થો ઉપર બીજાઓ તરફથી જ્યારે જ્યારે આક્રમણો થયાં છે, ત્યારે ત્યારે તેઓને બચાવવા માટે શ્વેતામ્બર આચાર્યોએ ઘણી જહેમત ઉઠાવી છે. ઇતિહાસમાં એના છૂટાછવાયા ઉલ્લેખો પણ થયા છે. જેમકે — આ૦ વજ્રસ્વામીએ વિ૦ સં૦ ૧૬૦માં શત્રુંજયતીર્થને મિથ્યાત્વીઓના હાથમાંથી છોડાવ્યું (પૃ૦ ૨૮૯). આ૦ સિદ્ધસેને અવન્તીપાર્શ્વનાથનું તીર્થ પાછું વાળ્યું (પૃ૦ ૨૫૧). આ૦ સમુદ્રસૂરિએ વિ૦ સં૦ આશરે ૫૦૦માં નાગદાતીર્થને દિગમ્બરોના આક્રમણથી બચાવ્યું (પૃ૦ ૪૧૩). આ૦ પ્રદ્યુમ્નસૂરિ વગેરેએ પૂર્વદેશના સર્વ તીર્થોને હસ્તગત કર્યાં (પૃ૦ ૫૦૩-૪). આ૦ બપ્પભટ્ટિએ વિ૦ સં૦ આશરે ૮૯૦માં ગિરનારતીર્થને દિગમ્બરોના હાથમાંથી છોડાવ્યું. શ્વેતામ્બર તીર્થો તથા દિગમ્બર તીર્થોને જુદાં જુદાં તારવી આપ્યાં અને ભવિષ્યમાં ઝઘડો ન ઊઠે એવી મર્યાદા બાંધી (પૃ૦ ૫૩૩, ૩૨૫). આ૦ બલિભદ્રે ગિરનાર તીર્થને રા'ખેંગારની જોહુકમીમાંથી બચાવ્યું (પૃ૦ ૫૭૫). આ૦ ધર્મઘોષસૂરિએ ગિરનાર તીર્થને દિગમ્બરોની કનડગતમાંથી યુક્તિપૂર્વક બચાવી લીધું અને જગદ્‌ગુરુ આ૦ શ્રીહીરવિજયસૂરિએ મહાતીર્થ શત્રુંજય કેશરિયાજી વગેરે જૈનતીર્થોને મુસ્લિમ અત્યાચારોથી બચાવ્યાં વગેરે વગેરે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આ ઈતિહાસને પાને ચડેલા ઉલ્લેખો છે પરંતુ આવા આવા તીર્થરક્ષાના ઘણાય પ્રસંગો બન્યા હશે કે જેની નોંધ મળતી નથી અને જેને આપણે જાણતા નથી. આપણે જાણીએ છીએ કે વીસમી સદીમાં પણ આવા આવા પ્રસંગો બન્યા છે. આ૦ સાગરાનન્દસૂરિએ પંચાસરા પાર્શ્વનાથ તીર્થને જૈનેતરોના હુમલાથી બચાવ્યું, કેસરિયાજી તીર્થની પણ રક્ષા કરી. આ૦ નેમિસૂરિએ સંભવતઃ કાપરડાતીર્થને વિધર્મીઓના હાથથી બચાવ્યું, શ્રીકપૂરવિજયજીએ આગરાના ચિંતામણિ પાર્શ્વનાથના મંદિરને એવી જ આફતમાંથી ઉગારી લીધું, પૂ. ગુરુદેવ શ્રીચારિત્રવિજયજી મહારાજે વિ. સં. ૧૯૬૧ ચૈ૦ શુ૦ ૮ ગુરુ (તા. ૧૩-૪-૫)માં શત્રુંજયતીર્થને બારોટોની જોહુકમીમાંથી નિર્ભય બનાવ્યું, અને મુનિ શાંતિવિજયે કુલ્પાક-તીર્થને દિગમ્બરોની જાળમાંથી બચાવ્યું વગેરે વગેરે.

એટલે કે—શ્વેતામ્બર જૈનોએ તીર્થરક્ષા માટે ખૂબ સાવચેતી રાખી છે, પોતાને મળેલ વારસો સાચવી રાખ્યો છે.

દિગમ્બર જૈનસંઘને જૈનધર્મની કોઈ વારસાગત વસ્તુ મળી નથી. તેને જિનાગમનો વારસો મળ્યો નથી, એટલે તેણે કંઈક શ્વેતામ્બર આચાર્યોનું સાહિત્ય અપનાવ્યું, કંઈક અસલી જિનાગમોના આધારે રચ્યું અને કંઈક પોતાના મતની તરફેણમાં વધારો કર્યો. એમ તેણે સ્વતંત્ર જૈન સાહિત્ય બનાવ્યું છે (જુઓ, પૃ. ૩૧૬-૧૮).

અસલી જૈન તીર્થોનો વારસો પણ દિગમ્બર સંઘને મળ્યો નથી. એટલે તેણે શ્વેતામ્બર તીર્થોની ઉપાસના અભિન્ન વિધિ-વિધાનથી ચાલુ રાખી, આ૦ બપ્પભટ્ટિસૂરિએ તારવી આપેલ તીર્થોને અપનાવ્યાં, અને કોઈ કોઈ તીર્થભૂમિમાં તથા વિશેષે કરીને દક્ષિણ ભારતમાં સ્વતંત્ર દિગમ્બર તીર્થો સ્થાપ્યાં (પૃ૦ ૩૨૫-૨૬). દિગમ્બર મંદિરોમાં તીર્થંકરોની દિગમ્બર પદ્માસનવાલી ઊભી કે બેઠી પ્રતિમાઓ, ચરણો અને ચરણચિહ્નો સ્થાપિત હોય છે.

જો કે છેલ્લાં વર્ષોમાં અંગ્રેજ સરકારે અસલી જૈન તીર્થમાં શ્વેતામ્બરો અને દિગમ્બરોને પૂજા કરવાનો સમાન હક છે,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

એવો ન્યાય આપ્યો છે. તેથી હવે દિગમ્બરો બે એક તીર્થોમાં પોતાની અર્વાચીન અને ભિન્ન વિધિથી પૂજા કરે છે, અને ત્યાં એ નિમિત્તે અવારનવાર ઝઘડાઓ પણ થયા કરે છે. સરકારે "ધર્માચાર્યોમાં રાજનીતિ પ્રવર્તે છે એટલે ગુરુપાટનો હક પટ્ટધરને જ મળે છે" આ વ્યવસ્થા તોડવાની જે ભૂલ કરી છે તેનું જ એ પરિણામ છે.

ખરી રીતે જોઈએ તો અસલી જૈન તીર્થોનો વારસો શ્વેતામ્બર શ્રમણ સંઘને મળ્યો છે, તેની સાબિતીમાં ઘણા એતિહાસિક પુરાવાઓ મળે છે.

એકંદરે આજે પણ જૈનધર્મની વારસાગત દરેક વસ્તુઓ શ્વેતામ્બર શ્રમણસંઘના હાથમાં છે અને શ્વેતામ્બર આચાર્યોની ધર્માજ્ઞા પ્રમાણે શ્વેતામ્બર શ્રમણોપાસકના વહીવટમાં છે.

जैन साइट JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

અંતિમ મંગલ

अर्हन्तोऽर्हपदास्त्रिलोकमहिताः सिद्धाश्च सिद्धात्मनः,
आचार्या गुणभृद्गुणैकसदनं वागीश्वरा वाचकाः ।
सर्वे साध्यरतास्त्रिरत्नखचिता लोकेऽनघाः साधवः,
पूज्या वः परमेष्ठिनोऽनवरतं तन्वन्तु शं मङ्गलम् ॥ १ ॥

ભાગ પહેલો

**સમાપ્ત**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## પરિશિષ્ટ પહેલું :—વધારો

### A. **અષ્ટાપદાવતાર** [પૃષ્ટ ૪૭માં જોડવું] (પૃ. ૪૨૧)

ભગવાન ઋષભદેવજી અષ્ટાપદગિરિ ઉપર નિર્વાણ પામ્યા છે પરંતુ હિમાલયનું હિમ અને ભૂમિના ફેરફારને કારણે આજે એ સ્થાનનો પત્તો લાગે તેમ નથી. આ અષ્ટાપદને યાદ કરાવે તેવી એક પહાડી–ટેકરી ગંગા નદીના મધ્ય ભાગમાં છે, જેની ઊંચાઈ લગભગ ચાર પાંચ માળ જેટલી છે. જૈનાચાર્યોએ એ પહાડી ઉપર જિનાલય બનાવી તેમાં ભ૦ ઋષભદેવની પ્રતિમા બેસાડીને **અષ્ટાપદાવતાર** તીર્થની સ્થાપના કરી છે. સંભવ છે કે નંદવંશ અથવા મૌર્યવંશના રાજ્યકાળમાં આ તીર્થ સ્થપાયું હશે. ગંગાનો પટ અહીં પહોળો પથરાયો છે. કિનારેથી વચમાં જેમજેમ આગળ વધો તેમતેમ ઊંડાઈ પણ વધતી જાય છે. ટેકરીની ચોતરફ પાણી બહુ ઊંડુ રહે છે. પાણી સ્વચ્છ ને નિર્મળ છે. બારે મહિના પાણી સુકાતું નથી એટલે હોડી કે ત્રાફામાં બેસીને જ ટેકરીએ જવાય છે. હોડી ટેકરી પાસે જઈ ઊભી રહે છે. ઉપર ચડવાને ઠેઠ સુધી પગથિયાં છે. એ જિનાલયમાં ભ૦ ઋષભદેવની રત્નમય પ્રતિમા હતી.

કવિ સૌભાગ્યવિજયજી લખે છે કે—પટણાથી ૫૦ કોશ વૈકુંઠ-પુરી છે, જ્યાં દેરાસર છે. શ્રાવકનાં ઘરો છે. ત્યાંથી ૧૦ કોશ દૂર **ચાડ** ગામ છે. અહીં ગંગા નદીના મધ્યમાં ડુંગરી ઉપર ભગવાન ઋષભદેવની દેરી છે, જે અષ્ટાપદનો નમૂનો છે. **ચાડ** ગામમાં **ભગવંતદાસ** શ્રીમાળી રહે છે. તે ઘણો ધર્મપ્રેમી છે. પ્રભુની રોજ પૂજા કરે છે. ચાડ ગામથી વૈજનાથ ૩૦ કોશ થાય અને ભાગલપુર ૧૦ કોશ થાય વગેરે. (પૂર્વદેશની તીર્થમાળા)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આજે આ ચાડ ગામ નથી પણ તેને સ્થાને **સુલતાનગંજ** શહેર વસ્યું છે તે વિદ્યમાન છે. સામેની બીજી પહાડી ઉપર મુસલમાનોએ મસીદ બનાવી છે, જે આજે મોજુદ છે. લખીસરાઈથી ભાગલપુર જતી સડક ઉપર સુલતાનગંજ છે. તેમાં મૈથિલી બ્રાહ્મણો અને અગ્રવાલનાં ઘર છે. શ્રીમાળીનું ઘર નથી. ધર્મશાળા છે. પાદરમાં ગંગા નદી વહે છે. ગંગામાં વચ્ચે પહાડી છે અને તેની ઉપર દેરી છે પણ તેમાં ભ૦ આદિનાથની પ્રતિમા નથી. ૩૦૦ વર્ષ પહેલાં મુનિ સૌભાગ્યવિજયજીના સમયે એ જિનાલય હતું. તેમાં જિનપ્રતિમા હતી. ગામમાં જૈન ઘરો હતાં. સંભવ છે કે કોઈ આફત આવતાં ત્યાંના જૈનો એ રત્નનાં પ્રતિમાજીને લઈને ત્યાંથી નીકળી ગયા હશે અને પાછળથી ખાલી દેરીમાં કોઈએ શિવલિંગ દાખલ કર્યું હશે. અસ્તુ, પણ એ સ્થાન આજે મોજુદ છે, જે અષ્ટાપદનો ખ્યાલ કરાવે છે.

જૈનાચાર્યોએ આત્મકલ્યાણ માટેનાં સ્થાનો પસંદ કરવામાં કેવી દીર્ઘદૃષ્ટિ વાપરી છે, તેનું આ ટેકરી ભાન કરાવે છે અને નજરે જોનારને અવનવી પ્રેરણાઓ આપી આનંદિત બનાવે છે.

આ અષ્ટાપદાવતારનું રમ્ય ચિત્ર લખનૌની દાદાવાડીના એક જિનમંદિરમાં છે. તેમાં ગંગા નદી, પહાડી, મંદિર અને વહાણોનું આલેખન છે. "પ્રવાસી" માસિકના મુખપૃષ્ઠ ઉપર અને 'જૈનધર્મ પ્રકાશ'ના સુવર્ણાંકમાં પણ તેનું ચિત્ર છપાયું છે.

સુલતાનગંજથી ૭૦ માઈલ દૂર વિજળીઓનું પ્રાચીન સ્થાન **વૈજનાથ** છે. ત્યાં પણ પ્રાચીન જૈનતીર્થ હતું. શંકરાચાર્યના સમયથી તે શૈવતીર્થ બન્યું છે. ત્યાં અભિષેક માટેનું જળ આ અષ્ટાપદાવતાર સ્થાનથી લઈ જવામાં આવે છે. ભગવાન આદિનાથના ચરણોથી પવિત્ર થયેલું ગંગાજળ કાવડિયાઓ કાવડમાં ઉપાડી વૈજનાથ લઈ જાય છે અને વૈજનાથ મહાદેવનો અભિષેક કરે છે.

B. **ઉદયગિરિ** [પૃ૦ ૭૭, ૨૦૫, ૪૦૨માં જોડવું]

બેસનગરથી નૈઋત્યમાં ૨ માઈલ અને સાંચીથી ૫ માઈલ દૂર ઉદયગિરિની પહાડી છે, જે વાયવ્યથી અગ્નિખૂણામાં ૧॥

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

માઇલ લાંબી પડી છે. તેનો અગ્નિ તરફનો છેડો ૩૫૦ ફુટ ઊંચો છે. અગ્નિ તરફના વિભાગમાં ઘણી નાની મોટી ગુફાઓ છે.

ત્રીજી ગુફામાં ગુપ્તવંશી ચંદ્રગુપ્ત રાજવી સંબંધે શિલાલેખ છે. દશમી ગુફામાં પ્રવેશ કરતાં સામે જ ભગવાન શ્રીપાર્શ્વનાથની પ્રતિમા છે. એ જૈન ગુફા છે, જે ૫૦ ફૂટ લાંબી અને ૧૬ ફૂટ પહોળી છે. તેમાં ૫ ઓરડાઓ છે. ઉત્તર તરફના ઓરડાની દીવાલમાં બ્રાહ્મીલિપિનો શિલાલેખ છે. ગુફાની બહાર ૬ ફૂટ ૨ ઈંચ લાંબુ પહોળું ચોરસ તળાવ છે.

ઉદયગિરિના આ જૈન લેખની પાંચમી લીટીમાં **ગોસૂર** (ગોશર્મ)નું નામ છે તે જૈન આચાર્ય છે.

સાંચીના સ્તૂપોમાં એક સ્તૂપ **ગોસૂર** પીલર નામથી ઓળખાય છે. તેમાં આ પ્રકારે શિલાલેખ મળે છે કે:—

**“ सुनाक (?) विहारस्वामि गोसुर सिहावलिपुत्र रुद्ध ”**

માનવું પડે કે, આ બન્ને શિલાલેખોમાં આવેલ ગોસૂર તે એક જ વ્યક્તિ છે અને આ બન્ને શિલાલેખો ઈ. સ. ૨૮૦ના છે. એટલે કે આ બન્ને સ્તૂપો જૈન સ્તૂપો છે.

(કનિંગહામ—આર્કિઓલૉજિકલ સર્વે ઑફ ઇંડિયા, વૉ૦ ૧૦, પૃ૦ ૫૩ થી ૫૫, પૃ૦ ૬૩.)

### C. લાટાચાર્ય [ પૃ૦ ૨૩૬માં જોડવું. ]

જૈન મુનિઓ પોતાને રહેવા માટે મકાન આપનાર ગૃહસ્થને **શય્યાતર** તરીકે સંબોધે છે, અને તેના ઘરનાં આહારપાણી લેતા નથી. એક જ ગુરુના શિષ્યો જગ્યાની સંકડાશને લીધે જુદા જુદા ગૃહસ્થીઓના મકાનોમાં રહે ત્યારે શય્યાતર કોને માનવો ? તેનો ખુલાસો એવો મળે છે કે, અમુક સંજોગોમાં દરેક મકાનોના માલિક શય્યાતર મનાય અને અમુક સંજોગોમાં મૂળ ઉપાશ્રયનો માલિક જ શય્યાતર મનાય. આ બાબતમાં લાટાચાર્યનો એવો મત છે કે, જે મકાનમાં આચાર્ય રહે તેનો માલિક શય્યાતર મનાય. બીજા

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

મકાનોના માલિકને શય્યાતર માનવા નહીં.

(બૃહત્કલ્પ ભાષ્ય ગા૦ ૩૫૩૧, ટીકા ભા૦ ૪. પૃ૦ ૯૮૩, નિશીથ ભાષ્ય ગા૦ ૧૧૩૯ ચૂર્ણિ, ભા૦ ૨. પૃ૦ ૨૫૫ જૈન આગમ સાહિત્યમાં ગુજરાત પૃ૦ ૧૬૨)

આ ઉલ્લેખથી સ્પષ્ટ છે કે—લાટાચાર્ય તે સમયના, જેમનાં વચનને સૌ કોઈ આચાર્ય પ્રમાણિક માને એવા સમર્થ જૈનાચાર્ય છે. તેમનો સમયનિર્દેશ મળતો નથી.

પરંતુ વિ૦ સં૦ ૫૪૭ના પ્રસિદ્ધ જ્યોતિષી **વરાહમિહિરે** પોતાના ગ્રંથો **લાટાચાર્ય**, **સિંહાચાર્ય**, યવનાચાર્ય, આર્યભટ્ટ, પ્રદ્યુમ્ન અને વિજયનંદિના ગ્રંથોના આધારે બનાવ્યાનું જણાવ્યું છે. એ ઉપરથી એમ તારવી શકાય કેઃ—

લાટાચાર્યજી સિંહાચાર્યની પહેલાં થયા છે. તેમણે જ્યોતિષનો **ગ્રંથ** બનાવ્યો હતો, જે આજે મળતો નથી.

આ ઉપરથી લાટાચાર્યનો સમય વિક્રમની પહેલી કે ચોથી સદી સંભવે છે, અને તેથી જ આ આચાર્યને અમે આર્યશ્રમણ **સિંહની** સાથે મૂક્યા છે.

## D. આ૦ વજ્રભૂતિ [પૃ૦ ૨૩૬માં જોડવું]

આ૦ વજ્રભૂતિજી કદરૂપા હતા અને દુબળા હતા. તેમની સાથે શિષ્યો પણ ન હતા, પરંતુ તે મોટા કવિ હતા. તેમનાં કાવ્યો ગુજરાત-ભરમાં પંકાતાં હતાં. રાજાના અંતઃપુરમાં પણ એ કાવ્યો ગવાતાં હતાં. ભરૂચના રાજા **નભોવાહનની** રાણી પદ્માવતીને એમ થયું કે આ આચાર્યનાં દર્શન જરૂર કરવાં જોઈએ. એક દિવસે આચાર્ય મહારાજ ભરૂચમાં વિરાજમાન હતા ત્યારે રાણી રાજાની આજ્ઞા લઈ, ભેટણું લઈ, પોતાના પરિવાર સાથે ઉપાશ્રયે જઈ પહોંચી. આચાર્ય પોતે આસન લઈ બહાર પધાર્યા, રાણીએ તેમને પૂછ્યું કે, આ૦ વજ્રભૂતિજી ક્યાં છે? આચાર્યશ્રીએ ઉત્તર આપ્યો કે બહાર ગયા છે પરંતુ દાસીના કહેવાથી રાણીએ જાણ્યું

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કે, આ પોતે જ આ૦ વજ્રભૂતિ છે ત્યારે નિરુત્સાહ થતાં બોલી કે, "હે કસેરૂમતી નદી! તને જોઈ અને તારું પાણી પીધું ખરેખર તારું નામ સારું છે પણ તારું દર્શન સારું નથી." રાણી પોતે ઓળખતી નથી એવો દેખાવ ચાલુ રાખી આચાર્યશ્રીની સામે તેણે ભેટણું મૂક્યું અને આ આચાર્યશ્રીને આપજો એમ કહી તે પાછી ચાલી ગઈ.

(વ્યવહાર ભાષ્ય ગા. ૫૮, ૫૯ની વૃત્તિ,
જૈન આગમ સાહિત્યમાં ગૂજરાત પૃ. ૧૬૫)

આ આચાર્યનો સમયનિર્ણય નક્કી કરી શકાય તેમ નથી. આ સમયે ભરૂચનો રાજા નભોવાહન છે. વિદ્વાનો નભોવાહન, નરવાહન અને નહપાનને એક માની તેનો સમય ઇસ્વીસનની બીજી સદી આપે છે પરંતુ પટ્ટાવલી વગેરેમાં એ ત્રણે રાજાઓ અને તેઓનો સમય જુદો જુદો હોવાનું મળે છે.

દિ૦ આ૦ જિનસેને 'હરિવંશ પુરાણ' (સર્ગ ૧ શ્લો૦ ૩૩)માં વજ્રર્ષિની મહાકવિ તરીકે પ્રશંસા કરી છે. સંભવ છે કે એ પ્રશંસા કદાચ આ૦ વજ્રભૂતિને ઉદ્દેશીને હશે. આજે આ૦ વજ્રભૂતિનાં કાવ્યો વિદ્યમાન નથી અને તેનાં નામો પણ મળતાં નથી.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## પરિશિષ્ટ બીજું

## જૈન ૮૪ ગચ્છો

| ગચ્છ નામ | આદિ આચાર્ય | સાલવારી |
|---|---|---|
| નિર્ગ્રન્થ ગચ્છ | ગ૦ સુધર્મસ્વામી | વીર સં૦ ૧ |
| ઉપકેશ ગચ્છ | આ૦ રત્નપ્રભ | ૭૦ |
| કોરટા ગચ્છ | ,, ,, | ,, |
| ગોદાસ ગણ | આ૦ ગોદાસ | ૧૭૦ |
| ઉત્તર–બલિસ્સહ | આ૦ ઉત્તર આ૦ બલિસ્સહ | ૨૯૧ |
| ઉદ્દેહ ગણ | આ૦ રોહણ | ,, |
| ઉડુવાડિય | આ૦ યશોભદ્ર | ,, |
| વેશ–વાટિકા | આ૦ કામર્ધિ | ,, |
| કોટિક ગચ્છ | આ૦ સુસ્થિત | |
| | આ૦ સુપ્રતિબદ્ધ | વીર. સં૦ ૨૯૧ |
| માનવ ગણ | આ૦ ઋષિગુપ્ત | ,, |
| ચારણ ગણ | આ૦ શ્રીગુપ્ત | ,, |
| મજ્ઝિમ શાખા | કોટિક આ૦ પ્રિયગ્રંથ | વીર સં૦ ૩૫૦ (?) |
| વિદ્યાધરી | આ૦ ગોપાળ | ,, (?) |
| ઉચ્ચાનાગરી | આ૦ શાંતિ શ્રેણિક | ૪૧૦ (?) |
| વજ્રશાખા | કોટિક આ૦ વજ્રસ્વામી | વીર સં૦ ૫૮૪ |
| બ્રહ્મદ્વીપિકા | આ૦ સમિત | ,, |
| નાગેન્દ્ર ગચ્છ | વજ્રી આ૦ નાગહસ્તિ | વીર સં૦ ૬૦૬ |
| ચંદ્ર ગચ્છ | વજ્રી આ૦ ચંદ્રસૂરિ | ,, |
| નિર્વૃત્તિ ગચ્છ | ,, આ૦ નિર્વૃત્તિ | ,, |

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

| | | |
|---|---|---|
| વિદ્યાધર ગચ્છ | ,, આ૦ વિદ્યાધર | વીર સં૦ ૬૦૬ |
| દ્વિવંદનીક | ઉપકેશ આ૦ ઉદયવર્ધન | ,, |
| **વનવાસી ગચ્છ** | ચંદ્ર૦ આ૦ સમન્તભદ્ર | વીર સં૦ ૬૫૦ |
| કાલિકાચાર્ય ગચ્છ | આ૦ શ્યામાચાર્ય | વીર સં૦ ૩૭૬ |
| ષાંડિલ્ય ગચ્છ | આ૦ સ્કંદિલ | વીર સં૦ ૪૧૪ |
| સિદ્ધસેન ગચ્છ | આ૦ સિદ્ધસેન | |
| મલ્લવાદિ ગચ્છ | નાગેન્દ્ર૦ આ૦ મલ્લવાદી | વીર સં૦ ૮૮૪ |
| નાગિલ શાખા | વજ્રી આ૦ નાગિલ | વીર સં૦ ૬૫૦ |
| હારિલ શાખા | ચુ૦ આ૦ હારિલ | વીર સં૦ ૧૦૫૫ |
| પૂર્ણતલ્લ ગચ્છ | (વિહરુક) | વિ૦ ૭મી સદી (?) |
| ચૈત્રપુરી ,, | આ૦ | વિ૦ ૭મી સદી |
| થારાપદ્ર ,, | હારિલ આ૦ વટેશ્વર | |
| મોઢેરા ,, | | |
| વાયડ ,, | | |
| સંડેરક ,, | | |
| કૂર્ચપુરીય ,, | ઉપકેશ આ૦ (?) | વિ૦ ૮મી સદી |
| ભટેવરા ,, | ચૈત્રપુરી આ૦ બુઢાગણી | |
| સોધંતીવાલ ,, | | |
| પંચાસરા ,, | | વિ૦ ૮મી સદી |
| રાજ ,, | આ૦ નન્નસૂરિ | વિ૦ ૮૫૦ |
| ધનેશ્વર ,, | આ૦ ધનેશ્વર (ચંડાવર) | ૮૫૨ |
| કૃષ્ણર્ષિ ,, | હારિલ૦ કૃષ્ણર્ષિ | વિ૦ ૮૫૦ |
| ભાવાચાર્ય ,, | કાલિક૦ આ૦ ભાવદેવ | વિ૦ ૯૧૨ |
| હર્ષપુરીય ,, | મજ્ઝિમ (અક્ષમાહન) આ૦ | ૯૮૦ |
| હસ્તિકુંડી ,, | સંડેરક આ૦ બલભદ્ર | |
| **વડ ગચ્છ** | વનવાસી આ૦ ઉદ્યોતન | વિ૦ ૯૮૫ |

**નિર્ગ્રન્થ ગચ્છનાં** નામાંતરો—નિર્ગ્રન્થ, કોટિક, વજ્રશાખા, ચંદ્ર, વનવાસી (આરણ્યક, વિટપી, વિહરુક,), વડગચ્છ, ચૌદશિયા ગચ્છ (?) અને તપગચ્છ.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**વિદ્યાધર ગચ્છની** શાખાઓ—(૧) કાસહ્રદ (કાસહૂદ), જાલોરા (જાલ્યોધર), શરવાલ (?)

કામ્યક ગચ્છ તે નિર્વૃત્તિ ગચ્છનો પેટા ગચ્છ હતો.

**બ્રહ્મદ્વીપિકાનું** નામાંતર—બ્રહ્માણ (વરમાણ) ગચ્છ (?) બ્રાહ્મી ગચ્છ (?)

**કાલિક ગચ્છનાં** નામાંતરો—કાલિક, ષાંડિલ્ય, ભાવાચાર્ય (ભાવડાર, ભાવડા ભાવડહાર)

**હારિલ ગચ્છનાં** નામાંતરો તથા પેટા ગચ્છો—હારિલ, હારીજ (?) વટેશ્વર, થારાપદ્રીય, કૃષ્ણર્ષિ ગચ્છ, કૃષ્ણર્ષિતપા, પિપ્પલક ગચ્છ.

**રાજ ગચ્છનાં** નામાંતરો તથા પેટા ગચ્છો—રાજ ગચ્છ, ધનેશ્વર ગચ્છ, ચિત્રવાલ, ધર્મઘોષ, સુરાણા, અષ્ટાપદ શાખા, કંબોઇયા શાખા, ચૈત્ર ગચ્છની શાખા-૧ શાહ્દૂલ, ૨ રાજ ગચ્છ.

**ઉપકેશ ગચ્છનાં** નામાંતરો—ઉપકેશ, નિર્ગ્રન્થ, ચાતુર્યામ, પાર્શ્વાપત્ય, દ્વિવંદનીક, કંવલા વગેરે.

**શાખાઓ**—માથુર, કોરંટા, કુકુદ, ભિન્નમાલ, ચંદ્રાવતી, મેડતા, ખેટ્ટકૂપ, બિકાનેરી, ખજવાના, તપાકોરંટ, તપારત્ન.

**મજ્ઝિમા** શાખાનાં નામાંતરો: —(પ્રશ્નવાહનકુલ) હર્ષપુરીય ગચ્છ, મલધાર ગચ્છ.

**વડગચ્છના** પેટા ગચ્છો :—ચઉદશિયા (?) પૂનમિયામત, દેવાચાર્ય ગચ્છ, પ્રદ્યોતનાચાર્ય ગચ્છ, પલ્લીવાલ, ઉછતવાલ, (?)

**પૂનમિયા**મતના પેટા ગચ્છો:—પૂનમિયા, શંખેશ્વર, નાણાવાલ, નાડોલિયા, તિલક શાખા, વિધિપક્ષ, અંચલ, સાર્ધપૂનમિયા અને કછોલી.

ષટ્કલ્યાણક મત:—તે કૂર્ચપુરીય ગચ્છ અને ચંદ્રગચ્છમાંથી નીકળ્યો. વિધિસંઘ અને ખરતર ગચ્છ તેનાં નામાંતરો છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**ખરતર** ગચ્છના પેટા ગચ્છો :—૧ મધુકર, ૨ રુદ્રપલ્લી, ૩ ખરતર, ૪ રાજ, ૫ વેગડ, ૬ પિપ્પલક, ૭ આચાર્યીય, ૮ ભાવહર્ષીય, ૯ લઘુઆચાર્યીય, ૧૦ રંગવિજય, ૧૧ શ્રીસારીય૦

મુનિતપામત એ પણ ખરતર ગચ્છની સંવેગી શાખા છે.

**દેવાચાર્ય** ગચ્છના પેટા ગચ્છો :—નાગોરીતપા, ભિન્નમાલવડગચ્છ, જીરાવલા વડગચ્છ, મડાહડ, મમ્માહડ (?) રામસેન ગચ્છ, પાયચંદમત સં. ૧૫૭૨ સુધર્મામત સં. ૧૬૦૨.

**મતો** :—આગમિકમત (?) સિદ્ધાંતિયાગચ્છ (?)

**તપાગચ્છનાં** નામાંતરો તથા પેટા ગચ્છો :—**તપાગચ્છ**—સં. ૧૨૮૫, **લઘુપોષાળ**, વડીપોષાળ, રત્નાકર ગચ્છ. **હેમ શાખા** સં. ૧૫૧૭ (પાલનપુરા), કમલકલશા સં. ૧૫૫૫, કુતુબપુરા સં. ૧૫૫૫ લઘુશાળા (સોમસાખા, હર્ષકુળ સં. ૧૬૦૫) તપાકોરંટક—તપારત્ન (બારેજા સં. ૧૬૧૦) **દેવસુર** સંઘ (ઓસવાલગચ્છ) આણુંદ સૂરસંઘ (પોરવાલ ગચ્છ સં. ૧૬૭૩) ઋષિમતિ, **વિજય-ગચ્છ** શાખા, સાગર ગચ્છ સં. ૧૬૮૬, વિમલ ગચ્છ સં. ૧૭૪૯, ત્રિસ્તુતિકમત, યતિ શાખા, **સંવેગી શાખા**.

**તપાગચ્છની** શાખાઓ—ભરૂઅચ્છા, થંભણા, ગંધારા, પાલનપુરા, કુતુબપુરા, બારેજા, ભિન્નમાલ, ઘોઘારા, સોરઠિયા (?) ઢેબરિયા, સાકરિયા વગેરે.

તપગચ્છનાં ૧૩ બેસણું—૧ તપા, ૨ સાંડેરક, ૩ ચઉદશિયા, ૪ કમલકલશા, ૫ ચંદ્ર, ૬ કોટિક, ૭ કુતુબપુરા, ૮ કોરંટા, ૯ ચિત્રોડા, ૧૦ કજ્જપુરા, ૧૧ વડગચ્છ, ૧૨ ઓસવાલ, અને ૧૩ મલધારી ગચ્છ. એક સામાચારી, એક માંડલી, એક ઉપદેશ અને એક વ્યવહાર હોય તે દરેકનું એક બેસણું કહેવાય છે. તે તે ગચ્છોના શ્રીપૂજો કે કુલગુરુઓ નિર્વંશ થતાં તેઓની ગાદીઓ તપગચ્છમાં દાખલ થઈ ગઈ છે.

**નિગમમત** :—કુતુબપુરા ગચ્છમાંથી નીકળ્યો, જેનું બીજું નામ ભૂકુટિયામત છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**કડવા મત :** —અંચળગચ્છમાંથી નીકળ્યો સં ૧૫૬૨.

**લોંકામતના** પેટા ગચ્છો :—લોંકા, વિજયમત સં. ૧૫૭૦, નાગોરી, વડોદરિયા, બાલાપુરી, મોટીપક્ષ, નાનીપક્ષ, અઢારિયા.

**લોંકામત**—તપાગચ્છ વડીપોળમાંથી નીકળ્યો. સં૦ ૧૫૦૮, સં૦ ૧૫૩૩૦

**લોંકામતના** પેટા મતો :—સ્થાનક માર્ગી (બાવીશ ટોલાં, ઢુંઢિયા, બારાપંથી સં. ૧૭૦૯) ૬ કોટિપખ, ૮ કોટિપખ (મોટીપખ નાંઢીપખ) તેરાપંથીમત સં. ૧૮૧૮, વીરપંથી વગેરે.

સૂચના :—(?) આ નિશાનીવાળી બાબતોને અંગે વિશેષ સંશોધનની અપેક્ષા રહે છે.

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# પરિશિષ્ટ ત્રીજું

## જૈન ઐતિહાસિક ગ્રન્થો

| ગ્રંથ | ભાષા | કર્તા | રચના વિ.સં. |
| --- | --- | --- | --- |
| કલ્પસૂત્ર થેરાવલી | (પ્રા. સં. અં. ગુ.) | શ્રીદેવર્ધિગણી | ૫૭૦ |
| નંદી થેરાવલી | ( ,, ) | ,, | ૫૭૦ |
| વસુદેવ હીંડી | ( પ્રા૦ ) | સંઘદાસ ગણી | |
| ,, | ( ,, ) | ધર્મસેન ગણી | |
| હિમવંત થેરાવલી | (પ્રા૦ ગુ૦ હિં૦) | .... .... | .... |
| આવસ્સય ચુણ્ણી | (પ્રા. સં.) | | |
| કલ્પસૂત્ર ચુણ્ણી | ( ,, ) | | |
| આવસ્સય ટીકા | ( ,, ) | આ૦ હરિભદ્રસૂરિ | |
| કહાવલી | ( પ્રા૦ ) | આ૦ ભદ્રેશ્વર | |
| દ્વયાશ્રય મહાકાવ્ય | (સં. ગુ.) | કે. સ. આ. હેમચંદ્ર | ૧૧૧૯ (?) |
| ,, | ( પ્રા૦ ) | ,, | ૧૧૨૮ (?) |
| ત્રિષષ્ટિચરિત્ર પ્રશસ્તિ | ( સં. ) | ,, | |
| પરિશિષ્ટ પર્વ | (સં. અં. ગુ.) | ,, | |
| મોહપરાજય નાટક | ( સં. ) | મંત્રી યશઃપાલ | ૧૨૩૨ |
| કુમારપાલ પડિબોહો | (પ્રા. ગુ.) | આ૦ સોમપ્રભ | ૧૨૪૧ |
| કુમારપાલ ચરિયં | ( પ્રા. ) | હરિશ્ચંદ્ર | |
| પુરાતન પ્રબંધ સંગ્રહ | ( સં૦ ) | આ૦ ભદ્ર | |
| દુસ્સમકાલસમણ | (પ્રા. સં.) | આ૦ ધર્મઘોષ | ૧૩૩૦ (?) |
| કીર્તિકૌમુદી, છેલ્લો સર્ગ | (સં) | કવિ સોમેશ્વર | |

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

| | | | |
|---|---|---|---|
| સુરથોત્સવ, છેલ્લો સર્ગ | (સં.) | ,, | |
| ઉલ્લાસ રાઘવ ,, | (,,) | ,, | ૧૨૮૨ |
| આબૂ પ્રશસ્તિ | (,,) | | ૧૨૮૮ |
| ધર્માભ્યુદય કાવ્ય | (,,) | આ૦ ઉદયપ્રભ | ૧૨૯૦ (?) |
| સુકૃતકીર્તિકલ્લોલિની | (,,) | ,, | |
| વસન્તવિલાસ | (,,) | આ૦ બાલચંદ્ર | |
| હમ્મીરમદમર્દન | (,,) | આ૦ જયસિંહ | |
| વસ્તુપાલપ્રશસ્તિ કાવ્ય | (,,) | ,, | |
| સુકૃતસંકીર્તન | (,,) | કવિ અરિસિંહ | |
| ઉપકેશગચ્છપ્રબંધ | (,,) | આ૦ કક્કસૂરિ | ૧૩૯૩ |
| નાભિનંદનજિનોદ્ધાર | (,,) | ,, | |
| પ્રભાવકચરિત્ર | (,,) | આ૦ પ્રભાચંદ્ર | ૧૩૩૪ |
| પ્રબંધચિંતામણિ | (સં.) | આ૦ મેરુતુંગ | ૧૩૬૧ |
| ચતુર્વિંશતિપ્રબંધ | (,,) | આ૦ રાજશેખર | ૧૪૦૫ |
| વિવિધતીર્થકલ્પ | (પ્રા૦ સં૦) | આ૦ જિનપ્રભ | ૧૩૮૯ |
| કુમારપાલચરિત્ર | (સં.) | આ૦ જયસિંહ | ૧૪૨૨ |
| વિચારશ્રેણિ | (સં.) | આ૦ મેરુતુંગ | ૧૪૬૬ (?) |
| અંચલગચ્છ પટ્ટાવલી | (સં. ગુ.) | ,, ,, | ૧૪૬૬ (?) |
| કુમારપાલચરિત્ર | (સં.) | આ૦ સોમતિલક | ૧૪૨૪ |
| ઉપદેશરત્નાકર | (સં.) | આ૦ મુનિસુંદર | |
| ગુર્વાવલી | (,,) | ,, ,, | ૧૪૬૬ |
| ગુરુપર્વક્રમ | (,,) | આ૦ ગુણરત્ન | ૧૪૬૬ |
| કુમારપાલચરિત્ર | (,,) | ચારિત્રસુંદર ગણિ | |
| કુમારપાલપ્રબંધ | (,,) | જિનમંડન ગણિ | ૧૪૯૨ |
| વસ્તુપાલચરિત્ર | (,,) | જિનહર્ષ ગણિ | ૧૪૯૭ |
| જગડુચરિત્ર | (,,) | આ૦ સર્વાનન્દ | |
| સુકૃતસાગર | (,,) | રત્નમંડન ગણિ | |
| ઉપદેશતરંગિણી | (સં. ગુ.) | રત્નમંદિર ગણિ | |
| ભોજપ્રબંધ | (સં. ગુ.) | ,, ,, ,, | |

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

| | | | |
|---|---|---|---|
| ઉપદેશસપ્તતિકા | (સં.) | સોધર્મ ગણિ | ૧૫૦૩ |
| સોમસૌભાગ્ય કાવ્ય | (સં. ગુ.) | પ્રતિષ્ઠાસોમ | ૧૫૨૪ |
| ગુરુગુણરત્નાકર | (સં.) | સોમચારિત્ર ગણિ | ૧૫૪૧ (?) |
| તપાગચ્છ પટ્ટાવલી | (પ્રા. સં. ગુ.) | મહો૦ ધર્મસાગર | ૧૬૪૬ |
| ગુર્જરરાજાવલી | (સં.) | વિનયસાગર ગણી | ૧૬૪૮ (?) |
| જગદ્‌ગુરુ કાવ્ય | (,,) | પદ્મસાગર ગણી | ૧૬૪૬ |
| હીરસૌભાગ્ય કાવ્ય | (,,) | દેવવિમલ ગણી | ૧૬૫૬ |
| કૃપારસકોશ | (,,) | મહો૦ શાંતિચંદ્ર ગણી | |
| વિજયપ્રશસ્તિ | (સં. હિં.) | હેમવિજય ગણિ | |
| કર્મચંદ્રમંત્રીપ્રબંધ | (,,) | | |
| વિજયદેવમહાત્મ્ય | (,,) | પાઠક વલ્લભ | |
| દેવાનંદાભ્યુદય | (,,) | મહો૦ મેઘવિજય | ૧૭૨૭ |
| ખરતરગચ્છ પટ્ટાવલી | (,,) | ઉ૦ ક્ષમાકલ્યાણ | ૧૮૩૦ |
| ઉપદેશપ્રાસાદ | (સં. ગુ.) | આ૦ વિજયલક્ષ્મી | ૧૮૪૩ |
| વિવિધ પટ્ટાવલીઓ | (પ્રા. સં.) | | |
| વિમલપ્રબંધ | (ગુજ.) | કવિ લાવણ્યસમય | |
| શત્રુંજય રાસ | (,,) | જિનહર્ષ | |
| શત્રુંજયતીર્થોદ્ધાર રાસ | (,,) | નયસુંદર | |
| કુમારપાલ રાસ | (ગુજ.) | દેવપ્રભ ગણિ | ૧૫૦૦ (?) |
| ,, | (,,) | હીરકુશલ | ૧૬૪૦ |
| ,, | (,,) | કવિ ઋષભદાસ | ૧૬૭૦ |
| ,, | (,,) | જિનહર્ષ | ૧૭૪૨ |
| વસ્તુપાલ-તેજપાલ રાસ | (ગુ૦) | ઉ૦ સમયસુંદર | |
| ,, | (,,) | આ૦ લક્ષ્મીસાગર | |
| ,, | (,,) | આ૦ પાર્શ્વચંદ્ર | |
| હીરવિજય રાસ | (,,) | કવિ ઋષભદાસ | |
| શાંતિદાસ શેઠને‌ા રાસ | (,,) | ક્ષેમવર્ધન | ૧૮૭૦ |
| વીર વંશાવલી | (,,) | પં. .... .... | |
| વીર પટ્ટાવલી | (,,) | પં. ખુશાલવિજય | |

JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આ ઉપરાંત જૈન પટ્ટાવલીઓ, રાસાઓ, તીર્થમાલાઓ, ગ્રંથપ્રશસ્તિઓ, ગ્રંથપુષ્પિકાઓ, તામ્રપત્રો, વિજ્ઞપ્તિપત્રો, શિલાલેખો, સ્તોત્રો, ઐતિહાસિક સજ્ઝાયો વગેરે વગેરે.

**સૂચના** :—( ? ) આ નિશાનીવાળા સંવતો અનુમાનથી આપ્યા છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# પરિશિષ્ટ : ચોથું

## [ અકારાદિ અનુક્રમ ]

## વર્ગ : ૧

### તીર્થંકરનાં નામો


અજિતનાથ ૧, ૪૮, ૫૧, ૨૩૨, ૩૩૬, ૪૯૨, ૫૧૭, ૬૦૬
અનંતનાથ ૧
અભિનંદન ૧, ૫૧૭
અમમ ૧૨૦
અરનાથ ૧, ૪૯
અરિષ્ટનેમિ 'નેમનાથ જુઓ'.
આદિનાથ 'ઋષભદેવ' જુઓ.
આદીશ્વર ,, ,,
ઉદયપ્રભ ૮
ઋષભદેવ ૧, ૨૫, ૪૬, ૪૭, ૪૯, ૬૨, ૭૯, ૨૦૬, ૨૧૧, ૨૧૪ થી ૨૧૭, ૨૩૦, ૨૮૯, ૩૩૬, ૩૪૩, ૩૫૨, ૪૨૧, ૪૪૪, ૪૫૧, ૪૫૪ થી ૪૫૬, ૪૬૧, ૪૭૧ થી ૪૭૩, ૪૯૬, ૪૯૮, ૫૧૭, ૫૩૨, ૫૩૪, ૫૪૫, ૫૬૧, ૫૬૯, ૫૭૩, ૫૭૭, ૫૮૨, ૫૯૨ થી ૫૯૫, ૫૯૮, ૬૦૪ થી ૬૦૬, ૬૧૧, ૬૧૨
કલિંગજિન ૨૧૭
કુંથુનાથ ૧, ૪૯
ચંદ્રપ્રભુ ૧, ૨૯, ૩૧, ૫૧, ૨૦૬, ૨૧૦, ૨૬૦, ૫૪૭
ચેતનનાથ ૫૪૦
જગત્સ્વામી ૯૬
જીવિતસ્વામી ૫૯, ૬૦, ૬૧, ૭૬, ૧૭૧, ૨૦૨, ૨૦૭, (૨૦૮), ૫૦૨
ધર્મનાથ ૧
નમિનાથ ૧, ૩૬૯
નાભિનંદન ૩૩
નાયપુત્ત (જ્ઞાતપુત્ર) ૨, ૧૩
નિર્મમ ૯
નેમિનાથ ૧, ૨૪, ૩૦, ૩૧, ૪૬, ૪૮, ૫૫, ૫૬, ૧૦૮, ૨૦૪, ૨૦૬, ૨૧૦, ૨૪૧, ૨૪૨, ૨૬૦, ૩૩૪ થી ૩૩૬, ૩૪૦, ૩૫૭, ૩૫૮, ૪૨૨, ૪૪૩, ૪૬૫, ૫૨૩, ૫૩૨, ૫૫૮, ૫૭૨, ૫૭૬, ૬૦૪ થી ૬૦૬
પદ્મનાભ ૮, ૩૨૮
પદ્મપ્રભુ ૧, ૨૧૦, ૩૬૯, ૬૦૬
પાર્શ્વનાથ ૧, ૯, ૧૧, ૧૩, ૧૬ થી ૩૮, ૪૫, ૪૯, ૫૫, ૭૪, ૭૫, ૭૭, ૯૬, ૧૩૭, ૧૭૬, ૧૮૪, ૨૦૫, ૨૦૬, ૨૧૦, ૨૧૪, ૨૧૭, ૨૩૦, ૨૪૨, ૩૩૬, ૩૪૬, ૩૫૮, ૩૭૦, ૪૦૨, ૪૦૫, ૪૧૩, ૪૪૧, ૪૪૩, ૪૫૨, ૫૧૪, ૫૪૩, ૫૭૯, ૫૯૧, ૬૧૩
—અજારા પાર્શ્વ૦ ૫૩
—અવંતીપાર્શ્વ૦ ૨૦૨થી૨૦૪, ૨૫૧, ૨૫૬, ૬૦૭


જૈન સાહિત્ય JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

–ૐકારપાર્શ્વ૦ ૨૫૩
–કરહેડાપાર્શ્વ૦ ૫૦૨, ૫૪૩
–કલ્પદ્રુમપાર્શ્વ૦ ૫૦, ૫૧
–ગોડીપાર્શ્વ૦ ૬૦૬
–ચારૂપપાર્શ્વ૦ ૫૬
–ચિંતામણિપાર્શ્વ૦ ૫૩, ૬૦૮
–ચેલ્લણદેવપાર્શ્વ૦ ૨૦૯
–જગન્નાથપાર્શ્વ૦ ૫૭
–જીરાવલાપાર્શ્વ૦ ૫૧૩, ૫૨૧
–જીવંતપાર્શ્વ૦ ૨૦૮
–નાગહ્રદપાર્શ્વ૦ ૪૪૩
–પલ્લવિયાપાર્શ્વ૦ ૩૧
–પંચાસરાપાર્શ્વ૦ ૪૬૯ થી ૪૭૧, ૪૯૪, ૪૯૮, ૬૦૮
–ફલોધિપાર્શ્વ૦ ૫૧૩
–બદરીપાર્શ્વ૦ ૫૬, ૫૦૪
–ભટેવાપાર્શ્વ૦ ૩૨, ૪૫૨
–મનમોહનપાર્શ્વ૦ ૫૬
–શંખેશ્વરપાર્શ્વ૦ ૫૫, ૫૧૪
–સોગઠિયાપાર્શ્વ૦ ૬૦૬
–સ્તંભનપાર્શ્વ૦ ૫૬, ૫૧૨
મલ્લિનાથ ૧
મહાવીર ૧ થી ૪૫, ૫૧, ૫૭ થી ૬૫, ૭૩, ૭૪, ૭૫, ૮૧ થી ૮૭, ૯૬, ૯૭, ૧૦૮, ૧૧૧, ૧૧૮, ૧૨૪, ૧૭૦, ૧૮૧, ૧૯૪, ૨૦૬, ૨૦૮, ૨૧૭, ૨૨૨, ૨૩૦, ૨૪૧, ૨૫૬, ૨૬૬, ૨૬૮, ૨૭૨, ૨૭૯, ૨૯૫, ૩૧૩, ૩૩૬, ૩૪૯ થી ૩૫૨, ૩૬૯, ૪૦૫ થી ૪૦૮, ૪૧૫, ૪૧૮ થી ૪૨૫, ૪૮૧, ૪૮૩, ૫૦૨, ૫૧૨, ૫૧૯, ૫૨૨ થી ૫૨૬, ૫૩૧, ૫૩૭, ૫૩૯, ૫૫૧, ૫૫૫, ૫૮૦, ૫૯૧ થી ૫૯૬, ૬૦૨, ૬૦૪
માણિક્યસ્વામી ૪૭, ૪૫૪ થી ૪૫૬
મુનિસુવ્રત ૧, ૫૧, ૫૨, ૫૮, ૫૯, ૧૦૮, ૩૪૩, ૫૫૯
વર્ધમાન ૨, ૨૬૬
વાસુપૂજ્ય ૧, ૪૯, ૧૧૧, ૫૯૩
વિદેહદિન્ન ૧૧
વિમલનાથ ૧
વિહરમાન ૪૯
વૈશાલિક ૨
શતકીર્તિ ૯
શાંતિનાથ ૧, ૨૬, ૪૮, ૪૯, ૯૬, ૧૦૮, ૧૩૦, ૨૦૫, ૨૦૬, ૨૧૦, ૪૪૩, ૫૧૬, ૫૩૧, ૫૩૯, ૫૪૦, ૫૯૦, ૫૯૩, ૬૦૪, ૬૦૬
શીતલનાથ ૧, ૪૯૭
શ્રેયાંસનાથ ૧
સમાધિ ૯
સર્વાનુભૂતિ ૮
સંભવનાથ ૧, ૨૧૦, ૫૯૬ થી ૫૯૮
સિદ્ધચક્ર ૩૦
સીમંધર ૧૫૩, ૧૮૧, ૩૧૨, ૪૪૬, ૪૮૯
સુપાર્શ્વનાથ ૧, ૮, ૪૯, ૫૦, ૨૪૦, ૬૦૬
સુમતિનાથ ૧, ૩૪
સુરદેવ ૮
સુવિધિનાથ ૧
સ્વયંપ્રભ ૮


www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## વર્ગ : ૨

### ગણધર, આચાર્ય, ઉપાધ્યાય, પંન્યાસ, સાધુ, સાધ્વીઓનાં નામો


અઈમંતો ૭, ૫૯, ૪૨૨
અકલંક ૫૬૭
અકંપિત ૫
અગસ્ત્યસિંહ ૪૫૮
અગ્નિદત્ત ૧૩૬
અગ્નિભૂતિ ૨, ૩૯
અગ્નિશર્મા ૪૪૯
અચલભ્રાતા ૬
અજિતપ્રભ ૩૬,
અજિતયશ ૪૮૪, ૫૦૭
અજિતસિંહસૂરિ ૩૬૨, ૪૬૪, ૫૦૯
અજિતસેન ૫૯૬
અનાથિમુનિ ૩૬, ૬૪, ૮૧
અભયકુમાર ૧૦, ૮૧ થી ૮૫, ૪૨૩
અભયઘોષ ૫૧૪
અભયચંદ્ર ૨૩૦, ૫૦૮
અભયદેવ (રાજ૦) ૨૫૫, ૨૬૩, ૩૦૬, ૫૦૭, ૫૦૮, ૫૧૧, ૫૫૯, ૫૬૬, ૫૯૦, ૫૯૧
અભયદેવ (ચં.) ૩૦૫, ૨૬૩, ૪૬૩, ૫૬૨,
અભયદેવ (મલ૦) ૫૬૮
અમરપ્રભ ૪૬૨, ૫૧૭
અમલચંદ્ર ૨૩૦, ૫૦૮
અમૃતવર્ધન ૩૬,
અમૃતરત્ન ૩૮
અરિહ(અર્હ)દત્ત ૨૧૩, ૨૭૨
અર્ણિકાપુત્ર ૬૨, ૭૮ થી ૮૦
અર્હદ્બલિ ૩૦૪
અલખ ૭
અવન્તિવર્ધન ૭૩
અવન્તિસુકુમાર ૨૦૨ થી ૨૦૪, ૨૫૧
અંબદેવ ૩૦૫, ૪૦૧

આણંદ ૫૧૭
આત્મારામજી ૨૩૨
આનંદઘન ૫૫૬, ૬૦૦
આનંદરત્ન ૩૬
આનંદવર્ધન ૩૬
આનંદવિમલ ૩૪, ૩૭, ૪૦૨
આનંદસાગર ૬૦૮
આનંદસુંદર ૩૬
આમ્રદેવ ૪૯૬
આર્દ્રક ૮, ૮૫
આર્યજીત ૧૮૨
આર્યદિન્ન 'દિન્નસૂરિ' જુઓ.
આષાઢાચાર્ય ૧૬૫, ૧૬૮, ૧૯૮
ઇસિગુત્ત 'ઋષિગુપ્ત' જુઓ.
ઈશ્વરસૂરિ ૫૬૮ થી ૫૭૦
ઈશ્વરીઆર્યા ૧૮૫, ૩૦૩, ૩૪૧
ઈંદ્ર (?) ૩૩૯
ઈંદ્રદિન્નસૂરિ ૨૧૩, ૨૨૦
ઈંદ્રનંદિ ૫૫
ઈંદ્રભૂતિ ૨, ૩, ૯, ૧૮, ૩૮, ૩૯, ૫૯૬
ઈંદ્રરત્ન ૩૬
ઈંદ્રવિજય ૩૫૬

ઉત્તર ૧૭૫, ૧૭૬, ૨૭૬, ૬૧૬


JAINSITE.com
જૈન સાઈટ
જૈનં જયતિ શાસનમ્
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઉદયદેવ ૫૧૧
ઉદયપ્રભ ૫૧૨, ૬૨૨
ઉદયરત્ન ૩૮
ઉદયવર્ધન ૨૫, ૩૬, ૩૦૪, ૩૪૧
  ૬૧૭
ઉદયસિંહ ૪૩૮, ૫૮૯
ઉદાયી ૭, ૨૩૦
ઉદ્દ્યોતન ૪૦૧, ૪૦૮, ૪૪૯, **૪૫૧**,
  ૪૫૨, ૪૬૩, ૪૭૩, ૪૮૭,
  ૪૯૨, ૪૯૩, ૫૦૩, ૫૧૮,
  ૫૩૫, ૫૬૧, ૬૧૭
ઉદ્દ્યોતરત્ન ૩૬
ઉપનંદભદ્ર ૧૧૯
ઉમાસ્વાતિ ૮૦, ૧૮૦, ૧૯૬, ૨૨૩,
  ૨૩૦, **૩૧૮**, ૩૪૫, ૩૪૬,
  **૩૬૨ થી** ૩૬૮, ૪૬૬, ૪૮૪
ઋજુમતિ ૧૧૯
ઋષભદત્ત ૧૦
ઋષિગુપ્ત ૧૭૮, ૬૧૬,
ઋષિદત્ત ૨૧૩.
ઋષિપાલિત ૨૨૩, ૪૨૬,
કક્કસૂરિ ૨૧ થી ૩૭, ૨૬૩, ૩૦૪,
  ૩૪૧, ૫૧૮, ૬૨૨
કનકકુશલ ૪૬૨
કનકપ્રભ ૨૦, ૨૮, ૫૧૧, ૫૧૨
કમલસૂરિ ૨૩૨,
કમલદેવ ૫૩૯, ૫૬૦, ૬૦૪
કર્પૂરવિજય ૬૦૮
કર્મસાગર ૩૪
કલહંસસૂરિ ૫૨, ૧૭૮.
કલ્યાણવિજય ૨૬૯, ૨૭૦, ૬૦૩
કસુંદક ૧૦
કામર્ધિગણિ ૧૭૭, ૬૧૬
કાલિકાચાર્ય ૫૨, ૧૭૭, **૧૮૦ થી**
  ૧૯૦, ૧૯૧, ૧૯૩, ૨૦૪,
  ૨૧૩, **૨૨૪ થી** ૨૩૨, ૨૬૩
  થી ૨૭૧, ૨૯૩, ૩૦૫, ૩૧૨,
  ૩૫૨ થી ૩૫૮, ૩૬૫, ૩૮૪,
  ૪૦૭, ૪૧૪, **૪૨૫**, ૪૩૮ થી
  ૪૪૨, ૫૫૬, ૬૦૧, ૬૧૭
કાલીદેવી ૪૨૨
કાલ્વેશીમુનિ ૫૧
કીર્તિરત્ન ૩૮
કુબેર ૨૨૩
કુમારધર્મ **૨૯૪**
કુમુદચંદ્ર ૨૪૬
કુલચંદ્ર ૨૭,
કુલમંડન ૫૬૭
કૃષ્ણઋષિ ૨૩, ૨૪, ૪૪૯, ૪૫૨
  ૫૦૩, ૫૧૮ થી ૫૨૧, ૫૪૧ થી
  ૫૪૩, **૫૭૩**, ૫૭૮, ૫૭૯
કૃષ્ણસૂરિ **૨૯૩**, ૨૯૯, ૩૦૫, ૩૧૩
  થી ૩૧૫
કેશરકુશલ ૪૫૬
કેશવ ૫૭૭
કેશીસ્વામી ૩, ૯, ૧૬, ૧૭, ૧૮,
  ૬૧, ૪૨૫, ૫૯૬
કોટિઆચાર્ય ૧૯૫, ૪૫૭, ૪૫૮,
  ૫૬૧, ૫૬૨
કોડિન્ન ૧૭૫, ૧૮૫, ૨૨૧, ૨૨૯,
  ૨૪૪, ૨૭૬

ક્ષમાકલ્યાણ ૬૨૭
ક્ષેમઋષિ ૫૪૨


JAINSITE .com
જૈન સાઈટ
જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ખપુટાચાર્ય ૫૨, ૧૯૨, ૨૨૪, **૨૩૧** થી ૨૩૫, ૨૪૩, ૨૭૪
ખિમાઋષિ ૫૭૩, **૫૬૮**, ૫૭૯, ૬૦૪
ખુશાલવિજય ૬૨૩
ખંદિલ 'સ્કંદિલ' જુઓ.
ખંધક ૫૯૬
ખેમવર્ધન ૬૨૩

ગજસુકુમાલ ૪૨૨
ગણાચાર્યો ૫૬૬
ગર્ગર્ષિ ૩૮૫
ગુણચંદ્ર ૫૧૦,
ગુણધર ૧૮૫, **૩૧૭**
ગુણનિધાન ૪૯૧
ગુણવર્ધન ૩૬
ગુણરત્ન ૫૦૨, ૫૯૩, ૬૨૨
ગુણસુંદર ૩૬, **૧૭૭**, ૧૮૦, ૧૯૦, ૧૯૧, ૨૧૩, ૨૨૯, ૪૬૨
ગુણાકર ૧૭૭, ૧૮૦, ૧૯૦, ૧૯૧, ૨૨૫, ૨૨૮, ૨૨૯, ૪૬૨, ૫૪૭, ૫૬૦, ૫૬૭
ગોદાસ ૧૩૬, ૨૦૫, ૬૧૬
ગોપાલ ૧૦, ૧૭૭, ૨૧૩, ૨૫૯, ૬૧૬
ગોવિંદ ૧૮૭, ૧૮૮, ૧૮૯, ૩૯૧, ૫૦૩, ૫૨૮ થી **૫૩૪**, ૫૩૯, ૫૪૨, ૫૪૩, **૫૫૮**
ગોશર્મ ૭૭, ૪૦૨, ૬૧૩
ગોસૂર 'ગોશર્મ' જુઓ.
ગૌતમસ્વામી ૨, ૩, ૯, ૧૨, ૧૮, ૩૮, ૫૯, ૬૨, ૧૦૯, ૧૮૧, ૩૨૯, ૪૧૯, ૪૨૫, ૫૯૩, ૫૯૬
ગંધહસ્તિ ૩૯૨, ૩૯૩

ઘનસુંદર ૧૭૭, ૧૯૧
ઘૃતપુષ્પમિત્ર ૩૧૧
ઘોષનંદિ ૩૬૩ થી ૩૬૫

ચક્રેશ્વર ૫૧૪
ચતુરવિજય ૪૬૨
ચંદનબાલા ૭, ૧૧૧
ચંદનવિજય ૨૩૨
ચંદ્રગુપ્ત ૩૬, ૧૬૨
ચંદ્રપ્રભ ૩૧, ૫૦૯ થી ૫૧૫
ચંદ્રર્ષિ ૩૪૨, ૪૦૩, ૪૦૪
ચંદ્રસૂરિ ૧૨૯, ૧૬૨, ૧૮૫, ૨૬૩, ૨૯૨, ૩૦૩, ૩૩૩ થી ૩૩૯ **૩૪૧** થી ૩૪૪, **૫૦૯** થી ૫૧૨, ૫૬૭ ૫૮૫ થી ૫૮૯, ૬૧૬
ચંદ્રોદયરત્ન ૩૮
ચારિત્રવિજયજી ૬૦૮
ચારિત્રસુંદર ૬૨૨

જકખસેણ ૫૦૦, ૫૦૧
જગચ્ચંદ્ર **૪૨૦**, ૫૧૧, **૫૨૧**,
જજ્જિગસૂરિ **૩૪૮** થી ૩૫૧
જયકીર્તિ ૫૨૦
જયચંદ્ર **૩૪૩**
જયતિલક ૨૬
જયદેવ **૩૬૯**, ૩૭૦
જયપ્રભ ૩૬
જયબાહુ ૨૯૨, ૩૨૯
જયરત્ન ૩૮


JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

જયશેખર ૪૬૩
જયસાગર ૧૩૦, ૨૭૧
જયસિંહ ૨૪, ૧૮૯, ૩૦૬, ૪૪૯, ૫૧૮ થી ૫૨૧, ૫૩૯, ૫૬૧, ૫૯૦, ૫૯૫, ૬૨૨
જયસોમ ૨૨૧
જયંતસૂરિ ૨૯૧, ૨૯૩
જયંતી ૭, ૪૧૯, ૪૨૦
જયાનન્દ ૪૫૭, ૪૬૫, ૫૪૩
જસદેવ ૪૦૧
જસભદ્રસૂરિ ૭૭
જસવદ્ધણ ૫૦૦, ૫૦૧
જંબૂ ૧૧૯, ૧૮૬, ૧૮૭, ૨૯૪, ૩૭૦ ૩૯૦ થી ૩૯૩
જંબૂનાગ ૨૮
જંબૂસ્વામી ૧૪, ૪૧, ૪૯, ૫૦, ૬૩ થી ૭૪, ૭૬, ૮૮, ૮૯ થી ૯૪, ૯૮, ૧૮૯, ૧૯૧, ૩૨૯, ૩૯૧
જિતસૂરિ 'આર્યજિત' જુઓ
જિનચંદ્ર ૨૭, ૨૩૧, ૩૪૩
જિનદત્ત ૧૮૫, ૨૩૦, ૩૦૨, ૩૦૩ ૩૪૧, ૩૬૫, ૪૬૩, ૪૭૬, ૪૮૦, ૪૮૨, ૫૧૦, ૫૪૬, ૫૫૩, ૫૯૧, ૬૦૩,
જિનદાસગણિ ૧૯૪, (૪૨૩), ૪૩૨, ૪૩૭, ૪૬૫ થી ૪૬૭, ૪૮૪, ૪૯૦, ૪૯૧, ૫૦૦, ૫૦૧
જિનદાસ મહત્તર ૨૫૮, ૨૯૮, ૩૯૧, ૪૦૩ થી ૪૦૮, ૪૮૪
જિનદેવ ૫૫૬ થી ૫૫૮, ૫૬૭
જિનપતિ ૨૮
જિનપ્રભ ૧૨૯, ૧૩૦, ૨૦૯, ૪૮૮, ૫૦૫, ૫૨૪, ૫૯૭, ૬૨૨
જિનભટ્ટ ૪૭૬ થી ૪૮૨
જિનભદ્ર ૪૮૦, ૪૮૨
જિનભદ્રગણિ ૧૯૪ થી ૧૯૬, ૨૪૫, ૨૫૭, ૨૫૮, ૩૬૫, ૪૦૮, ૪૩૨, ૪૩૬, ૪૪૭, ૪૪૮, ૪૫૨, ૪૫૭, ૪૫૮, ૪૬૬, ૪૮૪, ૪૮૭ થી ૪૯૧, ૫૬૧, ૫૬૨
જિનમંડન ૬૨૨
જિનયશ ૩૭૦ થી ૩૮૧, ૫૬૬, ૫૬૭, ૫૯૦
જિનવલ્લભ ૪૬૩, ૫૬૨
જિનસિંહ ૪૫૯, ૫૧૫, ૫૧૬,
જિનહર્ષ ૧૨૨, ૬૨૩
જિનાનંદ ૩૭૧
જિનેશ્વરસૂરિ, ૩૪૩, ૪૬૩, ૪૭૦, ૪૮૭, ૫૧૦, ૫૧૨, ૫૧૫, ૫૬૭
જીવદેવ ૫૪૬ થી ૫૬૬, ૬૦૩, ૬૦૩
જ્યેષ્ઠાંગગણિ. ૧૯૭
જ્યેષ્ઠાર્ય ૪૭૨
જેહિલ ૨૯૩

જ્ઞાનચંદ્ર ૫૧૭
જ્ઞાનવિમલ ૫૭૦

તત્ત્વાચાર્ય ૪૫૦ થી ૪૫૨, ૫૧૮, ૫૬૨
તત્ત્વાદિત્ય ૪૫૧, ૫૬૧, ૫૬૨
તાપસ ૨૨૨, ૨૯૧
તિલકાચાર્ય ૧૧૫, ૧૯૫, ૫૧૪, ૫૬૭
તિલકચંદ્ર ૫૧૫

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તિષ્યગુપ્ત ૧૬
તિષ્યભદ્ર ૧૧૯
તોષલીપુત્ર ૨૭૨, ૨૭૩, ૩૦૮, ૩૦૯

દશાર્ણભદ્ર ૭, ૫૯
દંડ મુનિ ૫૬
દાનરત્ન ૩૮
દાનવિજય ૩૭, ૩૮
દિન્નગણિ ૪૫૮, ૪૬૫
દિન્નસૂરિ ૨૨૩, ૨૨૪, ૩૬૩
દીર્ઘભદ્ર ૧૧૯
દુર્જયંત ૨૯૩
દુર્ગસ્વામી ૯૫, ૪૪૯, ૫૬૩ થી ૫૬૬
દુર્બલિકા ૧૯૨, ૩૦૪ થી ૩૧૨
દુર્લભદેવી આર્યા ૩૮૦ થી ૩૭૪, ૩૮૦
દુષ્યગણી ૧૮૮, ૫૪૨
દેલમહત્તર ૫૬૨
દેવકલશ ૩૫
દેવકલ્લોલ ૩૪
દેવગુપ્ત ૨૧ થી ૩૧, ૨૯૭, ૪૪૮, ૪૫૧, ૫૦૦, ૫૦૧
દેવચંદ્રજી ૨૩, ૩૧
દેવચંદ્રસૂરિ ૫૫, ૧૩૦, ૩૦૫, ૪૬૮ થી ૪૭૧, ૪૮૭, ૪૯૩ થી ૪૯૬, ૫૨૪
દેવપ્રભ ૨૮, ૬૨૩
દેવભદ્ર ૪૬૩, ૪૬૪, ૫૦૮, ૫૧૧
દેવરત્ન ૩૬
દેવવિમલજી ૬૨૩
દેવર્દ્ધિગણિ વાચક ૧૮૬, ૧૮૭, ૧૮૮ થી ૧૯૦, ૧૯૩, ૨૯૨ થી ૨૯૮, ૩૯૧, ૪૦૭, ૪૧૩ થી ૪૧૫, ૪૨૧, ૪૨૬, ૪૩૧, ૪૩૨, ૪૪૮, ૪૫૦, ૪૮૪, ૪૯૯, ૬૨૧
દેવસુંદર ૫૨૦, ૫૬૮
દેવસૂરિ (વાદી) ૨૫૭, ૪૮૭, ૫૧૧, ૫૫૯
દેવસૂરિ (વડ૦) ૩૪૭, ૪૦૧
દેવસૂરિ (તપા૦) ૫૩, ૩૩૩, ૩૬૫, ૬૦૫, ૬૦૬,
દેવસૂરિ ૫૩૯, ૫૬૦, ૫૭૭, ૬૦૪
દેવસેન ૫૧૪, ૫૧૫
દેવાચાર્ય ૨૧૩
દેવાનંદ ૩૧, ૩૭૦, ૪૦૩, ૫૧૧, ૫૧૨.
દેવેન્દ્રસૂરિ ૩૪૩, ૫૧૦ થી ૫૧૨, ૫૧૭, ૫૬૭
દેવેન્દ્રસૂરિ (તપા૦) ૨૯૮, ૪૩૭
દેશીગણિ. ૧૮૮, ૨૯૪
દ્રાવિડજી ૪૮
દ્રોણાચાર્ય ૫૬૨

ધનગિરિ ૨૭૨, ૨૭૩, ૨૮૪, ૨૮૫, ૨૯૩
ધનગુપ્ત ૧૯૮
ધનદેવ ૨૯
ધનવર્દ્ધન ૩૬
ધનેશ્વર ૧૯૬, ૩૪૨, ૪૯૭, ૫૦૩, ૫૦૮ થી ૫૧૨, ૫૨૧, ૫૬૬, ૫૯૧, ૬૧૭
ધનાઢ્ય ૧૭૫, ૨૭૬
ધન્ય (ધન્નો) ૧૦, ૫૯, ૬૪, ૪૨૩
ધરસેનસૂરિ ૩૧૭, ૪૩૧
ધર્મઋષિ ૧૯૬, ૨૦૮


www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ધર્મકુમાર ૫૧૨
ધર્મકુશલ ૪૫૬
ધર્મગુપ્ત ૧૯૮
ધર્મચંદ્ર ૬૦૫
ધર્મઘોષ ૧૦, ૪૯, ૭૪, ૭૬, ૧૯૭, ૪૯૭, ૨૬૧, ૨૬૩, ૩૦૬, ૪૮૭, ૫૦૬ થી ૫૧૭, ૫૪૩, ૬૦૭, ૬૨૧
ધર્મદાસ ૪૦૩ થી ૪૦૮, ૫૦૯,
ધર્મદત્ત ૨૦૮
ધર્મરુચિ ૪૯
ધર્મવર્ધન ૪૬૪
ધર્મસાગરજી ૬૨૩
ધર્મસિંહ ૪૬૨
ધર્મસૂર ૩૬, ૧૮૬, ૧૮૯, ૧૯૨ ૨૨૪, ૨૪૫, ( ૫૧૨ થી ૫૧૭ ) ૨૬૧, ૨૬૨, ૨૯૪, ૩૯૨
ધર્મસેન ૨૧૩, ૪૦૩, ૪૦૪, ૬૨૧
ધારિણી સાધ્વી ૭૩, ૭૬

નન્નસૂરિ ૨૩ થી ૨૭, ૩૯૪, ૪૬૮, ૫૦૩, ૫૧૮, ૫૨૦, ૫૨૪, ૫૨૮, ૫૨૯, ૫૩૪, ૫૩૯, ૫૬૬, ૫૬૭, ૫૯૦, ૬૧૭
નયચંદ્ર ૫૧૮
નયનચંદ્ર ૫૨૦
નયહંસ ૫૨૦
નરસિંહ ૪૧૨, ૪૧૩, ૪૪૩
નક્ષત્રસૂરિ ૨૯૩
નયસુંદર ૬૨૩
નંદનભદ્ર ૧૧૯
નંદાસાધ્વી ૮૧થી ૮૫
નંદિલસૂરિ ૧૮૩, ૧૮૪, ૧૮૯, ૨૪૪, ૩૦૩ થી ૩૦૭
નંદિવર્ધન ૫૧૮
નંદીસૂરિ ૨૯૪
નાગમિત્ર ૧૭૫. ૨૭૬
નાગસૂરિ ૧૭૫, ૧૮૫, ૨૨૦, ૨૨૧, ૨૨૯, ૨૪૪, ૨૭૬, ૨૯૩, ૪૪૯
નાગહસ્તિ ૧૮૪, ૧૮૫, ૧૯૨, ૨૨૯, ૨૩૭, ૨૪૪, ૨૯૧, ૩૦૩ થી ૩૦૭, ૩૩૭, ૪૦૮, ૬૧૬
નાગાર્જુન ૧૮૬, ૧૮૭ થી ૧૯૦, ૧૯૩, ૩૦૫, ૩૪૧, ૩૪૨, ૩૭૦, ૩૯૦ થી ૩૯૩
નાગિલ ૬૧૭
નાગેન્દ્ર ‘ નાગહસ્તિ ’ જુઓ.
નાગેન્દ્રસૂરિ (?) ૩૩૯
નિર્વૃત્તિ ૫૧, ૧૮૫, ૩૦૩, ૩૩૭, ૩૪૧, ૬૧૬
નેમિચંદ્ર ૨૪૩, ૪૦૧, ૫૦૦
નેમિસૂરિ ( તપા. ) ૬૦૮

પદ્મ ૨૯૧, ૪૨૯
પદ્મચંદ્ર ૨૮
પદ્મપ્રભ ૨૮, ૫૧૪
પદ્મવિજય ૪૬૨
પદ્મશેખર ૫૧૮
પદ્મસાગર ૬૨૩
પદ્માનંદ ૫૧૮
પરમદેવ ૫૫, ૫૧૦, ૫૧૪
પરમહંસ ૪૭૬ થી ૪૮૨
પરમાનંદ ૫૧૧
પાદલિપ્ત ૫૧, ૧૯૫, ૨૨૪, ૨૨૯,

www.jainsite.com                For Private & Personal Use Only                info@jainsite.com

૨૩૫ થી ૨૪૬, ૨૫૯, ૨૬૦,
૨૬૧, ૩૦૧, ૩૦૫, ૪૫૧,
૫૫૫
પાર્શ્વચંદ્ર ૬૨૩
પાર્શ્વદેવ ૧૨૯, ૩૪૨, ૫૦૯, ૫૬૭,
૫૮૯
પાર્શ્વસૂરિ ૫૬૭
પાર્શ્વિલ્લગણિ ૩૦૫
પાસમૂર્ત્તિ ૩૧
પાંડવ ૪૮
પાંડુભદ્ર ૧૧૯
પિહિતાશ્રવ ૧૭
પુણ્યપ્રભ ૫૨૧
પુણ્યોદય ૩૮
પુષ્પચૂલા આર્યા ૫૧, ૭૮, ૭૯
પુષ્પ(પુષ્ય)મિત્ર ૫૧, ૧૯૨, ૧૯૬,
૩૧૦, ૩૧૧
પુષ્પગિરિ ૨૯૩
પુસિલ ૫૪, ૧૭૭
પુંડરીકસ્વામી ૪૮, ૩૦૬
પૂર્ણચંદ્ર ૫૭૭
પૂર્ણભદ્ર ૧૧૯, ૪૬૨, ૪૭૩, ૫૧૦
પૃથ્વીચંદ્ર ૫૧૫, ૫૨૦
પોઇણી આર્યા ૨૧૩
પોટ્ટિલ ૮

પ્રતિષ્ઠાસોમ ૬૨૩
પ્રદ્યુમ્ન૦ ૪૬૬
પ્રદ્યુમ્નસૂરિ ૨૫૪, ૨૫૮, ૩૭૭, ૪૦૧,
૪૮૭, ૪૮૮, ૫૦૨, ૫૦૩,
૫૦૭, ૫૧૦ થી ૫૧૩, ૫૪૪,
૫૬૬, ૫૯૦ થી ૫૯૨, ૬૦૪,
૬૦૭
પ્રદ્યોતનસૂરિ ૩૪૯, ૩૫૨, ૩૫૯,
પ્રભવસ્વામી ૭૦, ૭૩, ૮૯ થી ૯૪,
૯૭, ૧૦૬, ૧૧૦, ૧૯૧
પ્રભાચંદ્ર ૨૨૮, ૨૩૩, ૨૩૫, ૨૪૧,
૨૪૩, ૨૫૮ થી ૨૬૧, ૩૦૧,
૩૦૫, ૩૦૬, ૩૭૪, ૪૭૧,
૪૭૩, ૪૮૮, ૫૦૮, ૫૧૦,
૫૧૨, ૫૩૬, ૫૫૪, ૫૫૫,
૫૯૨, ૬૨૨
પ્રભાનંદ ૫૨૦
પ્રભાસ ૬
પ્રસન્નચંદ્ર ૪૬૩, ૫૧૧, ૫૨૦
પ્રિયગ્રંથ ૧૭૭, ૨૧૩, ૨૨૦, ૨૨૧,
૫૬૭, ૬૧૬
પ્રિયદર્શના ૨, ૧૫, ૫૯૬
ફલ્ગુમિત્ર ૧૯૭, ૨૯૩
ફલ્ગુરક્ષિત ૩૦૭ થી ૩૧૨

બપ્પભટ્ટિ ૫૦, ૫૧, ૨૩૧, ૩૨૫,
૪૮૮ થી ૪૯૧, ૫૦૩, ૫૨૪
થી ૫૩૯, ૬૦૭, ૬૯૮
બલદેવ ૫૬૧
બલભદ્ર ૭
બલિસ્સહ ૧૭૫, ૧૭૬, ૧૭૯, ૧૮૦,
૨૧૩, ૨૭૬, ૬૧૬
બલિભદ્ર ૫૭૩ થી ૫૭૮, ૫૯૦,
૬૦૧, ૬૦૬, ૬૦૭, ૬૧૭
બહુલ ૧૭૫, ૧૮૦, ૩૬૫
બંભ(બ્રહ્મ)ગણિ ૧૭૮
બાલચંદ્ર ૩૨, ૫૧૧, ૫૨૪, ૬૨૨
બાહુબલિ ૪૭, ૩૩૮, ૩૩૯,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

બુદ્ધિશ્રી ૨૨૨
બુદ્ધિસાગર ૪૭૦
બુઢાગણી ૪૬૮, ૪૭૧, ૪૯૬, ૫૦૧, ૬૧૭
ખૂદેરાયજી ૨૩૧, ૨૩૨
બોહાઋષિ ૫૭૮, ૫૭૯

ભદ્રકીર્તિ ૫૨૫, ૫૩૩
ભદ્રગુપ્ત ૩૬, ૧૮૯, ૧૯૨, ૨૭૨, ૨૭૩, ૨૮૬, ૩૦૨, ૩૦૮ થી ૩૦૯
ભદ્રનંદી ૪૨૩
ભદ્રબાહુસ્વામી ૪૪, ૭૭, ૮૮, ૧૧૩, ૧૧૫, ૧૧૯ થી ૧૩૭, ૧૩૮, ૧૬૦, થી ૧૬૨, ૧૯૧, ૨૦૫, ૨૬૩, ૨૬૬, ૨૬૯, ૨૯૦ થી ૨૯૨, ૩૨૯ થી ૩૩૩, ૩૩૭ થી ૩૩૯, ૪૧૫, ૪૨૭ થી ૪૩૦, ૪૮૪
ભદ્રમુનિ ૫૯૬
ભવવિરહ ૪૫૧, ૪૮૦, ૪૮૧
ભદ્રસૂરિ ૨૫૪, ૨૯૩
ભદ્રેશ્વર ૨૬૬, ૪૬૪, ૪૮૦, ૫૧૧, ૬૨૧
ભરતેશ્વર ૫૦૯, ૫૧૨
ભવસૂરિ ૯૪
ભાગ્યરત્ન ૩૮
ભાનુચંદ્ર (ત૦) ૨૩૧
ભાવદેવ ૨૨૯, ૫૫૬ થી ૫૫૮, ૬૦૦, ૬૦૩, ૬૧૭
ભાવપ્રભ ૪૬૨
ભાવરત્ન ૩૮
ભારવામી ૪૬૫
ભુવનચંદ્ર ૪૬૩, ૫૦૮, ૫૧૭
ભૂતદિન્ન ૧૮૭ થી ૧૯૦, ૧૯૩, ૩૦૫, ૪૧૩, ૪૧૮, ૪૩૮
ભૂતદિન્ના આર્યા ૧૩૯, ૧૫૨, ૧૭૯
ભૂતા આર્યા ૧૩૯, ૧૫૨, ૧૭૯

મણિભદ્ર ૧૧૯
મદનચંદ્ર ૫૧૧, ૫૧૨, ૫૧૯
મધુમિત્ર ૩૯૨, ૩૯૭
મનકમુનિ ૧૧૦થી ૧૧૬, ૪૨૪
મમ્મડ ૪૪૯
મલયગિરિ ૧૨૦, ૧૮૨, ૨૯૮, ૩૪૬, ૩૯૧, ૫૮૭
મલયચંદ્ર ૫૧૭
મલ્લવાદી ૫૨, ૨૫૪, ૨૫૭, ૨૬૩, ૩૫૮, ૩૯૦ થી ૩૮૧, ૩૯૦, ૩૯૧, ૪૫૨, ૪૮૪, ૫૦૪, ૫૬૭, ૫૯૦, ૬૧૭
મલ્લિષેણ ૩૦૫
મહાગિરિજી ૫૯, ૬૧, ૧૭૦ થી ૨૧૦ ૨૧૩, ૨૨૧, ૨૬૬, ૨૭૦, ૨૭૫, ૨૭૬, ૩૬૫
મહાનંદ ૪૨૩
મહાબલ ૪૨૩
મહાયશા ૨૯૨, ૩૨૯
મહેન્દ્ર ૬૧, ૨૩૩ થી ૨૩૫, ૨૪૩, ૨૭૪, ૫૨૦
મહેશ્વર ૫૫૯
મંગુસૂરિ ૫૧, ૧૮૩, ૧૮૯, ૨૭૨, ૪૦૬
મંડનગણિ ૨૩૭


જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

મંડિત ૫
માઢરસંભૂતિ ૧૯૬
માણિક્યપ્રભ ૫૮૯
માણિક્યસુંદર ૩૬
માણેકચંદ્ર ૫૧૭, ૫૯૧
માનતુંગ ૩૬૨, ૩૬૯, ૪૫૭ થી ૪૬૩
    ૫૧૦, ૫૧૨, ૬૦૫
માનદેવ ૩૦૨, ૪૫૨
માનદેવસૂરિ ૨૩૦, ૩૫૯ થી ૩૬૨,
    ૪૦૧, ૪૧૦, ૪૪૫ થી ૪૪૭,
    ૪૫૨, ૪૮૯, ૪૯૦, ૫૪૪,
    ૫૪૫, ૫૬૨, ૬૦૬
માનસિંહ (ઉ.) ૨૩૧
મુનિચંદ્ર ૪૦૧, ૪૬૪, ૪૭૦, ૫૧૭,
    ૫૫૯, ૫૮૯
મુક્તિરત્ન ૩૮
મુનિદેવ ૫૧૧, ૫૧૨, ૫૧૯
મુનિરત્ન ૧૨૦, ૨૫૮, ૩૪૩, ૩૬૮,
    ૪૬૩, ૫૧૧, ૫૧૫
મુનિશેખર ૫૧૭
મુનિસુંદર ૧૨૦, ૪૧૩, ૪૪૩ થી
    ૪૪૬, ૫૬૮, ૬૨૨
મુંડપાદ ૩૬૩, ૩૬૪
મૂલચંદ્રજી ૨૩૧, ૪૮૭, ૫૬૯
મૂલસૂરિ ૩૬૩, ૩૬૪
મેઘકુમાર ૭
મેઘવિજય ૨૦૪, ૪૬૨
મેતાર્ય ૬
મેરુગિરિ ૩૩
મેરુતુંગ ૨૭૧, ૪૪૭, ૪૮૮, ૫૧૦,
    ૬૨૨
મેરુસુંદર ૪૬૨
મેહ (મેઘ) ગણિ ૧૭૭, ૧૮૦, ૧૯૧
મેઘવિજય ૬૨૩
મૌર્યપુત્ર ૫

યશોદેવ ૪૬૮, ૫૦૧, ૪૦૨, ૫૧૧,
    ૫૮૯
યશોબાહુ ૨૯૨, ૩૨૯
યશોભદ્ર ૧૧૬ થી ૧૨૨, ૧૭૬, ૧૯૧,
    ૩૬૭, ૫૧૪, ૫૪૩, ૫૫૮,
    ૫૬૮ થી ૫૭૫, ૫૭૮, ૬૦૦,
    ૬૦૧, ૬૦૫, ૬૦૬, ૬૧૬
યશઃતિલક ૫૧૪
યશોવિજયજી ૨૫૫ થી ૨૫૮, ૩૪૫
    થી ૩૬૭, ૩૯૭, ૪૫૮, ૪૮૭,
    ૫૭૦
યક્ષ ૪૫૨, ૫૦૧, ૫૧૮
યક્ષદત્ત ૪૪૮, ૪૪૯, ૪૬૫, ૪૬૬,
    ૪૭૨
યક્ષદિન્ના આર્યા ૧૩૯, ૧૫૨, ૧૭૯
યક્ષદેવ ૨૦ થી ૨૬, ૩૦૪, ૩૦૬,
    ૩૪૧, ૪૫૦, ૪૮૭, ૫૬૭
યક્ષસૂરિ ૩૭૦ થી ૩૮૧, ૫૪૩
યક્ષા આર્યા ૧૩૯, ૧૫૨ થી ૧૫૪,
    ૧૭૦, ૧૭૯
યજ્ઞદત્ત ૧૩૬
યાકિની સાધ્વી ૪૪૭, ૪૭૫, ૪૭૬,
    ૪૮૦, ૪૮૨

રત્ન ૫૫, ૪૫૬
રણસિંહ ૪૦૫ થી ૪૦૮
રત્નચંદ્ર ૪૬૨
રત્નપ્રભ ૧ થી ૨૫, ૩૬, ૯૭, ૩૪૮,
    ૪૦૬, ૪૫૧, ૪૬૩, ૫૧૬,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૫૧૨, ૫૧૭, ૫૬૬, ૬૧૬
રત્નમંડન ૬૨૨, (૬૨૨)
રત્નવિજય ૩૬, ૩૮
રત્નશેખર ૫૬૭
રત્નસિંહ ૪૬૨, ૫૧૪, ૫૧૭
રત્નાકર ૫૧૭
રત્નસૂરિ ૫૫
રથસૂરિ ૧૮૬, ૨૯૧, ૨૯૩
રવિગુપ્ત ૫૮૦
રવિપ્રભ ૪૬૫, ૪૬૮
રક્ષસૂરિ ૨૯૩
રક્ષિત ૧૭૮, ૧૮૩, ૧૮૯, ૧૯૨, ૨૭૨, ૨૭૩, ૨૯૯, ૩૦૩ થી ૩૧૨, ૪૧૮, ૪૨૬, ૪૨૯
રાજવિજય ૩૪, ૩૭
રાજશેખર ૪૮૧, ૬૨૨
રાજસુંદર ૪૬૨
રામચંદ્ર ૪૬૨
રામચંદ્રજી ૪૮
રામવિજય ૪૦૬
રાશીલ ૫૪૬, ૫૪૭
રાહુલ ૩૦૫
રાહુસૂરિ ૪૦૮, ૪૦૯
રુદ્રદેવ ૨૨૪, ૨૩૫, ૨૩૬, ૨૪૩, ૨૪૪
રુક્મણી સાધ્વી ૨૮૭
રેણા આર્યા ૧૩૯, ૧૫૨, ૧૭૯
રેવતીનક્ષત્ર ૧૮૫, ૧૯૨
રેવતીમિત્ર ૧૯૧, ૧૯૨, ૨૪૫
રોહગુપ્ત ૧૭૫, ૧૭૮
રોહણાર્ય ૧૭૬, ૬૧૬
લક્ષ્મણગણિ ૫૫૫
લક્ષ્મીવર્ધન ૩૬
લક્ષ્મીવિમલ ૪૬૨
લક્ષ્મીસાગર ૬૨૩
લક્ષ્મીસૂરિ ૬૨૩
લાટાચાર્ય ૨૩૬, ૬૧૩, ૬૧૪
લાભવિજય ૪૬૨
લાવણ્યસમય ૫૯૩, ૬૨૩
લોહાર્ય ૩૨૯
લોહિત્સૂરિ ૧૮૮, ૨૯૭
લૌહિત્ય ૧૭

વટેશ્વર ૩૩૬, ૪૪૯, ૪૫૦, ૪૬૮, ૪૭૨, ૪૭૩, ૫૦૧, ૫૧૯, ૫૬૨, ૬૧૭
વજ્રભૂતિ ૬૧૪, ૬૧૫
વજ્રયશા ૨૯૨, ૩૨૯
વજ્રર્ષિ ૨૯૨, ૬૧૫
વજ્રસેન ૨૨, ૧૮૪, ૧૯૨, ૨૨૯, ૨૪૪ ૨૫૯, ૨૯૦, ૨૯૧, ૩૦૦ થી ૩૦૭, ૩૩૫, ૩૪૧, ૪૦૮, ૪૨૯, ૪૫૦
વજ્રસ્વામી ૪૭, ૫૭, ૧૩૭, ૧૬૨, ૧૭૭, ૧૭૯, ૧૮૪, ૧૮૬, ૧૮૮, ૧૮૯, ૧૯૨, ૨૭૨ થી ૨૭૪, ૨૮૪ થી ૩૦૩, ૩૦૮ થી ૩૧૦, ૩૩૭ થી ૩૩૯, ૪૦૭, ૬૦૭, ૬૧૬
વરદત્ત ૧૭, ૪૨૪
વર્ધમાન ૫૫, ૩૭૬, ૪૬૩, ૫૦૯, ૫૫૯, ૫૬૬, ૫૮૪
વલ્લભ ૬૨૩


www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વલ્લભસૂરિ ૨૩૨, ૫૯૩
વસુદેવ ૧૬
વજ્રપુષ્યમિત્ર ૩૧૧
વાયુભૂતિ ૪, ૪૦
વારિખિલ્લ ૪૮
વાસુદેવજી ૨૪
વાસુદેવ ૫૭૬ થી ૫૭૮, ૫૯૩, ૫૯૪
વાહરિ ૫૬૨
વાસક ૬૦
વિક્રમસૂરિ ૪૦૩, ૪૧૨
વિચક્ષણ ૪૬૨
વિજયવિમલ ૩૯૨
વિજયસૂરિ ૪૦૮ થી ૪૧૦
વિજયસિંહ ૫૧, ૫૨, ૨૬૩, ૫૧૧, ૫૧૯, ૫૫૬ થી ૫૫૯, ૫૬૭, ૫૬૮
વિજયસેન ૫૫, ૩૦૫, ૫૬૦
વિજયાનંદ ૭૪, ૪૫૬
વિજયા આર્યા ૪૦૫ થી ૪૦૮
વિદેશીમુનિ ૧૭
વિદ્યાકુમાર ૫૧૪
વિદ્યાધર ૧૭૭, ૧૮૫, ૨૧૩, ૨૫૯, ૩૦૩, ૩૦૫, ૩૩૭, ૩૪૧, ૬૧૭
વિદ્યુચ્ચર ૯૪
વિનયચંદ્ર ૬૦૫
વિનયપ્રભ (ઉ૦) ૫૨૫, ૫૫૧, ૫૯૦
વિનયરત્ન ૮, ૪૦૬
વિનયવર્ધન ૩૬
વિનયવિજય ૩૯૧, ૪૩૮
વિનયસાગર ૬૨૩
વિનયસુંદર ૩૬
વિબુધપ્રભ ૪૫૩, ૪૫૭, ૫૪૩
વિમલચંદ્ર ૧૯૭, ૫૦૯, ૫૩૯, ૫૪૫, ૫૪૬, ૫૮૧, ૫૮૨, ૫૮૭, ૫૯૦, ૬૦૦
વિમલપ્રભ ૩૬
વિમલરત્ન ૩૬
વિમલમતિ ૩૦૫, ૪૧૦, ૫૬૧, ૫૬૨
વિમલસૂરિ ૩૦૫, ૪૦૧, ૪૦૩, ૪૦૮ થી ૪૧૦, ૪૫૧
વિમલાંક 'વિમલસૂરિ' જુઓ.
વિવેકહર્ષ ૫૦, ૩૯૧
વિશ્વભૂતિ ૫૧
વિષ્ણુસૂરિ ૨૯૩
વિંદસૂરિ ૪૪૯
વિંધ્યમુનિ ૩૧૧
વીરગણી ૧૯૭, ૩૪૨, ૪૦૧, ૫૦૯, ૫૪૫, ૫૭૯ થી ૫૮૮
વીરચંદ્ર ૩૧
વીરજસ ૭
વીરદેવ ૨૪, ૪૬૪
વીરભદ્ર ૨૪૩, ૪૫૧, ૪૬૮, ૪૭૩, ૪૮૦, ૪૮૨, ૪૯૨
વીરસૂરિ ૩૪, ૩૬૯, ૪૦૮, ૫૫૬ થી ૫૫૮, ૫૬૭
વીરાંગ ૭
વૃદ્ધદેવ ૩૪૪ થી ૩૫૨, ૫૦૦
વૃદ્ધવાદી ૧૮૨, ૧૯૨, ૨૨૪, ૨૨૯, ૨૪૫ થી ૨૬૨, ૩૦૧, ૩૦૫
વૃદ્ધસૂરિ ૨૯૩
વૃદ્ધિચંદ્રજી ૨૩૧
વેણા આર્યા ૧૩૯, ૧૫૨, ૧૭૯
વૈશ્રમણ ૪૨૩

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

શય્યંભવસૂરિ ૯૪, **૧૦૬ થી ૧૧૮**, ૧૯૧, ૪૨૪
શંકરમુનિ ૭૭, ૧૭૬, ૨૦૫, ૪૦૨
શંખ રાજર્ષિ ૫૧
શાલિભદ્રજી ૧૦, ૫૯, ૬૪
શાલિભદ્રસૂરિ ૩૪૨, ૪૭૨, ૫૦૯, ૫૧૨, ૫૭૪, ૫૭૬
શાલિસૂરિ ૫૬૮, ૫૬૦, ૬૦૬
શાંતિચંદ્ર ૨૩૧, ૬૨૩
શાંતિભદ્ર ૪૭૨, **૫૦૬**, ૫૭૭
શાંતિમુનિ ૨૪
શાંતિ શ્રેણિક ૧૭૭, **૨૨૩**, ૨૨૪, ૨૩૦, ૨૯૧, ૩૬૩, ૫૧૫
શાંતિસૂરિ ૩૦૫, ૩૭૭, ૪૩૭, ૪૬૨, ૪૭૨, ૫૦૩, ૫૦૬, ૫૦૮, **૫૧૧**, ૫૬૮, ૫૬૯, ૫૭૩, ૫૯૫
શાંતીશગણિ ૪૫૬
શિવઋષિ ૭
શિવચંદ્રગતિ ૪૪૮, ૪૬૬
શિવપ્રભ ૫૧૪
શિવભૂતિ **૨૯૩**
શિવશર્મ ૪૦૩, ૪૦૪
શિવશ્રીસૂરિ ૩૬૩, ૩૬૪
શિવસુંદર ૩૬
શીલગુણ ૩૦૫, ૪૫૧, ૪૬૮ થી ૪૭૧, ૪૯૩ થી ૪૯૬, ૫૬૨
શીલભદ્ર ૧૯૭, ૩૪૩, ૫૦૯, ૫૧૦
શીલરુદ્રસૂરિ ૩૦૫
શીલસૂરિ ૨૬૩
શીલાચાર્ય ૪૧૦
શીલાંક ૨૫૬, ૩૦૫, ૩૯૩, ૪૧૦, ૪૫૧, ૪૬૬, **૫૬૧**, ૫૬૨
શુભ ૧૬
શુભવર્ધન ૩૬
શુભશીલગણિ ૨૫૨
શૈલક ૪૮
શ્યામાચાર્ય 'કાલિકાચાર્ય' જુઓ.

શ્રીઆઢ્ય ૧૭૫, ૨૭૬
શ્રીકલશ ૩૨૭
શ્રીગુપ્ત ૧૭૮, ૧૯૨, ૨૭૨, **૨૭૩**, ૨૭૬, ૪૪૯, ૬૧૬
શ્રીપ્રભ ૫૮૯
શ્રીભાનુ (શ્રીભૂષણ) ૫૧
શ્રાયક 'શ્રીયક' વર્ગ ૪ થા જુઓ

ષંડિલ (ષાંડિલ્ય)સૂરિ — 'સ્કંદિલ' જુઓ.

સજ્જન ૫૫૯
સત્યમિત્ર ૧૮૯, ૧૯૩, ૨૯૭, ૪૧૪, ૪૩૮, ૪૮૭, ૪૯૮
સમયસુંદર ૨૩૧, ૬૨૩
સમંતભદ્ર ૨૩, ૨૫૮, ૩૧૬, **૩૧૮**, ૩૨૯ થી ૩૩૩, **૩૪૬** થી ૩૪૭, ૩૬૭, ૪૦૦
સમિત ૨૩૦, **૨૭૨ થી ૨૭૫**, ૨૮૪, ૨૮૫, ૬૧૬
સમુદ્રસૂરિ ૬૭, ૩૬, **૧૮૨**, ૪૧૩ થી ૪૪૬, ૪૮૯, ૪૯૦, ૫૫૯, ૬૦૭
સરસ્વતી સાધ્વી ૨૨૪ થી ૨૨૭
સર્વદેવ ૨૪, ૩૪, ૩૪૩, ૪૭૨, ૫૦૯, **૫૧૨**, ૫૯૪, ૬૦૦
સર્વાનન્દ ૬૨૨

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સર્વાનુભૂતિ ૧૪
સહદેવ ૫૦૭
સંગમસિંહ ૨૩૭, ૩૦૬, ૪૮૭, ૫૬૭
સંઘપાલિત ૨૯૩,
સંઘદાસ ૪૦૩, ૪૦૪, ૪૩૦, ૪૩૭ ૪૮૪, ૬૨૧
સંડિલ 'સ્કંદિલ' જુઓ.
સંપલિત ૨૯૩
સંભૂતિ ૧૯૬, ૫૦૩, ૫૦૬, ૫૪૨, ૫૪૩
સંભૂતિવિજય ૧૧૯, ૧૨૧, ૧૩૮, ૧૪૮, ૧૯૧, ૪૨૯,
સંપ્રતિ ૭
સંયમ વિષ્ણુ ૧૮૯,
સાગરચંદ્ર ૨૨૮, ૫૧૭
સિદ્ધર્ષિ ૯૫, ૨૫૪, ૩૦૫, ૪૦૬, ૪૮૭, ૪૯૨, ૪૯૩, ૫૬૨ થી ૫૬૬
સિદ્ધશ્રી સાધ્વી ૨૫૭
સિદ્ધસૂરિ ૨૧ થી ૩૭, ૨૬૩,
સિદ્ધસેન (દિ૦) ૧૯૨, ૧૯૫, ૧૯૬, ૨૦૪ ૨૨૪, ૨૪૫, થી ૨૬૨, ૩૦૫, ૩૧૮, ૩૭૬ ૪૬૧, ૪૬૪, ૪૮૪, ૫૦૦, ૫૦૭, ૬૦૭, ૬૧૭
સિદ્ધસેન ૫૨૪ થી ૫૩૪, ૫૩૬, ૫૪૩
સિદ્ધસેનગણિ ૨૫૭, ૩૬૭, ૪૫૮, ૪૬૫, ૪૬૬, ૪૮૪, ૪૯૨, ૫૦૧
સિદ્ધિચંદ્રગણિ ૧૩૦, ૪૬૨
સિંહગિરિ ૨૨૩, ૨૭૨, ૨૭૩, ૨૭૭, ૨૮૪ થી ૨૮૬,
સિંહદત્ત ૪૫૨
સિંહમુનિ ૯, ૧૪
સિંહસૂરગણિ ૨૫૬, ૩૭૭, ૪૫૭, ૪૫૮, ૪૬૫
સિંહસૂરિ ૧૮૬, ૧૯૨, ૨૨૪, ૨૩૬, ૨૪૩, ૨૯૪, ૩૬૨, ૩૯૧, ૩૯૨, ૪૫૭, ૪૫૮, ૬૧૪
સુગુણ ૩૬
સુજાત ૧૦, ૪૨૩
સુદર્શન ૧૦
સુધર્માસ્વામી ૪, ૧૨, ૩૮ થી ૪૫, ૫૭, ૬૨, ૬૩, ૬૫, ૬૬, ૭૩, ૭૫, ૯૨, ૧૮૯, ૧૯૧, ૨૧૧, ૨૧૪, ૪૧૫ થી ૪૨૪, ૪૩૦, ૬૧૬
સુનક્ષત્ર ૧૪
સુનંદા સાધ્વી ૨૭૩, ૨૮૪, ૨૮૫
સુપ્રતિબદ્ધ ૧૭૭, ૨૧૧ થી ૨૨૦, ૬૧૬
સુબાહુ ૮, ૪૨૩
સુમતિ ૫૬૮, ૫૬૯, ૫૭૩
સુમતિરત્ન ૩૮
સુરપ્રભ ૫૧૧
સુરાચાર્ય ૩૦૫, ૫૬૨, ૫૭૭, ૫૯૩.
સુસ્થિતસૂરિ ૧૫૮, ૧૭૦, ૧૭૭, ૧૭૯, ૨૦૮, ૨૧૧ થી ૨૨૦, ૨૫૯, ૬૨૬
સુવાસવ ૪૨૩
સુહસ્તિસૂરિ ૫૯, ૬૧, ૧૬૫, ૧૭૦ થી ૨૧૨, ૨૫૧, ૪૪૯
સેનસૂરિ (ત૦) ૫૫, ૨૩૧, ૨૯૮, ૬૦૬
સેનિક (શ્રેણિક) ૨૨૨

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સેના આર્યા ૧૩૯, ૧૫૨, ૧૭૯
સોમગણિ ૧૭૮
સોમચારિત્ર ૬૨૩
સોમતિલક ૬૨૨,
સોમદત્ત ૧૩૬
સોમપ્રભ ૫૯, ૬૧, ૧૬૫, ૧૭૦ થી ૨૧૨, ૨૫૧
સોમસુંદર ૪૫૬, ૬૦૪, ૬૨૧
સોમિલ ૪૨૦, ૪૨૯
સૌધર્મ ૬૨૩
સૌભાગ્યવિજય ૫૯૭, ૬૧૧, ૬૧૨
સ્કંદિલ ૫૦, ૫૧, ૧૮૨, ૧૮૬, ૧૮૭, ૧૯૧, ૧૯૨, ૧૯૩, ૨૨૪, ૨૨૯, ૨૪૬, ૨૫૯, ૨૬૧, ૨૯૮, ૩૭૦, ૩૯૦ થી ૩૯૩, ૪૨૬, ૬૧૭
સ્થિરગુપ્ત ૨૯૪
સ્થિરચંદ્ર ૩૧
સ્થૂલભદ્રજી ૮૦, ૧૦૫, ૧૧૯, ૧૨૧, ૧૨૨, ૧૩૨ થી ૧૩૪, ૧૩૮ થી ૧૬૯, ૧૯૧, ૨૧૨, ૪૦૬
સ્વયંપ્રભ ૧૮
સ્વપ્નભદ્ર ૧૧૯
સ્વાતિસૂરિ ૧૮૦, ૧૯૭, ૨૬૩, ૩૬૫, ૪૬૫.

હરિગુપ્ત ૧૯૪, ૨૩૦, ૪૪૨, ૪૪૭, થી ૪૫૧, ૪૮૯
હરિચંદ્ર ૩૧
હરિદત્ત ૧૭
હરિભદ્ર ૧૧૫, ૧૩૧, ૧૮૨, ૧૯૪, ૧૯૫, ૨૪૫, ૨૫૫, ૨૫૭, ૨૫૮, ૨૯૮, ૩૦૬, ૩૨૭, ૩૪૩, ૩૬૭, ૩૬૮, ૩૭૭, ૪૦૦, ૪૦૪. ૪૨૮, ૪૩૩, ૪૩૮, ૪૪૫ થી ૪૫૧ ૪૬૮, ૪૭૩ થી ૪૯૩, ૫૦૦, ૫૦૧, ૫૦૯, ૫૧૧, ૫૨૦, ૫૨૪, ૫૫૫, ૫૬૫, ૬૨૧
હંસ ૪૭૬, ૪૮૨
હર્ષ ૫૬૭
હર્ષકીર્તિ ૧૩૦, ૪૬૨
હર્ષચંદ્ર ૩૧
હર્ષતિલક ૫૪૨, ૫૪૩
હર્ષનિધાન ૪૯૧
હર્ષપ્રભ ૩૬
હર્ષમૂર્તિ ૫૫૮
હસ્તિસૂરિ ૨૯૩, ૨૯૪
હારિલ ૧૯૩, ૧૯૪, ૪૪૭, ૪૩૭, ૪૪૮, ૪૭૨, ૪૮૭ થી ૪૯૦, ૬૧૭
હિમવંત ૧૮૦, ૧૮૬, ૩૭૦, ૩૯૦ થી ૩૯૩
હીરકુશલ ૬૨૩
હીરરત્ન ૩૮, ૨૬૩
હીરવિજયસૂરિ ૩૭, ૫૦, ૮૦, ૨૩૧, ૬૦૭
હેમચંદ્રસૂરિ ૨૯, ૫૨, ૫૫, ૧૩૦, ૧૩૩, ૧૫૫, ૧૬૮, ૧૯૫, ૨૫૫, ૨૫૬, ૨૫૭, ૨૬૩, ૨૬૬ થી ૨૭૧, ૩૪૩, ૩૪૬, ૩૬૫, ૩૭૭, ૩૯૧, ૪૧૦, ૪૩૮, ૪૮૭, ૫૧૫, ૫૧૯, ૫૨૪, ૫૭૪, ૬૦૩, ૬૨૧
હેમપ્રભ ૫૧૨, ૫૧૪
હેમવિજય ૬૨૩

જૈનસાઇટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## વર્ગ : ૩

# બીજા ધર્માચાર્યો

### નિહ્નવ, દિગમ્બર, સ્થાનકવાસી, શૈવ, વેદાન્તી, ચીનીયાત્રી વગેરે


અક્રિયાવાદી ૪૧૬
અકલંકદેવ, ૨૭૭, ૩૦૬, ૩૨૯થી
૩૩૩, ૪૫૭, ૫૦૪, ૫૬૭
અગ્નિવેશ્યાયન ૧૩
અચ્છિદ્ર ૧૩
અજિત ૧૨, ૧૩, ૬૪
અનિજ્જેતુસ ૨૮૨, ૨૮૩
અપરાજિત ૧૪, ૧૧૫, ૩૧૬, ૩૧૮,
૩૧૯
અમિતગતિ ૩૨૮,
અમૃતચંદ્ર ૩૨૧ થી ૩૩૦
અર્હદ્બલિ ૩૦૪
અવધૂત ૪૮૪
અશ્વમિત્ર ૧૯૮, ૨૬૬
અજ્ઞાનવાદી ૪૧૬
અંબડ ૯
આત્મારામ ૩૬૭
આત્રેય ૨૪૨
આર્યદેવ ૩૭૭
આશાધર ૩૨૦ થી ૩૩૦
આષાઢશિષ્ય ૧૬૫, ૧૬૮, ૧૬૯,
૧૯૮
આસૂરી ૪૮૪
ઈશ્વરકૃષ્ણ ૪૮૪
ઈસા મસીહ ૨૭૭ થી ૨૮૩
ઈસુ ૨૭૭ થી ૨૮૩
ઇંદ્રનંદિ ૧૮૫
ઉમાસ્વાતિ(મી) ૩૪૬, ૩૬૩
એન્સીડલર ૨૮૨
એલક ૩૧૩
એલાચાર્ય ૩૧૭
ઓરિગેનેસ ૨૮૧
કકુદ ૧૨, ૧૩
કણાદ ૪૮૩
કપિલ ૨૪૨, ૪૮૩
કમલકીર્તિ ૫૫૮
કલંદ ૧૩
કાપૂસ ૨૮૦, ૨૮૩
કર્ણકાર ૧૩
કાલાતીત ૪૮૪
કિસ્સસંકિચ્ચ, ૩૧૩
કુક્ક ૪૮૪
કુમારસેન ૩૨૭
કુમારિલ ૪૮૪, ૪૯૧
કુમુદચંદ્રસૂરિ ૩૩૩
કુંડકૌંડિન્ય ૩૧૭
કુંદકુંદ ૩૧૯ થી ૩૩૩, ૩૪૬, ૩૬૪
કૃષ્ણ ૫, ૫૩૦
કેશવનંદી ૨૭૭
કેશવયોગી ૫૭૦ થી ૫૭૩, ૬૦૫
કોટિ ૩૧૮
કોટ્ટવીર ૩૧૫ થી ૩૧૮
કૌડિન્ય ૩૧૫ થી ૩૧૭
કૌંડકન્ય ૩૧૭



JAINSITE.com जैन साईट जैनम् जयति शासनम्
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ક્રિયાવાદી ૪૧૬
ગંગદેવ ૧૯૮
ગુણચંદ્ર ૫૧૩
ગુમાનીરામ ૩૨૯
ગુપ્તગુપ્તિ ૧૬૨
ગૃદ્ધપિચ્છ ૩૧૭
ગોપેન્દ્ર ૪૮૪
ગોમાહુ ૧૩
ગોરખ-સાધુ ૫૭૩
ગોવર્ધન ૧૪, ૩૨૯
ગોશાલો ૯, ૧૨, ૧૩, ૧૪, ૬૪, ૩૧૩, ૪૨૦
ગોષ્ઠામાહિલ ૩૧૧, ૩૧૨
ગૌતમઋષિ ૨૫૩,
ગૌતમબુદ્ધ ૧૨, ૧૩, ૧૪, ૧૦૮, ૧૫૫, ૧૯૭, ૪૩૩, ૪૩૪, ૪૮૩
ચતુર્ભુજ ૨૦૫
ચંદ્રગુપ્તસૂરિ ૧૬૨
ચંદ્રસૂરિ ૧૬૨,
ચામુંડરાય ૩૩૮, ૩૩૯
ચારુનંદી ૩૨૮
ચૈતન્યસ્વામી ૨૯૯
જમાલી ૨, ૧૫, ૧૬, ૫૮, ૪૨૦, ૫૯૬
જિનસેન ૩૨૭, ૫૩૫, ૬૧૫
જીવાજી ૩૭
જોસેફ ૨૭૯
ટોડરમલ ૩૨૯
તપસ્વી ૨૭૪, ૨૭૫
તારણસ્વામી ૩૨૮
તિષ્યગુપ્ત ૧૬
દક્ષિણવિહારી ૨૯૨
દેવસેન ૧૩૭
દિઙ્નાગ ૩૭૭, ૪૮૪, ૫૦૯
ધર્મકીર્તિ ૩૧, ૩૮૦, ૪૮૪, ૪૯૧
ધર્મપાલ ૪૮૪
ધર્મભિક્ષુ ૪૩૪
ધર્મરુચિ ૩૧,
ધર્મોત્તર ૩૮૩, ૪૮૪
ધેનુસેન ૧૭
નંદવત્સ ૩૧૩
નંદાચાર્ય ૩૭૧થી ૩૭૪, ૩૮૦, ૩૯૧
નંદિમિત્ર ૧૪
નંદિસૂરિ ૨૭૭
નારાયણ ૫૯૮
નિકોદેમસ ૨૭૯
નેમિદત્ત ૧૪
પતંજલિ ૪૮૪
પદ્મનંદી ૨૭૭, ૩૧૬, ૩૧૭
પરિવ્રાજક ૨૭૩, ૨૭૬
પાણિનિ ૪૮૪
પાંચાલ (પંજાબી) ૨૪૨
પુરાણકાર ૧૨૮, ૧૫૫
પૂજ્યપાદ ૨૫૮, ૩૨૧થી ૩૨૭, ૩૪૫
પૂરણ ૧૨, ૧૩
પેત્રુસ ૨૮૦, ૨૮૧
પૌલુસ ૨૮૦, ૨૮૧
પ્રભાચંદ્ર ૧૬૨
પ્યારો બાવો ૩૩૪
ફાહિયાન ૫૯૬
બનારસીદાસ ૩૨૬, ૩૨૮
બહુકર ૨૩૨
બાવાજી ૭૫, ૨૦૫, ૩૩૪
બુદ્ધદેવ ૨૧૮, ૨૬૭


www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

બૃહસ્પતિ ૨૪૨
બૌદ્ધાચાર્ય ૨૩૪, ૪૭૬ થી ૪૮૪, ૫૦૪, ૫૬૪
બંધુ ૪૮૪
બ્રહ્મા ૫૪૭, ૫૫૧, ૫૫૩, ૬૦૨, ૬૦૩
ભગવંતવાદી ૪૮૪
ભર્તૃહરિ ૪૮૪, ૪૯૧
ભદંતદિન્ન ૪૮૪
ભદંતભાસુર ૪૮૪
ભાગવત ૨૪૧, ૪૮૪
ભુવનમુનિ ૨૩૪, ૨૩૫
ભૂતપતિ ૩૧૭
ભૂતબલિ ૩૧૭
માધ્વાચાર્ય ૨૫૫
મરિયમ ૨૮૩
મસ્કરી ૧૩
મહાકીર્તિ ૪૫૯
મહાદેવ ૨૦૫, ૨૫૦, ૨૫૧, ૫૪૭, ૫૭૩, ૫૮૨, ૫૮૩, ૬૦૫
મંખલી ૧૩, ૩૧૩
માઘનંદી ૨૭૭
મૌલિનંદી ૨૭૭
યવનાચાર્ય ૨૩૬, ૬૧૪
યુએનત્વાંગ "હ્યુએનત્સાંગ" જુઓ
યોએલ ૨૭૯
યોગાચાર્ય ૪૮૪
યોગી ૩૦, ૫૪૭ થી ૫૪૯, ૫૫૩, ૫૫૪, ૫૭૦ થી ૫૭૩
યોસેફ ૨૮૩
યોહાન્ન ૨૮૧
રવિષેણ ૩૨૩, ૪૦૯, ૪૧૦, ૪૫૧
રામચંદ્ર ૨૭૭, ૫૨૩
રાહુલ ૪૨૦, ૪૩૪
રોહગુપ્ત ૧૭૫, ૧૯૨, ૨૭૩ થી ૨૭૭
લુથર ૨૮૩
લોંકા ૨૮૩
વક્રગ્રીવ ૩૧૭
વજ્રનંદી ૩૨૭
વટ્ટકેર ૩૧૯ થી ૩૩૦
વરાહ ૫૩૦, ૫૩૧
વર્ધનકુંજર ૫૩૦, ૫૩૭
વસંતકીર્તિ ૩૨૮
વસુનંદી ૨૭૭
વસુબંધુ ૩૭૭, ૪૮૪
વસુમતિ ૩૭૭
વસુરાત ૩૭૭
વાદિરાજ ૩૨૭
વાદિસિંહ ૫૫૭
વાદીભસિંહ ૨૭૭
વાલ્મીકિ ૮૯
વિક્ટોર ૨૮૩
વિનયરત્ન ૮, ૮૬, ૪૦૭
વિનયવાદી ૪૧૬
વિશાખદત્ત ૧૬૨
વિષ્ણુ ૨૦૫, ૫૨૩, ૫૪૭
વિષ્ણુકુમાર ૧૪
વિષ્ણુદેવ ૩૨૯
વિંધ્યવાસી ૪૮૪
વીરસેન ૧૮૫, ૩૧૭
વૈરટ્ટીપુત્ર ૧૨, ૧૩
વ્યાસજી ૪૮૪
શંકરાચાર્ય ૪૯, ૫૬, ૫૭, ૬૧, ૧૮૪, ૨૧૯, ૩૪૦, ૩૮૧, ૫૦૨ થી ૫૦૪, ૫૪૨, ૬૧૨

શાકટાયન ૩૨૭
શાક્યસિંહ ૧૩, ૧૭
શાન ૧૩
શાંતિરક્ષિત ૪૮૪
શિવ ૫૨૩
શિવકોટિ ૩૧૮
શિવગુપ્તિ ૩૧૭
શિવદત્ત ૩૧૭
શિવધર્મોત્તર ૪૮૪
શિવભૂતિ ૨૯૯, ૩૦૫, **૩૧૩** થી ૩૧૭
શુભગુપ્ત ૪૮૪
શુભચંદ્ર ૩૨૦ થી ૩૩૦
શ્રીલાલજી ૩૬
શ્રુતકીર્તિ ૫૪૬
શ્રુતસાગર ૩૨૦થી ૩૩૦, ૩૬૭
સુવર્ણકીર્તિ ૫૪૬, ૫૪૭
સુમતિમુનિ ૨૫૪
સોમિલ–તાપસ ૪૨૦, ૪૨૯
સોમનાથ ૫૩૨, ૫૪૭
હરિ ૫૩૨
હરિષેણ ૧૩૬, ૧૬૧
હ્યુએનત્સાંગ ૪૭, ૯૫, ૨૩૦, ૩૯૯, ૫૯૭

## વર્ગ : ૪

## ગૃહસ્થો–દેવો

### રાજા, મંત્રી, શેઠ કવિ, પંડિત, દેવ, દેવીઓ અને યુરોપિયનો વગેરે

JAINSITE જૈન साईट जैनम् जयति शासनम्

અકબર ૨૩૧, ૪૪૨
અકાલવર્ષ ૫૩૫
અગ્નિમિત્ર ૫૪, ૨૬૩
અજયપાલ ૫૨, ૫૩, ૫૨૨, ૫૨૩
અજયરાજ ૧૯૭, ૫૧૩
અજયસિંહ ૩૮૯
અજયા ૪૦૫
અજાતશત્રુ "કોણિક" જુઓ.
અજિતસેન ૭૩
અઝીઝ ૨૬૦
અતિભદ્રા ૬
અદિતશત્રુ ૮
અણુહિલ્લ ૫૯૩
અનંગસુંદરી ૧૭
અનંગપાલ ૪૬૪
અનંતરાય ૫૩
અનુરુદ્ધ ૨૬૭
અબ્બિકા ૭૮
અપરાજિત ૩૮૬ થી ૩૮૯
અપરાજિતા ૩૫૯
અપ્રતિચક્રા ૫૪૬, ૫૪૭
અભગનસેન ૪૨૩
અભયકુમાર ૬૫, ૮૧, ૮૫, ૯૮, ૨૩૨
અભયદેવ ૩૪૨, ૫૧૦
અમરસિંહ ૨૪૫, ૩૮૯
અમરુ બીન જમાલ ૨૯૯, ૫૦૫
અમિત્રઘાત ૧૬૩
અમિત્રોચેટસ્ ૧૬૩
અમૃતલાલ પંડ્યા ૩૩૪
અમોઘવર્ષ ૫૩૫

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અરિદમન ૨૯૬
અરિસિંહ ૩૮૯, ૫૧૩, ૬૨૨
અર્જુન ૮, ૫૯૧
અર્જુનમાલી ૪૨૨
અર્ણોરાજ ૧૯૭, ૫૧૩
અલ્બેરુની ૩૭૯, ૩૯૯, ૫૦૫
અલ્લ, અલ્લૂ 'અલ્લટ' જુઓ
અલ્લટ ૨૨૧, ૩૭૪, ૩૮૦, ૩૮૮, ૩૮૯, ૫૦૭, ૫૧૦, ૫૪૫, ૫૬૬, ૫૬૭, ૫૭૧, ૫૭૬, ૫૮૯ થી ૫૯૩, ૬૦૪, ૬૦૬
અલ્લાઉદ્દીન ૩૩૯, ૩૫૦, ૩૮૯, ૫૯૭
અવંતીવર્ધન ૭૩
અવંતિષેણુ ૭૩, ૭૬
અવંતીસુકુમાલ ૨૦૨ થી ૨૦૪
અશોક ૬૦, ૮૦, ૧૬૩ થી ૧૬૫, ૧૭૨, ૧૭૪, ૧૯૭ થી ૨૧૦, ૨૧૪, ૨૧૫, ૨૧૮, ૨૬૬ થી ૨૭૧, ૪૩૪
અશોકચંદ ૮૪
અશોકહર્ષ ૩૮૮
અશ્વ ૫૧, ૫૯૩
અક્ષહિત ૮
અંગુલ ૧૬૮
અંજૂ ૪૨૩
અંધકવૃષ્ણિ ૪૨૯
અંબાપ્રસાદ ૩૮૯
અંબિકા ૪૮, ૩૩૬, ૩૬૦, ૪૪૫, ૪૪૬, ૪૭૯, ૪૮૯, ૫૧૩, ૫૫૮, ૫૭૫
આદિત્યવર્મા ૪૪૦
આદિવરાહ ૫૩૮
આનંદ ૪૨૨, ૪૯૮
આબૂ ૩૨
આમરાજા ૨૩૧, ૫૧૯, ૫૨૬ થી ૫૩૨
આમશાહ ૯૫
આર્યભટ્ટ ૨૩૬, ૬૧૪
આલિંજર ૧૮૪
આલ્હણ ૧૯૭, ૫૧૧, ૫૧૩
આશક ૪૯૪, ૪૯૮
આશાક ૫૨૪
આશાદેવી ૩૩૭
આશાધર ૩૩
આષાઢી ૫૫
આસડ ૯૬, ૫૧૧
આંબડ ૫૧, ૫૨, ૫૪૦, ૫૨૯
ઈશ્વરદત્ત ૩૯૬
ઈશ્વરલાલ ૭૦ ૩૩૪
ઈંદ્ર ૫૧, ૧૮૦, ૨૯૦, ૨૯૫, ૨૯૬, ૩૧૨, ૩૩૭ થી ૩૩૯, ૪૫૫, ૫૩૫, ૫૩૬
ઈંદ્રદત્ત ૫૧
ઈંદ્રમિત્ર ૫૪
ઈંદ્રાયુધ ૫૩૫
ઉગ્રસેન ૨૪૧, ૫૯૯
ઉજ્જિતક ૪૨૩
ઉદયરાજ ૫૧૬
ઉદયસિંહ ૩૮૯
ઉદાયન ૬૦૧
ઉદાયી ૮, ૬૧, ૭૩, ૭૮, ૮૦, ૮૫ થી ૮૭, ૧૦૮, ૨૬૬ થી ૨૭૧
ઉદ્દ્યોતન ૪૫૧, ૫૧૬
ઉપકોશા ૧૪૬, ૧૪૭
ઉમા ૩૬૨, ૩૬૩


જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઉષવદાત ૩૫૨, ૩૫૬
ઉહડ ૧૯, ૯૭
ઉંબરદત્ત ૪૨૩
ઉંબરરાજ ૩૨
ઋષભદત્ત ૬૪, ૬૫, ૭૧, ૯૦
ઋષભદાસ ૬૨૩
એડક ૫૯
એડવર્ડ ૨૮૨
એથિના રાણી ૧૬૦
ઐરાવણ ૫૯
ઔરંગઝેબ ૫૦
કક્કુચ્ચ (ક) ૫૩૫, ૫૩૯ થી ૫૪૧, ૫૯૨, ૬૦૩
કકુત્સ્થ (કાકુત્સ્થ) ૫૩૫
કટુકરાજ ૫૯૩
કડફ્સીઝ ૨૨૨
કનકકેતુ ૫૪
કનકવતી ૬૯, ૪૦૫
કનકશ્રી ૬૯
કનકસેન ૯૫, ૩૮૨, ૩૮૩, ૩૯૭
કનિષ્ક ૫૦, ૫૪, ૧૭૬, ૨૨૨, ૨૬૩
કનિંગહામ ૫૪, ૫૪૦, ૫૯૮, ૬૧૩
કપિલ ૯૮, ૯૯, ૨૪૨
કપર્દીયક્ષ ૨૮૮, ૨૮૯, ૨૯૭, ૨૯૯, ૩૦૦, ૩૬૦
કપર્દીશાહ ૨૭
કમલવતી ૪૦૫
કયવન્નો ૬૪
કરાલ રાજા ૧૧
કરણદેવ ૫૨૨, ૫૫૮
કર્ક રાજા ૩૯૯, ૫૦૫, ૫૩૫
કર્ણસિંહ ૩૮૯
કર્દમ ૫૦૮, ૫૯૧
કર્મચંદ ૨૩૧
કર્માશાહ ૫૩૮, ૫૪૨
કલાવતી ૨૯૬
કલિવલ્લભ ૫૩૫
કલ્પક મંત્રી ૮૭, ૯૮ થી ૧૯૫, ૪૯૮
કલ્હણ ૫૧૭
કવિકુમાર ૫૧૬
કંઠેશ્વરી ૫૯૪
કંબલસંબલ ૫૧
કાકુ ૩૮૧, ૪૯૭
કામદેવ ૧૧૧, ૪૨૨
કામર્ધિ ૨૯૬
કાંતિપતિ ૪૫૩
કાર્પાસિક ૪૭૯
કાલાશોક ૨૬૭
કાલિદાસ ૬૦, ૨૪૫
કાળભોજ ૩૮૮, ૩૮૯
કિઉચિઉકિઉ ૨૧૧
કીર્તિવર્મા ૩૮૯
કુટિલ ૧૬૮
કુણાલ ૪૭, ૧૬૪, ૧૭૨, ૧૭૪, ૧૯૯, ૨૦૦, ૨૦૧, ૨૩૦
કુબેરસેના ૬૯
કુબેરાદેવી ૪૯
કુમાર ૫૦૮
કુમારગુપ્ત-૪૪૦
કુમારનંદી ૬૦
કુમારપાલ ૨૮, ૨૯, ૭૫, ૨૩૨, ૩૩૯, ૪૯૮, ૫૧૩, ૫૯૧, ૬૦૪
કુમારસિંહ ૩૨, ૩૮૯
કુંઅરજી ૫૩

www.jainsite.com   For Private & Personal Use Only   info@jainsite.com

કુંડલિક ૫૦૮
કુંડકોલિક ૪૨૨
કુંભો રાણો ૩૮૮, ૩૮૯, ૪૯૬
કુવિંદ ૪૩૪
કૃષ્ણ ૫૧, ૫૫, ૨૩૫, ૪૨૨, ૫૩૫
કૃષ્ણમિત્ર ૮
કૃષ્ણરાજ ૨૪૦, ૨૪૪, ૨૬૨, ૪૫૩
કૈકોબાદ ૪૩૯
કે. પી. જાયસ્વાલ ૧૬૦
કોણિક ૮, ૫૭, ૭૩, ૭૮, ૮૧ થી ૮૫, ૧૦૯, ૧૧૧, ૨૧૪, ૨૬૭, ૪૨૦
કોશા ૧૪૨ થી ૧૫૨
કોસ્ટંટીનુસ ૨૮૧
ખરગ્રહ ૩૮૪, ૩૮૫
ખર્પર ૨૪૫
ખારવેલ ૧૮૨, ૨૧૨થી ૨૧૯ ૨૭૦
ખીમસિંહ ૫૪૩
ખુમાણ ૨૬૩, ૩૮૯, ૪૧૩, ૪૪૩, ૪૯૬, ૫૪૧, ૫૮૯, ૫૯૫
ખુશન ૨૨૨
ખુશનેવાઝ ૪૩૯
ખુશરૂ નસરવાન ૪૩૯
ખેતસિંહ ૩૮૯
ખેમરાજ ૨૧૪
ખેંગાર ૫૩૧, ૫૭૪ થી ૫૭૬, ૬૦૭
ખોટ્ટિગ ૫૩૫
ગગાક ૫૩૯, ૫૬૦
ગણેશ ૩૨, ૪૫૨, ૫૨૩, ૫૪૭
ગયવરચંદ ૩૫
ગર્દભસેન "ગર્દભિલ્લ" જુઓ
ગર્દભિલ્લ ૧૮૨, ૨૨૫, ૨૨૬, ૨૬૩ થી ૨૭૧, ૩૫૨, ૩૯૫
ગંગા ૪૮૦
ગંધર્વસેન, 'ગર્દભિલ્લ' જુઓ
ગુણરાજ ૬૦૪
ગુણસુંદરી ૫૭૦
ગુપ્ત ૩૮૩, ૩૯૧, ૪૨૯
ગુશન ૨૨૨
ગુહદત્ત–ગુહાદિત્ય ૩૮૪ થી ૩૮૯
ગુહિલ–ગુહસેન ૩૮૪ થી ૩૮૯
ગુહાદિત્ય ૩૮૮
ગોપાલ ૭૩, ૪૨૦
ગોમટેશ્વર ૩૩૮, ૩૩૯
ગોમુખ યક્ષ ૨૯૭
ગોવિંદપાલ ૪૨૦, ૫૩૫, ૫૩૬
ગોવિંદભાઈ હા. ૩૫૩
ગૌરીશંકર હી. ઓઝા ૭૫, ૧૭૪, ૨૧૫, ૩૮૭ થી ૩૮૯
ગૌરી ૫૨૩,
ગ્રહરિપુ ૫૭૪
ઘટ ૨૪૫
ઘંટાકર્ણ ૫૬
ચક્રાયુધ ૫૩૬
ચક્રેશ્વરી ૨૫, ૨૯૭, ૩૩૯, ૫૬૦
ચણી ૧૬૬
ચણેશ્વરી ૧૬૬
ચતુર્ભુજ ૨૦૫
ચષ્ટન રાજા ૩૩૪, ૩૫૨
ચંડ ૪૦૩, ૪૧૦
ચંડપ્રદ્યોત ૮, ૬૧, ૭૩, ૭૬, ૮૪, ૧૭૦
ચંડરાય ૨૧૪
ચંડી ૪૬૦, ૪૬૪

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ચંદ્ર ૧૯
ચંદ્રગુપ્ત ૮૦, ૮૭, ૮૮, ૧૫૨, ૧૫૫ થી ૧૬૩, ૨૦૫, ૨૬૧, ૨૬૩, ૨૬૬, થી ૨૭૧, ૩૫૩, ૩૫૪, ૩૯૫ થી ૩૯૭, ૬૧૩
ચંદ્રદેવ ૫૯૯, ૬૦૦
ચંદ્રલેખા-૫૧૩
ચંદ્રશંકર ગૌ. જોશી ૩૫૮
ચાચિગ રાજા ૯૫
ચાણક્ય ૮૭, ૧૫૨, ૧૫૫ થી ૧૬૯, ૨૬૭
ચામુંડાદેવી ૧૯, ૯૭, ૪૧૩
ચાંપો ૪૬૮, ૪૯૪, ૪૯૭
ચિત્રમંત્રી ૧૮
ચિત્રાંગદ ૨૨
ચુલણીપિતા ૪૨૨
ચૂદનભટ્ટ ૫૧૬
ચૂર્ણક ૨૧૩
ચેટક (ચેડા) ૮, ૧૧, ૧૭, ૫૭, ૮૧ થી ૮૫, ૧૦૯, ૨૧૪, ૪૨૦
ચેલ્લણા રાણી ૮૧ થી ૮૫
ચૌડસિંહ ૩૮૯
જગડુશાહ ૭૫
જગતસિંહ ૬૦૬
જગદેવ ૫૧૦, ૫૧૫, ૫૧૬
જગમાલ ૫૯૫, ૬૦૦
જજજુક ૯૫
જનાર્દન ભટ્ટ ૧૬૦
જનાર્દન મિશ્ર ૪૩૪
જયદામા ૩૩૪, ૩૫૨
જયમિત્ર ૫૪
જયશિખરી ૪૬૯, ૪૯૩
જયશ્રી ૬૯
જયસિંહ ૭૮, ૩૮૯
જયસાગર ૩૪
જયસેન ૧૭
જયંતી ૫
જયાદેવી ૩૫૯
જલ્હણા ૫૧૩
જસ ૫૭૭
જહાંગીર ૨૩૧
જાકુટી " જાગડ " જુઓ
જાર્લશાર્પેન્ટિયર ૨૬૭
જાલમસિંહ ૨૦૬
જાલ્હણ ૫૨૪
જાવડશાહ ૨૨, ૨૩૦, ૨૬૦, ૨૮૯, ૩૦૧
જાંબ ૪૯૪, ૪૯૭, ૪૯૮, ૫૪૦
જિતશત્રુ ૫૧, ૨૨૫
જિતારિ ૪૪૧, ૪૭૩
જિનદાસ ૪૨૩
જિનવિજય ૪૫૧, ૫૯૩
જિંદ ૫૭૭, ૫૯૩
જીવદામા ૩૫૫
જીવરાજ ૫૩
જુગલકિશોર ૨૫૮
જેમ્સ ટોડ ૩૮૨, ૩૮૩, ૩૮૭, ૫૪૧
જૈત્રસિંહ ૩૮૭, ૩૮૯
જોન માર્શલ ૨૩૦
જ્યેષ્ઠ ૫૦૮
ઝાંઝણ ૫૪૩
ટોડ 'જેમ્સ ટોડ' જુઓ
ટોલેમી ૫૪
ઠાકુરસિંહ ૩૪

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ડી૦આર૦ભાંડારકર ૩૮૮
ડેઈ મકેસ ૧૬૩
ડોલરરાય, ૨. માંકડ ૩૫૫
ઠ્ઠુર ૩૦૮
ઢંક (ઢંગ) ૧૫, ૫૦૮, ૫૯૬
તણ્ણુ રાજા ૨૮
તનસુખરામ ૩૪૦
તારાદેવી ૨૩૨, ૨૩૫
તારાનાથ ૧૬૩, ૨૦૧
તિષ્યરક્ષિતા ૧૬૪
તેજસિંહ ૩૮૯
તોરમાણ ૫૪, ૧૯૪, ૨૩૦, ૪૦૭, ૪૩૯ થી ૪૪૨, ૪૪૮, ૫૯૦
ત્રિપુરાદેવી ૨૮, ૫૧૩
ત્રિભુવન ૨૪, ૩૩, ૨૭૦
ત્રિભુવન સ્વયંભૂ ૪૧૦
ત્રિલોચનપાલ ૫૪૧
ત્રિશલા ૨, ૨૯૫
થિરપાલ ૩૩૬
દત્ત ૬, ૮, ૪૦૭, ૪૪૦, ૪૪૧
દધિવાહન ૮
દરાયસ ૩૫૬
દર્પણ ૨૬૪
દશરથ ૫૩, ૧૭૪, ૨૦૧
દંતીદુર્ગ (વર્મા) ૫૩૫
દામઝદ ૩૩૪, ૩૫૫ થી ૩૫૭
દાહડ ૨૩૩
દીનાનાથ ૩૨૮, ૩૩૩
દુંદુક ૫૩૩, ૫૩૮
દુર્ગાચલ ૨૦૬
દુર્ગાશંકર શાસ્ત્રી ૩૮૮
દુર્જનશલ્ય ૫૫, ૨૩૧, ૫૧૨, ૫૧૪
દુર્લભરાજ ૫૯૫,
દુર્લભસેન ૫૮૫, ૫૮૭
દુર્ધરા રાણી ૧૬૨
દૃઢાયુ ૮
દેદા ૫૧૭
દેવ ૫, ૪૩, ૬૦, ૬૧, ૭૬, ૮૭, ૧૩૧, ૧૭૮, ૧૮૨, ૨૩૭, ૨૪૩, ૨૮૫, ૨૮૬, ૨૯૫ થી ૨૯૭, ૩૦૦, ૪૦૫, ૪૨૫, ૫૨૩, ૫૩૩, ૫૪૭, ૫૫૦, ૫૫૪
દેવગુપ્ત ૫૪
દેવચંદ્ર ૭૪, ૭૫
દેવદત્ત ૩૭, ૭૮
દેવદત્તા ૪૨૩
દેવપાલ ૨૪૭, ૨૪૮, ૨૬૨, ૫૨૧
દેવભૂતિ ૨૩૩
દેવર્ષિ ૨૪૬
દેવરાજ ૫૩૫, ૫૮૦, ૫૮૬
દેવલદે ૩૭
દેવશ્રી ૨૪૬
દેવાદિત્ય ૩૭૫, ૩૮૧, ૩૮૩
દેવાનંદા ૨૯૫
દેવી ૨૪, ૧૭૮, ૨૩૭, ૨૯૫, ૩૫૯ થી ૩૬૧, ૪૯૪, ૫૧૧, ૫૧૨, ૫૪૭, ૫૫૧
દેવીપ્રસાદ મુન્શી ૫૪૦
દેશલ ૩૨, ૩૩
દ્રોણસિંહ ૨૮૪, ૩૮૫, ૪૪૨
દંડી ૪૩૪
ધન ૫૦૮
ધનદેવ ૫, ૧૫૪, ૨૮૭, ૪૫૮,

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

૫૧૬
ધનપતિ દોશી ૩૪૯ થી ૩૫૨
ધનપાલ ૨૭૩, ૨૮૪, ૩૦૬, ૩૫૧, ૪૮૫, ૪૯૮, ૫૩૪, ૫૫૫, ૫૫૯
ધનબાહુ ૮
ધનમિત્ર (ધમ્મિલ) ૪, ૩૯
ધનરાજ ૫૭૧, ૫૭૯
ધનરૂપ ૫૫૬, ૬૦૦
ધનંજય ૨૬૨
ધન્નો "વર્ગ-૨ ધન્ય મુનિ" જુઓ
ધન્યા ૫૬૩
ધનેશ્વર ૩૫૯
ધન્વંતરિ ૨૪૫
ધરણીવરાહ ૫૯૫
ધરભટ્ટ ૩૮૪, ૩૮૫, ૪૪૨
ધરણેંદ્ર ૫૩, ૫૫, ૯૬, ૧૨૦, ૧૮૪, ૪૬૨, ૫૪૬, ૫૮૦
ધરસેન ૩૮૪, ૩૮૫
ધર્મદેવ ૫૪૬,
ધર્મરાજ ૫૨૭ થી ૫૩૦, ૫૩૭
ધવલ ૪૯૮, ૫૭૨, ૫૯૨, ૫૯૭
ધારિણી ૬૫, ૭૩, ૩૫૯
ધારશી ૫૩૧
ધુવડજી ૨૭
ધ્રુવ ૫૩૫, ૫૩૬
ધ્રુવમિત્ર ૫૪
ધ્રુવસેન ૧૮૯, ૧૯૩, ૨૬૬, ૩૮૪, ૩૮૫, ૪૩૯, થી ૪૪૩
ધ્રુવસ્વામિની ૩૯૬
ધૂમરાજ ૫૩૦
નભસેન ૨૬૮ થી ૨૭૧
નભસેના ૬૦
નભોવાહન ૧૮૨, ૬૧૪, ૬૧૫
નરવર્મા ૩૮૯, ૪૪૦, ૫૧૫, ૫૧૬
નરવાહન ૨૬૬, ૩૮૯, ૬૧૫
નવલમલજી ૩૫
નહપાન ૩૦૭, ૩૫૨ થી ૩૫૮, ૬૧૫
નંદ રાજા ૭૩, ૮૭, ૮૮, ૯૮ થી ૧૦૫, ૧૧૭, ૧૨૫, ૧૩૨, ૧૩૮ થી ૨૫૨, ૧૫૫ થી ૧૫૭, ૧૭૦, ૨૧૪, ૨૧૬, ૨૬૬ થી ૨૭૧
નંદની-પિતા ૪૨૨
નંદા ૬, ૮૧, ૮૪, ૮૫
નંદિવર્ધન ૨, ૮, ૬૨, ૪૨૩
નાગકુમાર ૪૨૩, ૫૭૭
નાગદત્ત ૧૮૪
નાગદાસ ૨૬૭
નાગભટ્ટ ૩૪૮, ૩૫૦, ૩૯૯
નાગભટ્ટ 'નાગાવલોક' જુઓ
નાગરાજ ૧૮૪, ૫૪૯, ૫૮૫
નાગાદિત્ય ૩૮૬, ૩૮૯
નાગાર્જૂન ૨૪૦, ૨૪૧, ૨૪૭, ૩૩૬
નાગાવલોક ૫૦૩, ૫૦૫, ૫૩૫ થી ૫૩૮ થી ૫૯૨
નાગેન્દ્ર ૨૩૭
નાણાદેવી ૩૩૬
નાથા ૫૫
નાથુરામ પ્રેમી ૪૦૯
નાનાલાલ ૪૯૫
નારાયણ ૫૧૯, ૫૪૧
નાહડ ૩૪૬, ૩૫૦
નારો ૫૧૬

www.jainsite.com　For Private & Personal Use Only　info@jainsite.com

નિન્નો મંત્રી ૯૫, ૩૦૬, ૪૫૪, ૪૯૮
 ૫૧૬
નિંબ મંત્રી ૫૫૧, ૫૫૫
નિર્મલકુમાર ૨૨૮,
નીકોલસ ૯૬, ૨૭૮
નીતા રાણી ૫૧૪
નેઢ મંત્રી ૩૦૬
નેમિચંદ ૪૪૨
નેમિનાગ ૫૨૪
પતંજલિ ૪૮૪
પદ્મ ૫૧, ૧૮૩
પદ્મયશા ૧૮૩
પદ્મસિંહ ૩૮૯
પદ્માદેવી ૩૫૯
પદ્માવતીદેવી ૩૬૯, ૪૪૬, ૪૫૧
પદ્માવતી રાણી ૮૩, ૮૫, ૧૮૩,
 ૬૧૪
પનુગાનય ૧૭
પર્વત રાજા ૬૫૭
પલ્લવરાય ૪૫૩
પક્ષિલ ૧૬૮
પાઈલેટ ૨૭૯
પાણિનિ ૪૮૪
પાલક ૭૩, ૧૭૦, ૨૬૮, ૨૬૯
પાર્શ્વયક્ષ ૫૨૩
પાંચાલ ૨૪૨, ૨૪૩
પાંડુષેણુ ૪૮
પિશલ સાહેબ ૨૦૧
પુણ્યપાલ ૬૧
પુણ્યરથ ૨૦૧ ૨૬૬
પુણ્યસાર ૫૭૦
પુનડ ૫૪૨
પુલકેશી ૨૬૩, ૪૫૪
પુષ્કલી ૫૯૬
પુષ્પકેતુ ૭૮
પુષ્પચૂલ (લા) ૭૮, ૨૦૭ થી ૨૦૯
પુષ્પાવતી ૭૮
પુષ્યમિત્ર ૨૦૧, ૨૦૪, ૨૧૨, ૨૧૫,
 ૨૩૦, ૨૬૬ થી ૨૭૧, ૫૦૪
પૂર્ણપાલ ૫૧૬
પૂર્ણમિત્રા ૨૧૩
પૂર્ણલતા ૫૮૦
પૃથ્વીદેવી ૨ થી ૪
પૃથ્વીપાલ ૩૦૬, ૪૯૮, ૫૧૬
પેથડ ૪૪૩, ૫૧૭
પોચી ૫૭૭
પોલાક ૨૯૩
પ્રતાપ રાણો ૩૮૯
પ્રતિમા ૨૩૭, ૪૨૫
પ્રદેશી રાજા ૮, ૧૮
પ્રદ્યુમ્ન ૨૩૬, ૬૧૪
પ્રદ્યોત "ચંડપ્રદ્યોત" જુઓ
પ્રભશ્રી ૬૯
પ્રભસેના ૬૯
પ્રભાવતી રાણી ૧૧૧
પ્રલ્હાદન ૩૧
પ્રસેનજિત ૮૧, ૫૯૬
પ્રિયચંદ્ર ૮
ફલ્ગુનીમિત્ર ૫૪
ફલીટ ૭૭, ૨૨૨
ફિરોજ ૪૩૯
ફુલ્લ શેઠ ૨૩૭
ફુહરર ૫૪, ૫૯૯
બખ્તિયાર ૪૨૦

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

બદરીદેવી ૫૬૮, ૫૭૦
બપ્પ ૫૨૪
બલ ૮
બલભદ્ર ૧૬૫, ૧૬૯
બલભાનુ ૨૨૬, ૨૬૫
બલમિત્ર ૧૮૨, ૨૨૬, ૨૨૮, ૨૩૫,
૨૪૪, ૨૬૨ થી ૨૭૨
બહાદુરશાહ ૩૭
બહુલ ૧૩
બંધુપાલિત ૨૦૧
બંભ ૫૧૯
બાણુ ૪૫૯, ૪૬૦, ૪૬૪
બાપ્પા નામાવલી ૩૮૮
બાપ્પા રાઉલ ૩૮૬થી ૩૮૯, ૪૧૩,
૪૯૬, ૫૪૧, ૫૮૯
બાલકવિ ૫૧૫, ૫૧૬
બાલપ્રસાદ ૫૯૫
બાલાદિત્ય ૪૪૦
બાહુબલિ ૪૭, ૨૩૦
બિંદુસાર ૧૫૯, ૧૬૨, ૧૬૩, ૧૬૭,
૧૬૮, ૨૬૬ થી ૨૭૧
બિંબિસાર "શ્રેણિક" જુઓ
બી. બી. લાલ ૨૧૯
બુદ્ધરાજ ૪૫૪
બુલ્હર ૪૧૦
બૃહદ્રથ ૨૦૧
બૃહસ્પતિ ૨૪૨, ૨૪૩, ૪૨૩
બૃહસ્પતિમિત્ર ૫૪
બેનેટ ૫૯૯
બેંગ ચૈંગ ૪૩૯
બોહિત્થ ૨૭
બ્રહ્મગુપ્ત ૯૫
બ્રહ્મશાંતિ ૫૨૩
ભગવંતદાસ ૬૧૧
ભટ્ટિ ૫૨૪
ભટ્ટાર્ક ૨૬૩, ૩૮૩, ૩૮૪, ૩૮૭ ૩૯૭
ભર્તૃભટ ૪૭૧, ૪૯૬, ૫૮૯
ભર્તૃવૃદ્ધ ૫૦૫
ભર્તૃહરિ ૪૮૪
ભદ્ર ૫૭૧, ૫૭૭, ૫૮૫ થી ૫૮૯
ભદ્રઘોષ ૫૪
ભદ્રનંદી ૪૨૩
ભદ્રસાર ૧૬૩
ભદ્રા ૨૦૨, ૨૦૩
ભદ્દિલા ૪, ૩૯
ભરત ૪૬, ૪૫૪, ૫૮૪
ભત્રનદેવી ૫૫૧
ભંભાસાર "શ્રેણિક" જુઓ
ભાઈલ્લ (ભાજ્લ) ૬૧, ૭૬
ભાઉડ ૫૪૦
ભાઉ દાજી ૩૫૩
ભાનુમિત્ર ૫૪, ૨૨૬, ૨૨૮, ૨૩૫
૨૬૨ થી ૨૭૧
ભાનુશ્રી ૨૨૬
ભાવડશાહ ૨૮૯
ભાંડારકર ૬૦
ભિકખુરાજ "ખારવેલ" જુઓ
ભીમ ૬૦, ૨૪૦, ૨૪૪, ૨૬૨
ભીમદેવ ૨૯, ૪૯૮
ભુવનપાલ ૫૯૨
ભુવનસિંહ ૩૮૯
ભૂયડ ૪૯૩, ૫૦૫
ભેંસાશાહ ૨૯
ભોગવતી ૨૪૨

www.jainsite.com    For Private & Personal Use Only    info@jainsite.com

ભોજ ૨૬૩, ૩૮૬, ૩૮૮, ૩૮૯, ૪૩૪, ૪૫૭ થી ૪૬૪
મકરધ્વજ ૫૯૮
મણુ ૫૧૬
મણિપ્રભ ૭૩, ૭૬
મણિભદ્ર વીર ૨૩૦, ૫૯૭
મણિરત્ન ૧૯
મતિ ૪૮
મથનસિંહ ૩૮૯
મદનરેખા ૪૫૪
મમ્મટ ૫૯૭, ૫૭૭, ૫૯૪, ૫૯૫
મમ્મણ ૬૪
મયૂર ૪૫૯, ૪૬૦, ૪૬૫
મયૂરધ્વજ ૫૯૮
મલ્લિનાગ ૧૬૮
મલ્ણિક ૫૧૧
મહમદ ૨૯, ૩૭, ૪૨૦, ૫૨૦, ૫૯૧, ૫૯૯
મહાકાલ ૨૦૪, ૨૫૧, ૫૭૦
મહાદેવ ૨૦૫
મહાનંદ ૨૧૪, ૪૨૩, ૪૫૪, ૫૬૬
મહાબલ ૪૨૩
મહામેઘવાહન "ખારવેલ" જુઓ
મહાયક ૩૮૯
મહાલક્ષ્મી ૩૮૯, ૫૮૯
મહીધર ૫૬૬
મહીપતિ ૫૬૦
મહીપાલ ૫૪૦, ૫૪૬, ૫૬૦
મહેતાબરાય ૪૯
મહેંદ્ર ૩૮૬, ૩૮૮, ૩૮૯, ૫૪૦, ૫૯૫
મહેશ્વર ૫૫૯
મંગલેશ ૪૫૪, ૫૪૧
મંદોદરી ૪૫૫
માતૂન ૪૩૯
માઘ કવિ ૯૫, ૫૬૩
માધવ ૫૪૦
માધુદેવ ૫૫૬
માંડલિક ૩૩, ૫૭૪
માલવરાજ ૫૧૩, ૫૩૫
મિતશ્રી ૧૬
મિત્ર ૩૮૪, ૩૮૮
મિત્રનંદી ૮
મિત્રબંધુ ૧૬૦
મિહિર ૧૧૯ થી ૧૨૮ ૨૩૬, ૨૪૫, ૬૧૪
મિહિરભોજ ૫૦૩, ૫૧૯, ૫૩૩ થી ૫૪૧, ૫૪૫, ૫૬૦ ૫૯૨
મિહિરકુલ ૪૪૦ થી ૪૪૨, ૪૪૮ ૫૬૦
મુકુંદ ૨૪૬
મીનલદેવી ૫૨૨
મુમુચી "મહમદ" જુઓ
મુરુંડ ૨૩૮ થી ૨૪૦, ૨૪૪, ૨૬૨
મુંજ ૫૦૮, ૫૬૬, ૫૭૮, ૫૮૯, ૫૯૧, ૫૯૫
મુંજાલ ૩૩
મૂલરાજ ૪૯૮, ૫૭૧, ૫૯૫
મૃગાપુત્ર ૪૨૩
મેકક્રીડલ ૫૪
મેકબીયા ૨૭૮
મેગેસ્થિનિસ(ઝ) ૧૬૦
મેઘરથ ૧૮૬, ૩૯૨
મોકલસિંહ ૩૮૯, ૬૦૪
મોહનલાલ ૬૦ ૧૯૪, ૫૧૮
મૌર્ય ૫, ૩૮૭

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

યશશ્ચંદ્ર ૫૧૬
યશદામા ૩૯૫, ૩૯૭
યશઃપાલ ૫૧૬, ૫૪૧, ૬૨૧
યશોદા ૨
યશોદેવ ૨૩૨
યશોધર્મ ૨૬૩
યશોધવલ ૫૧૫
યશોવર્મા ૫૨૬, ૫૩૦, ૫૩૬
યશોવીર ૫૬૮, ૫૭૦, ૫૯૩
યક્ષ ૧૮૩, ૨૩૨, ૨૩૩, ૨૮૮, ૨૮૯, ૨૯૭, ૩૦૦, ૩૪૫, ૪૧૨, ૪૨૨, ૫૨૩, ૫૮૨ થી ૫૮૫, ૫૯૭
યુગબાહુ ૭, ૮
યુફલેટ ૯૬
યેનકાઉચિંગતાઈ ૨૨૧
યોગરાજ ૩૮૯
યોગીશ્વરી ૪૯૪
રઘુ ૫૨
રઘુસેન ૪૭૨
રણમલ્લ ૫૧૧
રણસિંહ ૩૮૯, ૪૦૫ થી ૪૦૮
રણસિંહ ૩
રત્નચૂડ ૧૯
રત્નવતી ૪૦૫
રત્નસાર ૫૨
રત્નસિંહ ૩૮૯
રત્નાદે ૩૦
રત્નાશાહ ૫૫૬, ૬૦૦
રળી ૫૦૮
રંક ( રાંક ) ૩૭૬, ૩૯૯, ૫૦૮
રા. ગો. ભાંડારકર ૨૦૧
રાજકુમારી ૩૫
રાજવર્ધન ૪૪૮
રાજશેખર ૪૩૪, ૪૩૫, ૪૬૪
રાજેન્દ્રલાલ મિત્ર ૨૧૮
રાજ્યપાલ ૫૪૧
રાદ્દિગ ૫૧૧
રાતડીયા ભૈરવ ૨૭
રામકુમાર ૩૭
રામગુપ્ત ૩૯૬
રામચંદ્રજી ૫૩, ૪૨૮, ૫૨૩
રામચંદ્ર ૩૨૮, ૩૩૩
રામભદ્ર ૫૩૮
રાયમલ ૩૩૮, ૩૮૯
રાવણ ૨૨૧, ૪૫૫
રાવલ ૫૮૯ થી ૫૯૧
રાષ્ટ્રવર્ધન ૭૩
રાંદલ ( રત્નદેવી ) ૩૮૬
રુચિરાણી ૫૯૩
રુદ્ર ૪૮, ૫૧૬
રુદ્રદામા ૩૩૪, ૩૫૩ થી ૩૫૭
રુદ્રસિંહ ૩૩૪, ૩૫૫ થી ૩૫૭, ૩૯૩
રુદ્રસેન ૩૫૫ થી ૩૫૭, ૩૯૫, ૬૯૬
રુદ્રસોમ ૩૦૭
રુદ્રસોમા ૭૦૭
રુક્ષ્મણી ૨૮૭
રૂપરેખા ( સેના ) ૧૮૬, ૩૯૨
રૂપસુંદરી ૪૬૯, ૪૯૩
રૂપાદેવી ૩૫
રેવતી ૯, ૧૪
રેવાશંકર ૩૪૦
રોહિણી રાણી ૧૧૧
રોજડેવિસ ૨૦૨

www.jainsite.com　For Private & Personal Use Only　info@jainsite.com

લખપતિ ૩૬
લલ્લ ૫૪૯ થી ૫૫૨, ૬૦૨, ૬૦૩
લલ્લિગ ૪૮૦, ૪૮૧, ૪૮૭
લવણાધિપ ૪૫૫
લહિર ૪૯૮
લહેરચંદ ૨૪, ૩૩, ૨૭૦
લક્ષરાજ ૩૮૯
લક્ષ્મણદાસ ૯૬, ૪૫૩
લક્ષ્મીદેવી ૯૫, ૧૨૧, ૨૮૮, ૩૫૯
૫૬૩, ૬૦૧
લક્ષ્મીધર ૪૫૯
લક્ષ્મીસિંહ ૩૮૯
લાછલદે ૧૩૮
લાછી ૬૦૧
લા. ભ. ગાંધી ૫૧૮, ૫૨૧
લાયમન ૪૧૦
લીંબો ( નિંબ ) જુઓ
વક્રાય ૨૧૬
વજરંગ ૯૬
વજ્જદામ ૫૪૦
વટેશ્વર ૪૫૧
વણિ ૫૪૦
વત્સરાજ ૪૫૧, ૫૦૩, ૫૩૫, ૫૩૬
વનરાજ ૯૫, ૩૦૫, ૩૦૬, ૪૫૧,
૪૬૮ થી ૪૭૧, ૪૯૩ થી ૪૯૯,
૫૦૫, ૫૬૨
વનવીર ૬૦૫
વરદત્ત ૪૨૩
વરરુચિ ૧૩૯ થી ૧૪૮, ૪૩૫
વરાહમિહિર 'મિહિર' જુઓ
વરુણ ૪૨૦
વરુણા ૬
વલહીનાથ ૫૮૨ થી ૫૮૭
વલ્લભ ૨૬૩, ૩૯૯, ૫૮૫, ૫૮૭
વસંતપાલ ૩૪૩
વસંતરાજ ૫૧૦
વસિષ્ક ૨૨૨
વસુ ૬
વસુદેવ ૧૩૦, ૨૨૨
વસુભૂતિ ૨, ૩, ૪, ૫૯, ૧૭૧
વસુમિત્ર ૨૬૩
વસ્તુપાલ ૩૦૫, ૩૮૦, ૫૧૧, ૫૪૨
વંકચૂલ ૨૦૭ થી ૨૦૯
વંશપાલ ૩૮૯
વાક્પતિ ૪૩૬, ૫૨૭, ૫૩૦, ૫૩૧,
૫૩૭
વાઝષ્પ ૨૨૨
વાન્જે ૫૩૯, ૫૬૦
વાત્સ્યાયન ૧૬૮
વાયુદેવ ૫૫૨
વારિસાર ૧૬૩
વારુણી ૪
વાસવદત્ત ૮
વાસવદત્તા ૭૩
વાસુકિ ૪૮૧
વાહડ ૫૧૧
વિક્રમજીત ૩૮૯
વિક્રમસિંહ ૩૮૯, ૬૦૨
વિક્રમાદિત્ય ૫૧, ૧૮૨, ૨૦૪, ૨૨૪,
૨૨૬, ૨૨૮, ૨૪૪ થી ૨૭૧,
૩૫૨, ૫૫૪, ૫૫૫
વિગતાશોક ૨૦૧
વિગ્રહરાજ ૧૯૭, ૫૧૩, ૫૯૫
વિજયદેવ ૩૩, ૪૨૫, ૫૨૨


www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વિજયનંદિ ૨૩૬
વિજયપાલ ૫૧૪, ૫૪૧
વિજયમલ્લ ૨૩૭
વિજયરાવ ૬૦૦
વિજયવર્મા ૨૪૮
વિજયસેન ૮, ૩૮૨, ૩૮૩, ૪૦૫
વિજયસેન 'ધર્મદાસ ગણી' જુઓ.
વિજયા 'વિજયશ્રી' જુઓ.
વિજયાદેવી ૫, ૩૫૮
વિદગ્ધરાજ ૫૭૬, ૫૭૭, ૫૯૦ થી ૫૯૫,
વિદુહરાય ૨૧૬
વિદ્યાધર ૪૫૫
વિદ્યુન્માલી ૬૦
વિનાયકપાલ ૫૪૦
વિન્સેન્ટ 'સ્મીથ' જુઓ.
વિમલ મંત્રી ૩૦૬, ૪૯૮, ૫૮૬
વિમલયશા ૨૦૭
વિરૂપાક્ષ 'વલ્લહીનાથ' જુઓ.
વિલ્સન ૬૦
વિશલ ૨૮
વિશ્વસિંહ ૩૮૯
વિષ્ણુગુપ્ત ૧૬૮
વિષ્ણુમિત્ર ૫૪
વિષ્ણુરાજ ૫૬૦
વિહલ્લ ૮૩
વિંટરનીત્સ ૪૧૦
વિંધ્યરાજ ૮૯, ૯૧
વિંધ્યરાય ૩૫૦
વીજો ૩૨
વીર ૪૯૮, ૫૮૫, ૫૮૬
વીરચંદ્ર ૩૬૦, ૩૬૧
વીરનાગ 'વીરગણિ' જુઓ
વીરભદ્ર ૩૪
વીરસિંહ ૨૨૪, ૩૮૯
વુડુરાજ ૨૧૦, ૨૧૫
વૃદ્ધરથ ૨૬૬
વેણી-વત્સરાજ ૨૩૨, ૨૩૫
વૈતાલ ૨૪૫
વૈરસિંહ ૩૮૯
વૈરાટ ૩૮૯
વૈરોટયા ૧૮૩, ૧૮૪
વૈશ્રમણ ૪૨૩
વોટસન ૩૪૦
વ્યંતર ૫૨, ૩૦૦, ૩૭૫, ૫૬૭, ૫૮૩ થી ૫૮૫
શકટ ૪૨૩
શકડાલ ૮૭, ૧૦૫, ૧૩૮ થી ૧૪૪, ૧૫૨, ૧૫૫
શકડાલપુત્ર ૪૨૨
શક્તિકુમાર ૩૮૯, ૫૮૯
શતક ૯, ૪૨૨
શતાનીક ૭, ૮
શરનશ્રી ૧૬૪
શહાબુદ્દીન ૩૦
શંકર ૨૪૨, ૪૮૦
શંકરગણ ૪૫૩ થી ૪૫૬
શંકુ ૨૪૫
શંખ ૮, ૩૫૦, ૫૯૬
શાતકર્ણિ ૩૫૩, ૩૫૪
શાલિવાહન ૫૧, ૨૨૪, ૨૨૭, ૨૨૮, ૨૪૧ થી ૨૪૪, ૨૬૨, ૨૬૩, ૨૭૦, ૨૭૧, ૩૮૯, ૪૩૪, ૪૬૩, ૫૯૫


www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

શાલિહીપિતા ૪૨૨
શાસનદેવ-દેવી ૫૩, ૧૫૩, ૨૩૪, ૨૪૭, ૩૧૨, ૩૬૦, ૩૭૬, ૫૨૩, ૫૫૩
શાહજી ૫૫૬, ૬૦૦
શાંત ૫૪૦
શાંતિ ૫૩૧
શાંતુ(મહેતા) ૯૫
શિલાદિત્ય ૧૯૪, ૨૬૩, ૩૭૦, ૩૭૫ થી ૩૮૯, ૩૯૧, ૩૯૩ થી ૪૦૦ ૪૪૨, ૪૪૩, ૪૯૭, ૫૨૧
શિવ રાજા ૪૫૩
શિવનાગ ૫૪૫, ૫૮૦
શિવમૃગેશ ૫૦૩, ૫૩૪
શિશુનાગ ૪૩૪
શીલ ૩૮૬ થી ૩૮૯
શીલવતી ૫૪૬
શી-હ્‌વાંગ-ટી ૪૩૯
શુચિવર્મ ૩૮૯
શુદ્ધોદન ૧૭
શુભંકર ૫૬૩, ૫૬૪
શોભનરાય ૫૭, ૨૧૧, ૨૧૪
શૌરિ ૧૨૦
શૌરિકદત્ત ૪૨૩
શ્રી ૨૯
શ્રીદેવી ૪૬૮, ૪૯૪, ૪૯૯
શ્રીચંદ્ર ૫૯૮, ૫૯૯
શ્રીપુરુષ ૪૫૩
શ્રીપૂજ ૧૯, ૯૫
શ્રીમલ ૬
શ્રીયક ૮૭, ૧૦૫, ૧૪૨ થી ૧૫૫
શ્રુતદેવી ૩૭૨, ૩૭૩
શ્રેણિક ૬૪, ૬૫, ૭૩, ૮૧ થી ૮૬, ૯૮, ૧૦૯, ૨૧૪, ૨૧૬, ૨૬૬, ૩૨૮, ૪૨૨, ૪૨૩, ૪૨૯
શ્રેયાંસ ૪૯
સચ્ચિકા (દેવી) ૧૯, ૨૦, ૨૫, ૩૨, ૯૭
સજ્જન ૫૫, ૪૯૮
સત્યકેતુ ૧૬૩
સત્યસેન ૪૯૫
સપાલો ૩૨
સપ્તતિ ૨૦૧
સબારમસાઉદ ૫૯૯
સમરસિંહ ૩૮૯
સમરાશાહ ૩૩, ૩૪
સમુદ્ર ૪૨
સમુદ્રગુપ્ત ૨૬૩, ૩૯૫, ૩૯૬
સમુદ્રશ્રી ૬૯
સરદારસિંહ ૩૫
સરસ્વતી ૯૬, ૧૩૯, ૨૨૪, ૨૪૬, ૩૫૮, ૩૫૯, ૩૭૨ થી ૩૭૫, ૪૬૦, ૫૨૩, ૫૨૫
સર્વાનુભૂતિ ૨૫
સંગત ૨૦૧
સંગ્રામસિંહ ૨૪૦, ૩૮૯
સં[illegible] ૨૦[illegible]
સં[illegible] ૭ અભિકાપુત્ર' અપરનામ.
સં[illegible] ૭૫
સંપદી ૨૦૧
સંપ્રતિ રાજા ૪૭, ૫૧, ૫૨, ૮૦, ૬૫, ૧૭૦ થી ૨૧૦, ૨૧૨, ૨૩૦, ૨૬૬, ૨૭૦, ૪૪૩, ૪૫૭
સાગરચંદ ૫૧૬

જૈન સાઈટ JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સાતવાહન "શાલિવાહન" જુઓ.
સામંત ૪૫૭
સામંતસિંહ ૩૮૯
સારંગશાહ ૪૪૩
સાલારગંજ ૫૯૯
સાવલ ૩૪
સાવલદે ૩૪
સાહરણ ૫૧૬
સાંકલીરાય ૨૭
સાંખલો ૫૧૬
સિકંદર ૧૬૭, ૨૬૮
સિદ્ધરાજ ૨૩૦, ૫૦૮, ૫૬૩, ૫૬૪
સિદ્ધરાજ ૨૮, ૩૩૩, ૪૭૦, ૪૯૮,
 ૫૧૪, ૫૧૫, ૫૨૨, ૫૫૭, ૫૫૮
સિદ્ધાયિકા ૨૩૫
સિદ્ધાર્થ ૨, ૧૭
સિરાજુદ્દિન ૪૨૦
સિરિયક "શ્રીયક" જુઓ.
સિંધુલ ૫૭૮, ૫૭૯
સિંહ ૩૮૯
સિંહસેન ૩૯૫
સીતા ૫૨૩
સીવંદ ૨૧૩
સી૦ વી૦ વૈદ્ય ૩૮૮
સુજય 'જિનદાસગણિ' જુઓ.
સુજાત ૪૨૩
સુદર્શન ૮૦, ૧૧૧
સુદર્શના ૨, ૫૧, ૫૨, ૧૭૮
સુધર્મા ૫૭૦
સુધાનધ્વજ ૫૯૯
સુનંદા ૨૭૩, ૨૮૪, ૨૮૫
સુપાર્શ્વ ૮
સુબાહુ ૪૨૩
સુબંધુ ૧૬૩, ૧૬૭, ૧૬૮, ૧૯૫, ૪૮૪
સુભગા ૩૭૬, ૩૮૧ થી ૩૮૪, ૩૮૮
સુભદ્રા ૧૩, ૧૧૨, ૫૭૦
સુમંગલા ૨૦૭
સુમતિ ૪૮
સુરદેવ ૪૨૨, ૫૧૬
સુરપાલ ૪૬૯, ૪૭૮, ૪૯૩, ૫૨૪
સુરસુંદર ૧૯, ૯૭
સુરસુંદરી ૨૨૪
સુલસા ૯
સુલોચન ૫૭
સુલોચનરાય ૨૧૪
સુવર્ણગુલિકા ૬૧
સુવ્રતા ૨૪૦
સુવાસવ ૪૨૩
સુસુનાગ ૨૬૭
સુહરિધ્વજ ૫૯૯
સુહિલધ્વજ ૫૯૯
સુહદ્ધ્વજ ૫૯૯
સૂર્ય ૧૨૬, ૩૮૧, ૩૮૩, ૩૮૬, ૪૬૦,
 ૪૬૪, ૫૪૭, ૫૭૧, ૫૭૪
સૂર્યમિત્ર ૫૪
સૂર્યાભદેવ ૪૨૫
સેત ૮
સેત્ર ૫૧૧
સેન ૪૨૨
સેલક ૨૧૩
સેલ્યુકસ ૧૫૮, ૧૬૦, ૧૬૭
સોઢલ ૫૨૦
સોમરથ ૩૯૨
સોમસિંહ ૩૩, ૫૦૨

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સોમશ્રી ૫૨૦
સોમાશાહ ૨૫, ૨૯
સોમિલ્લ ૩ થી ૭, ૪૨૦, ૪૨૯
સોમેશ્વર ૬૨૧, ૬૨૨
સૌધર્મેંદ્ર "ઇંદ્ર" જુઓ.
સ્કંદ ૪૮, ૫૪૭
સ્કંદગુપ્ત ૨૬૩, ૪૪૦
સ્થિરદેવ ૩૩
સ્મીથ ૨૦૧, ૫૪૦
સ્વયંભૂ ૪૧૦
સ્વાતિ ૩૬૨, ૩૬૩
હનુમાનજી ૨૨૧, ૫૨૨
હમામ ઇબ્ન અમરૂઅલ ૩૯૯
હમીર ૩૯૩, ૫૦૫
હમીરસિંહ ૩૮૯
હરખાજી ૫૫૬, ૬૦૦
હરપાલ ૪૯૬
હરિ ૪૨૯
હરિણુગમેષી ૨૯૫ થી ૨૯૭
હરિગુપ્ત ૫૪
હરિભદ્ર ૪૭૩ થી ૪૭૬
હરિવર્મા ૫૯૨, ૫૯૩
હરિશ્ચંદ્ર ૬૨૧
હરિષેણ ૫૧
હરિસિંહ ૩૫
હર્મન યાકોબી ૨૫૮, ૨૬૭, ૪૦૯, ૫૬૫
હર્ષ(હરિયા)દેવી ૨૨૧, ૩૮૯, ૫૬૭, ૫૯૦
હર્ષ ૪૮૪
હર્ષવર્ધન ૨૬૩, ૪૪૦, ૪૫૭થી ૪૬૪
હલ્લ ૮૩
હાલ ૪૩૬
હવિષ્ક ૫૦, ૨૨૨
હસ્તિપાલ ૮, ૧૨
હંસધ્વજ ૫૯૮
હી૦ હં૦ લાલન ૪૬૨
હુમાયુ ૨૬૪
હુંડિક યક્ષ ૫૧
હેનરી ૨૮૧
હેમુ ૨૬૪
હો ૫૯૭
હોર્નલિ ૭૪, ૩૮૨
હોલ ૬૦
ક્ષેત્રદેવ ૯૦
ક્ષેત્રપાલ ૩૧, ૫૬
ક્ષેત્રસિંહ ૩૮૯

जैन साईट JAINSITE .com जैनम् जयति शासनम्
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# વર્ગ : ૫

## ઓળખાણ

### વંશ, ગચ્છ, કુલ, ગણ, જ્ઞાતિ, ગોત્ર, મત, બિરુદ, ઉપનામો, વિશેષ બાબતો વગેરે


અક્રિયાવાદ ૪૧૬
અગ્રવાલ ૬૧૨, ૫૫૪
અગ્નિદાહ ૨૨૪
અગ્નિવેશ્યાયન ૪, ૩૯
અગ્નિહોત્રી ૪૭૪
અજીવમત ૨૩૧
અજ્જવેડિય ૧૭૮
અણાગયચોથ ૨૨૭, ૨૨૮
અદ્દઅદ્દજી ૪૪૩
દ્વૈત ૫૦૩, ૫૦૪
અનેકાંત ૫૦૪, ૫૬૬
અબદ્ધિકમત ૩૧૨, ૩૧૫, ૩૧૬
અભય૦ બુદ્ધિ ૮૫
અભિજયંત ૧૭૮
અભિજાતિ ૩૧૩
અરખીટોળી ૫૦૫
અવ્યક્ત ૧૬૫, ૧૬૯
અશ્વથર ૫૨૩
અષ્ટાપદશાખા ૫૦૮, ૫૦૯, ૫૮૬, ૬૧૮
અજ્ઞાનવાદ ૪૧૬
અંચલગચ્છ ૬૧, ૧૨૫, ૧૨૯, ૪૬૩, ૫૯૫, ૬૧૮, ૬૨૦
અંતરિજ્જિઆ ૧૭૭
અંધકવૃષ્ણિવંશ ૪૨૯
આઈચણા ૨૧
આગમપ્રધાન ૨૫૩
આગમભાષા ૪૩૨ થી ૪૩૬
આગમવાચના ૧૩૧ થી ૧૩૪, ૧૫૨ થી ૧૫૪, ૧૮૨ થી ૧૮૯, ૧૯૩, ૧૯૪, ૨૧૨ થી ૨૧૭, ૨૮૬, ૨૯૪ થી ૨૯૮, ૩૦૩ થી ૩૦૫, ૩૭૦, ૩૯૦ થી ૩૯૩, ૪૧૪ થી ૪૩૯
આગમિક ૬૧૯
આજીવક ૯, ૧૩, ૧૪, ૪૩, ૪૪, ૩૧૩ થી ૩૧૬, ૪૨૦
આડેચા ૨૨
આયાગપટ્ટ ૫૦
આર્ય૦ ૧૦, ૧૧, ૩૫૨, ૩૫૬, ૪૩૦, ૪૩૨
આર્ય જયંતી ૨૬૧
આહડિયા ૩૮૩, ૩૮૮, ૩૮૯, ૫૮૯
આંગી ૬૨
આંધ્રપતિ ૨૬૪, ૨૭૦
આંધ્રશાખા ૧૯૭
ઇથુચિ–બર્બર ૨૨૧
ઇસાઈમત ૨૭૭ થી ૨૮૩
ઈસિગુત્તિઅ ૧૭૮
ઈસિદત્તિઅ ૧૭૮
ઈસિપાલિઆ ૧૭૭, ૨૨૩, ૩૬૩
ઈસીન ૨૭૮



જૈન સાઈટ JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઇસીર ૨૭૮, ૨૭૯
ઇંદ્રપુરગ ૧૭૭
ઉચ્ચાનાગર (રી) ૫૪, ૧૭૭, ૧૮૦, ૨૨૩, ૨૩૦, ૩૬૩ થી ૩૬૮, ૬૧૬
ઉડુવાડિય ૧૭૬, ૬૧૬
ઉત્તર બલિસહ ૧૭૬, ૬૧૬
ઉદુંબરિજ્જિયા ૧૭૬
ઉદ્દેહગણ ૧૭૬, ૨૨૨, ૬૧૬
ઉપકેશગચ્છ ૧૬ થી ૩૮, ૯૭, ૨૯૭, ૩૦૫, ૩૪૧, ૩૪૭, ૩૪૮, ૫૦૧, ૫૧૮, ૫૬૭, ૬૧૬ થી ૬૨૦
ઉપકેશવંશ 'ઓસવાલ' જુઓ.
ઉસ્તવાલ ૫૧૬
ઋતુત્રાટિકા 'ઉડુવાડિય' જુઓ.
એલચી ૧૬૩
ઓઝા ૭૫, ૧૭૪, ૨૬૫, ૩૮૭ થી ૩૮૯
ઓસવાલ ૧૬ થી ૩૮, ૯૭, ૨૦૬, ૨૯૪, ૩૮૭, ૫૧૬, ૫૪૨, ૫૪૩, ૫૬૮, ૫૬૯, ૫૯૫, ૬૦૦
કચ્છવાહ ૫૪૦
કટોતિયા ૫૬૯, ૬૦૦
કડવામત ૬૨૦
કણોવર ૨૧
કણ્હસહ ૧૭૮
કદરસા ૫૬૯, ૬૦૧
કદંબવંશ ૩૫૨, ૩૫૪, ૪૫૪, ૪૫૫, ૫૩૪
કનિષ્ક સં. ૫૪, ૧૭૬, ૨૨૨
કનોજિયા ૨૧
કપિલમત ૪૨૯
કપુરિયા ૨૮
કબ્બડવાયુ ૪૧૯
કમલકલશ ૬૧૯
કલચુરી ૪૫૩, ૪૫૪
કલચુરી સંવત ૩૯૬
કવાડશાખા ૫૫૬, ૬૦૦
કલિકાલસર્વજ્ઞ ૫૨, ૫૫, ૧૩૦, ૧૩૩, ૧૫૫, ૧૬૮, ૨૫૬, ૨૫૭, ૨૬૬, ૩૪૬, ૩૬૫, ૩૭૭, ૩૯૧, ૪૧૦, ૪૩૮, ૪૭૪, ૪૮૭, ૫૨૪, ૫૭૪, ૬૦૩, ૬૨૧
કલિયુગ સં. ૨૬૫
કલિંગચક્રવર્તી ૨૧૬, ૨૭૦
કંબોઇયા ૫૦૯, ૫૮૬, ૬૧૮
કંવલા (કંબલ) ૧૮, ૩૭, ૬૧૮
કાઉસગ્ગિયા ૫૩, ૪૬૭, ૫૧૭, ૫૪૦
કાકંદીઆ ૧૭૬
કાત્યાયન ૧૨, ૧૩, ૨૪૬
કાર્મવિજેતા ૧૪૯ થી ૧૫૨
કામ્યક ૬૧૮
કામર્દ્ધિય ૧૭૭
કાર્દમ વંશ 'કદંબ વંશ' જુઓ.
કાલિકાચાર્યગચ્છ ૧૮૨, ૨૨૮, ૨૨૯, ૨૬૧, ૫૫૬ થી ૫૫૮, ૬૦૧, ૬૧૬, ૬૧૮
કાશ્યપ ૧૨, ૧૩, ૧૮૬, ૨૯૩, ૨૯૪, ૨૯૬
કાષ્ઠપ્રાસાદ ૫૫૯
કાષ્ઠાસંઘ ૩૨૭

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કાસટિયા ૨૭
કાસવજ્જિજયા ૧૭૮
કાસહૃદ ૬૧૮
કાંકણી ૧૬૫
કાંકરેચા ૫૬૯, ૬૦૦
કીથ ૪૧૦
કુઈશુયાંગ ૨૨૧
કુકુદગચ્છ ૧૮, ૨૬, ૨૯, ૬૧૮
કુચ્છસ ૨૯૩
કુતુબપુરા ૬૧૯
કુબેરા ૧૭૭ ૨૨૩, ૩૬૩
કુમારભુક્તિ :૧૯૯, ૨૬૪, ૩૮૪, ૪૪૨
કુર્ચપુરીવ ૫૦૯, ૬૧૭
કુલકર ૪૪
કુલહટ ૨૧
કુશાનકાળ ૩૩૬
કુશાન વંશ ૨૨૧, ૨૨૨, ૨૬૩ ૨૭૦
કુંદકુંદાન્વય ૨૭૭
કુંભર ૨૧
કુંભાર ૪૨૨, ૫૯૬
કૃતસંવત્ ૨૬૫
કૃષ્ણર્ષિગચ્છ ૨૩, ૧૮૯, ૪૪૭, ૪૪૯, ૪૫૨, ૫૧૮ થી ૫૨૧, ૬૧૮
કૃષ્ણસહ ૪૫૦
કેથોલિક ૨૮૧
કેશકમ્બલ ૧૨, ૧૩, ૬૪
કોટડિયા ૨૮
કોટિકગણ 'કોડિય ગણ જુઓ'
કોટચકં ૩૩૬
કોઠમી ૨૮
કોઠારી ૨૭
કોડંબાણી ૧૭૬
કોડિય ગણ ૨૨, ૫૪, ૨૧૧:થી ૨૧૩ ૧૭૭, ૨૧૧, ૨૯૨, ૩૩૬, ૩૪૧, ૩૪૨, ૫૦૩, ૬૧૬ થી ૬૧૯
કોડિવરિસિયા ૧૩૬
કોરંટ ૧૮, ૨૦ થી ૩૪, ૩૪૭, ૫૬૭, ૬૧૬ થી ૬૧૯
કોરંટતપા ૩૪, ૧૮, ૬૧
કોસંબિઆ ૧૭૬
કોસિય ( કૌશિક ) ૧૭૫, ૨૯૩
કોમ્રેસ ૨૮૧
કૌડિન્ય ૬, ૩૧૭
કૌભીષણ ૩૬૨, ૩૬૩
ક્રિયાવાદ ૪૧૬
ક્રિયાક્ષણવાદ ૧૯૭
ખપુટાચાર્યવંશ ૫૫૮
ખજવાના ૧૮
ખજાનચી ૨૭
ખદૃકૂપ ૧૮
ખટોર ૫૧૬
ખડાયતા ૫૦૨
ખડ્ગાણાસન 'કાઉસગ્ગિયા' જુઓ
ખરતરગચ્છ ૨૮, ૨૩૦, ૨૩૧, ૪૭૦, ૫૫૩, ૫૬૯, ૬૧૮, ૬૧૯
ખંડિલગચ્છ 'ષાંડિલ્લ' જુઓ
ખાબડિયા ૫૬૯, ૬૦૧
ખાબિયા ૨૮
ખિમાણદિયા ૨૮
ખિલજી ૩૩૯, ૩૫૦
ખીંવસરા ૨૭

જૈન સાઇટ JAINSITE .com જૈનમ જયતિ શાસનમ્

ખુમાણકુલ ૪૧૨, ૪૧૩
ખેમિલજિજયા ૧૭૭
ગજથર ૫૨૩
ગજવર ૫૨૯, ૫૩૩
ગણુ ૨૧૪, ૪૨૦
ગણધર ૨ થી ૭, ૧૨, ૩૮ થી ૪૫, ૪૮, ૪૯, ૫૯, ૬૧, ૭૬, ૭૩, ૭૫, ૧૨૩, ૧૮૯, ૧૯૧, (૪૧૮), ૪૨૪, ૪૨૭, ૪૩૦, ૫૧૯, ૫૨૬
ગણધરવંશ ૧૭૯, ૨૯૭, ૩૦૨, ૩૦૩, ૩૬૪
ગણરાજ્ય ૮, ૧૧, ૧૨, ૧૭, ૬૫, ૮૧
ગણિય ૧૭૭
ગરડવાલ ૫૪૧
ગર્દભિલ્લવંશ 'વર્ગ ૪. ગર્દભિલ્લ' જુઓ
ગર્ભાપહાર ૨૨૨
ગંગ ૫૬૯, ૬૦૧
ગંગવંશ ૩૩૮, ૪૫૪
ગંધર્વ ૫૬
ગાયકવાડ ૫૨૩
ગાંધી ૫૧૮, ૫૨૧
ગિજથી (ગિજની) ૨૮, ૫૯૯
ગિહલોત ૩૮૩
ગુપ્તકાળ ૩૩૬, ૩૪૦
ગુપ્તવંશ ૫૪, ૭૭, ૧૮૬, ૨૦૪, ૨૬૩, ૩૫૪, ૩૫૮, ૩૭૯, ૩૯૦, ૩૯૧, ૩૯૫ થી ૪૦૦, ૪૪૦ થી ૪૪૨, ૪૪૮, ૫૦૩, ૬૧૩
ગુપ્તસં. ૭૭, ૧૭૬, ૨૦૫, ૨૬૧, ૩૭૮, ૩૭૯, ૩૮૧, ૩૮૭, ૩૮૮, ૩૯૨, ૩૯૬ થી ૩૯૮, ૪૦૮, ૪૫૧, ૪૯૭, ૫૨૧
ગુમાન પંથ ૩૨૯
ગુરુદેવ ૬૦૮
ગુરુદ્રવ્ય ૫૯૪
ગુહિલ ૩૮૬
ગુહિલવિહાર ૪૭૧
ગુહિલોત ૩૮૩, ૩૮૬
ગુંગલિયા ૫૬૯, ૬૦૦
ગૂર્જરવંશ ૯૭, ૫૧૬
ગેલોટ ૩૮૬
ગોડી ૫૧૯, ૫૩૯, ૫૪૦, ૫૬૦, ૫૭૭, ૫૯૫
ગોદાસગણુ ૧૩૬, ૬૧૬
ગોપાલ ૧૭૭, ૨૧૩, ૨૫૯
ગોયમજિજયા ૧૭૮
ગોહિલવંશ ૩૮૩, ૩૮૬, ૩૮૭
ગોતમ ગોત્ર ૨ થી ૫, ૩૯, ૧૩૮, ૧૮૭, ૨૭૩, ૨૯૨, ૨૯૩
ગૌતમમત ૩૦૬
ગૌતમાવતાર ૬૦૬
ગૌતમીપુત્ર ૨૬૩
ઘોરી ૩૦, ૫૯૧,
ચઉદ્દશીયા ૪૯૬, ૫૬૯, ૬૧૭ થી ૬૧૯
ચક્રવર્તી ૪૪, ૫૧, ૧૨૩, ૨૯૦, ૪૫૪, ૪૫૫, ૪૭૦, ૪૭૫, ૫૮૪
ચડાવો ૨૮૯
ચભાડિયા ૩૮૬
ચષ્ટનવંશ ૩૫૨, ૩૫૬, ૪૯૫
ચંદનાગરી ૧૭૬

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ચંદ્રગચ્છ (કુલ) ૨૨, ૨૫, ૧૬૨, ૧૭૭, ૧૮૨, ૨૨૮, ૨૨૯, ૨૫૯, ૨૬૧, ૨૯૨, ૩૦૪ થી ૩૦૭, ૩૩૬, ૩૪૧ થી ૩૪૪, ૪૦૦, ૪૪૬, ૪૪૯, ૪૫૦, ૪૬૩, ૪૬૪, ૪૭૦ થી ૪૭૩, ૪૮૯, ૫૦૬ થી ૫૧૭, ૫૮૯, ૬૧૬ થી ૬૧૯

ચંદ્રવંશ ૧૬૨

ચંદ્રહાસ ૧૪૮

ચંદ્રાવતી શાખા ૧૮

ચંપિજ્જિયા ૧૭૬

ચાતુર્યામ ૯, ૬૧૮

ચારણગણ ૧૭૮, ૪૪૯, ૪૫૦, ૬૧૬

ચાર્વાક ૪૧૬

ચાવડા ૯૫, ૩૦૫, ૩૦૬, ૩૯૫, ૩૯૯, ૪૫૧, ૪૬૮ થી ૪૭૧, ૪૯૩ થી ૪૯૯, ૫૦૫, ૫૬૯ ૫૭૧

ચાંચિયો ૬૯૫

ચિંચટ ૨૧, ૩૨

ચિંચણી ૨૧

ચિત્રકાર ૫૩૧

ચિત્રવાલ ૫૦૮, ૫૨૧, ૬૦૦, ૬૧૮, ૬૧૯

ચિત્રોડા ૬૦૦

ચૂનર ૫૬૯, ૬૦૦

ચેદી સંવત ૩૯૬

ચૈતન્ય ૨૯૯

ચૈત્યવાદી (બૌ૦) ૧૯૭

ચૈત્યવાસી ૪૧૯ થી ૪૭૦, ૪૯૪, ૪૯૬, ૫૩૪, ૫૪૬, ૫૬૮, ૫૬૯

ચૈત્યસ્થિતિ ૪૦૦ થી ૪૦૨

ચૈત્રપુરી ૪૭૧, ૪૯૬, ૫૦૧, ૫૨૧, ૬૧૭

ચૌલુક્ય ૨૬૩, ૨૬૪, ૩૩૬, ૩૭૯, ૪૯૬, ૫૦૫, ૫૧૬, ૫૬૯, ૫૭૪, ૫૯૩, ૫૯૫, ૬૦૧, ૬૦૫, ૬૦૬

ચૌહાણ ૨૭

છડુલ્લય ૧૭૫

છીપા ૬૦૧, ૬૦૨,

જગતશેઠ ૪૯

જગદ્ગુરુ ૫૦, ૮૦, ૨૩૧, ૬૦૭

જયપટ્ટ ૫૧૦

જયંતીશાખા ૧૭૭, ૧૯૧, ૨૯૩

જસભદ્રકુલ ૧૭૬

જાતિસ્મરણ ૧૭૧, ૨૦૨, ૨૨૩, ૨૭૧, ૨૯૨ ૨૮૪

જાપુલીયક ૩૧

જામ ૩૪

જાયસ્વાલ ૧૬૦, ૨૧૭

જાલોરા ૬૧૮

જિનકલ્પ ૧૭૦, ૧૭૫, ૧૮૦, ૨૧૩, ૩૧૩, ૩૧૫

જીવિતસ્વામી "વર્ગ ૧: જીવિતસ્વામી" જુઓ

જેકાબી (યાકોબી) ૨૫૮, ૨૬૬, ૪૦૬ ૫૬૫

જેઠવા ૩૫૮

જૈન રાજવંશ ૫૯૮, ૫૯૯

જોગણેચા ૨૮

જ્યેષ્ઠાર્ય ૫૬૧

ઝવેરી ૧૯૪

ઝામડ ૫૯૫, ૬૦૦

ઝાલો ૫૧૨, ૫૧૪


www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ટૉડ "જેમ્સટૉડ" જુઓ
ઠક્કર ૫૨૪
ઠાકોર ૬૦૩
ડિગલિયા ૨૮
ડિંડુભ ૨૧
ડોમા વંશ ૫૯૯
તધલખ ૩૯૯, ૫૦૫
તપાકોરંટ ૧૮, ૩૪, ૬૧૮, ૬૧૯
તપાગચ્છ ૨૮, ૩૪, ૫૩, ૫૫, ૫૬, ૨૩૧, ૩૮૭, ૪૫૬, ૪૬૨, ૫૦૮, ૫૧૬, (૫૨૧), ૫૪૨, ૫૫૬, ૫૬૮, ૫૬૯, ૬૦૦, ૬૦૫, ૬૧૭ થી ૬૨૦
તપામુનિ ૬૧૯
તપારત્ન ૧૮, ૨૫, ૨૬, ૩૪, ૩૬, ૩૭, ૩૮, ૬૧૯
તપેશ્વર ૫૭૩, ૬૦૫
તર્કપંચાનન ૨૫૫, ૫૦૭
તંબોલી ૫૯૪
તાતેડ ૨૧
તાપસી ૧૭૭, ૨૨૩, ૨૯૧, ૩૬૩
તામલિત્તિયા ૧૩૬
તામ્રપત્ર ૭૪, ૧૩૬, ૨૦૫, ૩૭૯, ૩૮૫, ૩૮૬, ૩૮૭, ૪૨૨, ૫૩૪, (૫૮૩), ૫૮૭, ૬૨૪
તારણપંથ ૩૨૮
તિમેટી ૧૬૩
તુંઅર ૪૬૪, ૫૨૮
તુંગીયાન ૧૧૭
તેરહ (તેરા) પંથ ૩૨૬, ૩૨૮, ૬૨૦
ત્રિકુટકવંશ ૩૭૯, ૩૯૫, ૩૯૬
ત્રિસ્તુતિક ૬૧૯
ત્રિપાઠી ૩૪૦
ત્રૈરાશિક ૪૪, ૧૯૨, ૨૭૩, ૨૭૭, ૩૧૫, ૩૧૬, ૩૨૭
થારાપદ્રગચ્છ ૩૩૬, ૪૫૦, ૪૫૨, ૪૭૨, ૪૭૩, ૫૦૬, ૬૧૭, ૬૧૮
થિરાપદ "થારાપદ્ર" જુઓ
દશાર્હ ૪૪, ૧૨૦
દક્ષિણવિહારી ૨૯૨
દક્ષિણાંકચિહ્ન ૪૪૯, ૪૫૧, ૪૯૨
દંડનાયક ૫૫, ૩૪૩, ૩૮૪, ૪૯૪, ૪૯૮, ૫૧૦
દાદા ૨૩૧, ૨૩૨, ૨૬૧, ૫૦૬, ૫૪૩
દાસીખબ્બડિયા ૧૩૬
દિગ્બંધ ૨૨, ૨૫, ૩૪૨
દિગંબર ૯, ૩૭, ૪૬, ૫૦, ૯૪, ૧૧૫, ૧૧૬, ૧૩૬, ૧૩૭, ૧૬૦ થી ૬૨, ૧૮૫, ૨૩૨, ૨૫૭, ૨૫૮, ૨૭૭, ૨૯૨, ૩૦૪, ૩૦૫, ૩૧૨ થી ૩૩૩, ૩૩૮, ૩૩૯, ૩૪૨, ૩૪૪ થી ૩૪૮, ૩૬૨ થી ૩૬૮, ૪૦૨, ૪૧૨, ૪૧૩, ૪૪૩, ૪૬૧, ૪૬૨, ૫૦૩, ૫૦૭, ૫૧૩, ૫૩૧ થી ૫૩૪, ૫૪૬, ૫૪૭, ૫૫૮, ૫૫૯, ૫૬૬, ૫૯૦, ૬૦૪ થી ૬૦૯
દિગંબરમતપરિચય ૩૧૫ થી ૩૩૩
દિયાકોનુસ ૨૮૧
દિવાકર ૧૯૦, ૧૯૫, ૨૦૪, ૨૨૪, ૨૪૪ થી ૨૬૨, ૩૭૬, ૪૬૬, ૪૮૪, ૫૦૦, ૫૦૭, ૫૧૬

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઢુંઢેરિયા ૫૬૯, ૬૦૦, ૬૦૧
ઢુષ્કરકારક ૧૫૦
ઢુષ્કરઢુષ્કર ૧૫૦, ૧૫૨
દેલવાડાકર ૩૪૦
દેવદ્રવ્ય ૫૯૪
દેવદાસી ૨૮૧
દેવસંઘ ૩૨૭
દેવસૂર ૬૧૯
દેવાચાર્યગચ્છ ૩૪૭, ૫૧૧, ૫૧૨, ૫૧૯, ૬૧૯
દેવાનંદગચ્છ ૫૫૯
દેશાઈ ૩૫૩, ૫૧૮
દોશી ૫૩, ૩૪૯, ૩૫૨, ૫૦૩, ૫૩૮, ૫૪૨
દ્રમિલસંઘ ૩૨૭
દ્રાવિડસંઘ ૩૨૭
દ્વિક્રિયમત ૧૯૯
દ્વિતીયભદ્રબાહુ ૨૯૨
દ્વિવંદનિક ૩૬, ૬૧૭, ૬૧૮
દ્વૈત ૪૧૬
ધૂરકટ ૨૮
ધર્મચક્ર ૫૯૮
ધર્મઘોષ ૪૬૩, ૫૦૮, ૫૧૪ થી ૫૧૬, ૬૧૮
ધનેશ્વરગચ્છ ૫૨૧, ૫૪૦, ૬ ૪, ૬૧૭, ૬૧૮
ધર્મપ્રચાર ૧૦, ૨૦, ૨૧, ૨૫, ૨૭, ૯૭, ૧૮૪, ૨૨૧, ૨૩૨, ૨૪૦, ૨૫૧ ૨૮૮, ૩૬૧, ૩૬૯, ૪૧૨, ૪૧૩, ૪૪૯, ૪૭૨, ૪૮૭, ૫૦૭, ૫૦૮, ૫૬૮, ૫૭૬
ધર્મસ્થવિરવાદ ૧૯૭
ધાકડ ૨૮
ધાડીવાલ ૨૭
ધાતુપદ ૪૪૧
ધારોલા ૫૬૯, ૬૦૦
ધીવર ૨૩૫, ૨૩૬
ધુવગોતા ૨૮
ધૂમકેતુ ૩૮૮
ધોબી ૧૦૦, ૧૦૧
ધ્રૂ ૩૩૬
નગરશેઠ ૩૮૭, ૫૬૯
નગ્નાટક ૩૪૪
નબાપો ૧૧
નયવાદ ૨૫૪
નવલખા ૪૪૩
નહાર ૫૧૬, ૫૪૦
નંગીપોળ ૧૮
નંદવંશ ૭૩, ૮૦, ૮૬ થી ૮૮, ૯૮, ૧૪૭, ૧૫૨, ૧૫૬, ૧૬૭, ૧૮૨, ૨૧૪, ૨૬૬ થી ૨૭૧, ૪૯૮
નંદિજજ ૧૭૬
નંદીપદ ૩૪૩, ૫૧૦
નંદીસંઘ ૩૨૬
નાઇલીશાખા "નાગેંદ્રગચ્છ" જુઓ
નાગ ૫૦૨
નાગગોલા ૨૮
નાગણ્ણા ૨૮
નાગભૂય ૧૭૬
નાગર ૪૬૮
નાગરાજ ૫૫, ૧૯૪, ૫૮૦

www.jainsite.com　For Private & Personal Use Only　info@jainsite.com

નાગવંશ ૧૮૪, ૩૦૪ થી ૩૦૭
નાગેન્દ્રકુલ (વંશ) 'નાગેન્દ્ર ગચ્છ' જુઓ
નાગેંદ્રગચ્છ ૨૨, ૨૫, ૧૭૭, ૧૮૫, ૧૮૭, ૧૮૮, ૧૯૩, ૨૨૯, ૨૫૯, ૨૬૦ ૨૯૧, ૩૦૫ થી ૩૦૭, ૩૭૬ થી ૩૮૯, ૪૦૦, ૪૦૮, ૪૦૯, ૪૪૯, ૪૫૧, ૪૬૮, ૪૭૧, ૫૧૨, ૫૫૯, ૬૧૬, ૬૧૭
નાગોરી ૬૧૯
નાર ૨૮
નાસ્તિક ૩૧૧
નાહટા ૫૨૮
નિકાય ૧૯૭
નિગમ ૬૧૯
નિગંઠ (નિર્ગ્રંથ) ૨, ૧૩, ૧૭, ૧૮, ૪૧, ૯૯, ૧૦૫, ૨૧૧, ૨૧૫, ૩૧૩, ૩૪૧, ૩૪૪, ૩૪૫, ૬૧૬, થી ૬૧૮
નિહ્નવ ૧૫, ૧૬, ૧૬૮, ૧૬૯, ૧૯૭ થી ૧૯૯, ૨૬૬, ૨૭૩ થી ૨૭૭, ૩૦૭, ૩૧૧ થી ૩૧૫, ૫૯૬
નિબાડા ૨૮
નિમિત્તવેદી ૨૯૨
નિર્વૃતિગચ્છ ૨૨, ૩૦૫, ૪૦૦, ૪૧૦, ૫૬૧, ૫૬૨, ૬૧૬, ૬૧૮
નિર્ગ્રન્થગચ્છ 'નિગંઠ' જુઓ
નિર્ગ્રન્થનમિત ૨૩૩
પજુસણુ ૧૯૩, ૨૮૮, ૨૯૯, ૪૩૯
પડિહાર 'પ્રતિહાર' જુઓ
પણ્હ(પ્રશ્ન)વાહણુ ૧૭૭, ૫૬૮, ૬૧૭, ૬૧૮
પદ્માવત ૭૭
પરમભાગવત ૪૪૨
પરમમાહેશ્વર ૪૪૨
પરમશાંતિ ૪૩૮
પરમાર ૩૩૬, ૫૩૭, ૫૮૫ થી ૫૯૭
પરમાર્હંત ૮૧, ૨૧૪
પરિવ્રાજક ૨૭૩, ૨૭૬, ૩૪૪
પરિહાસય ૧૭૬
પલ્લીવાલ ૫૧૭, ૫૫૯
પહ્લવ ૩૫૩, ૩૫૪
પંચાસરા ૬૧૭
પંડયા ૩૩૪
પંવાર ૩૮૨, ૫૧૬, ૬૦૦
પાઇણુ (પ્રાચીન) ૧૨૦
પાદરી ૨૮૨
પાપશ્રમણુ ૪૧૬
પારસી ૩૫૪
પાલકવંશ ૧૭૦
પાલીવંશ ૪૨૦, ૫૩૭
પાર્થિયન ૨૬૩, ૩૫૩
પાર્શ્વસંતાનીય ૧૮
પાર્શ્વાપત્ય ૧૮, ૪૨૦, ૬૧૮
પાયચંદ ૬૧૯
પાંડવ ૨૦૬
પાંડુગોલ્લ ૨૮
પાંડુપિંડ ૩૪૪
પિપ્પલકગચ્છ ૪૭૩, ૬૧૮, ૬૧૯
પીઇધિમ્મિઅ ૧૭૮
પીરોજી ૯૬
પુણ્ણપત્તિઆ ૧૭૬
પુન્નાટસંઘ ૩૨૭

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પુરોહિત ૩૦૭, ૪૭૩, ૪૭૪, ૪૮૦
પુંડવદ્ધણિયા ૧૩૬, ૨૦૫
પૂનમિયો ગચ્છ ૫૫, ૩૪૩, ૫૧૪, ૬૧૮
પૂર્ણતલ ૧૩૦, ૬૧૭
પૂર્ણિમાપક્ષ "પૂનમિયોગચ્છ" જુઓ
પોમિલા (પદ્મા) ૧૭૭, ૨૯૧
પોરવાલ ૯૫, ૯૬, ૯૭, ૪૫૭, ૪૯૪, ૫૧૧, ૬૦૪
પોસાલેચ્યા ૨૮
પ્રચ્છન્નબૌદ્ધ ૫૦૪
પ્રતિહાર ૯૫, ૩૪૮, ૩૯૫, ૩૯૯, ૫૦૩, ૫૦૫, ૫૩૪ થી ૫૪૧, ૫૬૦, ૫૯૬ થી ૬૦૦, ૬૦૩
પ્રત્યેકબુદ્ધ ૧૯૨, ૪૨૮, ૪૩૦
પ્રવર્તક ૨૨
પ્રશ્નાવાટન 'પણ્હવાહણ' જુઓ
પ્રવર્તિની ૨૨
પ્રાયશ્ચિત ૨૪૮ થી ૨૫૨, ૫૩૦, ૫૫૦
પ્રોટેસ્ટંટમત ૨૮૩
ફિતુરિયા ૨૮
ફોફલિયામુક્કિમ ૨૭
બનારસીમત ૩૨૮
બરડિયા ૫૧૯, ૫૪૧, ૫૪૨
બલદેવ ૪૪, ૧૨૩
બલાનક ૫૫૮
બલિસ્સહગણ ૧૭૬
બસુ ૨૧૯
બંબગંગ ૫૬૯, ૬૦૧
બંભદીવિયા ૧૭૭, ૧૮૬, ૨૩૬, ૨૭૨ થી ૨૭૫, ૨૯૪, ૩૬૨, ૩૯૨, ૬૧૮
બંભલિજ્જ ૧૭૭
બાક્રિલિયા ૨૮
બાદશાહ ૫૦, ૩૨૮, ૩૮૯
બાફણા ૨૧
બારોટ ૬૦૮
બાલકવિ ૫૧૫, ૫૧૬
બાલબ્રહ્મચારી ૫૨૯, ૫૯૩
બાંઠિયા ૫૫૬, ૬૦૦
બિકાનેરી ૧૮
બુદ્ધસંવત ૨૬૫
બુલ્હર ૪૧૦
બોટિક ૩૧૫
બોથરા ૨૭
બૌદ્ધ ૧૩, ૧૭, ૫૨, ૬૪, ૮૪, ૧૪૬, ૧૫૫, ૧૫૮, ૧૬૧, ૧૬૩, ૧૬૪, ૧૮૬, ૧૯૭, ૧૯૮, ૨૦૧, ૨૦૫, ૨૧૨, ૨૧૫, ૨૨૮, ૨૩૨ થી ૨૩૫, ૨૪૬, ૨૫૫, ૨૫૬, ૨૫૮, ૨૭૮, ૨૮૮, ૨૯૮, ૨૯૯, ૩૧૦, ૩૧૩, ૩૪૪, ૩૭૧ થી ૩૭૪, ૩૯૯, ૪૧૬, ૪૪૨, ૪૭૭ થી ૪૮૨, ૪૯૧, ૪૯૭, ૫૦૪, ૫૦૬, ૫૨૧, ૫૩૦, ૫૩૭, ૫૩૭, ૫૬૪ થી ૫૬૬, ૫૭૫
બૌદ્ધ પરાજય ૩૭૪ થી ૩૭૮, ૩૮૦, ૩૮૧, ૪૫૭, ૫૦૪,
બ્રહ્મદીપિકા "બંભદીવિયા" જુઓ
બ્રહ્મક્ષત્રિય ૪૫૮
બ્રહ્માણ ગચ્છ ૨૭૫, ૬૧૮
બ્રાહ્મી ૬૧૮


www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ભગવંતવાદી ૪૮૪
ભટેવરા ૪૭૨, ૪૯૬, ૫૨૧, ૬૧૭
ભટ્ટપાદમત ૩૦૬
ભટ્ટારક (દિ૦) ૩૨૮, ૩૩૩, ૪૦૨
ભટ્ટારક ૪૫૬, ૫૨૦, ૫૨૧
ભટ્ટારિકા ૪૯૪
ભતૃગચ્છ 'ભટેવરા' જુઓ
ભદ્દિજ્જિય (ભદ્રાર્ય) શાખા ૭૭, ૧૭૬, ૨૦૫, ૪૦૨
ભદ્રગુપ્તકુલ ૭૭, ૧૭૬
ભદ્રબાહુ ૪૪, ૨૯૦, ૨૯૧
ભદ્રમંદિર ૨૧૮
ભદ્રમુખ ૩૫૫, ૩૫૭
ભરતીઆટ ૪૨૫
ભરવાડ ૨૪૬, ૨૪૭
ભંડારી ૫૧૫, ૫૬૯, ૬૦૦, ૬૦૧, ૬૦૬
ભાટી ૩૬૯
ભાણુવડુ ૫૧૬
ભાદ્રગોત્ર ૨૧
ભારદ્વાજ ૪
ભાવડા ૬૦૨
ભાવડા ગચ્છ ૩૪, ૯૬, ૨૨૮ થી ૨૩૨, ૨૬૧, ૫૫૬ થી ૫૫૮, ૬૦૦ થી ૬૦૨, ૬૧૭, ૬૧૮
ભાવમંગળ ૪૩૯
ભાવસાર ૬૦૧, ૬૦૨
ભાષ્યકાર ૪૮૪
ભાંડારકર ૨૦૧, ૩૮૮
ભિન્નમાલશાખા ૧૮
ભિલ્લ ૯૫
ભીમનાથ ૫૮૨
ભૂરા ૨૧
ભોજક ૫૬, ૬૦૨, ૬૦૩
ભોટિયા ૪૨૦
મઇપત્તિઆ ૧૭૬
મકવાણુ ૨૮
મજ્ઝિમા (મધ્યમા) ૧૭૭, ૨૧૩, ૫૪૩, ૫૬૭, ૫૯૦, ૬૧૬ થી ૬૧૮
મજ્ઝિમિલ્લા "મજ્ઝિમા" જુઓ
મથુરાજ્ઞાતિ ૨૮
મધુતર ૬૧૯
મનુષ્ય થર ૫૨૩
મલધાર ૧૯૫, ૩૪૩, ૩૭૭, ૪૮૧, ૫૧૯, ૫૪૨, ૫૬૮, ૬૧૮, ૬૧૯
મલ્લ ૧૧, ૧૨
મલ્લવાદીગચ્છ ૩૮, ૩૭૫, ૩૭૬, ૩૭૯, ૫૬૭, ૬૧૭
મહત્તર ૨૨, ૨૩, ૨૪, ૨૮, ૧૯૫, ૪૫૨, ૪૫૭, ૪૫૮, ૪૮૪, ૫૬૧, ૫૬૨
મહત્તરા ૨૨, ૧૫૨, ૨૫૮, ૪૪૭, ૪૭૬, ૪૮૨
મહાતપા ૫૨૧
મહાતમા ૨૭, ૨૮
મહાપ્રતિહાર ૩૮૪
મહાદંડનાયક ૩૮૪
મહાપ્રાણુ ૬૩૩
મહારાજ ૩૮૪
મહાવાદી ૨૫૮ ૩૭૪, ૩૮૦, ૪૫૮, ૪૬૫, ૫૦૬, ૫૦૭, ૫૫૫, ૫૫૮
મહાવીર સંવત્ ૨૬૫ થી ૨૭૧, ૩૮૨, ૪૦૮

જૈન સાઈટ JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

મહાશિલા યુદ્ધ ૪૨૦
મહાશૂન્યવાદી ૧૯૭
મહાસામંત ૩૮૪, ૫૬૦
મહાસાંઘિક ૧૯૭
મહાકાલ ૫, ૭૧, ૫૮૩
મહાક્ષત્રપ "ક્ષત્રપ" જુઓ
મહેતા ૯૬
મહોપાધ્યાય ૫૦, ૨૫૫ થી ૨૫૭, ૩૪૫, ૪૩૮, ૪૫૮, ૪૮૭
મંત્રીવંશ ૮૭, ૯૮ થી ૧૦૫, ૧૧૭, ૩૩૮, ૪૯૮
મંત્રયાન ૧૯૭
માઢરગોત્ર ૨૯૩, ૨૯૪
માનવગણ ૧૭૮, ૬૧૬
માથુર ૧૮
માથુરસંઘ ૩૨૮
માથુરીવાચના ૩૯૨
માયાવાદ ૫૦૪
માર્શલ ૨૩૦
માલ ૯૫
માલવસંવત ૨૬૫
માલિજ્જ ૧૭૮
માસપૂરિઆ ૧૭૬
મિત્રી (મન) ગોત્ર ૨૭
મિત્ર ૨૧૮
મિત્ર (મૈત્રક) ૩૮૩ થી ૩૮૬, ૩૯૩ થી ૪૦૦, ૪૪૧, ૪૪૨
મીમાંસા ૩૦૬, ૪૪૮, ૫૬૬
મીઠડિયા ૫૧૬
મુખ્તાર ૨૫૮
મુત્તા ૩૫
મુનિતપા ૬૧૯
મુસલમાન ૪૯, ૫૨, ૯૬, ૪૮૬, ૫૩૧, ૫૪૧. ૫૮૫, ૬૦૬, ૬૦૭, ૬૧૨
મુહપતિ ૪૨૯,
મૂલસંઘ ૩૨૭, ૩૩૩
મેડતાશાખા ૧૮
મેહલિજ્જિઆ ૧૭૬, ૧૭૭
મેહિયકુલ ૧૭૭
મેથીલ ૬૧૨
મોગલ ૨૬૪
મોઢ ૪૯૪, ૪૯૮, ૫૨૨ થી ૫૩૪, ૫૩૬, ૫૪૩, ૫૬૭, ૬૧૭
મોરિય ૨૧
મૌર્યવંશ ૮૦, ૮૭, ૮૮, ૧૫૨, ૧૫૫ થી ૧૫૯, ૧૮૨, ૨૦૦, ૨૦૪, ૨૦૫, ૨૬૬ થી ૨૭૧, ૩૫૩, ૩૮૭, ૩૯૫, ૪૩૪, ૪૪૩, ૫૩૪ થી ૫૪૧, ૬૧૧,
મૌર્યસંવત્ ૨૦૫, ૨૧૫, ૩૮૭, ૩૮૮, ૪૦૮
મ્લેચ્છ ૨૮૮, ૩૬૦, ૩૯૬, ૫૭૪
યવન ૩૯૫
યહુદી ૨૮૨
યાકિની મહત્તરાસૂનુ ૪૪૭, ૪૭૬, ૪૮૨, ૫૬૫
યાકોબી 'જેકોબી" જુઓ
યાજ્ઞક ૨૮૦ થી ૨૮૩
યાદવ ૫૫, ૩૩૪, ૩૯૪, ૪૨૯, ૫૯૧
યાપનીયસંઘ ૩૨૭
યુગપ્રધાન ૯૩, ૯૪, ૧૧૬, ૧૧૮, ૧૧૯, ૧૩૬, ૧૭૫, ૧૭૬, ૧૭૯ થી ૨૧૦, ૨૩૬, ૨૪૪,

૨૪૫, ૨૬૨, ૨૬૭, ૨૭૨, ૨૭૩, ૨૭૬, ૨૮૪, ૨૮૭, ૩૦૧, ૩૦૨ ૩૦૭, ૩૧૦, ૩૪૧, ૩૬૨, ૩૬૫, ૩૯૩, ૪૧૪, ૪૩૮, ૪૪૬ થી ૪૪૮, ૪૫૨, ૪૫૭, ૪૬૫, ૪૮૭, ૪૮૮, ૫૦૬, ૫૧૭, ૫૯૯, ૫૬૧, ૫૮૬
યોગાચાર્ય ૪૮૪
યૌધેય ૩૫૩, ૭૯૭
રજ્જપાલિઆ ૧૭૭
રત્નકંબલ ૧૪૫, ૧૫૧, ૩૧૪, ૩૧૫
રથમુશલ ૪૨૦
રા૦ ૫૩૧, ૫૭૪ થી ૫૭૬, ૬૦૭
રાજગચ્છ ૧૯૬, ૧૯૭, ૨૩૩, ૨૫૪, ૩૪૩, ૪૬૩, ૪૬૮, ૫૦૬ થી ૫૧૮, ૫૨૧, ૫૮૪, ૫૯૦, ૫૯૧, ૬૧૭, ૬૧૮
રાજવલ્લભ ૩૭
રાજપૂજિત ૫૩૩
રાજવિહાર ૫૧૩
રાજવંશ ૨૬૬ થી ૨૭૧
રાજર્ષિ ૭, ૫૧, ૭૩, ૧૬૨, ૪૪૮, ૫૦૬, ૫૦૭, ૫૧૮
રાઠોડ ૩૮૯, ૫૮૯, ૫૯૨ થી ૫૯૫, ૫૯૯
રાણપુરા શેઠ ૩૮૬
રાણો ૩૮૭, ૩૮૮, ૩૮૯, ૪૧૩, ૫૧૨, ૫૧૪, ૬૦૪, ૬૦૬
રાતડિયાવંશ ૨૭
રાધાવેધ ૪૨૬
રાવ ૫૭૪, ૫૯૫, ૬૦૦
રાવત ૫૭૬
રાવલ (રાઉલ) ૩૮૨ થી ૩૮૯, ૪૧૩, ૪૯૬
રાષ્ટ્રકૂટ ૩૯૯, ૪૫૪, ૫૦૫, ૫૩૫, ૫૩૬
રુદ્રપલ્લી ૬૧૯
રૂપસુંદરી ૫૨૯
રેખમંદિર ૨૧૮
રેવતીદોષ ૫૭૬, (૫૮૫), ૫૯૦
લઘુભદ્રબાહુ ૨૯૦, ૨૯૧
લઠ્ઠાગોત્ર ૫૬
લિચ્છવી ૧૧, ૧૦૨, ૧૩૮
લોંકામત ૨૩૧, ૫૦૮, ૬૨૦
વઈરી (વજ્ર) ૧૭૭, ૨૨૯, ૨૭૨, ૨૯૧, ૨૯૨ ૩૪૨, ૪૪૯, ૬૧૬, ૬૧૭
વચનસિદ્ધ ૫૮૫
વચ્છસગોત્ર ૨૯૪
વજ્જનાગરી ૧૭૮, ૪૪૯, ૪૫૦, ૬૦૫
વજ્રયાન ૧૯૭
વટેશ્વરગચ્છ ૪૫૦, ૪૭૩, ૬૧૮
વડગચ્છ ૩૪૭, ૪૭૩, ૪૮૯, ૫૮૯, ૬૧૭ થી ૬૧૯
વડીપોષાળ ૫૦૮, ૬૦૦, ૬૧૯, ૬૨૦
વડેરા ૨૮
વણુકર ૩૦૦
વણિક ૭૪, ૭૮, ૮૪, ૧૩૪, ૨૨૦, ૩૭૬, ૪૯૭, ૫૦૨, ૫૭૦, ૫૭૮
વત્થલિજ્જ ૧૭૭, ૧૭૮
વનવાસીગચ્છ ૩૪૫, ૪૦૦, ૪૫૦, ૫૦૬, ૫૦૯, ૬૧૭

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વલભીભંગ ૩૭૦, ૩૭૬, ૩૭૮, ૩૮૨, ૩૯૩ થી ૪૦૦, ૪૯૭, ૫૦૨ થી ૫૦૬, ૫૪૨
વલભીવંશ ૧૮૯, ૩૫૮, ૩૮૦ થી ૩૮૭, ૩૯૫ થી ૪૦૦, ૪૪૧ થી ૪૪૩, ૪૯૬, ૫૦૫, ૫૦૬, ૫૨૧
વલ્લભીવાચના ૩૯૧, ૪૪૮
વલભીસંવત્ ૩૭૮, ૩૭૯, ૩૮૧, ૩૮૭, ૩૯૬, ૩૯૭, ૪૪૨, ૪૯૭
વલહીલ ૨૧
વહોરા ૫૬૯, ૬૦૦
વાગ્દેવી પુત્ર ૫૧૧
વાચક ૩૬૨ થી ૩૬૮, ૪૮૪
વાચકવંશ ૧૭૯ થી ૨૧૦, ૨૧૩, ૨૨૧, ૨૨૪, ૨૨૯, ૨૪૪, ૨૪૫, ૨૫૯, ૨૬૦, ૨૬૧, ૨૭૨, ૨૯૪, ૩૦૨, ૩૦૩, ૩૦૭, ૩૩૯, ૩૪૧, ૩૬૪, ૩૬૬, ૪૧૪, ૪૫૦,
વાચનાચાર્ય ૧૭૯ થી ૨૧૦, ૨૨૧, ૨૨૯, ૨૭૬, ૨૯૪, ૨૯૭, ૩૦૩, ૩૦૫, ૩૬૨ થી ૩૬૮, ૪૧૪, ૪૩૮
વાણિજ્જકુલ ૧૭૭
વાત્સાયન ૩૬૨, ૩૬૩
વાદિકુંજરકેસરી ૫૩૩, ૫૩૭
વાદિદેવવંશ "દેવાચાર્ય" જુઓ
વાદિવેતાલ ૩૦૫, ૪૭૨, ૫૦૮
વાદીભસિંહ ૫૧૪
વાયડગચ્છ ૫૪૬, ૬૦૨, ૬૦૩, ૬૧૭
વાયડા ૫૪૬, ૬૦૨, ૬૦૩
વારસાહક ૬૦૬ થી ૬૦૯
વાલાકરાજ ૩૮૨, ૩૮૩
વાશિષ્ઠ ગોત્ર ૫, ૨૯૩
વાશિષ્ઠપુત્ર, ૩૫૩, ૩૫૪
વાસક્ષેપ ૨૭૫, ૫૭૧
વાસિઢિયા ૧૭૮
વાસુદેવ ૪૪, ૫૧, ૫૫, ૧૨૩, ૪૨૨, ૪૭૫
વિક્રમસંવત્ ૨૬૫ થી ૨૭૧, ૩૭૮, ૩૭૯, ૩૮૭, ૫૫૫
વિજયમત ૬૨૦
વિજ્જા( વિદ્યા ) હરી ૧૭૭, ૨૧૩ ૨૪૪, ૨૫૯, ૬૧૬,
વિટપકુલ ૪૪૯, ૪૫૦
વિદેહી ૧૧
વિદ્યાધન ૫૯૪
વિદ્યાધરવંશ ૧૭૯ થી ૧૯૦, ૨૨૮, ૨૨૯, ૨૩૭, ૨૪૪ થી ૨૪૬, ૨૫૯, ૪૮૨, ૪૮૯,
વિદ્યાધરગચ્છ ૨૨, ૨૪૪, ૨૫૯, ૨૬૦, ૩૦૫ ૩૦૬, ૪૦૦, ૪૪૬, ૪૯૮, ૬૧૭, ૬૧૮
વિદ્યાલંકાર ૧૬૩
વિદ્યાસિદ્ધ ૨૩૫, ૫૭૫
વિધિધરોદ્ધારક ૫૧૪
વિનયવાદ ૪૧૬
વિપુલ( બાદ્ધ )વાદ ૧૯૭
વિષકન્યા ૧૫૭
વિહરુક ૪૦૦ થી ૪૦૨, ૪૭૦
વીરભટ ૨૧
વીરસંવત ૨૬૫ થી ૨૭૧ ૩૮૨, ૪૦૮
વીરપંથી ૬૨૦


www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વીરાપંથી ૩૨૬, ૩૨૮
વેદવિશારદ ૯૮, ૧૧૨, ૧૨૧
વેદમુત્તા ૩૫
વેસવાડિયગણ ૭૭, ૧૭૭
વૈદિક ૬૪, ૧૫૮, ૨૧૯, ૨૫૫, ૨૮૦, ૩૫૭, ૩૬૩
વૈયાકરણ ૪૮૪
વૈશેષિક ૨૭૭, ૩૦૬, ૫૬૬
વૈષ્ણવ ૨૦૬, ૩૪૦
વ્યા૦ ચૂડામણિ ૫૬૬
વ્યાઘ્રાપત્ય ૨૧૧
શક ૨૬૪, ૨૬૮ થી ૨૭૧, ૩૫૨ થી ૩૫૮ ૩૭૬, ૬૦૧
શકવિજેતા ૨૬૨
શકસંવત્ ૨૬૮ થી ૨૭૧, ૩૦૭, ૩૫૨, ૩૭૮, ૩૭૯, ૪૫૧, ૫૧૯, ૫૩૫
શકારિ ૧૮૨, ૨૬૩
શરવાલ ૬૧૮
શહેનશાહ ૨૨૬, ૨૬૪
શાતકર્ણી ૨૬૩
શાર્દૂલ ૬૧૮
શાર્પેન્ટિયર ૨૬૭
શાહ ૫૫૬, ૬૦૦
શાહી ૨૨૫ થી ૨૨૮, ૨૬૪, ૩૫૨ થી ૩૫૮, ૩૯૫, ૬૦૧
શાંતિસ્નાત્ર ૨૩૧
શિલાદિત્યવંશ ૪૧૩
શિષ્યાનિષ્ફેટિકા ૨૭૨, ૩૦૮
શીસોદિઆ ૩૮૩, ૩૮૬ થી ૩૮૯, ૪૧૩, ૪૯૬, ૫૬૮, ૫૬૯, ૫૮૯, ૫૯૨, ૬૦૦, ૬૦૩
શુંગવંશ ૫૪, ૨૨૧, ૨૩૦, ૨૩૩, ૨૬૩, ૨૭૦, ૨૭૧, ૩૯૫
શુદ્ર ૮૭
શૂન્યવંશ ૨૭૦
શૂન્યવાદ ૧૯૭, ૧૯૮, ૨૬૬
શેઠ 'શ્રેષ્ઠી' જુઓ
શૈવ ૩૪૪, ૩૭૦, ૩૯૯, ૪૨૧, ૪૯૧, ૫૦૩, ૫૦૬, ૫૧૬, ૫૩૦, ૫૭૪, ૬૦૫, ૬૧૨
શ્રમણસંઘ ૨, ૧૩૨ થી ૧૩૪, ૧૩૬, ૧૫૩, ૧૭૯, ૨૧૨ થી ૨૧૭, ૨૩૦, (૨૩૬), ૨૪૯, ૩૦૨ થી ૩૦૪, ૩૧૩, ૩૪૭, ૩૫૭, ૩૯૦, ૩૯૯, ૪૫૦, (૫૦૬), ૫૬૮, ૬૦૬, ૬૦૯
શ્રાવસ્તિવંશ ૫૯૬ થી ૬૦૦
શ્રીપાલ ૨૧
શ્રીપૂજ ૪૭૦, ૫૧૬, ૫૨૦, ૫૬૮, ૫૬૯, ૬૦૦
શ્રીમાલી ૨૭, ૫૩, ૫૫, ૭૫, ૯૫ થી ૯૭, ૨૧૦, ૪૯૪ થી ૪૯૯, ૫૧૫, ૫૧૬, ૬૧૧, ૬૧૨
શ્રુતકેવલી ૧૧૮, ૧૨૪, ૧૩૪, ૧૩૬, ૧૩૭, ૧૪૯, ૧૬૦ થી ૧૬૨, ૨૦૫, ૨૪૫, ૨૫૭, ૨૯૨, ૩૬૪, ૪૮૪
શ્રુતહેમનિકષ ૫૮૯
શ્રેણુકા (સેણિયા) ૧૭૭, ૨૨૩, ૩૬૩
શ્રેષ્ઠી ૨૧, ૧૭૧, ૫૧૯, ૫૪૧
ષટકલ્યાણક ૬૧૮
ષડુલુક ૧૭૫, ૨૭૬

પાડિલ્લગચ્છ ૧૮૨, ૨૨૮ થી ૨૩૦, ૨૫૯, ૨૬૧, ૩૦૫, ૩૪૧, ૫૫૬ થી ૫૫૮, ૬૧૭, ૬૧૮
સખલેચા ૨૭
સમષ્ટિવાદ ૨૭૮
સમ્મેતિજજ ૧૭૮
સમૈયાપંથ ૩૨૯
સરસ્વતીકંઠા૦ ૪૬૮
સરાક (શરાક) ૨૦, ૫૦૨
સમ્રાટ ૨૩૧, ૨૬૨, ૨૬૪, ૨૬૬, ૨૭૦, ૩૯૫, ૪૨૯, ૪૩૯ થી ૪૪૩, ૪૪૮, ૪૫૭, ૫૯૦
સમ્મિતિ ૫૧૪, ૫૧૫, ૫૩૪
સંકાસીઆ ૧૭૮
સંઘપતિ ૩૨, ૩૩, ૯૬, (૬૦૦), ૬૦૪
સંજયી ૧૨, ૧૩
સંવત્સરપ્રવર્તક ૨૬૧ થી ૨૬૯
સંવત્સરી ૨૨૬ થી ૨૨૮, ૨૭૧ ૨૭૯, ૫૨૪
સંવિગ્નપાક્ષિક ૪૦૬
સંવેગી ૩૬, ૬૧૯
સાધુ ૫૧૭
સામુચ્છેદિક ૧૯૮
સાર્ધપૂનમિયા ૬૧૮
સાવત્થિયા ૧૭૭
સાવય (સુવ્વય) ૨૯૪
સાક્ષરી ૩૪૬
સાંખલા ૫૧૬
સાંખ્ય ૨૫૬, ૩૦૬, ૫૫૭, ૫૬૬
સાંડેરકગચ્છ ૩૮૭, ૪૯૬, ૫૪૩, ૫૬૮ થી ૫૭૩, ૫૯૩, ૬૦૦, ૬૦૧, ૬૦૫, ૬૧૮, ૬૧૯
સાંઢા ૩૬૧
સાંધિવિગ્રહિક ૧૦૩, ૧૦૪
સિક્કો ૫૪, ૨૦૧, ૨૦૨, ૩૫૫, ૪૪૨, ૪૪૮
સિદ્ધ(નાથ)માર્ગ ૧૯૭
સિદ્ધપુરુષ ૫૪૦, ૫૫૫
સિદ્ધસેનગચ્છ ૨૬૦, ૩૦૫, ૬૧૭
સિદ્ધાંતિક ૬૧૯
સિદ્ધાંતમહો૦ ૪૭૨
સિંહસંઘ ૩૨૬
સિંઘી ૬૦૦
સીલહર ૪૫૫
સુખિયા ૨૮
સુચંતી (સચેતી) ૨૧, ૨૭, ૨૮, ૫૨૦
સુતાર ૫૯૪
સુધેચા ૨૮
સુધર્મા ૬૧૯
સુરાણા ૫૧૬
સુરાણાગચ્છ ૫૧૪, ૫૧૬, ૬૧૮
સુલતાન ૩૭, ૫૨૦
સૂબો ૯૬, ૨૬૪, ૨૭૯, ૩૯૫ થી ૪૦૦, ૫૦૫, ૫૯૨, ૫૯૭
સૂર્યવંશ ૫૨, ૩૮૨, ૩૮૩, ૪૧૨, ૪૧૩, ૪૯૬, ૫૯૮, ૫૯૯
સેઠિયા ૨૮
સેનસંઘ ૩૨૬
સૈયદ ૫૯૯
સોઇત્તિઆ ૧૭૬
સોધંતીવાલ ૬૧૭
સોનાણા ૨૮
સોની ૫૭, ૬૦, ૫૧૬


जैन साइट JAINSITE .com जैनं जयति शासनम्

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સોનૈયા ૨૮
સોમનાથ ૫૮૩
સોમભૂય ૧૭૬
સોમવંશ ૫૯૯
સોરઠિયા ૧૭૮
સોલંકી "ચૌલુક્ય" જુઓ
**સ્ત્રી મુક્તિ** ૩૨૧ થી ૩૭૩
સ્થાગધર ૫૨૮
સ્થવિરકલ્પ ૧૭૧, ૧૮૦, ૨૧૩, ૩૧૩, ૪૨૪
સ્થાનકમાર્ગી ૩૬, ૧૧૬, ૨૩૧, ૩૬૭, ૬૨૦
સ્થૂલિભદ્ર ૫૪૨
સ્વયંબુદ્ધ ૧૯૨
હજામ ૮૭
હત્થુંડી ગચ્છ ૫૬૮, ૫૭૬ થી ૫૭૮, ૫૯૨ થી ૫૯૫, ૬૧૭
હત્થુંડિયા ૫૭૮, ૫૯૩, ૬૦૧
હત્થિલિજ્જ ૧૭૬
હરકુ ૩૩૬
હરખાવત ૫૫૬, ૬૦૦
હર્ષપુરીયગચ્છ ૫૪૨, ૫૬૭, ૫૬૮, ૫૯૦, ૬૧૭, ૬૧૮
હરિત ગોત્ર ૬
હરિવંશ ૪૪
હારિજગચ્છ ૩૨, ૪૫૨, ૫૧૮, ૪૫૨, ૬૧૮
હારિલ વંશ ૪૪૭ થી ૪૫૨, ૪૬૬, ૪૭૨, ૫૧૮, ૫૩૫, ૫૪૩, ૫૬૨, ૫૬૭, ૬૧૭, ૬૧૮
હારિયમાલા ૧૭૮
હાલિજ્જકુલ ૧૭૮
હિજરત ૩૩૬, ૪૨૧, ૫૦૨, ૫૦૩
હુમડ ૫૦૩
હુમાયુવિજેતા ૨૬૪
હૂણ ૧૮૬, ૧૯૪, ૨૩૦, ૩૮૯, ૩૯૦, ૪૦૭, ૪૩૯, ૪૪૦, ૪૪૮, ૫૯૦
હોયશલ ૪૫૪, ૪૫૫
હંસથર ૫૨૩
ક્ષણિકવાદ ૧૯૭, ૫૦૪
ક્ષત્રપકાળ ૩૩૪, ૩૯૪, ૩૯૭
ક્ષત્રપવંશ ૨૦૪, ૩૦૧, ૩૦૭, ૩૩૪, ૩૩૫, ૩૫૨ થી ૩૫૮, ૩૭૯, ૩૯૫ થી ૩૯૭
ક્ષપણક ૧૩, ૨૪૫

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## વર્ગ : ૬

# સ્થાનો

### દેશ, નગર, ગામ, પહાડ, નદી, વન, તીર્થ, ટીલા વગેરે

અર્બુદિલ ૨૦૪
અખાત ૨૩૧
અગાશી ૩૩૭
અચલપુર ૧૮૬, ૨૭૪
અજમેર ૨૮, ૭૫, ૧૭૪, ૨૨૦, ૨૩૧, ૩૫૨, ૫૦૯, ૫૧૩, ૫૯૫, ૬૦૦
અજયગઢ ૫૧૬
અજારા (અજયનગર) ૫૨
અટ્ઠાવય (અષ્ટાપદ) ૪૫, ૪૬, ૧૧૧, ૨૪૦, ૨૭૮, ૪૫૧, ૪૫૫, ૫૫૮, ૫૮૪, ૫૮૫, ૬૧૧, ૬૧૨
અડિસઢ્ઢા ૫૪
અણુકીટણુકી ૨૦૪
અણહિલપુર "પાટણ" જુઓ
અત્સ્ય (અચ્છ) ૧૦
અદ્દિકોટ ૫૪
અદ્દવિહાર ૪૨૦
અનાર્યદેશ ૮૫
અનુપૂંજય (અલંપર) ૩૮૫
અનુરાધપુર ૧૭
અપરાંત ૩૯૪
અપાપા "પાવાપુરી" જુઓ
અફઘાન ૧૭૪
અમદાવાદ ૫૭, ૯૬, ૩૮૭, ૪૭૨, ૫૬૯
અયવલ્લી ૨૦૪
અયોધ્યા ૬, ૧૦, ૪૬, ૨૩૭, ૫૬૯, ૫૯૮, ૬૦૦
અરયોજિયા ૧૬૦
અલત્તર ૧૦
અલકત ૪૫૪
અલ્લાહાબાદ ૩૯૬
અવધ ૧૦
અવંતી ૮, ૧૦, ૧૧, ૬૫, ૮૦ ૮૬, ૧૦૨, ૧૦૫, ૧૩૮, ૧૬૪, ૧૭૦ થી ૨૧૦, ૨૨૬, ૨૪૫ થી ૨૭૧, ૨૮૫ ૨૮૬, ૫૫૫
અશ્મક ૧૧
અશ્વાવબોધ ૫૧, ૧૭૮, ૨૩૪, ૨૩૫, ૪૦૬
અશોકકુંડ ૨૧૮
અષ્ટાપદાવતાર ૪૨૧, ૬૧૧, ૬૧૨
અષ્ટાદશશતી ૫૮૭
અહિછત્રા ૧૦, ૫૩, ૧૭૭, ૨૩૦, ૪૪૮,
અંકલેશ્વર ૫૨
અંગ ૭, ૮, ૧૦, ૧૧, ૮૪, ૧૦૨, ૧૧૮, ૧૩૮, ૨૧૯, ૪૫૭
અંતરિજિયા ૨૭૩, ૨૭૬
અંબરકોટ ૪૪૯
આકાશવપ્ર ૪૪૯
આણમતીર્થ ૪૪૪

જૈન સાઈટ JAINSITE.com જૈનં જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આગરા ૫૦, ૩૨૮, ૬૦૮
આઢ્યદેશ ૪૩૪
આણંદપુર ૧૮૯, ૩૮૪, ૩૮૮, ૪૩૯, ૪૪૨, ૪૪૪
આતપરા ૩૮૮
આદિત્યદેવ વાપી ૩૮૬
આનર્ત ૩૫૩, ૩૯૪, ૪૪૦, ૫૩૮
આનર્તપુર ૪૪૪
આબૂ ૨૬, ૨૭, ૨૯, ૩૨, ૯૬, ૨૦૮, ૨૭૫, ૩૦૬, ૩૯૪, ૫૧૭, ૫૨૨, ૫૨૩, ૫૮૫, ૫૮૭, ૬૦૦
આભપરા ૩૫૮
આભીરદેશ ૨૩૦, ૨૭૪
આમલકપ્પા ૮, ૧૬
આમવિહાર ૫૩૭, ૫૩૯
આર્દ્રદેશ ૧૦, ૧૧
આલમપુર ૫૪
આલેર ૪૫૬
આહડ (આઘાટ) ૨૨, ૩૮૯, ૫૭૧, ૫૭૨, ૫૭૬, ૫૮૯ થી ૫૯૧, ૫૯૫, ૬૦૪
આંધ્ર ૧૭૪, ૨૦૪, ૨૧૬, ૨૬૪, ૩૫૩, ૫૩૮
ઇટાલી ૪૩૯
ઇડર ૨૧૦, ૩૩૩, ૩૮૬
ઇરાન ૨૨૫, ૨૨૮, ૨૩૦, ૨૭૦, ૨૭૮, ૩૫૨ થી ૩૫૮, ૩૬૫, ૬૦૧
ઇલોરા (૨) ૫૯, ૨૦૦, ૨૦૪, ૨૦૬, ૨૧૦
ઇંગ્લૅંડ ૨૮૧
ઇંદ્રગિરિ ૩૩૭ થી ૩૩૯, ૫૨૨
ઇંદ્રાણીપદ્ર (ઈંટાળીયું) ૩૮૫
ઉચ્ચગાઝીખાન ૩૬૧
ઉચ્ચનગર ૩૧, ૨૨૩, ૨૩૦, ૨૩૧
ઉજળવાવ ૩૮૫, ૩૮૬
ઉજ્જયંતાવતાર ૫૭, ૨૧૪
ઉજ્જિંત "ગિરનાર" જુઓ
ઉજ્જૈન ૧૭, ૬૧, ૭૩, ૭૪, ૭૬, ૧૩૬, ૧૩૭, ૧૭૪ થી ૨૧૦, ૨૧૨, ૨૨૫ થી ૨૧૮, ૨૪૫ થી ૨૭૧, ૩૫૨, ૩૫૩, ૩૯૫, ૪૬૪, ૫૧૬, ૫૭૧
ઉડિષ્યા ૧૦, ૨૧૬, ૨૧૭, ૨૧૯
ઉદયગિરિ ૫૭, ૫૯, ૭૭, ૧૭૬, ૨૦૫, ૨૦૭, ૨૧૦, ૨૧૮, ૨૧૯, ૪૦૨, ૬૧૨, ૬૧૩
ઉદયપુર ૩૮૯, ૪૯૭, ૫૪૩
ઉદંડપુર ૪૨૦
ઉદ્યાનતીર્થ ૫૧
ઉના ૨૩૧
ઉપકેશનગર "ઓસિયા" જુઓ
ઉપાશ્રય ૫૧૪, ૫૪૮, ૫૫૧, ૫૬૪, ૫૭૪, ૫૮૧, ૫૮૪, ૫૮૫, ૬૦૬
ઉમરકોટ ૪૧૨, ૪૪૯, ૫૪૨
ઉરૂપી ૨૯૯
ઉલમાતીર ૧૯૯
ઉંબરણી ૩૨, ૫૮૫, ૫૮૭
ઊના ૫૩
ઋજુવાલુકા ૨, ૪૬, ૫૮
ઋષભપુર ૮
ઋષિકેશ ૫૬
એકલિંગ ૨૫૭, ૪૪૭

એરિયાઅન ૧૬૦
એલઉર (એલ્લુર–એલકપુર) ૫૯, ૬૦
એલકચ્છ (એલગચ્છ–એડકાક્ષ) ૫૯, ૬૦
એલિચપુર ૬૦
એશિયા ૩૫૬
એશિયામાઈનર ૨૮૩
એંશ્યંટ ઇંડિયા ૫૪
ઓખા ૩૪૦
ઓરિસા ૨૧૬, ૨૧૯
ઓસમ ૨૦૪, ૩૩૯
ઓસિયા, ૧૯, ૨૦, ૩૦, ૩૩, ૯૬, ૯૭
ઓંકારપુર ૨૪૦, ૨૪૪, ૨૫૨, ૨૫૩, ૨૬૨,
ઔરંગાબાદ ૨૦૪
કકિજ (કાનપુર) ૩૮૫
કચ્છ ૩૧, ૩૪, ૭૪, ૧૩૧, ૩૫૫ થી ૩૫૮, ૩૭૦, ૫૭૪
કટારી ૫૪
કટાક્ષતીર્થ ૨૩૦
કનકપુર ૮, ૨૧૪
કનકસુર ૪૩૯
કનકાચલ ૩૪૯
કનોજ ૨૨, ૨૬૩, ૩૫૦, ૪૪૦, ૪૯૩, ૫૦૮, ૫૨૬ થી ૫૪૧ ૫૫૫, ૫૯૨, ૫૯૯
કન્ના (કૃષ્ણા) 'કૃષ્ણા' જુઓ
કપિલવસ્તુ ૨૭૮
કમ ૬૮૦
કમલનેર ૨૧૦
કરણસાગર ૫૨૨
કરહેડા ૫૦૩, ૫૪૩, ૫૭૧, ૬૦૬
કરાડ ૩૪૪
કરોલી ૫૯૧
કર્ણાટક ૩૧, ૧૭૪, ૨૨૩, ૨૯૨, ૩૩૦, ૩૫૪, ૪૫૪, ૪૫૫
કર્ણાજતી ૬૦૧
કર્માંરગ્રામ ૨૪૭, ૨૬૨
કલકત્તા ૫૨૨
કલિંગ ૧૦, ૫૭, ૧૬૪, ૧૮૨, ૨૧૦ થી ૨૧૯, ૨૭૦, ૨૮૮, ૨૯૮, ૩૫૭, ૫૩૮
કલિંગનગર ૨૧૯
કલ્યાણપુર ૨૬૪
કલ્યાણીનગર ૩૨૭, ૪૫૩ થી ૪૫૬, ૫૦૫
કવિલાણ ૫૭૧, ૬૦૪
કસેરુમતી ૬૧૫
કંકાલી ટીલા ૫૦, ૧૭૫
કંડપ્રદેશ ૪૬૪
કંદહાર ૧૬૦, ૧૬૭, ૪૪૦
કંપિલ ૭, ૧૦, ૪૬, ૨૮૯
કંબોઈ તીર્થ ૫૬, ૫૭૦
કંબોજ ૧૧
કાકર ૩૭, ૪૯૯
કાકંદી ૪૬, ૨૧૧
કાચનું મંદિર ૫૨૨
કાઠિયાવાડ ૧૦, ૧૭૪, ૩૩૪, ૩૫૨, ૩૫૫ થી ૩૫૮, ૩૯૪ થી ૪૦૦, ૫૪૦
કાન્હેર ગુફા ૩૫૪
કાપરડા ૬૦૮
કાબુલ ૧૬૦, ૧૬૭

કામરૂદેશ ૨૪૮
કાયંદ્રા ૯૫
કારૂસા ૨૦૪
કાર્દમ ૨૩૫
કાર્લે ૨૦૬
કાલવંમ ૫૩૪
કાશી ૧૦ થી ૧૨, ૬૫, ૮૪, ૧૦૨, ૧૩૮, ૨૭૮, ૩૪૭, ૩૯૬, ૪૫૮ થી ૪૬૦
કાશ્મીર ૯૫, ૨૩૧, ૪૪૦, ૪૬૦
કાષ્ઠપ્રાસાદ ૫૫૯
કાસદ્રહ (કાસંદ્રા) ૩૯૯
કાંગડા ૫૦૮
કાંચનપુર ૧૦
કાંચી ૩૪૪, ૩૯૬
કિરાત ૫૩૮
કીર્તિસ્તંભ, ૩૯૬, ૫૪૦, ૬૦૪
કુકુપ ૫૯૬
કુચેરા ૫૪૨, ૫૯૨
કુણાલ ૧૧
કુણાલસ્તૂપ ૪૭, ૨૦૦, ૨૩૦
કુત્રિકાપણ ૬૪
કુમારગિરિ ૫૭, ૨૧૧ થી ૨૧૭, ૩૯૨, ૫૦૪
કુમારીગિરિ ૫૭, ૨૧૨ થી ૨૧૭
કુરુ ૭, ૮, ૧૦, ૧૧
કુલ્યપાક "કુલ્પાક" જુઓ
કુલ્પાક ૪૭, ૪૫૩ થી ૪૫૬, ૫૨૨, ૬૦૮
કુશાર્ત ૧૦
કુસુમપુર ૮૦
કુંડ ૫૨૨, ૫૨૩
કુંડગ્રામ ૨, ૮, ૧૫, ૫૮
કુંડપુર ૩૧૭
કુંતલ ૪૩૪
કુંભારિયા ૩૨
કૃષ્ણાનદી ૨૦૪, ૨૧૭, ૨૭૪, ૨૭૫
કેદાર ૫૬
કેવલાસ્થલી ૪૫૨
કેશરબાગ ૫૦, ૨૨૨
કેશરિયાજી ૬૦૭, ૬૦૮
કૈકય ૮, ૧૧
કોટડા ૪૧૩
કોટા ૨૦૫, થી ૨૦૭
કોટિવર્ષ ૧૧, ૧૩૬, ૩૩૬, ૫૦૩
કોટિશલા ૨૩૨
કોટ્યાર્ક ૫૦૩
કોડાય ૧૩૧
કોડિએલગીલ ૩૩૮
કોડીનાર ૪૮
કોરંટા ૧૮, ૧૯, ૨૦
કોલિ ૫૨૩
કોલ્લાક ૪
કોલ્હાપુર ૨૯૯
કોશલ ૮, ૧૦, ૧૧, ૬૫, ૮૪, ૧૦૨, ૧૩૮, ૬૦૦
કોશલા ૨૪૫
કોંકણ ૩૫૩, ૪૫૪
કોંસ્તંતિનોપલ ૨૮૧
કૌશાંબી (કોસમ) ૧૦, ૧૧, ૪૬, ૭૩, ૭૪, ૭૬, ૮૪, ૧૦૨, ૧૭૨, ૪૧૯
ખજવાના ૧૮

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ખટ્ટકૂપ "ખાટૂ" જુઓ
ખંડગિરિ ૫૭, ૨૧, ૨૧૬, ૨૧૭, ૨૧૮
ખંભાત ૨૨, ૨૫, ૩૨, ૩૩, ૫૬, ૨૩૧, ૨૪૨, ૩૭૫, ૩૭૬, ૩૮૨
ખાનદેશ ૧૦, ૨૦૪
ખાટૂ ૧૮, ૨૨, ૨૩, ૫૧૮
ખેડબ્રહ્મા ૫૭૩, ૬૦૫
ખેડા ૩૭૫, ૩૮૧, ૩૮૩, ૩૮૫, ૫૦૫
ગજની ૩૯૩
ગજપુર "હસ્તિનાપુર" જુઓ
ગયગ્ગ(ગજ)પદ ૪૫, ૫૯, ૬૦, ૧૭૫
ગયા ૫૦૪
ગંગાનદી ૭૯, ૯૮, ૧૦૩, ૧૪૦ થી ૧૪૨, ૨૧૬, ૨૩૮, ૨૩૯, ૪૨૭, ૬૧૧, ૬૧૨
ગંધાર ૧૧, ૩૯૯
ગાયની ૩૮૨
ગારૂલા ૪૫૨
ગંભૂ ૯૫, ૪૯૮, ૫૬૨, ૫૬૭
ગિરનાર ૨૩, ૩૩, ૪૫, ૪૬, ૪૮, ૫૭, ૨૧૦, ૨૪૦, ૨૪૧, ૨૫૩, ૨૬૦, ૨૮૮, ૨૯૯, ૩૦૦ ૩૩૪, ૩૩૫, ૩૪૩, ૩૫૩, ૩૫૭, ૩૬૧, ૩૯૫, ૪૪૫, ૪૪૬, ૪૭૨, ૫૧૦, ૫૧૪, ૫૨૨, ૫૩૧ થી ૫૩૪, ૫૬૭, ૫૫૮, ૫૭૧ થી ૫૭૬, ૬૦૪ થી ૬૦૭
ગિરિ (લંકા) ૧૭
ગુજરાત (ગુર્જર) ૨૪, ૩૦, ૩૭, ૬૨, ૭૫, ૯૫, ૯૭, ૧૭૪, ૨૩૨, ૩૦૫, ૩૩૬, ૩૯૯, ૩૫૨, ૩૫૫, ૩૭૯, ૩૯૪ થી ૪૦૦, ૪૬૯, ૪૭૨, ૪૯૩ થી ૪૯૯, ૫૦૨, ૫૦૫, ૫૧૩, ૫૨૨, ૫૩૬, ૫૩૯, ૫૪૦, ૫૪૬, ૫૫૯, ૫૬૧, ૫૮૩, ૫૮૫, ૫૯૫, ૬૦૧
ગુજરાનવાલા ૨૩૨
ગુડપિંડ ૫૭૯, ૬૦૪
ગુડશસ્ત્ર ૨૩૧ થી ૨૩૫
ગુણયાજી ૫૯, ૬૨, ૫૫૨
ગુફા ૫૭, ૭૪, ૭૮, ૧૩૪, ૧૭૬, ૨૦૪ થી ૨૧૮, ૨૪૦, ૩૩૪, ૩૩૫, ૩૩૯, ૩૫૪ થી ૩૫૮, ૩૭૨, ૪૦૨, ૪૯૬, ૫૭૪, ૫૭૮, ૬૧૩
ગુરુમંદિર ૫૭૮, ૬૦૪
ગુહિલવિહાર ૪૭૧, ૪૯૬
ગોકીર્ણ ૨૯૯
ગોકુલ ૫૩૧
ગોધરા ૩૨, ૩૮૫, ૫૦૫
ગોભદ્ર ૫૧૫
ગોબ્બર ૨, ૩, ૪
ગોમુખકુંડ ૪૯૬
ગોરખપુર ૩૯૬, ૫૯૯
ગોલવાડ ૫૯૨, ૬૦૪
ગોલ્લ (ગૌડ) ૧૬૬
ગોપ્પતીર્થ ૨૯૯
ગોંડલ ૩૪૦, ૫૩૧
ગોંડા ૫૯૮, ૫૯૯
ગૌડદેશ ૨૪૫, ૫૨૭, ૫૨૯, ૫૩૭


www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ગ્રંથભંડાર ૫૦૩, ૫૪૨, ૫૪૩
ગ્રીક ૧૬૩, ૨૮૧
ગ્વાલિયર ૨૩૧, ૫૦૭, ૫૧૯, ૫૨૬, ૫૩૧, ૫૩૩, ૫૩૭, ૫૪૦, ૫૪૫, ૫૫૭, ૬૦૪
ઘટિયાલા ૫૩૯
ઘંટનું શહેર ૨૦૬
ઘાણેરાવ ૬૦૬
ઘાસોઈ ૨૭૭
ઘંઘાણી ૯૭, ૧૦૭, ૨૦૦, ૨૧૦, ૫૬૧
ઘીવામંડી ૫૦
ઘૃતવહિ ૬૨
ઘુમલી ૩૫૩, ૩૫૭, ૩૫૮, ૩૯૫, ૩૯૯
ઘોઘા ૩૮૫, ૫૨૪
ચચપુર "ચાચર" જુઓ
ચણુક ૧૬૬
ચમરુપ્પાય ૪૫
ચમારલેન ૨૦૪
ચભાડિયા ૩૮૬
ચદેરી ૨૨૪
ચંદ્રગિરિ ૧૭૩, ૧૬૨, ૨૯૨, ૩૩૦, ૩૩૮
ચંદ્રગિરિગુફા ૪૮
ચંદ્રપુરી ૪૬
ચંદ્રપ્રભબોધિ૦ ૪૭
ચંદ્રાવતી ૧૮, ૨૪, ૨૬, ૨૯, ૨૦૫થી ૨૦૭, ૨૦૯, ૩૯૪, ૫૯૭, ૫૯૯
ચંદ્રિકાપુરી ૫૯૮
ચંપા ૮, ૧૦, ૧૬, ૪૬, ૪૯, ૬૦, ૮૩ થી ૮૫, ૧૧૧, ૧૧૨, ૪૨૦
ચંપાનાલા "ચંપા" જુઓ
ચંબલ ૨૦૫થી ૨૦૯
ચાચર ૪૪૧, ૫૯૦
ચાડ ૬૧૧, ૬૧૨
ચાણુસમા ૩૨, ૪૫૨
ચારૂપતીર્થ ૫૬, ૨૪૨, ૫૫૭
ચાંપાનેર ૪૯૭
ચિતોડ ૨૩, ૩૩, ૨૨૧, ૨૪૭, ૩૮૬, ૩૮૭, ૪૧૩, ૪૭૧ થી ૪૮૨, ૪૯૬, ૫૦૭, ૫૦૮, ૫૪૧ થી ૫૪૫, ૫૬૬, ૫૬૭, ૫૭૮, ૫૭૯, ૫૮૯ થી ૫૯૨, ૬૦૦, ૬૦૪, ૬૦૬
ચીન ૧૭૪, ૨૨૧, ૪૩૯, ૫૯૬, ૫૯૭
ચીન૦દીવાલ ૪૩૯
ચેઈય–ચેતિય–ચૈત્ય ૬૦, ૭૬, ૧૩૭
ચેદી (ચદેરી) ૧૦, ૧૧
ચોતરો ૫૩
ચોરાશીમંદિર ૫૦, ૩૯૧
ચોરસરી ૩૮૫
છત્તીસગઢ ૧૦, ૬૦
છપારા ૫૩૭
છાયાગત ૫૯૬
છીપાવસહી ૬૦૨
જગદ્દેવાલય ૩૪૦
જગન્નાથપુરી ૫૭, ૨૧૯, ૨૮૮, ૨૯૮, ૨૯૯, ૫૦૪
જનકપુર ૧૦
જબલપુર ૫૩૭
જમાલગંજ ૨૦૪
જમ્મુ ૪૪૧
જયપુર ૧૦, ૮૯, ૩૨૯, ૪૭૦


www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જયસિંહપુર ૩૨
જલકુંડ ૫૨૨
જલમંદિર ૪૯, ૬૨, ૫૨૨
જંગલદેશ ૧૦
જંબૂદ્વીપ ૨૮૮
જાપાન ૪૩૯
જાલોર ૩૧, ૯૬, ૩૪૯, ૪૫૧, ૪૭૩,
૫૩૫, ૫૪૨, ૫૮૬
જાહવાજી ૬૦૫
જામનગર ૩૫૮
જીરાવલા ૫૨૧
જુનાગઢ ૩૩, ૩૩૪, ૩૩૫, ૩૩૯,
૩૫૭, ૩૭૫
જુન્નેર ૩૯૬
જેખલ ૬૦૪, ૬૦૫
જેતવન ૫૯૭
જેરૂસલેમ ૨૭૮
જેસલમેર ૨૬, ૨૬૦, ૩૦૫, ૫૨૧
જૈનગુફા ૪૯૬, ૬૧૩,
જૈનધર્મપ્રચારકસભા ૨૫૫, ૪૦૯
જૈનસ્તૂપ ૨૧૭, ૫૪૬, ૬૧૩
જૈનસ્તંભ ૬૦૩, ૬૦૪
જોધપુર ૩૪
જ્યેષ્ઠાનગર ૫૧૬
ઝરણું ૫૨૨
ઝંગ ૪૪૧
ઝાલરાપટ્ટણ "પટ્ટણ" જુઓ
ઝીંઝુવાડા ૩૭, ૫૫, ૫૧૨, ૫૧૪
ટીલો ૫૦, ૫૪, ૧૭૫, ૨૦૫, ૨૩૦,
૩૮૫, ૪૪૧, ૪૫૨, ૫૯૯
ટક્ક ૩૪૪
ડંભરેલા ૨૯
ડાકોર ૫૮૨
ડીસા ૫૪૬, ૬૦૨
ડૂંભાઉંધી ૫૨૪, ૫૨૫
ડેક્કન કોલેજ ૩૩૬
ડેંડવાનક ૫૪૦
ડોસરેન ૬૦
ડોમનગઢ ૫૯૯
ડોમરિઆડીહ ૫૯૯
ઢેલડિયા ૬૦૦
ઢંકગિરિ ૨૦૪, ૩૩૪ થી ૩૩૬
ઢંકનગર (ઢાંક) ૨૪૧, ૩૩૫, ૩૫૮
ઢીંપુરીતીર્થ ૨૦૭ થી ૨૦૯
તપેશ્વર મંદિર ૫૭૩
તરીમતુર ૪૩૯
તલવાડા ૪૪૧, ૫૦૬, ૫૦૭, ૫૧૦,
૫૯૦, ૬૦૪
તળેડી ૨૪૧, ૩૩૪, ૫૩૨, ૫૯૦,
૬૦૫, ૬૦૬
તહનગઢ ૫૦૭, ૫૦૮, ૫૯૧
તક્ષશિલા ૪૫, ૪૭, ૨૦૦, ૨૩૦,
૨૮૯, ૩૫૯ થી ૩૬૧, ૪૪૧
તંદુકવન ૨૭૩, ૨૮૪
તામિલ ૧૭૪
તામ્રલિપ્રી (તામલુક) ૧૦, ૧૩૬
તારંગાતીર્થ ૨૩૨, ૨૩૫, ૬૦૪
તારાપુર ૨૩૨
તાલધ્વજ ૪૮, ૨૦૪, ૩૩૬, ૩૩૫
તિબેટ ૧૬૩, ૨૦૧, ૪૪૦
તિલતિલપટ્ટણ ૩૩૫
તિલંગ ૩૧, ૩૪
તીરવાડા ૩૭
તુંગી ૨૯૦, ૪૨૦


www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તુંગીક ૬
તુંબવન ૨૭૩, ૨૮૪
તુરમણી ૪૦૭, ૪૪૦, ૪૪૧
તુરુષ્ક ૫૩૮
ત્રિકુટ ૩૯૬
ત્રિભુવનગિરિ "તહનગઢ" જુઓ
ત્રૈલોક્યદીપક ૩૮૯
થરા ૫૮૨, ૫૮૩, ૫૮૭
થરાદ ૩૩૬, ૩૩૭, ૪૭૨, ૫૦૬, ૫૪૫, ૫૮૧, ૫૮૨
થાણેશ્વર ૪૬૪
થાંભણા ૨૪૨, ૩૭૫, ૩૭૯, ૩૮૦
થાંભલો "સ્તંભ" જુઓ.
થુણા ૧૧
દડવા ૩૮૫, ૩૮૬
દદ્દવાપી ૩૮૬
દશપુર ૨૯૯, ૩૦૭, ૩૪૪, ૫૬૯
દશાર્ણ ૭, ૧૦, ૫૯, ૬૦, ૭૬, ૭૭, ૧૭૫, ૨૦૭
દશાર્હમંડપ ૨૪૧
દસાન નદી ૬૦
દક્ષિણ ૪૭, ૧૨૦, ૧૩૬, ૧૩૭, ૧૬૧, ૧૬૨, ૧૮૬, ૧૮૭, ૨૦૦, ૨૦૪, ૨૨૩, ૨૨૭, ૨૫૭, ૨૮૯, ૨૯૨, ૨૯૯, ૩૦૨, ૩૩૭ થી ૩૩૯, ૩૫૩, ૩૫૪, ૩૮૧, ૩૯૬, ૪૩૪, ૪૪૦, ૪૫૬, ૫૩૩, ૫૩૫
દાત્રેટિયું ૩૮૫
દામોદર ૫૩૨
દિયાણા ૬૧, ૫૦૨
દિલ્હી ૩૪, ૨૩૧, ૩૨૮, ૪૬૪
દીન્નાનાક ૩૮૫
દીવ ૫૨, ૫૨૪
દુહુવિહાર ૩૮૫, ૩૮૬, ૪૪૨
દુદાધાર ૩૮૫
દુર્વાંતધી ૨૩૧, ૫૨૪
દુલવા ૨૩૧, ૫૨૪
દુગ્ગાસૂઅ ૩૫૦
દેટકહાર ૩૮૫
દેરાઉલ ૩૬૧
દેલવાડા ૩૪૦, ૫૧૭, ૫૨૪
દેવપત્તન 'પ્રભાસ' જુઓ
દેસુરી ૬૦૬
દોલતાબાદ ૩૩, ૫૩૪
દંડક ૫૯૭
દ્રવિડ ૧૦, ૨૦૪, ૩૧૭, ૩૨૭, ૩૩૮
દ્વારવતી "દ્વારકા" જુઓ
દ્વારકા ૧૦, ૪૬, ૨૪૧, ૩૪૦, ૪૨૨ ૫૩૨
ધમ્મચક્ક (ધર્મચક્ર) "તક્ષશિલા" જુઓ
ધવલી ૨૧૮
ધસાન નદી ૬૦
ધારા ૨૨૪, ૫૦૮, ૫૧૫, ૫૭૮, ૫૭૯
ધુમનાર ૨૦૫ થી ૨૦૯
ધોળકા ૩૮૨, ૫૧૨
ધંધૂકા ૫૨૪
ધ્યાનચક્ર ૨૩૦
નર્દનગર ૩૧
નગરતાલુ ૩૬૪
નડિયાદ ૫૫
નહુલદેશ ૩૪૮, ૩૪૯

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

નદ્દીય ૩૮૫
નરસિંગપુર ૨૧૮, ૪૧૨
નરાવમંજ ૫૯૯
નર્મદા ૫૧
નવાણિયું ૩૮૫
નહેર ૧૦૩
નંદીપુર ૧૦
નંદીશ્વર ૪૫, ૪૨૫
નાગદા ૨૦૭, ૨૫૩, ૪૧૩, ૪૪૩, ૬૦૭
નાગપુર (નાગોર) ૩૦૬
નાગોર ૨૩, ૨૪, ૨૮, ૧૯૭, ૩૬૯, ૫૦૫, ૫૧૩, ૫૧૯, ૫૪૧, ૫૪૨, ૫૫૫, ૫૬૦
નાડલાઈ ૫૬૮ થી ૫૭૩, ૬૦૪ થી ૬૦૬
નાડોલ ૩૫૯, ૩૬૦, ૩૮૨, ૪૬૫, ૫૭૬, ૫૯૩, ૬૦૧, ૬૦૪, ૬૦૬
નાણા ૬૧, ૫૦૨
નારાયણ ૬૬
નાલંદા ૫૯, ૬૩, ૮૨, ૪૨૦
નાલીયેરી ૨૪૬
નાંદિયા ૬૧, ૨૧૦, ૪૫૭, ૫૦૨
નિઝામ ૪૫૫, ૪૫૬
નિર્ગ્રન્થવિહાર ૨૦૫
નિસિયાજી ૪૦૨
નીરતિગ્રામ ૯૬
નેપાલ ૧૫૧, ૧૩૨, ૧૩૩, ૧૫૨, ૧૭૪, ૫૯૮
ન્યગ્રોધિકા ૩૬૨, ૩૬૩
પટણા ૫૯, ૬૨, ૭૮ થી ૮૧, ૮૫ થી ૮૮, ૯૮ થી ૧૦૫, ૧૧૧, ૧૧૭, ૧૨૫, ૧૩૧, થી ૧૩૪, ૧૩૮ થી ૧૫૨, ૧૫૭, ૧૫૮, ૧૬૪, ૧૬૫, ૧૬૭, ૧૭૦ થી ૨૧૦, ૨૧૨ થી ૨૧૭, ૨૩૩, ૨૩૮, ૨૪૪, ૨૬૨, ૨૬૬ થી ૨૭૧, ૨૮૭, ૩૦૭, ૩૪૪, ૫૩૮, ૬૧૧
પદ્દણ ૬૦, ૨૦૫, ૨૦૬
પદ્દી ૪૦૧
પતિયાલા ૨૩૨
પત્થરચટ્ટા ૪૨૦
પદ્મિનીખંડ ૧૮૩
પરમાઃ ૫૫૬, ૬૦૦
પપનાખા ૨૩૨
પરોપનિસદૈ ૧૬૦
પલાઈ ૫૭૦
પવ્વઈયા (પાર્વતિકા) ૨૩૦, ૪૦૭, ૪૪૧, ૫૯૦
પસરૂર ૨૩૨
પહાડપુર ૧૩૬, ૨૦૪, ૨૦૫
પંચનદ ૨૮
પંચાસર ૩૭૬, ૩૭૯, ૪૬૯, ૪૯૪ થી ૪૯૫, ૫૦૨, ૫૦૫, ૫૨૫, ૫૪૨
પંજાબ ૧૧, ૧૩૨, ૨૧૨, ૨૨૫, ૨૩૦ થી ૨૩૨, ૩૫૩, ૩૬૧, ૫૨૪, ૫૯૦, ૬૦૨
પંઢરપુર ૨૯૯
પંપાસર ૨૯૯
પાકિસ્તાન ૪૭, ૨૦૦
પાટડી ૫૧૪

પાટણ ( ગુ ) ૨૭, ૨૮, ૩૪, ૫૬, ૯૫, ૨૪૨, ૩૦૬, ૩૫૦, ૩૭૬, ૩૭૯, ૪૬૯ થી ૪૭૧, ૪૯૩ થી ૪૯૯, ૫૦૫, ૫૦૬, ૫૧૬, ૫૨૦, ૫૨૪, ૫૩૧, ૫૩૩, ૫૩૫, ૫૩૭, ૫૪૨, ૫૫૭, ૫૫૮, ૫૭૦, ૫૭૧, ૫૩૮ થી ૫૮૭
પાદલિપ્તપુર "પાલીતાણા" જુઓ
પાડલા ૫૨૫
પાડલિપુર ૫૨૫
પાનસર ૬૨
પારસકુલ ૨૬૪
પાલનપુર ૩૦, ૩૧, ૫૧૭
પાલી ૫૫૭, ૫૭૧, ૫૭૪, ૫૭૬
પાલીતાણા ૨૪૧
પાવાગઢ ૨૧૦
પાવાપુરી ૩, ૮, ૧૧, ૧૨, ૩૯, ૪૬, ૫૮, ૬૨, ૫૨૨
પાળિયો ૬૦૨
પાંચાલ ( પ્રેમ ) ૧૦, ૧૧, ૫૪
પાંડ્યદેશ ૨૬૭
પિર્વગુઈ ૪૮૦
પિપળી ૩૮૫
પિંપ્પળીયો કૂવો ૫૯૫
પિપ્પલાનક ૫૫૧
પીરપંજાલ ૨૩૧
પીંડવાડા ૪૬૭, ૫૭૦
પુરી ૬૨, "જગન્નાથપુરી" જુઓ
પુષ્કરણી ૩૨
પુષ્પિલક ૩૮૫
પુષ્પમાલ "ભિન્નમાલ" જુઓ
પુષ્પપુર ( ભદ ) ૭૮ થી ૮૧
પૂર્ણભદ્રચૈત્ય ૧૧૧
પૂર્ણાનદી ૨૭૪, ૨૭૫
પૂર્વદેશ ૬૧, ૫૦૩, ૫૪૫, ૬૦૭
પૂર્વાઘાટ ૧૦
પોરબંદર ૩૫૮
પોલાસપુર ૭, ૮
પાંડ્રવર્ધન "પહાડપુર" જુઓ
પ્રતિષ્ઠાન (પેંઠણ) ૧૨૦, ૧૨૫, ૨૨૭, ૨૪૨, ૨૪૪, ૨૫૭, ૨૬૨, ૨૭૧
પ્રભાસ ૪૮, ૨૦૦, ૨૧૦, ૩૫૦, ૩૭૦, ૩૭૫, ૩૯૯, ૪૯૫, ૫૩૨, ૫૪૯, ૫૭૪
પ્રયાગ ૧૦, ૬૨, ૭૯
પ્રાશપુર ૨૩૫
ફલોધિ ૩૫
ફલ્ગુતીર્થ ૨૯૯
ફારસ ૪૩૯, ૪૪૦
ફૈઝાબાદ ૫૯૮, ૫૯૯
બકોદિલા ૧૧
બડલી ૭૫, ૧૭૪
બદરી ૫૬, ૫૦૪
બદ્રી ૫૯૮
બનારસ ૭, ૧૦, ૪૬, ૩૪૪
બરડો ૩૩૬, ૩૫૭, ૩૫૮, ૩૭૨, ૩૯૯
બરેલી ૫૫
બર્મા ૧૭૪
બલરામપુર ૫૯૮
બલાનક ૫૫૮
બહરાયામ ૫૯૮
બહાડમેર ૪૧૩
બહુમૂલ્ય ૩૮૫

જૈન સાઈટ JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્

બંગ (બંગાળ) ૧૦, ૮૪, ૧૦૨, ૧૮૪, ૨૦૪, ૨૧૯, ૩૫૭, ૩૯૬, ૫૦૨, ૫૩૮
બાનગઢ ૧૧
બામણવાડા ૪૫૭, ૫૦૨
બારેજા ૩૭
બાલી ૩૮૨, ૫૭૮, ૫૯૨, ૫૯૩, ૬૦૧
બાવનવિગહા ૪૨૦
બાંકીપુર ૩૮૯
બિહાર ૬૨, ૩૯૬, ૪૨૦
બિકાનેર ૩૪, ૩૫, ૪૭૦
બુંદેલખંડ ૪૪૦
બુંદી ૨૦૫
બેટ ૨૭૪, ૫૩૨
બેટદ્વારકા ૫૩૫
બેટવાનદી ૬૦, ૭૪
બેન્નાતટ ૮૧, ૮૪
બેસનગર ૬૧૬
બોગરા ૨૦૪
બૌદ્ધ ૨૧૮
બૌદ્ધમઠ ૨૩૪
બ્રમિલક ૩૮૫
બ્રહ્મદ્વીપ (બરનાવા) ૨૩૦, ૨૭૫
બ્રહ્મપુરી ૪૮૦, ૬૦૨, ૬૦૩
બ્રહ્મભુવન ૫૫૨, ૫૫૩
બ્રાકર ૫૮
બ્રાહ્મણકુંડ ૫૮
બ્રાહ્મણવાડા ૩૨, ૬૧, ૨૧૦
ભટનેરા ૨૩૦
ભટેવર ૪૭૧, ૪૯૬, ૫૪૨
ભદ્દૈની ૪૬
ભદ્દલપુર ૪૬, ૬૬, ૭૭, ૧૩૭, ૧૭૬
ભદ્દિલપુર ૧૦, ૪૬
ભદ્રાણક ૩૮૫
ભદ્રેશ્વર ૭૩, ૭૪, ૨૬૫
ભરતપુર ૩૩
ભરૂચ ૨૬, ૫૧, ૫૨, ૧૭૮, ૨૨૬, ૨૩૧ થી ૨૩૫, ૨૪૦, ૨૪૧, ૨૪૪, ૨૪૬, ૨૬૨ થી ૨૬૫, ૩૭૧ થી ૩૮૧, ૩૯૭, ૫૦૫, ૫૩૫, ૫૫૯, ૬૦૪, ૬૧૪, ૬૧૫
ભંગલપુર ૪૨૦
ભંગી ૧૧
ભાઇલ્લ ૭૭
ભાગલપુર ૧૧૨, ૪૨૦, ૬૧૧, ૬૧૨
ભાણવડ ૩૫૮
ભાદ્રપદ ૭૭
ભામેર ૨૦૪
ભાયણાદેશ ૩૦
ભારત ૩૯, ૧૦૧, ૧૩૨, ૧૩૬, ૧૩૮, ૧૬૪, ૧૭૦, ૨૦૦, ૨૧૭, ૨૧૯, ૨૨૧, ૨૫૩, ૨૬૮, ૨૭૭, ૨૮૯, ૨૯૫, ૨૯૯, ૩૧૨, ૩૮૧, ૩૯૦, ૩૯૯, ૪૪૦, ૪૫૮, ૫૦૨ થી ૫૦૪, ૬૦૧,
ભાલેજ ૫૧૨
ભાવનગર ૪૦૯
ભાસ્કર મંદિર ૨૧૮
ભાંદક ૫૨૨
ભિન્નમાલ ૧૮, ૧૯, ૨૫, ૨૯, ૬૧, ૯૪ થી ૯૭, ૩૩૭, ૩૫૧, ૩૭૬, ૩૯૯, ૪૪૮, ૪૬૪,


JAINSITE.com जैन साइट જૈનં જયતુ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૪૯૮, ૫૦૨, ૫૦૫, ૫૦૬, ૫૧૯, ૫૩૪ થી ૫૩૬, ૫૪૨, ૫૪૫, ૫૬૩ થી ૫૬૬, ૫૮૦, ૫૮૬
ભીમકુંડ ૩૨૯, ૫૨૨
ભીમગદા ૫૪૦
ભીમડી ૩૩૬
ભીમઅજાર ૨૦૬
ભીલ્સા ૬૦, ૭૪ થી ૭૭, ૨૦૭, ૪૦૨
ભુક્તિનગર ૫૯૩,
ભુવનેશ્વર ૨૦૫, ૨૧૮, ૨૧૯, ૫૦૪
ભૂજ ૩૫૭
ભૂજપર ૭૨
ભૂતાન ૧૭૪
ભૃગુકચ્છ } "ભરૂચ" જુઓ
ભૃગુપુર }
ભેરા ૧૧
ભેસર ૫૭૧, ૬૦૪
ભોપાલ ૬૦
ભોંયરું ૬૦૬
મગટોડા ૫૩૩, ૫૩૭
મગધ ૮, ૧૦, ૧૧, ૬૩, ૬૪, ૮૧ થી ૮૮, ૮૯, ૯૮ થી ૧૧૭, ૧૩૦ થી ૧૫૪, ૧૫૮, ૧૫૯, ૧૬૫, ૧૭૦, ૨૧૪ થી ૨૧૭, ૨૬૮, ૪૨૩, ૪૩૪, ૫૦૩, ૫૦૪, ૫૪૬
મજ્ઝિમિકા ૭૫, ૨૨૦, ૨૨૧, ૫૪૨
મડાર ૪૫૧
મણુંદ ૫૭૦
મત્સ્ય ૧૦, ૧૧, ૪૪૦, ૫૩૮
મદુરા (મથુરા) ૭૮, ૩૧૭, ૩૨૭, ૩૨૮, ૩૩૮
મદુવા ૪૫૧,
મધુવન ૫૮
મધ્યપ્રદેશ ૪૪૦, ૪૫૯, ૬૦૧
મથુરા ૧૧, ૨૩, ૨૪, ૩૩, ૪૯ થી ૫૧, ૭૮, ૮૪, ૧૦૨, ૧૦૫, ૧૭૫, ૧૮૩, ૧૮૬, ૧૯૪, ૨૨૧, ૨૨૨, ૨૩૮, ૨૪૦, ૨૭૦, ૨૯૪, ૩૧૧, ૩૭૦, ૩૯૦ થી ૩૯૩, ૪૮૮, ૫૩૦ થી ૫૩૩, ૫૩૭. ૫૪૨, ૫૪૫, ૫૮૧
મયૂરનગર ૧૫૫
મરોટકોટ ૨૪, ૨૫, ૨૯, ૩૦, ૩૧
મલય ૧૦, ૧૨
મલ્લ ૧૧
મહાકાળ મંદિર ૨૦૪, ૨૫૦, ૨૫૧
મહાદુવાર ૪૫૧
મહાનદ ૨૧૮
મહાપુર ૮
મહાબોધપુર ૫૫૭, ૫૬૪, ૫૮૩
મહારાષ્ટ્ર ૩૧, ૧૭૪, ૨૧૬, ૪૫૪
મહાવીરજી ૫૯૧
મહાસેન ૨ થી ૭
મહારથાન ૫૪૯ થી ૫૫૩
મહીનદી ૨૧૭
મહીસૂર ૩૩૮, ૪૫૫
મહુડી ૩૨૬, ૩૩૬, ૫૦૨, ૫૦૩
મહુવા ૨૨, ૨૮૯
મહેઠ "શ્રાવસ્તિ" જુઓ
મહેસાણા ૫૭૦
મક્ષીજી ૩૪
મંગલગિરિ ૨૯૯
મંગોલિયા ૪૩૯

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

મંડપ ૩૦૬
મંડલિકરંગ ૩૮૫
મંડોવર ૨૧, ૩૪૮, ૫૨૧, ૫૪૦, ૫૪૧, ૬૦૩, ૬૧૭
મંદસોર ૨૭૨, ૩૦૭ થી ૩૧૨, ૪૪૦
મંદારગિરિ ૪૯, ૧૧૧
માણિક્યસ્વામી ૪૫૪ થી ૪૫૬
માધિપુર ૫૩૨
માનખેડપુર ૨૩૫, ૨૩૬, ૨૪૦, ૨૪૪, ૨૬૨
માનભોમ ૧૨
મારવાડ ૩૫, ૨૧૦, ૩૪૯, ૩૬૯, ૩૮૨, ૫૨૦, ૫૩૯, ૫૬૮, ૬૦૧, ૬૦૪
મારુદેવાટૂંક ૪૮
માસપુરી ૧૧
માળવો ૩૨, ૫૪, ૬૦, ૬૧, ૭૬, ૧૭૪, ૨૦૫ ૨૦૭, ૨૦૯, ૨૬૩, ૨૭૦, ૨૮૪, ૩૦૭, ૩૪૪, ૩૯૬, ૩૯૭, ૪૪૦, ૪૪૮, ૫૦૫, ૫૧૫, ૫૩૫, ૫૩૮, ૫૫૭, ૫૯૧, ૫૯૫
માંડવગઢ ૩૩, ૪૪૩
મિથિલા ૫, ૧૦ થી ૧૧, ૧૨, ૪૧
મીનલ સરોવર ૫૨૨
મીયાણીબંદર ૩૫૭, ૩૫૮
મુક્તાગિરિ ૬૦ (મેઢ્રગિરિ, મુક્તગિરિ,)
મુક્તિ. પાઠશાળા ૨૩૨
મુજફ્ફરનગર ૨૩૨
મુંડિયાડ ૫૧૬
મુલતાન ૨૩૧, ૪૪૧
મુહરી ૪૫૭
મુંડસ્થલ ૬૧, ૨૬૫, ૫૦૨
મુંડારા ૫૬૮ થી ૫૭૦
મુંજપર ૫૨૫
મૂળધરાઈ ૩૮૫
મૃતિકાવતી ૧૦
મેડતા ૧૮, ૩૪
મેરઠ ૨૩૦, ૨૩૨, ૨૭૫, ૫૫૬, ૬૦૦
મેરુ ૪૯, ૫૮૨
મેવાડ ૩૮૦, ૩૮૨, ૩૮૭ થી ૩૮૯, ૪૧૨, ૪૪૩, ૪૯૬, ૪૯૭, ૫૦૨, ૫૭૬, ૫૭૮, ૫૮૯ થી ૫૯૫, ૬૦૧
મોઢેરા ૨૨૦, ૩૯૯, ૫૨૨ થી ૫૩૪, ૫૩૬, ૫૪૨,
મોમીનાબાદ ૨૦૪
મોહન જો ડેરો ૨૩૦, ૪૪૧
મોંટગોમરી ૪૪૧
મૌર્ય ૫, ૧૭૪
મ્યુઝિયમ ૫૯૫, ૫૯૮
યમલવાપી ૩૮૫
યક્ષમંડપ ૨૮૫
યક્ષવસતિ ૩૪૯ થી ૩૫૨
યજ્ઞપુર ૨૯૯
યુનાન ૧૬૩
યુવાગાર ૩૩
યેવલા ૨૦૪
રજતપીઠપુર ૨૯૯, ૩૧૪
રણથંભોર ૩૬૯
રતલામ ૨૦૭
રત્નગિરિ ૫૯
રત્નપંજાસ ૨૩૧


www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

રત્નપુરી ૪૬
રત્નમાલ ૯૪,
"ભિન્નમાલ" જુઓ
રથવીરપુર ૨૯૯, ૩૧૪
રશિયા ૨૭૮
રહાવત્ત (રથાવર્ત) ૪૫, ૪૭, ૨૯૦, ૩૦૨, ૩૩૭ થી ૩૩૯
રંતીનદી ૨૦૭ થી ૨૦૯
રાજગૃહી ૬, થી ૮, ૧૩, ૩૮, ૪૬, ૫૮, ૬૩, થી ૬૫, ૮૧ થી ૮૭, ૧૦૬, ૧૧૨, ૧૩૪, ૧૩૮, ૧૬૫, ૧૬૯, ૧૯૮, ૨૬૭, ૨૯૫, ૪૧૯, ૫૨૨, ૫૩૨, ૫૩૮
રાજનગર ૫૯૮
રાજપૂતાના ૧૭૪, ૧૭૫, ૧૮૪, ૩૯૬, ૫૦૨, ૫૦૩,
રાજશોક ૨૦૬
રાણપુર ૩૮૬
રાણકપુર ૩૮૯, ૬૦૬
રાણીગુફા ૨૧૮
રાતા-મહાવીર ૫૯૩
રામનગર ૫૫, ૨૩૨
રામસેન ૪૭૨, ૫૩૬, ૬૦૪
રામેશ્વરી મંદિર ૨૧૮
રાવલપીંડી ૪૭
રાવી નદી ૪૪૧
રાંતેજ ૫૫૮
રાંહલવાવ ૩૮૬
રૂપનાથ ૨૦૧
રોમ ૨૭૯, ૨૮૦, ૪૩૯
રોહણાચલ ૫૨૭
રોહિંસકૂપ ૫૪૦, ૬૦૪
રોહિંસગિરિ ૨૦૦, ૨૧૦
લખના દૌન ૫૩૭
લખનૌ ૨૨૨, ૫૩૭, ૫૯૮, ૬૧૨
લખીસરાઇ ૬૧૨
લલિતસર ૫૨૨
લંકા ૧૭, ૨૨૧, ૪૫૫
લક્ષણાવતી ૫૨૭ થી ૫૩૦, ૫૩૭
લાટ ૧૧, ૨૬, ૨૨૬, ૨૪૦, ૩૪૩, ૩૯૯, ૪૫૪, ૫૦૫, ૫૩૫, ૫૩૬, ૫૬૨
લુઅત્થગિરિ ૫૩૯, ૫૬૦, ૬૦૪
લુદ્રારા ૫૬૦
લુણગવસહી ૫૬૮
લાહોર ૨૩૧
લાભુશ ૩૪૪
લુણ્દ્રહી ૧૯, ૨૧
લિંગરાજમંદિર ૨૧૮
લોદ્રવા ૨૮, ૩૨
લોહકોટ ૩૮૨ (લાહોર)
વજ્જી ૧૧
વટગોહલી ૨૦૫
વડગામ ૫૭૮
વડનગર ૩૮૫, ૪૧૪, ૪૪૪, ૫૦૫
વડસમા ૩૭૯, ૫૮૭
વડોદ (વટપૂજ્ય, વટસ્થલી, વટપદ્ર) ૩૮૫, ૩૮૬
વડોદરા ૩૩૬, ૩૪૩, ૩૮૫, ૫૨૩
વણુસ્થલી ૩૨, ૩૩, ૪૯૫, ૫૧૬
વણોદ ૪૬૯
વઢવાણુ ૫૧૦, ૫૧૧, ૫૨૪, ૫૦૫
વત્સ ૬, ૮, ૧૦, ૧૧, ૨૭, ૧૩૮, ૫૩૮

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

વત્સિકાનદી ૭૪, ૭૬
વનરાજવિહાર ૪૬૯, ૪૯૪
વપણુપ ૩૫૦
વરકાણા ૬૦૬
વરમાણ (બ્રહ્માણ) ૨૭૫, ૩૪૮, ૪૫૭
વરાહમંદિર ૫૩૦, ૫૩૧
વરુણા ૧૦
વર્ત (વર્તક) ૧૧
વલભપુર ૬૦૪
વલભીપુર ૯૫, ૧૮૬, ૧૮૭, ૧૮૯, ૧૯૩, ૧૯૪, ૨૬૬, ૨૯૭, ૩૦૫, ૩૫૦, ૩૭૦ થી ૩૮૩, ૩૯૦ થી ૪૦૦, ૪૧૪, ૪૪૨, ૪૪૬, ૪૪૮, ૪૯૭, ૫૦૫, ૫૦૬, ૫૨૧, ૫૪૨, ૫૭૩
વસઈ ૩૪૦
વળાક (વાળાક) ૩૮૨, ૩૯૮
વાકાટક ૩૫૪
વાઘણપોળ ૪૭૨
વાયડ ૫૪૨, ૫૪૬ થી ૫૫૬, ૬૦૨, ૬૦૪
વારાણસી "બનારસ" જુઓ
વારાહી ૫૧૫
વારોલી ૨૦૫
વાલી "બાલી" જુઓ
વાવ ૫૨૨
વાલ્હિક ૨૨૧
વાસ્રક ૧૦
વિક્રમશિલા ૪૨૦, ૪૨૧
વિજયપુર ૮, ૩૮૨, ૪૦૫ થી ૪૦૮
વિજયસ્તંભ ૪૪૦, ૫૦૭, ૫૪૫, ૫૬૬, ૫૯૦, ૬૦૪
વિદર્ભ ૨૧૬, ૫૩૮
વિદર્ભગામ ૩૮૨
વિદિશા ૫૯ થી ૬૧, ૭૬ થી ૭૮ ૧૩૭, ૧૭૬, ૨૦૨, ૨૦૫, ૨૦૭, ૩૪૪, ૪૦૨
વિદેહ ૧૦, ૧૧, ૮૪, ૧૧૮
વિનીતા ૪૬
વિપુલગિરિ ૫૯, ૪૨૨
વિમલગિરિ "શત્રુંજય" જુઓ
વિમલવસહી ૩૦૬, ૩૪૦, ૫૧૭, ૫૨૨
વિલાસનગર ૨૩૬
વિશાલા ૭, ૮, ૧૧, ૫૭, ૫૮, ૬૫, ૮૧, ૮૩, ૧૦૨, ૧૯૭, ૨૧૪
વિશ્વ વિદ્યાલય ૪૨૦
વિસલપર ૩૫
વિંધ્યગિરિ ૩૩૮, ૩૩૯
વીજાપુર ૩૭૬, ૪૫૭, ૫૯૩
વીતભય ૧૧, ૬૧, ૨૩૦, ૪૪૧
વીરનગર ૩૮૨
વીરપુર ૮
વીરમગામ ૫૨૨
વેજનાથ ૪૨૧, ૬૧૧, ૬૧૨
વેત્રવતી "બેટવા" જુઓ
વેરાવલ ૨૯૬, ૩૮૨
વેશવાડી (નગર) ૭૭, ૧૩૭
વેસ (વેસાલી) "વત્સિકા" જુઓ
વૈકુંઠપુરી ૬૧૧
વૈભાર ૩ થી ૭, ૩૮, ૪૧, ૫૯, ૧૫૪, ૪૯૨
વૈરાટ ૧૦, ૨૦૧, ૪૧૩
વૈશાલી "વિશાલા" જુઓ
વોલ્ટા ૪૩૯


જૈન સાઈટ JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્

શકસ્થાન ૪૩૯
શકુનિકાવિહાર ૫૨
શત્રુંજય ૩૩, ૪૮, ૫૨, ૨૧૦, ૨૩૦, ૨૩૧, ૨૪૦, ૨૪૧, ૨૪૩, ૨૫૩, ૨૬૨, ૨૮૮, ૨૮૯, ૨૯૭, ૨૯૯, ૩૦૦, ૩૦૧, ૩૩૪, ૩૩૫, ૩૪૩, ૩૪૬, ૩૭૫, ૩૮૧, ૪૨૨, ૫૧૭, ૫૨૨, ૫૩૧, ૫૩૨, ૫૩૭, ૫૩૮, ૫૪૨, ૫૪૬, ૫૭૧, ૫૭૨, ૫૭૫, ૫૮૧, ૫૮૨, ૬૦૨ થી ૬૦૮
શત્રુંજયાવતાર ૫૭, ૨૧૪, ૬૦૪
શમીપદ્ર ૩૮૫
શરાવિકા ૨૦૮
શસ્ત્રભંડાર ૨૦૬
શંખકૂવો ૩૫૦
શંખેશ્વર ૫૫, ૫૬, ૨૧૦, ૪૫૨, ૫૧૪, ૫૨૫
શંખોદ્ધાર ૫૩૨
શાકંભરી ૧૯૭, ૫૧૩, ૫૧૬
શાંડિલ્ય ૧૦
શિખરજી “ સમ્મેતશિખર ” જુઓ
શિયાલકોટ ૨૩૧, ૨૩૨, ૪૪૧
શિરકાપ ૪૭
શિરોહી ૩૭
શિલા ૫૭૩
શિવગંજ ૩૪૮
શિશુપાલગઢ ૨૧૯
શિહોર ૩૮૨
શીશોદા ૩૮૬
શુકનાસ ૫૮૨
શુક્તિમતી ૧૦
શૂરસેન ૧૧, ૪૩૪
શૌરીપુર (શૌરિય) ૧૦, ૪૬
શ્રવણબેલગોલ ૧૬૧, ૨૯૨, ૩૩૦, ૩૩૧, ૫૨૨
શ્રાવસ્તિ ૯, ૧૧, ૧૮, ૪૬, ૧૫૪, ૫૯૬ થી ૬૦૦
શ્રીકાંતા ૨૪૧
શ્રીનગર ૩૫૮
શ્રીપુર ૫૧
શ્રીમાલપુર “ ભિન્નમાલ ” જુઓ
શ્રીરંગમ્ ૩૯૯
શ્વેતામ્બી ૧૧, ૧૮
સેતારકપુર ૫૩૧, ૫૩૩, ૫૩૭
સત્યપુર ૩૫૧
સપાદલક્ષ ૨૮, ૨૯, ૫૦૭, ૫૯૧, ૫૯૨
સમર્થપુરી ૫૨૧
સમલીવિહાર ૫૩, ૨૧૦, ૬૦૪
સમ્મેતશિખર ૧૭, ૫૦૩, ૫૨૨, ૫૪૫
સવાલક ‘ સપાદલક્ષ ’ જુઓ
સસરામ ૨૦૧
સહસ્રલિંગ ૫૨૨
સહસ્રામ્રવન ૬૦૫
સહેટમહેટ “ શ્રાવસ્તિ ” જુઓ
સહોર ૪૨૦
સંડેર ૫૭૦
સાકેત ૧૦
સાચોર ૩૪૭ થી ૩૫૧, ૩૬૯, ૫૪૫, ૫૮૦
સાદરી ૩૮૨, ૫૭૮, ૫૯૩, ૬૦૧, ૬૦૬


જૈનમ્ જયતિ શાસનમ્ JAINSITE.com જૈન સાઇટ

સામરોલી ૨૮
સાયરવસહી ૫૬૮, ૫૬૯
સાલ્સેટ ૨૦૬
સાંચી ૭૪, ૭૬ થી ૭૮, ૨૦૫, ૨૦૭, ૩૫૧, ૬૧૨, ૬૧૩
સાડેરાવ ૫૪૨, ૫૬૮ થી ૫૭૩, ૫૭૮, ૫૯૩, ૬૦૧
સિદ્ધગિરિ "શત્રુંજય" જુઓ
સિદ્ધશિલા ૨૩૨
સિદ્ધાચલ "શત્રુંજય" જુઓ
સિવની ૫૩૭
સિવંતગિરિ ૨૧૦
સિંધુ (નદી) ૧૬૭
સિંધુ–સૌવીર ૭, ૧૧, ૨૮, ૬૧, ૬૫, ૨૧૯, ૨૩૦, ૨૭૮, ૩૪૪, ૩૫૫ થી ૩૫૮, ૩૬૧, ૩૯૯, ૪૪૦, ૫૦૫, ૫૭૪
સિંહગુહાપલ્લી ૨૦૭ થી ૨૦૯
સિંહનિષદ્યા ૪૫૫
સિંહપુરી ૪૬, ૨૩૦
સિંહલ ૧૭, ૫૧, ૫૨, ૧૭૮
સીમલા ૫૯૯
સીરકાપ ૨૦૦, ૨૩૦
સીલોન ૧૭૪
સુગ્રીવ ૭
સુઘોષ ૮
સુદર્શન ૭, ૮, ૩૫૩
સુદર્શનાવિહાર ૫૨
સુખડપુર ૫૧૩
સુલતાનગંજ ૬૧૨
સુવાસરા ૨૦૭
સુસાણી ૨૭
સુહર્મ્યં ૫૪૦
સુહાનિયા ૫૪૦
સુથરી ૩૭૦
સૂર્યકુંડ ૩૮૩, ૫૨૨
સૂર્યપૂરક ૨૯૯
સૂર્યમંદિર ૯૫
સેમરખેડી ૩૨૮
સેવાડી ૫૯૩
સૈંધવ ૫૩૮
સોજત ૬૦૦
સોનપુર ૨૧૮
સોપારક ૧૮૪, ૩૦૨, ૩૩૭, ૩૪૧
સોપાલા ૩૩૭
સોહનગઢ ૩૪૯
સૌગંધિક ૮
સૌરાષ્ટ્ર ૧૦, ૩૩, ૪૮, ૫૫, ૧૭૪, ૨૨૬, ૨૮૮, ૨૯૬, ૩૫૩ થી ૩૫૮, ૩૭૯, ૩૮૨, ૩૮૫, ૩૯૦ થી ૪૦૦, ૪૪૦, ૪૪૨, ૪૫૭, ૪૯૮, ૫૦૫, ૫૪૦, ૫૪૭, ૫૭૪, ૫૭૫, ૬૦૧
સ્તંભ ૭૪, ૭૮, ૨૧૮, ૨૪૭, ૪૫૨, ૫૩૯, ૫૬૦, ૬૦૩, ૬૦૪, ૬૪૦, ૫૦૭, ૫૪૦, ૫૬૬
સ્તંભન "ખંભાત" જુઓ.
સ્તૂપ ૪૭, ૪૯, ૫૦, ૫૪, ૫૫, ૬૨, ૭૪, ૭૬ થી ૭૮, ૮૧, ૧૭૫, ૧૮૦, ૨૧૭, ૨૧૮, ૨૩૦, ૨૪૦, ૨૮૦, ૫૪૬, ૬૧૭
સ્થાનેશ્વર ૪૪૦
સ્મૃતિસ્તંભ ૪૫૨
સ્વર્ણગિરિ ૫૯, ૩૪૯ થી ૩૫૨


જૈન સાઈટ JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## વર્ગ : ૭

# ગ્રંથો

### જૈન આગમો, જૈન ગ્રંથો, જૈનેતર ગ્રંથો સામયિકો, લેખો લિપિ વગેરે.


અખંડ આનંદ ૩૫૮

અણુઓગદ્દાર ૪૨૧, ૪૨૬, ૪૨૭, ૪૬૬, ૪૮૫

અણુઓગદ્દારાણિ ૩૪૬

અણુત્તરોવવાઈ (અનુત્તરૌપપાતિક) ૮, ૪૨, ૪૨૨

અનુયોગદ્દાર "અણુઓગદ્દાર" જુઓ.

અનેકાક્ષરી ૨૪૩

અનેકાંત ૭૭, ૧૬૮, ૫૪૦

અનેકાંતજયપતાકા ૩૭૬, ૩૭૭, ૪૮૫, ૪૮૬

અનેકાંત પ્રઘટ્ટ ૪૮૫

અનેકાંતવાદપ્રવેશ ૪૮૫

અનેકાંતસિદ્ધિ ૪૮૫

અનનોન લાઈફ ઓફ જીસિસ ક્રાઇસ્ટ ૨૭૮, ૨૭૯

અનન્તજિનથયં ૪૬૩

અપાપા૦ કલ્પ ૨૨૪

અપભ્રંશ ૪૫૨

અભયદેવપ્રબંધ ૫૬૨, ૫૯૨

અભિધાનં ૧૬૮

અમમચરિત્ર ૧૨૦, ૨૫૮, ૩૬૮, ૪૬૩, ૫૧૬, ૫૧૮

અમારીપત્ર ૫૮૩, ૫૮૭

અયોગયવ્ય. ૨, ૫૫

અરુણોપપાત ૪૨૮

અર્ઘકાંડ ૫૬૩

અર્હદ્‌ચૂડામણિ ૪૮૫

અર્લી હિસ્ટરી ૫૪૦

અવધ ગેઝેટીઅર ૫૯૯

અવદાન ૧૩

અશોકકે ધર્મલેખ ૧૬૦

અષ્ટક ૪૮૫

અષ્ટલક્ષી

અષ્ટસપ્તતિ ૫૬૨

અષ્ટસહસ્રી ૩૪૫

અષ્ટાંગ ૧૩, ૩૩૦

અંગ ૩, ૭, ૧૫, ૪૦ થી ૪૪, ૧૧૩, ૧૩૨, ૧૫૨, ૨૧૩, ૨૮૬, ૨૯૫, ૩૦૪, ૩૧૬, ૩૯૨, ૪૧૫ થી ૪૨૪, ૪૩૧, ૫૬૨

અંગચૂલિકા ૪૨૮

અંગવિજ્જા (વિદ્યા) ૧૮૦, ૧૯૭, ૨૧૩, ૪૩૧, ૫૪૫, ૫૮૧, ૫૮૨

અંગૂઠપ્રશ્ન ૪૨૩, ૪૩૦

અંચલ. પટ્ટા૦ ૧૨૫, ૧૨૯, ૩૪૭, ૬૨૨

અંજનકૂપિકાપોથી ૫૭૧

અંતગડ (અંતકૃત) ૪૩, ૪૨૨, ૪૩૦

અંબિકામંત્ર ૪૪૬

આકાશગામિની ૨૪૧, ૨૮૬, ૨૮૮, ૪૨૯, ૫૭૧, ૫૭૪



JAINSITE.com
જૈન સાઈટ
જૈનમ્ જયતિ શાસનમ્



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આખ્યાનમણિ ૫૧૦
આગમ ૪૨ થી ૪૫, ૧૦૮, ૧૧૦, ૧૨૨, ૧૩૧ થી ૧૫૪, ૧૬૩, ૧૮૨ થી ૧૯૦, ૧૯૩, ૧૯૫, ૨૧૨ થી ૨૧૭, ૨૬૫, ૨૮૬, ૨૯૦, ૨૯૭, ૨૯૮, ૩૦૩, ૩૦૪, ૩૧૬, ૩૬૬, ૩૯૦ થી ૩૯૩, ૪૧૪ થી ૪૩૯, ૪૪૪, ૪૪૮, ૪૯૯, ૫૮૫, ૬૦૬ થી ૬૦૯
આચારદિનકર ૪૩૩
આચારપ્રકલ્પ ૪૨૮
આજીવકલેખ ૩૬૩
આતુરપ્રત્યાખ્યાન ૪૨૭
આત્માનુશાસન ૩૪૬, ૪૮૫
આત્માનુશાસ્તિ ૩૪૬, ૪૨૬
આત્મવિશુદ્ધિ ૪૨૭
આત્મસિદ્ધિ ૪૮૫
આદર્શપ્રશ્ન ૪૨૩, ૪૩૦
આદિપુરાણ ૨૯૨, ૩૨૧ થી ૩૩૦
આપ્તમીમાંસા ૩૪૫
આબૂ-પ્રશસ્તિ ૬૨૨
આયરંગ (આચારાંગ) ૪૧, ૪૬, ૪૭, ૪૮, ૫૦, ૧૧૨, ૧૫૪, ૨૫૬, ૨૮૮, ૨૯૪, ૩૧૬, ૩૩૭, ૩૯૩, ૪૧૫, ૪૨૧, ૪૩૦, ૪૩૬, ૪૩૭, ૪૬૬, ૫૬૧, ૫૬૨
આરાધના ૧૩૭, ૧૬૧
આર્કિ. સર્વે. ઇન્ડિયા ૫૪, ૫૩૮, ૫૯૮, ૫૯૯, ૬૧૩
આવસ્સય (આવશ્યક) ૪૫, ૫૯, ૭૪, ૭૬, ૮૦, ૧૨૨, ૧૨૩, ૨૬૫, ૨૯૨, ૨૯૯, ૩૧૨, ૩૧૬, ૩૩૭, ૪૨૪, ૪૨૬, ૪૩૬, ૪૩૭, ૪૬૬, ૪૮૨, ૪૮૫, ૪૯૧, ૪૯૨, ૫૧૪, ૬૨૧
આસીવિષ ૪૨૯
ઇરિયાપથિકી ૩૪૨
ઇતિહાસ ૫૦૪, ૫૪૨, ૫૭૪, ૬૦૬, ૬૦૭
ઇસિભાસિય "ઋષિભાષિત" જુઓ.
ઈસુખ્રીસ્તનું અજ્ઞાત જીવન ૨૭૮, ૨૭૯
ઇંજિલ ૨૭૭ થી ૨૮૩
ઇંડિયન ઍન્ટીક્વેરી ૨૦૧, ૨૬૭, ૫૯૯, ૬૦૦
ઇન્ડિયન ક્વિન્સ ૩૫૪
કેટલૉગ ઑફ ધી ઇન્ડિયન ક્વિન્સ ૩૫૪
ઉચ્ચાટન ૪૨૮
ઉચ્છાહ (ઉત્સાહ) ૩૫૧
ઉજ્જિંતસેલ. ૫૬૨
ઉત્તરજ્ઝયણ (ઉત્તરાધ્યયન) ૪૫, ૪૭, ૧૨૨, ૩૦૪, ૩૧૬, ૩૬૬, ૪૦૧, ૪૨૭, ૪૩૬, ૪૩૭, ૪૬૬, ૪૭૩
ઉત્તરપુરાણ ૯૪, ૨૯૨, ૩૨૦ થી ૩૩૦
ઉત્થાનસૂત્ર ૪૨૮
ઉદ્ધારપ્રશસ્તિ ૧૯૪, ૧૯૬
ઉપકેશપટ્ટાવલી ૩૫, ૩૦૪
ઉપકેશપ્રબંધ ૨૩, ૨૯, ૩૩, ૩૫, ૫૧૮, ૬૨૨


www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઉપદેશકલ્પ. ૯૪
ઉપદેશકંદલી ૫૧૧
ઉપદેશતરંગિણી ૬૨૨
ઉપદેશપદ ૧૩૧, ૪૩૮, ૪૮૫, ૫૦૯
ઉપદેશપ્રાસાદ ૬૨૩
ઉપદેશમાલા ૪૦૫ થી ૪૦૮, ૪૩૧, ૫૦૯, ૫૧૨, ૫૬૫, ૫૬૬
ઉપદેશમાલા શકુન ૪૦૭
ઉપદેશરત્નાકર ૬૨૨
ઉપદેશસપ્તતિ ૪૫૬, ૬૨૩
ઉપમિતિ ૯૫, ૩૪૩, ૪૯૨, ૫૦૯, ૫૧૧, ૫૨૨, ૫૬૫
ઉપાંગ ૧૯૧
ઉપધાનવિધિ ૫૪૪
ઉલ્લાસ રાઘવ ૬૨૨
ઉવવાઈ ૪૨૧, ૪૨૪, ૪૩૨
ઉવસગ્ગ (ઉપસર્ગ) હર ૧૨૦, ૧૨૩ થી ૧૩૦, ૨૯૨, ૫૮૯
ઉવાસગ ૪૩, ૪૨૨
ઋચા ૧૨૦
ઋષિદત્તાચોપાઈ ૩૪
ઋષિભાષિત ૧૨૨, ૩૦૪, ૪૨૮, ૪૨૯, ૪૩૬
એકલિંગમાહાત્મ્ય ૩૮૮
એકાદશાંગી ૨૮૬, ૩૯૨, ૪૧૫ થી ૪૨૪, ૪૩૧
એનસાઈક્લોપિડિઆ ૪૩૮
એન્સાઈક્લોપીડિયા ઓફ રિલિજિઅન્સ એન્ડ એથિક્સ ૩૧૩
એન્ટીકવેરી ઓફ કાઠીયાવાડ એન્ડ કચ્છ ૩૩૪, ૩૩૫
એપિગ્રાફિકા ઇન્ડિકા ૩૩૫, ૫૩૯, ૫૬૦
એપિગ્રાફિકા કર્ણાટિકા ૩૩૮
એન્શ્યન્ટ ઇન્ડિકા ૫૪
ઓઘ નિજ્જુત્તિ (ઓઘનિર્યુક્તિ) ૪૬ ૪૭, ૪૯, ૫૭, ૬૧, ૧૨૩, ૪૩૧, ૪૩૬, ૪૩૭, ૪૮૫
ઔપપાતિક "ઉવવાઈ" જુઓ.
કપ્પસૂત્ર "કલ્પસૂત્ર" જુઓ.
કથાકોશ ૪૮૫
કથાકોષ (દિ) "બૃહત્કથાકોષ" જુઓ.
કથાવલી ૨૬૬, ૪૮૧, ૬૨૧
કથાચરિત ૧૬૧
કમ્મપયડી ૪૦૩, ૪૩૧, ૪૩૭
કમ્મથયવૃત્તિ ૪૮૫
કર્પૂરમંજરી ૪૩૫
કર્મગ્રંથ ૨૯૮, ૪૪૩, ૫૬૩
કર્મચંદ્રપ્રબંધ ૨૩૧, ૬૨૩
કર્મપ્રાભૃત ૩૪૫
કર્મવિપાક ૫૬૩
કલિવૃત્તાંત ૧૬૩
કલ્પવ્યવહાર ૩૧૬
કલ્પસૂત્ર (કપ્પસૂત્ર) ૧૨૦, ૧૭૫, ૧૮૬, ૧૮૭, ૧૯૩, ૨૬૫, ૨૭૪, ૨૯૭, ૩૬૩, ૩૯૨, ૪૧૪, ૪૨૪, ૪૨૭, ૪૩૧, ૪૩૬, ૪૩૮, ૪૩૯, ૪૪૩, ૪૪૪, ૪૪૯, ૫૧૫, ૬૨૧
કલ્પાકલ્પ ૩૧૬
કલ્પાવતંસિકા ૪૨૯
કલ્પિતા ૪૨૯

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કલ્પિતાકલ્પિતા ૪૨૪
કલ્યાણમંદિર ૨૫૧, ૨૫૬, ૪૬૬
કષાયપ્રાભૃત ૧૮૫, ૩૧૭
કહારયણકોસો ૪૬૩
કાઠિયાવાડ ગેઝિટિયર ૩૪૦
કાર્તિકેયાનુપ્રેક્ષા ૩૨૩
કાદંબરી ૪૦૪, ૪૬૪
કામસૂત્ર ૧૬૮
કાલિકાચાર્યકથા ૩૪, ૨૨૯, ૨૨૮,
૨૬૪, ૫૫૮, ૫૫૯
કાલક. પટ્ટાવલી ૫૫૬ થી ૫૫૮.
કાલકસંહિતા ૨૨૮
કાલજ્ઞાન, ૨૪૩
કાલિકશ્રુત ૩૧૧
કાવ્યપ્રકાશ ૫૧૭
કાવ્યમીમાંસા ૪૩૪
કાવ્યાદર્શ ૪૩૪, ૪૩૫
કીર્તિકૌમુદી ૬૨૧
કાવ્યાનુશાસન ૪૩૮
કુમારપાલચરિત્ર ૪૪૯, ૫૨૦, ૫૨૧,
૬૨૧, ૬૨૨
કુમારપાલપ્રતિબોધ ૨૩૨
કુમારપાલ રાસ ૬૨૩
કુવલયમાલા ૪૦૮, ૪૪૯ થી ૪૫૧,
૪૭૩, ૪૯૨, ૪૯૩, (૫૧૨),
૫૧૮, ૫૩૫
કૃપારસ કોશ ૬૨૩
કેથોલિક ઇતિહાસ ૨૮૧ થી ૨૮૩
કેમ્બ્રીજ હિસ્ટરી ૩૫૬
કૌટિલેય અર્થશાસ્ત્ર ૧૬૮
ક્રિયારત્નસમુચ્ચય ૫૦૨
કલેક્ષન ઓફ સંસ્કૃત, પ્રાકૃત ઇન્સક્રીપ્શન ૩૩૪, ૩૩૫
ખગોળ ૪૧૮, ૪૨૫, ૪૮૨
ખરતર. પટ્ટા. ૬૨૩
ખિત્તસમાસ 'ક્ષેત્રસમાસ' જુઓ
ખુશાલપટ્ટાવલી ૨૨૦, ૨૨૩, ૨૭૨,
૨૭૫, ૨૯૦, ૩૪૯, ૫૪૨
ગઉડવહો ૪૩૬, ૫૩૦, ૫૩૭
ગગનગામિની 'આકાશગામિની' જુઓ.
ગચ્છમત પ્રબંધ ૩૫,
ગચ્છાચાર ૩૯૨, ૪૩૧
ગણધરવાદ ૪૫૭
ગણધરસાર્ધશતક ૩૬૫
ગણિવિજ્જા (વિદ્યા) ૪૨૬, ૫૮૨
ગતિપ્રવાદ ૪૩૦
ગરુડોપપાત ૪૨૮
ગર્ગ પાશકાવલી ૫૬૩
ગર્દભીવિદ્યા ૨૨૬, ૨૬૪, ૨૭૬
ગંગાસ્તોત્ર ૧૪૧
ગંડિકા ૪૪, ૨૨૮, ૨૯૦, ૨૯૧
ગંધહસ્તિ ૨૫૬, ૩૪૫, ૩૬૭, ૩૯૨,
૩૯૩, ૪૬૬
ગાથા સત્તસઈ ૪૩૬
ગાથા સહસ્રી ૩૯૩
ગિરિપ્રવચન ૨૭૯
ગુજરાતના ઐતિહાસિક લેખો ૩૫૭,
૪૪૩, ૫૩૫, ૫૮૭, ૫૯૫
ગુજરાતનો ઇતિહાસ ૩૫૩, ૩૫૪, ૫૪૧
ગુરુકાવ્યાષ્ટક ૨૮
ગુરુગુણરત્નાકર ૬૨૩
ગુરુપર્વક્રમ ૨૮૪, ૫૦૨, ૬૨૨
ગુરુ વંદનવૃત્તિ ૫૧૪
ગુર્વાવલી ૧૨૦, ૪૧૩, ૪૪૫, ૪૮૯,
૪૯૧, ૬૨૨


www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ગુર્જરરાજાવલી ૬૨૩
ગૃહિધર્મ ૫૧૩
ગોદાવરીકાવ્ય ૫૧૪
ગોમ્મટસાર ૩૨૨ થી ૩૩૦
ગૌડપ્રબંધ ૫૩૦, (૫૩૭)
ગ્રીકગ્રંથ ૧૬૩
ગ્રંથભંડાર ૫૦૩, ૫૩૪, ૫૭૭, ૫૯૪
ગ્વાલિયર-પ્રશસ્તિ ૫૩૮, ૫૪૦
ચઉવન્નપુરિસચરિયં ૩૦૫, ૪૧૦, ૫૬૧, ૫૬૨
ચચનામું ૪૪૧
ચતુર્વિંશતિ પ્રબંધ ૧૨૫, ૨૦૯, ૩૭૬, ૩૯૩, ૪૮૧, ૫૨૪, ૬૨૨
ચતુર્વિંશતિ સ્તુતિ ૪૮૫, ૪૯૪, ૫૩૪
ચરણવિધિ ૪૨૭
ચમત્કાર ૫૭૨
ચંડીશતક ૪૬૪
ચંદપન્નતિ (ચંદ્રપ્રજ્ઞપ્તિ) ૩૦૪, ૪૨૮
ચંદ્રકેવલિચરિત્ર ૫૬૫
ચંદ્રગિરિશિલાલેખ ૨૯૨, ૩૩૦, ૩૩૧, ૩૪૨
ચંદ્રપ્રભચરિત્ર ૨૯, ૩૧, ૩૦૬
ચંદ્રવેધ્યક ૪૨૬
ચંદ્રલેખા ચોપાઇ ૫૫૮
ચાણાક્યનીતિ ૧૬૮
ચારણ સ્વપ્ન ૪૨૯
ચૂર્ણિ ૨૫૮, ૨૭૧, ૨૯૮, ૩૩૭, ૩૪૨, ૪૩૦, ૪૩૭, ૪૫૮, ૪૬૬, ૪૬૭, ૪૯૧, ૫૧૦, ૫૬૭, ૬૨૧
ચૂલિકા ૧૫૨ થી ૧૫૪
ચેઇયવંદણ. 'ચૈત્યવંદન' જુઓ
ચૈત્યવંદન ૩૪૨, ૩૪૫, ૩૫૧, ૪૪૭, ૪૮૫, ૪૮૬, ૫૧૦, ૫૧૪, ૫૬૫
ચોરાશી આગમો ૪૧૫ થી ૪૩૦
ચૌદવિદ્યા ૪૭૩
છખંડ 'ષટ્ખંડાગમ' જુઓ
છેદસૂત્ર ૧૨૨, ૧૨૪, ૩૦૪, ૪૩૭
જગડુચરિત્ર ૬૨૨
જગચિંતામણિ ૫૨
જગદ્ગુરુકાવ્ય ૬૨૩
જર્નલ. ૬૦, ૫૪૦, ૫૯૮
જન્મભૂમિ ૩૩૪, ૩૩૫
જયતિ જગદ્રક્ષા ૫૩૧
જયધવલા ૧૮૫, ૩૧૬, ૩૧૭. ૪૦૪
જયપત્ર ૫૫૭
જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ ૪૨૮, ૪૩૭, ૪૮૫ (જંબૂદ્દીવપન્નત્તિ)
જંબૂદ્વીપ સમાસ ૩૬૫, ૩૬૮, ૫૬૨
(જંબૂદ્દીવ સમાસ ૫૬૨)
(જિણહરપડિમાથોત્ત ૪૮૫)
જિનશતક ૨૮
જિનસ્તુતિ ૩૪૫
જિનાગમ 'આગમ' જુઓ.
જીતકલ્પ, ૧૯૨, ૧૯૪, ૨૪૫, ૪૩૦, ૪૩૭, ૪૬૬, ૫૧૦, ૫૧૪
જીતમર્યાદા ૧૮૨
જીવવિચાર ૫૬૯
જીવદેવ-પ્રબંધ ૫૫૫
જીવસમાસ ૪૩૧, ૫૬૨
જીવસિદ્ધિ ૩૪૫


www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જીવાભિગમ ૪૨૧, ૪૨૫, ૪૩૧, ૪૩૭, ૪૮૫, ૫૨૨
જીર્ણોદ્ધારસ્તંભન ૫૪૮
જુનાગઢ૦ લેખ ૩૩૪, ૩૩૫
જૈન ૪૪૨, ૪૯૫
જૈનઆગમમ૦ ગૂજરાત ૬૧૪, ૬૧૫
જૈન ગૂર્જર કવિઓ ૩૫, ૩૮
જૈન ગ્રંથાવલી ૧૩૦
જૈન તીર્થોનો ઇતિહાસ ૧૧૨
જૈનધર્મ પ્રકાશ ૬૧૨
જૈન પ્રાચીન લેખસંગ્રહ ૨૧૭
જૈનયુગ ૩૮, ૪૬૨
જૈન લિપિ ૫૦૩
જૈનલિટરેચર ૫૦૧
જૈન રાજાઓ ૧૬૨
જૈન સત્ય પ્રકાશ ૩૨, ૪૬, ૫૬, ૫૭, ૯૬, ૧૬૨, ૨૦૭, ૨૧૦, ૨૧૮, ૨૧૯, ૨૩૬, ૨૬૪, ૨૬૫, ૩૦૬, ૩૩૫, ૩૩૬, ૩૩૯, ૩૪૦, ૩૫૧, ૩૫૭, ૪૪૧, ૪૪૩, ૪૫૦, ૪૫૨, ૪૫૬, ૪૬૭, ૪૭૨, ૪૯૮, ૫૧૮, ૫૨૧, ૫૨૪, ૫૩૪, ૫૪૦, ૫૪૩, ૫૫૯, ૫૬૧, ૫૯૮
જૈન સાહિત્ય ઔર ઇતિહાસ ૪૦૬
જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ ૨૩૫, ૫૧૮, ૫૩૭
જૈન સાહિત્ય સંશોધક ૩૫, ૧૯૪, ૨૧૭, ૪૫૨
જૈન સિદ્ધાંત ભાસ્કર ૧૩૧, ૪૪૨
જૈનહિતૈષી ૩૨૮
જૈનેંદ્રવ્યાકરણ ૨૫૮
જ્યોતિર્વિદાભરણ ૨૪૨
જ્યોતિષ કરંડક ૨૪૩, ૪૩૧
જ્યોતિષ પ્રાભૃત ૪૩૧
જ્યોતિષશાસ્ત્ર ૫૬૨, ૫૬૩
ઝાણુસયગ 'ધ્યાનશતક' જુઓ
ટબ્બો ૪૩૭
ટિપ્પણ ૩૪૫, ૩૮૦
ટોડ રાજસ્થાન ૨૦૭, ૨૧૦, ૩૮૨, ૩૮૩, ૩૮૬, ૩૮૯, ૩૯૮, ૫૪૧, ૫૮૯
ઠાણાંગ (સ્થાનાંગ) ૯, ૪૨, ૩૬૬, ૪૧૭, ૪૨૧ થી ૪૩૧
ણાયાધમ્મકહા (જ્ઞાતાધર્મકથા) ૪૨, ૪૨૧, ૪૨૨
ણિજ્જુત્તિ (નિર્યુક્તિ) ૪૧ થી ૪૪, ૪૯, ૫૮, ૬૧, ૭૪, ૭૬, ૮૦, ૧૧૩, ૧૧૫, ૧૨૦, ૧૨૨ થી ૧૨૪, ૧૭૪, ૩૧૮, ૩૩૭, ૩૯૨, ૪૩૦, ૪૩૬
તત્ત્વતરંગિણી ૪૮૫
તત્ત્વપ્રકાશક ૪૮૬
તત્ત્વબોધ વિધાયિની ૨૫૫
તત્ત્વાનુશાસન ૩૪૫, ૩૪૬
તત્ત્વાર્થસૂત્ર ૮૦, ૧૮૦, ૨૨૩, ૨૩૦, ૨૪૫, ૨૫૬, ૨૫૭, ૩૨૦ થી ૩૩૮, ૩૪૫, ૩૬૨ થી ૩૬૮, ૩૮૨, ૪૦૪, ૪૩૧, ૪૫૧, ૪૫૮, ૪૮૫, ૪૯૨, ૫૦૧
તપાગચ્છ પટ્ટાવલી ૧૮૨, ૨૩૫, ૩૪૭, ૩૯૩, ૪૮૯, ૬૨૩
તરંગવતી (લોલા) ૧૯૫, ૨૪૩,


www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૪૨૬, ૪૩૧
તંદુલવેયાલિય (તાંદુલવૈચાલિક) ૪૨૬
તામ્રપત્ર 'તામ્રપત્ર ૭૦૫' જુઓ
તારાગણ ૫૩૩
તિજયપહુત્ત ૩૬૧
તિત્થોગાલી ૨૬૯
તિથિવ્યવસ્થા ૩૬૬
તિલકમંજરી ૫૩૪, ૫૩૫
તિલોયપન્નત્તિ ૨૯૨
તીર્થકલ્પ ૧૯૪, ૩૫૦, ૩૫૧, ૩૯૩, ૪૫૬, ૪૮૮, ૪૯૦, ૫૦૫, ૫૯૭, ૬૨૨
તીર્થમાલા ૩૪૩, ૫૯૭, ૬૧૧, ૬૨૪
તીર્થસ્તુતિ ૫૨૫, ૫૫૧, ૫૯૦
તેજોગ્નિનિસર્ગ ૪૨૯
ત્રિપિટક ૧૩, ૩૧૩
ત્રિપુરાગમ ૫૧૩
ત્રિપુરુષ ચારત્ર ૪૪૮
ત્રિભંગીસાર ૪૮૫
ત્રિવર્ણાચાર ૩૨૦ થી ૩૩૦
ત્રિષષ્ટિશલાકા ૪૧૦, ૫૨૦, ૬૨૧,
ત્રૈલોક્યપ્રકાશ ૫૧૨
થંભણપાસથય ૪૬૩
થેરાવલી "સ્થવિરાવલી" જુઓ
દર્શનસાર ૩૧૭ થી ૩૩૦
દશવૈકાલિક ૧૧૦ થી ૧૧૬, ૧૨૨, ૧૨૪, ૩૨૬, ૪૨૪, ૪૩૧, ૪૩૩, ૪૩૬, ૪૩૭, ૪૫૮, ૪૮૫, ૫૧૪
દશાશ્રુતકલ્પ ૧૨૦, ૧૨૨, ૧૨૩, ૪૨૭, ૪૩૬
દક્ષિણ ઇતિહાસ ૬૦
દાનશાસન ૫૪૦, ૫૭૭, ૫૯૪
દિગંબર ઇતિહાસ ૩૧૫ થી ૩૩૩, ૩૩૮
દિગંબર જૈન ૩૩૩
દિગંબર પટ્ટાવલી ૩૨૯ થી ૩૩૩
દિટ્ઠિવાઓ (દષ્ટિવાદ) ૪૩, ૩૦૪, ૩૦૭, ૩૦૮, ૩૧૧, ૪૦૪, ૪૨૪, ૪૩૨, ૪૩૩
દિનશુદ્ધિદીપિકા ૪૦૭, ૪૮૫
દિવ્યાવદાન ૧૩, ૨૦૧
દીપવંશ ૧૬૩
દીર્ઘદશા ૪૨૯
દુપદુપિકા ૪૯૨
દુર્ગપદ વ્યાખ્યા ૫૧૦
દુષ્ષમ ગંડિકા ૨૭૦
દુસ્સમસમણ૦ ૧૮૭, ૧૯૦, ૧૯૬, ૨૨૪, ૨૪૫, ૨૬૧, ૩૯૩, ૪૮૭, ૪૯૦, ૫૦૬, ૬૨૧
દષ્ટિવિષભાવના ૪૨૯
દેવનાગરી ૫૦૩
દેવવાચક થેરાવલી ૪૪૯
દેવાનંદા ભ્યુદય ૬૨૪
દેવાગમ સ્તોત્ર ૩૪૫, ૪૩૧
દેવીચંદ્ર ગુપ્ત ૩૯૬,
દેવેંદ્ર નરકેન્દ્ર ૪૮૫
દેવેંદ્રસ્તવ ૪૨૬
દેવેંદ્રોપપાત ૪૨૮
દેવર્ધિ પટ્ટાવલી ૪૧૪, ૪૪૯
દોગિદ્ધિદશા ૪૨૯
દોવદી ૪૦૬
દોષપ્રાભૃત ૧૮૫, ૩૧૭
દંસણસિત્તરી ૪૮૫
દંસણસુદ્ધિ ૪૮૫

જૈન સાઈટ JAINSITE .com
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

દ્વાત્રિંશિકા ૨૫૫
દ્વાદશાર નયચક્ર "નયચક્ર" જુઓ
દ્વાદશાંગી ( ૧૨ અંગો ) ૩, ૭, ૧૫, ૪૦ થી ૪૪ ૧૧૩, ૧૩૨, ૧૫૨, ૨૧૩, ૨૯૫, ૩૦૪, ૩૧૬, ૫૧૫ થી ૪૨૪
દ્વિજવદનચપેટિકા ૪૮૫
દ્વીપસાગરપ્રજ્ઞપ્તિ ૪૨૮
ધમ્મકપ્પદ્રુમો ૫૬૩
ધમ્મસંગહણી ૪૮૫
ધમ્મિલહિંડી ૪૧૧
ધરણોપપાત ૪૨૮
ધરણોરગેન્દ્ર૦ ૫૮૦
ધર્મપ્રજ્ઞપ્તિ ૪૩૧
ધર્મબિંદુ ૪૮૫
ધર્મવિધિ ૪૩૮
ધર્મલાભસિદ્ધિ ૪૮૫
ધર્મસાર ૪૮૫
ધર્માભ્યુદય ૬૨૨
ધર્મોત્તરટિપ્પન ૩૮૦
ધર્મોપદેશમાલા ૧૮૯, ૪૪૯, ૪૫૦, ૫૧૮ થી ૫૨૧, ૫૩૯, ૫૬૧
ધવલા ૧૮૫, ૩૧૭
ધુત્તક્ખાણ ૪૮૫
ધ્યાનશતક ૧૯૪, ૧૯૫, ૪૮૫, ૪૯૧
ધી ક્રૂસીફીકેશન બાઈ એન આઈ વિટનેસ ૨૭૮
નમિઊણ૦ ૧૮૪, ૪૬૩, ૪૬૪,
નમુત્થુણંકલ્પ ૪૫૪,
નમોર્હત્ ૨૪૮
નયચક્ર ૨૫૬, ૩૭૧ થી ૩૭૭, ૪૩૧, ૪૫૮, ૫૬૬
નયાવતાર ૨૫૬
નલાયન ૫૧૭
નવપદ પ્રકરણ ૨૭, ૨૯
નંદીષેણગીત ૫૬૯
નંદીપટ્ટા૦ ૧૮૦, ૧૮૬ થી ૧૯૦
નંદીસૂત્ર ૨૭૭, ૨૯૭, ૨૯૮, ૩૬૬, ૩૯૧, ૪૨૩, ૪૩૦, ૪૩૧, ૪૩૭, ૪૬૬, ૪૬૭, ૪૮૫, ૪૯૧, ૫૧૦, ૬૨૧
નાગપરિયાવલિકા ૪૨૮
નાગરી પ્રચારિણી ૪૬૭
નાટ્યદર્પણ ૩૯૬
નાણપંચગ ૪૮૫
નાણાચિત્ત૦ ૪૮૫
નાણપંચમીકહા ૫૫૯
નાભિનંદન૦ પ્રબંધ ૩૩, ૬૨૨
નિમિત્તવિદ્યા ૨૪૩, ૨૯૨, ૩૩૦, ૪૩૦, ૫૬૨
નિરયાવલિકા
નિર્યુક્તિ "ણિજ્જુત્તિ" જુઓ
નિર્વાણકલિકા ૨૪૩
નિશીથ ૧૯૪, ૨૨૮, ૨૩૪, ૨૩૮, ૨૭૦, ૩૧૬, ૪૧૬, ૪૨૮, ૪૩૨, ૪૩૭, ૪૬૬, ૪૬૭, ૫૧૦, ૬૧૪
નીતિસાર ૩૨૮
નૃતત્ત્વનિગમ ૪૮૬
નેમનાથ ચરિત્ર ૪૧૦
નેમિઃ સમાહિત૦ ૫૫૮, ૫૫૯
વૈ૦ ન્યાયદર્શન ૨૫૮
ન્યાય૦ પ્રવેશ ૨૫૮
ન્યાયપ્રવેશ ૪૮૫, ૫૦૯

JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્

ન્યાયમુખ ૨૫૮
ન્યાયવિનિશ્ચય ૪૫૭
ન્યાયસાર ૫૨૦
ન્યાયસૂત્ર ૨૫૩
ન્યાયાગમાનુ૦ ૨૫૬, ૩૭૭, ૪૫૭
ન્યાયાવતાર ૨૫૪, ૨૫૫, ૨૫૮, ૪૩૧, ૪૮૫, ૫૬૫
પઈન્નય (પ્રકીર્ણક) ૪૫, ૧૬૮, ૪૩૭
પઉમચરિય૦ ૩૦૫, ૪૦૮ થી ૪૧૦, ૪૩૧
પક્ખિસત્તરી ૫૫૯
પજ્જુસણા(પર્યુષણા)કલ્પ ૧૨૩, ૨૨૮
પટ્ટાવલી ૧૮૬, ૧૮૭, ૨૩૦, ૨૪૪, ૩૫૧, ૪૮૭ થી ૪૯૦, ૫૦૮, ૫૧૯, ૬૧૫, ૬૨૪, ૬૨૪
પટ્ટાત્રીસમુચ્ચય ૭૧, ૧૭૦, ૧૯૬, ૪૩૩, ૪૬૩, ૪૭૩
પડિમાત્રા ૫૦૩
પટ્ટિસમ્ભિદામગ્ગ ૪૩૩
પણ્હાવાગરણ ( પ્રશ્નવ્યાકરણ ) ૪૩, ૪૨૩, ૪૨૯, ૪૩૦
પદ્મચરિત્ર ૩૨૩, ૩૭૪, ૩૭૬, ૪૦૯, ૪૧૦
પદ્માવતી અષ્ટક ૫૮૯
પદ્માવતી ચોપાઈ ૫૫૮
પન્નવણા (પ્રજ્ઞાપના) ૧૮૧, ૩૬૫, ૪૨૧, ૪૨૫, ૪૨૬, ૪૩૦ થી ૪૩૨, ૪૮૬
પરકાયપ્રવેશ ૫૪૬, ૫૭૪
પરલોકસિદ્ધિ ૪૮૬
પરિમિતપ્રમાણ ૪૬૩, (૫૧૩)
પશ્ચિમી ક્ષત્રપો ૩૫૫
પરિશિષ્ટપર્વ ૧૧૧, ૧૩૩, ૧૫૫, ૧૫૭, ૧૬૮, ૨૬૬, ૬૨૧
પંચકલ્પ ૧૨૨, ૧૯૨, ૨૪૫, ૪૩૦, ૪૩૧, ૪૩૭
પંચિન્દ્રિયંકી ૪૮૫
પંચથાનગ ૪૮૬
પંચપ્રમાણ ૨૭
પંચમંગલ ૨૯૦
પંચલિંગી પ્રકરણ ૪૮૫
પંચવસ્તુ ૨૪૫, ૨૫૭, ૨૫૮, ૪૮૫, ૪૮૬
પંચસંગ્રહ ૩૪૨, ૪૦૪, ૪૩૧
પંચાશક ૩૪૨, ૩૬૬, ૪૮૬
પંચસુત્ત ૪૮૬
પંજિકા ૪૩૭, ૫[illegible]૯
પાલીસાહિત્યકી રૂપરેખા ૪૩૪
પાર્શ્વનાથ ચરિત્ર ૨૨૯, ૪૬૩, ૫૧૭, ૫૫૮, ૫૯૧
પાસનાહચરિયં ૪૬૩
પાક્ષિકસૂત્ર ૩૪૨, ૪૨૪, ૪૩૦
પાંડવચરિત્ર ૫૨૦
પાંચપાટવર્ણન ૩૮
પિંડનિર્યુક્તિ ૧૨૦, ૧૨૨, ૪૮૬
પિંડવિશુદ્ધિ ૩૪૨, ૫૮૯
પુણ્યાશ્રવકથાકોષ ૨૭૭, ૩૧૬
પુપ્ફવઈકહા ૫૫૯
પુરાણ ૧૬૧, ૧૬૩, ૧૭૪, ૨૬૭, ૫૦૭
પુરાતત્ત્વનિબંધાવલી ૪૨૧, ૪૩૪
પુરાતન પ્રબંધસંગ્રહ ૩૯૩, ૬૨૧
પુરિસચરિયં (ચઉપ્પન્નપુરિસ૦)
પુષ્પચૂલા ૪૨૯

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પુષ્પિકા ૪૨૯
પુસ્તકારૂઢ ૪૩૨, ૪૪૪, ૪૯૯, ૫૦૦
પુંડરીક ૩૧૬
પૂજાપ્રકરણ ૩૬૫
પૂર્વ ૪૪, ૭૭, ૯૪, ૧૧૩, ૧૨૪, ૧૩૪, ૧૮૪ થી ૧૯૦, ૨૧૩, ૨૨૯, ૨૮૬, ૨૯૧ થી ૨૯૭, ૩૦૩ થી ૩૧૫, ૩૬૩, ૩૬૪, ૩૭૧, ૩૯૨, ૪૦૩, ૪૦૪, ૪૦૮ થી ૪૧૦, ૪૪૩
પૂર્વદેશ તીર્થમાલા ૬૧૧
પૈશાચી ૪૫૨
પોરિસીમંડલ ૪૨૬
પૌષધસમાચારી ૫૧૪
પ્રજાબંધુ ૨૧૯, ૩૮૮
પ્રતિક્રમણ ૪૨૪
પ્રતિષ્ઠાકલ્પ ૪૩૧, ૪૮૬, ૫૧૦
પ્રતિહારરાજાવલી ૫૩૪ થી ૫૪૧
પ્રત્યક્ષાનુમાન ૫૧૪
પ્રત્યેકબુદ્ધ ચરિત્ર ૫૧૪
પ્રથમાનુયોગ ૨૨૮
પ્રબંધચિંતામણિ ૯૫, ૧૨૫, ૩૨૮, ૩૩૩, ૩૭૫, ૩૭૬, ૩૯૩, ૪૫૪, ૪૬૧, ૪૯૪, ૫૧૦, ૬૨૨
પ્રબંધકોશ "ચતુર્વિંશતિપ્રબંધ" જુઓ
પ્રબંધો ૫૩૩, ૫૩૪, ૫૫૫, ૫૫૬
પ્રભાવક ચરિત્ર ૧૭૮, ૧૮૦, ૧૮૨, ૧૮૩, ૧૯૦, ૨૩૩, ૨૩૫, ૨૪૪, ૨૫૪, ૨૫૯, ૨૬૦, ૩૦૧, ૩૦૫ થી ૩૦૭, ૩૭૦, ૩૭૫, ૩૭૯, ૩૯૩, ૪૦૧, ૪૬૧, ૪૭૧, ૪૭૩, ૪૮૦, ૪૮૮, ૫૧૦, ૫૧૨, ૫૧૮, ૫૨૪, ૫૩૭, ૫૫૪, ૫૫૫, ૫૬૨, ૫૮૬, ૫૯૧, ૫૯૨, ૬૦૩, ૬૨૨
પ્રમાણનયતત્ત્વલોકાલંકાર ૩૬૫
પ્રમાણપદાર્થ ૩૪૫
પ્રમાણશાસ્ત્ર ૩૭૪, ૩૮૦, ૫૬૬
પ્રમાણપ્રકાશ ૪૬૩, ૪૬૪
પ્રમાદાપ્રમાદ ૪૨૬
પ્રમાણમીમાંસા ૨૫૫
પ્રમાણસંગ્રહ ૪૫૭
પ્રવચનસાર ૩૧૯ થી ૩૨૫
પ્રવચનસારોદ્ધાર ૩૪૩, ૪૬૪
પ્રવ્રજ્યાવિધાન ૫૧૧
પ્રવાસી ૨૧૮, ૩૫૪, ૬૨૨
પ્રશમરતિ ૩૬૫, ૩૬૮
પ્રશ્નપ્રકાશ ૨૪૩
પ્રશ્નવ્યાકરણ ૪૧૦, ૪૧૧
પ્રાકૃત ૨૪૮, ૪૦૯, ૪૧૫, ૪૩૨ થી ૪૩૬, ૪૫૨, ૫૩૯, ૫૫૫, ૫૫૬
પ્રાકૃત પ્રકાશ ૪૩૫
પ્રાકૃત વ્યાકરણ ૪૧૦, ૪૧૧
પ્રાકૃત વ્યાખ્યાન ૩૪૫
પ્રાચીન ભારતવંશ (ત્રિ૦) ૨૭૧
પ્રાચીન લિપિમાલા ૧૭૬, ૨૨૨, ૨૬૫
પ્રાચીન શોધસંગ્રહ (ભાવ૦) ૫૩
પ્રાભૃત ૩૧૭ થી ૩૩૭, ૪૦૩, ૪૩૧

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પ્રિયદર્શના ૪૮૪
ફક્કિકા ૪૩૭
ફલ્ગુ ચિંતામણિ ૫૬૯
ફુરમાન ૨૩૧, ૪૬૦, ૪૬૪, ૪૯૭
ફ્લીટ ગુપ્તઅભિલેખ ૭૭, ૪૦૨
બત્રીશીઓ ૪૩૧
બનારસી વિલાસ ૩૨૧ થી ૩૩૦
બસવપુરાણ ૪૫૬
બંગાલી લિપિ ૫૦૩
બંધદશા ૪૨૯
બંગેર જાતિર ઈતિહાસ ૫૩૭.
બાર્હબિલ ૨૭૭ થી ૨૮૩
બાલરામાયણ ૪૩૪, ૪૩૫
બાહુબલીચરિત્ર ૩૩૮
બિબ્લીઓથિકા ઈંડિકા ૫૬૫
બુદ્ધિપ્રકાશ ૯૬
બૃહદ્કથાકોશ ૧૩૬, ૧૬૧
બૃહદ્કલ્પ ૧૨૨, ૧૬૩, ૧૭૪, ૩૦૪, ૩૧૬, ૪૦૪, ૪૨૭, ૪૩૦, ૪૩૧, ૪૩૬, ૪૩૭, ૬૧૪
બૃહદ્મિથ્યાત્વમથન ૪૮૬
બૃહદ્સંગ્રહણી ૧૯૪
બૃહદ્સ્વયંભૂ ૩૨૪, ૩૨૫
બૃહત્ક્ષેત્રસમાસ ૧૯૪
બોટિકમત ૪૮૬
બોધપ્રાભૃત ૩૧૭ થી ૩૩૦, ૩૪૨
બોધિસત્ત્વા૦ ૨૦૧
બૌદ્ધપ્રવચન ૪૩૩
બ્રાહ્મીલિપિ ૪૪૦, ૬૧૭
ભક્તામર૦ ૪૬૧ થી ૪૬૪, ૫૪૭
ભક્તામરો ૪૬૨ થી ૪૬૪, ૫૬૦, ૫૬૭
ભગવતી ૯, ૧૩, ૪૨, ૪૧૮ થી ૪૨૨, ૪૩૦ થી ૪૩૨, ૪૩૭, ૫૬૧
ભગવતી આરાધના ૩૧૮ થી ૩૩૦
ભગવાન પાર્શ્વ૦ ઇતિ૦ ૩૫, ૩૬,
ભક્તિબ્ભર થયં ૪૬૩
ભદ્રબાહુસંહિતા ૧૨૭, ૧૩૧
ભવિષ્યવાણી ૪૨૦, ૪૪૧, ૫૬૦
ભારત ૨૦૭, ૩૭૯
ભારત પ્રવાસ ૫૯૬
ભારતવર્ષ ૪૪૦
ભારતવર્ષકા ઇતિહાસ ૧૬૦
ભારતવર્ષ કે પ્રાચીન રાજ૦ ૪૫૪
ભારત સંવતો ૨૬૫
ભારતીય ઇતિહાસકી રૂપરેખા ૩૫૪
ભારતીય વિદ્યા (ત્રૈ૦) ૩૩૬, ૩૭૯, ૪૪૧, ૫૯૧
ભાવનાશુદ્ધિ ૪૮૬
ભાવપ્રાભૃત ૩૧૭ થી ૩૩૦, ૩૪૨
ભાવડારગચ્છ પટ્ટા૦ ૫૫૬ થી ૫૫૮
ભાષ્યત્રયમ્ ૪૩૭
ભાવાર્થમાત્રવેદિની ૪૮૬
ભાંડારકર રિપોર્ટ ૨૦૧
ભુવનસુંદરી કથા ૫૫૯,
ભૂગોળ ૭૪, ૧૮૨, ૩૩૮, ૩૬૭, ૪૧૮, ૪૨૫, ૪૨૮, ૪૮૨
ભૂમિશાસ્ત્ર ૨૫૮
ભોજપ્રબંધ ૬૨૨
ભૌગોલિક કોશ ૬૦
મજ્ઝિમનિકાય ૩૧૩
મત્તમયૂર ૫૫૭
મત્સ્યપુરાણ ૧૭૪, ૨૬૭

JAINSITE.com
જૈનં જયતિ શાસનમ્
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

મદ્રમહીવિજય ૫૩૦, ૫૩૭
મધ્યકાલીન હિંદનો ઇતિ૦ ૩૮૮
મન્હજિણાણું ૯૪
મરણવિભક્તિ ૪૨૬
મરણ સમાહિ ૧૬૮
મલયવતી ૪૨૬, ૪૩૧
મલ્લવાદિ પ્રબંધ ૩૭૪, ૩૭૬, ૩૯૩
મહાકલ્પ (કલ્પ) "બૃહદ્ કલ્પ" જુઓ
મહાનિશીથ ૫૧, ૧૯૪, ૧૯૬, ૪૨૮,
૪૬૮, ૪૮૦, ૪૮૮ થી ૪૯૩,
૪૯૯ થી ૫૦૧
મહાપુરાણ ૪૦૪
મહાપુંડરીક ૩૧૬
મહાપ્રત્યાખ્યાન ૪૨૭
મહાપ્રજ્ઞાપના "પન્નવણા" જુઓ
મહાભારત ૬૦, ૪૦૮
મહાવંશકાવ્ય ૧૭, ૧૫૫, ૧૬૩, ૨૬૭
મહાવીરચરિયં (ત્ર) ૪૦૧, ૪૬૩, ૫૨૦
મહાસ્વપ્ન ૩૨૯
મહાક્ષત્રપ રાજા રુદ્રદામા ૩૫૭
મહીવાલ કહા ૪૬૪
મંડલપ્રવેશ ૪૨૬
મંત્રવિદ્યા ૨૭૩, ૪૨૩, ૫૨૦, ૫૩૨,
૫૭૧ થી ૫૭૬
માથુરીવાચના ૩૯૧
મારવાડ કે પ્રાચીન લેખ ૫૪૦
મિનહાજનો ઇતિહાસ ૪૨૦
મુજમલુતવારિખ ૩૯૬
મુણિસુવ્વયચરિયં ૩૪૩
મુંબઈ ગેઝેટીઅર ૪૫૪
મૂલાચાર ૩૧૯ થી ૩૨૪
મેદપાટ સ્તવન ૫૬૯
મેઘદૂત ૬૦, ૨૦૪
મોડર્ન રિવ્યુ ૨૦૨, ૨૦૫
મોહ પરાજય ૬૨૧
મૌર્ય૦ ઇતિહાસ. ૧૫૫, ૧૬૦, ૧૬૩,
૨૬૮
મૌર્ય રાજાવલી ૫૩૪ થી ૫૪૧
યતિજિતકલ્પ ૧૯૫
યતિદિનચર્યા ૫૫૮
યશોધર ચરિત ૪૮૬
યશોભદ્ર પ્રબંધ ૫૬૯
યક્ષ સંહિતા ૩૬૪, ૩૮૦
યુક્ત્યનુશાસન ૩૪૫
યુગપ્રધાન ગંડિકા ૨૭૦
યુગપ્રધાન પટ્ટાવલી ૧૯૧ થી ૨૦૨,
૨૧૩, ૨૪૫, ૪૧૪, ૪૪૭, ૪૬૫
યુગપ્રધાનયંત્ર ૯૩, ૧૮૫
યોગદૃષ્ટિસમુ૦ ૪૮૬
યોગબિંદુ ૪૮૬
યોગરત્નમાલા ૨૪૩
યોગશતક ૪૮૬
યોગશાસ્ત્ર ૩૦, ૩૯૧, ૫૧૪
યોનિપ્રાભૃત ૨૩૫, ૨૪૩, ૪૩૧
રત્નકરંડક ૩૪૬
રત્નસંચય ૧૯૬, ૨૯૩, ૪૮૯, ૪૯૧
રસિકચૂડામણિ ૫૬૯
રંગમંજરી ૫૨૦
રાઘવચરિત્ર ૪૦૯
રાજગચ્છ પટ્ટા૦ ૫૦૬ થી ૫૧૮,
૫૬૬
રાજતરંગિણી ૧૬૪
રાજનીતિ ૫૭૬, ૬૦૬, ૬૦૯
રાજપુતાનેકા ઇતિહાસ ૧૭૫

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

રાજપ્રશ્નીય "રાયપસેણી" જુઓ
રાજવાર્તિક ૩૬૭
રાજશેખર સૌરિ૦ ૪૩૪
રાજાવલી કથા ૩૩૮
રાધાવેધ ૪૨૬
રામચરિત્ર ૪૧૦
રામાયણ ૮૯, ૪૦૮, ૪૩૪, ૪૩૫
રાયપસેણી ૪૨૧, ૪૨૫
રાસ ૫૯૩
રૂપક ગ્રંથ ૫૬૫
રૉયલ એ૦ સો૦ જર્નલ ૫૩૪, ૫૪૦
રૌપ્યસિદ્ધિ ૫૭૪
લલિતવિસ્તરા ૩૨૭, ૪૮૬, ૪૯૨, ૫૬૫
લલિતાંગ ચરિત્ર ૫૬૯
લગ્ગકુંડલિઆ ૪૮૬
લગ્ગસુદ્ધિ ૪૮૬
લઘીયસ્ત્રયી ૪૫૭
લઘુખિત્તસમાસ ૪૮૬
લેખસંગ્રહ ૫૪૦
લોકતત્ત્વ ૪૮૩, ૪૮૬
લોકબિંદુ ૪૮૬
વચનિકા ૪૩૭
વજ્જાલગ્ગ ૪૩૫
વનરાજ પ્રબંધ ૪૯૪
વરાંગચરિત ૩૨૧ થી ૩૩૦
વરુણોપપાત ૪૨૮
વર્ગકેવલી ૪૮૧, ૪૮૬,
વર્ગચૂલિકા ૪૨૮
વર્ધમાન વિદ્યા ૫૨૧
વલભીવાચના ૩૯૧
વસુદેવચરિયં ૧૨૩, ૧૩૦, ૪૩૧
વસુદેવહીંડી ૪૦૪, ૪૩૧, ૪૮૪, ૬૨૧
વસંતવિલાસ ૫૨૪, ૬૨૨
વસ્તુપાલ ચરિત્ર ૬૨૨, ૬૨૩
વસ્તુ૦ પ્રબંધ ૪૯૪
વસ્તુ૦ પ્રશસ્તિ ૬૨૨
વસ્તુ૦ રાસ ૬૨૩
વંદનક ૩૪૨
વંદિત્તાસૂત્ર ૫૧૦, ૫૧૪, ૫૬૭
વાક્યશુદ્ધિ ૪૩૧
વાચના ભેદો ૪૩૧
વાત્સ્યાયન ૧૬૮
વાદમહાર્ણવ ૨૫૫, ૩૦૫, ૫૦૭, ૫૬૬
વાયુપુરાણ ૧૬૩, ૧૭૪, ૨૬૭
વારાહીસંહિતા ૧૨૬
વાર્તિક ૪૩૭
વાસવદત્તા ૧૯૫, ૪૮૪
વિક્રમચરિત્ર ૨૫૩
વિક્રમ વિશેષાંક ૨૬૪, ૨૬૫
વિચાર શ્રેણિ ૧૯૦, ૧૯૨, ૧૯૪, ૧૯૬, ૨૪૫, ૨૬૫, ૩૪૯, ૪૪૭, ૪૮૮, ૪૯૦, ૬૨૨
વિચાર રસાયન ૫૫૯
વિજયપ્રશસ્તિ ૧૨૯, ૬૨૩
વિચારસાર ૪૮૮, ૪૯૦
વિજયદેવમાહાત્મ્ય ૬૨૩
વિજયોદયા ૩૧૬, ૩૧૮
વિજ્જલ કાવ્ય ૪૫૬
વિદ્વજ્જનબોધક ૩૬૪
વિદ્યાચારણ ૪૨૬
વિમલ પ્રબંધ ૬૨૩
વિમાન પ્રવિભક્તિ ૪૨૮, ૪૨૯



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વિવાગસુયં (વિપાકસૂત્ર) ૪૩, ૪૨૩
વિવાહ ચૂલિકા ૪૨૮
વિવાહ પન્નતિ (વ્યાખ્યા પ્રજ્ઞપ્તિ) "ભગવતી" જુઓ
વિવિધ તીર્થકલ્પ ૨૦૯
વિવેક મંજરી ૫૧૧
વિશાલ ભારત ૨૦૧, ૩૯૬, ૪૨૦, ૪૩૪
વિશેષણવતી ૧૯૪
વિશેષાવશ્યક ૧૯૪ થી ૧૯૬, ૨૩૯, ૨૫૮, ૩૮૪, ૪૩૨, ૪૩૭, ૪૮૬, ૪૯૧, ૫૬૧, ૫૬૨
વિશ્રાંત વિદ્યાધર ૩૭૪, ૩૮૦
વિષમપદ પર્યાય ૫૧૦
વિષ્ણુપુરાણ ૧૬૩, ૧૭૪, ૨૬૭
વિસેસચૂર્ણી ૪૨૭
વિહારકલ્પ ૪૨૭
વીતરાગશ્રુત ૪૨૭
વીતરાગસ્તવ ૪૬૩
વીરગણીપટ્ટા૦ ૫૮૭ થી ૫૮૯
વીરથયં ૪૮૬
વીરનિર્વાણસંવત્ કાળગણના ૨૬૯, ૨૭૦
વીર પટ્ટાવલી ૬૨૩
વીર વંશાવલી ૨૦૦, ૩૫૨, ૩૬૯, ૩૭૦, ૫૪૨, ૫૪૩, ૫૨૩
વીરસૂરિચરિત્ર ૨૫૯
વીર સ્તવન ૪૬૩
વીરસ્તુતિ ૨૪૧, ૨૪૩
વીરાંગદ કથા ૪૮૬
વૃષ્ણિદશા ૪૨૯
વોસવોસિયા ૪૮૬
વેદ ૯૮, ૧૦૭, ૧૧૨, ૧૨૧, ૨૫૬, ૫૦૭
વેદબાહ્યતા ૪૮૬
વેદાંકુશ ૪૮૫
વેલંધરોપપાત ૪૨૮
વૈક્રિય૦ વિદ્યા ૨૮૬
વૈશ્રમણોપપાત ૪૨૮
વ્યવહાર સૂત્ર ૧૨૦, ૧૨૨, ૪૨૭, ૪૩૬, ૪૩૭, ૬૧૫
વ્યાખ્યા પ્રજ્ઞપ્તિ (વિવાહ પન્નતિ) "ભગવતી" જુઓ
શકુન ૫૫૭
શતકકર્મગ્રંથ ૪૦૩, ૪૩૧, ૪૩૭
શત્રુંજય રાસ ૬૨૩
શબ્દભેદ પ્રભેદ ૫૫૯
શરીર વિજ્ઞાન ૪૧૮
શંકર દિગ્વિજય ૫૦૪
શાલિભદ્ર ચરિત્ર ૫૧૨
શાર્ઙ્ગધર૦ ૪૬૪
શાસ્ત્રભંડાર "ગ્રંથ ભંડાર" જુઓ.
શાસ્ત્રવાર્તાસમુ૦ ૪૮૬
શાંતિનાથ ચરિત્ર ૨૬, ૫૧૨, ૫૧૯
શાંતિ સ્તવ (લઘુ) ૨૩૦, ૩૬૧, ૬૦૬
શાંતિ સ્નાત્ર ૨૨૧, (૪૨૮)
શાંતિદાસ રાસ ૬૨૩
શિષ્યહિતા ૪૮૨
શીલોપદેશમાલા ૫૨૦
શીસોદિયા વંશાવલી ૩૮૬ થી ૩૮૯
શુભ સંગ્રહ ૨૭૯
શ્રવણ૦ શિલાલેખ "ચંદ્રગિરિ શિલા૦" જુઓ
શ્રાદ્ધજિતકલ્પ ૧૯૫

જૈનમ્ જયતિ શાસનમ્ JAINSITE.com

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

શ્રાદ્ધ દિનકૃત્ય ૧૮૮
શ્રાવક પ્રજ્ઞપ્તિ ૩૬૫, ૩૬૮, ૪૮૬
શ્રાવક સમાચારી ૫૧૪
શ્રાવકાચાર ૩૨૧ થી ૩૩૦, ૩૪૬
શ્રાવસ્તિ રાજાવલી ૫૯૬ થી ૬૦૦
શ્રીપાલ ચોપાઈ ૫૬૯
શ્રીપાલરાસ ૪૦૪
શ્રીવિજયા ૩૧૬
શ્રુતસાગરી ૩૬૭
શ્રુતાવતાર ૧૮૫,૨૯૨, ૩૧૭ થી ૩૩૩
શ્રેયાંસનાથ ચરિત્ર ૪૬૩, ૪૬૪, ૫૧૦,
૫૧૨, ૫૧૩
શ્લોકવાર્તિક ૩૬૭
શ્વેતામ્બર દિગંબર ૧૬૨
ષટ્ખંડાગમ ૩૧૭, ૩૨૨ થી ૩૩૦
ષટ્પ્રાભૃત ૩૧૭ ૩૩૩
ષડશીતિ ૪૩૭
ષડ્દર્શનસમુચ્ચય ૪૮૬
ષડ્ભાષા સ્તોત્ર ૫૬૯
ષોડશક ૪૭૬
સજ્ઝાય ૨૫૮, ૬૨૪
સટ્ઠસયગ (સાર્ધશતક) ૪૩૭, ૫૧૦
સત્યપુરકલ્પ ૫૦૫
સન્મતિ (સમ્મઇ) તર્ક ૧૯૫, ૨૫૪,
૨૫૬ થી ૨૫૮, ૩૭૪, ૩૭૬,
૪૩૧, ૫૦૭
સપ્તતિકા ૪૩૭
સપ્તશતારચક્ર ૩૭૭
સમણસંઘથયં "દુસ્સમસ૦" જુઓ
સમરરાસો ૩૦૫
સમરાદિત્ય ૨૫૮, ૪૭૯ થી ૪૮૨,૪૮૬
સમરાદિત્યસંક્ષેપ ૫૧૦, ૫૧૧
સમવાયાંગ ૪૨, ૪૧૮, ૪૨૧, ૪૨૩,
૪૩૦ થી ૪૩૨
સમાચારી ૫૧૪
સમાધિશતક ૩૨૦ થી ૩૩૦
સમુત્થાન સૂત્ર ૪૨૮
સમ્યક્ત્વકૌમુદિ ૯
સમ્યક્ત્વ સપ્તતિકા ૪૮૫
સમ્રાટ વિક્રમાદિત્ય ૨૬૪
સણુયકુમારચરિયં ૩૪૩
સરસ્વતીકંઠાભરણ ૪૩૪
સરસ્વતી મંત્ર ૨૪૬, ૫૩૪
સર્વદર્શન સંગ્રહ ૨૫૫
સર્વાર્થસિદ્ધિ ૩૪૫, ૩૬૭
સર્વજ્ઞસિદ્ધિ ૪૮૬
સર્વસિદ્ધાંત ૫૧૦
સંક્તિપંચસી ૪૮૬
સંકેત ૫૧૭
સંગ્રહણી ૩૪૩, ૪૩૦, ૪૮૬, ૫૨૦
સંજમમંજરી ૫૫૯
સંજીવની ૫૭૬
સંતિનાહચરિયં "શાંતિનાથ ચ૦" જુઓ
સંદેશ ૩૮૮
સંધિબંધ નાટક ૫૩૪
સંપચ્ચસિત્તરી ૪૮૬
સંથારગ ૧૬૮
સંબોધ પ્રકરણ ૪૦૧, ૪૮૬
સંબોહસિત્તરી ૪૮૬
સંલેષણાશ્રુત ૪૨૭
સંવેગરંગ શાલા ૪૬૩
સંસક્ત નિર્યુક્તિ ૧૨૩, ૪૩૦, ૪૩૧,
૪૩૬
[illegible]ારદાવાનલ ૪૦૪, ૪૮૪, ૪૮૬

JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સંક્ષિપ્તદશા ૪૨૯
સાગારધર્મામૃત ૩૨૦ થી ૩૩૦
સાધુકલ્પ ૪૨૭
સાવગધમ્મ૦ ૪૮૫
સાવગધમ્મસમાસ ૪૮૬
સામયજિણુકિત્તણ ૪૮૬
સાંડેરક૦ પટ્ટા૦ ૫૬૮ થી ૫૭૩
સિદ્ધપ્રાભૃત ૪૩૧
સિદ્ધજયંતી ૪૬૩
સિદ્ધસારસ્વત ૫૧૧
સિદ્ધયોગમાલા ૫૬૬
સિદ્ધાણું બુદ્ધા૦ ૫૩૨
સિદ્ધાંતસાર૦ ૫૫૯
સિદ્ધહેમ ૧૯૫, ૨૫૮, ૩૬૫, ૩૭૭
સુકૃતકીર્તિ ૬૨૨
સુકૃતસંકીર્તન ૬૨૨
સુકૃતસાગર ૫૩૩, ૬૨૨
સુપાસનાહચરિયં ૫૫૬
સુબોધાસમાચારી ૫૧૦
સુબોધિકા ૪૪૩
સુમિત્રચરિત્ર ૫૬૯
સુયખંધો ૨૯૨, ૩૧૭ થી ૩૨૩
સૂયગડાંગ (સૂત્રકૃતાંગ) ૪૨, ૧૨૨, ૩૧૬, ૪૧૬, ૪૨૧, ૪૩૬, ૪૩૭, ૪૬૬, ૫૬૧, ૫૬૨
સુરથોત્સવ ૬૨૨
સૂરપન્નતિ (સૂર્યપન્નત્તિ) ૧૨૨, ૩૦૪, ૪૨૬, ૪૩૬
સૂરવિદ્યા ૪૪૫, ૪૪૬, ૪૮૯, ૪૯૦, ૪૯૩
સૂર્યશતક ૪૬૪
સૂક્ષ્માર્થ વિ૦ ૫૧૦
સેનસંઘપટ્ટાવલી ૩૩૧
સોમસૌભાગ્ય૦ ૬૨૩
સ્તંભિનીવિદ્યા ૫૪૮, ૫૭૨
સ્તોત્ર ૬૨૨
સ્થવિરાવલી ૧૮૦, ૧૮૨, ૧૮૬, ૧૮૭, ૨૯૭, ૩૯૨
સ્થાપનાકલ્પ ૪૩૧
સ્યાદ્વાદકુચોદ્યપરિ૦ ૪૮૬
સ્યાદ્વાદરત્નાકર ૨૫૭, ૩૬૫
સ્વપ્નવિદ્યા ૪૨૯
સ્વયંભૂસ્તોત્ર ૩૪૫, ૩૪૬
સ્વર્ણસિદ્ધિ ૨૪૧, ૨૪૭, ૫૪૫, ૫૭૪
હત્થુંડીરાજાવલી ૫૯૨ થી ૫૯૫
હજરત "અંગુષ્ઠપ્રશ્ન" જુઓ
હમ્મીરમદમર્દન ૬૨૨
હમ્મીર મહાકાવ્ય ૫૨૦
હરિવંશપુરાણ ૨૯૨, ૩૧૭ થી ૩૩૦, ૫૩૫, ૬૧૫
હરિવંસ ચરિયં ૪૦૮ થી ૪૧૦
હર્ષચરિત ૪૬૪
હારિલ પટ્ટા૦ ૪૪૭ થી ૪૫૨
હારિભદ્રીય ૮૦
હિમવંત સ્થ૦ ૧૮૦, ૧૮૨, ૧૮૯, ૨૦૦, ૨૦૨, ૨૧૨ થી ૨૧૬, ૨૬૬, ૩૯૨, ૬૨૧
હિંસાષ્ટક ૪૮૬
હીરસૂરિરાસ ૬૨૩,
હીરસૌભાગ્યકાવ્ય ૫૦, ૧૨૯, ૪૫૬,
ક્ષમાવલ્લી બીજ ૫૯૫
ક્ષેત્ર સમાસ ૩૦, ૧૯૪, ૩૪૩, ૩૬૫, ૩૬૮, ૪૮૫, ૪૮૬, ૪૯૫
ક્ષેત્ર સંગ્રહણી ૫૨૦
જ્ઞાતાધર્મકથા "ણાયાધમ્મ૦" જુઓ
જ્ઞાનબિંદુ ૨૫૭
જ્ઞાનાર્ણવ ૩૨૦ થી ૩૩૦

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

जैन साईट
JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com